1948 - 1948

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૧૭

મુંબઈ: ૧ જાન્યુઆરી ૧૯૪૮, ગુરૂવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

વાડા – ખોલી

(આ લેખ ડીસેંબર ૧૯૪૬ ના 'શિક્ષણ અને સાહિત્ય'માંથી સાભાર ઉધૃત કરવામાં આવે છે. આ સંબંધમાં પ્રસ્તુત લેખના લેખક શ્રી. કિશોરલાલભાઇ જણાવે છે કે "ઓકટોબર ૧૯૪૬ના 'नया हिन्द' માં ઉસમાનિયા યુનીવર્સીટીના ડો. જાફર હસન સાહેબે 'हिन्दुस्तानके फिरकेवारी सवाल पर एक निगाह' નામનો સરસ લેખ લખ્યો છે તેના ઉપરથી આ લેખ લખવા હું પ્રેરાયો છું." આજના કોમી વૈમનસ્ય, સાંપ્રદાયિક કદાગ્રહ અને વાડાબંધીના અભ્યાસથી ઘેરાયલા આપણાં પ્રશ્નજનો માટે આ લેખમાં રજુ કરાયલા વિચારોનું મનનં અત્યન્ત આવશ્યક છે. શ્રી. કિશોરલાલભાઇની વિચારસરણી જેટલી વિશદ તેટલી જ મૌલિક છે. આ લેખ તેમની શિષ્ટ લેખિનીની એક વિશિષ્ટ પ્રસાદી છે. પરમાનંદ)

આમ તો દરેક માણસને કોઇ ને કોઇ પ્રાદેશિક કે સામાજિક માનવજૂથમાં હોવું અનિવાર્ય જ છે. આપણે કહીએ છીએ ખરા કે, રેડિયો, વીજળી, વિમાન વગેરે સાધનોએ આજે દુનિયાને બહુ સાંકડી બનાવી દીધી છે. છતાં, તે હજુયે એટલી વિશાળ છે અને જનસંખ્યા એટલી મોટી અને દૂર દૂર ફેલાયેલી છે કે, ઘણાખરા માણસોને પોતાના આખા જીવનમાં બસો–પાંચસોથી વધારે કુટુંબોના નિકટ પરિચયમાં આવવું શકય થતું નથી. એનું ખાવું–પીવું, ઉઠવું–બેસવું, વિવાહ–વરસીના સંબંધ કરવા, સારે માઠે પ્રસંગે મળવું, ભેટ–સોગાદ આપવી, લેણદેણ કરવી, પત્રવ્યવહાર રાખવો વગેરે બસો–પાંચસો કુટુંબોમાંયે ભાગ્યે જ હોય છે. ભલે તે છાપાં, પુસ્તકો, મુસાફરી, યાત્રા વગેરે દ્વારા દુનિયાની વિશાળતાનો ખ્યાલ કરી લે અને કયારેક હજારો અને લાખો લોકોનાં સંપર્કમાં આવી જાય, પણ તેના દરરોજના જીવન માટે તો પેલા બસો–પાંચસો કુટુંબો જ તેની આખી દુનિયા હોય છે. આ દૃષ્ટિએ મનુષ્યોનું નાના નાના વાડાઓમાં વહેંચાયેલા હોવું કેટલીક હદ સુધી તો અનિવાર્ય જ છે.

પણ આ બસો–પાંચસોનો વાડો બે જાતનો હોઇ શકે: બંધ અથવા ખુલ્લો.

બંધ વાડામાં પેલા બસો–પાંચસો કુટુંબોનું એક કાયમનું જૂથ બની જાય છે. જે બસો–પાંચસો કુટુંબો સાથે ક નો સંબંધ હોય છે તે જ કુટુંબો સાથે તેમાંના ખ, ઘ, ચ, વગેરેનો હોય છે. એમાં નવો કોઇ તો દાખલ જ થઇ શકતો નથી, અથવા બધાની સંમતિથી જ દાખલ થઇ શકે છે. પછી એ સંમતિ જોઇએ તો આખો સમાજ એકત્ર થઇને આપે કે કોઇ ગુરૂ, મૌલવી, પટેલ કે પંચાયત મારફતે અપાય. વળી આ જૂથ પેઢી દર પેઢી ચાલુ રહે છે.

ખુલ્લા વાડામાં આમ હોતું નથી. એમાંયે ક નો સંબંધ ખ, ઘ, ચ વગેરે બસો–પાંચસો કુટુંબો સાથે જ ખરો; પણ એમ બની શકે કે, ખ નો સંબંધ ક સાથે હોય, પરંતુ ઘ, ચ સાથે ન હોય, કિંતુ કોઇક જ, ઝ, ઞ, સાથે હોય જે ક સાથે કશો સંબંધ રાખતા ન હોય. વળી, એમ પણ બની શકે કે જે બસો–પાંચસો સાથે ક નો સંબંધ હોય, તે બધા સાથે તેના છોકરા–છોકરીઓને સંબંધ ન પણ રહે, અને દરેક ફરજંદનો પોતપોતાનો સ્વતંત્ર સમૂહ બને. આમ દરેક માણસ કોઇ ને કોઇ સમાજનો સભ્ય હોવા છતાં તે એક કાયું જૂથ જ હોય. આ બે પૈકી હિંદુસ્તાનના સામાજિક વાડાઓ લગભગ સર્વે પહેલા પ્રકારના છે, અને બનવા તરફ ઓક રાખે છે. એટલે કે તે ખરેખરની વાડાબંધી હોય છે, વાડાખોલી હોતી નથી.

ડો. જાફર હસને આ બેપૈકી ધાર્મિક વાડાબંધીઓના જાત જાતના પ્રકારો વર્ણવ્યા છે. ઘણાખરા વાડાઓની બીજાથી જુદા પડવાની શરૂઆત ધર્મને નિમિત્તે થાય છે. વાત એમ બને છે કે, કયારે ને કયારે એકાદ સમાજમાં કોઇ નાનો–મોટો ગુરૂ પેદા થઇ જાય છે. કેટલીક બાબતોમાં તે ચાલતા આવેલા ધર્મ કે રીતરિવાજોથી જુદા પડવાની હિમ્મત કરે છે, અને બીજાઓને પણ તેમ કરવા સમજાવે છે. એનું કહેલું એના મૂળ સમાજના કેટલાક લોકો માને છે, કેટલાક નથી માનતા. સાથે સાથે પડોશના, બીજા સમાજોના પણ કેટલાક લોકો માને છે. જે બધા તેને માને છે, તેમનું માનવાનું કારણ હંમેશા સરખું નથી હોતું. છતાં, ધીમે ધીમે તેને વિષે એક એવી શ્રદ્ધા બનતી જાય છે કે એ ગુરૂ જોવામાં મનુષ્ય લાગતો હોવા છતાં, હકીકતે મનુષ્ય નથી–સ્વયં ઇશ્વર છે, અથવા કોઇ દેવ કે ફિરસ્તો છે, અથવા ઇશ્વરનો સાક્ષાત્કાર કરેલો અને તેની સાથે એકરૂપ થયેલો કોઇ જ્ઞાની અથવા યોગી છે, અથવા ઇશ્વરની વાણી સાંભળનારો કે ઇશ્વરે નીમેલો તેનો પેગંબર છે કે પુત્ર છે,–ટુંકામાં, કાંઇક પણ અલૌકિક છે, સીધો સાદો મનુષ્ય નથી. વળી એમ પણ માન્યતા બંધાય છે કે, તેના શબ્દો માણસના શબ્દ નહીં, પણ પરમેશ્વરની વાણી છે. આથી તેની વાતો માણસે પોતાની બુદ્ધિ વડે તપાસી–તોળીને માનવા ન–માનવાનો વિષય નથી, પણ શ્રદ્ધાથી, શંકાને ઉઠવા ન દેતાં, માનવાની અને અમલમાં મૂકવાની બાબત છે. જે તેને માને છે તે જ પરમેશ્વરના અનુગ્રહના અધિકારી થાય છે, તેના ભૂંડામાં ભૂંડા પાપો પણ બળી જાય છે; પણ તેને ન માનવાવાળા સદાચારી અને કર્તવ્યનિષ્ઠ માણસનુંયે ભગવાનના દરબારમાં પહોંચવું શકભરેલું છે. તેણે જો એમ શીખ્યું હોય કે પ્રાર્થનાની પછી ધીરે અવાજે એક વાર "શાંતિ" કહેવું, તો જે લોકો મોટે અવાજે "શાંતિ" બોલે, અથવા "શાંતિ"ને બદલે "આમીન" કહે, કે ત્રણ વાર "ॐ शांतिः शांतिः शांतिः" બોલે, તેમના પર ઇશ્વરની કૃપા ન થાય; કારણ કે આજ્ઞાપાલનમાં નાની અને મોટી આજ્ઞાનો ફરક કરી શકાય નહીં.

આમ જ્યારે કોઇ પુરૂષ તથા તેના શબ્દો પર "દિવ્યતા" નો જામો ચઢાવવામાં આવે છે, ત્યારે કેવળ એક નવો સંપ્રદાય જ પેદા થતો નથી, પણ સાથે સાથે મનુષ્ય મનુષ્ય વચ્ચે ઝગડાનું

એક નવું બીજ પણ વવાય છે.

આપણે વિચાર કરીને જોશું તો જણાશે કે, કોઇ અત્યંત ઇશ્વરપરાયણ પુરૂષને કોઇ નાસ્તિક સાથેયે કદી ઝગડો થતો નથી. એના દિલમાં એવો ભાવ નથી ઉદ્‌ભવતો કે નાસ્તિકોને સજા કરૂં. તેમ જ, અત્યંત નીતિમાન પુરૂષ અતિ અનીતિમાન માણસને યે સજા કરવા ઉભો થતો નથી. તેના હૃદયમાં નાસ્તિક કે બદચાલ માટે કરૂણા ઉભરાઇ શકે છે, ફિટકાર નહીં. વળી, એમ પણ જોશો કે, ઇશ્વરને નામે તો માણસ–માણસમાં ઘણી ખૂનરેજી થઇ છે, પણ તે કદી ઇશ્વર માટે કે નીતિ અને સંયમી જીવન માટે નથી થઇ. પણ જે થઇ છે તે ઇશ્વરના કયા પેશવા કે પ્રતિનિધિ, કે મંત્રીને માન્ય રાખવો, તેના કયાં તીર્થ, મંદિર, મસ્જિદ વગેરે પૂજવાં, શી રીતે પૂજવાં, તેના પેશવાની વાણીને અર્થ બેસાડનાર કયા ગુરૂ કે મૌલવી–મૌલાનાને સ્વીકારવો, તેની પૂજામાં કઇ વસ્તુ પવિત્ર સમજવી અને કઇ અપવિત્ર, વગેરે બાબતો માટે થઈ છે.

આ વાડાબંધીઓનો ઇલાજ શો ? મને લાગે છે કે, એ સાવ અટકાવી શકાય એવો સંભવ નથી. મનુષ્યના જાતજાતના કોયડાઓ એટલા અટપટા છે કે પ્રાદેશિક, સામાજિક, રાજકીય, ધાર્મિક અને વજનદાર વ્યક્તિઓના અંગત સ્વાર્થ વગેરે અનેક બહાને નાની મોટી વાડાબંધીઓ થયા જ કરશે. પણ તેની સાથે સાથે જ જે સમજદાર માણસો હોય, તેમણે વાડા–બોલીના પ્રયત્ન પણ દર જગ્યાએ અને દર વખત ચાલુ રાખવા જોઇએ. ખાસ કરીને ધાર્મિક વાડાઓ બોલતા રહેવાનો પ્રયત્ન કરતાં રહેવું જોઇએ.

માણસને એક નવી તાલીમ આપવાની આ બાબત છે. ઘણી વાર ફરિયાદ કરવામાં આવે છે કે, હાલની શાળાઓમાં બાળકોને ધાર્મિક શિક્ષણ આપવાનો કોઇ પ્રબંધ નથી. એમ માનવામાં આવે છે કે, આ આધુનિક શિક્ષણની એક ખામી છે. આથી તેને દૂર કરવા માટે દરેક ધર્મ અને પંથ પોતપોતાના વિદ્યાલયો, છાત્રાલયો, વિદ્યાપીઠો વગેરે સ્થાપે છે. પણ ત્યાં શું શીખવવામાં આવે છે કે આવશે ? "આપણો જ ધર્મ અ । પંથ અને આપણી જ સંસ્કૃતિ, આપણા જ દેવ, ગુરુ અથવા પેગંબર, આપણા જ ધર્મશાસ્ત્ર અને તત્વજ્ઞાન દુનિયામાં સૌથી શ્રેષ્ટ છે. તેનું અભિમાન રાખો, તેમાં બતાવેલી રીતે જ પૂજાપાઠ કરો, અને દુનિયામાં તેનો પ્રચાર કરો. મોક્ષનો એ જ સાચો માર્ગ છે." અર્થાત વાડાબંધીઓને મજબુત કરવાનાં આ કેન્દ્રો બને છે.

મારા નમ્ર મત પ્રમાણે, આ પરંપરા તોડવાની અને મનુષ્યને પોતાના જુદા જુદા ધર્મ, પંથ, જાતિ વગેરેનાં નામો ભૂલતાં શીખવાની કેળવણી આપવાની જરૂર છે. માણસને એ શીખવવાની જરૂર હોઇ શકે અને છે ખરી કે, સર્વે સત્યો પાછળ રહેલું મૂળ સત્ય પરમાત્મા છે; તેને ખોળવાનો અને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ; તેના પર તેની શ્રદ્ધા હોવી જોઇએ. તેને એ પણ શીખવવાની જરૂર છે કે, માણસે સદાચારી થવું જોઇએ; સત્ય, પ્રેમ, સંયમ, ઉદારતા, દયા, ક્ષમા, ધૈર્ય વગેરે મનુષ્યત્વના મહાન ગુણોને વધારવા જોઇએ, અને જગતની સેવા કરવી જોઇએ. એ પણ શીખવવામાં આવે કે, તેણે દુનિયામાં થઇ ગયેલા પરમેશ્વરના ભકતોના અને પોતાના મહાન ગુણો અને કર્મોથી જગતનું કલ્યાણ કરી ગયેલા મહાપુરૂષોના વિચારો અને જીવનનો આદરપૂર્વક અભ્યાસ કરવો. પણ એ જરૂરી નથી, બલકે ભૂલભરેલું છે કે, એવા કોઇ મહાપુરૂષને તે પરમેશ્વરનો અવતાર, પુત્ર, પેગંબર વગેરે માને, કે પોતાના પ્રયત્ન અને સાધનાથી તે પરમેશ્વરરૂપ બન્યો હતો કે છે, અથવા તેના વિચારો અને કામો સામાન્ય માણસોના વિચારો અને કામો કરતાં કોઇ વિશેષ અર્થમાં ઇશ્વર–પ્રેરિત હતાં. એ જ કારણસર તેણે કોઇ ગ્રંથ કે એવા મહાપુરૂષની આજ્ઞાઓ અને, સૂચનાઓને પોતાની વિવેકબુદ્ધિ અને અનુભવની કસોટી પર કસ્યા વિના માની જ લેવાં જોઇએ એ જરૂરી નથી. જેમ કોઇ નાસ્તિક કોઇ પણ ધર્મ, પંથ કે વાડાનું લેબલ લગાડવા ઇન્કાર કરે છે, તેમ જ દરેક સાચા આસ્તિકે પણ પરમેશ્વરને માનતા છતાં કોઇ ધર્મ કે પંથના નામના લેબલ પોતા પર લગાડવાનો ઇન્કાર કરવો જોઇએ.

મને લાગે છે કે, પ્રાચીન મહાન ધર્મોમાં કે તેની કોઇ શાખા કે પંથમાં શું કહ્યું છે અને શું નથી કહ્યું, શું સાચ મનાયું છે અને શું ખોટું, સાચો હિંદુધર્મ, સાચો ઇસ્લામ, સાચું ખ્રિસ્તીપણું વગેરે શું છે તેમ જ સર્વ ધર્મોનો અસલ ઉપદેશ એકસરખો જ છે વગેરે જણાવતા રહેવાથી વાડાબંધીઓ તૂટી શકતી નથી. તમે લોકોને કહો છો, "હિંદુ ધર્મના સૂત્રો સત્ય અને અહિંસા છે, ઇસ્લામનો અર્થ જ શાંતિ છે, ઇશુનો ઉપદેશ છે કે ઇશ્વર પ્રેમસ્વરૂપ છે; સર્વે ધર્મોના પાયાના સિદ્ધાન્તો સરખા જ છે." તે ઉપર ધર્માભિમાની હિંદુ મોટેથી નહીં તો મનમાં ને મનમાં પૂછે છે, "તો પછી કેમ મુસલમાન અથવા ખ્રિસ્તી 'રઘુપતિ રાઘવ રાજા રામ' બોલતો નથી, અને હિંદુ મંદિર આગળથી પસાર થતાં હાથ જોડતો નથી, અને કેમ ગોમાંસ ખાય છે?" અને કટ્ટર મુસલમાન વિચારે છે, "તો પછી શું કારણ સર્વે 'મહમ્મદ ઉલ રસુલ અલ્લાહ' બોલતા નથી, અને કેમ નમાજમાં ભળતા નથી, અને હુક્કરનું માંસ અપવિત્ર ગણતા નથી?' એ જ પ્રમાણે ચુસ્ત ખ્રિસ્તી પૂછે છે, "તો પછી સર્વે કેમ કબૂલ કરતા નથી કે ઇશુ ઇશ્વરનો એકનો એક પુત્ર હતો, અને મર્યા પછી ત્રીજે દિવસે કબરમાંથી ઉઠયો હતો, અને કેમ તેઓ શું ખાવું અને શું પીવું વગેરે બાબતો પર ઝઘડા કરે છે?"

સાચી વાત એ છે કે, એકતા ચાહનારાઓ અને ધર્મના સુધારકો પણ એમ કહેવાની સાફ હિંમત નથી કરતા કે મોટામાં મોટા અવતાર કે પેગંબર આખરે આદમી જ હતા, અને મોટામાં મોટા ધર્મ અને ધર્મગ્રંથ છેવટે મનુષ્યદ્વારા જ જગતમાં સ્થપાયા છે. આથી તેમની કેટલીક વાતો સાચી હોઇ શકે છે, અને કેટલીક ભૂલ ભરેલીયે હોઇ શકે છે; વળી કેટલીક પોતાના દેશ કે જમાના માટે બરાબર અને બીજા દેશ કે જમાના માટે બરાબર ન હોય એમ પણ બની શકે છે. આથી કોઇ પણ વાત, રીત–રિવાજ કે કામ આપણા વિવેકની ચાળણીમાંથી સાફ કરીને જ મંજૂર કરવા લાયક સમજવી ઘટે છે. પાછલા જમાનાના ગ્રંથો દ્વારા જ આપણા ધર્મ અને અધર્મ ઠરાવવા ન ઘટે, અને કોઇ પણ મનુષ્યને અવતાર, મસીહ, પેગંબર, અથવા જેની કદી ભૂલ થઇ જ ન શકે એવો પૂર્ણ અને સર્વજ્ઞ માનવો ન જોઇએ. ન તો દશરથપુત્ર રામ કે વસુદેવપુત્ર કૃષ્ણ પરમેશ્વરના અવતાર હતા, ન ઇશુ તેનો પુત્ર, અને ન મુસા કે મહમ્મદ તેના નીમેલા પેગંબર. પોતપોતાના જમાનાના તેઓ બેશક અતિ પવિત્ર અને પ્રતાપી પુરૂષો હતા, અને પોતાના લોકોના સુમાર્ગદર્શક અને નેતા હતા. પણ કોઇયે ભૂલથી પર ન હતા.

જ્યાં સુધી આ પ્રમાણે સ્પષ્ટ કહેવાની આપણે હિંમત ન કરીએ, અને માત્ર ગ્રંથોમાંથી શ્લોકો કે કલમો સંભળાવી તેના ભાષ્ય દ્વારા જ આપણા સુધારક વિચારો લોકોને ગળે ઉતારવાનો પ્રયત્ન કરીશું, ત્યાં સુધી આપણા જ દિલમાંની વાડાબંધીની ગાંઠ ઢીલી થઇ શકે નહીં, તો બીજાના દિલમાંથી તો કેમ જ થાય ?

ધર્મને નામે ઝઘડા અને વાડાબંધી મજબુત કરાવનારી બીજી વસ્તુ છે તે રાજ્યની મદદથી ધર્મ કે પંથનો પ્રચાર કરવાનો કે તેનો પાયો દૃઢ કરવાનો અભિલાષ અને પ્રયત્ન. પ્રાચીન કાળથી ધર્મપ્રચારકોએ આ માર્ગ અનુસર્યો છે. જે જમાનામાં રાજાની જ દેશમાં સર્વોપરી સત્તા હતી, ત્યારે રાજાને પોતાના પંથનો ચેલો બનાવી તેની મદદથી પંથને ફેલાવવો અને તેના અનુયાયીઓને ઉંચા અધિકારો અપાવવા, તથા બીજા પંથવાળાઓને દાબી દેવાનો ક્રમ દુનિયાના દરેક ભાગમાં ચાલતો હતો. બીજા પંથના લોકોને

(અનુસંધાન ૧૭૩ પાને)

ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધીજી

(ગતાંકથી ચાલુ)

એ જ લોકોત્તર પુરૂષના ઉપર વર્ણવેલ સર્વ લક્ષણો આજે આપણે ગાંધીજીમાં પણ મૂર્તિમન્ત થયેલા નજરે નિહાળીએ છીએ. કંઈ કંઈ કાળના અન્તરે પાકતા અને પોતાના પ્રભાવ વડે તે તે કાળની સીકલમાં મોટું પરિવર્તન નીપજાવતા મહાપુરૂષોની હારમાળામાં જે સ્થાન પચ્ચીસો વર્ષ પહેલાં ભગવાન મહાવીરનું હતું એ જ સ્થાન આજના કાળમાં મહાત્મા ગાંધીજીનું છે. બન્ને મહાપુરૂષો જાણે કે એક જ માટીના બનેલા ભિન્ન ભિન્ન કાળના આવીર્ભાવો હોય એમ આપણને લાગે છે. ભગવાન મહાવીરને પોતાના સમય અને સમાજની વર્તમાન સમસ્યાઓનું વિશદ દર્શન હતું; તેમના સિધ્ધાન્તો મૌલિક અને મહાન પરિવર્તન નીપજાવનારા હતા; સત્યની અખંડ આરાધના એજ તેમના જીવનનો પ્રધાન સુર હતો; તેમની વાણી અમોઘ હતી; વેદની અપૌરૂષેયતા, યજ્ઞ તેમ જ ક્રિયાકાંડમાં જ ધર્મનું સર્વસ્વ રહેલું છે એવી તત્કાલીન લોકમાન્યતા, બ્રાહ્મણોની અસાધારણ સામાજિક પ્રતિષ્ઠા અને આપખુદી–આ સર્વ સામે તેમણે બળવો કર્યો હતો; દેહદમન અને તપશ્ચર્યા વડે તેમણે આત્મસાધના કરી હતી; આધ્યાત્મિકતા અને અન્તર્મુખતા એમના જીવનનાં મુખ્ય લક્ષણો હતા; પોતાના પુરૂષાર્થ વડે અહિંસા, સંયમ, તપ, અનેકાન્તવાદ, કર્મ–પુરૂષાર્થ, ચારિત્ર્યશુધ્ધિ, અપરિગ્રહ, બ્રહ્મચર્ય–આ બાબતોની માનવી જીવનના ઉધ્ધાર અર્થે કેટલી અગત્ય છે અને તે વિના યજ્ઞયાગાદિ સર્વ ક્રિયાકાંડ અને વેદની આંધળી પૂજા કેટલી નકામા છે એ સત્ય તેમણે તે વખતના સમાજના દિલ ઉપર બરોબર ઠસાવ્યું હતું; અને એ રીતે શ્રમણધર્મના–શ્રમણ સંસ્કૃતિના–નવા યુગનો તેમણે પારંભ કર્યો હતો. આવી જ રીતે ગાંધીજી કેટલાય કાળે હિંદમાં એક એવી વ્યક્તિ ઉપસ્થિત થયેલ છે કે જેમણે હિંદના સમગ્ર જીવનમાં ધરમૂળની ક્રાન્તિ પેદા કરી છે. એમની વિશદ પ્રજ્ઞા, નિર્મળ અને સત્યપરાયણ ચારિત્ર્ય, ઈશ્વરાભિમુખતા, વાણીમાહાત્મ્ય, અન્યાય અને અધર્મનો આમૂળ વિરોધ, સત્ય અને અહિંસાવિષયક તેમનો ઉંડા દિલનો આગ્રહ, માનવી માનવી વચ્ચેની સમાનતાનું પ્રતિપાદન અને તેમાંથી જ ઉદ્ભવ પામેલી અસ્પૃશ્યતાનિવારણની પ્રવૃત્તિ, વિશ્વબંધુત્વની ભાવના અને તેમાંથી જ ગતિમાન થએલ સર્વધર્મસમભાવની ભાવના અને કોમી એકતાની હીલચાલ–આ બધું જ્યારે આપણા ધ્યાન ઉપર આવે છે ત્યારે ગાંધીજીની લોકોત્તરતાના સમર્થનમાં વિશેષ કશું કહેવાપણું રહેતું જ નથી, એટલું જ નહિ પણ જે કાર્ય ભગવાન મહાવીરે પોતાના કાળ દરમિયાન પોતાના સમાજ વચ્ચે કર્યું હતું તે જ કાર્ય ગાંધીજીએ પોતાના કાળ દરમિયાન અને પોતાના સમાજ વચ્ચે કર્યું છે એમ આપણે નિઃશંકપણે કબુલ કરવું પડે તેમ છે. ફરક એટલો કે એકનું કાર્યક્ષેત્ર બહુ જ નાનું હતું અને કાર્ય પણ પરિમિત હતું; અન્યનું કાર્યક્ષેત્ર અત્યન્ત વિસ્તીર્ણ છે અને કાર્ય પણ જીવનના અનેક પ્રદેશોને સ્પર્શી રહ્યું છે. આમ છતાં પણ અહિંસા, સંયમ અને તપ એ જટલો ભગવાન મહાવીર-પ્રરૂપિત જૈન ધર્મનો પાયો છે તેટલો જ ગાંધીજીપ્રરૂપિત ગાંધીવાદનો પાયો છે. મહાવીરે પોકારી પોકારીને કહ્યું હતું. કે 'કોઇની હિંસા ન કરો, હિંસા ન કરો !' ગાંધીજી પણ એ જ અહિંસાને જગતની સમક્ષ પગલે પગલે આગળ ધરી રહ્યા છે અને પોકારી રહ્યા છે કે આ અહિંસાનું શરણ સ્વીકાર્યા સિવાય જગતનો કોઇ બીજો ત્રણોપાય નથી, ઉધ્ધારનો માર્ગ નથી. આવું જબરદસ્ત બન્ને વચ્ચે સામ્ય રહેલું છે અને તેથી જેઓ મહાવીરને જાણે છે અને ગાંધીજીને ઓળખે છે તેમને–આજના સંપ્રદાયધુરીણો ગમે તેટલો વિરોધ કરે તો પણ–ભગવાન મહાવીરને સંભારતાં ગાંધીજી સહજપણે યાદ આવી જાય છે, અને બન્નેની તુલના કરવાને તેઓ એટલી જ સહજતાથી આકર્ષાય છે. આવી તુલના કરવાનું કાર્ય જ્યારે આપણે હાથ ધરીએ છીએ ત્યારે કોણ કોનાથી ચડિયાતું છે એવો કોઇ નિર્ણય આપણે કરવા માંગીએ છીએ એમ માની લેવાને લેશ પણ કારણ નથી. ધારો કે ચંપાનું પુલ અને મોગરાનું પુલ–આ બન્ને પુલોની આપણે સરખામણી કરવા બેઠા છીએ. એ સરખામણીના વિચાર સાથે આ બન્ને પુષ્પો છે એવો બન્ને વચ્ચે રહેલો સમાન ધર્મ આપણા ધ્યાન ઉપર સૌથી પ્રથમ આવશે અને ત્યાર બાદ પ્રત્યેકમાં રહેલી વિશેષતાઓ આપણા ખ્યાલ ઉપર આવવા લાગશે. આ વિચારણામાં મોગરો ચડે કે ચંપો ચડે એવો કોઇ નિર્ણય કરવાની જરૂર હોતી જ યથી તેવી જ બુધ્ધિ, વૃત્તિ અને વળણ ભગવાન મહાવીર અને ગાંધીજીની તુલના કરવા પાછળ આપણે ધારણ કરવાં ઘટે છે; અને હું આ જ દૃષ્ટિએ આ બાબતનો વિચાર કરતો આવ્યો છું.

ઉભય વચ્ચેનો પ્રાકૃતિક તફાવત

ભગવાન મહાવીર અને ગાંધીજી વચ્ચે રહેલા અનેકવિધ સામ્યનો વિચાર કરવા પહેલાં બન્ને વચ્ચે અમુક પ્રકારનો જે પ્રાકૃતિ તફાવત રહેલો છે તે આપણે સમજી લઇએ. એકના માટે આત્મસાધના એ મુખ્ય જીવનપ્રેરણા છે, સમાજસેવા આનુષંગિક પરિણામ છે; અન્યને મન સમાજસેવા એમ મુખ્ય જીવનતત્ત્વ છે; આત્મસાધના તેનું આનુષંગિક પરિણામ છે. એક સ્વભાવથી જ્ઞાનયોગી છે અને તેમની ઘોર તપશ્ચર્યા પાછળ પણ જ્ઞાનયોગની સાધનાનું જ ધ્યેય રહેલું છે; અન્ય કર્મયોગી છે અને આત્મજીવનના તિતિક્ષા પાછળ પણ બળવત્તર કર્મયોગ સાધવાનો જ કેવળ હેતુ રહેલો છે. એક કાળવેધક જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થવાને લીધે શાન્ત છે, સ્થિર છે, નિશ્ચળ છે; અન્ય દુઃખતપ્તોનું આર્તિનાશન એ જ જીવવની મુખ્ય તમન્ના હોઇને સ્થિરધી હોવા છતાં સદા ક્ષુબ્ધ છે, જાણે કે સદા અસ્વસ્થ છે. એક નિસ્તરંગ મહોદધિ છે; અન્ય લહેરાતો મહાસાગર છે. એક જ્ઞાનલોચન શિવ છે; અન્ય વાત્સલ્યમૂર્તિ વિષ્ણુ છે.

આ જ વિચારને એક કાલ્પનિક દૃષ્ટાન્તથી વધારે સ્પષ્ટ કરૂં. જેનું ગગનચુંબી શિખર છે એવા એક પર્વતની એક બાજુની કેડી ઉપર ધારો કે એક પ્રવાસી ચાલ્યો જાય છે, નીચે ઉંડી ખીણ છે અને ત્યાં એક વેગવાન જળપ્રવાહ વહી રહ્યો છે. ધારો કે તેની પાછળ થોડે દૂર ભગવાન મહાવીર ચાલ્યા આવે છે. આગળ ચાલતો પ્રવાસી બેધ્યાન બને છે, ઠોકર ખાય છે, પડે છે, અને નીચેના પ્રવાહમાં તણાતો ચાલે છે. આ પ્રવાસીને એકાએક પડતો ભગવાન મહાવીર જુએ છે. આ વખતે ભગવાન મહાવીર શું કરશે? ભગવાન મહાવીર સહજ અનુમાનથી જાણી લેશે કે એનો કોઇ બચાવ શકય જ નથી, અને એ અનુમાન–જ્ઞાનના કારણે જે કાંઇ ઘટના બની રહી છે તે ભગવાન મહાવીર સ્વસ્થપણે જોઇ રહેશે; આ અધોગમન તે પ્રવાસીના કર્મનું જ અથવા તો તત્કાલીન પ્રમાદસેવનનું પરિણામ છે એમ સમજીને ઉદાસીનતા સેવશે, અક્ષુબ્ધ રહેશે.

એ જ સ્થાને ધારો કે ગાંધીજી હોય તો શું કરે? જેવો તે પ્રવાસીને ઠોકરાતો અને ગબડી પડતો જોશે કે ગાંધીજી આકુળવ્યાકુળ બની જશે, તેને મદદ કરવા તેઓ ઉંચાનીચા થઈ જશે, પણ એટલામાં તેમને તરત જ ભાન થશે કે હવે આ દોડાદોડીનો કોઇ અર્થ નથી એટલે સમસંગીને આગળ દોડતા અટકી જશે. એ બીચારા પ્રવાસીને આત્મવિનાશના માર્ગે ગબડી પડતો જોઇને ગાંધીજી અત્યંત ખિન્ન બની જશે.

મૈત્રી, માધ્યસ્થ, મુદિતા અને કરૂણા

આ જ બાબત આપણે અન્ય પ્રકારે વિચારીએ. આવા લોકોત્તર પુરૂષોના સર્વ મનોવ્યાપાર ચાર ભાવનાઓના પાયા ઉપર રચાયલા હોય છે: મૈત્રી, માધ્યસ્થ, મુદિતા, અને કરૂણા. જગતના સર્વ જીવો વિષે સમભાવ ધારણ કરવો એ મૈત્રી, અનિવાર્ય અનર્થો વિષે ઉપેક્ષા ચિન્તવવી એ માધ્યસ્થ, જગતના પ્રાણીઓને સુખી જોઇ આનંદ ચિન્તવવો તે મુદિતા, જગતના પ્રાણીઓનાં દુઃખો જોઇ ગ્લાનિ અનુભવવી, દયા ચિન્તવવી એ કરૂણા. દુનિયાના પ્રત્યેક લોકોત્તર પુરૂષોમાં આ ચારે ભાવનાઓ પ્રબળપણે કામ કરતી આપણે જોઇએ છીએ, અને તેથી જ તેઓ મહાન છે, જ્યારે આપણામાં આ ભાવનાઓ અલ્પજાગૃત અવસ્થામાં અથવા તો અત્યંત અલ્પજાગૃત અવસ્થામાં હોઇને આપણી ગણના કેવળ પાગર પ્રાણીઓની કોટીમાં થાય છે. આ ચારે ભાવનાઓ પ્રત્યેક મહાપુરૂષમાં વિદ્યમાન હોવા છતાં દરેકમાં સરખા પ્રમાણમાં જાગૃત અથવા તે ક્રિયમાણ હોતી નથી, કોઇમાં એકનું તો કોઇમાં અન્ય ભાવનાનું પ્રાધાન્ય હોય છે અને તેથી જ દરેકના જીવનની ભાતમાં તરેહ તરેહનો તફાવત નજરે પડે છે. આ તરતમતાના ધોરણે આપણે ભગવાન મહાવીર અને ગાંધીજીનો વિચાર કરીએ તો આપણને બન્ને વચ્ચે સુક્ષ્મ તફાવત માલુમ પડેશે અને તે એ કે ભગવાન મહાવીરમાં મૈત્રી અને માધ્યસ્થનું અન્ય ભાવનાદ્વયની અપેક્ષાએ પ્રાધાન્ય છે, જ્યારે ગાંધીજીમાં મુદિતા અને કરૂણાની ભાવનાનું પ્રાધાન્ય આપણને અનુભવગોચર થાય છે. પ્રત્યેકના વ્યક્તિત્વમાં તેમ જ જીવનલીલામાં અત્યન્ત મહત્વનો ફરક જોવામાં આવે છે તેનું પણ આ એક અત્યન્ત મહત્વનું કારણ છે,

ઉભય વચ્ચે રહેલાં સમાન તત્વો

આમ બન્નેમાં રહેલા વૈષમ્યને યથા સ્વરૂપે ગ્રહણ કર્યા બાદ આપણે ઉભયમાં રહેલા કેટલાક સમાન તત્વોની ચર્ચા કરીએ.

(૧) સૌથી પહેલું તો અહિંસાનું તત્વ. અહિંસાના તત્વને દુનીયાના ઇતિહાંસમાં સૌથી મહત્વનો વેગ આપનાર ભગવાન મહાવીર છે. ભગવાન નેમનાથ અને પાર્શ્વનાથના જીવનમાં અહિંસાના તત્વનો આછો ઉગમ થઇ રહેલો આપણે જોઇએ છીએ. પણ અહિંસાના પાયા ઉપર ચોક્કસ જીવનશાસ્ત્રની પદ્ધતિસર રચના કરનાર તો ભગવાન મહાવીર જ છે. એ જ અહિંસાના તત્વને પોતાની દૃષ્ટિએ અસાધારણ વેગ આપવાનું મહાન કાર્ય પચ્ચીસો વર્ષના ગાળે મહાત્મા ગાંધીજીએ કર્યું છે. ગાંધીજીની અહિંસા વિષયક જે દૃષ્ટિ છે તેનું આછું દર્શન થોરો, ટોલ્સ્ટોય જેવા કેટલાક યુગદૃષ્ટાઓને થયેલું, પણ ગાંધીજીએ તો અહિંસાનું એક અદ્‌ભુત શાસ્ત્ર વિકસાવ્યું છે અને અહિંસાના વિચારને જગદ્‌વ્યાપી સ્થાન આપ્યું છે. અલબત્ત અહિંસા વિષે ભગવાન મહાવીર અને ગાંધીજીની દૃષ્ટિમાં કેટલોક મહત્વનો ફરક છે. ભગવાન મહાવીરનું આખું ધ્યાન વ્યક્તિગત મોક્ષસાધના ઉપર જ કેન્દ્રિત થયેલું છે. અને તેથી જ તેમના ઉપદેશમાં અહિંસા ઉપર જેટલો ભાર મૂકવામાં આવ્યો છે તેટલો જ ભાર સંસારત્યાગ, વૈરાગ્ય અને તપ ઉપર મૂકવામાં આવ્યો છે. આમ છતાં પણ અહિંસાના આ વિચારને સમાજ સાથે કશો જ સંબંધ નથી એમ તો નહિ જ કહી શકાય. કારણ કે વ્યક્તિ અને સમષ્ટિના પરસ્પર સંબંધના વિચારમાંથી જ માણસે સમાજમાં કેવી રીતે વર્તવું એ વિચારણામાંથી જ અહિંસાનો સિદ્ધાન્ત ઉભો થયો છે. આમ છતાં પણ મહાવીરની અહિંસાનું મુખ્ય ધ્યાન કર્મમુક્તિ અને મોક્ષપ્રાપ્તિ ઉપર જ રહેલું છે એ વિષે બે મત હોવા સંભવ નથી. બીજી બાજુએ ગાંધીજીનું આખું ધ્યાન સમાજશ્રેય ઉપર જ કેન્દ્રિત થયેલું છે અને આ જગતની વિષમતાઓ, અસમાનતાઓ, અન્યાયોને આફ્રતો ક્રમ ઓછી કરવી અને સુખ, સ્વાસ્થ્ય અને શ્રેયની ક્રમ વૃધ્ધિ કરવી એ જ તેમની ચિન્તાનો મુખ્ય વિષય છે અને આ માટે અહિંસા એ જ એક ઉપાય છે એમ તેઓ ભાર મુકીને કહે છે. જે સિધ્ધાન્ત વ્યકિત માટે સાચો છે તે સમાજ માટે પણ સાચો હોવો જ જોઇએ એવી ગાંધીજીની શ્રધ્ધા છે અને સમાજ, અર્થકારણ તેમ રાજકારણના પ્રશ્નોનો પણ તે દ્વારા જ ઉકેલ લાવવો જોઇએ એવો ગાંધીજીનો ઉપદેશ છે. સમાજધારણ એ જ ગાંધીજીની સર્વ પ્રવૃત્તિઓનો પ્રેરક હેતુ છે અને તે કારણે જે હિંસાથી મનુષ્ય પોતાના વ્યકિતગત જીવનમાં સહેજે દૂર રહી શકે છે તેવી કેટલીયે હિંસા સમાજધારણની જવાબદારી ધરાવનારે ચલાવી લેવી પડે છે, એવી હિંસા અનિવાર્ય હોઇને સંગત કરવી પડે છે અને આ કારણને લીધે જ ગાંધીજી ચોક્કસ પ્રકારની હિંસાઓને અનુમતિ આપતા દેખાય છે. અહિંસાનો વ્યકિતગત વિચાર કરનારે માનવી અને પશુઓ વચ્ચે ભેદ કરવાનો રહેતો નથી. તે સર્વ જીવોને સમાન ભૂમિકા ઉપર સ્થાપે છે અને નાની મોટી સર્વ પ્રકારની હિંસાથી દૂર રહેવાનો સદા પ્રયત્ન સેવે છે. અહિંસાનો સામાજિક દૃષ્ટિએ વિચાર કરનારે માનવજાતને પ્રાધાન્ય આપીને ખાનપાન રહેણી કરણી વગેરે સર્વ બાબતોનો વિચાર કરવાનો હોય છે અને માનવજાતનાં સુખ, સ્વાસ્થ્ય અને કલ્યાણ ખાતર નીચેની કોટિના જીવોની કેટલીક અનિવાર્ય હિંસા તેને સંમત કરવી પડે છે. મચ્છરના અંગે મેલેરીયાનો ઉપદ્રવ વધે છે એવી પુરેપુરી પ્રતીતિ થવા છતાં કોઇ અમુક વ્યકિત એક પણ મચ્છરનો નાશ કરવાનો વિચાર ન કરે અને મેલેરીયા લગ્ન પડવાનું જોખમ ખેડે એ સહજ કલ્પી શકાય તેવું છે. પણ કોઇ પણ સ્થળની મ્યુનીસીપાલીટીના સંચાલકો આવી ઉપેક્ષા દાખવી ન જ શકે. વાંદરા પ્રકરણ, હડકાયા કુતરાનું પ્રકરણ, તાજેતરમાં ખોરાકની તંગીના અંગમાં ગાંધીજીએ કરેલા મત્સ્યાહાર કે માંસાહારને લગતા કેટલાક ઉલ્લેખો—આ બધાનો, અહિંસાનો આ ધોરણે વિચાર કરવાથી, સહેજે ખુલાસો મળી શકે છે. અમુક વ્યકિત આત્મસાધનાના કારણે અહિંસાને લગતા ગમે તેવા આત્યન્તિક ખ્યાલોને અમલમાં મુકી શકે છે. પણ એક કુંટુંબના મુખ્ય પુરૂષે તો કુટુંબની સર્વ જરૂરિયાતોનો વિચાર કરવો જ રહ્યો. ગાંધીજીનું આજે આપણે ત્યાં આ સ્થાન છે અને તેથી તેમના હિંસા અહિંસાને લગતાં સર્વ વિધાનોનો આ જ ધોરણે આપણે વિચાર કરવો ઘટે છે. આમ છતાં પણ તેમની દૃષ્ટિ શુધ્ધ અહિંસાની છે, ભૂત માત્ર વિષે શુધ્ધ મૈત્રીની છે, અને તેનું ચાલે ત્યાં સુધી એક પણ જીવની વિના કારણ હિંસાને કોઇ કાળે પણ તેઓ અનુમત ન કરે એવી તેમની જીવતી જાગતી અહિંસાવૃત્તિ છે. આમ મૂળમાં બન્નેના જીવનનું પ્રેરક તત્વ માત્ર અહિંસા જ છે.

(૨) ભગવાન મહાવીર અનેકાન્તવાદના પ્રથમ પ્રતિપાદક છે. આ અનેકાન્તવાદ અહિંસાની જ બુદ્ધિના પ્રદેશ પુરતી-પુરવણી છે. અહિંસા હૃદયનો વિષય છે; અનેકાન્તવાદ બુદ્ધિનો વિષય છે. આ જ રીતે ગાંધીજી સર્વધર્મસમભાવ ઉપર કંઇ કાળથી ખુબ ભાર મુકતા આવ્યા છે અને આ સર્વધર્મસમભાવ અનેકાન્તવાદનો જ બીજો કે પર્યાયવાચી શબ્દ છે.

(૩) ભગવાન મહાવીરનો પુરૂષાર્થ એટલે ઘોર તપશ્ચર્યા. ભગવાન મહાવીરે જે પ્રકારના દેહદમનનો ઉપદેશ આપ્યો છે અને જે પ્રકારનું દેહદમન પોતાના આચારમાં દાખવ્યું છે, તેવા અને તે કોટિના દેહદમનનો ગાંધીજી આગ્રહ કરતા નથી, એમ છતાં પણ તપ અને ઉપવાસ તરફ ગાંધીજીનો પક્ષપાત સુવિદિત છે. ગાંધીજીના જીવનમાં કેટલાયે મુદતી ઉપવાસો નોંધાયલા છે. દેહદમન અને ખડતલપણા ઉપર ગાંધીજી કાંઇ ઓછો ભાર મુકતા નથી.

(૪) બંનેના જીવનમાં પ્રતીત થતી ઉગ્ર જીવનસાધના એમની જ કોટિના અન્ય લોકોત્તર પુરૂષોમાં એટલા પ્રમાણમાં જોવામાં આવતી નથી. લોકોત્તર પુરૂષોનાં ચિત્ત વજ્રથી પણ કઠોર

અને કુસુમથી પણ મૃદુ હોય છે આ ભવભૂતિના કથનના ભગવાન મહાવીર તથા ગાંધીજીના જીવનમાંથી અનેક પુરાવાઓ મળે તેમ છે.

(૫) અધર્મ અને અન્યાયનો પ્રચંડ વિરોધ એ બંને વચ્ચે રહેલું એક ભવ્ય સામ્ય છે. ભગવાન મહાવીરે તે વખતના સર્વસત્તાધીશ બ્રહ્મણોનો પ્રચંડ વિરોધ કર્યો અને તેમની આપખુદી સામે આખી જીંદગી તેઓ ઝુઝયા; ગાંધીજીએ અંગ્રેજ સરકાર સામે આઝાદીની ઝુંબેશ ચલાવી, એટલું જ નહિ પણ અસ્પૃશ્યતાનું કલંક ટાળવા માટે પોતાના હિંદુ સમાજ સાથે પણ તેઓ ખુબ અથડામણમાં આવ્યા.

(૬) ભગવાન મહાવીરે વર્ણોની ઉચ્ચનીચતાનો સખ્ત વિરોધ કર્યો અને સૌ કોઇ માનવીઓ સરખા છે અને મોક્ષના અધિકારી છે–આ સિધ્ધાન્તનું પ્રતિપાદન કર્યું. આવી જ રીતે સ્ત્રીઓને સંન્યાસની અધિકારિણી જાહેર કરીને સ્ત્રી–પુરૂષ વચ્ચેની તેમણે સમાનતાને પણ. આગળ ધરી. ગાંધીજીએ પણ આખી જીંદગી આ જ કાર્ય કર્યા કર્યું છે.

(૭) અપરિગ્રહને પાંચ મહાવ્રતમાં સ્થાન આપીને ભગવાન મહાવીરે જે મહત્વ આપ્યું છે તે જ રીતે અપરિગ્રહના વિચારને ગાંધીજીએ પણ એટલો જ બળવાન વેગ આપીને અપનાવ્યો છે. આ અપરિગ્રહનો આખો વિચાર ગાંધીજીને જૈન વિચારપરંપરામાંથી જ, પ્રાપ્ત થયો છે એમ કહેવામાં હું કશી પણ અતુક્તિ કરતો નથી.

(૮) આવી જ રીતે ભગવાન પાર્શ્વનાથના સંપ્રદાયમાં જે ચાર વ્રતની પરંપરા ચાલી આવતી હતી–અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ–તેમાં પાંચમું વ્રત–બ્રહ્મચર્ય ઉમેરીને ભગવાન મહાવીરે બ્રહ્મચર્યના તત્વને વિશિષ્ટ મહત્વ આપ્યું હતું. ગાંધીજી પણ આજે બ્રહ્મચર્ય ઉપર એટલો જ ભાર મુકી રહ્યા છે. સ્ત્રીપુરૂષના સંબંધની પવિત્રતાને તેઓ હંમેશા અત્યન્ત મહત્વનું સ્થાન આપતા આવ્યા છે અને આ બાબતની ઉપેક્ષા કરનાર પ્રજા પોતાનો ભયંકર વિનાશ નોતરી રહેલ છે એમ તેઓ વારંવાર ચેતવતા રહ્યા છે.

ભગવાન મહાવીર અને ગાંધીજી વચ્ચે આવું અનેકવિધ સામ્ય હોવાના કારણે જ આગળ ઉપર જણાવ્યું તેમ એકના વિચાર સાથે અન્યનું સ્મરણ થઇ આવે છે. અને તેથી જ આવી તુલનાપ્રવૃત્તિ તરફ આપણું મન સહેજે દોડી જાય છે.

આપણું એક કમનસીબ છે કે ભગવાન મહાવીરના ચરિત્રની વિગતો આપણે બહુ જ ઓછી જાણીએ છીએ. એક તો તેમની અને આપણી વચ્ચે પચ્ચીસો વર્ષનું મહાન અન્તર છે. આ લાંબા ગાળા દરમિયાન તેમના જીવનને લગતી કેટલીયે વિગતો આજ સુધીમાં ભુંસાઈ ગઇ હશે. બીજું ભગવાન મહાવીરના ચરિત્રકારોએ તેમના જીવનમાં એટલી બધી દિવ્ય વિભૂતિઓ ભરી દીધી છે અને જે કાંઇ બની રહ્યું હોય તે પહેલાંની ગોઠવણ મુજબ જ બની રહ્યું હોય અને તેને ભગવાન મહાવીરના મનોમન્થન સાથે જાણે કે કશો સંબંધ ન હોય એમ ભગવાન મહાવીરના ચરિત્રનું એવી રીતે નિરૂપણ કર્યું છે કે એ ચરિત્રમાંથી વિશ્વપ્રેમ કે ધબકતા હૃદયવાળા, નીતરતી માનવતાથી ઉભરાતા એ મહામાનવને તારવી કાઢવાનું કામ અત્યન્ત મુશ્કેલ લાગે છે. બીજી બાજુએ ગાંધીજી તો આપણી સામે જીવતા જાગતા છેઃ તેમના જીવનની અનેક ઝીણી ઝીણી વિગતો ચોતરફ પ્રસિધ્ધિ પામી છે. અને પામતી રહે છે. ગાંધીજીના જીવનની અનેક રોમાંચક–માનવીના દિલને હલાવે અને મસ્તકને નમાવે એવી–ઘટનાઓ આપણે સાંભળી છે અને સાંભળી રહ્યા છીએ. આ કારણે ભગવાન મહાવીર અને ગાંધીજીના જીવનનું વિગતવાર તુલનાત્મક વિવેચન અશકય છે. અને તેથી આટલા ઉપરછલ્લા વિવેચનથી જ આપણે સંતોષ માનવાનો રહે છે.

ગાંધીજીની કેટલીક વિશેષતાઓ

ઉપર જણાવ્યું તેમ જેઓ આપણી વચ્ચે જીવતા જાગતા છે અને આજે આ ઉમ્મરે પણ હિંદી પ્રજાજીવનના તુટેલા તારો સાંધવાનું–આ શીર્ણવિશીર્ણ વૈરવેરાન ભૂમી ઉપર એકયની ગંગા ઉતારવાનું–ચોવીશે કલાક જેઓ ભગીરથ કાર્ય કરી રહ્યા છે તેમની કેટલીક વિશેષતાઓનું વિવરણ અહિં અસ્થાને નહિ ગણાય.

માનવીની સાચી મહત્તા માપવાનો ગાંધીજીએ આપણને માપદંડ પુરો પાડયો છે. ગાંધીજીમાં લાગણીઓનું વેવલાપણું નથી; નરી બુધ્ધિની શુષ્કતા નથી. ગાંધીજી એટલે સહૃદયતાની પરમ કોટિ તેમ જ પારમિતા પ્રજ્ઞાનું એક વિશિષ્ટ સ્વરૂપ. તેઓ નહોતા ત્યારે અનેક નાના માણસો મોટા દેખાતા અને કેટલાયે વેશના કારણે પુજાતા. ગાંધીજી દ્વારા ઉચ્ચ કોટિના એવા એક મહામાનવનું આપણને દર્શન થયું છે કે જેને લીધે કોણ માનવી કઇ કોટિનો છે. અને કોની કેટલી મહત્તા છે તે વિષે આપણને સાચું માપ પ્રાપ્ત થયું છે. ગાંધીજીનો ઉદય થતાં અનેક સન્માનપાત્ર બનેલા સૂરિસમ્રાટો, જગદ્‌ગુરૂઓ અને શંકરાચાર્યો ઝાંખા પડી ગયા છે અને જનતાની આંખ આડે રહેલાં, અજ્ઞાન, અંધશ્રધ્ધા, અને વહેમનાં અનેક પડળો ખસી ગયાં છે. કોઇ પણ આદમી મહત્તાનો દાવો કરતો આવે છે તો તે આદમી ગાંધીજીના માપે માપાય છે અને તે કસમાંથી જે પસાર થતો નથી તેની મહત્તાની પોકળતા આપોઆપ પ્રગટ થઇ જાય છે. આ જ કારણે આજના સ્થાપિત હિત ધરાવતા સાધુઓ, શંકરાચાર્યો, આચાર્યો અને મહન્તો ગાંધીજી સામેના તેજોદ્વેષથી બળી રહેતા દેખાય છે અને ગાંધીનિંદાદ્વારા આત્મસંતોષ અનુભવતા માલુમ પડે છે.

આજની દુનિયા દિવસાનુદિવસ નાસ્તિક બનતી જતી હતી અને ધ્રુવ અને પ્રહ્લાદની ટેક, હરિશ્ચંદ્રનું સત્યવાદીપણું, રામચંદ્રજીનો આત્મભોગ અને બલિદાન,–આવી અનેક વાતોને પુરાણના ગપ્પા લેખવા તરફ ઢળતી જતી હતી. ભગવાન મહાવીર અને બુધ્ધ જેવા મહાપુરૂષોના અસ્તિત્વની તેને કશી કીંમત નહોતી. ઇશુ ખ્રીસ્તની કથાને કપોળકલ્પિત લેખતી હતી. સત્યનિષ્ઠામાં, અહિંસાનિષ્ઠામાં, સિધ્ધાન્ત ખાતર પ્રાણના બલિદાનમાં તેને કોઇ શ્રદ્ધા નહોતી. આપણું અંધકાર તિમિરથી ભરેલા આકાશમાં ગાંધીરવિનો ઉદય થયો અને એ સાથે અશ્રધ્ધા, ભાવનાહીનતા, નાસ્તિકતાનાં સર્વ આવરણો દૂર થયાં. ગાંધીજીની ટેક, સત્યનિષ્ઠા, અહિંસાવિષયક શ્રધ્ધા, અપૂર્વ સાધુતા, તપસ્વીપણું, વ્યાપક વાત્સલ્યભાવ, ઇશ્વરભક્તિ, નમ્રતા, અન્તર્મુખતા–આવા અનેક ગુણોનો સાક્ષાત્ પરિચય કરીને આજની દુનિયાએ ગુમાવેલી શ્રદ્ધા પાછી મેળવી છે, ફેલાયેલી નાસ્તિકતા ઓસરી ગઇ છે, પૂર્વકાળના મહાપુરૂષોની વાસ્તવિક મહત્તાને સ્વીકારવા લાગી છે. જો ગાંધીજી આવા છે તો જરૂર હરિશ્ચંદ્રે ટેકની ખાતર રાજ્યપાટ, સ્ત્રી, પુત્ર આદિનો ત્યાગ કર્યો હશે, રામચંદ્રજીએ ગાદી છોડી વનવાસ સ્વીકાર્યો હશે અને પ્રસંગ આવ્યે સીતાનો પણ ત્યાગ કર્યો હશે, પ્રહ્લાદ ટેકની ખાતર લાલચોળ લોહસ્તંભને ભેટયો હશે, ઇશુ ખ્રીસ્ત ક્રોસ ઉપર લટકયા હશે, ભગવાન મહાવીરે લાંબા લાંબા ઉપવાસો કર્યા હશે, ભગવાન બુદ્ધ સત્યની શોધ ખાતર જંગલે જંગલ ભટકયા હશે–આમ પૂર્વ કાળના મહાપુરૂષોના અસ્તિત્વને, અને પ્રત્યેકની મહત્તાને આજની દુનિયા સ્વીકારતી, સન્માનતી, તેની સાચી કદર કરતી થઇ છે. ભગવાન મહાવીર વડે આપણે ગાંધીજીને ઓળખી શકીએ છીએ એ જેટલું સાચું છે તેટલું જ મહાત્મા ગાંધી વડે ભગવાન મહાવીરને આપણે ઓળખી શકીએ છીએ એમ કહેવું તે સત્ય અને વાસ્તવિક છે.

ગાંધીજીમાં સર્વ ધર્મનો નિષ્કર્ષ છે અને સર્વ મહાપુરૂષોની વિભૂતિઓ કેન્દ્રીભૂત થઇ છે. આમ હોવાથી જ ગાંધીજીમાં જૈનો ઉત્કૃષ્ટ જૈનત્વનું, વૈષ્ણવો 'વૈષ્ણવજન'નું, બ્રાહ્મણો બ્રહ્મણ્યત્વનું,-

મુસલમાનો ઇસ્લામનું, બૌધ્ધો બૌધ્ધ ધર્મનું અને ખ્રીસ્તીઓ ખ્રીસ્તીપણાનું પ્રતિબિંબ જુએ છે. તેમનામાં ભગવાન મહાવીરની પ્રજ્ઞા છે, ભગવાન બુધ્ધની કરૂણા છે, ઇશુખ્રીસ્તની અનુકંપા છે, મહમદ પેગંબરની ઇશ્વરભીરૂતા છે, સેક્રેટીસની સત્યનિષ્ઠા છે, રામકૃષ્ણ પરમહંસનો સર્વધર્મસમભાવ છે, શંકરાચાર્યનો પ્રજ્ઞાયોગ છે.

આવા ગાંધીજીના આપણે સમકાલીન છીએ એ આપણું પરમ ભાગ્ય છે. તુલસીદાસે રામાયણ લખ્યું–કેટલું ભક્તિપૂર્ણ મહાકાવ્ય? રામની ભક્તિમાં તુલસીદાસથી કોઇ ન ચઢે. આમ છતાં પણ તુલસીદાસે પેલી શબરી કે જેણે ભગવાન રામચંદ્રજીની કંઇ કાળ સુધી રાહ જોઇ અને છેવટે જ્યારે ભગવાન સામે પધાર્યા ત્યારે જે શબરીએ રખેને કોઇ ખાટું બોર આવી ન જાય એ માટે ચાખી ચાખીને ભગવાનને બોર આપ્યા અને ખવરાવ્યા એ શબરીને સંતકવિ તુલસીદાસે પોતા કરતાં હજારગણી વધારે ભાગ્યશાળી ગણી અને ગાઇ બતાવી. કારણ કે શબરીએ તો ભગવાન રામચંદ્રજીનાં સાક્ષાત્ દર્શન કર્યા હતા જ્યારે પોતાને તો તેમનાં ગુણગાન કરીને જ સંતોષ માનવાનો રહેતો હતો. આજથી પાંચસો વર્ષ પછીના કોઇ ભાવી તુલસીદાસ ગાંધીજીનાં ગુણગાન કરતાં આપણને પણ જરૂર પેલી શબરી સદૃશ યશોભાગી લેખશે. આવું જેનું અહોભાગ્ય છે એવા આપણે ગાંધીજીની સમકાલીનતાને ગાંધીજીના સાચા અનુયાયી બનીને શોભાવીએ, અને આપણા પામર જીવનને સત્યનિષ્ઠાના પુરૂષાર્થ વડે સાર્થક કરીએ.

અરિહન્ત અને સિદ્ધ

આમ હું જ્યારે ગાંધીજીના મુક્ત કંઠે ગુણગાન કરૂં છું ત્યારે કોઇ એમ ન સમજે કે ગાંધીજીને હું પૂર્ણપુરૂષ લેખું છું–અથવા તો ગાંધીજી એટલે માનવતાની પરમ કોટિ–ઉચ્ચતમ શિખર છે, તેમનાથી કોઇ વિશેષ હોઇ ન જ શકે, તેમનું જ્ઞાન એટલે પ્રજ્ઞાની પરમ અવધિ એમ હું માનું છું. અથવા તો ગાંધીજી માનવી નથી પણ જેને આપણે કોઇ કાળે પહોંચી ન શકીએ એવા કોઇ પરમ કોટિને પહોંચેલા દેવાધિદેવ છે. બીલકુલ જ નહિ. તે આપણી જેવા જ માનવી છે, જે માટીનું આપણું શરીર બનેલું છે તે જ માટીનું તેમનું શરીર બનેલું છે, તેમનું મન આપણી જેવી જ ચંચળતા ધરાવે છે. રાગદ્વેષથી તેઓ સર્વથા પર છે કે પૂર્વગ્રહોથી તેઓ સર્વ પ્રકારે મુકત છે એમ માની લેવાને કશું જ કારણ નથી. નાના મોટા મમત્વ વડે તેમનું હૃદય પણ આપણી જેટલું જ ધબકે છે. તેઓ પણ કદિ કદિ અસ્વસ્થ બની જાય છે, ક્ષુબ્ધ બની જાય છે, આકુળવ્યાકુળ બની જાય છે એ પણ મને ખબર છે. તેઓ કદિ કદિ લાગણીપરાયણ બની જાય છે; કદિ કદિ ખોટાં નિર્ણયો પણ બાંધે છે; ભૂલો પણ કરે છે. તેમનાં નિદાન અને ચિકિત્સા બધી જ બાબતમાં હંમેશાં નિરપવાદપણે સાચાં જ હોય છે એમ પણ હું માનતો નથી. ગાંધીજી અમુક કહે છે, અમુક કરે છે એ બીલકુલ બરોબર નથી એવો પ્રત્યાઘાત મેં અનેકવાર અનુભવ્યો છે. ગાંધીજી પારપૂર્ણ પુરૂષોત્તમ છે એવી કોઇ આંધળી ભક્તિ મેં કદિ અનુભવી નથી. અને પરિપૂર્ણ, સર્વશ્રેષ્ટ, સર્વજ્ઞ એ બધા અગાધ અને અસખ્યના માફક આખરે સાપેક્ષ શબ્દો છે. જ્યારે આપણે કોઇને પરિપૂર્ણ કહીએ છીએ, સર્વજ્ઞ કહીએ છીએ ત્યારે આપણી અને આપણી તે ઇષ્ટ વ્યકિત વચ્ચેનું મહદ્ અન્તર દાખવવા માટે એવા શબ્દો આપણે વાપરીએ છીએ. જેમ એક નાનું સરખું ઝરણું ગંગાપ્રવાહ વિષે વિચારે, ગામની ભાગોળે આવેલી એક નાની સરખી ટેકરી હિમાલયના ગૌરીશંકર શિખર વિષે કલ્પના કરે તેવો જ માનસિક વ્યાપાર આવાં શબ્દો વાપરવા પાછળ રહેલો હોય છે. એ ગંગાપ્રવાહ ગમે તેટલો મોટો હોય તો પણ કોઇ એમ કહી નહિ જ શકે ગંગાપ્રવાહથી કોઇ સ્થળે કોઇ કાળે વધારે મોટો પ્રવાહ હોઇ જ ન શકે અથવા તો ગૌરીશંકરના શિખરથી વધારે ઉંચુ કોઇ શિખર કદિ હોઇ જ ન શકે. એક સંપ્રદાય કે સમાજના માણસો જેને પૂર્ણ માને છે તેને અન્ય સમાજ કે સંપ્રદાયના માણસો અપૂર્ણ લેખે છે. એક કાળે જે પૂર્ણ લેખાય છે તે અન્ય કાળે અપૂર્ણ માલુમ પડે છે. સર્વજ્ઞ એટલે બહુજ્ઞ–અતિજ્ઞ અથવા તો તાત્વિક પરિભાષામાં વર્ણવીએ તો જીવ, જગત્, અને ઇશ્વર–આવા તાત્ત્વિક અથવા તો આધ્યાત્મિક પ્રશ્નો પરત્વે જેમનુ આત્યન્તિક સમાધાન થયું છે એવા–આ સિવાય 'સર્વજ્ઞ' શબ્દનો બીજો કોઇ અર્થ બુધ્ધિથી સ્વીકારી શકાય તેમ નથી. આ રીતે ગાંધીજી સાપેક્ષ ભાવે પૂર્ણ પુરૂષ હોવા છતાં નાની મોટી ત્રુટિઓથી ભરેલા એક માનવી જ છે એમ હું જાણું છું અને અનુભવું છે. તેમને કોઇ દિવ્ય અતિશયો છે નહિ તેમ જ તેવો તેમનો કોઇ દાવો પણ નથી.

આ તેમની માનવતા–એટલે કે મનુષ્યપણું–અનુભવ પ્રત્યક્ષ હોવા છતાં તેમની અને મારી વચ્ચે હું જે અન્તર દેખું છું તે અન્તરને લોકભાષામાં 'અસીમ' શબ્દથી જ વર્ણવી શકાય તેમ છે. એટલું ખરૂં કે આ અસીમ અન્તર આપણામાં નથી અને ગાંધીજીમાં છે એવી કોઇ અસધારણ દિવ્ય શકિતનું પરિણામ છે એમ માનવતાને લેશ માત્ર કારણ નથી. આ અન્તરનાં કારણો પણ સહજ પ્રત્યક્ષ છે. તેમનામાં ઉંડી સત્યનિષ્ઠા છે; આપણામાં નથી. તેમનામાં મન વાણી અને કર્મની એકરૂપતા છે; આપણામાં એવી એકરૂપતાનો સદન્તર અભાવ છે. તેઓ સિધ્ધ છે. અને છતાં સતત સાધક છે; આપણે કોઇ સિદ્ધિ તો મેળવી જ નથી અને આપણું જીવનમાં સાધના જેવું કશું છે નહિ. તેમની ઇશ્વરાભિમુખતા અનિર્વચનીય છે; આપણામાં એવી કોઇ ઇશ્વરાભિમુખતા ઉદ્ભવી જ નથી. તેઓ સ્થિતપ્રજ્ઞ છે; આપણી પ્રજ્ઞા અસ્થિર છે, અવિશ્વસનીય છે. તેઓ જ્ઞાની છે છતાં સતત જ્ઞાનોપાસક છે; આપણે અલ્પજ્ઞ છીએ, આપણામાં જિજ્ઞાસા કે જ્ઞાનોપાસના છે જ નહિ. તેઓ નિર્ભય છે; આપણામાં ભય ભરેલો છે. તેઓ પરમ સહિષ્ણુ છે અને એમ છતાં અધર્મ અન્યાય, અસત્ય વિષે અત્યન્ત અસહિષ્ણુ છે; આપણે પ્રકૃતિથી અસહિષ્ણુ છીએ એમ છતાં કોઇ અધર્મ, અન્યાય કે અસત્યનું દર્શન આપણને જરા પણ ક્ષુબ્ધ બનાવતું નથી. તેમનામાં અહિંસાની અખંડ આરાધના છે; આપણે હિંસાના પુજારી છીએ. સતત સત્યોપાસના વડે તેમને નિર્મળ અને દૂરદર્શી વિચારસરણિ પ્રાપ્ત થઇ છે; આપણી વિચારસરણી અત્યન્ત અવિશદ અને સંકીર્ણ છે. તેમણે બ્રહ્મચર્ય સાધ્યું છે; આપણને કામલોલુપતા સતા પડયા કરે છે. તેમને લોકકલ્યાણના અખંડ ચિન્તન વડે એક એવું વ્યાપક દર્શન પ્રાપ્ત થયું છે જેથી આપણે હજુ વંચિત છીએ અને આ સર્વ વિભૂતિઓ ગાંધીજીએ સંયમ, તપ, અને પુરૂષાર્થ વડે સાધી છે. આપણામાં એ જ પ્રકારના સંયમ, તપ, અને પુરૂષાર્થની પુરેપુરી શકયતા છે, અને જો આપણે ધારીએ અને તે પ્રમાણે આપણા જીવનને ઘડીએ તો ગાંધીજીની કોટિને આપણે પણ પહોંચી શકીએ એ પણ એટલું જ સ્પષ્ટપણે દેખાય છે. અલબત ગાંધીજીની નામના–દિગન્તવ્યાપી કીર્તિ–કરોડો માનવી ઉપરનું પ્રભુત્વ–જે તે માનવી માટે શકય હોઇ ન જ શકે. પણ જૈન શાસ્ત્રમાં પૂર્ણ પુરૂષોના અરિહન્ત અને સિદ્ધ એવા બે ભેદ પાડવામાં આવ્યા છે. અરિહન્ત એટલે તીર્થંકરની વાસ્તવિક કોટિને પહોંચેલા જીવાત્માઓ; સિધ્ધ એ–એટલે તીર્થંકરસદૃશ જ્ઞાન અને પૂર્ણતાની કોટિ, પણ તીર્થંકર પદપ્રાપ્તિ નહિ. નામના અને પ્રભુત્વ એ આખરે બાહ્ય વિભૂતિ છે અને તેને અનેક બાહ્ય સંયોગોની અનુકૂળતા સાથે સંબંધ છે. એટલે આપણે અરિહન્ત પદ પ્રાપ્ત કરી ન શકીએ પણ પ્રબળ પુરૂષાર્થવડે સિધ્ધ જરૂર થઈ શકીએ. એવી જ રીતે આજે ગાંધીજી જેવા વિરાટપુરૂષ દેખાય છે તેવા આપણે બની ન જ શકીએ. પણ એ વિરાટ પુરૂષની પાછળ જે ભવ્ય આત્મવિભૂતિ છે

(પૃષ્ટ ૧૬૮ થી ચાલુ)

લૂંટવા, બાળી મૂકવા, દેશનિકાલ કરવા કે દેશ છોડી જવા ફરજ પાડવી, સ્ત્રીઓ તથા બાળકોને જબરદસ્તીથી પોતાના પંથમાં ભેળવવા વગેરે વાતો દરેક મોટા પંથમાં થઇ છે. જ્યારે ગમ્ન આવા ઝઘડાઓથી પર રહ્યો છે અને આવા સાંપ્રદાયિક પ્રયત્નોને કોઇ પ્રકારની મદદ નથી આપી ત્યારે જ ભિન્ન ભિન્ન ધર્મોઓની કટ્ટરતા ધીમે ધીમે આછી થઇ છે અને તેઓ એકબીજાને સહન કરતાં અને હળીમળીને રહેતા શીખ્યા છે.

આજના જમાનામાં રાજ્ય બહુ મહત્ત્વની વ્યક્તિ રહ્યો નથી. તેનું સ્થાન રાજકીય પક્ષોએ લીધું છે. જો તેવો પક્ષ ધર્મ–પંથથી પર રહેનારા માણસોનો ન હોય, પણ રાજ્યમાં સત્તા પ્રાપ્ત કરી કોઇ ખાસ ધર્મ કે પંથના લોકોની શક્તિ વધારવાની ઇચ્છા રાખવાવાળો હોય, તો તે પણ, ધર્માભિમાની કટ્ટર રાજાઓના દેશોમાં થઇ શકે તેવો જ, ધર્મને નામે ખૂનરેજી અને જુલમો ગુજારવાવાળો થાય છે.

જ્યારે જ્યારે રાજ્યે કોઇ એક પંથ પર મહેરબાની કરી છે, ત્યારે ત્યારે પ્રાચીન કાળમાં વૈદિકો અને બૌદ્ધો, વૈદિકો અને જૈનો, સ્માર્તો અને વૈષ્ણવો, મુસલમાન અને ખ્રિસ્તી, ખ્રિસ્તી અને યહુદી, રોમન કેથલિક અને પ્રોટેસ્ટંટ, સરકારી ચર્ચ અને બિન–સરકારી ચર્ચો–બધામાં અંદર અંદરની લડાઇઓ થઇ છે. આ જમાનામાંયે એમ જ ચાલી રહ્યું છે. રશિયાના સામ્યવાદીઓએ રાજ્યની સત્તાથી ઇશ્વરવાદીઓ સામે લડાઇ પુકારી; નાઝીઓએ યહુદીઓ સામે જેહાદ પુકારી; અને આપણા દેશમાં મુસ્લીમ લીગ મુસલમાનો તથા ઇસ્લામી સંસ્કૃતિ માટે એક નિરાળું રાજ્ય જ સ્થાપવા માગે છે. કોઇને મનુષ્યના હૃદયમાં પરમેશ્વર રહે છે કે ઉઠી જાય છે તેની ફીકર નથી; પણ મંદિર રહેશે કે મસ્જિદ તેની જ ચાલતરા છે. કોઇને એ ચિંતા નથી કે પોતાના ધર્મના અનુયાયીઓને સત્ય અને નીતિથી જીવન ગાળતાં શીખવવામાં આવે છે કે નહિં; પણ બીજા ધર્મવાળાઓ પર કેટલા આક્ષેપો મૂકી શકાય છે, તેમને બદનામ કરી શકાય છે, તેમનાં મડદાં પાડી શકાય છે, મકાન બાળી શકાય છે, લૂંટફાટ અને અત્યાચારો કરી શકાય છે, તેની જ ચાલતરા છે. પરિણામે, ધર્મને નામે આપસની ખૂનરેજી ટાળી શકાતી નથી.

દરેક જમાનામાં અને દરેક ધર્મમાં કેટલાક પંડિત, મૌલવી, પાદરી અને ભય તથા લાલચથી ધર્મ પર શ્રધ્ધા રાખવાવાળા માણસો તથા પોતાની એક જુદી ગાદી સ્થાપવાની મહેચ્છા ધરાવનારા ગુરૂઓ એક બાજુથી વાડાઓ બાંધવાની પ્રવૃત્તિઓ ચલાવતા જ રહેશે. પણ, જે માણસ ક્રમમાં ક્રમ એટલું સમજી ગયો હોય કે, કદી એવું તો હોઇ જ ન શકે કે માણસને ધર્મબુદ્ધિની જે બક્ષિસ મળી છે, તે આપસમાં લડવા અને પોતાની માણસાઇના જ દુશ્મન બનવા માટે મળેલી હોઇ શકે, તેણે બીજી તરફથી વાડાબોલીનો પ્રયત્ન પણ કરતા રહેવું જોઇએ. તે ઇશ્વરભકત થાય, પણ કોઇ ધર્મનો બિલ્લો ન લે; તે ગીતા, કુરાન, બાઇબલ વગેરે જે ગમે તે વાંચે, અને રામ, કૃષ્ણ, શંકર, બુદ્ધ, મહાવીર, ઇશુ, મહમ્મદ વગેરે ગમે તેનો ગમે તેટલો આશક બને, પણ તે કોઇમાં દિવ્યભાવ ન રાખે અને કોઇને તેમ કરવાની કબૂલણી ન આપે, હિંદુ, મુસલીમ, શીખ, ખ્રિસ્તી વગેરે નામધારી ધર્મોમાં પેદા થવાનું અભિમાન ન રાખે, અને રાજ્યની મદદથી કોઇ ધર્મ કે જાતિને બળવાન બનાવવાના પ્રયત્નોને મદદ ન કરે કે તે પ્રત્યે સહાનુભૂતિ ન રાખે. પણ, એવો આગ્રહ રાખે કે, રાજ્યના કોઇ પણ ખાતામાં ધર્મ અને ધાર્મિક જાતિને નામે બનેલા કોઇ પક્ષને માન્ય ન રાખવામાં આવે. રાજ્ય સર્વ નામધર્મોથી દૂર અને ઉપર રહેવું જોઇએ.

આ દૃષ્ટિએ એ જ ઓકટોબરના "નયા હિન્દ"માં શ્રી ભગવાનદીનજીએ "ધર્મ વિરૂદ્ધ નેશન" નામે લેખમાં રજૂ કરેલો એક વિચાર મને બરાબર લાગતો નથી. તેઓ લખે છે કે, "નેશન કરતાં ધર્મ મહાન શબ્દ છે. ઇસ્લામ, ખ્રિસ્તી એ ધર્મો છે, નેશન નથી. હિન્દુ નેશન છે એમ કહેવામાં હિંદુ ધર્મને લાંછન લાગે છે."

આ ફરીથી વિચાર કરવા જેવી બાબત છે. "નેશન" કરતાં માનવતા એ બેશક વધારે મહાન શબ્દ છે. પણ મારા નમ્ર મત પ્રમાણે હિંદુ, ઇસ્લામ, ખ્રિસ્તી વગેરે ધર્મો નેશનથી વધારે મહત્વના નથી, પણ બન્ને સરખી કોટીના છે. નેશન શબ્દ કોઇ દેશ કે વસ્તીના નામ પરથી બનેલા સમાજનું નામ છે, અને ધર્મ તેમના દેવો, ગુરૂ, પેગંબરો, કુરાન–પુરાણો, રીત–રિવાજો વગેરે પરથી બનેલા સમાજનું નામ છે. જ્યારે ધર્મ કોઇ ખાસ નામથી ઓળખાય છે, ત્યારે તે કેવળ ઇશ્વરપરાયણતા કે નીતિપરાયણતા સૂચવનારો નથી રહેતો, પણ દેવપૂજા, પ્રતીકપૂજા, ગુરૂપૂજા, ગ્રંથપૂજા, રૂઢિપૂજા વગેરે અનેક ચીજોની પૂજાનો સૂચક થાય છે. નેશન કે સંપ્રદાય બન્નેને મિટાવી દેવા મુશ્કેલ છે. પણ નેશન શબ્દથી ઓળખાતો સમાજ વધારે સ્વાભાવિક અને ન ટાળી શકાય એવો છે. સંપ્રદાયના વાડાઓથી જે ઇચ્છે તે છૂટી શકે છે. પણ કોઇને કોઇ નેશનમાં હોવું સમાજમાં વસતા મનુષ્યને અનિવાર્ય છે. બન્નેનું ક્ષેત્ર પોતાની યોગ્ય હદને વટાવી ન જાય એ જોતા રહેવું જોઇએ. જેમ રહેવાના ઘરમાં ગમે તેટલી સફાઇ રાખીએ છતાં કયાંક પણ કરોળિયા પોતાની જાળ હંમેશાં કરતા જ રહે છે, અને જીવજંતુઓ પણ પેદા થતાં જ રહે છે; એટલું જ કરી શકાય કે ઘરને વારંવાર સાફ કરતા રહેવું, અને તેમને વધવાને બહુ અવકાશ ન આપવો; એ જ રીતે ધર્મ, વિચાર (આઇડિયોલોજી), રાજનીતિ, ધંધારોજગાર, દેશ વગેરે સેંકડો કારણોથી વાડાઓ બંધાયા જ કરવાના. પણ સમજદાર સફાઇપસંદોએ તેમને વારંવાર સાફ કરતા રહેવું જોઇએ. એમાંયે ધર્મના વાડા, નેશનના વાડા કરતાં, વધારે બૂરા હોવાનો સંભવ છે.

એક બીજા કારણસર પણ શ્રી ભગવાનદીનજીનો વિચાર તપાસવા જેવો છે. મને લાગે છે કે ધર્મોની યાદીમાં હિંદુ શબ્દ કંઇ સોસવાસો વર્ષથી જ ઉમેરાયો છે. હકીકતમાં એ નામ કોઇ ધર્મનું નથી. પણ ઐબરઘાટ તથા બલુચિસ્તાનને માર્ગે આ દેશમાં આવેલા મુસાફરોએ સિન્ધુ નદીના પૂર્વ કિનારાથી શરૂ થતા પ્રદેશના રહેવાસીઓને હિન્દુને નામે અને તેમના દેશને હિંદુસ્તાનને નામે પોતાના દેશોમાં ઓળખાવવાથી પડેલું છે. તાત્પર્ય કે, જે હિંદુસ્તાનમાં રહે છે તે હિન્દુ છે; ભલે તે ધર્મે વૈદિક, જૈન, બૌદ્ધ, શીખ, ખ્રીસ્તી, પારસી, મુસલમાન, એનિમિસ્ટ (ભૂતપૂજક) કે કોમ્યુનિસ્ટ (પ્રકૃતિવાદી) હોય. આ એટલા માટે પણ સાચી વાત છે કે, જેઓ આજે હિંદુ મનાય છે, તેમનામાં કોઇ એક ધર્મનું નામનિશાન નથી. નથી તેમનો કોઇ એક સર્વમાન્ય દેવ, અવતાર, કે પેગંબર; નથી કોઇ એક સર્વમાન્ય ગ્રંથ. કોઇ માણસને હિંદુ તરીકે ઓળખવાથી તેના ધર્મિક મતની આપણને ખબર પડી શકતી નથી, માત્ર તેના દેશ અને સમાજની જ જાણ થાય છે. હું આને એક સારી વાત સમજું છું. છતાં જો હિંદુ શબ્દનો અર્થ હવે સંકુચિત થઇ ગયો હોય અને કોઇ કારણસર એ નામ આ દેશમાં વસતાં સર્વે માણસોને પસંદ ન પડતું હોય તો યાદ રાખીએ કે હિંદુ કે હિંદુસ્તાન શબ્દો આપણા ઘડેલા તો છે જ નહીં. આથી તેને આગ્રહથી વળગવાનીયે જરૂર રહેતી નથી. સર્વેને પસંદ હોય એવું આપણને ગમે તે નામ આપણા દેશ તથા આપણી સમગ્ર પ્રજાને ઓળખાવવા આપણે ધારણ કરી શકીએ. મતલબ કે, કાં તો આપણે હિંદુ શબ્દ આ દેશના સર્વ વતનીઓ માટે લાગુ કરીએ અથવા તેને બિલકુલ છોડી દઇએ. પણ એક ધર્મનું સ્વરૂપ આપી, દેશના કેટલાક ભાગને જ તેમાં સામેલ સમજવા અને બીજાઓને તેની બહારના ગણવા, એ મને બરાબર લાગતું નથી.

સેવાગ્રામ
૨–૧૧–૪૬

કિશોરલાલ ઘ. મશરૂવાળા

તેને આપણે જરૂર પ્રાપ્ત કરી શકીએ. આ રીતે ગાંધીજી આપણાથી કેટલાયે મોટા છે અને એમ છતાં આપણી જેવા જ છે અને એ જ પ્રકારે ભગવાન મહાવીર પણ આપણાથી કેટલાયે મહાન અને એમ છતાં આપણી જેવાજ હતા–એ કથનનું હાર્દ સમજી શકાય તેમ છે. એ હાર્દનું અવલંબન આપણને સતત પુરૂષાર્થનું બળ આપે છે, અને આગળ વધવાની પ્રેરણા આપે છે. આ ધેરણે આપણે ભગવાન મહાવીરને અને મહાત્મા ગાંધીજીને ઓળખીએ, સમજીએ, અને તેમણે પ્રરૂપેલા ધર્મમાર્ગને અનુસરીને આપણા પામર જીવનને ઉજાળતા, સંસ્કારતા રહીએ એ જ અન્તિમ પ્રાર્થના!

સંપૂર્ણ

પરમાન

સરકારનું નવું કરારનામું અને નાના રાજ્યોનું ઝડપભેર થઈ રહેલ વિસર્જન

૧૯૪૭ના ઓગસ્ટની ૧૫ મી તારીખે જ્યારે હિંદની આઝાદી જાહેર કરવામાં આવી ત્યારે સાથે સાથે દેશી રાજાઓને પણ અંગ્રેજ સરકારે સાર્વભૌમ સત્તાથી સ્વતંત્ર અને સર્વ પ્રકારે સ્વાધીન બનાવીને દેશી રાજ્યની પ્રજાના ભાવી વિષે એક મોટી ચિંતાનું કારણ ઉભું કર્યું હતું. આ રાજાઓ ઉપરથી સાર્વભૌમ સત્તાનો અંકુશ આમ એકાએક દૂર થવા સાથે સર્વ પ્રકારે નિરંકુશ બનશે અને પોતપોતાની પ્રજા ઉપર પાર વિનાનો જુલમ કરશે અને તેને રોકવાની કે ટોકવાની કોઈને સત્તા નહિ રહે આવી ભીતિ અનેક પ્રજાજનોનાં દિલને પીડી રહી હતી અને એ કારણે હિંદને મળેલી આઝાદીને લગતા ઉત્સાહમાં એક પ્રકારની ન્યૂનતા અનુભવાતી હતી. પણ કાળની ગતિ ગહન છે! આઝાદી મળ્યાને આજે પુરા પાંચ મહીનાં થયા નથી એટલામાં તો દેશી રાજ્યોની પરિસ્થિતિમાં એકા-એક પલટો આવી રહ્યો છે. માઇસોર, ત્રાવણકોર જેવા કેટલાક મોટા દેશી રાજ્યો પોતપોતાની પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર આપ-વાની જાહેરાત કરી ચુકયા છે; બીજા એવા કેટલાક રાજ્યો રાજ્ય-તંત્રના નવનિર્માણની યોજના ચર્ચી રહ્યા છે. આ કુચક્રદમ આટલે-થી જ અટકેલ નથી. જુનાગઢની નવાબી જેતજોતામાં વિસર્જિત થઇ ચુકી છે. હજુ થોડા જ દિવસો પહેલાં ઓરીસ્સા પ્રાંતના ૨૬ રાજ્યોએ તેમ જ મધ્યપ્રાંતના ૧૪ રાજ્યોએ હિંદી સરકાર સાથે નવા કરારનામા ઉપર સહી કરીને પોતાપોતાના રાજ્યનો સમગ્ર વહીવટ હિંદી સરકારને સુપ્રત કરી દીધો છે. આ જ ધોરણે હિંદના બીજા અનેક રજવાડાઓ–ખાસ કરીને નાનાં રાજ્યો–હિંદી સંઘના નજીક નજીકના પ્રાન્તોમાં સમાઇ જવાની લગભગ તૈયારીમાં છે અને આખા કાઠિયાવાડનું ભાવી પણ એ જ દિશાએ તોળાઇ રહ્યું છે. આ પ્રસંગે ઓરીસ્સાના, તેમ જ મધ્ય પ્રાન્તના કેટલાક રાજ્યોના વહીવટો હિંદી સંઘને કેવી રીતે સુપ્રત થયા અને આ અંગે કરવામાં આવેલ કરારતામાની શું વિગતો છે તેને લગતો એક લેખ તા. ૨૭–૧૨–૪૭ ના ફ્રી પ્રેસ જનરલમાં પ્રગટ થયો છે. તેમાંથી કેટલીક વિગતો અહિં તારવવામાં આવે છે.

દુનિયાના મોટા રાજ્યો જોસભેર આગળ વધી રહ્યા છે અને નાનાં રાજ્યો શું થાય છે તે જોઇ રહ્યાં છે. પણ હિંદમાં તો નાનાં રાજ્યોના દિવસો ભરાઇ ચુકયા છે. તેમના સ્પષ્ટ ભાવીનિર્માણ તરફ તેઓ ધસી રહ્યા છે. છત્તીસગઢના રાજ્યો જેની કુલ સંખ્યા ૧૪ ની થવા જાય છે તે રાજ્યોએ હિંદી સરકાર સાથે નાગપુર ખાતે તાજેતરમાં કરારનામાં કર્યાં છે. આ કરારનામાં દ્વારા આ રાજ્યોએ 'પોતાના રાજ્યના વહીવટને લગતી સર્વ અને સંપૂર્ણ સત્તા, હકુમત અને અધિકાર' હિંદી સંઘને સુપ્રત કરેલ છે. ઓરીસ્સાના રાજ્યોએ પણ આગલા દિવસે કટક ખાતે આવા જ કોલકરાર કર્યા છે. ઓરીસ્સાના દેશી રાજ્યોની સંખ્યા ૨૬ની છે, ૨૯૮૯૫ ચોરસ માઇલનું તેનું ક્ષેત્રફળ છે અને ૫૦ લાખની તેની વસ્તી છે. છત્તીસગઢના ૧૪ રાજ્યોનું ક્ષેત્રફળ ૩૧૦૩૩ ચોરસ માઇલ છે અને તેની કુલ વસ્તી ૨૪ લાખની છે. એ રાજ્યસમુહમાં સૌથી નાનું રાજ્ય સાકટીનું ક્ષેત્રફળ ૧૩૮ ચોરસ માઇલ છે જ્યારે સૌથી મોટું રાજ્ય વસ્તાનું ક્ષેત્રફળ ૧૩૦૬૨ ચોરસ માઇલ છે. આ રાજ્યો સરકારને રૂ. ૨,૪૩,૦૦૦ ની કુલ ખંડણી આપતાં હતાં.

પૂર્વ વિભાગની સ્ટેપ્ટ એજન્સી નીચે આવેલા રાજ્યોનું વીજળી વેગે વિસર્જન થઇ ગયું છે. સરદાર પટેલે એ રાજવીઓ સમક્ષ કરારનામાનો ખરડો રજુ કર્યો હતો અને કેટલીક સીધી સીધી વાતો તેમને થોડી વારમાં સંભળાવી દીધી હતી. એ વખતે સુમસામ શાન્તિ વ્યાપી રહી હતી. સરદારે કહ્યું કે "આ યોજના તમારા પુરા લાભની છે. આમાં કોઇ પણ જાતનું દબાણ લાવવાનો સવાલ જ નથી. આ કરારનામા ઉપર સહી કરવી કે નહિ એ તમારી સ્વતંત્ર મરજીની વાત છે. જો તમો સહી કરો તો બહુ સારી વાત છે; જો તમે સહી ન કરો અને બાજુએ રહેવાનું પસંદ કરો તો તેનું બધું જોખમ તમારા માથે રહે છે. તેનાં પરિણામોનો સામનો કરવા માટે તમારે તૈયાર રહેવું જોઇએ. તમો દરેકના રાજ્યમાં જે પ્રાગતિક ક્રાંતિકારી બળો કામ કરી રહ્યાં છે તેની સામે તમારામાંના દરેકે એકલાએ જ ઝુઝવાનું રહેશે." કેટલાએક રાજાઓએ વિચાર કરવા માટે થોડા સમયની માંગણી કરી. એ માંગણી સ્વીકારવામાં પોતાને કશો જ વાંધો નથી એમ જણાવતાં સરદારે કહ્યું કે "તમારે જેટલો સમય જોઇએ તેટલો આપવાને હું તૈયાર છું. પણ તેનાં પરિણામો માટેની સર્વ જવાબદારી કેવળ તમારી પોતાની રહેશે. આજે હું જે આપી શકું તેમ છું તે આવતી કાલે આપવાની સ્થિતિમાં હું ન પણ હોઉં." બીજા રાજાઓએ પોતાની પ્રજા સાથે વાટાઘાટ કરવાની ઇચ્છા વ્યકત કરતાં જણાવ્યું કે "અમારી પ્રજાને પુછયા કર્યા સિવાય ઘેટાં બકરાં માફક અમારી પ્રજાનો અન્ય સરકારને અમો આમ એકાએક હવાલો કેમ આપી શકીએ"? સરદારનો જવાબ સ્પષ્ટ હતો. "તમારી પ્રજાનું શોષણ અને દમન કરવા સિવાય તમારી પ્રજાની તમોએ આજ સુધી બીજી કશી ચિન્તા ધરાવી નથી. હવે અત્યારે આ કરારનામા ઉપર તમો સહી કરી આપો અને અમો તમારી પ્રજાની સંભાળ લઇશું અને આવી સહી કરવા બદલ તમારી પ્રજા જો બળવો કરશે તો અમો તેમને જવાબ આપીશું." આ કરારનામાનો કોઇ કાળે ભંગ થવો ન જોઇએ એવે મુદ્દો અન્ય કોઇ રાજવીએ ઉપસ્થિત કર્યો. ખાસ કરીને જ્યારે આજની સરકાર અંગ્રેજ સરકાર સાથે થયેલા રાજવીઓ સાથેના કરારોનો ભંગ કરી રહેલ છે ત્યારે આજના કરારનામાનો ભવિષ્યમાં કદિ ભંગ નહિ થાય એની શી ખાત્રી? સરદારે જણાવ્યું કે "અધી વ્યાજબી ખાત્રીઓ આપવામાં આવશે. સદાકાળને માટે કોઇ કાંઇ ઓછું જ બંધાઇ શકે છે?" ગમે, કમને અને હવે બીજો કોઇ વિકલ્પ રહ્યો નથી એમ સ્પષ્ટપણે ભાસવાથી રાજાઓએ કરારનામાના ખરડાની વિગતો ચર્ચવા માંડી અને બાકી લેવાનો વખત થતાં થોડા વખત માટે છુટા પડયા.

કેટલાએક રાજાઓને દેહાન્તદંડની જાણે કે શિક્ષા ફરમાવતું હોય એવા આ બતપત્ર ઉપર સહી કરવા પહેલાં જરાક નિરાંતે વિચાર કરવા પુરતો સમય માંગવાની ઇચ્છા થઇ આવી. "તમારૂં નસીબ ઘડાઇ ચુકયું છે. પથ્થરની દીવાલ સામે તમે લડી શકવાના છો?" તેમનામાંના એક જણે આ સવાલ કર્યો અને એ સવાલે જ બધા પાસે ત્યાં ને ત્યાં નિર્ણય કરાવ્યો. સામે દેખાતા ભાવીને તેમણે નીચે મોઢે સ્વીકારી લીધું અને કરારનામા ઉપર સહીઓ કરી આપી.

આ કરારનામાના બે મુદ્દાઓ ખાસ ધ્યાન ખેંચે તેવા છે. (૧) એ, બી અને સી વર્ગના રાજ્યો વચ્ચે હવે કોઇ પણ પ્રકારનો ભેદ નહિ રહે. (૨) આ કરારનામાથી હજુ આ રજવાડાઓનું અસ્તિત્વ મૂળમાંથી નાબુદ થતું નથી. (no merger now) પણ આ કરારનામાનો અર્થ એટલો જ છે કે આ રજવાડાઓએ માત્ર વહીવટ ચલા-વવા માટે પોતાનાં રાજ્યો હિંદી સંઘને સોંપ્યા છે. આ સર્વ ઘટના ખરેખર આવકારદાયક છે. હિંદમાં ૬૦૧ દેશી રાજ્યો છે અને તેનું ક્ષેત્રફળ ૫,૯૮,૧૩૮ ચોરસ માઇલ છે. આ ક્ષેત્રફળ હિંદ આખાના ક્ષેત્રફળનો ૧/૩ ભાગ છે. તેની કુલ વસ્તી નવ કરોડ ત્રીશ લાખની છે. આ રાજ્યોમાં હૈદ્રાબાદ સૌથી મોટું છે જેનું ક્ષેત્રફળ

પર,૬૯૮ ચોરસ માઇલ છે અને જેની વસ્તી એક કરોડ સાઠ લાખની છે અને જેની આવક ૧૬ કરોડ રૂપીઆની છે. આ રાજ્યોમાં સૌથી નાનું રાજ્ય બીલાસપરીનું છે જેનું ક્ષેત્રફળ એક ચોરસ માઇલથી પણ ઓછું છે અને જેની વાર્ષિક આવક રૂ. ૮૦થી પણ કમ છે. આ રાજ્યોમાંના મોટા અને મુખ્ય મુખ્ય રાજ્યોએ બંધારણી રાજાશાહીમાં પલટાઇ જવું જ જોઇએ. આ મોટા રાજ્યોમાં તરતમાં જ જવાબદાર રાજ્યતંત્રની સ્થાપના કર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ. નાનાં નાનાં સંખ્યાબંધ રાજ્યોને બાજુએ બાજુએ આવેલા સરકારી પ્રાન્તોમાં સમાવી દેવા જોઇએ. સ્વપ્રયત્નાભર્યા રાજ્યવહીવટનું અલ્પતમ ધોરણ સ્થાપિત કરવા માટે આવું સમુદ્વિસર્જન અત્યન્ત આવશ્યક છે.

નવું કરારનામું

છત્તીસગઢના રાજાઓએ જે કરારનામા ઉપર સહી કરી છે તે કરારનામું હેતુનિદર્શક એક કલમ અને પછીની બીજી પાંચ કલમોનું બનેલું છે. હેતુનિદર્શક કલમ જણાવે છે કે 'રાજ્ય અને પ્રજાના તાત્કાલ લાભને ધ્યાનમાં લઇને.....ના રાજા ઇચ્છે છે કે પોતાના રાજ્યનો વહીવટ હિંદી સંઘની સરકાર જેવી રીતે યોગ્ય ગણે તેવી રીતે મધ્યપ્રાન્ત અને વરાડપ્રાન્તની સરકારના વહીવટ સાથે જેમ બને તેમ જલ્દિથી જોડાઇ જવો જોઇએ. આમ હોવાથી નીચે મુજબનું કરારનામું સ્વીકારવામાં આવે છે."

કલમ ૧ .....ના રાજા હિંદી સરકારને પોતાના રાજ્ય વહીવટને લગતી સર્વ સત્તા હકુમત અને અધિકાર સુપ્રત કરે છે અને જાન્યુઆરીની પહેલી તારીખથી હિંદી સરકારને રાજ્યના વહીવટનો સર્વ હવાલો આપવાનું કબુલ કરે છે.

કલમ ૨ આ તારીખથી રાજા પોતાના ખાનગી ખર્ચ માટે આવકમાંથી મુકરર રૂ.....ની રકમ રાજ્યની આવકમાંથી મેળવવાનો હકદાર ગણાશે. આ રકમમાં રાજાના તેમ જ તેના કુટુંબના સર્વ ખર્ચોનો તેમ જ અંગત નોકર ચાકર, તેના રાજમહેલનો નિભાવ, લગ્નો અને બીજી ક્રિયાઓ, વગેરેને લગતા ખર્ચોનો સમાવેશ થશે. આ રકમ રાજાને ચાર હપ્તામાં વર્ષના ચાર ભાગ કરીને દરેક ભાગની શરૂઆતમાં હિંદી સંઘની 'ટ્રેઝરી' પાસેથી અથવા તો હિંદી સંઘ જણાવે તે 'ટેઝરી'માંથી મળશે.

કલમ ૩ રાજાને આ કરારનામાના દિવસે રાજ્યની નહિ એવી સગવડો પોતાની જે કાંઇ અંગત ખાનગી મીલ્કત હોય તેના કબજાના અને ભોગવટાના સર્વ હકકો મળશે. જાન્યુઆરીની પહેલી તારીખે રાજા પાસે પોતાની ખાનગી મીલ્કત તરીકે જે કાંઇ સ્થાવર મીલ્કત, જમીનગીરીઓ, તથા રોકડ રકમ હોય તેની વિગતવાર યાદી સંસ્થાનિક સરકારને રાજા પુરી પાડશે. અમુક મીલ્કત રાજાની ખાનગી મીલ્કત છે કે રાજ્યની છે એ બાબતમાં જો કાંઇ તકરાર ઉભી થાય તો તેવી તકરારનો નિકાલ લાવવાનું કામ હિંદી સરકાર નીમે તેવા ન્યાયખાતાના અનુભવી અધિકારીને સોંપવામાં આવશે અને આ અધિકારીનો ચુકાદો છેવટનો ગણાશે અને બન્ને પક્ષોને બંધનકર્તા ગણાશે.

કલમ ૪ રાજા, રાણી, રાજમાતા, યુવરાજ તથા યુવરાણી ૧૯૪૭ના ઓગસ્ટ માસની પંદરમી તારીખ પહેલાં જે કાંઇ માનસન્માનને લગતા તેમ જ બીજા અંગત અધિકારો ભોગવતા હતા તે સર્વ અધિકારો ચાલુ રહેશે.

કલમ ૫ રાજ્યની ગાદીના તેમજ રાજાના અંગત હકકો, અધિકારો માનસન્માન તેમ જ પદ પદવીના વારસદારની નિમણુક કાયદો અને રીતરસમને અનુસરીને કરવાની હિંદી સંઘ ખાત્રી આપે છે.

પરમાનંદ

સાધ્ય–સાધન વિવેક

[આ નીચેનું અવતરણ કવિવર રવીન્દ્રનાથ ટાગોરે ઈ. સ. ૧૮૮૪ની સાલમાં લખેલા એક લેખમાંથી ઉધ્ધૃત કરેલ છે. કોઇ પણ તત્કાલીન ધ્યેય સિદ્ધ કરવા ખાતર ગમે તે સાધનોનો ઉપયોગ કરવાની વૃત્તિ સામે કવિવરનો આ પોકાર છે. કાયદે-આઝમ ઝીણાએ સિધ્ધ કરેલા પાકીસ્તાન અને તેનાં અનુભવગત થઈ રહેલાં ભયંકર પરિણામો કવિવર ટાગોરે કરેલી આ રજુઆતનું સચોટ સમર્થન કરે છે. પરમાનંદ]

સગવડને ખાતર જેઓ સમાજના પાયા ખોદી નાંખે છે તેઓનાંના ઘણા પોતાને ચતુર પોલિટિકલ તરીકે ઓળખાવે છે. તેઓ એવો દેખાવ કરે છે કે, જૂઠું બોલવું એ ખરાબ છે, પણ પોલિટિકલ બાબતમાં જૂઠું બોલવામાં કંઇ દોષ નથી. સાચી વસ્તુને બચાવીને કહેવી ન જોઇએ પણ તેમ કરવાથી જો કોઇ અંગ્રેજની બેઇજ્જત થતી હોય તેમાં દોષ નથી. કપટ આચરવું એ ધર્મ વિરૂધ્ધ છે, પણ દેશની જરૂરિયાતનો વિચાર કરીને બૃહત્ ઉદ્દેશને ખાતર કપટ આચરવામાં ખોટું નથી. પણ તમે બૃહત્ કોને કહો છો? ઉદ્દેશ ગમે તેટલો બૃહત્ હોય તો યે તેના કરતાં પણ બૃહત્તર ઉદ્દેશ રહેલો છે. બૃહત્ ઉદ્દેશ સાધવા જતાં બૃહત્તર ઉદ્દેશનો ઘાણ નીકળી જાય છે તેનું શું? કદાચ એ વસ્તુ શકય પણ બને કે આખી પ્રજાને મિથ્યાચરણ કરતાં શીખવીએ તો આજનું આપણું કામ પાર ઊતરી જાય. પણ તેને દૃઢ સત્યપ્રિયતા અને ન્યાયપ્રિયતા શીખવી હોત તો તે સદ્દને માટે માણસ બની જાત, તે નિર્ભયતાપૂર્વક માથું ઉંચું કરીને ઊભી રહી શકત, તેના હૃદયમાં અસીમ બળ પેદા થાત. તે ઉપરાંત, જગતનાં કાર્યો આપણા હાથની વાત નથી, આપણે કેવળ એક સોયં શોધવા માટે દીવો સળગાવીએ તો તે આખા ઘરમાં અજવાળું કરી મુકશે તેમ આપણે જો એક સોયને સંતાડવા માટે દીવો હોલવી નાખીએ તો તો આખા ઘરમાં અંધારું થઇ જશે. એ જ પ્રમાણે આપણે જો આખી પ્રજાને કોઇ લાભ મેળવવાને માટે મિથ્યાચરણ શિખવીએ તો તે મિથ્યાચરણ તમારી ઇચ્છાને વશ વર્તીને કેવળ લાભ મેળવી આપીને જ અલોપ થઇ જાય એમ બનતું નથી, તે પોતાનો વંશ સ્થાપતું જાય છે. પહેલાં હું કહી ગયો છું કે બૃહત્ત્વ કેવળ એક ઉદ્દેશમાં બહુ રહેતું નથી. તેનાથી હજારો ઉદ્દેશો સધાતા હોય છે. સૂર્યનાં કિરણો ગરમી આપે છે, પ્રકાશ આપે છે, રંગ આપે છે. જડ વનસ્પતિ, પશુ, પંખી, કીટ, પતંગ બધાંયના ઉપર તેની હજારો રીતની અસર થાય છે. તમને જો એક વખત એવો ખ્યાલ આવે કે પૃથ્વીમાં લીલા રંગની ઉત્પત્તિ ખૂબ વધી ગઇ છે. એટલા માટે તેને અટકાવવાની જરૂર છે, અને એ પરમ લોહિતકર ઉદ્દેશને ખાતર તમે એક મોટી આકાશ જેવડી છત્રી આડી ધરો તો લીલો રંગ કદાચ ઊડી પણ જાય, પરંતુ તેની સાથે જ લાલ રંગ, નીલ રંગ, બધા જ રંગ મરી જશે, પૃથ્વીની ગરમી ચાલી જશે, પ્રકાશ ચાલ્યો જશે, પશુ, પંખી, કીટ, પતંગ બધાં જ સામટાં ચાલ્યાં જશે. તે જ પ્રમાણે કેવળ માત્ર પોલિટિકલ ઉદ્દેશમાં જ સત્ય બહુ નથી. તેનો પ્રભાવ મનુષ્યસમાજના હાડ અને મજ્જામાં હજારો પ્રકારે કાર્ય કરી રહ્યો હોય છે. કેવળ કોઇ એક જ ઉદ્દેશને ઉપયોગી થઇ પડે એટલા ખાતર જો તેમાં તમે ફેરફાર કરો તો તે બીજા લાખો ઉદ્દેશો માટે નિરૂપયોગી થઇ પડશે. જ્યાં જ્યાં કોઇ સમાજ નાશ પામ્યો છે ત્યાં ત્યાં આ રીતે જ બન્યું છે. જ્યારે જ્યારે મતિભ્રમને કારણે કોઇ એક સંકુચિતહિત સમાજની નજરમાં સર્વસ્વ બની જાય છે અને અનંત હિતનો તે પોતાને ખાતર ભોગ આપે છે, ત્યારે ત્યારે તે સમાજમાં શનિ પ્રવેશ કરે છે, કળિયુગનું જોર વધી જાય છે...એટલા માટે પોતાની પ્રજાની સાચી ઉન્નતિ જો ઇચ્છતા હો તો યુકિત, પ્રયુકિત, ધૂર્તતા, ચાણાકયતા છોડીને સાચા પુરૂષની પેઠે મનુષ્યના મહત્ત્વને સરળ રાજમાર્ગે ચાલવું પડશે. તેમ કરવાથી લક્ષ્ય સ્થળે પહોંચતાં કદાચ વિલંબ થાય તો તેમાં પણ શ્રેય છે, પણ સુરંગને માર્ગે અતિશય ઝડપથી રસાતળમાં જઇને ત્યાં સંસ્થાન સ્થાપવાની વાત તો સર્વથા છોડી દેવા જેવી જ છે,

કવિવર રવીન્દ્રનાથ ટાગોર

'અખંડ–આનંદ'

'સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય' તરફથી ગયા નવેમ્બર માસથી 'અખંડ આનંદ' નામના માસિકની શરૂઆત કરવામાં આવી છે. તેના બે અંકો બહાર પડી ચુકયા છે. પહેલા અંકમાં વિવિધ વિષયોથી ભરપુર ૨૦૦ પાનાની લેખસામગ્રી ભરેલી છે. આ માસિક દ્વારા દર વર્ષે સુમારે ૧૬૦૦ પાનાનું વાંચન પુરૂં પાડવા પ્રસ્તુત માસિક ।। તંત્રી શ્રી સોપાન તથા સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયના સંચાલકો આશા આપે છે. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૬–૪–૦ છે. આ માસિકનું લવાજમ (૧) સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ અથવા તો (૨) હાથી બીલ્ડીંગ, કાલબાદેવી રોડ મુંબઇ, ૨.–આ બન્નેમાંથી કોઈ પણ ઠેકાણે ભરી શકાશે.

આ માસિકની આટલી વિગતવાર જાહેરાત આપવાનું કારણ એ છે કે આ માસિકનો આશય ગુજરાતી જનતાનો લોકભોગ્ય અને એમ છતાં આરોગ્યપ્રદ અને ઉન્નતિકર સાહિત્ય બને તેટલી ઓછી કીંમતે પુરૂં પાડવું એ છે અને આજ સુધીમાં પ્રગટ થયેલા બે અંકો જોતાં આ આશય યથાસ્વરૂપે ફૂલિતાર્થે થયેલો માલુમ પડે છે. માસિકનો ઉઠાવ અને છાપણી ભારે આકર્ષક છે. લેખસામગ્રી પણ એટલી જ આદરપાત્ર છે. જે સંસ્થાના આશ્રય નીચે આ માસિક શરૂ કરવામાં આવ્યું છે એ સંસ્થાના મૂળ સ્થાપક સ્વામી અખંડાનંદ હતા. તેમણે ઇ. સ. ૧૯૦૮ માં 'સસ્તું' સાહિત્ય વર્ધક કાર્યાલય'ની સ્થાપના કરી હતી. આ સંસ્થા સ્થાપવાનો હેતુ જનતાને સારૂં છતાં બને તેટલું સસ્તું સાહિત્ય પુરૂં પાડવાનો હતો. એ હેતુ અનુસાર જે થોકબંધ સાહિત્ય સ્વામીજીએ ગુજરાતને પુરૂં પાડયું છે તે સર્વત્ર સુવિદિત છે. ગુજરાતી સાહિત્યના આ અખંડ ઉપાસકનું ઇ. સ. ૧૯૪૨ માં અવસાન થયું. ત્યાર બાદ આ સંસ્થાનું આખું તંત્રસંચાલન જાણીતા અર્થશાસ્ત્રી શ્રી. મનુ સુબેદારના હાથમાં આવ્યું. સ્વામીજીએ જે કાર્ય શરૂ કર્યું હતું તે જ કાર્યને શ્રી મનુ સુબેદાર એ જ આદર્શ અને એ જ સાહિત્યભક્તિ તેમ જ ધર્મભાવનાથી પ્રેરાઇને આગળ વધારી રહ્યા છે અને સંસ્થાના પ્રકાશનને વધારે સુરૂપ અને ઉઠાવદાર બનાવી રહ્યા છે તેમ જ વિષયોની પસંદગીમાં પણ ખુબ વૈવિધ્ય લાવી રહ્યા છે. 'અખંડ–આનંદ' નામનું ઉપર જણાવેલ માસિક પણ એ જ પ્રકારની સાહિત્ય–ઉપાસનાની નવી આવૃત્તિ છે અને તેનું તંત્રીપણું શ્રી. સોપાન જેવા શક્તિસમૃદ્ધ યુવાનને સોંપવામાં આવ્યું છે. આપણે આશા રાખીએ કે આ પ્રવૃત્તિ શ્રી. મનુ સુબેદારનું ભાવનાબળ અને શ્રી. સોપાનની સાહિત્યશક્તિ–ઉભયના સમન્વય અને સહકારના પરિણામે સદા વિકસતી અને ફાલતી ફુલતી રહે અને ગુજરાતી પ્રજાને સદા ઉન્નત બનાવે તેવી વિચારસંસ્કારની સામગ્રી સારી રીતે પુરી પાડતી રહે. માસિક અથવા તો કોઇ પણ પ્રકારનું સામાયિક–એ એક પ્રકારની જ્ઞાનપરબ છે. તૃષિત આત્માઓને નિર્મળ જ્ઞાનજળ પાયા કરવું એ જ તેની ફરજ છે. આ ફરજનું ઉત્તમ રીતે પાલન કરવામાં આવશે એવી અખંડ–આનંદની આયોજના જોતાં કોઇને પણ પ્રતીતિ થયા વિના રહે તેમ નથી. **પરમાનંદ**

તરૂણ જૈન

પ્રબુદ્ધ જૈન જે ઉદ્દેશ અને ધ્યેયપૂર્વક આજ સુધી ચાલી રહ્યું છે, તે જ ઉદ્દેશ અને ધ્યેય ઉપર 'તરૂણ જૈન' નામનું હિંદી માસિક કેટલાંક વર્ષોથી કલકત્તા ખાતે ચાલતું હતું. પણ ૧૯૪૨ની આપણી રાજકીય લડત દરમિયાન એ માસિકના ત્રણે મુખ્ય સંચાલકો શ્રી. સિદ્ધરાજ ઢઢ્ઢા, શ્રી ભંવરમલ સિંધી તથા શ્રી. વિજયસિંહ નહાર જેલવાસી બનતાં એ માસિક બંધ કરવામાં આવ્યું હતું. જેલમાંથી છુટયા બાદ કંઇ સમય સુધી માસિક શરૂ કરવા માટે સરકારની સંમતિ મળી શકી નહોતી. ઉપર જણાવેલ ત્રિપુટિમાંના એક ભાઇ સિધ્ધરાજ ઢઢ્ઢાએ લગભગ દોઢ બે વર્ષથી જયપુર ખાતે લોકવાણી નામનું હિંદી દૈનિક પત્ર શરૂ કર્યું. તાજેતરમાં સરકારની સંમતિ તેમ જ કાગળ તથા છાપખાના વગેરેનો સુયોગ થતાં શ્રી ભંવરમલ સિંધી તથા શ્રી ચંદનમલ ભૂતોડિયાના સંપાદકત્વ નીચે 'તરૂણ જૈન' ની શરૂઆત કરવામાં આવી છે અને એ માસિકના આજ સુધીમાં પાંચ અંકો નીકળી ચુકયા છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૫ છે. અને મેનેજર, તરૂણ જૈન, ૩, કમર્શીઅલ બીલ્ડીંગ્સ, કલકત્તા. એ ઠેકાણે લખવાથી આ માસિકના ગ્રાહક થઇ શકાશે. આ માસિક દ્વારા ઉપયોગી વિચારસામગ્રી તો મળશે જ, અને સાથે સાથે હિંદી ભાષાનો પરિચય પણ વધશે. જે પત્રના સંચાલકો એક સરખી ભાવના અને આદર્શથી પ્રેરાયલા છે અને એક જ કાર્યક્ષેત્રના જાણે કે સાથીદાર છે તેમના વિષે વધારે ભલામણ કરવી એ આત્મશ્લાઘા કરવા બરોબર લાગે છે. **તંત્રી, પ્રબુદ્ધ જૈન**

જયપુરમાં ગુજરાતી શાળા.

સરદાર વલ્લભભાઈ પટેલને હસ્તે શિલાન્યાસ.

તા. ૧૭–૧૨–૪૭ ના રોજ જયપુરમાં 'શ્રી કાશીબાઇ છગનલાલ ઝવેરી વિદ્યામંદિર'ના મકાનનો પાયો સરદાર વલ્લભભાઇ પટેલના શુભ હસ્તે નાખવામાં આવ્યો હતો. તે પ્રસંગે જયપુરના ગુજરાતી નરનારીઓ ઉપરાંત શ્રી. મણિબેન પટેલ, શ્રી. મેનન, સર વી. ટી. કૃષ્ણામાચારી, સર મીરઝા ઇસ્માઇલ, શ્રી રામજી હંસરાજ, શ્રીમાન ઘનશ્યામદાસજી બીરલા, શેઠ સુંદરલાલજી ડોળીયા, સીકરના નામદાર રાવરાજા, જયપુર રાજ્યના પ્રધાનો, દાકોરો અને સંભાવિત ગૃહસ્થો હાજર હતા.

પ્રારંભમાં બહેનોએ સ્વાગતગીત ગાયું હતું. ગુજરાતી રાસડાએ જયપુરની જનતાને સારૂં આકર્ષણ કર્યું હતું. રાજરત્ન પ્રતાપરાય મહેતાએ ગુજરાતી સમાજની સ્થાપના, ગુજરાતીઓનું પહેલા ઇ. સ. ૧૭૨૬ માં જ્યારે જયપુર વસ્યું અને રાજા જયસિંહ બીજાએ અશ્વમેધ યજ્ઞ કર્યો ત્યારે અત્રે આગમન, ત્યાર પછી ઝીણી રાણી સાથે ધ્રાંગધ્રાનાં મંડળનું આવવું, પાલણપુર, ખંભાત અને મોરબીના ઝવેરીઓનું આવાગમન, અને છેવટે શ્રી. રામજી હંસરાજના કારખાનાને અંગે ઘણાં કુટુંબોનો વસવાટ વગેરેનું વિવેચન કર્યું હતું.

ગુજરાતી સમાજને શાળા સ્થાપવા માટે જયપુર રાજ્યે ૫૦૦૦ વાર જમીન ભેટ આપી છે. શ્રી છગનલાલ ત્રિભુવન ઝવેરીએ રૂા. ૨૫૦૦૦) શ્રી વનેચંદ દુર્લભજી, શ્રી ગિરધરલાલ ઝવેરી, તથા શ્રી શાંતિલાલ ઝવેરી, રાજરત્ન શેઠ રામજીભાઇ હંસરાજ વગેરેએ મોટી રકમો ભેટ આપી છે.

સંસ્થાના પ્રમુખ શ્રી. વનેચંદભાઇ ઝવેરીએ સરદાર સાહેબને પાયો નાખવા વિનંતિ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તેમના જેવા લોખંડી મહાપુરૂષના હાથે થતો શિલાન્યાસ વજ્રક્ષેપ બનશે. સરદાર સાહેબે ભાષણ આપતાં જણાવ્યું કે એક સમર્થ ગુજરાતીએ ત્યાગની કીંમત જગતને શીખવી છે. તમારી શાળા બાળકોને ત્યાગ, તપશ્ચર્યા અને સેવા શીખવે એમ હું ઇચ્છું છું. ચારિત્ર્યની ઘડણી વિના કેળવણી વૃથા છે.

સાર્વજનિક કાર્યમાં સારી રકમો આપવા માટે અને જાહેર કામમાં અગ્ર પદે સારો રસ લેવા માટે આપણાં જૈન સમાજના શેઠ રામજી હંસરાજ, છગનલાલ ત્રિભુવન, શ્રી દુર્લભજી ત્રિભુવન ઝવેરીના સુપુત્રો તથા શ્રી ભગવાનજી રાયચંદ માટે જૈન સમાજ ગૌરવ લેવા જેવું છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૧૮

મુંબઈ: ૧૫ જાન્યુઆરી ૧૯૪૮, ગુરૂવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

દાદુનો સેવાયોગ

[આ જાણીતા સાહિત્યાચાર્ય બાબુ ક્ષિતિમોહન સેનના મૂળ બંગાળી લેખનો શ્રી. નગીનદાસ પારેખે કરેલો આ અનુવાદ 'સંસ્કૃતિ'માંથી સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી]

ઈ. સ. ૧૫૪૪માં દાદુનો જન્મ, ઈ. સ. ૧૬૦૩માં મૃત્યુ. ચામડાના કોસ સીવીને એમણે પોતાનો નિર્વાહ ચલાવતા. એ દરમ્યાન સાધુ સુન્દરદાસ પાસેથી એમને ભાગવત જીવનની દીક્ષા મળી. એમનું ગુરૂએ આપેલું નામ જાણવામાં નથી. પિતાએ આપેલું નામ પણ દબાઇ ગયું છે. સહુને એમણે ભાઇ એટલે "દાદા," "દાદુ" કહેતા. સહુ એમને પ્રેમથી "દાદુ" કહેતા. તે "દાદુ દયાળ" નામ જ એમનું કાયમ થઇ ગયું.

વાંચતાંલખતાં આવડતું નહીં, તો પણ સ્વાભાવિક પ્રતિભાને લીધે અને સાધનાની દૃષ્ટિએ એઓ અસાધારણ-પ્રકૃતિ-કવિ હતા.

સેવાની એક બાજુ એવી છે કે જેને સામાજિક અને નૈતિક (Social, ethical) કહી શકાય. પરંતુ સેવાનો જે માર્ગ તેમણે ગ્રહણ કર્યો હતો તે આધ્યાત્મિક (Spiritual) હતો, અર્થાત્ તે તેમના ભગવત્-પ્રેમનો બાહ્ય પ્રકાશ હતો. આધ્યાત્મિક ભાવાવેશ (Spiritual Emotion) નો કલાત્મક આત્મપ્રકાશ (Artistic Expression) આપણે મંદિરોનાં સ્થાપત્ય અને જુદી જુદી અનુષ્ઠાનપદ્ધતિઓ (Ceremonials) માં જોઇએ છીએ. સેવાના આધ્યાત્મિક (Spiritual) આવેગનો બાહ્ય પ્રકાશ તે કર્મ. એનું મૂળ કર્તવ્યબુદ્ધિ નથી પણ ભગવત્પ્રેમ છે. એથી તે પ્રેમનો પ્રકાશ પણ કાવ્યની જેમ, સંગીતની જેમ સુંદર હોય છે, સ્વતઃસ્ફૂર્ત (Spontaneous) હોય છે. પ્રયોજન સાધવાનો તે પ્રયાસ નથી પણ અંતર્ગૂઢ પૂર્ણતાની બાહ્ય પરિણતિ છે. એટલા માટે અધ્યાત્મ (Spiritual) સેવકની પ્રકૃતિ તે કલાસાધક અથવા 'આર્ટિસ્ટ' ની પ્રકૃતિ હોય છે, કવિની પ્રકૃતિ હોય છે. પૂર્ણતા (Perfection) ની ક્ષુધા એ જ તેની પ્રેરણા (Inspiration) હોય છે.

અંતરમાં રહેલો સૌંદર્યબોધ જુદાં જુદાં ઉપાદાનનો આશ્રય લઇને આત્મપ્રકાશ કરી શકે છેઃ રંગનો આશ્રય લઇ તે ચિત્ર બને છે. પાષાણનો આશ્રય લઇ મૂર્તિ બને છે, માનવજીવન પણ તેવું જ એક ઉપાદાન છે. એ ઉપાદાનનો આશ્રય લઇ આપણા હૃદયનું સૌંદર્ય સેવારૂપે ફૂટી આવે છે. વિશ્વપ્રકૃતિની સેવામાં વિધાતા પોતાના અંતરના રસને મૂર્તિમાન કરે છે. એ રસસૃષ્ટિ હૃદયનો પ્રકાશ છે, એ પ્રયોજનાતીત છે. આથી સ્વાભાવિક રીતે જ તેઓ કવિ, અને શિલ્પી બને છે. પ્રયોજનમાં જ જો એનો અંત આવતો હોત તો એથી સૌંદર્ય ન સરજી શકાત.

આપણે જ્યાં જ્યાં આપણા અંતરના પ્રયોજનાતીત પ્રેમરસને સેવામાં મૂર્ત કરીએ છીએ ત્યાં ત્યાં આપણે પણ કલાકારો, સ્રષ્ટા અને વિધાતાના સમાનધર્મી બનીએ છીએ. આથી જ દાદુએ સેવાને સૃષ્ટિનું એક ક્ષેત્ર કહ્યું છે અને એ માર્ગે પણ વિધાતા સાથે યોગ થાય છે તે સમજાવ્યું છે. વિશ્વમાં જેમ વિધાતાની સૃષ્ટિ આજે પણ ચાલી રહી છે, તેનો અંત આવવાનો સંભવ સરખો પણ નથી, તેવી જ રીતે માનવની સૃષ્ટિ પણ સદાસર્વદા ચાલતી રહેશે. રસ અને પ્રેમની અસીમતાદ્વારા એ રસલોક પણ અપાર અને અગાધ છે.

મધ્યયુગના સાધકો કોઇ જ પંડિત ન હતા. એટલે તેઓ આપણા શાસ્ત્રના પ્રચલિત શબ્દોના પારિભાષિક અર્થો જાણતા નહીં તેથી હો અથવા તો પોતાની સાધનાથી મળેલી સત્યદૃષ્ટિ અથવા પ્રતિભાના બળથી હો તેમણે તે બધા શબ્દો તદ્દન નવા જ અર્થોમાં વાપર્યા. પોતાની સત્ય-ઉપલબ્ધિ (અનુભવ) પ્રગટ કરવા માટે પણ ઘણીવાર ન છૂટકે જૂના શબ્દોને નવા ભાવમાં વાપરવા પડયા છે.

'દ્વૈત' અને 'અદ્વૈત' એ બે શબ્દો વિશ્વ અને બ્રહ્મતત્વને માટે વપરાતા આવ્યા છે, પણ દાદુએ એ બે શબ્દો સાધના અને યોગના પ્રકાર-ભેદ સમજાવવાને માટે વાપર્યા છે. એમના પહેલાં સાધક રવિદાસ પણ આવી રીતે જ સત્ય પ્રગટ કરી ગયા છે.

ઇશ્વરની સાથે સાધકનો બે પ્રકારનો યોગ થાય છે. એક પ્રકારનો યોગ તે દ્વૈત. ત્યાં આપણે કશીક પ્રાર્થના કરીએ છીએ. ત્યાં આપણે કશું આપતા પણ નથી કે સરજતા પણ નથી. તે મિલનનું ક્ષેત્ર પ્રયોજનનું ક્ષેત્ર છે, રસનું ક્ષેત્ર નથી. પ્રયોજનના ક્ષેત્રમાં આપણે લેવા જ ઇચ્છીએ છીએ, દેવા ઇચ્છતા નથી. ત્યાં ઇશ્વર અને સાધક પરસ્પરના પરિપૂરક (Complementary) માત્ર હોય છે. આપણે ત્યાં ઇશ્વર સાથે આપણું સાધર્મ્ય અનુભવતા નથી. આ દ્વૈત-યોગમાં નિત્યતા નથી. આપણું અભીષ્ટ મળ્યું કે તરત જ ઇશ્વરથી દૂર આવેલા આપણા ભોગ-લોકમાં ઉતરી આવવું પડે છે. નિત્યયોગ તો રસલોકમાં થાય. ત્યાં આપણી અને ઇશ્વરની વચ્ચે સાધર્મ્ય છે, ત્યાં આપણામાં કશું જ દૈન્ય નથી હોતું. પરંતુ જ્યાં આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યાંથી તો સિદ્ધિલાભ થતાં વેંત વિચ્છેદ થવાનો જ.

યોગનો બીજો એક પ્રકાર તે અદ્વૈત યોગ. જ્યાં આપણે પોતાને દઇ દેવા માગીએ છીએ, જ્યાં આપણે કશું જ માગવાનું નથી હોતું તે રસલોકમાં આપણે ઇશ્વરના સમાનધર્મા હોઇએ છીએ. એ ક્ષેત્રમાં તેઓ અને આપણે બન્ને જ સરખા સેવકો જ છીએ. બંને જણ જ સેવાદ્વારા સરજતા જઇએ છીએ. અહીં તેમની સાથે આપણું નિત્ય સાદૃચર્ય થાય છે.

નારી જ્યાં પોતાની સેવાનું મૂલ્ય માગે છે ત્યાં તે માત્ર દાસી જ બની રહે છે. આથી જ દ્વૈત-યોગના ક્ષેત્રમાં પ્રેમ નથી હોતો, માત્ર દાસ્ય હોય છે-અને તે પણ વળી પ્રેમનું નિષ્કામ દાસ્ય નથી હોતું. અદ્વૈત-યોગના ક્ષેત્રમાં-રસલોકમાં નારી પોતાને પતિની સહચારિણી તરીકે ગણે છે. આ પ્રેમ-લોકમાં તો તે

પત્ની બને છે, દાસી નથી બનતી, કશું લેવા પણ નથી માગતી, માત્ર દેવા જ માગે છે. એ ક્ષેત્ર અભાવનું ક્ષેત્ર નથી. અહીં તો નિત્ય-પ્રયોજનથી અતીત એવાં રસ અને ઐશ્વર્ય ઉભરાઈ જાય છે. અહીં તો પત્નીરૂપે તે સ્રષ્ટા બને છે, તે અંતરના પ્રેમને પોતાના જીવનમાં, પોતાના સંસારમાં સુંદર આકાર આપે છે.

આવા પ્રકારની સેવામાં પ્રેમ અને રસની અસીમતાનો અનુભવ થાય છે. કારણ કે અહીં સાધક જેવા તેવા ભાવથી સેવા કરતો નથી, પણ ઈશ્વરનો સમાનધર્મી બનીને, તેના જેવો જ (સરીખા) થઈને સેવા કરે છે. અહીં સાધક સેવામાં જ બ્રહ્મને પામે છે. જો સેવાના ક્ષેત્રમાં ભેદબુદ્ધિ, સંકુચિતતા અથવા બીજા કોઈ પ્રકારનો સાંપ્રદાયિક અથવા બીજો કોઈ ભાવ આવે તો બ્રહ્મના અનુભવમાં જ બાધા આવે છે. આપણે બ્રહ્મને જીવંત માનીએ તો શું તેના ભાગ પાડી શકીએ? પ્રેમ હોય તો, દરદ હોય તો જીવંતના ટુકડા કરવા અસંભવિત છે.

આપણે જ્યારે બ્રહ્મને અને સાધનાને જીવંત માનતા નથી ત્યારે તેના "ખંડ ખંડ કરીને" કામ સહેલું કરવાનો લોભ છોડવો ભારે થઈ પડે છે. પરંતુ એવા ભાવથી રસલોક સરજી શકાતો નથી. જીવંત બૃહતને ટુકડા કરીને સહેલું કરવાનો પ્રયત્ન એ એક "ભ્રમની ગાંઠ" છે. એ ગાંઠ છોડવી બહુ મુશ્કેલ છે, તેમ છતાં એ ગાંઠ ન છોડીએ તો કશું જ સર્જન સત્ય બનતું નથી.

"खंड खंड करि ब्रह्मको पच्छ पच्छ लिया बाँट।
दादु जीवत ब्रह्म तेजि बांधे भरमकी गांठ॥"

પરંતુ આમ ટુકડા ટુકડા કરવાથી પહેલાં તો એમ લાગે છે કે કામ સહેલું થયું, પણ ખરી રીતે જોતાં તેમ નથી હોતું. જ્યાં સુધી બ્રહ્મને જીવંત ન જોઈએ, જ્યાં સુધી સમગ્ર ભાવે ન અનુભવીએ ત્યાં સુધી હૃદય ભરાતું નથી, આનંદ જાગતો નથી. એટલે હું જે "રામની" સાથે સેવા કરવા માગું છું તેની સાથે સેવા કરવાનું બને નહીં. રસલોક સરજાય નહીં.

अपनी अपनी जातिसों सब कोई बैसई पांती।
दादु सेवक रामका ताको नहि भरांती॥

(પોતપોતાની જાતિ લઈને સહુએ પોતપોતાની પંક્તિ કરી છે. દાદુ જે પ્રેમમય રામનો સેવક છે તેનું હૃદય આવી ક્ષુદ્ર સીમામાં ભરાતું નથી.)

આમ છતાં દાદુ શિક્ષા-દીક્ષા-હીન સરલ-હૃદયના સાધક-માત્ર હતા. તેમને સહુ કોઈ પૂછવા લાગ્યું, "આવી વિરાટ કલ્પના શું સહેલ છે?" દાદુ જવાબ દેતા, "ઘણી ભેદબુદ્ધિ મનમાં ધારણ કરી રાખવા માટે ઘણી બુદ્ધિની જરૂર પડે છે. હું તો પાંડિત્ય-વિનાનો સરલ માણસ છું. હું જુદાં જુદાં ખાનાં કરીને ન જોઈ શકું. હું તો જ્યાં એક હોય તે સહેલાઈથી સમજી શકું. આથી જ હું કાયા અથવા વર્ણની દૃષ્ટિથી જોતો નથી. હું આત્માની દૃષ્ટિથી જોઉં છું. બહારથી જોઈએ તો ભાગનો પાર નથી, એટલું બધું કાંઈ હું સમજી શકું? આથી હું અંતરની દૃષ્ટિથી પૂર્ણબ્રહ્મની દૃષ્ટિથી જોઉં છું. ત્યાં બધું જ એક છે.

पूरण ब्रह्म विचारिये सकल आतमा एक।
कायाके गुण देखिये नाना बरण अनेक॥

(પૂર્ણબ્રહ્મની દૃષ્ટિથી જોઈએ તો સહુ આત્મા એક જ છે; કાયા અને ગુણની દૃષ્ટિથી જોઈએ તો તો અનેક વર્ણો અને અનેક ભેદો માલૂમ પડે.)

આમ છતાં સમગ્રને પામવામાં જે બાધાઓ આવે છે તેમાં સીમાવિશેષે બંધાવું એ જ સહુથી ભયંકર છે. કારણ તેમ થવાથી આપણે તે ખંડ-સત્યને જ યથાર્થ સત્ય માનીએ છીએ અને આપણા જીવનની વ્યર્થતા આપણે જાણી શકતા નથી.

सांच न सूझई जब लगा तब लग लोचन नाहिं।
दादु निरबन्ध छाडि करि बन्धा होई पख मांहि॥

(જ્યાં સુધી તે પરિપૂર્ણ સત્ય નથી જોવામાં આવતું ત્યાં સુધી આપણાં લોચન જ નથી. હે દાદુ, ત્યારે આપણે બંધનાતીતને છોડીને કોઈ નહીં તો કોઈ પક્ષમાં બંધાઈ રહીએ છીએ.)

આથી જ સાધનાનું એક માત્ર લક્ષ્ય જે મુક્તિ તે આપણાથી સુદૂર ચાલ્યું જાય છે.

જ્યારે સહુ કોઈ દાદુને કહેવા લાગ્યું કે ગમે તે કોઈ "પંથ" માં રહીને જ બધા સેવા કરે છે, ભેદબુદ્ધિહીન "વિશ્વપંથ"માં રહીને સેવા કર્યાના દૃષ્ટાંત કયાં છે? ત્યારે દાદુએ કહ્યું,—જગતની બધી જ મહાપ્રકૃતિ અને બધા મહાપુરુષો "વિશ્વપંથ"ના જ પક્ષમાં છે.

ये सब होई किस पंथमें धरती अरु असमान।
पानि पवन दिन रातका चंद सूर रहिमान॥

(મારા અંતરની વાત તું જ સમજશે, એક માત્ર તારી જ વાત હું સમજું છું, આ લોકોની વાત સમજવી મારે માટે કપરી છે. હે દયામય, ધરિત્રી અને આકાશ, જલ અને પવન, દિન અને રાત્રિ, ચંદ્ર અને સૂર્ય એ સહુ જ નિત્ય નિરંતર જગતની સેવા કરે છે. તું જ કહેને કે એ બધા કયા સંપ્રદાયના છે?)

મહાપુરુષોને નામે બધાઓએ પંથ બાંધ્યા છે પણ તેઓ કોના પંથના હતા? તેઓનો બધાનો આશ્રય તો તું જ.

महम्मद ये किस पंथमें, जिबरइल किस राह।
इनके मुरसिद पीरको कहिये एक अलाह॥
ये सब किसके होई रहे यह मेरे मन मांहि।
अलख इलाही जगद्गुरु दूजा कोई नाहिं॥

(મહંમદ કોના સંપ્રદાયમાં હતા, સ્વર્ગદૂત જીબરાઈલ (Gabriel) કયા પંથના હતા? એઓના ગુરુ અથવા પીર કોણ? હે ભગવાન, તું જ આ સમજાવ. એઓએ બધાએ કોના પક્ષમાં ભળીને કામ કર્યું છે? હે અલખ ઇલાહી, હે જગદ્ગુરુ, તું જ તેઓનો એક માત્ર ગુરુ અને આશ્રય હતો, એ સિવાય બીજો કોઈ નહીં.)

ભગવાનના અસીમ પ્રેમરસમાં 'अहम्' ગળી જાય છે અને યથાર્થ સેવા જાગ્રત થાય છે. ધરતી પત્ની પોતાના પ્રેમરસમાં આખું ઘર પ્રાણમય અને પરિપૂર્ણ કરી પોતાને બધાની દૃષ્ટિથી દૂર રાખે છે. ઈશ્વરની સેવા પણ એવી ભરપૂર છે કે તેઓ તેમનાં શિશિર બિંદુની પાછળ પણ પોતાને ઢાંકી રાખે છે. વૃક્ષના પ્રાણની પાછળ જેમ મૂળ, કાયાની પાછળ જેમ પ્રાણ, તેમ આ વિશ્વસેવાની પાછળ વિશ્વપ્રેમમય ભગવાન પોતાને નિરંતર છુપાવી રાખે છે. તેઓ જ મૂલાધાર છે, તેઓ જો પોતાની સેવામાં પોતાને ઓગળી નાખી ન શકત તો વિશ્વમાં પ્રલય ઊતરી આવત. પોતાને પાછળ રાખી પોતાની સાધનાને, પોતાની સેવાને સામે રાખવી એ જ સૃષ્ટિ. એથી ઊલટું તે જ પ્રલય. સેવા એ તો પ્રેમની આરતી છે. આરતીનો સંપૂર્ણ પ્રકાશ અર્ચનીયના મુખ ઉપર પડે છે, અર્ચક દીપની છાયામાં પોતાની કાયા છુપાવી રાખે છે.

આ જગત તેમની પરિપૂર્ણ આરતી છે. સેવાની દીક્ષા લેવી હોય તો તેમની પાસેથી જ લેવી પડશે. એવો બીજો કોઈ સેવક મળે એમ નથી. આવી રીતે કોણે પોતાની જાતને સેવામાં ગાળી નાખી છે?

सेवक बिसरई आपको सेवा बिसरी न जाई।
दादु पूछई रामको सो तत्त्व कहो समुझाई॥

(સેવક પોતાને વિસારી દે, અને છતાં સેવા નિત્ય જાગ્રત

(અનુસંધાન પૃષ્ઠ ૧૮૪ જુઓ)

વકરેલી માનવતા

આજનો યુગ જ વકરેલી માનવતાનો છે. ૧૯૩૯ના સપ્ટેંબર માસની પહેલી તારીખે બીજા વિશ્વયુદ્ધનો આરંભથી થયો ત્યારથી આ યુગની શરૂઆત થઇ છે. એ યુધ્ધને શમી ગયાને આજે ત્રણ વર્ષ થવા આવ્યાં એમ છતાં પણ આ યુગનાં વિષમ તત્વો ચોતરફ વધારે ને વધારે વેગપૂર્વક કામ કરી રહેલ છે અને દુનિયામાં વૈર વૈમનસ્ય ઉત્તરોત્તર વધતાં ચાલ્યા છે, અને જાણે કે ત્રીજા વિશ્વયુધ્ધ તરફ આપણે બહુ જલ્દિથી ધસડાઈ રહ્યા હોઇએ એમ લાગે છે.

આ જ વકરેલી માનવતા છેલ્લા સવા વર્ષથી હિંદમાં કોમી ઝેરવેર અને ખાનાખરાબીના સ્વરૂપે આપણને પોતાનું દર્શન કરાવી રહેલ છે. ૧૯૪૬ના ઓગસ્ટ માસની સોળમી તારીખે આ કોમી વિગ્રહનો પહેલો ભડકો આપણે કલકત્તામાં જોયો. ત્યાર પછી એ આગના તણખા દેશમાં ચોતરફ ફેલાયા. મુંબઇમાં પણ એક માસ બાદ આ કોમી ધર્ષણની શરૂઆત થઇ. એ વખતના વિગ્રહનું સાધારણ સ્વરૂપ એક કોમના માણસો બીજી કોમના લત્તામાં નીકળે તેના ઉપર હુમલો કરવો, છરી ઘોંચી દેવી અને જાન લઇ લેવો—આ પ્રકારનું હતું. ત્યાર પછી પંજાબમાં તો આ વૈમનસ્ય દાવાનળ સ્વરૂપે પ્રગટી ઉઠ્યું અને હજારો માણસોના જાનમાલની ખુવારી થઈ અને લાખો માણસોને એક વિભાગમાંથી અન્ય વિભાગમાં હિજરત કરવાની ફરજ પડી. હજુ આટલેથી આ બાબતનો છેડો આવ્યો નથી. હિંદી સંસ્થાન અને પાકીસ્તાનના સંબંધો દિનપ્રતિદિન બગડતા ચાલ્યા છે અને લડાઈના ઉંબરે આવીને જાણે કે આપણે ઉભા હોઇએ એવી ચિન્તાજનક પરિસ્થિતિ આજે બંને બાજુએ વિકસી રહી છે. જો ખરેખર આ લડાઇ શરૂ થશે તો હજુ કેટકેટલી યાતનાઓ આપણા નસીબે લખાયલી છે તેની કોઇ કલ્પના આવતી નથી.

આજથી બરોબર બાર મહીના પહેલાં ૧૯૪૭ના જાન્યુઆરી માસની ૧૦મી તારીખે કેટલાક સમયથી મુંબઇમાં ચાલી રહેલ કોમી હુતાશમાં આપણા ચિરસ્મરણીય બંધુ શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણી હોમાયા હતા. અને આ રીતે માનવતાના એક સાચા મિત્રનો વકરેલી માનવતાએ ભોગ લીધો હતો. એ કરૂણ ઘટનાને કેન્દ્ર રાખીને ભાઈ શાન્તિલાલ રાયચંદ શાહે એક નાની સરખી નાટિકા લખી હતી અને ગયા ઓગસ્ટ માસની ૧૫મી તારીખના ઉત્સવસંભારંભના અનુસંધાનમાં શ્રી. મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ડો. બૂલચંદજીના પ્રમુખપણા નીચે બહુ સુંદર રીતે ભજવી બતાવી હતી. સદ્‌ગત વ્રજલાલ મેઘાણીનો કોઇ એક મુસલમાન ગુંડાના હાથે જાન ગયો એ એક હકીકત સિવાય પ્રસ્તુત નાટકમાંની બીજી બધી વિગતો કાલ્પનિક છે. દાખલા તરીકે આ નાટિકામાં ડો. મુકેશના પિતા ડો. મુકેશને દવાખાના ઉપર જતા અટકાવે છે જ્યારે ડો. મેઘાણીના પિતા તો કેટલાંક વર્ષો પહેલાં વિદેહ થયા છે. આ નાટિકામાં ડો. મુકેશ ડાકટરી ધંધો કરતા જણાય છે જ્યારે ડો. મેઘાણી પહેલાં તો 'પ્રેકટીસ' કરતા હતા પણ છેલ્લાં કેટલાંક વર્ષથી બોમ્બે મ્યુનીસીપાલીટીના એક હેલ્થ ઇન્સ્પેકટર તરીકે નોકરી કરતા હતા. આમ છતાં પણ ડો. મુકેશનું આલેખન બીજી બધી રીતે ડો. મેઘાણીના વ્યકિતત્વને એટલું બધું મળતું છે કે આ નાટિકા વાંચતા આપણે જેમ જોયા હતા તેમ જ આકારમાં ડો. મેઘાણી અને તેમના ઉપર થયેલ જીવલેણ હુમલાની ઘટના આપણી આંખ સામે તદ્દશ સ્વરૂપે તર્યા કરે છે અને આ નાટકનું ધ્રુવપદ "આખીર એ સબ કયું? કયું? કીસ લીએ?" આપણા મગજમાં પણ ઘુમવા માંડે છે અને અનુત્તર વિસર્જિત થાય છે. આ સફળ કૃતિ નિર્માણ કરવા માટે ભાઇ શાંતિલાલને ધન્યવાદ ઘટે છે.

પરમાનંદ

ઉન્હોકી યાદમેં જીન્હોને અપને ખૂનસે હિન્દુસ્તાન કે બાગ કો સીંચા!

આઝાદીની ઉષા પ્રગટી છે. ગુલામીનો અંધકાર દૂર થયો છે. ત્યારે જે સેંકડો નામી-અનામી શહીદોએ, કશીએ અપેક્ષા સિવાય, પોતાનું સર્વસ્વ રાષ્ટ્રને ચરણે ધર્યું છે, જે બત્રીસલક્ષણાઓએ પોતાના દેહનો ભોગ આપી ચિર નિંદ્રામાં પોઢયા છે, શહીદ બન્યા છે-તે તમામ શહીદોના આત્માને તે જ્યાં હોય ત્યાં અમારા લાખ લાખ વંદન હજો!

દેશમાં કોમી પરિસ્થિતિ સળગી રહી છે, માનવતા વકરી ઉઠી છે, ભાઇ ભાઇનાં ખુન માટે તલસી રહ્યાં છે-તેવા સમયે જીવનના સુંવાળા ખુણાના સ્પર્શને એક બાજુ મુકી, કુંણી લાગણીઓની દરકાર કર્યા વિના, કોમી હુતાશનમાં હુતાત્મા બનનાર એક આદર્શવાદી સેવાભાવી ડોકટરના જીવનની, માનવતાને શરમાવનારી, આ સત્યકથા છે.

દેશમાં આજે જે ભયંકર ઝંઝાવાત ચાલી રહ્યો છે. માનવતાનો જે ક્રૂર ઉપહાસ થઇ રહ્યો છે, કોમી ભાવના આજે જે વેરઝેર રેડી રહી છે-અને જે સેંકડો નિર્દોષ સ્ત્રી પુરૂષો આજની આ અસહાય અને લાચાર પરિસ્થિતિનો ભોગ બની રહ્યાં છે. તેવી આપણી આજની રચાતી સંસ્કૃતિને આ કથા સાદર સમર્પણ ધરૂં છું.

એ આદર્શવાદી જીવનનો ગંભીર કરૂણ અને ધન્ય પ્રસંગ આજની પરિસ્થિતિને વકરેલા ઘા ઉપર મલમ રૂપ બને એવી ઇશ્વર પ્રત્યે પ્રાર્થના છે!

પ્રવેશ પહેલો

સ્થળ : ડો. મુકેશનું દવાખાનું. ચારપાંચ દર્દીઓ બેઠા છે. કંપાઉન્ડર અંદર દવાઓ બનાવતો હોય છે. ડોકટર બહાર ગયા હોય છે.

ડોકટર:-(બહારથી આવે છે) કંપા...ઉંડર...મી...પરેરા.

કંપાઉંડર:-(અંદરથી આવતાં) ય...સ...સ...ર.

ડોકટર:-કોઇનો કાંઇ ટેલીફોન હતો?

કંપાઉંડર:-યસ સર, વાલકેશ્વરથી મી. નારણદાસનો ટેલીફોન હતો, ટાયફોઇડવાળા કેઇસની હાલત ગંભીર છે અને આપને એકદમ જોવા માટે બોલાવ્યા છે. આપે દર્દીને ખોરાક આપવા ના કહી હતી; છતાં ય એ લોકોએ દાળભાત આપ્યા અને ત્યાર બાદ દર્દીની હાલત ગંભીર બની છે.

ડોકટર :-(ટેબલ ઉપર હાથ પછાડી). વેન ધેર મેય બી પરફોરેશન! (તો પછી આંતરડામાં ચાંદુ પડયું હશે!) આ લોકોને મેં કેટલું સમજાવેલા કે ટાયફોઇડનો કેસ છે અને ખાવાનું આપવાની ઉતાવળ કરશો નહિ, પણ એ સમજે ત્યારે ને! ઠીક, મી. પરેરા હાં...તમે જરા ડો. દેશમુખની ચાર વાગ્યાની એપોઇન્ટમેન્ટ લઇ લેશો? will yon?

કંપાઉંડર :-યસ સર, (જાય છે)

ડોકટર :-(દર્દીને) કેમ ભાઇ, બોલો શું થયું છે તમને?

એક દર્દી :-સાહેબ, ચાર દિવસથી આ જમણા પગે ગુમડું થયું છે, બહુ જ પીડા થાય છે, જમીન ઉપર પગ તો

બીલકુલ મંડાતો નથી. રાત્રે ઉંઘાતું પણ નથી. બે દિવસથી તાવ પાછો આવે છે.

ડોકટર :-લાવો, જોવા દો તો જરા.

(દર્દી બતાવે છે, ડોકટર તપાસે છે. દર્દી દુઃખવાથી બૂમ મારે છે.)

ડોકટર :-હં. હજુ ફુટયું નથી, પણ ફુટવાની તૈયારીમાં છે, હાં જુઓ તમે તૈયાર હો તો ઉપર એક ચેકો મારી અંદરનું પરૂ કાઢી નાખું. તમારો દુઃખાવો બીલકુલ ઓછો થઇ જશે. સાથે પીવાની દવા પણ આપું છું. તે ત્રણ વખત પીજો.

દર્દી:-પણ..... સાહેબ, નસ્તર મુકવું પડશે? એમને એમ નહિ કૂટે? નસ્તરથી તો સાહેબ બહુ દુઃખે!

ડોકટર:-અરે, એ તો જરાક એક સેકન્ડ જેટલું, પણ પછી તમારી પીડા સાવ મટી જશે. અને રઝ પણ એકદમ જલ્દી આવી જશે.

દર્દી:-ઠીક ત્યારે સાહેબ, તમને જેમ ઠીક પડે તેમ કરો. આગને એમાં કાંઇ ઓછી ખબર પડે છે? આ તો બાજુવાળા સંતોક ડોશી કહે કે ડોકટર પાસે જવું રહેવા દે ને એક ગોળ અને મીઠું નાખી ધગધગતી પોટીશ બનાવી બાંધી દે. આ એક દા'ડામાં ફૂટીને રગદો નીકળી જશે. અને ઉપર મગદરસૂળનું ઉંધુ પાંદડું બાંધી દેજે—એટલે આ બે દા'ડામાં રઝ.

ડોકટર:-ઠીક, તમે અંદર જાવ. હું આવું છું. નર્સ એમને જરા આયોડીન લગાડજો. 'ઇન્સાઇઝ' કરવાનું છે. (બીજા દર્દીને) બોલો ભાઇ તમને શું થયું છે?

બીજો દર્દી:-સાહેબ, બે દિવસથી સખ્ત આંખો દુઃખવા આવી છે. આંખો ઉઘાડી શકાતી નથી, માથું પણ.....(બહાર કોલાહલ મચે છે.) પોલીસની ઘુમો પડે છે બધા જોવા દોડે છે—બેભાન અવસ્થામાં એક હિન્દુને ઉંચકી લાવે છે.)

પારસી ગ્રહસ્થ:-ડોકટર, ડોકટર, જુવોની આયે બીચારાને ટીપી નાંખીયોચ-બહુ સખ્ત માર વાગ્યોચ-જરા જુવોની!

ડોકટર :-(સાથેના માણસોને) તમે બધા આઘા ખસી જાઓ. જરા હવા આવવા દો અને ટેબલ ઉપર સુવાડો.

(ડોકટર તપાસે છે) લોહી તો નથી નીકળ્યું. મુઢ માર વાગ્યો લાગે છે.

હિંદુ :-(ભાનમાં આવતાં) પાણી...પાણી...(પાણી આપે છે). હિન્દુ ચારે બાજુ જુવે છે.

ડોકટર :-કેમ ભાઇ! કયાં માર વાગ્યો છે? કયાં દુઃખે છે?

હિન્દુ :-સાહેબ, કોઇએ પાછળાછળી આવીને લાકડી મારી છે. હું પેલા ખુણા પાસેથી વળાંક લેતો હતો ત્યાં કોઇએ પાછળથી એક ફટકો લગાવ્યો. અને હું બેભાન થઇને નીચે પડી ગયો. ત્યાર પછીનું મને કાંઇ જ ભાન નથી.

પારસી:-લેજોને ડોકટર સાહેબ, હું જ તમુને કહેવંસ. એવણ મારી આગળ જ જતા હતા. અમારી વચ્ચે હાડલી ટુ ફીટનું ડીસ્ટન્સ હોશે—એટલાંયમાં કોર્નર પાસેની સ્ટ્રીટમાંથી ચાર પાંચ આદમી ધસી આવીયાચ અને એક જનાએ એવો તો લાકડીનો ફટકો લગાવ્યોચ કે શું કહું? એ જોઇને મને બી તમ્મર આવી ગયા. મને તો લાગેચ કે બીચારાની સ્કલ (ખોપરી)નું ફ્રેકચર જ થઇ ગીયું હોશે. મારૂં હાર્ટ (હૃદય) તો હજુબી ધબધબ થયા કરેચ. કોઈ મુસલમાન લાગેચ.

હિંદુ:-કોણ હું? હું તો હિન્દુ છું-મને શા માટે માર્યો હશે? આ તો હિન્દુ લત્તો છે-અને મારનાર પણ હિન્દુ જ લાગતા હતા.

પારસી:-ત્યારે તો નક્કી જ બીચારો ફુકટનો ટીપાઇ ગીઓ લાગેચ. નક્કી મુસ્લીમ ધારીને જ માર્યો-ગુંડાઓ પણ કેવાગ-નથી પૂછતાં-નથી ગાછતાં-અને આં પાછળથી આવીને હુમલો કર્યો-દીકરા સામેથી આવે તો તો ખબર પડી જાય. હું જરા દૂર હતો. નહિ તો એકને તો જરૂર પકડીઓ હોતે. એમ ભલે, ડાકતર સાહેબ બુઢ્ઢો થયો-પણ જુવાનીનું જોર સાવ જતું નથી રીયું-નાનો હતો-ત્યારે કસરત બહુ કરીલી, એક હાથે બે પોરીયાને ટીંગાડી ફેરવતો. હવે તો ઉમર થઇ.

ડોકટર :—બીચારા નિર્દોષ રાહદારીઓના લોહી રેડાવાથી આ લોકોને શું ફાયદો થવાનો છે? હુલ્લડો કરવાથી નથી આઝાદી આવવાની કે નથી પાકીસ્તાન મળવાનું, આપણે તો આપણી માનવતા ખોઇ રહ્યા છીએ. અને ધારો કે એ હેતુ કદાચ બર આવે-તો પણ એ સાચી આઝાદી નથી કે નથી સાચું પાકીસ્તાન.

પારસી :—નહિ રે નહિ ડોકટર. એમ રાયટ (તોફાન) કીધે શું વલવાનું'ચ. બીચારા ઇનોસન્ટ (નિર્દોષ) માણસ જ મરી જાય છે. આ ગુંડાઓ બી શું કામ આવું કરતાં હશે? મને તો લાગેચ કે ડોકટર, જરૂર આમાં કોઇનો હાથ હોશે જ. નહિતર કોંગ્રેસ ગવર્નમેન્ટ હોવાં છતાં-આવું લાંબું કેમ ચાલે? રોજ કંઇને કંઇ કેસ બન્યા જ કરે છ. આખર શું લેવાનું અને શું દેવાનું તે જ મને સમજ નથી પડતી. એમ અંદર અંદર ઝઘડા કરીને-આપણે આપણી જ ખુવારી કરી રહ્યા છીએ.

હિંદુ:-ડોકટર સાહેબ, મને હવે સારૂં લાગે છે. હું હવે મારા ઘરે જઇ શકીશ. આપ મને રજા આપો. આપનો ઉપકાર હું કયારેય નહિ ભૂલું.

ડોકટર :-ભાઇ! એમાં ઉપકારની કોઇ વાત નથી. મેં તો મારી ફરજ બજાવી છે. સારૂં થયું કે તમને વધુ ઇજા પહોંચી નથી, જો ફટકો જરા સખ્ત વાગ્યો હોત-તો જરૂર ઇજા ગંભીર થઇ ગઇ હોત. પ્રભુનો પાડ માનો કે બચી ગયા. ચાલો આવજો. (ડોકટરને પગે લાગે છે. જાય છે).

(ડોકટર ટેબલ ઉપર બેસે છે. ત્યાં કાદીરને લોહી લુહાણ હાલતમાં લઇને ચાર પાંચ માણસો આવે છે.) એક ગાંધીવાદી લાગતો માણસ બોલે છે. 'ડોકટર સાહેબ છે કે? ડોકટર સાહેબ, ડોકટર સાહેબ, હમણાં પાંચ મીનીટ પહેલાં જ સામી ગલ્લીના નાકે આ મુસલમાન છોકરાને કોઇએ છરી મારી છે. તેના પેટમાંથી આંતરડા બહાર નીકળી ગયાં છે. લોહી વહી રહ્યું છે. આપ પાટો બાંધી આપો તો પછી અમે તેને હોસ્પીટલ લઇ જઇએ"

(એટલામાં મુસલમાન છોકરાનો બાપ દોડતો આવે છે.)

અબ્દુલ્લા:-ડોકટર સા'બ યે મેરા લડકા હૈ. તોફાન મચતી દેખકે હમ લોગ હમારી દુકાન બંધ કરકે ઘર જા રહે થે-તબ કીસીને આકે પેટમેં ચાકુ માર દીયા. ખુદા! ઉન્હેં કયું મારા? મારનેવાલેને મુઝે કયું નહિ મારા? મૈં મર ગયા હોતા તો અચ્છા હોતા, લેકીન ખુદા! મેરા કાદીરને તેરા કયા બીગાડા થા?

ડોકટર:-ચાચા, તમે જરા પણ ગભરાશો નહિ. તમારો કાદિર જરૂર બચી જશે. મી. પરેરા, એ. ટી. નું ઇંજેકશન તૈયાર કરો. ડ્રેસીંગનો સામાન જલ્દી તૈયાર કરો હું મોરચરીયા આવું છું. ઇટ ઇઝ ઇન એ કન્ડીશન ઓફ શોક. (તેને સખ્ત આઘાત લાગ્યો જણાય છે.)

અબ્દુલ્લા:-ડોકટર સા'બ, કુછ ભી કરો, લેકીન મેરે લડકેકું બચાવો, હમ ગરીબ આદમી હૈ. મેરા એ એક હિ લડકા હૈ. મેરે અંધેકી એ એક હી લકડી હૈં. સા'બ, અબી તીન સાલ પહેલેહી ઇનકી સાદી કી હૈ. ગરમેં એક નનીસી બચ્ચી ભી હૈ.

(કાદીર જરા સળવળે છે).

અબ્દુલ્લા:-કાદીર બેટા કાદીર, કયું નહિ બોલતા? ડોકટર સા'બ, એ કયું નહિ બોલતા હૈ? ડોકટર સા'બ, એ બચ તો જાયગાના? મૈંને તો કભી કીસીકા બુરા નહિ કીયા. હમ એ મહોલ્લેમેં કૈં બરસોસે રહેતે હૈં. મેરા સારા ધંધા હિન્દુઓકે સાથ ચલતા હૈ.

હમ એક દુસરેકા ભાઇ, ભાઇ સમઝ કે કામ કરતે હૈ, ફીરભી કયું મેરે લડકેકું મારા વો મેરી સમઝમેં નહિ આતા. મેંને ફાંસીકા કયા બીગાડાથા ? ખુદા, પરવરદિગાર, મેંને કૌનસા ઐસા પાપ કીઆથા જો તુમ ઓ સજા મુઝે દે રહે હોં ? ચહે તો મેરી જાન લેલો–લેકીન મેરે માસુમ બચ્ચેકા બચા લો. મેરે લડકેને તેરા કુછભી નહિ બીગાડા. ડાકટર સા'બ, આપ ખુદા જૈસે હૈં. આપ જરૂર મેરે લડકેકા બચાયેંગે. આપકા અહેશાન મૈં કભી નહિ ભૂલુંગા.

ડોકટર–આપ ગભરાઓ નહિ. ગભરાવાથી કાંઇ જ વળવાનું નથી. હિંમત રખો, તુમારા લડકેકા મૈં અપનાહી લડકા સમઝતા હું. (અબ્દુલ્લા ડાકટરના પગમાં પડે છે.)

અબ્દુલ્લા–ડોકટર સા'બ, આપ સચમુચ ખુદા હૈ–ખુદા આપકા રહમ કરે. એ ગરીબ બુઢ્ઢાકી બંદગી હૈ, ઐસા માલુમ હોતા હૈ કી મારને વાલેકા ખુદાને લડકા નહિ દિયા હૈ યા તો વો એ ભુલ ગયે હૈ. નહિ તો ગરીબ બુઢ્ઢેકા બેગુનાહ લડકે પર વો છૂરી નહિ ચલાતા થા. આખીર એ સબ કીસ લીયે ? હમ તો મઝદુર આદમી હૈ. દો વખત રોટી કે સીવા હમકા તો કુછ નહિ ચાહીયે, ન હમે ઇસ તરાહ સ્વરાજ ચાહીએ કે પાકીસ્તાન. ઐસા પાકીસ્તાન ખુદા મંજુર નહિ કરેંગે.

ડોકટર :–ચાચા, બધા જ જો આ સમજતા હોત તો આપણી ગુલામી આટલી લાંબી ચાલી ના હોત. સામાન્ય લોકોને તો આની સાથે કશી જ લેવા દેવા નથી. સવારથી સાંજ સુધી પરસેવો નીતારી બે વખત રોટી કમાવા સિવાય તેમને કંઇજ જોઇતું નથી. આ તો બધા ભાડુતી ગુંડાઓ છે. ખરા ગુંડાઓ તો પડદા પાછળ છે. આ તો તેમનાં રમકડાં છે. પાકીસ્તાન માંગનારાઓને નથી જોઇતું પાકીસ્તાન પણ તેમને તો જોઇએ છે ગુંડારાજ. જેઓ સાચા દીલથી પાકીસ્તાન માગે છે તેમણે દેશના ટુકડા કરવાની કે નિર્દોષ આદમીઓના લોહી રેડવાની જરૂર નથી. તેમણે સારા દેશને–સમગ્ર વિશ્વને ખુદાનું પ્યારૂં બનાવવાની જરૂર છે. કે જ્યાં ગરીબ તવંગરના ભેદ ન હોય, જ્યાં સૌ ભાઇ–ભાઇ સમજીને રહેતાં હોય, જ્યાં કોઇ દુઃખી ન હોય. સૌને જીવનની જરૂરીઆતો મળી રહેતી હોય–એ સચું પાકીસ્તાન છે.

નર્સ :—ડોકટર દર્દીની પલ્સ વીક (નાડી નબળી) થતી જાય છે.

ડોકટર :—(નાડી તપાસે છે) દર્દીને જલ્દી હોસ્પીટલમાં ખસેડવાની જરૂર છે. હું માનું છું કે તેનું ઓપરેશન કરવું પડશે, પણ તે પહેલાં તેને લોહી આપવાની જરૂર છે.

અબ્દુલ્લા:–મૈં ખુન દેને કે લીયે તૈયાર હું. મેરા લડકા બચ શકતા હૈ, તો મુઝે અપની જાનકી ભી પરવા નહી હૈ. ચાહે ઇતના ખૂન મેરી પાસસે લે લો.

ડોકટર:–ચાચા, તમે બુઢ્ઢા માણસ છો. એટલે તમારી પાસેથી લોહી લઇ શકાય નહિ. વળી ત્યાર પહેલાં તમારૂં લોહી તપાસવું પડે.

નર્સ:–સર, હું મારૂં ખુન આપવાને તૈયાર છું. કહો તો હું દર્દીની સાથે હોસ્પીટલ જાઉં.

ડોકટર:–હું પણ હોસ્પીટલ આવું છુ. મને લાગે છે કે દર્દીને મારૂં લોહી ચાલશે.

અબ્દુલ્લા:–ડોકટર સા'બ, આપકા ખૂન ? કયા આપ યે બુઢ્ઢે કે લીયે ઇતની તકલીફ ઉઠાતે હૈ. નહિ–નહિ–આપ ખૂન મત દીજીએ. આપકી તબીયત અચ્છી હૈ તો આપ દર્દીઓકી સેવા અચ્છીતરહ કર શકતે હૈં.

ડોકટર :–ચાચા, આપ ભૂલો છો–પણ અહિં એક ડોકટર દર્દીને માટે ખૂન આપે છે, એ વાત નથી. પણ એક હિંદુ એક મુસલમાનનો જાન બચાવવા પોતાનું ખૂન આપે છે. દેશની આ હાલત જોઇને ખરે જ મારૂં હૃદય રડી રહ્યું છે. આજે આપણે આપણી ઇન્સાનીયત ગુમાવી બેઠા છીએ–આપણી માનવતા આજે વિકૃત બની ગઇ છે. આ વકરેલી માનવતા આપણને કયાં લઇ જશે તે કહેવું મુશ્કેલ છે. આપણે તો એક બીજાના ભાઇઓ છીએ. એક હિંદુ એક મુસલમાન માટે અને એક મુસલમાન એક હિન્દુ માટે જ્યારે ઉદાર દીલથી આમ ખૂન આપવા તૈયાર થશે–ત્યારે જ આપણી આઝાદીની ઉષા પ્રગટશે–ત્યારે જ ખરૂં સ્વરાજ આવશે, ત્યારે જ મુસ્લીમ બીરાદરોને પાકિસ્તાન માગવાની જરૂર નહિ રહે–તે જ્યાં હશે ત્યાં પાકિસ્તાન રચાશે–નહિ તો સ્વરાજ આવશે કે પાકિસ્તાન આવશે–પણ આ કડવાશની લાગણી–બધા અવિશ્વાસ, આ ડર, કયારેય જવાના નથી. દેશમાં કયારેય શાંતિ સ્થપાવાની નથી. ચાચા, હમારે ત્યાં કોઇ હિંદુ નથી કે મુસલમાન નથી–કોઇ ગરીબ નથી કે તવંગર નથી–બધા ઇન્સાન છે–ઇન્સાનીયત એ અમારો ધર્મ છે.

(સાર્જંટ આવે છે) હલ્લો ડોકટર, તમારે ત્યાં હમણાં એક રાયટ કેઇસ આવ્યો છે ને ?

ડોકટર :–ઓહ યસ, હું હમણાં જ તેને હોસ્પીટલમાં લઇ જાઉં છું.

સાર્જંટ:–તો ડોકટર, મારે દર્દીનું સ્ટેઇટમેન્ટ (નિવેદન) લેવું છે. હું તેની સાથે વાત કરી શકું છું ?

ડોકટર :–સ્યોર, સ્યોર ! પણ હું માનું છું કે દર્દીને અત્યારે તકલીફ ન આપો તો સારૂં. કારણ અત્યારે તેની સ્થિતિ ગંભીર છે. અને તેને તુરતજ હોસ્પીટલમાં ખસેડવાની જરૂર છે. ત્યાં તેનું ઓપરેશન થઇ ગયા બાદ અને તે શોકની સ્થિતિમાંથી બહાર આવી જાય પછી સ્ટેઇટમેન્ટ લો, તો વધારે સારૂં. બાકી મારી પાસેથી કાંઇ હકીકત જોઇતી હોય તો તે આપવા હું તૈયાર છું–તેમ જ છોકરાના બાપ સાથે તમે વાતચીત કરી શકો છો.

સાર્જંટ :—કયાં છે તેનો બાપ ? (અબ્દુલ્લા આગળ આવે છે.)

અબ્દુલ્લા :—સાબ !

સાર્જંટ :—યૈ કૌન હૈ તુમારા ? ઉનકા કયા નામ હૈ ?

અબ્દુલ્લા :—સા'બ, યે મેરા લડકા હૈ–ઉસકા નામ હૈ કાદીર અબ્દુલ્લા.

સાર્જંટ :—ઉંમર ?

અબ્દુલ્લા :—૨૩ વર્ષ.

સાર્જંટ :—વો કયા કામ કરતા હૈ ?

અબ્દુલ્લા:–સા'બ યે મેરે સાથ હીં કામ કરતે હૈ–હમ લોક સુથારી કામકાજ કરતેં હૈં.

સાર્જંટ:–છુરી મારા હૈ ?

અબ્દુલ્લા:–હા સા'બ, સામનેકી ગલીકે પાસ હી ફાંસીને પેટમેં ચાકુ મારા.

સાર્જંટ:–મારને વાલેકા તુમને દેખા થા ?

અબ્દુલ્લા:–નહિ સા'બ, વો તો ચાકુ મારકે એકદમ ગલીમેં ભાગ ગયા–યે નીચે ગીર ગયા–તો મૈં ઉસકી પાસ ગયા, ઔર દુસરે લોકકી મદદસે ઇધર લાયા–યહ ડોકટર સા'બને એ પાટા બાંધા ઔર ઇંજેકશન દીયા.

સાર્જંટ:–ડોકટર, તમે વુન્ડની બાબતમાં મને કાંઇ કહી શકશો ?

ડોકટર :–સ્યોર, પેટના ઉપરના ભાગમાં જમણી તરફ બે ઇંચ લાંબો–અડધો ઇંચ પહોળો ઘા છે. અને તેમાંથી આંતરડા બહાર નીકળી આવ્યા છે. પેટની અંદરની 'હેમરેજ' થયું લાગે છે. પણ મારૂં માનવું છે કે લીવરને કાંઇ ઇજા પહોંચી નથી.

સાર્જંટ :–થેંકયું, ડોકટર, હા, તમે એને કઇ હોસ્પીટલમાં લઇ જાઓ છો.

ડોકટર :–કે. ઇ. એમ. હોસ્પીટલ.

સાર્જંટ :–ઓ. કે. આવું છું. બાઇ–બાઇ !

ડોક્ટર :–ભાઈ–ભાઇ !

અબ્દુલ્લા :–યા ખુદા ! તેરે ઘરકા યે કૈસા ન્યાય હૈ ? એક મુસલમાન જો અપને બુઢે બાપ ઔર અંધી માકે લીએ રોટી કમાને જાતા હૈ, જીસને ઇન્સાનીયતકા કોઇ ગુન્હા નહી કીયા હૈ જો બીલ્કુલ બેગુન્હા હૈ, ઉસપર એક ગુંડા છુરી ચલાતા હૈ, ઔર એક ડાક્ટર, જીસને હમે કભી દેખા ભી નહિ હૈં–વો ઉસકી જાન બચાને કે લીએ અપના ખુન દેને કે લીએ તૈયાર હુઆ હૈ એક જીંદગી લેતા હૈ, દુસરા જીંદગી દેતા હૈ, યહી ઇન્સાનીયત હૈ. ખુદા ! યહી તેરા ન્યાય હૈ ! ક્રીસ મજહબમે યે લીખા હૈ કે નિર્દોષ ઔર બે ગુનાહ પર છુરી ચલાઓ. આખીર એ સબ કયું ! કયું ! ક્રીસ લીએ !

પ્રવેશ ૨ જો

સ્થળ:–ડોક્ટરનું ઘર (ડોક્ટરના પિતા છાપું વાંચતાં ખાટલા ઉપર બેઠા હોય છે).

પિતા:–ગિરીશ.....ઓ ગિરીશ.

ગિરીશ:–આવ્યો દાદાજી !

પિતા:–કેમ બેટા ! મારી ચા તૈયાર થઇ ગઇ ?

ગિરીશ:–હા ! દાદાજી હમણાં લાવું.

પિતા:–નહિ રે બેટા ! કાંઇ ઉતાવળ નથી–હાં–જરા જો તો મુકેશ શું કરે છે ?

ગિરીશ:–દાદાજી મોટાભાઇ તો દવાખાને જાય છે.

પિતા :–કેમ મેં એને ના પાડી કે આજે ન જાય, છતાંય તે જાય છે. કાલે તેના દવાખાના પાસે સખત તોફાન થયું હતું અને ગોળીબાર પણ થયો હતો. કોઇનું કહ્યું માનતોજ નથી. પણ આજે તો તેને નથી જ જવાનું. (અંદરથી ડોક્ટર આવે છે)

ડોક્ટર :–પિતાજી આજે તો મારે જવું જ પડશે–હમણાં જ મેં દવાખાને ફોન કર્યો હતો. અને મી. પરેરાએ કહ્યું કે દર્દીઓ એક કલાકથી મારી રાહ જોઇને બેસી રહ્યા છે. અને અત્યારે ત્યાં કાંઇ તોફાન નથી.

પિતા :–ત્યારે શું તોફાન કરનારા તને કહીને તોફાન કરશે ? અત્યારે કંઇ ન હોય પણ કઇ ઘડીએ તોફાન થશે તે શું કહેવાય ? કાલે કેટલું બધું તોફાન હતું ? છાપામાં પણ આવ્યું છે. નહિ આજે નથી જવું.

ડોક્ટર :–પણ પિતાજી આપણું દવાખાનું તો હિન્દુ લત્તામાં છે–ત્યાં આપણને શું બીક છે ? એમ કોણ મારી નાખે છે ?

પિતા :–પણ એક દિવસ દવાખાનું બંધ રાખીશ તો કાંઇ બગડી જવાનું છે ? જોતો નથી આ અઠવાડીઆ પહેલાં પોલીસે કરેલા ગોળીબારથી ઘરમાં બેઠેલા બે માણસો મરી ગયા તે અને કાલબાદેવી ઉપર પેલા બે મુસલમાનોએ ગોળીબાર કર્યો તેથી કેટલા નિર્દોષ માણસો મરી ગયા. અરે પેલી નિશાળે જતી બીચારી બાર વર્ષની છોકરી ત્યાંને ત્યાં જ મરી ગઇ. અને પેલો ટોપીવાળો તેના દુકાનમાં જ મરી ગયો તે–એક છાતીમાં ચાર ગોળી વાગી હતી.

ડોક્ટર :—એવો બધો વિચાર કરીએ તો પછી ધંધો છોડીને ઘરમાં જ બેસી રહેવું પડે અને જો મરવાના જ હશું તો તો ઘરમાં પણ મરી જઇશું–જેમ તમે કહ્યું કે બે માણસો ઘરમાં જ મરી ગયા.

પિતા :–જો ! મારે દલીલ કરવી નથી. હાઇકોર્ટમાં દલીલો કરીને મારૂં મગજ કંટાળી જાય છે. મારે તો તને એટલું જ કહેવાનું રહે છે કે તું આજનો દિવસ ન જાય તો સારૂં, આજે મારૂં મન ના પાડે છે.

ડોક્ટર :–પિતાજી, આજે તો મારે ખાસ જવું જોઇએ. તેફાન વધુ હોવાથી આજે તો મારી સેવાની વધુ જરૂર પડશે. જો કાલે હું ન હોત તો પેલો બિચારો મુસલમાન છોકરો જરૂર મરી ગયો હોત. એનો બુઢ્ઢો બાપ કેટલું રડતો હતો ? તમે જો એ જોયું હોત તો આજે મને ન રોકત. મારે મારી ફરજ ન ચુકવી જોઇએ, તમે મને જવા દો.

પિતા :–ફરજ, ફરજ, ફરજ, કોના પ્રત્યેની ફરજ ? શું અમારા પ્રત્યે તારી કાંઇ ફરજ નથી. જેણે તને પાળીપોષીને મોટો કર્યો એ બાપ પ્રત્યે તારૂં કાંઇ જ ઋણ નથી ?

ડોક્ટર :–છે, જરૂર છે. એ ફરજ હું કોઇ દિવસ ચુક્યો નથી. પણ પિતાજી ! હું ડોક્ટર છું. ડોક્ટરની જીંદગી ઉપર કોઇ વ્યક્તિનો વ્યક્તિગત હક્ક ન હોઇ શકે. તેના ઉપર તો સારાય સમાજનો હક્ક છે. ડોક્ટરનો પોતાનો પણ તેના ઉપર હક્ક નથી. તેણે તો એ જીવનને માનવસેવા અર્થે અર્પી દીધું છે.

પિતા :–એ મારે તારી ફીલસુફી નથી સાંભળવી હું પણ ફીલસુફી ભણ્યો છું. હંમેશા બધે ફીલોસોફી ચાલતી નથી. વ્યહવારિક દૃષ્ટિએ જરા વિચાર કરવો જોઇએ. ન કરે નારાયણ અને તને કાંઇ થયું તો આ બુઢાપામાં અમારૂં જીવન ધૂળધાણી.....

ડોક્ટર :—એવી અમંગળ શંકાઓ શા માટે કરો છો ? પિતાજી–મને કાંઇ જ થવાનું નથી. મે કોઇનું કશું જ બગાડયું નથી–સેંકડોના જાન બચાવ્યા પછી મને મારવાનું શું પ્રયોજન ?

પિતા :—તો શું મારનાર તને પૂછવા રોકાવાનો છે ? અને જે ધાયલો તારી પાસે આવે છે–તેમાં કેટલા ગુનેહગાર છે ? તું કોણ છે, શું ધંધો કરે છે ને કેટલાના જાન બચાવ્યા છે–તે શું પૂછવા રોકાવાના છે ?

બધા જ નિર્દોષ માણસોના ખૂન રેડાય છે. પોલીસનાં ગોળીબારમાંય પણ ગુંડાઓ તો છટકી જાય છે–અને નિર્દોષ જ સપડાય છે. નહિ–આજ તો તું જવાનું રહેવા દે–અમારે ખાતર નહિ તો તારી પત્ની અને બાળકોની ખાતર તું રહેવા દે, અમારો નહિતો તારી પત્નીના સૌભાગ્યનો તો વિચાર કર.

ડોક્ટર:–પિતાજી, તમારૂં વાત્સલ્યથી ભરેલું હૃદય તમારા પુત્રનો જ વિચાર કરી શકશે, તમને આજે તમારી પુત્રવધૂને છોડી જે નિર્દોષ અબળાઓ જેમને તેમના પતિ સીવાય આ દુનિયામાં કોઇ જ નથી, પતિ જતાં, કયાં રહેવું, શું ખાવું એનું પણ ઠેકાણું નથી; એની સ્ત્રીઓના સૌભાગ્યની કેમ ચિન્તા થતી નથી ? તમને એ ખ્યાલ કેમ નથી આવતો કે જો હું આજે નહિ જાઉં તો મારી સેવાના અભાવે કંઇક નારીઓનાં સૌભાગ્ય ખંડિત થઇ જશે, કંઇકના લાડકવાયા ચાલ્યા જશે, કેટલાયની જીવન આશા તુટી પડશે. પિતાજી, તમે મને ન રોકો–મને જવા દો–મારો ધર્મ મને પુકારી રહ્યો છે.

પિતા :–ધર્મ, ધર્મ, ધર્મ તને બહારજ દેખાય છે. બેટા ! તારે જવું હોય તો તું જઇ શકે છે–પણ હું તને એટલું જ કહેવા માંગું છું કે અમારા પ્રત્યે પણ તારો કાંઇક ધર્મ છે.

(અંદરથી ગીરીશ આવે છે.)

ગીરીશ :– દાદાજી, પરેરાનો દવાખાનેથી ફોન છે કે ત્યાં તોફાન થયું છે–અને પિતાજી દવાખાને જાય નહિ.

પિતા :–જો સાંભળ, તું કહેતો હતો કે તોફાન નથી. આ તોફાન થયું. હવે જા, અંદર જઇને કપડાં કાઢી નાંખ–પછી તારે તારા ધર્મની ફીલસુફી સમજાવવી હોય તો હું પણ દલીલો કરવા તૈયાર છું. વકીલાતમાં વીશ વર્ષ અમસ્તા નથી કાઢયાં.

ડોક્ટર :–પિતાજી, તમો વકીલ છો હું ડાક્ટર છું. તમે મને નહિ સમજી શકો. ચર્ચા તમારો વિષય છે. મારો વિષય છે કર્તવ્ય. તમારો અને મારો ધર્મ જુદો છે. મારો ધર્મ છે માનવસેવા તમારા ધર્મમાં સંકુચિતતા છે, સ્વાર્થવૃત્તિ છે, કારણ એ ધર્મ વ્યકિતના ઉધ્ધાર માટે છે. પણ મારો ધર્મ તમારા વ્યકિત ધર્મ કરતાં વિશાળ છે. મેં એને કાજે મારૂં જીવન અર્પી દીધું છે. એના ઉપર કોઇનો હક્ક નથી. પૃથ્વીની કોઇ સત્તા મને નહિ રોકી શકે.

પિતા :–બેટા ! આમાં સત્તા, હક્ક કે અધિકારનો પ્રશ્ન જ નથી. પ્રશ્ન છે ફકત લાગણીનો, દુનિયામાં લાગણી જેવી પણ કોઇ વસ્તુ છે.

ડોક્ટર:–લાગણી અને કર્તવ્ય એક ત્રાજવે તોળી શકાય નહિ. બન્ને અલગ વસ્તુ છે. લાગણી કરતાં કર્તવ્ય મહાન છે. પિતાજી, મને માફ કરો. મને જવાદો.

પિતા:–મુકેશ! જીન્દગીમાં મેં તને કોઇ દિવસ કોઇ કામ કરવાની ના પાડી નથી, નથી તને કયારેય બે શબ્દો કહ્યા. આજે તને મારે ન છૂટકે આટલું કહેવું પડે છે. એક પિતાનું હૃદય તું નહિ સમજી શકે? તારા ઉપર મેં કંઇ મીનારા ચણ્યા છે. મારી સઘળી આશાઓ આજે તૂટી પડવાની તૈયારીમાં છે. અમંગળને હું મારી આંખો સમક્ષ જોઇ શકું છું. બેટા! આજે તારી પાસે ભીખ માગું છું કે તું જવનું માંડીવાળ–મારો અંતરઆત્મા કયારેય જુઠ્ઠો પડયો નથી.

ડોકટર:–પિતાજી, તમારું વચન મેં કદાપિ ઉથાપ્યું નથી. તમારી લાગણી મેં કદી...કદ.પિ...દુભાવી નથી. તમારો પ્રેમ હું સમજી શકું છું તમારી સલાહની હું અવગણના કરતો નથી. પણ તમે જ મને શીખવ્યું હતું કે 'આ દેહ ક્ષણભંગુર છે. એનો શો ભરોસો'–મુંબઇમાં રોજ કેટલાય માણસો અકસ્માતથી મરે છે–જો મરવાનું જ છે–તો કર્તવ્ય બજાવતાં મરી જવાય તો જીવન પણ ધન્ય થઇ જશે.

જીવનમાં આકરા ઝંઝાવાતો સામે પ્રતિકાર કરવાનું તમે મને નથી શિખવ્યું? મૃત્યુની સામે નિડરતા કેળવવાનું તમે મને નથી શિખવ્યું?–તો પછી આ ઉકળાટ, આ અજંપો શા માટે? શા માટે નિર્દોષોના લોહી રેડાઇ રહ્યા હોય, સારવારનાં અભાવે? માણસો જ્યારે મરી રહ્યા હોય ત્યારે શું હું બીકણ બાયલાની જેમ ઘરમાં બેસી રહું? બોલો...બોલો...જવાબ દો...કોઇ વિધવાનો એકનો એક વ્હાલસોયો દીકરો...કોઇ સંયુકત કુટુંબનો આશા દીપક એકનો એક રળનાર–ગુંડાની છરીનો ભોગ બન્યો હોય...એ બધા મરી રહ્યા હોય...સારવારના અભાવે ત્યારે શું હું ઘરમાં બેસી રહું...બોલો...જવાબ દો...ઓ...ઓ...મારો ધર્મ મને પુકારી રહ્યો છે–માનવતા મને સાદ દઇ રહી છે. કર્તવ્ય મને સેવામાં લેવા હાથ પ્રસારી રહ્યું છે–પિતાજી! મને માફ કરો... મને જવા દો...મારો ધર્મ મને બજાવવા દો! (જાય છે)

પ્રવેશ ત્રીજો

સ્થળ:–હોટલ.

સુલતાન: (ગાતો ગાતો આવે છે. બેચાર જણા બેઠા છે.)

જબ તુમહી ચલે પરદેશ, લગાકર ઠેસ,
હો પ્રીતમ પ્યારા.....

(બધા હસવા માંડે છે)

મહમદ:–અસ યાર, એક ચા પીલાદે.

રહીમ:–હાં. હાં, મહમદ તું ચા પીલા ઔર સુલતાન સમોસા ખીલાયેગા. યે છોકરા! ચાર ચા ઔર ચાર સમોસા લા.

સુલતાન:–અરે, યાર દો મંગાઓ દો, દો મેંસે ચાર બના લેંગે. પૈસે કહાંસે દેંગે?

રહીમ:–કયા યાર તુમ ભી કંજુસી કરતા હૈ પૈસા પૈસા કયા કરતા હૈ? એક દીન વો બનીયેકી દુકાન તોડી તો ફીર પૈસે હી પૈસા.

(છોકરો ચા લઇને આવે છે.)

સુલતાન:–અબે, દો ઔર રકાબી કયું નહિ લાયા. દેખતે નહિ યાર આદમી હૈં.

રહીમ:–મહમદ, કલ તો તુમને કમાલ કર દીયા.

મહમદ:–કમાલ કયા યાર, બારા કાટ ડાલા, કલ તો હમારા હીરસા સબસે જાસ્તી થા.

સુલતાન:–ઐસા તો મેંને ભી સાત કાટા. લેકીન મીલા કુછ નહિ. વો બનીયાકી જેબમેંસે પૈસા નિકાલતા થા ઔર સાજંટ આ ગયા, પૈસા ભી ગયા ઔર બકરા ભી છટક ગયા (ગાડીવાળો સતાર આવે છે.)

રહીમ:–આઇએ મીયાં, કયા કામ ખતમ કરકે આયા ને?

સતાર:–અરે, મત પૂછીઓ, આજ તો પકડા ગયા થા. માંડ જાન બચાકે આયા હું.

મહમદ:–કયું કયા હુઆ!

સતાર:–કયા હુઆ કયા. ગુલાલવાડીસે એક બકરા પકડા. ઉસકે સાથ ઉસકી ઔરત ભી થી. બોલા, ચલો ચોપાટી બરસાત આતા થા. ઇસલીએ મૈંને ભી ઉપર કપડાં ડાલ દીઆ. સમજા કે અબ બકરા પુરેપુરા પીંજરે મેં આ ગયા. લેકીન જબ નળબજારસે અપને મહોલ્લેકી તરફ લીયા તો ઉસકી ઔરતકો શક હુઆ–તો પૂછા "અય! ગાડીવાળા કહાં લેતા હૈ', તો મૈંને કહા ચૌપાટી હી લેતા હું. લેકીન ઉસકા મર્દ સમઝ ગયા ઔર ફીર...

મહમદ:–ફીર!

સુલતાન:–ફીર!

સતાર:–ફીર કયા ગાડીમેં દોનો ખડે હોકે લગે ચીલ્લાને 'પોલીસ, પોલીસ, બચાઓ, બચાઓ.'

મહમદ:–ફીર કયા હુઆ,

સતાર:–હુઆ કયા? એક સાર્જંટ દોડ કે ગાડીમેં ચડ ગયા ઔર બોલા ગોલી માર દુંગા. ગાડી ખડી કર.

સુલતાન:—તો ફીર તુંને ગાડી ખડી કર દી?

સતાર:—તો કયા નહિ!...અરે! ગોલી માર દેતા તો મૈં બૂદ્ હી બકરા બન જાતાં.

રહીમ:—દેખો, દેખો, વો કોઇ પટલુનવાલા, ઇસ તરફ હી આતા હૈ.

મહમદ:—લગતા હૈ કોઇ હિંદુ જૈસા.

સુલતાન:—માલુમ તો ઐસા હી હોતા હૈ. કોઇ કોંગ્રેસવાલા હૈ. અબે એય, દેખ–શિકાર છટકને ન પાય.

ગુલામ:—અરે યાર, વો તો અપને ડોકટર સાબ હૈ.

મહમદ:—કૌન ડોકટર?

ગુલામ:–કયા તુમ નહિ પહેચાનતે હો. વો તો બહોત દફે ઇધર આતા હૈ. કૈસા ભી તુફાન હો લેકીન વો તો બીના ગભરાયે આતા હૈ. અપને મહોલ્લેકા બહોત આદમી ઉસકે પાસ જાતા હૈ. મેરી મા જબ બહોત બીમાર હો ગઇ થી તો ઉસીને હી ઉસકી જાન બચાઇથી. વો કહેતે થે ઉસકો કોલેરા હો ગયા થા.

મહમદ:–લેકીન હૈ તો હિંદુને!

ગુલામ:–હોં.....લેકીન બહોત અચ્છે આદમી હૈ. હમ લોગ ઉસે નહિં મારેંગે.

સુલતાન:–અબે ચલ ચલ, આઇ દયા કરનેવાલી, કુછ ભી હો ઔર કૈસાભી હો લેકીન હૈ તો હિંદુ ને! ઐસી ઔરત જૈસી બાત કરનેવાલાકા હમારે સાથ કામ નહિં. તુમ કયા પાકિસ્તાન લેગા! મહમદ, એ બકરા મેરા હૈં.

મહમદ:–તેરા કૈસા? પહેલે તો રહીમને દેખા થા, અચ્છા, કોઇ ભી મારો, અપનેમેં ઝઘડા નહિં હોના ચાહીએ.

ગુલામ:–નહિં, હમ લોગ ડાકટર સાબકો નહિં મારેંગે, ઉસને હમારા કુછભી નહિં બીગાડા હૈં. મેરી મા જબ અચ્છી હુઇ તો મૈં ઉસકો પૈસા દેને કે લીએ ગયા ઔર પુછા...સાબ, કિતને રૂપયે–તો ઉસને કહાં "બારા". લેકીન મેરી પાસ તો સિર્ફ સાત રૂપીઆ થા. ઔર વો ભી બાજુવાલેકી પાસસે ઉછીને લીયે થેં. લેકીન ઉનકો જબ યે માલુમ હુઆ તો એક કોડી ભી મેરે પાસસે નહિં લીયા.

રહીમ:–અરે! ઓ તો એકદમ નજદીક આ ગયા.

સુલતાન:–અબે દેખ ગુલામ, તેરી બાત સુનનેકા બખત નહિ હૈં મહમદ, સબ અંદર ચલે જાવ.

(ડોકટર આવે છે. પાછળથી હુમલો થાય છે).

(અંદરથી કાદીર દોડતો આવે છે.)

કાદિર:–સબૂર, સબૂર, ઠેરો–તુમ લોગને યે કયા કિયા. કિસીકો મારતે હૈં. વો તો હમારે ડાકટ રસાબ હૈ.

મહમદ:–ડાકટર, હુઆ તો કયા હુઆ, લેકીન હૈ તો હિંદુને?

કાદિર:–લેકીન, વો હિંદુને કિતને મુસલમાનોકી જાન બચાઇ હૈ વો તુમ્હે માલુમ હૈ?

સુલતાન :–અબે યે, તુમ બીચમેં ગડબડ મત કરો. ચલો અપના રસ્તા લો.

ગુલામ :–સુલતાન, વો ઠીક કહેતા હૈં. આખિર હમ લોક ભી ઇન્સાન હૈ. યે ડોકટરને હમારા કયા બીગાડા હૈ. ઉન્કો છોડ દેના અચ્છા હૈ.

મહમદ :–ડોકટર હો યા ડોકટરકા બાપ હો–લેકીન પાકીસ્તાન લેના હૈ તો કિસી ભી હિંદુ કો મારના પડેગા. યે રહમ કરનેકા બખત નહિ હૈં.

કાદિર : બે ગુન્હાકો મારને સે પાકીસ્તાન નહિં મિલેંગા ઔર ઐસા પાકીસ્તાન હમે ચાહિએ ભી નહિ. યે વો ડોકટર હૈ જીસને જબ એક હિંદુને મેરા પર હમલા કીઆ થા તબી ઉસને મેરી જાન બચાયી થી. મેરી જાન બચાને કે લિયે ઉસને અપના ખુન દિયા થા. આજ ઉસકી જાન બચાને કે લીયે મંય અપના ખુન બહાઉંગા. ચાહે ઉસકો છોડદો અગર મુઝે માર ડાલો લેકિન જબ તક મંય જીંદા હું તબ તક તુમ ઉસકો કુછ નહિં કર શકતે. તુમકો ખુન હી મંગતા હૈ તો લેલો...લેલો યે મેરા ખૂન.

મહમદ :–હમે તુમ્હારા ખુન નહિં ચાહિએ. તુમ હમારી કોમવાલા હૈં હમ તુમ્હે મારના નહિં ચાહતે–બીચમેંસે હટ જાવ.

કાદિર:–વો કભી નહિં હો શકતા. ઉસને ઇસ મહોલ્લે કે કિતને નવજવાન, કિતને બાળબચ્ચોંકી જાન બચાયી હય. આજ ભી વો હમારે એક બીમાર ભાઇ કે લીયે જાતા હૈં. અગર વો ન જા સકેગા તો તુમ્હારા હી એક ભાઇ મર જાયેંગા. જીસને ઇતના ઉપકાર કીયા હય ઉસકા બદલા કયા યે દેના ચાહતે હય? મંય ભી એક પાક મુસલમાન હું, મય ભી રોજ નમાઝ પઢતા હું, મય ભી મસ્જીદમેં જાતા હું, મૈને ભી કુરાન પઢા હૈ, લેકીન કીસી મજહબમેં યે નહિ લીખા હૈં કે બેગુનાહ પર છુરી ચલાવ.

મહમદ :—સુલતાન, શૈયતા કયા હૈ. જલ્દી કર. ઉસકો પહેલે ખતમ કર દે. અગર વો જીંદા ગયા તો હમ સબ જેલકી હવા ખાયેંગે–મારો, મારો, અલ્લાહ હો અકબર.

કાદિર :—નહિં...કભી નહિં–ઓહ ! અબ્બા ! પોલીસ !

(બંને જણા પડે છે. અબ્દુલ્લા આવે છે.)

અબ્દુલ્લા :—બેટા, કાદિર યે કયા કિયા, ઓહ ખુદા !

કાદિર :—અબ્બા ! મુસલમાનો કી ઇજ્જત રખી હૈં.

અબ્દુલ્લા:–ખુદા ! યે તુને કયા કીઆ. બોલ, જવાબ દે....જવાબ દે. કયું નહિ જવાબ દેતા. તું તો ગુનેહગાર કો સજા દેતા હૈં ના. તો ફીર આજ ઐ નિર્દોષ કા ખુન કયું બહાયા. ઉસ લોગને તેરા કયા બીગાડા થા. બોલ જવાબદે....કૈસે બોલેગા. યે ખૂન તો તેરે નાખ પર હુઆ હૈ ના. કયા તેરે મઝહબમે ઐ લીખા હૈં કે બેગુનાહ પર છૂરી ચલાઓ? તેરા કયા એ ફરમાન હૈ કે દુસરે મઝહબવાલોંસે ઝઘડા કરો. ઉસકા ઘર જલાઓ, ઉન્કી ઔરતકા અપમાન કરો.

હમ તો કંઇ બરસોસે યે દેશમેં રહેતે હૈં હમને કભી એ નહિ શોચા થા કે યે હિંદુ હૈં ઔર યે મુસલમાન હૈ–હમ સીર્ફ ઇતના જાનતે થે કે હમ તો હિન્દી હૈં, એક દુસરે કો ભાઇ–ભાઇ હિ સમઝતે થે દુસરે મઝહબવાલોંકી ઔરતો કો હમ અપની હી મા બેટીયાં સમજતે થે.

લેકીન તુને આજ યે આગ કયું જલાઇ? બોલ જવાબ દે... કયા તુઝે શર્મ આતી હૈ? તેરે બચ્ચાઓંકા યે કામ દેખકર આજ જરૂર તુઝે શર્મ આના ચાહિએ તેરે બચ્ચે આજ અંધે હો ગયે હૈં મેને તેરા કયા બીગાડા થા? ઉસકી આંખી માને કોનસા ઐસા પાપ કીયા થા, ઉસકી બેગુનાહ ઔરતને કોનસી ઐસી કસુર કીથી જો તું હમ સબકો ઓજ એ સજા દે રહાં હૈં. લેકીન ખુદા હમ સબ તેરે હી બચ્ચે હૈં. તેરે સીવા હમ દુસરે કીસીકે પાસ જાયેંગે. તું હમારી મદદ કર...મદદ કર. આજ તેરી યે ધરતી પર એક નિર્દોષ હિંદુ ઔર એક નિર્દોષ મુસલમાનકા ખૂન ગીરા હૈં. લેકીન ઉસમેંસે તું ઐસા શબ્દ બના કે હમ સબ ભૂલ જાયેં કે હમ હિંદુ હૈ યા મુસલમાન હૈ. સિર્ફ હમે ઇતનાહી માલુમ રહે કે હમ સબ હિંદી હૈ, ઔરે હિંદ હમારા દેશ હૈ.

[સમાપ્ત] : શાન્તિલાલ રાયચંદ શાહ.

(પૃષ્ટ ૧૭૮ થી ચાલુ)

રહે; આ પરમ સેવાનું તત્વ, હે રામ, મને સમજાવ. તારી પાસે દાદુ સેવાનું આ રહસ્ય જાણવા માગે છે.)

મારામાં જ તેમનો (રામનો) આનંદ છે. તેથી જ તેઓ સેવક થયા છે. અખંડિત સેવા તે જ એક રસનો પ્રકાશ છે. તેટલા માટે જ તો તેઓ સેવક થયા છે.

दादु जब लग राम है तब लग सेवक होई।
अखंडित सेवा एक रस दादु सेवक सोई॥

આ સેવામાં, આ પ્રેમમાં જે તું ભળી શકે તો તેમનું સાહચર્ય પામશે, અદ્વૈત યોગ સાધ્યો થશે અને સૃષ્ટિના કામમાં તેમની પાસે પાસે તારી સૃષ્ટિ પણ ચાલશે. જ્યારે તું તારી સાધનામાં સકલ પરિવાર સોંપી દઇ સેવક થશે ત્યારે તે મહાસેવક પોતે જ તને વશ થઇને તારા 'દરબાર'માં આવી તારી સામે હાજર રહેશે. તે રસના ક્ષેત્રમાં, સૃષ્ટિના ક્ષેત્રમાં તું કાંઇ દીન નથી. તું ત્યાં કશું જ માગતો નથી એટલે જ તારૂં ઐશ્વર્ય રાજાની સમાન અને તારૂં સેવાનું ક્ષેત્ર રાજદરબાર જેવું ઐશ્વર્યશાળી થશે.

"सेवक साहूं बस किया सउपा सब परिवार।
तब साहिब सेवा करई सेवकके दरबार॥

આટલી મોટી વાતની કલ્પના કરતાં પણ તને ભય લાગે છે? ભય પામીશ નહીં. તારૂં જે હોય તેના વડે જ તું સેવા કર. તારૂં જે કાંઇ છે તેમાં જ તારૂં રાજ–ઐશ્વર્ય છે. લક્ષ્યને નાનું કરતો નહીં, પ્રેમને મહાન રાખજે. પોતાનું સર્વસ્વ સમર્પણ કર, તો જ તું તેમનો સમાનધર્મા થશે. તેમના 'સરીખો' (સદૃશ) થશે. તું બૃહદ્ થઇને તેમના જેવો નહીં થાય, તેમનો સમાનધર્મા થઇને તેમના જેવો થશે.

सेवक सेवा करि डरइ हमते कछु न होई:
तू है तैसी बंदगी करि और न जानई कोई॥

(હે સેવક, ભય લાગે છે? તારાથી કશું જ ન થાય એમ માને છે? તું જેટલો અમર્યો છે તેટલી જ તારી પ્રભુતિ હો, તારી સત્તાની સરખી જ તારી પ્રભુતિ પણ હો. બીજું કશું જ જોવાની જરૂર નથી.)

તું જ તેમની સમાન થશે. તેમના સમાન થઇને સેવા ન કરે તો સુખ નથી. તેમના સાથી થઇને સેવા કરવી એ જ એક પરિપૂર્ણ સંગીત, તેમનાં સંગી થઇને સેવા કરવી એ જ પરમ આનંદ છે.

साईं सरीखा सुमिरन कीजई, साईं सरीखा गावई।
साईं सरीखा सेवा कीजई, तब सेवक सुख पावई॥

(સ્વામીની સાથે સાથે તેમની સમાન થઇ સાધના કર, તો જ તેમનાં ગાન સાથે તારૂં ગાન ભળશે; તેમની સાથે સાથે તેમની સમાન થઇ સેવા કર, તો જ આનંદ મળશે.)

કારણ કે તેમના સૂર સાથે સૂર મિલાવવો એ જ સાધકનું અંતિમ લક્ષ્ય, અંતિમ સાધના હોય છે. તે પરમાનંદમાં તમારો આનંદ ત્યારે જ એકરસ થશે કે જ્યારે તું સેવામાં, સૃષ્ટિમાં, પ્રેમમાં, રસમાં અસીમ થઇને તેમની સાથે એક થઈ શકશે, ત્યારે તું પોતાને પ્રગટ કરવા ઇચ્છશે નહીં, પોતાને તેમની માફક સેવામાં અને પ્રેમમાં ઓગાળી દેશે. ત્યારે જ સેવામાં, કર્મમાં નિત્ય નૂતન સૃષ્ટિમાં નિત્ય નિરંતર તારા સ્વામીની સાથ પામશે. અહીં જ તારૂં પત્નીત્વ સહધર્મિણીત્વ છે. નહીં તો દાસી થઇને જરા જરા ટુકડો ટુકડો કામ કરવાથી જરાતરા લાભ થાય ખરો, પરંતુ માનવજન્મનું એવું મોટું અપમાન બીજું એકે નથી.

સંશોધનની દૃષ્ટિ

એક ભક્તકવિ પોતાના પરમ શ્રદ્ધાભાજન પુરૂષની પરમ શાંતિમય આકૃતિનું વર્ણન કરતાં કહે છે કે:—

"यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं
निर्मापितस्त्रिभुवनैकललामभूत ।
तावन्त एव खलु तेऽप्यणवः पृथ्वीव्यां
यत् ते समानमपरं न हि रूपमस्ति ॥ १२

(भक्तामरस्तोत्र)

ભાવાર્થ: હે નાથ! તારૂં રૂપ પરમશાંતિમય છે, કરૂણારસથી તરબોળ છે અને તારા જેવી પરમસૌમ્ય અને કરૂણામય આકૃતિ બીજે કયાંય જોવા મળતી નથી. કારણ કે જગતમાં જેટલાં જેટલાં પરમશાંતિમય પરમાણુઓ હતાં તે બધાં જ તારી આકૃતિના નિર્માણમાં જ ખર્ચાઈ ગયાં છે. હવે એવો પરમશાંતિમય એક પણ પરમાણુ બચેલ નથી કે જેનાથી તારા જેવી બીજી પરમશાંતિમય આકૃતિનું નિર્માણ થઇ શકે માટે જ આ આખા જગતમાં તારા જેવું પરમશાંતિમય રૂપ અને પરમસૌમ્ય આકૃતિ દીઠામાં આવતી નથી.

ઉકત સ્તુતિવાકયને વાંચી વા સાંભળી કોઇ ખરેખર જ એમ કહેવા તૈયાર થાય કે 'હવે જગતમાં એક પણ અણુ પરમશાંતિમય-રૂપના નિર્માણ માટે બચેલ નથી અને એવાં જેટલાં જેટલાં અણુઓ હતાં તે બધાં જ ભગવાનના પરમસૌમ્યરૂપના નિર્માણમાં જ ખપી ગયાં છે અને એમ છે માટે જ ભગવાનની બરાબર સરખી પરમશાંતિમય બીજી આકૃતિનું નિર્માણ કેમ થઇ શકે? ન થઇ શકે તો એવી કોઇ બીજી આકૃતિ ન દેખાય એ તદ્દન સ્વાભાવિક છે'—આ રીતે સ્તુતિવાકયના શબ્દમાંથી નીકળતા કેવળ વાચ્ય અર્થને જ જે પ્રધાન સમજે અને તે જ પ્રમાણે પ્રતિપાદન પણ કરે તે મનુષ્ય, સાહિત્યની ભાષાને સમજતો જ નથી અથવા તેનામાં વસ્તુના સ્વરૂપને પૃથક્કરણ સાથે સમજવા જેટલી સંશોધન-દૃષ્ટિ નથી અને એમ છે તેથી જ તે, ભગવાનના સ્થૂલરૂપમાં જ પોતાની દૃષ્ટિને અટકાવી ભગવાનને લગતો ખરો પરમાર્થ સમજવા તૈયાર થઇ શકતો નથી અને તેમ કરતો તે, સત્યને બદલે અર્ધ સત્યને પૂજવા તૈયાર થયેલ છે જેથી ઘણીવાર જીવનવિકાસને બદલે જીવનનો હ્રાસ જ થયા કરે છે. એક અનુભવી પુરૂષે ગાયું છે કે—

"જે જિનદેહપ્રમાણને સમવસરણાદિ સિદ્ધિ
વર્ણન સમજે જિનનું રોકી રહે નિજ બુદ્ધિ "॥

અસ્તુ.

હવે આપણે અહીં એ વિચાર પ્રસ્તુત છે કે ઉકત સ્તુતિવાકયનો કેવળ વાચ્યાર્થ કેમ ન ઘટે? એને સાહિત્યની ભાષામાં આલંકારિક અર્થ શા માટે માનવો?

ઉપરનું સ્તુતિવાકય આદિનાથ ભગવાનની સ્તુતિરૂપ છે. કેવળ અહીં તેનો વાચ્યાર્થ જ લેવામાં આવે તો બીજા ત્રેવીશ તીર્થંકરોનાં પણ પરમશાંતિમયરૂપ છે તેમનું નિર્માણ શી રીતે થશે? અથવા જેટલા જેટલા વીતરાગપુરૂષો જગતમાં થઇ ગયા છે, થાય છે—વિદ્યમાન છે, અને થનારા છે તે તમામની આકૃતિ પરમશાંતિ-મયી જ હોય છે એટલે તેમની એ આકૃતિનું પણ નિર્માણ શી રીતે થશે? અહીં વાચ્યાર્થને જ લેતાં આ રીતે મોટો વિરોધ ઉભો થાય છે. માટેજ અહીં તેના વાચ્યાર્થને ન લેતાં સાહિત્યની ભાષામાં તેને અલંકાર અર્થ માનીને જ ચાલવું જોઇએ અને કાવ્યનો અર્થ એટલો જ સમજવો જોઇએ કે આદિનાથ ભગવાનનું રૂપ પરમ-શાંતિમયી મુદ્રાવાળું હતું. આ સિવાય એ સ્તુતિવાકયનો બીજો કોઇ અર્થ ન જ સંભવી શકે. વસ્તુસ્થિતિ આવી જ છે છતાં જે પેલી પરમાણુવાળી હકીકતને જ પકડી રાખે અને શબ્દશઃ ખરેખરી જ સમજે તો તે માટે એમ કહેવું જરૂરી છે કે એવી ખોટી પકડ રાખનારમાં સત્ય પારખવા જેટલી સંશોધનદૃષ્ટિ જ નથી.

શાસ્ત્રમાં કે સૂત્રમાં આવી કાંઇ એક જ હકીકત નથી આવતી, આવી આવી અલંકારમયી ભાષામાં લખાયેલી સેંકડો હકીકતો નોંધાયેલી છે, જેમાંની કેટલીક તો એવી અદ્‌ભુત રસમય છે કે બીજો અજૈન વાંચનાર તો તેવી હકીકતને પુરાણોની હકી-કતોની હરોળમાં મૂકી કેવળ ગાંડપણભરેલી કહે તો નવાઈ ન કહેવાય. એવી સર્વ હકીકતો અહીં કહેવા ન બેસાય; પરંતુ તેમાંની એકાદ બે ને વાનકીરૂપે અહીં રજુ કરવી જરૂરી છે.

કલ્પસૂત્ર સાંભળતાં તેની ટીકામાં જ નોંધાયલી આવી અનેક હકીકતો આપણા સાંભળ્યામાં વારંવાર આવ્યા કરે છે. મેરૂકંપ, ગર્ભાપહાર, વારેવારે ઇંદ્રનું આગમન, રાત્રીએ દેવકૃત જન્માભિષેક, કળશોના માપનું વર્ણન અને ચૌદપૂર્વોને લખવા માટે શાહીના પરિમાણનું વર્ણન વગેરે. આમાંની અહીં છેલ્લી જ બે હકીકતો વિષે લખવા ધારેલ છે, બીજી હકીકતો વિષે વળી અવસરે જરૂર લખાશે.

ભગવાનના જન્માભિષેક પ્રસંગે વપરાયેલા કળશોનું પરિમાણ અને સંખ્યા વિશે ખુલાસો કરતાં ટીકાકાર એક ગાથા આ પ્રમાણે ટાંકે છે.

"पगवी सजोइणुतुंगो बारस जोअणाइं विच्थारो ।
जोअणमेगं नालुअ इगकोडी सट्ठिलक्खाइं ॥"

(કલ્પસૂત્ર—ભગવાનનો જન્માભિષેક)

ભાવાર્થ:—અભિષેક વખતે દેવોએ વાપરેલો એક એક કળશ પચ્ચીશ યોજન એટલે સો ગાઉ ઊંચો, બાર યોજન એટલે અડતાળીશ ગાઉ પહોળો અને તે દરેક કળશનું નાળચું એક યોજનનું એટલે ચાર ગાઉનું. (આ નાળચું ચાર ગાઉનું પહોળું કે લાંબું તેનો ખુલાસો મળ્યો નથી.) આવા આવા એક બે કળશ નહીં પણ એક કોડ અડસઠ લાખ કળશ સમજવાના છે.

જૈનશાસ્ત્રમાં અને બીજા શાસ્ત્રોમાં પણ પંડિત માટે બુધ શબ્દ વપરાયેલો છે અને દેવો માટે વિબુધ શબ્દ વપરાયેલ છે. બુધ કરતાં જેનામાં વિશેષ વિવેક હોય તેને વિબુધ કહેવાય એ વાત સુવિદિત છે. ભગવાનનો જન્મ થતાં પ્રથમ દેવો તેમનો જન્માભિષેક રાત્રે જ કરે છે. તાજું જન્મેલું માનવી બાળક પ્રથમ દિવસે એક વાસાનું કહેવાય છે એ રીતે વાસાના બાળકરૂપ મહા-વીરનો અભિષેક કરવા સારૂ કેટલું પાણી અપેક્ષિત હોય એ વિબુધો, બુધો કરતાં વધારે વિચારી શકે છે. વળી, એક વાસનું બાળક કેટલા પાણીનો પ્રવાહ સહી શકે એ પણ હકીકત તેમના ધ્યાન બહાર ન હોઇ શકે. વર્તમાનમાં જબરજસ્ત બળવાળા અને કસાયેલ શરીરવાળા મલ્લો પણ કોઇ એવા જબરજસ્ત વેગથી પડતા ધોધ નીચે બેસી શકતા નથી તો પછી આ એક વાસાનું માનવી બાળક સો ગાઉ ઊંચા અને અડતાળીશ ગાઉ પહોળા એવા એક સમુદ્ર જેવા કળશના ચાર ગાઉના નાળચામાંથી પડતા પાણીના પ્રવાહ નીચે શી રીતે બેસી શકે? એ એક વાત. એવા નાના બાળકને નવરાવવા આટલા બધાં પાણીની પણ શી જરૂર હોઇ શકે? એ બીજી વાત. વળી, ઉપર કહેલા પરિમાણ-વાળા, એક કરોડ અને સાઠ લાખ કળશોમાંથી પડતો પાણીનો પ્રવાહ આખા અમદાવાદ જેવાં અનેક નગરોને તાણી જવા પૂરતો છે તો પછી તેની નીચે રહેલા એક વાસાના બાળકની શી સ્થિતિ થાપી એ ત્રીજી વાત. ચોથી વાત એ છે કે આટલા બધા પાણીનો આવો નિરર્થક વ્યય કરનારા એ વિબુધો કેવા હશે? સો ગાઉ ઊંચો અને અડતાળીશ ગાઉ પહોળો એક કળશ એટલે શું અર્થાત્ એવા એક કળશની સરખામણી મુંબઇની પટીમાં આવેલા અરબી સમુદ્ર સાથે કરી શકાય અથવા સરખામણીમાં એ અરબી સમુદ્ર કદાચ નાનો પણ પડે જ્યારે એક કળશ એક અરબી સમુદ્રની હોડનો હોય અને એવા એવા એક કરોડ અને સાઠ લાખ કળશો ભેગા થાય ત્યારે એ પાણી કેટલું?

એ કળશો તો મોટા મોટા પહાડ જેવા ઉંચા જ હોય–આ બધું વિચારતાં આ ગાથાનો અક્ષરાર્થ જ સાચો સમજીએ તો વિબુધોની બુધ્ધિનું દેવાળું જ નીકળ્યું કહેવાય અને આ અભિષેકમાં વિવેક તો તણાઇ જ ગયેલો ભાસે એવું છે. ત્યારે આ ગાથાનો અક્ષરાર્થ ન લેતાં એનો લક્ષ્યાર્થ લેવો જરૂરી છે. અને તે દ્વારા એમ જાણી શકાય કે ભગવાનનો જન્માભિષેક દેવોએ ઘણી જ ધામધૂમથી ઉજવેલો. આ સિવાય આથી વધારે એ ગાથામાંથી કશું જ ન નીકળી શકે. પુરાણોમાં જે એવી અનેક વાતો મળે છે તેની સરખામણીમાં આ કળશોની વાતને પણ મૂકી શકાય. પુરાણોની વાતોને કવિવાણી કહીને ચલવી શકાય તો આ કળશોની હકીકત પણ એવી જ કવિવાણી છે માટે આત્માર્થી સત્યશોધક સંશોધનદૃષ્ટિનો વિશેષ વિવેકથી ઉપયોગ કરી એવી કવિવાણીમાંથી સત્યને તારવી કાઢવું જ ઘટે અને આ ગાથા કેવળ ભગવાનનો મહિમા વધારનારી છે અને કવિ સમયમાં જે જાતની અતિશયોક્તિને અલંકારરૂપે વર્ણવેલ છે તે કરતાં આ ગાથાની અતિશયોક્તિ તો તદ્દન કવિસમયની હદને વટાવી જાય એવી છે પોતાની તીક્ષ્ણ બુધ્ધિથી સમજી લેવાનું છે.

હવે એ જ કલ્પસૂત્રની ટીકામાં "पुरुषविश्वासे वचनविश्वासः" એ વાતને સમજાવતાં ચૌદ પૂર્વોનાં નામો અને તેમને લખવા સારૂ કેટલી શાહી વપરાય એનું પરિમાણ પણ એક પુરાણની રીત પ્રમાણે આ પ્રમાણે જણાવેલ છે. પ્રથમપૂર્વ લખતાં એક હાથીના વજન જેટલી શાહી વપરાય છે, બીજાપૂર્વ માટે બે હાથીના વજન જેટલી અને એ રીતે દરેક પૂર્વ માટે બમણા બમણા હાથીના વજન જેટલી શાહી વપરાય છે. એનો કોઠો એ ટીકામાં આ પ્રમાણે આપેલ છે.

૧	૨	૩
ઉત્પાદપૂર્વ	**અગ્રાયણીય**	**વીર્યપ્રવાદ**
એક હાથીના વજન જેટલી શાહી	બે હાથીના વજન જેટલી શાહી	ચાર હાથીના વજન જેટલી શાહી
૪	૫	૬
અસ્તિપ્રવાદ	**જ્ઞાનપ્રવાદ**	**સત્યપ્રવાદ**
આઠ હાથીના વજન જેટલી શાહી	સોળ હાથીના વજન જેટલી શાહી	બત્રીશ હાથીના વજન જેટલી શાહી
૭	૮	૯
આત્મપ્રવાદ	**કર્મપ્રવાદ**	**પ્રત્યાખ્યાનપ્રવાદ**
૬૪ હાથીના વજન જેટલી શાહી	૧૨૮ હાથીના વજન જેટલી શાહી	૨૫૬ હાથીના વજન જેટલી શાહી
૧૦	૧૧	૧૨
વિદ્યાપ્રવાદ	**કલ્યાણ**	**પ્રાણાવાય**
૫૧૨ હાથીના વજન જેટલી શાહી	૧૦૨૪ હાથીના વજન જેટલી શાહી	૨૦૪૮ હાથીના વજન જેટલી શાહી
૧૩	૧૪	ચૌદે પૂર્વોને લખવા માટે
ક્રિયાવિશાલ	**લોકબિંદુસાર**	૧૬૩૮૩ હાથીના
૪૦૯૬ હાથીના વજન જેટલી શાહી	૮૧૯૨ હાથીના વજન જેટલી શાહી	વજન જેટલી શાહી

આ હકીકત પણ અનહદ અતિશયોક્તિથી ભરેલી છે. પહેલું તો એ નક્કી થવું જોઇએ કે પૂર્વો એ શું છે? જેનાં કેવળ નામો જ સ્મૃતિમાં રહી ગયાં છે અને તેમનો તમામ વિષય સર્વથા નાશ પામી ગયેલ છે અને તે પણ મહાવીર નિર્વાણ પછી લગભગ ત્રણ ચાર સૈકામાં જ. એમને તો આ શાહીની જ વાત યાદ રહી ગઇ અને બીજું કશું જ યાદ ન રહ્યું એ એક ભારે અદ્‌ભુત બીના કહેવાય. 'પૂર્વ' શબ્દ 'પહેલાના' ભાવને સૂચવે છે. એટલે એ વિશે એવું કાંઇ એ શબ્દદ્વારા કહી શકાય કે એ કોઇ પ્રાચીન શાસ્ત્રો હતાં. કદાચ એ પાર્શ્વનાથ–ભગવાનની પરંપરાનાં શાસ્ત્રો હોય વા તેથી પણ આગળની જૈન પરંપરાનાં શાસ્ત્રો હોય. હવે એ કઇ ભાષામાં હતાં? એનો પણ નિર્ણીત ઉકેલ મળતો નથી. કેટલાક કહે છે કે તે સંસ્કૃતભાષામાં હતાં અને હમણાં જ્યાં જ્યાં પૂર્વની ગાથાઓનો ઉલ્લેખ આવે છે ત્યાં બધે એ ગાથાઓ પ્રાકૃત ભાષામાં જ આવે છે. આવી કેટલીયે ગાથાઓ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે પોતાના વિશેષાવશ્યકભાષ્યમાં ઉદ્ધરેલી છે અને વ્યાખ્યાકારોએ તેમને 'પૂર્વગત' ગાથા કહીને ઓળખાવેલી છે, એટલે જે પૂર્વોની ભાષા માટે જ મોટો વિવાદાસ્પદ પ્રશ્ન છે ત્યાં તેની શાહીના પરિમાણની ચર્ચા કેમ ચાલી શકે? વળી, એક બીજી વાત એવી છે કે શાસ્ત્રમાં પૂર્વમાં આવેલા શ્લોકોની સંખ્યા બતાવેલી છે ત્યાં એકથી માંડીને ચૌદપૂર્વના શ્લોકોની સંખ્યા શાહીના પરિમાણની પેઠે વધતી નથી ચાલી. કોઇમાં અમુક શ્લોકોની સંખ્યા બતાવેલ છે તો કોઇમાં એનાથી ઓછા શ્લોકોની સંખ્યા પણ બતાવેલ છે. આ સ્થિતિમાં લખવા માટેની શાહીનું પરિમાણ જે વધતું ચાલ્યું બતાવેલ છે તેની સંગતિ કેમ થઇ શકે? શ્લોક નામનો એક છંદ પણ છે અથવા 'શ્લોક'નો અર્થ કોઇ પણ 'પદ્યમય કવિતા' એવો પણ અર્થ થાય છે તો અહીં આ બેમાંથી ગમે તે અર્થ લઇએ, તો પણ શાહીનું જે પરિમાણ બતાવેલ છે તે ઘટી કેમ શકે? એજ સમજાતું નથી, એક હાથીનું વજન ઓછામાં ઓછું ચાલીશથી પચાસ મણ લઇએ તો એટલા વજનની શાહી કેટલી બધી થાય? અને એ શાહીથી કેટલા શ્લોકો લખાય? એ જોતાં પણ આ પરિમાણની સંગતિ કેમ કરવી એ સમજાતું નથી. પેલા પૂર્વ માટે એક હાથીના વજન જેટલી શાહીનું પરિમાણ બતાવેલ છે અને ચૌદમાં પૂર્વ માટે ૮૧૯૨ હાથીના વજન જેટલી શાહીનું પરિમાણ બતાવેલ છે. ભારતવર્ષમાંના શાસ્ત્રોમાં વેદોનું સાંગોપાંગ પરિમાણ ઘણું મોટું છે. એથી વધારે પરિમાણ કોઇ શાસ્ત્રનું નથી, તેને માટે કેટલી શાહી જોઇએ? એ વિશેનો કોઇ ઉલ્લેખ હજુ સુધી જડેલ નથી. વળી જે જમાનામાં શાસ્ત્રો લખાતાં ન હતાં, કેવળ કંઠાગ્ર રખાતાં હતાં તે જમાનામાં પૂર્વો માટે આ રીતે શાહીનું પરિમાણ કલ્પવું એ કેટલું સંગત છે એ વાત પણ વિચારણીય છે. બ્રાહ્મણપરંપરામાં ચૌદ વિદ્યાઓ પ્રસિદ્ધ છે તેમ તદનુસારે જૈન–પરંપરામાં કોઇ મહાનુભાવે આ ચૌદ પૂર્વોની યોજના કરી હોય એમ પણ કોઇ જરૂર કહી શકે. આમ અનેક રીતે વિચારતાં પૂર્વોનું સ્વરૂપ, તેમની ભાષા વગેરે નિશ્ચિતપણે કળી શકાતું નથી ત્યાં કેવળ તેમને લખવા સારૂ શાહીના પરિમાણનો ઉલ્લેખ કેટલો યોગ્ય છે એ તટસ્થપણે વિચારવા જેવું છે. આવી નિરર્ગલ અનહદ અતિશયોક્તિપૂર્ણ નોંધદ્વારા કેવળ એટલું જ તારવી શકાય કે જૈનપરંપરામાં કોઇ 'પૂર્વ' નામના ગ્રંથો હતા અને તે ઘણા વિશાળ અને વિપુલ પ્રમાણમાં હતા. જ્યાં સુધી આ માટે બીજી કોઇ સમર્થક સામગ્રી ન મળે ત્યાં સુધી કોઇ પણ સંશોધન દૃષ્ટિવાળો તટસ્થ અભ્યાસી એ શાહીના પરિમાણવાળી નોંધ ઉપરથી ઉપર કહ્યું તેવું જ અનુમાન દોરી શકે. એ સિવાય બીજી કોઇ કલ્પના ન કરી શકે અને શાહીના પરિમાણવાળી નોંધને ભારોભાર અતિશયોક્તિપૂર્ણ માનીને ચાલે.

આપણા અભ્યાસીઓમાં સંશોધનદૃષ્ટિ ન હોવાથી આવી અનહદ અતિશયોક્તિપૂર્ણ નોંધોને લોકો અક્ષરશઃ ખરેખરી માની લે છે અને એમ માની કોઇની પાસે પોતાના શાસ્ત્રોની મહત્તા ગાવા એ શાહીના પરિમાણવાળી નોંધને વા એવી જ બીજી અલંકારમયી હકીકતને આગળ કરે છે ત્યારે એને સાંભળનાર અભ્યાસી એનો પરિહાસ કર્યા સિવાય બીજું શું કરે? અથવા એમ પણ કહે કે જો આવી આવી હકીકતો અક્ષરશઃ ખરી જ હોય તો પછી પુરાણોને જૈન લોકો ખરેખરાં શા માટે નથી માનતાં? એમના પુરાણોના પરિહાસ માટે જૈનમુનિઓએ ધૂર્તાખ્યાન જેવાં પુસ્તકો લખેલાં છે તો આવી આવી પેલા કળશોની અને હાથીપ્રમાણ-શાહીની નોંધો માટે બીજું ધૂર્તાખ્યાન કોઇ કેમ ન લખી શકે? તાત્પર્ય એ છે કે સંશોધનદૃષ્ટિ કેળવાયા સિવાય ખરો પરમાર્થ પમાતો નથી અને જીવન વેડફાય છે માટે દરેક મુમુક્ષુએ વા અભ્યાસીએ સંશોધનદૃષ્ટિને કેળવવી જ જોઇએ.

—પંડિત બેચરદાસ જીવરાજ દોશી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૧૯

મુંબઈ: ૧ ફેબ્રુઆરી ૧૯૪૮ રવિવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય?

[‘આધુનિક સમયને અનુલક્ષીને જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય’ એ વિષય ઉપર શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ‘ડાહ્યાભાઇ ખાલાભાઇ કોરા નિબંધમાળા’ એ મથાળા નીચે એક હરીફાઇ યોજવામાં આવી હતી. તેમાં સૌથી શ્રેષ્ટ નિબંધ માટેનું રૂ. ૨૫૦ નું પહેલું પારિતોષિક શ્રી. પદ્મનાભ જૈનને આપવામાં આવ્યું હતું અને બીજું રૂ. ૧૫૦ નું પારિતોષિક શ્રી. રતિલાલ મફાભાઇ શાહને આપવામાં આવ્યું હતું. શ્રી. પદ્મનાભ જૈનનો લેખ હિંદી ભાષામાં હતો તેનો શ્રી. વેણીબહેન કાપડીઆએ કરી આપેલો અનુવાદ પ્રબુદ્ધ જૈનમાં ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે. આ તે અનુવાદનો પહેલો હપ્તો છે. તંત્રી]

(૧)

હિન્દુસ્તાન આઝાદ થયું. હિન્દભરમાં સ્વાતંત્ર્યદિન પૂર્ણ ઉત્સાહથી ઉજવાયો. ગુલામી ની બેડી તોડીને નવભારતે વિશ્વમાં મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું. આપણા ત્યાગમૂર્તિ સમા નેતાઓએ અનંત પરિશ્રમ કર્યો, ભારતની પ્રજાએ બલિદાનો આપ્યાં, તેના ફલસ્વરૂપ આપણે આઝાદીનાં દર્શન કર્યાં. એ ત્યાગમૂર્તિઓને આપણે હાર્દિક પ્રણામ કરીએ છીએ પરંતુ આ આનંદ અનુભવવા સાથે સ્વાતંત્ર્યદિનને દિવસે આપણા નેતાઓએ જે સંદેશ આપ્યો છે તે ભૂલાતો નથી. મહાત્મા ગાંધીજીએ આ દિવસને આત્મનિરીક્ષણ અને ચિન્તનયોગ્ય બનાવવાનો આદેશ આપ્યો હતો. આ વાત કદાચિત્ ઉત્સવપ્રિય માનવસમાજ ભૂલી ગયો હોય. છતાં આનંદ ઉત્સવ એકાદ દિવસ હોય છે, જ્યારે અખંડ જીવનયાત્રામાં તો પ્રત્યેક ક્ષણ મનનીય અને ચિન્તનીય હોય છે. એ મહાન આદેશને અનુલક્ષીને જ્યારે આપણે આત્મનિરીક્ષણ કરીએ છીએ, અંતર્મુખ થઇને સંયત દૃષ્ટિથી આપણી વર્તમાન પરિસ્થિતિ પર વિચાર કરીએ છીએ, ત્યારે આપણને પ્રતીતી થાય છે કે, ભારત આજે રાજકીય દૃષ્ટિથી સ્વતંત્ર થયું છે, છતાં અન્ય દૃષ્ટિકોણથી વિચારતાં તે હજી પણ પરતંત્ર, અનુન્નત અને અપૂર્ણ છે.

જ્યારે આત્મચિન્તન વિશાળ દૃષ્ટિથી સમાજ સુધી પહોંચે છે ત્યારે અનુભવ થાય છે કે અમારો જૈન સમાજ હજી સ્વતંત્ર નથી– પ્રગતિને પંથે તેણે પગલું ભર્યું નથી. સામાન્ય ભેદ પ્રભેદોથી તેનો આત્મા ઉન્મુક્ત થયો નથી. આપણા પ્રાચીન ઇતિહાસમાંથી તેણે ખરો બોધ પ્રાપ્ત કર્યો નથી. અનેક દ્વેષો અને રૂઢિઓની શૃંખલાથી તે હજી જકડાયેલો જ છે. તે મધ્યરાત્રિ પછી જ્યારે ભારતે નવીને ઉષાનું સ્વાગત કર્યું, નવઉન્માદનો અનુભવ કર્યો ત્યારે જ અમારા સામાજિક જીવનનું ભાગ્ય બદલાયું હોત અને ઉજ્જવળ ભવિષ્યમાં પ્રવેશ કર્યો હોત તો તે કેટલું સુંદર હોત? એ દિવસે આપણે એ પણ અનુભવ કર્યો છે કે હિન્દની સ્વતંત્રતા તો ત્યારે જ સિદ્ધ થઇ કહેવાશે કે જ્યારે પ્રત્યેક વ્યક્તિ અને સમાજ પોતાની જાતને પૂર્ણપણે સુધારશે અને તત્વદર્શી મહાત્માઓના સંદેશને, જીવનમાં નવા ઉત્સાહને, નવા મૂલ્યને તેમજ નવા દર્શનને પ્રાપ્ત કરશે.

જૈન સમાજને વિનંતિ કરવાની કે ફરીથી એક વખત તે આત્મનિરીક્ષણ કરે અને સ્વતંત્ર ભારતમાં પોતાનું સ્થાન નિર્ણિત કરી લે. સ્વતંત્ર ભારતમાં જૈનોનું સ્થાન કયાં હશે? એ વિચાર પ્રથમ રહ્યો છે. ભવિષ્ય જાણવાની માણસની ઇચ્છા એ એક જુદી જ વસ્તુ છે. આપણે આપણી આજુ બાજુ નજર કરીએ છીએ, મિત્રો અને વિરોધીઓ તરફ દૃષ્ટિપાત કરીએ છીએ એટલું જ નહિ પણ ભૂતકાલમાં કોણ કોણ થઇ ગયા તેનો ઇતિહાસ જાણવાની આપણે કોશિષ કરીએ છીએ. ભારતના આત્મામાં અલગ અલગ સંસ્કાર છે; તેના જીવન ઉપર ભિન્ન ભિન્ન વિચાર–પ્રવાહોનો પ્રભાવ પડેલો છે. હિન્દુ, મુસ્લિમ, પારસી, ખ્રીસ્તી, શીખ, જૈન, હરિજન એવા એક નહિ પણ અનેક સમાજનો ભારતના ભાગ્ય ઘડવામાં ફાળો છે. ગતિશીલ સમાજ આગળ વધતો ગયો, અને જેનો પ્રભાવ અધિક તેણે સમાજમાં પ્રધાનતા પ્રાપ્ત કરી. બુધ્ધિજીવી સમાજે ભારતનું વિચારમય જીવન હાથમાં લીધું, અર્થપ્રધાન સમાજે આર્થિક જીવન સંભાળ્યું, સેવાપ્રધાન વ્યક્તિઓએ સમાજને સુસંકૃત કર્યો, રૂઢિચુસ્ત સમાજે તેનો વિકાસ રૂંધ્યો અને સમાજની અધોગતિ કરી. પોતાના કાર્યક્ષેત્રોમાં પ્રત્યેક સમાજે પુરૂષાર્થ કર્યો અને કીર્તિ મેળવી. આ પ્રસંગે પ્રશ્ન ઉઠે છે કે જૈનસમાજે આ મહાન યજ્ઞમાં શું અર્પણ કર્યું? આ મહાન યુદ્ધમાં શું ફાળો આપ્યો? રાજકીય, આર્થિક અને સામાજિક જીવનમાં કઇ જાતની પ્રગતિ કરી? કેવો રસ લીધો? ભારતીય સંસ્કૃતિની ઉન્નતિ કરવામાં મૌલિક સહાય કરી ખરી? આ પ્રશ્નોનો ઉત્તર સરલતાથી આપી શકાય છે? વ્યક્તિ તરીકે ભારતની સ્વતંત્રતા હાંસલ કરવામાં ભારતનું નશીબ ઘડવામાં ઘણાએ ફાળો આપ્યો હશે, પરંતુ આપણા જૈન સમાજની કક્ષામાં તો તે અલ્પ જ ગણાય. આપણે શું કર્યું? અહિંસાનો પ્રચાર, સાહિત્ય સર્જન, આર્થિક વ્યવસ્થા, નીતિમયતા વગેરેમાં આપણા સમાજે કેટલો રસ લીધો? જો ઉપરના પ્રશ્નોનો સમાધાનકારી ઉત્તર ન મળે તો આન્તરનિરીક્ષણ કરીને આપણે શોધવું જોઇએ કે આપણા સમાજને ઉન્નત કરવામાં આપણે કેમ કટિબદ્ધ ન થયા?

ઉત્તર સ્પષ્ટ છે. જૈન સમાજ ગતિશીલ નથી, તેમાં એકતા નથી. સુસંસ્કૃત ન રહી. હવે જ્યારે પ્રગતિશીલ નથી તો તેનું કારણ શું? આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે ભૂતકાલનો ઇતિહાસ તપાસવો પડશે. તેના મૂલ સ્રોત સુધી પહોંચવું પડશે.

ભૂતકાલમાં જૈન સમાજે ક્રાન્તિ કરી છે, પરાક્રમો કર્યાં છે, જ્ઞાનજ્યોતિ જગાવી છે, મનુષ્યત્વને ઉંચે ઉઠાવી, પ્રેમપૂર્વક દલિતવર્ગને અપનાવ્યો છે, મહાપુરૂષોને નિર્માણ કર્યા છે. જૈન સમાજનો ભૂતકાલ આવો ઉજ્જવલ છે તો આજનો આપણો સમાજ એવો કેમ ટકી ન રહ્યો? એવો કયો સમય આવી ગયો, કઇ સંક્રામક પરિસ્થિતિ આવી કે જેણે આપણા ગતિશીલ સમાજને સ્થિતિશીલ બનાવ્યો, ઉત્સાહીને શિથિલ બનાવ્યા, બુદ્ધિવાદીને મૂઢ બનાવ્યા, ઉન્નતને અવનત બનાવ્યા? અને આજનો

પવન, આજની પરિસ્થિતિ, આજનું જીવન આપણી સામે કેવા આકારમાં ઉપસ્થિત છે અને હવે પછીના આગામી કાળમાં શું કરવું જરૂરી છે તેનો પણ આપણે વિચાર કરવો પડશે. ભૂતકાળનું સિંહાવલોકન અને વર્તમાન પરિસ્થિતિનું અવલોકન કરીને આપણે આપણા સમાજનું ઉજ્જવળ ભવિષ્ય નિર્માણ કરવાનું છે, જિનેન્દ્રનું તીર્થ સર્વવ્યાપી બનાવવાનું છે. આપણે વિચારવું પડશે, સમન્વય કરવો પડશે, અને સત્ય અર્થમાં "વાત્સલ્ય" ને અપનાવી નવેસરથી નવસર્જન કરવું પડશે. ચાલો ! હવે આપણે સિંહાવલોકન કરીએ !

(૨)

ભારતનો પ્રાચીન ઇતિહાસ સાક્ષી પુરે છે કે જૈન સમાજ હંમેશા ક્રાન્તિકારી રહ્યો છે. એ ક્રાન્તિ સામાજિક, દાર્શનિક અને સાંસ્કૃતિક પણ હતી. ઇતિહાસનો આધાર લઇને આપણે કોઇ ઐતિહાસિક સત્ય સિદ્ધ કરવાનું નથી; પરંતુ વર્તમાનકાળમાં જે વાતો નિશ્ચિત થઈ ચુકી છે તેનો જ આધાર લઈ માત્ર સિંહાવલોકન કરવાનું છે.

સામાન્ય રીતે આર્યાવર્તનો ઇતિહાસ વેદકાલથી શરૂ થાય છે. આજથી લગભગ પાંચ હજાર વર્ષ પહેલાં આપણા દેશમાં આર્યો આવીને વસ્યા. તે લોકો ભાષામાં અને પ્રવૃત્તિઓમાં અહિંઆ વસતા લોકો કરતાં ભિન્ન પ્રકારના હતા. નવા નવા પ્રદેશો પર વિજય પ્રાપ્ત કરવો, અને વિશ્વદેવતાઓની સ્તુતિ કરી જીવન કાવ્યમય બનાવવું તે આ લોકોની વિશેષતા હતી. વૈદિક ઋષિઓ ક્ષત્રિય વૃતિના હતા તેટલા જ બ્રાહ્મણવૃત્તિના પણ હતા. કુદરતની મહત્તા જોઇને તેઓનો આત્મા નાચી ઉઠતો. સમસ્ત વિશ્વને પોતાને શરણે લાવવાની અને તેના ઉપર વિજય પ્રાપ્ત કરવાની વૃત્તિ પણ તેઓમાં રહેતી હતી. હજી આત્મવાદનું જટિલ અને સૂક્ષ્મ તત્ત્વ તેઓના વિચારનો વિષય નહોતું બન્યું. દુનિયાના અપ્રતિમ ભાગોને માટે અભ્યર્થના કરવી, કુદરતની શક્તિઓને દૈવી તત્ત્વ માની પૂજન કરવું અને પુરૂષાર્થદ્વારે આગળ વધવું એ જ તેઓનું ધ્યેય રહ્યું હતું. આ યુગમાં જ વેદોની રચના થઇ અને આ સમાજમાં ક્રમશઃ યજ્ઞપ્રધાન સંસ્કૃતિનું નિર્માણ થયું. સત્ય અર્થમાં કાવ્ય તો કયારનું અદૃશ્ય થયું હતું, માત્ર આડમ્બર બાકી રહ્યો હતો. બ્રાહ્મણકાલમાં યજ્ઞ-યાગોની પ્રવૃત્તિની અધિકતા એટલી બધી વધી ગઇ કે તેના વિરોધી દળોએ તે કર્મકાંડનો ત્યાગ કર્યો અને વનમાં જઇને રહ્યા. આ સમયમાં જે સાહિત્ય નિર્માણ થયું તેને આપણે "આરણ્યક" નામથી ઓળખીએ છીએ. ત્યાર પછી વિશ્વસાહિત્યમાં અનન્ય એવા ઉપનિષદ્ની રચના થઇ. ત્યારથી બ્રાહ્મણ વર્ગની યજ્ઞપ્રધાન સંસ્કૃતિની પ્રતિષ્ઠા ઘટતી ચાલી અને ભારતમાં નવીન જીવન શરૂ થયું.

ઉપનિષદ્કાળની પહેલાં જૈન ધર્મની અવસ્થા કેવી જાતની હતી તે જાણવા માટે આપણી પાસે એક પણ સાધન ઉપલબ્ધ નથી. સાધારણ રીતે પ્રત્યેક ધર્મના સનાતની લોકો પોતાના ધર્મને અનાદિથી ચાલ્યો આવતો સમજાવે છે, જેમાં આપણો સમાજ અપવાદ નથી. સનાતનીઓની દૃષ્ટિ પ્રાચીનતા પર જેટલી રહે છે, તેટલી સત્ય પર રહેતી નથી, એટલું જ નહિ પરંતુ સત્યની કસોટી પણ પ્રાચીનત્વ ઉપરથી થાય છે, જો કે સત્યશોધકે તો કેવળ સત્યની ઉપર જ ભાર મૂકવો જોઇએ.

તુલનાત્મક ઇતિહાસથી જાણવા મળે છે કે વેદકાળની પહેલાં પણ આ દેશમાં એક વિશિષ્ટ સંસ્કૃતિ હતી, જે આર્ય સંસ્કૃતિની સાથે સાથે વધતી રહી, જેણે આક્રમક નવી સંસ્કૃતિનો સામનો કર્યો અને જરૂર પડયે સમન્વય પણ કર્યો. તેને આપણે દ્રાવિડ અર્થાત્ મૂળ ભારતીય સંસ્કૃતિ કહી શકીએ. ભલે તે લોકોની સંસ્કૃતિ મૌલિકતા ધરાવતી ન હોય તો પણ તે આર્યસંસ્કૃતિથી ભિન્ન હતી અને તેમાં ઉચ્ચનીચ સંસ્કાર પણ હતા. આ સંસ્કૃતિ શ્રમણ સંસ્કૃતિના નામથી ઓળખાય છે. આ શ્રમણ સંસ્કૃતિ વ્યાપક અર્થમાં સાંખ્યમતવાદી કહેવાય છે. આજે જેને આપણે વૈષ્ણવ, શૈવ ઇત્યાદિ નામથી ઓળખીએ છીએ, તે લોકો એક યુગમાં વેદવિરોધી હતા અને તેઓની અલગ સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવતી હતી. આ લોકોની સાથે જૈન, આજીવક આદિ તપઃપ્રધાન વર્ગોનો સમાવેશ થતો હતો. આર્યોએ આ દેશની પ્રજાને જીતી લીધી. આ યુગમાં વિરોધ અને યુદ્ધ થયા તેનું વર્ણન આપણને વેદ વાઙમયમાં સ્પષ્ટપણે મળે છે.

આદિ ભારતવાસીઓના ત્રણ મહત્વના તત્ત્વો ગણાય છે. તપ, અહિંસા અને કર્મવાદ. આ તત્ત્વો આધુનિક લાગે છે, તો પણ તેનો થોડો ઘણો અંશ તે યુગમાં મૂળરૂપમાં હોવો જોઇએ. આ વિષે જાણવા મળ્યું છે તે મુજબ ઉપરનાં તત્ત્વોનું પ્રરૂપણ વેદકાલમાં પણ બહુ પાછળથી થયું છે પણ વિશેષ નિરૂપણ એ કાળમાં થયું છે કે જ્યારે બ્રાહ્મણો કર્મકાણ્ડને છોડી અધ્યાત્મવાદની ચર્ચા કરવા લાગ્યા હતા. બ્રાહ્મણકાળમાં હિંસા અત્યંત વધવા લાગી, અને બ્રાહ્મણવર્ગ પોતે યજ્ઞસૃષ્ટિનો ઇશ્વર બની બેઠો. આ કર્મ કાણ્ડથી અલગ રહી તેનો બહિષ્કાર કરનારો એક વર્ગ પણ તે સમયે હતો.

સાથે સાથે એ પણ નક્કી છે કે આર્યસંસ્કૃતિથી વિભિન્ન એવો આ વર્ગ હતો, જેમાં અનેક વિચારપ્રવાહ અને આચારનો વિકાસ થયો હતો. આજ જેને આપણે શૈવ અને મહાદેવનો ઉપાસક સમજીએ છીએ તેનું મૂળ આ સંસ્કૃતિમાં છે. અઘોરપંથી કે જે સ્મશાનમાં રહેતા હતા, અને ઉગ્ર તપશ્ચર્યા તથા પંચાગ્નિ સાધન વડે કાયક્લેશ કરતા હતા તેવો એક વર્ગ પણ આમાં હતો. સાથે સાથે અહિંસાની પ્રતિષ્ઠા કરતાં કરતાં તપોમય જીવન જીવવાવાળો પંથ આ સંસ્કૃતિમાં પ્રગળ હતો. આ તપઃપ્રધાન સંસ્કૃતિ શ્રમણ-ધર્મી કહેવાતી હતી. આ સંસ્કૃતિના અનેક પંથો છે, જે આજીવક, શૈવ, જૈન વગેરે નામોથી પ્રસિધ્ધ છે.

ઉપનિષદ્કાળ પછી નવો ખંડકાલ નજરે આવે છે. જેમાં બે મહાન વ્યકિઓનો જન્મ થયો. તે છે ભગવાન બુધ્ધ અને ભગવાન મહાવીર. આ બન્ને મહાપુરૂષોએ વેદનું ખંડન કર્યું, વેદના પ્રામાણ્યનો અસ્વીકાર કર્યો, બ્રાહ્મણોની મહત્તાનો ઇન્કાર કરી નવીન તત્વોનો ઉપદેશ આપ્યો, પરંતુ આ બન્ને મહાત્માઓનું કાર્યક્ષેત્ર ભિન્ન હતું. ભગવાન બુદ્ધનું ધર્મપ્રવચન ભગવાન મહાવીરથી પહેલાં શરૂ થયું હતું અને તેમને મહાવીર કરતાં વિશેષ મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. પાલી ભાષાના પ્રાચીન પીટકોમાં આપણને તેના જુદા જુદા પંથો અને વાદો જોવા મળે છે. બુધ્ધે તેઓના અનુયાયીઓનો પ્રતિરોધ અને વિવાદ કર્યો. પુરાણ કસ્સપ, મક્ખલિ ગોસાલ, અજિત કેશકમ્બાલિ, પકુદ્ધ કચ્ચાન, સંજય બેલટ્ઠિપુત્ત અને નિગ્ગન્થ નાતપુત વગેરેનો ઉલ્લેખ વારંવાર પાલી પીટકોમાં આવે છે. બુધ્ધે અલગ અલગ ધર્મોનો પ્રયોગ પોતે જાતે કર્યો અને સ્વયંપ્રજ્ઞ થઇને નવો ધર્મ સ્થાપ્યો. ભગવાન મહાવીરને એટલી મુશ્કેલીઓ નહોતી. ભગવાન મહાવીરને નવો ધર્મ સ્થાપવાનો નહોતો. માત્ર મૂલધર્મનું સંશોધન કરવાનું હતું. ભગવાન મહાવીરની પહેલાથી જ નિર્ગ્રંથ સંપ્રદાય અપ્રતિહત હતો કે જે ભગવાન પાર્શ્વનાથનો અનુગામી હતો.

ભગવાન પાર્શ્વનાથથી જ ઐતિહાસિક જૈન ધર્મની શરૂઆત થયેલી માનવામાં આવે છે. પાર્શ્વનાથના સમયમાં અનેક પંથો હતા, જે અવૈદિક અને તપઃપ્રધાન હતા. આ પંથોમાં દેહદંડનો પ્રચાર હતો અને હિંસા પણ ચાલતી હતી. અહિંસાના સિદ્ધાન્તનું પ્રથમ ઉચ્ચારણ આપણને પાર્શ્વનાથના જીવનમાં દેખાય છે. ભગવાન પાર્શ્વનાથના જીવનની એક કથા છે, જે તત્કાલિન વિવાદો પર પૂરતો પ્રકાશ પાડે છે. કથાનો સાર એવો છે કે પાર્શ્વનાથે એક પંચાગ્નિ સાધકને જગાડયો અને તેમાં થનાર હિંસા તરફ તેનું ધ્યાન ખેંચ્યું. ભલેને આ કથા સામાન્ય હોય, તો પણ એ વાત સ્પષ્ટ છે કે ભગવાન પાર્શ્વનાથના સમયમાં હિંસા અહિંસાનો વિવાદ ચાલુ જ હતો. અને અહિંસાવાદી વર્ગ અસ્તિત્વમાં હતો.

બીજી પણ એક વાત ઐતિહાસિક દૃષ્ટિથી સિધ્ધ ન હોવા છતાં ખાસ ઉપયુક્ત છે. ભગવાન નેમિનાથના જીવનમાં આપણે એક એવો પ્રસંગ જોઇએ છીએ કે જે અહિંસાધર્મની પ્રતિષ્ઠા કરે છે. યાદવવંશી ઉગ્રસેન રાજાએ નિરપરાધી પશુઓને પાંજરામાં પૂરેલાં, તે જોઇને રાજકુમાર નેમિનાથે વિવાહમંડપનો ત્યાગ કર્યો એટલું જ નહિ પરંતુ સાંસારિક જીવન છોડીને દીક્ષા લીધી. ઉપરની કથા ભલે સામાન્ય લાગે છે, પરંતુ તેનાથી એ વાત સિધ્ધ થાય છે કે જૈન પરંપરાએ જ પ્રાચીન કાળથી અહિંસાધર્મની પ્રતિષ્ઠાપના કરી છે.

ભગવાન મહાવીરના કાળમાં આપણે સ્પષ્ટ જોઇએ છીએ કે તેમણે વેદોના પ્રામાણ્યનો અસ્વીકાર કર્યો. કેટલાક જૈન ધર્મના અભ્યાસીઓનો એવો ખ્યાલ છે કે જૈન ધર્મ વેદકાલથી ફુટી નિકળેલો એક પક્ષ છે, જેણે માત્ર પ્રતિક્રિયા કરવાનો પુરૂષાર્થ કર્યો. આ વાતનો વિચાર કરવો આવશ્યક છે. આજ સુધી વૈદિક અથવા હિન્દુસંસ્કૃતિનો એવો ઇતિહાસ છે કે જેમાં કોઇ સુધારક થયા તેણે વેદને પ્રમાણ માન્યો છે. કોઇએ પણ વેદનું ખંડન કરીને સુધારણા કરવાનું સાહસ કર્યું નથી. ઉપનિષદના ઋષિ, ગીતાના કર્તા, અન્ય અન્ય વૈદિક દર્શનોના આચાર્ય, શ્રીમદ્ શંકરાચાર્ય, મહારાષ્ટ્રીય અથવા બીજા સંતો, અને આધુનિક સુધારક દયાનંદ સરસ્વતી જેણે જેણે સુધારણા કરી, તે દરેકે વેદને પ્રમાણ માનેલ છે અને બ્રાહ્મણવર્ગને સર્વશ્રેષ્ઠ માન્યો છે. વેદનું પ્રામાણ્ય અને બ્રાહ્મણોનું વર્ચસ્વ માની લેવાના કારણે જ કોઇ પણ સુધારકનો વિરોધ થતો નહોતો, એટલું જ નહિ પણ એ સગવડતી ઉપર જ વૈદિક અને હિંદુસમાજે અન્ય ધર્મો સાથે સમન્વય કર્યો છે અને અન્ય મતોને પોતામાં ભેળવી લીધા છે. વેદને અપ્રમાણ કહીને હિંદુ અથવા વૈદિક સમાજમાં ક્રાન્તિ કરવાવાળું આજ સુધી કોઇ નજરે નથી આવતું. એનો સાર એ થયો કે જે જૈન ધર્મે વેદનું પ્રમાણ્ય, ઇશ્વરની સૃષ્ટિ અને બ્રાહ્મણના માહાત્મ્યને માન્યું નહિ, એ જૈન ધર્મ મૂળથી જ વૈદિક નહોતો. વૈદિક સંસ્કૃતિની સાથે સાથે વધતી જતી શ્રમણ સંસ્કૃતિ જ તેની સંસ્કૃતિ હતી. તેના અધ્વર્યુ ભગવાન પાર્શ્વનાથ હતા, જેમણે નિર્ગ્રંથ માર્ગ ચલાવ્યો અને જેમણે સૌથી પ્રથમ અહિંસાનું પ્રરૂપણ કર્યું.

(૩)

ભગવાન પાર્શ્વનાથ પછી આપણે જે કાલખંડનો વિચાર કરીએ છીએ તે મહાવીર યુગનો છે. ભગવાન મહાવીરે જૈન ધર્મનો પુનરૂદ્ધાર કર્યો. ભગવાન મહાવીરના સમયમાં લગભગ અરધા ઉપનિષદ્ રચાયા હતા અને ભારતીય જીવનમાં નવી સૃષ્ટિ નિર્માણ થઇ હતી. વેદકાલમાં જે આત્મવાદ, પરલોક, તત્ત્વજ્ઞાન વગેરેનું નામનિશાન સુદ્ધાં નહોતું તે વાદોનો પ્રચાર ચાલુ થયો હતો અને પ્રતિભાસંપન્ન ભારતીય ક્ષત્રિય તથા બ્રાહ્મણોએ ઉપનિષદ્ જેવા અનન્ય સાહિત્યનું નિર્માણ કર્યું હતું. નવીન તત્વોની શોધ થઇ રહી હતી અને બ્રહ્મ, વિશ્વ તથા જગતના મૂલ તત્વોનો વિચાર વિશેષ રૂપથી સામે આવ્યો હતો. આ વિચારક્રાન્તિ ખાસકરીને ક્ષત્રિયોની હતી, જેને બ્રાહ્મણોએ અપનાવી લીધી હતી અને બુદ્ધિમાન વર્ગે તેમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી હતી. આત્માની નિત્યતા અને વિશ્વની એકતા તરફ આ તત્વદર્શીઓ વિકાસ કરતા ચાલ્યા હતા. પ્રત્યેક જીવ પોતાને ચાહે છે અને તેજ બ્રહ્મનો અંશ છે :—

> "न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं,
> भवति आत्मनस्तु कामाय सर्वं प्रियं,
> भवति आत्मा वा हे दृष्टव्यः श्रोतव्यः, मन्तव्यः"
> मैत्रेयि-याज्ञवल्क्य संवाद-(बृहदारण्यक उप.)

જો કે ઉપર પ્રમાણે પ્રરૂપવામાં આવ્યું છે, તો પણ ઉપનિષદ્માંથી આપણને એક પણ એવું વાકય મળતું નથી, કે જે આ તત્વનું અનુસરણ કરી આગળ એમ કહે કે આ કારણથી પ્રત્યેક આત્માએ બીજા આત્માઓ સાથે પ્રેમ કરવો જોઇએ. 'મૈત્રી' કે જે વિશ્વજીવનની એકમાત્ર ભાવના છે તેનો ઉલ્લેખ કોઇ પણ ઉપનિષદ્માં આવતો નથી, અને તેને જૈન તથા બુદ્ધ ધર્મે પોતાના પ્રરૂપણમાં પરમ સ્થાન આપ્યું હતું. યજ્ઞસંસ્થાઓમાં જે હિંસા ચાલી રહી હતી તેનું ખંડન મહાવીરે કર્યું હતું તે વાતને ફરીથી યાદ આપવાની જરૂર નથી. યજ્ઞ સૃષ્ટિની સમાલોચના તે કાળમાં કેવી રીતે થઇ હશે તેની ઝાંખી આપણને ઉત્તરાધ્યયનાન્તર્ગત 'જન્નઇજ્જ'માં જોવા મળે છે. તેનાથી પણ મૌલિક કાર્ય તો એ છે કે મહાવીરે દલિતો અને પીડિતોને પણ અપનાવ્યા. સત્ય અર્થમાં મૌલિક અહિંસા તો આને જ કહી શકાય. યજ્ઞની હિંસા કે જેને ઉત્તરકાલીન વૈદિક બ્રાહ્મણો અહિંસા જ માનવા લાગ્યા હતા તેને જૈનધર્મે જરૂર બંધ કરી હતી. તેનું શુભ પરિણામ બ્રાહ્મણ કે અન્ય વર્ગો ઉપર એ આવ્યું છે કે આજે કોઇ પણ પ્રલોભન બ્રાહ્મણોને પશુમેધ કરાવવામાં સમર્થ થઇ શકતું નથી.

જે વાતમાં જૈન ધર્મની વિશેષતા રહી તે એ છે કે વર્ણભેદનો તેણે અસ્વીકાર કર્યો અને નવી સમાજવ્યવસ્થા અપનાવી. આમાં બ્રહ્મણોનો વિરોધ હોય તે સહજ હતું, કેમ કે તે લોકો ધર્મ અને સમાજના નિયન્તા બની ચુકયા હતા. જો કે બુધ્ધિજીવી વર્ગે ઠીક પ્રમાણમાં તત્ત્વજ્ઞાનમાં વધારો કર્યો હતો, તો પણ વર્ણભેદે સમાજને રોગી બનાવી દીધો હતો અને તેમાં શૂદ્રોની સ્થિતિ દયાપાત્ર બની ગઇ હતી. તેને શાસ્ત્ર શિખવાનો અધિકાર નહોતો તેમજ રાજ્ય ચલાવવાનો હક્ક નહોતો. તેનું સાધારણ પ્રતિબિમ્બ આપણને ઉત્તરાધ્યયનમાં "ચિત્તસંભૂતિ"ના સંવાદમાં મળે છે. દલિતવર્ગને અપનાવીને મહાવીરે પ્રચલિત સમાજમાં નવીન ક્રાન્તિ કરી. એ પણ એક પ્રશ્ન વિચારવા જેવો છે કે મહાવીરે પોતે ચાતુર્વર્ણ્યનો વિરોધ કેટલી હદ સુધી કર્યો? "कम्मुणा बंभणो होइ, कम्मुणा होइ खित्तिओ" આ વાકય આગમમાં આપણને મળે છે તો પણ તેના અર્થની બાબતમાં વિદ્વાનોમાં મતભેદ છે. પૌર્વાત્ય વિદ્વાનોની ધારણા એવી છે કે કર્મથી અહિંઆ ગુણકર્મનો બોધ થાય છે, અને લોંગમાન જેવા પાશ્ચાત્ય વિદ્વાનોની ધારણા એવી છે કે જૈન ધર્મે બ્રાહ્મણોનો વિરોધ ભલે કર્યો, તો પણ ગુણકર્મનું તત્ત્વ તેણે અપનાવ્યું નહોતું. 'કર્મ' શબ્દનો અર્થ તે લોકો પૂર્વોપાર્જિત કર્મ–'પુણ્ય અથવા પાપ'–એવો કરે છે.

જો કે પાશ્ચાત્ય લોકોની ધારણા નવી છે તો પણ તેમાં સામંજસ્ય જરૂર છે. આપણામાં ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્રની જે કલ્પના છે, તે માત્ર મધ્યમ વર્ગનો સમાજ છે. તે ઉપરથી અનુમાન કરી શકાય છે કે જૈનોએ જાતિભેદોનો સંપૂર્ણ ત્યાગ નથી કર્યો. આ બાબતમાં બૌદ્ધધર્મે જ વિશેષ આગળ પગલું ભર્યું હતું. અને તેની અસર જૈન ધર્મ ઉપર પણ પડી હોય તેમ લાગે છે. "ચિત્ત સંભૂતિ" સંવાદના અધ્યયન પછી આપણે જોઇ શકીએ છીએ કે મહાવીરે જન્મમૂલક ચાતુર્વર્ણ્યનો વિરોધ કર્યો હતો. દલિત વર્ગોને અપનાવવો, બ્રાહ્મણવર્ગના માહાત્મ્યનો તેમજ વેદપ્રામાણ્યનો અસ્વીકાર કરવો એ વાતોનો સ્પષ્ટ અર્થ તો હતો નવી સમાજવ્યવસ્થા અને તે પણ નવી નહિ–પરંતુ કુલશોધન–સમાજશોધન અને નવપરિવર્તન. નવા સમાજના બંધારણમાં નવી સમાજવ્યવસ્થા આવી અને સાથે જ જુનું તત્વજ્ઞાન વ્યવસ્થિત રૂપમાં એકત્રિત થયું, અને રચવામાં આવ્યું. આ પરંપરાને અને સમાજને આપણે જૈન કહીએ છીએ, અને આ સમાજનાં જીવનમાં જે આન્દોલન થયા તેના ઉપર આપણે વિચાર કરવાનો છે.

અપૂર્ણ

મૂળ હિંદી: **પદ્મનાભ જૈન**

અનુવાદક: **વેણીબહેન કાપડીઆ**

પ્રજ્ઞામૂર્તિ રાષ્ટ્રપિતાનું પરિનિર્વાણ

બાપુજી ગયા!!!

હજુ પખવાડીઆ પહેલાં જ ગાંધીજી અનિયત મુદ્દતના ઉપવાસ ઉપર ગયા હતા અને તેમની ધારણા મુજબનો અભિગ્રહ પુરો થયો એટલે તેમણે પારણું કર્યું હતું અને જે અનશન રખેને આમરણાન્ત તો નહિ બને ને એવી ભીતિ સેવાતી હતી તે અનશનની આવી સુખદ પૂર્ણાહુતિ થઇ હતી. આ જોઇને સૌનાં દિલ નચિન્ત બન્યાં હતાં. વળી અઠવાડીઆ પહેલાં તેમની પ્રાર્થના સભામાં કોઇ મદનલાલ નામના યુવાને તેમની ઉપર બે બોંબ ફેંકયા હતા. આમ છતાં તેમને કશી જ ઇજા થઇ નહોતી અને તે ઘાતમાંથી પણ તેઓ ઉગરી ગયા હતા. આ બધું જોતાં સૌ કોઇના દિલમાં એક એવી ઉંડી શ્રદ્ધા પેદા થઇ રહી હતી કે 'ગાંધીજી દિવ્ય પુરૂષ છે, તેઓ જરૂર હજુ ઘણાં વર્ષો સુધી જીવશે અને જે સ્વરાજ્ય તેમણે આપણને અપાવ્યું છે તે સ્વરાજ્ય સુસ્થિર થયેલું જોયા પહેલાં અને જે ખંડિત થયેલી કોમી એકતા સાંધવાનો-પુનર્જીવિત કરવાનો તેઓ ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે તે પુનઃ સ્થપાયા પહેલાં તેઓ આપણી વચ્ચેથી કદિ વિદાય નહિ લે.' આવી શ્રદ્ધા અને આશાવાદ આપણામાં સુદૃઢપણે સીંચાઇ રહ્યાં હતાં એવામાં જાન્યુઆરી માસની ૩૦ મી તારીખની સાંજે પાંચ સાડા પાંચની વચ્ચે સામુદાયિક પ્રાર્થના નિમિત્તે ઉપસ્થિત થયેલા અને પ્રાર્થનામંચ ઉપર ઉભા ઉભા ત્યાં એકત્ર થયેલી માનવમંડળીનું બે હાથ જોડીને અભિવંદન કરતા ગાંધીજી ઉપર એક હિંદુ યુવાને પોતાની પીસ્તોલમાંથી ત્રણ ગોળીઓ છોડી તેમના પ્રાણ લીધા અને પરિણામે ગાંધીજી આપણી વચ્ચેથી હંમેશાને માટે એકાએક વિદાય થયા અને આપણે સેવેલી શ્રદ્ધા આશાવાદ સર્વ કાંઇ આપણને છેતરનારા નીવડયા.

ગાંધીજીના આ રીતે નીપજેલા અવસાનનો મન ઉપર પડેલો પ્રત્યાઘાત એટલો બધો પ્ર...છે અને એ પ્રત્યાઘાતે ચિત્તને એટલું બધું વિહ્વળ બનાવી મૂકયું છે કે તે પ્રત્યાઘાતને શબ્દમાં કેમ મૂર્તસ્વરૂપ આપવું તેની કોઇ સુઝ પડતી નથી. શબ્દો લખવા જતાં અને વાકયો નિર્માણ કરતાં કરતાં હૃદય ભરાઇ આવે છે અને આંખમાંથી આંસુ વહેવા લાગે છે અને લેખિની એમને એમ થીજી જાય છે. જાણે કે કોઇ મોટો ધરતીકંપ થયો હોય એવા આંચકાએ ચિત્તને વિકળ બનાવી દીધું છે. જેના તીરે હજુ હમણાં જ આપણે બધાંય પાણી પીનાં હતાં અને ચિત્તને ઠારતાં હતાં એવી સતત વહેલી કલ્યાણવાહિની ગંગા એકાએક અલોપ થઇ ગઇ હોય એવી સ્તબ્ધતા-મૂઢતા-આપણે અનુભવી રહ્યા છીએ. આપણા માર્ગદર્શક, આપણા સમગ્રશ્રેયની જ એકાન્ત ચિન્તા ધરાવનાર, વૃધ્ધ હોવા છતાં પણ સતત ક્રિયાપરાયણ-આવા આપણા કોઇ અત્યન્ત નિકટવર્તી વડિલજનને આપણે ગુમાવ્યા હોય એવી અંગત ખોટ આપણા દિલને કોરી રહી છે અને તેમના વિના આપણી ગુંચ કોણ ઉકેલી આપશે, આપણી મુંઝવણ કોણ દૂર કરશે, સમ્યગ્ માર્ગ કોણ દાખવશે આવી શૂન્યમનસ્કતા આપણા ચિત્તને આવરી રહી છે.

આમ છતાં પણ ગાંધીજીએ ૭૮ વર્ષ પુરાં કર્યાં હતાં, આટલી ઉમ્મર સુધી આપણા દેશમાં બહુ જુજ માણસો જીવે છે, સૌ કોઇને આખરે તો આ દુનિયામાંથી વિદાય થવું જ રહ્યું, શરીરનાં ગાત્રો સાવ શિથિલ બની જાય અને કોઇ પણ પ્રવૃત્તિને માટે અસમર્થ બની જાય અને વર્ષો સુધી જીવન લંબાયે જાય એ કરતાં આટલી વૃદ્ધ ઉમ્મરે કોઇ પણ સ્વજન આપણી વિદાય લે તો તે મૃત્યુને આપણે ભાગ્યશાળી ગણીએ અને તે વિષે આપણે શોક ન ચિન્તવીએ-આમ વિચારીને આપણે મનનું સમાધાન કરવા પ્રયત્ન કરીએ છીએ પણ આવો પ્રયત્ન નિષ્ફળ નીવડે છે. કારણ કે ગાંધીજી ઉમ્મરે વૃધ્ધ હતા એમ છતાં કાર્ય અને પ્રવૃત્તિમાં એક યુવાન જેટલું સામર્થ્ય અને ચેતનાજાગૃતિ દાખવી રહ્યા હતા. આ ઉપરાંત આજે દેશ ભારે મોટી કટોકટીમાંથી પસાર થઇ રહ્યો છે. દેશમાં આઝાદી સ્થપાઇ છે, પણ શાન્તિ, સ્થિરતા, સલામતી હજુ બહુ દૂર છે. કોમી વેરઝેરની માત્રા લેશમાત્ર ઓછી થઇ નથી, પાકીસ્તાન સાથેનાં ઘર્ષણો વધ્યે જ જાય છે, કાશ્મીરમાં ચાલી રહેલા યુધ્ધનો અંત જરા પણ સમીપ દેખાતો નથી. દેશમાં પણ જ્યાં ત્યાં કોમી જ્વાળામુખીઓ ફાટી નીકળવાની ધાસ્તી માથા ઉપર ઉભેલી જ છે. આવી અસહ્ય પરિસ્થિતિ વચ્ચે ભાઇઓ ભાઇઓ વચ્ચે, હિંદુસ્થાન અને પાકીસ્તાન વચ્ચે એકતા સ્થાપવાનું, ભાઇચારો ફેલાવવાનું, આળાં હૈયાંઓને રાહત અને ધીરજ આપવાનું, નિર્વાસિતોની અત્યંત જટિલ સમસ્યાનો ઉકેલ શોધવાનું કાર્ય ગાંધીજીનું જ હતું અને એ જ કાર્ય તેઓ કરી રહ્યા હતા. આજે એવો સમય હતો કે ગાંધીજી વિના આપણને એક ઘડિ પણ ન ચાલે. આવે વખતે વિધાતાએ ગાંધીજીને આપણી વચ્ચેથી ઝુંટવી લીધા છે!

અને તે પણ કેવી રીતે? કોઇ સ્વાભાવિક માંદગીના પરિણામે નહિ, કોઇ આમરણાન્ત અનશનના પરિણામે નહિ, પણ જે કોમના અંગભૂત લેખાવામાં ગાંધીજી પોતાનું ગૌરવ લેખતા હતા તે હિંદુ કોમની જ એક વ્યકિતની પીસ્તોલની ગોળીથી વીંધાઇને! આ તે આપણી કેવી શરમ? આખી હિંદુ કોમ માથે આ તે કેવું મોટું કલંક? આજે આપણે દુનિયામાં કયા ઉજળે મેઢે ફરીએ? અમારો હિંદુ ધર્મ અને અમારી હિંદુ સંસ્કૃતિ-આવું અભિમાન કરવાનો અધિકાર આપણે હંમેશાને માટે ગુમાવી દીધો છે. અંગ્રેજ સરકારની વર્ષોભરની અથડામણ દરમિયાન ગાંધીજીનાં હેમક્ષેમ જળવાયાં. કાયદે આઝમ ઝીણા અને મોસ્લેમ લીગે ગાંધીજીને કાળાં ચીનરવામાં બાકી રાખી નહોતી અને છેલ્લાં કેટલાક સમયથી કોંગ્રેસ અને મોસ્લેમ લીગ વચ્ચે જીવલેણ અથડામણો ચાલ્યા કરતી હતી એમ છતાં પણ કોઇ મુસલમાનના હાથે ગાંધીજીનો વાંકો વાળ સરખો પણ થયા નહોતો. પાપ્યો અને છેવટે જતાં ભગવદ્ ગીતાના ઉપાસક, રામનામનું સતત રટણ કરનાર, હરિજનોના ઉધ્ધારક અને ઇશ્વરના પરમ આરાધક ગાંધીજીનું એક હિંદુના જ હાથે ખુન થયું! કાળની આ તે કેવી કઢંગી ઘટના! હિંદુ કોમની આ તે કેવી શરમ અને હીણપત!

આપણને એવું અભિમાન હતું અને ભારતવર્ષનો ઇતિહાસ પણ એ પ્રકારનો હતો કે વિચારના પ્રદેશમાં ગમે તેવી ક્રાન્ત નીપજાવી હોય અને સામાજિક જીવનમાં ગમે તેવો વિપ્લવ ઉપસ્થિત કર્યો હોય એમ છતાં પણ ભારતવર્ષની પ્રજાએ પોતાના સાધુઓને, સન્તોને અને મહાપુરૂષોને ઠેઠ સુધી સંભાળ્યા છે અને સૌ કોઇ મહાપુરૂષોએ સ્વાભાવિક મૃત્યુ દ્વારા આ દુનિયાની વિદાય લીધી છે. ભગવાન બુદ્ધ, મહાવીર, શંકરાચાર્ય, કબીર, સ્વામી દયાનંદ, રામકૃષ્ણ પરમહંસ-આ આપણી પરંપરા આજ ઐતિહાસિક તત્ત્વનું સમર્થન કરે છે. ભારતવર્ષની પ્રજાની ખાસિયત જ આવી છે એમ આપણે માનતા હતા. પણ ગાંધીજીની બાબતમાં આપણું અભિમાન-માન્યતા-ખોટાં પડયાં છે. જે રીતે ઇશુખ્રીસ્ત ગયા, જે પ્રકારે સોક્રેટીસ ગયા તે જ પ્રમાણે ગાંધીજીને જવાનું બન્યું છે. ઇશુખ્રીસ્તને ક્રોસ ઉપર ચઢાવવામાં આવ્યો, સોક્રેટરીસને ઝેરનો પ્યાલો પીવાની ફરજ પાડવામાં આવી, ગાંધીજીને ગોળીથી વીંધવામાં આવ્યા. આ જોઇને આપણું સંસ્કૃતિવિષયક અભિમાન ઓસરી જાય છે, આપણું માથું શરમમાં નીચે ઝુકી પડે છે, આપણી બુદ્ધિ બેહોશ બની જાય છે.

આમ આજે આપણે ગાંધીજીને ગુમાવી બેઠા છીએ અને તે

સાથે પંડિત જવાહરલાલ કહે છે તમ આપણુ સર્વને અજવાળનાર દીવા-દાંડી ઓલવાઇ ગઇ છે અને આપણી ચોતરફ અંધકાર છવાઇ રહ્યો છે. જનાબ સુહરાવર્દી કહે છે તેમ "ગાંધીજીના જવાથી જાણે કે પૃથ્વી રસાતળ ગઇ હોય એમ લાગે છે. દબાયલા અને છુંદાયલા લોકોના રોષને આજે શાન્તવન આપે એવું બીજું કોણ છે? તેમનાં આંસુઓ લુછે એવું આજે અન્ય કોણ છે? જ્યારે જ્યારે આપણને જરૂર પડતી ત્યારે ત્યારે દરેક મુશ્કેલીના પ્રસંગે સલાહ અને દોરવણી મ ટે આપણે ગાંધીજી પાસે જતા અને ગાંધીજી આપણી મુશ્કેલી દૂર કરતા, આપણી ગુંચ ઉકેલી આપતા, આપણને કદિ નિરાશ ન કરતા. હિંદના પ્રજાજનો આજે રડી લ્યો! છાતીફાટ રડી લ્યો! કારણ કે આજે એ તેજોરાશિનો અસ્ત થયો છે કે જેમાંથી સત્ય અને ન્યાય, માનવજાત માટે અગાધ પ્રેમ અને ત્યજાયલા અને વિસરાયલા મિત્રવિહોણા જનો માટે લોકોત્તર કરૂણા નીતરતી હતી." એમના જવા સાથે જાણે કે આપણે આપણું સર્વસ્વ ગુમાવી બેઠા છીએ!

છેલ્લાં ૩૦ વર્ષથી ગાંધીજીનું આખા દેશ ઉપર અને ખાસ કરીને રાષ્ટ્રિય મહાસભા ઉપર અખંડ પ્રભુત્વ વર્તતું હતું. હિંદના રાજકારણના તેઓ પ્રમુખ સૂત્રધાર હતા. અનેક રાજકારણી પુરૂષોના સલાહકાર અને શિરછત્ર સમાન હતા. હિંદનું સર્વ શાણપણ, ડહાપણ, હિંદી સંસ્કૃતિનું સર્વ સારભૂત તત્ત્વ તેમનામાં કેન્દ્રીભૂત થયું હતું. તેઓ સ્થિતપ્રજ્ઞ હતા, પ્રજ્ઞામૂર્તિ હતા. સૌ કોઇના તેઓ પરમ મિત્ર હતા; તેમના હૃદયમાં દીન, દુઃખી અને દરિદ્રો માટે અખંડ કરૂણા વહેતી હતી, હિંદમાં સરમુખત્યાર જેવું સ્થાન ધરાવતા છતાં તેમની વાણી કે વર્તનમાં સત્તાશાહીનો કોઇ રૂઆબ નહોતો અને તેમના પ્રત્યેક કાર્ય પાછળ લોકશાહી ભાવનાનો વાસ્તવિક અમલ જોવામાં આવતો હતો. તેમની મહત્તા કેવળ રાજકારણને અવલંબીને નિર્માણ નહોતી થઇ. તેઓ ધર્માત્મા હતા, સાધુ હતા, સન્ત હતા. તેઓ એક અદ્વિતીય યુગસ્રષ્ટા હતા.

તેઓ હિંદુસ્થાનમાં આવ્યા ત્યારથી આજ સુધીમાં બનેલી અનેકાનેક ઘટનાઓ જેમાંથી કેટલીક ઘટનાઓ તો આપણામાંના કેટલાકને નજરોનજર નિહાળવાનું બનેલું હશે તે સર્વ ઘટનાઓની સ્મરણુપરંપરા એક વિશાળ ચિત્રપટ માફક આંખ સામે-કલ્પનાની નજર-સામે સરી રહી છે અને એ જોતાં જોતાં આપણી વચ્ચેથી કેવો મહાન પુરૂષ પોતાના લાંબા જીવનને તેમજ મૃત્યુને કૃતાર્થ કરતો કરતો અગોચર થઇ ગયેલ છે તેનું આપણને સચોટ ભાન થાય છે અને આપણું હૃદય કોઇ તીવ્ર વેદનાથી વીંધાય છે. જનતાના કલ્યાણ માટે સદાયે પરિભ્રમણશીલ મહાન પરિવ્રાજક, બહારથી સદાય હસતા અને અંદરથી પોતાના જ દેશમાં પોતાના જ દેશબંધુઓના હાથે સરજાતા હત્યાકાંડોથી અને બહેનોની ચાલી રહેલી બેઆબરૂથી રોમે રોમે બળી રહેતા, ઘડિમાં કલકત્તા તરફ, ઘડિમાં નૌઆખલી તરફ, ત્યાંથી વળી બીહાર તરફ, ત્યાંથી દીલ્હી થઇને કાશ્મીર તરફ, ત્યાંથી પાછા બીહાર તરફ, ત્યાંથી પાકીસ્તાન તરફ જવાની અપેક્ષાપૂર્વક પાછા ફરતાં દીલ્હી તરફ-આમ ચોતરફની આગોને ઓલવતા ઠારતા અને લોકોને ધીરજ અને શાન્તિ આપતા-આવા દરિદ્રનારાયણની બીજી જોડી-આવા જંગમ તીર્થની બીજી કોઇ આવૃત્તિ-આજ સુધી દુનિયાએ કદિ જોઇ નથી. એમની જોડનો પુરૂષ હવે પછી પણ કોણ જાણે પાકે ત્યારે ખરો! રાજકારણની ધુંચો હોય તો આપણે ગાંધીજી પાસે દોડતા, હરિજન ઉદ્ધારનો પ્રશ્ન હોય, કોમી એકતાનો પ્રશ્ન હોય, મદ્યનિષેધ, શિક્ષણ, નૈસર્ગિક ઉપચાર, ખેડુતો, મજુરો, ભાષા, લિપિ, રાજાઓ, વણકરો-આમાંથી કોઇને લગતી બાબત વિચારવાની હોય તો આપણે ગાંધીજી પાસે દોડી જતા અને દરેક બાબતમાં આપણા મનનું તેઓ સમાધાન કરતા, આપણને નવું માર્ગદર્શન કરાવતા, નવી પ્રેરણા આપતા, અને કાર્યતત્પર બનાવતા. આપણુ સર્વનું એક અને અનોખું અવલંબન, અબુઝમાં બુદ્ધિ જાગૃત કરનાર અને બુદ્ધિવાદીમાં શ્રદ્ધા ઉત્પન્ન કરનાર, શિથિલને સચેત કરનાર અને ચંચળને સ્થિર કરનાર-આવા મહાત્મા ગાંધી આજે દૃષ્ય જગતની પેલેપાર ગયા છે, અને જેમ પુત્ર પિતા વિનાનો બને, સ્ત્રી સ્વામી વિનાની બને, માનવી પોતાના કોઇ પરમ મિત્ર અને સાથીને ગુમાવે-એવી આપણી દશા થઇ બેઠી છે!

રાત્રીના સાડા આઠ થાય અને રેડીઓમાંથી તે જ દિવસે સાંજે તેમણે જે પ્રવચન કર્યું હોય તે સંભળાવું શરૂ થાય. પંદર મીનીટમાં શું કહું અને શું ન કહું એ મુંઝવણપૂર્વક તેમનો વાણીપ્રવાહ વહેવા માંડે, વાણી તો વૃદ્ધની-કેટલું કે સમજાય અને કંઇ કંઇ ન પણ સમજાય-પણ જુસ્સો જુવાનનો. શાન્તિનો, ધીરજનો, સમભાવનો, વૈર સામે વૈર ન વિચારવાના આગ્રહનો, રામનામનો, ઇશ્વર-વિષેની અનુપમ શ્રદ્ધાનો ઉપદેશ વરસવા માંડે. તેમની એકની એક વાત સાંભળીને કદિ કદિ આપણે કંટાળતા, પણ આપણા લોકોને વૈરતૃપ્તિના, હિંસાના, ખુનરેજીના રસ્તે ધસી રહેતા જોઇને તેમનો આત્મા અકળાઇ ઉઠતો, એમાં વળી પાકીસ્તાનમાં બનતી ઘટનાઓ બળતામાં ઘી રેડતી, અને આમ છતાં પણ પાકીસ્તાન ગમે તે કરે તો પણ આપણે કશું ખોટું કરી ન બેસીએ એ ચિન્તા તેમને સતત વ્યગ્ર રાખતી હતી અને તેથી આ બાબતમાં હિંદુઓને અને શિખોને ફરી ફરી ચેતાવવા સિવાય તેમની પાસે બીજો કોઇ માર્ગ રહેતો નહોતો. એ પવિત્ર પુરૂષાર્થભરી વાણી હંમેશા સાંભળતા રહેવું એ આપણા જીવનનો અનન્ય લહાવો હતો. આજે એ વાણી સદાને માટે બંધ થઇ! હવે આપણને, સરકારને, હિંદુઓને, મુસલમાનોને સાચું કોણ સંભળાવશે, ખોટું કરતાં કોણ વારશે? કંટ્રોલ સામે તેમણે કેટલો સખત પોકાર ઉઠાવેલો અને આ બાબતમાં હઠીલી બનેલી આપણી પોતાની સરકારને નમતું આપવાની તેમણે કેવી ફરજ પાડેલી? આવો આપણો સતત માર્ગદર્શક-આપણો ચોવીસે કલાકનો ચોકીદાર-ગુમાવતાં આપણી આંખે અંધારા આવતા લાગે છે, કાન જાણે કે બધિર બની બેઠા છે, પગ જાણે કે પાંગળા થઇ ગયા છે!

ગાંધીજીનું એક હિંદુના હાથે ખુન થયું આ હકીકતથી આપણા કપાળે તો જરૂર કાળી ટીલી ચોંટી ફેજ, પણ સંભવ છે કે ગાંધીજીનો આત્મા આજે જ્યાં હોય ત્યાં જો તેઓ આ હકીકત જાણે તો એક રીતે જરૂર રાજી થાય અને વિચારે કે જો મારૂં આજ રીતે મૃત્યુ થવાનું હતું તો તે એક હિંદુના હાથે થયું એ બહુ સારૂં થયું. કારણ કે આમ બનવાથી જે અધોગતિનું આત્મભાન પોતાની જીવતી વાણીથી હિંદુ જનતાને પોતે નહોતા કરાવી શકયા તે આત્મભાન પોતાના આવા મૃત્યુથી હિંદુ જનતાના દિલમાં કદાચ પેદા કરાવી શકે, પણ આથી વધારે મહત્વની કલ્પના તો એ છે કે જો તેમનું ખુન એક હિંદુને બદલે કોઇ એક મુસલમાનના હાથે થયું હોત તો આજે આપણા આ કમનસીબ દેશમાં કેટલાયે મુસલમાનોની કતલ થઇ બેઠી હોત અને આ દુર્ઘટનાથી ગાંધીજીનો આત્મા જ્યાં હોત ત્યાં કેટલો બધો કકળી ઉઠત? આજે આપણામાંના ઘણા ખરા કેવળ વૈરતૃપ્તિ અને હિંસાની પરિભાષામાં જ જે કાંઇ ચોતરફ બની રહ્યું છે તેનો વિચાર કરતા થઇ ગયા છે અને તેથી ઉપર જણાવેલી સંભાવનામાં જરા પણ અતિશયતા મને લાગતી નથી. દ્વેષ મત્સર ક્રોધ અને નિષ્ઠુરતાએ આપણા દિલને, આપણા આત્માને એટલો બધો જકડી લીધો છે કે જો ગાંધીજીનો ખુની મુસલમાન હોત તો જરૂર આપણે ગાંધીજીના નામે જ કેટલાય મુસલમાનોને અવલ-મંજલે પહોંચાડી દીધા હોત!

મારા એક મિત્ર પાલેજથી આજે જ આવ્યા છે. પાલેજમાં મુસલમાનોની ઘણી મોટી વસ્તી છે. તેણે ત્યાંનાં કેટલાય મુસલમાનોને ડુસકે ડુસકે રડતા જોયા. એક વખત એવો હતો કે મુસલમાનો ગાંધીજીને પોતાના એક મોટામાં મોટા દુશ્મન ગણુતા હતા. આજે ગાંધીજીએ કોઈ પણ જાતના ભેદભાવ વિનાની ઉંડા દિલની મૈત્રીની મુસલમાનોને પ્રતીતિ કરાવી છે. જે કોઇ વર્ગ તિરસ્કૃતની કોટિમાં આવી પડે તેનો પક્ષ લેવો, તેને બચાવવા, તેને રક્ષણ આપવા પોતાથી બનતું કરવા કટિબધ્ધ બનવું એ ગાંધીજીનો સ્વભાવધર્મ હતો. હરિજનોનો પ્રશ્ન તેમણે આ જ ઉત્કટ ભાવનાથી ઉપાડયો હતો અને તેને અત્યંત વેગવાન બનાવ્યો હતો. એક વખત હરિજનોમાંનો ઘણો મોટો સમુદાય ગાંધીજીનો વિરોધી હતો. આજે ગાંધીજીની શુભનિષ્ઠા વિષે હરિજનોમાં લેશમાત્ર મતભેદ રહ્યો નથી. હરિજનોનો સૌથી મોટો આગેવાન ડો. આંબેડકર આજે કોંગ્રેસ સરકારનાં પ્રધાનમંડળમાં જોડાઇ ગયેલ છે. અંગ્રેજોનું પણ એક કાળે ગાંધીજી પ્રત્યે અત્યંત વિરોધી વલણ હતું. આજે આખી અંગ્રેજ પ્રજા ગાંધીજીને બે મોઢે પ્રશસ્તિથી નવાજે છે. દેશના મુસલમાનો આજે ગાંધીજી વિષે એવી જ શુભ પ્રતીતિનો સાક્ષાત્કાર કરી રહ્યા છે. તેઓ આજે રડતા હોય. આંસુ સારતા હોય તેમાં જરા પણ આશ્ચર્ય પામવા જેવું કે અન્યથા વિચારવા જેવું છે જ નહિ. ગાંધીના જવા સાથે તેમણે ખરેખર એક અનન્ય મિત્ર અને હિંદુઓના વૈરવિરોધ અને રોષના પ્રવાહને વહેતો અટકાવી રાખનાર એક લોખંડી દીવાલને ગુમાવી છે. આજે જો પાકીસ્તાનના સિંહાસન ઉપર કાયદેઆઝમ ઝીણા આરૂઢ થયેલ ન હોત તો મુસલમાનોના દિલમાં થઇ રહેલ હૃદયપલટાએ જરૂર મૂર્ત સ્વરૂપ ધારણ કર્યું હોત અને હિંદુસ્થાન પાકીસ્તાન વચ્ચેની દીવાલ પણ કદાચ જમીનદોસ્ત થઇ શકી હોત. કળનસીબે એ ઉજળો દિવસ હજુ તત્કાળ ભવિષ્યમાં નજરે પડતો નથી!

આમ શોકના તીવ્ર આવેગ નીચે શરૂઆતમાં ખચકાતી ફરડાતી કલમ પછી તો વેગપૂર્વક વહેવા લાગી છે અને આ કહું, તે જણાવું એમ કલ્પના પણ ઠીક ઠીક ગતિમાન થઈ રહી છે. જે શોકવ્યાકુળતામાંથી વાણી જન્મ પામતી અટકી રહી હતી એ જ શોકવ્યાકુળતા વાણીને કોઇ જુદ્દો જ વેગ આપી રહી છે. પણ આખરે તો પ્રબુદ્ધ જૈનની કદમર્યાદાનો મારે વિચાર કરવો જ રહ્યો અને તેથી લેખિનીને આગળ દોડતી પણ અટકાવવી જ રહી. ગાંધીજીના અવસાનને રડયા કરીએ તો તેનો પણ છેડો આવવાનો જ નથી. પણ એમાં પણ સંયમ ચિન્તવ્યે જ છુટકો છે. ગાંધીજી ગયા તે હવે કાંઇ પાછા આવવાના નથી, તેમની ખોટ પણ કંઇ કાળ સુધી પુરાવાની નથી. ગાંધીજીનો એક યા બીજી રીતે–સીધી રીતે, રેડીઓ દ્વારા, તેમની લેખિની દ્વારા, તેમના દેશવ્યાપી કાર્યો દ્વારા–આપણુ સર્વને એટલો બધો નિકટ પરિચય હતો કે તેઓ વિદેહ થયા છતાં આપણી સામે તેઓ સદેહ જીવતા જાગતા ઉભા હોય એમ આપણે અનુભવ કરીએ છીએ. તેમણે કહેવા લાયક ઘણું ઘણું કહ્યું છે; જે કહ્યું છે તે તદ્વત્ આચરી બતાવ્યું છે. સંયમપૂર્ણ પવિત્ર જીવન, નિર્ભયતા, સત્ય તેમજ અહિંસા વિષે અનન્ય નિષ્ઠા, અન્યાય, અધર્મ, અત્યાચાર સામે ઉંડા દિલનો રોષ અને તે ટાળવા માટે પોતાથી બનતું કરી છુટવાની હંમેશની તત્પરતા, દલિત દુઃખી દરિદ્ર વિષે અનન્ત કરૂણા, અસીમ પ્રેમ અને અમર્યાદિત વિશ્વબંધુત્વ–આ તેમના ચરિત્રના વિશિષ્ટ અંશો છે. તેમનું જીવન એક મહાકાવ્ય છે. તેના ખંડે ખંડે રોમાંચકતા અને ઉન્નત પ્રેરણાં ભરેલી છે. આજે પરોક્ષ બનેલ અને એમ છતાં પણ પ્રત્યક્ષ જેવા લાગતા ગાંધીજીને આપણા અન્તરમાં સુપ્રતિષ્ઠિત કરીએ અને જાણે કે ગાંધીજી જ આપણું અન્તઃકરણ હોય એમ આપણા સર્વ વિચાર, વાણી અને વર્તનને તેમની સંમતિ વડે પુનિત બનાવીએ અને એ રીતે ગાંધીજીએ અધુરાં મુકેલાં કાર્યોને આપણી સમજણ, શક્તિ અને સત્યનિષ્ઠા વડે આગળ વધારીએ, પુરાં કરીએ. આથી અન્યતર બીજું શું ઇષ્ટ હોઇ શકે? અને ગાંધીજીને પણ આથી અન્યતર બીજું શું અપેક્ષિત હોઇ શકે? ગાંધીજીના આત્માને શાન્તિ આપવાનો પણ આ જ એક માર્ગ છે. **પરમાનંદ.**

કેટલાક સમાચાર અને નોંધ

ગાંધીજી ઉપરનો હુમલો શું સૂચવે છે?

આ હુમલો કોઇ એક પાગલ હિંદુના હાથે થયો હોત તો મન કાંઇક સમાધાન અનુભવત. પણ આ ખુન કરનાર એક કેળવાયેલો હિંદુ છે; તે પૂનાનો રહેવાસી છે; તેનું નામ નથ્થુરામ વિનાયક ગોડસે છે; હિંદુ મહાસભાનો એક જુનો જાણીતો કાર્યકર્તા છે; અને "હિંદુ રાષ્ટ્ર" નામની એક સામાયિકનો અધિપતિ છે. તે દીલ્હીમાં આગલે દિવસે ચોકસ ઇરાદા અને યોજનાપૂર્વક આવે છે અને બીજે દિવસે સાંજે પોતાની મેલી મુરાદ પાર પાડવાની તકનો પુરો ઉપયોગ કરે છે. આ આખી હકીકત અત્યન્ત સૂચક છે. આજે જે રોષ અને વૈરની જવાળા હિંદુ જનતાના કેટલાક વિભાગના દિલમાં સળગી રહી છે તે જવાળાના પ્રતીક બનીને ગોડસેએ પોતાનો અધમ હેતુ સિધ્ધ કર્યો છે. છેલ્લાં બે વર્ષથી જે વિષમય પ્રચાર આપણા દેશમાં ચાલી રહ્યો છે અને કોમી વેરઝેરનાં નાનાં મોટાં હલ્લાકાંડો રચાઇ રહ્યાં છે, તેમાં પણ હિંદુસ્થાનમાં ભાગલા પડયા પછી પાકીસ્તાનના સર્વ પ્રદેશોમાં આખી હિંદુજનતાના તેમજ શિખ કોમના જે હાલહવાલ થઇ રહ્યા છે અને પાકીસ્તાન આખામાં કોઇ હિંદુ કે શિખને સહીસલામતીથી રહેવું અશક્ય બની ગયું છે–આ સર્વ પરિસ્થિતિએ અને નિર્વાસિતોની અત્યન્ત દયામય દુર્દશાએ હિંદુ તેમ જ શિખ પ્રજાના દિલમાં અસાધારણ રોષ પેદા કર્યો છે અને આ બધાનું વૈર હિંદી સંસ્થાનમાં વસતા મુસલમાનો ઉપર કેમ વાળવું–આવી વૃત્તિનો વેગ હિંદુ પ્રજાના દિલમાં વધારે ને વધારે બળવાન બનતો જાય છે. આ વૃત્તિનો ગાંધીજી પ્રચંડ વિરોધ કરી રહ્યા હતા. પાકીસ્તાનનાં બુરાં કામોનો ગાંધીજી કદિ પણ બચાવ કરતાં નહોતા. આ માટે પાકીસ્તાનની પણ તેઓ પુરી ખબર લેતા હતા, પણ આ સાથે અહિં વસતા મુસલમાન વિષે આપણાથી કોઇ પણ રીતે અન્યથા વિચાર કે વર્તાવ થઇ શકે જ નહિ, આપણાથી આ પ્રશ્નોનો કોઇ પણ કોમી ધોરણે વિચાર થઇ શકે જ નહિ, અહિં વસતા મુસલમાનોને સંપૂર્ણ રક્ષણ અને સલામતી આપવી એ જ આપણો અનિવાર્ય ધર્મ હોઇ શકે–આ પ્રકારનો ઉપદેશ તેઓ રાત્રીના ૮॥ થી ૮॥ ના દૈનિક રેડીઓ પ્રવચનમાં સતત સંભળાવી રહ્યા હતા. તેમના કારણે જ અને તેમના પ્રભાવથી જ કલકત્તાના મુસલમાનોની કતલ થતી અટકી હતી; દીલ્હી અને આસપાસના પ્રદેશોમાં ભભુકી ઉઠવાની અણી ઉપર આવેલો દાવાનળ પણ તેમના જ છેલ્લા ઉપવાસથી શમવા પામ્યો હતો. દેશમાં એક એવો વર્ગ હિંદુ સમાજમાં ઉપસ્થિત થઇ રહ્યો હતો કે જે ગાંધીજીની આ ભાતૃભાવની, કોમી એકતાની, મુસલમાનોને પુરું રક્ષણ આપવાની વાતોથી ઉલટું વધારે ને વધારે ઉકળતો જતો હતો, જેને માટે આવી પ્રેમ અને અહિંસાની વાતો અસહ્ય બનતી જતી હતી, જે વર્ગ પોતાની વૈર વૃત્તિ તૃપ્ત કરવામાં ગાંધીજી જ મોટી દીવાલરૂપ છે–એ દીવાલ તોડયે જ છુટકો છે–તોજ મુસલમાનોને આ દેશમાંથી તગડી મુકી શકાશે અથવા તો તેમનો ઉચ્છેદ થઇ શકશે અને તો જ આ ખંડિત હિંદુસ્થાનને વાસ્તવિક અર્થમાં હિંદુસ્થાન બનાવી શકાશે એમ ખરા દિલથી જે વર્ગ માનવા લાગ્યો હતો. આ વર્ગ

આજે પણ વિસ્તરતો જાય છે અને આ વિચારોનાં ફેલાતાં જતાં આંદોલનો આપણા કાન સાથે જ્યાં ત્યાં અથડાયા કરે છે. 'ગાંધીજી સાધુપુરૂષ છે. તેમના કહેવા મુજબ કરવા જઇએ તો તો હિંદુ ધર્મ અને હિંદુ જાતિનો નાશ જ થઇ જાય, ઝીણા આમ બોલ્યો, પાકીસ્તાને આમ કર્યું", આપણે પણ અહિંના મુસલમાનોને બતાવી દેવું જોઇએ, ત્યાં વસતા આપણા હિંદુઓના અને શિખોના ઘરબાર વેપાર લુંટાઇ જાય, આપણી મા–બહેન દીકરીનાં અપહરણ થાય અને આપણે અહિં શું જોયા કરીએ અને અહિં વસતા મુસલમાનોના વ્યાપારઉદ્યોગ શું પહેલાં માફક ચાલ્યા કરે અને બાગબંગલામાં તેઓ મોજમજા માણ્યા કરે ?' આવા ઉદ્‌ગારો આપણે આજે સ્થળે સ્થળે સાંભળી રહ્યા છીએ. ઉપર જણાવેલ વર્ગની આંખમાં ગાંધીજી એક કણા માફક ખુંચી રહ્યા હતા, અને તેમના દિલમાં એક આડખીલ માફક સાલી રહ્યા હતા. ગાંધીજી ઉપર ગોળી ચલાવનાર વ્યક્તિ કોઇ એકલદોકલ નથી, પણ ઉપર જણાવેલી વિચારસરણી ધરાવનાર એક વિશાળ વર્ગનો એ પ્રતિનિધિ છે–આ આકારમાં જ્યારે આ હિચકારા હુમલાનો વિચાર કરીએ છીએ ત્યારે આપણી ગમગીનીનો કોઇ પાર રહેતો નથી, એટલું જ નહિ પણ આખા દેશનું નાવ કઇ દિશાએ ઘસડાઇ રહ્યું છે તેની ચિન્તા આપણી બુદ્ધિને બે ઘડિ ગુંગળાવી નાંખે છે. આ બાબતનું આટલું લાંબુ વિવેચન કરવાનું એ કારણ છે કે આજે જ્યારે ગાંધીજીના અવસાન પરત્વે આપણે શોકની લાગણીઓ પ્રગટ કરી રહ્યા છીએ ત્યારે આપણે આજની આ વસ્તુસ્થિતિને બરોબર સમજી લઇએ અને જો ગાંધીજીના અકાળ પરલોકગમન વિષે આપણો શોક અને ગ્લાનિ ખરેખર ઉંડા દિલની હોય તો આપણે આપણા ચિત્તનું સંશોધન કરીએ, આપણા દિલમાં ખુણે ખોંચરે ભરાઇ રહેલા રોષને, વૈરવિચારને, હિંસાવૃત્તિને, કોમી ભેદભાવને ઝડીઝપટીને સાફ કરીએ, આસપાસના વાતાવરણને વિશુધ્ધ બનાવીએ, હિંસા, વૈર, બદલો લેવાની વૃત્તિ–આવું જ્યાં જ્યાં આપણને દેખાય ત્યાં આપણે તેનો સખ્ત વિરોધ કરીએ અને આપણી આસપાસના લોકોને અહિંસા, અને કોમી એકતા તરફ વાળવા બને તેટલો પ્રયત્ન કરીએ અને એ રીતે આજે ફેલાયલા બુદ્ધિભેદને, મત્સરપ્રવાહને વધારે ફેલાતો અટકાવીએ.

આજે દેશમાં બે પરસ્પરવિરોધી સંસ્કૃતિબળો કામ કરી રહ્યાં છે. એક અહિંસા, સત્ય, અને કોમી ભ્રાતૃભાવનું. બીજું હિંસા, અસત્ય અને કોમી વેરઝેરનું. એકને આપણે 'ગાંધી સંસ્કૃતિ' તરીકે ઓળખીએ; અન્યને 'ઝીણા સંસ્કૃતિ' તરીકે પીછાણીએ. આ બન્ને સંસ્કૃતિનું તીવ્ર સંઘર્ષણ ચાલી રહ્યું છે. ગાંધીસંસ્કૃતિએ આપણને સ્વરાજ્ય અપાવ્યું; ઝીણાસંસ્કૃતિએ દેશના ભાગલા કરાવ્યા. ગાંધીસંસ્કૃતિએ અંગ્રેજોને વશ કર્યા; ઝીણાસંસ્કૃતિએ હિંદુ મુસલમાનને એકમેકના કટ્ટર શત્રુ બનાવ્યા અને ઉભયની આત્યન્તિક અધોગતિ નીપજાવી. ગાંધી સંસ્કૃતિએ કલકત્તાના તેમ જ દીલ્હીના મુસલમાનોની કતલ થતી અટકાવી, ઝીણા સંસ્કૃતિએ ખુદ ગાંધીજીનું જ આખરે ખુન કરાવ્યું. એકનો માર્ગ છે સુસ્નેહ શાન્તિ અને એકતા સ્થાપવાનો; અન્યનો માર્ગ છે અશાન્તિ, વૈર અને વૈમનસ્ય અને આખરે સર્વતોમુખી વિનાશ નિર્માણ કરવાનો. તાજેતરમાં બનેલી દુઃખદ ઘટના ગાંધી સંસ્કૃતિનો તત્કાળ પરાજય અને ઝીણા સંસ્કૃતિનો મહાન દિગ્વિજય સૂચવે છે. ગાંધીજી ક્ષણે ક્ષણે મરી રહેલ છે; ઝીણા આજે તો ઝીંદાબાદ છે. આમ છતાં પણ ગાંધીજીના આવા કરૂણ અવસાનનો મર્મદારક ડંખ એક કાળે હિંદુ તેમ જ મુસલમાન જનતાની સમ્યક્ ચેતનાને જરૂર જાગૃત કરશે અને આજે વકરેલી વિકરેલી માનવતાની સાન ઠેકાણે લાવશે અને સૌ કોઇને સત્ય, અહિંસા અને કોમી ભ્રાતૃભાવને પંથે વાળશે એવી આપણે આશા રાખીએ અને એવી શ્રદ્ધાપૂર્વક આપણે આગળ વધીએ અને આપણા સમગ્ર આચરણને તદનુરૂપ બનાવીએ.

ભાવનગરમાં જવાબદાર રાજ્યતંત્રની સ્થાપના

લોકોકિત એવી છે કે રાત્રી જ્યારે અત્યંત અંધકારમય ભાસે ત્યારે સવાર સમીપ આવી છે એમ સમજવું. કુદરતના ક્રમમાં આ લોકોકિત વાસ્તવિક હો કે ન હો, પણ હિંદુસ્થાનના દેશી રજવાડાંઓની બાબતમાં તો આજે આ પ્રમાણે જ બની રહ્યું છે એ વિષે બે મત હોવા સંભવ નથી. ગયા ઓગસ્ટ માસની ૧૫ મી તારીખે જ્યારે બ્રીટીશ હિંદની પ્રજાએ ખરા દિલથી આઝાદી ઉજવી હતી ત્યારે દેશી રાજ્યની પ્રજામાં ખરી રીતે કશો ઉમંગ કે ઉત્સાહ નહોતો. કારણ કે ઓગસ્ટની ૧૫ મી તારીખની જાહેરાતે સર્વ દેશી રાજાઓને કેવળ નિરંકુશ બનાવી દીધા હતા અને સમસ્ત દેશી રાજ્યની પ્રજાનું ભવિષ્ય સ્થળ સ્થળના દેશી રાજાઓના હાથમાં સંપૂર્ણપણે સોંપાઇ ચુકયું હતું. આજ સુધી અંગ્રેજ સરકારનો આ દેશી રાજાઓ ઉપર ખુબ અંકુશ હતો. એવો કોઇ અંકુશ નવા હિંદી સંઘની સરકારને પ્રાપ્ત થયો નહોતો. આ આપખુદ સત્તાની અટવીમાંથી દેશી રાજ્યની પ્રજાનો શી રીતે ઉદ્ધાર થશે તે એ સમયે એક મોટો પ્રશ્ન હતો.

પણ આપણી આ નિરાશા પાયાવિનાની અને ઉંડી સમજ–વિહોણી હતી. અંગ્રેજ સરકારનો દેશી રાજાઓ ઉપર અચુક ખુબ અંકુશ હતો જ, પણ એ સર્વ અંકુશનો ઉપયોગ મોટા ભાગે પ્રજાબળ સામે રાજાઓને રક્ષણ આપવા પુરતો જ થતો હતો. નવી સરકાર તરફથી આવું કોઇ પણ રક્ષણ દેશી રાજાઓને હવે મળનાર નથી એવું ભાન થવાની સાથે દેશી રાજાઓના પગ ભાંગવા લાગ્યા, આપખુદીના પાયા પોકળ બનવા લાગ્યા અને નાના મોટા અનેક દેશી રાજ્યો તરફથી પોતપોતાની પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર અપાયાના બનાવો બનવા શરૂ થઇ ગયા. દેશી રાજ્યની પ્રજાઓ પણ અમુક રીતે તો જાગૃત થઇ ચુકી હતી. એવામાં આ બદલાયલી નવી પરિસ્થિતિએ દેશી રાજ્યની પ્રજાઓને નવું ચેતન, નવી તાકાત, નવી હીંમત આપી, રાજાઓની સત્તાનું પોલાપણું પ્રગ્ન પરખી ગઇ, જે જે રાજવીઓ જ્યાં હતા ત્યાં ને ત્યાં જ ટટ્ટાર ઉભા રહેવા માંગતા હતા તેમની સામે પ્રજકીય હીલચાલો શરૂ થઇ ચુકી. આમ કોઇ ગઇ કાલે તો કોઇ આજે–સૌ કોઇ રાજાઓ બહુ ઝડપથી પ્રજાની માંગણીઓ આગળ નમી રહ્યા છે અથવા નમી પડવાની તૈયારીમાં છે, અને આશા બંધાય છે કે કદાચ નિઝામ સિવાય હિંદી સંસ્થાન સાથે જોડાયવું એવું ભાગ્યે જ એક પણ રજવાડું અવશિષ્ટ રહે કે જેણે કાં તો પોતાની પ્રજાને સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર આપ્યું નહિ હોય અથવા તો જે હિંદી યુનીયનના કોઇ પણ એક પ્રાન્તમાં વિલીન બની ગયું નહિ હોય–આવી સ્થિતિએ આપણે બહુ જ થોડા સમયમાં પહોંચી જઇશું.

આ બધી ઘટનાઓમાં ભાવનગરમાં ગયા જાન્યુઆરી માસની ૧૫મી તારીખે સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર સ્થપાયાની જે ઘટના બની છે તે ખરેખર વિલક્ષણ પ્રકારની છે. અલબત્ત જેમ અન્યત્ર તેમ જ ભાવનગરમાં પણ જવાબદાર રાજ્યતંત્ર માટેની લડતનાં વાદળો ઘેરાયે જતાં હતાં. જુનાગઢની નવાબીનો કીલ્લો તુટયા બાદ સૌની આંખો ભાવનગર તરફ મંડાઇ રહી હતી. ભાવનગરના રાજકારણી આગેવાનો આ બાબતમાં અંદર અંદર ચર્ચા કરી રહ્યા હતા અને ભાવનગરની લડત હવે બહુ જલ્દિથી આવે છે એવા ભણકારા ચોતરફ વાગી રહ્યા હતા. પણ પ્રજાના આગેવાનો આ દિશાએ એક પણ કદમ ઉઠાવે, આ સંબંધમાં યુધ્ધને નોતરતી એવી એક પણ નાની સરખી જાહેરાત કરે એ પહેલાં ભાવનગરના મહારાજાના દિલમાં સ્વતઃ એવી ઇચ્છા સ્ફુરી આવી કે કાઠિયાવાડ ખાતે જવાબદાર રાજ્યતંત્ર સ્થાપવાની પહેલ પોતાથી જ કરવી. આ મુજબ પ્રજાના જાણીતા એક આગેવાનને બોલાવીને તેમણે પોતાની આ ઇચ્છા વ્યકત કરી, અને એ ઇચ્છાને અમલી સ્વરૂપ આપવા માટે પોતે જ તુર્ત પ્રવર્તમાન થયા. ગયા ડીસેંબર માસમાં તેઓ જયપુરથી દીલ્હી ગયા,

ભાવનગર પ્રજાપરિષદના પ્રમુખ શ્રી બળવંતરાય ગોપાળજી મહેતાને તેમ જ સરદાર વલ્લભભાઇ પટેલને અને ત્યાર બાદ ગાંધીજીને મળ્યા, જે કરવાનો આશય હતો તેની વિગતો નક્કી થઇ ગઇ, મહારાજાએ ગાંધીજીના આશીર્વાદ મેળવ્યા અને ગયા જાન્યુઆરી માસની ૧૫મી તારીખે સરદાર વલ્લભભાઇ પટેલની હાજરીમાં ભાવનગર મહારાજાએ પોતાની પ્રજાને સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર આપવાની જાહેરાત કરી અને સાથે સાથે એ પ્રસંગને લગતા પોતાના નિવેદનમાં કાઠિયાવાડનું એકમ રચવાની અગત્ય વિષે ઉલ્લેખ કર્યો અને એવા એકમની રચનામાં સહાયભૂત થવા પોતાની ઇચ્છા દર્શાવી. આ રીતે જેને અંગ્રેજીમાં Silent Revolution કહે છે એની મૂક, નિરવ, અહિંસક, સહજસિદ્ધ ક્રાન્તિનું ભાવનગરની પ્રજાએ દર્શન કર્યું. જ્યાં દેનાર તેમ જ લેનાર ઉભય પ્રસન્ન હતા, જ્યાં દેનારનો દેતાં અને લેનારનો લેતાં હરખ સમાતો નહોતો–એવા સુખદ સત્તાવિનિમયનું–રાજકારણની ક્રાન્તિનું–પરમ આલ્હાદક અને ઉભયને અત્યન્ત ગૌરવપ્રદ દર્શન એ પ્રસંગે હાજર રહેવાનું જેને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું એવા જેને જેને થયું તેમણે જીવનની ધન્યતા અનુભવી."

ભાવનગરનું નવું પ્રધાનમંડળ :

ભાવનગર રાજ્યની જવાબદાર રાજ્યતંત્રની જાહેરાતના પરિણામે જ્યાં સુધી નવું બંધારણ રચાય નહિ ત્યાં સુધી રાજ્યનો વહીવટ ચલાવવા માટે શ્રી બળવન્તરાય ગોપાળજી મહેતા, મુખ્ય પ્રધાન, શ્રી જગુભાઇ પરીખ, નાયબ વડા પ્રધાન, શ્રી જાદવજી મેદી, શ્રી ઘનશ્યામલાલ ઠક્કર, તથા શ્રી મનુભાઇ પંચોળી–એમ પાંચ પ્રધાનોનું એક પ્રધાનમંડળ રચવામાં આવ્યું. જાન્યુઆરીની ૨૦ તારીખે આ નવું પ્રધાન મંડળ સત્તારૂઢ થયું અને તે જ દિવસે નવા પ્રધાનમંડળ તરફથી જે જાહેરાતો કરવામાં આવી તે જાહેરાત સાંભળીને પ્રજાના આનંદનો પાર ન રહ્યો અને તે વખતે રાજાને જ માત્ર જવાબદાર હોય તેવા અને પ્રજા સમસ્તને જવાબદાર હોય તેવા પ્રધાન મંડળમાં શું ફરક હોય છે તેનું ભાવનગર રાજ્યની પ્રજાને સૌથી પહેલું ભાન થયું. આ જાહેરાત દ્વારા ૧૯૪૨ ની લડતમાં જપ્ત કરવામાં આવેલી મીલ્કતો પાછી આપવામાં આવી, વેચાયલી–મીલ્કતોનું વળતર આપવાનું ઠરાવવામાં આવ્યું, અને તે લડતના કારણે રાજ્યની નોકરીથી ફારેક કરવામાં આવેલા નોકરોને પાછા લેવામાં આવ્યા. શ્રી પ્રેમચંદ હીરાચંદનો દંડ માફ કરવામાં આવ્યો, શ્રી ઇશ્વરભાઇ હીરાણી ઉપરનો હદપારીનો હુકમ રદ કરવામાં આવ્યો, શ્રી આત્મારામ ભટ્ટ તથા ભગવાન રામસંગ ઉપરના કેસો પાછા ખેંચી લેવામાં આવ્યા, વિધવાઓને માસિક ત્રણ રૂપીઆ આપવાનું ચાલુ, ઘોરણ વધારીને રૂા. ૧૦ નું ઘોરણ સ્વીકારવામાં આવ્યું, 'વેઠનો ધારો રદ કરવામાં આવ્યો, જેલના કેદીઓના વ્યક્તિગત કેસ તપાસીને ઉદારભાવે મુક્તિ તથા માફી આપવાનું જાહેર કરવામાં આવ્યું, મુદ્રણાલયો તથા વર્તમાનપત્રો ઉપરના અણઘટતા અંકુશો રદ કરવાનો તેમ જ અસ્પૃશ્યતા નાબુદ કરવાનો નિર્ણય વ્યક્ત કરવામાં આવ્યો, આવકવેરો મોકુફ કરવામાં આવ્યો, ભાવનગર શહેર સુધરાઇને શહેર સુધરાઇની જમીન વેચાણની ઉપજ લેવાનો, કૃષ્ણનગરની જમીનના લીઝની આવક લેવાનો, મનોરંજક કર વસુલ કર લેવાનો અને બસ સર્વીસ ચલાવવાનો હક્ક આપવામાં આવ્યો, તથા શહેરના રસ્તાઓ, ડ્રેઇનેજ તથા વૉટરવર્કસનું કાર્ય પણ શહેર સુધરાઇને સુપ્રત કરવામાં આવ્યું, રાજ્યના નાનાં નોકરોને પે કમીશનના ધોરણે પગાર વધારી આપવાનું વચન આપવામાં આવ્યું, બેહુન્નરકશાળાઓ, પ્રૌઢ શિક્ષણ વર્ગો તથા ખરીદ વેચાણ સહકારી મંડળો બને તેટલા ઉભા કરવાની જાહેરાત કરવામાં આવી, તેમ જ બેહુન્નર વર્ગને કેટલીક તાત્કાલિક રાહત આપવામાં આવી, જે ગામ કે મહાલમાંથી જે કાંઇ જમીન મહેસુલ વસુલ થઇ હોય તે ગામ કે મહાલના ઉપયોગ માટે તે મહેસુલનો કુલ ભાગ આપવામાં આવશે એમ જણાવવામાં આવ્યું, ગામડાંનો પંચાયતી ધારો સુધારવા તથા મહાલની પંચાયતનો તથા સહકારી મંડળીનો ધારો ઘડવા તથા સુધારવા એક સમિતિ નીમવામાં આવી, અને તેવી જ રીતે શ્રમજીવી મજુરોની પરિસ્થિતિ તપાસીને તેમાં સુધારો થાય તેવાં પગલાંઓ સુચવવા માટે પણ એક સમિતિની નિમણુક કરવામાં આવી. આ ઉપરાંત નવા પ્રધાનમંડળ તરફથી હાલ તુરતમાં ગ્રામોદ્ધાર કાર્ય પાછળ ખરચવા માટે એક કરોડ રૂપીઆની તેમ જ તળીયી રાહત માટે પંદર લાખ રૂપીઆની જાહેરાત કરવામાં આવી તથા ભાવનગર મ્યુનીસીપાલીટીને પંદર લાખ રૂપીઆ, તથા દરેક મહાલની મ્યુનીસીપાલીટીને એક એક લાખ રૂપીઆ આપવામાં આવ્યા.

કાઠિયાવાડના એકમની સ્થાપના અને શરૂઆત સાથે પ્રસ્તુત પ્રધાનમંડળને વિસર્જીત કરવાનું રહેશે એમ છતાં પણ જે થોડા ઘણા દિવસ પોતાને મળે એ દરમિયાન આ નવું પ્રધાનમંડળ ભાવનગર રાજ્યની પ્રજાની અને તેટલી સેવા કરી લેવા કટિબધ્ધ થયું છે. કાઠિયાવાડના સર્વવ્યાપી ઉઘોતની આ રીતે ભાવનગરમાં પ્રાથમિક ભૂમિકા રચાઇ રહી છે. આ માટે નવા પ્રધાનમંડળને આખા કાઠિયાવાડના ધન્યવાદ ઘટે છે.

મુખ્ય પ્રધાન શ્રી બળવંતરાય મહેતા

ભાવનગર રાજ્યના મુખ્ય પ્રધાનના સ્થાને જે વ્યક્તિની નીમણુક કરવામાં આવી છે તે ભાઇ બળવંતરાય મહેતાનો થોડોક પરિચય આપવામાં આવે તો તે અહિં અસ્થાને નહિ ગણાય.

ભાઇ બળવન્તરાયને કેટલાંય વર્ષોથી હું ઓળખું છું. તેઓ મારી પાડોશમાં જ ઉછરીને મોટા થયા છે. તેમની ઉમ્મર આજે પચ્ચાસેક વર્ષની છે. આર્થિક દૃષ્ટિએ બહુ જ સાધારણ ગણાય એવા કુટુંબમાં તેમનો જન્મ થયેલો, અને તેમનું વિદ્યાર્થીજીવન પણ બહુ તેજસ્વી હતું એમ કહી ન શકાય. પણ મૂળથી તેમનામાં સેવાવૃત્તિનાં તત્વો ભરેલાં હતાં. મને ખ્યાલ છે ત્યાં સુધી તેઓ સામળદાસ કોલેજમાંથી બી. એ. થયા બાદ જાહેરજીવનમાં દાખલ થયા; શહેરની વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાઇને કામ કરવા લાગ્યા; પૂનામાં જેવી સરવન્ટ્સ ઓફ ઇન્ડીઆ સોસાયટી છે તેવી જ પંજાબમાં લાલા લજપતરાયે ઘણું ખરૂં 'પીપલ્સ સોસાયટી' નામની એક આજીવન દેશસેવકોની સંસ્થા કાઢી હતી તેના તેઓ આજીવન સભ્ય થયા; આ રીતે તેમણે દેશવ્યાપી રાજકારણમાં પ્રવેશ કર્યો અને ખાસ કરીને દેશી રાજ્યોના પ્રશ્ન ઉપર તેમણે પોતાની સર્વ પ્રવૃત્તિઓ કેન્દ્રિત કરવા માંડી. કાઠિયાવાડના રાજકારણમાં તેઓ અગ્રભાગ લેવા લાગ્યા, સમયાન્તરે સ્ટેટ્સ પીપલ્સ કોન્ફરન્સના તેઓ મંત્રી નીમાયા અને આ ક્ષેત્રમાં શ્રી. પટ્ટાભિ સીતારામય્યાના સાથી અને સહકાર્યકર્તા બન્યા. જેમ જેમ આખો દેશ આઝાદી સમીપ આવતો ગયો તેમ તેમ દેશી રાજ્યોનો પ્રશ્ન વધારે વિકટ બનતો ગયો અને તેમ તેમ ભાઇ બળવન્તરાયને પોતાની કુશળતા દાખવવાનો વધારે ને વધારે અવકાશ મળવા લાગ્યો. સમયાન્તરે અખિલ હિંદના દેશી રાજ્યોના પ્રશ્નો પરત્વે પ્રતિષ્ઠાપાં શ્રી. પટ્ટાભિ સીતારામય્યા પછીનું બીજું સ્થાન ભાઇ બળવન્તરાયનું લેખાતું થયું જ, પણ આ ક્ષેત્રમાં સક્રિય કાર્યકર્તા તરીકે તો તેમણે અગ્રતમ સ્થાન પ્રાપ્ત કર્યું. અખિલ હિંદની લોકપ્રતિનિધિ સભામાં તેઓ દેશી રાજ્યની પ્રજા તરફથી ચુંટાયા; અને તાજેતરમાં ભાવનગર રાજ્યના મુખ્ય પ્રધાન નીમાવા સાથે દેશી રાજ્યોની સમસ્યાના એક નિષ્ણાત પુરૂષ તરીકે કોંગ્રેસની કારોબારીમાં પણ તેમની નીમણુક કરવામાં આવી છે. ભાઇ બળવન્તરાયનો આ ઉત્તરોત્તર ઉત્કર્ષ શૂન્યમાંથી શિખરે પહોંચ્યા જેવો હોઇને કોઇને પણ આદરમુગ્ધ કરે તેવો છે. તેમના આ ઉભય પ્રકારના વિશિષ્ટ પદારોહણ પાછળ તેમનામાં કોઇ અત્યન્ત તેજસ્વીતા કે અસાધારણ કાર્યકુશળતા છે એમ કહેવું વધારે પડતું લેખાય. તે પાછળ તો છે તેમનું વિશુદ્ધ

ચારિત્ર્ય, એકધારું જીવન, ત્રીશ ત્રીશ વર્ષની અખંડ તપસ્યા, જે કાર્ય લીધું તેને મજબુતીથી ચોંટી રહેવાપણું, અખંડ ધૈર્ય અને ઉંડા દિલની તમન્ના, નિરાશ બનીને હીંમત હારી બેસવાની ચોખ્ખી ના, ધ્યેયસાધના ખાતર ગમે તેવાં અપમાનો ગળી જવા જેટલી ગંભીરતા અને ગરવાપણું, સાચા સેવકને શોભે એવી સભ્યતા, ધીરજ, નમ્રતા અને વાણીસંયમ. ભાઇ બળવન્તરાય સાથે મૈત્રીનો સંબંધ હોવાથી આટલા પ્રશંસાના ઉદ્‌ગારો કાઢતાં હું સંકોચ અનુભવું છું. ભાઇ બળવંતરાયે આજના રાજકારણી ક્ષેત્રમાં પ્રાપ્ત કરેલું સ્થાન કેવળ સ્વોપાર્જિત છે. અને મેં એ પણ જોયું છે કે ફૂલો આવતાં આંબો નીચો નમતો જાય એ લોકોક્તિ અનુસાર ભાઇ બળવંતરાય જેમ જેમ પોતાના જીવનમાં ઉત્તરોત્તર વિશિષ્ટ **સ્થાન** પ્રાપ્ત કરતા ગયા છે તેમ તેમ તેમની શક્તિ તેમ જ આન્તર્ગત યોગ્યતા પણ વધતી જ ગઇ છે. તેથી જે આજે તેઓ ભાવનગરના મુખ્ય પ્રધાન છે, અને કોંગ્રેસ કારોબારીના સભ્ય છે તો પૂર્વે કદિ નહિ અનુભવેલું એવું આત્મગૌરવ, પ્રાકૃતિક ગંભીર્ય અને વાણી ઉપરનું પ્રભુત્વ તેમનામાં આપણને આજે જોવા નિહાળવા મળે છે. એક કાળે આપણે અન્ય દેશોના મહાપુરૂષોનાં ચરિત્ર વાંચી આપણી જાતને ઘડવાના પ્રયત્નો કરતા હતા; આજે આપણા જ દેશમાં અનેક વિશિષ્ટ પુરૂષો પાકી રહ્યા છે; જેને જોઇને આપણી છાતી ફુલાય છે, અને જેના લીધે આપણે પોતાની જાતને ગૌરવશાળી માનીએ છીએ. ભાઇ બળવન્તરાય આપણા દેશની એવીજ એક વિશિષ્ટ વ્યક્તિ છે. તેમને આપણ સર્વનાં અન્તરના અભિનન્દન અને ધન્યવાદ!

નાયબ વડા પ્રધાન શ્રી જગુભાઈ પરીખ

ભાવનગર રાજ્યના પ્રધાનમંડળમાં ભાઇ બળવન્તરાય પછી બીજું મહત્વનું સ્થાન ભાઇ જગુભાઇ પરીખનું છે. જગુભાઇ પરીખ જૈન છે, ભાવનગરના જ વતની છે, બી. એ. એલ. એલ. બી. છે, ભાવનગરમાં કેટલાંક વર્ષોથી વકીલાત કરે છે, અને ભાવનગર પ્રજાપરિષદના એક વિશિષ્ટ કાર્યકર્તા છે. ભાઇ બળવન્તરાયની અપેક્ષાએ જગુભાઇ નવા કાર્યકર્તા લેખાય, પણ તેમની તેજસ્વી કાર્યકુશળતા તેમ જ કોઇ પણ વિષય પરત્વે તેમની અનુપમ નિરૂપણ શક્તિને લીધે તેમનું ભાવનગર રાજ્યમાં તો અગ્રસ્થાન છે જ, પણ આખા કાઠિયાવાડમાં પણ તેઓ એક મહત્વનું સ્થાન ધરાવે છે–He is a great man in making–તેમનામાં મહત્તા નિર્માણ થઇ રહી છે–આમ કહેવામાં જરા પણ અતિશયતા નથી. જે જૈન સમાજ ભાવનગર તેમ જ કાઠિયાવાડના વિશાળ રાજકારણને ચરણે આવો એક ઉત્તમ કોટિનો કાર્યકર્તા ધરી શકે તે જૈન સમાજ પણ પોતા વિષે પરમ ગૌરવ ચિન્તવવાનો અધિકારી બને છે. નાતજાતના ભેદ વિના વિશાળ જનતાની સેવામાં જાતને ધરી દેવી–આ જ સાચું જૈનત્વ છે, અને એ રીતે જગુભાઇ સાચા જૈન છે. તેમને પણ અન્તરનાં અનેક અભિનન્દન!

કાઠિયાવાડની કાયાપલટ

ભાવનગરની પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર મળવા બદલ આપણે અભિનન્દન આપીએ ન આપીએ તેટલામાં તો આખા કાઠિયાવાડની કાયાપલટ નિર્માણ થઇ રહેલ છે. ૨૦૦–૨૫૦–નાનાં મોટાં દેશી રાજ્યના સીમાડાના જે ભૂમિ ઉપર જાળાં બાઝ્યાં હતાં તે સર્વ જાળાં એક સાથે સાફ થઇ જાય અને હિંદી સરકારના અન્ય પ્રાન્તો માફક કાઠિયાવાડ પણ એક સર્વસામાન્ય હકુમતવાળો પ્રાન્ત બની જાય એ કોઇ સાધારણ ઘટના ન કહેવાય. કાઠિયાવાડના સર્વ રાજાઓએ નવા કરારનામા ઉપર સહી કરીને પોતપોતાની અંગત હકુમતને વિસર્જિત કરવા કબુલ કર્યું છે. કાઠિયાવાડના નાના મોટા રાજવીઓમાંથી એક પ્રમુખ મંડળ (Presidium) ઉભું કરવામાં આવ્યું છે. આ પ્રમુખમંડળ પાંચ રાજવીઓનું બનાવવામાં આવ્યું છે. જામસાહેબ અને ભાવનગરના મહારાજા આ મંડળના સ્થાયી સભ્યો બને છે. કરારનામામાં સામેલ થનારા રાજવીઓની એક રાજવી સમિતિ ઉભી કરવામાં આવે છે અને આ રાજવી સમિતિના જામનગર અને ભાવનગર સિવાયના સભ્યોને ઉપર જણાવેલ પ્રમુખમંડળ માટે પાંચ વર્ષ માટે બે પ્રતિનિધિઓ ચુંટવાનો તેમ જ પ્રમુખમંડળના પ્રમુખ અને ઉપપ્રમુખ ચુંટવાનો હક્ક આપવામાં આવે છે અને બીજા સલામી રાજ્યોના રાજવીઓને પ્રસ્તુત પ્રમુખમંડળ માટે એક પ્રતિનિધિ ચુંટવાનો અધિકાર આપવામાં આવે છે. આ રીતે રાજવી સમિતિએ પ્રમુખમંડળનાં પ્રમુખ તરીકે જામસાહેબને અને ઉપપ્રમુખ તરીકે ભાવનગર મહારાજાને તેમ જ બે સભ્યો તરીકે ધ્રાંગધ્રા તથા પાલીતાણાના રાજવીઓને અને બીજા સલામી રાજ્યોના રાજવીઓએ પ્રમુખમંડળના પાંચમા સભ્ય તરીકે કોટડાસાંગાણીના રાજવીને નીમેલ છે. આ નીમણુંક ચાલુ વર્ષના ફેબ્રુઆરીની પહેલી તારીખથી પાંચ વર્ષ માટે કરવામાં આવી છે. આ પ્રમુખમંડળના પ્રમુખને રાજપ્રમુખ તરીકે ઓળખવામાં આવશે અને તેમનો હોદ્દો, ફરજો અને પગાર વગેરે કોઇ પણ અન્ય પ્રાન્તના ગવર્નર જેવો રહેશે. આ રાજપ્રમુખને કાઠિયાવાડનો રાજ્યવહીવટ કરવામાં મદદરૂપ બનવા માટે તથા સલાહ આપવા માટે પ્રધાનોની એક સમિતિ–કાઉન્સીલ–ઉભી કરવામાં આવશે. આ પ્રધાનોની સમિતિ ઉભી કરવા માટે જે કાઠિયાવાડના મતદારમંડળે હિંદની લોક પ્રતિનિધિ સભા માટે પ્રતિનિધિઓ ચુંટીને મોકલ્યા છે તે મતદારમંડળની સભા બોલાવવામાં આવે અને તે સભા પ્રજા પક્ષના મુખ્ય નેતાની ચુંટણી કરે એમ ઠરાવવામાં આવ્યું છે. આ મુજબ તા. ૨૯–૧–૪૮ ના રોજ કાઠિયાવાડ મતદાર મંડળની એક સભા બોલાવવામાં આવી હતી અને આ સભાએ જાણીતા આગેવાન શ્રી. ઢેબરભાઇની પ્રજાપક્ષના આગેવાન તરીકે ચુંટણી કરી છે અને શ્રી. ઢેબરભાઇ તરફથી થોડા સમયમાં કાઠિયાવાડની વચગાળાની પ્રધાન સમિતિની જાહેરાત થવા સંભવ છે. આ સાથે કાઠિયાવાડ આખાને લાગુ પડતું બંધારણ ઘડવા માટે એક લોકપ્રતિનિધિ સભા અથવા તો બંધારણ સભા પણ ઉભી કરવામાં આવનાર છે. આ સભા વધારેમાં વધારે ૪૫ સભ્યોની બનશે. આ સભ્યો શી રીતે નક્કી કરવામાં કે ચુંટવામાં આવશે તે હજુ જાહેર કરવામાં આવેલ નથી.

આ સર્વ ફેરફારોને અંગે કાઠિયાવાડમાંથી રજવાડાઓની જટિલશાહી વિસર્જિત થશે. આખું કાઠિયાવાડ જે હવે પછી સંયુક્ત સૌરાષ્ટ્રના નામે ઓળખાશે તે એક વહીવટ, એક ન્યાયપદ્ધતિ, એક પોલીસ અને એક લશ્કર વાળી સર્વસામાન્ય હકુમત નીચે આવશે અને આજ સુધી જે પ્રજા નાની મોટી હકુમતોની આપખુદી નીચે કચડાયલી અને રૂંધાયલી હતી તે પ્રજાને માટે પ્રગતિનાં અનેક દ્વારો ખુલ્લાં થશે અને તે પ્રજાના જીવનમાં નવા પ્રાણનો–અવનવી સ્વાતંત્र्यस्फुर्तिનો–સંચાર થશે. કાઠિયાવાડના ઇતિહાસમાં કોઇ કાળે એકછત્રી રાજ્ય હતું કે નહિ તે વિષે અને ચોક્કસ ખ્યાલ નથી, પણ ભૂતકાળમાં એવો કોઇ એકછત્રી રાજ્યનો યુગ કાઠિયાવાડમાં આવી ગયો હોય તો પણ તે રાજ્ય કોઇ પ્રજાસત્તાક કે લોકશાસિત તો નહોતું જ. લોકોને–સમસ્ત પ્રજાને–જવાબદાર લોકપ્રતિનિધિઓના રાજ્યતંત્રની કાઠિયાવાડના ઇતિહાસમાં આ સૌથી પહેલી શરૂઆત થઇ રહી છે. કાઠિયાવાડના–સૌરાષ્ટ્રના–ઉદયનો રવિ ઉગી રહ્યો છે અને કાઠિયાવાડના અપૂર્વ ભાવીની આગાહી આપી રહ્યો છે. પ્રજાના સેવકોએ કાઠિયાવાડ વિષે સેવેલાં કંઇ કંઇ સ્વપ્નાંઓ આજે સફળ થવાનો સમય પણ આવી લાગ્યો છે. આ સમય આટલો જલ્દિ આવશે, અને આપણી નવરચના સ્થાપિત હિતો ધરાવતા રાજાઓ અને મહારાજાઓ સાથે કશા પણ ઘર્ષણ વિના ઉભી થઇ શકશે એ કોઇની પણ કલ્પનામાં સંભવનીય લાગતું નહોતું. પણ કાળની ગતિને કોણ પામી શક્યું છે? જુનાગઢ પડ્યું અને એક ફીલ્લો તુટ્યો; ભાવનગર મહારાજાએ સ્વેચ્છાએ સત્તાસમર્પણ કર્યું અને બીજો ફીલ્લો તુટ્યો; નાના મોટા છગ–

પ્રચંચની નિરર્થકતાનું ભાન થતાં અને આવતા વેગને ખાળી શકવાનું હવે શકય નથી એવી પ્રતીતિ થતાં જનમસાહેબ પણ પલટાવા અને ત્રીજે ફાલ્લો પડયો. આ પછી તો કોની તાકાત છે કે કાઠિયાવાડને આઝાદ બનતા–આપબુદીની દીવાલોને જમીનદોસ્ત કરતાં–અટકાવી શકે? કાઠિયાવાડ આજે સ્વાધીન કાઠિયાવાડ બને છે; સૌરાષ્ટ્ર આજે ખરેખર સુરાષ્ટ્ર બને છે. કાઠિયાવાડના–સૌરાષ્ટ્રના–પ્રજાજનો આજે જેટલો આનંદ માને તેટલો ઓછો છે. સ્વત્વને પામતા કાઠિયાવાડને સમસ્ત હિંદના સાદર અભિનંદન છે. જય કાઠિયાવાડ! જય સૌરાષ્ટ્ર!!

જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ: વાર્ષિક અધિવેશન

આ મંડળનું વાર્ષિક અધિવેશન તા. ૧૫–૧૨–૪૭ ના રોજ ડો. ભૂલચંદજીના પ્રમુખપણા નીચે બનારસ ખાતે મળ્યું હતું. પ્રારંભમાં વાર્ષિક નિવેદન, વાર્ષિક કાર્યવિવરણ તથા હિસાબ રજુ કરવામાં આવ્યા હતા જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ કેટલાક મહત્વપૂર્ણ પ્રસ્તાવ કરવામાં આવ્યા હતા. જેનો સાર નીચે મુજબ છે.

જૈન સાહિત્ય સંમેલન ભરવાનો ગત વાર્ષિક સભાનો ઠરાવ કાર્યાન્વિત કરવા માટે એક સંમેલનસમિતિ નીમવામાં આવેલ છે જેને આવતા ઓકટોબર માસ સુધીમાં યોગ્ય સ્થાન ઉપર જૈન સાહિત્ય સંમેલન ભરવાનો પ્રબંધ કરવાની સત્તા આપવામાં આવી છે: આ પ્રસ્તાવો અનુસાર આવતા ઓકટોબર માસ સુધીમાં એક જૈન સાહિત્ય સંમેલન ભરવાનું નકકી કરવામાં આવ્યું છે અને આ માટે દેશના જુદા જુદા વિભાગોમાં વસતા જાણીતા ૧૩ જૈન વિદ્વાનોની એક સંમેલન સમિતિ નીમવામાં આવી છે. તદુપરાન્ત જુદી જુદી યુનીવર્સીટીઓમાં જૈન સંસ્કૃતિ વ્યાખ્યાનમાળાઓ યોજવાની અને તેના અનુસંધાનમાં વ્યાખ્યાતાઓને યોગ્ય પુરસ્કાર આપવાની તથા પ્રસ્તુત વ્યાખ્યાનો યોગ્ય આકારમાં પ્રગટ કરવાની પ્રવૃતિ હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને આ ઠરાવનો અમલ કરવા માટે પાંચ વિદ્વાનોની એક ઉપસમિતિ નીમવામાં આવી છે. તદુપરાન્ત એક જૈન પારિભાષિક કોષની યોજના તૈયાર કરવા માટે મહામહોપાધ્યાય પંડિત વિધુશેખર ભટ્ટાચાર્યને વિનંતિ કરવાનો અને તેની યોજના નિર્ણીત થયે વિદ્વાનોના સહકારથી આવો કોષ તૈયાર કરવાનું ઠરાવવામાં આવ્યું છે. આ ઉપરાંત એક લાંબા ઠરાવ દ્વારા ગ્રંથપ્રકાશનની એક યોજના રજુ કરવામાં આવી છે.

જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ આ પ્રસ્તાવો અનુસાર પોતાનું કાર્ય આગળ ને આગળ ધપાવતું રહે અને જૈન સમાજ તેને પુરો આર્થિક તેમ જ અપેક્ષિત સર્વ પ્રકારનો સહકાર આપે એવી અન્તરની શુભેચ્છા અને પ્રાર્થના છે. **પરમાનંદ**

ગયા બાપુ!

મોટા ધરનો મોભ તૂટયો આ?
કે બ્રહ્માનુનો કૂવાથંભ?

ફાટયો પ્રહાડનો પ્રહાડ હિમાલય?
કે આ કો ઘોર ભૂકંપ?

બની ભોગ ગાંધી વિનાની?
તૂટી! હાય દાંડી ધરાની!

સાગર આખો ઘોર ખેડીને
નાથ્યા ઝંઝાવાત,

હાથવેંત જ્યાં આવ્યો કિનારો,
ત્યાં આ શો રે આઘાત!

ખરાબે લાવી પછાડી
વિભૂ તેં નાવ હમારી.

ગયાં બાપુ? ઋત ગયુ શું?
ગયાં પ્રેમ ને ત્યાગ?

ગયા ગાંધી! સત્ય ગયું શું?
ગયાં શીલ સુહાગ?

મનુકુલભાણુ ભૂંસાયો!
ધરાનો પ્રાણુ હણાયો!

'પ્રજાબંધુ'માંથી ઉધ્ધૃત **સ્નેહરશ્મિ.**

મૂર્તિમન્ત માનવતા

સ્વ૦ ડો. વ્રજલાલ ધ. મેઘાણીની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે એક સ્મરણાંજલિ

સં. ૧૯૮૧માં સદ્‌ગત ડો. મેઘાણીએ શ્રી દશા શ્રીમાળી વણિક જ્ઞાતિહિતનું માસિક 'જાગૃતિ' શરૂ કરેલું. એ શરૂ થયા પછી એકાદ–બે વર્ષે એ માસિકના અંગે જ મારે તેમને પહેલવહેલાં મળવાનું થયેલું. એ અરસામાં હું શેગાંવ (વરાડ) રહેતો. ત્યાંથી મુંબઈ આવવાનું થતાં ગોળપીઠા પરના સોમજી બીલ્ડીંગમાં તેમના રહેઠાણે જઈને મળેલો. એ અમારી પ્રથમ મુલાકાત. ત્યાર પછીના બે ત્રણ વરસો દરમિયાન તો જ્યારે મુંબઈ આવવાનું થતું ત્યારે પ્રસંગોપાત મળવા પૂરતા જ અમે પરિચયમાં આવેલા, પરંતુ સં. ૧૯૮૫ ના આસો માસમાં, મુખ્યત્વે તેમના જ પ્રયત્નોથી શ્રી. અમૃતલાલ દલપતભાઈ શેઠના પ્રમુખપદે, મુંબઈમાં 'શ્રી કાઠિયાવાડ દશા શ્રીમાળી વણિક યુવક પરિષદ' બોલાવવામાં આવેલી. તેને અંગે પરિષદ પહેલાં અને પરિષદ પછી તેમનાં સાથે કામ કરવાનું મળતાં અમે ઘણા જ નજીક આવ્યા. અને પછી તો મારે મુંબઈમાં વસવાનું થતાં અને વિચારોના સામ્યને લીધે એ નિકટતા એટલી તો વધી કે, ભાઈઓમાં મોટા એવા મને, બાંધણના ભાઈથી પણ અધિક એવો, એક મોટો ભાઈ જ મળેલો.

આ વિશ્વમાંથી તેમણે અકાળે વિદાય લીધાને આજે સં. ૨૦૦૪ના પોષ વદ ૪ના દિને–એક વર્ષ પુરું થશે; તેમનો ચિરવિયોગ થયાના આ એક વર્ષ દરમિયાન જેમ કેટલીયે વખત બન્યું છે તેમ, આજે પણ તેમની સાથેના વીશ વર્ષના દીર્ઘ પરિચયનાં અનેક મીઠાં અને વેધક સ્મરણોની પરંપરા, એક ચલચિત્ર પેઠે, મનઃચક્ષુ સામે રજૂ થાય છે અને સમગ્ર ચિત્તતંત્રને હલાવી મૂકીને શોકાતુર બનાવે છે!

કેવાં ભવ્ય અને પુનિત છે એ સ્મરણો!

'વણિક યુવક પરિષદ' જેવું કોઇ સામાજિક કાર્ય હોય યા મુંબઇની કોઇ અંધારગલીની કાળકોટડીમાં સબડતાં શ્રમજીવીઓનો સવાલ હોય, સંજોગોનો શિકાર બનીને એકાંદ ભૂલ કરી બેઠેલી કોઇ બાળવિધવાના 'મુંઝાયલા માતૃત્વ'નો સવાલ હોય યા અસમાન શિક્ષણ–સંસ્કાર ધરાવતા દંપતીનાં 'નંદવાતાં હૈયાં'નો સવાલ હોય, 'કાયદાના આંધળા અમલ' નો સવાલ હોય યા શ્રીમંતોના પાડોશમાં રહેતા ગરીબોની વિટંબણાનો સવાલ હોય, ટૂંકમાં માનવજીવનને સ્પર્શનારો અને માનવજીવનમાં ભાગ ભજવનારો કોઇ પણ નાનો યા મોટો સવાલ હોય તેને નિરખવાની ડો. મેઘાણી પાસે 'માનવતા' ભરી એક વિશિષ્ટ દૃષ્ટિ હતી. જીવનને અને જીવનપ્રસંગોને માપવાનો તેમના પાસે ગજ હતો 'માનવતા'નો.

તેમના જીવનનું મુખ્ય પ્રેરણાબળ હતું 'માનવતા'નું અને બાળામાં પરોવાયેલા દોરાની પેઠે તેમના સમગ્ર જીવનને આવરી રહેલો–તેમની રગેરગે વ્યાપી રહેલો–મુખ્ય જીવનભાવ હતો 'માનવતા'નો !

અને કેટલું કુણું હતું તેમનું હૈયું ! મહાત્માઓના હૈયા વિષે કહેવાયું છે કે, તે 'वज्रादपि कठोराणि मृदुनी कुसुमादपि ।' ('વજ્રથી પણ અતિ કઠણ, પુષ્પથી પણ કોમળ') હોય છે. ડૉ. મેઘાણી કદાચ મહાત્મા ભલે નહોતા–ભલે એક સામાન્ય સંસારી જ હતા, પરંતુ તેમનું હૈયું 'પુષ્પથી પણ કોમળ' હોવાની પ્રતીતિ મને અને તેમના સંપર્કમાં આવનારાઓને અનેક વાર મળી છે. મુનિસિપાલિટીમાં નોકરી કરતાં, ફરજ પાલનના અંગે શહેરના વિવિધ વર્ગો અને બધાય થરના લોકોના સંપર્કમાં તેમને આવવાનું થતું. અને માનવતાભરી જાયત દૃષ્ટિના લીધે એ સંપર્કમાંથી જાત જાતના અનેક અનુભવો અને પ્રસંગો તેમના પાસે એકઠા થયા હતા. ઘણી વખત તેઓ કહેતા કે, મ્યુનિસિપાલીટીમાંથી નિવૃત્ત થયા પછી આ બધા અનુભવો મારે જગત સમક્ષ મૂકવા છે. અને કયારેક એ અનુભવ-પ્રસંગોમાંથી કેટલાક વર્ણનો પણ બતાવતા. પીડાયેલા, દબાયેલા, દીન–દલિત–દુઃખીઓનાં એ દુઃખવર્ણનના અંતે, પારકાં દુઃખે દુઃખી થનારું તેમનું કોમળ હૈયું દ્રવિત થઇને આંખો દ્વારા ટપકી પડતું–તેમની આંખો સજળ બનતી. અને સહૃદય સાંભળનારની આંખોને પણ સજળ બનાવતી. આવી કોઇ પ્રસંગકથા પૂરી કર્યા પછી, બીસામાંથી રૂમાલ કાઢીને, સજળ થયેલાં નેત્રો લૂછી રહેલા ડૉ. મેઘાણીની કરૂણાર્દ્ર મૂર્તિ આ લખતી વખતે પણ આંતરચક્ષુ સામે તાદૃશ ખડી થાય છે અને એ પુનિત દર્શન આજે પણ આંખ ભીની બનાવે છે.

હંસોહાંસ માનવતાભર્યું કોમળ હૈયું ધરાવનાર ડૉ. મેઘાણી ચારિત્ર્યશુદ્ધિનો આગ્રહ અને ચારિત્ર્યપ્રેમ પણ એટલો જ ઉત્કટપણે ધરાવતા. આજે જ્યારે યુવક–યુવતીની લગ્ન વય વધારવાની હિમાયત સર્વસામાન્ય થઇ ગઇ છે અને તેનાથી વિરૂધ્ધ વાત કહેનારની ગણતરી જુનવાણી કે ભદ્રંભદ્રમાં થાય છે ત્યારે, જુનવાણીમાં ખપવાનું જોખમ ખેડીને પણ, આજના યુવક–યુવતીઓના જીવન અને વર્તનના સૂક્ષ્મ નિરીક્ષણાન્તે તેઓ બેધડકપણે કહેતા કે, "વિકારથી ભરપુર જીવનવાળાના લગ્ન મોડાં કરો કે વહેલાં કરો તેમાં કાંઇ ફેર પડતો નથી. વિકાર લગ્નની કાળમર્યાદાને ભાંગી નાખે છે. અને સંયમ લગ્નના કાંઠે બેઠેલાને પણ વિકારથી દૂર બેસવી નાખે છે.... અગાઉ અને અત્યારના જીવનની નીતિમત્તામાં ઘણો ફેર દેખાય છે. અગાઉ સંયમ સુલભ હતો, આજે નથી. અગાઉ માણસ વિકારથી વિવશ થઇને ભાન નહોતો ભૂલતો, આજે વિવશતા સામાન્ય છે. છતાં આપણે જગતને કહીએ કે મોટી ઉમરે—અતિ મોટી ઉમરે—લગ્ન કરવાથી સંસારમાં વિકાર ઘટયો છે, પ્રજાનું માનસ સુધર્યું છે અને પ્રજા પ્રગતિ તરફ વળી છે તો તેમાં કેટલું સત્ય છે એ તો સમય જ કહેશે !" ('લગ્ન અને લગ્નની વય ?' : 'પ્રબુદ્ધ જૈન' વર્ષ ૫ મું અંક ૧-૨ જો.)

આ સંબંધે બીજા પણ એક બે પ્રસંગો અહીં યાદ આવે છે એક કન્યાશાળાના વાર્ષિક મેળાવડામાં નિમંત્રિત પ્રેક્ષક તરીકે અમે સાથે થઇ ગયેલા. આજકાલના પવન મુજબ કન્યાઓના નાચ વગેરેનો કાર્યક્રમ પણ એ મેળાવડામાં હતો. એક નાનકડી બાળાનો નાચ–કે જે ઠીક ઠીક શૃંગારિક હતો–પૂરો થયા પછી પ્રેક્ષકો પૈકી એક વિદ્યાર્થીનો 'તું મોટી થઇશ એટલે તને જ પરણીશ' એવો ગણગણાટ અમારા કાને પડયો. મેળાવડો પૂરો થયા પછી સૌ વિખરાયા ત્યારે વ્યથિત ભાવે ડૉ. કહે છે કે, "ધીરૂભાઇ, આપણો સમાજ કયાં જઈ રહ્યો છે ? કન્યાઓને નચાવીને આપણો સમાજ શું સાધવા માગે છે ? આ તે કેળવણી છે ? આ શિક્ષણપદ્ધતિ અને આ શિક્ષણસંસ્થાઓમાંથી આપણે ભવિષ્યની સીતા–સાવિત્રીઓ યા જીજીબાઇ કે લક્ષ્મીબાઇઓ નિપજાવવી છે ?"

આવો જ એક બીજો પ્રસંગ એક જાહેરબબરનો છે. ઘાટકોપરના રસ્તા ઉપર એક વખત અમે સાથે ચાલ્યા જતા હતા. એ ગામડામાં (અલબેલી મુંબઇના મુકાબલે તો ઘાટકોપર ગામડું જ ને !) ભર બજારે સાડીઓ રંગવા છાપવાવાળાની એક મોટી જાહેરબબર અમે જોઇ. જાહેરબબર કરનારાએ પોતાના કારખાનાની જાહેરાત કરવા માટે મોટા બે અર્ધનગ્ન નારી દેહો એ જા. ખ. માં ચીતરાવીને રજુ કર્યા હતા. કોઇ પણ શિષ્ટ જોનારને સાચે જ ઘૃણા ઉપજાવે અવી એ જા. ખ. જોતાં ડૉ. મેઘાણીની સાત્વિકતા તો ધવાયા વિનાની રહે જ શાની ? જેટલી વ્યથાપૂર્વક કન્યાઓના પેલા નાચ પરત્વે તેમણે ટીકા કરી હતી તેટલી જ વ્યથાપૂર્વક આ જા. ખ. વિષે પણ મને તેઓ કહે છે, "ધીરૂભાઇ, આ ભલા કારખાનાવાળાને પોતાની જા. ખ. માટે અર્ધનગ્ન નારી દેહો રજૂ કરવાનું જ વધારે કાર્યસાધક લાગ્યું ! આના કરતાં તો ધોધમાર વરસતા વરસાદની વચ્ચે સરસ મજાનું મેઘધનુષ ચીતરાવ્યું હોત અને નીચે લખ્યું હોત કે, 'અમારા કારખાનામાં મેઘધનુષ જેવા આકર્ષક અને ધોધમાર વરસાદથી પણ ન ધોવાય એવા પાકા રંગો થાય છે'. તો જા. ખ. કેટલી દીપી નીકળત ?'

આ બે નાનકડા પ્રસંગો પણ ડૉ. મેઘાણીની વિશુદ્ધ જીવનદૃષ્ટિ અને શીલ–સંયમ–ચારિત્ર્ય પ્રીતિ કેટલી સહજ રીતે અને કેટલી બુલંદ રીતે વ્યકત કરી જાય છે ?

ડૉ. મેઘાણીને સામાજિક, ધાર્મિક અને કેળવણીના પ્રશ્નોમાં ખાસ રસ હતો અને તે અંગેના તેમના વિચારો બળવાખોર હતા. પણ વિચારે બળવાખોર હોવા છતાં વ્યવહારે–વર્તને તેઓ એટલા જ સૌમ્ય હતા–કડક ટીકાકારને તો 'મોળા' યા શિથિલ' લાગે એટલા સૌમ્ય હતા. નિકટ પરિચય નહિ ધરાવનારને અને માત્ર દૂરથી જ જોનારને ભ્રાંતિમાં નાખનાર તેમની આ સૌમ્યતાની પાછળ પણ કોઇને ન દુઃખવવાની કે કોઇને નારાજ ન કરવાની તેમની કોમળ ભાવના તથા અનેકાંતવાદની ઉંચી સમજણ જ મુખ્યત : કારણરૂપ હતી એ વાતની સાક્ષી તેમના અંતરને ઓળખનાર મારા જેવો તેમનો કોઇ પણ અંતેવાસી અવશ્ય આપી શકે. અને તેમની આ સૌમ્યતાના સદ્‌ગુણ થકી જ તેઓ જાણે કે જુના અને નવા, જહાલ અને મવાળ, સનાતની અને સુધારક, ગરીબ અને તવંગર વગેરે વર્ગદ્વંદ્વો વચ્ચે એક કડી રૂપ બની રહેતા.

નમ્રતા પણ તેમનામાં એટલી જ ભારોભાર ભરેલી હતી. સારા એવા વિચારક અને ચિંતનશીલ લેખક હોવા છતાં કોઇના પણ અભિપ્રાયની આંધળી અવગણના કરવાનું તેમના સ્વભાવમાં જ નહોતું. એક નાના બાળક પાસેથી પણ નવું જાણવા–સમજવાને તેઓ સદૈવ તત્પર રહેતા. અભ્યાસે અને ઉમરે મારાથી ઘણા મોટા હોવા છતાંયે પોતાનાં લખાણો છપાયા પહેલાં ઘણી વખત મને વાંચવા આપે અને અભિપ્રાય પણ પૂછે. અને હું જો કંઇ સુધારો સૂચવું તો તેના પર અવશ્ય વિચાર કરે અને સુધારે પણ ખરા. અરે ! કેટલીક વખત તો, હું શરમાઇ જાઉં અને મુંઝાઇ પણ જાઉં એટલી હદે, સુધારા વધારા કરવાના 'સર્વ હક' મને સોંપી દેતાં પણ અચકાતા નહિ. મારા તરફની મમતા અને સહજ સ્વાભાવિક નમ્રતા જ તેમને આમ કરવા પ્રેરતી.

સદાય ચિંતનપરાયણ અને અંતરાભિમુખ તેમનું જીવન હતું. જ્યારે પણ મળે ત્યારે હાથમાં એકાદ ઉત્તમ પુસ્તક હોવાનું જ. લોકલની રાહ જોતાં પ્લેટફોર્મ ઉપર ગાળવી પડતી થોડી મિનિટોનો પણ વાંચનમાં ઉપયોગ કરી લેતા હોય જ. આટલા બધા વાંચન-રસીયા, અભ્યાસપ્રેમી અને પુસ્તકચુંબક હોવા છતાં જ્યારે પણ ભેગા થઈ જાય ત્યારે બધું બાજુએ મૂકીને અને દિલ ખોલીને વાતો કરવાનું ન જ ચૂકે. અને વાતો પણ કેવી ! દેશની કે દુનિયાની, સમાજની કે ધર્મની, સાહિત્યની કે શિક્ષણની, સંયમની કે

સંસ્કારની જ! મારા આટલા લાંબા પરિચયમાં પણ આ સિવાય બીજી કોઈ વાતો કરતાં મેં તેમને સાંભળ્યા નથી એમ લગભગ નિરપવાદપણે કહી શકાય. ક્યારેક તો રસ્તે ચાલતાં છૂટા પડવાનું આવે ત્યાં ઉભા રહીને વાતો કરતાં અરધો કલાક કલાક નીકળી જાય અને જાણે જુદા પડવાનું મન જ ન થાય. શી તેમના હૃદયની વિશદતા, વિશાળતા અને પ્રેમળતા હતી!

અને શું તેમનું કુટુંબવાત્સલ્ય! કેવી વિષમ પરિસ્થિતિ વચ્ચે પોતે અભ્યાસ કરેલો એની ક્યારેક વાત કરતા ત્યારે કહેતા કે, 'હું જ્યારે કૉલેજમાં અમદાવાદ ભણતો ત્યારે આર્થિક સ્થિતિ એવી તંગ હતી કે, એક બાધો રૂપિયો કાયમ બીસામાં રાખી મૂકતો—મહીનાઓ સુધી તેને ન વટાવતો. કારણ કે સહાધ્યાયીઓ સાથે ક્યારેક ફરવા હરવા જઈએ ત્યારે કશાક ખર્ચના પ્રસંગે વિવેક અને સ્વમાનને ખાતર રૂપિયો કાઢીને ધરવા થાય–માત્ર ધરવા થાય અને મિત્રો વચ્ચે એ રીતે માનભેર રહેવાય!' આવી રીતે અભ્યાસ કરીને પોતે ડૉક્ટર થયા, કામધંધે લાગ્યા અને પતિ-પત્ની બંનેયે ખૂબ સાદાઈ, સેવાભાવ અને કરકસરથી રહીને જીવન ચલાવતાં એક ભાઈને ધંધે લગાડયા અને એથી નાના બે ભાઈઓને કૉલેજ સુધીનું ઉચ્ચ શિક્ષણ આપીને એક ભાઈને B. Sc. બનાવ્યા અને બીજા ભાઈને M. B. B. S. ડૉક્ટર બનાવીને વધુ અભ્યાસ માટે વિલાયત મોકલ્યા. પછી તો ધીરે ધીરે આર્થિક સ્થિતિ ઘણી સુધરી, પરંતુ પોતાની સાદાઈમાં જરા પણ ફેર પડવા દીધા સિવાય જીવનની છેલ્લી ઘડી સુધી પુરૂષાર્થપરાયણ જ રહ્યા અને સુધરેલી આર્થિક સ્થિતિનો ઉપયોગ નજીકના અને દૂરના કુટુંબીજનોને તથા સ્નેહીઓને ઉપયોગી થવામાં જ કરતા રહ્યા. 'હું ને મારી વહુ, તેમાં આવી ગયું સહુ.' ના આજના એકલપેટા જમાનામાં પંડ ઘસીને પણ પોતાનાને અને પારકાને ઉપયોગી થવાની આ ઉદાર અને ઉમદા વૃત્તિ કેટલી વિરલ કેવી અવિસ્મરણીય અને જેની સરખામણી ન કરી શકાય એવી ભવ્ય છે

જીવનમાં મોજશોખ કે એશઆરામ જેવી તો જાણે કે કોઈ વસ્તુ જ તેઓ જાણતા નહોતા. પારકાનાં કામ પોતાનાં માનીને, પોતાના કામના અને આરામના ભોગે પણ તે કરી આપવાને સદાય તત્પર રહેવું એ જ જાણે કે એમના જીવનની મોટામાં મોટી મોજ અને મોટામાં મોટો શોખ હતાં, એવાં 'કામ' કરવાં એ જ જાણે કે એમનો 'આરામ' હતો.

અને તેમની ધાર્મિક સહિષ્ણુતા! અજબ હતી એ તો! દેરાવાસી–સ્થાનકવાસી યા જૈન–જૈનેતર જેવા ભેદ તો તેમના અંતરમાં નહોતા જ નહોતા, પરંતુ હિંદુ-મુસલમાન જેવા ભેદ પણ તેમને સમજતા નહોતા. પ્રસંગોપાત થતી ચર્ચામાં ઘણી વખત તેઓ કહેતા કે, "એક વણિક વણિક જ રહીને મહમદ પેગંબરનો—ઇસ્લામનો અનુયાયી કાં ન થઇ શકે? અને એક મુસલમાન મુસલમાન જ રહીને જૈન કે સનાતનધર્મી કાં ન થઇ શકે? ધર્મ એ તો માનવીનો અંગત સવાલ છે—માનવીના અંતરાત્માનો સવાલ છે. જેને જે ધર્મનું તત્વજ્ઞાન પચે કે ઋચે એ ધર્મનો તે પોતાને કહેવડાવે—આખરે તો માણસે 'ધર્મ' પાળવો છે ને? તેમાં આટલી ખેંચતાણ, આટલી મારામારી અને આટલી કાપાકાપી શી? ધર્મને અને નાતને કે જ્ઞાતને લાગે વળગે શું? ધર્મ એ તો ઇન્સાન અને તેના અલ્લાહ કે ઇશ્વર વચ્ચેનો સવાલ છે. એ સવાલે માણસ વચ્ચે વિખવાદ શા માટે જગાડવો જોઇએ?"

હું તેમના પરિચયમાં આવ્યો ત્યારથી માંડીને છેક છેલ્લે સુધી, એટલે એકધારા વીસ વર્ષો સુધી, તેમના આ વિચારો મેં સાંભળ્યા છે અને સત્કાર્યા છે. પણ ઓહો! પ્રભુની લીલા કેવી અકળ છે!! હિંદુ–મુસલમીનમાં જે માનવી કશો જ ભેદ માનતો નથી બલકે એ બે વચ્ચે જે બંધુભાવ જ અનુભવે છે અને પામ્યો છે તે માનવીના પ્રાણ, જેને તે બંધુ માને છે એવો એક કોમી વિદ્વેષથી ભાન ભૂલેલો કોઇ મુસલમાન લે છે! આને શું માનવું? કર્મનો કયો કાયદો આમાં કામ કરી ગયો? પણ માનવબુદ્ધિ આનો જવાબ આપી શકવા કદાચ અસમર્થ છે. કર્મની ગતિ ગહન છે! પરિમિત બુદ્ધિ–શક્તિ ધરાવનાર આપણે તો, ઘાટકોપર ઉપાશ્રયમાં મળેલી શોક સભામાં સદ્‌ગત ઝવેરચંદભાઇ મેઘાણીએ કહ્યું હતું તેમ, માનવું રહ્યું કે, 'કોમી હુતાશન શાંત કરવા માટે પવિત્રમાં પવિત્ર લોહીની આહુતિ જરૂરી હશે અને એવું એક પવિત્ર લોહી ડૉ. મેઘાણીનું હશે.'

શરૂમાં જેનો ઉલ્લેખ છે તે શ્રી દ. શ્રી. વણિક યુવક પરિષદ બોલાવવા અંગેના પ્રચારકાર્ય પ્રસંગે ડૉ. મેઘાણીએ એક સૂત્ર રચીને ઉચ્ચાર્યું હતું કે—

મરદ તો મોખરે ચાલે,
પ્રભુને શિર પરે રાખી,
મરદ તો મોખરે ચાલે!

આ સૂત્ર માત્ર પ્રચાર સૂત્ર નહોતું પણ જાણે કે એ તો એમનું જીવનસૂત્ર જ હતું. કોમી અશાંતિના દિવસોમાં ઘણા સ્વજનો કહેતા કે 'ડૉ. હમણાં આ અશાંતિના દિવસોમાં એ જોખમી લત્તામાં ફરજ પર જવાનું બંધ રાખોને!—ચોડાં અઠવાડિયાની રજા લઇ લો ને!" ત્યારે જવાબમાં તેઓ કહેતા કે, "હું એમ કરું તો બીજાઓ પણ મારું અનુકરણ કરે અને એમ થાય તો શહેર–સ્વાસ્થ્ય–રક્ષાના કામને ધોકો પહોંચે, કે જેમ ન થવા દેવાની મારી ફરજ છે." અને પોતાની આ વિચારસરણીને અથેતિ વફાદાર રહી ફરજપાલનના મોખરે ચાલીને તેમણે પોતાના પ્રાણની આહુતિ આપી.

ક્યારેક એની વાત નીકળતી ત્યારે ડૉ. કહેતા કે, "ધીરૂભાઇ, જીવનના છેલ્લા શ્વાસ સુધી કામ કરતાં કરતાં, સ્વાવલંબનપૂર્વક અને સ્વમાનપૂર્વક જીવાય તો કેવું સારું!" અને હું તેમની એ અભિલાષામાં સાથ પૂરાવતો. સાચ્ચેજ તેઓ તો, સમરક્ષેત્રે ઝુઝતા કોઇ એકલવીર રણજોદ્ધાની પેઠે, કર્તવ્યક્ષેત્રે ઝુઝતા ઝુઝતા બખ્તર સોતા જ પોઢયા.

જનારની પાછળ જવાતું નથી અને કોઈ જાય તોય ગળાતું નથી. નહિ તો જેની પાછળ જવાનું મન થાય–જેમને અનુસરવાનું મન થાય એવા એ 'મહાજન' હતા, 'મહાજન'ના સાચા અર્થમાં 'મહાજન' હતા. કોઇ ભાનભૂલ્યા જલ્લાદની કાતિલ છૂરીએ એ 'મહાજન'ને આપણા પાસેથી ઝુંટવી લીધા અને સમાજ એટલો ગરીબ બન્યો.

'પ્રબુદ્ધ જૈને' પોતાના ગ્રાહકોને બહુ ઓછી કીંમતે આપેલ, તેમના વાર્તાસંગ્રહ 'આળાં હૈયાં' ના ઉઘડતા પાને તેમણે સૂત્ર ટાંકયું છે કે, "માનવીની ભવ્યતાનું દર્શન તો તેના સ્વાર્પણની પળે જ થાય." જીવનના છેલ્લા શ્વાસ સુધી જેનું સમગ્ર જીવન જ 'સ્વાર્પણની એક અખંડધારા' સમું અને 'મૂર્તિમંત માનવતા' સમું હતું એવા એ મહાનુભાવ સગદ્‌ગત ડૉ. મેઘાણીના અવિનાશી ભવ્યાત્માને, આજની તેમની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે, આટલી આ યત્કિંચિત સ્મરણાંજલિ સહ અનેકાનેક પ્રણિપાત હજો!!!

ઘાટકોપર
પોશ વદ ૪ ગુરૂવાર ધીરજલાલ પરમાનંદ શેઠ
૨૦૦૪

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૨૦

મુંબઈ: ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૮ રવિવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

Farewell, Mad World

સ્વ ર્ગા રો હ ણ



તા. ૨-૨-૪૮ અમેરિકાના શીકાગો ડેઈલી ટ્રીબ્યુનમાં પ્રગટ થયેલ ચિત્ર ઉપરથી સૂચિત

ગાંધીજીના પુણ્ય સ્મરણમાં

મહાત્મા ગાંધીજીના કરૂણ અવસાન પરત્વે હિંદી સરકાર તરફથી કરવામાં આવેલા બે પ્રસ્તાવો તા. ૨-૨-૪૮ ના રોજ સરકારી ગેઝેટની ખાસ આવૃત્તિમાં પ્રગટ કરવામાં આવ્યા છે. આ બન્ને પ્રસ્તાવો અત્યન્ત મહત્વના હોઇને તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે.

સરકારી પ્રસ્તાવ-૧

મહાત્મા ગાંધીજીનું જે પ્રકારે મૃત્યુ નીપજ્યું છે તે પ્રકારનું મૃત્યુ વેરઝેર અને હિંસાના જે આસુરીબળો આપણાં દેશગતિમાન અને ક્રિયમાણ થઇ રહ્યાં છે અને જે આસુરી બળો દેશને મળેલી આઝાદીને જોખમાવી રહ્યાં છે તથા દેશના ઉજ્જ્વળ નામને કલંકિત કરી રહ્યાં છે તે આસુરી-બળોનો એક અતિ ગંભીર, તત્કાળ વિચારણીય સૂચક પુરાવો છે. આ આસુરી બળોને અને તેટલી તાકીદથી અંકુશ તળે લાવવા જોઇએ અને નાબુદ કરવા જોઇએ, માત્ર આ રીતે જ હિંદ પોતાના નિયત માર્ગે પ્રગતિ કરી શકશે અને પોતાના ધ્યેયને સાધી શકશે. આ પ્રયત્નમાં સફળતા મેળવવા માટે પ્રજાના ઐચ્છિક સાથ અને સહકારની અત્યન્ત આવશ્યકતા રહે છે. આ દિશાએ સત્વર પગલાં ભરવામાં આવે અને સરકાર પોતાની ફરજ અદા કરે એમ હિંદી પ્રજાની બહુ મોટી બહુમતી માંગી રહી છે-એ વિષે સરકારને લેશ માત્ર શંકા છે જ નહિ. આ ઉપરથી સરકાર દૃઢતાપૂર્વક અને ન્યાયનીતિ અનુસાર કામ લેવા ધારે છે અને આશા રાખે છે કે પ્રજા આ દિશાએ પુરેપુરો સહકાર આપવા સાથે કાયદાનો અમલ કરવાનું પોતાના હાથમાં નહિ લેવા પુરતી જરૂર ખામોશી દાખવશે. હિંસા કે કોમી વેરઝેરનો પ્રચાર કરતા કોઇ પણ સંસ્થાને હિંદમાં આજે લેશ માત્ર સ્થાન હોઇ શકે જ નહિ. તેથી આવી કોઇ પણ સંસ્થાને કોઇ પણ સંયોગોમાં નીભાવી લેવામાં આવશે નહિ. કોઇ ખાનગી લશ્કરો ચલાવી લેવામાં આવશે નહિ. સરકાર સર્વે નાગરિકોને અને ખાસ કરીને કોઇ પણ અધિકાર ઉપર નિયુક્ત થયેલા સરકારી નોકરોને આદેશ કરે છે કે તેઓ પોતાના ચાલુ વર્તન વ્યવહારમાં આ ધોરણને સ્વીકારે અને સરકારની આ બાબતને લગતી નીતિને મજબુતીથી વળગીને વર્તન કરે.

સરકારી પ્રસ્તાવ-૨

હિંદ ઉપર અને આખી દુનિયા ઉપર એક અણધારી અને પ્રજાજીવનમાં મહાન ક્ષોભ પેદા કરનારી અત્યન્ત કરૂણ આફત ઉતરી આવી છે. ૩૦ મી જાન્યુઆરીની સાંજે પાંચ વાગ્યા બાદ તુરતમાં જ એક ખુનીના કરપીણ હાથે માનવજાતને જે જીવનની અસાધારણ ઉપયોગીન હતી અને જે જીવન છેલ્લાં પચ્ચાસ વરસથી હિંદના ભાવીનું નિર્માણ કરી રહ્યું હતું તે અમૂલ્ય જીવનનો અન્ત આવ્યો. રાષ્ટ્રના પિતા, પ્રજાના પ્રિયતમ, અહિંસાના પયગંબર, સન્તસમ્રાટ, સુલેહશાન્તિના સંદેશવાહક, આઝાદીના અભૂતપૂર્વ સૈનિક, અને સર્વથી વિશેષ દરિદ્ર, દીન અને દલિતોના સાથી અને મિત્ર મહાત્મા ગાંધી જે પ્રાર્થનામાં તેમનો સંદેશો સાંભળવા માટે તેમના દેશબંધુઓ હંમેશાં સાંજે ટોળે ટોળાં મળીને જતા હતા તે પ્રાર્થનાસ્થળ ઉપર જતાં મૃત્યુ પામ્યા. રાષ્ટ્ર ઉપર ઉતરી આવેલી આ કરૂણતમ આફત જોઇને સાંજનો સૂર્ય શોકવ્યાકુળતા અનુભવતો તુરતમાં જ આથમી ગયો.

હિંદી જનતામાં સુલેહશાંતિ અને એકતા સ્થાપવા ખાતર પોતાના અવશિષ્ટ જીવનનું બલિદાન આપવાનો નિશ્ચય એ ગાંધીજીનું છેવટનું મહાન કાર્ય હતું. જાન્યુઆરીની ૧૮ મી તારીખે લોકો તરફથી દેશમાં કોમી એકતા સ્થાપવાની ગંભીર પ્રતિજ્ઞા લેવાતાં તેમણે શરૂ કરેલા ઉપવાસનું પારણું કર્યું હતું અને હિંદે છુટકારાનો દમ ખેંચ્યો હતો. હિંદનું સૌથી મહાન અને ઉમદા પુત્રરત્ન આપણી વચ્ચેથી વિદાય થયેલ છે અને દુનિયા તેમના પરલોકવાસ પરત્વે શોકવ્યાકુલ બની રહી છે અને તેમની મહાન જીવનસિદ્ધિઓને અને તેમના આત્માની ભવ્યતા ઉપર અન્તરની અંજલિઓ વરસાવી રહી છે. દુઃખવ્યાકુળ બનેલી હિંદી સરકાર જેમણે લાખો માણસોને પ્રેરણા આપી છે અને પરમ પુરૂષાર્થ અને સદ્ધર્મનો માર્ગ દાખવ્યો છે તે પોતાના મહાન નેતા વિષે ગૌરવ અને કૃતજ્ઞતા અનુભવે છે. જીવતાં તેમ જ મરતાં તેમના મોઢા ઉપરનું હાસ્ય કદિ વિલય પામ્યું નહોતું. તેઓ સદા શાન્ત અને સ્થિતપ્રજ્ઞ સાધુજન હતા. સૌ કોઇના માટે તેમના દિલમાં અપાર પ્રેમ ભરેલો હતો. સત્ય અને અહિંસાનું તેઓ મૂર્તિમન્ત સ્વરૂપ હતા. માણસ માણસ વચ્ચે ન્યાય અને સહિષ્ણુતા-વૃત્તિની સ્થાપના થાય એ માટે જ સતત યુદ્ધ કરતાં રહેવું એ જ તેમનું જીવન હતું.

હિંદી સરકાર મહાત્મા ગાંધીને સાદર વન્દન કરે છે, અને તેમના જીવનનું અધુરું રહેલું કામ પુરું કરવા માટે બનતા સર્વ પ્રયત્નો કરવાનો પોતાનો નિશ્ચય જાહેર કરે છે. તેમને મન કર્તવ્ય-ધર્મનો આદેશ સૌથી વધારે મહત્વની વસ્તુ હતી અને દેશની આજની પરિસ્થિતિ ધ્યાન લઇને હિંદી પ્રજા એ જ પ્રકારનું ધૈર્ય, જીવનદર્શન, શ્રદ્ધા, સત્યોપાસના અને સહિષ્ણુતા-સમભાવ-અભય આચરણ દાખવે એવી આશા રાખવામાં આવે છે. આ રાષ્ટ્રવ્યાપી શોકાવસરમાં પણ હિંદી સરકાર ગાંધીજીની કર્તવ્યપરાયણતાને બરોબર લક્ષ્યમાં રાખવા અને કરૂણ છાયા રાખીને તેમ જ પોતાના ચિત્તને લક્ષ્યસ્થાન ઉપર નિશ્ચળપણે ટેકવીને ભવિષ્યનો સામનો કરવા હિંદી પ્રજાને આગ્રહ કરે છે. જે અસત્ય અને હિંસાનાં આસુરી બળો આપણી વચ્ચે ક્રિયમાણ થઇ રહ્યાં છે અને હિંદના અણમોલા ધનભંડારને લુપ્ત કરવામાં જેમણે સફળતા પ્રાપ્ત કરી છે તે આસુરી બળોના સામના કરવામાં સરકારને તેમણે પુરેપુરી મદદ કરવી જોઇએ.

ગાંધીજીના આત્માની જ્યોત જે આજે હિંદી પ્રજાના તેમ જ આખી માનવજાતના જીવન ઉપર પ્રકાશ પાથરી રહી છે અને એ મુજબ હંમેશા પ્રકાશ પાથરતી રહેશે તેની ઉજ્જ્વળતામાં આ હીચકારા કૃત્યે ઓર વધારો કર્યો છે. જે હિંદને તેઓ દિલના અટલા ઉંડાણથી ચાહતા હતા અને જે હિંદની તેમણે આટલી નિષ્ઠાપૂર્વક અવિરતપણે સેવા કરી હતી તે હિંદની તેમનો દિવ્ય આત્મા રક્ષા કરશે અને દોરવણી આપશે. હિંદ અને તેના આત્માનો સંદેશ ગાંધીજીના ભવ્ય વ્યક્તિત્વમાં મૂર્તિમન્ત બન્યા હતા. આપ હોવાથી આપણે ગાંધીજીને અને હિંદને વફાદાર બનીએ અને તેમના મનોરાજ્યમાં હિંદની જે કલ્પના હતી તેવા હિંદનું નિર્માણ કરવા માટે આપણે સર્વથી બનતુ કરી છુટીએ! અનુવાદક **પરમાનંદ.**

× × ×

તા. ૪-૨-૪૮ બુધવારના રોજ માધવબાગમાં મુંબઇના સમગ્ર જૈનોની એક જાહેર સભા શ્રી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ, સ્થાનકવાસી જૈન તીર્થક્ષેત્ર સમિતિ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તથા જૈન સમાજના કેટલાક જૈન આગેવાનોની સહીથી બોલાવવામાં આવી હતી. આ સભાનું પ્રમુખસ્થાન મુંબઇની પ્રાન્તિક ધારાસભાના પ્રમુખ શ્રી. કુંદનમલજી ફીરોદીયાએ લીધું હતું. સભાનું કામકાજ શરૂ કરવાની શ્રી. દામજી જેઠાભાઇ તરફથી વિનંતિ થતાં પ્રારંભમાં સભાના પ્રમુખ સાહેબે અને ત્યાર બાદ સભા સમક્ષ અનુક્રમે રજુ કરવામાં આવેલા બે પ્રસ્તાવો ઉપર શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, ચીમનલાલ ચકુભાઇ શાહ, ભવાનજી અરજણ ખીમજી, અમૃતલાલ કાળીદાસ, પરમાનંદ કુંવરજી કાપડીઆ, ખીમચંદ મનલાલ વોરા, મણીલાલ જેમલ શેઠ તથા વેણીબહેન કાપડીઆએ પ્રસંગોચિત વિવેચનો કર્યા હતાં. પ્રસ્તુત સભામાં પસાર કરવામાં આવેલા પ્રસ્તાવો નીચે મુજબ હતા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
વાર્ષિક સામાન્ય સભા

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૨-૨-૪૮ રવિવારના રોજ બપોરના ૩ વાગે કાલબાદેવી રોડ ઉપર આવેલા દહેણુકર બીલ્ડીંગમાં પહેલે માળે બોમ્બે સીલ્ક મરચન્ટસ્ એસોસીએશનના હોલમાં મળશે જે વખતે નીચેનું કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) મહાત્મા ગાંધીજી વિષે શોકપ્રસ્તાવ.

(૨) સદ્‌ગત બ્રજલાલ ધ. મેઘાણીના તૈલચિત્રનું અનાવરણ

(૩) વાર્ષિક વૃત્તાન્ત તથા આવક જાવકનો હીસાબ અને સરવૈયું

(૪) નવા વર્ષનું અંદાજપત્ર

(૫) પ્રમુખ, ઉપપ્રમુખ, બે મંત્રીઓ, કોષાધ્યક્ષ તથા કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચુંટણી

(૬) હીસાબ અન્વેષકની નીમણુક

સંઘના સર્વે સભ્યોને વખતસર હાજર રહેવા અને પોતપોતાનું વાર્ષિક લવાજમ રૂા. ૫) સાથે લાવવા વિનંતિ કરવામાં આવે છે.

મણિલાલ મોકમચંદ શાહ
દીપચંદ ત્રીભોવનદાસ શાહ
વેણીભાઇ વિનયચંદ કાપડીઆ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

પ્રસ્તાવ ૧

મુંબઇમાં વસતા સમગ્ર જૈનોની આજે મળેલી સભા તા. ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના અત્યંત કરૂણ અવસાન પરત્વે ઉંડા શોક અને વેદનાની લાગણી પ્રદર્શિત કરે છે. કેટલાક સમયથી કોમી વેરઝેરની તિવ્ર લાગણીઓથી સંક્ષુબ્ધ બની રહેલા આપણા દેશમાં સુલેહ, શાંતિ અને એકતા ફેલાવવા ગાંધીજી અહર્નિશ અથાગ મહેનત કરી રહ્યા હતા અને સ્થળે સ્થળે આ મહાન હેતુ પાર પાડવા પરિભ્રમણ કરી રહ્યા હતા. જે સમયે આખા દેશને તેમજ સમસ્ત દુનિયાને ગાંધીજીની અનિવાર્ય જરૂર તેમજ ઉપયોગીતા હતી તેવી કટોકટીના વખતે આપણને ગાંધીજીની પડેલી ખોટ કોઇ કાળે ન પૂરાય તેવી અસહ્ય બની છે. તેમણે અહિંસાના સિદ્ધાંતને જગદ્‌વ્યાપી તેમ જ જીવનસ્પર્શી સ્વરૂપ આપ્યું હતું અને આજની વિનાશના માર્ગે ધસી રહેલી દુનિયાને અહિંસા સિવાય ઉદ્ધારનો અન્ય કોઇ માર્ગ નથી એમ હિંદ તેમ જ જગતભરના લોકોને સ્પષ્ટ રીતે સમજાવ્યું હતું. હિંદને એ જ માર્ગે આઝાદી અપાવી અહિંસાના અમોઘ સામર્થ્યનો દુનિયાને તેમણે સાક્ષાત્કાર કરાવ્યો હતો. અનેકાંતવાદ તેમ જ પરિગ્રહમર્યાદાના સિદ્ધાંતની ઉપર સતત ઉપદેશ તેમજ તદનુસાર વર્તન દ્વારા દુનીયાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ચારિત્ર્યશુદ્ધિ ઉપર પણ તેઓ સદૈવ ભાર મૂકતા આવ્યા હતા અને નિર્ભયતા તો તેમના જીવનમાં પગલે પગલે અનુભવગોચર થઇ રહી હતી. આવી મહાન વિભૂતિને ગુમાવતાં આપણા દેશને મોટી ખોટ સહન કરવી પડી છે. આજની આ સભા આપણું આ રાષ્ટ્રપિતાને દીનભાવે વંદન કરે છે અને આ દેશ ઉપર તેમના આશીર્વાદ સદા વરસતા રહો એવી પ્રાર્થના કરે છે.

પ્રસ્તાવ ૨

વ્યવસ્થિત યોજનાના પરિણામે એક આડે રસ્તે દોરવાયેલ વ્યક્તિના હાથે મહાત્મા ગાંધીજીના પ્રાણની હાનિ નીપજી છે તે અત્યંત દુઃખદ, શોચનીય તેમ જ હિંદી પ્રજાને શરમાવનારી છે. આવા હિચકારા ક્રૂર કૃત્યને આ સભા વખોડી કાઢે છે.

મહાત્મા ગાંધીજીની હત્યાની ઘટના કોમી વેરઝેરની વિકૃત લાગણીઓમાંના કલુષિત વાતાવરણમાંથી પેદા થવા પામી છે અને હિંદને વર્તમાન વિષમ સંયોગોમાંથી પસાર થઇ એક રાષ્ટ્ર તરીકે ટકી રહેવું હોય તો આ ઝેરી વાતાવરણને સર્વથા નાબુદ કરવું જરૂરી છે એમ આ સભા માને છે અને આ દિશાએ હિંદી સરકાર તેમ જ કોંગ્રેસ જે પગલાં ભરે તેને પુરો સાથ અને સહકાર આપવાની આ સભા તરફથી ખાત્રી આપવામાં આવે છે.

જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય?

(ગતાંકથી ચાલુ)

ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં જ ભગવાન મહાવીરનો જન્મ થયો હતો, અને તે તપપ્રધાન સંસ્કૃતિએ જ તેમને દિવ્યદૃષ્ટિ આપી હતી. મહાવીરે દિક્ષા લીધા પછી ઉગ્ર તપશ્ચર્યા કરી અને તેના ફલસ્વરૂપ દિવ્યજ્ઞાન તેમને પ્રાપ્ત થયું. એમ લાગે છે કે મહાવીરની આ તપશ્ચર્યાએ તત્કાલીન સમાજમાં આશ્ચર્ય ઉત્પન્ન કર્યું હોય. આવી ઉગ્ર તપશ્ચર્યાને ફલરહિત બતાવવાવાળા અને એ માર્ગને લક્ષિત કરીને દેહદમનની અતિશયતાને ખંડિત કરતા વિવાદો આપણે બૌદ્ધ પીટકોમાં જોઇએ છીએ. સાથે સાથે એવો નિષ્કર્ષ પણ કાઢી શકાય છે કે સર્વજ્ઞત્વનો વાદ તે સમયમાં જ શરૂ થયો હતો. વ્યક્તિ સર્વજ્ઞ થઇ શકે કે નહિ તે વિષય પર વિદ્વાનોમાં તીવ્ર મતભેદ છે અને વર્તમાન જૈન સમાજમાં પણ આ પ્રશ્ન પૂર્વવત્ વિવાદાસ્પદ જ રહ્યો છે. મહાવીરના અનુયાયીઓએ મહાવીર પાસેથી 'સર્વજ્ઞત્વ' પ્રાપ્ત કર્યું તે સત્ય છે. આનો વિરોધ પાલી ગ્રન્થોના મઝિઝમનિકાયમાં સ્પષ્ટ છે. તેનાથી એક વાત સિદ્ધ થાય છે કે ભગવાન મહાવીરે જરૂર કોઇ અસાધારણ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, જે; તે સમયમાં ચમત્કારજનક ગણાયું હોય. જે વિષયમાં મતભેદ કે તે 'સર્વજ્ઞત્વ' નો વિષય અને તે છે માટે એટલું જ કહી શકાય કે તે મતભેદ વ્યક્તિગત હોવાથી પ્રત્યેક વ્યક્તિએ પોતે જ સંપૂર્ણ રીતે વિચાર કરવાની આવશ્યકતા છે.

જીવનશોધનનું પ્રથમ કાર્ય કર્યા પછી ભગવાન મહાવીરે પોતાની પરંપરામાં થોડુંઘણું શોધન કર્યું અને અન્ય તત્ત્વજ્ઞાન તથા આચારના અનુયાયીઓમાં જે મિથ્યા આચાર અને ભિન્ન વિચાર હતા તેનું સંશોધન કર્યું. તેમ જ સુદૃઢ તત્ત્વજ્ઞાન સાથે સુદૃઢ સમાજનું પુનરુત્થાન પણ તેમણે કર્યું,

પ્રત્યેક સમાજમાં કોઇક, એવું મૂલતત્વ હોય છે, જેની ઉપર તે સમાજ સ્થિર રહે છે. અને સમાજનું એ જ તત્વ વિશિષ્ટ-રીતથી તેનું નિયામક બની રહે છે. ચાતુવર્ણ્ય, માતૃસાવર્ણ્ય, પિતૃસાવર્ણ્ય, શ્રમજીવન, સમાજવાદ, પૂંજીવાદ, લોકરાજ અને અન્ય અનેક તત્વોથી આપણે પરિચિત છીએ. તે દુનિયાના જુદા જુદા દેશોના સમાજના મૂલતત્વ હતા. બ્રાહ્મણોએ સ્થિર કરેલા વૈદિક સમાજમાં ચાતુવર્ણ્ય સંસ્થા દૃઢ થઇ હતી. ભલે તેનું મૂળસ્વરૂપ ગમે તેટલું ઉચ્ચ લેખાયું હોય, પણ તે સંસ્થા વિષમતા નિર્માણ કરી ચુકી હતી અને તે કારણસર જ મહાવીરે જન્મમૂલક ચાતુર્વર્ણ્ય સંસ્થાનો નિષેધ કર્યો અને એક 'ધાર્મિક'

સમાજ ચતુર્વિધ સંઘના તત્ત્વ પર વ્યવસ્થિત કર્યો.

એ વાત સાચી છે કે ભગવાન મહાવીરના આ નવા સમાજમાં બ્રાહ્મણ વર્ગ ઓછો સામેલ થયો. બ્રાહ્મણોની કક્ષા ઉતરતી મનાવા લાગી અને ક્ષત્રિય જ્યારે નેતા બન્યા ત્યારે એ સ્વાભાવિક હતું કે બ્રાહ્મણ આ સમાજમાં ભળી શકયા નહિ. મહાવીરના નવા સંઘમાં વિશેષકરીને ક્ષત્રિય અને વૈશ્ય વર્ગ શામિલ થયો, બ્રાહ્મણ-વર્ગ તો, ત્યારે શામિલ થયો કે જ્યારે યુકિતવાદોથી તેઓનાં તત્ત્વોનું ખંડન કરવામાં આવ્યું, પરિણામસ્વરૂપ આપણે જોઇએ છીએ કે મહાવીરના પરમ શિષ્ય ગણધરો પ્રથમ વૈદિક બ્રાહ્મણ હતા, પાછળથી તેઓ જૈન થયા. એટલું બનવા છતાં પણ બ્રાહ્મણ-વર્ગે પોતાનું સ્થાન છોડયું નહિ. તેઓનું મતપરિવર્તન કેવી રીતે કર્યું તે વાતોની શોધ જો કે થઇ નથી તો પણ 'ગણધરવાદ' જેવા આગમોમાં અને દૃંતકથાઓમાંથી જે નિષ્કર્ષ મળે છે તે ચિન્તનીય છે. કર્મવાદનો સિદ્ધાન્ત જે વૈદિક અને બૌદ્ધ બન્નેને માટે નવો હતો તે પ્રથમ ભગવાન પાર્શ્વનાથે અને પછી ભગવાન મહાવીરે જ પ્રરૂપણ કર્યો. મહાવીરના પહેલાના જમાનામાં જે વૈદિક સાહિત્ય (પ્રાચીન) નિર્માણ થયું હતું તેમાં કર્મસિદ્ધાન્તની બહુ જુજ ઠેકાણે પ્રરૂપણા કરવામાં આવી છે. એમ છતાં પણ જે કાંઇ ઉલ્લેખો કરવામાં આવ્યા છે તે વિચારણીય તો છે જ. પરંતુ બૃહદારણ્યક ઉપનિષદમાં યાજ્ઞવલ્કય સાથેનો આર્તભનો જે સંવાદ આવે છે તેમાંના કેટલાક ભાગ જોતાં માલુમ પડે છે કે યાજ્ઞવલ્કય કર્મસિદ્ધાંતનું ઉચ્ચારણ ઘણી ગંભીરતાથી કરે છે અને આ બાબત ગુપ્ત રહે અને સાર્વજનિક ચર્ચાનો વિષય બની ન જાય એમ સૂચવતા લાગે છે. આ ઉપરથી એમ અનુમાન થાય છે કે ઉપનિષદ કાળમાં આ તત્ત્વ અવૈદિક દાર્શનિકોદ્વારા વૈદિક દાર્શનિકોને મળ્યું હતું જે રહસ્યસ્વરૂપમાં હતું છતાં તેમને ચિન્તનીય લાગ્યું હતું. બૌદ્ધ ધર્મે પણ કર્મના સિદ્ધાન્તના મૂળને પકડી લીધું તેનું શ્રેય જૈન ધર્મને ઘટે છે.*

કર્મસિદ્ધાન્ત જૈનોનો જ હતો અને એ સિદ્ધાન્તને જૈનોએ એટલો બધો પલ્લવિત કર્યો હતો કે દુનિયાના કોઇ પણ સાહિત્યમાં આ તત્ત્વ વિષે આટલું બધું વિવેચન કરવામાં આવ્યું નથી. ભગવાન મહાવીરના સમયમાં અને તેમના કાળધર્મ પામ્યા બાદ જે આગમગ્રંથ રચવામાં આવ્યા છે એમાંથી કર્મસિધ્ધાન્ત પરત્વે જે ઉપલબ્ધ ભાગ આપણને મળે છે તેના અધ્યયન ઉપરથી આપણને માલુમ પડે છે કે આવો વિસ્તૃત અભ્યાસ કોઇ એક કાળ કે કોઇ એક વ્યક્તિનો હોઇ શકે નહિ. પણ અનેક વિદ્વાનોએ અનેક સદીઓમાં જે નિદિધ્યાસ કરવામાં આવેલ છે તેનું આ ફળ છે.

કર્મસિધ્ધાન્તની સાથે જ એક બીજો મહાન સિદ્ધાન્ત હતો જેને જૈન ધર્મનો પરમવિશિષ્ટ સિધ્ધાન્ત કહી શકાય. આગળ આપણે જોઇ ગયા છીએ કે ઉપનિષદોમાં આત્મવાદની ચર્ચા સ્થળે સ્થળે કરવામાં આવી હતી અને વિવિધ પ્રકારના નવા પ્રશ્નો વિશ્વચિંતકોની સામે ઉત્પન્ન થયા હતા, જગતના મૂળકારણને શોધી લેવાની આ પ્રવૃત્તિ જેટલી મહાન હતી એટલી વિવિધ પણ હતી અને નવીન પ્રકારના નિષ્કર્ષ પર આ ચિન્તકો પહોંચી ચુકયા હતા. જગતની નિત્યતા કે અનિત્યતા, એકકારણત્વ કે અનેકકારણત્વ, ચેતનમૂલકારણત્વ કે અચેતનમૂલકારણત્વ, જીવ અને શરીરનો ભેદ કે અભેદ ઇશ્વરવાદ, કે અનીશ્વરવાદ, સત્‌વાદ કે અસત્‌વાદ, જેવા અન્ય અનેક વાદો પુષ્કળપ્રમાણમાં વધી પડયા હતા કે વિવિધ ચિન્તકોએ તેને ઉકેલવાનો પ્રયત્ન કર્યો હતો. ભગવાન બુધ્ધ કે જે જીવનશોધન ઉપર અત્યધિક લક્ષ દેતા હતા, તેમને પણ વિશ્વશોધકોના અન્યાન્ય પ્રશ્નોના ઉત્તર દેવાની ફરજ પડી. ઉપનિષદોનો શાશ્વતવાદ અને વિવેચકોનો ઉચ્છેદવાદ એ બન્નેનો ભોગ ન બનતા તેમણે જો કે વિભજ્યવાદ અંગીકાર કર્યો, તો પણ વિધાયક ઉત્તર દેવામાં તે અસમર્થ રહ્યા. જીવનશોધકોને તેમણે સ્પષ્ટ આદેશ આપ્યો કે તેઓ આ વાદોથી અલિપ્ત રહે, અને પોતાના વાસ્તવિક પ્રશ્નો પર કે જે વર્તમાન જીવન સાથે ખાસ સંબંધ ધરાવે છે તે ઉપર પોતાનું લક્ષ્ય એકત્રિત કરે.

ભગવાન મહાવીરે આ અધુરું કામ પુરું કર્યું. માનવજીવન જીવનશોધનમાં ત્યારે સંતુષ્ટ રહી શકે છે કે જ્યારે તે સંસારની આ ગુંચવણમાંથી કોઇને કોઇ રીતે પાર પામે છે. ભગવાન મહાવીરે પણ કેવળ શાશ્વતવાદ કે કેવળ ઉચ્છેદવાદનો સ્વીકાર નહોતો કર્યો. આ પ્રશ્નોના મહત્વનો તેમણે સ્વીકાર કર્યો અને સ્વતંત્રરૂપથી તેનો સમન્વય કર્યો. ભગવાન મહાવીરનો માર્ગ ખાસ કરીને વિધાયક છે, તેમણે આ ભિન્ન મતપ્રણાલિઓનો અનેક ભૂમિકાઓથી સ્વીકાર કર્યો અને તત્ત્વના પ્રરૂપણમાં તેનો યથાયોગ્ય ઉપયોગ કર્યો. આ જ એમનો સમાધાનકારી અનેકાન્ત માર્ગ છે જે તેમની વિશેષ ભેટ છે. આ જ તત્ત્વના બળ ઉપર આગળ જૈન દાર્શનિકોએ અન્ય દર્શનોનું ખંડન કર્યું અને અનેકાન્તવાદ જૈન ધર્મનો એક પર્યાયવાચી શબ્દ બન્યો. (જુઓ–આગમ-કાલીન અનેકાન્તવાદ–પં. માલવણીયા કૃત) આ પ્રકારનું તત્ત્વ-જ્ઞાન કે જે પાર્શ્વનાથની પરંપરાથી મળ્યું હતું તેને ભગવાન મહા-વીરે સ્થિર કર્યું અને તપઃપ્રધાન તથા અહિંસાત્મક આ પરંપરા સાથે કર્મ–સિધ્ધાંત તથા અનેકાન્તવાદને જોડી દઇને પાર્શ્વનાથની પરંપરાને સંશોધિત કરી તેમ જ પ્રબલ બનાવી. સમાજના ત્રણ ઘટકોમાંથી આપણે પ્રથમ ઘટક તત્ત્વજ્ઞાનનો વિચાર કર્યો છે. આ તત્ત્વજ્ઞાનને અપનાવવાવાળો જનસમૂહ તે બીજો ઘટક છે, અને તે તત્ત્વજ્ઞાનનું પ્રચાર કરવાવાળું સાહિત્ય તે ત્રીજું ઘટક છે.

ભગવાન મહાવીર જેમ તત્ત્વજ્ઞાન નવું નથી લાવ્યા તેમ એમણે સમાજ પણ નવો નથી સ્થાપ્યો. એમણે તત્ત્વજ્ઞાનનો વિકાસ કર્યા, તે પરિસ્થિતિમાં તેનો વિધાયક ઉપયોગ કર્યો અને પરંપરાથી પ્રાપ્ત તથા નવા અનુયાયીઓથી બનેલા સમાજનું તેમણે શોધન કર્યું.

આપણે આગળ જોઇ ગયા કે જૈન સમાજ ચતુઃસંઘની વ્યવસ્થા પર પ્રતિષ્ઠિત છે. આ ચાર સંઘ છે શ્રમણ, શ્રમણી, શ્રાવક અને શ્રાવિકા. તેના આગળ ઉપર છ ભેદ થયા હતા. શ્રમણ, શ્રમણી, શ્રમણોપાસક, શ્રમણોપાસિકા, શ્રાવક અને શ્રાવિકા. આ ચાર વર્ગોમાં સમાજના વિવિધ સાર એકત્રિત કરવામાં આવ્યો છે. પહેલો અને બીજો સંઘ તે અનુયાયીઓને એકત્ર કરે છે, જે આચારપૂર્ણ થતાં વિશેષતમ્ સંસ્કૃતિસંવર્ધન, જ્ઞાનોપાસના અને જીવનશોધન કરે છે. ત્રીજો અને ચોથો વર્ગ જીવનશોધનની સાથે જ પહેલા બે વર્ગોની સેવા કરે છે, અને ક્રમશઃ તેમાં સમ્મીલિત થાય છે. છેલ્લા બે વર્ગ એવા છે કે જે જીવનના નિત્ય વ્યવહારમાં રચ્યાપચ્યા રહે છે, અર્થ અને કામની સાધના કરતાં કરતાં ધર્મની પ્રતિષ્ઠાપના કરે છે, અને જીવનના વિવિધ અંગોને અપનાવે છે.

શ્રમણ અને શ્રમણી આ બન્ને સંઘ જો કે સંખ્યામાં નાના હોય છે તો પણ સમાજ પર તેમનો જે નૈતિક અને ધાર્મિક અધિકાર રહે છે તે અન્ય અધિકારોથી અનોખો અને અધિક પ્રભાવશાલી હોય છે. આ સ્તર મૂળપુરૂષની નિકટવર્તી હોવાથી સંસ્કૃતિવર્ધ-નમાં તેનો ફાળો અધિક હોય છે. જ્યારે મૂળવ્યકિત ઐતિહાસિક બની જાય છે ત્યારે આ અન્તેવાસી અનુયાયીઓને માટે તે દેવતારૂપે બની જાય છે અને તેઓના ગુણગાનમાં આ અનુયાયી ધર્મનો પ્રભાવ માનવા લાગે છે. ક્રમશઃ પરંપરા વધે છે, ધર્મ વધે છે, સમાજનું ક્ષેત્ર બદલાય છે, યુગપરિવર્તન થાય છે, પરિસ્થિતિઓ

*આ પારીગ્રાફમાં કરવામાં આવેલાં વિધાનોના સમર્થનમાં બૃહદારણ્યક ઉપનિષદ તથા મીસીસ રીસડેવીસના આઉટલાઇન્સ ઓફ બુદ્ધિઝમ'માંથી લેખકે થોડા ઉતારા આપ્યા છે જે સ્થળસંકોચને લઇને અહિં આપી શકાયા નથી. (તંત્રી)

બદલાય છે અને વિશિષ્ટ સંસ્થાઓનું નિર્માણ થાય છે. પ્રતિગામી અને પુરોગામી અથવા સનાતન અને આધુનિક વિચારપ્રવાહોનો વિરોધ થતો જાય છે. આ પરંપરાઓમાં મતભેદ થતાં થતાં સમાજ-ભેદ, તત્વભેદ પણ થાય છે. આ રીતે મૂલ સમાજ અને મૂલ તત્ત્વ નવું રૂપ ધારણ કરે છે. જૈન સમાજ પણ આ નૈસર્ગિક વિક્રિયાઓનો ભોગ બન્યો છે. અને એ જ ગતિશીલતાનું ચિહ્ન છે.

ભગવાન મહાવીરના કાળમાં આ સાધુસંઘોનો પ્રભાવ અધિક રહ્યો છે. એક બાજુ બૌદ્ધ ભિક્ષુઓનો સંઘ અને બીજી બાજુ જૈન (નિર્ગ્રન્થ) સાધુસંઘ. ભગવાન મહાવીરની પછી, જ્યાં સુધી ભગવાન મહાવીર કેવળ ઐતિહાસિક વ્યક્તિ નહોતા બન્યા ત્યાં સુધી આ સંઘ ખૂબ ઉપયોગી અને પ્રભાવશાળી રહ્યો હતો. ત્યાર પછી તેમાં અનેક શાખાઓ વધી, નવા સંસ્કાર આવ્યા, નવું પરિવર્તન થયું અને એ સંઘ સ્થિતિશીલ બન્યો.

આ જ સ્થિતિ સાધ્વીઓની પણ રહી. પ્રત્યેક ધર્મમાં વધતા ઓછા પ્રમાણમાં સ્ત્રીવર્ગની પ્રતિષ્ઠા રહી છે. આપણે ઉપનિષદકાલ તરફ નજર નાંખીએ છીએ, ત્યારે જણાય છે કે આત્મવાદની ગંભીર ચર્ચામાં બુદ્ધિવાદ કરવાવાળા પંડિતોમાં પણ સ્ત્રીઓ અગ્ર-ગણ્ય રહી હતી. ગાર્ગી, મૈત્રેયી વગેરે અનેક સ્ત્રીઓએ બ્રહ્મવાદિ-નીના રૂપમાં પોતાનું નામ ઇતિહાસમાં અમર કર્યું છે. ભગવાન પાર્શ્વનાથના સમયમાં પણ સ્ત્રીઓને સાધ્વી થવાનો હક માન્ય હતો. ભ. બુદ્ધની પહેલા જ જૈન સમાજવ્યવસ્થામાં સ્ત્રીઓનો 'સાધુ' સંઘમાં પ્રવેશ થઇ ચુક્યો હતો; આ કારણથી જ ઇચ્છા ન હોવા છતાં ભ. બુદ્ધને પણ પોતાના ભિક્ષુસંઘમાં સ્ત્રીઓને લેવી પડી. ભિક્ષુસંઘમાં સ્ત્રીઓનો પ્રવેશ જોખમ રૂપ છે, તેમ જ તેનાથી ભિક્ષુસંઘ અવનત થશે એવો અભિપ્રાય ભ. બુદ્ધે વ્યક્ત કર્યો હતો તો પણ તેમને પોતાના સાધુસંઘમાં સ્ત્રીઓનો સ્વીકાર કરવો જ પડ્યો. તેનું કારણ એ હોઇ શકે કે જૈન સમાજમાં મહાવીરથી પહેલાં જ સ્ત્રીઓને સાધ્વીસંઘમાં સ્વતંત્ર સ્થાન મળ્યું હતું અને ધર્મપ્રચારમાં તેઓનો ફાળો હતો.

આ પછીના બે સંઘ શ્રાવક અને શ્રાવિકા, સમાજનો અગત્યનો સ્તર છે, જેના ઉપર સમસ્ત સંસ્કૃતિ, સંસ્કાર અને સમાજનો નૈતિક આધાર અધિષ્ઠિત રહે છે. સમાજ રૂઢિપ્રધાન હોવાથી જીવન તથા ધર્મના બાહ્ય અંગોનું રક્ષણ કરવું, ધર્મની વૃદ્ધિ કરવી એ તેઓનું કર્તવ્ય હોય છે. જૈન ધર્મે જાતિવિશિષ્ટ સમાજનિયમ નથી અપનાવ્યો, તેનાં અનેક કારણો હોઇ શકે છે.

(૧) તપ પ્રધાન સંસ્કૃતિ હોવાથી જૈન સમાજ ધાર્મિક સમાજ રહ્યો, અને તેમાં જે તપસ્વી તે જ શ્રેષ્ઠ રહ્યો. તપ, જીવનની વૃત્તિ નહિ હોવાથી અને જન્મ સાથે તેનો સંબંધ ન રહેવાથી જાતિ-વિશિષ્ટ ઉચ્ચનીચતા તેમાં આવી શકી નહિ.

(૨) જ્ઞાનથી વધારે મહત્વ ત્યાગને અને અપરિગ્રહત્વને આપ-વામાં આવ્યું, અને જે અધિક સન્યસ્ત તે શ્રેષ્ઠ બન્યો.

(૩) ધર્મપાલનમાં સર્વ વર્ગોને સમાન અધિકાર હોવાથી વૃત્તિઓમાં-ઉપજીવનમાં-ભેદ હોવા છતાં તેમાં ઉચ્ચનીચતા ઉત્પન્ન ન થઇ.

(૪) શ્રાવકોમાં પણ જે અધિક તપપ્રધાન તે અધિક શ્રેષ્ઠ રહ્યો. ગૃહસ્થની જે ૧૧ પ્રતિમાઓ છે. તેનું મૂળ પણ આ જ છે.

(૫) જેણે તપ અને ત્યાગને ન અપનાવ્યા તે અસંસ્કૃત કહેવાયો અને કનિષ્ટ મનાવા લાગ્યો. આ રીતે જૈન સમાજની પ્રસ્થાપના ફરીથી સુધારીને કરવામાં આવી. ભગવાન મહાવીરના જીવનકાલમાં સંઘમાં જે વિશેષ પ્રસિધ્ધ વ્યક્તિ હતી તેની સંખ્યા કુલ ૧૧૪૭ + છે, તેનો વિવિધ આગમ-ગ્રન્થોમાં ઉલ્લેખ છે, જેમાં —

બ્રાહ્મણ–૧૪ ક્ષત્રિય–૫૯૫ વૈશ્ય–૬૩ શૂદ્ર–૭ પાર્શ્વપરમ્પ-રાના–૫ અન્ય તીર્થીઓ–૭૦૪ અજ્ઞાત–૨૮

આ સમસ્ત સંઘ વૈશાલી અને મગધની આસપાસના ૩૩ નગરોમાં સ્થાયી હતો. કલ્પસૂત્ર આપણને જે સંખ્યા દેખાડે છે (૯૭૭૦૦૦) તે કદાચ સર્વ સંઘોની અથવા તો ભગવાન મહાવીરની પછી હોઇ શકે.

ભ. મહાવીર અને પાર્શ્વનાથની પરમ્પરામાં કોઇ ખાસ ભેદ રહ્યો હોય એમ લાગતું નથી. તો પણ ભ. પાર્શ્વનાથને ધર્મ ચાતુર્યામિક હતો જેમાં ભ. મહાવીરે 'બ્રહ્મચર્ય' વ્રતને જોડી દીધું, જે પહેલાં અપરિગ્રહ વ્રતમાં સમ્મિલીત હતું. આનું કોઇ ખાસ કારણ હોઇ શકે છે. તે સમયમાં સમાજ અને સંઘમાં શિથિલતા આવી હશે, જેને રોકવા માટે આચાર–નિયમોને દૃઢ અને કડક કરવામાં આવ્યા હશે. બીજો એક મહત્વનો ભેદ અચેલત્વનો રહ્યો છે. 'કેશી ગૌતમ' સંવાદમાં આપણે અચેલત્વની પ્રાચીનતા વિષે ઉઠાવેલા પ્રશ્નો જોઇએ છીએ. સાથે જ બૌદ્ધ પીટ-કોમાં નિર્ગ્રન્થોને 'એક શાટક' શબ્દથી પણ સંબોધન કરવામાં આવ્યું છે. તેનો નિષ્કર્ષ એ હોઇ શકે કે ભ. પાર્શ્વનાથની પરમ્પરામાં સંપૂર્ણ અચેલત્વ ન રહ્યું હોય. મહાતપસ્વી ભ. મહાવીરે અંતિમ જીવનમાં ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાના ધોરણે અચેલત્વ ધારણ કર્યું હશે. ગુણદૃષ્ટિથી શ્રેષ્ઠ હોવાથી અચેલત્વને અને વ્યવહારિક ઉપયુક્તતા હોવાથી સચેલત્વને રજા આપવામાં આવી.

તત્ત્વજ્ઞાન અને સમાજની આલોચના પછી આપણે એ અંગનો વિચાર કરીએ છીએ કે જે સંસ્કૃતિની સાધનામાં મહત્ત-વપૂર્ણ સ્થાન ધરાવે છે. એ અંગ છે પ્રાચીન સાહિત્ય. જૈન સમા-જમાં આ પ્રાચીનતમ સાહિત્ય હજી પણ ઉપલબ્ધ છે, કે જેને 'જિનાગમ'ના રૂપમાં પૂજવામાં આવે છે. આ જિનઆગમ જો કે સમગ્ર જૈન સાહિત્યનું નામ છે, તો પણ આગમશાસ્ત્રોનું સ્થાન તેમાં ઉંચું છે. ભ. મહાવીરના સમયમાં અને પછીનાં ચાર શત-કોમાં આ આગમશાસ્ત્રો ની રચના થઇ છે, જેમાં તાત્કાલીન વિવિધ પ્રશ્નો પર જે વિવાદ થયો તેનું આચારનિયમોનું તથા સામાજિક આન્દોલનોનું અને કર્મ–સિદ્ધાન્તનું વિવરણ નિબધ્ધ કર-વામાં આવ્યું છે. આ જ આગમકાળમાં આચાર્ય ભદ્રબાહુ અને આચાર્ય કુન્દકુન્દ જેવા મહાન આચાર્ય નિર્માણ થયા જેની કૃતિઓ સાધારણ જૈન સમાજમાં પૂજનીય છે. અહિં આ સુધીમાં સમાલોચનાનો પ્રથમ ભાગ પૂરો થાય છે, અને તેની પછી જૈન સમાજમાં જે નવા આન્દોલનો થયાં તેના પર સંક્ષિપ્ત વિચાર આપણે કરવાનો છે. હવે આપણે ભ. મહાવીરના નિર્વાણ પછીથી લઇને વર્તમાન-યુગ સુધીની સંક્ષિપ્ત સમાલોચના કરવાની છે. ભ. મહાવીરની પછી જૈન સમાજમાં જે મુખ્ય આન્દોલનો થયાં અને જે ક્ષેત્રોમાં તેમણે પ્રગતિ કરી તેના મુખ્યત્વે કરીને ત્રણ વિભાગ થઇ શકે છે. એક ભાગ છે રાજ્યશાસન અને તેની દ્વારા ધર્મપ્રચાર, બીજો દાર્શ-નિક અને સાહિત્યવિકાસ તથા ત્રીજો વિભાગ સામાજિક આન્દોલનનો છે. જો કે આ ત્રણે એકબીજા સાથે સંબંધ ધરાવે છે તો પણ તેની ઉપર અલગ અલગ વિચાર કરવાથી આપણા આખાએ સમાજ-જીવનનો સ્પષ્ટ ખ્યાલ આપણને આવી શકે તેમ છે.

રાજ્યશાસન–પહેલાં આપણે એ જાણવું જોઇએ કે જૈન સમાજે કયાં અને કયા યુગમાં રાજ્યશાસન કર્યું છે. અને અન્ય રાજપુરૂષોને કયા પ્રકારથી જૈન ધર્મના સંરક્ષક આપ્યા છે.

જૈન પરંપરા માને છે કે તેના બધા તીર્થંકરો ક્ષત્રિય હતા, સાથે સાથે એમ પણ માને છે કે તેમાં કોઇ કોઇ તો ચક્રવર્તિ પણ હતા અને બીજા બધા રાજકુટુંબના હતા. ભ. પાર્શ્વનાથ અને ભગવાન મહાવીર ક્ષત્રિય હતા તે ઇતિહાસસિદ્ધ છે. ભગવાન મહાવીર પોતે રાજપુત્ર હતા અને તેમના સંઘમાં પણ

+ જુઓ–'ઉત્થાન'–મહાવીર અંક [જૈન પ્રકાશ] 'પાર્શ્વાપત્યીયો અને મહાવીરનો સંઘ' લેખક :–શ્રી. માલવણિયા.

ક્ષત્રિયોની સંખ્યા અધિક હતી. ભ. મહાવીરના સમકાલીન રાજા શ્રેણીકની રાજધાની રાજગૃહ હતી અને શ્રેણીક તથા તેના વંશજ જૈન હતા. શ્રેણીકનો પુત્ર કુણિક જૈન ધર્મને માનતો હતો. કુણિક પછી ઉદાયન ગાદી પર બેઠો જે જૈન ધર્મ પાળતો હતો. ઉદાયિન પછી તેના વંશજ નંદ રાજાઓની રાજધાની મગધમાં હતી. આ નંદ રાજા અને તેના બધા વંશજ જૈન હતા. આમ માનવને માટે એ પ્રમાણ મળે છે કે નંદરાજાઓ કલિંગ ઉપર આક્રમણ કરીને ત્યાંથી જિનબિંબનું હરણ કર્યું હતું અને એ જ જિનબિમ્બને આગળ ઉપર મહામેઘવાહન ખારવેલે મગધ પર વિજય પ્રાપ્ત કરી હસ્તગત કર્યું હતું. નંદ વંશમાના છેલ્લા રાજા અનય ને ઇતિહાસપ્રસિધ્ધ ચાણક્યે પદભ્રષ્ટ કર્યો અને મૌર્યવંશની સ્થાપના કરી. મૌર્યવંશનો મહાપુરૂષ ચંદ્રગુપ્ત જૈન હતો એ વાત હવે બધા ઇતિહાસકારો માને છે. ચંદ્રગુપ્તની પછી બિન્દુસાર રાજા થયા. જો કે તે જન્મથી જૈન હતો તો પણ બુધ્ધ અને બ્રાહ્મણ પીઠકોમાં તે વૈદિક બ્રાહ્મણભક્ત હતો તેવો નિર્દેશ મળે છે. બિન્દુસારનો પુત્ર અશોક બુધ્ધ ધર્મનો મહાન ભક્ત હતો જેણે બૌધ્ધ ધર્મનો શ્વેતબિંદુરામેશ્વરથી માંડીને હિમાલય સુધી પ્રચાર કર્યો હતો અને ભારતની બહાર પણ ધર્મચક્રનું પ્રવર્તન કર્યું હતું. અશોકનો પ્રપૌત્ર સમ્પ્રતિ જૈન ધર્મનો પરમભક્ત હતો કે જે જૈન અને ભારતના ઇતિહાસમાં અમર થયેલ છે. તેના યુગમાં જૈન ધર્મે ઉજ્વલ દિવસ જોયો હતો અને સમૃદ્ધ પણ થયો હતો.

સમ્પ્રતિની પછી કેટલાક રાજાઓ થયા. ત્યાર પછી પુષ્યમિત્ર રાજા ગાદી ઉપર આવ્યો જે શ્રમણસંસ્કૃતિનો ઉચ્છેદક હતો. બ્રાહ્મણ પુરાણોમાં તે 'કલકી' નામથી પ્રસિદ્ધ છે, અને તેને શિવનો અવતાર માનવામાં આવે છે. તેણે જૈન અને બૌદ્ધ સાધુઓને બહિષ્કૃત કર્યા અને તેઓના પવિત્ર સ્થાનોનો ઉચ્છેદ કર્યો.

બરોબર આ સમયમાં જ કલિંગ (ઓરિસા) દેશમાં ખારવેલ રાજ્ય કરતો હતો જે જૈન ધર્મનો પરમ ભક્ત હતો. તેણે પુષ્યમિત્ર પર આક્રમણ કરીને તેને પરાજિત કર્યો, જૈન સંઘોનું સંમેલન કર્યું અને ધર્મપ્રભાવના કરી. કદાચિત્ તેના સમયમાં જ જૈન ધર્મ દક્ષિણમાં પણ પ્રસર્યો. મહારાજા ખારવેલનો યુગ ખ્રિસ્ત પૂર્વે દ્વિતીય શતકનો પૂર્વાર્ધ મનાય છે.

ત્યાર પછી આગળ, ઉત્તર ભારતના પશ્ચિમ વિભાગના જૈન રાજ્યો તરફ આપણી દૃષ્ટિ જાય છે. ભરૂકચ્છ (ભડોચ)માં બલમિત્રનું રાજ્ય આ સમયમાં જ સ્થપાયું. ઉજ્જયની ના ગર્દભિલ્લવંશના રાજા દર્પણે જૈનાચાર્ય કાલકસૂરીની બહેન અડોલિયાનું હરણ કર્યું. આચાર્ય કાલકસૂરીને બલમિત્રની તરફથી આ અન્યાય નિવારણમાં કોઇ જાતની મદદ મળી નહિ. પરિણામે આર્યાવર્તને પર્શિયા (પારિસ) જવું પડ્યું. ત્યાંથી તેઓ શાહરાજાઓને ઉજ્જયનીમાં લાવ્યા અને બલમિત્રની સહાય વડે પોતાની બહેનને છોડાવી. ગર્દભિલ્લને પરાજિત કરનાર આ શાહે પોતે ઉજ્જયની પર પોતાનું શાસન ચાલુ કર્યું. પરંતુ બલમિત્રે ચાર વરસ પછી ઉજ્જયિની સર કર્યું અને આ રીતે ઉજ્જયિની બલમિત્રનું રાજ્ય શરૂ થયું. કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે બલમિત્ર જ ઇતિહાસપ્રસિધ્ધ વિક્રમાદિત્ય હતો, જેના નામથી વિક્રમસંવત ગણવાની શરૂઆત કરવામાં આવી છે. આ રીતે ભ. મહાવીરના નિર્વાણ પછીથી લગભગ પાંચ શકત સુધી ઉત્તર ભારતમાં જૈનોનું અપ્રતિહત રાજ્ય રહ્યું.

જૈન આગમોમાં વિવિધ જૈન સંસ્થાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં આપણે જોઇએ છીએ કે આગમોના રચનાકાળ પહેલાં અથવા તે વખતમાં જૈન ધર્મ ભારતવર્ષના બધા ભાગોમાં પ્રસર્યો હતો. ભ. મહાવીરના સમયમાં જૈન ધર્મ માત્ર બિહાર પ્રાંત અને પૂર્વમાં અંગ, મગધ, દક્ષિણમાં, કૌશમ્બી પશ્ચિમમાં સ્થાનેશ્વર અને ઉત્તરમાં કુણાલ સુધી સીમિત રહ્યો હતો. તેનું કારણ એ હતું કે તેટલા ભાગને જ આર્યપ્રદેશ ગણવામાં આવ્યો હતો. પરંતુ રાજા સમ્પ્રતિના સમયમાં જૈન શ્રમણોના વિહાર ક્રમશઃ વધતા ગયા અને દક્ષિણ ભારતમાં આન્ધ્ર, દ્રાવિડ, મહારાષ્ટ્ર, કુર્ગ વગેરે અનાર્ય દેશોમાં પણ તેનો ફેલાવો થયો. ભ. મહાવીરના સમયમાં આર્ય દેશની સીમા મર્યાદિત હતી પરંતુ સમ્પ્રતિ રાજાના સમયમાં બીજા કેટલાક દેશો (કે જેની સંખ્યા ૨૫ છે) આર્ય દેશની અંતર્ગત માનવામાં આવ્યા જેમાં જૈન ધર્મનો પ્રચાર પણ થયો. આર્ય દેશોમાં જ નહિ, મ્લેચ્છ માનવામાં આવતા હતા તેવા અનેક દેશોમાં પણ જૈન ધર્મનો પ્રચાર થયો હતો. જેનો ઉલ્લેખ આગમોમાં કરવામાં આવ્યો છે. મહારાજા સમ્પ્રતિની પછી તેનો વેગ ધીમો પડતો ગયો. બીજા રાજાઓનું પીઠબળ ન હોવાને કારણે જૈન ધર્મનો પ્રચાર બીજા ધર્મો જેટલો વ્યાપક થઇ ન શક્યો.

દક્ષિણ ભારતમાં, ખ્રિસ્તના દશમશતકની પહેલા અનેક જૈન રાજ્યો થયા, જે ચિરંજીવી ન થઇ શકયા. ચામુંડરાય જેવા અનેક જૈન મહાપુરૂષો ત્યાં થયા અને પાંડય, ગંગ, ચૌલ, તોલાવ, બલ્લાલ વગેરે અનેક રાજકુલોના નાનાં નાનાં રાજ્યો છૂટાછવાયા સ્થપાયા, જેના વંશજ આજે પણ ત્યાં મોજુદ છે. જૈન રાજાઓ ઉપરાંત બીજા અનેક જૈન મંત્રીઓ ઉત્તર અને દક્ષિણ ભારતમાં સમય સમય પર થયા છે જના વિચાર આ સંક્ષિપ્ત નિબંધમાં કરવો સંભવિત નથી.

જો કે ખ્રિસ્તની પછી કોઇ મહાન જૈન રાજ્ય સાર્વભૌમ રૂપમાં (ભારતમા) સ્થપાયું નથી, તો પણ એવા, કેટલાક મહાન આચાર્ય આ મહાન કાલખંડમાં થયા છે જેમણે પોતાના બુદ્ધિ-સામર્થ્યવડે અને ચારિત્ર્યશીલતાથી રાજગુરૂનું પદ અલંકૃત કર્યું હતું. આ પરંપરામાંથી જેમનું જીવનચરિત્ર ઐતિહાસિક પ્રમાણોથી પ્રકાશમાં આવ્યું છે એવી બે વિભૂતિઓ છે. ૧—આચાર્ય હેમચન્દ્ર ૨.—આચાર્ય હિરવિજયસૂરિ.

બારમી શતાબ્દિમાં ગુજરાતમાં આચાર્ય હેમચન્દ્રજીએ ઉજ્જ્વલ કીર્તિ અને મહાન યશ સંપાદન કર્યા છે. તેઓ ગુજરાતના રાજા કુમારપાલના રાજગુરૂ હતા. ત્યાર પછી મોગલ સામ્રાજ્યના બાદશાહ અકબરનો કાળ આપણી નજર સમક્ષ આવે છે, જેના જીવન અને રાજ્યશાસન ઉપર આચાર્ય હિરવિજયસૂરિએ અને તેમના શિષ્યોએ અસરકારક પ્રભાવ પાડયો હતો.

ત્યાર પછીનો ઇતિહાસ આધુનિક છે, જેનાથી આપણે પરિચિત છીએ. તેમાં કોઇ પ્રભાવકારી આચાર્ય કે નેતૃત્વ કરવાવાળા જૈન મહાપુરૂષ આપણી સામે નથી. આ અવલોકનથી સ્પષ્ટ થાય છે કે એક વખત રાજ્યશાસન કરવાવાળો આ વર્ગ ધીરે ધીરે વૈશ્યવૃત્તિમાં અધિક પ્રવૃત્ત થયો અને રાષ્ટ્રજીવનના મહાન અંગથી તે વિખુટો થઇ ગયો.

જૈનોના રાજ્યશાસનનો ઇતિહાસ જોયા પછી આપણે જૈનોના દાર્શનિક અને બીજા અન્ય સાહિત્યના વિકાસનું સિંહાવલોકન કરવાનું છે. ભારતીય સાહિત્યમાં જૈન સાહિત્યનું સ્થાન ઉંચું છે. વિવિધ વિષયો પર વિવિધ ભાષામાં અને વિવિધ પ્રકારથી જૈન સાહિત્યે સેવા કરી છે. જો કે ભ. મહાવીરની પહેલાંનું કોઇ પણ સાહિત્ય અત્યારે ઉપલબ્ધ નથી, તો પણ કર્મસિધ્ધાન્તના વિવેચન પર જે સાહિત્ય છે તે ભ. મહાવીરની પહેલા રચાયું હશે. 'પૂર્વ' ના નામથી જે સાહિત્યને આપણે જાણીએ છીએ તે ભ. પાર્શ્વ-નાથના યુગસાહિત્યનો અવશેષ ભાગ હોવાની શક્યતા છે.

ઉપલબ્ધ સાહિત્યનો સંગ્રહ કરીને તેમાંથી દાર્શનિક સાહિત્યનો ઇતિહાસ નિર્માણ કરનાર વિદ્વાન ઇતિહાસકારોએ સાહિત્યવિકાસના ચાર કાલખંડ માન્યા છે :—

(૧) આગમયુગ વિ. પૂ. ૪૭૦ થી વિ. સં. ૫૦૦.
(૨) અનેકાન્ત સ્થાપના યુગ: વિ. સં. ૫૦૦ થી વિ. સં. ૮૦૦

(૩) પ્રમાણશાસ્ત્ર વ્યવસ્થા યુગઃ વિ. સં. ૮૦૦ થી વિ. સં. ૧૭૦૦.

(૪) નવીન ન્યાય યુગઃ વિ. સં. ૧૭૦૦ થી આજ સુધી.

ઉપલબ્ધ પ્રાચીન સાહિત્યમાં આગમસાહિત્યનું સ્થાન સર્વપ્રથમ રહે છે. ૧૨ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પ્રકીર્ણક, ૬ છેદસૂત્ર, ૧ સૂત્રગ્રન્થ, ૪ મૂલસૂત્ર એવા ૪૫ ગ્રન્થોમાં બધું આગમસાહિત્ય આવી જાય છે, જે ભ. મહાવીરના સમયથી ૭૫૦ વર્ષ સુધી પૂર્ણરૂપથી રચવામાં આવ્યું હતું. ભગવાનના નિર્વાણ પછી ૧૬૦ વર્ષ બાદ 'પાટલીપુત્ર વાચના' થઈ અને ૫૦૦ વર્ષ પછી 'માથુરી' વાચના' થઈ. એ પ્રમાણે છઠ્ઠી વિક્રમ શતાબ્દિમાં આ સાહિત્ય આજે જે રૂપમાં આપણને મળે છે તે રૂપમાં પૂર્ણ થયું.

દીગમ્બરોનો આગમભાગ જે 'કર્મ-પ્રાભૃત'ના નામથી પ્રસિધ્ધ છે, તેની અને તેની ટીકાઓની રચના વિ. સં. ૭૩૮ સુધીમાં પુરી થઈ. જૈન સાહિત્યમાં દર્શન સાહિત્યનું જ પ્રાધાન્ય રહ્યું છે. આગમોની આ રચના પછી આ આગમો પર આધાર રાખતા એવા શ્રી. આચાર્ય કુન્દકુન્દના મહાન ગ્રન્થોની તથા આચાર્ય ઉમાસ્વાતિ કૃત તત્ત્વાર્થસૂત્રની રચના થઈ.

અનેકાન્ત સ્થાપના યુગમાં સિદ્ધસેન, સમંતભદ્ર, મલ્લવાદી, સિંહગણી વગેરે મહાન આચાર્ય થયા જેમણે જૈન ન્યાય અને દર્શનની જડ નાંખી. આ યુગમાં જ જૈન દર્શન અનેકાન્ત દર્શનના નામથી પ્રચલિત થવા માંડયું. સન્મતિતર્ક અને આપ્તમીમાંસા એ બન્ને મહાન્ ગ્રન્થો આ યુગના વિકાસને પૂર્ણતયા સ્પષ્ટ કરે છે.

ત્રીજા પ્રમાણશાસ્ત્ર વ્યવસ્થાયુગે હરિભદ્ર, અકલંક, વિદ્યાનંદ, અનંતકીર્તિ, શાકટાયન, અનંતવીર્ય, માણિક્યનંદી, અભયદેવ, પ્રભાચન્દ્ર, વાદિરાજ, અને આચાર્ય હેમચંદ્ર જેવા પ્રખર વિદ્વાનોને નિર્માણ કર્યા.

આ કાલમાં એક વાત વિચારણીય છે કે આ યુગમાં દિગમ્બર શ્વેતામ્બર આમ્નાયોમાં જે તાત્ત્વિક ભેદ પડયો હતો તેનું સર્વપ્રથમ ઉચ્ચારણ જૈનાચાર્યોના સાહિત્યમાં પણ થયું હતું. વિક્રમના નવમા શતકમાં (૮૭૯-૯૩૪) શ્વેતામ્બરાચાર્ય શાકટાયને સ્ત્રી-મુક્તિ અને કેવલીભુક્તિ નામના સ્વતંત્ર પ્રકરણોની રચના કરી. તેનું ખંડન વિક્રમની ૧૧ મી સદીમાં દિગમ્બરાચાર્ય પ્રભાચન્દ્રે પોતાના પ્રમયકમલમાર્તણ્ડમાં કર્યું. આનો અર્થ એમ થાય છે કે શાકટાયનની પહેલા આ વિવાદ ગંભીર રૂપમાં નહોતો.

નવીન ન્યાયયુગમાં આચાર્ય યશોવિજયજીનું સાહિત્યસેવા ઉલ્લેખનીય છે. તેની પછીનો મહત્વનો દાર્શનિક ગ્રંથ, વિમલદાસ કૃત 'સપ્તભંગ તરંગિણી' છે. આપણા દાર્શનિક સાહિત્યક વિકાસનો સંક્ષિપ્ત ઇતિહાસ આ પ્રમાણે છે.

જો કે દાર્શનિક સાહિત્ય તરફ જૈનાચાર્યોનું અધિક લક્ષ હતું તો પણ સાહિત્યના વિવિધ અંગોને પણ તે લોકોએ સારી રીતે અપનાવ્યા હતા. પરંતુ આમાં પણ જૈન તત્ત્વોનો પ્રચાર તે તેઓનું મૂલ ધ્યેય રહ્યું હતું. પુરાણસાહિત્યનું સ્થાન દર્શનસાહિત્યની પછી આવે છે.

આ. જિનભદ્ર ગુણભદ્ર કૃત 'મહા પુરાણ' અને આ. હેમચન્દ્ર કૃત 'ત્રિષષ્ઠિશલાકા પુરૂષચરિત્ર' એ બન્ને વિશેષ ઉલ્લેખનીય છે. અન્યધર્મોના અવતારી પુરૂષોને જૈનાચાર્યોએ જૈન બનાવ્યા અને ફલસ્વરૂપ 'પઉમ ચરિય',' જૈન રામાયણ, હરિવંશપુરાણ, વસુદેવ હિણ્ડી, પાણ્ડવ પુરાણ વગેરે ગ્રન્થોની રચના સંસ્કૃત યા પ્રાકૃતમાં થઈ. પુરાણસાહિત્ય ઉપરાંત પ્રભાવક ચરિત્ર, પ્રબન્ધચિન્તામણી, તીર્થકલ્પ જેવું પ્રબન્ધસાહિત્ય, તરંગવતી, સમરાઇચ્ચકહા, કુવલયમાલા વગેરે કથાસાહિત્ય, યશસ્તિલક ચમ્પૂ, જીવંધર ચમ્પૂ, કુરૂદેવ ચમ્પૂ, વગેરે ચમ્પૂસાહિત્ય, નલવિલાસ, રાઘવાભ્યુદય, કૌણ્ડી મિત્રાનન્દ, દ્રૌપદી સ્વયંવર, વિક્રાન્ત ભૈરવ, અંજના પવનંજય વગેરે નાટકોનું નિર્માણ જૈન આચાર્યોએ કર્યું.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓમાં જ તહિ પરંતુ દેશીય ભાષાઓમાં પણ જૈન આચાર્યોએ રચના કરી. કાનડી સાહિત્યનો બહુ મોટો ભાગ જૈન કવિઓએ રચ્યો છે, અને તામિલ, તેલુગુ, હિંદી, ગુજરાતી, રાજસ્થાની વગેરે ભાષાઓમાં જૈનોએ વિવિધ સાહિત્યની રચના કરી છે. એ સિવાય જ્યોતિષ, વ્યાકરણ, આયુર્વેદ, ગણિત, વગેરે શાસ્ત્રો પર, તથા બીજા અનેક વિષયો પર જૈનોએ સાહિત્યની રચના કરી છે. સ્તોત્રસાહિત્યને જૈનોએ સમૃદ્ધ બનાવ્યું છે.

આ અવલોકનદ્વારા બે નિષ્કર્ષ નીકળી શકે છે,—

(૧) જૈનોએ દર્શનસાહિત્યનો વિકાસ અધિક કર્યો અને અન્ય સાહિત્યો પર પુરતું લક્ષ આપ્યું નહિ.

(૨) જૈન શ્રાવકોની સાહિત્યસેવા બહુ અલ્પ રહી કે જે એક ખાસ ત્રુટિ ગણાય.

(૩) શ્રાવકોએ સાહિત્યસેવા દેશી ભાષાઓમાં જ અધિક કરી છે.

સામાજીક આન્દોલન

જો કે પ્રાચીનકાલથી અર્વાચીનકાલ સુધીમાં અમારા ધર્મનું નામ એક જ રહ્યું અને તેના આદર્શ તથા તત્ત્વજ્ઞાનમાં જરા પણ તાત્વિક ફેરફાર નથી થયો. તો પણ કુદરતી નિયમ પ્રમાણે તેમાં, તેના સમાજમાં, સમાજની શ્રદ્ધામાં, નિયમમાં, આચારમાં, સંસ્થાઓમાં, અને કાર્યક્ષેત્રોમાં ઘણું પરિવર્તન થયું છે, સદા, સર્વકાલ ભૂત અને વર્તમાન એક સરખા રહે એવી અપેક્ષા રાખવી એ પણ ભૂલ છે. અમારા આભ્યન્તર વિવાદ, બાહ્ય સ્થિતિઓનું પરિણયન અને તેનો પ્રભાવ, અન્ય ધર્મ અને સંસ્કૃતિયોનું આક્રમણ, કાલનો મહાન પ્રવાહ અને માનવસમાજની મનોરચના ઇત્યાદિ કારણોથી તેના મૂલરૂપમાં પરિવર્તન થયું છે, થઈ રહ્યું છે અને થતું રહેશે. વ્યક્તિનું, સમાજનું યા રાષ્ટ્રનું જીવન ભૂતકાલને અનુસરતું રહે છે અને તે ભૂતકાલ જ તેના ભવિષ્યનો વિધાતા રહ્યા કરે છે. અમારૂં રાજકીય જીવન પ્રાચીન કાળમાં ઉજ્વલ હતું જે કાલપ્રવાહમાં નષ્ટ થયું. અમારા સાહિત્યનો વિકાસ એકાંગી રહ્યો. અમારૂં ક્ષત્રિય જીવન અને બુધ્ધિવાદી જીવન નષ્ટ થયું અને અમારી મનોવૃત્તિ અર્થપ્રધાન બની અમારા માટે પુરૂષાર્થનું કાર્યક્ષેત્ર સંકુચિત બન્યું. પરિણામે આજ અમારા સામાજીક જીવનની સુધારણા જ અમારે માટે પ્રથમ કર્તવ્ય બની ગયું છે.

આ ઉદ્દેશને સમક્ષ રાખી હવે આપણે આપણા સામાજીક જીવનનું એકવાર અવલોકન કરવાનું છે, શોધન કરવાનું છે અને ભવિષ્યને માટે તેમાં નવીન ચૈતન્ય ભરવાનું છે. આપણે સત્યશોધકની દૃષ્ટિથી ક્ષુદ્ર સાંપ્રદાયિકવાદોનો ત્યાગ કરવો પડશે, સમન્વય અને સમાધાનનો માર્ગ સ્વીકારવો પડશે. માનવતા અને રાષ્ટ્રિયતાની ભાવના વિકસાવી નવીન જીવન ઘડવું પડશે. આ ધ્યેય સામે રાખીને આપણે આપણા સામાજીક જીવનની અને તેની ત્રુટિઓની સમાલોચના કરવાની છે, તથા તેના દોષો સુધારવાનો માર્ગ શોધવાનો છે. અપૂર્ણ

મૂળહિંદીઃ **પદ્મનાભ જૈન**
અનુવાદકઃ **વેણીબહેન કાપડીઆ**

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતા જે જૈન ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમ જ ડાકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી અથવા તો મને કે વૈદ્યકીય રાહત સમિતિના સભ્યો જેમના નામ તા. ૧૫-૨-૪૭ ના પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ કરવામાં આવ્યા છે તેમનામાંથી કોઇને મળવું.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

સાહિત્યચોરી અને બનાવટી અભિપ્રાયો

સાહિત્યના ક્ષેત્ર સાથે પ્રકાર પ્રકારની ચોરીઓ સંકળાયલી છે. એક તો પુસ્તકચોરી બહુ જાણીતી બાબત છે. કોઇની કોઇ પણ વસ્તુ લીધી હોય તો તેનો ઉપયોગ પુરો થયે એના એ આકારમાં મૂળ માલીકને જેમ બને તેમ જલ્દિથી પહોંચાડવી આ છે નીતિનો સામાન્ય નિયમ. પણ આપણા સમાજમાં પુસ્તકો સંબંધમાં આ નિયમનો અમલ બહુ હળવી રીતે થાય છે. અને કેટલાક ઠેકાણે કોઇ પાસેથી વાંચવા લાવેલું પુસ્તક બને ત્યાં સુધી પુસ્તકના માલીકને પાછું ન જ પહોંચાડવું–આ નિયમનો જ અમલ ચાલી રહેલો માલુમ પડે છે.

આ ઉપરાંત સાહિત્યકોમાં બીજી એક પ્રકારની ચોરી આજ કાલ બહુ પ્રચલિત દેખાય છે. કોઇના પણ લેખો અને ખાસ કરીને વાર્તાઓ મૂળ સ્વરૂપે કે થોડા ઉપર ઉપરના ફેરફાર સાથે પોતાના નામે અન્ય સામયિકોમાં પ્રગટ કરવાની કેટલાક લેખકોની આદત બહુ વધતી જતી નજરે પડે છે. વળી સામયિક પત્રોના તંત્રીને મૌલિક લેખો અથવા તો વાર્તાઓની ખૂબ ખેંચ હોય છે. અન્ય સામયિકમાંથી ઉધ્ધૃત કર્યું છે એમ જો કોઇ લેખ કે વાર્તા અન્તે પ્રગટ કરવામાં આવે છે તો આ સામયિક તો બીજા છાપાના ઉતારા જ લે છે એમ વાંચકો આક્ષેપ કરે છે જે તંત્રીથી સહન થતું નથી. આ કારણે ઘણી વખત કેટલાક તંત્રીઓ અમુક લેખ કે અમુક વાર્તા અમુક સામયિકમાંથી સીધેસીધી ઉપાડે છે અને એમ છતાં એ બાબતનો જાહેર રીતે બીલકુલ સ્વીકાર કરતા નથી. સદ્‌ગત ડો. વ્રજલાલ મેઘાણીની કેટલીક વાર્તાઓ આ રીતે પાઠફેર થઇને પ્રગટ થયેલી મારા જોવામાં આવી હતી. વળી કેટલીક વાર્તાઓ પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થયેલી તે સીધે સીધી અન્ય સામયિકોમાં ઉધ્ધૃત–સ્વીકાર સિવાય પ્રગટ થયેલી પણ જોવામાં આવી હતી. હજુ થોડા સમય પહેલાં જ તા. ૧૫–૧૧–૪૭ ના પ્રબુધ્ધ જૈનમાં પ્રગટ થયેલી સ્વ. વ્રજલાલ ધરમચંદ મેઘાણીની 'કદરદાનીની કદર' એ મથાળાની એક વાર્તા શ્રી. પ્રાણલાલ જસાણી જેના તંત્રી છે એવા 'જૈન પ્રચાર' નામના એક અઠવાડિક પત્રના તા. ૫–૧૨–૪૭ ના અંકમાં એ જ મથાળા સાથે શબ્દશઃ પ્રગટ થઇ છે અને એમ છતાં એ વાર્તા જાણે કે તંત્રીએ પોતે જ પોતાના પત્ર માટે લખેલી હોય તેમ એ અંકમાં આ વાર્તાની આગળ કે પાછળ આ વાર્તાના ખરા લેખકનો અથવા તો આ વાર્તા મૂળ જ્યાં પ્રગટ થઇ છે તે પત્રનો કોઇ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

હમણાં હમણાં વળી એક નવા પ્રકારની તરકીબ જોવામાં આવી છે. આજ કાલ પુસ્તકોની ખપત જાણીતા માણસો એ વિષે કેવો અભિપ્રાય ધરાવે છે તેની જાહેરાત ઉપર બહુ આધાર રાખે છે. આવી વાસ્તવિકતા ધ્યાનમાં લઇને ઇન્દોરના એક હિંદી સાહિત્યકાર શ્રી દુર્ગાશંકરે ૧૯૪૭ ના ઓગસ્ટ માસમાં પ્રગટ થયેલા પોતાના 'સ્વચ્છન્દ વાદ' નામના પુસ્તકના જેકેટની એક બાજુએ બે બનાવટી અભિપ્રાયો છાપ્યા છે. એક છે શ્રી લીલાવતી મુનશીનો; બીજો છે કાકા સાહેબ કાલેલકરનો. શ્રી લીલાવતી મુનશીનો આખો અભિપ્રાય બનાવટી છે; શ્રી કાકાસાહેબના અભિપ્રાયનો પહેલો પારીગ્રાફ તેમના કોઇ લખાણમાંથી ઉધ્ધૃત કરેલો છે અને પછી પ્રસ્તુત પુસ્તકની ભલામણ કરતી એક નાની નોંધ લેખકે પોતે જ ઉમેરી દીધી છે. આ બન્ને અભિપ્રાયો મૂળ હિંદીમાં છે જેનો અનુવાદ નીચે મુજબ છે :–

શ્રી. લીલાવતી મુનશીનો અભિપ્રાય

" આ પુસ્તક મહીના સુધી મારી પાસે પડી રહ્યું. એ વિષે વારંવાર તકાદો થવાથી આખરે એ હું વાંચી ગઇ. નૈતિકતા અથવા વિવાહનો વિરોધ મને ખટક્યો. આ તો અમારી સંસ્કૃતિ ઉપર જ કુઠારપ્રહાર છે. લખાણમાં અશ્લીલતાની છાયા પડેલી મારી નજર ઉપર આવી. પરંતુ આ બધું હોવા છતાં પણ લેખકનું નવીન સંશોધનપૂર્ણ વિવેચન જોઇને હું આશ્ચર્યચકિત થઇ. વૈજ્ઞાનિક ભૌતિકવાદના આધાર ઉપર વિષયનું વિવેચન કરવામાં આવ્યું છે અને તેની ગંભીરતામાં અશ્લીલતા જાણે કે લુપ્ત થઇ જતી હોય એમ લાગે છે. સ્વચ્છન્દવાદનું વધારે વિસ્તૃત વિવેચન થાય અને તેનો ખુબ પ્રચાર થાય એમ હું ઇચ્છું છું."

આચાર્ય કાકા કાલેલકરનો અભિપ્રાય

"મનુષ્યજાતિએ સ્ત્રી–પુરૂષ સંબંધની ગંભીરતા ઉપર વિચાર સરખો કર્યો નથી. સ્ત્રીહૃદયનું ઉંડાણ અને પુરૂષના પરાક્રમની ભવ્યતા વચ્ચે સંબંધ સ્થાપિત કરવામાં મનુષ્યજાતિ હજુ સુધી પણ સફળ થઇ શકી નથી. આ કારણે આજ સુધી માનવજીવન શોકાન્તક જ લેખવામાં આવે છે. રવીન્દ્રનાથ જેવા જીવનદૃષ્ટાને પણ આખરે એમ કહેવું પડ્યું કે વિવાહ સંસ્થાત્મક દૃષ્ટિથી હજુ સફળ થઇ શકેલ નથી, સ્ત્રી–પુરૂષની સમસ્યા હજુ પુરેપુરી ઉકેલી શકાઇ નથી.

"આ સ્ત્રી–પુરૂષ સમસ્યા ઉપર પ્રાકૃતિક નિયમોના આધાર વડે સ્વચ્છંદવાદમાં સારો પ્રકાશ પાડવામાં આવ્યો છે. લેખકનો પ્રયત્ન આદરણીય છે."

પુસ્તકનું વિચારદારિદ્રય છુપાવવાનો લેખકનો આ એક કનિષ્ટ પ્રયત્ન છે. આની ઉપર વિશેષ વિવેચનની કશી જરૂર છે જ નહિ.

પરમાનંદ

શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ

શ્રી ચુનીલાલ વર્ધમાન શાહને આવતા મે માસમાં ૬૦ વરસ પૂરાં થવાનાં છે તે પ્રસંગે અમદાવાદ મુંબઇના પત્રકારો તેમની ષષ્ઠિપૂર્તિ ઉજવવાનો વિચાર કરે છે તેને અમે આવકારીએ છીએ.

શ્રી ચુનીભાઇ માત્ર પત્રકાર નથી. તેમણે પત્રકારના કામ ઉપરાંત પુષ્કળ નવલકથાઓ પણ લખી છે. અને એ નવલકથાઓને આપણા અર્વાચીન ઇતિહાસમાં લાંબા વખત સુધી એકસરખો રિયર આદર મળેલો છે. તેમણે ઘણીખરી ઐતિહાસિક નવલકથાઓ લખી છે અને તે પછીમાં ઐતિહાસિક ભૂમિકા પૂરેપૂરી પરિચિત કરવા મોટો શ્રમ ઉઠાવેલો છે.

શ્રી ચુનીભાઇ તે ઉપરાંત એક વિવેચક પણ છે. પ્રજાબંધુમાં 'સાહિત્યપ્રિય'ના તખલ્લુસથી ચાલુ સાહિત્યના પ્રશ્નો ઉપર તેમણે વારંવાર રસિક ચર્ચા કરી છે. સાહિત્યની ચર્ચાઓમાં તટસ્થતા સાચવવી ઘણી મુશ્કેલ છે, પણ તેમણે હંમેશા તટસ્થતાથી પોતાનો મત બાંધેલો છે અને સમતોલપણાથી તેનું નિરૂપણ કરેલું છે. આવી ષષ્ઠિપૂર્તિઓમાં માત્ર માનપાનના મેળાવડાઓ થઇ રહ્યા પછી કશું જ કાયમી પરિણામ પાછળ રહેતું નથી. તેને બદલે ભાઇશ્રી ચુનીભાઇની સાહિત્યચર્ચાના ઉત્તમ અને લાક્ષણિક લેખો આવા પ્રસંગે બહાર પડે તે વધારે ઇચ્છવા જેવું છે.

શ્રી ચુનીભાઇ બહુ મૂંગા કાર્યકર્તા છે. ૧૯૩૭ માં તેમને રણજીતરામ વાવાભાઇ સુવર્ણચન્દ્રક મળ્યો ત્યારે ચન્દ્રકપ્રદાનની વિધિની સભામાં સદ્‌ગત આનંદશંકરભાઇ ખાસ આવ્યા હતા. મને તેમણે બહુ સારા શબ્દોમાં શ્રી ચુનીભાઇની સૌમ્ય પ્રકૃતિ, સાહિત્યપરાયણતા અને સમતોલપણાની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. એ ચન્દ્રક એમને એમની સેવાના પ્રમાણમાં મોડો મળ્યો ગણાય, પણ સેવા ગમે ત્યારે પણ આદર પામે છે. આ વખતે એમની પત્રકાર તરીકેની સેવાની કદર થાય છે તે યોગ્ય છે.

પત્રકાર તરીકેની તેમની કારકિર્દી માટે ટૂંકમાં એમ કહી શકાય કે અત્યારે પ્રજાબન્ધુનું જે સ્વરૂપ છે તેના ઘડતરમાં તેમના જેટલો ભાગ્યે જ બીજા કોઇનો ફાળો હશે. અને પ્રજાબન્ધુ આપણું એક ઉત્તમ ગંભીર ઉપયોગી અઠવાડિક છે. ઠાવકાઇ, મુદ્દાને જોઇતી ઐતિહાસિક ભૂમિકા આપી સ્પષ્ટ કરવો, સર્વ સમજે એ રીતે

અહિંસાનો વિજય

આખરે મહાપુરૂષોને મુક્તિ જવાની જે નિયત બારી છે તે જ બારીમાં થઈને ગાંધીજી પણ ગયા અને જતાં જતાં પણ ફરી એક વાર વિશ્વમાં એ વસ્તુની પ્રતીતિ કરાવી કે જગત તો સદાય સુર અને અસુરના સંગ્રામની ભૂમિ રહ્યું છે અને રહેવાનું છે. કુમારિલના શબ્દોમાં **'न हि कदाचिदनीदृशं जगत्'** 'જગત હંમેશાં એક જેવું જ છે,' કહો, કે પ્રો. રાધાકૃષ્ણના શબ્દોમાં 'ક્રાઇસ્ટ કે સોક્રેટ્રીસના જમાનાથી હજી આપણે કાંઇ વધારે સુધર્યા નથી' કહો-તાત્પર્યમાં કાંઇ ફરક નથી. બરનાર્ડ શૉ એ ગાંધીજીના મૃત્યુના સમાચાર સાંભળી કહ્યું કે આ દુનિયામાં અત્યધિક માત્રામાં સારા થવું તે ભયાવહ છે. પણ મહાપુરૂષો એ ભયને જીતવાથી જ થવાય છે એ એનો સાર છે.

ગાંધીજીના જવાથી કોણે શું ગુમાવ્યું એનો હિસાબ કાઢી શકાય એમ છે જ નહિ, એ જ બતાવી આપે છે કે તેમનું પ્રવૃત્તિ-ક્ષેત્ર કેટલું વિશાળ હતું. તેમના પુત્ર મણિભાઇએ ઠીક જ કહ્યું છે કે એ માત્ર અમારા જ પિતા ન હતા. આખા વિશ્વના પિતા હતા. આ કાંઇ અતિશયોક્તિ નથી. આખા વિશ્વમાં વિદ્યુતવેગે તેમના મૃત્યુના સમાચાર ફેલાઇ ગયા અને તે જ વેગથી સમસ્ત સંસારમાં તેમના જવાથી જે દુઃખની લાગણી છવાઇ ગઇ અને પ્રગટ થઇ તે એ જ સૂચવે છે કે તેમનું કુટુંબ સીમિત ન હતું પણ અસીમ હતું.

નિઃસીમ માનવપ્રેમ જ નહિ પણ સર્વસત્ત્વપ્રેમ તેમણે જીવનમાં વ્યક્ત કર્યો છતાં અને પોતાને પરમ હિન્દુ કહેતા છતાં એક હિન્દુના હાથે તેમનું ખૂન થાય એ ઘટના નવી નથી છતાં ફરી એક વાર બની છે તે જ બતાવે છે કે ધર્મ અને ધર્મઝનૂનમાં જે ફેર છે તે આ વીસમી સદીમાં પ્રચાર અને જ્ઞાનના આટલા સાધન છતાં પૂરતાપ્રમાણમાં વ્યક્ત કે સ્પષ્ટ થયેલ નથી. તે એમ સિધ્ધ કરે છે કે સ્થિરસ્વાર્થી ધાર્મિક કહેવાતા પંડિતો અને ધર્મગુરૂઓ પોતાના સ્વાર્થની રક્ષા ખાતર ભોળી જનતાને કેવા ઊંધા પાટા બંધાવી કેવા હાનકોટિના દુષ્કૃત્યો કરવાના પ્રેરણાના વિષપાન કરાવી શકે છે.

આ જ શતાબ્દીએ હીટલર જેવા અતિ ક્રૂર માનવને જોયો અને વિશ્વમૈત્રીના સતત પાઠ પઢાવનાર ગાંધીજી જેવા અતિમાનવને પણ જોયો. હીટલરનો વિનાશ પણ જોયો અને વિશ્વવંદ્ય ગાંધીજીનું વીરમૃત્યુ પણ જોયું. છતાં જ્યારે અહિંસાના અખંડ ઉપાસકનું મૃત્યુ એક હિંસકના હાથે થતું જોયું ત્યારે તે કૃત્યને વિશ્વે ઉલટથી વધાવ્યું નથી એ બતાવે છે કે એમાં અહિંસા ઉપર હિંસા વિજયવંતી નથી થઇ પણ અહિંસાનો જ વિજયવાવટો ફરકયો છે. આ એક જ વસ્તુ ગાંધીજીના જીવનને કૃતાર્થ કરી શકે છે. હિંસક તેમના દેહને નષ્ટ કરવામાં સમર્થ થયો છે પણ તેમની પ્રેમભાવના અખંડ જ રહી છે.

ગાંધીજીનો દેહ વિલીન થયો છે પણ તેમનો આત્મા વિશ્વાત્મામાં અમર છે અને તે જ તેમના સંદેશને અમરતા પ્રદાન કરશે જ એમાં સંદેહ નથી. તેમના શરીરના અંત સાથે તેમની ભાવના, તેમની પ્રવૃત્તિ કાંઇ મરી નથી, મરી શકે પણ નહિ. જો એમ બનતું હોત તો કૃષ્ણ, બુદ્ધ અને મહાવીરના નવાવતાર રૂપે ગાંધીજી આપણી વચ્ચે આવી જ શકયા ન હોત. પણ જેમ ગાંધીજીના મૃત્યુ છતાં તેમની પ્રવૃત્તિ અમર છે તેમ સામે પક્ષે હિંસકોના મૃત્યુ છતાં તેમની પ્રવૃત્તિ પણ ચાલુ જ છે, એ પણ ભૂલવું ન જોઇએ. એટલે ગાંધીજીના આત્માને તેમના સંદેશને, તેમની પ્રવૃત્તિ અને ભાવનાને જો આપણે અમર સમજતા હોઇએ તો તેમના અનુયાયીઓની ફરજ સ્પષ્ટ છે કે તેમણે ગાંધીજીને પોતાની સમક્ષ જ કલ્પીને, પોતાના આત્મા સાથે તે મહાન આત્માનું તાદાત્મ્ય કલ્પીને જ ગાંધીજીની ભાવનાને, તેમની પ્રવૃત્તિઓને અમરતા જે રીતે પ્રાપ્ત થાય તે રીતે વર્તવું જોઇએ. એકાદ ગોડસે કે એકાદ સાવરકર કે ભોપટકરનો અંત કરવાથી કાંઇ ન વળી શકે પણ તેમનો જે ખોટો રાહ છે તે માનવસમાજમાંથી ઉચ્છિન્ન થાય તે માટે જ પ્રયત્ન કરવો જોઇએ. અન્યથા વૈર–પ્રતિવૈરની ધારા ચાલુ રાખવામાં જ આપણે નિમિત્ત બનીશું, જે ગાંધીજીને ઇષ્ટ હતું જ નહિ.

આપણે ગમે તે ક્ષેત્રમાં કામ કરતા હોઇએ પણ ગાંધીજીએ દરેક ક્ષેત્રમાં નવો માર્ગ બતાવ્યો છે. એક પણ એવું ક્ષેત્ર નથી જેમાં ગાંધીજીએ સંજીવનીમંત્ર ન ફૂંકયો હોય. એટલે કોઇ પણ પછી તે મજદૂર હોય કે માલિક હોય, શિષ્ય હોય કે શિક્ષક હોય, રાજકર્તા હોય કે પ્રજા હોય, પતિ હોય કે પત્ની હોય, પિતા હોય કે પુત્ર હોય, માતા હોય કે બાળક હોય, કુમાર હોય કે કુમારી હોય, ગૃહસ્થ હોય કે સંન્યાસી હોય–ગમે તે હોય એ સર્વને માટે ગાંધીજીએ નિઃસંશય માર્ગ બતાવ્યો છે–એ માર્ગે ચાલવામાં જ આપણું કલ્યાણ છે, દેશનું કલ્યાણ છે, વિશ્વનું કલ્યાણ છે. ગાંધીજીને અમર કરવાનો આ એક જ ઉપાય છે.

કોઇ પણ મહાપુરૂષ હોય તેમણે દેહને તો છોડવો જ પડે છે એટલે વિવેકી જનોએ એ દેહવિલયનો શોક મનમાં સંધરી રાખવો અનાવશ્યક છે. અતઃ જે આપણા હાથની વાત છે તેને જ સિદ્ધ કરવામાં પ્રયત્નશીલ થઇશું તો ગાંધીજીના આત્માને શાંતિ મળશે અને વિશ્વને પણ શાંતિ મળશે.

બનારસ, તા. ૧-૨-૪૮. **દલસુખ માલવણિયા**

રજુ કરવો, લાગણીમાં તણાઇ ન જતાં બુધ્ધિને ઉતેજી સાર્વજનિક હિતની અપીલથી મુદ્દાનું સમર્થન કરવું અને ગુજરાત હિંદુસ્તાન સાથે આખી દુનિયાના પ્રશ્નો અને બનાવો તરફ પણ ધ્યાન દેતા રહેવું, વગેરે તેના અનેક ગુણો છે.

ધણા ધંધાની સફળતા માટે એકધારી નિષ્ઠા મહેનત અને સ્થિરતા આવશ્યક છે. પત્રકારત્વનો ધંધો એવો છે. પશ્ચિમનાં મોટા પાત્રોમાં આપણે જુવાનીથી જોડાઇ વૃદ્ધ ઉંમરે નિવૃત્ત થતા મોટા પત્રકારો લેખકો જોઇએ છીએ. શ્રી ચુનીભાઇનો દાખલો એ પ્રકારનો છે. તેમની નિષ્ઠા અને સમતા અને ઉદ્યમ એ ધંધાના દરેકે દાખલો લેવા યોગ્ય છે.

પષ્ટિપૂર્તિ ઉત્સવ ગુજરાતભરમાં યોગ્ય રીતે ઉજવાય એમ અમે ઇચ્છીએ છીએ. શ્રી ચુનીભાઇનું એક પત્રકાર તરીકે તેમ જ જૈન સમાજની એક અંગભૂત સાધર્મી વ્યક્તિ તરીકે અમો અન્તઃકરણથી અભિનન્દન કરીએ છીએ અને તેમને દીર્ઘાયુષ્ય અને કુશળ આરોગ્ય પ્રાપ્ત થાય અને ગુજરાતી સાહિત્યની ઉતરોત્તર અધિકાધિક સેવા કરતા રહે એવી અમારા અંતરની શુભેચ્છા અને પ્રાર્થના અમો અહિં વ્યક્ત કરીએ છીએ.

તંત્રી, પ્રબુદ્ધ જૈન

કેમ શોચું ?

શાલિની–મન્દાક્રાન્તા

ન શોચી મન શકે, શમણાં નયણે હજુય પલકે;
કેવી હશે અહા! આપણ વસુંધરા રમ્ય નવ્ય કે—,
જેની પરે બાપુની ફોરમ લઇ લે'યો હશે મંદ માતરિશ્વા;
જ્યાં ઉડતા હશે સતઅહિંસાનિર્ઝરો, હશે શાંતિ શીળોય વા,
–ને બાપુ ન્યાળશે સોણુલ ભોમકાપરે નીજમંઝીલ !' પણ ત્યાં–
તૂટયો એકાકિ તાર અમ શમણાંનો. કહો શોચાય કયાંથી? જ્યાં,
અમ રૂંદિયાની ભીતરમાં મહેરામણ ઉભરે!
અમ અંતરની આંખલડીમાંથી સિંધુ ઝરે!

—હસુ મેઘાણી

માનવમાં માનવ એ સાચો, દેવોમાં એ દેવસ્વરૂપ!

ગયો ગયો એ પ્રભુનો પ્યારો, ગયો ગયો એ ભારતભાણ,
ગયો ગયો અમ રાષ્ટ્રપિતા એ, ગયો ગયો એ સંતસુજાણ;
સત્ય અહિંસા સ્નેહતણો એ, ગયો ઉપાસક પરમ મહાનઃ
ગયો ગયો તુજ ભાગ્યવિધાતાઃ રે રે રડ તું, હિન્દુસ્તાન! ૧

ચાલીશ કોડ તણો અમ બાપુ, સૌ નોધારાંનો આધાર,
રંક સમર્થતણો એ સ્વામી, દીનદલિતનો તારણહાર;
ભૂખ્યાંને ભોજન દેનારો, તરસ્યાને નિજ અમૃતપાનઃ
ગયો ગયો તુજ ભાગ્યવિધાતાઃ રે રે રડ તું, હિન્દુસ્તાન! ૨

લાખો પુણ્ય હશે તુજ ફાલ્યાં હો રે મારી ભારતભોમ!
તારે ત્યાં જન્મી એ સંતે અજવાળ્યું જગભર તુજ વ્યોમ;
સ્વર્ગથકી પણ ગરવી કરવા રાખ્યાં ઉર જેણે અરમાનઃ
ગયો ગયો તુજ ભાગ્યવિધાતાઃ રે રે રડ તું, હિન્દુસ્તાન! ૩

આજે પાપતણો ફણગો શો ફૂટ્યો તારે દિલથી એમ,
અંધારે તુજ આભ છવાયાં ને વીંધાયાં અંતર તેમ?
કોડોના જીવનદાતાનું લીંધું દુષ્ટ કરે બલિદાનઃ
ગયો ગયો તુજ ભાગ્યવિધાતાઃ રે રે રડ તું હિન્દુસ્તાન! ૪

જીવનને મુઠીમાં રાખી ઘુમ્યો જે જીવનનો વીર,
ખલકતણી ખાંડણીમાં જેણે અગણ ઘા ઝીલ્યા નિજ શિર;–
નિર્વસ્ત્રી છતી તેની ગઇ વીંધાઇ હાથે હેવાનઃ
ગયો ગયો તુજ ભાગ્યવિધાતાઃ રે રે રડ તું, હિન્દુસ્તાન! ૫

મૃત્યુતણાં ચોઘડિયાં વાગ્યાં, તોય ન જાગ્યાં અમ તકદીર;
દ્વાર હતો યમદૂત ખડો ત્યાં, તો પણ તે જાણ્યું ન લગીર;
અમ તકદીર રહ્યાં સૂતાં ને એ તો ઊડયો સ્વર્ગસ્થાન;
ગયો ગયો કોડોનો બાપુઃ ઉર તલખે રે હિંદુસ્તાન! ૬

માનવઉરની ઊંડી ચીસો ચીરતી નભપટ દૂર સુદૂર;
આંસુતણી નદિયો જઇ ભરતી શોકસમુદ્ર જગતના ક્રૂર;
કોડો મુખથાં વહી નિસાસા છાતા ઘૂમે આભકમાન;
ગયો ગયો કોડોનો બાપુ: ઉર તલખે રે હિંદુસ્તાન ૭

જ્વાલામુખી જેવો જળતો જે દેશદુઃખે દાઝી દિનરાત,
અંધારાં અંતર ગાડી જે મુખ રેલવતો હાસ્યપ્રભાત,
મ્હેલ મિનારા સર્વ તજી જે ઝુંપડીએ કરતો ગુજતાન:
ગયો ગયો કોડોનો બાપુ: ઉર તલખે રેઃ હિંદુસ્તાન! ૮

કુડકપટ અપમાન દગાનાં ગળી ગયો જે કડવાં ઝેર!
હસતે મુખ અંતરથી નિશદિન રેલાવી અમૃતની સેર,
દ્વેષીઓને પણ જે ચાહી શકતો એવો સ્નેહનિધાન,
ગયો ગયો કોડોનો બાપુ; ઉર તલખે રે હિંદુસ્તાન? ૯

ઓ રે માડી! આજે તારાં કેમ હરાયાં દૈવી તેજ?
સતિયાનાં સત અસત હરે શું એ જ હશે સંતોનો ફેજ?
પુણ્યો શું જગનાં પરવાર્યા? ખડખડ શું હસતો સેતાન?
ગયો ગયો કોડોનો બાપુ: ઉર તલખે રે હિંદુસ્તાન! ૧૦

કોની પાસે જઇને હાવે દુખડાં રડશું આપણ આજ?
કોણ અમારા બાપુ જેવી ધરશે રોજ અગારી દાઝ!
રંકોમાં પણ રંક હતો જે, મોટામાં મોટો ઇન્સાનઃ
ગયો ગયો અમ પ્રેમળ બાપુ, ગયો ગયો, રે હિંદુસ્તાન,! ૧૧

કૈંક હજારો વર્ષે એવો પાકયો વિરલ મહાત્મા એક,
જેણે કોડોનાં જીવનમાં પ્રભુના પાઠ ઉતાર્યા નેક,
ખિસ્ત અને બુદ્ધસૂત્ર સમું તે પામ્યો નીચ કરે અવસાનઃ
ગયો ગયો અમ પ્રેમળ બાપુ, ગયો ગયો રે હિંદુસ્તાન! ૧૨

દુઃખ જુલમ ને કેદ સહ્યાં કે પામે આઝાદી નિજ દેશ,
માનવતાનું હૃદય જગવવા ખેંચ્યો નિજ હૃદયે સહુ ક્લેશ;–
હણનારાના હાથ ચૂમ્યા ને વશ કીધા વેરી બળવાન
ગયો ગયો અમ પ્રેમળ બાપુ: ગયો ગયો રે હિંદુસ્તાન! ૧૩

આયમતા સૂરજની સાથે શાંતિ તણો આથમિયો દૂત,
સ્નેહ દયા બંધુત્વતણી જગ જ્યોતિ જળાવી ગયો અવધૂત
નિજ રકતે ધરણી નભ રંગી તે ચાલ્યો થઇને બેનાન:
ગયો ગયો અમ પ્રેમળ બાપુ: ગયો ગયો રે હિંદુસ્તાન! ૧૪

ધિક્કક પડો તે દુષ્ટ અધમ પર જેણે જગને દીધો છેદ!
ધિક્કક પડો અમ પર, એનો નહિ જળવાયો અણુમૂલો દેહ!
હૈયાફાટ રહ્યાં રડી જેના ચાલીસ કોડ સ્વજન હેરાન!
ગયો ગયો અમ પ્રેમળ બાપુ: ગયો ગયો, રે હિંદુસ્તાન! ૧૫

હિંસા દ્વેષ અસત્ય જગતમાં જ્યાં ત્યાં રેલવતાં અંધાર,
પથ ભુલાઇ ગયો પ્રભુનો ને માનવતા પામી સંહાર;
લઇ દશમો અવતાર ફરીને સ્થાપ્યું જેણે સત્ય વિધાનઃ
ગયો ગયો એ પ્રભુનો કાસદ ઉદ્ધરી તુજને, હિન્દુસ્તાન! ૧૬

માનવમાં માનવ એ સાચો, દેવોમાં એ દેવસ્વરૂપ,
ભકતોમાં એ ભકત અનેરો, ભૂપોમાં પણ એ બડભૂપ;
ગરીબનો બેલી એ બાપુ, જીવ્યો નિત્ય ફકીર સમાન;
ગયો ગયો એ પ્રભુનો કાસદ ઉદ્ધરી તુજને, હિન્દુસ્તાન! ૧૭

રામનામ ચરખો ને ગીતા–એ જ હતા જેના મુખમંત્ર,
સત્ય વાચ્ય ને કાજ વિશુદ્ધિ–રપષ્ટ કર્યા વર્તનના તંત્ર;
હાસ્ય શૌર્ય ને શ્રદ્ધા જેનાં દ્વેરે જીવનનાવ સુકાનઃ
ગયો ગયો એ પ્રભુનો કાસદ ઉદ્ધરી તુજને, હિન્દુસ્તાન! ૧૮

એ સૌરાષ્ટ્રતણો વૈષ્ણવ ને હું જરથોરતી વસ્યો ગદ્રાસ,
પણ અમ ભારતની માટીમાં ભરતો એક જ સ્નેહલ શ્વાસ;
ઋત, સાત્વિકતા, સંયમ, ભકિત–એ જ રહ્યાં જીવનનાં ગાનઃ
ગયો ગયો એ પ્રભુનો કાસદ–ને હું રહું રે હિન્દુસ્તાન! ૧૯

એ ગાંધી, એ મોહન બાપુ, એ મોઘો ભારતનો પ્રાણ,
માનવમાત્રતણો ઉદ્ધારક, એ ચ્હાતો સહુનું કલ્યાણ;
એ જ મહાત્મા, એ જ તપસ્વી, એ જગને પ્રભુનું વરદાન;
ગયો ગયો એ, પ્રભુનો કાસદ ફરી કયાં જોશે, હિન્દુસ્તાન? ૨૦

ઓ રે માડી! બાપુજીનાં સ્વપ્ન કદી શું થાય અલોપ?
ઓ રે માડી! સૂકાશે શું બાપુકરે રોપાયા રોપ!
નહિ નહિ, માડી! શબ્દો એના નથી પડયા રણ કે વેરાનઃ
કોડો તુજ નાડીમાં બાપુ અમર ધબકશે, હિંદુસ્તાનઃ ૨૧

ગાંધીજી તો માનવ મટીને થયા હવે દૈવી આદર્શ,
ને આદર્શ પછી એ બનશે સંકલ્પે રસપૂર્ણ વિમર્શ;
બાપુજીના સ્વપ્ન હવે તો ચિત્ર બની અમ ઉર નંગાય,
બાપુજીના રેખા રોપો લચશે કુલફળે જગમાંય; ૨૨

બાપુજીના શબ્દ ગજવશે અમ ઉરમૌન વીંધી આસમાનઃ
કોડો તુજ નાડીમાં બાપુ અમર ધબકશે, હિંદુસ્તાન!
એજ વિમર્શ થકી બંધાશે નવનવ કાર્યતણાં સોપાનઃ
કોડો તુજ નાડીમાં બાપુ અમર ધબકાશે, હિંદુસ્તાન! ૨૩

તુજ ધામે નવયુગના પાયા નાખ્યા એણે દૃઢ નિજ હાથ,
ઉષા સમા રંગો રેલવતી ગાઇ નવજીવનની ગાથ;
પુણ્યજીવનના પંથ બતાવ્યા, જનસેવાનાં સિદ્ધ નિશાનઃ
કોડો તુજ નાડીમાં બાપુ અમર ધબકશે, હિંદુસ્તાન! ૨૪

એક હિમાલય ઉભો તારો ડોક ખડી રાખી આકાશ,
એક ગીતા જગતું ધારણ ને એક અહિંસા જગની આશ;
એક મહાત્મા ગાંધીજી તું, હે માડી! થઇ ધન્ય નિદાન!
કોડો તુજ નાડીમાં બાપુ અટલ ધબકશે, હિંદુસ્તાન! ૨૫

અરદેશર ફરામજી ખબરદાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૨૧

મુંબઈ: ૧ માર્ચ ૧૯૪૮ સોમવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

મુંબઈ જૈન યુવક સંઘ

વાર્ષિક વૃત્તાન્ત

વિક્રમ સંવત ૨૦૦૪ ના પ્રારંભ સાથે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ ૧૯ વર્ષ પુરાં કરીને ૨૦ માં વર્ષમાં પ્રવેશ કરે છે. ગત વર્ષ મુંબઇ જૈન યુવક સંઘ માટે અત્યન્ત મહત્વનું હતું. કારણ કે આજથી દશ વર્ષ પહેલાં શ્રી. મુંબઇ જૈન યુવક સંઘનું જે પુનર્વિધાન કરવામાં આવ્યું હતું અને તે પુનર્વિધાનના અનુસંધાનમાં સંઘના ઉદ્દેશોમાં ફેરફાર કરવામાં આવ્યો હતો તેમાં એક ફેરફાર નીચે મુજબ હતો :–

'આપણો દેશ સ્વાધીન, સ્વાવલંબી અને સમર્થ બને એ ધ્યેયપૂર્વક દેશભરમાં ચાલી રહેલ રાજકીય તેમ જ સામાજિક પ્રવૃત્તિઓને બને તેટલો ટેકો આપવો.' ઉપર જણાવેલ પુનર્વિધાન બાદ સંઘની સર્વ પ્રવૃત્તિઓ આ ઉદ્દેશને લક્ષ્યમાં રાખીને જ કરવામાં આવી હતી અને સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જૈન'ના સમગ્ર સંચાલન પાછળ પણ આ જ આઝાદીની તમન્ના એક મહાન પ્રેરક બળ હતું. આ સૌ કોઇને ઇષ્ટ આઝાદી આપણા દેશે ગત વર્ષ દરમિયાન ઓગસ્ટની ૧૫ મી તારીખે હાંસલ કરી છે. આ મહાન ઘટનામાં શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ એક પ્રકારની ચરિતાર્થતા અને જાણે કે પોતાના ધ્યેયનો એક મુખ્ય અંશ સફળ થયો હોય એવો આત્મ-સંતોષ અનુભવે છે.

આઝાદી ઉદ્યાપન

આ મહાન ઘટના જે દિવસે બની તે દિવસે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી શ્રી. મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાન-શાળામાં મુંબઇની ધારાસભાના પ્રમુખ શ્રી કુંદનમલજી ફીરોદીયાના પ્રમુખસ્થાન નીચે જૈન સમાજનું એક ભવ્ય સંમેલન યોજવામાં આવ્યું હતું, અને આ પ્રસંગે પ્રસંગાનુરૂપ વ્યાખ્યાનો થયાં હતાં, અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી અને ભગિનીસમાજ તરફથી ચાલતા સેવામંદિરની હરિજન બહેનોએ ગીત ગરબાઓ વડે એકત્ર થયેલ મંડળીના મનનું રંજન કર્યું હતું.

હા.હા.શ્રી બાલાભાઇ કોરા નિબંધ હરીફાઇ

ગત વર્ષ દરમિયાન શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી એક નિબંધ હરીફાઇ યોજવામાં આવી હતી. સદ્‌ગત શ્રી. છોટુભાઇ બાલાભાઇ કોરા તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને રૂા. ૪૦૦) એવી સમજુતીથી મોકલવામાં આવ્યા હતા કે સંઘે જૈન સમાજના લેખકોને "આધુનિક સમાજને અનુલક્ષીને જૈન ધર્મ અને સમાજ (ચતુર્વિધ સંઘ) નો ઉત્કર્ષ કેમ થાય?" એ વિષય ઉપર નિબંધો લખવા નિમંત્રણ આપવું અને એ રીતે પ્રાપ્ત થયેલા નિબંધોમાંથી સૌથી શ્રેષ્ઠ નિબંધ લખનારને રૂા. ૨૫) અને તે પછીના નિબંધ લખનારને રૂા. ૧૫) નો પુરસ્કાર આપવો. આ નિબંધોના પરીક્ષક તરીકે પંડિત સુખલાલજી, શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી. શાંતિલાલ હરજીવન શાહ, શ્રી. છોટુભાઇ બાલાભાઇ કોરા તથા શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ એમ પાંચ ગૃહસ્થોની નીમણૂંક કરવામાં આવી હતી. આ હરીફાઇમાં કુલ ૨૪ નિબંધકારોએ ભાગ લીધો હતો. આ નિબંધ મેળવવાની મુદત પુરી થયા પહેલાં કમનસીબે શ્રી. છોટુભાઇ બાલાભાઇ કોરા પરલોકવાસી બન્યા હતા. અન્ય પરીક્ષકોએ સર્વાનુમતે શ્રી પદ્મનાભ જૈનને સૌથી શ્રેષ્ઠ નિબંધ લખવા માટે પહેલું ઇનામ અને શ્રી. રતિલાલ મફાભાઇ શાહને બીજું ઇનામ આપ્યું હતું. શ્રી. પદ્મનાભ જૈનનો નિબંધ પ્રબુદ્ધ જૈનમાં આજકાલ ક્રમશઃ પ્રગટ થઇ રહ્યો છે.

હરિજન મંદિર પ્રવેશ ધારો

મુંબઇ સરકાર તરફથી મુંબઇની ધારાસભામાં જ્યારે હરિજન મંદિર પ્રવેશનો ધારો રજુ કરવામાં આવ્યો હતો તે દરમિયાન તા. ૨૫–૬–૪૭ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ આ ધારાનું સચોટ સમર્થન કર્યું હતું અને એ જ મતલબનું એક નિવેદન મુંબઇ સરકાર ઉપર સંઘ તરફથી મોકલવામાં આવ્યું હતું. આ ધારો મુંબઇની ધારાસભામાં સર્વાનુમતે પસાર થયો છે અને મુંબઇ ઇલાકામાંથી અસ્પૃશ્યતા કાયદા પુરતી હવે સર્વાંશે નાબુદ થઇ છે એ અત્યંત આનંદજનક છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષ માફક ગત વર્ષ દરમિયાન શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૧–૯–૪૭ થી તા. ૧૮–૯–૪૭ સુધી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. આ વખતે પહેલાં બે દિવસ બાદ કરતાં બાકીના દિવસોની સભાઓનું પ્રમુખસ્થાન પંડિત, સુખલાલજીએ લીધું હતું. પહેલાં સાત દિવસની સભાઓ વિઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદ ભુવનમાં અને આઠમા દિવસની સભા કાલબાદેવી રોડ ઉપર આવેલ ભાંગવાડી થીએટરમાં ભરવામાં આવી હતી. આખી વ્યાખ્યાનમાળાનો શ્રોતાજનોએ બહુ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ વ્યાખ્યાનમાળાનું આકર્ષણ એક-સરખું ટકી રહ્યું છે, અને તેનું કારણ વિશિષ્ટ કોટિના વ્યાખ્યાતાઓ અને વ્યાખ્યાનવિષયોનું વૈવિધ્ય છે. પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં રજુ થયેલા વ્યાખ્યાતાઓ તેમ જ વ્યાખ્યાનોનો ક્રમ નીચે મુજબ હતો:–

વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
શ્રી. પુરુષોત્તમ કાનજી (કાકુભાઇ)....	જગતનાં શ્રેષ્ઠ પુરુષોમાં ગાંધીજીનું સ્થાન.
શ્રી. કાકાસાહેબ કાલેલકર...	સત્યમ્ શિવમ્ સુન્દરમ્ .....
શ્રી. વેણીબહેન કાપડીઆ.....	પૂર્ણયોગની આછી રૂપરેખા
શ્રી. વીઠ્ઠલદાસ જેરાજાણી.....	અકલેલીમાં અઢાદીની ઉજવણી
શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.....	શ્રી. ગૌતમસ્વામી.

ન્યાયમૂર્તિ, હરસિધ્ધભાઈ દીવેટીઆ.....માનવ ધર્મ
શ્રી. ઈન્દુમતીબહેન ચીમનલાલ.....શિક્ષણમાં ધર્મને સ્થાન.
ડોકટર હરિપ્રસાદ દેસાઇ.....સૌન્દર્યોપાસના.
શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ.....ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધી
શ્રી. ભગનભાઇ દેસાઇ.....સમાજ અને ધર્મ
પંડિત ખેચરદાસ જીવરાજ દોશી.....પ્રત્યક્ષ પરિસ્થિતિ અને ધર્મ
ડો. બૂલચંદજી.....જૈન સંસ્કૃતિનું અન્વેષણ
શ્રી. શીરીન ફ્રેાજદાર.....બહાઇ ધર્મ.
શ્રી. શાંતિલાલ હરજીવન શાહ ... ...રાષ્ટ્રીય ચારિત્ર્યનું ઘડતર
પંડિત સુખલાલજી ... ...ભગવાનમહાવીર
શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ ... ...ભગવાનબુદ્ધ

પ્રબુદ્ધ જૈન

પ્રબુદ્ધ જૈન પુર્વવત્ ચાલ્યા કરે છે અને નિયમિત રીતે દશથી બાર પાનાનું વાંચન આપે છે. આજ કાલ ગ્રાહકોની સંખ્યા અલ્પાંશે પણ ઘટી રહી છે અને સંઘના કાર્યવાહકોને એ ચિન્તાનો વિષય બને છે. આમ છતાં પણ પ્રબુદ્ધ જૈનને પર્યુષણ દરમિયાન મળેલી મદદને લીધે ચાલુ વર્ષ દરમિયાન આવકજાવકનાં પાસાં સરખા થઇ શકયાં છે. બીજી રીતે જૈન તેમ જ જૈનેત્તર સમાજમાં પ્રબુદ્ધ જૈને એક સુસન્માનિત પત્ર તરીકે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે જેને ટકાવી રાખવાની જવાબદારી સંઘના સભ્યોની છે. પ્રબુદ્ધ જૈનના ગ્રાહકો સારા પ્રમાણમાં વધતા રહે અને લેખસામગ્રીનું વૈવિધ્ય પણ વિકસતું રહે તો જ પ્રબુદ્ધ જૈન ચિરકાળ ટકી શકે.

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય

સંઘની આ પ્રવૃત્તિનો વાંચનાલય વિભાગ એકસરખો સુવ્યવસ્થિત રીતે ચાલી રહ્યો છે અને તેનો લાભ હંમેશાં ૧૦૦ થી ૧૨૫ ભાઇઓ લઇ રહ્યા છે. પુસ્તકાલય વિભાગનો લાભ કલાર્કોની ચાલુ અગવડને લીધે જાહેર જનતાને જોઇએ તેટલો આપી શકાયો નથી. શક્તિશાળી, પ્રમાણિક અને એકસરખી નિષ્ઠાથી કામને વળગી રહે એવા લાઇબ્રેરીયનો મળવા અત્યન્ત મુશ્કેલ છે. આવી પરિસ્થિતિમાં દ્રવ્યનું પુરતું સાધન હોવા છતાં તેવાં પુસ્તકો વસાવી શકાતાં નથી અને સરખા માણસો મળે નહિ અને મળે તો ટકે નહિ આ કારણે આ કાર્ય ઇચ્છા મુજબ વ્યવસ્થિત બનાવી શકાતું નથી. હાલમાં થોડા સમયથી આખા પુસ્તકાલયની પુનર્ઘટનાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. વિષયવાર પુસ્તકોની ગોઠવણ થઇ રહી છે અને વિષયવાર તેમ જ નામ તથા લેખકવાર પુસ્તકોની યાદી તૈયાર થઇ રહી છે. આ રીતે પુસ્તકાલયનું કાર્ય બહુ થોડા સમયમાં પુરેપુરા વ્યવસ્થિત આકારમાં ગોઠવાઇ જશે. અને પુસ્તક સંગ્રહમાં પણ ઘણો સારો વધારો કરવામાં આવશે એમ અમો આશા રાખીએ છીએ.

સંઘની અન્ય પ્રવૃત્તિઓ

સંઘની રાહત પ્રવૃત્તિ તેમ જ માવજતનાં સાધનો પુરા પાડવાની પ્રવૃત્તિ સંબંધમાં જણાવવાનું કે સંઘની રાહત પ્રવૃત્તિ કેટલાક સમયથી વૈદ્યકીય રાહત પ્રવૃત્તિ પુરતી જ મર્યાદિત કરવામાં આવી છે. આ સંબંધે અવારનવાર પ્રબુદ્ધ જૈનમાં જાહેરાત આપવા છતાં આ રાહતનો જૈન સમાજ તરફથી બહુ જ ઓછો લાભ લેવાય છે. ડોકટરોનાં બીલો-દવાઓ-ઇન્જેકશનો-હોસ્પિટનાં બીલો તેમ જ કુટુંબમાં માંદગી આવી હોય તેને જરૂરી આર્થિક મદદ આ બધું આપવાની આ યોજનામાં વ્યવસ્થા છે. અને તેના માટે જરૂરી દ્રવ્ય, પણ સંઘ હસ્તક પડયું છે. જૈન સમાજ આ રાહતનો પુરેપુરો લાભ લે અને આ કાર્ય આગળ ને આગળ વધતું રહે એવી અમારા અન્તરની ઇચ્છા છે. માવજતનાં સાધનો સંઘના કાર્યાલયમાં પુરતા પ્રમાણમાં રાખવામાં આવ્યા છે અને નાતજાતના ભેદભાવ સિવાય જેને જેને જરૂર હોય તેને તેને પુરાં પાડવામાં આવે છે.

આગામી વર્ષ માટે સંઘની આર્થિક જરૂરિયાતો

ગત વર્ષ દરમિયાન પ્રબુદ્ધ જૈનના સંચાલન પાછળ રૂા. ૧૩૦૦) ની ખોટ આવી છે જેની પુરવણી પ્રબુદ્ધ જૈનને બહારથી મળેલી મદદો દ્વારા થઇ શકી છે. આગામી વર્ષ માટે પ્રબુદ્ધ જૈન પૂર્વવત્ ચલાવવા માટે રૂા. ૧૮૦૦) ની જરૂર અડસટ્ટાગાં આવી છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે પણ આશરે રૂા. ૬૦૦) મેળવવાના રહેશે. શ્રી મણિલાલ મોકમચંદ શાહ વાંચનાલય-પુસ્તકાલયના વહીવટીખર્ચ માટે રૂા. ૩૭૦૦) ની અપેક્ષા ગણાય. આ સર્વ જરૂરિયાતોને પહોંચીવળવા માટે સંઘના સભ્યોએ બનતા સર્વ પ્રયત્નો કરી લેવા જોઇએ. અને તેમ કરીએ તો જ સંઘની આર્થિક સ્થિતિ આજે જેવી છે તેવી જળવાઇ રહે.

કેટલીક પ્રાસ્તાવિક બાબતો

સંઘમાં આજે ૩૦૫ સભ્યો છે જેમાં ૪૪ બહેનો છે. આ સર્વ સભ્યોને પ્રબુદ્ધ જૈન પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત પ્રબુદ્ધ જૈનના આજે ૪૫૯ ગ્રાહકો છે અને ૧૦૪ નકલો ભેટ અથવા તો વિનિમયમાં જાય છે. ગત વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૧૧ સભાઓ મળી હતી.

ઉપસંહાર

સંઘની ગત વર્ષની કાર્યવાહીનો આ સંક્ષિપ્ત વૃત્તાંત છે. સંઘે આટલા કામકાજથી સંતોષ માનવો ન જોઇએ. સંઘની પ્રવૃત્તિમાં વિશેષ વેગ અને વૈવિધ્ય આવવું જોઇએ અને તે માટે નવા નવા કાર્યકર્તાઓની પુરવણી થવી જોઇએ. સંઘના સભ્યોએ પણ વધારે સક્રિય બનવું જોઇએ અને સંઘની બંધારણગત વિચારસરણીને અનુરૂપ પોતાનું જીવન ઘડવું જોઇએ. રાષ્ટ્રનું નવનિર્માણ, જૈન સમાજની એકતા, ધાર્મિક કે સામાજિક અનિષ્ટ રૂઢિઓનો ઉચ્છેદ, સત્યવિરોધીપુર્વગ્રહોનું ખંડન, કોમી ભાવનાનો આમૂળ વિરોધ-આવી વિચારણાના પાયા ઉપર મુંબઇ જૈન યુવક સંઘની સર્વ પ્રવૃત્તિઓનું આજ સુધી નિર્માણ કરવામાં આવ્યું છે. આ દિશાએ ઘણું થોડું કામ થયું છે; હજુ ઘણું ઘણું કામ કરવાનું બાકી છે. આજે દેશમાં આઝાદી આવી છે અને દેશના યુવકો માટે અને મુંબઇ જૈન યુવક સંઘ જેવી સંસ્થાઓ માટે અનેક કાર્યદિશાઓ ખુલી રહી છે. સૌ કોઇના દિલમાં નવરચનાની તમન્ના જાગી ઉઠી છે. અત્યે સમયે મુંબઇ જૈન યુવક સંઘ પણ પોતાને અનુકુળ પ્રવૃત્તિઓ સત્વર હાથ ધરે અને રાષ્ટ્રના નવા ચણતરમાં સંગીન ફાળો આપવા લાગે એ જ આપણા અંતરની શુભેચ્છા અને પ્રાર્થના હોય અને એ જ આપણા દિલની તમન્ના હોય.

સંઘની વાર્ષિક સામાન્ય સભા

તા. ૨૨ ૨-૪૮ રવિવારના રોજ કાલબાદેવી રોડ ઉપર આવેલ દ્વારકાદાસ બીલ્ડીંગમાં બોમ્બે સીલ્ક મરચન્ટ્સ એસોસીએશનના સભાગૃહમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખપણા નીચે મળી હતી. પ્રારંભમાં આગળની વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી મંજુર થયા બાદ મહાત્મા ગાંધીજીના અવસાન સંબંધમાં નીચે મુજબનો એક શોકપ્રસ્તાવ પ્રમુખસ્થાનેથી રજુ કરવામાં આવ્યો હતો:—

"આજે તા. ૨૨-૨-૪૮ રવિવારના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના દુઃખદ અવસાન પ્રત્યે ઉંડા શોકની લાગણી પ્રદર્શિત કરે છે. છેલ્લાં ૩૦ વર્ષથી ગાંધીજી રાષ્ટ્રના સમગ્ર જીવનના સૂત્રધાર હતા. અને ગયા વર્ષની ઓગસ્ટની ૧૫ મી તારીખે આપણા દેશને સાંપડેલી આઝાદીના નિર્માતા હતા. જૈન ધર્મના મૂળભૂત લેખાતા અહિંસાના સિદ્ધાન્તને તેમણે અનેક રીતે વિકસાવ્યો હતો અને વ્યક્તિગત મોક્ષની કલ્પના સાથે જોડાયલી આ અહિંસાની ભાવનાને

તેમણે સમાજસ્પર્શી બનાવી હતી અને રાષ્ટ્રવ્યાપક સ્વરૂપ આપ્યું હતું. સર્વધર્મસમભાવની કલ્પનાદ્વારા ધાર્મિક તેમ જ સાંપ્રદાયિક ભેદોને નિર્મૂળ કરવા તેમણે ભગીરથ પ્રયત્ન કર્યો હતો. તેમના વિદેહ થવાથી દેશને જ માત્ર નહિ, પણ આખી આલમને કોઇ કાળે ન પુરાય તેવી ખોટ પડી છે. આવા મહાપુરૂષનો આપણને આટલાં વર્ષો સમાગમ રહ્યો એ આપણું ખરેખર અસાધારણ ભાગ્ય હતું. તેમણે આપણને જે પ્રકારનો જીવનધર્મ સમજાવ્યો છે અને સ્વતઃ આચરી બતાવ્યો છે તે જીવનધર્મને અનુસરીને તેમનાં સ્મરણને આપણે સાર્થક કરીએ અને તેમના જીવનકાર્યને આગળ વધારીએ!

આ શોકપ્રસ્તાવ ઉપર પ્રમુખ સાહેબે નીચે મુજબ વિવેચન કર્યું હતું :—

"આ પ્રસંગે શું કહેવું અને કેમ કહેવું તે વિષે સહેજે મુંઝવણ થાય તેવું છે. ગાંધીજી વિષે એટલું બધું કહેવાયું છે કે આવા પ્રસંગે વિશેષ ઉમેરો કરવાપણું રહેતું નથી. તે સાથે આવી મહાન્ વિભૂતિને આપણે કેટલા સમજ્યા છીએ તે વિચારીશું તો જણાશે કે આપણું અજ્ઞાન ઘણું છે અને તેમની જય પોકારવા ઉપરાંત આપણે ઊંડા ઉતર્યા નથી.

કરોડો માણસોની તેઓ પ્રેરણામૂર્તિ હતા. લાખોના હૃદયમાં કાંઇક નવો પ્રકાશ તેમણે પાડયો છે, જગતમાં નવું બળ મૂકી ગયા છે, જીવનનું કોઇ ક્ષેત્ર એવું ન હતું કે જેમાં તેમણે નવો માર્ગ બતાવ્યો ન હોય, જીવનના મૂલ્યો તેમણે ફેરવી નાંખ્યા. આ બધું કેમ બન્યું? ગાંધીજીનાં પોતાનાં જીવનમાં કયું તત્ત્વ એવું હતું કે જે આટલી બધી વિધિ પ્રવૃત્તિઓને એક સૂત્રે બાંધી રાખતું અને પ્રેરણા આપતું? હિમાલય ઉપરથી ધોધ વહે અને બધી ભૂમિ રસાળ કરે તેમ ગાંધીજીએ જે જીવનશક્તિ રેડી અને માનવજાતને અને હિંદને નવજીવન આવ્યું તેનું ઉગમસ્થાન શું હતું?

સન ૧૮૯૪માં ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે તેમનું ધાર્મિક મંથન શરૂ થયું. મનમાં ઉદ્ભવેલ શંકાઓના નિવારણ અર્થે શ્રીમદ્ રાજચંદ્રને ૨૭ પ્રશ્નો પૂછ્યા, જેના શ્રીમદે જવાબ આપ્યા તેમાં એક પ્રશ્ન નીચે પ્રમાણે હતો:—"આજની અનીતિમાંથી સુનીતિ થશે ખરી?" શ્રીમદે તેનો આ પ્રમાણે જવાબ આપ્યો: "આ પ્રશ્નનો ઉત્તર સાંભળી જે જીવ અનીતિ ઇચ્છે તેને તે (ઉત્તર) ઉપયોગી થાય એમ થવા દેવું યોગ્ય નથી. સર્વ ભાવ અનાદિ છે. નીતિઅનીતિ. તથાપિ તમે અમે અનીતિ ત્યાગી નીતિ સ્વીકારીએ, તો તે સ્વીકારી શકાય એવું છે અને એ જ આત્માનું કર્તવ્ય છે. સર્વ જીવ આશ્રી અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકતું નથી. કેમકે એકાંતે તેવી સ્થિતિ થઇ શકવા યોગ્ય નથી."

ઉપરના પ્રશ્નોત્તરમાં અનીતિ–સુનીતિ શબ્દો છે તે જગ્યાએ ધર્મ–અધર્મ કે હિંસા–અહિંસા શબ્દો મૂકીએ તો પ્રશ્નોત્તરનો ભાવ વધારે સરલતાથી સમજાશે. પ્રશ્ન પૂછ્યો ત્યારે ખ્રીસ્તી સાહિત્યનું વાંચન ગાંધીજીને વધારે હતું એટલે અનીતિ–સુનીતિ શબ્દો વપરાયા છે એમ મને લાગે છે. પણ કહેવાની મતલબ એ છે કે ગાંધીજીના સમગ્ર જીવનનું ધ્યેય એ હતું કે આ જગતમાં, અનીતિને સ્થાને સુનીતિ, હિંસાને સ્થાને અહિંસા અને અધર્મને સ્થાને ધર્મ સ્થાપવા. આટલું સમજીએ તો ગાંધીજીનું જીવન, તેમનો જીવનસંદેશ અને તેમની બધી પ્રવૃત્તિઓનો મર્મ કાંઇક સમજાશે. આ જગત અને જીવન સત્ય, અહિંસા, પ્રેમ, ધર્મ અને નીતિથી ટકે છે. તેમાં અસત્ય, હિંસા, દ્વેષ, અધર્મ અને અનીતિ છે. પણ જેટલે દરજ્જે સત્ય અને અહિંસાને સ્વીકારીએ તેટલે દરજ્જે જીવન ઉન્નત બને છે. અસત્ય, હિંસામાં વિનાશ છે. આ જગતમાં અને દરેક મનુષ્યનાં જીવનમાં સત્–અસત્નું સતત યુદ્ધ ચાલે છે. કોઇ વખત સત્નું પલ્લું ચડે છે તો કોઇ વખત અસતનું. જ્યારે ધર્મની ગ્લાનિ થાય ત્યારે, ગીતા કહે છે, તેમ ભગવાન અવતાર લે છે અને ધર્મની સંસ્થાપના કરે છે. આવા પુરૂષોને ઇતિહાસ પયગમ્બરો, તિર્થંકરો કહે છે. ગાંધીજી એવા પયગમ્બર હતા. ગાંધીજીએ બીજું ઘણું કર્યું છે પણ એમને કરવું હતું એ કે અસત્ય અને હિંસાને સ્થાને સત્ય અને અહિંસા સ્થાપવી હતી.

આ સંદેશ યુગે યુગે પયગમ્બરો આપી ગયા છે. ગાંધીજીની વિશેષતા એ હતી કે આ સંદેશને અમલી બનાવવા તેમણે જીવનનાં નાના મોટા પ્રત્યેક ક્ષેત્રમાં પ્રયોગ કર્યા અને નવા માર્ગો બતાવ્યા. રૂઢિજડ થઇ ગયેલ જગતને અને હિન્દને તેમણે ચેતના આપી. અસ્પૃશ્યતા નિવારણ હોય કે ખાદી હોય, નયી તાલીમ હોય કે ગોરક્ષા હોય, હિન્દને આઝાદી અપાવવી હોય કે જગતમાં યુધ્ધને સ્થાને નૈતિક ધોરણ દાખલ કરાવવું હોય, એ બધામાં આ એક જ તત્વ કામ કરતું હતું. બીજા પયગમ્બરોની માફક તેમણે આ સૂત્રોનો ઉપદેશ આપ્યો એટલું જ નહિ પણ તેને જીવનનાં બધા પ્રદેશમાં વણી દેવા શું કરવું જોઇએ તે માટે નવી સંસ્થાઓ રચી, નવા પ્રયોગો કર્યા, નવા માર્ગો બતાવ્યા.

ગાંધીજીનો આ સંદેશ આપણે ઝીલ્યો છે? તેમાં આપણે માનીએ છીએ? ગાંધીજીના મૃત્યુ માટે ગોડસે કે તેના સાથીદારો જ જવાબદાર છે તેમ નથી. થોડે વધતે ઓછે અંશે આપણે સૌ જવાબદાર છીએ; કારણ કે જે ઝેરવેર ગોડસે અને તેના સાથીદારોમાં વધારે ઉગ્ર પ્રમાણમાં હતું તે આપણા સૌમાં થોડે વધતે અંશે હતું. અને એટલે જ ગોડસે અને તેના સાથીદારો આવું કૃત્ય કરવાનો વિચાર કરી શકયા. મુસલમાનોને હિન્દુસ્તાનમાંથી કાઢી મુકવા જોઇએ, ગાંધીજી તેમ કરતા અટકાવે છે અને મુસલમાનોનું રક્ષણ કરે છે, તેથી ગાંધીજી કરે છે તે ખોટું છે, માટે તેમને દૂર કરવા રહ્યા. આ ગોડસે અને કેટલેક દરજ્જે આપણા સૌનું માનસ હતું. ગાંધીજી માનતા અને કહેતા કે હિંદુસ્તાનમાંથી બધા મુસલમાનોને હાંકી કાઢવામાં કદાચ આપણે એક વખત સફળ થઇએ તો તેમાં હિંદુસ્તાનનો અને હિંદુ ધર્મનો વિજય નહિ પણ વિનાશ થશે.

કોઇ ધર્મ કે દેશ બીજાનો વિનાશ કરીને ટકે નહિ. હિન્દુ ધર્મનું મુખ્ય લક્ષણ એ છે કે તેણે કોઇનો વિનાશ કર્યો નથી પણ પ્રેમથી સહિષ્ણુતાથી પરાયાને પોતાના કર્યા છે, લાખોકરોડોને પોતાની ગોદમાં લીધા છે. જબરજસ્તીથી ધર્માન્તર કરાવવું એ બીજા ધર્મોમાં હશે, હિન્દુ ધર્મમાં નથી. બુદ્ધધર્મ સમસ્ત એશિયામાં ફેલાયો પ્રેમથી, હિંદુ ધર્મે અનાર્યોને અપનાવ્યા પ્રેમથી; વિદેશી જાતિઓને પોતામાં સમાવી પ્રેમથી, દેખીતી રીતે મુસલમાનોનું રક્ષણ કરવામાં ગાંધીજી ખરી રીતે હિંદુસ્તાન અને સાચા હિંદુ ધર્મનું રક્ષણ કરતા હતા. હિન્દુ ધર્મ પોતાનું આ લક્ષણ ગુમાવશે ત્યારે તે હિંદુ ધર્મ નહિ રહે.

ગાંધીજીનું મૃત્યુ તો તેમના જીવન જેટલું જ ભવ્ય છે. તેની સરખામણી કરવી હોય તો મને સોક્રેટીસ યાદ આવે. દંભ અને વિલાસભરપુર આથેન્સ અને ગ્રીસના નવયુવાનોને તેણે નિડરતાથી સત્ય અને ધર્મનો સંદેશો આપ્યો અને જીવનભર આથેન્સની શેરીઓમાં રખડી દંભના પડદા ચીર્યા ત્યારે તેના જ સ્વજનોએ તેને દેહાંતની સજા કરી; ઝેરનો પ્યાલો આપ્યો. એ ઝેરનો કટોરો તેણે સ્થિતપ્રજ્ઞ જેવી સ્વસ્થતાથી પીધો અને મૃત્યુની છેલ્લી ઘડી સુધી આત્મા અમર છે અને સત્યનો જ વિજય છે એમ ઉપદેશતો રહ્યો. પ્લેટોના સંવાદોમાં આ પ્રસંગો અને આ સંવાદો અમર છે. ગાંધીજીનું મૃત્યુ પણ તેમ જ થયું. તેમના જીવનથી જે ન થયું તે કદાચ તેમના મૃત્યુથી થશે.

માનવજાત આ પૃથ્વી પર હશે ત્યાં સુધી ગાંધીજીનો સંદેશ અમર છે."

ત્યાર બાદ બે મીનીટ શાન્તિ અને મૌનપૂર્વક ઉભા રહીને આ શોકપ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

ત્યાર બાદ જાણીતા કલાકાર શ્રી રવિશંકર મહાશંકર રાવળ પાસે તૈયાર કરાવેલ સદ્‌ગત વ્રજલાલ ધ. મેઘાણીનું તૈલચિત્ર સંઘના આજીવન મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહના શુભ હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ તૈલચિત્રની અનાવરણ વિધિ કરતાં શ્રી મણિલાલ મોકમચંદ શાહે સદ્‌ગત વ્રજલાલ મેઘાણીની અનુકંપા, નમ્રતા, સાદાઇ, હૃદયસ્પર્શી લેખનશક્તિ વગેરે ઉચ્ચ ગુણોનું વર્ણન કર્યું હતું અને સંઘ પ્રત્યે તેમના દિલમાં કેવું ઉંડું મમત્વ અને સંઘના કાર્યને આગળ ધપાવવાની કેવી તમન્ના હતી એનો ખ્યાલ આપ્યો હતો.

ત્યાર બાદ મુંબઇની મ્યુનીસીપાલીટીની છેલ્લી ચુંટણીમાં ચુંટાવા બદલ સંઘના પ્રમુખનું સંઘ તરફથી શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ અભિનન્દન કર્યું હતું અને સંઘના પ્રમુખનો આવો ઉત્કર્ષ એ સંઘનો જ ઉત્કર્ષ છે એમ જણાવ્યું હતું. પ્રમુખ સાહેબે આ અભિનન્દન અને ધન્યવાદ માટે સંઘનો આભાર માન્યો હતો.

પછી સંઘનો વાર્ષિક વૃતાન્ત તથા આવક જાવકનો હીસાબ અને સરવૈયું સંઘની કાર્યવાહક સમિતિ તરફથી સંઘના મંત્રી શ્રી. દીપચંદ ત્રીભોવનદાસ શાહે રજુ કર્યા હતા અને સાથે સાથે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયનો આવક જાવકનો હીસાબ તથા સરવૈયું પણ રજુ કરવામાં આવ્યા હતા. આ રજુઆત બાદ સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે સંઘની ગત વર્ષની કાર્યવાહી પરત્વે સંતોષ વ્યકત કર્યો હતો અને સંઘની સર્વ પ્રવૃત્તિઓનો મુખ્ય હેતુ જૈન સમાજમાં વિચાર-પરિવર્તન સાધવાનો છે એ હેતુ પ્રબુદ્ધ જૈન અને પર્યુષણ વ્યાખ્યાનમાળા દ્વારા કેવી રીતે સિધ્ધ થઇ રહ્યો છે તે વિષે વિવેચન કર્યું હતું અને સાથે સાથે દેશની અત્યારની કટોકટીભરી પરિસ્થિતિ, કોંગ્રેસના કેટલાક આગેવાનોની શિથિલતા, કોંગ્રેસને બને તેટલો ટેકો આપવાની આવશ્યકતા, વગેરે બાબતો ચર્ચી હતી. ઉપર જણાવેલ વાર્ષિક વૃતાન્ત તથા હિસાબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. એ જ પ્રમાણે મંત્રી તરફથી રજુ કરવામાં આવેલ સંઘ તેમ જ મ. મો. સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલયના આગામી વર્ષના આવક જાવકના અંદાજપત્રો પણ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. સંઘના તથા વાંચનાલય પુસ્તકાલયના હિસાબ અન્વેષક શ્રી. એચ. પી. કુંભાણીની કંપનીનો આભાર માનવામાં આવ્યો હતો અને આગામી વર્ષ માટે પણ ઓડીટર તરીકે તેમની નીમણુંક કરવામાં આવી હતી.

ત્યાર બાદ સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચુંટણીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. અને આ ચુંટણીનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ	પ્રમુખ
,, પરમાનંદ કુંવરજી કાપડીઆ	ઉપપ્રમુખ
,, મણિલાલ મોકમચંદ શાહ	મંત્રીઓ
,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ	મંત્રીઓ
,, વેણીબહેન વિનયચંદ કાપડીઆ	મંત્રીઓ
,, પ્રવીણચંદ હેમચંદ અમરચંદ	કોષાધ્યક્ષ

કાર્યવાહક સમિતિના સભ્યો

શ્રી. ચંદ્રાબહેન તારાચંદ કોઠારી
,, જડુભાઇ મહેતા
,, નાનચંદભાઇ શામજી
,, ધીરજલાલ ધનજીભાઇ શાહ
,, રતીલાલ ચીમનલાલ કોઠારી
,, ટી. જી. શાહ
,, તારાચંદ એલ. કોઠારી
,, રમણલાલ સી. શાહ
,, જયંતિલાલ પરીખ
,, વલ્લભદાસ પુલચંદ મહેતા
,, ચંચળબહેન ટી. જી. શાહ
,, જસુમતિબહેન મનુભાઇ કાપડીઆ
,, ચુનિલાલ કલ્યાણજી કામદાર
,, વિજયાબહેન પરમાનંદ કાપડીઆ
,, લીલાવતીબહેન દેવીદાસ

ત્યાર બાદ પ્રમુખ સાહેબનો ઉપકાર માનીને સભા વિસર્જન કરવામાં આવી હતી.

બન્ને કલ્યાણકારી: જીવન અને મૃત્યુ

(ગાંધીજી વિષે જે કાંઇ ચિત્તમાં રહ્યું તે લખી મોકલવા મેં કેટલાક દિવસો પહેલાં પંડિત સુખલાલજીને વિનંતિ કરેલી. મારી વિનંતિ માન્ય રાખીને તેમણે એક લાંબો વિચારપૂર્ણ લેખ ગયા અંકમાં પ્રગટ કરી શકાય એવી ગણતરીએ મારી ઉપર મોકલેલો પણ ટપાલની અનિયમિતતાના કારણે એ લેખ અહિં વખતસર હાથ ઉપર આવ્યો નહિ. અને તેથી કાંઇક મોડો પણ આ લેખ અહિં આજે પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ)

ગાંધીજી 'મહાત્મા' લેખાયા. કારણ તેમનું જીવન મહત્ હતું. જેનું જીવન જ મહત્ હોય તેનું મૃત્યુ પણ મહત્ જ હોવાનું. ગાંધીજીનું જીવન મહત્ શા માટે? એ પ્રશ્નનો ઉત્તર એક જ છે અને તે એ કે તેમણે બાલ્યકાળથી ઠેઠ મૃત્યુની ઘડી સુધી એક માત્ર પ્રેમવૃત્તિ, સત્ય અને બીજાનું ભલું કરવાની વૃત્તિ તેમ જ પ્રવૃત્તિ જ અખંડપણે તેમ જ ઉત્તરોત્તર વિકસિત રૂપમાં અને વધારે ને વધારે વ્યાપક રૂપમાં સેવી છે. બુદ્ધના મૃત્યુ વખતે લોકોમાં શોક વ્યાપેલો, પણ એ શોક મોટે ભાગે તેમના અનુગામી ભિક્ષુગણ તેમ જ ગૃહસ્થવર્ગ પૂરતો હતો એમ કહી શકાય. મહાવીરના નિર્વાણ વખતે વ્યાપેલ શોક પણ એ જ કોટિનો હતો. અલબત્ત તે વખતે અત્યારના જેવા સમાચાર ફેલાવવાનાં સાધનો ન હતાં. ગાંધીજીના મૃત્યુસમાચાર અત્યારનાં સાધનોને લીધે વિશ્વવ્યાપી બન્યા છે એ એક જ કારણ વિશ્વવ્યાપી શોકનું નથી. પણ એમનું આંતર અને બાહ્યજીવન એવું વિશ્વવ્યાપી બની ગયેલું કે તે સ્થૂલ દેહે ગમે ત્યાં રહેતા હોય છતાં દુનિઆના દરેક ભાગમાં તેમનો સંદેશ એકધારો પહોંચી જતો અને ભણેલ કે અભણ, આ ધર્મના કે તે ધર્મના, આ કોમના કે તે કોમના, આ દેશના કે તે દેશના, દરેક માનવી ગાંધીજી વિષે એટલું તો માની જ લેતા કે તેઓ જે કહે છે, જે સંદેશ આપે છે તે તેમના આચરણનું પરિણામ છે. સૌનો એક સરખો વિશ્વાસ એ જ કે ગાંધીજી વિચારે કાંઇ, બોલે કાંઇ અને કરે કાંઇ એવા નથી અને નથી જ. વિશ્વહૃદયમાં ગાંધીજીની પ્રતિષ્ટા કેવળ ઉપરના કારણે જ હતી, તેઓ સૌના હૃદયના રામ બની ગયા તે માત્ર સત્યનિષ્ઠા અને કરૂણાવૃત્તિને કારણે. તેથી જ આપણે ગાંધીજીના જીવનને મહાત્ કહીએ છીએ.

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે ચિત્ત રૂપ નદીનો પ્રવાહ બન્ને બાજુએ વહે છે. તે કલ્યાણ તરફ વહે અને અકલ્યાણ તરફ પણ વહે. યોગશાસ્ત્રના આ કથનનો પુરાવો આપણા દરેકનો રોજીંદો અનુભવ છે. ગાંધીજી આપણા જ જેવા અને આપણા મોહેલા સાધારણ માનવી, પણ એમના ચિત્તનો પ્રવાહ કેવળ એક જ બાજુએ વહ્યો છે એ વિશ્વવિદિત બીના છે અને તે એક બાજુ પણ માત્ર કલ્યાણની જ. ગાંધીજીએ પોતાની સમગ્રશક્તિનો પ્રવાહ લોકકલ્યાણને માર્ગે જ વાળ્યો છે. આ માટેની તૈયારી કરવા ગાંધીજી નથી ગયા કોઇ મઠમાં કે નથી ગયા કોઇ જંગલમાં કે પર્વતની ગુફામાં. મનના સહજ અધોગામી વલણ તેમજ અકલ્યાણગામી સંસ્કારોના વહેણને ઉર્ધ્વગામી વલણમાં અને એક માત્ર કલ્યાણગામી પ્રવૃત્તિના વહેણમાં ફેરવી નાખવા એ કામ નથી શૂરાને માટે સહેલું કે નથી સત્તાધારીને માટે સહેલું. એ કામ ભલભલા સાધકોની પણ કસોટી કરાવે

તેવું અઘરું છે. પરંતુ ગાંધીજીની સત્ય તેમ જ પ્રેમની અનન્ય નિષ્ઠા અને સત્યપ્રેમમય ઈશ્વર ઉપરની અચળ શ્રદ્ધાએ તેમને માટે એ કામ સાવ સહેલા જેવું કરી નાંખ્યું હતું. તેથી જ ગાંધીજી સૌને એક સરખી રીતે ભારપૂર્વક કહેતાં કે હું તમારામાંનો જ છું અને હું જે કરું છું કે કરી શકયો છું તે સ્ત્રી-પુરૂષ, યુવા વૃધ્ધ સૌને માટે (તેઓ ધારે તો) સુકર છે. ગાંધીજી માત્ર વિવેક અને સત્પુરૂષાર્થ ઉપર જ ભાર આપતા. એમનો ઈશ્વર એમાં જ સમાઇ જતો દરેક માનવમાં વિવેક અને પુરૂષાર્થના બીજ હોય જ. તેથી દરેક માનવ ઈશ્વર અને બ્રહ્મરૂપ છે. ગાંધીજી દરેકના આત્મામાં વસતા એવા જ સચ્ચિદાનંદમય અંતર્યામીને પોતાના વર્તન અને વિચારથી જાગૃત કરવા રાતદિવસ મથતા અને તેમાં જ અખંડ આનંદ અનુભવતા.

માણસ સુમાર્ગને અનુસરે કે નહિ પણ તેના મનમાં એક અથવા બીજી રીતે સુમાર્ગની પ્રતિષ્ઠા તો હોય જ છે. તેથી ગાંધીજીના સન્માર્ગ-દર્શનને ન અનુસરનાર પણ અને ઘણીવાર તેથી સાવ ઉંધુ ચાલનાર પણ તેમના આ વલણ તરફ આકર્ષાતો અને એક અથવા બીજી રીતે ગાંધીજીનો પ્રશંસક બની જતો. તેથી કરીને આપણે કહી શકીએ કે બીજી કોઇ પણ વિભૂતિના જીવને માનવોના હૃદયમાં સ્થાન મેળવ્યું હોય તે કરતાં વધારેમાં વધારે માણસોના હૃદયમાં ગાંધીજીના જીવને સ્થાન મેળવ્યું હતું. આવા સ્થાનને લીધે જ લોકોએ એમને મહાન આત્મા કહ્યા અને તેમનું જીવન મહત્ લેખાયું.

ભૂતકાળના ઇતિહાસમાં કે આ નવયુગના ઇતિહાસમાં એવો કોઇ દાખલો છે કે જેમાં તેના મૃત્યુ વખતે જ ગાંધીજીના મૃત્યુથી કકળી ઉઠેલી વિશ્વજનતાનો દશમો ભાગ પણ હૃદયથી કકળી ઉઠયો હોય? કેટલાક પ્રજાપ્રિય રાજા, રાષ્ટ્રનેતા અને લોકપ્રિય સંતો ચાલ્યા ગયાં ત્યારે તેમના માટેનો શોક અમુક ભાગ પૂરતો જ હતો. અને કેટલીક વખતે તો તે ઔપચારિક પણ હોય. પરંતુ ગાંધીજીની મૃત્યુકથા જ સાવ નિરાળી છે. દુનિઆમાં એકેએક ભાગમાં વસતી જનતાના સાચા પ્રતિનિધિઓએ ગાંધીજીના મૃત્યુ ઉપર આંસુ સાર્યા છે અને અત્યારે પણ ગાંધીજીની જીવનગાથા મનમાં આવતાં જ કે કાને પડતાં જ કરોડો માણસો આંસુ ખાળી શકતા નથી. તેથી જ ગાંધીજીનું મૃત્યુ જીવનના જેટલું જ મહાન છે એમ કહી શકાય.

ગીતા એ દુનિઆના ધર્મગ્રન્થોમાં એક અદ્‌ભુત અને અપૂર્વ ગ્રંથ છે. તેને રચનાર વ્યક્તિ પણ તેવી જ અદ્‌ભુત અને આર્ષ-દૃષ્ટિવાળી હોવી જોઇએ. જેના મુખમાંથી ગીતાનો ઉપદેશ આપવામાં આવ્યો છે તે કલ્પનામૂર્તિ કે ઐતિહાસિક કૃષ્ણ પણ અદ્‌ભુત વ્યક્તિ છે એમાં શંકા નથી. ગાંધીજીને સાચી રીતે ઓળખનાર કોઇ પણ એટલું તો સમજી શકે તેમ છે કે ગીતાને તેના આધ્યાત્મિક અને વ્યાવહારિક અર્થમાં જેટલે અંશે ગાંધીજીએ જીવનમાં પચાવી હતી તેટલે અંશે ગીતાને પચાવનાર વ્યક્તિને શોધી કાઢવાનું કામ બહુ અઘરું છે. ગીતામાં કર્મયોગનું જ પ્રતિપાદન છે. આ મુદ્દાનું સમર્થન લોકમાન્ય તિલક કરતાં વધારે સચોટ રીતે બીજા કોઇએ કર્યું હોય તો તે હું જાણતો નથી; પણ એ અનાસકત કર્મયોગનું પચ્ચાસથી વધારે વર્ષો લગી સતત અને અખંડ પરિપાલન ગાંધીજીએ જ કરી બતાવ્યું છે. તેમણે ગીતાના કર્મયોગનું સમર્થન જેટલે અંશે જીવન જીવીને કર્યું છે તેટલે અંશે ગ્રંથ લખીને નથી કર્યું. ગીતાના અનાસકત કર્મયોગમાં બે બાજુઓ સમાય છે. લોકજીવનની સામાન્ય સપાટી ઉપર રહીને તેને ઉન્નત કરવાની લોકસંગ્રહકારી વ્યવહાર બાજુ, અને ત્રણે કાળમાં એક-સરખાં ટકી શકે એવાં શાશ્વત મૂલ્ય ધરાવનાર સત્ય, અહિંસા, અને ઈશ્વરનિષ્ઠા જેવાં તત્ત્વોને સ્પર્શીને જ જીવન જીવવાની પારમાર્થિક બાજુ. ગાંધીજીનું જીવન શરૂ થયું તે, એ પારમાર્થિક સત્યને આધારે, અને તે ઉત્તરોત્તર વધારે ને વધારે વિકસતું, ફેલાતું અને નવપલ્લવિત થતું ગયું તે વ્યાવહારિક બાજુ કે વ્યવહારિક સત્યને અવલમ્બીને. ગાંધીજીના કોઇ પણ જીવન-કૃત્યને લઇને આપણે વિચાર કરીએ તો એ તરત જ દીવા જેવું દેખાઈ આવે છે કે તેઓનાં એકેએક કૃત્યમાં પારમાર્થિક અને વ્યાવહારિક સત્ય બન્નેનો સહજ અને અવિભાજ્ય સમન્વય હતો. તેઓ કોઇ પણ ક્ષેત્રમાં કોઇ પણ બાબત લઇને કામ કરતા હોય ત્યારે તેમાં પારમાર્થિક સત્ય હોવાનું જ, અને તે પારમાર્થિક સત્યને તેઓ એવી રીતે વ્યવહારની સપાટીમાં મૂકતા કે તે સત્ય માત્ર શ્રધ્ધાનો વિષય અગર પૂજનનો વિષય ન રહેતાં બુદ્ધિનો અને આચરણનો વિષય પણ બની જતું. જેમ જેમ ગાંધીજી પારમાર્થિક સત્યને આધારે વ્યાવહારિક ક્ષેત્રો વધારે ને વધારે ખેડતા ગયા, જેમ જેમ તેમની સામે કઠણ અને કઠણતર વ્યવહારિક સમસ્યાઓ આવતી ગઇ, ધર્મ કોમ, સમાજ, અર્થ-શાસ્ત્ર, રાજકારણ-આવા અનેક વિષયોની જમાનાજુની જટિલ સમસ્યાઓ ઉકેલવાનો ભાર તેમના ઉપર આવતો ગયો તેમ તેમ તેમને પોતાના જીવનનાં ઉંડાણોમાંથી પારમાર્થિક સત્યની મંગળમય અને કલ્યાણકારી બાજુએ વધારે ને વધારે બળ આપ્યું. એ બળ જ ગાંધીજીનું અમોઘ બળ હતું. ગાંધીજી ગમે તેવા ક્ષીણ હોય કે તપસ્યાથી કૃશ હોય ત્યારે પણ તેમના જીવનમાંથી જે આશ્ચર્યકારી તેજ અને બળ સ્ફુરતું જેને સમજવાનું કામ કોઇને માટે પણ સહેલું નહોતું. તે બળ અને તે તેજ તેમના પારમાર્થિક સત્ય-સાથેના તાદાત્મ્યનું જ પરિણામ હતું. એમની વાણી કે એમની લેખિનીમાં, એમની પ્રવૃતિ કે એમની દેહસ્ફુર્તિમાં એ જ પારમાર્થિક સત્ય પ્રકાશતું.

ગાંધીજીના અનુયાયી ગણાતા માણસો પણ ગાંધીજીના જેવી જ દુન્યવી અને વ્યાવહારિક પ્રવૃતિ કરતા, પણ તેમને બધાને ય એમ લાગ્યા જ કરતું કે તેમના જીવનમાં ગાંધીજીનું તેજ નથી. આમ શા માટે? એનો ઉત્તર ગાંધીજીની પારમર્થિક સત્ય સાથેની પોતાના જીવનની વધારે ઉંડી એકરૂપતામાંથી મળી જાય છે. આવી એક-રૂપતાએ દુન્યવી લોકજીવનનાં ઘણાં પાસાને સુધાર્યા છે, ઉન્નત કર્યા છે. આ બીના આપણને જેટલી વિદિત છે તે કરતાં વધારે પ્રમાણમાં હવે પછીની પેઢીઓને વિદિત થશે. પ્રકૃતિનું તત્વ જ એવું છે કે તેનું લોલક માત્ર એક જ દિશામાં નથી ઘોમતું. જ્યારે તે કોઇ એક છેડા તરફ ઝુકે છે ત્યારે તેની તદ્દન સામેની વિરૂદ્ધ બાજુએ તેના આંદોલનો શરૂ થાય છે. ગાંધીજીએ દુનિઆને મુંઝવતા પ્રશ્નોનો ઉકેલ સરળ માર્ગે આણવાનો કાર્યક્રમ યોજ્યો. જે દુનિઆ આજલગી ઝેર જ ઝેરનું ઔષધ છે. એવા સૂત્રમાં તથા કુટિલતાનો જવાબ કુટિલતાથી જ અપાય એવા સૂત્રમાં માનતી તેમ જ એવા સૂત્ર પ્રમાણે જીવન જીવતી અને છતાં કોઇ સારો કાયમી ઉકેલ આણી ન શકતી તે દુનિઆને ગાંધીજીએ નવો માર્ગ બતાવ્યો કે ઝેરનું ખરૂં અને કાયમી ઓસડ અમૃત જ છે. તથા કુટિલતા નિવારવાનો સરળ અને સાચો ઇલાજ સરળ જીવન જીવવું એ જ છે. ગાંધીજીનું આ કથન નવું તો ન હતું, પણ એનું સર્વાંગીણ વ્યાપક આચરણ સાવ નવું હતું. તેમનું એ નવજીવન ગમે તેટલું પારમાર્થિક સત્યને સ્પર્શતું હોય, તે દ્વારા બધા જ જટિલ પ્રશ્નોનો ગમે તેટલો સરળ ઉકેલ શકય હોય, છતાં તેને સમજવા અને પચાવવા જેટલી માનવ-સમાજની ભૂમિકા તૈયાર ન હતી. ગાંધીજીએ સમાજના ખુણેખુણામાં પહોંચી લોકોની સદ્‌બુદ્ધિ જાગૃત કરવા ભગીરથ પ્રયત્ન કર્યો. તેને પરિણામે લાખો માણસો એમનું કથન સમજવા તરફ અને એમનું જીવન ઓછે વધતે અંશે જીવવા તરફ વળ્યા. પણ સમાજનો એક મોટો ભાગ એવો જ રહ્યો, અને ગાંધીજીના નવજીવનમય સંદેશની તીવ્રતા અને વિશેષ પ્રચારની સાથે સાથે તે વધારે ને વધારે વધતો ગયો કે જે ગાંધીજીના સંદેશને ઝીલી ન શકયો, એટલું જ નહિ પણ તેને એ સંદેશ

સાવ ઘાતક તેમ જ અવ્યવહાર લાગ્યો. જેઓ ગાંધીજીના નવજીવન-સંદેશને શ્રદ્ધાપૂર્વક સાંભળતા અને યથાશક્તિ તે પ્રમાણે વર્તવા ઇચ્છતા તેઓના મનમાં પણ કેટલીકવાર ગાંધીજીના પારમાર્થિક સિધ્ધાંતો વિશે શંકા ઉઠતી, અને પુરતું સમાધાન ન થતું. એવો પણ વર્ગ વધતો ગયો કે જે ગાંધીજીને સાંભળવાનું જતું કરી શકે જ નહિ પણ મનમાં એક જ વાત પોષ્યા કરે કે એ તો સન્ત રહ્યા, વ્યવહારમાં એમની વાત ન ચલે. પણ આથી યે વધારે મોટો વર્ગ તો એવો નિર્માણ થતો ગયો કે જે ગાંધીજીના પારમાર્થિક સત્યના સિદ્ધાંતને તત્ત્વતઃ માનવા છતાં વ્યવહારમાં તેની તદ્દન અવગણનાપૂર્વક અવ્યવહારિતામાં જ મ્હાલતો. આ છેલ્લો વર્ગ એ જ ગાંધીજીના નવજીવન સંદેશ માટે ભયાનક હતો. ગાંધીજી પોતાને હિંદુ કહેતાં અને હિંદુ ધર્મ આચરવાનો દાવો કરતા, પણ તેમનો હિંદુ ધર્મ ઋતંભરા પ્રજ્ઞામાંથી ઉદ્ભવેલ અને પોષાયેલ હોવાથી એટલો બધો વિશાળ બન્યો હતો કે તે એક બાજુથી દુનિઆના સમગ્ર સાચા ધર્માનુયાયીઓને 'ગાંધીજી અમારા જ ધર્મનો મર્મ સર્વત્ર સાચી રીતે પ્રગટ કરી રહ્યા છે' એમ માનવા લલચાવતો, જ્યારે બીજી બાજુથી તે સાંકડા મનના રૂઢિચુસ્ત અને સ્વાર્થી ધાર્મિકોના મનમાં તે જરા પણ સ્થાન ન પામતો અને તેમને અનેક રીતે અકળાવી મૂકતો. જગત કઇ દિશામાં ધસડાઇ રહ્યું છે અને મૃત્યુના મહાગર્તમાં ખૂંચતું જાય છે એ સ્થિતિનું ભાન હોવાથી અને તે માટેનો નિર્દોષ તેમ જ સર્વ અત્યાચારી શકે તેવો ત્રાણોપાય લોકો સામે મૂકેલો હોવાથી દિવસે દિવસે ગાંધીજીને અનુસરનારો વધ્યે જતા હતા. અને ઓછામાં ઓછું તેમની અસરકારક વાણી વાંચવા કે સાંભળવા માટે તો તલપાપડ થનારની સંખ્યા વધ્યે જ જતી હતી. જુની પેઢીના અને ઘડપણને કિનારે જઇ બેઠેલા લોકો પણ આ વર્ગમાં આવતા જ જતા હતા. એટલે રૂઢિચુસ્ત અને વિરોધી માનસવાળા, જેમને પોતાના ધર્મ કે કોમના વાડા માટે પણ કશું સક્રિય કામ કરવાનું ન હતું તેઓ મનમાં સમસમતા અને ગાંધીજી પ્રત્યે જાહેરમાં નહિ તો ખાનગીમાં રોષ સેવતા અને ફેલાવતા. આવા લોકોમાં કેટલાક બુદ્ધિપટુ છતાં માત્ર સત્તાલોલુપ અને અસહિષ્ણુ એવો એક વર્ગ પહેલેથી જ હતો. ગાંધીજીની વધતી જતી વિશ્વપ્રિય પ્રવૃત્તિ અને દેશોધ્ધારક પ્રવૃત્તિના તેજ સામે તેવા વર્ગનું બહુ ઓછા લોકો સાંભળતા. પણ ગાંધીજીનો હિંદુત્વશોધક કાર્યક્રમ જેમ જેમ ઉગ્ર અને વિશાળ બનતો ગયો તેમ તેમ તે અસહિષ્ણુ વર્ગને ભોળા અજ્ઞાની અને સ્વાર્થી લોકોને પોતાના તરફ આકર્ષવાની વધારે તક સાંપડતી ગઇ. મુસલમાનોની માંગણીઓ વધતી ચાલી. ગાંધીજી તેમને કોરો ચેક આપવાની દીર્ઘદૃષ્ટિ ભરેલી વાત કરે તો પેલો અસહિષ્ણુ વર્ગ હિંદુ લોકોને ઉશ્કેરે કે જુઓ ગાંધીજી પોતાને હિંદુ કહેવડાવે છે, હિંદુ ધર્મના અનુયાયી હોવાની વાત કરે છે, ગીતાને અક્ષરશઃ આચરવાની વાત કરે છે, અને છતાંય આતતાયી મુસલમાનો સામે ભીરુ થઇ નમી પડે છે. સામાન્ય લોકો જેઓ લેંડદેવડમાં પાઇએ પાઇનો હિસાબ ગણતા હોય અને જેઓના મન ઉપર આતતાયીને પ્રહાર કરીને જ ઠેકાણે લાવવાનો સંસ્કાર હોય તેઓ ગાંધીજીની દીર્ઘદૃષ્ટિ ભરેલી ઉદારતાનો અવળો અર્થ લે તો એ સ્વાભાવિક જ હતું. ગાંધીજીની દીર્ઘદૃષ્ટિ એ હતી કે પહેલાં ઘરનું શોધન થાય તો બીજાને શોધન માટે કહેવાનું કામ સરળ થાય, અને દુનિઆમાં પણ પોતાની પ્રતિષ્ઠા વધે. જ્યાં લગી મુસ્લીમ લીગ અને હિંદુ મહાસભા વચ્ચે રસાકસી ચાલી ત્યાં લગી પેલા અસહિષ્ણુવર્ગે દેશના ભોળા લોકોમાં એક જ જાતનું વિષ ફેલાવ્યું કે હિંદુ જાતિ અને હિંદુ ધર્મ ગાંધીજીના હાથે જોખમાય છે. દુર્ભાગ્યે દેશના ભાગલા પડ્યા અને એમાંથી અરસપરસ કાપાકાપીનો દાવાનળ પ્રગટ્યો. મુસ્લીમ લીગે તો ગાંધીજીને ઇસ્લામ અને મુસલમાનના શત્રુ તરિકે ગણ્યા જ હતા. પણ કટ્ટર હિંદુમહાસભાવાદીઓએ પણ તેમને હિન્દુ ધર્મના શત્રુ તરીકે ગણ્યા. જે લોકોના મનમાં ગાંધીજી વિશે કુસંસ્કાર પેષાયો હતો તેમણે જ્યારે હિંદુ અને શીખોની કત્લેઆમ જોઇ, સ્ત્રીઓનાં અપહરણો જોયાં, ત્યારે તો તેમને દૃઢ પ્રતીતિ થઇ ગઇ કે હિંદુ ધર્મ કે હિંદુજાતિનું રક્ષણ ગાંધીજીને હાથે થવાની વાત આકાશપુષ્પજેવી છે. આ કામ તો હિંદુમહાસભા જ કરી શકે અને તે જ બનવા બાબતે જેવાની પ્રત્યે તેવા થઇ સામાની સાન ઠેકાણે લાવી શકે. કટ્ટર હિંદુમહાસભાવાદીઓનો આ મુદ્દો એટલો સરળ હતો કે તેને સમજવા કે સમજાવવામાં બહુ ચાતુર્યની જરૂર પડે તેમ હતું જ નહિ. કારણ કે લોકમાનસ પ્રથમથી જ પાશવવૃત્તિથી ઘડાયેલું હોય છે, જ્યારે ગાંધીજીને તો આવા લાખો કાળના રૂઢમાનસને સમજાવટ અને વિવેકથી સુધારવું હતું. દૂબળો અને આપદ્ગ્રસ્ત માણસ તુરી જાય એવા તત્કાળસુલભ રાષ્ણખલાનું અવલંબન લેવો હોય ત્યારે એને કાંઇક ખમી ખાઇ સાંકટ સહી વધારે સ્થિર ઉપાયનું અવલંબન કરવા કહેવામાં આવે તો બહુ ઓછી સફળતા મળે છે. એટલે દેશના ભાગલા પડતાં જે જે કોમી હવાનળ ભભૂકી ઉઠ્યો તેમાં હિંદુ તેમ જ શીખોને એક જ બચવાનો ઉપાય જણાયો. ગાંધીજી એ ઉપાયનું અવલંબન કરવામાં લાંબે ગાળે બહુ જ અહિત જોઇ શકયા. તેથી તેમણે હિન્દુ અને શીખોને એ બદલાની વૃત્તિ અજમાવતા પ્રથમ રોકયા. આને લીધે જેમ જેમ મુસલમાનો ગાંધીજીને પ્રશંસવા લાગ્યા તેમ તેમ હિન્દુઓ અને શીખો વધારે છેડાયા અને ખુલ્લંખુલ્લા પ્રચાર કરવા લાગ્યા કે જુઓ ! મુસલમાનો જ ગાંધીજીને પોતાના હિતૈષિ ગણે છે. જે મુસલમાનનો હિતૈષિ હોય તે તો હિન્દુદ્રોહી હોય જ.

ઉશ્કેરણીજનક બન્યે જતા નવનવા બનાવોમાં બધે જ એક સરખી રીતે શાન્તવન આપવાનું અને સમજાવટ કરવાનું કામ ગાંધીજી માટે ઘણું અઘરું હતું. છતાં તેમણે અનશન જેવા જલદ ઉપાયો અને રેડિઓ ઉપરના સર્વગમ્ય પ્રવચનો દ્વારા પોતાનું કામ જરી રાખ્યું અને બદલા લેવાની વૃત્તિ જે ભયંકર રૂપમાં હિંદુ તેમ જ શીખ ભાઇઓમાં ફાટી નીકળી હતી તે કાંઇક અંશે ક્રાબુમાં લીધી. પણ આવે વખતે પેલો અસહિષ્ણુ અને સત્તાલોલુપ વર્ગ લોકોને આડે જ, રસ્તે દોર્યે જતો અને ખુલ્લંખુલ્લા કહેતો કે ગાંધીજી તો અહિંસાદ્વારા છેવટે હિંદુઓ અને શીખોની જ કતલ કરાવી રહ્યા છે. જ્યારે ગાંધીજી વિરુદ્ધ લોકમાનસ ઠીક ઠીક પ્રમાણમાં કેળવાયું ત્યારે જે રૂઢિચુસ્તો અને નામધારી ધાર્મિકો પહેલેથી જ ગાંધીજી વિરુદ્ધ હતા અને અત્યારલગી પોતપોતાના આંગણામાં જ રહી તેમને ભાંડતા તે બધા પેલા બુધ્ધિપટુ સત્તાલોલુપ વર્ગના ટેકેદાર થઇ ગયા. એ અસહિષ્ણુ વર્ગ હિંદુ જાગીરદારો અને રાજાઓને તેમની સત્તા જવાનો ભય બતાવી અને પોતાદ્વારા તેમની સત્તા ચાલુ રહેવા આશા આપી હિંદુ ધર્મ અને જાતિના ઉધ્ધારને બહાને પોતાની તરફ વાળવા લાગ્યો, હિંદુત્વાભિમાની આચાર્યો અને મહંતોને તેમના પરંપરાગત ધર્મની રક્ષાની બાંહેધરી આપી પોતાનામાં મેળવવા લાગ્યો, ચુસ્ત મુડીવાદીઓને ભાવિ ભયમાંથી મુક્તિ આપવાની આશા દ્વારા પોતાનામાં મેળવવામાં સફળ થયો. પરિણામે એ ગાંધીજી વિરુધ્ધતા ખુની માનસમાં અનેક વર્ગોનો સમાસ થતો ગયો. અને તેવો વર્ગ હિંદુ પદ્ પાદશાહીના સ્વપ્ન પણ સેવવા લાગ્યો.

આ સ્થિતિએ જ કોંગ્રેસવિરોધી ષડ્યંત્ર રચાવ્યું અને કોંગ્રેસને તેમ જ દેશને વર્તમાન સ્થિતિએ પહોંચાડનાર મહાન જીવનને ખતમ કરવાનો સંકલ્પ પેદા થયો, જેનું ગોડસે તો એક પ્રતીક માત્ર છે.

ગાંધીજી ગોડસેને હાથે વીંધાયા એમ કહેવા કરતાં એમ કહેવું વધારે સાચું છે કે ગાંધીજીની ઉત્તરોત્તર વિકસતી અને

શુધ્ધ થતી જતી અહિંસાને ન પચાવી શકનાર માનસે જ ગાંધીજીની હિંસા કરાવવામાં ભાગ ભજવ્યો. પણ ગાંધીજી જો સાચે જ અહિંસક હતા અને તેમની પ્રજ્ઞા એક માત્ર સત્યને જ ધારણ કરતી હતી અને જીરવતી હતી તો તેમની હિંસા શક્ય જ નથી. ઉલટું એમણે આચરેલી અહિંસા અને સેવેલી સત્યપ્રજ્ઞા એ બંને જે નાનકડા શા સ્થૂલદેહ પૂરતી મર્યાદિત હતી તે અનેક મુખે વિસ્તરી છે. જે લોકો ગાંધીજીની અહિંસા અને સત્યભરા પ્રજ્ઞાને પૂરી રીતે નહોતા સમજતા તેઓ પણ હવે વધારે તાલાવેલી સાથે તેને સમજવા મથી રહ્યા લાગે છે. આથી જ તો અનેક માણસો જે કોઇના ભરમાવ્યા આડે રસ્તે દોરાયા હતા તે ટપોટપ પાછા સીધે રસ્તે આવવા લાગ્યા છે અને ગોડસેના પ્રેરક માનસને હૃદયથી નિંદી રહ્યા છે. પુનર્જન્મ વ્યક્તિગત હો કે સામાજિક હો, બન્ને રીતે તેનો અર્થ એક તો છે જ કે કોઇ પણ સંકલ્પ વૃથા જતો નથી જ. ગાંધીજીનો વજ્રસંકલ્પ તો વ્યર્થ જાય જ ન શકે; સોક્રેટિસ અને ક્રાઇસ્ટના સંકલ્પો તેમના જીવન પછી વધારે વેગવાન અને વધારે દૃઢમૂળ થયા છે એ જાણીતું છે. ગાંધીજીનું મૃત્યુ એ પાગર જંતુનું મૃત્યુ નથી. એ મૃત્યુએ માણુસજાતને શોકાતુર કરી છે તેનો અર્થ એ છે કે તેને પોતાનું અંતર નિરખવા અંતર્મુખ કરી છે અને છેવટે ગાંધીજી ઇચ્છતા હતા પણ શું? તે તો હંમેશા એક જ વાત કહેતાં કે તમે પોતાનું અંતર તપાસો અને પોતાની જાતને પ્રથમ સુધારો. જીવનમાં તેમણે પોતાનો સંદેશ જેટલા પ્રમાણમાં ફેલાવ્યો તે કરતાં તેમણે પોતાના મૃત્યુથી પોતાનો સંદેશો વધારે ફેલાવ્યો છે અને તે આગળ વધારે ને વધારે ફેલાશે એમાં લેશ પણ શંકા નથી. એમ તો આ દેશના તખ્તા ઉપર આવ્યા પછી ગાંધીજીએ બહુ મોટો સેવકવર્ગ ઉભો કર્યો છે. કોઇ પણ પ્રાંત કોઇ પણ જલ્સો કે કોઇ પણ તલુકો લ્યો તો ત્યાં ગાંધીજીની દોરવણી પ્રમાણે કામ કરનાર ઓછા વત્તા મળી જ આવવાના. આવા કાર્યકરોમાં અનેક જણ તો વિભૂતિજેવા પણ છે. તેમના મૃત્યુથી આવા વર્ગમાં મોટો ઉમેરો થશે એટલું જ નહિ પણ તે વર્ગ વધારે શુધ્ધ થઇ કાર્યબળ મેળવશે. કારણ કે હવે તે વર્ગને પોતાને જ ખભે આવેલ જવાબદારીનું પૂર્ણ ભાન થતું જાય છે. જે મુસલમાન ભાઇઓને ગાંધીજી પોતાનું ઘર સુધાર્યા બાદ દૂર બેઠા કે પાકીસ્તાનમાં જઇ સમજાવવાના હતા તે મુસલમાનોમાં પણ એ ભાન બળવત્તર થતું જાય છે કે ગાંધીજી જે કહેતા તે જ સાચું છે અને મુસ્લીમ લીગ જે ધર્માંધતાને નામે ઉશ્કેરતી હતી તેમાં કંઇ જ તથ્ય નથી. આ રીતે જોતા જઇએ તો ગાંધીજીનું જીવન જેટલું મહત્ અને કલ્યાણકારી હતું તેટલું જ તેમનું મૃત્યુ પણ મહત્ અને કલ્યાણકારી છે એ વિષે શંકા નથી.

ગાંધીજી ગુરુત્વાકર્ષણના નિયમ જેવા હતા. તેમણે આખું જીવન પરસ્પરવિરોધી એવા વિવિધ બળો ને એક જ ઉદ્દેશની સિદ્ધિ માટે સાંકળી રાખવામાં અસાધારણ સફળતા મેળવી છે. રાજાઓ ગઢધારીઓ, મુડીવાદીઓ અને ઉચ્ચત્વાભિમાની વર્ગ ઉપર સામ્યવાદનું જે સંહારકારી મોજું વેગપૂર્વક આવી રહ્યું હતું તેને અહિંસાના પુર દ્વારા નિવારવા અને એ મોજાનું પ્રાણદાયક તત્વ માત્ર પ્રતિષ્ઠિત કરવા ગાંધીજીએ પોતાની કાર્યસાધના દ્વારા છેલ્લી ઘડી સુધી પ્રયત્ન કર્યો. તેઓ સૌને નિર્ભય બનાવવા જ મથતા અને જે જે ભયનાં કારણો જે જે વર્ગ સેવતો હોય તે તે વર્ગને તે ભયનાં કારણો જ ફેંકી દેવા સમજાવતા. રાજાઓને ટ્રસ્ટી થઇ રાજ્ય કરવા કહેતા, તો મુડીવાદી તથા ઉદ્યોગપતિઓને પણ ટ્રસ્ટી થઇ લોકહિત અર્થે ઉદ્યોગ ધંધો વિકસાવવા કહેતા. દરેક ધર્મપંથના દીવામાં તેજ ન હતું, કારણ કે તેમાં તેલ અને બત્તી જ ખૂટી ગયાં હતાં. ગાંધીજીએ પોતાનાં આચરણ દ્વારા દરેક ધર્મપંથના દીવામાં તેલ બત્તી પુરવાનું કામ કર્યું અને સમજદાર દરેક ધાર્મિક એમ માનતો થયો કે અમારો પંથ પણ સજીવ છે અને તેમાં પણ કાંઇક રહસ્ય છે. સવર્ણો જાતિગત ઉચ્ચતાના અભિમાનને લીધે અંદરોઅંદર ન સાંધી શકાય એવા ખંડોમાં વહેંચાઈ ગયા હતા. અને દલિતવર્ગ તો માનવતાની કોટિમાં રહ્યો જ ન હતો. ગાંધીજીએ વર્ણ–ધર્મ એવો આચર્યો કે જેથી એક બાજુ સવર્ણાભિમાનીઓનું ઉચ્ચત્વાભિમાન સ્વયમેવ ગળવા લાગ્યું અને બીજી બાજુ દલિતવર્ગની લોહી સાથે એકરસ થઈ ગયેલ દૈન્ય–વૃત્તિ નિર્મૂળ થતી ચાલી. એક તરફથી ઉર્ધ્વારોહણ અને બીજી તરફથી નિમ્નાવરોહણ એ બન્ને ક્રિયાએ દેશમાં વર્ણધર્મને નવું સ્વરૂપ આપ્યું. જે જાતિગત ઉચ્ચનીચભાવનું હજારો વર્ષ થયાં જડ ઘલી બેઠેલ વિષવૃક્ષ બુદ્ધ, મહાવીર કબીર, નાનક કે દયાનન્દ આદિ દ્વારા નિર્મૂળ થઇ શકયું ન હતું તેનાં મૂળ ગાંધીજીએ હચમચાવી મૂકયાં અને તેનાં પરિપાકરૂપે એકવાર અસ્તિત્વમાં આવેલ અસ્પૃશ્યતા હવે તો છેલ્લા શ્વાસ જ લઇ રહી છે. હિન્દુ ધર્મ અને હિન્દુ સંસ્કૃતિ જેટલાં જુના તેટલાં જ તે ભવ્ય ગણાય છે. પણ તેનું અસ્પૃશ્યતાકલંક પણ તેટલું જ જુનું અને તેટલું જ અભવ્ય છે. આ કલંક હોય ત્યાં લગી હિન્દુ ધર્મને ધર્મ કહેવો અગર હિંદુ સંસ્કૃતિને સંસ્કૃતિ કહેવી એ માત્ર ભાષાવિલાસ છે એમ સમજી ગાંધીજીએ હિંદુ ધર્મ અને હિંદુ સંસ્કૃતિને નિષ્કલંક બનાવવા ભગીરથ પ્રયત્ન કર્યો. અને તે પણ પોતાની અહિંસાવૃત્તિથી. તેમનું આ કામ એવું છે કે દુનિયાના દરેક ભાગમાં તે હિંદુ ધર્મ અને સંસ્કૃતિને ભવ્યતા અર્પાવી શકે, અને હિંદુ કહેવડાવનાર દરેક જણને જે નીચું જોવાપણું હતું તે દૂર કરી તેને માથું ઉંચું રાખવાની હિમ્મત આપી શકે. અને જે જેઓ પોતાનાં કટ્ટરપણાને લીધે અસ્પૃશ્યતા–નિવારણમાં આડે આવી રહ્યા છે તેઓ પોતાની નવી પેઢી અને દુનિયાના ટીકાકારોને હિંદુ ધર્મના અસ્પૃશ્યતાના લાંછન વિશે જો કાંઇ પણ સાચો જવાબ આપવા તૈયાર થશે તો તેમને ગાંધીજીનું શરણ લીધે જ છૂટકો છે. તેઓને કહેવું પડશે કે ના, ના, અમારો હિંદુ ધર્મ અને અમારી હિંદુ સંસ્કૃતિ એવાં છે કે જેણે ગાંધીજીને જન્મ આપ્યો અને ગાંધીજી–દ્વારા આત્મશોધન કર્યું. ગોસડેના હાથને લોહીઆળા કરાવનાર વક્રમતિ વર્ગને પણ પોતાની નવી પેઢીમાં પ્રતિષ્ઠા મેળવવી હશે તો તે ગાંધીજીની અહિંસાને આગળ ધરીને જ મેળવી શકશે. ગાંધીજીએ કોઇનું કદિય અહિત ચિંતવ્યું જ નથી. આવી કલ્યાણ–ગુણ–ધામ–વિભૂતિ પોતાના સ્થૂલ મૃત્યુ દ્વારા પણ કલ્યાણ વૃત્તિ પ્રસારવાનું જ કામ કરવાની. ઇશ્વર આ કે તે રસ્તે સૌને સદ્બુધ્ધિનો જ પાઠ શીખવે છે. વક્રમતિ અને દુર્બુદ્ધિ લોકોને એક રીતે તો બીજાઓને બીજી રીતે સુધરવાની જ તક પુરી પાડે છે. એટલે આપણે દૃઢ વિશ્વાસ સેવવો જોઇએ કે ગાંધીજીની મૃત્યુઘટનામાં પણ કોઇ ગૂઢ ઇશ્વરીય કલ્યાણસંકેત છે, જેનાં ચિહ્નો અત્યારથી જ દેખાવા લાગ્યા છે.

ગાંધીજીએ ગીતાનો અર્થ પોતાના આચરણદ્વારા દર્શાવ્યો છે અને વિકસાવ્યો પણ છે. ગાંધીજીની દૃષ્ટિ ધ્યાનમાં રાખી ગીતાને સમજવા પ્રયત્ન કરીએ તો એના ચલુ શબ્દાર્થની પેલીપાર એક લોકોત્તર ભવ્ય અર્થની ઝાંખી થાય છે આ મુદ્દાનો વિસ્તાર કરવાનું આ સ્થાન નથી. પણ ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપતી વખતે તેમની દૃષ્ટિની અલ્પ ઝાંખી કરવા કરાવવા પરતું એક ઉદાહરણ ટાંકવું અપ્રસ્તુત નથી.

પ્રાચીન કાળથી આજલગી યુદ્ધપ્રિય લોકોને ઉ-તેજવા અને પાનો ચડાવવા માટે એક ચમત્કારી ઉક્તિ ગીતામાં છે. તે કહે છે કે "અરે બહાદુર, તું કમર કસ! તૈયાર થા! રણમાં જા! અને પછી પીઠ ન ફેરવ. દુશ્મનોથી ન ડર! જો દુશ્મનોને હાથે મરણ પામીશ તો કશું નુકસાન નથી. ઉલટું એ રીતે મરીને તું અહિંના રાજ્ય કરતાં મોટું સ્વર્ગનું રાજ્ય પામીશ, અને જો દુશ્મનોને જીતીશ તો અહિંનુ રાજ્ય છે જ. જીવીને કે મરીને તું રાજ્ય જ ભોગવવાનો છે. શરત એટલી કે લડતાં પાછી પાની ન કરવી." આ ઉત્તેજનાએ

જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય?

(ગતાંકથી ચાલુ)

ત્યાગી સંસ્થાઓ

દુનિયાના પ્રત્યેક સમાજમાં અને દેશમાં કોઇને કોઇ સ્વરૂપે ત્યાગી સંસ્થાઓનું અસ્તિત્વ અનાદિકાળથી ચાલતું આવ્યું છે. મનુષ્યનો ભક્તિભાવ અને સંસ્કૃતિવિવર્ધકતાનું તેજ એ બંનેના સંબંધથી તત્કાલીન સમાજની કોઇ એક વ્યક્તિ ઉચ્ચપદને પ્રાપ્ત કરે છે, અને તે વ્યક્તિના અનુગામીઓનો એક સંપ્રદાય નિર્માણ થાય છે. એવા ધર્મવીરનો માર્ગ લગભગ હોય તે નિશ્ચિત વાત છે. દુનિયાના કોઇ પણ ધર્મપ્રવર્તકને જુઓ ! તેનું જીવન ભૌતિક જીવનથી અલગ રહે છે, કદાચ તેને લઇને જ તે ભક્તિપાત્ર બની જાય છે. આ મૂલગુરૂઓ દ્વારા ત્યાગીસંસ્થાઓ વધે છે અને તેના ભક્તો-દ્વારા તે વિકાસ પામે છે. એ ત્યાગીઓનું યોગક્ષેત્ર અને જીવન-વ્યવસ્થા સમાજ તરફથી સંભાળવામાં આવે છે. મૂળ વ્યક્તિની પ્રતિષ્ઠા અને સંઘનું સચ્ચરિત્ર તેના અનુયાયીઓમાં દાતૃત્વ પેદા કરે છે. આ રીતે સમાજનો ઉત્કર્ષ થાય છે અને તેનો યોગક્ષેમ ટકી રહે છે.

આવી ત્યાગીસંસ્થાઓ સમાજને અનેક પ્રકારે ઉપકારક હોય છે. મૂલપુરૂષના ઉપદેશનો પ્રચાર તેઓ મારફત થાય છે. ચારિત્ર્યબળના પ્રભાવથી તેમનો ઉપદેશ અસરકારક નિવડે છે. પોતાના સંઘની પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે તેઓ મૂળ સ્રોતને અને પ્રાચીનપરંપરાથી મેળવેલી વિદ્યાને સંભાળી રાખે છે. પરંતુ આ સંઘમાં એક મહાન દોષ આવી જાય છે, જે તેને માટે નુકસાનકારક નિવડે છે. સાંપ્રદાયિકતા અને પુરાણપ્રિયતા જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ દૃષ્ટિ સંકુચિત થતી જાય છે અને કાળભેદથી ઉત્પન્ન થતી નવી પરિસ્થિતિ પ્રમાણે સુધારો કરવો કે મૂલ વ્યક્તિથી આગળ વધીને સ્વતંત્ર પુરૂષાર્થ કરવો એ સંસ્થાના સદસ્યોને પસંદ પડતું નથી. એ રીતે આ સંસ્થા પ્રગતિશીલ બની શકતી નથી. જો કે પરંપરા સચવાઇ રહે છે, તો પણ તેનું મૂળ ધ્યેય ભૂલાઇ જાય છે. કાળના પ્રવાહની સાથે એક જ ધર્મમાં નવા નવા સંપ્રદાયો ઉત્પન્ન થાય છે અને દુરભિમાન તથા પરસ્પર દ્વેષનાં બીજ વવાતાં જાય છે.

તત્ત્વજ્ઞાનના પ્રચાર ઉપરાંત આ સંસ્થાદ્વારા થતો એક ઉપકાર કે જે સામાજિક આરોગ્યમાં વૃદ્ધિ કરે છે તે આ છે. આ સંસ્થા સમાજમાં ત્યાગવૃત્તિ અને દાનવૃત્તિનો પ્રચાર કરીને માનવતાની અભિવૃદ્ધિ કરે છે. આમ છતાં પણ સાથે સાથે સંઘના જીવનમાં જે દોષ વધે છે તે ઉપકારની અપેક્ષાએ વધારે અપકારક નીવડે છે. સમાજ જેટલો ભક્તિપ્રધાન થાય છે તેટલી સાધુસંસ્થાઓ વધે છે અને આ સંસ્થામાં સ્વાર્થી લોકોની ભરતી અધિક થાય છે, અને સહેજે ભક્તોપર પોતાના જીવનનિર્વાહની જવાબદારી નાંખવાની મનોવૃત્તિ પરિપક્વ બનતી જાય છે. દીક્ષાના રૂપમાં જ્યારે સાધુત્વ રહેતું નથી, ત્યારે જીવનનિર્વાહ એક વ્યાપાર બની જાય છે. નિવૃત્તિમય સંઘમાં કૃત્રિમ જીવન પદાર્પણ કરે છે. કોઇ પણ જનનું ઉત્તરદાયિત્વ ન હોવાને લીધે સંઘમાં અકર્મણ્ય વાતાવરણનું નિર્માણ થાય છે, જેનાથી એ સંસ્થા દુનિયાની દૃષ્ટિમાં અવનત લાગે છે. પોતે દંભી બને છે અને સમાજને અંધભક્ત બનાવે છે.

આ પ્રક્રિયા દુનિયાના પ્રત્યેક સમાજની ત્યાગી સંસ્થાઓમાં સામાન્ય છે. જૈન સમાજને આ બાબતમાં અપવાદરૂપ સમજવાની ભૂલ કોઇ ન કરે. જૈન સમાજમાં પણ આ દોષો ગુણોની સાથે વધે છે અને આજે આપણે આપણી ત્યાગીસંસ્થાઓમાં-સાધુ અને સાધ્વીઓના સંઘમાં-આ વધતા જતા દોષો જોઇએ છીએ. જેની અંદર ધાર્મિક સંસ્કાર છે તે પ્રત્યેક વ્યક્તિ આજે હૃદયથી ઇચ્છે છે કે આ સસ્થામાં સુધારો થાય, આ પરિવર્તનશીલ યુગમાં તે ઉપયોગી થાય, ભારરૂપ ન થતા કલ્યાણકારી બને. આજ આપણે આપણા સમાજના આ સંઘમાં (દિગમ્બર, શ્વેતામ્બર અને સ્થાનકવાસી) શું જોઇએ છીએ? જેણે કોઇએ આ સંઘની વચ્ચે થોડુંઘણું જીવન ગાળ્યું છે તેણે અનુભવ કર્યો હશે કે :—

(૧) સંઘમાં એકાદ બે એવી વ્યક્તિઓ હોય છે જેને આદર્શ માની શકાય. અધિકતમ વર્ગ તેના પરિવારમાં પોષાય છે.

(૨) તેઓમાં જૈન દર્શનનું અપેક્ષિત ગંભીર જ્ઞાન હોતું નથી અને પર-દર્શન અને જ્ઞાનની વિવિધ શાખાઓમાં રૂચિ પણ હોતી નથી.

(૩) આ વર્ગ મોટા પ્રમાણમાં સાંપ્રદાયિક હોય છે, અને સાંપ્રદાયિકતાનું જ ઝેર ફેલાવે છે. શ્રાવકવર્ગમાં ભેદભાવનું બીજ આ વર્ગથી જ વવાય છે જે તરત જડ ઘાલે છે, અને ઘાતક નિવડે છે.

આજ લગી હિંસક યુદ્ધો જોયાં છે. કેમકે તે ઉત્તેજના કોઇ એક પક્ષ પુરતી હોતી નથી. બન્ને પક્ષો તેવી ઉત્તેજનાથી બળ મેળવી પ્રાણાન્ત યુદ્ધ ખેલે છે અને પરિણામે નાશની પ્રક્રિયા અટકતી નથી. ગાંધીજીએ આ ઉત્તેજનાને મીટાવી નહિ. તેનું બળ કાયમ રાખ્યું એટલું જ નહિ પણ તેને ઘણે અંશે વધાર્યું પણ છે. માત્ર તેને અહિંસાનો નવો ઝોક અને નવો પુટ આપ્યો અને તે ઉત્તેજનાને અમર રસાયણ બનાવ્યું. હજારો વર્ષ થયાં ચાલી આવતી પાશવી હિંસક ઉત્તેજનાને તેમણે માનવીય કે દિવ્ય ઉત્તેજનામાં ફેરવી નાખી. અને તે કેવી રીતે? ગાંધીજીએ ઉપરની ઉત્તેજનાને નવો અર્થ આપતાં કહ્યું કે 'શાશ્વત સિધ્ધાન્ત તો એવો છે કે કોઇ પણ કલ્યાણ કરનાર દુર્ગતિ પામતો નથી. તેથી હે બહાદુર! તું કલ્યાણમાર્ગે નિર્ભયપણે વિચર! આગળ અને આગળ વધ્યે જા! પાછો ન હઠ! કોઇનું અકલ્યાણ ચિન્તવવામાં કે કોઇનું બગાડવામાં ન પડ! એમ કલ્યાણમાર્ગે ચાલતા અને ઝુઝતાં મરી જઇશ, ખવાઇ જઇશ તો યે શું? તેથી તો તને અહિંસા કરતાં વધારે સારી ઉચ્ચ ભૂમિકા જ મળવાની છે. કેમકે કલ્યાણકરી સદ્‌ગતિ જ પામે છે. તે દુર્ગતિ કદીયે પામતો નથી. અને જો કલ્યાણમય વિશ્વસેવા કરતાં કરતાં આ જન્મે જ સફળતા મળી તો તું અહિંસા જ સેવ. રાજ્યનાં સુફળ ભોગવીશ." આજ લગી **न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति** એ શ્લોકાર્ધની સાથે સંગતિ બેસાડયા વિના જ માત્ર પરાપૂર્વનાં લડાઇના સંસ્કારોથી પોષાયલું વિદ્વાન ગણાતાઓનું પણ માનસ **हतो वा प्राप्यसि स्वर्गं, जित्वा वा भोक्ष्यसे महीम्** એનો અર્થ જુની ઘરેડ પ્રમાણે જ કરતું અને માનવજાતિ કૌરવપાંડવની પેઠે ભાઇભાઇઓમાં ઉત્તેજનાનું મદ્યપાન કરી લડી મરતી. તેને બદલે ગાંધીજીએ ભાઇભાઇઓને અંદરેઅંદર લડવાની ના પડવા માટે અને તેમનું લડાયક બળ સૌના સામુહિક હિતમાં વપરાય તે માટે ગીતાના એ વાક્યનો જીવન જીવીને નવો જ અર્થ આપ્યો, જે અત્યાર લગીના કોઇ પણ આચાર્યે આપ્યો ન હતો. આવી તો ગાંધીજીની અનેક સિદ્ધિઓ છે. એવી સિદ્ધિવાળો માનવ સામાન્ય નથી, એ મહામાનવ છે, કેમકે એનું જીવન મહત્ છે અને તેથી જ એનું મૃત્યુ પણ મહત્ છે. કેમકે તે મૃત્યુંજય છે. કેમકે તેની સામે મૃત્યુ જ મરી જાય છે. અને તે સમગ્ર માનવ-જાતિની ચેતનાના ઉંડામાં ઉંડા સ્તરમાં પ્રવેશ કરી ચેતનાની સપાટીને જ ઉંચે આણે છે.

પંડિત સુખલાલજી

(૪) પોતાથી ભિન્ન વિચારવાળો મિથ્યાદૃષ્ટિ છે એમ કહેતી વખતે તેની દૃષ્ટિ આચારધર્મ પર રહ્યા કરે છે.

(૫) આ વર્ગની પ્રાચીનતાની ધુન એટલી બધી વળગેલી હોય છે કે આ વર્ગમાંથી સત્યશોધક વૃત્તિ નષ્ટ થઇ જાય છે. પ્રતિગામી વૃત્તિવાળો આ વર્ગ પૂરોગામી સમાજમાં અપ્રિય બને છે. અહંભાવના કારણે તે પ્રતિપક્ષનો બહિષ્કાર પણ કરે છે. નવદ્રષ્ટિનો અભાવ તો તેનો સામાન્યધર્મ થઇ ગયો હોય છે.

(૬) સૌથી વિશેષ ધ્યાન ખેંચે તેવો દોષ તેની અકર્મણ્યતા છે. અઢળે અનગાર બનેલ આ વર્ગનું પાલન સમાજ ભક્તિથી કરે છે, પરંતુ તેનું પ્રતિફલ તો કાંઇ પણ મળતું નથી.

(૭) ધર્મોપદેશ–સચ્ચરિત્રતાના સંસ્કાર આપવાની જવાબદારી આ વર્ગ પર પહેલાં હતી, પરંતુ જે રીતે માતાપિતાની સાથેનો વિદ્યાર્થીનો શૈક્ષણિક સંબંધ ઓછો થયો છે તે પ્રમાણે નીતિશિક્ષણમાં આ વર્ગની ઉપયુકતતા ઓછી થઇ છે. નવજીવનમાં નવશિક્ષણ પામેલા સમાજમાં–પોતાના ધર્મનો પ્રચાર કરવાની શકિત તો ભાગ્યે જ કોઇ વ્યકિતમાં હોય છે. આ મુખ્ય કાર્ય આજે તો આ લોકોના હાથમાંથી જરૂર ચાલી ગયું છે, કારણ કે તેઓ તે સંભાળી શકયા નથી અને પરિણામે તેમનામાં અકર્મણ્યતા આવી છે.

(૮) આ રીતે અપરિપકવ, અધુરા જીવનને આદર્શ માની બેઠેલો આ વર્ગ ઉચ્ચ વ્યકિતઓ પર શંકા લાવે છે, તેથી તેની પણ પ્રતિષ્ઠા ઘટવા માંડે છે.

તાત્પર્ય એ છે કે તે ગતિશીલ નથી અને તેથી જ તે દોષગ્રસ્ત છે. હવે પ્રશ્ન એ છે કે આપણે તેને કઇ રીતે સુધારી શકીએ? સાધુવર્ગ એમ ન માને કે સમાજનો એક વખતનો ભકત આજે નાસ્તિક યા ઉદ્ધત થયો છે. તે એ વાત પર વિચાર કરે કે આમ શી રીતે બન્યું?

સાધુસંસ્થામાં જ જો કોઇ સાક્ષાર્થશાળી હોત તો તે આગળ આવત અને પરિવર્તનશીલ દુનીયાની સાથે પોતાની સંસ્થાનો મેળ સાધત. એ રીતે તે પોતાની સંસ્થાનો ચીલો બદલીને પણ તેને સજીવ રાખત.

તો આપણે શું કરવું જોઇએ?

(૧) સાધુસંસ્થાનું સંચાલન સમાજ પોતાના હાથમાં લઇ લે. તેમ કરવાનો અધિકાર તેને છે. એ વાત નકકી છે કે સાધુસંસ્થાનો ઉચ્છેદ કરવો નથી. પરંતુ એક સમય એવો આવશે કે અકર્મક સંસ્થાનો ઉચ્છેદ થયા સિવાય રહેશે નહિ. આ દૃષ્ટિબિન્દુ ધ્યાનમાં રાખીને આપણે જ એ સંસ્થાને કર્મપ્રવૃત્ત કરવાનો પ્રયાસ કરવો જોઇએ. સમાજની કેન્દ્રિય વ્યવસ્થા ત્યાગનિષ્ટ વિદ્વાનોના હાથમાં રહેવી જોઇએ, અને સાધુસંસ્થાની વ્યવસ્થા સમાજના કેન્દ્રિય વ્યવસ્થાપકોના હાથમાં રહેવી જોઇએ.

(૨) સર્વે અલગ સંઘોએ એક સંઘમાં જોડાઇ જવું જોઇએ.

(૩) આ એકત્રિત થયેલ સંઘના આચાર્યની નીમણુંક સમાજની કેન્દ્રિય સભા કરે.

(૪) સંઘપ્રમુખની પરવાનગી સિવાય કોઇ પણ વ્યકિતને ત્યાગીસંસ્થા અપનાવી શકે નહિ.

(૫) સંઘને માટે શિક્ષણની યોગ્ય વ્યવસ્થા કરી આપવામાં આવે.

(૬) વિધાયક કાર્યમાં સંઘની સેવા લેવામાં આવે.

(૭) સંઘની દરેક વ્યકિત બ્રહ્મચારી હોય.

આપણે સમજી લેવું જોઇએ કે માત્ર મંદિરો અને ઉપાશ્રયમાં જ પ્રવચન કરવાથી ધર્મપ્રચાર નથી થતો તેમ જ એકાંતિક તપ અને સંયમની સાધના પણ સમાજજીવનના પ્રશ્નોનો ઉકેલ કરવામાં સમર્થ નથી થતી. જીવન ત્યાગમય બનાવવું એ જ સંયમ છે અને તેને માટે ચિત્તવૃત્તિનો નિરોધ કરવો તે જ તપ છે. આ વાત ધ્યાનમાં રાખીને ત્યાગીપુરૂષે એ સ્વતંત્ર જીવનને અધિક ઉપયુકત કરવું જોઇએ. આ પ્રમાણે કરવા જતાં ભલે આપણા બાહ્ય આચારમાં પરિવર્તન દેખાય. ગુમાવેલા પ્રાણની પુનઃ પ્રતિષ્ઠા કરવા માટે બાહ્ય આચારને બદલવાની આવશ્યકતા છે. સાધુવર્ગ સંન્યસ્તજીવન અંગીકાર કરે છે, તેથી તે કુટુંબની અંગત જવાબદારીઓથી મુકત થાય છે. પરંતુ વિશાળ કુટુંબોની જવાબદારી તેને ઉપાડવી પડે છે. સત્ય અર્થમાં તે તીર્થંકરનો શાન્તિદૂત છે એમ પોતે સમજે..

ઉપર કહ્યું તેવાં વિધાયક કામ કયા કયા છે? આપણા ભારતવર્ષમાં સૌથી વધારે આવશ્યકતા, વિધાયક કાર્યોનાં રૂચિ રાખે એવા ત્યાગવીરોની છે. શિક્ષણપ્રચાર, સ્વચ્છતા, ધાન્યોત્પાદન, વસ્ત્રઉત્પાદન, અસ્પૃશ્યતાનિવારણ, દારૂબન્ધી, નાતિજાતિમાં ઐકય, કલા, વિજ્ઞાન, ઇતિહાસ, રથ પત્ય વગેરે સાંસ્કૃતિક સેવાઓ અનેક છે, જેમાં આપણા સાધુ આનંદથી કામ કરી શકે તેમ છે.

અનેક સ્થળે જૈન પાઠશાળાઓ ચાલે છે. તેમાં ધાર્મિક શિક્ષણનું કામ તેઓ પાસેથી કેમ ન લઇ શકાય? ખેડુતોની વચ્ચે જઇ તેમને સ્વચ્છતાનું શિક્ષણ શા માટે ન આપી શકાય? આવા કાર્યો કરવાથી ત્યાગી સંસ્થાઓ ઉન્નત ન બને? ઉપાશ્રયમાં સંયમ અને ત્યાગ ઉપર પ્રવચન કરવાની સાથે સાથે જ્યાં અભક્ષ્ય આહાર થાય છે ત્યાં અને જ્યાં વ્યસનોના અડ્ડા જામે છે એવા સ્થળે જઇને પોતાના ચારિત્ર્યના પ્રભાવ વડે તેનો ઉદ્ધાર કરવાથી શું આપણી પ્રતિષ્ઠા ઓછી થાય છે? દ્વેષગ્રસ્ત સમાજમાં જઇ પ્રેમભાવનાનું નિર્માણ કરવું અને અહિંસા આપણો પરમ ધર્મ છે એ સ્વાભિમાન સાથે દરેક ક્ષેત્રને અપનાવવું એ ભગવાન મહાવીરે નિર્માણ કરેલો પંથ છે. દુકાળના આવા કપરા સમયમાં, જ્યારે અનાજની ખૂબ જરૂર છે, લોકો ભૂખે મરે છે ત્યારે અહિંસાની અતિરિકતતાની મર્યાદામાં રહી યુગધર્મ પ્રમાણે અનાજના ઉત્પાદનકાર્યમાં ભાગ લેવો એ શું તેઓની ફરજ નથી? શ્રાવકો પાસેથી વસ્ત્રોનો સ્વીકાર કરવામાં વાંધો નથી તો પછી અમારા સાધુઓને પોતાનાં વસ્ત્રો બનાવવામાં શા માટે વાંધો હોવો જોઇએ? રાષ્ટ્રવ્યાપી આન્દોલન દેશભરમાં થયું ત્યારે શું તેમણે શ્રી. કાલકાચાર્યનો આદર્શ સામે રાખ્યો હતો ખરો? ન પોતે લડયા કે ન તો લડવાવાળાને તેમણે પ્રેરણા આપી. સમાજ પૂછે છે કે અમારા નિત્યજીવનમાં આ સાધુસંસ્થાનું શું સ્થાન છે? જૈન સાધુઓએ અમારા સામાજીક જીવનમા શું ઉન્નતિ કરી? તેમાં માનવતાની દૃષ્ટિ નથી રહી, રાષ્ટ્રિય ભાવના નથી રહી, દેશભરમાં જે મહાન આફતોની મહાન આંધી ચઢી આવી તે સાંભળીને અહિંસાધર્મની પ્રેરણા પામીને દુઃખી જનોને તેઓ અપનાવી શકયા નથી. ત્યારે સમાજ તેમને કેમ પૂજે? સમાજને એ ભારે દુઃખ છે કે જે ત્યાગીસંસ્થાઓ માટે તેઓ સ્વાભિમાન રાખે છે તે સંસ્થામાં એવી કોઇ વ્યકિત નથી કે જેના ચરણોમાં તેનું મસ્તક ભકિત અને પૂજ્યભાવથી ઢળી પડે, જેને પ્રાપ્ત કરીને જૈન અને જૈનેતર સર્વ કૃતાર્થતા અનુભવે. ત્યાગીવર્ગે હવે સમાજના પ્રત્યેક સ્તરની નજદીક આવવું જોઇએ, તેના પ્રત્યેક કાર્યમાં મદદ કરવી જોઇએ, તેના પ્રત્યેક સંકટમાં મદદ કરવી જોઇએ અને એ રીતે વ્યકિત તેમ જ સમાજ માટે તેમણે આદર્શ સેવામૂર્તિ બનવું જોઇએ. ઇતિહાસનો સંદેશ છે કે પોતાની આવશ્યકતા સિધ્ધ કરો, નિર્માણ કરો, નહિ તો જરૂર તમારો નાશ થશે. આ વાત ભૂલાવી ન જોઇએ.

અમારી સાધુસંસ્થાઓમાં જે સાધ્વીઓ છે તેને માટે પણ આ કરતાં બીજો કોઇ ઉપયુકત માર્ગ નથી. તે લોકો એ વાત સમજી લે કે ગૃહજીવનથી અલગ થવામાં જ પવિત્ર જીવનનો આદર્શ સમાઇ જતો નથી. સેવાભાવથી યુકત કર્મ કરવામાં પણ મુકિતનો આનંદ છે, પવિત્રતા છે. ભ. મહાવીરે સ્ત્રી–જીવન ઉપર મોટો ઉપકાર કર્યો છે. હિંદુસ્તાનમાં સ્ત્રીઓની આ જાતની સંસ્થા માત્ર જૈનોમાં જ છે. બુધ્ધસમાજમાં એવી સંસ્થા હતી, પરંતુ તે ધર્મ અને સમાજ હિન્દુસ્થાનની બહાર વધારે પ્રચાર પામ્યો. વૈધવ્યથી કષ્ટમય જીવન

ગુજરતી અથવા તો સતી થવાના રીવાજનો ભોગ બનતી સ્ત્રીઓને ભગવાન મહાવીરે પોતાના સંઘમાં સ્થાન આપી પુરૂષોની જોટલો જ સમાન હક્ક આપ્યો. આજે એ સાધ્વીઓ સમાજના અને દેશના સ્ત્રીજીવનને સુધારે અને ઉપયુક્ત વિધાયક કાર્યમાં સહયોગ દે.

એમ સ્વીકારવામાં આવે છે કે ત્યાગી જીવનમાં વૈયક્તિક જીવનનો મોટો હિસ્સો રહે છે. વૈયક્તિક ઉન્નતિ, પરિણામશુધ્ધતા, એકાન્તસેવન અને ચિત્તવૃત્તિનિરોધને માટે સમાજમાં સંન્યાસધર્મ સ્વીકારવામાં આવે છે. પરંતુ સંન્યાસનો અર્થ અકર્મણ્યતા નથી. જ્યાં સુધી આ સંસ્થા સમાજ ઉપર અવલંબિત છે, જ્યાં સુધી સમાજની વચ્ચે તે રહે છે, ત્યાં સુધી સમાજજીવન પ્રત્યે તે ઋણી રહે છે અને સમાજને તેની સેવા લેવાનો હક્ક છે.

ચતુર્વિધ સંઘના પ્રથમ બે વર્ગોની સમાલોચના કર્યા પછી પછીના બે વર્ગનો વિચાર હવે કરવાનો છે. જૈન સમાજ જો કે નાનો છે તો પણ તે ઉત્તરદક્ષિણ સમસ્ત ભારતમાં નાની મોટી સંખ્યામાં પથરાયેલો પડયો છે. રાજકીય ઇતિહાસની સમાલોચના કરતી વખતે આપણે જોયું છે કે અન્ય અન્ય કાળમાં જૈન ધર્મના અનુયાયીઓએ સમસ્ત ભારતમાં પરિભ્રમણ કર્યું હતું અને તે સમયની ભાષા અપનાવી હતી તેમજ રાજ્ય પણ કર્યું હતું. આજ જે જૈન સમાજ છે અને જે રીતે તે વ્યવસ્થિત છે તેની પૂર્વે જૈન સમાજની જે સ્થિતિ હતી તે અનુમાનથી જાણી શકાય છે. તે સિવાય અલગ ભાગોમાં જે બીજા ધર્મો હતા, સંસ્કૃતિ હતી, તેનો પ્રભાવ જૈન ધર્મ પર કેવો પડયો હશે તે પણ જાણી શકાય છે. કર્ણાટક, મહારાષ્ટ્ર, મદ્રદેશ, ગુજરાત, વિદર્ભ, રાજપુતાના, બંગાળ, યુક્તપ્રાંત, પંજાબ વગેરે સર્વ પ્રાન્તોમાં જૈન સમાજ ફેલાયેલો છે. દક્ષિણમાં જૈન સમાજ પર રામાનુજ આચાર્યનું અને લિંગાયતોનું આક્રમણ થયું. ગુજરાતમાં અને રાજપુતાનામાં તેની ઉપર વૈષ્ણવ સંપ્રદાયનો ઉંડો પ્રભાવ પડયો.

દક્ષિણભારતમાં આ રીતે જે જૈન સમાજ પ્રસર્યો હતો. તેણે તે દેશને પૂર્ણરૂપે અપનાવ્યો હતો. દક્ષિણમાં જૈન રાજ્ય સ્થપાયું હતું અને તેમાં જૈન પ્રધાન તથા સેનાની પણ થયા હતા. જૈન કવિ અને કવિયત્રી પણ થઇ હતી. શ્વેતામ્બર-દિગમ્બરવાદ દક્ષિણમાં કદી પણ નહોતો. શ્વેતામ્બર સમ્પ્રદાયનો દક્ષિણમાં પ્રવેશ જ થયો નથી. દક્ષિણના જૈનોમાં પ્રમુખ વર્ગ જમીનદાર છે અને બીજો વર્ગ ખેડુત અને વેપારી છે. દક્ષિણના બ્રાહ્મણો પર બ્રહ્મણોનો પ્રભાવ અધિક પડયો છે. તેમની સંસ્થાઓ અને રહેણી કરણીના નિયમો, પૂજાની વિધિ, શિલ્પ અને સ્થાપત્ય, ક્ષેત્રપાલ અને દેવદેવતાઓની ભકિત, બ્રાહ્મણવર્ગની પૂજાર્ચા વગેરેને જૈનોએ અપનાવી છે. દક્ષિણી બ્રાહ્મણોમાં ચાતુર્વર્ણ્યનો જાલીમ અંશ હતો તેને દક્ષિણના જૈન સમાજે પૂર્ણરૂપે અપનાવ્યો છે. જૈનોમાં પણ હોમ, પ્રતિષ્ઠા આદિ કરવાવાળા, મંત્ર તંત્ર વિદ્યા જાણનારાવાળા વિશિષ્ટ સંસ્કાર કરાવનારાવાળો એક વિશિષ્ટ વર્ગ છે, જે જૈનબ્રાહ્મણ કહેવાય છે. જૈન શ્રાવકો સાથે તેનો બેટીવ્યવહાર નથી. દક્ષિણના જૈનોને વૈદિક સમાજ સાથે જોરથી સામનો કરવો પડયો હતો અને આખરે તેમાં તેને હારવું પડયું હતું. તેના ક્રિયાકાંડમાં ઘણી એવી બાબતો છે જેમાં હિન્દુ સમાજની નકલ કરવામાં આવી છે. જે દક્ષિણાપથમાં કુન્દકુન્દ, સમન્તભદ્ર જેવા મહાન આચાર્યોનો જન્મ થયો તે સ્થાનમાં તે મહાન મુનિઓનું સ્થાન માત્ર વસ્ત્રધારી નહિ પણ સિંહાસનધારી ભટ્ટારકોએ લીધું. શંકર, રામાનુજ નિમ્બાર્ક વગેરે મઠોની નકલ જૈનોમાં થઇ, અને નામધારી એવા મુનિ ભટ્ટારકોના મઠ કેટલીક જગ્યાએ સ્થપાયા. આ સંસ્થાની ઉપયુકતતા વિષે વધારે લખવાની જરૂર નથી. જ્યાં સુધી એક વ્યકિત ભંડારોનો અધિકારી રહે છે અને નિરકુશ બને છે ત્યાં સુધી તેની પાસે સમાજહિતની આશા રાખવી એ ભૂલ જ છે. સમાજનું લક્ષ આ તરફ ખેંચવામાં આવ્યું છે અને તેમાં સુધારો કરવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો છે.

દક્ષિણભારત ઉપરાંત ઉત્તરભારતમાં પણ સર્વ જગ્યાએ જૈન સમાજ પ્રસર્યો છે. ત્યાંના જૈનોનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે અનેક વાતો નજર સમક્ષ આવે છે.

(૧) ઉત્તરભારતના શહેરી જૈનોમાં ઠીક ઠીક જાગૃતિ થઇ છે.

(૨) તેમાંથી અધિક વર્ગ સામાન્ય રીતે શ્રીમંત અને વ્યાપારી છે.

(૩) સ્થળે સ્થળે નવા મંદિરો બન્યા છે અને શિક્ષણશાળાઓ સ્થપાઇ છે.

(૪) શિક્ષિતવર્ગ થોડો હોવા છતાં અર્થપ્રધાન હોવાને લીધે, સમાજમાં તેની પ્રતિષ્ઠા અધિક છે.

(૫) દિગંબર-શ્વેતામ્બરનો સંઘર્ષ એટલો ઝેરી બન્યો છે કે અંદર અંદર જે ઝઘડા થાય છે તેણે આપસી વિધાયકશકિત નષ્ટ કરી નાખી છે.

(૬) આ ઉપરાંત એક ત્રીજો સંપ્રદાય (જે મૂર્તિપૂજાનો વિરોધ કરે છે) તે સ્થાનકવાસી સંપ્રદાય પણ આ ભાગમાં છે.

(૭) અર્થપ્રધાન સંસ્કૃતિ અને વૈશ્યવૃત્તિ હોવાથી આ સમાજનો નેતાવર્ગ શ્રીમંતો જ રહે છે અને તેમની ઉપર બૌદ્ધિક નિયંત્રણ ઓછું છે.

(૮) ઉત્તરભારતમાં જો કે દિગમ્બર સમાજ ઉપસ્થિત છે તો પણ તેમાં આચાર્યપરંપરાનો લગભગ ઉચ્છેદ થયો છે.

(૯) શ્વેતામ્બર તથા સ્થાનકવાસી સમાજમાં આ આચાર્યપરંપરા હજી પણ વધતી રહી છે.

(૧૦) આ પ્રમાણે ઉત્તરનો જૈન સમાજ જો કે શ્રીમાન્ અને પ્રતિષ્ઠિત છે તો પણ તેમાં સામ્પ્રદાયિક વિષ અધિક છે. જૈન ધર્મ અથવા અન્ય ધર્મના અભ્યાસમાં રૂચિ ઓછી છે અને એ રીતે તે પ્રતિગામી છે.

આપણા સમાજના ગુણદોષોનું નિરીક્ષણ કર્યા પછી હવે આપણે સામાજીક જીવનમાં અગત્ય ધરાવતા ખાસ પ્રશ્નોનો વિચાર કરવાનો છે. તે પ્રશ્નો આજે જ ઉભા થયા છે એમ નથી. તેની પાછળ ઇતિહાસ છે, પરંપરા છે અને લાંબે પ્રાચીનકાળ છે. હવે આપણે તે પ્રશ્નોનો વિચાર કરીએ. (અપૂર્ણ)

મૂળ હિંદી : **પદ્મનાભ જૈન.**

અનુવાદક : **વેણીબહેન કાપડીઆ.**

શ્રી. વીરચંદ પાનાચંદ શાહને ધન્યવાદ

તાજેતરમાંજ સૌરાષ્ટની નવી સરકારના મુખ્ય પ્રધાન શ્રી ઢેબરભાઇ તરફથી જાહેર કરવામાં આવ્યું છે કે શ્રી વીરચંદ પાનાચંદ શાહ તરફથી પૂ. ગાંધીજીના સ્મરણમાં એક કુમાર વિદ્યાલય કાઢવા માટે તેમને પાંચ લાખ રૂપીઆની રકમ આપવામાં આવ્યા છે; તથા સૌરાષ્ટમાં વૈદ્યકીય રાહત માટે બીજી પાંચ લાખની રકમ પણ શ્રી વીરચંદભાઇ તરફથી તેમના હાથમાં મૂકવામાં આવી છે. આવી જ રીતે શ્રી. ઢેબરભાઇના બીજા એક મિત્રે પણ હરિજન ઉદ્ધારકાર્યમાં ખરચવા માટે પાંચ લાખ રૂપીઆ શ્રી ઢેબરભાઇને સુપ્રત કર્યા છે. શ્રી વીરચંદભાઇ અથવા તો તેમની કંપનીની આ ઉદારતા માટે શ્રી વીરચંદભાઇને અનેકશ : ધન્યવાદ ઘટે છે. શ્રી વીરચંદભાઇને જૈન સમાજમાં કે કાઠિયાવાડમાં કોણ નથી જાણતું આજે કેટલાંય વર્ષોથી ગ્રામોદ્ધાર તથા ગ્રામસેવાનું કાર્ય લઇને તેઓ રાજકોટ સમીપ આવેલ સમઢિયાળામાં સ્થિર થઇ બેઠા છે અને વ્યાપાર પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઇને જનસેવાનો કર્મયોગ સાધી રહ્યા છે. તેમની પેઢી જો કે દેશ પરદેશ લાખો રૂપીઆનો વ્યાપાર ખેડી રહી છે. એમ છતાં પણ દશ લાખ રૂપીઆ જેવડી મોટી રકમ આવા શુભ કાર્ય માટે અર્પણ કરવી એ કોઇ નાની સુની વાત નથી. આ દાન જેટલું ભવ્ય છે તેટલું જ દાતાઓ માટે અત્યન્ત ગૌરવપ્રદ છે. સૌરાષ્ટની નવી સરકાર માટે આ મંગળકારી ઘટના છે.

પરમાનંદ

સંવત ૨૦૦૩ નો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું

પ્રબુદ્ધ જૈન

જ				ઉ			
૨૧૧૫	૮	૦	લવાજમના	૮૮૨	૬	૩	પગાર, ભાડું, લાઈટ.
૧૨૯૯	૪	૩	ભેટના	૫૦૯	૪	૩	પોસ્ટ ખર્ચ
૫૬૮	૦	૦	યુવક સંઘના સભ્યો પાસેથી પ્રબુદ્ધ જૈનના લવાજમના	૬૩૧	૪	૦	કાગળ ખર્ચ
				૧૬૧૭	૭	૬	છપામણી ખર્ચ
				૩૨	૬	૯	પરચુરણ ખર્ચ
૪૦૧૨	૧૨	૩					
૧૦	૦	૦	ખોટના				
૪૦૨૨	૧૨	૯		૪૦૨૨	૧૨	૯	

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

આવક જાવકનો હિસાબ

જ				ઉ			
૧૪૭૦	૦	૦	લવાજમ	૮૮૨	૬	૩	પગાર, ભાડું, લાઇટ.
૩૫૭	૮	૦	વ્યાજ	૨૭૨	૩	૩	પરચુરણ ખર્ચના
૪૧	૦	૦	ભેટ	૭૯	૯	૩	પોસ્ટ ખર્ચના
				૩૯	૩	૦	સ્ટેશનરી ખર્ચના
૧૮૬૮	૮	૦		૧૭	૪	૦	છપામણી ખર્ચના
૨૦	૧	૯	ખોટના	૫૬૮	૦	૦	લવાજમ પ્રબુદ્ધ જૈનનું સંઘના સભ્યો પાસેથી
૧૮૮૮	૯	૯		૧૮૮૮	૯	૯	

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સંવત ૨૦૦૩ નું સરવૈયું

જ				ઉ			
રીઝર્વ ફંડ			૧૧૦૦ ૦ ૦				રોકાણ
જનરલ ફંડ				૫% ટકાના બોમ્બે મ્યુનીસી-			
ગયા વરસની બાકી	૫૭૬૩	૪	૨	પાલીટી ડીબેંચર રૂા. ૫૦૦૦)			
ચાલુ સાલમાં સંઘની આવક જાવકનો ઘટાડો	૨૦	૧	૯	ની ફેઇસ વેલ્યુના ...	૬૦૭૦	૫	૭
	૫૭૪૩	૨	૫	૫½ ટકાનાં ધી ઇન્ડીયન હ્યુમ-			
પ્રબુદ્ધ જૈનની આવક જાવકનો ઘટાડો	૧૦	૦	૬	પાઇપ કું. લી. નાં ડીબેંચર રૂા. ૪૦૦૦) ની ફેઇસ વેલ્યુના	૪૨૩૬	૬	૨
	૫૭૩૩	૧	૧૧		૧૦૩૦૬	૧૧	૯
શ્રી. માંદાની માવજત ખાતું	૨૫૪	૧૧	૦	**બેંકમાં તેમ જ હાથ ઉપર**			
,, વ્યાખ્યાનમાળા ખાતું	૧૮૫	૭	૯	હાથ ઉપર રોકડા ...	૪૬	૮	૬
,, રાહત ખાતું	૧૯૫	૧૨	૦	ધી બેંક ઓફ ઇન્ડીયા લી.			
,, પુસ્તક પ્રકાશન ખાતું	૩૪૮૦	૮	૬	ના ખાતામાં... ...	૪૩૬૭	૭	૧૧
,, ઉપલક ખાતું	૪	૦	૦		૪૪૧૪	૦	૫
,, મ. મો. વાંચનાલય–પુસ્તકાલય ખાતું	૬૨	૫	૯	શ્રી. ભારતી સાહિત્ય સંઘ ખાતે	૫૮૫	૦	૦
,, વૈદ્યકીય રાહત ખાતું	૧૩૮૨	૭	૯	,, પ્રબુદ્ધ જૈન પેપર ખાતે	૩૦૧	૦	૦
,, અલ્પાહાર ખાતું...	૩૨૬	૬	૯	,, જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ ખાતે (હા. ડૉ. ભૂલચંદજી)	૨૪	૦	૦
ડૉ. વ્ર. ધ. મેધાણી સ્મારક ખાતું ...	૨૩૯૫	૧૦	૦				
શ્રી. શીવજી ચત્રભુજ શાહનું ખાતું ...	૪	૦	૦				
,, પ્રેમચંદ વેલજી મહેતાનું ખાતું ...	૪	૦	૦				
,, ડાહ્યાભાઈ આલાભાઇ કોરા નિબંધમાળા ખાતું	૪૦૦	૦	૦				
,, ૨૦૦૪નાં સભ્ય લવાજમ ખાતું	૫૮	૦	૦				
,, છગનલાલ ધનજીભાઇનું ખાતું ...	૪૪	૪	૯				
	૧૫૬૩૦	૧૨	૨		૧૫૬૩૦	૧૨	૨

અમોએ ઉપલું સરવૈયું, ચોપડાઓ, રસીદો, વાઉચરો અને બેંકપાસબુક સાથે તપાસ્યું છે અને આથી રીપોર્ટ આપીએ છીએ કે અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલ ખબર અને ખુલાસા પ્રમાણે અને ચોપડામાં બતાવેલ છે તે પ્રમાણે બરાબર માલુમ પડયું છે.

એચ. પી. કુંભાણીની કું.
રજીસ્ટર્ડ એકાઉન્ટટસ એન્ડ ઓડીટર્સ
મુંબઈ તા. ૨૧-૧-૪૮

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલયનો આવક જાવકનો હિસાબ

જ				ઉ			
૧૪૧૬	૧૨	૦	વ્યાજના	૧૩૬	૯	૬	પરચુરણ ખર્ચના
૧૫૪	૪	૬	દંડના	૧૨૬૭	૧૫	૯	પગાર ખર્ચના
૫૨	૦	૦	પાસબુકના	૩૦૬	૮	૬	છાપાઓનું લવાજમ
૧૩૬૦	૪	૦	ભેટના	૬૫	૦	૦	લાઈટ ખર્ચ
				૪૩૬	૧૪	૩	ભાડા ખર્ચ
૩૦૦૩	૪	૬		૨૨૦૮	૦	૦	
				૭૯૫	૪	૬	વધારો
				૩૦૦૩	૪	૬	

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલયનું સંવત ૨૦૦૩ નું સરવૈયું

જ				ઉ			
શ્રી. મ. મો. વાંચનાલય-પુસ્તકાલય ખાતે જમા	૨૬૩૨૬	૧	૩	૪ ટકાના ધી રાવલગામ સ્યુગર ફાર્મ લી. ના ડીબેંચર રૂા.૧૦૦૦૭ની ફેઇસ વેલ્યુના	૧૦૦૦૦	૦	૦
,, ડીપોઝીટ ખાતે જમા	૩૪૧૬	૦	૦	૪½ ટકાના ધી બોમ્બે સ્ટીમ નેવીગેશન કું. લી. ના ડીબેં- ચરના રૂા. ૧૦૦૦૭ ની ફેઇસ વેલ્યુના	૧૦૦૦૦	૦	૦
,, ફરતીલાયબ્રેરી ડીપોઝીટ ખાતે જમા	૧૨૦	૦	૦	૫ ટકાના ધી બોમ્બે ઇમ્પ્રુવ- મેન્ટ ટ્રસ્ટ લોન રૂા. ૩૦૦૭ ની ફેઇસ વેલ્યુના ...	૩૬૧૫	૦	૦
,, એકસ્ટ્રા ડીપોઝીટ ખાતે જમા ...	૦	૮	૦	શ્રી કામાણી મેટલ વર્કસ લી. ના ડીબેંચર રૂા. ૫૦૦૭ ની ફેઇસ વેલ્યુના	૫૦૦૦	૦	૦
,, ફરતીલાયબ્રેરી પુસ્તક ખાતે જમા ...	૮	૦	૦				૨૮૬૧૫ ૦ ૦
,, પુસ્તક ખાતે જમા	૪૩૮૦	૧૪	૦	શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ ખાતે			૧૨ ૫ ૯
,, આવક-જાવક ખાતે જમા ...	૭૯૫	૪	૬	,, દલીચંદ વી. કોઠારીને ખાતે			૫૩ ૧૦ ૯
	૩૫૦૪૬	૧૧	૯	**બેંકમાં તેમ જ હાથ ઉપર રોકડ**			
				હાથ ઉપર રોકડ... ...	૫	૪	૬
				ધી બેંક ઓફ ઇન્ડીઆ લી. ના ચાલુ ખાતામાં	૫૮૯૧	૧૫	૬
				ધી સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીઆ લી. ના ચાલુ ખાતામાં	૪૧૪	૭	૩
							૬૩૧૪ ૧૧ ૩
							૩૫૦૪૬ ૧૧ ૯

અમોએ ઉપલું સરવૈયું, ચોપડાઓ, રસીદો, વાઉચરો અને બેંકપાસબુક સાથે તપાસ્યું છે અને આથી રીપોર્ટ આપીએ છીએ કે અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલા બબર અને ખુલાસા પ્રમાણે અને ચોપડામાં બતાવેલ છે તે પ્રમાણે બરાબર માલુમ પડયું છે.

એચ. પી. કુંભાણીની કું૦
રજીસ્ટર્ડ એકાઉન્ટટસ એન્ડ ઓડીટર્સ
મુંબઈ તા. ૨૧-૧-૪૮

શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સન્માન-થેલીમા રકમો ભરનારાની યાદી

૫૦૦૧	શ્રી. રતિલાલ વર્ધમાન શાહ ,, ચંદુલાલ વર્ધમાન શાહ	૧૦૦૧ શ્રી ચીમનલાલ ડાહ્યાભાઈ ૧૦૦૧ ,, મોહનલાલ મગનલાલ ૧૦૦૧ ,, ધીરજલાલ નેમચંદ ઓફ ૧૦૦૧ ,, મણિલાલ રીખવચંદ ઝવેરી ૧૫૦૧ ,, હાથીભાઈ ગલાબચંદ ૧૦૦૧ ,, પુરૂસોત્તમ સુરચંદ ૧૦૦૧ ,, જગતચંદ્ર નેમચંદ વેરા ૧૦૦૧ ,, રાયચંદ મોતીચંદ ઝવેરી ૧૦૦૧ ,, કાન્તિલાલ સી. પરીખ ૫૦૧ ,, માધવલાલ હીરાલાલ શાહ ૫૦૧ ,, ભીખાભાઈ ભુદરદાસ કોઠારી ૫૦૧ ,, પૂંજાભાઈ દીપચંદ ૫૦૧ ડો. મોહનલાલ હેમચંદ શાહ ૫૦૧ શ્રી ચિમનલાલ મોતીલાલ પરીખ ૫૦૧ ,, અંબાલાલ લલ્લુભાઇ પરીખ	૫૦૧ શ્રી શાન્તિલાલ મગનલાલ શાહ ૫૦૧ ,, વલ્લભદાસ પુલચંદ ૫૦૧ ,, બબાભાઇ કસ્તુરચંદ ૫૦૧ ,, કાન્તિલાલ ઇશ્વરલાલ ૫૦૧ ,, કાન્તિલાલ ઓકારદાસ ૫૦૧ ,, નાનચંદભાઇ આણંદજી ૫૦૧ ,, વિનાયક કુંવરજી શાહ ૫૦૧ ,, શાન્તિલાલ પોપટલાલ ૫૦૧ ,, રતિલાલ ચીમનલાલ શાહ ૫૦૧ ,, કસ્તુરચંદ પ્રેમચંદ શાહ ૫૦૧ ,, કેશરીચંદ ભાણાભાઇ ૫૦૦૧ ,, અમૃતલાલ નથુચંદ ૫૦૦૧ ,, અમૃતલાલ કાલીદાસ ૪૨૧૪-૪-૦ પરચુરણ રકમો. ૫૦૨૫૪-૪-૦
૨૫૦૧	શ્રી કલભાઈ ભુદરદાસ વકીલ		
૨૫૦૧	,, ધીરજલાલ જીવાભાઈ કેશરીચંદ		
૫૦૦૧	,, હીરાલાલ અમૃતલાલ શાહ		
૨૫૦૧	,, જાદવજી નરસીદાસ		
૧૫૦૧	,, સકરચંદ મોતીલાલ		
૧૦૦૧	,, હેમચંદ અમરચંદ		
૧૦૦૧	,, મણિલાલ મોકમચંદ શાહ		
૧૦૦૧	,, ચંદુલાલ સારાભાઇ મોદી		
૧૦૦૧	,, બબલચંદ કેશવલાલ મોદી		
૧૦૦૧	એક ગૃહસ્થ તરફથી, હા. કલભાઇ		
૧૦૦૧	શ્રી ચીમનલાલ પી. શાહ		
૧૦૦૧	,, હેમચંદ મોહનલાલ ઝવેરી		
૧૦૦૧	,, મોહનલાલ તારાચંદ શાહ		

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૧૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૨૨

મુંબઈ: ૧૫ માર્ચ ૧૯૪૮ સોમવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય?

(ગતાંકથી ચાલુ)

દિગમ્બર-શ્વેતામ્બર વાદ

ઉપર જે વિવેચન કર્યું છે તે પ્રમાણે સામાજીક પ્રશ્નોમાં દિગમ્બર શ્વેતામ્બર વાદ ખાસ સ્થાન ધરાવે છે. આજના તરૂણ અને શિક્ષિત વર્ગોમાં આ વાદની આલોચના વારંવાર થઇ ચુકી છે. તે ઉપરથી અનુમાન થાય છે કે આજનો શિક્ષિત સમાજ આ વાદથી પર રહી તેનો અંત લાવવા ઇચ્છે છે, આટલું જ નહિ પરંતુ સમસ્ત જૈન સમાજનું એકીકરણ કરવાની ઇચ્છા રાખે છે. જો કે ઉપર પ્રમાણે વિચાર ધરાવ॥ તરૂણવર્ગ હાંસ્ત ધરાવે છે તો પણ સમાજના કર્ણધારો, ત્યાગી સંસ્થાઓ, પંડિતવર્ગ વગેરે તો સનાતન સામ્પ્રદાયિકતાથી બંધાયેલા છે અને તે સાંપ્રદાયિકતાને જ પુષ્ટ કરતા રહે છે. આ સાંપ્રદાયિકતાનો પ્રભાવ વિદ્વાનોપર પડયો છે અને સાહિત્યસંશોધકો પણ તેના શિકાર બન્યા છે. આ વાદનો અંત લાવવાની જવાબદારી હવે નવશિક્ષિત તરૂણો પર છે. જૈન સમાજનું એકીકરણ કરવું એ તેઓનું કર્તવ્ય છે. આ દૃષ્ટિથી આ વાદની સમાલોચના આપણે અહિંઆ સંક્ષેપમાં કરવાની છે. એનો કોઇ મધ્યમ માર્ગ શોધવાનો છે જ્યાં આ બન્ને વાદોનો સમન્વય થઇ શકે, અને ભવિષ્યમાં જૈન સમાજ આ ઝેરી સામ્પ્રદાયિક બંધનથી મુક્તિ પામે.

ભ. મહાવીરના નિર્વાણ પછી જૈન સમાજમાં જે મુખ્ય આન્દોલન થયા તેમાં આ બન્ને સમ્પ્રદાયોનો ઉદ્ભવ ખાસ સ્થાન ધરાવે છે. આ વાદ ક્યારથી શરૂ થયો તેનો જો કે કોઇ નિર્ણય નથી થયો તો પણ આ બાબતમાં બન્ને સમ્પ્રદાયોની અલગ અલગ દલીલો છે. બન્ને સમ્પ્રદાયોનો પ્રયત્ન પોતપોતાના સમ્પ્રદાયની પ્રાચીનતા તરફ લક્ષ ખેંચવાનો રહ્યો છે. આ પ્રમાણે પક્ષપાત હોવાથી તેમાં પૂર્ણ સત્ય હોવાની અપેક્ષા રાખી શકાય નહિ.

દિગમ્બર સમાજનું કહેવું એમ છે કે પ્રારંભથી અચેલત્વ ચાલતું આવ્યું છે અને ભ. મહાવીરની પછી સચેલત્વસમ્પ્રદાય નિર્માણ થયો કે જે તેનું ભ્રષ્ટરૂપ છે. ભ. મહાવીર પછી ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં મગધમાં જે દ્વાદશવર્ષવ્યાપી મહાન દુષ્કાળ પડયો, તે સમયે શ્રુતકેવલી ભદ્રબાહુ કર્ણાટક તરફ પોતાના સંઘને લઇ ગયા. જે લોકો મગધમાં રહ્યા તેના આચાર્ય સ્થૂલીભદ્ર હતા. આચાર્ય ભદ્રબાહુ દુષ્કાળ પુરો થતા બાદ મગધ તરફ પાછા ફર્યા અને કે મગધમાં રહેલો સંઘ બહુ બદલાઇ ગયો છે. મગધનો મુનિસંઘ વસ્ત્રો પહેરવા લાગ્યો હતો અને આ. ભદ્રબાહુનો સંઘ અચેલક હતો. અહીંથી બે પરમ્પરા શરૂ થઇ. આ ભદ્રબાહુની પરમ્પરાએ આ સચેલક પરમ્પરાનો બહિષ્કાર કર્યો, તેમના આગમોને મિથ્યા કહ્યા અને તેનો અસ્વીકાર કર્યો. તેનો નિષ્કર્ષ એ છે કે:-

(૧) પ્રથમ અચેલત્વ હતું.

(૨) ફરી સચેલત્વ વાદ થયો. જે ભ્રષ્ટરૂપ છે.

આ ભદ્રબાહુ દક્ષિણમાં ગયા હતા. તેની સાથે ચંદ્રગુપ્ત નામનો કોઇ રાજા પણ ગયો હતો. આ વાતો ઐતિહાસિક પ્રમાણોથી સિદ્ધ છે. પરંતુ આ. ભદ્રબાહુનું શ્રુતકેવળી હોવું અને ચંદ્રગુપ્તનું મૌર્યવંશી હોવું એ બન્ને વાતો હજી સુધી સિદ્ધ થઇ નથી.

આ પ્રશ્ન પરત્વે શ્વેતામ્બર સમ્પ્રદાયનું સ્પષ્ટીકરણ એવું છે કે ભ. પાર્શ્વનાથની પરમ્પરામાં સચેલત્વ હતું. ભ. મહાવીર પોતે અચેલક બન્યા હતા અને આગળ જતાં આ બંને માર્ગો પ્રમાણ રૂપ મા ાામાં આવ્યા હતા. આનો નિષ્કર્ષ એ એ થયો કે:-

(૧) સચેલત્વ પ્રાચીન

(૨) અચેલત્વ અર્વાચીન

(૩) બંને પ્રમાણભૂત

આ પ્રમાણે જ્યારે વિવિધ રૂપષ્ટીકરણ કરવામાં આવે છે ત્યારે આપણી સામે બે માર્ગ છે.

(૧) પ્રમાણભૂત ઐતિહાસિક પ્રમાણોને માન્ય રાખવા.

(૨) વર્તમાનયુગમાં જે ઉપયુક્ત છે તેને અપનાવવા.

જૈનોના આગમ સાહિત્યની અન્તર્ગત ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩ મા અધ્યાયમાં જે "કેશિ-ગૌતમ" સંવાદ આવે છે તેમાં સચેલત્વ-અચેલત્વ બાબતમાં જે ચર્ચા થઇ છે તે ઠીક ઉપયુક્ત છે. સામ્પ્રદાયિક દૃષ્ટિનો ત્યાગ કરીને સત્યશોધન કરશું તો આપણા માટે તેમાં જે સમન્વયનો માર્ગ છે, તેને સ્વીકારી લેવામાં મુશ્કેલી નહિ પડે.

આ સાથે એક ખાસ વાત ધ્યાન રાખવા જેવી છે. બૌદ્ધ પીટકોમાં જૈન ધર્મ સંબંધી જે ઉલ્લેખ આવ્યો છે તેમાં પાર્શ્વનાથના 'ચાતુર્યામ' નો ઉલ્લેખ વારંવાર આવે છે અને આ સંબંધમાં જૈન સાધુઓનો ઉલ્લેખ "એકશાટક" શબ્દથી કરવામાં આવ્યો છે. તેના સાથે ભ. મહાવીર અચેલક હોવાનો ઉલ્લેખ પણ છે. આ સંદર્ભને ધ્યાનમાં રાખીને આપણે કેશિ-ગૌતમ સંવાદનો વિચાર કરવાનો છે. કેશિકુમાર ભ. પાર્શ્વનાથના સમ્પ્રદાયના છે અને ચાતુર્યામધર્મી છે. તે સચેલક હતા. ભ. પાર્શ્વનાથ અને ભ. મહાવીરના માર્ગમાં જે ભેદ થયો તેને માટે તેમના પ્રશ્નો અને ઉત્તર બન્ને મનનીય હોવાથી તેનો ઉલ્લેખ અહિંઆ કરવામાં આવ્યો છે.

કેશિ—

चाउज्जामो अजो धम्मो, जोइयो पंचसिक्खिओ।
देसिओ वद्धमाणेणं, पासेणय महामुणि॥
अचेलगो अजो धम्मो, जो इमो संतरुत्तरो।
एक कज्जपवन्नाणं, विसेसे किं नु कारणं॥
लिंगे दुविहे मेहावी! कहं विप्पच्चओ न ते॥

ગૌતમ—

તઓ કેસિં બુવન્તં તુ ગોયમો ઇણમબ્બવી ।
પન્ના સમિક્ખએ ધમ્મં તત્તં તત્ત વિણિચ્છયં ।
પુરિમા ઉજ્જુપન્ના ઉ વક્કજડ્ઢાય પચ્છિમા ।
મજ્ઝિમા ઉજ્જુપન્ના ઉ તેણ ધમ્મે દુહા કએ ।
પુરિમાણું દુવ્વસુજ્ઝો ઉ, ચરિમાણું દુરણુપાલનો ।
કપ્પો મજ્ઝિમગાણું ઉ, સવિ સુઝ્ઝો સુપાલિઓ ।
કેસિં એવં બુવાણું તુ, ગોયમો ઇણમબ્બવી.
વિન્નાણેણ સમાગમ્મ, ધમ્મ સાહણમિચ્છિયં.
પચ્ચયત્થં ચ લોગસ્સ નાણાવિહવિકપ્પણું.
જત્તાય ગહણત્થં ચ, લોગે લિંગ પઓઅણું
અહભવે પઇન્તા ઉ મુક્ખસબ્ભૂય સાહણા.
નાણું ચ દંસણું ચેવ ચરિત્તં ચેવ નિચ્છએ.

કેશિકુમારના આ પ્રશ્નોનો ઉત્તર ગૌતમ ગણધરે જે રીતે આપ્યો છે, તેમાંથી આ ભેદો ટાળવાનો મંત્ર મળે છે. બાહ્ય લિંગનું મહત્વ કેટલું રહેવું જોઇએ અને બાહ્ય આચારથી આત્મસંયમનું મહત્વ કેટલું વધારે છે તેનું સ્પષ્ટ પ્રરૂપણ અહિંઆ મળે છે. ભ. મહાવીરની પહેલાં સચેલત્વ હતું એમ માનવામાં આપણને કોઇ મુશ્કેલી ન હોવી જોઇએ. અને સાથે સાથે આ માનવામાં સંકોચ ન રાખવો જોઇએ કે ગુણદ્રષ્ટિથી અચેલત્વ જ શ્રેષ્ઠ છે. શ્વેતામ્બર આમ્નાયોએ જિનકલ્પી અને સ્થવિરકલ્પી બન્ને પરમ્પરાઓનું પ્રમાણ માન્ય રાખ્યું છે. ત્યારે પછી પ્રશ્ન થાય છે કે જો વસ્તુસ્થિતિ આવી છે તો આપણી વચ્ચે સામંજસ્ય કેમ જળવાઇ ન રહ્યું ? અચેલત્વ શ્રેષ્ઠ માન્યું તો તેને શા માટે છોડવું જોઇએ? આનો જવાબ ગણધર ગૌતમના ઉપરના શ્લોકમાં છે. જગત પરિવર્તનશીલ છે અને પરિસ્થિતિ સદા એક નથી રહેતી. આ વાત જૈનોને કહેવાની કોઇ આવશ્યકતા છે ખરી ? યુગ પ્રમાણે આપણે બદલાવું પડે છે અને કેટલાક ઉચ્ચ આદર્શોને આદર્શના રૂપમાં જ રાખવાની ફરજ પડે છે. વ્યવહાર અને સમાજની એવી કેટલીક રીતોઓ છે કે જેનું પાલન સમાજમાં રહેતાં આપણે કરવું પડે છે. દિગમ્બર જૈન સાધુસંઘનો ઇતિહાસ આપણને બતાવે છે કે વચલા સમયમાં ઉત્તર ભારતમાં દિગમ્બર મુનિઓનું અસ્તિત્વ નહોતું. આ પરંપરાનો ત્યાં ઉચ્છેદ થયો હતો. દક્ષિણમાં આ પરંપરા ઘણા લાંબા સમય સુધી જીવિત ન રહી શકી. મુસલમાન અને અન્ય હિંસાપ્રધાન સંસ્કૃતિનું આક્રમણ ઉત્તર ભારતમાં થયું અને ફલસ્વરૂપ આ પરંપરાનો ઉચ્છેદ થયો. નહિ તો ઉત્તર ભારતમાં આટલા દિગમ્બરો હોવા છતાં દિ. મુનિઓની પરંપરા શા માટે નષ્ટ થય? દક્ષિણમાં પણ ભટ્ટારકોની ગાદીઓ કેવી રીતે સ્થપાઇ ?

જૈન સંઘે વ્યવહારૂ બનવું જોઇએ. પદની પ્રતિષ્ઠા માન્ય રાખવી એ અલગ વાત છે અને વ્યવહારમાં તેની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવું એ જુદી વાત છે. આજના દિગમ્બર આમ્નાયમાં ૫૦ વર્ષ પહેલાં આ. શાન્તિસાગરજીએ ફરીથી આ પરમ્પરાનો ઉદ્ધાર કર્યો હતો. પૂ. આચાર્યજી પ્રત્યે આદરભાવ રાખવા છતાં પણ આપણે એ સ્વીકારવું પડશે કે અચેલત્વસમ્પ્રદાય આજના યુગમાં પ્રયોજનકારી નથી થયો. જો કોઇ વિધાયક કાર્ય સાથે આપણી મતલબ હોય તો આદર્શને ઉચ્ચ માનવા છતાં પણ તેને સામાજિક રૂપ આપવું અને વ્યવહારમાં અતિરેકતાનો ત્યાગ કરવો એ જરૂરી છે.

શ્વેતામ્બર સાધુઓ વિષે પણ આ સંબંધમાં કહેવાની જરૂર છે. 'એક શાટક' રહેવાની પરમ્પરા તો કયારની ચાલી ગઇ છે. આજ તો નિષ્કારણ પરિગ્રહ તેમાં વધ્યો છે. તેમાં નિયમન હોવું જ જોઇએ. તેણે જો સમાજમાં ઉપયોગી બનવું હોય તો નિઃસંશય પરિગ્રહનું પ્રમાણ ઓછું કરવું જોઇએ યા તો રીતી રીતે શ્રાવક સંસ્થામાં શામેલ થઇને પોતે અધિક ઉપયુક્ત બનવું જોઇએ.

આ પ્રશ્નની ચર્ચાથી આપણે એમ ઇચ્છીએ છીએ કે:—

(૧) ગુણ દૃષ્ટિથી અચેલત્વ શ્રેષ્ઠ છે.

(૨) વર્તમાન યુગમાં વસ્ત્રધારણ યોગ્ય છે.

(૩) વસ્ત્રધારણમાં અવશ્યક સીના રાખવી જરૂરી છે.

એ દૃષ્ટિ રાખીને આપણા નેતાઓ સમજે કે આ બન્ને સમ્પ્રદાયોના ભેદ હટાવી બન્નેને એક કરવાની આવશ્યકતા છે. શ્રાવકોમાં આવો ભેદ ઉપયુક્ત નથી કારણ કે શ્રાવકો તો "દિગંબર" છે જ નહિ.

મૂર્તિપૂજા

બીજો પ્રશ્ન મૂર્તિપૂજા સાથે સંબદ્ધ છે જેનું પરિશિલન થવાની આવશ્યકતા છે. મૂર્તિપૂજા વિષે અને મૂર્તિના સ્વરૂપ વિષે જ્યારથી ઝગડો શરૂ થયો છે ત્યારથી જૈન સમાજના પૂર્વસ્થિત બે સમાજોનો વિવાદ કટુ બન્યો છે અને એક નવો પક્ષ આ સંઘર્ષમાંથી નિકળ્યો છે.

ભારતમાં મૂર્તિપૂજા કયારથી શરૂ થઇ તેનો ઇતિહાસ ઉપલબ્ધ નથી, તો પણ જૈન આગમોમાં જે "ચૈત્ય" શબ્દ આવે છે તેમાંથી શબ્દશાસ્ત્રીઓએ એ સ્પષ્ટીકરણ કર્યું છે કે ચૈત્ય શબ્દમાં મૂલ શબ્દ ચિતા છે. મૃત લોકોની ચિતા પર ચબુતરા નિર્માણ કરવા, સ્મૃતિચિન્હના રૂપમાં તેનાં ચરણશિલાપર અંકિત કરવા આ તેનું મૂળ રૂપ છે. જૈન તીર્થંકરોના જે સર્વમાન્ય નિર્વાણક્ષેત્ર છે તેમાં ચરણો જ અંકિત છે. મૂર્તિઓ તો પછી સ્થાપિત કરવામાં આવી છે. એ વખતની જે મૂર્તિઓ ઉપલબ્ધ છે તે સર્વે નિર્ગ્રન્થ છે, અલંકાર રહિત છે. એમ હોવું તે સ્વાભાવિક છે. અમારામાં જે અભિષેકવિધિ અને મંદિરોમાં અલંકારોની ભરતી આવી તે બધું અન્ય ધર્મોના પ્રભાવનું પરિણામ છે. પૂજા વખતે જે મંત્રોનું સ્મરણ કરવામાં આવે છે તે મન્ત્ર, દશદિકપાલની કલ્પના અને હોમહવનાદિક વગેરે વૈદિક છે. જેમણે વેદનો અભ્યાસ કર્યો છે તેમને આ સમજાવવાની આવશ્યકતા છે જ નહિ. વૈષ્ણવોમાં રાધાકૃષ્ણની સાલંકાર પૂજા થતી હતી, તેનું અનુકરણ શ્વેતામ્બર સમાજમાં થયું અને નિર્વસ્ત્ર મૂર્તિઓનો મુગટ ચઢાવવો, નેત્ર લગાડવાં વગેરે વિધિનો પ્રચાર થયો. તેમાં વીતરાગ મૂર્તિ ઉપર અન્યાય થાય છે અને ભક્તિનું પ્રદર્શન થવાને બદલે અર્થનું પ્રદર્શન થાય છે આટલી સમજણ પણ આપણામાં દેખાતી નથી. જે મંદિરોમાં બંને જાતની પૂજા કાયદાનાં બળ ઉપર થાય છે ત્યાંની મૂર્તિઓને કોઇ જૈનેતર એકવાર જઇને જુએ તો તે જૈનોને કલાવિહીન પ્રાણીઓ સમજે.

"દેવાગમ નભોયાન ચામરાદિ વિભૂતય :।
માયાવિષ્વપિ દશ્યન્તે નાતસ્ત્વમસિ નો મહાન્।।

એવું કહેવાવાળા આપણા આચાર્યો કયાં અને આવા બાહ્ય આડંબરોમાં ગર્વ અને ઠેપ વધારવાવાળા આપણે કયાં? પ્રત્યેક વિચારશીલ જૈને આવી પદ્ધતિનો ત્યાગ કરવો જોઇએ. યાદ રાખવું જોઇએ કે ૫૦૦ વર્ષ પહેલાં ક્રાન્તિવીર લોંકાશાહે મૂર્તિપૂજાનો વિરોધ કર્યો અને નવો પક્ષ સ્થાપ્યો. મૂર્તિપૂજા થોડી હદ સુધી જરૂર ઉપયોગી છે, પરંતુ તે નિર્દોષ હોવી જોઇએ. અચેલત્વનો આદર્શ જો ઉચ્ચ છે અને શ્વેતામ્બરો પણ જો તે આદર્શને માને છે, અને એમ છતાં જો કે વ્યવહારિક દૃષ્ટિથી આપણે પૂર્ણ અપરિગ્રહી બની શકતા નથી તો પણ એટલું તો હોવું જ જોઇએ કે એ આદર્શને આપણે કલંકિત ન કરીએ અને દુનિયામાં આપણી ક્ષુદ્રતાનું પ્રદર્શન ન કરીએ. આ બાબતમાં આપણે જે સમજુતી કરવાની છે તે સંબંધમાં નીચેની બાબતો પર આપણે ધ્યાન રાખવું જોઇએ.

(૧) મૂર્તિપૂજાને આવશ્યક માનવી ન માનવી એ વ્યક્તિગત પ્રશ્ન છે; કારણકે વ્યક્તિની યોગ્યતા પ્રમાણે તેનો ઉપયોગ છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૦ જુઓ)

કેટલાક સમાચાર અને નોંધ

"હમે દિમાગ હૈ" "દલીલ નહિ ચાહિએ"

મુંબઇ પ્રાન્તિક મહાસભા સમિતિના પ્રમુખ શ્રી. એસ. કે. પાટીલને ખાસ કરીને મુંબઇમાં આજે કોણ નથી જાણતું ? મુંબઇમાં જે સ્થાન મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનના પ્રમુખનું છે તેટલું જ મહત્વનું અથવા તો કોંગ્રેસની હિંદવ્યાપી પ્રતિષ્ઠા ધ્યાનમાં લઇએ તો એથી પણ વધારે મહત્વનું સ્થાન મુંબઇની પ્રાન્તિક મહાસભા સમિતિના પ્રમુખનું છે. એ જ એસ. કે. પાટીલ આજે તો કોંગ્રેસની કારોબારીના પણ એક સભ્ય છે. તેથી તેમ જ તેઓ પોતાને ચુસ્ત ગાંધીવાદી માને છે, મનાવે છે તેથી તેઓ સમસ્ત હિંદી પ્રજાના વિશિષ્ટ આદરના અધિકારી છે અને તે કારણે જ તેમનું વર્તન તેમ જ વ્યવહાર એક આદર્શ દેશભક્તને બંધી રીતે છાજે તેવું હોય એવી અપેક્ષા રાખવાનો સામાન્ય પ્રજાજનોને પુરો હક છે. આ ધોરણે વિચારતાં તેમના વિષેનો નીચે જણાવેલ અનુભવ કોઇ પણ સહૃદય માનવીને અત્યંત આઘાત પહોંચાડે તેવો હોઇને જાહેર જનતા સમક્ષ રજુ કરવાની આવશ્યકતા ભાસી છે.

આ અનુભવ મારા એક મિત્ર શ્રી. કાન્તિલાલ નથ્થુભાઇ પારેખનો છે. તેઓ મેસર્સ મગનલાલ રેખ એન્ડ કંપનીના એક ભાગીદાર છે. તેમણે જીંદગીની શરૂઆતનાં કેટલાંક વર્ષો ગાંધીજીનો જ્યારે અમદાવાદ ખાતે સ્થાયી મુકામ હતો તે દરમિયાન સત્યાગ્રહ આશ્રમમાં ગાળ્યાં છે, અને નાની મોટી રાજકારણી લડતો દરમિયાન ઠીક ઠીક મુદતોનો જેલવાસ પણ તેમણે ભોગવ્યો છે. તેઓ એક સુચારિત્રશીલ શાણા યુવાન છે. તેમને નીચે જણાવેલ સંયોગોમાં મુંબઇની કોંગ્રેસના પ્રમુખ શ્રી. એસ. કે. પાટીલને મળવાનું બન્યું. તેમની અને શ્રી. પાટીલ વચ્ચે શું બન્યું તે આપણે તેમના જ શબ્દોમાં જોઇએ અને વિચારીએ.

"તારીખ ૧૧-૨-૪૮ ના લગભગ ૧૦ વાગ્યે હું મુંબઇની પ્રાંતિક સમિતિના પ્રમુખ શ્રી પાટીલને મળવા ગયો હતો. પૂજ્ય બાપુજીનાં અસ્થિને જળમાં પધરાવવા માટે નીકળનારું સરઘસ કયે કયે રસ્તે થઇ પસાર થશે તે વિષે સારનાં જ છાપાંમાં સમાચાર હતા. સરઘસ માત્ર હિન્દુ લતામાંથી જ પસાર થશે એવી જાહેરાત હતી. આથી હું પાટીલ સાહેબને વિનંતિ કરવા ગયો હતો કે સરઘસ મુસ્લીમ લત્તામાંથી પણ નીકળે.

હું શ્રી. પાટીલની કેબીનમાં દાખલ થયો, નમસ્કાર કર્યા; અને કહ્યું **"मैं आपको बिनंति करने आया हुं कि कलका जूलुस मुस्लीम लत्तेमेंसे भी पसार हो"** ટુંકો ને ટચ પણ અત્યંત ગર્વભર્યો જવાબ મળ્યો.

"हमें दिमाग है."

આ જવાબ સાંભળી હું ડધાઇ જ ગયો. આગળ કશુ બોલવા વિચાર થાય એવું રહ્યું જ ન હતું. છતાં મેં કહ્યું **"रविवार को बहिनोंका जो शान्तिसरघस नीकला था वह मुस्लीम लत्तेमें से पसार हुआ था और बहोत ही मुस्लीम बहीनों सरघस में शामील हुई थी। हमें ऐसा मौका मिला है तो हम भी जुलुस मुस्लीम लत्ते में से पसार करें".**

વળી ટુંકો જવાબ મળ્યો. **"दलील नहीं."** હું કંઇક ફરી બોલવા જતો. પણ ત્યાં તો ફરી મને રોકી તેમણે એક જ વાત કહી **"मैंने कह दिया ना कि दलील नहि चाहिए."** અને હું ખિન્ન હૃદયે બહાર નીકળ્યો. મનમાં વિચાર આવ્યો. જે મહાપુરૂષે હિન્દુ મુસ્લીમ એકતા માટે પ્રાણ પ્રાર્થ્યા એ જ મહાપુરૂષનાં અસ્થિનું સરઘસ મુસ્લીમ લત્તામાંથી પસાર થાય એટલું પણ આપણા પ્રાંતિક સમિતિના પ્રમુખને મંજુર નથી."

અલબત્ત અહિં મારે સ્પષ્ટ કરવું જોઇએ કે શ્રી. પાટીલ ઉપર જણાવેલ ભાઇશ્રી કાન્તિલાલ પારેખને જાતે ઓળખતા નહોતા. વળી એમ પણ સંભવિત છે કે જેમના માથે ગાંધીજીના ભસ્માવશેષના સરઘસની આખી જવાબદારી હોય તેમની પાસે, ભાઇશ્રી કાન્તિલાલની ગમે તેટલી આકર્ષક દલીલ હોવા છતાં, એ સરઘસ હિંદુ લતામાંથી જ કાઢવા માટે આપણે ન જાણતા હોઇએ એવાં ખાસ બળવાન કારણો પણ હોય. પણ **आकृतिर्गुणान् कथयति** એ ન્યાયે ભાઇશ્રી કાન્તિલાલ જેવી એક વ્યકિત પોતાની સમક્ષ આવીને ઉભી રહે અને તે કાંઇક વિશિષ્ટ વ્યકિત છે એટલું પણ શ્રી પાટીલ કળી ન શકે એટલા બધા બીનઅનુભવી શ્રી. પાટીલ તો નથી જ. અને શ્રી. પાટીલ જેવું વિશિષ્ટ સ્થાન ભોગવનાર વ્યકિત તરફથી વિનય, નમ્રતા તેમ જ સૌજન્યતાની અપેક્ષા કરવાનો સૌ કોઇ પ્રજાજનને હક્ક છે. સામે આવેલા માણસની વાત પોતાને મંજુર ન હોય તો પણ ના કહેવાની રીત રીતમાં પણ ફરક હોય છે. શ્રી. પાટીલ તરફથી દાખવવામાં આવેલી ઉપર જણાવેલી અસૌજન્યતા કેવળ અક્ષમ્ય છે.

સૌરાષ્ટ્ર સરકારની સ્થાપના અને મહારાજા સાહેબનો ઉપકમ

ગયા ફેબ્રુઆરી માસની ૧૫ મી તારીખે જામનગર ખાતે સૌરાષ્ટ્ર સરકારની સ્થાપના કરવામાં આવી છે. આ નવી રચનાના પરિણામે હિંદી યુનીયનના અન્ય પ્રાન્તો માફક કાઠિયાવાડ લગભગ એક પ્રાન્તનું સ્વરૂપ ધારણ કરે છે. હિંદી યુનીયનમાંના કોઇ પણ પ્રાન્તના ગવર્નરના સ્થાને કાઠિયાવાડમાં જુદી જુદી રીતે ચુંટાયલા પાંચ રાજવીઓના બનેલા એક પ્રમુખમંડળ (Presidium) ની નીમણુંક કરવામાં આવી છે. આ પ્રમુખમંડળના પ્રમુખ નામદાર જામસાહેબ છે, જે કાઠિયાવાડના રાજપ્રમુખ તરીકે ઓળખાશે. વળી ભાવનગરના નામદાર નરેશને ઉપરાજપ્રમુખ તરીકે નીમવામાં આવ્યા છે. ધ્રાંગધ્રા, પલીતાણા તથા કોટડાસાંગાણીના રાજવીઓ આ પ્રમુખમંડળના અન્ય ત્રણ સભ્યો છે. જામસાહેબની જાહેરાત મુજબ કાઠિયાવાડને હવે 'સૌરાષ્ટ્ર' તરીકે ઓળખવાનું નકકી કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર સરકારનું પ્રધાનમંડળ છ સભ્યોનું ઉભું કરવામાં આવ્યું છે. મુખ્ય પ્રધાન શ્રી ઢેબરભાઇ; નાયબ વડા પ્રધાન શ્રી બળવન્તરાય મહેતા; અન્ય પ્રધાનો શ્રી નાનાભાઇ ભટ્ટ, શ્રી રસિકલાલ પરીખ, શ્રી જગુભાઇ પરીખ, તથા શ્રી મનુભાઇ મનસુખલાલ છે. આ સૌરાષ્ટ્ર સરકારમાં સૌથી પહેલું વહેલું જોડાનાર ભાવનગર રાજ્ય છે. આ માટે ભાવનગર નરેશને પુનઃ પુનઃ ધન્યવાદ ઘટે છે. ત્યાર બાદ ઉત્તરોત્તર કાઠિયાવાડનાં અન્ય રાજ્યો જોડાઇ રહ્યાં છે. આવતા એપ્રીલની ૫'દરમી તારીખ પહેલાં કાઠિયાવાડના લગભગ સર્વ રાજ્યો આ નવનિર્મિત એકમમાં જોડાઇ ગયાં હશે એમ આશા રાખવામાં આવે છે. જુનાગઢમાં પણ આ બાબતમાં ફરીથી લોકમત લેવાશે અને એ લોકમતનો નિર્ણય સૌરાષ્ટ્રના એકમ સાથેના જોડાણમાં જ આવવાનો છે એ વિષે મતભેદ છે જ નહિ. જાફરાબાદ ઉપરથી જંજીરાના નવાબે પોતાની હકુમત ઉઠાવી લેવાનો નિર્ણય જાહેર કરી દીધો છે. અને આ રીતે જાફરાબાદ ઘણું ખરું આ નવા એકમમા જોડાઇ ગયું છે અથવા તો તુરતમાં જોડાઇ જવાનું છે. બાકી રહેશે પ્રશ્ન દીવ, અમરેલી પ્રાન્ત અને મુંબઇ પ્રાન્તમાં પહેલાંથી જોડાયલાં રાણપુર, બોટાદ જેવાં બે ચાર નાનાં મોટા ટપકાંઓનો. દીવ હાલ પોર્ટુગીઝ સરકારની હકુમત નીચે છે તેથી સંભવ છે કે તેનો નીકાલ કદાચ તુરતમાં નહિ આવે. અમરેલી પ્રાન્ત જે હાલ ગાયકવાડ નીચે છે તે વિષે વાટાઘાટ ચાલી રહી છે. રાણપુર બોટાદ વિષે પણ મુંબઇ સરકાર સાથે મંત્રણા શરૂ થવાની છે. આવી રીતે આખા કાઠિયાવાડમાં કેટલાય કાળથી જામી બેઠેલાં જુદાં જુદાં રજવાડાંનાં જાળાંઓ અને ભિન્ન ભિન્ન રાજ્યસત્તાઓની હકુમતોનો બહુ જ અલ્પ સમયમાં અન્ત આવી રહ્યો છે અને આખા કાઠિયાવાડ ઉપર એક જ તંત્રની એકસરખી હકુમતની સ્થાપના થઇ રહી છે.

આખા કાઠિયાવાડનાં નાના મોટાં રાજ્યો તો જોતજોતામાં વિસર્જિત થઈ રહ્યા છે, પણ એટલાથી જ આ સીમાવિસર્જનની પરંપરાનો છેડો આવવાનો નથી. કલ્પનાતીત એવા એક અને અખંડ કાઠિયાવાડના ઉદ્‌ભવ સાથે ગુજરાતી ભાષાભાષી એવા કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાંથી એક અને અખંડ મહાગુજરાતનું નિર્માણકાર્ય આજે વ્યવહાર રાજકારણના ક્ષેત્રમાં પ્રવેશ પામી ચુક્યું છે. જેમ જુનાગઢ, જામનગર, તેમ જ ભાવનગર જેવાં રાજ્યો વિસર્જિત થઈ રહ્યાં છે તેવી જ રીતે કચ્છ, વડોદરા તેમ જ ગુજરાતના અન્ય દેશી રાજ્યોએ પણ સત્વર વિસર્જિત થયે જ છુટકો છે. આ નવતર ધ્યેયને સત્વર સિદ્ધ થયેલું જોવા કચ્છ, કાઠિયાવાડ તથા ગુજરાતની રાજસ્થાની પ્રજા અત્યન્ત આતુર તેમજ આકુળવ્યાકુળ બની રહી છે; અને હિંદી સંસ્થાનના પ્રાંતોનાં પુનર્વિધાનનો પ્રશ્ન હાથ ધરવામાં આવે અને મુંબઇ પ્રદેશમાંથી મહારાષ્ટ્ર છુટું પડે તે સાથે જ અવશિષ્ટ ગુજરાતમાં ગુજરાતનાં દેશી રાજ્યો, કચ્છ તેમ જ કાઠિયાવાડને જોડી દઇને મહાગુજરાતનો પ્રાન્ત ઉભો કરવાની કલ્પના અત્યન્ત આવેગપૂર્વક સેવાઇ રહી છે. આ જ હેતુથી એપ્રીલના બીજા પખવાડીઆની શરૂઆતમાં મુંબઇમાં વસતા કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતનાં રાજસ્થાનોની પ્રજાનું એક સંમેલન ભરાવાનું છે. આ રીતે જે ઘટનાઓ એક વખત અશકય અથવા દુઃશકય જેવી લાગતી હતી તે જ ઘટનાઓ અનુકુળ કાળબળના વેગ નીચે સુશકય બની રહી છે. જે રાજાઓ અને મહારાજાઓ પોતપોતાની હકુમતોને યાવચ્ચંદ્રદિવાકરૌ ચિરંજીવ માનતા હતા તે રાજાઓ, મહારાજાઓ અને તેમની હકુમતો જોતજોતામાં સ્મરણાવશેષ બની રહેલ છે અને કેવળ આપખુદી નીચે દબાઇ રહેલી, શોષાઇ રહેલી ચુંગળાઇ રહેલી પ્રજા આઝાદીનાં, આબાદીનાં, નવનિર્માણનાં અને સર્વાંગી એકીકરણના ભવ્ય સ્વપ્નાંઓ સેવી રહી છે અને બીનઅનુભવ, બીનઆવડતનાં જોખમો ખેડીને પણ આગળ વધવાની અને કોઇ કાળે કલ્પાયું ન હોતું એવું મહાગુજરાતનું ભવ્ય ભાગ્યનિર્માણ સાધવા આપૂર્ણ તમન્ના સેવી રહ્યા છે. કાઠિયાવાડનો-સૌરાષ્ટ્રનો-સૂર્ય પૂર્વાકાશમાં દેદીપ્યમાન થઇ રહેલ છે. મહાગુજરાતના અરૂણનો પણ ઉદય થઇ ચુક્યો છે.

જય સૌરાષ્ટ્ર! જય કચ્છ!! જય ગુજરાત!!!

સૌરાષ્ટ્રના પ્રધાનમંડળમાં ત્રણ જૈન પ્રધાનો : શ્રી. રસિકલાલ પરીખનો વિશેષ પરિચય

સૌરાષ્ટ્રના નવા પ્રધાનમંડળમાં શ્રી જગુભાઇ પરીખ, શ્રી મનુભાઇ મનસુખલાલ શાહ, તથા શ્રી. રસિકલાલ પરીખ-આ ત્રણ બંધુઓ જૈન છે અને એ બંધુઓ જૈન હોવાના કારણે નહિ પણ આજ સુધીની તેમની એક યા અન્ય પ્રકારની કેવળ બીનકોમી દેશસેવા-ના પરિણામે તેમ જ પ્રત્યેકની વિશિષ્ટ યોગ્યતાના કારણે સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી ઢેબરભાઇએ આ ત્રણ બંધુઓને પોતાના પ્રધાનમંડળમાં સામેલ કર્યા છે. જૈન સમાજમાંથી આવી ઉંચી યોગ્યતાવાળા ત્રણ બંધુઓ મળી આવે એ હકીકત જૈન સમાજને ખરેખર અત્યન્ત ગૌરવ આપે તેવી છે. આ ત્રણ બંધુઓમાંથી શ્રી જગુભાઇ પરીખનો પ્રબુદ્ધ જૈનના તા. ૧-૨-૪૮ ના અંકમાં થોડા સમય પહેલાં જ પરિચય કરાવ્યો છે. શ્રી. મનુભાઇ મનસુખલાલ વઢવાણ બાજુના સ્થાનકવાસી જૈન છે. તેમની ઉમ્મર પુરાં ૩૦ વર્ષની પણ નથી. તેઓ આપણ સર્વને લગભગ અપરિચિત છે. કેટલાંક વર્ષોથી તેઓ દીલ્હીવાળા લાલા શ્રીરામની મીલમાં ઘણું ખરૂં જનરલ મેનેજર તરીકે નોકરી કરતા હતા. ૧૯૪૨ ની લડત આવી ત્યારે તેમણે મીલનો આટલો મહત્વનો અધિકાર એકાએક છોડી દીધો હતો, ભૂગર્ભમાં રહીને ખુબ કામ કર્યું હતું, અને કેટલોક સમય તેઓ દીલ્હીના લાલકીલ્લામાં પરહેજ રહ્યા હતા અને અનેકવિધ યાતનાઓ તેમણે સહન કરી હતી. તેમના ઉપર લાલા શ્રીરામનો પોતાના પુત્રોથી પણ અધિકતમ પ્રેમ હોઇને તેઓ જેવા છુટ્યા કે તરત જ મૂળ સ્થાન ઉપર તેમને લેવામાં આવ્યા હતા અને આ કાર્ય બદલ તેમને રૂા. ૨૫૦૦ નો પગાર મળતો હતો. કાઠિયાવાડનું કહેણ આવ્યું કે તરત જ તેમણે પોતાની આવડી મોટી નોકરી છોડીને કાઠિયાવાડ તરફ ચાલી આવવા તત્પરતા દાખવી. લાલા શ્રીરામે તેમને મહામુસ્કેલીએ મુકત કર્યા અને માસિક રૂા. ૨૫૦૦ નો પગાર કમાનાર શ્રી મનુભાઇએ રૂા. ૫૦૦ જેવું નજીવું વેતન સ્વીકારીને સૌરાષ્ટ્રના ચરણે પોતાની શકિત અને સેવા ધરી દીધી. તેમની યોગ્યતા પ્રમાણે વ્યાપાર અને ઉદ્યોગનાં ખાતાંઓ જ તેમને સુપ્રત કરવામાં આવ્યા છે.

ત્રીજા બંધુ શ્રી રસિકલાલ પરીખ. મુંબઇમાં શ્રી દુર્લભજી ઉમેદચંદના રૂના વ્યાપાર વર્ષો જુના પેઢી ચાલે છે. તેમાંના ભાઇ દુર્લભજીના શ્રી રસિકલાલ નાનાભાઇ થાય. હાલ તેમની ઉમ્મર ૩૮ વર્ષની છે. ૧૯૨૯ માં તેમણે ઇન્ટર કોમર્સની પરીક્ષા આપી અને દેશમાં સવિનયભંગની લડત આવી. તેમણે પોતાનો અભ્યાસ બાજુએ મુકયો અને લડતમાં ઝંપલાવ્યું. ધંધુકા ધોળેરા બાજુના જંગમાં તેમણે આગેવાની લીધી. અને ઉત્તરોત્તર જેલવાસ સ્વીકાર્યો. આ જ રીતે ૧૯૩૩ માં જ્યારે સામુદાયિક સત્યાગ્રહ મુલતવી રાખવામાં આવ્યો અને વ્યકિતગત સત્યાગ્રહની લડત શરૂ કરવામાં આવી ત્યારે પણ તેઓ જેલ જવાનું ન ચુકયા. પછી તો લડત સર્વથા બંધ પડી. તેમણે અધુરો મુકેલ અભ્યાસ શરૂ કર્યો અને ૧૯૩૪ તેઓ બી. કોમ. થયા. ૧૯૩૫ માં વિશેષ અભ્યાસ માટે તેઓ લંડન ગયા અને ત્યાં બે વર્ષ રહ્યા અને ૧૯૩૭ માં લંડન સ્કુલ ઓફ ઇકોનોમીકસના બી. કોમ. થયા. ત્યાર બાદ તેઓ દેશમાં પાછા આવ્યા અને શ્રી સારદાબહેન સાથે તેમણે લગ્ન કર્યું. તેઓ ઇંગ્લાંડમાં હતા તે દરમિયાન તેમણે બેરીસ્ટરના ટર્મ્સ રાખવા શરૂ કર્યા હતા અને તે પુરૂં કરવા માટે તેમને પાછું ઇંગ્લાંડ જવાનું હતું. પણ ૧૯૩૭ માં રાજકોટ ખાતે કાઠિયાવાડ રાજકીય પરિષદનું સરદાર વલ્લભભાઇ પટેલના પ્રમુખપણા નીચે અધિવેશન ભરાયું તે વખતે તેઓ કાઠિયાવાડ રાજકીય પરિષદની કાર્યવાહક સમિતિમાં ચુંટાયા અને કાઠિયાવાડના રાજકારણમાં તેઓ સીધી રીતે ગુંથાયા અને પરિણામે ઇંગ્લાંડ જવાનો અને બેરીસ્ટરનું પુરૂં કરવાનો વિચાર તેમણે હંમેશાને માટે માંડી વાળ્યો. એક મહીનો તેઓ મુંબઇમાં રહ્યા અને અન્ય રાજકારણી કાર્ય સાથે પોતાની પેઢીનું કામ જોવા લાગ્યા. પણ કાઠિયાવાડનું ઉગ્ર બનતું જતું રાજકારણ તથા રાજકોટમાં જાગી રહેલા આગામી લડતના ભણકારા તેમને મુંબઇ ચોંટીને બેસી રહેવા દે તેમ હતું જ નહિ. ૧૯૩૮ ના જુલાઇ ઓગસ્ટમાં રાજકોટ રાજસ્થાની લડતનું એક મોટું કેન્દ્રસ્થાન બની ગયું. સામાન્યતઃ અપ્રગટ રહીને તેમણે આખી લડતનું અપ્રતિમ કુશળતાપૂર્વક સંચાલન કર્યું. ૧૯૩૭ માં તેઓ જ્યારથી કાઠિયાવાડ રાજકીય પરિષદની કાર્યવાહક સમિતિમાં આવ્યા ત્યારથી સરદાર વલ્લભભાઇ પટેલ સાથેના તેમના પરિચયની શરૂઆત થયેલી, પણ રાજકોટની લડતના કારણે તેઓ સરદારશ્રીના વિશેષ નિકટ પરિચયમાં આવ્યા. ત્યારથી તે આજ સુધી તેઓ સરદારશ્રીના પરમ વિશ્વાસ પાત્ર બની રહ્યા છે. રાજકોટની લડત વધારે ને વધારે ઉગ્રતા ધારણ કરતી જતી હતી તેવામાં લીંબડીમાં રાજકારણી લડતનું આંદોલન શરૂ થયું અને શ્રી. રસિકભાઇ લીંબડીના તો વતની એટલું જ નહિ પણ લીંબડી સાથે, લીંબડી રાજ્ય સાથે તેમનો વંશપરંપરાનો ગાઢ સંબંધ, એટલે લીંબડીની લડતનું સર્વ સંચાલન તેમના ભાગે જ આવી પડયું અને રાજ્યસત્તાની અમાનુષી દમનનીતિ સામે વિરોધ દાખવતી હીજરતની આગેવાની પણ તેમણે અખત્યાર કરી. તે હીજરતનો અમલ થતાં તેમણે લીંબડી

છોડયું અને જોરાવરનગરના તેઓ રહેવાસી બન્યા. પછી તો આવી ૧૯૪૨ ના ઓગસ્ટની નવમી તારીખે શરૂ થયેલી 'ક્વીટ ઇન્ડીઆ' ની અખિલ હિંદવ્યાપી લડત. અને આ લડતના પ્રારંભમાં જ કાઠિયાવાડ ખાતે સૌથી પહેલી ધરપકડ તેમની કરવામાં આવી. તેમને રાજકોટની જેલમાં અલાયદા રાખવામાં આવ્યા અને બે ત્રણ દિવસમાં શ્રી. ઢેબરભાઇ, શ્રી. નાનાભાઇ ભટ્ટ અને શ્રી. બળવન્તરાય મહેતા તેમના જેલસાથી થયા. બે અઢી વર્ષ લગભગ તેમણે આ જેલવાસ ભોગવ્યો. ૧૯૪૫ માં તેઓ કાઠિયાવાડ રાજકીય પરિષદના મંત્રી થયા અને જોરાવરનગરમાં તેમનું મકાન ત્યારથી તે લગભગ આજ સુધી કાઠિયાવાડ રાજકીય પરિષદનું કર્યાલય બની ગયું. કાઠિયાવાડનું સર્વ સંચાલન પણ મોટા ભાગે શ્રી. ઢેબરભાઇ અને તેમની દ્વારા જ થતું રહ્યું છે. કેટલાંય વર્ષોથી કાઠિયાવાડ રાજકીય પરિષદના મુખ્ય સૂત્રધાર તો સરદાર વલ્લભભાઇ પટેલ જ છે અને તેમની દોરવણી મુજબ જ આજ સુધીનાં સર્વ અગત્યનાં પગલાં લેવાયાં છે. આમ છતાં પણ કાઠિયાવાડના દિન-પ્રતિદિનના રાજકારણનો ભાર મોટા ભાગે શ્રી. ઢેબરભાઇએ અને શ્રી. રસિકભાઇએ વહ્યો છે અને દરબાર ગોપાળદાસ તેમ જ શ્રી. બળવન્તરાય તેમના અત્યન્ત નિકટવર્તી સહકાર્યકર્તાઓ બની રહ્યા છે. ભાઇશ્રી રસિકભાઇ જોરાવરનગરમાં રહેતા હતા તે દરમિયાન વઢવાણ રાજ્યના ખાસ આગ્રહવા વઢવાણ શહેર સિવાયનાં બીજા ગામડાંઓના રેશનની આખી વ્યવસ્થાની જવાબદારી શ્રી. રસિકભાઇએ ઉપાડી લીધી હતી. અને તે કાર્યદ્વારા તેમણે ત્યાંના લોકોને ખુબ રાહત અને સગવડ આપી હતી. આ રીતે કાઠિયાવાડની જનતાની સેવા કરતાં કરતાં, પ્રજાજનોની અનેકવિધ સમસ્યાઓ ઉકેલતા ઉકેલતા, કૌટુંબિક જવાબદારીના કારણે તેમને પાછું મુંબઇ યાદ આવી રહ્યું હતું. અને આ બધું કાર્ય છોડી વ્યાપારમાં પાછા દાખલ થવાનો તેઓ કંઇક કંઇક વિચાર કરી રહ્યા હતા. પણ એવામાં ધ્રાંગધ્રામાં કાઠિયાવાડ રાજકીય પરિષદનું અધિવેશન ભરવાનું નક્કી થયું. એટલે એ અધિવેશન ભરાતાં સુધી પોતાની ચાલુ જીવનપ્રવૃત્તિ સંબંધે અન્યથા વિચાર કરવાનું તેમણે મુલતવી રાખ્યું. એ અધિવેશન ૧૯૪૬ ના ફેબ્રુઆરી માસમાં ભરાવાનું હતું એ લંબાઇને આખરે નવેંબર માસમાં ભરાયું. અને એ અધિવેશન તેમણે અથાગ પરિશ્રમ લઇને પાર પડયું. આ દરમિયાન આખા હિંદુસ્થાનની રાજકારણી પરિસ્થિતિ એકાએક પલટી ચુકી હતી. કેબીનેટ મીશન આવી ચુકયું હતું. બ્રીટીશ હિંદમાં કામચલાઉ નહેરૂસરકારની સ્થાપના થઇ ચુકી હતી, હિંદમાં સ્થળે સ્થળે કોમી હુતાશ સળગી રહ્યો હતો. દેશી રાજ્યો અને પ્રજાનાં ભાવી તોળાઇ રહ્યાં હતાં. કાઠિયાવાડમાં પણ પાકીસ્તાનનું ઝેર પસરી ચુકયું હતું. આવી અસાધારણ પરિસ્થિતિ વચ્ચે તો જે કોઇ જના ઉજ્જુ હોય તેણે ત્યાં જ ઉભા રહીને પોતપોતાનો કર્તવ્યધર્મ બજાવવાનો હતો. આમ હોવાથી સર્વશ્રીકભાઇએ પણ રાજકારણી ક્ષેત્રથી છુટા થવાના વિચારને તુરત જ તિલાંજલિ આપી દીધી. તેમના માથે કાઠિયાવાડના રાજકારણનો બોજો વધતો જતો હતો અને દિનપ્રતિદિન અવનવી સમસ્યાઓ ઉભી થયે જતી હતી. આ દિવસોમાં આ મહીનાઓમાં તેમણે, ઢેબરભાઇએ, દરબાર ગોપાળદાસે, બળવન્તરાયે જે સેવા બજાવી છે, જે પરિશ્રમ સેવ્યો છે, અને જે જાગરૂકતા દાખવી છે તે માટે કાઠિયાવાડ જેટલી કૃતજ્ઞતા દાખવ તેટલી ઓછી છે. ૧૯૪૮ ના ઓગસ્ટ માસની ૧૫ મી તારીખે હિંદ આઝાદ બન્યું અને જુનાગઢના નવાબે પાકીસ્તાન સાથે પોતાનું જોડાણ જાહેર કર્યું. આ અણકલ્પી અસાધારણ વિષમ પરિસ્થિતિનો સામનો કરવાની મુખ્ય જવાબદારી તેમના માથે આવી અથવા તો સરદાર વલ્લભભાઇએ તેમનાં માથે નાંખી. શ્રી. સામળદાસ ગાંધીની સરદારી નીચે જુનાગઢની આરઝી હકુમત ઉભી થઇ, અને ત્યાર બાદ ચાલેલા યુદ્ધના સમગ્ર વ્યુહની રચના તેમજ સંચાલનમાં શ્રી. રસિકભાઇએ અત્યન્ત અગત્યનો ભાગ ભજવ્યો. જુનાગઢ જીતાયું, ૧૯૪૬ ના નવેંબરમાં મળેલી ધ્રાંગધ્રા પરિષદે કાઠિયાવાડના એકમનો ઠરાવ કરેલો તે ઠરાવની પરિપૂર્તિની તે ઘડિથી શરૂઆત થઇ. ભાવનગરના નરેશે આત્મવિસર્જનની તત્પરતા દાખવીને આ એકમની સાધનાને સુગમ બનાવી દીધી. અને જ્યમસાહેબ આ બાજુએ ઢળી પડતાં આ એકમ હાથવેંતમાં આવી પડયું. આ બધી હીલચાલ, વાટાઘાટો, મંત્રણાઓ—આ સર્વના ભાઇ રસિકલાલ કેવળ સાક્ષીમાત્ર છે એટલું જ નથી, પણ તે સર્વમાં તેમણે દરેક કક્ષાએ અતિ મહત્વનો ભાગ ભજવ્યો છે. ભાઇ રસીકલાલમાં એક રાજકારણી નેતાના સર્વ વિશિષ્ટ ગુણો એકત્રિત થયા છે. તેમનામાં ઉચ્ચકક્ષની નેતાગીરી છે, શુરવીરને શોભે તેવું સાહસ છે, પણ એથી વધારે મહત્વનું એક કાર્યદક્ષ માનવીમાં હોય તેવું ડહાપણ અને શાણપણ છે. તેમના વર્તનમાં મીઠું સૌજન્ય છે, અને તેમની વાણીમાં આવશ્યક સંયમ છે. કાઠિયાવાડના રાજકારણનું હૃદય શ્રી ઢેબરભાઇ હોય તો શ્રી રસિકભાઇ કાઠિયાવાડના રાજકારણનુ બુદ્ધિ-કૌશલ્ય છે. તેમના અંગત જીવનમાં સાદાઇ તેમજ ખડતલપણું ભરેલાં છે. તેમના વિચારમાં નથી કોઇ કોમીભાવ કે નથી કોઇ સાંપ્રદાયિક વિભાવ. ઉદાત્ત તેમનો સ્વભાવ છે, પ્રસન્ન તેમની વાણી છે, સુરૂપ તેમની આકૃતિ છે, અને અત્યન્ત મીલનસાર તેમનો સ્વભાવ છે. કાઠિયાવાડના તેઓ સાચા સેવક છે. તેમની જેવા આગેવાન કાર્યકર્તાઓથી કાઠિયાવાડ અત્યંત ઉજળું છે, અને પ્રગતિના પંથે આજે વિરાટ પગલાંઓ માંડી રહેલ છે. તેમની જેવા એકાન્ત સેવાનિષ્ઠ કાર્યકર્તાનો નીકટ પરિચય હોવો એ જીવનની ધન્યતા અનુભવવા બરોબર છે. આજે એક અને અખંડ બની રહેલા સૌરાષ્ટ્રના નવનિર્માણનો જ્યારે ઇતિહાસ લખાશે ત્યારે રસિકભાઇનું નામ અને કામ તેમાં અગ્રસ્થાને નોંધાશે. કાઠિયાવાડને એકત્ર થયેલું જોવાની અને રજવાડાંઓના જટિલ જળાંઓથી મુકત બનેલું નિહાળવાની તેમની ચિરસેવિત મનોકામના આજે મૂર્તસ્વરૂપ પામી રહી છે. તેમના જીવનની પણ આ ધન્ય ઘડિ છે. આ પ્રસંગે આપણા તેમને અન્તરના અભિનન્દન અને ધન્યવાદ છે. અને કાઠિયાવાડના તંત્રને સુવ્યવસ્થિત, સુમર્થિત અને કોઇ પણ પ્રકારના ભય, ખટપટ કે કાવાદાવા સામે સુરક્ષિત બનાવવાનો આજે ચાલી રહેલો તેમનો અને તેમના સાથીઓનો ભગીરથ પ્રયત્ન સત્વર સર્વાંશે સફળ થાય એવી આપણા અન્તરની પ્રાર્થના છે! **પરમાનંદ**

પશુધર્મ

માલિકે ઘોડાને સારો રાખ્યો હતો. સૌથી મોટી વાત એ કે ઘોડાની સેવા કરવા માટે માલિકને સરસમાં સરસ મોતદ્દાર મળ્યો હતો: સરસ ખરેરો થાય, ઘોડાની પગા હંમેશાં સ્વચ્છ રહે, ખાવાનું પૂરતું અને વખતસર મળે. એમાંય ચણા સરસ, તાજા અને પુષ્ટ. ઘોડાને પીવાને પાણી મળતું તે પણ તાજું, ઠંડું અને સ્વચ્છ વાસણમાં આણેલું. ઘોડો ખુશ ખુશ રહેતો અને 'ફુરર્ ફુરર્'નો અવાજ કરી પોતાનો સંતોષ વ્યક્ત કરતો. મોતદ્દાર ઘોડા આગળ પાણી મૂકી, મોઢેથી સીટી વગાડતો જાય અને ઘોડો પૂછડી હલાવી પગવતી જમીન ખેદી વચમાં વચમાં ડોક ઊંચી કરી માથું એક બાજુ પર ફેંકી દેતો હોય એવો નખરો કરી મોતદ્દાર આગળ પોતાનો સંતોષ જાહેર કરતો જાય.

મોતદ્દારને બધા પાગા કહેતા હતા. પાગાને ત્યાં કુટુંબ-વિસ્તાર મોટો હતો, એટલે આખો દિવસ કામ કરતાં છતાં એ પેટ ભરીને ખાઇ શકતો ન હતો. માલિકના ધ્યાનમાં એ વાત કયાંથી જ આવે? એને તો પોતાના ઘોડાની જ પડી હતી. નોકરને પૂરતો પગાર આપું છું, અને વખતસર આપું છું, એથી વધારે એના તરફ શું જોવાનું હોય, એમ જ એ માનતો હશે.

માલિક રોજ પોતે બશેર ચણા તોબરામાં રેડી પોતાને હાથે ઘોડાના મોઢામાં તોબરો ચઢાવતો. ઘોડો સાધારણ રીતે દોઢેક શેર ચણા ખાઇ બાકીના ચણા રહેવા દેતો. માલિક પાગાને કહે 'હવે આ

ઘોડો ખાતો નથી. લઇ જા બાકીના ચણા તું જ,' પાગ્યા બચેલા ચણા ઘેર લઇ જઇ, ઘોઇ રાંધી પોતે પણ ખાતો અને પોતાનાં બાળબચ્ચાંને પણ આપતો. ગરીબ માટે ચણા એ જ સૌથી પૌષ્ટિક ખોરાક છે. ઘોડો રોજ ચણા રાખવા લાગ્યો. માલિકને થયું કે જ્યારે ઘોડો બશેર ખાતો જ નથી ત્યારે એટલા ચણા શા માટે રાખીએ? એણે દોઢ શેર ચણા આપવા માંડ્યા.

ઘોડાએ એક જ શેર ખાવાનું દુરસ્ત ધાર્યું. કેમે કરીને વધારે દાણા એ ખાય જ નહિ. થોડા દિવસ પછી માલિકે ચણાનો રતીજ એક શેરનો કર્યો. ઘોડાએ એમાંથી પણ બચાવવાનું શરૂ કર્યું. દહાડે દહાડે ઘોડો નબળો પડતો ગયો. જાનવરોના વૈદ્યને બોલાવવામાં આવ્યો. 'જુઓ તો ખરા, આ મારા ઘોડાને શું થયું છે? એનો ખોરાક ઘટતો જ જાય છે અને એ નબળો પડતો જાય છે.' વૈદ્યે તપાસ કરી. ઘોડાની લાદ જોઇ, એની લાળ તપાસી, આંખો જોઇ. પૂછડી નીચે થરમૉમિટર દબાવી, તાવ છે કે શું એ શોધ્યું.—ક્યાંય રોગની નિશાની નથી. પણ ઘોડો તો પૂરતા ચણા ખાતો જ નથી.

માલિકને રાત્રે સ્વપ્નું આવ્યું. ઘોડો એમની આગળ આવી મનુષ્યવાણીથી બોલવા લાગ્યો. 'મારી આંખો શું તપાસો છો? જરા પોતાની જ આંખો તપાસાવો ને.'

'એટલે? મારી આંખો શું થયું છે?'

'આંખોને કશું ન થયું હોય, પણ એમને આસપાસ જોવાની ટેવ નથી. જેમ હું તમારો આશ્રિત છું તેમ પાગ્યા પણ તમારો આશ્રિત છે. એ પેટ ભરીને ખાય છે કે નહિ એ તમે જુઓ છો?'

'કેમ? હું એને પૂરતો પગાર આપું છું અને તે પણ વખતસર આપું છું. એથી વધારે શું જોવાપણું હોય?'

'ત્યારે હું પણ પેટ ભરીને ખાઉં છું. તમે શા માટે હું નબળો પડયો એની ચિંતા કરો છો? તમે માલિક છો, તમે એને પગાર આપો છો. વસ્તારવાળા પાગ્યાને એ પૂરતો નથી પડતો એટલે હું પણ, મારી વતી, એને પગાર આપું છું.'

પણ ચણા તો તારે માટે રાખેલા હોય છે. એ તું પેટ ભરીને ન ખાય તો કેમ ચાલે?'

'ચાલે કે ન ચાલે એ હું નથી જાણતો. પણ મારા ખોરાકમાંથી અમુક ભાગ એને ન આપું ત્યાં સુધી મારાથી ખવાય જ કેમ? પાગ્યા ભૂખે રહે અને હું પેટ ભરીને ખાઉં એ બને જ કેમ?'

'ત્યારે મારી લાગણી કરતાં તને પાગ્યાની લાગણી વધારે છે એમ?'

"એમાં અજુગતું શું છે? તમે માલિક છો, એ નોકર છે અને હું તમારો આશ્રિત છું એ બધો ભેદ તમ માણસોની દૃષ્ટિએ બરાબર છે. પણ એ તો કૃત્રિમ દૃષ્ટિ થઇ. અમે જાનવરો શુદ્ધ દૃષ્ટિથી જોનારાં છીએ. તમે મને જરાક પંપાળી, મારી પીઠ ઉપર બેસો છો. અને પછી મારો દમ નીકળી જાય ત્યાં સુધી મને દોડાવો છો. જ્યારે પાગ્યા–પાગોથ્યા–દિવસરાત મારી સેવા કરે છે, ટાઢ વધારે હોય તો મધરાતે ઊઠીને મારી પાગાની બહાર ઘાસ બાળીને મને ગરમી પહોંચાડે છે. આટલી ટાઢમાં કયાં બહાર જઓ છો કરીને એની સ્ત્રી એને વઢે છે ત્યારે એ કહે છે– 'મૂંગું જાનવર કાંઇ તકરાર કરવા આવે છે? આપણે જ એનું સુખદુઃખ સમજવું જોઇએ. હું એની કાળજી ન કરું તો કોણ કરે? ભગવાન તો છે ને! મારે મૂંગા જાનવરનો શાપ નથી લેવો.' એમ કહી કકડતી ટાઢમાં, મધરાતે બહાર નીકળી, પાગ્યા મારી પડખે ઊભો રહે છે. અમે જાનવરો છીએ. અમે થોડા જ માણસની પેઠે નગુણા થઇ શકીએ છીએ?'

આ છેલ્લો ચાબખો માલિકને એટલો તો સરસ વાગ્યો કે એની ઊંઘ તૂટી ગઇ, સ્વપ્નું ઓગળી ગયું અને એ વિચાર કરવા લાગ્યો.

બીજા દિવસથી માલિકે પાગ્યાને એના પગાર ઉપરાંત રોજ એક શેર ચણા આપવાનું નક્કી કર્યું અને તે દિવસથી ઘોડો તોબરાનાંના બશેર ચણા સાફ કરવા લાગ્યો.

['સંસ્કૃતિ'માંથી સાભાર ઉધૃત] કાકા કાલેલકર

(પૃષ્ઠ ૨૩૨ થી ચાલુ)

એ મેળવેલી પરિસ્થિતિને અપનાવશું એમ કહેવું એમાં પુરૂષાર્થની ન્યૂનતા છે.

તો પછી હવે આપણે શું કરવું? ભ. મહાવીરના અનુયાયી કહેવડાવવામાં આપણે ગૌરવ લઇએ છીએ, અને સાચા અર્થમાં આપણે અહિંસાવાદી છીએ તો સામ્યવાદના તત્ત્વને અપનાવી લેવું એ આપણું પ્રથમ કર્તવ્ય બને છે. જો તે આપણાથી બને તેમ નથી, તેનો વિરોધ કરીએ છીએ અને તે પણ ધર્મ અને નીતિનું કારણ બતાવીને તો પછી આપણે સમજી લઇએ કે આપણું જૈનત્વ, અને અહિંસાવ્રત એ સર્વ દંભ છે, સ્વાર્થ છે અને ભ. મહાવીરના નામ પછવાડે સ્વાર્થ છુપાવવાનો કેવળ પ્રયત્ન છે.

માત્ર આ વાદની બાબતમાં જ નહિ, દેશના પ્રત્યેક આંદોલનોમાં અને પ્રશ્નોમાં આપણે પુરોગામી રહેવું જોઇએ, હરિજન મંદિર પ્રવેશ હોય કે હિન્દુ મુસલમાનનો પ્રશ્ન હોય, જેમાં આપણો આચાર તત્ત્વજ્ઞાનથી વિભિન્ન ન હોય, એવા સઘળા કાર્યક્ષેત્રોમાં આપણે સગરસ થવું જોઇએ. આચાર અને વિચાર એક ન રહી શકે, એ હું માનું છું. આમ છતાં પણ આટલો તો મારો આગ્રહ છે કે આચાર અને વિચારમાં ભલે અન્તર રહે, પરંતુ વિરોધ ન રહે. હરિજનોના મંદિરપ્રવેશની બાબતમાં જૈન સમાજની એવી ધારણા છે કે જૈનોના મંદિરમાં હરિજનોનો પ્રવેશ યુક્તિયુક્ત નથી. હરિજન જૈન બનીને આવે તો તે લોકોને કાંઇ વાંધો નથી. આ પણ ના કહેવાની એક જુદી જ રીત છે. મંદિર જેવા પવિત્ર સ્થળમાં, પુણ્યક્ષેત્રમાં મનુષ્યમનુષ્ય ને જાતિવાર વિભકત કરવા એ કઇ જાતની અહિંસા છે? આપણે આપણી સર્વ સંસ્થાઓ સમગ્ર સમાજ માટે ખુલ્લી મૂકી દેવી જોઇએ. સૌનો સત્કાર અને હૃદયથી સન્માન કરવાની વિશાળતા આપણામાં હોવી જોઇએ. જે વિરોધ છે તે તત્ત્વ ભેદથી નથી, પરંતુ ઉચ્ચનીચની કલ્પનાથી છે.

અહિંસા આક્ષેપકો તરફથી એક દલીલ એવી કરવામાં આવે છે કે આપણે આપણું જીવન બીજા જેવું બનાવીએ તો આપણા સમાજનું વિશેષ વૈશિષ્ટય શું રહે? આપણા સાધુઓને ગૃહસ્થ બનાવવા પ્રયત્ન થઇ રહ્યો છે, આપણાં મંદિરમાં અજૈનને પણ જોડવામાં આવે છે, આપણાં કર્મકાંડને મિથ્યા સમજવામાં આવે છે. હવે કહો કે 'અમે જૈન છીએ' એમ કહેવડાવવા માટે આપણી પાસે આપણું પોતાનું કહેવાય એવું શું રહ્યું? આપણે રાષ્ટ્રજીવનમાં અલ્પ છીએ, લઘુમતી છીએ, તો પણ આપણે આપણા માટે સ્વતંત્ર વ્યવસ્થા માગવામાં સ્વતંત્ર નથી. જો એવો પ્રયત્ન કરવામાં આવે તો કોમીભાવના આરોપ મૂકાય છે. આમ રહેવાથી આપણો સમાજ "જૈન" કેવી રીતે રહેશે?

આ પ્રશ્ન હૃદયથી પૂછવામાં આવે છે તો તેનો ઉત્તર એ છે કે આજ આપણને જે વાતો "જૈનત્વ"ની વિશેષતા બતાવવાવાળી લાગે છે તે પોતે જ ઘાતક છે. ખરું "જૈનત્વ" તો નિત્યજીવનમાં અહિંસા ધર્મનું પાલન કરવું એમાં છે. આપણે આપણી બાહ્ય સંસ્થાઓ ભલે વ્યવસ્થિત રાખીએ અને હજાર વાર આપણે પોતાની જાતને જૈન કહેવડાવીએ, તો પણ જ્યાં સુધી જીવનમાં એ તત્ત્વ લાવીએ નહિ ત્યાં સુધી આપણે જૈન નથી. કયારે એવો સમય આવશે કે જ્યારે આપણા સમાજમાં મહાત્મા ગાંધી જેવા મહાન શાન્તિદૂત દુનિયાના દુઃખે દુઃખી થઇને પોતાની જાને સેવામાં અર્પણ કરી દેશે, એક મહાન 'લેનિન' જૈન સમાજનાં જૈન તત્ત્વોમાંથી પ્રેરણા લઇને સામ્યવાદની સ્થાપના 'અહિંસા'થી કરશે, એક મહાન 'લિંકન' જૈન સમાજમાંથી ઉદ્ભવશે અને ગુલામીના વર્ણભેદનો નાશ કરશે, એક મહાન 'રવીન્દ્ર' જૈન તત્વોને હૃદયમાં ભરીને મહાન અમૃતધારા વહેવડાવશે, એક મહાન 'હેમચન્દ્ર' કે જે ફરીથી ઉચ્ચારશે:–

"जैनेन्द्र धर्मचक्रं प्रभवतु सततं सर्वसौख्यप्रदायी।

મૂળ હિંદી: **પદ્મનાભ જૈન**

(સમાપ્ત) અનુવાદક : **વેણીબહેન કાપડીઆ.**

મંગળમૂર્તિનો સ્વૈરવિહાર

ઉપોદ્‌ઘાત

નીચે આપેલ પ્રવાસકથા સોળમી શતાબ્દિના અન્તભાગમાં વિદ્યમાન 'ટ્યુલંગ' નામના એક ચીની લેખકની પ્રસાદી છે. તેની અંદર એક સંસ્કારમૂર્તિના પ્રવાસનું ભારે સુન્દર આલેખન છે, અને સત્યનિષ્ઠા, સ્વાતંત્ર્યઉપાસના અને સ્વૈરવિહાર એ જેનાં મુખ્ય આંગો છે એવા બેપરવા અને મોજીલા જીવનઆદર્શનું તેમાં સુરેખ પ્રતિપાદન છે. મુસાફરી એટલે નક્કી કરેલા ક્રમ મુજબ ચોક્કસ સ્થળે એ, ચોક્કસ મુદ્દતમાં, પૂરી સગવડ, સામગ્રી અને સ્થળસ્થળનાં ઓળખાણપત્રો સાથે મુસાફરી કરવી એમ નહિ, પણ જેના વિના ચાલે જ નહિ એવી બે પાંચ ચીજો લઈને, કશા પણ નિયત કાર્યક્રમ સિવાય, અજાણ્યાં સ્થળોમાં અને ભિક્ષાન્નથી ઉદરનિર્વાહ કરતાં કરતાં ફાવે ત્યાં સુધી ભટકવું અને મન ધરાય ત્યારે ઘેર પાછા ફરવું એવી એક પ્રકારની સામયિક પ્રવ્રજ્યા—આવો ચીની લોકોનો ખ્યાલ છે અને એ ખ્યાલને પ્રસ્તુત પ્રવાસકથામાં આબેહુબ ઉતારવામાં આવ્યો છે. મૂલ ચીની ભાષામાં લખાયેલી આ કથાનો જાણીતા ચીની લેખક લીન યુટાંગે પોતાના 'Importance of Living' માં અંગ્રેજી અનુવાદ કર્યો છે અને તેનો ગુજરાતી અનુવાદ જરૂરી ફેરફારો સાથે નીચે આપવામાં આપ્યો છે.

આ પ્રવાસવર્ણન વાંચવું શરૂ કરતાં પહેલાં પ્રસ્તુત વર્ણનમાં જ્યાં ત્યાં ટેઓવાદનો ઉલ્લેખ આવે છે. એ ટેઓવાદ શું તે સમજી લેવું જરૂરી છે. ચીનમાં મુખ્યત્વે કરીને ત્રણ પ્રકારના ધાર્મિક સંપ્રદાયના પ્રવાહો ચાલે છેઃ (૧) કોન્ફ્યુશિયસે પ્રવર્તાવેલો સંપ્રદાય, (૨) ભગવાન બુદ્ધે પ્રવર્તાવેલો સંપ્રદાય, અને (૩) લાઓત્ઝેએ પ્રવર્તાવેલો ટેઓ સંપ્રદાય. કોન્ફ્યુસિયસે પ્રરૂપેલાં ધર્મશાસ્ત્રો ચીની પ્રજાના સમસ્ત ધાર્મિક તેમજ સામાજિક જીવનનો મૂળ પાયો છે. કાળ બદલાતો ગયો, પણ ધર્મના નિયમો એના એ જ રહ્યા. પરિણામે પ્રજાજીવન કંઈ કાળથી ચાલી આવતી અને કશા પણ ફેરફારને સંમત ન કરતી ધર્મશાસ્ત્રોની બિલ્લેબંધી નીચે રૂંધાવા અને ગૂંગળાવા લાગ્યું, અને લોકમાનસે બળવો કર્યો. આ બળવાખોર લોકમાનસમાંથી જે નવો જીવનપ્રવાહ શરૂ થયો તેનું નામ ટેઓવાદ. આ ટેઓવાદનાં ત્રણ મુખ્ય લક્ષણો છેઃ (૧) કોન્ફ્યુશિયસના ધર્મે પ્રજા ઉપર લાદેલા અનેક યમનિયમોના અને કડક આચારવ્યવહારના ચોગઠામાં જકડાયેલા માનવીજીવનને ટેઓવાદ મુક્ત કરે છે, અને કુદરતી અને સ્વાભાવિક જીવન તરફ માનવસમાજને લઈ જાય છે. (૨) ટેઓવાદ લોકસાહિત્ય, લલિત કળાઓ અને આમજીવન ઉપર ખૂબ ભાર મૂકે છે અને સાદાઈથી ભરેલા, ઉપાધિ વિનાના નિર્દોષ ગામડાના જીવન તરફ લોકોને આકર્ષે છે; (૩) ટેઓવાદમાં મનસ્વિતા, કલ્પના, તરંગ, ઉડ્ડયનને ખૂબ અવકાશ છે, અને તેની વિશ્વકલ્પનામાં પરીઓ, ફિરસ્તાઓ, અને ઉડતા દેવદૂતો પણ વસે છે—આ બધામાં એકાન્ત, શાન્ત, નિરૂપાધિમય તેમ જ નિરૂપદ્રવી જીવન જીવતાં શિખવું અને એ જ પ્રકારનું પરમ શાન્તિમય પારલૌકિક જીવનપદ સિદ્ધ કરવું એ ટેઓવાદનો આદર્શ છે.

આ ટેઓવાદ સંબંધમાં તા. ૨૮-૫-૪૭ ના હરિજનબંધુમાં ધ્યાન ખેંચે તેવો એક ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ચીનના હિંદ ખાતેના એલચી ડો. લોચીઆ લુઓન હિંદ આવ્યા કે તરતમાં જ તેઓ ગાંધીજીને મળવા ગયેલા અને એ વિદ્વાન એલચીએ ગાંધીજીને ચીના પ્રજાની ગાંધીજી પ્રત્યેના ઉંડા આદરની અને પ્રેમની લાગણીની વાત કહેલી. ગાંધીજીએ આના જવાબમાં તેમને કહેલું કે "ચીની પ્રજાના પ્રેમની મારા દિલમાં મોટી કીંમત છે. તમારા ચીન અને અમારા હિંદ વચ્ચે કેટલું બધું સામ્ય છે!" એટલે ચીનના એલચીએ પ્રીલ્યુડ્રી ની વાત કાઢી અને ચીનના નામાંકિત તત્ત્વવેત્તા લાઓત્ઝેનો સિદ્ધાન્ત કહી સંભળાવ્યોઃ "ભાવીકાની તૃષ્ણા ન રાખવાં નવું પેદા કરો, અહંકાર રાખ્યા વિના કર્મ કરો, અને સ્વામી થવાની ભાવના રાખ્યા વિના નવું નવું નિર્માણ કરો." આ સાંભળી ગાંધીજીનું મુખ આનંદથી હસી ઉઠ્યું અને તેમણે કહ્યું કે "તમે તો અમારા ઉપનિષદોની ભાષા બોલો છો. તમે કહ્યો તેવો જ વિચાર ઇશોપનિષદમાં દર્શાવેલો છે."

આ પ્રવાસકથા જે મૂળ અંગ્રેજી લખાણનો અનુવાદ છે તે વાંચતા કલ્પનાઉડ્ડયનનો અદ્‌ભુત રોમાંચ મેં અનુભવેલો અને તેથી જ પ્રબુદ્ધ જૈન માટે એ પ્રવાસવર્ણનનો અનુવાદ કરવા આજથી પાંચેક વર્ષ પહેલાં હું પ્રવૃત્ત થયેલો. એ અનુવાદ પુરો તો કર્યો પણ તે વખતે ચાલતા યુદ્ધના પરિણામે વધતી જતી કાગળની તંગીને લીધે છાપાના કદ ઉપર પ્રતિબંધ મુકાતાં ચાર કે છ પાનાથી વધારે મોટું પ્રબુદ્ધ જૈન છાપી શકાય એમ નહોતું રહ્યું. આમ હોવાથી પ્રબુદ્ધ જૈનમાં આટલો લાંબો અનુવાદ પ્રગટ કરવાનું અશક્ય બન્યું હતું. એ અરસામાં મૂળ લેખમાં આવતી થોડીક અંગ્રેજી કડીઓનો અનુવાદ કરી આપવા મેં મારા મિત્ર શ્રી ઉમાશંકર જોષીને વિનંતિ કરી. આ કારણે આ આખો અનુવાદ તેમના જોવામાં આવ્યો અને તેમને બહુ ગમ્યો, અંગ્રેજી કડીઓનો તેમણે અનુવાદ કરી લીધો અને તે વખતે તેમના તંત્રીપણા નીચે પ્રગટ થતા 'બુદ્ધિપ્રકાશ'ના ૧૯૪૫ ના ઓક્ટોબર-ડીસેંબરના અને ૧૯૪૬ ના એપ્રીલ-જુનના અંકોમાં બે હપ્તે આ આખો અનુવાદ તેમણે પ્રગટ કર્યો. આ અનુવાદ આજે હું ફરીથી વાંચુ છું તો એ જ કલ્પનાઉડ્ડયનનો આનંદરોમાંચક હું અનુભવું છું. આ ઉદ્‌બોધક આનંદરોમાંચના પ્રબુદ્ધ જૈનના વાંચકોને સહભાગી બનાવવાના હેતુથી પ્રસ્તુત અનુવાદ બુદ્ધિપ્રકાશના એ અંકોમાંથી હું અહિં સાભાર ઉધ્ધૃત કરું છું.

પરમાનંદ.

ગૃહપરિત્યાગ

મંગળમૂર્તિ કોઇ એક રાજ્યનો અગલહદાર હતો અને દુનિયાની રીતરસમનો અને મનમાં હોય કાંઇક અને વર્તવું પડે કાંઇક એવા દાંભિકતાભર્યા સમાજવ્યવહારનો તેમ જ સાચી સભ્યતાથી તદ્દન ઊલટા પ્રકારની ચાલુ રીતભાતનો, તેને ભારે કંટાળો આવ્યો હતો. દિલમાં કાંઇક હોય અને વર્તવું પડે કાંઇક એટલે? દાખલા તરીકે કોઇ એક મહેમાન અન્ય કોઇ યજમાનને ત્યાં મળવા આવે અને બન્ને નીચા ઢળી ઢળીને એકમેકને નમન કરે અને 'આજે હવાપાણી ક્રમ છે,' 'તબિયત ક્રમ છે,' 'બીજા શું સમાચાર છે,' એવી એવી અપ્રસ્તુત વાતો પાછળ ફેંટલોક સમય ગાળીને છૂટા પડે પણ પોતપોતાના જીવનને સ્પર્શતી અગત્યની બાબતોનો કદી ઉલ્લેખ સરખો યે ન કરે અથવા તો કેટલાક લોકો આપણને પહેલીવાર મળે, આપણી સાથે હાથમાં હાથ મિલાવે, તેઓ આપણાથી છૂટા પડે કે તરત જ આપણી અને તેમની વચ્ચે જાણે કે કશો પણ સંબંધ ન હોય એવી ઉદાસીનતા દાખવે, અથવા તો આપણે કોઇનાં વખાણ કરવા બેસીએ ત્યારે તેને આપણે 'સંતપોથી' સાથે સરખાવીએ અને જેવો તે આપણને છોડીને આગળ ચાલે કે તરત જ આપણે તેની નિન્દા કરવા લાગીએ અને જાણીતા ચોર 'ચેહ' સાથે તેને સરખાવીએ, અથવા તો જ્યારે આપણે નિરાંતે વાતો કરતા બેઠા હોઇએ ત્યારે એકમેકને ખુલ્લા દિલથી વાતો કરવાનું ઘણુંયે મન હોય તો પણ દિલને ગોપવીને કેવળ ઉપર ઉપરની જ વાતો કરીએ, અને ઔપચારિક સભ્યતા જાળવી રાખવાની જ

ચિન્તા કર્યા કરીએ અથવા તો આપણું વર્તન દુરાચારથી ભરેલું હોય તોપણ ઉન્નત આદર્શોની જ આપણે વાતો કર્યા કરીએ, દિલ ખોલવા જતાં સત્ય પ્રકટ થઇ જશે અને સત્ય પ્રકટ થતાં કોઇને દુઃખ લાગી જશે એવા ભયને વશ થઇને આપણા અમુક વિચારોને બાજુએ રહેવા દઇએ અને મામુલી બાબતો ઉપર જ વાર્તાલાપને હેતુશૂન્યપણે વહેવા દઇએ, ઘણી વખત આપણે કોઇ પાઠ જ ભજવતા હોઇએ તેમ-જાણે કે આપણાં કાન, આંખ, મોઢું કે નાક આપણાં પોતાનાં ન હોય તેમ-પતનના વિચારોને છુપાવવા ખાતર આપણે કદી ગમગીન દેખાઇએ, કદી નિઃશ્વાસ નાંખીએ, કદી ખૂમો પાડીએ, કદી ન હસવા જેવી વાતો ઉપર ખૂબ હસવા લાગીએ અને આ રીતે ગ્લાનિ, ક્રોધ, આનંદ, હાસ્ય અને તિરસ્કારના દેખાવો કરીએ-સમાજની આજની સભ્યતા આવી છે, અને તેમાં સુધારો થવાની કોઇ આશા દેખાતી નથી. વળી આગળ ઉપર મેં જણાવ્યું તેમ સાચી સભ્યતાથી ઉલટી રીતભાતો જોઇને પણ તેને ખૂબ ધ્રુણા છૂટી. તે રીતભાતો કેવી હોય છે તેના કેટલાક દાખલા આપણે જોઇએઃ આપણી સાથે કામ કરતા માણસો આપણા જૂનાપુરાણા મિત્રો હોય તોપણ તેમને દિવસમાં હલકાં-ચાલતાં જ્યારે જ્યારે મળવાનું થાય છે ત્યારે ત્યારે પરસ્પર નમન-વિધિના અર્થવિનાના ઉપચારમાંથી તેઓ કે આપણે છૂટી શકતા જ નથી. કેટલાકની સાથે કશા પણ કારણ સિવાય આપણે સંબંધ તોડી નાંખીએ છીએ, અને જાણે કે તેઓ આપણા કટ્ટર દુશ્મન હોય તેમ તેમની સાથે આપણે વર્તીએ છીએ, તો કેટલ-કની પ્રત્યે આપણી અને તેમની વચ્ચે કશી સમાનતા કે સ્નેહ-આકર્ષણ ન હોય એમ છતાં પણ જાણે કે આપણું દિલ ખૂબ પ્રેમથી ઊછળી પડતું હોય એવો દેખાવ કરીએ છીએ અને તેમની ખૂબ નિકટ જવાનો પ્રયત્ન કરીએ છીએ. કોઇ મોટો સરદાર જરા જેટલું મોઢું ઉઘાડે એટલામાં તો આપણે 'જી હજૂર'ની ખૂબ મારીને તે કહે તેની આપણે તેની ગુલામી કરીએ છીએ અને એમ છતાં પણ આપણાથી વીફરતાં અને આપણાં માથાં ધડથી ધડીના છઠ્ઠા ભાગમાં છૂટાં કરતાં તેને જરા પણ વાર લાગતી નથી. કોઇ પણ બે માનવીઓ જો કે એક એકનું મોઢું જોતાં અંદરથી સુગાતા હોય છે તોપણ ઉપરથી પરસ્પર ભારે મહોબ્બત દાખવે છે, દિવસોના દિવસ સાથે ગાળે છે, ઘોડા ઉપર બેસીને સાથે ફરે છે અને કલાકના કલાક પાનાં રમવામાં પસાર કરે છે. આપણે આપણા કોઇ સંબંધીને મળવા જઇએ છીએ અને તેના પ્રિયે દિલમાં લાગણીનો છાંટો સરખો ન હોવા છતાં તેની તબિયતના આપણે કેવળ ઔપચારિક રીતે ખબરઅન્તર પૂછીએ છીએ. આપણે અમલદારી પોશાકમાં પંજરગ્રસ્ત વાનરોની માફક સજ્જ થઇએ છીએ, અને અંદરના ભાગમાં કોઇ જૂ કરડે કે ખરજવાળ આવે તોપણ ખણી ન શકીએ એવા અક્કડ થઇને ફરીએ છીએ. કોઇ શેરી કે સરિયામ રસ્તા ઉપર આપણે મોજથી ચાલતા હોઇએ, ત્યારે પણ રખેને આપણાથી કોઇ કાયદાનો ભંગ તો થઇ જતો નથીને એવી ભીતિ આપણને સતત પીડયા કરે છે. આપણી આંખો નાક ઉપર ઠેરવીને આપણે ચાલીએ છીએ અને લાંબે નજર કરવાની આપણે હિંમત કરી શકતા નથી. અને ભૂલ્યે-ચૂક્યે લાંબે નજર કરી તો બીજા લોકો આપણી સામે ટગર ટગર જોવા લાગે છે અને આપણી નજર કયાં દોડે છે તે શોધી કાઢવાનો તેઓ પ્રયત્ન કરતા દેખાય છે. ધારો કે રસ્તે ચાલતાં લઘુશંકા થઇ આવી તો પણ કોઇ ખાસ બહાનું હાથ લાગ્યા સિવાય ઊભા રહેવાની કે લઘુશંકાથી મુકત થવાની આપણે હિંમત દાખવી શકતા નથી. ઉપરી અધિકારીઓ પોતાને માથે લટકતી તરવારની તેમજ પીઠ પાછળ ચાલી રહેલી લેફટીનાની કદી ઉપેક્ષા કરી શકતા જ નથી. ઠંડી ઋતુમાં ઠંડીના કારણે તેઓ હેરાન હોય છે અને ગરમ ઋતુમાં ગરમીના કારણે તેઓ ત્રાસી જતા દેખાય છે. પરિગ્રહની એષણા અને મેળવેલું ગુમાવવાનો ભય તેમને સદા-કાળ પીડયા કરે છે. રખેને પોતાથી કાંઇ અયોગ્ય કે અનુચિત થઇ નહિ બેસેને-એ ચિન્તા અને મૂંઝવણમાં તેઓ બેચેન બેચેન બની રહે છે. જેમનાં પડળ ઉઘડી ગયાં માનવામાં આવે છે અને જેઓ નિર્જનદેશમાં મસ્ત જેવા દેખાય છે તેવા ડાહ્યા, વિચક્ષણ અને ઉમદા કોટિના પુરુષો પણ કોઇ પણ સત્તા કે અધિકાર ઉપર આવતાં આ કૃત્રિમ વ્યવહારની પ્રપંચજાળમાં ફસાય છે. તેથી આ પ્રપંચજાળમાંથી છૂટવાના આશયથી અને પોતાના ચિત્તને નિર્વિકાર કરવાના અને પોતાના આત્માને બંધનમુકત કરવાના હેતુથી મંગળ-મૂર્તિ એકવાર અજાણ્યા અને અગમ્ય પ્રદેશોમાં પ્રવાસ કરવાને નીકળી પડયો.

કોઇ મંગળમૂર્તિને એમ કહે કે "મેં સાંભળ્યું છે કે ટેકરીઓનો અનુયાયી એકાન્તમાં રહે છે, છતાં તેને એકલાપણું લાગતું નથી. અને લોકો વચ્ચે રહે છે તો પણ તેને કશો ધોંધાટ લાગતો નથી. તે દુનિયામાં રહે છે, છતાં તે દુનિયાથી પર છે, બંધનોથી મુકત છે અને મુકિતની તેને પરવા નથી. વળી તેની સમાધિ એટલી સુદૃઢ હોય છે કે તેના શરીરની આસપાસ વેલો વીંટળાઇ વળે અને તેના માથા ઉપર પંખી માળો બાંધે તોપણ તેની તેને દરકાર હોતી નથી. અનાસક્તિ અને જીવનમુકિતની આ ઊંચામાં ઊંચી કક્ષા છે. રસોડામાં નોકરી કરવી કે જમીન ઉપરનો કચરો સાફ કરવો એ હલકામાં હલકું કામ ગણાય. એમ છતાં પણ સાધુપુરુષના સમભા-વને એથી જરાપણ ક્ષતિ પહોંચતી નથી. તમે અમલદારી જીવનના બંધનોથી ત્રાસો છો અને અજાણ્યા પ્રદેશોમાં ભટકવાની ઇચ્છા કરો છો એ એમ નથી સૂચવતું કે તમે તમારા આત્માને તમારા શરીરનો ગુલામ બનાવી રહ્યા છો?"

અને તેને મંગળમૂર્તિ જવાબ આપે છે કેઃ "જે ટેકરીપદને પામેલ છે તે પાણીમાં જાય છે છતાં ભીંજતો નથી, અગ્નિમાં ઝંપ-લાવે છે છતાં દાઝતો નથી, જાણે કે જમીન આકાશ હોય એવી રીતે તે જમીન ઉપર ચાલે છે અને જાણે કે આકાશ જમીન હોય એવી રીતે તે આકાશમાં વિચરે છે. તે જ્યાં જાય છે ત્યાં પોતાનું ઘર જ હોય એવી રીતે વર્તે છે, અને ગમે તેવા સંયોગો વચ્ચે તે નિરાળાપણું અનુભવે છે. તેને માટે તે સ્વાભાવિક છે. પણ જેણે ટેકરીપદને પ્રાપ્ત કર્યું છે તેવો હું નથી. હું તો તેઓનો માત્ર ઉપાસક છું. જેણે ટેકરીપદને પ્રાપ્ત કર્યું છે તે પોતાનો માલિક છે અને તેના પૂરતો આ વિશ્વપ્રપંચ લય પામ્યો છે. તેને ગંદા અને ધોંચાટિયા લોકોની મંડળી વચ્ચે બેસાડો અને જેને ડોળું પાણી સ્પર્શે છે છતાં દૂષિત કરી શકતું નથી તેવા કાદવથી મલિન બનેલ જળ વચ્ચે ઉગતા કમળ જેવો અલિપ્ત બનીને તે રહેશે. કયાં જવું કે શું કરવું તે વિચારવાનું કે પસંદ કરવાનું તેને હોતું જ નથી. મેં આ યોગ્યતા પ્રાપ્ત કરી નથી, કારણ કે હું તો માત્ર પવનની ગતિને અનુસરતા એક નાના છોડ જેવો છું. જ્યારે પવન શાન્ત હોય છે, ત્યારે હું શાન્ત હોઉં છું અને જ્યારે પવન ગતિ-માન થાય છે ત્યારે હું પણ ચલાયમાન થાઉં છું. હું પાણીમાંની રેતી જેવો છું કે જે જેવું પાણી હોય છે તે મુજબ ચોખ્ખી યા તો કાદવવાળી દેખાય છે. ઘણી વખત મેં શાન્તિ અને પવિત્રતાનો આખો દિવસ અનુભવ કર્યો હોય છે અને એક ઘડીમાં તો મેં એ બધી ગુમાવી દીધી છે અને ઘણી વખત આખું વર્ષ કોઇ અજબ સમ-ભાવ અને આધ્યાત્મિક ઉન્નતિ મેં અનુભવી હોય છે, અને પાછું એક જ દિવસમાં એ બધું મેં ગુમાવી દીધું છે. જે જેમ ચાલતું હોય તે તેમ ચાલવા દેવાનું અને બહારના સંયોગોથી જરા પણ ક્ષોભ નહિ અનુભવાનું મારે માટે શકય બન્યું નથી. જો કોઇ શહેનશાહ માટે ઉપર જણાવેલ ટેકરીસાધના શકય હતી તો 'ચાઉ કુ' અને 'હૂસુ કુ' (ચીનના કંઇ કાળ પહેલાં થયેલા બાદશાહો) ની શિખર અને યીંગ નદી તરફ શા માટે પ્રયાણ કરત? જો કોઇ રાજકુમાર

ઉપર વર્ણવેલ 'ટેઓ' ની સ્થિતિને ઘેર બેઠાં પ્રાપ્ત કરી શકયો હોત તો શાક્યમુનિ હિમાલય તરફ શું કામ જાત? જો કોઇ ઉમરાવ ટેઓને અનુસરી શકયો હોત તો એંગલીબાંગ માંદગીની રજા શું કામ માગત? અને જો કોઇ સાધારણ અમલદાર 'ટેઓ'ના આદર્શને જીવનમાં ઉતારી શકયો હોત તો ટાકુ યુઅલનચીંગ પોતાના હોદ્દાનું રાજીનામું શું કામ આપત? હું મારા મનને નિર્વિકાર બનાવવા માટે અને મારા આત્માને બંધનમુકત કરવાના હેતુથી જ્યાં મને કોઇ જાણે નહિ કે જ્યાં મને કોઇ પૂછે નહિ એવા અગમ્ય અગોચર પ્રદેશોની મુસાફરીએ જાઉં છું."

મંગળમૂર્તિનો કોઇ મિત્ર તેને કહે છે કે: "મને તમારા પ્રવાસની વાતો સંભળાવશો?" અને મંગળમૂર્તિ જવાબ આપે છે કે: "જરૂર જે કોઇ પ્રવાસ કરવા નીકળે છે તે પોતાનાં કાન અને આંખને ઉઘાડવા માટે અને પોતાના આત્માને અનેક ઉપાધિઓથી મુકત કરવા માટે જ નીકળે છે. દિવ્ય તત્ત્વનો પોતાનો અનુભવ થાય અને અનેક મહાન સિદ્ધપુરૂષોનો પરિચય થાય તે માટે તેમજ અમરફળોનો આસ્વાદ કરવા મળે તથા જ્ઞાન-ગંગાનાં ચૈતનાદ્વારા જળ પીવા મળે તે હેતુથી તે નવખંડ અને આઠ જંગલી મુલકોમાં ભ્રમણ કરે છે. તે હવા ઉપર સવારી કરે છે અને હવા તેને જ્યાં લઇ જાય ત્યાં તે મોજથી વિચરે છે. આ બધાં પરિભ્રમણો બાદ તે પાછો ઘેર આવે છે, બારણાં બંધ કરે છે, કોરી દીવાલ સામે નજર ટેકવીને બેસે છે, ધ્યાન અને શાન્તિમાં દિવસરાત ગાળે છે અને આ રીતે પોતાના જીવનનો અવશેષ ભાગ પૂરો કરે છે. જેમણે ટેઓપદની પ્રાપ્તિ કરી છે, તેમાંનો હું નથી. હું મારા આત્માને મારા શરીરની અંદર સંભાળપૂર્વક પકડી રાખવા માંગું છું, મારા ચારિત્ર્યને ચીવટ-પૂર્વક વિકસાવવા ઇચ્છું છું, અને શૂન્યસમો બનીને અનન્ત વિશ્વાકાશ સાથે એકરૂપ થવા ઇચ્છું છું. મેં મારા આત્માને શરીરની અંદર જકડી રાખવા પ્રયત્ન કર્યો છે, પણ અણુઘાર્યો તે બહાર નીકળી અદ્રશ્ય થઇ ગયો છે. મેં પૂરી ચીવટથી મારા ચારિત્ર્યને ઘડવા પ્રયત્ન કર્યો છે, પણ અનેક લાગણીઓના વિકારોએ અને ચિત્તવૃત્તિના તરંગોએ મને ક્ષુબ્ધ બનાવી દીધો છે. મેં દિશા અને કાળથી અનવચ્છિન્ન ઉડ્ડયન સાધવા પ્રયત્ન કર્યો છે, પણ દેહ-વાસનાએ અને ઐહિક કામનાએ મને નીચે ફેંકી દીધો છે, અને તેથી અન્તર્ગત શાન્તિ પ્રાપ્ત નહિ કરી શકવાના કારણે તથા મારા આત્માને સ્વસ્થ અને સમભાવશીલ બનાવવાના હેતુથી મેં બહારના સંયોગો અને સાધનોનો ઉપયોગ કર્યો છે અને દિલની અંદરથી આનંદ મેળવવાનું શકય નહિ લાગવાથી સૃષ્ટિ-સૌન્દર્યનું મેં અવલંબન લીધું છે. આ કારણોને લીધે મારો પ્રવાસ વિચિત્ર પ્રકારનો બન્યો છે.

સ્વૈરવિહાર

"મારો એક મિત્ર કે જેને ટેકરા-ટેકરીમાં ભટકવું ખૂબ ગમે છે તેની સાથે હું નીકળી પડું છું અને અમે બન્ને કફની ધારણ કરીએ છીએ, અમારા દરેકના હાથમાં એક એક કમંડલુ હોય છે અને જરૂર પડયે કામ લાગે તે માટે દશ રૂપિયા અમે સાથે રાખીએ છીએ. અમને વધારેની જરૂર હોતી નથી, પણ કોઇ પણ આફત કે સંકટને પહોંચી વળવા માટે બરોબર દશ રૂપિયા અમે બનળવી રાખીએ છીએ. અને અમે બન્ને શહેરોમાં અને ગામડામાં, રાજદરવાજે અને શ્રીમાનોના મહેલ આગળ, મંદિરો સમીપ અને સાધુઓની પર્ણકુટિઓ સામે, ભીખ માંગતા ભટકીએ છીએ. શેની ભિક્ષા માંગવી તેની અમે પૂરી સંભાળ રાખીએ છીએ, અમે ભાત માંગીએ છીએ અને મદ્યની કદી યાચના કરતા નથી; શાક-રોટલી માંગીએ છીએ, માંસાહાર અમને ખપતો નથી. અમે પૂરી નમ્રતાથી યાચના કરીએ છીએ, પણ કદી કોઇના ઓશિયાળા થઇને યાચતા નથી. અમને લોકો જે કાંઇ આપે તે લઇને વિદાય થઇએ છીએ; અને અમને લોકો કાંઇ નથી આપતા તોપણ અમે તેમને છોડીને પ્રસન્નતાપૂર્વક આગળ ચાલીએ છીએ. કોઇ લોકો તોછડાઇથી વર્તે છે તોપણ અમે તેનો નમનતાથી જવાબ આપીએ છીએ. જ્યારે ભિક્ષા માંગતાં કશું પણ મળતું નથી અને જ્યારે બીજો કોઇ રસ્તો રહેતો નથી ત્યારે અમારી પાસે જે દશ રૂપિયા હોય છે તેમાંથી પાંચપંદર આના ખરચીએ છીએ અને પાછા આગળ ચાલતાં શકય હોય ત્યારે અધૂરા દશ રૂપિયા પૂરા કરી લઇએ છીએ. પણ અમને ખાસ ફરજ ન પડે ત્યાં સુધી અમે અમારી પાસેની રોકડમાંથી કાંઇ પણ ખરચતા નથી.

"કોઇ પણ ચોકકસ સ્થળે પહોંચવાનું નકકી કર્યા સિવાય અમે પ્રવાસ કરીએ છીએ, અને જ્યાં ઠીક પડે ત્યાં આરામ લઇએ છીએ, અને કોઇ દિવસ એક માઇલ, કોઇ દિવસ બે માઇલ, અને કોઇ દિવસ ત્રણ, ચાર, કે પાંચ કે દશ માઇલ—એમ ધીમે ધીમે ચલીએ છીએ. બહુ જ થાક લાગી જાય એવો લાંબો પ્રવાસ અમે કદી ખેડતા નથી. અને જ્યારે અમે કોઇ પર્વત કે નદીનાળા આગળ આવી પહોંચીએ છીએ અને વહેતાં ઝરણાંઓ, શ્વેત શિલાઓ, સુન્દર જળપક્ષીઓ અને મધુર કલરવ કરતાં પર્વતપંખીઓ પોતાના અદ્‌ભુત સૌન્દર્યવડે અમને મુગ્ધ બનાવે છે ત્યારે કોઇ નદીની વચ્ચે ગોઠવાયેલા નાનાસરખા ટાપુને અમે પસંદ કરીએ છીએ અને કોઇ સ્વચ્છ શિલા ઉપર બેસીને દૂર દૂર નજર દોડાવીએ છીએ. અને જ્યારે આપણને લાકડા કાપનારા, મચ્છી પકડનારા, ગામડાના લોકો કે ભેળાભલા વૃદ્ધ માણસો મળે છે, ત્યારે નથી અમે તેમના નામ કે ઠામઠેકાણાં પૂછતા, નથી અમે અમારાં નામ કે ઠામઠેકાણાં કહેતા, નથી ખાલી આબોહવાની તેમની સાથે વાતો કરતા, પણ તેમના ગ્રામજીવનનાં સુખદુઃખની તેમ જ આનંદકલ્લોલની વાતો ચર્ચીએ છીએ અને થોડી વાર બાદ તેમનાથી આનંદપૂર્વક છૂટા પડીએ છીએ અને કશી પણ ગ્લાનિ કે ગંમગીની વગર અમે આગળ ચાલીએ છીએ. અતિશય ઠંડી કે ગરમી પડે ત્યારે અમારા શરીરસ્વાસ્થ્યને હાનિ ન પહોંચે એ હેતુથી કોઇ સુરક્ષિત સ્થળે અમે આરામ લઇએ છીએ. રસ્તા ઉપર બહુ ભીડ હોય ત્યારે બાજૂએ ઊભા રહીએ છીએ અને બીજા લોકોને આગળ જવા દઇએ છીએ. અને કોઇવાર કોઇ મોટી નદી ઓળંગવાની હોય ત્યારે બીજા બધા લોકો હોડીમાં ગોઠવાઇ જાય ત્યાંસુધી અમે રાહ જોતાં ઊભા રહીએ છીએ. જો કોઇ દિવસ તોફાન ચડી આવે છે તો અમે નદી ઓળંગવાનો પ્રયત્ન કરતા નથી. પણ ધારો કે નદી ઓળંગતાં અડધા માર્ગે હોઇએ અને કદી આંધીનું તોફાન ચડી આવ્યું, તો અમે અમારી આત્મશાન્તિ જાળવી રાખીએ છીએ, અને જીવનની અસ્થિરતા જાણતા હોઇને બધી વાત નસીબ ઉપર છોડતાં અમે વિચારીએ છીએ કે: 'જો નદી ઓળંગતાં આપણે ડૂબી જઇએ તો જેવી ઇશ્વરની ઇચ્છા! તેની ચિન્તા કર્યે આપણે ઓછા જ બચવાના હતા?' જો એ તોફાનમાંથી અમે બચી ન શકીએ, તો આ મારો પ્રવાસ ત્યાં પૂરો થાય છે. પણ જો સદ્‌ભાગ્યે બચી જઇએ તો પહેલાં માફક અમે આગળ ચાલીએ છીએ. જો કોઇ નાલાયક બદમાશનો અમને રસ્તામાં ભેટો થાય, અથવા તો અકસ્માતે તેવા કોઇ બદમાશ સાથે અમે અથડાઇ પડીએ, અને તે માણસ અમારી સાથે તોછડાઇથી વર્તે તો અમે તેની નમ્રતાથી માફી માંગીએ છીએ. આ રીતે માફી માંગવા છતાં પણ તેની સાથે લડવા ઝગડવા સિવાય બીજો કોઇ માર્ગ ન રહે તો અમારો પ્રવાસ ત્યાં પૂરો થાય છે. પણ એમ કરતાં તેના પંજામાંથી અમે છૂટવા પામીએ તો અમે પહેલાં માફક આગળ ચાલવા લાગીએ છીએ. અમારા બેમાંથી જો કોઇ એક માંદું પડે તો માંદા સાથીની સારસંભાર કરવા માટે અમે અટકી જઇએ છીએ, અને સાજો સાથી માંદાનો ઔષધોપચાર કરે છે અને માંદો સાથી શાન્તિથી પડી રહે છે અને અન્તર્નિરીક્ષણ કરે છે અને મૃત્યુથી તે જરા પણ ડરતો નથી. આમ કરવાથી ગંભીર માંદગી હળવી

બની જાય છે અને હળવી માંદગીમાંથી આરામ આવી જાય છે. જો અમારા દિવસો પૂરા થવા આવ્યા છે એવું જ વિધિનું નિર્માણ હોય તો અમારી મુસાફરીનો ત્યાં અન્ત આવે છે. પણ જો એ માંદગીમાંથી અમને છૂટકારો મળે છે તો પછી પાછા અમે પહેલાં માફક આગળ ચાલવા માંડીએ છીએ. એમ પણ બને કે અમારા પરિભ્રમણ દરમિયાન કોઇ છૂપી પોલીસના માણસોને કે ચોકીદારોને અમારા ઉપર વહેમ આવે અને અમને અન્ય કોઇ રાજ્યના જાસુસ સમજીને પકડવામાં આવે. આમ બને ત્યારે કાં તો યુક્તિ-પ્રયુક્તિથી અથવા તો અમારી નિર્દોષતાની પ્રતીતિ કરાવીને અમે છૂટવાનો પ્રયત્ન કરીએ છીએ. એમ કરતાં પણ અમે જો ન છૂટી શકયા તો ત્યાં અમારૂં પરિભ્રમણ પૂરૂં થાય છે. પણ જો અમે છૂટયા તો વળી પાછું પહેલાં માફક અમે આગળ ચાલવા લાગીએ છીએ. અલબત્ત, ચાલતાં ચાલતાં રાત પડે ત્યારે અમે કોઇ ઝુંપડીમાં કે પથ્થરચટ્ટીમાં આરામ લઇએ છીએ, પણ આવું કોઇ સ્થળ સુલભ જ ન હોય તો અમે મંદિરના દરવાજા બહાર, અથવા તો કોઇ પર્વતગુફાની અંદર, યા તો ગામબહાર આવેલા કોઇ ઘરની દીવાલની બાજુએ અથવા તો કોઇ વિશાળ વૃક્ષ નીચે પડી રહીને અમે રાત્રી પસાર કરીએ. સંભવ છે કે પર્વતમાં વસતા યક્ષોની અને વાઘવરૂઓની અમારી ઉપર નજર પડે, અને તો અમારે શું કરવું? પર્વતના યક્ષો તો અમને કશું નુકસાન કરી શકતા નથી એ અમે જાણીએ છીએ, પણ વાઘવરૂ સામે રક્ષણ કરવાનું અમારે માટે શકય ન પણ હોય. પણ જગન્નિયન્તાના હાથે શું આપણું નસીબ આગળથી નકકી થયેલું નથી હોતું? અમે કુદરતના કાયદા ઉપર આ બાબતને છોડી દઇએ છીએ અને અમારા મોઢા ઉપર અજ્ઞાનિની નાની સરખી છાયાને પણ ફરકવા દેતા નથી. જો અમારૂં તેઓ ભક્ષણ કરી જાય તો જેવું અમારૂં નસીબ, અને અમારો પ્રવાસ ત્યાં પૂરો થાય છે, પણ જો અમે તેમનાથી બચી ગયા તો વળી પાછા પહેલાં માફક અમે આગળ ને આગળ ચાલવા માંડીએ છીએ.

અનુવાદક પરમાનંદ

[અપૂર્ણ]

જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય?

(પૃષ્ઠ ૨૨૮ થી ચાલુ)

(૨) જ્યાં ચરણોની સ્થાપના પૂર્વકાલથી છે ત્યાં કોઇ નવું મંદિર ન બાંધે.

(૩) કોઇ પણ આભરણ મૂર્તિપર ચઢાવવામાં ન આવે.

(૪) નિર્ગ્રન્થમૂર્તિને બન્ને માને, જે રીતે પહેલાં પણ માનતા હતા.

(૫) બન્નેના અલગ મંદિર અથવા તો ભંડાર ન રહે.

(૬) બન્ને સમાજના ગુરૂવર્ગનો નિવાસ એક જ રહે.

(૭) સ્થાનકવાસી સમાજ પણ કોઇએ મૂર્તિપૂજા માનવી યા ન માનવી તે તેના અધિકાર ઉપર છોડે.

આગમ ગ્રન્થોનું પ્રામાણ્ય

સચેલ અને અચેલવાદ તથા મૂર્તિપૂજા વગેરે વાદો પછી આપણા વિવાદનો ત્રીજો વિષય આગમ છે. પહેલાં આપણે જોઇ ગયા છીએ કે આચાર્ય ભદ્રબાહુના સંઘે, ઉત્તરભારતમાં જે જૈન સંઘે આગમોની રચના કરી હતી તેનો બહિષ્કાર કર્યો હતો. જૈન સમાજના એક પ્રાચીન સાહિત્યના સંગ્રહનો આ રીતે બહિષ્કાર થાય એ બારે આશ્ચર્યજનક છે અને તે માટે એવું જ કોઇ મહત્વપૂર્ણ ગંભીર કારણ હોવું જોઇએ એમ લાગે છે. દિગમ્બર શ્વેતામ્બર વાદ કેવીરીતે શરૂ થયો તેનો જો કે હજુ સુધી ફેંસલો આપણે નથી આપ્યો તો પણ આ બાબતનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે એમ પ્રતીત થાય છે કે ઉત્તરભારતમાં જે સંઘ રહ્યો તેમાં અને દક્ષિણ ભારતમાંથી જે સંઘ આવ્યો તેમાં જરૂર થોડું અંતર હશે.

"એકશાટક" પ્રથા ભ. મહાવીરની પહેલાં હોવાનો આપણે સ્વીકાર કરીએ છીએ તો પણ તેનો અર્થ એવો નથી કે તેણે વસ્ત્રની સાથે બીજાં ઉપકરણ, અધિક વસ્ત્ર અને અન્ય પરિગ્રહ ન રાખ્યો હોય. આ. ભદ્રબાહુના સંઘે આ અતિરેકતા દેખી હશે ત્યારે તેનો ત્યાગ કર્યો હશે અને ત્યારે આગમ ગ્રંથોનો પણ બહિષ્કાર કર્યો હશે.

આ હવે ઐતિહાસિક પ્રમાણોથી સિદ્ધ થયું છે. દિગમ્બરોના આગમ (ષટ્‌ખંડાગમ ઇત્યાદિ) શ્વેતામ્બરોના આગમોની રચના પછી રચાયા છે, તેનો નિષ્કર્ષ એ નિકળે છે.

(૧) આ. ભદ્રબાહુનો સંઘ દક્ષિણભારતમાંથી પાછો આવ્યો તે પહેલાં જ આગમોની રચના આ. સ્થૂલભદ્રજીએ કરી હતી.

(૨) આ. ભદ્રબાહુનું આગમન જ્યારે ઉત્તરભારતમાં થયું ત્યારે તેમણે આ. સ્થૂલભદ્રના સંઘને 'એકશાટક'થી પણ અધિક પરિગ્રહયુક્ત જોયો અને બન્ને સંઘમાં ભેદ પડયો.

(૩) આ. ભદ્રબાહુના સંઘે તેમનો બહિષ્કાર કર્યો.

(૪) આ. ભદ્રબાહુના શિષ્યોએ ષટ્‌ખંડાગમ આદિ ગ્રન્થોની રચના કરી જે દક્ષિણમાં રહી.

(૫) આ. સ્થૂલભદ્રપરંપરાના આગમ માત્ર ઉત્તરભારતમાં જ રહ્યા.

આ જાતનો ભેદ આજ સુધી રહ્યો છે અને તેણે આપણી વચ્ચે એક મહાન ભયંકર એવું સામ્પ્રદાયિક ઝેરી બીજ વાવ્યું છે.

થોડા વર્ષો પહેલા આપણા જીવનમાં એક એવો પ્રસંગ ઉપસ્થિત થયો હતો, જેણે આપણી પરસ્પર પ્રેમભાવનાની કસોટી કરી હતી. બેદની વાત છે કે આપણે આપણી ક્ષુદ્ર સામ્પ્રદાયિકતાનું પ્રદર્શન પરધર્મીઓની સામે કર્યું. પ્રસિદ્ધ બૌદ્ધ પંડિત સ્વ. ધર્માનંદ કૌશમ્બીજીએ આગમોમાંથી થોડાક પાઠે ઉધ્ધૃત કર્યા અને તેમાં માંસાહારનો ઉલ્લેખ છે એવું તેમણે સિદ્ધ કર્યું. તેનાથી જૈન સમાજનું વાતાવરણ કેટલાક દિવસો સુધી બહુ ગરમ રહ્યું અને તેની વિરૂદ્ધ ખૂબ જોરમાં હીલચાલ ચાલી. આમ બને એ સ્વાભાવિક હતું, પરંતુ તેનો યોગ્ય ઉત્તર આપવાનું સાહસ કોઇએ ન કર્યું. દિગમ્બર જૈન સમાજના કેટલાક વિદ્વાનોએ એમ જાહેર કર્યું કે આ ઉલ્લેખો શ્વેતામ્બર આગમોમાં છે અને આ શ્વેતામ્બર આગમો જ પ્રમાણભૂત નથી અને તેથી અમારા ભ. મહાવીર માંસાહારી નહોતા. આપણે માની લઇએ કે શ્વેતામ્બરોના મહાવીર દિગમ્બરોના મહાવીરથી જુદા હતા, એમ છતાં પણ દુનિયાની સામે આપણે આપણું જે પ્રદર્શન કર્યું તે તો ખરેખર નિન્દનીય હતું. જૈનધર્માભિમાનીઓનું કર્તવ્ય હતું કે તેનું યોગ્યરૂપે સ્પષ્ટીકરણ કરે. જેમાં આપણી બબ્બતનો પ્રશ્ન હતો, તેમાં પણ આપણે સામ્પ્રદાયકતાથી કામ લીધું. આ કેટલા દુઃખની વાત છે? આપણે અનેકાન્તવાદી કહેવાઇએ છીએ, અને સમસ્ત દુનિયાના ધર્મોનો સમન્વય કરવામાં પ્રતિષ્ઠા સમજીએ છીએ. સાન્તાનન્તનો વાદ, નિત્યાનિત્યનો વાદ, રૂપી અરૂપીનો વાદ, ભેદાભેદનો વાદ એ સર્વે વાદોની ચર્ચા કરવામાં આપણે આપણો સમય અને શકિત ખરચીએ છીએ. એ અનેકાન્તવાદનો શું ઉપયોગ છે જે કોઇ પણ ગ્રન્થનો વિના અભ્યાસે બલાત્કારે બહિષ્કાર કરતી વખત અમને સદ્‌બુધ્ધિ ન આપે? એ અહિંસાવાદનો શું ઉપયોગ છે કે જે અમારી વચ્ચેના વિદ્વેષને ખુઝવી ન શકે? એ સામ્યવાદની કઇ પ્રતિષ્ઠા છે કે જે વાણીશૌર્યમાં જ પોતાને શ્રેષ્ઠ સમજવાવાળા એવા આપણને નમ્ર ન બનાવે અને એ મહાવીરનો જયજયકાર બોલવાનો પણ શું અર્થ છે કે જે ભ. મહાવીરની પ્રતિષ્ઠાને હાની પહોંચે એવે સમયે પણ સામ્પ્રદાયિકતાનો નાશ ન કરી શકે? આપણે સત્યશોધક બનવું જોઇએ. પ્રાચીનતાથી આગળ વધીને, આપણા પૂર્વજોએ જે કર્યું છે તેમાં સુધારો કરીએ અને આપસ આપસમાં પ્રેમ રાખીએ. સ્ત્રી સ્વતંત્ર હતી કે નહિ આવા વિવાદથી શું ફાયદો? આ વાદ બુદ્ધિને સંતોષવા

માટે આપણે કરતા નથી; પરંતુ આપણી સાંપ્રદાયિક શ્રેષ્ઠતા વધારવા માટે જ કરીએ છીએ. આ વિષયમાં વ્યક્તિગત વિચારભિન્નતા સમજીને તેમાં જે સંકુચિત મનોવૃત્તિ આવે છે તેનો ત્યાગ કેમ ન કરીએ? આગમસાહિત્ય પ્રાચીન છે, આપણા પ્રાચીનતમ જીવનનો એ ઇતિહાસભંડાર છે, તેને આપણે અપનાવવું જોઇએ. પરંતુ કેટલા એવા વિદ્વાનો છે કે જેણે આ આગમસાહિત્ય વાચ્યું હોય? વાંચ્યા પહેલાં જ તેને અપ્રમાણ કહેવું એ તો ગર્વ છે, દ્વેષ છે. આપણા સમાજના સમજુ લોકોનું એ પ્રથમ કર્તવ્ય છે કે આગમોનું પ્રામાણ્ય જાહેર કરે. શ્વેતામ્બર સંપ્રદાયે પણ દિગમ્બરના આગમોના પ્રામાણ્યનો પૂર્ણતયા સ્વીકાર કરવો જોઇએ. સ્થાનકવાસી સમાજે આગમોના થોડા ભાગનો ત્યાગ કર્યો છે તે ઉચિત નથી. જૈન સમાજની એકતા સ્થાપન કરવા માટે નીચેની બાબતોને આપણ સર્વેએ અપનાવવી જોઇએ.

(૧) શ્વેતાંબરીય લેખાતા આગમ ગ્રન્થોનું પ્રામાણ્ય સ્વીકારવામાં આવે.

(૨) શ્વેતાંબર સમાજ પણ દિગમ્બર ગ્રન્થોને અપનાવે.

(૩) સ્થાનકવાસી પણ આ બન્નેનું અનુકરણ કરે.

(૪) જે વિષય પર વિવાદ છે તેનું શોધન બધાં મળીને કરે અને તે વાદના વિષયો અાચાર્યોનો વૈયક્તિક મત સમજે.

(૫) 'જિનાગમ'ની પૂજામાં સર્વ આગમ ગ્રન્થો એકત્રિત રહે.

આમ કરવાથી આપણને સમજાશે કે આજ જે આગમ સાહિત્ય અપૂર્ણ લાગે છે તે જ ત્યારે પછી પૂર્ણ દેખાશે. શું એ આશ્ચર્યની વાત નથી કે એક સંપ્રદાય પાસે જે છે તે બરાબર બીજાની પાસે નથી? જો આપણે એક થવું હોય તો એ આવશ્યક છે કે પોતાની જીદ છોડીને સૌ મુક્ત હૃદયથી એક બીજાને અપનાવે.

ઉપર ત્રણ વિષયો પર જે વિચાર રજુ કર્યા છે તે બાલે દોષપૂર્ણ હોય તો પણ કોઇ મધ્યમ માર્ગ અપનાવવાની જરૂર તો છે જ ઓછો વધતો ત્યાગ કરીને પણ આપણે એક ભૂમિકાપર આવવું તો પડશે જ. આ બધું ત્યારે જ બની શકે તેમ છે કે જ્યારે આપણે સૌ એકત્ર થઇ જૈનત્વના શુદ્ધ રૂપને અપનાવીએ.

સ્વતંત્ર ભારતમાં જૈન ધર્મ અને સમાજ

અહિંઆ સુધી આપણા પ્રસ્તુત નિબંધનો જે ભાગ સમાપ્ત થાય છે, તેમાં આપણે આપણા પ્રાચીન ઇતિહાસનું સિંહાવલોકન કર્યું, આપણી વર્તમાન પરિસ્થિતિનું અવલોકન કર્યું અને આપણા પરંપરાગત પ્રશ્નોની પર્યાલોચના કરીને તેના સમન્વયની બાબતમાં વિચાર કર્યો. હવે આપણે આપણા ભવિષ્યકાળના જીવન વિષે વિચાર કરવાનો છે. આ ભવિષ્યકાળ સમીપ છે અને તે તો તે આપણે મહાન્ વેગપૂર્વક ખેંચાઇ રહ્યા છીએ. જે સમાજ અને વ્યક્તિ દુનિયાની સાથે ચાલતી નથી તેનું આજ મૃત્યુ છે. જે મહાન પ્રસ્થાનમાં પાછળ રહ્યો તેનું વર્તમાન નષ્ટ થયું છે અને તેને માટે ભવિષ્યકાળ નથી. આ પ્રગતિશીલ દુનિયામાં વિકાસશીલ મનુષ્યોને જ દુનિયા ઓળખે છે. હવે આપણે આ તરફ દૃષ્ટિ રાખીને વિચાર કરવાનો છે અને આઝાદભારતને ઉપર ઉઠાવવાનું છે. આપણી પોતાની જાતને ઉચ્ચ બનાવીને એ દિવ્ય આનંદમાં પૂર્ણરૂપથી સહયોગ દેવાનું જે રીતે શકય હોય તે માર્ગ આપણે સાધવાનો છે. આપણી બધી ચેતનશક્તિઓ, આર્થિક બળ, નૈતિક સંસ્કૃતિ અને ઉચ્ચ તત્ત્વજ્ઞાન એ રીતે એકત્ર કરવું પડશે કે જેના પરિણામે દુનિયાની પ્રત્યેક વ્યક્તિ તીર્થંકર બને. આ બધું જો આપણું સાધ્ય હોય તો તેનું એકમેવ પ્રથમ સાધન આપણું સંગઠન છે. આ રીતે જે એકતા સ્થાપવાની છે, તે કોઇ સામ્રાજ્ય સ્થાપવા માટે અથવા તો દુનિયા ઉપર આક્રમણ કરવા માટે નથી. એકતા સ્થાપવાનું મૂળ ધ્યેય એટલું જ છે કે સર્વે સાથે ચાલે, સર્વનું ચિન્તન એક હોય, સર્વનું સુખદુઃખ એક હોય, સર્વના પ્રાણ અને પ્રતિષ્ઠા એક હોય, સર્વનો જય અને જયઘોષ એક હોય, સર્વનો ઉત્સાહ અને ઉમંગ એક ધ્યેયને માટે હોય.

જૈન સમાજનાં આજસુધી સંગઠન માટે બહુ પ્રયત્નો કરવામાં આવ્યા છે એમ કહેવામાં આવે છે. પરંતુ અત્યાર સુધી જેને સંગઠન કહેવામાં આવે છે તે સદ્દેષ હતું, અર્થાત્ વિરોધી દળ ઉપર આક્રમણ કરવાના ઇરાદાથી સૈન્ય એકત્રિત કરવામાં આવે છે એ પ્રકારનું તે સંગઠન હતું. આપણી સંસ્થાઓ જુઓ!-જૈન બોર્ડીંગમાં પણ હજારો ભેદ-શ્વેતામ્બર બોર્ડીંગ યા દિગમ્બર બોર્ડીંગ, સ્થાનકવાસી બોર્ડીંગ યા મૂર્તિપૂજક બોર્ડીંગ. આપણાં મંદિરો જુઓ! ગ્રન્થભંડારો જુઓ! ઉપાશ્રયો જુઓ! ગ્રંથમાળાઓ જુઓ! ગુરુકુળ જેવા ઉચ્ચ નામને ધારણ કરવાવાળી સંસ્થાઓ જુઓ! સંઘ જેવાં નામને અપનાવવાવાળા સ્વયંસેવક દળો જુઓ! ભારતવર્ષની સંસ્થાઓ જુઓ! દરેક જગ્યાએ, દરેક સંસ્થાનાં પ્રત્યેક સમુદાયમાં આ ભેદ છે. શું આપણે પરસ્પર વિરુદ્ધ સંસ્કૃતિનાં સન્તાનો છીએ? આપણા પ્રશ્નો સમાન નથી? આપણા ભગવાન એક નથી? આપણા આચાર્યો માટેનો ભક્તિભાવ સમાન નથી, કે જેથી આપણે દ્વૈતભાવનું ઝેરી બીજ વાવીએ છીએ અને તેને શ્રીમંતોના સાંપ્રદાયિક ધનવરસાદથી વધારીએ છીએ અને તેનાં ફળને અતિ આરોગ્યદાયી સમજીએ છીએ? તરુણ જૈન સમાજ પર આજે ફરજ આવી પડી છે કે તે આવા ભેદોને દૂર હટાવે. આપણે હવે એ પ્રયત્નો કરવા પાછળ મંડી પડવું જોઇએ, અને સમાજના અધિકારીવર્ગ પાસે માંગણી કરવી જોઇએ કે ભારતવર્ષની સભાઓ એક હોય, આપણી શિક્ષણ-સંસ્થાઓ પ્રત્યેક જૈન માટે ખુલ્લી હોય, આપણી આર્થિક શક્તિ સર્વના ઉપયોગમાં આવે અને એક ધ્યેય, એક સંસ્થા એક આચાર, એક વિચાર અને એક નેતા આપણા માટે રહે. "સર્વે જૈન એક" એ ભાવના આપણામાં દૃઢ થવી જોઇએ, અને જ્યાં સુધી શરીરમાં રકતનું એક બિંદુ હોય, તેમજ મનમાં ઉમંગની ધારા હોય ત્યાંસુધી એ ભાવના નષ્ટ ન થવી જોઇએ. એમાં જ ભ. મહાવીર પ્રત્યેની ભક્તિ છે, અનેકાન્ત છે, અને એમાં જ આપણો અહિંસાધર્મ મૂર્તિમન્ત થાય છે. એ ભાવના મૂર્તિમન્ત થાય ત્યારે જ આપણા ધર્મમાં વિશ્વધર્મ હોવાની શકયતા ઉભી થવાની છે. નવી દુનિયાનો એક જ સંદેશ છે કે એક થાઓ, સંગઠિત થાઓ, સમાન થાઓ, અને પ્રગતિશીલ રહો. આપણી સામે જે મહાન પ્રશ્ન ઉપસ્થિત થયો છે તેને ઉકેલવા માટે સંગઠિત થવાની ખાસ જરૂર છે. માત્ર શ્રીમન્ત હોવું એમાં જ પ્રતિષ્ઠા નથી. આપણા સમાજની ભીતરમાં પહોંચો, સ્ત્રીજીવન તરફ જુઓ અને ગામડાઓમાં જઇને જુઓ કે ત્યાં જે જૈન કહેવડાવે છે તે સાચેસાચ જૈન છે? આજે જૈન સમાજમાં એવા કેટલા વિદ્યાર્થીઓ અથવા તો સેવકો છે કે જેણે જૈન સમાજના આ સ્તરને જાણ્યો હોય? ખેતી કરવાવાળો આ સમાજ, વ્યાપાર નહિ કરતો એવો મધ્યમ જીવન વિતાવવાવાળા અન્ય જૈન સમાજ-કોઇએ જોયું છે તેનું દુઃખ, તેની અજ્ઞાનતા અને તેની મૂઢતા? અને કોઇ દિવસ અનુભવ્યું છે કે આ વર્ગ ગરીબ છે, અશિક્ષિત છે, અન્ય સમાજમાં તે ધીરે ધીરે પ્રવિષ્ટ થવા લાગ્યો છે, તે અન્ય ધર્મને અપનાવી રહ્યો છે અને પોતાની જાતને જૈન તરીકે ઓળખાવતાં શરમાય છે? આપણા સમાજમાં સ્ત્રીજીવનને ઘરની ચાર દીવાલોમાં પુરી દેવામાં આવ્યું છે અને બાહ્ય હવાથી તથા સ્વચ્છ જીવનથી તેને વિમુખ કરવામાં આવ્યું છે. જરા પણ પ્રગતિ કર્યા વગર જેવી જન્મે છે તેવી જ તે ચાલી જાય છે. જોયા છે તે ધનવાનોને કે જે પોતાના ધનને શિલામૂર્તિઓમાં બદ્ધ કરે છે, પોતાનો કીર્તિ-સ્તંભ રૂપે છે અને પૈસાના જોર પર કીર્તિ કમાય છે? જો આપણે આ પરિસ્થિતિ સુધારવી હોય તો આપણે એકત્રિત થવું જોઇએ, સમાજના પ્રશ્નોમાં રસ લેવો જોઇએ, સમાજની રૂઢિઓને તોડવી જોઇએ, ત્યાગી સંસ્થાઓમાં પરિવર્તન નીપજાવવાની હિંમત રાખવી જોઇએ અને સ્વાર્થત્યાગથી; સદ્બુદ્ધિપૂર્વક પોતે આ માર્ગમાં ઝુકાવી દેવું જોઇએ.

માત્ર આર્થિક સુદૃઢતાથી આપણે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકીશું એમ સમજવું ભૂલભરેલું છે. જ્યાંસુધી બુદ્ધિનો વિકાસ નથી થયો, મન સંસ્કારી નથી બન્યું, જ્ઞાનપ્રાપ્તિ માટેની ધગશ ઉભી નથી થઇ ત્યાં સુધી દુનિયા આપણને ઓળખવાની નથી. હૈદ્રાબાદના નીઝામ કરોડપતિ છે, પરંતુ તેથી તેણે કાંઈ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે ખરી? મારવાડી સમાજ સોનાના ઘરેણાં ચઢાવે છે પણ તેથી તેને કદિ માન મળ્યું છે ખરૂં? છે કોઇ વિવેકાનંદ, રામતીર્થ, રાધાકૃષ્ણ જેવા આપણામાં છે કે જે આમ દુનિયામાં ચૈતન્યનું સૃજન કરે? છે કોઇ રવીંદ્ર આપણા સમાજમાં છે કે જેણે આનંદયાત્રા કરી હોય? છે કોઇ મહાન વિદ્વાન, મહાન વૈજ્ઞાનિક, સાહિત્યક, કવિ, કલાકાર, દેશભકત, સ્વાર્થત્યાગી વીર હુતાત્મા યા સેવાભાવી આત્મા? શા માટે નથી તેનો કોઇ દિવસ વિચાર કર્યો છે? પોતાની ત્રુટિઓ જોઇને આપણે કદિ શરમ અનુભવી છે?

જો તે ત્રુટિ આપણે સુધારવી હોય તો શિક્ષણપ્રચાર કરો. કેવળજ્ઞાનનો મહિમા ગાવાવાળા અને ભ. મહાવીરની સર્વજ્ઞતા પર વાદ મચાવવાવાળા જૈન સમાજમાં એક પણ બુદ્ધિશાળી એવી વ્યકિત નથી કે જેની સામે દુનિયાનું માથું ઝુકે. આ એ એક ચિન્તનીય વાત છે. આપણે ઇચ્છીએ કે આપણો સમાજ શિક્ષિત હોય, દુનિયાના વિવિધ જ્ઞાનને પચાવવાનું તેનામાં સામર્થ્ય હોય, એવી કોઇ પણ શાખા ન રહે જેમાં જૈન સમાજ પહોંચ્યો ન હોય. આપણો ભવિષ્યકાળ ઉજ્જવળ જોવાની તમન્ના જાગે તો તે પણ એક મોટો સુધારો છે, જેને સ્વીકાર્યા સિવાય ઉચ્ચે ચઢવું શકય નથી. શિક્ષણના આ ક્ષેત્રને સર્વવ્યાપી કરવાની બાબતમાં આપણો ખ્યાલ નીચે પ્રમાણે છે:—

(૧) પ્રત્યેક પ્રાન્તમાં જૈનોની જેટલી શિક્ષણસંસ્થાઓ છે તેનું એકીકરણ થાય. એકીકરણનો અર્થ એ છે કે પ્રાન્તિક જૈન સભાના આદેશ અનુસાર આ સર્વ સંસ્થાઓનું સંચાલન કરાય અને એ પ્રકારે જે પ્રાન્તિક શિક્ષણશાખાઓ એકત્રિત થશે તેનો સંબંધ મધ્યવર્તી શિક્ષણસંસ્થા સાથે રહે.

(૨) પ્રાન્તની જે યુનિવર્સિટી અહિંઆ છે, તે સર્વમાં જૈન ચેર હોય જેમ કે આજે બનારસમાં છે. સમગ્ર ભારતની પ્રત્યેક યુનિવર્સિટીમાં એવી સંસ્થાઓ હોય કે જે જૈન વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે મદદ કરે.

(૪) આ પ્રકારે પ્રાથમિક, મધ્યમ તથા ઉચ્ચ શિક્ષણસંસ્થાઓ એકત્ર થાય અને તેનું સંચાલન કેન્દ્રિય જૈન સભાના શિક્ષણ વિભાગ દ્વારા થાય.

(૫) જ્યાં જૈનોનો સમાજ ખૂબ મોટો છે એવા સમાજમાં જૈનોની સ્વતંત્ર કોલેજ અને આવશ્યક હોય તો સ્વતંત્ર જૈન યુનિવર્સિટી પણ સ્થપાય.

(૬) સમાજના શ્રીમંતો પાસેથી આ શિક્ષણક્ષેત્ર માટે મદદ લેવામાં આવે અને પ્રાન્ત પ્રાન્તના વિભાગમાં જે જૈન મંદિર યા ભંડાર છે તેમાંની મિલ્કતનો ઉપયોગ શિક્ષણ માટે કરવામાં આવે.

(૭) આપણી એક કેન્દ્રિય લાયબ્રેરી હોય જેમાં જૈનદર્શનનું સમગ્ર સાહિત્ય ઉપલબ્ધ હોય.

(૮) જૈન સમાજમાં કેટલીક પ્રકાશન સંસ્થાઓ છે તે સર્વનો સંબંધ મુખ્ય સંસ્થા સાથે રહેવો જોઇએ. કેન્દ્રિય સભાને એક સાહિત્ય સંશોધક વિભાગ હોય અને તેની તરફથી સ્થળે સ્થળે સંશોધનકાર્યનું નિયંત્રણ હોય.

ઉપર પ્રમાણે યા તો અન્ય પ્રકારે આપણે શિક્ષણક્ષેત્રમાં એકત્રિત થવું અતિ આવશ્યક છે. આ સર્વ માટે જે શકિતઓની જરૂર છે તે બધી જૈન સમાજ પાસે છે. માત્ર એક વસ્તુની ખોટ છે કે જે સૌથી પ્રથમ આવશ્યક છે, અને તે ખોટ છે કાર્યનિષ્ઠ ઉત્સાહી સેવકની. વ્યકિતઓનું નિર્માણ કરવું પ્રથમ આવશ્યક છે અને તે તરફ આપણો પ્રયત્ન રહે તો ઉપર નિર્દિષ્ટ કરેલ સર્વ કાર્ય આસાનીથી થઇ શકે તેમ છે. સમાજની સમર્થ વ્યકિતઓની કદર કરવી, તેમનામાં સંસ્કૃતિ, સેવાભાવનું નિર્માણ કરવું અને તેમને સંગઠિત કરવા—આ કાર્ય જો કે કઠિન છે તો પણ પ્રયત્ન કરતાં કશું અશકય નથી. આ બધું ત્યારે જ થઇ શકે કે જ્યારે આપણે આપણી શકિતઓ તે તરફ ફેલાવીએ અને પોતાની જાતથી જ દરેક કામની શરૂઆત કરીએ.

જૈન સમાજની સામાજિક અને શૈક્ષણિક ઉન્નતિ બાબતમાં વિચાર કર્યા પછી હવે આપણે આપણા વિવિધ અંગોનો વિચાર કરવાનો રહે છે. આપણા અભ્યંતર પ્રશ્નોનું ધીરે ધીરે નિરાકરણ થતું જશે યા તો પરિસ્થિતિના દબાણથી તેમાં ઉત્ક્રાન્તિ થવાની, પરંતુ જે દેશના આપણે ઘટક છીએ, જે માનવતાનું અંગ છીએ તે દેશ અને માનવતા પ્રત્યે આપણું કાંઇક કર્તવ્ય છે જેનો અત્ર વિચાર કરવો જરૂરી છે. આજની દુનિયા હવાની જેમ શીઘ્રગતિ કરવાવાળી છે. દુનિયાના ઇતિહાસમાં જે મહાન આન્દોલન વિચાર અને આચરના ક્ષેત્રમાં થયા છે તે સર્વથી અધિક ક્રાન્તિકારી આન્દોલન આ યુગમાં થયા છે. આપણું જીવન, તેના વિવિધ પ્રશ્નો દ્રુતગતિથી પરિવર્તિત થયા છે. અને તેનો આપણે દરરોજ અનુભવ પણ કરીએ છીએ. આપણો દેશ સ્વતંત્ર થયો છે અને આજ એ સ્વતંત્ર દેશની સામે જે મહાન પ્રશ્ન છે તેનો ઉકેલ કરવાની જવાબદારી જૈન સમાજ પર પણ છે. હંમેશા તટસ્થ રહેવું, 'અમારા બાળબચ્ચા અને અમે' એવી વૃત્તિ રાખી સ્વાર્થી બનવું, યા "અમારાં મંદિર અને અમે" એ જાતની સંકુચિતતા પોતાના મનમાં રાખવી એ બધું ધોખાબાજીનો ખેલ છે. એમાં આપણે ટકી, શકવાના નથી. તો પછી ઉજ્જવળ ભવિષ્યની આશા તો કેમ રખાય?

કહેવાય છે કે જૈન સમાજ શ્રીમંત છે અને એ સાચી જ વાત છે. આપણા સમાજના અગ્રગણ્ય ગણાતા સર્વે લોકો મિલમાલલિક છે યા તો પદવી અને સન્માનથી પ્રતિષ્ઠિત છે. તે લોકોની સ્થિતિ દેશી રાજાઓ કરતાં ઓછી ખરાબ નથી. અમારી સંસ્થાઓ જુઓ! એ લોકો જ તેના નિયંત્રક છે. જમીનદાર વર્ગ, ધનિક વર્ગ મિલમાલિક વર્ગ બધા જૈન છે. દુનિયા સમજવા ઇચ્છે છે કે નિર્ગ્રંથ સમ્પ્રદાયના આ ઉપાસકો, પરિગ્રહ પરિમાણવાદના આ પુરસ્કર્તાઓ, અહિંસા ધર્મના પ્રચારકો—આ લોકો પાસે આટલા પૈસા અને શ્રીમન્તાઇ આવી કયાંથી? એ લોકોને આટલી બધી પૂંજીની જરૂર શું છે? મનુષ્યનું લોહી ચુસનારો આ વર્ગ પોતાને અહિંસા ધર્મનો અનુયાયી કહેવડાવે છે? મનુષ્યોને રીબાવી રીબાવી મેળવેલ ધનમાંથી થોડો પૈસો દાન કરીને તેઓ કીર્તિ સંપાદન કરે છે!

પરંતુ આજની દુનિયા આવા પૂંજીવાદીઓની નફરત કરે છે, તેઓની દાનવૃત્તિને દંભ સમજે છે. ભલેને આજ સામ્યવાદનો પ્રશ્ન અમારે ઘરે ન વળગ્યો હોય, પરંતુ તેનો પડછાયો અમારા જીવન ઉપર તો પડયો જ છે. સામ્યવાદનો જયનાદ સર્વત્ર ગાજી રહ્યો છે, જે આજ નહિ તો કાલ પૂંજીવાદીઓ કે જેની પ્રતિષ્ઠા માત્ર લક્ષ્મીની પૂજામાં સમાયેલી છે તેનો સદંતર નાશ કરી નાખશે.

આવે સમયે આપણી શું ફરજ છે? શું આપણે તેનો વિરોધ કરવાનો છે? અથવા જે પરિસ્થિતિ આવશે તેની શરણાગતિ સ્વીકારની છે? અથવા તો એ મહાન તત્ત્વને અપનાવી તેના કણધાર બનવું છે? એ વિચારવું ભૂલ ભરેલું છે કે જે અવસ્થામાં આજ આપણે સુરક્ષિત છીએ તે જ અવસ્થામાં કાયમ રહેશું. બીજા યત્ન કરે અને અમે

(અનુસંધાન પૃષ્ઠ ૨૨૬ જુઓ)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૨૩

મુંબઈ: ૧ એપ્રિલ ૧૯૪૮ ગુરૂવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

માનવીના જીવનવ્યવસાયની ભીતરમાં

સમગ્ર જગતના માનવીઓના જીવનવ્યવસાયને અંગે તેમને અમુક વિભાગોમાં વહેંચી નાંખીએ તો તેના મુખ્ય ત્રણ ભાગ પડે. (૧) ભોગરત માનવી (૨) કર્મરત માનવી (૩) તત્ત્વરત માનવી.

(૧) ભોગરત માનવી માત્ર ભોગોપભોગમાં જ પોતાનો સર્વ સમય વ્યતીત કરી શકતો નથી. ભોગની પરિતૃપ્તિ અર્થે તેને પદાર્થોની પ્રાપ્તિ કરવી અનિવાર્ય બને છે. પદાર્થોની પ્રાપ્તિ અર્થે પરિશ્રમ અથવા બીજા શબ્દોમાં કહીએ તો કર્મરત રહેવું પડે છે. પણ તેની ક્રિયા કે પરિશ્રમના પરિણામ રૂપે જે પ્રાપ્ત થાય છે તે ભોગમાં પરિણમે છે. આ જાતનો માણસ ભલે કર્મરત દેખાતો હોય છતાં વાસ્તવમાં તે ભોગરત છે. તેના ભોગનો પ્રકાર પછી ગમે તે હોય. પાંચ ઇન્દ્રિય અને છઠું મન તેના અનેક વિષયો છે. તે પૈકી ગમે તે એક અથવા તેનાથી વધારે વિષયોની પ્રાપ્તિ માટે તેના સર્વ પ્રયાસો હોય છે. દેહ અને દેહની સાથે સંકળાયેલા ઇન્દ્રિયજન્ય સંતોષ માટેની તેની ઝંખના તેની પાસે કર્મ–સાધના કરાવતી હોય છે, એટલે આ રીતે કર્મરત દેખાતો માનવ પણ વાસ્તવમાં ભોગરત માનવીઓના વિભાગમાંનો એક છે.

(૨) કર્મ એટલે કે ક્રિયાશીલતા. માનવજીવન સાથે એટલી બધી ઓતપ્રોત થઇ ગએલી હોય છે કે ઉપર જણાવ્યા પ્રમાણે ઘણીયે વાર ભોગરત માનવીને પોતાને પણ કર્મરત હોવાની ભ્રમણા રહ્યા કરે છે; એટલું જ નહિ કિન્તુ તટસ્થપણે જોનાર પણ કેટલીક વાર તે કર્મરત હોવાના ભ્રમમાં પડે છે. માનવી જન્મે છે, ત્યારથી જ સ્વાભાવિક રીતે તે કંઇક ક્રિયા કરવા માંડે છે. દા. ત. તરતનું જન્મેલું બાળક રડવાની, આંખો ઉઘાડવાની વગેરે ક્રિયા કરે છે. ક્રિયારત માનવીને કાર્યવ્યવસાય બે પ્રકારનો હોય છે. (૧) સ્વ અર્થે (૨) પર અર્થે. સ્વમાં દેહ અને દેહની સાથે સંકળાયેલ પરિજનોનો અથવા તો સ્વજનોનો સમાવેશ થાય છે. પરમાં માનવીની ભાવનાનું વર્તુલ જેટલું મોટું અને તેની આત્મપરિશીલનની શક્તિ જેટલી વધારે તેટલા પ્રમાણમાં તે જનહિતાર્થે કર્મરત રહી શકે છે. કર્મરત માનવી ભોગના દ્રશ્ય વ્યવહારોથી અલિપ્ત રહી શકતો નથી. કેટલીકવાર ભોગમાં રસ લેતો પણ દેખાય છે. છતાં તેના જીવનનો ઝોક ભોગની પરિતૃપ્તિ તરફ નહિ રહેતાં કર્મના અનુશીલનમાં રહે છે. કર્મરત માનવી સદૈવ કંઇક કરવાની તમન્ના સેવતો હોય છે. તેની કર્મમયતા સર્જનાત્મક બને કે વિધ્વંસાત્મક બને તેનો આધાર તો માનવીના સંસ્કાર, તેનું વાતાવરણ વગેરે પર અવલંબે છે. આ પ્રકારના માનવીઓમાંથી જેઓ સર્જનાત્મક પ્રવૃત્તિવાળાં છે, તેમના હાથે જાણ્યે કે અજાણ્યે લોકકલ્યાણનાં કાર્યો થાય છે. આવાં કાર્યો કરતી વખતે તેની સામે ઘણી વખત ધર્મસંકટો ઉભાં થાય છે, ત્યારે તેને મનોમંથન કરવું પડે છે, પણ તેની ક્રિયાશીલતાનો વેગ એટલો પ્રબળ હોય છે કે એ મનોમંથન માટે જે ધીરજથી ચિન્તન પાછળ સમય આપવો જોઇએ, બુદ્ધિ અને મનના ગહન થરોના ઉંડાણ સુધી પહોંચવું જોઇએ તે તેનાથી થઇ શકતું નથી. એટલે વર્તમાન યુગે ચાલતા પ્રચલિત વિચારોનો આશ્રય તે શોધે છે, યા તો ધર્મશાસ્ત્રોને નામે પ્રસિદ્ધિ પામેલ ગ્રંથોમાંથી ઉકેલ કાઢવા મથે છે, અને તેમાંથી મળેલ ઉકેલને આધારે પોતાની ક્રિયાને તે ગતિમાન બનાવે છે.

(૩) તત્ત્વરત માનવી શરીરની ક્રિયાઓ તો કરતો જ હોય છે. આહાર, નિહાર, નિદ્રા વગેરે દેહના ધર્મો તો ભોગરત માનવીની પેઠે તે પણ બજાવે છે એમ ઉપરથી જોનારને લાગે, છતાં તત્ત્વરત માનવીની એ દૈનિક ક્રિયાઓમાં પણ સૂક્ષ્મ દૃષ્ટિએ જોનારને એક પ્રકારની વિશિષ્ટતા માલુમ પડશે. જીવનની જવાબદારીઓ બજાવવામાં તે કર્મરત માનવીની માફક ક્રિયારત પણ દેખાય છે; છતાં તેના મનોવ્યાપાર ઉપર્યુક્ત બંને પ્રકારના માનવીઓથી ભિન્ન પ્રકારના ચાલતો હોય છે. ચાલુ પ્રણાલિકાઓ–પછી તે સમાજજીવનને લગતી હોય, રાજ્યવ્યવહારને લગતી હોય કે પછી ધર્મજીવનને લગતી હોય–ને તે એમને એમ સ્વીકારી લેતો નથી. તત્ત્વદૃષ્ટિએ તેનાં મૂળ તપાસે છે. સંતોષજનક ઉત્તર ન મળે ત્યાં સુધી ખોજ કર્યા કરે છે. આવા મનોમંથન વખતે તે થાકતો નથી, હારતો નથી, તેની ધીરજ ખૂટતી નથી. તેને માટે જે પ્રકારનું તપ કરવું પડે તે કરવા તે તૈયાર હોય છે. આવી ખોજને અંતે તેને જે જવાબ અંદરથી મળે છે તે વર્તમાન પ્રણાલિકા સાથે સુસંબધ ન હોય તો તે પ્રણાલિકા સામે એ વિરોધનો સૂર ઉઠાવે છે. પોતાને પ્રાપ્ત થયેલું નવું દર્શન જગત સમક્ષ મૂકવા તે પ્રયત્ન કરે છે. ચાલુ પ્રણાલિકાને ખોટી કહેતા તેના વિરોધીઓ જાગે છે. દા. ત. સ્વામી દયાનંદ સરસ્વતીએ મૂર્તિપૂજાના અવલંબનની સામે સૂર ઉઠાવ્યો ત્યારે તેમની હત્યા કરવાને માટે ઘણા માણસો ઉદ્યુક્ત બન્યા હતા. છતાં આવા તત્ત્વચિન્તકની આત્મશક્તિ અને તપ જેટલા પ્રમાણમાં વધારે હોય છે તેટલા વિશાળ વર્તુલ સુધી તે પોતાના વિચારોનો પડઘો પાડી જનતાના હૃદય સુધી તે વિચારોને પહોંચાડી શકે છે. નવા તત્વદર્શનને ઝંખનાર તેના અનુયાયીઓ બને છે અને તેના વિચારને ફેલાવવામાં કર્મરત રહી તેના સહાયક બને છે. તત્વરત માનવી ચિંતનદ્વારા તેના યુગના માત્ર દૃશ્ય જગતમાં જ માત્ર નહિ બલકે આંતરપ્રદેશ સુધી પ્રવેશી યુગની ભૂલભરેલી પ્રણાલિકાઓમાં આમૂલ પરિવર્તન કરી તેના સ્થાને જનસમાજને નવું દર્શન, નવો આચાર, નવો વિચાર આપી જીવનના પ્રવાહને યોગ્ય ગતિ આપે છે. જ્યારે જ્યારે જગતની વિચારસરણી નીચી ઉતરી હોય છે, જગત અધઃપતન તરફ ઢળી રહ્યું હોય છે ત્યારે ત્યારે આવો તત્વરત માનવી જ તેને ત્યાંથી અટકાવી યોગ્ય દિશા તરફ ગતિમાન કરે છે. એવા તત્વરત માનવીને પછી આપણે યુગસ્રષ્ટા, અવતારી કે પયગંબર ગમે તે નામે ઓળખીએ.

લીલાવતી કામદાર

ભદ્ર સંસ્કૃતિ વિરૂદ્ધ સંત સંસ્કૃતિ

ગાંધીજીનું મૂલ્યવિતરણ

['સંસ્કૃતિ'ના માર્ચ માસના અંકમાં શ્રી કિશોરીલાલ ઘ. મશરૂવાળાએ 'ગાંધીજી અને ભારતીય સંસ્કૃતિ' આ મથાળાનો એક સુન્દર લેખ લખ્યો છે. આ લેખમાં ગાંધીજીના વ્યક્તિત્વની વિશેષતા સમજવતાં જગતસમસ્તની સંસ્કૃતિને ભદ્ર સંસ્કૃતિ અને સન્ત સંસ્કૃતિ એમ બે વિભાગમાં વહેંચીને એ બન્ને સંસ્કૃતિના સ્વરૂપનું બહુ હૃદયંગમ વિવેચન કર્યું છે અને આ રીતે જગતના મહાપુરૂષોને ઓળખવાની આપણને એક મૌલિક દ્રષ્ટિ આપી છે. એ લેખ અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. પરમાનંદ]

કેટલાક વિદ્વાનોના લેખ પરથી એમ જણાય છે કે મુસલમાનો હિંદુસ્તાનમાં આવ્યા તે પહેલાં જે સંસ્કૃતિ આપણા દેશમાં હતી, તે તથા તેનું અનુકરણ કે અનુસરણ કરનારી જે વિદ્યા, કળા તથા સભ્યતા હોય, તેટલી જ 'ભારતીય સંસ્કૃતિ' છે. એટલે કે, સંસ્કૃત, પાલી અને માગધી ભાષાઓના સાહિત્યમાં જે પ્રકારનું આપણા દેશનું ચિત્ર આપણી કલ્પના આગળ ખડું થાય છે, મુસલમાનો આવ્યા પહેલાં જે જાતની રાજકીય, સામાજિક અને આર્થિક વ્યવસ્થા હતી, શહેરો તથા ગામોની જે યોજના અને સ્થિતિ હતી, મંદિરો મકાનો, કિલ્લાઓ વગેરેનું શિલ્પ હતું, પોશાકધરેણાં વગેરેના પ્રકાર હતા, સંગીત-નૃત્ય-ચિત્ર-ઉત્સવ ઇત્યાદિ કળાઓ ખીલી હતી, ધર્મ-કર્મ-તત્વજ્ઞાનમાં વિચાર અને રિવાજો હતા, તેટલાં જ તેમની દૃષ્ટિએ 'ભારતીય' સંસ્કૃતિ કહી શકાય, તથા જેટલી હદ સુધી એ સંસ્કૃતિ તે જ રૂપમાં કાયમ છે તેટલી જ હદ સુધી 'ભારતીય' સંસ્કૃતિ જીવે છે. મુસલમાનોના આવ્યા પછી એ સંસ્કૃતિમાં અરબસ્તાન, ઇરાન, તુર્કસ્તાન વગેરેથી આવેલી પ્રજાઓમાં ધર્મ-કર્મ-રીત-રિવાજ-ભાષા-પોષાક-શિલ્પ-ગાયન-ચિત્ર વગેરેની જે ભેળસેળ થઇ, અને તેમાંથી જે નવા પ્રકારની મિશ્ર સંસ્કૃતિ પેદા થઇ, તે આ પંડિતોના મત પ્રમાણે 'ભારતીય' સંસ્કૃતિ નથી. ભલે, જોઇએ તો તમે તેને 'હિંદુસ્તાની સંસ્કૃતિ' કહો કે બીજુ કોઇ નામ આપો.

જો ભારતીય સંસ્કૃતિનો ઉપર કહ્યા મુજબ જ અર્થ હોય તો મારા મત પ્રમાણે, ગાંધીજી ભારતીય સંસ્કૃતિના નહીં, પણ હિંદુસ્તાની સંસ્કૃતિની મૂર્તિ હતા.

ખરૂં જોતાં, મુસલમાનોના હિંદમાં આવ્યા પહેલાં યે એકની પછી બીજી કેટલી યે પરદેશી જાતિઓ અહીં આવીને વસી હતી, અને દરેક જાતિ પોતાની સાથે જુદા પ્રકારના વિચાર, રિવાજ, રહેણીના ઢંગ વગેરે લઇ આવી, અને તેની પહેલાંની સંસ્કૃતિ પર અસર પડતી રહી. જ્યારથી આપણા દેશનો કંઇક ઇતિહાસ મળે છે, ત્યારથી આપણા દેશની સંસ્કૃતિ રચવામાં અનેક દેશની અનેક પ્રજાઓએ ભાગ ભજવ્યો છે. કોઇ એવો કાળ બતાવી શકાય એમ નથી કે જેને વિષે એમ કહી શકાય કે તે કાળની આપણી સંસ્કૃતિ શુદ્ધ ભારતીય સંસ્કૃતિનું ચિત્ર છે. જેમ એ મિશ્રણોને આપણા પૂર્વજોએ પોતાના જીવનમાં સમાવી લીધાં, તેમ જ મુસલમાનોના આવ્યા પછી પણ આપણી પ્રજાએ કર્યું. પ્રાચીન કાળથી આજ સુધી ભારતીય સંસ્કૃતિનું રૂપ જગતની અનેક નાની મોટી સંસ્કૃતિઓના મિશ્રણથી બનેલું રસાયણ (કમ્પાઉન્ડ) જ રહ્યું છે. કોઇ એક જ સંસ્કૃતિનો નમુનો નથી.

ગાંધીજીએ જે ભારતીય સંસ્કૃતિની હિમાયત અને સેવા કરી, તથા જેને તેમણે પસંદ કરી હતી, તે હિંદુસ્તાનમાં આવીને વસેલી બધા યે કાળની બધીએ પ્રજાઓએ રચેલી સંસ્કૃતિ છે. યુરોપની સભ્યતાના યે કેટલાક અંશ એમાં ભળેલા છે. એમણે સેવેલી સંસ્કૃતિમાં દેશ કે ધર્મને કારણે કોઇનો વિરોધ નહોતો. કદાચ એમ કહેવાશે કે પશ્ચિમની સભ્યતાનો તેઓ વિરોધ કરતા હતા જ. પણ આ એક સમજવાની બાબત છે.

વાત એ છે કે દરેક સંસ્કૃતિ બે પ્રકારની હોય છે. એક પ્રકાર એ, જે રાજદરબાર અને શહેરોમાં, આરામ તથા વિલાસપ્રિય લોકોનો આસપાસ, ધન અને સત્તાના આશ્રય તળે વધે છે. એને આપણે ભદ્ર સંસ્કૃતિ કહીશું. બીજો પ્રકાર એ, જે સાધુ-સંત-ફકીરો દ્વારા ઘણું ખરૂં મહેનત-મજુરી કરવાવાળા લોકોની આસપાસ અને ત્યાગ, સેવા તથા ઇશ્વરશ્રદ્ધાના આશરા નીચે વધે છે. એને આપણે સંત સંસ્કૃતિ કહીશું.

દરેક દેશની દરેક સંસ્કૃતિમાં ભદ્ર સંસ્કૃતિ અને સંત સંસ્કૃતિની શાખાઓ હોય છે. સાચું જોતાં, માનવસમાજમાં જુદા જુદા વેશમાં આ જ બે મૂળ સંસ્કૃતિઓ છે. ભદ્ર સંસ્કૃતિનું રૂપ ભપકાદાર અને ભવ્ય હોય છે. આપણા દેશમાં કુરવંશ, મૌર્યવંશ, ગુપ્તવંશ, વિક્રમ, ભોજ, અકબર, જહાંગીર, શાહજહાં તથા મોટામોટા ઉમરાવ, નગરશેઠ અને મહાજનોના આશ્રય તળે ખીલેલી સંસ્કૃતિ ભારતીય સંસ્કૃતિનું ભદ્ર રૂપ છે. એણે પણ વિદ્યા-કળા-વિજ્ઞાન વગેરેને પૂજ્ય પોષ્યાં અને ખીલવ્યાં છે. યુરોપની જે સંસ્કૃતિનું રૂપ આપણાં દેશમાં આજ સુધી ફેલાયું છે અને જે આપણને આંજી નાંખે છે, તે મોટે ભાગે એનું ભદ્રરૂપ જ છે. જગતની ભદ્ર સંસ્કૃતિઓએ પણ ઘણાં ભારે કામો કર્યાં છે, પણ તે સાથે જ તેણે લડાઇ, ખુનામરકી, લુંટફાટ, જુલ્મ અને અન્યાયો પણ ઘણાં કર્યા છે. ભદ્ર સંસ્કૃતિ એ નથી સ્વીકારતી કે બધી માનવજાતિઓ સમાન છે. તેનો વ્યવહાર અને કારભાર એમ સમજીને ચાલે છે કે દુનિયામાં અધિકારભેદ છે અને તે જરૂરી છે. એ કોઇકને ઊંચા અને કોઇકને નીચા ઠરાવે છે. ભદ્ર સંસ્કૃતિના વિકાસ માટે થોડા માણસો ધન, સત્તા, વિદ્યા વગેરે વિભૂતિઓથી સંપન્ન અને બાકીના બધા મહેનત-મજૂરી કરવાવાળા અને આજ્ઞાધીન રહેનારા સેવકો હોવાની જરૂર માનેલી છે. સાધારણ લોકો માટે ખાવા-પીવા-પહેરવા અને રહેવા માટે કંઇક પ્રબંધ હોય તો બસ છે. પણ સાહિત્ય-કળા વગેરે સંસ્કૃતિ વિકાસ માટે આરામ અને નવરાશ સાથે શોખથી રહેનારા લોકો પણ હોવા જોઇએ. જો સમાજમાં કરોડો રૂપિયા ભેગા કરવાની અને બીજાઓ પર સત્તા ચલાવવાની ગુંજાશ ન હોત તો દેલવાડાનાં મંદિર કે આગ્રાના તાજમહાલ જેવી ઇમારતો કયાંથી થાત ? નાલંદાની વિદ્યાપીઠ કેમ સ્થપાત ? કાલિદાસ, શેકસપિયર અને અકબરના દરબારના કવિઓ શી રીતે પેદા થાત ? સમાજમાં સભ્યતાથી શી રીતે બોલવું, પરસ્પર મળવું, શિષ્ટાચાર કરવો, પોશાક કરવો, ખાવા-પીવાની સ્વાદુ વાનીઓ બનાવવી વગેરે સેંકડો બાબતો, જેથી માણસની કુલીનતા, નાગરિકતા, રસિકતા, શિષ્ટતા (પોલિશ) વગેરેનો પરિચય થાય છે તે ઉપજી ન હોત. આ બધી ભદ્ર સંસ્કૃતિએ માનવસમાજને આપેલી ભક્ષિસો છે.

પણ, આ ઉપરાંત દરેક દેશમાં સંત સંસ્કૃતિની પણ એક શાખા મળી આવે છે. ત્યાગ, પ્રેમ, સેવા અને નેક વર્તન પર, નિષ્ઠાની ઉપર એ ખડી રહે છે. જ્ઞાન અને ઉચ્ચ વિચાર એનાં શોભા અને પ્રકાશ છે. નમ્રતા, સમાનતા, સરળતા, ક્ષમા, દયા, ન્યાય, માણસાઇ એનાં ચિન્હો છે. સત્પુરૂષોની આસપાસ ઘણું ખરૂં સાદા સીધા, મહેનત-મજૂરી કરવાવાળા ગ્રામવાસીઓ તથા શહેરી કે શ્રીમંત હોય તો યે, એવા માણસો કે જેમનામાં કપટ નથી, બનાવટીપણું (Sophistry) નથી, 'હું પણ કાંઇક છું.' એવું અભિમાન નથી,-એવાઓની વચ્ચે તે બીસે છે. તેમને કોઇનો દ્વેષ ન હોવાથી તે કયારેક કયારેક ભદ્ર સંસ્કૃતિના ભક્તોમાં યે પહોંચી જાય છે. પણ તેમનું ચિત્ત ત્યાં જેટલું ખુશ નથી રહેતું જેટલું ઝુંપડીઓમાં રહેવાવાળી વસ્તી વચ્ચે રહે છે.

ભદ્ર સંસ્કૃતિનાં રૂપો વિવિધ પ્રકારના હોય છે, અને તેમની વચ્ચે પરસ્પર ઝઘડા પણ થાય છે. આથી ભદ્ર સંસ્કૃતિ વિષે એમ કહી શકાય કે આ હિંદુસ્તાની છે–પેલી યુરોપિયન છે, આ હિંદુ છે–પેલી ખ્રિસ્તી છે, આ શીખ છે–પેલી મુસ્લીમ છે વગેરે. સંત સંસ્કૃતિનું રૂપ આખી દુનિયામાં લગભગ સરખું જ હોય છે. એને હિંદુસ્તાનની કે અરબી કે કોઇ બીજું નામ દઇએ તો તે કેવળ સ્થાનિક પરિચય આપવા પૂરતું જ કહી શકાય. જેમ પાણીને પાણી, જળ, નીર, આબ કે વૉટર કહીએ એમ. અથવા, કાંઇ ફરક હોય તો તે કૂવા, નદી કે વરસાદનાં પાણીમાં ક્યારેક જણાય છે તેવો. અસલ કામની વસ્તુ એક જ હોય છે.

ગાંધીજી માનવસંસ્કૃતિની સંત શાખાના હિંદુસ્તાની લેખાસ પહેરેલા પ્રતિનિધિ હતા. આ દેશની ભદ્ર સંસ્કૃતિનાં ભવનોમાં યે જઇ પહોંચતા, પણ તેમનું દિલ સંત સંસ્કૃતિમાં વિશેષ પ્રસન્ન હતું.

આ સંસ્કૃતિની બાબતમાં જ એમ કહી શકાય કે એ જેટલી પ્રાચીન છે તેટલી જ અર્વાચીન છે; જેટલી આર્ય કે વૈદિક છે, તેટલી જ દ્રવિડ, જૈન, બૌદ્ધ, અરબી, ચીની, પેલેસ્ટાઇની વગેરે યે છે. દેલવાડાનાં જૈન મંદિર, દક્ષિણ ભારતનાં શૈવ-વૈષ્ણવ મંદિર અને દિલ્હીની જુમ્મા મસ્જિદમાં જેવો નજરે ચડી જનારો ફેર છે, દીલ્હીના લાલ કિલ્લામાંના દરબારે-ખાસ તથા દરબારે-આમમાં અને નવી દિલ્હીની લેજિસ્લેટિવ કાઉન્સિલ ધારાસભાનાં મકાનોમાં જેટલો ફરક બતાવી શકાય એમ છે, તેટલો ફરક રામાયણના વાલ્મીકિનો આશ્રમ કે બુદ્ધના મૂળ વિહાર કે મદીનાના હજરત મહમદનાં મકાન અને પુરાણી મસ્જિદ, કે સંત ફ્રાન્સિસનો ગઢ, કે ગાંધીજીની સેવાગ્રામની ઝુંપડીઓ વચ્ચે દેખાડી શકાશે નહી. કેમ કે દરેક જમાનાની સંત સંસ્કૃતિનું બાહ્ય તેમ જ અંતરરૂપ જેટલું એકસરખું હોય છે, તેટલું ભદ્ર સંસ્કૃતિનું નથી હોતું.

આપણું એક મહાન સદ્‌ભાગ્ય છે કે દુનિયામાં આપણો દેશ તેના કોઇ મહાન પુત્રને નામે ઓળખાય છે. જ્યારે આપણે ભારતવર્ષ કે ભરતખંડ કહીએ છીએ, ત્યારે એકથી એક મહાન એવા ત્રણ ભરતોનાં નામ યાદ આવે છે. કેટલાકને પાંડવોના પૂર્વજ દુષ્યન્તપુત્ર સર્વદમન ભરત યાદ આવે છે, કેટલાકને તીર્થંકર ઋષભદેવના પુત્ર મહારાજ ભરત, અને કેટલાકને રામના ભાઇ ભક્તરાજ ભરત. છતાં આ ત્રણે ય આપણે આપેલાં નામો છે. પરંતુ જગતમાં આપણો દેશ બુધ્ધની ભૂમિ તરીકે અત્યાર સુધી ઓળખાયો છે. હવે ભવિષ્યમાં સદીઓ સુધી ભારત દેશ 'ગાંધી દેશ' ને નામે પ્રખ્યાત થશે. આમ તો આપણો દેશ આજ સુધી હિંદુસ્તાનને નામે અને તેના લોકો હિંદુ, હિંદી કે હિંદુસ્તાનીને નામે ઓળખાતા આવ્યા છે. પરંતુ, પાકિસ્તાનના ભાગલા તથા ધર્મના ઝઘડાઓને લીધે હિંદુસ્તાન, હિંદુસ્તાની, હિંદી, હિંદુ બધાં નામો દ્વિઅર્થી થઇ ગયાં છે. એમાં પાકિસ્તાન અને તેની પ્રજાનો સમાવેશ થઇ પણ શકે, ન પણ થાય. પણ, આ આપણો આખો દેશ જે બલુચિસ્તાનથી આસામ અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી ફેલાયેલો છે તે આખો યે ગાંધીજીનું વતન હતું, અને તેના દરેક ભાગના હિંદુ, મુસલમાન, શીખ, પારસી તથા બીજા યે ધર્મોના લોકોના તે દેશબંધુ હતા. દુનિયા પાકિસ્તાનના લોકોને એટલા જ ગાંધીના દેશના માણસ સમજશે જેટલા હિંદસંઘના લોકોને. અને પાકિસ્તાનની સ્વતંત્રતાના તે એટલા જ ત્રિધાયક અને રાષ્ટ્રપિતા કહી શકાય જેટલા હિંદી સંઘની સ્વતંત્રતાના.

આ ગાંધી સંસ્કૃતિ છે. જો 'ભારતીય સંસ્કૃતિ' નામ એટલા વ્યાપક અર્થમાં વાપરી શકાય તો ગાંધીજી ભારતીય સંત સંસ્કૃતિના વર્તમાન યુગના સર્વોત્તમ પ્રતિનિધિ હતા. હિંદી કે હિંદુસ્તાની સંત સંસ્કૃતિ પણ એ જ છે, અને આદરપૂર્વક કહીશ કે પાકિસ્તાનની સંત સંસ્કૃતિ પણ એ જ હોઇ શકે.

કિશોરલાલ ઘ. મશરૂવાળા

સંઘ સમાચાર

તા. ૮-૩-૪૮ ના રોજ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની એક સભા શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખપણા નીચે મળી હતી. તેમાં કાર્યવાહક સમિતિમાં સભ્યોની ઉમેરણી અને બે પેટા સમિતિઓ નીમવાનું કામકાજ હાથ ધરવામાં આવ્યુ હતું. જેની વિગત નીચે પ્રમાણે છે.

બંધારણના નિયમ પ્રમાણે નવી ચુંટાયલી કાર્યવાહક સમિતિને ત્રણ સભ્યો ઉમેરવાનો અધિકાર છે પરંતુ હાલતુરત નીચે પ્રમાણે બે સભ્યોને ઉમેરવામાં આવ્યા છે.

(૧) શ્રી જયંતીલાલ સુંદરલાલ કોઠારી

(૨) ,, રમણીકલાલ મણિલાલ શાહ

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલય સમિતિમાં ચાર ટ્રસ્ટીઓ અધિકારની રૂએ ચાલુ રહે છે, તેમના નામો નીચે પ્રમાણે છે.

શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ

,, અમીચંદ ખેમચંદ શાહ

,, રતીલાલ ચીમનલાલ કોઠારી

,, રમણીકલાલ મણિલાલ શાહ

અને એ સમિતિમાં નવા ચુંટાએલા સભ્યોનાં નામ નીચે પ્રમાણે છેઃ

શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ

,, રમણલાલ સી. શાહ

,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ

,, જયંતીલાલ સુંદરલાલ કોઠારી-મંત્રી

ત્યાર બાદ ચાલુ વર્ષ માટે વૈદ્યકીય રાહત સમિતિમાં નીચે પ્રમાણે સભ્યોને ચુંટવામાં આવ્યા હતા.

શ્રી જયંતીલાલ લલ્લુભાઈ પરીખ—મંત્રી.
C/o જેસલ ટ્રેડીંગ કોરપોરેશન, મરકતી મહાલ,
લુહાર ચાલ, મુંબઇ-૨

શ્રી જસુમતીબહેન મનુભાઈ કાપડીઆ
બંસીલાલ મોતીલાલ બીલ્ડીંગ, B બ્લોક ચોથે માળે,
ગીરગામ ટ્રામ જંકશન પાસે, મુંબઇ-૪

શ્રી ટી. જી. શાહ
ડે. ટી. જી. શાહ બીલ્ડીંગ, પાંચમે માળે,
પાયધુની, મુંબઇ-૩

શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ
૭૭, શેખમેમણ સ્ટ્રીટ, બીજે માળે મુંબઇ-૨.

શ્રી. વેણીબહેન વિનયચંદ કાપડીઆ
મલબાર વ્યુ નં. ૧ ચોથે માળે ચોપાટી મુંબઇ-૭.

શ્રી. દીપચંદ ત્રીભોવનદાસ શાહ
રણવીર બીલ્ડીંગ, ચોથે માળે પ્રીન્સેસ સ્ટ્રીટ મુંબઇ-૨.

સંઘદ્વારા વૈદ્યકીય રાહતનો પ્રબંધ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા કોઇ પણ જૈન ભાઇ કે બહેનને જરૂરી વૈદ્યકીય રાહત આપવાનો પ્રબંધ કેટલાય સમયથી કરવામાં આવ્યો છે. આ રાહતમાં દવા, ઇન્જેકશન, ડાકટરનાં બીલો, હોસ્પીટલનો ખર્ચ તેમ જ દર્દીને માંદગી દરમિયાન જરૂરી આર્થિક મદદ-આવી અનેક બાબતોનો સમાવેશ થાય છે. આ સંબંધમાં જે કોઇ જૈન ભાઇ બહેનને રાહતની અપેક્ષા હોય તેને ઉપર જણાવેલ વૈદ્યકીય રાહત સમિતિના કોઇ પણ સભ્યને મળવા વિનંતિ છે. દવા કે ઇન્જેકશનો માટે દર્દીએ પોતાના ડાકટરની ચીઠ્ઠી લાવવાની આવશ્યકતા રહેશે. આ યોજનાનો લાભ લેવા વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા સૌ કોઇ જૈન બંધુઓ તેમ જ બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ છે. **જયંતીલાલ લલ્લુભાઇ પરીખ**
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ.

ભિન્ન ભિન્ન વાદોનો સમન્વય

આ અનંત અનંત ભાસતા વિશ્વને પેલેપાર શું હશે, એની વિશાળતાનો અંત કયાં હશે, એના ઉંડાણનો તાગ કયાં હશે, એની ઉત્પત્તિલયમાં કયું તત્ત્વ કામ કરી રહ્યું હશે એની શોધ પાછળ હજારો ભકતો, સંતો અવતારો કે પયગમ્બરોએ પોતાનું સમગ્ર જીવન વ્યતીત કરી નાખ્યું છે તોપણ એનું આંતિરરહસ્ય ઉકેલવા હજુ કોઇ સફળ થયું નથી.

છતાં એ પ્રયત્ન હજુ અટકયો પણ નથી. એક બાજુ આજના વિજ્ઞાનશાસ્ત્રીઓ એનો તાગ લેવા મથી રહ્યા છે, તો બીજી બાજુ વિચારકો અને યોગીઓએ એની સાધના છોડી પણ નથી.

છતાં એ બધાએ પોતપોતાની રીતે એનો ઉકેલ શોધવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. એમાંથી એમને જે નવનવાં સત્યો હાથ લાગ્યા છે એ ઉપરથી સમજાય છે કે કેટલાકોએ પોતાની રીતે સમાધાન મેળવ્યું છે. કોઇએ **अवाङ् मनसाप्यगोचर** 'વાણી અને મનથી પર' કહી મૌન સેવ્યું છે. કોઇએ 'કહી શકયા નહી તે પણ શ્રી ભગવાન જો' કરી ખુલ્લે દિલે નિષ્ફળતાનો એકરાર પણ કર્યો છે. તો વળી કોઇએ અનાદિ અનંત કહી એના પર પડદો પાડયો છે. બુધ્ધે એ કુટસ્થ તત્ત્વ પાછળ માથું ખગાડવા કરતાં માથું જ ન મારવાની સલાહ આપી છે, જયારે મહાવીરે વળી એ બધી વિવાદાત્મક વિચારપદ્ધતિઓમાંથી સુંદર સમાધાન મેળવી લેવાની સુભગ દૃષ્ટિ શિખવી છે.

શાસ્ત્રમાં કહેવાયું છે કે અજ્ઞાનીઓના સો મત અને જ્ઞાનીઓનો એક મત. કલેશ અને દુઃખથી ભરેલા આ તપ્ત જગતમાંથી કોઇ પણ રીતે સમાધાન મેળવી સાચી શાંતિ પ્રાપ્ત કરવી એમાં જરૂર સહુ એકમત છે. પણ જગતનું રહસ્ય ઉકેલવામાં આજના વૈજ્ઞાનિકોની જેમ તેઓ એકમત થયા નથી. જગતના ભૌતિક તત્ત્વોમાંથી જેટલાનું એ શોધન કરી શકયા એનો પ્રત્યક્ષ અનુભવ કરાવી એનો લાભ ઉઠાવવાની કળા શીખવી છે જે અદ્‌ભુત એકરાગતા વિજ્ઞાનીઓએ પ્રાપ્ત કરી છે એવી એ જ્ઞાનીઓએ હજુ સિદ્ધ કરી નથી. એથી તો જ્ઞાનીઓના સો મત અને વિજ્ઞાનીઓનો એક જ મત કહેવાય. અને એ દૃષ્ટિએ જોઇએ તો જે ભવ્ય જ્ઞાનવારસો આપણને પ્રાપ્ત થયો છે તેમાં કોઇ પણ પ્રકારની એકરૂપતા ન હોઇ અવિશ્વાસનીય જ ઠરે.

પણ મૂળ વાત તો એ છે કે એ બધા અનુભવ–જ્ઞાનીઓ જેઓ ભવરોગ ટાળનારા ઉત્તમ વૈદ્યો હતા તેમણે જનતાની નાડ પારખીને જ રોગ મુજબ ઔષધિ આપી હતી.

દેશ, કાળ તથા તે તે યુગના માનવીઓના સ્વભાવ, સમજ, બુધ્ધિ અને શ્રધ્ધારુચિનો ખ્યાલ રાખીને જ એમણે તત્ત્વનિરૂપણ સમજાવવા પ્રયત્ન કરેલો. આથી એમની કથનશૈલી અને વસ્તુનિરૂપણ જુદાં હોય એ સંભવિત છે. પણ ત્યાર બાદ રાગાંધ ભકતોએ પોતાના પ્રિયની આપેલી ઔષધિને જ રોગનિદાન જાણ્યા વિના વાપરવા માંડી અને સહુ પોત પોતાની ઔષધિ જ સર્વરોગહારિ છે એમ પ્રતિપાદન કરવા લાગ્યા. એ ઔષધિથી રોગ મટે છે કે નહિ એ કોઇ આજે વિચારતું નથી. ફકત પિતા અને પિતામહ વાપરતા માટે આપણે પણ વાપરવી એ જ એક માત્ર એમનો મૂઢ જવાબ હોય છે.

રોગ મુજબ ઔષધિ અપાય તેમ મુમુક્ષુઓની ભુમિકા જોઇ ગુરૂઓએ સત્યના માર્ગો શીખવ્યા હતાં. એ માર્ગ દૃષ્ટિ–દર્શન કે 'વાદ' કહેવાતાં આજે સિદ્ધાંત બની યુધ્ધન મેદાન થઇ પડયાં છે. જયાં સુધી એ બધા 'વાદો' વાદવિવાદના અખાડા બની રહેશે અને જયાં સુધી 'વાદ'નો વા આપણા મગજમાંથી નહી મટે ત્યાં સુધી 'વાદ'ના વિવાદો મટવાનાય નથી અને સત્યના માર્ગે આપણે ચડવાનાય નથી.

પણ પ્રશ્ન એ ઉઠે છે કે જે 'વાદો'ના આપણા વારસાગત લોહીમાં થર જામ્યા છે અને જેણે આપણો શ્વાસોશ્વાસ બની સ્વચ્છ પ્રાણવાયુ પુરો પાડયો છે એ 'વાદો'ને કેમ ટાળી શકાય? અને એનાં વિના સત્યનો માર્ગ આપણને જડે પણ કેમ?

જે ઇશ્વરવાદે નમ્રતા અને ભકિત શીખવી આપણને નિર્બંધ બનાવ્યા, જે પુરૂષાર્થવાદે આપણામાં રહેલા અખૂટ શકિતભંડાર આત્મતત્ત્વને બહાર લાવતાં શીખવ્યું, જે બ્રહ્મવાદે જીવમાત્રમાં પોતાને જોતાં શીખવી સમભાવ કેળવ્યો, જે ક્ષણિકવાદે જગતની ક્ષણભંગુરતા બતાવી આપણને વૈરાગ્યભાવ આપ્યો, જે જ્ઞાનવાદે આપણને જ્ઞાનામૃતનાં પાન કરાવી બ્રહ્માનંદ ચખાડયો, જે કર્મવાદે આપણને નિષ્પક્ષ ન્યાય અને સમાનતાનો કાયદો સુણાવી પાપભીરૂ બનાવ્યા, જે કર્મયોગવાદે અસાર જગતને સારરૂપ બતાવી આપણને જીવન જીવવાની કળા શીખવી તેમ જ જે 'નાસ્તિકવાદે' આપણને વેવલા બનતા અટકાવી વ્યવહારદક્ષ બનાવ્યા એ બધા વાદો ભૂલી શકાય એમ નથી. ભૂલી પણ કેમ શકાય? અને જીવનમાં એમનું સ્થાન નથી એમ પણ કેમ કહેવાય!

વાદો ભૂલાય તેમ નથી, ભૂલી શકાય એમ પણ નથી એ સાચું. પણ ભૂલવાનું છે તે એ છે કે એ વાદો એ આત્યંતિક સત્ય નથી, પણ એને પહોંચવા ઉપયોગી થનારી ભિન્ન ભિન્ન જીવનદૃષ્ટિઓ છે, અને તેથી એમની વચ્ચે એમના સાચાખોટાપણા વિષે મારામારી કરવાની જરૂર નથી. સૌ પોતપોતાની મર્યાદામાં અગત્યતા ધરાવે છે એમ સમજી જનતા સહિષ્ણુતા કેળવે અને એનો પણ પ્રસંગે લાભ ઉઠાવવાની કળા હાથ ધરે તો આ જગત જીવવા જેવું બની રહે.

આથી આપણા આત્મવિકાસ માટે કઇ દૃષ્ટિ આપણને જરૂરી છે તે જાણ્યા વિના કોઇ એકાદ ચોક્કસ દૃષ્ટિને આગ્રહપૂર્વક પકડી બેઠેલું આપણું રાગાંધ માનસ જે આપણને વારસામાં મળ્યું છે અને જે પડયું પડયું પ્રસંગ આવે સોડી ઉઠે છે તેને સુધારવાનો એક માત્ર બલાજ આજના ઉગતા બાળકોમાં એ દૃષ્ટિઓનો ઇતિહાસ આપી એને પોતાને કઇ દૃષ્ટિ જરૂરી છે એ નક્કી કરીને એ દૃષ્ટિને પોતાને વારસાગત મળેલા સંસ્કારના ઘાટમાં ઉકેલવાની યા તો એને નવું સંસ્કરણ આપવાની કળા શીખવવામાં રહેલું છે.

પ્રત્યક્ષ અનુભવમાં ઉતરતી વૈજ્ઞાનિક સિદ્ધિઓએ જેમ આપણામાંથી વહેમ અને ચમત્કારના ચમકારાને ઝાંખો પાડયો છે, અને પૃથ્વી પર્યટન અને ભૌગોલિક શાસ્ત્રે જેમ પ્રાચીન કલ્પનાને નિરાધાર કરી મુકી છે તેમ આજના માનવવંશશાસ્ત્ર અને જગતના ઉત્ક્રાંતિના ઇતિહાસમાં જો માનવપ્રગતિ અને વિચારણાનો ઇતિહાસ જે આપણું દર્શનશાસ્ત્ર બન્યું છે તેનો અભ્યાસ ઉમેરવામાં આવે તો આપણામાં પેઢી દર પેઢી પોષાતું ઝેર ધીમું પડી વાદ–સમભાવની ભાવના જાગૃત કરવામાં તેમ જ એનો સદુપયોગ કરી જ્યાં આપણે અટવાઇ રહ્યા છીએ ત્યાંથી ઉત્થાનના માર્ગને મોકળો કરવામાં અગત્યનો ભાગ ભજવે એમ હું માનું છું.

આજના બધા જ આર્ય–અનાર્ય દર્શનોનો ઇતિહાસ માનવવંશશાસ્ત્ર, ઉત્ક્રાંતિવાદ, માનવ ઇતિહાસ અને સમાજપ્રગતિ શાસ્ત્રની દૃષ્ટિએ ઉકેલી શકે એવા–પૂર્વગ્રહ રહિત સ્વતંત્ર વિચારના–જગનામી અભ્યાસકો પાસે સરળ નિબંધ રૂપે ધડાવો જોઇએ. એમાં તુલના–ટીકા કે વિવેચનને સ્થાન આપવાની જરૂર નથી.

ઘરના સંસ્કારો જો ડખલ ન કરે તો સ્વચ્છ મનના વિદ્યાર્થીઓ જ એનો તુલનાત્મક અભ્યાસ કરી જે વિવેચન આપશે તે વધારે સુસ્પષ્ટ, ઉદાર. અને પૂર્વગ્રહ રહિત હોઇ ન્યાયી હશે.

આપ્તજનોના વાકયમાં શંકા ઉઠાવવી એ પાપ છે એવી માન્યતાએ એમનામાં મતાંધતા, રૂઢિજડતા અને સ્વતંત્ર વિચાર કરવાની શકિતને છુંદી નાખવાના જે સંસ્કારો પોષ્યાં છે એને

પ્રેમ અને પ્રતિભા

આખા વિશ્વ ઉપર શક્તિશાળી વ્યક્તિઓ જ સામ્રાજ્ય ભોગવે છે. પણ એ ઉપરથી એમ નથી સમજવાનું કે જેઓ સામ્રાજ્ય ભોગવે છે તે બધા પ્રતિભાશાળી હોય છે. કોઇ સત્તાધીશ યા સેનાધિપતિ બન્યો તેટલા માત્રથી જ તેને પ્રતિભાશાળી કહી શકાય નહિ. સામાન્ય સત્તાધીશો તો માત્ર માનવશરીર ઉપર જ સત્તા ચલાવી શકે છે. તેઓથી માનવી બીએ છે, જ્યારે ખરા પ્રતિભાશાળીથી કોઇ ભય પામતું નથી. આવા પ્રતિભાશાળી પુરૂષો પ્રજાના હૃદય ઉપર સામ્રાજ્ય ભોગવે છે. લોકો મહાવીર કે કૃષ્ણની જય બોલે છે, ગાંધી કે જવાહરની જય બોલે છે, પણ કદીયે કોઇને કોઇ શહેનશાહની જય બોલતાં સાંભળ્યા નથી. એ જ બતાવી આપે છે કે પ્રજાના હૃદય-સિંહાસન ઉપર કોણ બીરાજે છે. સત્તાશાળી કે પ્રતિભાશાળી ? પશુબળથી દુનિયાને વશ કરનારા ઘણા છે, પણ પ્રેમથી પ્રજા-હૃદયને જીતનારા પ્રતિભાશાળી પુરૂષો વિરલ હોય છે.

પ્રતિભા એટલે આત્મજ્યોતિ, અન્તરજ્યોતિ, જ્ઞાનનું તેજ, દિવ્ય પ્રકાશ; એટલે આપણામાં રહેલો પ્રકાશ. આવા પ્રતિભાશાળીઓની સામે સત્તાધીશોના મસ્તક માત્ર નહિં, પણ હૃદયો પણ ઝુકી જાય છે. શ્રેણીક જેવો મહારાજા અનાથી મુનિની સામે નમી પડે છે. શું હતું તેમની પાસે? પહેરવા પૂરાં વસ્ત્ર ન હતાં, કે એક વખતની ખાધા ખોરાકી પણ ન હતી. તો શ્રેણીક કોને નમે છે ? શ્રેણીક નમે છે મુનિની પ્રતિભાને, જીવનની જવલંત જ્યોતિને. મહાવીર તથા બુદ્ધ અને અન્ય અવતારી પુરૂષોને તેમની પ્રતિભાને લીધે જ યુગયુગની વંદના ચાલુ રહી છે.

પ્રતિભાનો અર્થ છે આત્મજ્યોતિ. તે પ્રેમમાંથી પ્રગટે છે, અને તેમાંથી શાન્તિનો અખંડ પ્રકાશ ઝરતો રહે છે. માનવ આ પ્રકાશમાં પોતાની શાન્તિ અનુભવે છે અને એ શાંતિ અર્પનારને-હૃદય જીતનારને પ્રતિભાશાળી પુરૂષ કહે છે. આવી પ્રતિભાથી લોક-હૃદયનાં વિશાળ સામ્રાજ્ય ઉપર તેઓ પોતાના પ્રેમનું શાસન ચલાવે છે.

પ્રતિભાના જનકસ્થાને બીરાજેલ પ્રેમ સર્વ દુઃખનો રામબાણ ઉપાય છે. પ્રેમથી ગરીબોને દિલાસો, નિર્બળને બળ, કાયરને ધૈર્ય, અને નિરૂત્સાહીને ઉત્સાહ આપી શકાય છે. પ્રેમથી મારકાને પોતાનાં બનાવી શકાય છે, બગડેલાને સુધારી શકાય છે, વિખૂટા પડેલાઓને જોડી શકાય છે. પ્રેમથી શું નથી થતું. ? કટ્ટર દુશ્મન પણ દિલોજાન દોસ્ત બની શકે છે.

મહાવીરે ભયંકર ચંડકોષિકને અનુયાયી બનાવ્યો. બુધ્ધે અંગુલીમાલ લુંટારાને સાધુ બનાવ્યો મહાત્માજીનુ જીવન આપણી સામે જીવાયું છે. ઘણા વિરોધીઓને તેમણે પોતાના મિત્ર બનાવ્યાનું આપણે જાણીએ છીએ. આ બધો પ્રેમનો જ જાદુ છે.

પ્રેમની સાધના અતૂટ શ્રદ્ધાને માગે છે. શ્રદ્ધા વિના તે માર્ગે પ્રયાણ કરવું અશકય છે. આજે આપણે બેંકના સેફ ડીપોઝીટ વોલ્ટ્સમાં રૂપિયા મૂકી આવીએ છીએ. આવતી કાલે તે મળશે કે નહીં એવી શંકા કોઇ કરતું નથી. તેમ જ આજે નિર્વૈર થઇ પ્રેમથી આપણે વર્તીએ. એની અસર સમાજ ઉપર થશે કે નહીં એ વિષે સાશંક થવાની જરૂર છે જ નહિ. રસ્તા પરનાં ટપાલના થાંભલામાં કાગળ નાંખીએ છીએ તે વખતે આપણા મનમાં સંપૂર્ણ ખાતરી હોય છે કે અમુક કલાક પછી અમુક સરનામે કાગળ જરૂર પહોંચી જશે. આ ખાતરી માટે ટપાલખાતાની બધી વ્યવસ્થા અને તેમાં કામ કરનાર માણસોની નાગાવળી જાણવાની જરૂર નથી હોતી. તેવી જ રીતે પ્રેમની અસર વિષે આપણને વિશ્વાસ રહેવો જોઇએ.

પ્રેમથી જ વૈર જીતાય છે. અવૈરભાવથી જ વૈરભાવનો અંત આવે છે. વૈરથી વૈર શમતું નથી એ સનાતન સિધ્ધાંત આપણા પૂર્વજો ગાઇ ગયા છે. ભગવાન બુધ્ધે કહ્યું છે કે-**'नहि वेरेण वेराणि, संमंती च कदाचन। अवेरेण च समंति, एस धम्मो सनातनो ॥१॥** ભ. મહાવીરે પણ શત્રુતાનું એક માત્ર ઓસડ મૈત્રી જ બતાવ્યું છે. અને મહાત્મા ગાંધી તેમના જીવન અને ઉપદેશ વડે શું એ જ નથી બતાવી ગયા ?

કલકત્તાના ઉપવાસોના પરિણામરૂપે ગુંડાઓએ ગાંધીજીના ચરણમાં હથીયારો મૂકી દીધાં. દુનિયાની સૌથી મોટી સલતનત પણ જે ન કરી શકત તે તેમણે કર્યું. કોઇ પણ સત્તા ગુંડાઓને મારી શકત, પણ તેમનું મન પવિત્ર બનાવી હથીયાર મૂકાવવાનું કામ પ્રચંડ સત્તાથી કદિ પણ ન જ થાત. ગાંધીજીએ આ કામ કઇ શક્તિ વડે કર્યું તે કહેવાની જરૂર રહેતી નથી.

ભ. ઇસુએ પોતાના ગિરિપ્રવચનમાં ઉપદેશ્યું છે કે—'Love your enemy' 'તમારા શત્રુ ઉપર પ્રેમ કરો.' 'Bless them that curse you.' 'શાપ આપનારને આશીર્વાદ આપો.' પાપીઓ તરફ તિરસ્કારની નજરે નહિ પણ કરૂણાની નજરે જુઓ. જુલ્મીનું બુરૂં નહિ પણ ભલું ઇચ્છો.

૨૯-૧-૪૮ એટલે ગાંધીજીના અવસાનને આગલે દહાડે એક અંગ્રેજ મહિલાએ મહાત્માજીને પૂછ્યું કે-"અમેરીકાને એટમ બોમ્બો બનાવવાનું છોડી દેવાની સલાહ તમે આપો ખરા ?" તેમણે કહ્યું "બેલાશક, આજે સ્થિતિ એવી છે કે યુધ્ધનો અન્ત મોટી આપત્તિમાં આવ્યો છે. યુદ્ધમાં ખુદ વિજય મેળવનાર પક્ષ હાર્યા અને સત્તાના લોભની ભાવનાના જોર આગળ હારી બેઠા છે. ત્રીજા યુધ્ધને માટે લોકોનાં માનસ તૈયાર કરવાનું કામ શરૂ થઇ ચૂક્યું છે. અને એ યુધ્ધ પાછળના કોઇ પણ યુધ્ધના કરતાં વધારે મોટી આફતરૂપ નીવડે એવો પૂરો સંભવ છે.

"અહિંસા એટમબોમ્બનાં કરતાં કેટલું યે વધારે જોરાવર શસ્ત્ર છે ? અરે બુદ્ધ હીરોશીમાં જેના પર એટમબોમ્બનો પ્રયોગ અમેરીકાએ કર્યો તે શહેરના લોકો પોતાના દિલમાં ઇશ્વર પ્રત્યેની પ્રાર્થના પોતાના પર જુલ્મ ગુજારનાર પ્રત્યે શુભેચ્છાની લાગણી રાખી હજારોની સંખ્યામાં મરણને શરણ થયા હોત તો જાણે કોઇ ચમત્કાર થયો હોય તેમ એકંદર પરિસ્થિતિનું ઇષ્ટ રૂપાંતર થઇ જાત."

મહાત્માજીના આ અને આવા બીજા ઘણાં લખાણો અને ઉપદેશો પરથી એ સ્પષ્ટ દેખાય છે કે નિર્વૈર બની પ્રેમ અને શુભેચ્છાથી શત્રુને મિત્ર બનાવી શકાય છે. અને એવું તેમણે જીવી પણ બતાવ્યું છે. આફ્રીકાની જેલમાંથી જનરલ સમટ્સને પોતે હાથે બનાવીને ચંપલ ભેટ મોકલ્યા અને પ્રેમની એ નાની સરખી કૃતિ કારણે જેમની સામે મહાત્માજી લડતા હતા અને જે જનરલ સ્મટ્સ મહાત્માજીને પોતાના વિરોધી સમજતા હતા તે જ મહાત્માજીના

સ્થાને સ્વતંત્ર વિચારશક્તિ, ન્યાયદર્શન, ઉદારતા, પરમતસહિષ્ણુતા અને સ્પષ્ટ મન્તવ્ય રજુ કરવા જેટલી નૈતિક હિંમત જાગૃત થશે અને હૃદય, બુદ્ધિ અને તર્કની પણ શુદ્ધિ થશે. આ પ્રજાજાગૃતિના યુગમાં આપણા વિદ્યાર્થીઓ પાસેથી આવી આશા રાખીએ તો તે વધારે પડતી નથી.

જો આ કાર્યમાં સફળતા પ્રાપ્ત થશે તો આજનું આપણું જીવન જે વાડાબંધી અને પક્ષાપક્ષીથી આજે આપણને છિન્નભિન્ન થયેલું લાગે છે તે પોતાનામાં સર્વને અને સર્વમાં પોતાને સમાવી લેવાની આવડતથી જીવવા જેવું ભર્યું ભર્યું બની રહેશે અને ત્યારે જ આપણે આ મૃત્યુલોક ઉપર સ્વર્ગ ઉતારી શકવા જેટલા ભાગ્યશાળી બનીશું.

રતિલાલ મફતભાઇ શાહ

વિરોધી મટી પૂજારી બન્યા હતા. બાપુની રીતેરમી વર્ષગાંઠ સમયે જનરલ સ્મટ્સે એ પ્રસંગને અનુલક્ષીને જે લખ્યું છે તે તેનામાં પ્રગટેલ પૂજ્યભાવની સાક્ષી પૂરે છે.

I have worn those sandals for many a summer since then, even though I may feel that I am not worthy to stand in the shoes of so great a man. Men like him redeem us all from sense of common placeness and futility and are an inspiration to us not to be weary in well-doing.

ગાંધીજીના અવસાન પછી જનરલ સ્મટ્સ તેમને અંજલી આપતાં કહે છે કે:–"ગાંધીની હત્યાથી મને ઉંડો શોક થયો છે. ગાંધી એ મારા જમાનાના મહાપુરૂષ હતા, અને મારા એમની સાથેના ત્રીશ વર્ષ ઉપરાંતના પરિચયે અમારા મતભેદો છતાં એમના માટેની મારી સન્માનવૃત્તિને ઊંડી ને ઊંડી બનાવી હતી. માનવોમાંથી એ માનવશ્રેષ્ઠ ચાલ્યો ગયો છે." આ બંને અંજલીઓ બતાવે છે કે વિરોધીઓ પણ પ્રેમથી કેવી રીતે વશ થાય છે.

પ્રેમના અર્થની ગેરસમજ ટાળવા માટે એક વિચારક લખે છે કે "પ્રેમ શબ્દ ચિત્તને બહુ મીઠો લાગે છે. અહિંસા અને પ્રેમનો અર્થ એક જ થતો હોય, તોય પ્રેમ મનને વધુ ગમી જાય છે. અહિંસા ભારે લાગે છે, પ્રેમ હળવો ફૂલ જેવો લાગે છે. પણ એ પ્રેમનો અર્થ સમજવામાં આપણે ઘણીવાર ભૂલ કરીએ છીએ. મમતા કે આકર્ષણને આપણે ઘણીવાર પ્રેમ માનવાની ભૂલ કરીએ છીએ. વિશુદ્ધ પ્રેમ સમજપૂર્વકના સ્વાર્પણમાં રહેલો છે. કેટલાક કહે છે કે પ્રેમને જાગૃતિ કે વિવેકબુધ્ધિ સાથે કશો સંબંધ નથી, પણ આ સાચું નથી. વિવેકબુદ્ધિવાળા સ્વાર્પણમાં જ ખરો પ્રેમ રહેલો છે."

પ્રેમને આપણે ત્રિવિધ રૂપે ઓળખી શકીયે. ભક્તિ, મૈત્રી અને કરૂણા. મહાપુરૂષો અને અહિંસાદિ સિદ્ધાંતો પ્રતિનો પ્રેમ ભક્તિને નામે ઓળખાય છે. સમાનો પ્રત્યેનો પ્રેમ મૈત્રી કહેવાય છે, અને પીડિતો તથા દલિતો પ્રત્યેનો પ્રેમ કરૂણાને નામે વર્ણવેલ છે. પણ આ ત્રણેયમાં પ્રેમનું જ અખંડ ઝરણું વહે છે. આવા ત્રિવિધ પ્રેમની સાધનાથી જ માણસ પ્રતિભાશાલી બની શકે છે.

પ્રેમના આ ત્રણે અંગો અવિભાજ્ય છે. જેનામાં મૈત્રી અને કરૂણા ન હોય અને જો તે ઇશ્વરનો ભકત હોવાનો દાવો કરે તો સમજજો કે તે ભક્તિ નથી પણ ભક્તિનો આભાસ માત્ર છે. જે નિર્વૈર બની પોતાના ભાઇઓને ચાહી ન શકતો હોય, તે ઇશ્વરને કેમ ચાહી શકે ? જેને પીડિતો પ્રતિ અનુકંપા કે કરૂણા નથી તેનામાં ઇશ્વર પ્રતિ ભક્તિ કેવી રીતે પ્રગટે ? માનવપ્રેમ દ્વારા જ પ્રભુ પ્રગટે છે. માનવસેવા દ્વારા જ પ્રભુની સાચી ભક્તિ થઇ શકે છે.

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે–**अहं सर्वेषु भूतेषु भूतात्मावस्थितः सदा। तमवज्ञाय मां मर्त्याः कुरुतेऽर्चाविडम्बनम्॥**–"હું પ્રાણી માત્રમાં એના આત્મારૂપે સદા વસુ છું, તેની અવજ્ઞા કરીને માણસ પૂજા કરે છે તે પૂજા નહિં પણ પૂજાની વિડમ્બના માત્ર છે."

માણસ ભૂખે મરે છે અને ઇશ્વર આગળ ભોગ તથા અન્નકુટના ઢગલા થાય છે. ફૂલ જેવા કુમળા બાળકોને દૂધનો છાંટો નથી મળતો ત્યારે ભગવાનને દૂધના અભિષેક થાય છે. માણસો ફૂટપાથ ઉપર સુવે, અને ભગવાન માટે લાખોના મંદિરો બનાવાય. માનવમાં ચૈતન્યરૂપે રહેલા ઇશ્વરની અવગણના કરીને ઇશ્વરની કરેલી પૂજા સાચી પૂજા ન જ ગણાય.

ભ. બુધ્ધના જીવનનો એક પ્રસંગ છે. એક સમયે ભ. બુધ્ધે અને આયુષ્યમાન આનંદે રોગથી પીડાતા અને મળ–મૂત્રથી ખરડાયેલા એક ભિક્ષુને જોયો. તેની સારવારમાં કોઇ અન્ય ભિક્ષુક ન હતા. ભ. બુધ્ધ અને આયુષ્યમાન આનંદે તેને સ્વચ્છ કર્યો, અને સ્વચ્છ બિછાનું કરી બંનેએ ઉપાડી તેને સુવાડયો. એ પ્રસંગને અનુલક્ષીને ભ. બુધ્ધે ભિક્ષુઓને કહ્યું–"પેલા વિહારમાં પડેલા સાધુની સેવા કોઇ કેમ કરતું નથી ? જેને મારી સેવા કરવી હોય તેને રોગી તથા પીડિતોની સેવા કરવી." કહેવાનો આશય એ છે કે કરૂણા વગર ખરી ભક્તિ સંભવતી જ નથી.

આ રીતે મહાન સિધ્ધાંતો પ્રતિનો આદર, શત્રુઓ પ્રત્યે મૈત્રી, પાપી અને પીડિતો, દલિત અને દુરાચારીઓ પ્રતિ કરૂણા એ ત્રિવિધ પ્રેમ જ પ્રતિભાને જન્માવે છે.

પ્રકાશ આવતાં જ અંધારૂં અદૃશ્ય થાય છે તેમ હૃદયમંદિરમાં પ્રેમ પ્રગટતાં જ હિંસા, દ્વેષ, વૈરનું નિમિર નાશ પામે છે કબીરજીએ એક સ્થળે કહ્યું છે કે—ભૂલો તથા દ્વેષો એ હૃદય દ્વાર ઉપર જડાયેલા તાળાં છે. પ્રેમ એ તાળાંઓને ઉઘાડવાની કુંચી છે. પ્રેમ કુંચીથી તાળાં ખુલે એટલે અનંત શક્તિનો ખજાનો બહાર આવે છે.

આવા પ્રેમનું મૂળ ત્યાગ અને સમર્પણમાં છે. બીજાને માટે સર્વસ્વ હોમી દેવું એ જ એનું સૂત્ર છે. આવો પ્રેમ કેળવવાથી પ્રતિભા મેળવી શકાય છે, અને એ જ પ્રતિભા પ્રજાહૃદય પર સામ્રાજ્ય ભોગવે છે. આપણે આવો પ્રેમ કેળવવા પ્રયત્નશીલ થઇએ તેમાં જ આપણું જીવન–સાફલ્ય છે.

મહાસતી ઉજ્જવળકુમારી

આગામી મહાગુજરાત રાજસ્થાન પ્રજાસંમેલન

એપ્રીલ માસની ૧૭–૧૮ તારીખે મુંબઇમાં વસતા કચ્છ કાઠિયાવાડ તથા ગુજરાતનાં રાજસ્થાનોના પ્રજાજનોનું એક સંમેલન યોજવામાં આવ્યું છે. આજે કચ્છ કાઠિયાવાડ અને ગુજરાતનાં દેશી રાજ્યો ઉત્તરોત્તર વિસર્જીત થઇ રહ્યાં છે તે ક્રમશઃ ગુજરાતી ભાષા બોલતા સર્વ વિભાગોનું એકમ સર્જવાની શક્યતા ઉભી થઇ રહી છે. આવા મહત્વના પ્રસંગે મુંબઇમાં વસતા મહાગુજરાતનાં પ્રજાજનો એકઠા થાય, નવા નિર્માણ થઇ રહેલા ભાવીનો વિચાર કરે અને મહાગુજરાતનાં ભાવી સ્વપ્નોને અંતરાયરૂપ બની રહેલા પ્રત્યાઘાતી તત્વોને દૂર કરવાને લગતા ઉપાયો યોજવામાં આવે તે હેતુથી પ્રસ્તુત મહાગુજરાત રાજસ્થાન પ્રજાસંમેલન યોજવામાં આવ્યું છે. આ સંમેલનમાં પ્રમુખસ્થાને મહાગુજરાતનાં મહાન સ્વપ્નદૃષ્ટા શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુન્શીની વરણી કરવામાં આવી છે. આ સંમેલનનાં અનુસંધાનમાં બન્ને દિવસોએ રાત્રે મનોરંજક કાર્યક્રમ ગોઠવવામાં આવનાર છે, તે વખતે કચ્છ કઠિયાવાડ તથા ગુજરાતનાં લોકસાહિત્યનાં વિશિષ્ટ સ્વરૂપનાં ગીત ગાયન ગરબા તથા રાસ દ્વારા પરિચય કરાવવામાં આવશે.

આ ઉપરાંત ૧૭ મી તારીખે કાઠિયાવાડ પ્રજામંડળ તરફથી સૌરાષ્ટ્રના પ્રથમ પ્રધાનમંડળનો એક ભવ્ય સન્માનસમારંભ પણ ગોઠવવામાં આવ્યો છે.

પ્રસ્તુત સંમેલનનાં સ્વાગત સભ્યોનું લવાજમ રૂા. ૫, પ્રતિનિધિનું રૂા. ૩ અને પ્રેક્ષકનું રૂા. ૨ રાખવામાં આવેલ છે. મહાગુજરાતવાસી સૌ કોઇ રાજસ્થાની ભાઇબહેનને આ સંમેલનમાં રસપૂર્વક ભાગ લેવા પ્રાર્થના છે. **પરમાનંદ**

લગ્નપ્રસંગે રૂા. ૫૧૦૧નું દાન

જસદણવાસી શ્રી. શિવરાજ જુગરાજ લંકડે તેમની ભત્રીજી શ્રી. કમતાકુંવરના લગ્ન પ્રસંગ નિમિત્ત પ્રબુદ્ધ જૈનને રૂ. ૧૧) ભેટ મોકલ્યા છે જે સાભાર સ્વીકારવામાં આવે છે. આ પ્રસંગે તેમણે જુદી જુદી સંસ્થાઓને કુલ રૂ. ૫૧૦૧ અર્પણ કર્યા છે જે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

તંત્રીઃ પ્રબુદ્ધ જૈન

મંગળમૂર્તિનો સ્વૈરવિહાર

(ગતાંકથી ચાલુ)

વ્યોમવિહાર

હવે હું કયાં ફરું છું તેની થોડી વિગતો જણાવું. ખાસ કરીને તો પવિત્ર પંચતીર્થની અને ચાર પવિત્ર નદીઓની હું યાત્રા કરું છું અને તે ઉપરાંત જુદા જુદા પર્વતોના શિખરો ઉપર આવેલ દેવસ્થાનોનાં દર્શન કરું છું તેમજ નવ ખંડમાં આવેલ જાણીતા પર્વતો તેમજ નદીઓના પ્રદેશો ઉપર પણ ફરી વળું છું. નવ ખંડની બહાર અથવા તો જ્યાં માણસોએ આજ સુધીમાં કદી પગ પણ મૂકયો નથી તેવા સ્થળોમાં જવાનો હું વિચાર કરતો નથી, હિમાલય કે ચીની સમુદ્રના દશ લઘુદ્વીપો અને ત્રણ મહા-દ્વીપો કે જે ચીની મહારાજ્યની બહાર આવેલા છે ત્યાં પણ જવાનો હું મનોરથ કરતો નથી, કારણ કે ત્યાં બધે ફરી વળવા માટે તો પાંખો જોઇએ. સરોવરો અને નદીતટ ઉપર વિચરતા વિદ્વાન લોકોનો તેમજ પર્વતની ગુફાઓમાં વસતા નિવૃત્તિપરાયણ મહાત્માઓનો પરિચય હું શોધતો રહું છું. હું માનવદેહધારી હોઇને લોકોત્તર આત્માઓનો સમાગમ થવાની આશા ધરતો નથી.

ઉંચા ઉંચા પર્વતોમાં આવેલ પંચતીર્થની યાત્રા કરતાં કરતાં ઉર્ધ્વલોકમાં પ્રવેશ કરું છું અને ચાર મહાસાગરની પેલે પારે મારી દૃષ્ટિ દોડે છે. પૃથ્વીતળ ઉપરની શિખરમાળાઓ ગોકળગાય જેવી લાગે છે; નદીઓ આમતેમ વળ ખાતી રૂપેરી પટ્ટી જેવી દીસે છે અને વૃક્ષો નાનાં નાનાં ટપકાં જેવાં દેખાય છે. આકાશગંગા મારી બાજૂએ જ વહેતી નજરે પડે છે; સફેદ વાદળો મારી બાંયમાં દાખલ થઇ જતાં હોય એમ લાગે છે. હવા ફેલાવતા ગરુડો ખાસ હાથવેંતમાં જ આમતેમ ઉડતા હોય છે અને સૂર્ય અને ચંદ્ર મારાં કપાળ સાથે અથડાઇને આગળ ચાલી જાય છે. અને પર્વતના અધિષ્ઠાતા દેવતાઓ ચમકી જાય એટલા માટે જ નહિ પણ સિંહાસન ઉપર આરૂઢ થયેલા જ્યોતિઃસ્વરૂપ ભગવાન રખેને સાંભળી ન જાય એ ચિન્તાથી હું બહુ ધીમા અવાજે બોલું છું. જેના વિશાળ અવકાશમાં નાનું સરખું પણ રજકણ જોવામાં આવતું નથી એવું સ્વચ્છ, નિર્મળ આકાશ મારી ઉપર બિરાજે છે, જ્યારે મારી નીચે અમને ખ્યાલ પણ ન આવે તેમ વરસાદ, વીજળી, ગગડાટ અને વાવાઝોડાંનાં તોફાનો ચાલતાં હોય છે, અને મેઘ-ગર્જનાનો અવાજ બાળકના બબડાટ જેવો માત્ર સંભળાય છે. આ વખતે ઝળહળતા પ્રકાશથી મારી આંખો આંજી બની જાય છે અને મારો આત્મા પાર્થિવ મર્યાદાઓ તોડીને ઉડી રહ્યો હોય અને દૂર દૂરના અગમ્ય પ્રદેશો તરફ ધસડી જતા વાયુમંડળ ઉપર સવારી કરી રહ્યો હોય અને કયાં જવું તેની જાણે કે કશી સૂઝ પડતી ન હોય એવો અનુભવ કરે છે. અથવા તો જ્યારે સૂર્ય અસ્તાચળ પાછળ અલોપ થવાની અણી ઉપર હોય છે અને પૂર્વ ક્ષિતિજને કિનારે ચંદ્રનો ઉદય થવાની તૈયારી હોય છે, ત્યારે વાદળો ઉપર સંધ્યાના રંગ ખીલી ઉઠે છે, લાલ-ભૂરા-લીલા અને ગુલાબી રંગની રંગછાયા આખા આકાશને ભરી દે છે અને દૂર તેમ જ નજીકનાં ગિરિશિખરો રંગબેરંગી શોભી રહે છે, અથવા તો વળી મધ્યરાત્રિએ મંદિરનો ઘંટારવ અને વાઘની ગર્જના સંભળાય છે; પવનની સુસવાટ કરતી લહરી મારા શરીરને સ્પર્શીને ચાલી જાય છે; મુખ્ય મંદિરનું દ્વાર ખુલ્લું હોઇને હું ઉભો થઇને, વસ્ત્ર સરખાં કરીને બહાર આવું છું તો માથા ઉપર ચંદ્રને આકાશમાં લટકતો જોઉં છું; છેલ્લે છેલ્લે પડેલો બરફ પર્વતના ઢોળાવ ઉપર હજુ એમ ને એમ પડયો છે, રાત્રિ અસ્પષ્ટ શ્વેતતાને ધારણ કરી રહી છે અને દૂર દૂરના પર્વતોની આછી આછી રેખાઓ નજરે પડે છે. આ ઘડીએ મારું શરીર શીતળ હવાથી ઠંડુ ઠંડુ થઇ જાય છે અને દેહની સર્વ વાસનાઓ લય પામી ગઇ હોય એમ લાગે છે અથવા તો એ પવિત્ર ગિરિરાજોના અધિષ્ઠાતા દેવ પૂર ભભકામાં બેઠા હોય અને નીચલી કોટિના દેવતાઓના નમસ્કાર ઝીલતા હોય એવો અમને ભાસ થાય છે. પારવિનાની ધજાઓ અને છત્રો લટકી રહ્યાં છે અને વાતાવરણ શરણાઇ, ઢોલ, અને ઘંટાઓના નિનાદવડે ભરચક ગાજી રહ્યું છે; વાદળ અને ધુમ્મસથી અવારનવાર ઢંકાઇ જતો રાજમહેલ ઘડી દેખાય છે અને ઘડી અદૃશ્ય થાય છે; ઘડીકમાં નજીક લાગે છે અને ઘડીકમાં દૂર હોય એમ ભાસે છે. એ સ્વર્ગીય સંગીત સાંભળવાનો આનંદ ખરેખર અવર્ણનીય છે અને અવારનવાર જોસભેર વહેતી ઠંડી પવનલહરીઓ આ સંગીતમાં શા માટે અન્તરાય નાખ્યા કરતી હશે એ સમજાતું નથી.

આ પાંચ પવિત્ર ગિરિરાજ ઉપરાંત ત્યાં બીજા પણ અનેક સુવિખ્યાત પર્વતો તેમ જ પાર વિનાનાં પવિત્ર તીર્થધામો છે. આ પર્વતો અને તીર્થધામોમાં પરીઓની અને જુદા જુદા દેવોની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. પગમાં પાવડી પહેરીને તેમ જ હાથમાં વાંસની લાકડી લઇને મારી શક્તિ પહોંચે તેટલાં સ્થળોની હું મુલાકાત લઉં છું. હું કોઇ પવિત્ર ઝરાનું અમૃતમધુર પાણી પીઉં છું, અમુક મંદિર કયા દેવનું છે એ વિશે પૂછપરછ કરું છું, જળના ઘડા ભરી આવું છું અને 'પાઇન' વૃક્ષ ઉપર પડેલાં ઝાકળનાં બિન્દુઓ એકઠાં કરીને તેનું હું પાન કરું છું. જ્યારે કોઇ તીવ્ર ચડાણવાળી ટેકરી પાસે હું આવી ચડું છું અથવા તો જ્યાં કોઇ દિવસ કોઇ પણ માનવી ટોચ ઉપર જવા પામ્યો જ ન હોય એવા કોઇ આકાશચુંબી ગિરિશિખર પાસે હું જઇ પહોંચું છું, ત્યારે દોરડાની મદદ વડે હું ટોચ ઉપર પહોંચી જાઉં છું. કોઇ ભાંગેલા પુલ પાસે કે કોઇ જરીપુરાણા દરવાજા પાસે પહોંચું છું ત્યારે કશા પણ ભય સિવાય તેમાં હું દાખલ થાઉં છું, અથવા તો જેનો છેડો દેખાતો નથી એવી અને ઉપરના ભાગમાંથી નાનું સરખું કિરણ અંદર દાખલ થતું હોય છે એવી વિશાળ ગુફાના દરવાજા આગળ આવી પહોંચતાં કોઇ 'ટેઓ' સંપ્રદાયના ઋષિમુનિનાં દર્શન થશે, અથવા તો કોઇ દિવ્ય ઔષધિઓ હાથ લાગશે અથવા તો સ્વર્ગે ગયેલા ટેઓ સાધુઓના દેહાવશેષો મળી આવશે એ આશાએ બત્તી સળગાવીને નિર્ભયપણે એ ગુફામાં હું દાખલ થાઉં છું.

એવી જ રીતે હું અનેક સુવિખ્યાત નદીઓ અને સરોવરો ઉપર પણ ફરી વળું છું. આની અંદર માછલીઓ, મગરમચ્છો અને જળદેવતાઓ રહેતા હોય છે. જ્યારે હવા શાન્ત હોય છે અને સરોવરનો સ્તબ્ધ જળપટ અવિચળ જેવો દેખાય છે ત્યારે અમે જાણીએ છીએ કે માથા ઉપર મણિને જેણે ધારણ કર્યો છે તેવો શેષનાગ શાન્તિથી નિદ્રાધીન થયેલ છે. જ્યારે નિર્મળ ચંદ્ર પ્રકાશી રહ્યો હોય છે અને આકાશ અને પાણી એકરૂપ બની ગયેલાં દેખાય છે ત્યારે અમને ખબર પડે છે કે શેષનાગની રાજકન્યા અને નદીની રાણી હાથમાં બંસી ધારણ કરીને અને ઝીણાં જાળીવાળાં મુલાયમ વસ્ત્રોમાં સુસજ્જિત થઇને, જળલહરી ઉપર પૂરા ઠાઠમાઠથી ચાલી રહેલ છે. આ સવારી થોડો વખત દેખાય છે અને પાછી અલોપ થઇ જાય છે. અરે એ વખતે બધે કેવી અમાપ શીતળતા વ્યાપી રહી હોય છે! અથવા પવનનું તોફાન ઉઠે છે અને ડુંગરા જેવડાં મોજાંઓ ઉછળવા લાગે છે અને અમને માલૂમ પડે છે કે ચીચી જાતનું દેવતાઇ પક્ષી ખૂબ ક્રોધે ભરાયું છે. એ વખતે આખી પૃથ્વી આમથી તેમ ઝોલાં ખાય છે અને અમારું પાર્થિવ નિવાસ-સ્થાન કંપવા અને ડોલવા લાગે છે અને ચેંગ નાગનો વૃદ્ધ નાગરાજ પોતાનાં નવ બાળકોને લઇને સ્વર્ગ ઉપર ધસી આવતો હોય એવો અમને ભાસ થાય છે. એ દૃશ્ય કેટલું બધું અદ્‌ભુત હોય છે!

અથવા તો જો કોઇ રૂપરાણી અપ્સરાઓ જોવી હોય તો હેંગઆન ઉના પશ્ચિમ સરોવર ઉપર જવું. ત્યાં શાહજાદી લાહુઆ પૂરા રૂઆબમાં શણગાર સજતી આપણી નજરે પડે છે. જ્યારે પોયણાં ખીલી રહ્યાં હોય છે, અને વિકસિત શતદલ કમળો ઉપર મધુર પ્રભાતનો મંદ તાપ પ્રસરી રહ્યો હોય છે અને ન કળી શકાય એવી સુવાસ આખા સ્થાનમાં ફેલાઇ રહી હોય છે ત્યારે પીચું અને હોય નામની અપ્સરાઓ પોતાના સ્નાનાગારમાંથી બહાર આવતી આપણને દેખાય છે. જ્યારે આકાશ સ્વચ્છ હોય છે અને સૂર્ય પ્રકાશતો હોય છે, અને બધું સુવ્યવસ્થિત અને સુન્દર લાગતું હોય છે અને લાલ ગિનારાના ઝરખાઓમાં લોકો મોજથી ફરતા હોય છે અથવા તો સાંજને વખતે સરોવરમાં નૌકાવિહાર કરતા હોય છે ત્યારે જાણવું કે રાણી ગેંગકમીરી પ્રસન્નતાના પૂરબહારમાં ઉડી રહી છે. જ્યારે ધુમ્મસ અને વરસાદ સરોવર ઉપર ટમટમી રહ્યાં હોય છે અને પર્વતમાળાનો ભૂખરો રંગ વારંવાર અણધારી રીતે બદલાયા જ કરે છે ત્યારે ખૂબ આનંદ આનંદ લાગે છે, કારણ કે ત્યારે માલૂમ પડે છે કે 'વુ' રાજ્યની રાણી શીશીહ હેમગિરિ પર્વતની લતાકુંજોમાં અપ્સરાવૃંદ સાથે વિશ્વભરમાં આનંદની ઉર્મિઓ પ્રેરતો વિરાટ રાસ રમી રહી છે."

પાછા દુનિયા ઉપર

પછી મંગળમૂર્તિ સીલીંગના છ પુલો પાસે થઇને પસાર થાય છે અને ટીપેન્યુ અને લીંગચીઓના ગઢોમાં ફરતાં ફરતાં કેટલાક પુરાણવિદ પંડિતોને મળે છે અને ત્યાંથી બહાર આવીને વાદળથી છવાયેલી કોઇ પથ્થરની ગુફામાં ટીંગ નામના જંગલી ચકોર પક્ષીની તલાસ કરે છે. ત્યાંથી આગળ ચાલતાં મંગળમૂર્તિએ જ્યાં એક વખત સામયિક પ્રવ્રજ્યા ગ્રહણ કરેલી અને જ્યાં દયાની દેવીનું મંદિર ઉભું કરવામાં આવ્યું છે તે ઓઓયીન (પૂ ટૂ) નામના ગઢ સમીપ આવીને ઉભો રહે છે. મંગળમૂર્તિ ત્યાં કેટલાંક કમળ તોડીને એકઠાં કરે છે અને સામે દેખાતા મહાસાગર સામે નજર ફેંકે છે. અરે! આ આનંદ શું અસાધારણ કોટિનો નથી?

અને એ રીતે ભ્રમણ કરતાં કરતાં હળવે દિલે અને મોકળે મને મંગળમૂર્તિ ચાલ્યા જ કરે છે અને દશ હજાર લી (માઇલ જેવું કોઇ ચોકકસ અંતર) પગપાળા કાપે છે. અને જ્યારે તેનું મન કોઇ પ્રદેશ ઉપર ફરે છે ત્યારે ને સ્થળે દશેક દિવસ રોકાઇ જાય છે.

(કોઇ મંદિરમાં) તે પદ્માસન વાળીને ત્રણ તત્ત્વ ઉપર સ્થાપિત મેળવવાના હેતુથી સમાધિ લગાવીને બેસે છે. પાંચ હજાર શબ્દોથી ભરેલો ટુટેચીંગ નામનો આગમ ગ્રંથ–શું તેમાં પ્રરૂપેલું તત્ત્વજ્ઞાન ગૂઢ અને અદ્‌ભુત નથી? ટેઓ સંપ્રદાયના આગમ ગ્રંથોથી ભરેલી સોને મઢેલી પેટી–તે શું તદ્દન વિનાશ પામેલ છે કે હજુ શોધતાં જડે તેવો સંભવ છે ખરો? જડ પથ્થરમાં કોરેલો પુસાંગનો ગ્રંથ–તે કયાં છે તે વિશે આસપાસ રહેતા માણસોને શું તે નહિ પૂછે? યીન્ફુના બે ગ્રંથો–તેમાંનું રહસ્ય શું તે બરોબર સમજી ચૂકેલ છે? સર્વશ્રેષ્ઠ નિયન્તા તેની બુદ્ધિને દોરે છે અને બુદ્ધ તેની પ્રજ્ઞાને માર્ગદર્શન આપે છે. પરિવર્તનશીલ સંસારનું રહસ્ય સમજવાની કોશિશ કરતા અને સમાધિસ્થ બનેલા ત્યાં અનેક માનવીઓ જોવામાં આવે છે.

તે મંદિરમાં ઝળહળતું ભામંડળ ધારણ કરતી ભગવાન બુદ્ધની ભવ્ય સુવર્ણમૂર્તિ શોભી રહી છે, મીણબત્તીઓ પ્રકટાવવામાં આવી છે અને ધુપની ધુમ્રશિખાઓ ચોતરફ સુવાસ ફેલાવી રહી છે. અને ત્યાં ટેઓ સંપ્રદાયના કે બૌદ્ધ સંપ્રદાયના સાધુઓ પોતપોતાની સાદડી ઉપર બેઠા બેઠા ચા પીતા હોય છે અને ફળ ખાતા હોય છે અને સાથે સાથે ધર્મશાસ્ત્રોના ગહન ગ્રંથોનું અધ્યયન કરતા હોય છે. થોડી વાર પછી જ્યારે તેઓ અધ્યયનથી કંટાળે છે ત્યારે પ્રાણાયામ કરીને સમાધિમાં પ્રવેશ કરે છે. એ રીતે સમાધિમાં લાંબો સમય પસાર કર્યા બાદ તેઓ ઉભા થાય છે અને વિશ્વ ઉપર જ્યારે અગાધ શાન્તિ પથરાઇ રહી હોય છે ત્યારે વૃક્ષરાજિઓ પાછળ ચળકતા ચંદ્રનું તેઓ નિરીક્ષણ કરે છે. કોઇ એક સંન્યાસી નીચે લાળીલળીને ભગવાન બુદ્ધની મૂર્તિને પ્રણામ કરતો હોય છે અને જેની ઉપર દિવ્યૌષધિઓનો ઉકાળો થઇ રહ્યો હોય છે તે સગડીની બાજુએ ત્યાંનો કોઇ નોકર નિદ્રાધીન પડેલો જોવામાં આવે છે. આવા વાતાવરણ વચ્ચે કોઇ પાર્થિવ વિચારનો આપણા ચિત્તમાં પ્રવેશ સરખો પણ સંભવે શી રીતે?

જ્યારે તે સપાટ વિશાલ પ્રદેશ ઉપર મંગળમૂર્તિ આવી ચડે છે ત્યારે ગરીબ લોકોનાં ઘાસપાંદડાથી છાયેલા અને માટી અને છાણની દીવાલોથી ઢંકાયેલાં ઝૂંપડાંઓ તે જુએ છે. સુસવાટ કરતો પવન ઝૂંપડાઓને વીંધતો વીંધતો જોસભેર વહી રહ્યો છે, અને સુસહ્ય ઉષ્માને ધારણ કરતો સાયંકાળનો સૂર્ય વનરાજિઓને ઉજાળી રહ્યો છે. ગાયો અને ઘેટાંઓ ટેકરીની બાજુએ આવેલા ગામ તરફ પાછા ફરી રહ્યાં છે અને ક્ષુધાતુર પક્ષીઓ ખેતરોમાં ભારે કલરવ મચાવી મૂકે છે. કોઇ એક અસ્તવ્યસ્ત વાળવાળો, ચીંથરેહાલ વૃદ્ધ ખેડૂત મલબેરીના વૃક્ષ નીચે બેઠો બેઠો સૂર્યાતપમાંથી ઉષ્મા મેળવે છે અને કોઇ એક વૃદ્ધ સ્ત્રી પાણીથી ભરેલું માટલું ધારણ કરી રહી છે અને ભોજન પીરસી રહી છે. જ્યારે આસપાસના દૃશ્ય ઉપર એક પ્રકારની ગમગીની છવાઇ રહી હોય છે ત્યારે આપણે કોઇ એક ભવ્ય ચિત્ર જોઇ રહ્યા હોઇએ એવો અનુભવ થાય છે. જો પ્રવાસે નીકળેલ કોઇ 'ટેઓ' સાધકને આવાં દૃશ્યો કેવળ સામાન્ય અને સાધારણ જેવાં લાગે તો તે આવા પ્રવાસ ઉપર બિલકુલ ન નીકળે એ જ વધારે ઇચ્છવાયોગ્ય છે.

માણસોની ભીડ જામી રહી છે અને રસ્તા ઉપર સંખ્યાબંધ બળદગાડીઓ અને ઘોડાઓ આમ તેમ આવતા જતા નજરે પડે છે એવા કોઇ એક મોટા શહેરમાં મંગળમૂર્તિ દાખલ થાય છે અને પરચુરણ માલના વેપારીઓ, કસાઇઓ, ભજનિકો, જોષ જોનારાઓ, કન્જિયે ચડેલા લોકો, જાદૂગરો, પશુપાલકો, જુગારીઓ અને રમતગમતના શોખીનો–આમ તરેહતરેહના લોકોને નિહાળતો તે ગાતે ગાતો ચાલ્યો જાય છે. મંગળમૂર્તિ સૌ કોઇને જોયા જ કરે છે. અને જ્યારે વળી પોતાને ઇચ્છા થાય છે ત્યારે તે કોઇ ખાણાવળમાં દાખલ થાય છે, ઠીક પડે તે ખાય છે અને તે અને તેનો સાથી બન્ને જણા મેજ ઉપર સામસામા બેસીને કદી મદ્યપાન પણ કરે છે. આ રીતે તેઓ જરા ગરમ થાય છે અને 'અમૃતવેલને શોધતા દેવ'નું ભાજન ગાય છે અને ખૂબ સંતુષ્ટ હોય એવા દેખાય છે. આમ મોજ અને આનંદથી ફરતા, ભિક્ષુક જેવા દેખાતા આ બે માનવીઓને જોઇને રસ્તા ઉપરના લોકો વિસ્મય પામે છે અને તેઓ આ કોઇ મનુષ્યદેહધારી દેવો હોય એવી આશંકા કરે છે. થોડી વારમાં તેઓ ત્યાંથી એકાએક અલોપ થઇ જાય છે.

ભવ્ય દરવાજાઓવાળા કોઇ એક મોટા રાજમહેલમાં અમીરો, ઉમરાવો, રાજવીઓ અને મોટામોટા રાજ્યાધિકારીઓ મદ્યપાનની મજા ઉડાડી રહ્યા છે. જડ પથ્થરની રકાબીઓમાં ભોજન પીરસાઇ રહ્યાં છે અને સુન્દર લલનાઓ મેજની આસપાસ જ્યાં ત્યાં બેઠેલી છે. મોટા ભોજનાલયમાં સમુદ્ધવાદ્ય વાગી રહ્યું છે અને તેનો ધ્વનિ ઉંચે આકાશમાં વહી રહેલાં વાદળોને સ્પર્શી રહ્યો છે. એક જૂનો નોકર હાથમાં લાકડી રાખીને દરવાજે ચોકી કરે છે. મંગળમૂર્તિ અન્નની ભિક્ષા માટે સીધો અંદર પ્રવેશ કરે છે. ત્યાં એકત્ર થયેલ મંડળી સામે પોતાની મોટી વિશાળ તેજસ્વી આંખો કાઢીને રૂઆબથી તે જુએ છે અને ખૂમ પાડે છે કે, આ બધો ધોંધાટ બંધ કરો અને 'પુષ્પો ઉપર ઝાકળનાં બિન્દુઓ' નું ગીત ગાતા ટેઓ સંપ્રદાયના સાધુને સાંભળોઃ—

પુષ્પ ઉપરનાં ઝાકળબિંદુ, કેવા આનંદી!
દુશ્મન છે તમ સૂર્ય ઉગે તે, નથી હવા ઠંડી.
નદી વહે છે ઉગમણે, રવગંગા આથમણી,
ખેડૂત ખેડે છે ખેતર ત્યાં હતી હવેલી ઉંચી ઘણી.

ક્ષણભરમાં ભુલાતી ભાવી કીર્તિ થકી તો છે બહેતર,
કે શરાબની સુરાહી સાથે મજા મળી રહે બે દિનભર.
થાય કદી તો કરો મજા!
ચંદરોજ કરી લો મજા!
પુષ્પ ઉપરનાં હિમબિંદુ હે, કેવાં ચમકંતાં!
ટકશો ત્યાં સુધી તો રવિતેજે મોતીશાં ટમકંતાં.
ઝુમી રહેશો અહ જ્યાં કબરો પથરાઇ વેરાને
જ્યાં પવનો રજનીભર સૂસવતા રહેતા તોફાને,
જ્યાં શિયાળાંની ધૂમો ને ધુવડતણી કિકિયારી
ઊંચાં બરફસટ્ટેદ ભયંકર વૃક્ષોમાં રહેતી ઊભરી.
જુઓ, સુરભિભર નદી વહેણમાં પાકલ પર્ણ વહે છે,
જુઓ, ઊંચા મ્હેલો પર શી શેવાળ જાય વળગી છે.
થાય કદી તો કરો મજા!
ચંદરોજ કરી લો મજા!

મંગળમૂર્તિએ પોતાનું ગીત પુરૂં કર્યું કે ત્યાં એકત્ર થયેલાઓમાંથી એક મહેમાન ગુસ્સે થઇને બૂમ પાડી ઉઠે છે કે:–"આપણી મદ્યપાનની મિજલસ ચાલી રહી છે એવામાં આપણા આનંદમાં એકાએક ભંગ કરનાર ટેઓ સાધુ કોણ છે? તેને તિલગુડનો એક લાડુ પધરાવી દો અને રવાના કરો!" મંગળમૂર્તિને લાડુ મળે છે અને ચાલ્યો જાય છે. એટલામાં બીજો મહેમાન પોતાના પરિચારકને કહે છે કે "જલ્દી જા અને તે ટેઓ સાધુને પોતાને બોલાવી આવ!" પહેલા મહેમાને કહ્યું કે "આપણે મદ્યની મોજ ઉડાવતા હતા અને તે તો આપણા આનંદમાં ભંગ કરવાને આવ્યો હતો; તેથી તેને તિલગુડનો લાડુ આપીને રવાના કરવામાં આવ્યો એ બરાબર થયું છે. તું તેને પાછો શા માટે બોલાવે છે?" બીજો અતિથિ જવાબ આપે છે કે "આ ટેઓ સાધુમાં કાંઇક અસાધારણ લાગે છે. તેથી તેને બરોબર નિહાળીને જોઈ શકાય માટે હું તેને પાછો આવવાની વિનંતિ કરવા ધચ્છું છું." પહેલો જવાબ આપે છે; "પણ શા માટે? તે તો કેવળ ભિક્ષુક જ છે. તેનામાં અસાધારણ એવું શું છે? તે તો આપણું એકું જુદું માંગવા આવ્યો હતો." એવામાં એક મહેમાન આ ચર્ચામાં જોડાય છે અને કહે છે કે "તેણે જે ગાયન ગાયું તે ઉપરથી તે કેવળ ભિક્ષુક છે એમ નથી લાગતું." આ જ ક્ષણે લાલ જાળીનો બુરખો જેણે ધારણ કર્યો હતો તેવી એક નર્તકી પોતાની બેઠક ઉપરથી ઉભી થાય છે અને કહે છે કે "મારા નમ્ર અભિપ્રાય મુજબ આ ટેઓ સાધુ કોઇ સ્વર્ગભ્રષ્ટ દેવતા છે. તેની આંખો નમણી વાદળઘેરી છે અને તેનું કપાળ ભવ્ય છે અને તેનો અવાજ ભારે જોરદાર અને ચોખ્ખો છે. તે ભિક્ષુકના વેશમાં છે પણ તેની રીતભાત ઉપરથી તેની પ્રતિભા પ્રકટ થયા વિના રહેતી નથી. તેણે જે ગીત ગાયું તે લાવણ્યથી ભરેલું છે અને ગૂઢાર્થયુક્ત છે, અને આ દુનિયાના માણસો ગાય છે તેવું નહિ પણ સ્વર્ગના ફિરસ્તાઓના ગીતને મળતું છે. એવો કોણ ભિક્ષુક છે કે જે આવું ગીત ગાઇ શકે છે? તે કોઇ દેવતા જ છે અને મર્ત્ય માનવીઓ વચ્ચે છૂપા વેશમાં ફરે છે. તેને જરૂર બોલાવી લાવો, કારણ કે તેનો લાભ આપણે ગુમાવવો ન જોઇએ,"

એક બીજો અતિથિ આ બધું સાંભળીને બોલી ઉઠયો કે 'તે સાધુ વિષે આ બધી શી ચર્ચા ચાલી રહી છે? તેને મદ્યપાન સિવાય બીજી કોઇ ચીજની અપેક્ષા નહિ હોય! તેને પાછો બોલાવી લાવો અને તે આખરે આપણા જેવો જ એક સામાન્ય આદમી છે એમ આપણને બધાને જરૂર માલૂમ પડશે."

લાલ બુરખાવાળી નર્તકીને હજુ પ્રતીતિ પડતી નથી અને જણાવે છે કે "વારૂ, હું તો એટલું જ કહું છું કે અમર આત્માઓનો પરિચય આપણા નસીબમાં જ નથી."

એવામાં લીલા બુરખાવાળી બીજી એક નર્તકી પોતાની બેઠક ઉપરથી ઉભી થઇને કહે છે કે "આપણે સર્વ મળીને એક રકમ એકઠી કરીએ અને હોડમાં બકીએ? એ સાધુને બોલાવો અને જો તે ખરેખર અસાધારણ પુરૂષ માલૂમ પડે તો જેઓ તે અભિપ્રાયના છે તેઓ જીતી જાય અને જો તે એક સાધારણ માણસ છે એમ માલૂમ પડે તો જેઓ તે મુજબનો અભિપ્રાય ધરાવતા હોય તેઓની જીત ગણાય." એ સાંભળીને બધા બોલી ઉઠયા કે "એ વાત કબૂલ છે." પછી એક નોકરને મંગળમૂર્તિને પાછો બોલાવવા માટે મોકલવામાં આવે છે, પણ મંગળમૂર્તિનો કાંઇ પત્તો મળતો નથી. નોકર પાછો આવે છે અને એ મુજબ ખબર આપે છે. એ સાંભળીને પહેલા ગૃહસ્થે કહ્યું કે "મને લાગતું જ હતું કે તે કોઇ સાધારણ માણસ નથી." લાલ બુરખાવાળી નર્તકી નિઃશ્વાસ નાંખીને બોલી કે "ખરેખર આપણે એ ફિરસ્તાને ગુમાવી બેઠાં! હજુ હમણાં જ તે બહાર ગયો અને કયાંનો કયાં અલોપ થઇ ગયો!"

મંગળમૂર્તિ ત્યાંથી હાથમાં લાકડી ફેરવતો ફેરવતો આગળ ચાલ્યો જાય છે અને શહેરની ભાગોળ વટાવીને આગળ જાય છે. એ પ્રમાણે ઉત્તરોત્તર લગભગ બારેક શહેરોની બાજૂએ થઇને તે પસાર થાય છે અને કોઇ પણ શહેરની અંદર પ્રવેશ કરતો નથી. એ પ્રમાણે આગળ ને આગળ ચાલતાં કોઇ એક પર્વતની તળેટીમાં આવેલા શહેરની સમીપ તે આવી ચડે છે. ઉંચા મીનારાઓ ને ગગનચુંબી શિખરોવાળાં ભવ્ય મંદિરો ડોકિયાં કરી રહ્યાં છે અને પેલી બાંજુએ નીચાણમાં એક સુંદર નિર્મળ સરોવર શોભી રહ્યું છે. વસંતના વાયુ વાઇ રહ્યા છે; વૃક્ષોની ડાળીએ ડાળીએ બેઠેલાં જાતજાતનાં પક્ષીઓના કલરવથી આખો પ્રદેશ ગાજી રહ્યો છે અને તરેહ તરેહનાં પુષ્પો ચોતરફ ખીલી રહ્યાં છે. નવાં સુંદર વસ્ત્રોમાં સજ્જ થયેલાં શહેરનાં નરનારીઓ વસંત ઋતુ મહાલવા માટે સુશોભિત વાહનોમાં બેસીને કે બે ડેસવાર થઇને શહેરની બહાર આવતાં નજરે પડે છે. કેટલાક કોઇ વિશાળ વૃક્ષ નીચે મદ્યપાન કરી રહ્યા છે; કેટલીક હરિયાળી જમીન ઉપર સાદડીઓ પાથરીને તે ઉપર લહેરથી પડેલા છે; અને કેટલાક લાલ મીનારા ઉપર ચડી રહ્યા છે; જ્યારે કેટલાક નૌકાવિહાર કરી રહ્યા છે. કેટલાક બબેબબા મિલાવીને આસપાસ ઉગેલાં રંગબેરંગી પુષ્પો નિહાળી રહ્યા છે, જ્યારે કેટલાક હાથમાં હાથ મિલાવીને લોકગીતો લલકારી રહ્યા છે. આ બધું જોઇને મંગળમૂર્તિ ખૂબ પ્રસન્ન થાય છે અને એટલામાં જ કેટલાક વખત સુધી અહીં તહીં ફર્યા કરે છે.

કેટલાક સમય પછી કોઇ એક નિર્મળ–મુખાકૃતિવાળો સુરૂપ યુવાન વિદ્યાર્થી તેની સમીપ આવી ચડે છે. તેણે લાંબું પહેરણ પહેર્યું છે અને તેની આકૃતિ લાવણ્યયુક્ત દીસે છે. મંગલમૂર્તિને નીચો ઢળી નમસ્કાર કરીને તે પૂછે છે; 'અરે સાધુઓ પણ શું વસન્ત માણવા માટે બહાર આવે છે? પેલી નદીની બાજુએ દેખાતા નાના સરખા મીનારાની આગળના ભાગમાં ચેરી વૃક્ષની નીચે મિજબાની માટે આવેલા મારા કેટલાક મિત્રો બેઠા છે તે આખી મંડળી બહુ લહેરી છે તમે અમને તમારા સમાગમનો લાભ આપશો?'

મંગળમૂર્તિ આનંદપૂર્વક તે યુવાનની પાછળ જાય છે અને સુંદર આકૃતિવાળા છ સાત યુવાન વિદ્યાર્થીઓની મંડળી જ્યાં બેઠી છે ત્યાં આવી પહોંચે છે. પહેલો યુવાન વિદ્યાર્થી મંગળમૂર્તિની પોતાના મિત્રોને ઓળખાણ કરાવતાં કહે છે કે 'મિત્રો! આપણે વસન્ત–ઉદ્યાપન અર્થે અહીં આવ્યા છીએ. આ ટેઓ સાધુને હું હમણાં રસ્તા ઉપર જ મળ્યો અને એ કોઇ સાધારણ માણસ નથી એમ લાગવાથી આપણી મિજબાનીમાં ભાગ લેવા માટે મેં તેમને નિમંત્રણ આપ્યું. અને મારા નિમંત્રણને માન આપીને તેઓ અહીં આવ્યા છે." બધા બોલી ઉઠયા: "બહુ સારૂં કર્યું."

ત્યારબાદ સૌ પોતપોતાના નિયત સાસન ઉપર ગોઠવાઇ જાય છે અને મંગળમૂર્તિ મેજને એક છેડે બેસે છે. સૌ કોઇને જોઇએ તેટલું મદ્ય પીરસાઇ રહ્યું છે; દરેક જણ ખૂબ આનંદ અને

મસ્તીમાં આવી જાય છે; અને બધા ખૂબ રસપૂર્વક અને જુદા જુદા દેશના લોકો વિષે અને વિવિધ વિષયો ઉપર વિનોદભરી ચર્ચાઓ કરવા લાગે છે. કેટલાક વસન્તની મહત્તા વર્ણવતાં કાવ્યો રજૂ કરે છે, કેટલાક પુષ્પસંચયને લગતાં ગીતો ગાઇ સંભળાવે છે, કેટલાક રાજદરબારની ખટપટો ચર્ચે છે, કેટલાક જંગલો અને ટેકરાઓના એકાન્ત પરિભ્રમણમાં અનુભવાતા આનંદને વર્ણવે છે. આમ જ્યારે ચોતરફ ચર્ચાની રમઝટ જામે છે અને ઉત્તર પ્રત્યુત્તર અને કટાક્ષોની એકમેક ઉપર ઝડીઓ વરસવા લાગે છે ત્યારે મંગળમૂર્તિ ભાત ચાવતો ચાવતો મૌન ધારણ કરીને બધું જોયા તથા સાંભળ્યા જ કરે છે. આ દરમિયાન પહેલો જુવાન વારંવાર મંગળમૂર્તિ સામે જોયા કરે છે અને કહે છે કે "આપણી સમક્ષ બેઠેલા ટેઓ સંપ્રદાયના ગુરૂ પાસેથી પણ આપણને કાંઇક સાંભળવા મળવું જોઇએ." અને મંગળમૂર્તિ તેને જવાબ આપે છે કે "તમે બધા જે જાત જાતની અવનવી સરસ વાતો કરી રહ્યા છો તે હું બહુ આનંદથી સાંભળું છું. તેમાંની કેટલીક બાબતો તો હું સમજી શકતો નથી. હું તમારી વાતચીતમાં નવું શું ઉમેરી શકું?"

થોડીવાર પછી આખી મંડળી ચોખાના ખેતરમાં ફરવા માટે ઉઠે છે. રસ્તામા કેટલાક કૂવો તોડે છે તો કેટલાક ઝાડની ડાળીઓ ખેંચતા ચાલે છે. આખો પ્રદેશ સૌન્દર્યથી ભરપૂર છે અને જ્યાં જુઓ ત્યાં પ્યુની અને મીવુનાં સુન્દર પુષ્પો ખીલી ઉઠેલાં દૃષ્ટિગોચર થાય છે. પણ મંગળમૂર્તિ તો એ મંડળીને છોડીને ટેકરીની કેડી ઉપર એકલો ચાલી નીકળે છે અને કેટલીયે વાર પછી પાછો ફરે છે. મંડળીમાંનો એક યુવાન પૂછે છે કે "તમે અમને મૂકીને એકલા કેમ ચાલ્યા ગયા?" અને મંગળમૂર્તિ જવાબ આપે છે કે "હું બે મુસંબી અને એક મધ લઇને 'ઓરીઓલ' નામનાં પક્ષીઓને સાંભળવા માટે એકલો ચાલી નીકળ્યો હતો." આ સાંભળીને અન્ય યુવાન કહે છેઃ "તમારી વાતો સાંભળતાં તમે ખરેખર કોઇ અદ્‌ભુત પુરૂષ છો એમ અમારી ખાત્રી થાય છે" અને મંગળમૂર્તિ "મારામાં એવું કશું જ નથી, હું એક સાધારણ આદમી છું" એવો નમ્રતાભર્યો જવાબ આપે છે.

ત્યારપછી આખી મંડળી વળી કોઇ ઠેકાણે આરામ લેવા બેસે છે અને એક જણ કહે છે કે "થોડી કાવ્યપંક્તિઓ રચ્યા સિવાય આવા સુન્દર સ્થળેથી એમ ને એમ ઘેર જવું યોગ્ય નથી." અને બીજો તેને સંમત થાય છે.

કોઇએ પોતાની કવિતા પહેલી બનાવી દીધી છે. તે આમ છેઃ

વર્ષાધોયાં પુષ્પ ખીલ્યાં પ્રકાશે.
પ્યાલો ખાલી હો, રખે તોય ખીજો,
પેલે કાંઠે છે મજાનું જ પીઠું.

બીજાએ તો, કવિતા પૂરી કરી છે, જે આવી છેઃ

મારે રસોડે ગિરિ દે લિલોતરી,
મારે ઘરે ઉડતી શીકરો ઝીણી.
આજે વસંતે નહિ મધ જો પીઓ
આવ્યો ઘડીમાં જ ગણો શિયાળો!

બીજા ત્રણ જણાએ પોતાની કાવ્યરચનાઓ રજૂ કર્યા બાદ મંગળમૂર્તિને પોતાની કૃતિ રજૂ કરવા નિમંત્રણ આપવામાં આવે છે. તે ઉભો થાય છે અને પોતાની મુઠ્ઠી બંધ કરતાં, મિત્રોના આગ્રહને વશ થઇ નીચેની કવિતા નિવેદિત કરે છેઃ

રેતી તટે હું ઘૂમતો રહું છું,
સુનેરી જ્યાં મેદ્ય, સલિલ સ્વચ્છ.
ભસી રહે ત્યાં ચમકી ઉઠેલા,
શ્વાનો પરીલોક તણા અને થતા
નિકુંજવાસો મહીં ત્યાં અદૃશ્ય.

મંગળમૂર્તિનું કાવ્ય સાંભળીને આખી મિત્રમંડળી આશ્ચર્યમુગ્ધ બને છે અને પોતાના સ્થળ ઉપરથી ઉભા થઇને મંગળમૂર્તિને ફરતી ફરતી પ્રણામ કરીને કહેવા લાગે છે કે 'આપના જેવા સાધુ પુરૂષ પાસેથી આવી દિવ્ય વાણી અમને સાંભળવા મળી એ અમારૂં કેવું સદ્‌ભાગ્ય! અમને લાગ્યું જ હતું કે આપ એક અસાધારણ પુરૂષ છો.' અને પછી આખી મંડળી તેની આસપાસ વીંટળાઇ વળે છે અને તેનું નામઠામ પૂછવા લાગે છે, પણ મંગળમૂર્તિ કશો પણ જવાબ આપ્યા સિવાય માત્ર સ્મિત જ કરે છે. એ બધાં ખૂબ ખૂબ આગ્રહ કરે છે ત્યારે મંગળમૂર્તિ કહે છે કે 'મારૂં નામ તમે બધા શા માટે જાણવા ઇચ્છો છો? તમે મને 'મેઘવારિભૂષણ' કહી શકો છો.' આથી તે લોકોનું આશ્ચર્ય વિશેષ વધે છે—અને તેને શહેરમાં પ્રવેશ કરવાનું અને પોતાના મહેમાન બનવાનું તેઓ નિમંત્રણ આપે છે. મંગળમૂર્તિ સ્મિતપૂર્વક જવાબ આપે છે કે "હું દુનિયાની સપાટી ઉપર વિચરતો એક પાગર સાધુ છું. પણ તમે બધા આટલો બધો સદ્‌ભાવ બતાવો છો તો હું જરૂર તમારી સાથે આવીશ."

પછી તે બધા શહેરમાં જાય છે અને મંગળમૂર્તિ તે દરેકનો વારાફરતી મહેમાન બને છે. ત્યાંના નિવાસ દરમિયાન તે કોઇવાર કોઇ શ્રીમાનના મહેલમાં તો કોઇ વાર કોઇએક કૂવા પાછળ આવેલા કોઇના નાના સરખા અભ્યાસગૃહમાં બેઠો હોય છે; કોઇવાર કોઇની સાથે સાહિત્યની અનેક ચર્ચા કરતો હોય છે તો કોઇવાર સંગીત અને નૃત્યના પ્રયોગો નિહાળતો હોય છે. તેને જ્યાં જ્યાં બોલાવવામાં આવે છે તે દરેક સ્થળે મંગળમૂર્તિ જાય છે. શહેરના લોકો 'મેઘવારિભૂષણ'ની ખ્યાતિ સાંભળે છે અને સમાજના આગેવાન પુરૂષો તેને પોતપોતાને ઘેર બોલાવે છે અને તે બધે ઠેકાણે જાય છે. લોકો તેને સરબત કે મદ્ય આપે છે તો તેનું તે પાન કરે છે; જો લોકો કાવ્ય અને સાહિત્યની ચર્ચા કરતા હોય છે તો તે પણ તેમની સાથે કાવ્યસાહિત્યની ચર્ચા કરે છે. તે લોકો તેને બહાર ગિનજાની ઉપર આવવા કહે છે તો વિના સંકોચ તે તેમની સાથે તે ચાલી નીકળે છે; પણ જો કોઇ તેનું નામઠામ પૂછે છે તો તે કશો જવાબ આપ્યા સિવાય કેવળ સ્મિત જ કરે છે. કાવ્ય અને સાહિત્યની ચર્ચા કરતાં પ્રાચીન તેમ જ આધુનિક લેખકો વિશે મંગળમૂર્તિ બહુ સરસ વિવેચન કરે છે અને તેમની લેખનશૈલીનું તે તલસ્પર્શી પૃથક્કરણ કરે છે. કોઇ વખત તે ઇતિહાસની ચર્ચામાં ઉતરી જાય છે, પ્રાચીન રાજાઓની રાજ્યવ્યવસ્થાની સમાલોચના કરે છે, વર્તમાન રાજકારણના તેમ જ અન્ય ઘટના વિશે પણ ઊડતો ઉલ્લેખ કરે છે અને વિનોદભર્યા કટાક્ષો વડે લોકોને આનંદમુગ્ધ બનાવી દે છે.

ખાસ કરીને આત્મ-તત્ત્વની કેમ સંભાળ લેવી તે વિષય પરત્વે ટેઓવાદનું રહસ્ય સમજાવવામાં તે ભારે કુશળતા દાખવતો હોય છે. કેટલાકવાર જ્યારે સંભ્યતાની મર્યાદાને ઓળંગી જતા કોઇ નૃત્ય કે સંગીતને તે નિહાળતો હોય છે અને આ બાબતમાં તેના મનનું વલણ શું છે તે પારખવા માટે લોકો ફાંવે તેવી મશ્કરીઓ કરતા હોય છે ત્યારે મોજીલા પંડિતોની માફક તેને પણ તેમાં મજા પડતી હોય એમ લાગે છે. પણ જ્યારે દીવીઓ બુઝાવી નાંખવામાં આવે છે અને યજમાન જ્યારે તેની સામે કોઇ સુંદર છોકરીને આગળ લાવીને ધરે છે અને બધી મંડળી ખૂબ મસ્તીએ ચડે છે ત્યારે તે ગંભીર મુદ્રા ધારણ કરીને ટટ્ટાર થઇને બેસી જાય છે અને તેના મનના ભાવને કોઇ કળી શકતું નથી. રાત્રે જ્યારે સૂવાનો વખત થાય છે ત્યારે તે પોતાના યજમાન પાસે એક સાદડીની માંગણી કરે છેઅને તે ઉપર પલાંઠી વાળીને કેટલાય વખત સુધી બેસી રહે છે અને છેવટે જ્યારે તે થાકી જાય છે ત્યારે તે સૂઇ જાય છે. આ કારણને લીધે તેના વિશે લોકોનું કુતૂહલ અને ભક્તિભાવ ઉત્તરોત્તર વધતાં જ રહે છે.

[અપૂર્ણ]

અનુવાદક : પરમાનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

આ મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૨૪

મુંબઈ : ૧૫ એપ્રિલ ૧૯૪૮ ગુરૂવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

સૌરાષ્ટ્ર સરકારને અભિનન્દન

કાઠિયાવાડના ઇતિહાસનું આછું રેખાચિત્ર

ચાલુ એપ્રીલ માસની ૧૫ મી તારીખે સૌરાષ્ટ્રની નવી સરકારનો પૂર્ણ સ્વરૂપે વહીવટ શરૂ થાય છે. કાઠિયાવાડનાં સર્વ દેશી રાજ્યો આ નવી હકુમતમાં જોડાઇ ગયાં છે. અમરેલી પ્રાન્તનો ગાયકવાડી વિભાગ, હિંદી સરકારનાં ધોધા રાણપુર જેવાં બે ત્રણ મથકો, પોર્ટુગીઝ સરકારનું દીવ–આવાં થોડાંક ટપકાં સિવાય આખા કાઠિયાવાડ ઉપર સૌરાષ્ટ્ર સરકારની હકુમત સ્થપાઇ ચુકી છે અને શ્રી ઉછરંગરાય ઢેબર જેવી પવિત્ર, સુચરિત, શક્તિશાળી વ્યકિત જેના મુખ્ય સ્થાને છે એવા પ્રધાનમંડળના હાથમાં કાઠિયાવાડના ૪૦ લાખ પ્રજાજનોનું ભાગ્યનિર્માણ સોંપાયું છે: આ કારણે આ એપ્રીલ માસની ૧૫ મી તારીખ આખા કાઠિયાવાડમાં એક મહાન પર્વ-દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ઉત્સવ સમારંભના અનુસંધાનમાં મુંબઇના કાઠિયાવાડ પ્રધાનમંડળ તરફથી મુંબઇ ખાતે કાઠિયાવાડના પ્રથમ પ્રધાનમંડળનો એક ભવ્ય સન્માનસમારંભ ગોઠવવામાં આવ્યો છે. આ મંગળ પ્રસંગે 'પ્રબુદ્ધ જૈન' સૌરાષ્ટ્રના યશસ્વી પ્રધાનમંડળને અંતરના આવકાર આપે છે, તેમનું હાર્દિક અભિનન્દન કરે છે અને તેમના સર્વ શુભ પ્રયત્નો તેમ જ પ્રવૃત્તિઓને સફળતા ઇચ્છે છે.

સૌરાષ્ટ્ર હિંદુસ્થાનનો એક અગત્યનો વિભાગ છે. હિંદુસ્થાન માફક અરબ્બી સમુદ્રના ખોળામાં પડેલો સૌરાષ્ટ્ર પણ એક દ્વિપકલ્પ છે. સૌરાષ્ટ્ર ધનધાન્યવિપુલ દેશ છે. તેના વિશાળ પૃથ્વીપટને ગીરનાર, શત્રુંજય જેવા પર્વતો અને ભાદર, મચ્છુ, શેત્રુંજી જેવી નદીઓ અને જુનાગઢ, જામનગર, ભાવનગર, રાજકોટ જેવી ભવ્ય નગરીઓ શોભાવી રહેલ છે. સૌરાષ્ટ્ર ખેતીપ્રધાન પ્રદેશ છે અને સૌરાષ્ટ્રના વ્યાપારીઓની સાહસિકતા અને દેશપરદેશમાં બાહોશીભર્યા વ્યાપારી ખેડાણોને લીધે સૌરાષ્ટ્ર જગમશહુર છે. દુનિયાનો કોઇ પણ એવો દેશ નહિ મળે કે જ્યાં સૌરાષ્ટ્રના વ્યાપારીએ પોતાની પેઢી નાખી નહિ હોય. એક બાજુ આફ્રીકા અને બીજી બાજુએ સીલોન, બ્રહ્મદેશ, જાવા, સીંગાપોર અને જાપાન સૌરાષ્ટ્રવાસીને મન ઘરઆંગણાના દેશો છે.

હિંદુસ્થાનના અંગઉપાંગમાં સૌરાષ્ટ્રની પ્રાચીનતા અનુપમેય છે, એટલું જ નહિ પણ હિંદના ઇતિહાસમાં બનેલી દરેક ઐતિહાસિક ઘટનાઓના આઘાતપ્રત્યાઘાતો કાઠિયાવાડને સીધી રીતે સ્પર્શતા રહ્યા છે. સદ્‌ગત કવિસમ્રાટ નાનાલાલે યથાર્થપણે વર્ણવ્યું છે કે કાઠિયાવડનો ઇતિહાસ હિંદના ઇતિહાસનું એક સંક્ષિપ્ત સ્વરૂપ છે. પ્રભાસ અને દ્વારિકા, ગિરિનગર (આજનું જુનાગઢ) અને મયુરધ્વજ નગર (આજનું મોરબી); વલ્લભીપુર (આજનું વળા) અને સુદામાંપુરી (આજનું પોરબંદર) આ બધી કાઠિયાવાડની પુરાણ-કાળ પ્રસિધ્ધ નગરીઓ છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર મથુરા છોડી કાઠિયાવાડમાં વાસ કર્યો હતો અને દ્વારિકાને પોતાની રાજધાની બનાવી હતી. સમ્રાટ અશોકના પ્રાચીન શિલાલેખો જુનાગઢની ભાગોળને આજે પણ શોભાવી રહ્યા છે અને પુરાતન સંશોધકોને આકર્ષી રહ્યા છે. ગુપ્તવંશના ચક્રવર્તી ચંદ્રગુપ્તનો રાજ્યધ્વજ કાઠિયાવાડની ધરતી ઉપર ફરકી ગયો હતો. વલ્લભીપુરનું મહારાજ્ય કાઠિયાવાડની સીમાઓ ઓળંગીને હિંદુસ્થાનના અનેક વિભાગો ઉપર પથરાયું હતું. મહમદ ગીઝનીની હિંદુસ્થાન ઉપરની ચઢાઇ સાથે પ્રભાસપાટણ કંઇ કાળથી સંકળાયલું છે. ગુજરાતના મહારાજ્યો સાથે કાઠિયાવાડનો આદિકાળથી ઘનિષ્ટ સંબંધ વર્તતો હતો. સિદ્ધરાજ, રાખેંગાર અને રાણકદેવીની કથા વિષે આજની પેઢી પણ એટલું જ તીવ્ર સંવેદન અનુભવી રહેલ છે. હિંદુસ્થાનમાં એક પછી એક સામ્રાજ્ય આવ્યું અને વિલય પામ્યું. પ્રત્યેક સામ્રાજ્ય સાથે કાઠિયાવાડ ગાઢપણે સંકલિત હતું. મોગલ સામ્રાજ્યનો હ્રાસ થયો અને મરાઠાઓ અને પેશ્વાનું સામ્રાજ્ય અસ્તિત્વમાં આવ્યું અને એ પેશ્વાઓના પ્રતિનિધિ ગાયકવાડની કાઠિયાવાડ ઉપર હકુમત સ્થપાઇ. તે પાછળ અંગ્રેજો આવ્યા અને તે સત્તાએ પણ કાઠિયાવાડને પોતાને આધીન બનાવ્યું. અંગ્રેજો આવ્યા પહેલાં હિંદના નાના મોટા સામ્રાજ્યો સાથેના કાઠીયાવાડનાં જોડાણો કેવળ ઔપચારિક અને ઉપરછલ્લાં હતાં. ત્યાંસુધી કાઠિયાવાડના ભિન્ન ભિન્ન રાજ્યો લગભગ સ્વાધીન હતાં અને પોતપોતાની રીતે આત્મવિકાસ સાધવા માટે સ્વતંત્ર હતા; એટલુંજ નહિ પણ રાજા તેમ પ્રજાના રક્ષણની જવાબદારી દરેક રાજ્ય પોતે વહન કરતું હતું. અંગ્રેજ સામ્રાજ્યને આધીન બનેલા કાઠિયાવાડને ૧૮૦૭ માં કરવામાં આવેલા વોકર સેટલમેન્ટ દ્વારા ૨૦૨ રાજ્યોમાં વહેંચી દેવામાં આવ્યું અને દરેક રાજ્યને અનેક આન્તરબાહ્ય બંધનો વડે જકડી દેવામાં આવ્યું. આ સમયથી કાઠિયાવાડ ખરેખર પરાધીન બન્યું, અને કાઠિયાવાડનો દરેક રાજવી એક બાજુ અંગ્રેજી હકુમતનો ગુલામ બન્યો અને બીજી બાજુએ પોતપોતાની પ્રજાપુરતો સર્વસત્તાધીશ બન્યો. આવી અકુદરતી પરિસ્થિતિ વચ્ચે પ્રજાજીવન રૂંધાવા લાગ્યું અને છિન્નભિન્ન થવા માંડયું. કાઠિયાવાડના સાહસિક વ્યાપારીઓએ તેમ જ વિશિષ્ટ શક્તિશાળી માનવીઓએ કાઠિયાવાડ છોડીને અન્યત્ર પોતાપોતાની શક્તિનાં વિકાસને અનુકુળ ક્ષેત્રોનો આશ્રય લેવા માંડયો. કાઠિયાવાડ ક્ષીણપ્રાણ ક્ષીણસત્વ બનવા લાગ્યું.

૧૯૪૮ ની ઓગસ્ટની ૧૫ મી તારીખે હિંદ આઝાદ થયું અને અંગ્રેજી હકુમતનો કાઠિયાવાડના રાજવીઓ ઉપરનો પણ કાબૂ લય પામ્યો. રાજાઓ એક બાજુએ સર્વસત્તાધીશ બન્યા અને બીજી બાજુએ અંગ્રેજ સત્તાની હુંફ અને અવલંબન તેમણે ગુમાવ્યાં. કાઠિયાવાડની પ્રજા પોતાના ભાવી વિષે સંચિન્ત બની, વ્યાકુળતા અનુભવવા લાગી. એ જ અરસામાં જુનાગઢના નવાબ-સાહેબે પાકીસ્તાન સાથે પોતાના રાજ્યનું જોડાણ જાહેર કર્યું. આ ઘટનાથી કાઠિયાવાડની સમસ્ત પ્રજા ખળભળી ઉઠી. શ્રી. સામળદાસ

ગાંધીની સરમુખત્યારી નીચે જુનાગઢની આરઝી હકુમત ઉભી થઇ અને જુનાગઢ ઉપર તેનું આક્રમણ શરૂ થયું. નવાબ સાહેબ કરાંચી ચાલી ગયા અને જુનાગઢે હિંદની સરકારનું શરણ સ્વીકાર્યું. જુનાગઢની શરણાગતી સાથે આખા કાઠિયાવાડની પ્રજામાં નવી ચેતના પ્રગટી અને રાજ્યસત્તાનાં સિંહાસનો ડોલવા લાગ્યાં. ભાવનગર મહારાજાએ સ્વેચ્છાએ સત્તાત્યાગ કર્યો. નવાનગરના જામસાહેબે પણ કાળબળ પરખી લીધું અને કાઠિયાવાડના એકમને સ્વીકારવા તત્પરતા દાખવી. પ્રતિકુળ દેખાતાં તત્વો સાનુકુળ થઇ ગયાં અને ૧૯૪૬ ના નવેંબર માસમાં ધ્રાંગધ્રા ખાતે મળેલા કાઠિયાવાડ રાજકીય પરિષદના અધિવેશને કરેલા કાઠિયાવાડના ભાવી એકમના ઠરાવને ૧૯૪૮ ના ફેબ્રુઆરી માસની ૧૫ મી તારીખે મૂર્ત સ્વરૂપ મળ્યું. આજે તો કાઠિયાવાડના સર્વ રાજ્યોએ પોતપોતાની હકુમત નવનિર્મિત સૌરાષ્ટ્રની સરકારને સુપ્રત કરેલી હોઇને એ એકમી–વહીવટનો અમલ પણ ચાલુ થઇ ચુક્યો છે.

કાઠિયાવાડ અનેક સત્તાધીશોના આપખુદી અમલથી મુક્ત બને અને ભિન્ન ભિન્ન રાજકીય સીમાડાઓ ભેદીને એક અને અવિભાજ્ય લોકશાસન નીચે આવે એ ધ્યેય અને મનોરથ-પૂર્વક આજે કેટલાંયે વર્ષોથી કાઠિયાવાડ રાજકીય પરિષદ લડત ચલાવી રહી હતી. રાજકોટની ૧૯૩૮ ની લડત અને તે દરમિયાન જ શરૂ થયેલી લીંબડીની લડત તથા હીજરત પાછળ પણ આ જ હેતુ રહેલો હતો. આજે જ્યારે આ ધ્યેય સફળ બની રહેલ છે અને આ સ્વપ્ન વાસ્તવિક આકાર ધારણ કરી રહેલ છે ત્યારે ભૂતકાળમાં જેણે જેણે પોતાની સમસ્ત જીવનશક્તિ આ ધ્યેય-સાધના પાછળ ખરચીને કાઠિયાવાડની પ્રજાને આગળ વધવામાં અનેક રીતે મદદ કરી છે તેવા–સદ્‌ગત શ્રી. મનસુખલાલ રવજીભાઇ મહેતા, શ્રી મણિશંકર ત્રિવેદી, શ્રી મણિલાલ કોઠારી, શ્રી પ્રભુલચંદભાઇ શાહ, શ્રી ઝવેરચંદ મેઘાણી, શ્રી ચીમનલાલ વૈષ્ણવ, શ્રી વેણીભાઇ ભુચ, જેવા અગ્રગણ્ય સદ્‌ગત પ્રજાસેવકોનું સહેજે સ્મરણ થાય છે.

આજે આ પ્રસંગે આપણ સર્વના રાષ્ટ્રપિતા ગાંધીજી આપણી વચ્ચે હોત તો આજના પ્રસંગનું માંગલ્ય અનેકગણું વધારે દીપી ઉઠત. તેઓ આપણને વર્ષોથી માર્ગદર્શન આપતા રહ્યા હતા. અને તેમણે આપણને સત્યના અને અહિંસાના માર્ગે ચાલતા શિખવ્યું હતું. તેમની ખોટ આપણને આજે સૌથી વધારે સાલે છે. સોરાષ્ટ્રમાં શ્રી કૃષ્ણચંદ્રથી માંડીને આજ સુધી અનેક જ્યોતિર્ધરોની પરંપરા ચાલતી આવી છે. કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય તથા ભકતકવિ નરસિંહ મહેતો વ્યતીત થયેલા યુગના મહાન જ્યોતિર્ધરો હતા. સ્વામી દયાનંદ સરસ્વતી, શ્રીમદ્ રાજચંદ્ર, સ્વામી સહજાનંદ સૌરાષ્ટ્રની અર્વાચીન કાળની માનવવિભૂતિઓ હતી. ગાંધીજી એ પરંપરાના મુગટમણિ હતા.

કાઠિયાવાડના મૂળ વતનીઓ કોણ હતા અને પાછળથી કોણ કોણ આવ્યા તેનો હીસાબ તારવવો મુસ્કેલ છે. કાઠિઓ પણ મૂળ બહારથી આવેલી જાતિ છે. આ દેશમાં યાદવો, શક, હુણ, રજપુતો મુસલમાનો–આમ અનેક જાતિઓ આવી છે અને કાઠિયાવાડની લગભગ ચોતરફ વીંટળાયલા સાગરની માફક એ સર્વ જાતિઓને કાઠિયાવાડ પોતાના ઉદરમાં સમભાવ અને પ્રેમપૂર્વક સમાવતું રહ્યું છે. કાઠિયાવાડમાં અનેક પંથો અને સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા છે અને એકમેક સાથે સંપી જંપીને ફુલતા ફાલતા ચાલ્યા છે. હિંદુ મુસલમાન વચ્ચે પણ સામાન્યત: એકસરખો મીઠો અને મમતાભર્યો સંબંધ જળવાતો આવ્યો છે. આ રીતે કાઠિયાવાડના પ્રજાજનોમાં સ્વભાવગત ઉદાત્તતા અને પરસ્પર એકરૂપ બની રહેવાની પરંપરા દૃષ્ટિગોચર થાય છે, અને કાઠિયાવાડી પ્રકૃતિનું આ ભવ્ય તત્વ આજે રાજકારણી એકમ મૂર્તિમન્ત બનતાં કાઠિયાવાડના ભાવીને અત્યન્ત આશાસ્પદ બનાવે છે.

આ પ્રસંગે સરદાર વલ્લભભાઇ પટેલે કાઠિયાવાડના નવનિર્માણમાં જે અપૂર્વ ભાગ ભજવ્યો છે તેની ખાસ નોંધ લેવી ઘટે છે. છેલ્લાં વીશ વર્ષથી કાઠિયાવાડનું સમસ્ત રાજકીય જીવન સરદાર વલ્લભભાઇ પટેલની સીધી દોરવણી નીચે ઘડાતું આવ્યું છે. આજના એકમની સિદ્ધિ પણ તેમની કુનેહ અને કાર્યશક્તિને આભારી છે. કાઠિયાવાડના ઇતિહાસમાં તેમનું સ્થાન સદા અજોડ અને અમર રહેશે.

આખું કાઠિયાવાડ એક જ હકુમતની છત્રછાયા નીચે આવે અને એ હકુમતનું સર્વાંગી સ્વરૂપ પણ શુધ્ધ પ્રજાકીય હોય એ કાઠિયાવાડના આજ સુધીના ઇતિહાસમાં એક અભૂતપૂર્વ ઘટના છે. આવી ઘટનાના પરિણામે કાઠિયાવાડના વિકાસની અને પ્રજાજનોના ઉત્કર્ષની શકયતાઓ અનેકગણી વધી જાય છે. રાષ્ટ્રના પ્રજાજનો રજવાડાંઓની મલીન ખટપટનાં વાતાવરણમાંથી ઉંચે આવે, સર્વથા મુક્ત બને, તેમનામાં છુપાયેલી અનેક શક્તિઓ આવીર્ભાવ પામે અને વ્યાપાર અને ઉદ્યોગના ક્ષેત્રમાં વિરાટ પગલાં માંડે અને પરમ પુરૂષાર્થ સાધે, સામાજિક કુરૂઢિઓ નાશ પામે અને અસ્પૃશ્યતા સર્વાંશે નાબુદ થાય, સ્થાનિક મમત્વ અને પક્ષપાતથી મુક્ત બની સર્વ પ્રજાજનો એક અને અવિભાજ્ય કાઠિયાવાડના અને તે પણ હિંદુસ્તાનના એક મહત્વના અંગ તરીકે કાઠિયાવાડના ધોરણે વિચાર કરતા થાય અને કાઠિયાવાડના ઉત્કર્ષમાં જ પોતાનો ઉત્કર્ષ જોતાં અનુભવતાં શિખે, બંદરોના વિકાસદ્વારા કાઠિયાવાડનો દેશપરદેશ સાથેનો વ્યાપાર વધતો અને વધતો ચાલે, સ્ત્રીઓ અને પુરૂષો વચ્ચેની અસમાનતા દૂર થાય અને પ્રચ્છન્ન સ્ત્રીશક્તિને નવો વેગ અને સર્વતોમુખી અવકાશ મળે, ન રહે કોઇ દલિત કે ન મળે કોઇ પતીત, ગાંધીજીની કલ્પના અને આદર્શ મુજબ પ્રજાશિક્ષણનું નવનિર્માણ થાય અને ઉદ્યોગોનું નવઆયોજન થાય–ભાવી સૌરાષ્ટ્ર પરત્વે આવી આપણી કલ્પના અને મનોકામના છે. નવા પ્રધાનમંડળની સફળ કાર્યવાહીદ્વારા નજીકના ભવિષ્યમાં આવું સૌરાષ્ટ્ર આપણે નજરે નિહાળવા ભાગ્યશાળી થઇએ એવી આપણા સર્વની અભ્યર્થના અને પ્રાર્થના છે. **પરમાનંદ**

પુરવણી : કાઠિયાવાડની આ કાયાપલટનું જૈન સમાજની દૃષ્ટિએ અને તે માત્ર કાઠિયાવાડમાં જ વસતા જૈનો નહિ પણ આખા હિંદુસ્થાનમાં વસતા જૈન સમાજની દૃષ્ટિએ એ અત્યન્ત મહત્વનું પરિણામ આવ્યું છે જેની ઉપરની સવિસ્તર આલોચનાના અનુસંધાનમાં ખાસ નોંધ લેવી ઘટે છે. કાઠિયાવાડમાં આવેલા ગીરનાર અને શત્રુંજય જૈન સમાજના બહુ માનીતા અત્યન્ત પ્રાચીન તીર્થસ્થાનો છે. એક તીર્થ જુનાગઢના નવાબ સાહેબની હકુમત નીચે હતું; બીજું તીર્થ પાલીતાણાના ઠાકોર સાહેબની હકુમત નીચે હતું. જુનાગઢના નવાબી રાજ્યવહીવટ નીચે ગીરનાર તીર્થમાં જૈનોથી એક ડગલું પણ આગળ વધી શકાતું નહોતું. નવાબી રાજ્યની ગીરનાર તીર્થના વહીવટમાં પારવિનાની દખલગીરી હતી. એક નાની સરખી ઈંટ પણ મૂકવા દેવામાં આવતી ન હતી. નવાં મંદિરો કે ધર્મશાળાઓ ઉભી કરવાની તો વાત દૂર રહી પણ મંદિરો કે મકાનો સમરાવવાનું પણ અત્યન્ત મુસ્કેલ બનતું હતું. જુનાગઢમાં પ્રવેશ કરતાં વેંત જ આપણે કોઇ પરાઇ હકુમતમાં દાખલ થયા હોઇએ એવું ચોતરફ ગુંગળાવતું વાતાવરણ આપણે અનુભવતા હતા. જુનાગઢની નવાબી અલોપ થતાં અને ત્યાં પ્રજાકીય સત્તાની સ્થાપના થતાં ગીરનાર તીર્થને એક પ્રકારની આઝાદી મળી છે અને એ તીર્થનો ફાવે તેટલો વિકાસ કરવાની અનેક શકયતાઓ ઉભી થઇ છે. ગીરનાર કાઠિયાવાડમાં હિમાલયની જાણે કે એક સંક્ષિપ્ત આવૃત્તિ છે. આ પર્વતમાં ભવ્યતા છે, ભીષણતા છે, અદ્‌ભુતતા છે. ત્યાંના મંદિરો ભારતીય શિલ્પનાં સુન્દર નમુનાઓ છે. આજે ગીરનાર પારકો મટી આપણો બન્યો છે.

એવું પરિસ્થિતિપરિવર્તન શત્રુંજય વિષે બન્યું છે. આજના

ઠાકોર સાહેબના પિતા અને પિતામહ સાથે જૈન સમાજને જાણે કે બાપે બાંધ્યા વેર જેવું હતું. વર્તમાન ઠાકોર સાહેબ સાથે જૈન સમાજને પ્રમાણમાં મીઠો સંબંધ હતો, એમ છતાં પણ રાજ્યની જનતાની દખલગીરી અને કનડગત તો ચાલુ જ હતી. આજે પણ યાત્રાનિમિત્તે એ રાજ્યને દર વર્ષે રૂા. ૬૦,૦૦૦ જૈન સમાજને ભરવા જ પડે છે. મારા રાજ્યમાં ભલે જૈનો આવે અને તીર્થયાત્રા કરીને પોતાના જીવનને ધન્ય બનાવે અને પોતાના તીર્થને વધારે ને વધારે ભવ્ય બનાવે એવી કોઇ શુભેચ્છા એ વંશના વંશજોમાં કદિ અનુભવવામાં આવી નહોતી. એની વૃત્તિ કેવળ જૈન સમાજમાંથી બને તેટલો લાભ ઉઠાવવાની જ હતી. આજે કાળ બદલાયો છે અને હકુમત પલટાણી છે. આજે અન્યત્ર તેમ જ ત્યાં એવી હકુમતની સ્થાપના થઇ છે જેને મન સર્વ કોઇનું સુખ, આનંદ અને શ્રેય એ જ એક માત્ર ચિન્તાનો વિષય છે, જેને કોઇ પણ સમાજની ધાર્મિક ભાવનામાંથી આર્થિક લાભ ઉઠાવવાની વૃત્તિ થવાનો સ્વપ્ને પણ સંભવ નથી. આ રીતે આપણું શત્રુંજય પણ આ કાઠિયાવાડની નવી કાયાપલટથી આઝાદી પ્રાપ્ત કરે છે. આ કારણે સૌરાષ્ટ્રનું અઘતન એકીકરણ આખા હિંદુસ્તાનના જૈન સમાજને માટે અત્યન્ત આનંદદાયી અને આવકારયોગ્ય ઘટના છે, અને તેથી આ નવી રચનાને બને તેટલો ટેકો આપવો અને તેમના ભગીરથ કાર્યમાં બને તેટલો સાથ આપવો એ જૈન સમાજની ખાસ ફરજ બને છે. સાથે સાથે આજના આ આનંદમય વાતાવરણને શત્રુંજ્ય તીર્થને લગતો રૂા. ૬૦૦૦૦ નો વાર્ષિક કર રદ કરીને સૌરાષ્ટ્રની નવી સરકાર સવિશેષ પ્રોત્સાહન આપશે એવી આપણે સૌરાષ્ટ્રની સરકાર પાસેથી આશા રાખીએ તો તે વધારા પડતું નહિ લેખાય.

પરમાનંદ

ધાર્મિક ટ્રસ્ટોની તપાસ સમિતિનો કાર્યપ્રદેશ

ધર્માદા ટ્રસ્ટોના ઉદ્દેશો, વ્યવસ્થા અને વહીવટ સંબંધી તપાસ કરીને રીપોર્ટ કરવા માટે ન્યાયમૂર્તિ શ્રી. ટેંડુલકરના પ્રમુખપણા નીચે શ્રી. શાન્તિલાલ શાહ, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, મુંબઇ સરકારના એડવોકેટ જનરલ શ્રી ધારપુરે, શ્રી ભોગીલાલ લાલા, શ્રી હુલકોટિ અને શ્રી એન. એચ. પંડ્યાની એક સમિતિ મુંબઇ સરકાર તરફથી નીમવામાં આવી છે. આ સમિતિ તરફથી એક પ્રશ્નાવલિ કાઢવામાં આવી છે અને જુદી જુદી સંસ્થાઓ ઉપર મોકલવામાં આવી છે. આ પ્રશ્નાવલિ અને પ્રસ્તુત સમિતિનો ઉદ્દેશ અને કાર્યપ્રદેશ સંબંધમાં તા. ૧૦-૪-૪૮ ના રોજ સમિતિના પ્રમુખ શ્રી ટેન્ડુલકરે પત્રકારોને મુલાકાત આપતાં જે કાંઇ જણાવ્યું હતું તેમાંની કેટલીક વિગતો તે જ તારીખના જન્મભૂમિમાં અને આજ પ્રશ્નનું વધારે સ્પષ્ટીકરણ કરતી કેટલીક વિગતો તે જ તારીખના વન્દેમાતરમમાં પ્રગટ થઇ છે. એ બન્ને સંકલિત કરીને અહિં પ્રગટ કરવામાં આવે છે.

જન્મભૂમિ: શ્રી ટેન્ડુલકરે જણાવ્યું હતું કે: "જાહેર સખાવતી સંસ્થાઓમાં ચાલી રહેલી ગેરરીતિઓ ગેરવહીવટ અટકાવવા તથા આવી સંસ્થાઓમાં સ્થગિત થઇ ગયેલાં નાણાં આમજનતાના હિત માટે વપરાય તેવાં પગલાં સરકારને સૂચવવા માટે આ સમિતિ યોજવામાં આવી છે. સમિતિ આમજનતાના નિર્ણયને માન આપશે એવી હું તમને ખાત્રી આપું છું.

"જાહેર સખાવતી સંસ્થાઓ પાસે પડી રહેલી એક અબજ કીંમતની મિલ્કતોનો આજથી વર્ષો પુર્વે ધડાઇ ગયેલી રીતે ઉપયોગ કરવામાં આવે છે. સમાજ જે રીતે પોતાનું દૃષ્ટિબિન્દુ અને સખાવતનાં મુલ્યો બદલે છે તે રીતને આ સખાવતી સંસ્થાઓ કેટલી યે વખત સ્વીકારતી નથી. એટલે આજે જ્યારે માણસો ભુખે મરે છે ત્યારે પણ કેટલીક સંસ્થાઓ વાંદરાઓ, કાચબાઓ, અને કીડીઓને ખવડાવવા માટે ધન વાપરે છે, અને અનાજ વેડફે છે.

પલટો લાવવો પડશે

આપણે આપણા સખાવત અને દાનના ખ્યાલોમાં હવે સખ્ત પલટો લાવવો પડશે. સો બસો વર્ષ પહેલાં કોઇ માણસે ચોક્કસ રીતે પોતાનું ધન વાપરવાનું વિચાર્યું હોય તો પણ આજે જ્યારે બીજી બધી વસ્તુઓનાં મુલ્ય બદલાયાં છે ત્યારે આપણે સખાવતનું સ્વરૂપ પણ બદલવું પડશે એમ મને લાગે છે. અમે મોકલેલા પ્રશ્નપત્રના જવાબમાં પણ મોટા ભાગના સભ્યો આમ જ જણાવે છે. અમે જનતાના અવાજને ટેકો આપીશું અને મને વિશ્વાસ છે કે સરકાર પણ જનતાને ટેકો આપશે જ."

મર્યાદિત કેમ?

આ સમિતિ માત્ર જૈન અને હિંદુ સંસ્થાઓ પુરતી મર્યાદિત કેમ રાખવામાં આવી છે એવા પ્રશ્નના જવાબમાં શ્રી. ટેંડુલકરે જણાવ્યું હતું કે "સરકાર એક પછી એક કોમવાર તપાસ કરવા માગે છે અને એ રીતે જ પગલાં લેવા માગે છે. આ સમિતિનું કામકાજ પુરું થયા બાદ પારસી તેમ જ મુસ્લિમ ટ્રસ્ટોની તપાસ પણ શરૂ કરવામાં આવશે.

સલાહ માગે છે

"આ તપાસ સમિતિએ તૈયાર કરેલા પ્રશ્નપત્ર મુજબ, સમિતિ, જનતા પાસેથી જાહેર સખાવતી સંસ્થાઓમાં ચાલી રહેલી ગેરરીતિઓ તથા એ ગેરરીતિઓને સુધારવાના ઉપાય અંગે સલાહ માગી રહી છે. સમિતિ આવી ગેરવહીવટવાળી સંસ્થાઓ માટે કમીશનરો નીમવા કે નહિ તથા સંસ્થાના રોજબરોજના કાર્યક્રમ પર સરકારી નિયંત્રણ હોવું જોઇએ કે નહિ તે અંગે પણ સલાહ માગે છે. દિવસે દિવસે સખાવત અંગેના બદલાના ખ્યાલ અંગે જનતાને શું કહેવાનું છે તે પણ સમિતિ જાણવાની અપેક્ષા રાખે છે. આ પ્રશ્નપત્રો તથા આને અંગેની બીજી વધુ માહીતી સમિતિના મંત્રી, સરકારી સોલીસીટર લીગલ ડીપાર્ટમેન્ટમાંથી મળી શકશે."

સ્થગિત નાણાં

શ્રી ટેંડુલકરે જણાવ્યું હતું કે "મદ્રાસ સરકારે તો તીરૂપથીના મંદિરની આવકમાંથી માત્ર હિંદુ જ નહિ પણ તમામ કોમના વિદ્યાર્થીઓ માટે કોલેજ ખોલી છે. આપણા અહીંના એક મંદિર પાસે ત્રણ લાખ રૂપિયા રોકડા પડયા છે. આ રકમ તદ્દન સ્થગિત પડી છે. શા માટે તેનો ઉપયોગ શિક્ષણવિષયક કે તબીબી સહાય માટે કરવામાં ન આવે? જનતા અત્યારે આ લાઇન પર વિચાર કરી રહેલ છે અને જનતાના જવાબ પર આધાર રાખીને અમારે સરકારને સુચનો કરવાનાં છે.

હાઇકોર્ટે સખાવતનો વિશાળ અર્થ કરીને કેટલાક કીસ્સાઓમાં મૂળ જાહેર કરવામાં આવેલા હેતુઓ સિવાય બીજા હેતુ માટે સંસ્થાની રકમ વાપરવાની રજા આપી છે. સરકાર આ અંગે યોગ્ય ખરડો કરીને બધી સખાવતી સંસ્થાઓમાંથી આમજનતાનું વધુમાં વધુ કલ્યાણ થાય તે રીતનાં પગલાં લેવા માગે છે."

એકસરખા જવાબ

શ્રી. ટેંડુલકરે વધુમાં જણાવ્યું હતું કે ખાસ કરીને અત્યારસુધી અમને મળેલા જવાબોમાં જૈન સખાવતી સંસ્થાઓ અંગે ચોક્કસ ધરેડના જવાબો જ મળ્યા છે. મોટા ભાગના જવાબોમાં એમ જ લખવામાં આવ્યું છે કે અમારી સંસ્થાઓ બહુજ સારી રીતે ચાલે છે ને તેમાં દખલગીરી કરવાની કશી જરૂર નથી. એક જ ધરેડના આવેલા આ જવાબોએ અમને જરા વિચાર કરતા કરી મૂક્યા છે. હું ઇચ્છું છું કે હજી વધુ જૈનો આ અંગેની બીજી બાજુની વધારે માહીતી અમને પુરી પાડે તો સારૂં."

શ્રી. ટેંડુલકરે જણાવ્યું હતું કે ખાનગી સખાવતી ટ્રસ્ટો આ સમીતીના કાર્યક્ષેત્રમાં આવતા નથી.

વંદેમાતરમ્:–મુંબઇમાં ધાર્મિક અથવા તો બીજી રીતનાં જાહેર ટ્રસ્ટોના વહીવટમાં ચાલતી ગેરરીતિઓ, ગેરવહીવટ વગેરેને લગતી તપાસ કરવાની કામગીરી અને એ અનિષ્ટ દૂર કરવાને લગતા જરૂરી ઉપાયો સૂચવવાની કામગીરી અમારી સમિતિને સોંપવામાં આવી છે. આ કાર્ય સફળતાપૂર્વક બજાવવા માટે અમે જાહેર જનતાના અને અખબારોના સહકારની વિનંતિ કરીએ છીએ." મુંબઇનાં જાહેર ટ્રસ્ટોમાં ચાલી રહેલી ગેરરીતિઓ અંગે તપાસ કરવા અને એ અંગે સૂચનો કરવા મુંબઇ સરકાર તરફથી નીમવામાં આવેલી સમિતિના પ્રમુખ ન્યાયમૂર્તિ શ્રી. ટેન્ડુલકરે આ મુજબની વિનંતી કરી હતી.

શરૂઆતમાં મુંબઇમાંનાં ટ્રસ્ટોનો ખ્યાલ આપતાં શ્રી. ટેન્ડુલકરે કહ્યું કે, "મુંબઇ ઇલાકામાં એક હજાર કે તેથી વધુ રૂપિયાની આવકવાળાં લગભગ એક હજાર ટ્રસ્ટો છે. એક હજારથી ઓછી આવકવાળાં ટ્રસ્ટો સરકારી દફ્તરે નોંધાયાં નથી. આ હજાર ટ્રસ્ટોમાંથી લગભગ ૬૫૦ જેટલા ટ્રસ્ટો મુંબઇ શહેરમાં છે. મુંબઇ શહેરમાં રહેલાં ટ્રસ્ટોની વાર્ષિક આવક લગભગ એક કરોડ રૂપિયાની છે. આ ઉપરથી આપણે ૩ ટકાની તેરીખ લેખે રોકાયેલી મૂડીનો અંદાજ કાઢીએ તો માત્ર મુંબઇ શહેરમાં જ હિંદુઓના ધાર્મિક અને ધર્માદા ટ્રસ્ટોમાં રૂા. ૩૦ કરોડની થાપણ રોકાએલી છે."

તેમણે વધુમાં કહ્યું કે, "ટ્રસ્ટો નોંધવાના અત્યારના કાયદા હેઠળ માત્ર હિંદુઓ અને જૈનોના ટ્રસ્ટો જ આવે છે. અને એટલે હાલ તુરત સરકારે માત્ર આ જ કોમના જાહેર ટ્રસ્ટોનો પ્રશ્ન હાથ ધર્યો છે. મોટા ટ્રસ્ટો ઉપરાંત નાના ટ્રસ્ટોમાં રોકાયેલી રકમનો અંદાજ મેળવીએ તો મુંબઇ ઇલાકામાં લગભગ એક અબજ રૂપિયા જેટલી રકમ આ ટ્રસ્ટોમાં રોકાયેલી છે. જો આવી મોટી રકમનો વ્યવસ્થિત અને વધુ સારાં કામો માટે ઉપયોગ કરવામાં આવે તો તેથી રાષ્ટ્રહિતની અનેક પ્રવૃત્તિઓને ઉત્તેજન મળી રહે. "આ અંગે તેમણે મદ્રાસમાં આવા ટ્રસ્ટોમાંથી શિક્ષણની પ્રવૃત્તિને કેવી રીતે વિકસાવવામાં આવી હતી તેનો દાખલો આપ્યો હતો.

તેમણે કહ્યું કે, "ટ્રસ્ટોમાં ચાલી રહેલી ગેરરીતિઓની માહિતી મેળવવા અને એ દૂર કરવા અંગેના જરૂરી સૂચનો જાણવા અમે જાહેર જનતા જોગી એક પ્રશ્નાવલિ પ્રસિધ્ધ કરી છે. આ પ્રશ્નાવલિ અંગ્રેજી તેમ જ ગુજરાતી, મરાઠી વિ. પ્રાંતીય ભાષાઓમાં પ્રસિધ્ધ થઇ છે અને જનતાને મોટી સંખ્યામાં એનો ઉપયોગ કરીને સૂચનો કરવાની વિનંતી છે. આ પ્રશ્નોત્તરીની નકલો સરકારી સોલીસીટર, કાયદા વિભાગ સરકારી કચેરી એ સરનામેથી મળી શકશે. પ્રશ્નોત્તરીના જવાબો મોકલવાની છેલ્લી તા. ૧૫ મી એપ્રિલ છે."

લોકોનો સારો રસ

શ્રી. ટેન્ડુલકરે કહ્યું કે, અત્યાર સુધીમાં અમને ઘણા લોકો તરફથી આવા જવાબો મળ્યા છે. લોકો આમાં સારો રસ પ્રદર્શિત કરી રહ્યા છે. અમારી તપાસમાં જણાયું છે કે, ઘણા ટ્રસ્ટોમાં વ્યક્તિગત માલિકીની ભાવના ઘુસી ગઇ છે.

હિસાબો બરાબર રાખવામાં આવતા નથી અને જે ઉદ્દેશ માટે દાન આપવામાં આવ્યું હોય તે કરતાં બીજા જ ઉદ્દેશ માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. જૈનો તરફથી મને જે જવાબો મળ્યા છે તેમાં મોટે ભાગે ટ્રસ્ટો સુવ્યવસ્થિત હોવાનું કહેવામાં આવ્યું છે. આમ છતાં જો આ સંબંધી વિરૂદ્ધ પક્ષે કંઇ દ્રષ્ટિબિંદુઓ હોય તો પણ અમે જાણવાને ઉત્સુક છીએ.

સ્પષ્ટીકરણની જરૂર

એક મહત્વની બાબતનું સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે. આ કાર્ય હાથમાં લેવા પાછળ સરકારનો ઉદ્દેશ કોઇ ટ્રસ્ટોનો કબજો લેવાનો કે બીજો કોઇ ઉદ્દેશ નથી. સરકારનો ઉદ્દેશ આ ટ્રસ્ટોનો સર્વોત્તમ ઉપયોગ થઇ શકે એ જ જોવાનો છે. કોઇની પણ ધાર્મિક લાગણી ન દુઃખાય એ માટે સમિતિ બધી કાળજી રાખશે.

વધુમાં તેમણે કહ્યું કે, આવા ટ્રસ્ટોની સુવ્યવસ્થા માટે જરૂરી સત્તાઓ સાથે અધિકારીઓની નિમણુંક કરવાની દરખાસ્તને સામાન્ય રીતે આવકાર મળી રહ્યો છે, ઇંગ્લાંડમાં પણ આવી પ્રથા છે.

ધાર્મિક ટ્રસ્ટોને લગતી પ્રશ્નાવલિ

મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ પાઠવેલા ઉત્તરો

મુંબઇ તા. ૨–૪–૪૮

ટ્રસ્ટ અને એન્ડાઉમેન્ટ્સના વહીવટ અને વ્યવસ્થાના પ્રશ્નમાં તપાસ કરવા માટે મુંબઇ સરકારે નીમેલી કમીટીના મંત્રી જોગ–

સુજ્ઞ મહાશય

સવિનય વિજ્ઞપ્તિ કે અમારી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સંસ્થા છેલ્લા વીશ વર્ષથી મુંબઇ શહેરમાં જૈન સમાજની સેવા કરી રહી છે. આ સંસ્થામાં જૈન સમાજના દરેક વિભાગના સભ્યો સભ્ય થઇ શકે છે. આજે આ સંસ્થાના કુલ ૩૦૫ સભ્યો છે. આ સંસ્થા તરફથી છેલ્લા નવ વર્ષથી " પ્રબુદ્ધ જૈન " નામનું એક પાક્ષિક પત્ર કાઢવામાં આવે છે અને એ પત્રની જૈન તેમ જ જૈનેતર સમાજમાં સારી પ્રતિષ્ઠા અને ફેલાવો છે. આજે આ પત્રની એક હજાર નકલ છપાય છે. અમારો સંસ્થા પ્રાગતિક વિચારો ધરાવતા જૈન યુવકોનું મંડળ છે અને જૈન સમાજ ઉપર અમારી સંસ્થા બહુ સારૂં પ્રભુત્વ ધરાવે છે. આપે જે પ્રશ્નાવલિ પ્રગટ કરી છે તે પ્રશ્નોના અમારી કાર્યવાહક સમિતિ તરફથી નક્કી કરવામાં આવેલા ઉત્તરો નીચે મુજબ છે.

પ્રશ્ન ૧: તમે જે કોઇ ફંડ અને ટ્રસ્ટ વિષે કાંઇ પણ જાણતા હો તેમાં કેવા પ્રકારની ગેરરીતિઓ, ગેરવહીવટ અને મુશ્કેલીઓ તમને જણાઇ છે ?

ઉત્તર: સાધારણ રીતે આજના ટ્રસ્ટીઓ પોતાને સોંપાયેલ જવાબદારી પુરેપુરી રીતે સંભાળતા હોતા નથી અને પોતાના ટ્રસ્ટ વિષે પુરી દેખરેખ રાખતા નથી. ઘણી વખત ટ્રસ્ટીઓ ટ્રસ્ટ ફંડને ઉચાપત કરતા માલુમ પડે છે. વળી ટ્રસ્ટ ફંડોનો ટ્રસ્ટીઓ બીજી પણ અનેક રીતે લાભ ઉઠાવતા હોય છે. ટ્રસ્ટીઓ પોતાના ટ્રસ્ટનો હીસાબ બરાબર રાખતા નથી તેમ જ પોતાના હીસાબને રીતસર પ્રગટ કરતા નથી. ઘણી વખત નક્કી થએલા ટ્રસ્ટોની લોકોને કશી જાણ જ હોતી નથી, અને જાણીતા ટ્રસ્ટોના શું ઉદ્દેશો છે તેની લાગતાવળગતા સમાજને ઘણી વખત કશી ખબર જ હોતી નથી. વળી આજના ટ્રસ્ટીઓ કેટલીયે વાર ટ્રસ્ટના માલીક જેવા થઇને બેસે છે અને જ્યારે પણ કોઇ ટ્રસ્ટીની જગ્યા ખાલી પડે છે અને તે જગ્યા બાકી રહેલા ટ્રસ્ટીઓએ જ પુરવાની હોય છે ત્યારે ટ્રસ્ટીઓ પોતાના મળતીયા માણસને જ ચુંટે છે. વળી જ્યારે ટ્રસ્ટની ખાલી પડેલી જગ્યા પુરવાની જવાબદારી કોઇ જાહેર સંસ્થાની અથવા તો કોઇ સમાજની કે વર્ગની હોય છે ત્યારે વખતસર નવા ટ્રસ્ટીની નીમણુંક કરવાની બાબતમાં પ્રસ્તુત સંસ્થા, સમાજ કે વર્ગ લાંબો વખત સુધી પ્રમાદ સેવતો માલુમ પડે છે.

પ્રશ્ન ૨: એ દૂર કરવા માટે તમે કયા ઉપાયો સૂચવો છો ?

ઉત્તર: ઉપરની પરિસ્થિતમાં સુધારો કરવાને માટે અમો નીચે મુજબ કેટલાક ઉપાયો સુચવીએ છીએ.

(૧) દરેક ટ્રસ્ટ રજીસ્ટર થવું જ જોઇએ અને તેને યોગ્ય જાહેરાત મળવી જ જોઇએ.

(૨) દરેક ટ્રસ્ટના હીસાબોની સ્વતંત્ર તપાસ થવી જોઇએ અને તે પણ નિયમિત રીતે પ્રગટ થવી જોઇએ.

(૩) ટ્રસ્ટો સાધારણ રીતે બે પ્રકારના હોય છે. (૧) જવાબદાર ટ્રસ્ટો કે જે પોતાના વહીવટ માટે કોઇ પણ સંસ્થા, સમાજ જ્ઞાતી કે ચોક્કસ વર્ગને જવાબદાર હોય છે. અને (૨) બીન-

જવાબદાર ટ્રસ્ટો એટલે કે એ ટ્રસ્ટો કે જે સીધી રીતે કોઇ પણ સંસ્થા, સમાજ, જ્ઞાતી કે ચોક્કસ વર્ગને જવાબદાર હોતા નથી. જવાબદાર ટ્રસ્ટો ઉપર એ ટ્રસ્ટ સાથે સંબંધ ધરાવતી સંસ્થા, સમાજ, જ્ઞાતિ કે વર્ગની પુરેપુરી દેખરેખ હોવી જોઇએ. બીન-જવાબદાર ટ્રસ્ટો ઉપર આગળ ઉપર સૂચવવામાં આવનાર ચેરીટી કમીશનરની દેખરેખ હોવી જોઇએ.

પ્રશ્ન ૩: 'ફંડો અને ટ્રસ્ટો' પર તપાસ અને નિયમન રાખવા, ઇંગ્લેન્ડમાં 'ચેરીટી કમિશનરો' છે, તેવા કમિશનરો નીમવાની તમે તરફેણમાં છો?

ઉત્તર: હિંદુસ્તાનમાં પણ ઇંગ્લેંડમાં છે એવા ચેરીટી કમીશનરની આવશ્યકતા અમે સ્વીકારીએ છીએ. અલબત્ત આ ચેરીટી કમીશનરની સત્તા અને અધિકારો હિંદુસ્તાનની ઇંગ્લેન્ડથી જુદી પડતી વિશિષ્ટ પરિસ્થિતિ બરોબર લક્ષમાં રાખીને નક્કી કરવા જોઇએ.

પ્રશ્ન ૪: ટ્રસ્ટો અને ફંડોનો વહીવટ તપાસવા અને જોવા એક બિન-અધિકારી મંડળ–વીઝીટર્સ–નીમવામાં આવે એમ તમે ઇચ્છો છો?

ઉત્તર: આ પ્રશ્નમાં સૂચવેલા વીઝીટર્સની ઉપયોગીતા પણ અમે સ્વીકારીએ છીએ. જે ટ્રસ્ટોનો જે સમાજ સાથે સંબંધ હોય તે સમાજમાંથી જ સાધારણ રીતે આવા વીઝીટરો નીમાવા જોઇએ.

પ્રશ્ન ૫: ઉપરોક્ત 'ચેરીટી કમિશનર' અને 'તપાસ સમિતિ'ને કેવા પ્રકારની સત્તા અને અધિકાર આપવાં જોઇએ?

ઉત્તર: સાધારણ રીતે જે ટ્રસ્ટો, જે સંસ્થા, જે સમાજ અથવા તો, જે વર્ગ સાથે સંબંધ ધરાવતા હોય તે સંસ્થા સમાજ કે વર્ગને જ તે ટ્રસ્ટોમાં એ ટ્રસ્ટોની દેખરેખ રાખવાનો અને જરૂર પડયે તેના ઉપર કાબુ મેળવવાનો અધિકાર હોવો જોઇએ એમ અમો માનીએ છીએ, પણ જ્યાં પ્રસ્તુત સંસ્થા, સમાજ કે વર્ગ કેવળ ઉદાસીનતા ધારણ કરતો હોય ત્યાં તેમ જ ઉપર જણાવેલ બીનજવાબદાર ટ્રસ્ટોની બાબતમાં ચેરીટી કમીશનરને પુરેપુરી દેખરેખ રાખવાનો, હીસાબ તપાસવાનો તેમ જ આખા ટ્રસ્ટને વ્યવસ્થિત કરવાનો સંપૂર્ણ અધિકાર હોવો જોઇએ. વીઝીટરોનું કામ તો માત્ર નિરીક્ષણનું અને જરૂર લાગે ત્યાં જવાબદાર સંસ્થાઓને તેમ જ ચેરીટી કમીશનરને રીપોર્ટ કરવાનું જ હોવું જોઇએ.

પ્રશ્ન ૬: જે કોઇ ફંડો, અમુક પ્રકારના ધ્યેયથી, અલગ જ રખાયા હોય; પરંતુ વખતના વહેવા સાથે, જનતાના ઉપયોગ કે લાભ માટે તેનો હવે કોઇ ઉપયોગ રહ્યો ન હોય, તેને બીજાં ફંડોમાં ફેરવવા સારૂ કાયદાની જોગવાઈ કરવાની તમે તરફેણમાં છો? જો હો, તો તમારા અભિપ્રાય મુજબ એવા કયા ધ્યેયો છે, જે જનતાના ઉપયોગ અને લાભ માટે બિનઉપયોગી થઇ ગયાં હોય?

ઉત્તર: જે ચેરીટી ટ્રસ્ટોના હેતુ આજે કેવળ બીનજરૂરી બની ગયા હોય અથવા સમાજને નુકશાન કરનારા લાગતા હોય તેનો બીજા વધારે ઉપયોગી કાર્યમાં અને સમાજને લાભ થાય તેવી પ્રવૃત્તિમાં ઉપયોગ કરી શકાય એવો કાંયદો કરવાની અમો તરફેણમાં છીએ. આપના આ પ્રશ્નના બીજા ભાગનો જવાબ એ છે કે ધર્મના નામે કીડીને કણ, માછલીને લોટ, પારેવાને ચણ, અથવા તો જૈન મૂર્તિઓ ઉપર થતી આંગી, અને શોભા શણગારો, હવેલીમાં ધરાતા ભોગો, આવી અનેક બાબતોને લગતા ટ્રસ્ટો આજે આપણા સમાજમાં જોવા સાંભળવામાં આવે છે કે જેની આજના સંજોગોમાં કોઇ ખાસ ઉપયોગીતા અમને લાગતી નથી.

પ્રશ્ન ૭: ધાર્મિક ફંડોની વધારાની રકમો, દાનનાં બીજાં ક્ષેત્રો-કેળવણી, વૈદ્યકીય રાહત, ગરીબોને સહાય–વગેરેમાં વપરાય, એ પ્રકારની જોગવાઇની તમે તરફેણમાં છો?

ઉત્તર: ધાર્મીક ટ્રસ્ટોના નામે આજે દરેક સંપ્રદાયમાં પુષ્કળ નાણું પડેલું છે, જેનો કશો પણ ઉપયોગ કરવામાં આવતો નથી. અમારા જૈન સમાજમાં મૂર્તિપૂજા ખૂબ પ્રચલિત છે અને સ્થળે સ્થળે ઉભા કરવામાં આવેલાં ભવ્ય મંદિરો પાસે હજારો અને લાખો રૂપીઆની મિલ્કતો હોય છે. આ મંદિરની મિલ્કત અને આવકને દેવદ્રવ્યને નામે ઓળખવામાં આવે છે અને મંદિરના ચાલુ વહીવટની જરૂરિયાત કરતાં આ ખાતામાં ઘણું ખરૂં સારા પ્રમાણમાં ફાજલ નાણું આ મંદિરો પાસે પડેલું હોય છે. જૈન સમાજના સ્થિતિચુસ્ત વર્ગની આ દેવદ્રવ્ય સંબંધે એવી માન્યતા છે કે આ દેવદ્રવ્યનો બીજો કશો પણ સાર્વજનિક ઉપયોગ થઇ શકે નહિ. પરિણામે દેવદ્રવ્યના ઢગલા વધતા જ જાય છે, તેમાંનો બહુ થોડો ભાગ જરૂરી તેમ જ બીનજરૂરી નવાં મંદિરો ઉભા કરવામાં અથવા તો જીર્ણોધ્ધારમાં ખર્ચાય છે, પણ આ દ્રવ્યનો બીજો કશો પણ સાર્વજનિક ઉપયોગ થઇ શકતો નથી. જૈન સમાજનો આગળ પડતો કેળવાયલો વર્ગ આ પ્રથાની તદ્દન વિરૂદ્ધ છે અને મંદિરની જરૂરિઆતથી જે કાંઇ વધારે આવક થતી હોય તેનો તેમ જ મંદિરમાં એકઠા થયેલા ભંડારનો ઉપયોગ જનસેવાના કાર્યમાં થવો જોઇએ એમ માને છે. પણ કમનસીબે જૈન સમાજના સર્વ મંદિરોનો વહીવટ ઘણે મોટે ભાગે સ્થિતિચુસ્ત ટ્રસ્ટીઓના હાથમાં છે. તેથી આ બાબતમાં કશો પણ ફેરફાર કરી શકતો નથી. અમારૂં સુદ્દઢ મંતવ્ય છે કે મંદિરો કે મઠોમાં તેમ જ ધાર્મિક કહેવાતી સંસ્થાઓમાં જે કાંઇ બીનજરૂરી નાણું એકઠું થયેલું હોય તે તેમ જ જે કાંઇ વધારે પડતી આવક થતી હોય તે સાર્વજનિક કાર્યમાં વપરાવા જોઇએ. આ સંબંધમાં હજુ આખા સમાજ ઉપર સ્થિતિચુસ્ત વર્ગની એટલી પકડ છે કે જ્યાં સુધી આ બાબતમાં હરિજન મંદિરપ્રવેશ માફક કાયદો નહિ થાય ત્યાં સુધી કશો પણ ફેરફાર નહિ થાય, અને મંદિરો અને મઠોનું દ્રવ્ય કાં તો નિરૂપયોગી પડી રહેશે અથવા તો એક યા બીજી રીતે વેડફાતું રહેશે. આ બાબતમાં જરૂરી કાયદો થાય એમ અમો આગ્રહપૂર્વક ઇચ્છીએ છીએ.

પ્રશ્ન ૮: કાયદાની દૃષ્ટિએ સ્વીકારાયેલી 'દાન'ની વ્યાખ્યાને વધુ વ્યાપક કરી શકાય? જો કરી શકાય તેમ હોય તો કેટલી વ્યાપક?

ઉત્તર: 'ચેરીટી' શબ્દનો અર્થ આજના સંજોગો ધ્યાનમાં લઇને વિસ્તૃત થવો જોઇએ. અને "ધર્માદા" "જનહિતાર્થ" એવા શબ્દો ચેરીટીસૂચક લેખાવા જોઇએ. તેમ જ જે સંસ્થાઓનો આશય જનસમાજને અથવા તો તેના કોઇ પણ વિભાગને એક યા બીજી રીતે આગળ વધારવાનો હોય એવી સંસ્થાને અપાયેલા નાણાં પણ ચેરીટીમાં ગણાવા જોઇએ.

પ્રશ્ન ૯: અવ્યવસ્થિત અને ગેરવહીવટભર્યા ટ્રસ્ટોનો વહીવટ સંભાળી લેવા માટેની વ્યવસ્થાની જોગવાઇ કરવાની તમે તરફેણમાં છો?

ઉત્તર: જે ટ્રસ્ટોનો વહીવટ ગોટાળાભર્યો માલુમ પડે અથવા તો અવ્યવસ્થિત માલુમ પડે તેનો વહીવટ કબજે કરવા માટે કાયદાપૂર્વકની યોગ્ય ગોઠવણ થવી જોઇએ એમ અમને લાગે છે.

પ્રશ્ન ૧૦: એક જ પ્રકારના અથવા લગભગ એકસરખાં હેતુઓવાળા દાનના ટ્રસ્ટોના ફરજિયાત સંયોગીકરણની તમે તરફેણમાં છો?

ઉત્તર: જે ટ્રસ્ટના હેતુ એક જ હોય અથવા એકસરખા હોય અને જે ટ્રસ્ટનો કાર્યપ્રદેશ અને તેનો લાભ લેનારો સમાજ પણ એક જ હોય તે પ્રકારના ટ્રસ્ટોના એકીકરણને અમે સંમત કરીએ છીએ

પણ જ્યાં હેતુ એક અથવા સરખા હોય પણ જે ટ્રસ્ટનો લાભ લેનારો વર્ગ તેમ જ તેનો કાર્યપ્રદેશ ભિન્ન હોય તેનું એકીકરણ વ્યવહારૂ નથી તેમ જ યોગ્ય નથી એમ અમને લાગે છે.

આ જવાબના અનુસંધાનમાં એક બીજી પૂરક નોંધ સંઘની કાર્યવાહક સમિતિ તરફથી તા. ૧૦-૪-૪૮ ના રોજ મોકલવામાં આવી હતી જે નીચે મુજબ છે :-

ટ્રસ્ટ એન્ડ એન્ડાઉમેન્ટસ્‌ના વહીવટ અને વ્યવસ્થાના પ્રશ્નમાં તપાસ કરવા માટે મુંબઇ સરકારે નીમેલી કમીટીના મંત્રી જોગ.

સુજ્ઞ મહાશય,

સવિનય વિજ્ઞપ્તિ કે અમોએ આપની પ્રશ્નાવલિના જવાબો તા. ૨-૪-૪૮ ના રોજ લખી મોકલ્યા છે. તે પ્રશ્નાવલિમાંના પ્રશ્ન ૬ તથા ૭ ના અમોએ જે જવાબો આપ્યા છે તેના અનુસંધાનમાં અમારૂં નીચે જણાવેલું મન્તવ્ય ધ્યાનમાં લેવા વિનંતિ છે.

જે ટ્રસ્ટનો જે હેતુસર ઉદ્‌ભવ થયો હોય તે હેતુની આજે કશી ઉપયોગીતા રહી ન હોય તેવા ત્રસ્ટનાં નાણાં સમાજોપયોગી અન્ય કોઇ કાર્યમાં ખરચવાની કાયદાદ્વારા સગવડ થવી જોઇએ તેમ જ કોઇ પણ ટ્રસ્ટની વધારાની મીલ્કતનો ઉપયોગ પણ કેળવણી, વૈદ્યકીય રાહત, દ્વારીદ્રયનિવારણ જેવા સમાજોપયોગી કાર્યોમાં કરવાની કાયદાથી સગવડ મળવી જોઇએ એમ અમોએ અમારા જવાબમાં જણાવ્યું છે તેમાં અમો એમ ઉમેરવા માંગીએ છીએ કે જે ટ્રસ્ટનો જે કોઇ નાના કે મોટા સમાજ સાથે સંબંધ હોય તે ટ્રસ્ટના નાણાંના ઉપયોગ સંબંધે ઉપર જણાવ્યા મુજબ જે કાંઇ ફેરફાર કરવામાં આવે તે ફેરફારનો સીધો લાભ તે ચોક્કસ નાના કે મોટા સમાજને જ મળવો જોઇએ. જ્યાં અમુક ટ્રસ્ટનો અમુક ચોક્કસ સમાજ સાથે સંબંધ જોડી શકાય તેમ ન હોય ,તેવી પરિસ્થિતિમાં તેવાં ટ્રસ્ટનાં નાણાંનો ઉપયોગ કોઇ પણ પ્રકારના સાર્વજનિક હિતનાં કાર્યમાં થાય તે અમને સંમત છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ગોધરાનો ઉલ્કાપાત

હિંદુસ્થાનના ભાગલા પડયા અને પંજાબનો દાવાનળ પણ શમી ગયો અને ગાંધીજીએ કોમીવાદના ધુંધવાતા અગ્નિકુંડમાં પોતાની આહુતિ આપી. ત્યાર બાદ હિંદુસ્થાનમાં કોમીવાદ શમતો જતો હતો અને લગભગ સર્વત્ર શાન્તિ પ્રસરતી જતી હતી. આ રીતે આપણે કાંઇક નિરાંત અને નિશ્ચિન્તતા અનુભવતા હતા. એવામાં ગોધરામાં નજીવી અથડામણમાંથી કોમી આગ સળગી ઉઠી અને એ સમૃદ્ધ શહેરના મોટા ભાગનો નાશ થયો અને હિંદુ મુસલમાનનાં સંખ્યાબંધ કુટુંબો ઘરબાર વિનાનાં થઇ પડયાં. આ ઉલ્કાપાતમાં માણસોની પ્રાણહાનિ બહુ ઓછી થઇ છે, પણ માલમીલકતની ખુવારી પારવિનાની થઇ છે અને ગઇ કાલ સુધી સુખચેનમાં સુતેલાં અને સમૃદ્ધ ગણાતાં કુટુંબો ઉંચે આભ અને નીચે ધરતી જેવી સ્થિતિને પ્રાપ્ત થયાં છે. કેટલાય લોકો કપડાંભેર દશામાં બચવા પામ્યા છે. આ ઉલ્કાપાતની જવાબદારી કોઇ એક કોમ કે વર્ગના માથે નાંખી શકાય તેમ છે જ નહિ. તેમ જ તેની પાછળ પૂર્વયોજનાની પણ શકયતા સંભવિત નથી લાગતી. તો પછી આમ બનવા કેમ પામ્યું. ?

આનો ઉત્તર એક જ છે કે આજે દેખાતી સુલેહશાન્તિ ઉપરઉપરની છે. આપણા સાના દિલમાં કોમી કડવાશ હજુ પારવિનાની ભરેલી છે અને એ કડવાશને ચીણગારી લાગતાં ગમે ત્યાં અને ગમે ત્યારે ભડકો થઇ ઉઠે છે. આપણે બધાય આજે ભારેલા અગ્નિ ઉપર ચાલી રહ્યા છીએ. નીચેની ધરતી જાણે કે એકાએક ફાટે છે અને નીચેથી ઉછળી આવતો ધગધગતો લાવા આસપાસના સર્વ પ્રદેશને જાતજોતામાં ભસ્મીભૂત કરી નાંખે છે. આ રીતે જ્યાં જ્યાં કોમી વેરઝેરની જ્વાળાઓ ફાટી નીકળે છે ત્યાંની પ્રજા ઉપર યાતનાઓનો વરસાદ વરસે છે. આવા ઉલ્કાપાતના ભોગ બનેલા લોકોને કેમ પહોંચી વળવું એ સવાલ અત્યન્ત વિકટ બની જાય છે. આમ છતાં આવા પ્રસંગે નિષ્ઠુર કે નિષ્ક્રિય બની બેસવું એ કોઇ રીતે યોગ્ય ન ગણાય. આજે ત્યાં આફત છે. આવતી કાલે આપણી ઉપર આવી જ કોઇ આફત ઉતરી આવવાની છે. આવા પ્રસંગે જેનાથી જે કાંઇ બની શકે તે કરી છુટે અને આવેલી આફતને બને તેટલી હળવી કરે એમ માનવતા પોકારી રહી છે. ગોધરાના અગ્નિકાંડમાં લગભગ સવાબસો જૈન કુટુંબો ઘરબાર વિનાનાં થઇ પડયાં છે. તેમાં ૧૫૦ કુટુંબો તો સાવ પાયમાલ થઇ ગયા છે. આ દિશાએ મુંબઇની માનવ રાહત સમિતિ નામની જાણીતી જૈન સંસ્થાએ પ્રશસ્ત સેવા કરી છે અને સારા પ્રમાણમાં મદદ પહોંચાડી છે. અગદ્દાવાદમાં પણ આ માટે મોટા પાયા ઉપર ફંડ થઇ રહેલ છે. આવી સર્વવિનાશી ઘટનાને કેવળ કોમી દૃષ્ટિબિંદુથી જોઇ કે વિચારી ન જ શકાય. જે કાંઇ થાય તે બને ત્યાં સુધી સાર્વજનિક ધોરણે થવું જ જોઇએ. આમ છતાં પણ કોમી નહિ તો કશું જ નહિ એમ તો બનવું ન જ જોઇએ. એ રીતે જેને જેઓ પોતાની વધારે નજીકના માને છે તેમને તેઓ પોતાથી બનતી રાહત પહોંચાડશે તો એ રીતે પણ સાર્વજનિક રાહતકાર્યની જવાબદારી હળવી થશે અને એ જ કાર્યની થોડી ઘણી પુરવણી થઇ લેખાશે. **પરમાનંદ**

નિઝામ રાજ્યમાં ધુંધવાતો જ્વાળામુખી

નિઝામ રાજ્યમાંથી ઉત્તરોત્તર એવા સમાચાર આવી રહ્યા છે કે જે સાંભળતાં ત્યાં કોઇ પણ વખતે મોટા પાયા ઉપર કોમી તેમ જ રાજકારણી અથડામણ ઉભી થાય તેવો સંભવ લાગે છે. છેલ્લાં છેલ્લાં ઇતેહાદ-ઉલ-મુસ્લમીનના પ્રમુખ કાસીમ રઝવીએ રઝાકાર સેવાદળ સમક્ષ કરેલાં વ્યાખ્યાનોએ આખી પરિસ્થિતિને વધારે ઉગ્ર અને ચિન્તાજનક બનાવી દીધી છે. રઝવીનું ભાષણ વાંચતાં આ તો હિંદુસ્થાનની કોમનસીએ કોઇ સવાઇ-ઝીણા ઉભો થયો હોય એમ લાગે છે. હરીફામ બેસતા હિંદુસ્થાનની સુલેહ શાન્તિ કાસ્મીરના પ્રશ્નથી ડોળાતી તો રહી છે, પણ નીઝામી રાજ્યમાં બની રહેલી ઘટનાઓ, ઝેરી પ્રચારકાર્ય અને રઝાકાર જેવું કેવળ ખુનખાર વૃત્તિના પાયા ઉપર ઉભું કરવામાં આવેલું સેવાદળ આખી પરિસ્થિતિને અત્યન્ત ગંભીર બનાવી રહેલ છે. આ સંબંધમાં શ્રી કિશોરલાલભાઇ છેલ્લા હરિજનબંધુમાં યથાર્થ લખે છે કે "ધર્મનો વેશ લઇને કેટલાંક વર્ષથી આપણા દેશમાં સેતાને પ્રવેશ કર્યો છે. ૧૯૪૬ ના ઓગસ્ટથી તેની ક્રૂર લીલાનો આપણને સારી પેઠે પરિચય થઇ ચુકયો છે. બે કઠણ અનશનો કરી ગાંધીજીએ મહામુશ્કેલીથી તેના વેગને કલકત્તામાં તથા દિલ્હીમાં રોકાયો. પોતાનાં માર્ગમાં વિઘ્ન આવેલું જાણી સેતાને માઝા મુકી તેમનું છેવટે ખુન કર્યું. હિંદ તેમ જ પાકીસ્તાનની મુસલમાન પ્રજાએ ગાંધીજીએ બજાવેલી સેવાની કૃતજ્ઞતાપૂર્વક કદર બુજી. પરંતુ સેતાને હજુ પોતાની લીલા સમેટી લીધી નથી. દક્ષિણના આ રાજ્યમાં તેણે તે શરૂ કરી છે. જો હિંમતપૂર્વક એને રોકવામાં ન આવે તો હજુ તે કેવું ઉગ્રરૂપ લેશે તે કહી શકાય એવું નથી. દબાઇ રહેલી પ્રજા, દબાઇ રહેલા અગ્નિની જેમ જ્યારે જાગૃત થાય છે, ત્યારે તેના વેરની વસુલાતને કોઇ હદ રહેતી નથી."

આ પ્રમાણે નિઝામના રાજ્યમાં આજે પરિસ્થિતિ એકાએક બગડતી ચાલી છે. આ સંબંધમાં હિંદી યુનીયને આજ સુધી ખુબ ખામોશી ધારણ કરી છે. હવે તો તેણે સખ્ત હાથે કામ લેવું જ જોઇએ અને નામદાર નિઝામ, નવા કાયદે આઝમ કાસીમ રઝવી અને ખાઉં ખાઉં કરી રહેલા રઝાકારોની સાન જેમ બને તેમ જલ્દિથી ઠેકાણે લાવવી જોઇએ. આ બાબતમાં જેટલું મોડું થાય છે તેટલો ભાવી પરિણામોની ભયંકરતાનો ગુણાકાર વધતો જ જાયછે.

પરમાનંદ

મંગળમૂર્તિનો સ્વૈરવિહાર

(ગતાંકથી ચાલુ)

પ્રવ્રજ્યાનું વિજ્ઞાન

આમ એકાદ મહિનો પસાર કર્યા બાદ તે એકાએક ત્યાંથી રજા માગે છે અને ત્યાંના લોકો તેને રોકવા માટે ખૂબ દબાણ કરે છે અને વિનવણી કરે છે, પણ તે એકનો બે થતો નથી. તેના મિત્રો તેને દ્રવ્ય તેમ જ વસ્ત્રો ભેટ આપે છે અને તેને ઉદ્દેશીને વિદાય-કાવ્યો રચે છે. વિદાય વેળાએ શહેરનાં લોકો એકઠાં થાય છે; ગમગીનીપૂર્વક તેની સાથે સૌ હાથમાં હાથ મિલાવે છે અને કેટલાકની આંખમાંથી આંસુ વહેવા માંડે છે. મંગળમૂર્તિ શહેરના દરવાજા બહાર આવી પહોંચે છે, પોતા માટે દસ રૂપિયા રાખીને બાકીની ભેટ મળેલી બધી રકમ તેમ જ ભેટ સોગાદો ગરીબોને વહેંચી દે છે અને ત્યાંથી ચાલી નીકળે છે. જ્યારે તેના મિત્રોને આ બાબતની ખબર પડે છે ત્યારે તેની અગમ્ય પ્રતિભા વિશે તેઓ વિશેષતઃ વિસ્મયમુગ્ધ બને છે.

પછી મંગળમૂર્તિ પર્વતના માર્ગે વળે છે અને થોડા સમયમાં ગગનચુંબી શિખરોવાળી પર્વતમાળ વચ્ચે જઈ પહોંચે છે. લતાઓથી વીંટળાયેલાં હજારો પુરાણાં વૃક્ષો આકાશ પણ નજરે ન પડે એવી ઘનઘોરી છાયા પાથરીને પડયાં છે. માણસની વસ્તીનું ત્યાં કોઈ નામનિશાન જણાતું નથી અને કોઈ લાકડાં કાપનાર કે ગોવળ નજરે પડતો નથી. માત્ર પંખીઓના અને વાંદરાઓના અવાજ સંભળાય છે. ત્યાં એકાએક ખૂબ ઠંડો પવન વાવા લાગે છે અને તેને ઠંડીથી થથરાવી નાંખે છે. મંગળમૂર્તિ તેના સાથી સાથે કેટલેય દૂર સુધી જાય છે, એવામાં ભવ્ય કપાળ, તેજસ્વી આંખો અને મૃદુ આકૃતિવાળા એક વૃધ્ધ પુરૂષને તે એકાએક જુએ છે. તેના લાંબા લાંબા વાળ ખભા ઉપર પથરાઈ રહ્યા છે અને પલાંઠી વાળીને તે કોઈ એક મોટી શિલા ઉપર બેઠો છે. મંગળમૂર્તિ આગળ આવે છે અને તેને વંદન કરે છે. તે વૃધ્ધ પુરૂષ ઉભો થાય છે અને તેની સામે લાંબા વખત સુધી એકી ટશે જોયા કરે છે પણ એક શબ્દ ઉચ્ચારતો નથી. ધુંટણીએ પડીને નમન કરતો મંગળમૂર્તિ તેને કહે છે કે "આપ જેણે 'ટેઓ'નો સાક્ષાત્કાર કર્યો છે એવા કોઈ અસાધારણ પુરૂષ લાગો છો. આટલે દૂર આ ગહન ગિરિરાજની મધ્યમાં, એકાન્તે વસનાર એ સિવાય બીજું કોણ હોઇ શકે? આ આપનો રંક શિષ્ય 'ટેઓ' વિશે કંઈ કાળથી શ્રદ્ધા ધરતો આવ્યો છે અને આટલી ઉમર થવા આવી તે છતાં તેને 'ટેઓ'નો સાક્ષાત્કાર થયો નથી. જેવી રીતે ઉકળતા તાવડામાં રહેલું તેલ બળતું જાય અને સળગાવેલી મીણબત્તી ધીમે ધીમે ખલાસ થઇ જાય એવા આ વિનશ્વર જીવનની અસારતા જોઇને મને વૈરાગ્ય આવે છે. આપ મારી ઉપર કૃપા કરો અને મારા અજ્ઞાનને દૂર કરો!" તે વૃદ્ધ પુરૂષ તેને સાંભળતો જ ન હોય એમ દેખાય કરે છે. પણ જયારે મંગળમૂર્તિ બહુ જ વિનવે છે ત્યારે ચિન્તામુક્ત અને સ્થિતપ્રજ્ઞ કેમ બનવું અને જીવનમાં નિવૃત્તિ કેમ સાધવી તે વિષે તેને થોડા શબ્દોમાં ઉપદેશ આપે છે અને પોતાને રસ્તે ચાલ્યો જાય છે. તે દેખાતો તદન બંધ થાય ત્યાં સુધી મંગળમૂર્તિ કેટલાય વખત સુધી તેને જોયા જ કરે છે. આવા એકાન્ત સ્થળમાં આવો વૃદ્ધ પુરૂષ શું કામ રહેતો હશે તેનું રહસ્ય તેને કોણ સમજાવે?

પછી આગળ ને આગળ ભ્રમણ કરતાં તેના એક જૂના મિત્રનો તેને ભેટો થાય છે. ગદ્યસાહિત્ય અને પદ્યસાહિત્યના શોખના કારણે, ધંધાપાના કારણે કે અંગત સ્નેહ અને એકમેકના દિલની સાચી પરખ થવાના કારણે અથવા એકમેકના આશાસ્પદ ભવિષ્યમાં પરસ્પરને વિશ્વાસ હોવાને લીધે આગળ ઉપર જેમની સાથે તેને મૈત્રી બંધાયેલી તેમનું તેને જ્યારે સ્મરણ થાય છે અને તેમને ફરીથી મળવાની ઇચ્છા તેના દિલમાં જાગૃત થાય છે, ત્યારે તેવા કોઇ એક મિત્રને ત્યાં પોતાની જાતને છુપાવ્યા સિવાય તે સીધો જઇ ચડે છે. આવો જ તેનો એક મિત્ર ઉપર જણાવ્યા મુજબ તેને મળે છે, નમન કરે છે અને મંગળમૂર્તિનો વિચિત્ર પહેરવેશ જોઇને આશ્ચર્ય પામે છે અને તેને કેટલાક પ્રશ્નો પૂછે છે. ત્યારે મંગળમૂર્તિ ખુલાસો કરે છે કે "હું સંસારથી નિવૃત થઇ ચૂકયો છું અને ટુંગમીંગના ચીચન મહાશય મારા ગુરૂ છે." મિત્ર પૂછે છેઃ "તમારાં દીકરા દીકરીઓ પરણી ગયાં છે?" મંગળમૂર્તિ જવાબ આપે છેઃ "ના, ના! હજુ સુધી એ બધાં પરણી ગયાં નથી. જ્યારે તે પરણી જશે ત્યારે પીતવર્ણી નદીમાં જેમ પાણી ખલાસ થઈ જાય તેમ હું બધી ચિન્તાઓથી મુક્ત થઇ ગયો હોઇશ. સેપીંગ ઘર છોડીને ગયો તે ગયો જ છે અને કદી ઘર તરફ પાછો ફર્યો નથી. પણ મારી મૂળ પ્રકૃતિને અનુરૂપ જીવન જીવવાના હેતુથી હું તો એક દિવસ ઘર તરફ પાછો વળવાનો ઇરાદો રાખું છું." તે મિત્ર પછી તેને નિરાભિમ આહાર વોરાવે છે અને બંને મિત્રો વીસ પચીસ વર્ષ પહેલાંના દિવસો યાદ કરે છે અને વાતે ચડે છે, અને હળવે દિલે ભૂતકાળના વિશાળ પટ ઉપર નજર દોડાવતા જાણે કે એ બધું એક સ્વપ્ન માફક સરી ગયું હોય એવો અનુભવ કરે છે. તે મિત્ર પછી તેને નમી પડે છે અને કયાં મંગળમૂર્તિનું કેવળ નિશ્ચિન્ત જીવન અને કયાં પોતાનું અનેક સાંસારિક ઉપાધિઓથી સદાકાળ વ્યગ્ર રહેતું જીવન-આમ વિચારીને નિસાસો નાંખે છે.

તેનો મિત્ર કહે છે કે "સંસારની બધી પરવા પરવારી બેઠેલ હોય એવા જ તમે એક માનવી નથી શું? અત્યારે તો લોકો ધન, સત્તા અને દુનિયાની મોજમજાહ પાછળ ગાંડા બનેલા દેખાય છે. રાજ્યાધિકારીઓની સવારીમાં નીચું માથું રાખીને ધીમે ધીમે ચાલતા, પળિયાથી છવાયેલા માથાવાળા કોઇ વૃદ્ધ માણસને હું કોઇ કોઇ વાર જોઉં છું. એ વૃદ્ધ માણસ દુનિયાની આ બધી ચીજને વળગી રહેલો અને તેનો ત્યાગ કરવાને કેવળ અનુત્સુક દેખાય છે. એક દિવસ જ્યારે તેને કચેરી છોડવાનો વખત આવે છે ત્યારે ભવાં ચડાવીને તે આસપાસ જુએ છે. ગાડી તૈયાર છે કે નહિ તે બાબતની પૂછપરછ કરે છે, પણ તેનાં પગલાં એકદમ ઉપડતાં નથી. આખરે તેને વિદાય લેવાનો વખત આવે છે અને તે શહેર બહાર નીકળે છે, છતાં તેની નજર વારંવાર પાછળ અને પાછળ દોડયા કરે છે. પોતાની જ્યાં જાગીર છે ત્યાં આવી પહોંચે છે, પણ ખેતીમાં તેનું દિલ લાગતું નથી અને સવારે અને સાંજે રાજધાનીમાંથી કાંઇક સમાચાર કે પુછાવટ આવવાની આશા સેવે છે અને જે મળે તેને તે બાબત પૂછયા કરે છે. અથવા તો રાજદરબારમાં કામ કરતા પોતાના મિત્રોને તે પત્રો લખ્યા જ કરે છે અને છેવટનો દમ ખેંચવાનો વખત આવે ત્યાં સુધી તેના મગજમાં આ ને આ જ વિચારો ઘોળાયા કરે છે અને ગયેલો અધિકાર પાછો મેળવવાની તૃષ્ણા તેના ચિત્તને છોડતી નથી. કોઇક વાર એમ બને છે કે જ્યારે તેની છેલ્લી ઘડીઓ ગણાતી હોય છે ત્યારે તેને પાછો બોલાવવાનો સરકારી હુકમ આવી પહોંચે છે અથવા તો તેનું મૃત્યુ થાય છે અને થોડી કલાકમાં જ આવા સમાચાર લઇને કોઇ સરકારી દૂત ત્યાં આવી ચડે છે. આ બધું શું હાસ્યાસ્પદ નથી? તમે એવી તે શું તાલીમ લીધી છે કે આ બધી તૃષ્ણાઓથી અને કામનાઓથી તમે વખતસર મુકત થઇ શકયા છો?"

મંગળમૂર્તિ જવાબ આપે છે કે "મેં આખા જીવનનો બહુ નિરાંતે વિચાર કર્યો છે. મને લાગે છે કે જીવનની પરિવર્તનશીલ દુખા-

ન પરિસ્થિતિના અનુભવદ્વારા ગને સત્યનો સાક્ષાત્કાર થયો છે. આકાશને મેં નીરખ્યા કર્યું છે અને સૂર્યને અને ચંદ્રને અને તારાઓને અને આકાશગંગાને. ઉદ્યોગી માણસોની માફક દિવસ અને રાત પૂર્વમાંથી પશ્ચિમ તરફ ધસી રહેતાં જોઈને આશ્ચર્યમાં ગરકાવ થઇ રહ્યો છું. આજ જાય છે અને તે કદી પાછી આવતી નથી, અને આવતી-કાલ આવે છે, પણ તે આજ તો નથી જ. આ વર્ષ પસાર થાય છે અને તે કદી પાછું ફરતું નથી અને આવતું વર્ષ જરૂર આવે છે પણ તે આજનું વર્ષ તો નથી જ હોતું. અને એ રીતે કુદરતના દિવસો તો લંબાયે જ જાય છે અથવા તો નવા નવા જન્મતા જાય છે, પણ આપણા જીવનના દિવસો ટૂંકાયે જ જાય છે અને છત્રીસ હજાર સૂર્યોદયથી વધારે કાળની આપણે માલેકી ધરાવી શકતા જ નથી. આ ઉપરાંત જિંદગીના આ કહેવાતાં સો વર્ષો અને ૩૬૦૦૦ દિવસો હંમેશાં આપણે ઇચ્છીએ તેવા જ કાંઇ હોતા નથી. અને એ દિવસો અને વર્ષોમાંનો મોટો ભાગ તો ખરાબ હવામાં, દિલગીરીમાં, ચિન્તામાં અને જ્યાં ત્યાં ભટકવામાં જ પસાર થાય છે. જ્યારે બધો વખત સુખ અને આનંદમાં પસાર થયો હોય અને મનને આનંદ આપે એવી મિત્રમંડળીનો સુયોગ થયો હોય, જ્યારે ચંદ્ર પૂર્ણ તેજે પ્રકાશી રહ્યો હોય અને મંદ મંદ મધુર પવન વાઇ રહ્યો હોય અને આપણું દિલ સ્વસ્થ હોય અને આપણો આત્મા તૃપ્તિ અનુભવતો હોય, જ્યારે સંગીત ચાલતું હોય, ગાયન ગવાતું હોય, મદ્ય પિવાતું હોય અને આનંદ-મજામાં કલાકની કલાક પસાર થઇ જાય એવી સર્વ પ્રકારની અનુકૂળતા આવી મળી હોય—આપણા આખા જીવનમાં આવી ઘડીઓ કેટલી જોવામાં આવે છે?

"સૂર્ય અને ચંદ્ર ગંદુકની ગોળી માફક પોતપોતાના માર્ગ ઉપર જોસભેર ગતિમાન થઇ રહ્યા હોય અને અસ્તાચળ પાછળ જ્યારે તેમનાં રથચક્રો અદૃશ્ય થવા લાગે ત્યારે આ દુનિયા ઉપરનો બળવાનમાં બળવાન માનવી પણ તેમને પકડી શકતો નથી કે પૂર્વ દિશા તરફ વાળી શકતો નથી; સૂચીન કે ચેંગ યી નું વાક્‌પટુત્વ તેમને પૂર્વ તરફ પ્રવાસ આદરવાનુ સમજાવી શકાતું નથી; ચીંગ-વેની સત્યનિષ્ઠા પણ તેમના હૃદયને સ્પર્શી શકતી નથી અને તેમને પૂર્વ તરફ વાળી શકતી નથી. આ પ્રશ્નની ચર્ચા કરતા આદિકાળથી આજ સુધીના તત્ત્વવેત્તાઓ આ બાબતમાં આપણી અસહાયતા—સામર્થ્યહીનતા સામે એકસરખો પોકાર કરતા આવ્યા છે.

"અને મેં આ પૃથ્વીને પણ નિહાળી છે. જ્યાં ઉંચા ટેકરાઓ હતા ત્યાં ઉંડી ખીણો નજરે પડે છે અને જ્યાં ઉંડી ખીણો હતી ત્યાં ગગનચુંબી ગિરિવરો ઉપસ્થિત થયા છે અને નદીઓ અને સરોવરોનાં પાણી દિવસ અને રાત—સદાકાળ પૂર્વ બાજૂએ સમુદ્ર તરફ વહી રહ્યાં છે. ફ્રેંગ પીંગે કહ્યું છે કે "હું અધિકાર ઉપર હતો તે કાળ દરમિયાન દરિયો હતો ત્યાં ત્રણ વાર ખેતર થતાં અને ખેતરોનું ત્રણ વાર દરિયામાં પલટાતાં મેં જોયાં છે."

"અને વળી મેં આ દુનિયાની જીવસૃષ્ટિને નિહાળી છે. તેઓ જન્મે છે, વૃધ્ધ થાય છે, માંદા પડે છે અને મરે છે. અને ધખધખતી ચૂલ ઉપર ચડાવેલા તાવડામાં રહેલું તેલ જેમ થોડી-વારમાં સુકાઇ જાય, જેવી રીતે ભીણુભત્તી હવામાં ફરફર થતી ઝુઝાઇ જાય અને તેનો રસ ફરી જાય અને તેની મશ ટેબલ ઉપર પથરાઇ જાય, જેવી રીતે મહાસાગર ઉપર ધસડાઇ આવેલું વહાણ ઊંચાં નીચાં મોજાંઓ તેને ઉછાળે અને પાડે તેમ ઊછળતું અને પડતું કયાંનું કયાં ચાલી જાય તેવી રીતે જગતના જીવોને ચીન અને યેંગની સતત ચાલતી ચકડોળમાં ચાલુ પિસાતાં મેં જોયાં છે. તે ઉપરાંત માણસની સાત વાસનાઓ તેને સતત બાળ્યા કરે છે અને પાર્થિવ ભોગવિલાસો તેને જર્જરિત કરી નાંખે છે. કોઇ વખત તે બહું ગમગીન બની જાય છે તો કોઇ વાર તે એકાએક આનંદમાં આવી જાય છે અને સાધારણ રીતે તેનું જીવન અનેક ચિન્તાઓથી ભરેલું હોય છે. સો વર્ષથી વધારે જીવવાનું કોઇને માટે શક્ય હોતું નથી એમ છતાં પોતે એક હજાર વર્ષ જીવવાનો હોય એવી યોજનાઓ કરે છે. અને અગ્નિ ઉપર કડકડતા તેલ જેવી તેની દશા હોય છે એમ છતાં તેના મનોરથો વિશ્વની મર્યાદાને પણ વટાવીને ચાલે છે. પછી જ્યારે વૃધ્ધાવસ્થા આવે છે. ત્યારે તે એકાએક ભાંગી પડે; તેની જીવનશક્તિ ખલાસ થઇ જાય અને તેનો આત્મા પોતાનું મૂળ સ્થાન છોડીને જ્યાં ત્યાં ભટકવા માંડે તેમાં શું આશ્ચર્ય?

"મેં વાદળ સાથે વાતો કરતા મીનારાવાળા રાજમહેલોમાં વસતા રાજવીઓ, અમીર ઉમરાવો, સરદારો તેમ જ દીવાનો જોયા છે. જ્યારે ભોજનનો ઘંટ વાગે છે ત્યારે એક સાથે હજાર હજાર માણસો ભોજન લેવા માટે એકત્ર થયેલા દેખાય છે અને સવારમાં જ્યારે એ રાજમહેલોના દરવાજા ખોલવામાં આવે છે ત્યારે મુલાકાત લેવા આવનારનાં ટોળેટોળાં તે મહેલમાં દાખલ થતાં નજરે પડે છે. દિવસ અને રાત ત્યાં ભોજનસમારંભ ચાલી રહ્યા હોય છે અને અંદરના ભાગમાં અનેક રૂપાળી અને કૃત્રિમ શણગારવાળી સ્ત્રીઓ આંટીઘૂંટી ફરતી હોય છે. કોઇ એક સાધુ ત્યાંથી પસાર થાય છે તો તેને તેઓ ધમકાવીને કાઢી મૂકે છે અને તે સાધુ રાજમહેલની સામે નજર કરવાની પણ હિંમત કરી શકતો નથી. પણ વીસ ત્રીસ વર્ષના ગાળે એ જ સાધુ ત્યાંથી પસાર થાય છે અને એ રાજમહેલમાં ખંડિયેરો જુએ છે. ચોતરફ બધે ખડ ઉગી ગયું છે અને બધું રાચરચીલું ઉધઇ ખાતું અને ધૂળથી ઢંકાયેલું જોવામાં આવે છે. રાજમહેલનાં છાપરાંઓ તો કયાંનાં કયાં ઉડી ગયાં છે અને એ વેરાન સ્થળ ઉપર, લોકોની ચડતી પડતીનાં ચક્રો નિહાળીને રીઢો બની ગયેલો સૂર્ય ચળકી રહ્યો હોય છે અને પવન ઉદાસપણે વાઇ રહ્યો છે. જ્યાં એક વખત ગાનતાન ચાલી રહ્યાં હતાં અને બધું ઝાકઝમાળ હતું ત્યાં આજે ભરવાડો ગાયો ચરાવી રહ્યા હોય છે. જ્યારે ત્યાં સમૃદ્ધિની છોળો ઉડતી હતી અને મોજમજાહ અને ભોગવિલાસથી ભરપૂર જીવન હતું ત્યારે એક વખત આ દિવસ આવશે એવો સ્વપ્ને પણ તેમને ખ્યાલ હશે ખરો? ચીંકુતું ઉપવન, હુંગરાઇનો મીનારો, પીસિયાંગનું દીવાનખાનું, ટૈયીનું સરોવર—આજે સો કે હજાર વર્ષના ગાળે આ નામચીન સ્થળોનું નાનું સરખું પણ નામનિશાન જોવામાં આવે છે ખરું? જ્યારે મને નવરાશ મળતી ત્યારે હું શહેર બહાર ભટકવા નીકળતો અને બાજૂની ટેકરી ઉપર જતો અને ત્યાં પથરાયેલી અનેક કબરોના અવશેષો જોતો. આમાં યેનની કઇ કબર અને હાનની કઇ કબર? ચીનની કઇ કબર અને વીઇની કઇ કબર? આ કબરોમાં દટાયેલા માનવીઓ રાજા અને અમીર ઉમરાવ હતા કે નોકર અને ચાકર હતા? તેઓ બહાદુર પુરૂષો હતા કે કેવળ બાયલા અને બેવકુફ હતા? આ પથરાયેલાં પડેલાં પીળી માટીનાં ઢેફાંઓ જોઇને એ બાબતની માહીતી કોણ આપી શકે તેમ હતું? જ્યારે તેઓ જીવતા હતા ત્યારે તેઓ સત્તા અને સમૃધ્ધિ પાછળ કેવા ગાંડા બનેલા હતા, પોતપોતાની મહત્વાકાંક્ષાઓ સાધવા માટે અને કીર્તિપ્રતિષ્ઠા વધારવા માટે તેઓ એકમેકની કેવી હરીફાઇ કરતા હતા, જેનો પોતાથી કોઇ કાળે અમલ થઇ શકયો ન હોય એવી કેટલીયે યોજનાઓ તેમણે ઘડી હતી અને જેનો ભોગ પોતાના નસીબમાં નહોતો એવી કેટલીયે સાધનસંપત્તિ તેમણે એકઠી કરી હતી—આવા કંઇ કંઈ વિચારો મને આવતા. તેમનામાંનો એવો કોણ હતો કે જેણે જાતજાતની ઉપાધિઓ સેવી ન હોય, વિવિધ પ્રકારની યોજનાઓ કરી ન હોય અને તેને પાર પાડવા માટે તરેહ તરેહના પ્રયત્નો કર્યા ન હોય? એક સવારે અનન્ત નિદ્રાને શોધતી તેમની આંખો બિડાઇ ગઇ અને બધી ઉપાધિઓ, ખટપટ અને ધમાલ હંમેશને માટે પાછળ રહી ગઇ?

"રાજ્યાધિકારીઓનાં રહેપાનાં વિશાળ નિવાસસ્થાનો મેં

જોયાં છે અને તે તે જગ્યામાં રહેનારા લોકો ઉત્તરોત્તર કેમ બદલાતા ચાલ્યા છે તે પણ મારી નજરે નિહાળ્યું છે. રાજદરબારમાં કામ કરતાં અધિકારી–મંડળોની યાદી મેં જોઇ છે અને તે યાદીમાં કેટલાંય જુનાં નામો રદ થયાં છે અને નવાં નામો ઉમેરાયાં છે તે જાણીને મને ખૂબ આશ્ચર્ય થયું છે. હું પર્વતની ખીણોમાં ફર્યો છું, મોટી નદીઓ અને સરોવરો મેં ઓળંગ્યાં છે અને કોઇ ઉંચી ટેકરીના શિખર ઉપર ચડીને હોડીઓ અને વાહનોની હારમાળાની હારમાળા નીચે પસાર થતી મેં જોઇ છે અને તે કેટલાય મુસાફરો લાવે છે અને લઇ જાય છે તે વિશે મેં વિસ્મય અનુભવ્યું છે. અને આ બધું જોઇ નિહાળીને મેં નિશ્વાસ નાંખ્યો છે, મારી આંખમાંથી આંસુ ખરી પડયાં છે અને મારી સર્વ કામનાઓ બળીને ભસ્મ થઇ ગઇ છે.”

તેનો મિત્ર જવાબ આપે છે કે “યેન્ટ્રૂસે દ્વારા મેં સાંભળ્યું છે કે મૃત્યુ છે જ નહિ એ હકીકત જાણીને સેંગ્ચ્યુ સુખ અનુભવતો હતો અને ‘ચી’નો ચીંગરાજા મૃત્યથી ગ્લાનિ પામતો અને આંખમાંથી આંસુ પાડતો હતો અને આ રાજા જીવનનું તત્ત્વ જાણતો નથી એમ કહીને ડાહ્યા માણસો તેની ટીકા કરતા હતા. વખત જલદીથી પસાર થઇ જાય છે અને માણસનું જીવન ખૂબ અસ્થિર છે એ કારણે જો તમે ગમગીન બની જાઓ અને આંખમાંથી આંસુ પાડો તો જેઓએ માનવજીવનનું રહસ્ય જાણ્યું છે એવા માણસોની પ્રજ્ઞાકુશળતા હજુ તમે પ્રાપ્ત કરી શકયા નથી એમ કહી ન શકાય?”

મંગળમૂર્તિ જવાબ આપે છે કે “એમ નથી. જીવનની ક્ષણભંગુરતા જોઇને હું ઉદાસ બન્યો છું અને એ ઉદાસીનતાના અનુભવમાંથી જ મને સાચું જ્ઞાન પ્રાપ્ત થયું છે. ‘ચી’નો ચીંગરાજા પોતાની સત્તા અને મહત્તા ચાલી જશે એવો ભય ધરાવતો હતો અને તે તો પોતાની સત્તા અને મહત્તા અનન્તકાળ સુધી ભોગવવા માગતો હતો અને માનવજીવનની સર્વપ્રકારના સુખો માણવાની કામના સેવતો હતો. તેને બદલે મેં તો ધન ઐશ્વર્યની અસ્થિરતા બરોબર જોઇ લીધી છે અને મારું ચાલુ સાધારણ જીવન આનંદપૂર્વક વ્યતીત કરી શકું એ હેતુથી ધન અને ઐશ્વર્યથી મને તેટલો અલગ રહેવા હું ઇચ્છું છું. અમારા બન્નેના જીવનના ઉદ્દેશોમાં ઘણો તફાવત છે.”

“તો પછી તમે ટેઓ પદને પહોંચી ચૂકયા છો?”

મંગળમૂર્તિ જવાબ આપે છે કે “ના, ના! હજુ સુધી ટેઓ પદ પ્રાપ્ત કરવા સુધી હું પહોંચ્યો નથી. હું કેવળ તે પદની પ્રાપ્તિને ઝંખ્યા કરું છું.”

“જો ટેઓ વિશે તમને ભક્તિ અને શ્રદ્ધા હોય તો આ પ્રમાણે પરિભ્રમણ શા માટે કરો છો?”

મંગળમૂર્તિ ઉત્તર વાળે છે કે ‘ભલા ભાઇ! મારાં પરિભ્રમણોને ‘ટેઓ’ સાથે ન ગૂંચવશો. હું તો અમલદારી જીવનથી અને સંસારની ઉપાધિઓથી કંટાળી ગયો હતો અને તેમાંથી છૂટવા માટે જ આ બધો પ્રયાસ મેં અંગીકાર કર્યો છે. સંસારથી તદ્દન નિવૃત્તિ મેળવવા માટે તો હું પાછો ઘેર પહોંચ્યું અને કેવળ એકાન્ત જીવન સ્વીકારું ત્યાં સુધી મારે રાહ જોવી પડશે.”

“આ પ્રમાણે કમંડળ લઇને અને કફની પહેરીને તમે ગાતા ગાતા ફરો છો અને જ્યાં ત્યાં ભિક્ષા માંગીને ઉદરનિર્વાહ કરો છો તેમાં તમને મજા આવે છે?”

મંગળમૂર્તિ જવાબ આપે છે કે “મારા ગુરુએ મને કહ્યું છે કે જીવનમાં ખરું સુખ મેળવવું હોય તો આપણી રહેણીકરણી બને તેટલી પરિમિત અને સંયમી રાખવી જોઇએ. જે માટે કેટલાંય ઘેટાં અને ગાયોની કતલ કરવામાં આવે છે તેવા એક મોટા [illegible] પ્રસંગે મોજ ઉપર જીવનધનનાં મિષ્ટાન્ન અને પકવાન્નો અને તરેહ તરેહની વાનીઓ પીરસવામાં આવી હોય છે અને કોઇ ખૂબ આનંદથી ખવાય તેટલું ઘરાઇ ઘરાઇને ખાય છે, પણ ખાતે ખાતે પેટ એટલું બધું ભારે થઇ જાય છે કે પછી તેમને ખૂબ અકળામણ આવવા લાગે છે અને આગળની મજા બધી ઉડી જાય છે. આ કરતાં ભાત અને શાકનું સાદું ભોજન શું વધારે પસંદ કરવા લાયક નથી? આવું ભોજન તન્દુરસ્તી માટે પણ બહુ સારું હોય છે અને એક વખત એવા સાદા ભોજનથી ટેવાયા બાદ તેમાં કોઇ જુદો જ સ્વાદ આવે છે. કોઇ આનંદસંમેલનનો પ્રસંગ કે જ્યાં અનેક સુન્દર યુવતીઓ અને યુવાનો એકઠાં થયાં હોય છે અને જ્યાં ગાનતાન અને નૃત્ય ચાલી રહેલ હોય છે ત્યાં શરૂઆતમાં તો લોકોને ખૂબ મજા પડે છે, પણ એ મજા માણવાની વૃત્તિ શમી જાય છે કે તરત એક પ્રકારની ઉદાસીનતાની લાગણી તેમના મનને ઘેરી વળે છે અને બેચેન બનાવી મૂકે છે. આ કરતાં કોઇ સુન્દર એકાન્ત શાન્ત સ્થળે નિરાંતે બેસવું, બાજૂએ સળગતી ધૂપસળીની સુવાસથી મગજ તર બનતું હોય એવી સ્થિતિમાં પોતાને મનગમતું પુસ્તક મનની પ્રસન્નતા જળવાઇ રહે ત્યાં સુધી વાંચ્યા કરવું અથવા કશું પણ કર્યા સિવાય દૂર દૂરના પ્રદેશો અને નીલવર્ણું આકાશ જોતાં જોતાં ઠીક લાગે ત્યાં સુધી પડી રહેવું અને એ રીતે ચિત્તને સમભાવી બનાવવું એ શું વધારે ઇચ્છાયોગ્ય નથી? આવું જીવન જેમ જેમ વધારે કેળવાતું જાય છે તેમ તેમ તેમાંથી આપણને વધારે ઉંડો અને સ્થાયી આનંદ મળતો જાય છે. જો કે એક વખત હું અમલદાર હતો, તોપણ થોડાં પુસ્તકો સિવાય મેં મારી પાસે વિશેષ કાંઇ મૂડી રાખી નહોતી. પહેલાં તો એ ચોપડીઓને સાથે લઇને હું પ્રવાસ કરતો, પણ પછી તો એ ભારથી પણ હું કંટાળો થઇ ગયો. અને અત્યારે તો મારા શરીર ઉપરાંત મારી પાસે બીજું કાંઇ પણ રહ્યું નથી. મારા ઉપરની અનેક ઉપાધિઓનો બધો બોજો જતો રહ્યો છે; મારી આસપાસ સર્વત્ર શાંતિ છે; મારું શરીર પણ સ્વતંત્ર અને સ્વાધીન અને સ્વસ્થ છે, અને મારું ચિત્ત પૂર્ણ નિવૃત્તિ અનુભવી રહ્યું છે. આમ થવાથી મારા જીવનનો આનંદ ઉત્તરોત્તર વધતો રહે છે અને સ્થાયી ભાવને ધારણ કરે છે. આ કફની અને કમંડળ સાથે મને ફાવે ત્યાં જાઉં છું, મને ઠીક પડે ત્યાં રહું છું અને મને જે કાંઇ મળે તે ખાઉં છું. જે સ્થળે હું વાસ કરું છું તે સ્થળનો કોણ માલિક છે તે વિશે હું કશી પૂછપરછ કરતો નથી અને એ સ્થળ હું છોડી જાઉં છું ત્યારે કોઇને મારું નામ કહેતો નથી. જ્યારે ઠંડીમાં મારે બહાર પડી રહેવું પડે છે ત્યારે હું કાંઇ બેચેન બની જતો નથી અને જ્યારે ખૂબ ઘોંઘાટ કરતા લોકો વચ્ચે વસવાનો પ્રસંગ આવે છે ત્યારે હું કાંઇ અભડાઇ જતો નથી. તેથી આ મારા પરિભ્રમણ દ્વારા પણ હું ટેઓની જ સાધના કરી રહ્યો છું.”

આ બધું સાંભળીને તેનો મિત્ર બહુ પ્રસન્ન થાય છે અને જણાવે છે કે ‘તમારા શબ્દો સાંભળીને અત્યન્ત શીતલતા નિપજાવતા કોઇ ઔષધનું હું પાન કરી રહ્યો હોઉં એમ મને લાગે છે. મારા શરીરમાં રહેલો આધિ વ્યાધિ અને ઉપાધિનો–સર્વ અનુતાપ મને કશી ખબર ન પડે તેમ શમી ગયો લાગે છે.’

(ત્યારબાદ ત્રણ ધર્મોની સમાનતા વિશે તથા ઇશ્વર, બુધ્ધ, દેવદેવીઓ અને ભૂતપ્રેતના અસ્તિત્વ વિશે બન્ને મિત્રો વચ્ચે ચર્ચા ચાલે છે.)

થોડીવાર બાદ કોઇ ઉદ્ધત યુવાન ત્યાં આવી ચડે છે અને મંગળમૂર્તિની સામે આંગળી કરીને બૂમ પાડે છે કે “એ ભિખારા! આ તારો બડબડાટ બંધ કરીને અહીંથી એકદમ ચાલી જા! સાધુ હોય તો તેણે તો ભિક્ષા મળી કે તરત વિદાય થવું જોઇએ. જો આ તારો અર્થ વિનાનો બડબડાટ ચાલુ રાખીશ તો તું કોઇ પાખંડી છે એમ સમજીને તને પોલીસને હવાલે કરી દઇશ.” મંગળમૂર્તિને જણે કે તે મારવા જતો હોય તેમ તે ઉદ્ધત યુવાન બાંય ચડાવે

છે અને હાથ ઉગામે છે, પણ મંગળમૂર્તિ તો કશો પણ જવાબ આપ્યા સિવાય તેની સામે સ્મિતપૂર્વક જોયા કરે છે. બાજૂએ પસાર થતો કોઇ માણસ વચ્ચે પડે છે અને તે યુવાનને ઠંડો પાડે છે.

મંગળમૂર્તિ ભજન ગાતો ગાતો ત્યાંથી ચાલી નીકળે છે. રાત્રિને વખતે કોઇ ધર્મશાળામાં આવીને રહે છે અને સુન્દર વસ્ત્રોમાં સજ્જ થયેલી કોઇ દેવાંગના જેવી સુન્દર સ્ત્રી તેના દરવાજામાં ડોકિયું કરે છે. ધીમે ધીમે તે નજીક આવે છે અને તેની સાથે પ્રેમચેષ્ટા કરવા માંડે છે. મંગળમૂર્તિ વિચારે છે કે 'મારા પ્રલોભન અર્થે આવેલી આ કોઇ અપ્સરા લાગે છે' અને તેની ઉપેક્ષા કરતો પોતાના આસન ઉપર તે સ્થિરપણે બેસી રહે છે. તે બાઇ કહે છે કે 'હું એક પરી છું અને આપનો ઉદ્ધાર કરવા આવી છું, કારણ કે મને ખબર છે કે ટેઓ પદને સિદ્ધ કરવા માટે આપ ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છો. એ ઉપરાંત આપણે અહીં આ રીતે મળવું એમ આપણે પૂર્વભવમાં નક્કી કર્યું હતું. ગમે તે કશો. પણ શંકા કરશો નહિ. હું હવે આપની સાથે જ રહીશ અને સાધનામાં મદદ કરીશ.' મંગળમૂર્તિને યાદ આવે છે કે જ્યારે લ્યુ ચેંગ્સે ચીંગસામમાં ટેઓની સાધના કરતો હતો ત્યારે તેનું પણ આવી કોઇ અપ્સરાએ પ્રલોભન કર્યું હતું અને પરિણામે તેનું પતન થયું હતું. તેણે પોતાની ડાબી આંખ ગુમાવી હતી અને 'ટેઓ' પદને સિદ્ધ કર્યા સિવાય તે મૃત્યુ પામ્યો હતો. ચેંગ્સે આ પ્રમાણે પોતાની સાધુતામાં નિષ્ફળ નીવડ્યો હતો, કારણ કે તેનામાં પૂરતો મનઃસંયમ નહોતો અને ભોગ વાસનાઓ તેનામાં લય પામી નહોતી. શાસ્ત્રો પણ જણાવે આમ છે. આ પ્રમાણે જે કોઇ આવી જાળમાં ફસાય છે તેનો આખરે નાશ થાય એ સ્વભાવિક છે અને તેથી આવા પ્રસંગે સાધકે ખૂબ જ સાવધાન રહેવું જોઇએ. સંતો અને ઋષિમુનિઓ પણ આવા પ્રસંગે એકવાર ભૂલ કરે છે અને આકર્ષાય છે તો પછી તેઓ મન ઉપરનો સંયમ પાછો મેળવી શકતા નથી અને પોતાની જાતને બચાવી શકતા નથી. તેથી મંગળમૂર્તિ પહેલાં બાહ્ય મનને ખૂબ મજબૂત કરીને સુદ્ધ બનાવીને ધ્યાનસ્થ બને છે અને તે સ્ત્રી ત્યાંથી એકાએક અલોપ થઇ જાય છે. તે સ્ત્રી કોઇ અપ્સરા હતી, ડાકણ હતી કે કોઇ ભૂતપલીત હતી તે કોણ કહી શકે એમ છે ?

આ રીતે મંગળમૂર્તિ ત્રણ વર્ષ સુધી સતત મુસાફરી કર્યા કરે છે અને આખી દુનિયા ભમી વળે છે. તે જે કાંઇ પોતાની આંખો વડે જુએ છે, પોતાના કાન વડે સાંભળે છે, પોતાના શરીર વડે સ્પર્શે છે, તે સર્વનો તેમ જ જુદા જુદા પ્રસંગે તેને જે કાંઇ નવા અનુભવો અને અવનવા પરિચયો થાય છે તે સર્વનો પોતાના મનને કેળવવા પાછળ ઉપયોગ કરે છે અને તેથી તેનો આવો સ્વૈરવિહાર અનેક રીતે સફળ અને સાર્થક બને છે.

પછી તે ઘર તરફ પાછો ફરે છે, ઝેખીંગની ટેકરીઓમાં એક પર્ણકુટિ બનાવે છે અને જિંદગીનો બાકીનો ભાગ ત્યાં રહીને પૂરો કરી આખરે પરમપદને પ્રાપ્ત કરે છે.

સમાપ્ત અનુવાદક **પરમાનંદ**

શ્રી. શત્રુંજય તીર્થ ઉપરનો કર રદ થવો જોઇએ

તા. ૧૨-૪-૪૮ ના રોજ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ તેમ જ અન્ય અનેક સંસ્થાઓના આશ્રય નીચે ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં શેઠ અમૃતલાલ કાળીદાસના પ્રમુખપણા નીચે જૈનોની એક જાહેર સભા મળી હતી. આ સભામાં ભિન્ન ભિન્ન વિચાર પક્ષો ધરાવતા સર્વ કોઇ આગેવાનો એકત્ર થયા હતા, અને શત્રુંજય તીર્થની યાત્રાના કારણે કેટલાંક વર્ષથી પાલીતાણા રાજ્યને રૂા. ૬૦,૦૦૦ નો જે વાર્ષિક કર આપવો પડે છે તે કર રદ કરવા સંબંધે એકત્ર થયેલ સભાજનોએ સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ પસાર કર્યો હતો અને આગામી તા. ૧૭ મીના રોજ જ્યારે સૌરાષ્ટ્રનું પ્રધાનમંડળ મુંબઇ આવે ત્યારે તેમને આગેવાન જૈનોનું પ્રતિનિધિમંડળ મળે અને આ સંબંધમાં જૈન સમાજની તીવ્ર લાગણીથી પ્રધાનમંડળને વાકેફ કરે એવો નિર્ણય કરવામાં આવ્યો હતો. પસાર કરવામાં આવેલો ઠરાવ નીચે મુજબ હતોઃ

ઠરાવ

"મુંબઇની ભિન્નભિન્ન જૈન ૩૯ સંસ્થાઓના આશ્રય નીચે મળેલી સમસ્ત જૈન સમાજની આ જાહેરસભા ઠરાવ કરે છે કે કેટલાંક વર્ષોથી પાલીતાણા રાજ્યને શ્રી શત્રુંજય તીર્થની યાત્રા બદલ જૈન સમાજ તરફથી રૂા. ૬૦૦૦૭ ની વાર્ષિક રકમ આપવી પડે છે. તીર્થયાત્રા નિમિત્તે આવતા જૈન સમાજને આવો કર આપવો પડે એ જૈન સમાજની ધાર્મિક ભાવનાનો અયોગ્ય લાભ લેવા બરોબર છે. મોગલાઇ જમાનામાં લેવાતા જઝીયાવેરાની જ આ એક આવૃત્તિ છે. જૈન સમાજના દિલમાં આ કર એક શૂળની માફક ખુંચી રહેલ છે. આજે હવે પાલીતાણા રાજ્યની હકુમત સારાષ્ટ્રની નવી નિર્માણ થયેલી સરકારને સુપ્રત કરવામાં આવી છે તેથી કોઇ પણ સુધરેલા રાજ્યમાં કદિ પણ સંભવી ન શકે એવા આ અન્યાયભર્યા કરને વહેલામાં વહેલી તકે નાબુદ કરવા અને એ રીતે, સારાષ્ટ્રના નવનિર્માણમાં જૈન સમાજ જે આનંદ અને ગારવ અનુભવી રહેલ છે તે આનંદ અને ગૌરવમાં વધારો કરવા આજની આ સભા સૌરાષ્ટ્ર સરકારને સાદર વિનંતિ કરે છે."

આ ઠરાવના સમર્થનમાં વિશેષ લખવાની ઔટલા માટે જરૂર નથી લાગતી કે જૈનોની આ માંગણી ન્યાયીપણા વિશે કોઇ પણ સ્થળે બે મત હોવાની કલ્પના થઇ શકતી નથી. સમાજના કોઇ પણ વર્ગની ધર્મશ્રદ્ધાને આવી રીતે વટાવવી અને મુંડકાવેરો અને જઝીયા વેરા જેવા આ કરને ચાલુ રાખવો એ કોઇ પણ સુધરેલા રાજતંત્ર માટે લેશમાત્ર શોભારૂપદ ગણી શકાય તેમ નથી. તાજમહાલ, લાલ કીલ્લો, કુતુબમિનાર અને એવાં હિંદુસ્થાનનાં અનેક સૌન્દર્ય સ્થાનો લોકો કેવળ શોખથી જોવા માટે જાય છે, અને તેવા લોકો ઉપર કોઇ પણ જાતનો કર લેવાતો નથી, જ્યારે તીર્થયાત્રા એ તો કેવળ ભક્તિભાવ અને આત્મસાધનાનું નિમિત્ત છે અને આવા તીર્થસ્થાન ઉપર માત્ર પૈસાદાર કે સુખી સ્થિતિના જ નહિ પણ ગરીબમાં ગરીબ માણસો ભાઇઓ અને બહેનો બહુ મોટી સંખ્યામાં જાય છે અને જીવનની ધન્યતા અનુભવે છે. આવા નિમિત્તે યાત્રાએ જનાર ઉપર કોઇ પણ આકારમાં કર લેવાય એ કોઇ રીતે ન્યાય્ય નથી. આ કર મૂળમાંથી જ જવો જોઇએ કારણ કે તે કોઇ પણ રીતે વ્યાજબી નથી એવી જૈન સમાજની માંગણી છે અને આજે સૌરાષ્ટ્રની નવી સરકાર જૈન સમાજના આ પોકારને જરૂર સાંભળશે અને જે જૈન સમાજ સૌરાષ્ટ્રના પ્રજાજનોનો એક અતિ અગત્યનો વિભાગ છે તે જૈન સમાજના દિલને પુરેપુરો સંતોષ આપશે એવી આપણે જરૂર આશા રાખીએ. **પરમાનંદ**

સંઘદ્વારા વૈદ્યકીય રાહતનો પ્રબંધ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા કોઇ પણ જૈન ભાઇ કે બહેનને જરૂરી વૈદ્યકીય રાહત આપવાનો પ્રબંધ કેટલાય સમયથી કરવામાં આવ્યો છે. આ રાહતમાં દવા, ઇન્જેકશન, ડાક્ટરનાં બીલો, હોસ્પીટલનો ખર્ચ તેમ જ દર્દીને માંદગી દરમિયાન જરૂરી આર્થિક મદદ-આવી અનેક બાબતોનો સમાવેશ થાય છે. આ યોજનાનો લાભ લેવા વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા સૌ કોઇ જૈન બંધુઓ તેમ જ બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ છે.

જયંતીલાલ લલ્લુભાઇ પરીખ
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૧

મુંબઈ: ૧ મે ૧૯૪૮ શનીવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

ટેન્ડુલકર કમીટી અને જૈન સમાજનું જુનવાણી માનસ

ટેન્ડુલકર કમીટીની સ્થાપના અને તે કમીટીએ મોકલેલી પ્રશ્નાવલિએ જૈન સમાજમાં આજે ભારે ક્ષોભ ઉભો કર્યો હોય એમ લાગે છે. હજુ તો આ કમીટીએ પોતાના કશા નિર્ણયો બહાર પાડ્યા નથી અને તે ઉપર મુંબઇની સરકારે કોઇ બીલ રજુ કર્યું નથી. એમ છતાં પણ તેમની પ્રશ્નાવલિમાંના અમુક પ્રશ્નોએ જૈન સમાજમાં ભારે ભડક પેદા કરી છે અને જાણે કે આ કમીટી અને તેની પાછળ મુંબઇ સરકારનો આશય જનોનાં દેવસ્થાનોની મીલ્કત કબજે કરી લેવાનો હોય–પડાવી લેવાનો હોય– એવા ભ્રામક ખ્યાલો ચોતરફ ફેલાઇ રહ્યા છે. જો કે ટેન્ડુલકર કમીટીનો કાર્યપ્રદેશ આખા હિંદુ સમાજને સ્પર્શે છે જેમાં જૈન સમાજનો સમાવેશ કરવામાં આવ્યો છે અથવા જૈન સમાજને જે સાથે જોડવામાં આવેલ છે અને ટેન્ડુલકર કમીટી જે કાંઇ કરશે અને તે ઉપરથી જે કાંઇ કાયદાનો ખરડો મુંબઇની ધારાસભામાં રજુ કરવામાં આવશે તે હિંદુ સમાજના લાખો રૂપીઆના ટ્રસ્ટો અને ધર્માદા ફંડોને પણ લાગુ પડનાર છે. એમ છતાં પણ જૈન સમાજ ઉપર જ આ કોઇ અણધારી આફત ઉતરી રહી હોય એવું વાતાવરણ જૈનોની જાહેર સભાઓમાં તેમ જ જૈન સંસ્થાઓની કાર્યવાહક સમિતિની સભાઓમાં અનુભવવા મળે છે. 'બીજાનું મુંબઇ સરકારને કરવું હોય તે કરે પણ અમારો સમાજ જુદો, અમારી સંસ્કૃતિ જુદી, અમારો ધર્મ જુદો, અમારી રીત-રસમ જુદી, અમારી સંસ્થાઓ જુદી, અમને અમારી ધાર્મિક બાબતમાં, અમારી ધાર્મિક સંસ્થાઓના વહીવટમાં બહારની કોઇ સત્તા, વ્યક્તિ કે સમિતિ દખલગીરી કરી નહિ શકે, આવી મનોદશાનો આજે સાક્ષાત્ અનુભવ થઇ રહ્યો છે. હરિજન મંદિર પ્રવેશ બીલ વખતે આ મનોદશા હળવા આકારમાં અનુભવગોચર થઇ હતી. આજે આ મનોદશા કાંઇક ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહી છે.

અલબત્ત ટેન્ડુલકર કમીટીની પ્રશ્નાવલિમાં એવી બે ત્રણ બાબતો સુચિત છે કે જેથી 'અમારામાં કોઇ માથું મારી નહિ શકે, અમારી સંસ્થાઓ અમે અમારી રીતે જ ચલાવીશું, અમારા રૂઢ વિચારોમાં અમે બીલકુલ ફેરફાર કરી નહિ શકીએ,'– આવી મનોદશાને જરૂર આઘાત લાગે. પણ જ્યાં આખા સમાજના પાયા હચમચવા લાગ્યા છે, જ્યાં જુની રચનાની કોલેબંધી ચોતરફથી તુટવા લાગી છે અને નવી રચનાનો આક્રમક પદપ્રવેશ શરૂ થઇ ચુક્યો છે ત્યાં આવી મનોદશાને કંઇ પણ સ્થાન કે અવકાશ હોઇ શકે ખરો? જે સમાજ કાળબળ નહિ પરખે અને અમારો ધર્મ જોખમમાં, અમારો સમાજ જોખમમાં, અમે જોખમમાં એમ પોકાર જ કર્યા કરશે એ ધર્મ, એ સમાજ, અને એ લોકો ચોરખર જ જોખમાવાના છે અને આજના તુમુલ સ્થિતિકલહમાં તેમને ટકવું ભારે મુશ્કેલ થઇ પડવાનું છે.

ટેન્ડુલકર કમીટીની પ્રશ્નાવલિમાં 'ચેરીટી કમીશનર'નું સુચન આવે છે. આથી જૈન સમાજ ભડકે છે. શા માટે ભડકે છે.? રખેને ચેરીટી કમીશનર જૈનોના બધા ટ્રસ્ટો પડાવી લે તો? આમ માનવાને કાંઇ કારણ છે? ઇગ્લાંડ અને અન્ય અનેક સુધરેલા દેશોમાં આવા કમીશનરો નીમાયલા છે અને તેઓ પોતાનું કામ બરાબર કરે છે. તેમનું કામ ટ્રસ્ટનો વહીવટ વ્યવસ્થિત કરવાનું અને પ્રમાદશીલ ટ્રસ્ટીઓને જાગૃત અને સક્રિય બનાવવાનું હોય છે. આમાં બીવા કે ભડકવા જેવું શું છે?

એ પ્રશ્નાવલિમાં જે ટ્રસ્ટોના હેતુઓ આજની દ્રષ્ટિએ જોતાં સમાજોપયોગી રહ્યા નથી તેવા ટ્રસ્ટોના હેતુઓમાં સમયાનુરૂપ ફેરફાર કરીને તે ટ્રસ્ટોને લોકોપયોગી બનાવવા માટે જરૂરી કાયદો કરવો યોગ્ય છે કે નહિ એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. આ પ્રશ્ન વાંચીને પણ જૈન સમાજ ભડકે છે શા માટે? 'રખેને અમારા કોઇ ટ્રસ્ટના હેતુને નિરૂપયોગી લેખીને સરકાર તેમાં ફેરફાર કરવાની અમને ફરજ પાડે તો?' પણ આવો ફેરફાર તો આવકારદાયક લેખાવો જોઇએ. 'નહિ, આવો ફેરફાર કરવાનો આપણને કે કોઇને હક્ક જ નથી. જે ટ્રસ્ટ જેના માટે નિર્માણ થયું હોય તે માટે જ તે ટ્રસ્ટ વપરાવું જોઇએ, નહિ તો એ ભલે નિરર્થક પડ્યું રહે' એમ સ્થિતિચુસ્ત માનસ બોલે છે. આને બીજો શું જવાબ આપી શકાય.?

આગળ ચાલતાં પ્રસ્તુત પ્રશ્નાવલિ પુછે છે કે જે ધર્માદા કે ધાર્મિક ફંડ જે હેતુ માટે ઉભું કરવામાં આવ્યું હોય અને ચાલતું હોય તે હેતુને પહોંચીવળતાં પણ તે ફંડમાં વધારો રહેતો હોય તો તે વધારાનાં નાણાં કેળવણી, વૈદ્યકીય રાહત, દારિદ્રયનિવારણ જેવા સામાજિક કાર્યમાં વાપરી શકાય કે નહિ? આ પ્રશ્ન સાંભળીને જૈન સમાજનો સ્થિતિચુસ્ત વર્ગ બેચેન બની જાય છે. શા માટે? આનું પરિણામ એવું કલ્પવામાં આવે છે કે દેવદ્રવ્યના નામે અનેક જૈન મંદિરોમાં આજે લાખો રૂપીઆની મુડી જમા છે. હવે જો આવો કોઈ કાયદો થાય તો પછી એ કાયદા મારફત એ મુડી ઉપર જણાવ્યા મુજબના સામાજિક કાર્યોમાં વાપરવાની આપણને ફરજ પાડવામાં આવે. પણ એમ બને તો ખોટું શું? સ્થગિત થયેલાં નાણાંનો આમ સદુપયોગ થાય અથવા તો આમ સદુપયોગ કરવાની કાયદાદ્વારા આપણને સગવડ મળે એમાં અયોગ્ય શું? જવાબ મળે છે કે 'આમ બની જ ન શકે. આ અમારી ધાર્મિક માન્યતા છે, આ અમારો મૌલિક સિદ્ધાન્ત છે.' દેવદ્રવ્યનો ઉપયોગ કેમ કરવો એ કોઇ મૌલિક સિદ્ધાન્તની બાબત હોઇ જ ન શકે; એક તો મૂર્તિપૂજા એ જૈન સમાજની સર્વસામાન્ય માન્યતાનો વિષય નથી. બીજું ધર્મારધનાના એક સાધન તરીકે લેખાતી મૂર્તિપૂજાના કારણે મંદિર આવ્યું, મંદિરની આવક આવી, અને ખર્ચ કરતાં વધારે આવક થવા માંડી. અને પરિણામે આવી પરિસ્થિતિમાંથી નીપજતા વધારાના દેવદ્રવ્યનું શું કરવું એ પ્રશ્ન આપણી સામે આવીને ઉભો રહ્યો. આ સંબંધે આજ સુધી જૈન સમાજની એવી માન્યતા

ચાલી આવી છે કે આ દેવદ્રવ્યનો જેને આજે આપણે સામાજિક કાર્યો લેખીએ છીએ તેમાં બીલકુલ ઉપયોગ થઇ ન શકે. આ પ્રશ્ન કેવળ આચારવ્યવહારનો છે અને આચારવ્યવહાર તો કાળે કરીને સરજાય છે અને કાળે કરીને બદલાય છે. આવી બાબતને સિદ્ધાન્તનું નામ આપવું એ કીડીને કુંજર બનાવવા બરોબર છે. સ્થિતિચુસ્ત માનસ હંમેશાં આ જ રીતે વિચારે છે અને પોતાના વિચારની આ જ રીતે રજુઆત કરે છે. અસ્પૃશ્યતા વિષે પણ બહોળા હિંદુસમાજનું આ જ પ્રકારનું વલણ હતું. અસ્પૃશ્યતાને પણ મૂળભૂત ધાર્મિક સિદ્ધાન્તના સિંહાસને પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. પણ સૌ કોઇએ સમજી લેવું જોઇએ કે માનવસમાજની કોઇ પણ આચારવ્યવહાર અચળ–કશો પણ ફેરફાર થઇ જ ન શકે એવા–સંભવી શકતા જ નથી. એક કાળે જે જરૂરી હોય તે બીજા કાળે બીનજરૂરી બને છે અને ત્રીજા કાળે અનર્થકારી બની બેસે છે. દેવદ્રવ્યવિષેની માન્યતા પણ આ રીતે પૃથક્કરણ અને પરિવર્તન માંગી રહી છે. આ બાબતનો, ધાર્મિક ઉલ્લેખો અને ધાર્મિક પરંપરાથી થોડો વખત મુક્ત બનીને, વિચાર કરવો ઘટે છે. અસ્પૃશ્યતાનો પ્રશ્ન આ બાબતનું જવલંત ઉદાહરણ છે. કેવળ ધાર્મિક ઉલ્લેખો અને પરંપરા મુજબ ચાલવાનો એકાન્ત નિર્ણય ધરાવનાર સમાજ બે ડગલાં પણ આગળ ચાલી શકતો નથી. પૂર્વપુરૂષોની મહત્તા ચાલુ વસ્તુસ્થિતિને મજબુતપણે વળગી રહેવામાં નહોતી પણ સમયાનુસાર ફેરફાર કરવાનો પુરૂષાર્થ દાખવવામાં જ રહેલી હતી. દેવદ્રવ્યનો આ રીતે વિચાર કરીએ તો આપણને સહજ માલુમ પડશે કે દેવદ્રવ્યના શબ્દાર્થમાંથી તો કશો અર્થ જ નિષ્પન્ન થતો નથી. જે વીતરાગદેવે સમગ્ર ઐહિક સંપત્તિનો ત્યાગ કરી સંન્યાસમાર્ગ સ્વીકાર્યો તેને તો કોઇ દ્રવ્ય સાથે સંબંધ જ હોઇ ન શકે. ન તો એ દેવની મૂર્તિ કે જે આખરે જડપદાર્થની બનેલી હોય છે તે મૂર્તિમાં આવી કોઇ માલેકીની સંભાવના થઇ શકે છે. તો પછી દેવદ્રવ્યના નામે જે દ્રવ્ય એકઠું થયું હોય તે દ્રવ્ય જે વિશાળ સમાજના તે દેવ છે તે વિશાળ સમાજની જ માલીકીનું લેખાય અને તે દ્રવ્યનો શી રીતે ઉપયોગ કરવો એનો નિર્ણય કરવાનો અધિકાર પણ એ વિશાળ સમાજને જ હોઇ શકે. આ દેવદ્રવ્યના ઉપયોગ સામે એક જ મર્યાદા સંભવે અને તે એ કે જે વ્યક્તિએ આવું દાન કર્યું હોય તે વ્યક્તિનો આ દ્રવ્ય ઉપર પોતાના અંગત ઉપયોગ માટે જરા પણ અધિકાર હોઇ ન શકે. દેવદ્રવ્ય જેવો જ બીજો એક પ્રચલિત શબ્દ 'શિવનિર્માલ્ય' છે. આનો અર્થ પણ એ જ કરવામાં આવે છે કે જે દ્રવ્યને તમે શિવનિર્માલ્ય જાહેર કર્યું તે દ્રવ્યને પછી તમે અડકી પણ ન શકો, પણ આ શિવનિર્માલ્યનો એવો કોઇ અર્થ કલ્પતું જ નથી કે એ દ્રવ્યનો ઉપયોગ તો શિવાલયો પાછળ જ થઇ શકે. આ રીતે વિચારતાં જૈન પરિભાષામાં જેને 'સાધારણ દ્રવ્ય' કહેવામાં આવે છે અને જે દ્રવ્યનો ઉપયોગ જૈન સમાજના કોઇ પણ ખાતામાં કરી શકાય છે તે કરતાં પણ દેવદ્રવ્યનો વધારે વ્યાપક ઉપયોગ વ્યાજબી લેખી શકાય તેમ છે. કારણ જેને જૈનો ઇષ્ટદેવતા ગણે છે તેને મન જૈન જૈનેતરનો કશો પણ ભેદ હતો જ નહિ.

બીજી બાજુએ દેવદ્રવ્યના નામે આજે શું ચાલી રહ્યું છે તે આપણે જોઇએ. જૈન સમાજમાં ધર્મપ્રચારકો તરફથી મૂર્તિ પૂજા ઉપર પુષ્પ ભાર મુકાતાં મૂર્તિ અને મંદિરો સ્થળે સ્થળે ઉભા થવા લાગ્યાં અને લોકોના દ્રવ્યનો પ્રવાહ પણ તે તરફ જ વહેવા લાગ્યો. સારા માઠા પ્રસંગે લોકો મંદિરના ભંડાર જ ભરતા ગયા. પરિણામે ગમે તેટલા શોભાશણગાર અને મૂર્તિ માટે સોના ચાંદીના તેમ જ હીરા મોતી માણેકનાં આભુષણો વસાવવા છતાં મંદિરોની મુડી વધવા લાગી. મુડી પાછળ ટ્રસ્ટીઓ આવ્યા અને મુડીનાં રોકાણો શરૂ થયા. આવકનો પ્રવાહ તો વહેતો જ રહ્યો. મોટી આવકવાળાં મંદિરોના ત્રસ્ટીઓ પોતાની આવકમાંથી નાના મોટા સ્થળે મંદિરો બાંધવા માટે કે જીર્ણોદ્ધાર કરવા માટે અવાર-નવાર નાની મોટી રકમો આપતા હોવા છતાં ટ્રસ્ટીઓની મનોદશા મુડીધારી શ્રીમન્તો જેવી જ બની ગઇ અને મંદિરો આખરે પેઢીમાં પલટાઇ ગયા. મૂળ મુડીમાં જેટલો વધારો કરે તેટલી ટ્રસ્ટીઓની વધારે કુશળતા ગણાવા લાગી. કોઇ પણ સંયોગોમાં મૂળ મુડીને તો સ્પર્શાય જ નહિ કે જૈન કોમની જરૂરિયાતોનો તે મુડીના ઉપયોગ દ્વારા ઉકેલ શોધી શકાય જ નહિ. આ રીતે જાણીતા અનેક જૈન મંદિરો પાસે સ્થગિત થયેલું આજે પુષ્કળ નાણું પડયું છે અને તેને અણધાર્યો ધક્કો ન લાગે ત્યાં સુધી તેમાં સાધારણ રીતે સતત વૃદ્ધિ જ થયા કરે છે. આ દ્રવ્યના ઉપયોગ વિષે બહુ બહુ તો કોઇ સ્થળે કોઇ મંદિર બંધાતું હોય તો તેની ટીપમાં ઠીક ઠીક રકમ માંડી આપવી અથવા તો કોઇ જીર્ણ મંદિરને સમરાવી આપવું અથવા તો પોતાના આલીશાન મંદિરને વધારે આલીશાન બનાવવું–આ સિવાય જૈન મંદિરના ત્રસ્ટીઓને કે જેમને તે ટ્રસ્ટીઓ જવાબદાર હોય તે સંઘના આગેવાનોને બીજી કોઇ કલ્પના હોતી નથી. તેમની ધાર્મિકતા બીજી કોઇ કલ્પનાને અવકાશ આપવાની ચોખ્ખી ના પાડે છે. આ અચલાયતન મનોદશા આજનો જાગૃત સમાજ ક્યાં સુધી ચલાવી શકશે ? અહિં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે ચાલતાં મંદિરો બંધ કરવાની કે સળગતા દીવાઓ ઓલવીને બીજા દીવાઓ પ્રગટાવવાનું કોઇ કહેતું નથી. આજના મંદિરો અમર રહો ! જ્યાં જરૂર લાગે ત્યાં જરૂર નવાં મંદિરો ઉભા કરો ! પણ ઉપરના રૂપકમાં વિચારીએ તો પ્રગટેલા દીવાઓ સતેજ રાખવા માટે જોઇએ તે કરતાં ઘણો વધારે એકઠો થયેલો તેલસંચય એમનો એમ રાખી મૂકવો એ શું ડહાપણભર્યું છે ? આ તેલસંચયનો બીજો પણ સાર્વજનિક ઉપયોગ કરવાનું આપણે કયાં ન વિચારીએ ? આ ડહાપણ આપણામાં સ્વાભાવિક રીતે નહિ જ આવે ? રાજ્યસત્તા અને કાયદાના અનુશાસન સિવાય સરખી રીતે ચાલવાનું આપણે કદિ નહિ જ શિખીએ ?

આપણા જૈન સમાજે બે બાબત બરોબર સમજી લેવાની જરૂર છે. આજના કાયદા કાનુન, રાજ્યવ્યવસ્થા અને વહીવટ–એ સર્વનો ઝોક આ દેશમાં સમાજવાદી રચના ઉભી કરવા તરફ છે. આ બાબતમાં કોંગ્રેસ કે સમાજવાદપક્ષ વચ્ચે બહુ તફાવત છે જ નહિ. ગરીબ પૈસાદાર વચ્ચેના ભેદો જેમ બને તેમ દૂર કરવા, આજ સુધી દબાયલા અને કચડાયલા મજુરો અને બેકારોના હિતોને આગળ વધારવા, કમીશન, દલાલી, મહેનત મજુરી, વ્યાજ એવા નામે ઉઘરાવાતા વચગાળાના નફાઓ અને વ્યાજખોરીને નાબુદ કરવા અને સ્થગિત થયેલાં દ્રવ્યભંડારોને–પછી કોઇ વ્યક્તિની માલેકીના હોય કે સંસ્થાની માલેકીના હોય–સાર્વજનિક ઉપયોગના માર્ગે વહેતા કરવા–આ આજે નવનિર્માણ પામતી રચનાના મુખ્ય અંગો છે. આમ થાય તો જ હિંદુસ્થાનને મળેલું સ્વરાજ્ય સુરાજ્યમાં પરિણમે અને શોષિત જનસમુદાયનો ઉદ્ધાર થવા પામે અને જનતાની વ્યાપક કંગાળિયત નાશ પામે. આ વસ્તુસ્થિતિ ઇચ્છાએ કે અનિચ્છાએ જૈન સમાજે સ્વીકારવી જ રહી અને તદનુસાર બાપદાદાના વ્યાપારવ્યવસાય અને સંસ્થાઓના વહીવટમાં ફેરફાર કરવાના રહ્યા. માલીકે મજુરી તરફ, વ્યાપારીએ ઉદ્યોગ તરફ, વ્યાજવટાવનો ધંધો કરનારે સીધા ખેતી તરફ નજર કરવાની અને મન વાળવાની જરૂર છે. અને એવી જ રીતે અમારૂં દેવદ્રવ્ય, અને અમારી ધાર્મિક માન્યતા–આ ગાંઠો છોડીને આપણી પાસે જે કાંઇ છે તે, બહોળા જનસમુદાય સુધી ન પહોંચ્યું હોય તો પણ આપણે જીવતા જાગતા છતાં ડુબતા જૈન સમાજને કેમ ઉપયોગી થાય એ દિશાએ સત્વર પગલાં ભરવાની જરૂર છે. આજે આવી રહેલી ક્રાન્તિ એક આંધી જેવી છે. શરૂઆતમાં જોરસભેર પવન વાવા લાગે છે; પાછળથી ભયંકર તોફાન આવે છે. પવનથી ચેતશે

એ તોફાનથી બચશે. આજે આપણા દેવદ્રવ્યના નામે ઓળખાતા સામાજિક ધનનું શું કરવું એ વિચારવાનો અને પોતાની ઇચ્છા મુજબ ખરચવાનો અવકાશ છે. આવતી કાલે એ સ્વેચ્છાનો વિકલ્પ રહેવાનો નથી.

બીજું આજના જૈન સમાજમાં અને ખાસ કરીને જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના આગેવાનોમાં અલગવાદ ખુબ જોર પકડતો જાય છે. 'અમે જુદા, અમારી સંસ્કૃતિ જુદી, અમારો ધર્મ જુદો' આ આજના લોકસૂત્રો થઇ પડયા છે. પોતાની કોમના માણસોને પોતાની તરફ ખેંચવા માટે આ પધ્ધતિ ભલે લાભદાયી લાગે પણ લાંબી દૃષ્ટિએ વિચારતાં આ પધ્ધતિનાં જોખમો પારવિનાનાં છે. હિંદુઓ સાથે જૈનોનું ઓતપ્રોતપણું એટલું બધું ગાઢ અને રૂઢ છે અને જૈનોના અસ્તિત્વ અને સંરક્ષણની દૃષ્ટિએ એ ઓતપ્રોતપણું એટલું બધું ઉપયોગી છે કે એથી અન્યથા વાત કહેવી વિચારવી કે પ્રચારવી એ પોતાના પગ ઉપર કુહાડો મારવા બરાબર છે. આજે ટેન્ડુલકર કમીટી જે માર્ગે જઇ રહી છે અને જે પ્રકારના કાયદાકાનુનની આપણને આગાહી કરાવે છે તે જેટલું જૈનોને તેટલું જ હિંદુઓને લાગુ પડે છે. આ બાબત અનિષ્ટ હોય, નુકસાનકારક હોય તો બન્ને માટે સરખી અનિષ્ટ અને નુકસાનકારક છે. તો આ બાબતમાં હિંદુસમાજ કોમ કાંઇ બોલતો કે વિરોધ ઉઠાવતો નથી એનો જૈનોએ જરા વિચાર કરવો ઘટે છે. અને આ બાબત ખરેખર વિરોધ કરવા જેવી લાગતી હોય તો જૈનોએ હિંદુઓ સાથે મળીને વિરોધનો સુર ઉઠાવવો જોઇએ. 'આજે અમારા જૈનોનું સૌ કોઇ લુંટવા બેઠા છે, જૈનોની સૌ કોઇ પાયમાલી કરવા બેઠા છે, આજના કાયદાકાનુનો પણ આ જ પ્રમાણે ઘડાઇ રહ્યા છે'– આવાં ભ્રામક ભૂતો કેટલાક જૈન આગેવાનોને વળગી રહેલાં હું જોઇ રહ્યો છું. આ લોકો પોતાના સમાજને, કોંગ્રેસને અને આપણી સરકારને એક યા બીજી રીતે ભારે નુકસાન કરી રહ્યા છે. આવી વાતો અને વિચારો નિર્માલ્ય બનેલી કોઇ લઘુમતી કોમના આગેવાનોમાં જ સંભવે. જૈનો પોતાને એક અલગ કોમ તરીકે ગણે તો તે જરૂર એક લઘુમતી કોમ ગણાય, પણ તે કોઈ પણ રીતે નિર્માલ્ય તો નથી જ. પારસીકોમ જેટલું જ અને આજના સંયોગમાં કદાચ તેથી પણ વધારે પ્રભુત્વ અને વર્ચસ્વ સામાજિક જીવનના સર્વ ક્ષેત્રોમાં જૈન સમાજ ધરાવે છે. અને જો અલગપણાની ભ્રમણાથી પોતાના મનને જૈનો જો છુટું કરે તો જૈનો હિંદુકોમનું એક અગત્યભર્યું અને અતિ મહત્વનું અંગ છે, અને એ રીતે આખી હિંદુકોમ પોતાની ઢાલ છે અને હિંદુકોમની વતી પોતાને બોલવાનો સંપૂર્ણ અધિકાર છે એમ સમજવામાં તેમ જ સ્વીકારવામાં જૈનો માટે બીજું કોઇ અંતરાયરૂપ કારણ નથી. અને હિંદુ કોમ જેવા વિશાળ સમુદાયનો સાથ અને સહકાર અને તે સાથેનું તાદાત્મ્ય કેટલી મોટી વસ્તુ છે ? આ બન્ને વાસ્તવિકતાઓને જો આપણે સ્વીકારીશું તો આપણને ઘણી સાચી સુઝ પડશે અને આપણો માર્ગ ઘણો સરળ બનશે. 'પરમાનંદ'

પ્રબુદ્ધ જૈનનો દશમા વર્ષમાં પ્રવેશ

'પ્રબુદ્ધ જૈન' મે માસથી દશમા વર્ષમાં પ્રવેશ કરે છે. જે ધ્યેય અને નીતિને લક્ષ્યમાં રાખીને 'પ્રબુદ્ધ જૈન' નો પ્રારંભ કરવામાં આવ્યો હતો તે જ ધ્યેય અને નીતિને 'પ્રબુદ્ધ જૈન' એકસરખી રીતે વળગી રહ્યું છે અને નવ વર્ષ સુધી જૈન સમાજ તેમ જ વિશાળ જનસમાજની તેણે એક સરખી સેવા કરી છે. રાષ્ટ્રની સ્વાતંત્ર્યપ્રાપ્તિ પ્રબુદ્ધ જૈનનું પ્રારંભથી એક વિશિષ્ટ ધ્યેય હતું અને જૈન સમાજમાં આઝાદીની તમન્ના કેળવવી એ પ્રબુદ્ધ જૈનની સર્વ પ્રવૃત્તિનો મુખ્ય સુર હતો. ગયા ઓગસ્ટ માસની ૧૫ મી તારીખે આ દેશ ઉપરથી અંગ્રેજી હકુમતનું વિસર્જન થયું, દેશ સ્વતંત્ર બન્યો, સ્વાધીન બન્યો. આ રીતે પ્રબુદ્ધ જૈનનું વિશિષ્ટ ધ્યેય ફલિતાર્થ બન્યું છે. સાથે સાથે પ્રબુદ્ધ જૈનને સદા પ્રેરણા આપતું એક પ્રાણદાયી તત્ત્વ પરિણામે ક્રમી થયું છે. આજે નવનિર્માણ પામતી રાજ્યરચના, આઝાદીની પ્રાપ્તિ બાદ ઉભી થતી અનેક કૂટ સમસ્યાઓ, પ્રજાજીવનના મર્મભાગને વલોવી નાખતાં નવા વિચારબળો–આ સર્વનું હાર્દ સમજવા, ઝીલવા પ્રબુદ્ધ જૈન મથામણ કરી રહેલ છે. ઘણી વખત આ કાર્ય જાણે કે પ્રબુદ્ધ જૈનની તાકાત ઉપરવટનું હોય એમ પણ લાગે છે. આમ છતાં પણ પ્રબુદ્ધ જૈનની સત્યનિષ્ઠા આજે પણ એટલી જ જાગૃત છે અને દેશના તેમ જ જૈનસમાજના વિવિધ પ્રશ્નો પરત્વે બને તેટલું સ્પષ્ટ માર્ગદર્શન નિડરપણે કરાવતાં રહેવું એ તેનું લક્ષ્ય આજે પણ એટલું જ કાયમ છે.

પ્રબુધ્ધ જૈન આજ સુધી એક જ વ્યક્તિની પ્રેરણા અને શક્તિદ્વારા સંચાલિત થઇ રહ્યું હતું. એ છે આપણા પરમાનંદભાઇ. કેટલાક સમયથી તેઓ પ્રબુધ્ધ જૈનની જવાબદારીથી મુક્ત થવાની ઇચ્છા દાખવી રહ્યા છે. તેઓ આવો કોઇ પણ વિચાર છોડી દઇને પ્રબુદ્ધ જૈનને વળગી રહે અને બને તેટલું વિકસાવે એવો અમારો આગ્રહ અને વિનંતિ છે. તેમનો સાથ અને સહકાર આજે છે તે ઓછો થાય, બંધ થાય તેમ છતાં પણ પ્રબુધ્ધ જૈનને આ જ સ્વરૂપે ચલાવતા રહેવું એવા અમારો આગ્રહ છે. અમદાવાદ જૈન યુવક સંઘના મુખ્ય કાર્યકર્તા અને મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિનાં સભ્ય શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે પ્રબુદ્ધ જૈનને બને તેટલો સાથ આપવા અમને ખાત્રી આપી છે. આ માટે અમો તેમનો ઉપકાર માનીએ છીએ.

પ્રબુધ્ધ જૈન આજના જૈન જૈનેતર સામાયિકોમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. કોમી નામ ધરાવતું અને એક કોમી સંસ્થાનું મુખપત્ર હોવા છતાં પ્રબુધ્ધ જૈન બીલકુલ બીનકોમી પત્ર છે એવી પ્રતિષ્ટા જૈન જૈનેતર શિષ્ટવર્ગોમાં પ્રબુધ્ધ જૈને પ્રાપ્ત કરી છે. આ પત્ર જૈન સમાજની બહુ ભારે સેવા કરી રહેલ છે એવું પ્રમાણપત્ર અનેક જૈન બંધુઓ તરફથી અમને મળતું રહ્યું છે. તદુપરાન્ત લેખસામગ્રીની વિવિધતા અને બહુલતાની દૃષ્ટિએ પણ પ્રારંભથી આજ સુધીમાં પ્રબુધ્ધ જૈન ઉત્તરોત્તર વિકસતું જતું માલુમ પડયું છે. આમ છતાં પણ અમારે દિલગીરી સાથે જણાવવું પડે છે કે પ્રબુધ્ધ જૈનની ગ્રાહક સંખ્યા હમણાં હમણાં ઘટતી જ રહી છે. વિશિષ્ટ આર્થિક મદદોના કારણે પ્રબુધ્ધ જૈન આર્થિક ખોટમાંથી ઉગરી જાય છે. પણ આવી મદદો ઉપર પ્રબુદ્ધ જૈન કયાં સુધી નિર્ભર રહી શકે ? આખરે તો ગ્રાહકો ઉપર જ પ્રબુધ્ધ જૈને સ્વાવલંબી બનવું રહ્યું. જો પ્રબુધ્ધ જૈનનો ગ્રાહકસમુદાય–વાંચકસમુદાય–પ્રબુધ્ધ જૈનની ઉપયોગીતા, સેવાપરાયણતા, આવશ્યકતા સ્વીકારતું હોય, જે અન્યત્ર સામાન્યતઃ નથી મળતો એવો પ્રાણદાયી અને આત્મોન્નતિપોષક ખોરાક પ્રબુધ્ધ જૈનમાંથી તેમને મળતો રહ્યો છે એમ તેમને લાગતું હોય તો તેમને અમારી આગ્રહભરી વિનંતિ છે અને આજ સુધીની અમારી અને તેમની મહોબ્બતના કારણે તેમની ફરજ છે કે પ્રબુદ્ધ જૈનની ગ્રાહક સંખ્યાને વધારે ને વધારે વિપુલ બનાવવામાં તેઓ પોતાથી બનતું કરી છુટે.

અને લેખકો અને વિચારકોને પણ અમારી આગ્રહભરી વિનંતિ છે કે તેઓ પણ પ્રબુદ્ધ જૈનને અપનાવે અને તેને બને તેટલું સમૃદ્ધ બનાવવાની અમારી મનોકામનાને સક્રિય ટેકો આપે. એક પરમાનંદભાઇ કે એક ધીરજલાલ ધનજીભાઇ શાહના ઉપર જ નિર્ભર બનીને પ્રબુધ્ધ જૈનને ચાલવું પડે એ પરિસ્થિતિ શોચનીય છે. કોઇ પણ સત્ય વિચાર, શ્રેયસ્કર પ્રવૃત્તિ માટે પ્રબુદ્ધ જૈન ખુલ્લું છે. નાતજાત કે વાડાના ભેદ પ્રબુધ્ધ જૈન માનતું નથી, સ્વીકારતું નથી. સૌ કોઇ લેખકો અને વિચારકોને પ્રબુદ્ધ જૈનનું આમંત્રણ છે. આપણો વિચાર સત્યપૂર્ણ હોય, વાણી સંયમપૂર્ણ હોય, આચારવ્યવહાર સભ્યતાથી સુવાસિત હોય–આ અમારું ધ્યેય છે, આ અમારો માર્ગ છે, આટલી જ અમારી મર્યાદા છે.

તંત્રી, પ્રબુદ્ધ જૈન.

કેટલાક સમાચાર અને નોંધ

પંડિત લાલનને અભિનંદન અને થેલીસમર્પણ

પંડિત લાલન આજે ૯૧ વર્ષની ઉમ્મરે પહોંચ્યા છે તે નિમિત્તે તેમનું અભિનંદન કરવા માટે અને તેમની આજ સુધીની અનેકવિધ સેવાઓની કદરરૂપે તેમને રૂા. ૧૩૬૦૦ની થેલી સમર્પણ કરવા માટે કચ્છી જૈન સમાજ તરફથી શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆના પ્રમુખપણા નીચે તા. ૩-૪-૪૮ રવિવારના રોજ એક સન્માન સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પંડિત લાલન પ્રત્યે આદર ધરાવતા કેટલાક ભાષ્કઓ તથા બહેનો તરફથી ભાવભર્યાં પ્રવચનો થયા હતા. પંડિત લાલનની ઉમ્મર, આજ સુધીનું તેમનું ઉચ્ચ કોટિનું જીવન અને તેમનો ઉજ્જવળ ભૂતકાળ, તેમની ધર્મપરાયણતા અને શ્રેયસ-સાધના, નિડરતા તેમ જ સત્યપરાયણતા-આ સર્વ જોતાં વિશાળ જૈન સમાજના એક નાના સરખા વર્ગ તરફથી પંડિત લાલનનું બહુમાન થાય એટલાથી સંતોષ માનવો જોઇએ નહિ. આવા પુરૂષનું સમગ્ર જૈન સમાજ તરફથી વ્યાપક આકારમાં સન્માન થવું ઘટે છે. તો જ જે વિશાળ જૈન સમાજની તેમણે આજ સુધી અનેકવિધ સેવાઓ કરી છે તે વિષે જૈન સમાજે કૃતજ્ઞતા દાખવી લેખાય અને તેમની પ્રત્યેનું ઋણ જૈન સમાજે કંઇક અંશે અદા કર્યું લેખાય.

જૈન સમાજમાં નવા અને જુના વિચારની અથડામણ શરૂ થઇ અને ચાલુ પરંપરાથી જુદા પડીને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજુ કરવાની પ્રથા શરૂ થઇ તેનો આજ સુધીનો ઇતિહાસ ક્રમવાર આપણે યાદ કરીએ છીએ તો તેમાં સૌથી પહેલું નામ આપણને પંડિત લાલનનું માલુમ પડે છે. સ્થિતિચુસ્ત વર્ગ તરફથી ધર્મવિરોધી, નાસ્તિક, મિથ્યાત્વપ્રરૂપક-આવાં વિશેષણોની સૌથી પહેલી ખીર-દાવલિ મેળવનાર પંડિત લાલન હતા. તેમનું વકતૃત્વ એ વખતની એક અજબ મોહિની હતી. તેઓ દશ દશ હજાર માણસોની સભાને પોતાની વિલક્ષણ વકતૃત્વશૈલિથી મુગ્ધ કરી શકતા હતા. તેઓ જૈન ધર્મના તત્વજ્ઞાન સાથે પાશ્ચાત્ય તત્વજ્ઞાનના પણ સારા અભ્યાસી લેખાતા હતા. તેઓ ઇંગ્લાંડ તેમ જ અમેરિકા ઠીક ઠીક સમય રહ્યા હતા અને ત્યાં તેમણે જૈન ધર્મ વિષે સારા પ્રમાણમાં માહીતી ફેલાવી હતી અને સારા સારા વિદ્વાનોને જૈન ધર્મ તરફ તેઓ આકર્ષી શકયા હતા. તેમણે અનેક પરંપરાગત ધર્મવિચારોને નવા આકારમાં રજુ કર્યા હતા અને તેમની પ્રરૂપણશૈલિ નિડર તેમ જ મૌલિક હતી. યુવાન વર્ગ પંડિત લાલન પાછળ ગાંડો થઇને ભટકતો હતો અને સ્થિતિચુસ્ત વર્ગ તેમનાથી ભારે ભડકતો હતો. આજથી લગભગ ૩૫ વર્ષ પહેલાં તેમનો શ્રી શિવજી દેવશી સાથે સંઘ-બહિષ્કાર જાહેર કરવામાં આવ્યો હતો. તેમણે રજુ કરેલા વિચારોમાં આજે તો એવું કશું જ દેખાતું નથી કે જેથી કોઇ પણ સમાજને તેમની સામે જરા પણ વાંધો ઉઠાવવાનું કારણ હોય. પણ તે વખતનો જૈન સમાજ અત્યન્ત અજ્ઞાનગ્રસ્ત અને રૂઢિગ્રસ્ત હતો. પશ્ચિમની કેળવણીનો હજુ જૈન સમાજને બહુ ઓછો સ્પર્શ થયો હતો. ધાર્મિક લેખાતા પ્રશ્નોને બુદ્ધિવાદની કસોટિએ ચઢાવવાની હજુ શરૂઆત હતી. જૈન સમાજની મનોદશા ધાર્મિક બાબતોમાં બહુ જ આળી હતી. જૈન સુધારકોમાં પંડિત લાલનનું સ્થાન અગ્રિમ તેમ જ અગ્રગણ્ય ગણાય. તેમનું આખું જીવન જૈન ધર્મના એક પ્રચારક તરીકે જ વ્યતીત થયું છે. આજ સુધી પણ તેમણે જ્ઞાનની અખંડ ઉપાસના જ કર્યા કરી છે, અને વિશદ જીવન વડે એ ઉપાસનાને તેમણે શોભાવી છે. આજે ૯૧ વર્ષની ઉમ્મરે તેમના વિષે તેઓ નવા વિચારના છે કે જુના વિચારના છે એવો પક્ષભેદ આપણા સમાજમાં કોઇના દિલમાં રહ્યો નથી. જ્યાં જ્યાં તેમને સત્ય દેખાયું, ધર્મસાધના દેખાઇ, અધ્યાત્મઉપાસના તેમના જોવામાં આવી ત્યાં ત્યાં તેઓ ગયા છે અને સારને ગ્રહણ કરવો અને અસાર લાગે તેની ઉપેક્ષા કરવી-આવી જ તેમની સમભાવ તેમ જ સદ્‌ભાવભરી જીવનવૃત્તિ બની રહી છે. આજે તેમના ઉપર ઉમ્મરની સારા પ્રમાણમાં અસર છે; આંખે લગભગ દેખાતું નથી; કાને બહુ ઓછું સંભળાય છે. એમ છતાં તેઓ જ્યારે બોલે છે ત્યારે આજથી ૪૦-૫૦ વર્ષ પહેલાંના સુપ્રસિદ્ધ વકતા પં. લાલનને જ આપણે સાંભળીએ છીએ એવો ભાસ થાય છે. આ ઉમ્મરનો આવો જીવતો જાગતો પવિત્ર પુરૂષ આપણી વચ્ચે હોય-એ આપણા સમાજનું સદ્‌ભાગ્ય લેખાય. તેમને આપણુ સર્વના બહુમાન અને વન્દન ઘટે છે.

આબુતીર્થ ઉપરનો યાત્રાળુ કર રદ થયો

ગયા એપ્રીલ માસ દરમિયાન શીરોહી રાજ્યે ત્યાંના મહારાણીના હુકમથી આબુતીર્થ ઉપર યાત્રાએ જતા યાત્રાળુઓ પાસેથી ઉઘરાવાતો કર રદ કર્યો છે. આ કર એક પ્રકારના મુંડકાવેરા જેવો હતો. આ રીતે લેવાતા કરની રકમ બહુ મોટી નહોતી એમ છતાં પણ આ પ્રકારનો કર જૈન સમાજને અત્યન્ત ખુંચતો હતો. કોઇ પણ સમુદાયના દિલમાં રહેલી ધાર્મિકતા અને ભક્તિભાવમાંથી આર્થિક લાભ ઉઠાવવાની વૃત્તિ નથી ન્યાયસંમત કે નથી નીતિસંમત. કોઇ પણ સુધરેલા રાજ્યતંત્રને માટે આ બાબત શરમાવનારી ગણાય. દેખાવમાં નાનો લગતો હોવા છતાં શિરોહી રાજ્યને આ કરદ્વારા રૂ. ૪૦૦૦૦ ની આવક થતી હતી. આજે જ્યારે સ્થાપિત રાજ્યસત્તાઓનાં વિસર્જન થઇ રહ્યાં છે અને પ્રજાજનો સત્તારૂઢ થઇ રહ્યા છે એવો વખતે વિસર્જિત બનવાની સ્થિતિએ પહોંચી રહેલા સત્તાધીશો આવા સુકૃત્યોથી અને અન્યાયી પ્રથાઓને પોતાના જ હાથે તિલાંજલિ આપીને સુયશભાગી બને છે, આગામી સત્તાધીશો માટે સારો દાખલો બેસાડી જાય છે અને જતાં જતાં પણ જે જે સમુદાયને આવા ફેરફારો સાથે સંબંધ હોય છે તેમના દિલમાં મીઠાં સ્મરણો મુકી જાય છે. આ રીતે આવું સ્તુત્ય પગલું ભરવા માટે શિરોહીના નામદાર મહારાણીને જૈન સમાજના ધન્યવાદ ઘટે છે. જે પાલીતાણાના ઠાકોર સાહેબને ન આવડયું તે આ મહારાણીએ કરી બતાવ્યું. મળતા સમાચારો મુજબ પાલીતાણાના ઠાકોર સાહેબ જૈન સમાજ સાથે સોદો કરવાની તજવીજ કરતાં કરતાં સ્વતઃ વિસર્જિત થઇ ગયા. શિરોહીના મહારાણીએ બહારના કોઇ પણ દબાણ કે વાટાઘાટ સિવાય સ્વતઃ સ્વેચ્છાથી પ્રસ્તુત કર નાબુદ કર્યો. આવી ઉદારતા બદલ જૈન સમાજ મહારાણી સાહેબનો ઋણી બને છે.

શત્રુંજયતીર્થને લગતો કર

એપ્રીલ માસની ૧૭ મી તથા ૧૮ મી તારીખે મુંબઇ ખાતે જ્યારે મહાગુજરાત રાજસ્થાન પ્રજામંડલ ભરવામાં આવ્યું તે પ્રસંગે અઢારમી તારીખે સૌરાષ્ટ્રના પ્રધાનમંડળનો કાઠિયાવાડ પ્રજામંડળ તરફથી એક ભવ્ય સન્માનસમારંભ ગોઠવવામાં આવ્યો હતો; આ નિમિત્તે સૌરાષ્ટ્રનું આખું પ્રધાનમંડળ મુંબઇ આવ્યું હતું. આ પ્રસંગનો લાભ લઇને શત્રુંજય ઉપરનો કર રદ કરવાની માંગણી કરવા માટે શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સની સ્થાયી સમિતિ દ્વારા નિયત કરવામાં આવેલ મુંબઇના જૈન સમાજના આગેવાનોનું એક પ્રતિનિધિમંડળ સૌરાષ્ટ્ર સરકારના પ્રધાનમંડળને મળ્યું હતું. અને આ પ્રતિનિધિમંડળમાં શ્રી. અમૃતલાલ કાળીદાસ, મેઘજી સોજપાળ, નગીનદાસ કરમચંદ સંઘવી, મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, મગનલાલ મુળચંદ શાહ, પરમાનંદ કુંવરજી કાપડીઆ, ચંદુલાલ વર્ધમાન શાહ, કાન્તિલાલ નાનાલાલ, શાન્તિલાલ મગનલાલ તથા કોન્ફરન્સના મંત્રી શ્રી દામજીભાઇ જેઠાભાઇ સામેલ થયા હતા. મુખ્યપ્રધાન શ્રી. ઉછરંગરાય ઢેબર તેમ જ અન્ય પ્રધાનો સમક્ષ આ અન્યાયી કર રદ કરવા સંબંધમાં જરૂરી રજુઆતો તેમ જ જૈન સમાજનું દૃષ્ટિ-બિન્દુ આ પ્રતિનિધિમંડળ તરફથી રજુ કરવામાં આવ્યું હતું. આ સંબંધમાં સૌ ભાઇઓને શાન્તિપૂર્વક સાંભળ્યા બાદ શ્રી. ઢેબરે નીચેની મતલબનો જવાબ આપ્યો હતો કે 'આ પ્રશ્ન પાછળ રહેલા સિદ્ધાન્ત પરત્વે અમારી અને તમારી વચ્ચે કોઇ પણ પ્રકારનો મત-ભેદ ભાગ્યે જ હોઇ શકે. આમ છતાં પણ આવી કોઇ પણ માંગણી

છે. આવી તેમણે સલાહ આપી હતી. શ્રી જવલહરલાલના કાને ઉપર આ સલાહ પ્રહોચે અને પોતાની અપ્રતિમ તપશક્તિનો ઉપયોગ યોગ્ય પ્રસંગ અને યોગ્ય અવસર માટે હાલ તુરત મુલતવી રાખે એમ આપણે અન્તરથી ઇચ્છીએ !

શ્રી જવલહરલાલની પ્રતિજ્ઞામાં ૧૯૩૪ ની સાલમાં કરવામાં આવેલી શ્રી ઉદેપુર રાજ્યની ઉદારતાનો ઉલ્લેખ છે. એ જાહેરાત શું છે તે આજે લગભગ કોઇ જાણતું નથી. આજથી દશ બાર મહીના પહેલાં ઉદેપુર રાજ્યની પ્રતાપ વિશ્વવિદ્યાલયને લગતી ઉદ્ઘોષણાના ચતુર્સંધાનમાં કેશરીઆજી તીર્થ સંબંધે છેલ્લા સૈકા દરમિયાન કરવામાં આવેલી જાહેરાતો વિષે કેટલીક માહીતી એકઠી કરી હતી પણ તેમાં આવી કોઇ જાહેરાત નજર ઉપર ચઢ્યાનું સ્મરણમાં નથી. તો આ ૧૯૩૪ ની જાહેરાતને યોગ્ય પ્રસિદ્ધિ આપવાની શ્રી જવલ બહેનના અનશ્વરમાં રસ ધરાવતા જૈન બંધુઓને વિનંતિ છે.

એ. આઇ. સી. સી. : એક દ્રષ્ટિ

તા. ૨૪-૨૫ એપ્રિલના દિવસો દરમહસભાની ખાસ બેઠક મુંબઇ ખાતે મળી ગઇ. અવારનવાર પત્રકારો સમક્ષ નિવેદનો કરી, સ્થાનિક સમિતિએ આ બેઠકને ખૂબ મહત્વ આપ્યું હતું. મુંબઇથી દિલ્હી સુધી પહોંચે એટલા વાંસ ભવ્ય મંડપ બાંધવા પાછળ વપરાયા છે એવી જાહેરાત દ્વારા આ બેઠક દૂર દૂરની જનતા માટે આકર્ષક બની હતી; પરંતુ બેય દિવસની કાર્યવાહી પછી સ્વસ્થચિત્તે વિચાર કરનારને જણાશે કે, બાહ્ય દમામ અને આકર્ષણ સિવાય ઐતિહાસિક કહી શકાય એવી કોઇ સિદ્ધિ આ બેઠકે સાધી નથી.

બેઠકની મહત્વની હકીકત બે-એક બંધારણ અને બીજું સામાન્ય આર્થિક કાર્યક્રમને અમલમાં મૂકવાનાં માર્ગો અને સાધનોના અહેવાલને બહાલી, અને તે માટે નવ સભ્યોની બનેલી સમિતિની નિમણુંક. હૈદ્રાબાદ તથા કાશ્મીરનો પ્રશ્ન 'બાનગી-મીટિંગ'માં ચર્ચાયો, છતાં પંડિત જવાહરલાલે ખુલ્લી બેઠકમાં એક કલાક સુધી આ બે પ્રશ્નો તથા સરકારની વિદેશનીતિ ઉપર પ્રવચન કર્યું એ તેની વિશિષ્ટતા.

બંધારણની ચર્ચા, ચૌદ કલાકની કાર્યવાહીમાં દશેક કલાક ચાલી; આર્થિક કાર્યક્રમે જલદી મંજુરી મેળવી લીધી: અને સરળતાથી બેઠકનું કામ પૂરું થયું. કેટલાકને આથી સંતોષ પણ થયો. વિરોધ નહિ; જોઇએ તેટલી ઉચ્ચી ભૂમિકાએ ચર્ચા નહિ; બધુંય લગભગ મંજુર ! આને જ જો આ બેઠકની સફળતાની પારાશીશી ગણતા હોઇએ તો આ બેઠક જરૂર સફળ થઇ; પરંતુ વિચારી જોતાં જણાશે કે, આ બેઠકે ધારીએ છીએ તેવી સફળતા નથી મેળવી.

અત્યારસુધી આવી બેઠકોનું આકર્ષણ ગાંધીજી હતા, બે રહ્યા સરદાર. નહેરુ, આઝાદ અને રાજેન્દ્રપ્રસાદ. સ નહેરુના વ્યક્તિત્વે જનતાને સારી સંખ્યામાં ખેંચી: આ સમુદાય કયો સંદેશ લઇ બેઠકમાંથી પાછો ફર્યો ? જો આ બેઠક માત્ર બંધારણ પસાર કરવા માટે જ મેળવવાની હતી તો જનતાને આકર્ષી શું કામ ? બંધબારણે જ બંધારણ પસાર કરાવી શકાય તેમ હતું. ગાંધીજીદ્વારા સત્ય અને અહિંસાનો સંદેશ જનતાને મળતો. રચનાત્મક કાર્યની દ્રષ્ટિ મળતી. આ બેઠકે કયો સંદેશ આપ્યો ? કોંગ્રેસના કયા કાર્યક્રમને વેગ મળે તે જનતું દિશાસૂચન કર્યું ? સમગ્ર રીતે જોતાં માત્ર એટલું જ જણાય છે કે, પંડિત નહેરુની સરકારની કાર્યવાહીને આ બેઠકે મહોર મારી છે. અને એ મહોર મેળવવા માટે 'દશ લાખનું ખર્ચ' ન કર્યું હોત તો અયોગ્ય ન જ કહેવાત. પંડિત નહેરુ તથા સરદારની કાર્યવાહીથી હિંદની પ્રજાના મોટા ભાગને સંતોષ છે જનતા તો આશા રાખતી હતી નવા માર્ગદર્શનની, નવા રાહની. એ રાહ આ બેઠકે નથી બતાવ્યો.

આ બેઠકમાં જાણે એક જ પક્ષનું વર્ચસ્વ હોય તેમ સ્પષ્ટ તરી આવતું હતું. જયપ્રકાશ નારાયણ, કમળાદેવી ચટ્ટોપાધ્યાય, વગેરેનો સબળ સુર આંહીં નહોતો. તાત્વિક રીતે વિરોધ કરવો જોઇએ, ત્યાં પણ એ હિંમત નથી બતાવાઇ. મહાસમિતિએ પ્રધાનમંડળના કાર્યને બહાલી આપી; પણ પ્રધાનમંડળની કેટલીક કાર્યવાહી તરફ પોતાનું વલણ સ્પષ્ટ કરવું જોઇએ, તે સ્પષ્ટ કરવાની કોઇએ હિંમત કરી છે ? હિંદુસ્તાનના એકેએક પ્રાંતમાં કાર્યદાઓનો અમલ એકસરખી રીતે થવો જરૂરી છે, તેની કોઇએ વાત કરી. એક પ્રાંત વેજીટેબલ ઘીની ઉત્તેજન આપે, અને બીજો પ્રાંત તેનાપર નિયમન મૂકે. એવી બેધારી નીતિ કેમ ? એવો પ્રશ્ન કોઇએ પૂછ્યો ? વર્તમાનપત્રોની સ્વતંત્રતા પર છેવટની હદ સુધી કાપ કેમ મૂકવામાં આવ્યો છે, તેની માહિતી કોઇએ માગી ? વગર તપાસે વ્યક્તિઓને મહિનાઓ સુધી જેલમાં ગોંધી રાખવાના સબળ કારણો કોઇએ પૂછ્યાં ? જે વ્યક્તિગત સ્વાતંત્ર્ય માટે-વાણીના સ્વાતંત્ર્ય માટે-આઝાદીનો જંગ ખેલ્યો, તેના પર જુદા જુદા પ્રાંતની સરકારોએ કેવા પ્રકારના નિયમનો જે તેની તપસીલ કોઇએ રજૂ કરી ?

દુઃખની વાત છે કે, કોઇએ વિરોધનો અવાજ પણ નથી ઉઠાવ્યો. પ્રધાનમંડળને વધુ જાગૃત રાખવા કોઇએ લાલ બત્તી પણ નથી ધરી. એ દૃષ્ટિએ આ બેઠકે કોઇ અપૂર્વ સિદ્ધિ સાધી નથી. તેણે જે સિદ્ધિ સાધવી જોઇએ, તે નહિ સાધવાને લીધે, બેઠકને બીજે જ દિવસે, આપણી જ સરકારના એક સભ્ય ડો. આંબેડકરે મહાસભાને 'બળતુ ઘર' કહ્યું. અને ચાર દિવસ પછી મહારાષ્ટ્ર વિભાગના જાણીતા કાર્યકરોએ મહાસભામાંથી છુટા થઈ નવો પંથ રચવાની જાહેરાત કરી. મહાસભાના અગ્રણી કાર્યકર્તાઓ માટે ધમાધમપૂર્વક નહિ પણ શાંતિથી વિચાર કરવાનો સમય આવી પહોંચ્યો છે કે, જે સંસ્થાએ સાઠ સાઠ વર્ષથી જનતાનો સંપર્ક સાધી તેની સેવા કરી છે, હિંદની આઝાદી જેણે મેળવી આપી છે, જેની પાછળ વિશ્વવંદ્ય મહાત્માજીના પ્રાણ છે, તેમાંથી ગઇ કાલ સુધી તેના સેવકો ગણાવવામાં ગૌરવ લેતા કાર્યકર્તાઓ આજથી છુટા કેમ થાય છે ? એવાં કયાં કારણો છે ? એવાં કયાં બળો તેમને જુદા માર્ગે ધસડી રહ્યા છે ? વિરોધ પક્ષની સાથે કૂચકદમ કરવામાં જે મજા મળે છે, જે બળ મળે છે, તે વિરોધ પક્ષને એક બાજુ મૂકી એકલા આગળ વધવામાં નહિ-એ સત્ય ભૂલવું જરૂરી નથી.

'વાંસોનું જંગલ' ઉભું કરવાથી બેઠકને પ્રતિષ્ઠા નથી મળતી. સામાન્ય જનતાએ દસ કે પચીસ ખર્ચી, પોતાના નેતાઓના દર્શનને બદલે વળીઓના દર્શન કર્યા; અને વટાવથી ટીકાટો વેચી નાંખી, એમાં મહાસભાની પ્રતિષ્ઠા નથી. નેતાઓ અને જનતા એકબીજાના વધુ સંસર્ગમાં આવે એ માટે ઓછી ફીએ વધુને લાભ મળે તે જોવાની વૃત્તિ કાર્યકર્તાઓએ રાખવી જોઇએ. દસ લાખને બદલે બે લાખ ખર્ચી, વિશાળ ખુલી જગામાં આ કાર્યક્રમ રખાયો હોત; નેતાઓને જોવાની નહિ પણ સાંભળવાની તક કાર્યકર્તાઓએ ચોજી હોત તોયઆ બેઠકની સિદ્ધિમાં કંઇક ઉમેરો થાત, એમ કહ્યા વગર ચાલતું નથી.

ધીરજલાલ મનસુખભાઇ શાહ

સંઘદ્વારા વૈદ્યકીય રાહતનો પ્રબંધ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇના જ પરાંઓમાં વસતા કોઈ પણ જૈન ભાઇ કે બહેનને જરૂરી વૈદ્યકીય રાહત આપવાનો પ્રબંધ કેટલાય સમયથી કરવામાં આવ્યો છે. આ રાહતમાં દવા, ઇન્જેકશન, ડાકટરના બીલો, હોસ્પીટલનો ખર્ચ તેમ જ દર્દીને માંદગી દરમિયાન જરૂરી આર્થિક મદદ-આવી અનેક બાબતોનો સમાવેશ થાય છે. આ યોજનાનો લાભ લેવા વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા સૌ કોઈ જૈન બંધુઓ તેમ જ બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ છે.

જયંતિલાલ લલ્લુભાઈ પરીખ
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ.

વિષે છેવટનો નિર્ણય કરતાં પહેલાં આને લગતાં સર્વ આનુષંગિક પરિણામોનો અમારે પૂરો વિચાર કરવો જોઇએ અને તેથી આવતા બે માસ દરમિયાન આ બાબતનો છેવટનો નિર્ણય અમો જાહેર કરી શકીશું એવી અમો આશા રાખીએ છીએ અને કદાચ એટલા ટૂંક સમયમાં અમો અમારો નિર્ણય જાહેર કરી ન શકીએ તો પણ અમારો ડેપ્યુટેશનનિર્ણય જાહેર થતાં સુધી હું પહેલા રૂા. ૬૦૦૦૦ ની રકમનું ભરણું મુલતવી રાખવામાં કશી અડચણ નહિ આવે. આ ઉત્તર બધી રીતે આશાસ્પદ છે અને તે ઉપરથી પ્રસ્તુત અન્યાયી કર બહુ ટૂંક સમયમાં રદ થશે એમ માનવાને બળવાન કારણ મળે છે.

કેશરીઆજી પ્રકરણ અને શ્રી જવલબહેનનું અનશન

જૈનોના સુપ્રસિધ્ધ કેશરીઆજી તીર્થનો વહીવટ આજે કેટલાંક વર્ષોથી ઉદેપુર રાજ્ય ચલાવે છે અને કેશરીઆજી તીર્થ ઉપર જે આવક થાય છે તેમાંથી ત્યાં કેટલાય સમયથી અડધો જમાવી બ્રાહ્મણ પંડ્યાઓના હાથમાં જે કાંઇ આવક જતી હોય તે બાદ કરતાં કેશરીઆજીના ભંડાર બાકીની બધી આવક ઉદેપુર રાજ્યની તીજોરીમાં જમા થાય છે. આ તીર્થ જૈનોનું હોવા છતાં આ તીર્થના વહીવટ ઉપર જૈનોનો કશો અંકુશ નથી કે સત્તા નથી. કેશરીઆજી તીર્થ એ ઉદેપુર રાજ્ય, જૈન સમાજ અને ત્યાંના પંડ્યા વર્ગ એ ત્રિકોણના કંઇ વર્ષોથી ચાલતા ઝગડાનું મથક છે. તદુપરાન્ત આ બાબતમાં આખો જૈન સમાજ પણ એકરૂપ કે એકમત નથી. જૈન સમાજના બે મુખ્ય વિભાગ શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ અને દિગંબર મૂર્તિપૂજક સમાજ-બંને આ તીર્થ વિષે માન્યતા, ભક્તિ અને શ્રદ્ધા ધરાવે છે અને હકકો સંબંધમાં પણ આ બંને વર્ગો વચ્ચે કંઇ કાળથી ઝઘડો ચાલ્યા જ કરે છે. ઉદેપુર રાજ્યની દખલગીરી અને આખરી કબજો પણ આ ઝઘડાનું જ પરિણામ છે. 'આ તીર્થ અમારું જ છે અને અન્ય વર્ગને આ તીર્થ સાથે કશી લેવાદેવા નથી અને આ તીર્થના વહીવટી સર્વ અધિકારો અમને જ સુપ્રત થવા જોઇએ' એમ જૈન સમાજના પ્રત્યેક પક્ષનો દાવો છે. કેશરીઆજી તીર્થની આ સામાન્ય પરિસ્થિતિ છે.

બીજી બાજુએ હિંદભરના દેશી રાજ્યોમાં આજે ભારે ક્રાન્તિ ચાલી રહી છે. કેટલાંક રાજ્યો એકત્ર બનીને યુનીયન ઉભાં કરે છે અને એ યુનીયનનો સર્વ સત્તાઅધિકાર પ્રજાકીય આગેવાનોને સોંપવામાં આવે છે; કેટલાક મોટા રાજ્યોનું અસ્તિત્વ અખંડ રહેવા છતાં તે દરેક રાજ્યમાં પ્રજાજનોના જવાબદાર રાજ્યતંત્રની શરૂઆત કરવામાં આવે છે. કેટલાંક રાજ્યો પોતપોતાનો નકશો હિંદી સરકારના પ્રાન્તમાં જોડાઇ જાય છે. ઉદેપુર રાજ્ય પણ આ પ્રચંડ આંદોલનથી મુકત નથી અને સૌરાષ્ટ્ર સરકાર માફક ત્યાં પણ ઉદેપુર રાજ્ય અને અન્ય કેટલાંક રાજ્યનું યુનીયન ઉભું થઇ રહ્યું છે અને આ યુનીયનના ઉદેપુરના મહારાણા રાજપ્રમુખ બન્યા છે. આ યુનીયન હજુ [illegible] અસ્તિત્વમાં આવ્યું છે અને તેનું સ્વરૂપ હજુ [illegible] રહ્યું છે. આ પ્રમાણે ત્યાંની રાજકીય પરિસ્થિતિ હજુ ખુબ ડોળાડોળ દશામાં છે.

આવા ચોતરફની કઢંગી સંયોગો વચ્ચે કાઠિયાવાડના માંગરોળના નિવાસી શ્રીમતી જવલબહેને તા. ૧૨-૪-૪૮ થી નીચેની પ્રતિજ્ઞા લઇને નિર્જળા ઉપવાસ શરૂ કર્યા છે :—

"પ્રસિદ્ધ જૈન તીર્થ શ્રી કેશરીઆજીની વ્યવસ્થા મેવાડ રાજ્યના દેવસ્થાન વિભાગ મારફત ચાલે છે. આ અત્યન્ત અનુચિત અને નિન્દનીય છે, અને આને કોઇ પણ જૈન સહન કરી શકે તેમ નથી. આમ હોવાથી જ્યાં સુધી આ તીર્થની વ્યવસ્થા ૧૯૩૪ ની રાજ્યની જાહેરાત મુજબ જૈન સમાજના પ્રતિનિધિઓને યોગ્ય રીતે સોંપવામાં નહિ આવે ત્યાં સુધી આ અનશન ચાલુ રહેશે."

આ બહેને જુનાગઢ રાજ્ય પાકીસ્તાનમાં જોડાયું ત્યારે ગીરનાર તીર્થ પાકીસ્તાનની હકુમતથી મુકત ન થાય ત્યાં સુધી નિર્જળું વ્રત અંગીકાર કર્યું હતું અને એમ કરતાં મૃત્યુ સ્વીકારવાની તત્પરતા દાખવી હતી. એ વખતે એ બહેનના પક્ષ માં ઉપવાસને દિવસે જુનાગઢ રાજ્ય હિંદી યુનીયનને સરખે ભળ્યું હતું અને પછી મોડા દિવસ કે જ્યારે હિંદી યુનીયન જુનાગઢ રાજ્યનો કબજો લીધો હતો ત્યારે આ બહેને આ દીર્ઘકાલીન ઉપવાસનું પારણું કર્યું હતું. તે વખતે આ બહેનની ટેક અને અડગતાની આપણે પ્રશંસા કરી હતી પણ સાથે સાથે આવા પ્રશ્ન ઉપર આવી રીતે ઉપવાસ ઉપર જવાની રીતની યોગ્યતા—ઔચિત્ય વિષે આપણે શંકા દાખવી હતી અને આપણા મનનું અસમાધાન જાહેર કર્યું હતું.

પ્રસ્તુત પ્રસંગને અનુલક્ષીને આપણને સ્પષ્ટપણે કહેવાની ફરજ [illegible] જવલબહેને આવી રીતે એકાએક નિર્જળા ઉપ- સાહસ કર્યું છે, ગેરડહાપણ દાખવ્યું છે.

ઉપવાસ બ્યાજબી ન જ હોઇ શકે એમ એકાન્તપણે પ્રતિપાદન કરવાને આપણે તૈયાર ન હોઇએ તો પણ આવા ઉપવાસ ઉપર જનારે પહેલાં તો ઉદેપુર અને કેશરીઆજીની આખી પરિસ્થિતિ બરોબર સમજી લેવી જોઇએ, બીજું આ બાબતમાં જ્યાં સુધી જૈન સમાજના બે પક્ષો વચ્ચે એકમતી ન થાય ત્યાં સુધી આપણાથી આગળ ચાલવાનું અશકય છે—આ વાસ્તવિકતાનો પુરો ખ્યાલ કરીને બન્ને પક્ષ વચ્ચે એકમતી અને એકરૂપતા ઉભી કરવા માટે સંગીન પ્રયત્ન કરવો જોઇએ. રાજ્યની પણ વર્તમાન અસ્થિર પરિસ્થિતિનો પણ આવા ઉપવાસમાં ઝંપલાવનારે પુરો ખ્યાલ કરવો જોઇએ. આ બાબત કેટલાંય વર્ષોથી આમને આમ ચાલતી આવી છે તેમાં બે પાંચ મહીના મોડું થવાથી કોઇને કશું મહત્વનું નુકસાન થવાનું નથી. કેવળ ધુનમાં આવી જઇને ઉપવાસ ઉપર જનાર વ્યકિત ઘણી વખત આવા પ્રશ્નના ઉકેલને સરળ બનાવવાને બદલે વધારે ગુંચવણવાળો બનાવી મુકે છે અને પહેલાની અને પાછળથી ઉભી થયેલી ગુંચોનો નિકાલ કરવાની આવડત કે શકિત આવી રીતે ઉપવાસ ઉપર જનાર વ્યકિતમાં હોતી નથી. ઉપવાસની તપસ્યાના બળે સૌનાં દિલ સાફ થઇ જશે, જૈનોના બે પક્ષો વચ્ચે એકમતી થઇ જશે, મહારાણાનું દિલ હલી ઉઠશે, શાસનદેવતા આપણને જરૂર સહાય કરશે—આવી શ્રદ્ધા ધરાવવાનો કમનસીબે આપણે દાવો કરતા નથી. અને તેથી આજની પરિસ્થિતિને વાસ્તવિક સ્વરૂપે નિહાળી અને તેના ઉકેલની દિશાએ આવું ઉપવાસનું સાહસ લાભદાયી છે કે નુકસાનકારક નિવડવા સંભવ છે—એ રીતે જ વિચારવાનું આપણું ઘોરણ રહે છે. આ રીતે [illegible] આ જવલબહેનનું અધ્યતન અનશન બરાબર નથી, આ [illegible] નથી, લાભદાયી નિવડવા સંભવ નથી એમ આપણને લાગે છે અને તેથી જે અનશન બરાબર ન હોય, આવકારદાયી ન હોય, લાભદાયી દેખાતું ન હોય એ અનશન પુરી ગંભીરતાથી શરૂ કરવામાં આવેલ હોય એમ છતાં પણ છોડી શકાશે એવો અપવાદ શ્રી જવલબહેને ઉપવાસના પ્રારંભથી જો ચિન્તવેલો હોય—અને આવા પ્રકારના અનશન આવા અપવાદની કલ્પનાથી સંલગ્ન જ હોવા જોઇએ—તો આ આદરેલું અનશન છોડી દેવા શ્રી જવલ બહેનને આપણી આગ્રહપૂર્વક પ્રાર્થના છે.

હમણાં જ મારા મિત્ર શ્રી ગોકુળભાઇ દોલતરામ ભટ્ટ જેઓ શીરોહી રાજ્યની પ્રજાના અગ્રતમ આગેવાન છે અને એ બાજુના સર્વ રાજસ્થાનોનાં નવનિર્માણની હીલચાલ સાથે જેમને ગાઢ સંબંધ છે તેઓ આહિં એ. આઇ. સી. સી.ની બેઠક ઉપર મુંબઇ આવેલા ત્યારે આ વિષે વાત થઇ હતી અને એ વાતચિત દરમિયાન જૈનોની આવી અધીરાઇ વિષે તેમણે આશ્ચર્ય દાખવ્યું હતું. અને 'ઠરીઠામ બેસવા તો દો! પછી બધું યોગ્ય થઇ રહેશે કારણ કે પછી તો સત્તા પ્રજાકીય આગેવાનોના હાથમાં આવવાની

એક અખંડ અવિભાજ્ય ગુજરાતનો અરૂણોદય

તા. ૧૭-૪-૪૮ ના રોજ મુંબઈ ખાતે ભરાયેલ મહાગુજરાત રાજસ્થાન પ્રજાસંમેલનમાં પ્રમુખસ્થાનેથી શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીનું પ્રેરણાદાયી પ્રવચન.

મહાગુજરાત રાજસ્થાન પ્રજા સંમેલનનું અધ્યક્ષપદ આજે તમે મને આપ્યું તેથી હું તમારો ઋણી છું. પ્રભુનો પણ હું પાડ માનું છું. ૧૯૧૧ માં 'ગુજરાતની અસ્મિતા' અને 'ગુજરાત એક અને અવિભાજ્ય' એ મંત્ર સાહિત્યદ્વારા વ્યક્ત કરવાનું, ૧૯૨૩ માં ગુજરાતનાં એક સાંસ્કૃતિક વ્યક્તિ તરીકે દર્શન કરાવવાનું, અને આજે જ્યારે એ સ્વપ્નાં સિદ્ધ થતાં જાય છે-લગભગ થઇ જવા આવ્યાં છે-ત્યારે આ પ્રમુખસ્થાનેથી આદિવચન ઉચ્ચારવાનું મને એણે સદ્‌ભાગ્ય આપ્યું. જો ઇશ્વર પ્રત્યે મારી એક પ્રાર્થના હોય તો એ કે એ સિદ્ધિ જલદી થઇ જાય.

૧૯૦૭ માં ગુજરાતને નષ્ટ સામ્રાજ્યોના કબ્રસ્તાન—Grave of Vanished Empires—ની ઉપમા મેં આપી હતી. ચાળીશ વર્ષે આજે ગુજરાતને હું એક ઉગતી વિશ્વશક્તિના ગણેશદ્વાર—main gate of a rising world power—ની ઉપમા આપી શકું. આ ચાલીશ વર્ષમાં ગુજરાતીઓએ દેશને ઘણો સમૃદ્ધ કર્યો ને એ સમૃદ્ધિની લહાણ કરી. એમણે ઘણાં ક્ષેત્રો ખેડ્યાં ને નવા વિજયો મેળવ્યા; ઘણી સેવા કરી અને ઘણો ત્યાગ પણ કર્યો. વિદ્વાનો, રાજવીઓ ને મુત્સદ્દીઓ, વ્યાપારીઓ ને સામાન્ય વર્ગીઓએ કાંઇ કાંઇ ક્રાંતિ સાધી, અને ભારતના અર્વાચીન ઘડતરમાં મોટો ફાળો આપ્યો.

પણ માત્ર ચાલીશ વર્ષ પાછળ શા માટે જોઉં? સો વર્ષ પર નર્મદે 'ગરવી ગુજરાત' ગાયું ને દયાનંદે રાષ્ટ્રધર્મનો પાયો નાંખ્યો. પૂજ્ય બાપુ ગુજરાતીઓને અંધકારમાંથી પ્રકાશમાં લઇ આવ્યા. ગાંધીજી તો રાષ્ટ્રના, સમસ્ત વિશ્વના ને સનાતનકાળના; પણ આપણા પહેલા. કવિએ તો ગુજરાતને 'કૃષ્ણચંદ્રની કૌમુદી ઉજળો' કહ્યો; આજે તો એ ગાંધીજીના ગૌરવે ગરવો પણ છે. એ ઉજ્જ્વલતા અને ગૌરવ આપણું ભાવિ ઘડશે. એ વડે જ આપણે નવવિધાનનો ભાર ઉપાડવામાં ભારતને મદદ કરી શકીશું.

ગાંધીજી આજે નથી એ મારાથી કબૂલાતું નથી. મેં એમને એકવાર સૂર્યનારાયણ સાથે સરખાવેલા; જ્યાં એમનાં કિરણો પડે ત્યાં ફૂલફળપ્રદતા સાંપડે. એ ગયા; આપણાં હૈયાં હજી રડે છે; ચારેતરફ શૂન્યતા ભાસે છે. છતાં એક આશ્વાસન આપણે લઇ શકીએ: સૂર્યબિંબ અસ્ત થયું ખરું; તેના પ્રેરણાતેજથી ક્ષણે ક્ષણે નવપલ્લવો ફૂટયાં જાય છે, ને જશે. એ ગયા—રાષ્ટ્રવિધાયક, સમ્રાટ, પયગંબર ને યોગી. એ તો ઋષિમુનિઓના સંઘમાં જઇ ભળ્યા; જગતમાં કોઇએ નહીં કલ્પેલા એવા ભવ્ય અવસાનના ધણી થઇ ગયા. સાથે આપણને અવિરત સામર્થ્યનો વારસો આપી ગયા.

રડતું હૃદય તો છાનું રાખવું જ રહ્યું. એ વારસાનું રક્ષણ ને અભિવૃદ્ધિ એ જ હવે આપણું કર્તવ્ય થઇ પડયું છે. ભારત સ્વતંત્ર થયું, આપણા પ્રશ્નો ને દૃષ્ટિ બંને પલટાઇ ગયાં. નવી પરિસ્થિતિ ને નવા ધ્યેયો નવા નિર્ણયોની અગત્યતા દર્શાવી રહી છે.

આપણા સદ્‌ભાગ્યે ગુજરાતની મહત્તાના અર્વાચીન અવતાર સરદાર ગુજરાતને અને ભારતને ઘડી રહ્યા છે. ગાંધીજીની મહત્તા જગજાહેર છે; એ તો કર્તવ્ય અને વાણી બંનેના સ્વામી હતા. થોડાક જ સરદારની મહત્તાનું માપ કાઢી શકે છે, કારણ કે એ તો નેપોલિયનના સૂત્રમાં માને છે: 'શબ્દો જવા દો-કરણીથી જ જવાબ દો.' સિદ્ધરાજ જયસિંહે શસ્ત્રોથી ગુજરાત એક કર્યું. પરશુરામે, અશોકે, સમુદ્રગુપ્તે ને અકબરે શસ્ત્રબળે ભારતને એક કર્યું. સરદારે તો એ બંને પ્રવૃત્તિઓ આદરી. પંદરમી ઓગસ્ટે ભારતના ૫૭૨ ટુકડા હતા; આજે ત્રણચાર અપવાદો સિવાય ભારત એક થઇ ગયું છે. ત્રણ મહિના પહેલાં ગુજરાતીઓના ૨૫૯ ટુકડા હતા, આજે માત્ર ચાર જ રહ્યા છે. આ એકતા શસ્ત્રબળે નથી રચાઇ,માત્ર મુત્સદ્દીગીરીથી બની છે. આજે ભારતવાસીઓના હૃદયમાં એમનું સ્થાન છે. ઐક્ય અને સુરક્ષિતતાની મૂર્તિરૂપે ભારતના રાષ્ટ્રવિધાયકોના કીર્તિમંદિરમાં એ તો અગ્રસ્થાને બિરાજે છે.

નવી ઘટનામાં ગુજરાતના રાજવીઓનો પણ મોટો ફાળો છે. એમની સમયાનુકૂળ બનવાની તત્પરતા ગુજરાતના ગૌરવ રૂપ છે. બે વર્ષ પહેલાં રાજકોટમાં ભરાયેલી સાહિત્ય પરિષદમાં, ગુજરાતને એક રાજ્યતંત્ર મળવું જોઇએ એ માગણી મેં જનતા ને રાજવીઓ આગળ મૂકી હતી. મને શું ખબર કે આટલા ટૂંકા વખતમાં ગુજરાતના રાજવીઓ સમયાનુકૂળ થવાની આટલી ઉદારતા બતાવશે? એ બધાને અત્યારે હું અભિનંદન આપું છું. એમાં મારા મિત્ર શ્રીમાનશ્રી. જામસાહેબની સેવા અને એમની મુત્સદ્દીગીરીની ખાસ નોંધ લઉ છું. એ ન હોત તો આટલી સરલતાથી સૌરાષ્ટ્ર એક ન થાત. એમની સાથે એક બીજા રાજવી મિત્રનો ઉલ્લેખ મારે કરવો જોઇએ, તે પાલણપુરના નવાબ સાહેબનો. પંદરમી ઑગસ્ટ પછી ઘણા રાજવીઓએ પોતાની દૃષ્ટિ કે બ્યૂહનો પલટો કર્યો; પણ નવાબ સાહેબ એક પળવાર પણ અંગત કે ધાર્મિક પ્રલોભનોને વશ થયા નથી. એ તો હિન્દી ને ગુજરાતી જ રહ્યા છે. ભર્તૃહરિએ કહ્યું છે તેમ એવા નર તો વિરલ જ હોય જે હાથે આવેલી પૃથ્વીનું દાન કરે.

પણ હું તો બ્રાહ્મણ—સ્વભાવે લોભિયો ખરો. કુંગરપુર, વાંસવાડા ને ઝાબુઆ રાજસ્થાનમાં ગયાં એમાં ગુજરાતીઓને અન્યાય થયો માનું છું. શીરોહી પણ ગુજરાત સિવાય બીજા સમૂહમાં જાય એ પણ અસ્વાભાવિક છે, એ ન થવું જોઇએ. ઉદયપુરની બહારના ભીલના પ્રદેશો મહાગુજરાતની બહાર રહે એ પણ બોટું. આબુ ગુજરાતનો ઉત્તર સ્તંભ, નંદુરબાર પૂર્વદ્વાર, વસઇ દક્ષિણદ્વાર. આપણે ગુજરાતીઓ મુંબઇ પ્રાંતમાં ફેરફાર માગતા નથી, આપણે તો માત્ર એટલું જ ઇચ્છીએ છીએ કે ગુજરાતીઓ બધા એક પ્રાન્તના રાજ્યવતુર્લમાં આવી જાય.

આ વિષયમાં મારા મિત્ર શ્રીમાનશ્રી. ગાયકવાડને સંબોધીને થોડું કહેવું જોઇએ મહાગુજરાતના સંયોજનપ્રમુખ તરીકે એ ગુજરાતી રાજવીને કહેવાનો મારો અધિકાર છે. ગૂર્જરનરેશ ગણાવામાં ગર્વ લેતા સદ્‌ગત મહારાજા ગાયકવાડ સરકાર જેને પોતાનો ગણતા અને પ્રતાપસિંહરાવ ગાયકવાડ પણ મિત્ર ગણે છે એ નાતે તો મારું એ કર્તવ્ય થઇ પડે છે. એમના પિતામહ તો રાષ્ટ્રવિધાયકોના અગ્રણી હતા. પંદરમી ઓગસ્ટના કટોકટીના પ્રસંગે એ પોતે રાષ્ટ્રપ્રેમીઓના અગ્રણી હતા; બોપાલ આદિના બ્યૂહો તોડવામાં એમણે ભારતની અપ્રતીમ સેવા કરી છે. આજે ઉત્તરદાયી શાસન આપવાની ઘોષણા એમણે કરી છે. ગુજરાતીઓને બળે એમનું બળ છે, તેમની સમૃદ્ધિ વડે એમની જાહોજલાલી છે. હું તો એમને એક જ સંદેશો કહેવું: "રાજકીય એકતાની ગુજરાતીઓની મનોવાંછના પૂરવી એ તમારું કર્તવ્ય છે. સરદાર, તમે અને જામસાહેબ—આ ત્રણના હાથમાં ગુજરાતનું ભાવિ છે. ગુજરાતી જગત જે એકતા ઝંખે છે એ માત્ર તમારા ત્રણના વિલંબથી દૂર ઉભું છે. એને સમીપ લાવવું તમારું કર્તવ્ય છે. દોઢ કરોડ ગુજરાતીઓનો એ સંકલ્પ કોણ રોધશે? તમે એને સફલ નહીં કરો?"

આપણી એકતા હવે બ્રિટિશ સરકાર પર અવલંબતી નથી—એ તો ભારતના સ્વાતંત્ર્ય પર ટકી રહે છે. એટલે એ જ દૃષ્ટિએ આપણે વિચાર કરવો રહ્યો. નવીન ભારતમાં ગુજરાતનું સ્થાન સીમા પ્રાંતનું છે.

હવે બ્રિટિશ જહાજો આપણું રક્ષણ નથી કરતાં; સિંધ ભારતમાં નથી. સૌરાષ્ટ્ર, કચ્છ, રાધણપુર, મારવાડ, અરે, નાનકડા સૂઇ ગામે, આંતરરાષ્ટ્રીય સીમાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. પાંચ આંતરરાષ્ટ્રીય બંદરો મહાગુજરાતમાં છે. થોડા વખતમાં વાયુયાનનાં મોટાં મથકો આપણે ત્યાં ઊભાં થશે. આ નવી જવાબદારી નવાં સામુદાયિક પરાક્રમો માગી રહી છે. તમે શું કરશો? "શું શાં પૈસા ચારે" તગારો ઉદ્ધાર નહીં થાય, એ ચોક્કસ સમજજો.

પહેલું પરાક્રમ તો આપણું સામુદાયિક માનસ બદલવાનું છે. માત્ર પૈસા બનાવ્યે, મોજશોખ કર્યે, વ્યાપાર ઉદ્યોગ વધાર્યે હવે નહીં ચાલે, આપણે સૈનિકો બનવું જોઇએ—ભારતીય સૈન્યના, નૌકાદલના, વાયુદલના. આ કામ જરા અઘરું છે—કારણ કે આપણને ગાદી પર બેસી ચોપડા લખવા ગમે, કાર્યાલયમાં જઇ કાગળ લખવા રૂચે, કે બાટલામાં સૂઇ નવલકથાઓ વાંચવામાં રસ પડે. પણ હવે વિરાટ સામર્થ્ય વિના ભારતનો ઉદ્ધાર નથી; અને યુદ્ધ-વિષયક તત્પરતા વિના ગુજરાતનો મોક્ષ નથી. સૌરાષ્ટ્રના પ્રધાન-મંત્રીને હું એક વિનંતી કરીશ કે સૌરાષ્ટ્રમાં 'સ્થળસ્થળના ઇતિહાસ વીરના સોહાયા' એ તો અમે બહુ ગાયું. પણ એ સ્થળોમાં ઇતિહાસ ઘડનારા વીરો—કવિતાના વીરો નહીં, રણક્ષેત્રના વીરો—પકાવવા માંડજો. આપણાં રાજવીકુલો તો યુદ્ધમાં કુશળ છે. જનરલ રાજેન્દ્રસિંહ અને જનરલ હિંમતસિંહ—બે ગુજરાતીઓ—આપણા ભારતીય સૈન્યના અધિપતિઓ છે. એમની પ્રણાલિકા બહેલાવવી જોઇએ. આજે આપણી આખી રજપૂત ને કાઠી કોમો વિશાળ સૈનિકજીવનને અભાવે આળસ ને વ્યસનમાં પડી રહી છે.

ગુજરાત, વડોદરા, સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં સ્થળે સ્થળે નગરસંરક્ષકોનાં—Civic Guards,—આંતકિ સૈન્ય—Territorial forces—નાં અને કચ્છ—રાધણપૂર સીમા પર સીમાસૈન્યનાં કેન્દ્રો થાય એ અગત્યનું છે. ગુજરાતના ખલાસીઓ તો જગપ્રસિધ્ધ નાવિકો છે; એમને માટે નાવિકવિદ્યાનું શિક્ષાકેન્દ્ર ગુજરાતમાં થાય એ પણ જરૂરનું છે.

હું તો હાથવહેંતમાં આપણા સામર્થ્યની કસોટી જોઇ રહ્યો છું. હું ગગનવિહારી નથી, પણ જગતમાં આજ સુરક્ષિતતાનો આધાર આક્રમણના અંતર પર છે. કરાંચીથી રાજકોટ અને અમદાવાદ બેથી ચાર કલાકના મારા—નાસ્તને અંતરે—Striking Distance ઉપર—છે.

આ માટે સૌરાષ્ટ્ર અને વડોદરા રાજ્યનાં ભૌગોલિક સ્વાસ્થ્યની રચના ઘણીજ જલદીથી થવી જોઇએ. સૌરાષ્ટ્રમાં વડોદરાનાં થાણાં છે એ દરેક દૃષ્ટિએ હાનિકારક છે; એટલી એ થાણાંની સીમામાં જલદીથી સૌરાષ્ટ્રરાજ્યતંત્રનો અધિકાર વિસ્તરવો જોઇએ. મુંબઇ પ્રાન્તમાં અને વડોદરા રાજ્યનાં ગામો ને તાલુકાઓનો ખીચડો બંને પ્રદેશોને હાનિકારક છે. આ ખીચડો કેમ દૂર કરવો એ મુશ્કેલ કામ પણ જલદીથી ઉકેલવું જોઇએ. આ બાબતમાં સમસ્ત ગુજરાતના જોગા ગજેરા મહારથીઓને મારી વિનંતી છે કે એની વિચારણા શરૂ કરે અને બને તો મધ્યસ્થ સરકાર, ગાયકવાડ સરકાર અને સૌરાષ્ટ્ર સરકાર જોડે મંત્રણા ચલાવે. ગુજરાતના સંરક્ષણ ને એકતાના પ્રશ્ન સાથે ગુજરાતના માર્ગવ્યવહાર—Communications—નો મોટો પ્રશ્ન જોડાયેલો છે. ગુજરાતના રસ્તાઓ ને રેલ્વેઓ ઐતિહાસિક આકસ્માતથી અને જુદાં જુદાં રજ્યોની સગવડ પ્રમાણે બંધાયાં છે. હવે આપણે મુંબઇથી આબુ ને મારવાડ અને દાહોદથી કુંડલા, રાજકોટ, જૂનાગઢ ને ઓખા સુધી ઘેારી રસ્તા અને બહોળા માપની આગગાડીઓની જરૂર છે. અર્વાચીન જગતમાં ઘેારી રસ્તાઓ, રેલ્વેઓ અને વાયુમાર્ગો જેવા રાજ્યમાર્ગો તો સામુદ્રાયિકની ઘેારી નસો છે. એમાંથી જીવનનો પ્રવાહ સમગ્ર પ્રદેશ—શરીરને શક્તિ અને સમૃધ્ધિ આપે છે. ભવિષ્યનું માર્ગનિધાન એ સમસ્ત ગુજરાતની એકતાની દૃષ્ટિએ થવું જોઇએ.

બીજો પ્રશ્ન ગુજરાતની વિદ્યાપીઠનો છે. ૧૯૨૪ થી તો મેં એને મારું એક પ્રિય ધ્યેય બનાવ્યું છે. ગુજરાતી વિશ્વવિદ્યાલય સમિતિ, ૧૯૨૭નું વડોદરા યુનીવર્સિટી કમિશન, આજની ગુજરાત યુનિવર્સિટી અને ગાયકવાડ સરકારે નીમેલી વડોદરા યુનિવર્સિટી સમિતિ, બધાંની સાથે મારો સંબંધ રહ્યો છે. આણંદનાં કૃષિ-ગોવિદ્યાભવન અને કૃષિવિદ્યા કોલેજ અને બિરલા વિશ્વકર્મા વિદ્યાલય સાથે પણ હું સંકળાયલો છું. ત્યાં પણ સંચાલકો વિદ્યાપીઠનાં સ્વપ્નાં સેવે છે. જ્યારે ગુજરાતનું રાજકીય ચિત્ર દિને દિને બદલાતું જાય છે, જ્યારે આખરનો નકશો નજર સામે આવતો નથી, ત્યારે આ અનેક પ્રયત્નો આપણે બધાએ ભેગા મળી કેન્દ્રિત કરવા જોઇએ અને સ્થળને માટે સરદારશ્રીનું માર્ગદર્શન મેળવવું જોઇએ. આપણે તો જગવિખ્યાત વિશ્વવિદ્યાલય સ્થાપવું છે, ઢીંગલીનું ઘર નથી જોઇતું. આવે વખતે મુંબઇ સરકારે વિશ્વવિદ્યાલયની તૈયારી કરવી જોઇએ. મહા-રાષ્ટ્ર વિદ્યાપીઠ માટે ઝપાટાબેર તૈયારીઓ—સ્થળની, મકાનની, આર્થિક વ્યવસ્થાની—ચાલે છે. ગુજરાતને માટે એ આટલો વિલંબ કેમ સેવે છે?

ત્રીજો પ્રશ્ન આપણા ગુજરાતની ભૌગોલિક સમૃધ્ધિનો છે. આપણે તો સમુદ્રતીરવાસીઓ છીએ; અને ગુજરાત, પુરણો અનુપદેશ, નદીઓનાં મુખોનો પ્રદેશ છે. પણ સાથે સાથે દરિયો વર્ષે વર્ષે આપણી જમીન ખાતો જાય છે, ને રજપૂતાનાનું રણ વર્ષે વર્ષે ગુજરાતમાં આક્રમણ કરતું જાય છે. ભરૂચના અંક્લેટા ગામમાં, જ્યાં મારા દાદાનાં સમૃધ્ધ ખેતરો હતાં, ત્યાં આજે વાવેતર અઘરું થઇ પડયું છે. સરસ્વતીમાં જ્યાં હોડીઓ ફરતી ત્યાંઆજે પગની આંગળી ભીંજાય એટલું પણ પાણી નથી. એ પ્રશ્નો પર તો આપણે હજુ વિચાર પણ નથી કર્યો. બ્રિટિશ રાજ્યની પ્રણાલી હતી કે ગુજરાતમાં જલપોષણ—irrigation—ની વ્યવસ્થા બને ત્યાંસુધી નહીં કરવી; કાલે જ વાંચ્યું કે આજની સરકારે એ પ્રણાલિકાનો ભંગ કરી મહીની જલપોષણ યોજના અમલમાં મૂકવાનો નિશ્ચય કર્યો છે. જ્યાંસુધી ગુજરાતની એકતા ન સ્થપાય, ત્યાંસુધી આ પ્રશ્નનો પૂરેપૂરો ઉકેલ અઘરો છે એ હું કબૂલ કરું છું; પણ આ પ્રશ્ન જ પૂરવાર કરે છે કે ગુજરાતીઓનું એકીકરણ ઘણું જરૂરનું છે.

આ સાથે નર્મદા બીણના વિકાસની યોજના મધ્યસ્થ સરકારે હાથ ધરી છે. એ સરકારના અનેક વ્યવસાયોમાં આ ગૌણ ન થઇ જાય એ આપણે જોવાનું છે. ગુજરાતમાં એટલી બધી નદીઓ છે કે એમની જલશક્તિ વડે આપણે આખા પ્રદેશનું વિદ્યુત્કરણ—electrification—કરી શકીએ. ૧૯૩૮ થી એક યોજનાનો વિચાર ચાલી રહ્યો છે. હજુ એનો અમલ થયો નથી.

કૃષિગોવિદ્યાના વિકાસ વિશે વધારે કહેવાની જરૂર નથી. પણ આણંદની કૃષિગોવિદ્યા મેં યોજી ત્યારે મને પણ ખ્યાલ ન હતો કે આવી સંસ્થા કેટલી ફાયદાકારક નીવડશે. આજે એ સંસ્થાનાં થાણાં સુરત અને અમદાવાદમાં છે. જો ગાયકવાડ સરકાર અને સૌરાષ્ટ્રની સરકાર પૂરતો સહકાર આપે તો એ સંસ્થા ગોવર્ધનના કાર્યમાં ગુજરાતના દરેક વિભાગમાં વિકાસ સાધી શકે. આ સંસ્થા સાથે મારો સંબંધ છે તેથી હું આમ નથી કહેતો; પણ અર્વાચીન જમાનામાં નાની, છૂટીછવાઇ સંસ્થાઓથી ઉત્કર્ષ સધાય એમ નથી. જેમ મોટી સંસ્થા થાય તેમ તે વધારે પ્રખર નિષ્ણાતો રાખી શકે, સંશો-ધનમાં વધારે પૈસા ખરચી શકે, અને વધારે વૈજ્ઞાનિક વિકાસનો લાભ આપી શકે. મારું ચાલે તો હું દરેક જીલ્લામાં એક ગો-વર્ધન કેન્દ્ર સ્થાપું અને અગારી સંસ્થાદ્વારા ગોકુલો—herds of cattle—ની અભિવૃદ્ધિ પ્રસારું. પણ વો દીન કહાંસે કે મિયાં કે પાંઉમે જૂતિયાં!

આર્થિય અગત્યનો સવાલ તો આપણી શારીરિક સંપત્તિનો છે. આપણાં યુવક યુવતીઓએ ઘણી દીશામાં પ્રગતિ કરી છે પણ એમના શારીરિક વિકાસ પર હજી આપણે ધ્યાન આપ્યું નથી. આપણા આહાર પર આપણે ધ્યાન આપ્યું નથી, આપણી સ્ત્રીઓની

નિર્બલ થતી જતી જનનશક્તિનો આપણે વિચાર કર્યો નથી. મુંબઇના એક પ્રખ્યાત જનનાલયના સંચાલકે એક વાર મને કહ્યું હતું કે બધી કોમની સ્ત્રીઓ કરતાં ગુજરાતી સ્ત્રીઓ જનન જેવા સામાન્ય, નસર્ગિક અને અનિવાર્ય કાર્યમાં ઘણી જ અસફલ નીવડે છે, વધારે પ્રમાણમાં મરે છે અથવા નિર્બલ બની રહે છે. એનું કારણ એમણે મને આપ્યું કે ગુજરાતી સ્ત્રીઓ કસરત ઓછી કરે છે ને દૂધ-ઘી ઓછાં ખાય છે. એમને ટાપટીપ માટે પૈસા સાચવી રાખવા છે અને જાડાં થઇ જવાની બીક લાગે છે! આ મજાક નથી, નગ્ન સત્ય છે. આપણી સ્ત્રીઓનાં શરીર ન સુધરે તો આપણો વેલો ક્ષીણ થઈ જવાનો. આ વિષયમાં દેશી ઢબના અને અંગ્રેજી ઢબના આપણા વૈદ્યો લોકમત કેળવે તો જ પ્રગતિ થાય.

ગુજરાત 'એક અને અવિભાજ્ય' ની માળા મેં જપી છે; હવે સાથે 'એક, અવિભાજ્ય અને અભેદ્ય' બને એ મંત્રનો જાપ આપણે જપવો રહ્યો. ગુજરાતની 'અભેદ્યતા' માત્ર માળા જપે આવે એમ નથી. ગુજરાતી મુત્સદ્દીઓ અને ચિન્તકો ભેગા મળી પ્રગતિની સંકલ્પ યેાજનાઓ અમલમાં આણે ત્યારે બને. એના કેટલાક કોયડા તો મેં ગણાવ્યા; ઘણા બીજા ગણાવી શકું; પણ એનો ઉકેલ તો જ્યારે ગુજરાતના અગ્રેણીઓ ભેગા મળી વિચારે ત્યારે જ આવી શકે. આ જમાનામાં એની મેળે પ્રગતિ સાધવી અશક્ય છે; વ્યવસ્થિત રચના—Planned Economy—વગર પ્રગતિ શક્ય નથી. તેથી જ આ સંમેલનને હું યશ મળે એ ઇચ્છું; અત્યાર સુધી ગુજરાતીઓનું એક માત્ર સંમેલનસ્થાન હતું—સાહિત્ય પરિષદ; આજે આ બીજા સ્થાનનો, વ્યવહાર સ્થાનનો, પાયો આપણે નાંખ્યો છે.

એક વખત હતો—૧૯૧૧ માં—જ્યારે 'ગુજરાતની અસ્મિતા' એ અર્થવિહિન શબ્દયેાજના હતી. ત્યારે ગુજરાતની એકતાનાં સ્વપ્નાં માત્ર મુન્શી સરજી હું સેવતો; ત્યારે એને માટે સર્વસ્વ સમર્પણ કરનાર વીર કલ્પનાદ્વારા સર્જવા પડતા; ત્યારે હું લોર્ડ લૈટનના આશાના ચિત્ર સમો આંખે પાટા બાંધી તૂટેલી વીણાનો એક તાર છેડતો. આજે મારા પાટા છૂટી ગયા છે મારી વીણા નવસમૃદ્ધિ પામી છે. એના તારેતારે ઊંડો, ગંભીર ધ્વનિ ગુંજે છે. મારી દૃષ્ટિ સ્પષ્ટ જોઇ રહે છે—માત્ર આશા નહી, પણ સિદ્ધિ. નર્મદાને સાગરસંગમે આવેલું પરશુરામતીર્થ તૂટેલી ઝૂંપડીની નિર્માલ્યતામાંથી ઉદ્ધરતું મને દેખાય છે. હિરણપાને તીરે શ્રીકૃષ્ણનું દેહોત્સર્ગસ્થાન જુલ્મીઓના કારાગારમાંથી છૂટી યાત્રાનું ધામ બનતું હું જોઉં છું. ભગવાન સોમનાથનું મંદિર—નવસૌંદર્યે ઓપતું—જગતનું આકર્ષણ બનતું હું જોઉં છું. સિદ્ધરાજનું સહસ્રલિંગ રેતીઓના ડુંગરો નીચે દટાયેલું, પુનરુદ્ધાર પામી દેશદેશનું કુતૂહલ ઉત્તેજતું હું જોઉ છું. ને સાબરમતીને તીરે મહાગુજરાત ને નવભારતના વિશ્વકર્માના આશ્રમે એ જગદ્‌ગુરુનાં સંસ્મરણો તાજાં કરવા સદીઓના શ્રદ્ધાળુ આવે એવી મને હોંસ છે. ગુજરાતવાસીઓ એક રાજ્યવતુંલમાં આવે, ગુજરાતની વિદ્યાપીઠને આંગણે જગતના વિદ્વાનો વિદ્યા સેવવા તત્પર બને એ જોવા હું તલસું છું. અને ગુજરાતીઓ ભારતવાસીઓને મોખરે, શરીરે સશક્ત, સંસારે સુખી અને સમૃદ્ધિ અતુલ—સત્તરમી સદીના કવિના શબ્દોમાં સૌભ્ય धन्याः किमपि दधते सर्वसंपत्समृद्धाः—પોતાની સતીઓ જોડે મોજમાં વિહરતા, સ્વતંત્ર ભારતના ધ્વજધારીઓ બની જગતભરમાં સંચરે એ શ્રધ્ધા છે. આ કલ્પના નથી; વ્યવસ્થિત રચનાની આછી રૂપરેખા છે. યુવકની સરળતાથી વાર્ધક્યનો ભાર વહેતા સરદારશ્રીના જીવનકાલમાં આ રચના પૂરી કરવાની પ્રતિજ્ઞા લઇ અહિંઆથી આપણે ઊઠીએ એ જ હું તમારી પાસે મગું છું.

મેં તો 'વન' વટાવ્યું; વયોવૃદ્ધ થયો છું—થવા આવ્યો છું. પણ મારી શ્રધ્ધા અખૂટ છે. એ શ્રધ્ધા આપણા સાહિત્યસ્વામી ભાગવતકારના શબ્દોમાં જ હું વ્યક્ત કરું:

न भारती मेऽङ्गं मृषोपलक्ष्यते, न कर्हिचिन्मे मनसा मृषागतिः।
न मे हृषिकाणि पतन्त्यसत्पदे, यन्मे हृदौत्कण्ठ्यवता धृतो हरिः॥

મારી વાણી મિથ્યા વહેતી નથી—મારું મનપણ મિથ્યા દોડતું નથી—મારી ઇંદ્રિયો અસત્પથે જતી નથી—હું હરિને હૈડામાં ઉત્કંઠાપૂર્વક ધારું છું ત્યાં સુધી; અને આ મારું ધ્યેય એ હરિપ્રેયું છે એ વિશે મને લવલેશ પણ શંકા નથી.

કનૈયાલાલ માણેકલાલ મુનશી

મહાગુજરાત રાજસ્થાન પ્રજામંડળમાં પસાર થયેલા ઠરાવો

સંમેલનમાં ગાંધીજી માટે શોકદર્શન, સરદાર પટેલને અભિનંદન, લશ્કરી તાલીમની જોગવાઈ, વડોદરાની જાહેરાત, મહાગુજરાત, વિદ્યાપીઠ અને વહીવટી સંગઠન અંગેના સાત ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. મહાગુજરાત વિદ્યાપીઠ અંગેના ઠરાવમાં જણાવવામાં આવ્યું હતું કે, (ક) મહાગુજરાત માટે એક જ વિદ્યાપીઠ હોવી જોઇએ એમ આ સંમેલન માને છે અને ગુજરાતમાં વિદ્યાપીઠ સ્થાપવાનો પ્રયાસ કરતા સર્વે કાર્યકરોને તેમના પ્રયાસો એ ધ્યેય તરફ વાળવા વિજ્ઞપ્તિ કરે છે. (ખ) આ સંમેલન મુંબઇ સરકારને આગ્રહ કરે છે કે, મહારાષ્ટ્ર વિદ્યાપીઠની સ્થાપના માટે જેવી અર્થ-વિષયક વ્યવસ્થા કરવામાં આવી છે તેના ધોરણે ગુજરાત વિદ્યાપીઠ માટે ગોઠવણ કરવા સત્વર પગલાં લેવામાં આવે તથા અનુસ્નાતક ઉચ્ચ શિક્ષણ અને સંશોધનકાર્ય માટે ગુજરાતમાં સંસ્થાઓ સ્થાપવામાં આવે કે જેમાંથી પરિણામે વિદ્યાપીઠનું ક્ષેત્રતર ઉભું થાય. (ગ) વડોદરા માટે વિદ્યાપીઠની સ્થાપના કરવાના મહારાજા ગાયકવાડના પ્રયત્નોની કદર કરતાં છતાં ગુજરાતી ભાષા બોલતી સમસ્ત પ્રજાનાં હિતની દૃષ્ટિએ આ સંમેલન તેમને વિજ્ઞપ્તિ કરે છે કે, આ પ્રશ્નનો અંતિમ નિર્ણય ન થાય ત્યાં સુધી વડોદરાની વિદ્યાપીઠ સમિતિને એવી સૂચના આપવી કે, વડોદરામાં ઉચ્ચ શિક્ષણ અને સંશોધનકાર્યની સગવડ વધારતી શિક્ષણ સંસ્થાઓની સ્થાપનાને વેગ આપવો. (ઘ) આ સભા વિશેષમાં નિર્ણય કરે છે કે, સ્થાયી સમિતિએ ગુજરાત માટે વિદ્યાપીઠની સ્થાપના કરવાનો પ્રયાસ કરતી સર્વે સંસ્થાઓનો તેમના પ્રયાસોના એકીકરણના હેતુથી સંપર્ક સાધવો.

વહીવટી સંગઠન અંગેના ઠરાવમાં જણાવવામાં આવ્યું હતું કે ગુજરાતી ભાષા બોલતા સમાજની આર્થિક, સામાજિક અને સાંસ્કારિક એકતા છતાં પણ અંગ્રેજી રાજનીતિના પરિણામે તેને નિરનિરાળાં વહીવટી એકમોમાં વહેંચી નાખવામાં આવેલો હતો. આવા વિભાગોને પરિણામે ગુજરાતને માથે બહારનાં તત્વોની ગાઢ અસર પડી છે. આ અસરથી બધા ગુજરાતીઓનો આર્થિક, સામાજિક અને સાંસ્કારિક વિકાસ રૂંધાઇ ગયો છે. એને રાષ્ટ્રના ઉત્થાનમાં અસરકારક ભાગ ભજવવાને ગુજરાત અશક્ત બન્યું છે. હિંદુસ્તાનની સ્વતંત્રતાની પ્રાપ્તિ પછીથી પશ્ચિમ હિંદના નાનાં રાજ્યોનું એકીકરણ હિંદ સરકારના રિયાસતી ખાતાદ્વારા સરદાર વલ્લભભાઇ પટેલના નેતૃત્વ તળે શક્ય બન્યું છે, પરંતુ ગુજરાતી ભાષા બોલતી પ્રજા હજી પણ નીચેના ચાર મુખ્ય વહીવટી વિભાગોમાં વહેંચાયેલી પડી છે.

(૧) મુંબઇ પ્રાંત (જોડાણ પછીનો) લગભગ ૮૮ લાખ.
(૨) વડોદરા: લગભગ ૩૦ લાખ.
(૩) સૌરાષ્ટ્ર: લગભગ ૩૦ લાખ.
(૪) કચ્છ : લગભગ ૫ લાખ.

(ક) આ બધી પરિસ્થિતિ ધ્યાનમાં લઇને વહીવટી વ્યવસ્થા તળે ગુજરાતી બોલતી સમસ્ત પ્રજાની એકતાના મહાગુજરાત તરીકે સુસંગઠિત એકીકરણ કરવાનો તેની જનતાનો મક્કમ નિર્ણય આ સંમેલન પ્રદર્શિત કરે છે.

(ખ) દરમ્યાન ગુજરાતીઓના આર્થિક, સામાજિક અને સાંસ્કારિક અને જીવનના દરેક ક્ષેત્રના તેમના વિકાસની રેખાઓ એક મધ્યસ્થ નેતૃત્વ તળે કેન્દ્રિત કરવાનું અતિશય જરૂરનું છે એવો અભિપ્રાય આ સંમેલન પ્રદર્શિત કરે છે. હિંદુસ્તાનની વર્તમાન કટોકટીના સમયે અત્યારના પ્રાંતોની ભાષાવાર પ્રાંતોમાં પુનઃરચના થાય તો કેટલોક ગૂંથવાડો અને વહીવટી ઉણપો ઉભી થાય તેથી સમગ્ર દેશના હિતમાં આ ઉણપો નિવારવાની આવશ્યકતા આ સંમેલનને જણાય છે. એટલા માટે આ સંમેલનનો અભિપ્રાય છે કે મહાગુજરાતના અત્યારના વહીવટી વિભાગો કાયમ રહે તો પણ ગુજરાતી સમાજને સ્પર્શતી વહીવટી પ્રવૃત્તિઓનો એવો સમન્વય કરવો જોઇએ કે જેથી ગુજરાતની નૈતિક અને આર્થિક સાધનસંપત્તિની એકધારી વ્યવસ્થા થઈ શકે. (ગ) ઉપર દર્શાવેલા હેતુઓ પાર પાડવા જરૂરની અને જરૂર પડે તેવી બધી સત્તાઓ સાથે એક સ્થાયી સમિતિ નીમવાનો આ સંમેલન નિર્ણય જાહેર કરે છે, અને તે સમિતિ માટે પોતાની સાથે ૨૫ સભ્યોની નિમણુંક કરવાનો સંમેલન પ્રમુખશ્રીને અધિકાર આપે છે.

કિલ્લોલ બાળક મંદિર : પાટણની એક સંસ્કારકુંજ

ગયે મહિને અંગત કામ પ્રસંગે પાટણ જવાનું થયું. તે દરમિયાન પાટણના રહીશ મારા મિત્ર શ્રી અમીચંદે પાટણમાં ચાલતું 'કિલ્લોલ બાળક મંદિર' જોવાનો મને આગ્રહ કર્યો. 'આપણા બાળકો ઉર્ધ્વમનિષ્ટ, સ્વાભિમાની, સાહસપ્રિય અને ચારિત્ર્યવાન થાય, અને તેઓનો શારીરિક, માનસિક અને બૌદ્ધિક રીતે સંપૂર્ણ વિકાસ થાય' એવી ભાવનાથી પ્રેરાઇ આ બાળમંદિરની સ્થાપના સંસ્થાના આચાર્ય શ્રી. પુનમચંદે કરેલી છે. બાળકોના સર્વાંગીણ વિકાસ માટે, અનેક દિશાઓથી પ્રયત્નો થવા જરૂરી છે. એવી ધગશ અને આદર્શ ધરાવતા શ્રી. પુનમચંદને, તેમના વિચારોને મૂર્ત સ્વરૂપ આપનાર, પાટણનાં જ વતની શ્રી. અમૃતલાલ ગભરચંદ શાહ મળી ગયા. તેમના વિચારો જાણી લઇ, શ્રી અમૃતલાલભાઇએ પચ્ચીસ હજારની રકમ સુપ્રત કરી અને સાથે શરત કરી કે "પાંચ વર્ષ સુધી આ સંસ્થા માટે કોઇની પાસે હાથ લંબાવવો નહિ. પચ્ચીસે પચ્ચીસ હજાર તમારા સ્વપ્નાને સિદ્ધ કરવા પાછળ ખરચો; પાંચ વર્ષ પછી પરિણામ જોઇ, બીજો વિચાર કરીશું." શ્રી. પુનમચંદે મોન્ટીસેરી પદ્ધતિએ બાળકોને તૈયાર કરવાની જવાબદારી લીધી. ત્રણ વર્ષથી આ સંસ્થા ચાલી રહી છે. સત્તર હજાર સુધીનું ખર્ચ અત્યાર સુધીમાં થઇ ગયું છે, પણ સંતોષની વાત એ છે કે, સિત્તેર હજારના ખર્ચે પણ, બાળકોને જે રીતે તેમણે તૈયાર કર્યા છે, એ રીતે ન થઇ શકે, એટલું પ્રશંસનીય કાર્ય તેમણે કરી બતાવ્યું છે.

બાળમંદિરમાં પ્રવેશતાં જ અત્યારની કોઇ પણ શાળા અને બાળમંદિર બન્ને વચ્ચેનો તફાવત સ્પષ્ટ દેખાઇ આવે છે. આ બાળમંદિરમાં અઢીથી-ચાર વર્ષ સુધીનાં બાળકોને દાખલ કરવામાં આવે છે; અને ભવિષ્યના એક આદર્શ નાગરિક તરીકે સંજોવાના પ્રયોગો તેમના પર શરૂ થાય છે. ચાર શ્રેણીના પાંચેક વર્ષના ગાળામાં; સ્વાવલંબન, સ્વચ્છતા, શરીર વિકાસ, જાહેર જીવન અને આરોગ્ય, બૌધિક શિક્ષણ, વ્યવહારૂ જીવનની તાલીમ, ભાષાશિક્ષણ, ધીતહાસ, ભૂગોળ, વગેરેનું બાળકોને સુલભ થઇ શકે એ રીતે જ્ઞાન આપવામાં આવે છે. દર પંદરથી વીસ બાળક માટે એક શિક્ષકની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી દરેક બાળક પાછળ પુરતું ધ્યાન આપી શકાય. બાલમંદિરમાં આવેલા બાળકોને કોઇ બીજી શાળામાં ન જવું પડે અને એમના સંસ્કાર-સિંચનનું અને આગળના અભ્યાસનું કાર્ય ત્યાં જ ચાલુ રહે એ દૃષ્ટિએ કુમાર મંદિર પણ શરૂ કરવામાં આવ્યું છે. અભ્યાસક્રમની જડતામાં બાળક અટવાઇ ન જાય એ લક્ષમાં લઇ ચિત્ર, માટીકામ, સંગીત, શિવણ, નૃત્ય, પ્રાથમિક વિજ્ઞાન, રસોઇ, વગેરેનું પણ જ્ઞાન આપવામાં આવે છે. આ બદલ માસિક માત્ર એક રૂપિયાની ફી: દર બાળક દીઠ રાખવામાં આવે છે.

સંસ્થામાં ફરતાં ફરતાં બાળકોને કિલ્લોલ કરતાં જોયાં; પોતાની જિજ્ઞાસાવૃત્તિ સંતોષવા માટે, શિક્ષકોને વિધવિધ પ્રશ્નો પૂછતા નિહાળ્યા અને એકંદરે સામાન્ય બાળક કરતાં આ બાળકો ખૂબ આગળ વધેલા જણાયાં. ત્રણ વર્ષમાં આટલી પ્રગતિ, એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે થયો. કાર્યવિલમાં જઇ નોંધ જોઇ, તો આશ્ચર્ય થયું. સંસ્થામાં દાખલ થયા બાદ થતી દરેક બાળકની પ્રગતિની નોંધ તૈયાર હતી. બાળકોના સ્વભાવનું તેમાં દર્શન હતું. દરેક બાળકમાં કયા પ્રકારની ખોડ છે ને તે દૂર કરવા શા યત્ન થવા જોઇએ તે માટે માર્ગદર્શન હતું. તે માટે વાલીઓનો સંપર્ક ચાલુ હતો. બાળકોને ઘેર ભણાવવાની મનાઇ છે, એટલું જ નહિ, બાનગી શિક્ષણ માટે પણ બીજી વ્યવસ્થા નહિ કરવા આ સંસ્થાના આચાર્ય હમેશાં આગ્રહ રાખે છે. દરેક માબાપને વિનંતિ કરાઇ છે કે, તમારા બાળક સંબંધમાં કોઇ મુશ્કેલી લાગે, તો એના ઉકેલ માટે તુરત સંસ્થામાં આવી મળી જાઓ.

ત્રણ વર્ષના ટૂંક ગાળામાં સંસ્થાએ કેટલી પ્રગતિ કરી છે, તે ત્યાં જવાથી જ જોઇ શકાય. આ સંસ્થાનો અત્યારે ૭૦ બાળકો લાભ લઇ રહ્યા છે; જગ્યાના અભાવે વધુ વિદ્યાર્થીઓ નથી લાભ લઇ શકતા. પણ આચાર્ય શ્રી પુનમચંદ શાહ સાથે વાત થતાં, તેમણે કહ્યું કે, ઉત્તરગુજરાતમાં ગામડે ગામડે આવાં બાળમંદિરો સ્થાપવાની તેમની મુરાદ છે. ઉત્તરગુજરાતનું એક એક ગામડું. સારા, સંસ્કારી નાગરિકોથી સમૃધ્ધ કરવાની તેમની ભાવના છે. ઉત્તર-ગુજરાતના વતનીઓ, અને તેમાંય પાછળના નાગરિકોની, શ્રી. પુનમ-ચંદના આ કાર્યને વેગ મળે એ રીતનો ટેકો આપવાની ફરજ છે.

મારા માટે આનંદની વાત એ છે કે, શ્રી. પુનમચંદ શાહ મુંબઇના ચાલતા સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના એક વિદ્યાર્થી હતા. એ ભાઇએ પાટણમાં સંસ્કારકુંજ સ્થાપી, સંયુક્ત જૈન વિદ્યાર્થી-ગૃહની સુવાસને પ્રસરાવી છે, એમ કહું તો ચાલે.

મણિલાલ મોકમચંદ શાહ

શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહનું મકાનફંડ

છેલ્લાં લગભગ બે વર્ષથી મુંબઇના સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ માટે ફાળો એકઠો કરવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. પ્રબુધ્ધ જૈનમાં આ વિષે આજ સુધીમાં અનેકવાર ઉલ્લેખો કરવામાં આવ્યા છે. સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ સદ્‌ગત સદ્‌ગૃહસ્થ શ્રી. વાડીલાલ મોતીલાલ શાહની પ્રેરણાનું પરિણામ છે અને આજે કેટલાંય વર્ષોથી મુંબઇમાં પ્રીન્સેસ સ્ટ્રીટ ઉપર આવેલા પીરભાઇ બીલ્ડીંગમાં આ સંસ્થા પોતાનું કાર્ય કરી રહી છે. આ સંસ્થામાં જૈન સમાજના કોઇ પણ ફીરકાના વિદ્યાર્થીને દાખલ કરવામાં આવે છે અને આજે કોલેજમાં ભણતા ૩૬ વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લઇ રહ્યા છે. આ સંસ્થાને ૧૦૦ વિદ્યાર્થીઓ રાખી શકાય અને તેમને સર્વ પ્રકારની સગવડો આપી શકાય એવા એક સ્વતંત્ર અને સ્વાધીન મકાનની ખાસ અપેક્ષા છે અને આ અપેક્ષાને પહોંચી વળવા માટે બે લાખ રૂપીઆ એકઠા કરવાના હેતુથી આ સંસ્થાના સંચાલકો અને ખાસ કરીને એ સંચાલકોમાંના મુખ્ય શ્રી મણિલાલ મોકમચંદ શાહ કેટલાય સમયથી તનતોડ મહેનત કરી રહ્યા છે આ ફંડમાં પોતા તરફથી રૂા. ૧૦૦૦૦ ની રકમ આપીને તેમણે શરૂઆત કરી છે અને આજ સુધીમાં તેઓ રૂા. ૧૪૮૦૦૦ એકઠા કરવાને ભાગ્યશાળી થયા છે એ જણાવતાં ખુબ આનંદ થાય છે. દાદર સ્ટેશનથી પાંચ મીનીટને રસ્તે આ સંસ્થાના નવા મકાન માટે જરૂરી જગ્યા ખરીદવામાં આવી છે અને તે જગ્યા ઉપર થોડા સમયમાં મકાનનો પાયો નાંખવાની વિધિ કરવામાં આવનાર છે. આજે જ્યારે આ મકાન માટે રૂા. ૧૪૮૦૦૦ સુધી પહોંચી શકયું છે તો આશા રહે છે કે બે લાખના રકમા ચિહ્ન સુધી પહોંચવામાં હવે બહુ વિલંબ નહિ લાગે.

આ દરમિયાન આ સંસ્થાનું બંધારણ નવેસરથી વિચારવાની અને ઘડવાની ખાસ જરૂર છે. આજ સુધી આ સંસ્થાનો આખો વહીવટ પાંચ ટ્રસ્ટીઓને હસ્તક જ ચાલી રહ્યો છે. આજ સુધી આ સંસ્થાના ભંડોળ માટે બહાર હાથ લંબાવવામાં આવ્યો નહોતો, હવે તો આ સંસ્થાએ અનેક જૈન બંધુઓનો આર્થિક સહકાર પ્રાપ્ત કર્યો છે. અને તેથી આજનું એકહથ્થુ તંત્ર સત્વર વિસર્જિત થાય અને તેના સ્થાને જેમાં ચુંટણીનું ચેકસ ધોરણ હોય અને જૈન સમાજનો જેમાં અવાજ હોય એવી વહીવટી રચના ઉભી કરવાની જરૂર છે. આ સંસ્થા પોતાનું મકાન બાંધીને અને તેમાં ૧૦૦ જેટલી સંખ્યાના વિદ્યાર્થીઓને વસાવવાની યોજના વિચારીને પોતાની ચાલુ આર્થિક જવાબદારી બહુ મોટા પ્રમાણમાં વધારી રહી છે. અને તેથી આ જવાબદારીને પહોંચી વળવા માટે જૈન સમાજના આર્થિક સાથ અને સહકારની પુરા પ્રમાણમાં જરૂર રહેશે. જ્યાંસુધી લોકશાસનના ધોરણે આ સંસ્થાનું બંધારણ ઘડવામાં નહિ આવે અને જૈન સમાજને સીધી કે આડકતરી રીતે આ સંસ્થાની કાર્યવાહીમાં રસ લેતો કરવામાં નહિ આવે ત્યાં સુધી જૈન સમાજ આ સંસ્થા વિષે પુરું તાદાત્મ્ય અનુભવશે નહિ. આટલા માટે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના આજના સંચાલકોને સંસ્થાના નવા બંધારણનો પ્રશ્ન હવે સત્વર હાથ ધરવા વિજ્ઞપ્તિ છે.

પરમાનંદ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૨

મુંબઈ: ૧૫ મે ૧૯૪૮ શનીવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

મૃત્યુબિછાનાથી માંડીને—

('પ્રસ્થાન' માસિકના વિ. સં. ૨૦૦૨ ના ભાદ્રપદ માસના અંકમાં એટલે આજથી લગભગ બ્યાંશી વર્ષ પહેલાં 'મરણવિધિ' એ મથાળાથી શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળાનો એક વિસ્તૃત લેખ પ્રગટ થયો હતો. એ લેખ પ્રબુદ્ધ જૈનના વાંચકો સમક્ષ રજુ કરવા માટે કેટલાય સમયથી મેં જાળવી રાખ્યો હતો. આજે એ લેખ અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. આપણા હિંદુ સમાજમાં મૃત્યુની ઘટના આસપાસ અનેક પ્રકારના વહેમો, રૂઢિઓ, તેમ જ બુદ્ધિવિરોધી આચારો અને વ્યવહારો જોડાયલા છે અને આપણા ચાલુ જીવનમાં આજે અનેક ફેરફારો થવા છતાં અને તત્સંબંધે આપણા ચાલુ ખ્યાલોમાં કેટલાંક મૌલિક પરિવર્તનો થવા છતાં, મૃત્યુ આસપાસની રીતરસમમાં હજુ બહુ જ ઓછો ફેરફાર થયો છે. કૌટુંબિક જીવનમાં કોઇ પણ સ્વજનનું મૃત્યુ એક એવો આળો પ્રસંગ છે કે જ્યારે કંઇ કાળથી ચાલી આવતી રૂઢિઓ અને પરંપરાગત ખ્યાલોમાં ફેરફાર સૂચવવાની ભાગ્યે જ કોઇ હીંમત ધરે છે. આ બાબત નાનેથી મોટા સુધી સૌ કોઇને લાગુ પડે છે. આ વિષે ગાંધીજીના ખ્યાલો ઉપર પણ ચાલુ રૂઢિની અત્યન્ત બળવાન અસર હતી જે આપણે શ્રી મહાદેવભાઇ અને પૂજ્ય કસ્તુરબાના અવસાન પ્રસંગે નજરે નિહાળ્યું છે અથવા તો કર્ણોપકર્ણ સાંભળ્યું છે. ગાંધીજીના ભસ્માવશેષ-વિસર્જન વિધિમાં પણ આપણે આ જ વસ્તુસ્થિતિ અનુભવી છે. આ આખા પ્રશ્ન પરત્વે શ્રી કિશોરલાલભાઇએ પ્રસ્તુત લેખમાં નિડરતાપૂર્વક કેટલાક સ્પષ્ટ વિચારો આપ્યા છે. શ્રી. કિશોરલાલભાઇની નિર્મળ મૌલિક વિચારસરણિએ આજ સુધીમાં આપણને અનેક ગૂઢ પ્રશ્નોનો સરળ ઉકેલ શોધી આપ્યો છે. મૃત્યુ આસપાસની પરિસ્થિતિ વચ્ચે કેમ વર્તવું યોગ્ય છે એ આપણા હરહંમેશના જીવનને સ્પર્શતો અને એમ છતાં અત્યન્ત ગૂઢ તેમ જ વિલક્ષણ પ્રશ્ન છે. આ દિશાએ શ્રી કિશોરલાલભાઇનું માર્ગદર્શન અનેકને ઉપકારક નિવડશે અને આ સંબંધમાં અનેકની બુદ્ધિને વળગેલાં પૂર્વગ્રહોનાં જાળાં ભેદાશે એવી આશા છે. આ લેખમાં કઇ કઇ બાબતોની ચર્ચા અન્તર્ગત કરવામાં આવી છે તેનો પ્રથમ દર્શને વાંચકોને સ્પષ્ટ ખ્યાલ આવે એ હેતુથી આ લેખના મૂળ ટુંકા મથાળાને જરાક મોટું બનાવ્યું છે.

અહિં માથે સાથે એ જણાવવું અસ્થાને નહિ ગણાય કે આ પ્રશ્ન પરત્વે જે રીતે હું સમજ્યો છું તે રીતે જૈન દૃષ્ટિમાં અને કિશોરલાલભાઇની વિચારસરણિમાં ઘણું જ સામ્ય માલુમ પડે છે. મૃત્યુ આસપાસની ક્રિયાપ્રક્રિયા પરત્વે જૈનોનો આચારવિચાર લગભગ બુદ્ધિસંગત અને વિવિધ પ્રકારના વહેમો અને પાયા વિનાની પ્રચલિત માન્યતાઓથી મુક્ત છે. મૃત્યુ એટલે તત્કાલીન દેહાન્તર અને પુનર્જન્મ એમ જૈનો માને છે અને પરિણામે મૃતદેહ એ જલ્દિથી વિસર્જિત કરવાયોગ્ય કેવળ માટીનો પિંડ છે એવો જૈનોનો સાધારણ ખ્યાલ છે, અને તેથી મૃતદેહની વિવિધ પ્રકારની પૂજાઅર્ચના કે શ્રાદ્ધ આદિ ક્રિયાકાંડને જૈનોના નિત્યજીવનમાં કશું પણ સ્થાન હોતું નથી. આટલા ટુંકા વિવેચન બાદ શ્રી કિશોરલાલભાઇના આ મનનીય લેખમાં આપણે પ્રવેશ કરીએ. **પરમાનંદ)**

થોડા મહિના પર એક મિત્રે મારી પાસે વૈદિક સોળ સંસ્કારોમાં આ જમાનાને અનુસરી શો ફેરફાર કરવા જોઇએ એ વિષે માગણી કરી હતી. મેં એમને જણાવ્યું હતું કે કર્મકાંડની બાબતમાં મને બહુ ગતાગમ નથી તેમ રસ પણ નથી. તમારે એવી બાબતો કાકાસાહેબ કે વિનોબાજી જેવાને પૂછવી જોઇએ.

આજે (તા. ૨૨ ઑગસ્ટ) એક નીચે મુજબ કાગળ આવ્યો છે: "તા. ૧૮-૮-'૪૬

પૂજ્ય કિશોરલાલભાઇ,

ગઇ કાલે રાત્રે મોડે સુધી ઉંઘ ન આવી અને અચાનક કોણ જાણે શાથી, એવો વિચાર ફર્યો કે, પૂ. કિશોરલાલભાઇ પાસે મૃત્યુપ્રસંગની વિધિ, અગ્નિસંસ્કાર કરતી વખતની વિધિ, તેમ જ તે પછી ૧૪ દિવસ સુધી હિંદુઓમાં જે ક્રિયાકાંડો વગેરે થાય છે તેમાં શા ફેરફારો કરવા જોઇએ કે કઈ કઇ વિધિ કરવી જોઇએ એ વિષેનો એક વિસ્તૃત માહિતીપૂર્ણ લેખ લખાવવો. મૃત્યુપ્રસંગે દાન કરવાની વિધિ છે તે કેવી રીતે કરવી જોઇએ વગેરે વગેરે વિષે આજની પેઢીને માર્ગદર્શન થાય એવું લખાણ હોય તો ઉપકારક થાય એવું મને લાગે છે

(૧) મૃત્યુ પહેલાં ચાર-છ કલાક અગાઉ કરવાની વિધિ,

(૨) દાન, નામસ્મરણ, ભજન-કીર્તન વગેરે કરવું.

(૩) ચોકા ઉપર નાંખવાની વિધિ: સ્નાન વગેરે

(૪) મૃત્યુ થયા પછી પુત્ર, ભાઇઓ, દીકરીઓ, વધૂઓ વગેરે-એ ક્ષમા-યાચના કે આશીર્વાદ માંગવા જોઇએ?

(૫) પૂજન-અર્ચન-હાર વગેરેથી દેહને શણગારવો-ઠાઠડી-પ્રસંગની ક્રિયા.

(૬) ઘરની બહાર કાઢવાની વિધિ: સ્મશાનની વિધિ.

(૭) મૃત્યુ પછીના એક, બે, ત્રણ, સાત, પંદર દિવસ સુધી શું કરવું જોઇએ?

—ટુંકમાં, મૃત્યુના ૨૪, ૪૮ કે ૭૨ કલાક અગાઉથી તે ૧૫ દિવસ પૂરા થાય ત્યાં સુધી શું કરવું જોઇએ એ વિષેનો એક લેખ 'પ્રસ્થાન' માં આપશો તો ઉપકૃત થઇશ."

મરણની તદ્દન પૂર્વે અને પછીની વિધિઓ કરવામાં જેવા સંસ્કારોમાં આપણે ઉછર્યા હોઇએ અને જે સમાજમાં રહેતા હોઇએ, તેની અસર હોવાની જ. સુધારા કરીએ તે પણ તે અસરથી તદ્દન મુક્ત થઇને કરી શકાશે નહી, પણ તે વિધિઓને હું ધર્મનું-એટલે કે, તેના ઉપર મરનાર કે વિધિઓ કરનારની સદ્-ગતિ-દુર્ગતિનો આધાર છે એવી શ્રધ્ધાનું મહત્વ આપતો નથી.

હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી વગેરે સંપ્રદાયો પ્રમાણે કેવા વિધિઓ જરૂરી કે બિનજરૂરી અથવા યોગ્ય કે અયોગ્ય ગણાય તે વિષે લખવાનો મને અધિકાર પણ નથી, રૂચિ પણ નથી. ધર્મ-સંપ્રદાયોથી પર કેવળ માનવવિવેકની દૃષ્ટિએ જ મને આનો વિચાર કરવો ઠીક લાગે છે. અને એ દૃષ્ટિએ લેખકના સવાલોનો, જાણે હું પોતે તે વિધિઓ કે વર્તનનું નિમિત્ત હોઉં તો મને શું યોગ્ય લાગે, તે રીતે જવાબ આપું છું.

(૧) મરણ પૂર્વે : જ્યારે મારી આજુબાજુનાં લોકોને એમ લાગે કે હવે હું થોડા દિવસનો કે કલાકનો મહેમાન છું તે વખતે, જો મને ભાન હોય અને મારી ઘડી નજીક આવેલી છે એમ હું ન જાણતો હોઉં તો મને સાવધ કરી દેવો જોઇએ. પોતે અંદર અંદર ચેતી જવું અને મને અંધારામાં રાખવો એ બરાબર નથી. હું તો જ્ઞાની અને સમજી છું, મને શું કહેવાનું હોય એવી કલ્પના પણ ન કરી લેવી. કારણ કે જિજીવિષા આત્મજ્ઞાનીને યે મોહમાં નાંખી દે છે. હું જીવવા માટે તલપાપડ થતો હોઉં તો મિત્રોએ મારા ફાંફાની વ્યર્થતા બતાવી મને મરણનો ભય છોડવા સમજાવવો જોઇએ.

દાક્તરો અને સગાંઓનો એક સ્વભાવ પડેલો હોય છે કે છેલ્લા શ્વાસ સુધી જીવાડવા માટે કાંઇ ને કાંઈ દોડધામ કર્યા જ કરે છે. છેલ્લી ક્ષણે પણ હેમગર્ભ આપવા, ઇંજેક્શનો ભોંકવા "શક્તિ સાચવવા માટે" ખોરાક આપ્યા કરવા અને કોઇક નવા દાક્તર, વૈદ્ય, હકીમ કે. ની ભલામણ કરે તો તેને બોલાવવા દોડે છે. આને પરિણામે કોઇ વિરલ જ જીવી જાય છે; મોટે ભાગે માણસો વધારે રિબાઇને મરે છે. આમાં મને ડહાપણ લાગતું નથી.

દવાઓ બે પ્રકારની હોય છે: એક હૃદયને થોડા કલાક વધારે ચાલતું રાખવાના ઉદ્દેશવાળી, અને બીજી મરનારની વેદનાઓ ઓછી કરી તેને થોડી રાહત આપવાવાળી. જીવવાની આશા બિલકુલ ન લાગતી હોય છતાં જો બે કલાક મરણ ઠેલાય તેટલું ઠીક એ વિચારથી થતા ઉપચારો મને ખોટા લાગે છે. મને અસહ્ય વેદનાઓ થતી હોય તેમાં મને કોઇક રાહત મળે અને મારું મરણ શાંતિભર્યું અને શિઘ્ર થઇ જાય તેવા ઉપચારો કરવાને હરકત ન હોય. દા. ત. ગળું સુકાતું હોય તો તેમાં પાણી રેડવું, શ્વાસ લેવાતો ન હોય તો ઑક્સિજનની મદદ આપવી વગેરે. આમ કરવામાં કદીક કુદરતને યે પોતાનું કામ કરવાની તક મળી શકે. પણ દવાઓ તો સામાન્ય રીતે કુદરત-વિરોધી જ હોય છે. હિંમત હોય તો વિષમ અવસ્થામાં વિષ આપવું અયોગ્ય નથી.

દાક્તરો સમજાવે છે કે છેલ્લી ક્ષણ સુધી પ્રયત્ન ન છોડવો એ એમનો ધર્મ છે. ડાહ્યાઓ તેને ટેકો આપે છે કે આશા અમર છે. કદી નિરાશ થઇને પ્રયત્ન છોડાય નહીં. આ બન્ને કથનો અધૂરાં છે. જે પ્રયત્નની અસર વિષે આપણી ખાતરી હોય તેને છોડવો નહીં એ તો બરોબર છે; પણ જ્યાં મનુષ્યનું જ્ઞાન ખૂટ્યું ત્યાં કેવળ ડૂબતો માણસ તણખલું ઝાલે તેમ ફાંફાં મારવાં અને તેને પ્રયત્ન કહેવો એ બરાબર નથી "આશા અમર છે." તેથી આશાળુના હંમેશાં ડહાપણનું જ લક્ષણ છે એમ ન કહેવાય. દરેક આશાને અમર રાખવી એ વિવેક નથી. વિવેકભરી આશાને ન છોડવી એ બરાબર ગણાય. વળી આશા અને ઇચ્છા એ બે જુદી બાબતો છે. મારા સ્નેહીઓ ઇચ્છે કે હું સદા જીવતો રહું અને તેથી તેઓ આશા રાખે કે કદાચ હું જીવી જાઇશ, તો તે આશા નહીં પણ ઇચ્છા જ છે. સર્વ સંજોગો તપાસતાં શું બનવાનો સંભવ છે તેનો અંદાજ તે આશા અથવા નિરાશા છે. તે જોતાં જો એવો અંદાજ થાય કે હું જીવી શકું એમ નથી, તો ત્યાં "આશા અમર છે" એ ન્યાય લાગુ પડતો નથી. ત્યાં મને મરણ માટે તૈયાર કરવો અને બીજાઓએ પણ તૈયાર રહેવું એમાં વિવેક છે.

મને ભાન હોય તો મારું મરણ નજીકમાં છે એમ મને સાવધ કર્યા પછી જો હું તે સમાચારથી ગભરાઇ જાઉં કે નાહિંમત થઇ જાઉં તો સમજુ મિત્રોએ મને બુદ્ધ-ચરિતમાં નકુલમાતાના કિસ્સામાં છે, તે સદુપદેશ આપી હિંમત આપવી જોઇએ, પોતે યે રડારોળ ન કરવી જોઇએ અને મને યે જાણે મારા પર કોઇ મહાન આપત્તિ આવી પડેલી હોય તેમ બેબાકળો ન થવા દેવો જોઇએ. મારે કાંઇ કહેવા કરવાનું હોય, સૂચનાઓ આપવાની હોય તો તે હિંમતપૂર્વક, પૂછવી જોઇએ અને નોંધી લેવી જોઇએ. આ કામ જેમ બને તેમ ઝપાટાબંધ પતાવી દેવું જોઇએ.

(૨) ઈશ્વરભજન: તે પછી મને ઇશ્વરપરાયણ કરવા પ્રયત્ન કરવો જોઇએ. આ બાબતમાં સગાં-સ્નેહીઓએ પોતાને ગમતાં ભજનો, સ્તોત્રો કે નામસ્મરણને બદલે મને જો તેઓ જાણતા હોય તો, મને પ્રિય હોય, સમજાતાં હોય અથવા જેની ટેવ હોય તેવાં કરવાં. દા. ત. હું મુસલમાન મિત્રો વચ્ચે મરતો હોઉં અને તેઓ મને કુરાનની સુરાઓ સંભળાવે, અથવા હિંદુઓ વચ્ચે કોઇ મુસલમાન મરે અને હિંદુ મિત્રો તેની પાસે ગીતાપાઠ, ઉપનિષદ્‌પાઠ કે "રઘુપતિ રાઘવ રાજારામ"ની ધૂન ચલાવે તો તે સર્વ-ધર્મસમભાવી હોય તોય તે ક્ષણે તેને સંતોષ નહિ થાય, એટલે એનું મન ઇશ્વરમાં જોડાઇ નહીં શકે. ઘોંઘાટને લીધે, અશક્તિને લીધે તથા થાકને લીધે ઘેનમાં પડી જાય તો ભલે, પણ એનું ચિત્ત શાંતિ નહિ પામે. એ જ રીતે મને સંસ્કૃત સમજાતું ન હોય અથવા મુસ્કેલીથી સમજાતું હોય, અને છતાં ગીતાપાઠ કે ઉપનિષદ્‌પાઠ ચલાવવામાં આવે તો તેયે નકામા જ જાય. મને પ્રિય લાગનારાં નામધૂન કે ભજનસ્તોત્રથી જ મારું સમાધાન થઇ શકે, ઇશ્વરસ્મરણ, ભજન વગેરે કરતાં તેનો અર્થ એમ ન કરવો જોઇએ કે ગીતા કે બીજાં સ્તોત્રો વગેરેની ભેલ ટ્રેનો દોડાવવી, અથવા બબ્બે ચાર ચાર કલાક સુધી અણથોભ્યો અને ઘર ગજાવી મુકનારો કોલાહલ મચાવવો. મારા ચિત્તનું અનુસંધાન ન રહી શકે, હું થાકીને લોથ થઇ જાઉં, બધાના કાન પાકી જાય એમ આ વસ્તુઓ થવી ન જોઇએ. આ બાબતમાં એક વાત યાદ રાખીએ તો ઘણો ખુલાસો થઇ જાય, માંદું માણસ બાલ્યાવસ્થામાં છે એમ સમજવું. તેના મગજ પર બહુ બોજો ન નખાય અને એની બાલ્યાવસ્થાની ઉપાસના એને અપ્રિય લાગશે નહીં એમ માની લઇ શકાય. એ બદલવા કહે તો જુદી વાત છે.

આટલું મને ભાન હોય તો. મને ભાન જ ન હોય તો છેવટના કલાકો દરમ્યાન મારી આસપાસ શાંતિ રાખી અંત આવે ત્યાં સુધી વાટ જોવી એ જ સારો માર્ગ ગણાય, તે વખતે જે કાંઇ નામસ્મરણ કે ઇશ્વરભજન કરવામાં આવે તે સ્નેહીઓની પોતાની શાંતિ માટેનાં જ ગણાય. તે વખતે પોતાની શ્રદ્ધા મુજબ ઘોંઘાટ કર્યા વિના તેમ કરવામાં આવે તે શોભા આપનારું જ ગણાય. દાક્તરો, નર્સો વગેરે માટે દોડધામ અને ધાંધલ કરવા કરતાં આમ શાંતિપૂર્વક પ્રસંગનો સામનો કરવો એમાં વધારે વિવેક છે.

છેલ્લી ઘડીએ દાનધર્મ કરાવવામાં અને મારા હાથ લગાડાવવામાં તત્ત્વતઃ કાંઇ અર્થ નથી. મને અમુક અગિયારસોનું કે બીજા વ્રતો કે તીર્થોનું પુણ્ય અર્પણ કરવાનોયે કાંઇ અર્થ નથી. તે જ પ્રમાણે પગે લાગીને ક્ષમાયાચના વગેરે કરવામાંયે કાંઇ તત્ત્વતઃ અર્થ નથી. પણ એમાં કોમળ લાગણીઓ અને સ્નેહની અભિવ્યક્તિ છે, એટલે તે નિર્દોષ ક્રિયાઓ કહી શકાય. એવું કરવાથી સગાંસ્નેહીઓના મનને સંતોષ લાગતો હોય તો તેમને અટકાવવાનું પ્રયોજન નથી. પણ તેવું ન સૂઝવાથી અને કરવાનું રહી જવાથી, કે તેવી કોઇ સ્નેહીને ભોળી શ્રદ્ધા ન હોય તેથી કશું ન કરે તેથી, કોઇ ઊણપ રહી ગઇ એમ સમજવું ન જોઇએ.

(૩) મૃત્યુક્ષણ: હું પથારીમાં જ મરી જાઇશ તો મારી અવગતિ થશે એવી ચિંતા કરવાની જરૂર નથી. તેથી મર્યા પહેલાં સાદડી પર લેવાની કે ચોકામાં નાખવાની ધાંધલ

કરવાની જરૂર નથી. પણ એમ કરવાથી એક ફાયદો થાય છે ખરો. એ વખતની ઉપાડ–લેને પરિણામે નબળું થયેલું હૃદય અને નકામા ડચકા મારતા શ્વાસને ધક્કો લાગવાથી એ ઝટ લઈને બંધ પડી શકે છે, અને નકામું લંબાતું મૃત્યુ થોડુંક નજીક આવી શકે છે, તેથી એમાં મારા પ્રત્યેની ભૂતદયાથી પ્રેરાઈને એમ કરવું હોય તો ભલે. વળી, પથારીમાં મરી જાઉં તો એ પથારી કાઢી નાંખવી પડશે એવો મનમાં વસવસો હોય તો તે દૃષ્ટિએ પણ એમ કરવામાં વહેવારૂ ડહાપણ લાગતું હોય તોયે ભલે. મને પોતાને ભાન જ નથી એમ માની લીધેલું હોવાથી એમાં મારી વેદના વધવાનો સવાલ રહેતો નથી.

મર્યા પછી ચોકમાં નાંખવો કે પથારીમાં જ રાખવો વગેરે બાબતોને સદ્‌ગતિ–દુર્ગતિ સાથે કશો સંબંધ નથી. એ બધી લોકાચારની રૂઢિઓ છે. એમાં ઘણી વાર જિલ્લા જિલ્લા અને પ્રાંત પ્રાંત વચ્ચે અને જુદી જુદી જ્ઞાતોમાં ફરક પણ રહે છે. "અમારામાં આમ કરે, તેમ ન કર્યું એટલે બાપડા મરનારનું અધૂરું રહ્યું," એવા વિચારો અણસમજના છે. માટે જેવા માણસોની વચ્ચે મરું તેવા માણસોને જેમ સૂઝે તેમ કરવામાં જરાયે હરકત નથી.

(૪) અંત્યવિધિ : મરવા પછી આદર્શ રીત તો મારી દૃષ્ટિએ શ્રી વાલજીભાઈ દેસાઈનાં માતુશ્રીની હતી. સાંભળ્યા પ્રમાણે તે વાલજીભાઈ જોડે સાબરમતી આશ્રમથી અમદાવાદ જવા નીકળ્યા. નદી ઓળંગીને દૂધેશ્વર સ્મશાનના આરા પર આવતાં જ હાંફી ગયાં, અને ત્યાં જ એમનું હૃદય બંધ પડી ગયું. ઉપાડીને સ્મશાન લઈ જવાં પડે એટલીયે તકલીફ એમણે કોઈને આપી નહીં. આવું મરણ તો કરોડોમાંથી એકાદને જ આવે. એથી બીજા નંબરનું મહાદેવભાઈના જેવું. પણ એયે બધાને નસીબે નથી હોતું. આથી ઉપર મેં મંદવાડ ભોગવીને થતાં મરણનું જ દૃષ્ટાંત લીધું છે.

કાંઈ ખાસ પ્રયોજન ન હોય તો શબનો ફોટો લેવો એ મારી દૃષ્ટિએ એક જાતનું વેવલાપણું અને આ જમાનામાં ઉત્પન્ન થયેલું ગાંડપણ છે. મરનારના મરણ વિષે કોઈ આગળ પ્રશ્ન ઉત્પન્ન થવાનો સંભવ હોય અને તેથી તેનો ફોટો લઈ રાખવો પડે એ જુદી વાત છે. પણ મરનાર મહત્ત્વનો માણસ કે પોતાના પ્રેમનું પાત્ર છે, માટે તેના શબનો ફોટો લેવો એમાં વિવેક નથી.

મારા મરી ગયા પછી મારા શબનો કોઈ પણ રીતે નિકાલ તો કરવો રહ્યો જ. મરી ગયાની ખાતરી થયા પછી, જેમ બને તેમ વહેલો નિકાલ કરવો જ સારો. કેવી રીતે નિકાલ કરવો તે સ્થાનિક સગવડ ઉપર આધાર રાખે છે. સગવડ હોય, અને મંદવાડને પરિણામે બીજા કારણસર શરીર અસ્વચ્છ હોય અથવા વાસ છૂટવા લાગી હોય તો પાણીથી સાફ કરીને ધોવું એ સારી રીત છે. પણ નવડાવવાની રીત છે માટે ઘડો પાણી ઢોળવાની જરૂર નથી. શરીર સાફ જ હોય તો તો બિલકુલ જ જરૂર નથી, અને ન હોય તો એમ પાણી ઢોળવામાં કાંઈ સ્વચ્છતા આવી શકવાની નથી, માટે જરૂર નથી. એવી જગ્યાએ મરી જાઉં કે જ્યાં પાણીની સગવડ ન હોય તો પછી ખેંચાઈને નવડાવવાની નજર નથી. મર્યા પહેલાં જ નવડાવવો બરાબર નથી, સિવાય કે મૃત્યુ સમીપ લાવવાના ઉદ્દેશથી.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ સારી રીત તો બાળવાની ગણું છું. પણ સંભળે કે લાકડાં દુર્લભ જ છે, તો દાટવાનેય હરકત નથી. નવી જાતના બાળવાના ચૂલા આવે છે તેમાં ભસ્મીભૂત કરવાનેયે હરકત નથી. ગંગા જેવી મોટી નદી કે સમુદ્રમાં વહેતું મૂકવાનેયે બાધ નથી. અને, જો કોઈ હરિપતાલમાં મરું અથવા દાકતરોને લાગે કે મારું શરીર ખોલીને અભ્યાસ કરવા જેવું છે, અથવા કોઈ બીજા દરદીને માટે તેના કોઈ ભાગનો ઉપયોગ કરવા જેવું છે, તો તેમને સોંપવામાં ઉદારતા જ છે. ટૂંકમાં કઈ રીતે શબનો નિકાલ આણવો એ સાથે મને સંબંધ નથી; સમાજને સંબંધ છે. સમાજને અનુકૂળ હોય તેમ કરે.

(અપૂર્ણ)

કિશોરલાલ ઘ. મશરૂવાળા

ભગવાન મહાવીરના ઉપાસકોને

[વૈશાળી સમ્મેલનમાં :મહાવીર–જયંતિ પ્રસંગે શ્રી ફતેહચંદ બેલાએ આપેલા વ્યાખ્યાનનો સાર ભાગ નીચે આપવામાં આવ્યો છે. —તંત્રી]

ગયા ડીસેંબર માસમાં ભારતીય ઇતિહાસ પરિષદની મીટિંગ વખતે શ્રીમાન બાબુ દીનનારાયણસિંહ (વૈશાળી સંઘના ઉપપ્રમુખ)ને મળવાનું થયું ત્યારે એમણે વૈશાળી સંઘ સંબંધી વાતચીત કરી હતી. તે વખતે મેં કહ્યું હતું કે વૈશાળીનું ઐતિહાસિક મહત્ત્વ બાળવવા માટે મહાવીરના જન્મોત્સવને નિમિત્તે ઉત્સવ રાખવો જોઈએ. તેમને એ વાત ગમી. પરિણામે આજે સાંજે અહીં મહાવીરના જન્મ પછી ૨૫૦૦ વર્ષે સૌથી પહેલી જયંતિ તેમના જન્મસ્થાનમાં ઉજવાય છે એ આનંદની વાત છે.

ભ. મહાવીરનું જીવન એ લખવાબોલવાની વસ્તુ નથી. એ એક આચરણ છે અને અનુભૂતિનો વિષય છે. તેને આચરણમાં પરિણત કરીને જ બતાવી શકાય, શબ્દોમાં એ સામર્થ્ય જ નથી. અનુભૂતિ મેળવી શકે, એ તો માત્ર બોખલું સાધન છે.

ભ. મહાવીરનું નામ લેતાં જ નજર બિહાર તરફ ખેંચાય છે. બિહારનું એ ગૌરવ છે કે આવા મહાપુરૂષને તેણે જન્મ આપ્યો, જેણે અહિંસાને જીવનમાં ચરિતાર્થ કરીને દેશના હિંસક જીવનને અહિંસામાં ફેરવી નાખ્યું. ભ. બુદ્ધે પણ ઉપદેશ માટે બિહારને જ પસંદ કર્યો અને ગાંધીજીએ પણ ભારતમાં સત્યાગ્રહનો પહેલો પાયો બિહારમાં નાંખ્યો. આ ત્રણે સૌથી મોટી વિભૂતિઓએ પોતાના જીવન–ધ્યેયનો પાયો બિહારમાં નાંખ્યો એ ખરેખર ગૌરવ છે.

આ બિહારમાં ૨૫૦૦ વર્ષ પહેલાં વૈશાળીના એક ઉપનગર ક્ષત્રિયકુંડમાં–આજના બાસુકુંડમાં ભ. મહાવીરનો જન્મ થયો હતો. એ જમાનામાં રાજ્યશાસનમાં વૈશાળીનું મહત્ત્વનું સ્થાન હતું. લોકશાસનની રાજનૈતિક ચેતના ત્યાંથી જ પ્રવાહિત થતી. લિચ્છવી-ગણરાજ્યના ૭૭૦૭ રાજાઓની ત્યાં સભા હતી. તેનો પ્રમુખ રાજા ચેટક હતો અને ભ. મહાવીર તેના ભાણેજ થતા હતા.

આ વૈશાળીમાં તેમના જન્મસમયે બાર દિવસનો ઉત્સવ થયો હતો, પણ આજે મહાવીરની એ જન્મભૂમિને તેમના ઉપાસકો જાણતાય નથી. તેને શોધવાની પણ કોઈ સામૂહિક કોશિશ થઈ નથી એટલે ત્યાં કાંઈ સ્મારક પણ બન્યું નથી. એ લજ્જાસ્પદ ગણી શકાય.

પણ હમણાં હમણાં પાછલા બેએક વર્ષથી વ્યક્તિગતરૂપે કાંઈક કોશિશ થઈ રહી છે. જન્મસ્થાનની શોધ પણ થઈ. સ્મારક માટે પણ થોડી જગા મળી છે. અને આ વર્ષે વૈશાળી સંઘ અજૈન હોવા છતાં મહાવીરની સૌથી પહેલી જયંતિ તેના સાચા જન્મસ્થાનમાં ઉજવે છે. એ ભારતીયતાનું દ્યોતક છે. તે ધન્યવાદને યોગ્ય છે.

પણ મહાવીર અને બુદ્ધ બન્નેના અનુયાયીઓ સાથે મળીને એવું સ્મારક ઊભું કરે જેમાં બન્નેની મૂર્તિઓ એકસાથે હોય અને બધા બન્નેની એકસાથે ઉપાસના કરે તો કેવું સારું ? બન્નેને માટે વૈશાળી મહત્ત્વનું સ્થાન છે, અને બન્નેની એકતાને માટે એ જરૂરી પણ છે.

આ વૈશાળીમાં મહાવીરે રાજધર્મની ઉપેક્ષા કરીને ત્યાગનો માર્ગ લીધો. કદાચ એટલા માટે જ હશે કે જેને જનતાની સેવા કરવી છે તે હકુમત નથી ચાહતો, બલકે જનતામાં હળીમળીને, જનતાથી પણ નીચે જઈને તેની આત્મચેતનાને જગાડવાની તે કોશીશ કરે છે. હકુમત જનતાની ઉપર ઉપર જ રહે છે, તેમાં હળીમળી શકતી નથી, એટલે જનતાના સુખ-દુઃખોની અનુભૂતિ પણ તેને થતી નથી. એટલે મહાવીરે સેવા અને ત્યાગનો માર્ગ લીધો.

મહાવીરે ઈશ્વરરૂપે જન્મ લીધો કે મનુષ્યત્વનો વિકાસ કરતાં કરતાં ઈશ્વરત્વ પ્રાપ્ત કર્યું એ હું નથી જાણતો. હું એટલું જાણું છું કે તે વખતના આપણા જેવા લોકોથી અને આપણા જેવા

લોકોમાં તેમણે જન્મ લીધો. આપણા જેવા લોકોમાં તે ફર્યા અને ઉપદેશ આપ્યો.

જો એમને માનવીયે માની શકાય તો આપણને એક આશ્વાસન મળી શકે કે આપણા જેવી એક વ્યક્તિ આત્માનો વિકાસ કરતાં કરતાં કયાંની કયાં પહોંચી ગઇ! તો તો એમના માર્ગે અનુસરવામાં ઉત્સાહ પણ મળે અને એમનું જીવન આપણને સહાયક થાય.

પણ એમને ઇશ્વર માનીને જ ચાલીએ તો તે આપણાથી એટલા બધા ઊંચા અને દૂર થઇ જાય છે કે તેમના માર્ગે ચાલવું આપણા માટે અસંભવ બની જાય, આપણી હિંમત જ તૂટી જાય; છતાં પણ તેમને શું માનવા શું ન માનવા એ પોતપોતાની સમજની વાત છે.

ભ. મહાવીરે ઘરબાર છોડી દીક્ષા લીધી તેની અસર આખા ભારતમાં પડી હતી. તેનું વિશિષ્ટ કારણ છે. એક તો એ કે વૈશાળી ગણરાજ્યના નેતા રાજા ચેટકનાં તેઓ ભાણેજ થતા હતા અને બીજું ચેટકની દીકરીઓ એટલે મહાવીરની બેનો તે વખતના મોટા મોટા જનપદોના રાજાઓને પરણી હતી. તેમાંની એક મગધના રાજા–શ્રેણિક બિંબિસારને, એક અવન્તિના પ્રદ્યોતને, એક સિન્ધુ-સૌવીરના ઉદયનને, એક કૌશાલીનાં શતાનિકને, એક અંગ–ચંપાના દધિવાહનને. આ સંબંધને લીધે ભારતના એક છેડાથી બીજા છેડે સુધી મહાવીરના ત્યાગમાર્ગની આમજનતા ઉપર ભારે અસર પડી હતી.

તે વખતથી મહાવીરે સાડાબાર વર્ષ સુધી મૌન ધારણ કરી તપસાધના કરી. તેમાં ઘણાં દુઃખો વેઠયાં. વિહાર કરતાં કરતાં ચોર સમજીને તેમને પકડયા, અપરાધી ગણી કેદ કર્યા, સજાઓ મળી, મારપીટ કરી, કૂવામાં ડૂબાડયા, દોરડે બાંધ્યા, લોકોએ કૂતરા કરડાવ્યા, કાનોમાં બીલા પણ ઠોકયા. પણ મહાવીરે મૌન બનીને બધી યાતનાઓ સહન કરી, ક્યારેય કોઇને કશી ફરિયાદ કરી નહિ. બલ્કે યાતના સહન કરવામાં જ કૃતાર્થતા અનુભવી.

અને તપની વિક્રિયા પણ પોતાનામાં પેદા થવા દીધી નહિ. અર્થાત્ લોકોથી નારાજ, વિમુખ કે ઉદાસીન થઇને શુષ્ક તાપસ બની ગયા નહિ. બલ્કે શરૂથી જ બીજી તરફ સસ્નેહ, સહૃદય રહ્યા. માતાપિતાને કષ્ટ ન થાય એટલા માટે એમણે નિશ્ચય કર્યો હતો કે માતાપિતા જ્યાંસુધી જીવે છે ત્યાંસુધી હું દીક્ષા નહીં લઉં. પાછળથી મોટાભાઇનું દુઃખ જોઇને તેમના આગ્રહથી બે વર્ષ તેમની સાથે પણ રહ્યા. એમના એક શિષ્ય ગોશાળકની બાલીશતાને કારણે તેમણે તપસ્વીજીવનમાં ઠેકાણે ઠેકાણે યાતનાઓ અનુભવી, પણ ગોશાળકને ક્યારેય કશું કહ્યું નથી. એક વખત તપસ્વીજીવનમાં ફરતાં ફરતાં અચ્છંદક તાપસ રહેતો હતો ત્યાં મહાવીર આવ્યા. ત્યાંના લોકો અચ્છંદકનો આદર કરતા, તેને શ્રદ્ધાથી માનતા, પણ મહાવીર ત્યાં આવ્યા ત્યારે લોકો મહાવીર તરફ ઢળ્યા અને અચ્છંદક તરફ ઉદાસીન થવાં લાગ્યાં. આમ બનતાં એક દિવસે અચ્છંદકે આવીને કહ્યું: "તમે તો તપસ્વી છો, જ્યાં જશો ત્યાં તમને આદર મળશે પણ મારું તો આ એક જ સ્થાન છે. આપ આવ્યા ત્યારથી લોકો મારા તરફ ઉદાસીન થવા લાગ્યા છે." આ સાંભળીને ભગવાન ત્યાંથી બીજે સ્થાને ચાલ્યા ગયા. આ રીતે પોતે કષ્ટ ઉઠાવીને પણ બીજાઓ તરફ તેમણે હમેશાં સ્નેહપૂર્વક સહાનુભૂતિ બતાવી.

એમાં એમણે કોઇ જાતિભેદ પણ ગણ્યો નથી. બલ્કે જાતિભેદ તોડવા માટે ભરચક પ્રયત્ન કર્યો છે. તેમના શિષ્યો અને અનુયાયીઓમાં બધી જાતના માણસો હતા. સદ્દાલક કુંભાર હતો, હરિબળ માછીમાર હતો. મેતાર્યમુનિ હરિજન–તે વખતના ચંડાળ–કુળના હતા. ભગવાન કહેતા: **"अन्नन्नदेस जाया, अन्नन्नाहारवइयसरीरा। जिणसासणपन्नत्ता, सव्वे ते बंधवा भणिया।"** ગમે તે દેશમાં જન્મ્યો હોય, ગમે ને ખાધુંપીધું હોય પણ મારા ધર્મમાં બધા ભાઇ–ભાઇ છે.

તે બધાનો કલ્યાણમાર્ગ સોચતા રહ્યા. **'के हं आया? केओ इओ चुओ, इह पेच्चा भविस्सामि'** આ આત્મા શું છે? કયાંથી આવ્યો? કયાં જવાનો? કયાં કયાં છે? વિચાર્યું. મનુષ્યોમાં, પશુમાં, વનસ્પતિમાં આખા વિશ્વમાં એક સરખો–મારા જેવો આત્મા છે. તેમણે નિશ્ચય કર્યો કે, હું એવી કોઇ ચેષ્ટા નહીં કરું જેથી બીજાને તકલીફ પહોંચે; બલ્કે બીજા આત્માને તકલીફથી બચાવવા માટે હું મારી જાતને જ સંયમમાં રાખીશ. ધર્મનું એ જ મૂળ છે.

એમણે સિદ્ધાંત બનાવ્યો–**सव्वाओ पाणाइवायाओ वेरमणं. सव्वाओ मुसावायाओ वेरमणं। सव्वाओ अदिण्णादाणाओ वेरमणं। सव्वाओ परिग्गहाओ वेरमणं!** બધા પ્રકારની હિંસાનો ત્યાગ કરીશ. બધા પ્રકારના અસત્ય, અદત્તાદાન છોડીશ, બધા પરિગ્રહનો ત્યાગ કરીશ. હિંસાનું સૂક્ષ્મ લક્ષણ બતાવ્યું કે, **अन्यस्य दुःखोत्पादन हिंसा!** બીજાને કષ્ટ આપવું એ હિંસા છે. પરિગ્રહનું લક્ષણ કહ્યું: **मूर्छा परिग्रहः।** મોહ ગમતા જ પરિગ્રહ છે.

તેમણે કહ્યું:–"કોઇને મારવાની કે કોઇની ચીજ લઇ લેવાની ચેષ્ટા થશે તો તેની પ્રતિક્રિયા સામા માણસમાં પણ થશે, એથી ઇર્ષ્યા–દ્વેષ વધશે, મારફાટ અને લડાઇઓ થશે. તેથી સમાજમાં અશાંતિ વધશે. એટલે હિંસા અને પરિગ્રહ છોડવાં જોઇએ. સ્વાર્થ અને મમત્વની ભાવનાને નિર્મૂળ કરવામાં જ શાંતિ છે. એટલે મારું જે કાંઇ કહી શકાય તે બધું એમણે છોડયું અને સાચા અર્થમાં નિર્ગ્રન્થ અને નિષ્પરિગ્રહી થઇને વિશ્વપ્રેમની સાધનામાં લાગ્યા. એ રીતે સાધના કરતાં કરતાં શરીરની પણ મમતા છોડી. સાડાબાર વર્ષમાં તેમણે કેવળ ૩૪૯ દિવસ ભોજન લીધું. બાકીના સાડા અગીઆર વર્ષથી પણ વધારે વખત નિર્જળ, નિરાહાર રહી, તપ કરતાં કરતાં લોકોમાં ભમીભમીને સંસારને એ સાબિત કરી બતાવ્યું કે માણસને માંસભોજન તો શું, શરીરને ટકાવવા માટે આહારની પણ ઓછામાં ઓછી જરૂર છે. તેમની તપસ્યા આ પ્રમાણે છે. ૧ છમાસિક તપ, ૧ પાંચ દિવસ ઓછા છમાસ, ૯ ચારમાસિક, ૨ ત્રૈમાસિક, ૨ અઢીમાસિક, ૬ બેમાસિક, ૨ દોઢમાસિક, ૧૨ માસિક, ૭૨ પાક્ષિક, ૧ સોળ દિવસ, ૧૨ ત્રણ દિવસ, અને ૨૨૯ બે દિવસ (છઠ્ઠ). એક સાથે બે દિવસ તો એમણે કયારેય ભોજન લીધું જ નથી.

આ કારણે તે સમયે તેમના તપનો લોકો ઉપર ભારે પ્રભાવ પડયો હતો. ભ. બુદ્ધ ઉપર પણ એમના તપ અને ત્યાગનો ભારે પ્રભાવ પડયો છે. પિટકગ્રંથમાં આપણે જોઇએ છીએ કે જ્યાં જ્યાં મહાવીરનો પ્રસંગ આવ્યો છે ત્યાં ત્યાં ઠેકાણે ઠેકાણે બુદ્ધે હમેશાં મહાવીરને **'दिघ तपस्सी निग्गंथ नातपुत्त'** કહીને જ બોલાવ્યા છે.

બરાબર સાડા બાર વર્ષ પછી એક દિવસ ઋજુવાળુકા નદીને કાંઠે, શ્યામાક ગૃહપતિના ઉદ્યાનમાં શાલવૃક્ષ નીચે ભગવાન ધ્યાન કરતા બેઠા હતા. તે જ વખતે એમને ખબર પડી કે પાવામાં સોમિલ બ્રાહ્મણે મહાયજ્ઞ આદર્યો છે. હજારો પશુઓની તેમાં બલિ ચડાવવાની છે. ઇંદ્રભૂતિ આદિ વૈદિકધર્મના નેતાઓ ત્યાં આવેલા છે અને તેમની અધ્યક્ષતામાં યજ્ઞ થવાનો છે.

ત્યારે એમણે વિચાર્યું કે ધર્મના નામે આટલા બધાં નિરપરાધી પશુઓની હત્યા કઇ રીતે થઇ શકતી હશે? એમનો આત્મા અંદરથી કકળી ઊઠયો. તે જ વખતે તેઓ બારજોજન રસ્તો કાપીને એકદમ ત્યાં પહોંચ્યા. ઇંદ્રભૂતિ આદિને સમજાવ્યા ત્યારે તે બધા પંડિતો પોતપોતાના પરિવારો સાથે મહાવીરના શિષ્ય થઇ અહિંસાના પ્રચારક બની ગયા.

એમના હૃદયમાં સ્નેહ હતો અને બુદ્ધિમાં સમન્વય હતો. પોતાના વિચારોને ઉદાર રાખીને બીજાઓને એમની દૃષ્ટિએ સહાનુભૂતિપૂર્વક સમજવાની ક્ષમતા અને પોતામાં મેળવી લેવાની શક્તિ જેમાં પ્રકટ થાય છે તે છે સમન્વયદૃષ્ટિ. મહાવીરની આવી સમન્વયાત્મક દૃષ્ટિ યા સ્યાદ્વાદ ભારતીય ધર્મ અને તત્ત્વજ્ઞાનોની અસંગતિને ગટાડી તેમાં પરસ્પર એકતા સ્થાપન

કરનારી—મહાવીરે ભારતને આપેલી સૌથી મોટી ભેટ છે. આવી સમન્વયાત્મક બુદ્ધિ શુદ્ધ—એકાંત સ્નેહમાંથી જ પ્રકટ થાય છે. સ્નેહ, સહાનુભૂતિ અને અહિંસાની વ્યાપક નિષ્ઠાએ ઇંદ્રભૂતિ જેવા અદ્‌ભુત તાર્કિક નેતાઓને પણ પોતાની તરફ વાળી લીધા હતા.

આ જમાનામાં જેઓ ગાંધીજીને સાંભળ્યા સમજ્યા છે તેમને સમજવું મુશ્કેલ નથી કે મોટા મોટા બુદ્ધિમાન રાજનીતિજ્ઞો પણ એમના હૃદયની ભાવના પાસે ઝૂકયા છે અને અનુગામી થયા છે.

આ અગિયાર નેતાઓ પોતપોતાની શિષ્ય મંડળીઓ સાથે—લગભગ ૪૫૦૦ પંડિતો સાથે મહાવીરની અહિંસાના પ્રચારક બન્યા ત્યારે આખા દેશમાં ખળભળાટ થઈ ગયો હતો. અહિંસાનું દેશવ્યાપી આંદોલન ઊઠયું અને અહિંસાની વ્યાપકતા ચારેતરફ ફેલાઇ ગઇ.

તે પછી પણ તેઓ ત્રીસ વર્ષ સુધી નિરંતર ગામેગામ ફરી ફરીને અહિંસાનો જ પ્રચાર કરતા રહ્યા. ક્ષેત્રોમાં, અનાર્યોમાં ગયા અને બધાને કહેતા રહ્યા: "મારો આ ધર્મ છે, મારું આ જીવન છે.' મનુષ્યથી માંડી વનસ્પતિ સુધી આત્મા છે. તે બધા સાથે અહિંસા અર્થાત પ્રેમથી વર્તાવ કરવો જોઇએ. **मित्ति में सव्वभूएसु वेरंमज्झ न केणइ।** બધા સાથે મારે મૈત્રીભાવ છે, કોઇ સાથે મારે અપ્રેમ નથી. **धम्मो मंगलमुक्किट्ठो अहिंसा संजमो तवो'** મારો ધર્મ તો અહિંસા, સંયમ અને તપ છે. તમે પણ એ રીતે જીવન બદલો. જનશાંતિ અને વિશ્વપ્રેમનો એ જ માર્ગ છે.

તે વખતે પુસ્તકો કે શાસ્ત્રો નહોતાં, આચરણ જ સામે હતું. પાછળથી એમનો ઉપદેશ ધર્મશાસ્ત્ર બની ગયાં. તેનો અર્થ કરી સમજાવવા માટે ટીકા—વ્યાખ્યાઓ બની. તેના ઉપર બુદ્ધિની તર્ક-પરંપરા સમય સમય પર વધતી રહી. આજે એનાં સેંકડો શાસ્ત્રો છે. તોપણ આપણે એમના જીવનને સાચા સ્વરૂપે સમજી શકયા છીએ કે નહીં એ કહેવું મુશ્કેલ છે.

દાખલા તરીકે સમજી લઇએ કે દવાની એક સુંદર શીશી છે. તેને જોઇને આપણે વિચારવા લાગ્યા કે કેવી સુંદર શીશી છે? કેવો સરસ તેનો રંગ છે? આ કોણે બનાવી હશે? કેવી રીતે બનાવી હશે? કયાં બની હશે? બનાવવાવાળા કેવા હશે? દેવ હશે કે મનુષ્ય હશે? અહીંયાં એ શી રીતે આવી? સ્ટીમરથી રેલથી કે ટપાલથી? સ્ટીમર શી રીતે બની? રેલ શી રીતે ચાલી? વગેરે વગેરે. આ રીતે દવા ઉપરથી શીશી, રેલ સ્ટીમર અને ટપાલની પરંપરા ચાલી. પણ દવા શીશીમાં બંધ છે. અસ્પષ્ટ અને અસ્પૃષ્ટ—બરાબર એ જ રીતે ભગવાનના જીવન ઉપર તર્ક ચાલ્યા છે. તેમનું શરીરવર્ણન, દેવાગમન, સમવસરણ, ઉપદેશ અને તેના ભેદાનુંભેદ સેંકડો ગ્રંથોમાં વર્ણવ્યા છે. પણ તેમનું જીવન શબ્દ અને તર્કની પેલે પાર પડયું રહ્યું. તેની અનુભૂતિ થઇ ન શકી. આજે પણ શબ્દ અને તર્કની ભૂલભૂલામણીમાં આપણે ચકકર લઇ રહ્યા છીએ પણ તેમના જીવન સુધી પહોંચવાનો રસ્તો મળતો નથી.

આ તર્કોને આધારે આજે એમના ઉપાસકોમાં અનેક સમ્પ્રદાયો બની ગયા છે. જ્યારે સંપ્રદાય બને છે ત્યારે એમાં અહંકાર આવે છે. તેથી આત્મા ભ્રાંત બને છે, અને સત્ય ઓળખાતું નથી. બલ્કે આગ્રહ અને અહંકારને સત્ય સમજાવવામાં આવે છે. ધર્મ સત્ય સાથે સંબંધ રાખે છે પણ સંપ્રદાય બેંચ ઉપર ટકેલો છે. એટલે ધર્મનો જ્યારે સંપ્રદાય બને છે ત્યારે ધર્મ તેમાંથી ઉડી જાય છે. પછી શબ્દોને પકડી પકડીને તર્ક અને ધનથી પરસ્પર એકબીજા ઝઘડયા કરે છે.

સંપ્રદાયવાદથી જરા ઉપર ઊઠીને મહાવીરના ઉપાસકો ઉપર એક નજર નાખીએ તો શું દેખાય છે? તેમના ઉપાસકો અનેક છે. તેમના સિદ્ધાંતોનો સવાર—સાંજ પાઠ કરે છે. છતાં અનેક ટુકડાઓમાં વહેંચાઇને તેઓ શીર્ણ-વિશીર્ણ થતા જાય છે. સમન્વય દૃષ્ટિનો તેમનામાં અભાવ છે, અને એકતા કયાંછે તે દેખાતી નથી.

મહાવીરનો ધર્મ એક વર્ગધર્મ બની ગયો છે. વર્ગધર્મ થવાને કારણે તે સંસ્કૃતિ ન બની શકયો, માત્ર તત્ત્વજ્ઞાનરૂપે જ રહી ગયો. સંસ્કૃતિ તો કહેવાત જે તેને જનતાનો જીવનધર્મ બનાવી શકાયો હોત. સંસ્કૃતિ તેને કહી શકાય—આખો દેશ કે ભૂખંડમાંની બધી જાતિઓ અને બધી શ્રેણિઓના લોકો એક જ ધર્મના સિદ્ધાંતોને માનતા હોય. પણ મહાવીરના ધર્મમાં તો એવું દેખાય છે કે તેને એક વર્ગમાં રૂંધી લીધો છે બલ્કે એમાં જ ગર્વ લેવાય છે અને વ્યાપક બનતો રોકવામાં આવે છે.

વર્ગનો પણ તે વાસ્તવિક ધર્મ અર્થાત્ આચરણરૂપ જીવન—ધર્મ બન્યો હોત તો તો મહાવીરના ઉપાસકોની સંસારમાં ખૂબ પ્રતિષ્ઠા હોત. અમુક વર્ગ મહાવીરનો ઉપાસક છે એટલે તે કયારેય કોઇને કષ્ટ નહીં આપે, અસત્ય નહીં બોલે, પરિગ્રહ નહીં વધારે, કોઇની સાથે ઠગાઇ નહીં કરે, તેની દુકાન ઉપર એક તોલ, એક માપ, એક ભાવ હશે, સંસારના હિતમાં તે ત્યાગપૂર્ણ રહેશે અને લોકહિતમાં પોતાને નિઃશેષ બનાવતો રહેશે.

પણ જોવાય તો એવું છે કે સિદ્ધાંતોમાં જે ધર્મ સૌથી અધિક ત્યાગપ્રધાન છે તે આચરણમાં પરિગ્રહનો ધર્મ બનેલો છે. The more acetic a religion, the riche its community. જે ધર્મ અધિક ત્યાગપ્રધાન હોય છે તેનો સંપ્રદાય અધિક સંગ્રહશીલ થઇ જાય છે. અર્થાત્ તે સમાજમાં ત્યાગની પ્રતિક્રિયા થઇ ને વિકૃતિ ફેલાઇ જાય છે. આજે મહાવીરના મંદિરો, ઉપાશ્રયો, વધારેમાં વધારે પરિગ્રહના પ્રતીક દેખાય છે.

ઉપાસકો કહે છે કે શરીર અનિત્ય છે, લક્ષ્મી ચંચળ છે. બાહ્ય પદાર્થ બધા નશ્વર છે. પણ મુકાબલાને વખતે એ જ સત્ય અને શાશ્વત બનાય છે. ધર્મ અને આચરણમાં આટલી અસંગતિ શા માટે છે? તેના ઉપદેશકોમાં એ શક્તિ કેમ નથી કે અનુયાયીઓમાં ત્યાગ અને અહિંસાની ચેતના જગાડે?

એક હીટલરે કે એક સ્ટેલિને કરોડો જર્મનો કે રશિયનોમાં એવી ચેતના જાગ્રત કરી કે તન, મન, ધન, પરિવાર, અરે, પોતાનું જે કાંઇ કહી શકાય તે બધું તેઓ ફના કરવા લાગી ગયા અને પોતાના સિદ્ધાંતોને જીવનમાં ચરિતાર્થ કરી બતાવ્યા.

એમને આપણે ક્રૂર, ઘાતકી, પાશવી કહીને તિરસ્કાર કરી આપણી દુર્બળતા છુપાવી શકીએ. પણ એથી અહિંસાને સબળ નહીં બનાવી શકીએ. દોષારોપણથી સદ્‌ગુણ નથી આવતા. અહિંસાની સબળતા તો ત્યારે દેખાત કે જ્યારે જીવન—મરણનો પ્રસંગ આવ્યો અને હિંસાઅહિંસાની શક્તિ સાબિત કરવાનો પ્રસંગ મળ્યો ત્યારે અહિંસાની પ્રતિષ્ઠાને માટે બધાનું, શરીરનું પણ વિસર્જન કરી શકયા હોત. વિસર્જન કર્યું તે પણ કાયરતા બતાવીને કર્યું. તેમાં અહિંસા ધર્મને—મહાવીરના સિદ્ધાંતોને—કલંક જ લાગ્યું.

પણ ભ. મહાવીર પછી ૨૫૦૦ વર્ષે આપણી આંખો સામે એક એવી પ્રતિભાવાન વ્યકિત થઇ જેણે મહાવીરની અહિંસાને અધ્યાત્મથી આગળ લઇ જઇને રાજધર્મમાં અનુપ્રાણિત કરી અને જેણે દેશની અને વિદેશની ઘોર હિંસાના મુકાબલામાં અહિંસાની પ્રતિષ્ઠા માટે જીવન સમર્પિત કર્યું; આખા વિશ્વમાં અહિંસાની પ્રતિષ્ઠા સ્થાપિત કરી.

ખરી રીતે તો અહિંસાનું આ ઋણ ભગવાન મહાવીર પછી એમના ઉપદેશકો ઉપર હતું. આ ઋણ પોતાના સમસ્ત જીવનથી ગાંધીજીએ ચુકાવ્યું, તોપણ મહાવીરના ઉપદેશકોએ તેમાં હિસ્સો ન આપ્યો. આનું મૂળ આપણામાં ઘર કરી રહેલી સાંપ્રદાયિકતા છે. સાંપ્રદાયિકતા આથી વધીને બીજી શી હોઇ શકે! એ સાંપ્રદાયિકતાએ મહાવીરના ઉપાસક વર્ગમાં અહંકાર પેદા કર્યો અને એણે જ અહિંસાના સિદ્ધાંતોને તેના સાચા સ્વરૂપમાં સમજવા ન દીધા: અગર મહાવીરના વારસદારો અહિંસા ધર્મની પ્રતિષ્ઠાના ઋણમાં હિસ્સો આપત તો રાષ્ટ્રને એક આશ્વાસન મળત અને મહાવીરના ઉપાસકોનું ગૌરવ વધત.

હજી પણ જે કાંઇ બાકી છે તેમાં હિસ્સો આપવાનો એમને વખત છે.

કૃતેહચંદ બેલાણી

કેટલાક સમાચાર અને નોંધ

ડો. આંબેડકરની અવળી વાણી

ડૉ. આંબેડકર એક વખત કૉંગ્રેસના અને ગાંધીજીના કટ્ટર વિરોધી હતા અને કાયદે આઝમ ઝીણાના સુરમાં જ ઘણી વખત પોતાને સુર મેળવીને કાઢતા હતા. હિંદુસ્તાનનું રાજ્ય બંધારણ ઘડવા માટે જે લોકપ્રતિનિધિસભા ઊભી કરવામાં આવી તેમાં ચુંટાયા બાદ તેમણે પોતાની આખી નીતિ બદલી હતી અને કૉંગ્રેસને બધી બાબતમાં તેઓ પૂરો સાથ આપી રહ્યા હતા. આ નીતિપલટાએ કૉંગ્રેસી આગેવાનોમાં તેમના વિષે એટલો બધો વિશ્વાસ ઉત્પન્ન કર્યો કે હિંદના ભાગલા પડયા બાદ હિંદી સંસ્થાનની નવી કારોબારીમાં તેમને એક પ્રધાન તરીકે લેવામાં આવ્યા. તેમની પ્રધાન તરીકેની કારકીર્દિનાં તેઓ ભાગ્યે જ જાહેર નિવેદનો કરતા અને એમ છતાં જે કાંઇ નિવેદનો તેઓ કરતા તે કૉંગ્રેસની નીતિને સદા સુસંગત જોવામાં આવતાં. આ જ ડો. આંબેડકરે તાજેતરમાં પછાત વર્ગોની એક પરિષદ સમક્ષ બોલતાં ભારે વિચિત્ર અને પ્રત્યાઘાતી વિચારો પ્રગટ કર્યા છે. તેમણે જણાવ્યું છે કે:—

"પછાત વર્ગો કૉંગ્રેસમાં જોડાવાથી સત્તા હસ્તગત કરી શકશે નહિ. એ એક બહુ જ મોટી સંસ્થા છે. પછાત વર્ગોનું તેમાં સ્થાન મહાસાગરમાં એક ટીપા જેવું રહેશે. કૉંગ્રેસવાદીઓમાં ભારે અભિમાન આવી ગયું છે, અને એ સંસ્થામાં જોડાઇને આપણે આપણો ઉદ્ધાર સાધી શકીશું નહિ. કૉંગ્રેસ જો નાના મોટા ભાંગલાઓમાં વહેંચાઇ જાય તો જ આપણે આપણો ઉધ્ધાર સાધી શકીએ. કૉંગ્રેસમાં જોડાઇને આપણા દુશ્મનોનું બળ અને તાકાત વધારવામાં નિમિત્તભૂત થઇશું. કૉંગ્રેસ આજે છિન્નભિન્ન થઇ રહેલ સંસ્થા છે અને તેમાં જોડાવાથી આપણે આપણો ઉત્કર્ષ સાધી શકીશું નહિ. બે ત્રણ વર્ષના ગાળામાં કૉંગ્રેસ ભાંગીને ભૂકો થઇ જાય તો મને જરાયે આશ્ચર્ય નહિ થાય. સમાજવાદીઓએ કૉંગ્રેસનો ત્યાગ કર્યો છે અને એથી કૉંગ્રેસ નબળી પડવાની છે. હવે આપણે એક ત્રીજા પક્ષ તરીકે આપણી જાતને સંગઠિત કરવી જોઇએ કે જેના પરિણામે સમાજવાદીઓ કે કૉંગ્રેસવાદીઓને નિશ્ચિત બહુમતી ન મળે. એવા સંયોગોમાં તેમને આપણું શરણું શોધવું પડશે, આપણા મતોની તેમને ગરજ પડશે. તે વખતે સત્તાની તુલા આપણા હાથમાં આવી પડશે અને આપણી તરફનો રાજકારણી ટેકો આપવા બદલ આપણે ધારી સરતો સ્વીકારવાની તેમને ફરજ પાડી શકીશું.

'પચ્ચીશ વર્ષો સુધી કૉંગ્રેસ સામે લડત ચલાવ્યા બાદ આવી કટોકટીના વખતે હું મૂંગો કેમ બેસી રહ્યો છું એવો મને પ્રશ્ન પૂછવામાં આવે છે. કોઇનો સામે ચાલુ લડયા જ કરવું એ ઉત્તમ બ્યૂહપદ્ધતિ નથી. બીજા માર્ગો અને ઉપાયો પણ આપણે ગ્રહણ કરવા જોઇએ. અંગ્રેજો આપણને અધ્ધર લટકાવીને ચાલી ગયા. આપણી કૉમમાં અંદર અંદર ઘણા પક્ષો હતા અને આપણા દળોમાં ઘણાં પાંચમી કતારીઓ હતા. એવા વખતે આવડી મોટી અને બળવાન સંસ્થા સાથે ધર્ષણમાં આવવું એ આપણા હિતમાં નહોતું. આ કારણે આપણી કૉમે સમાધાનની વૃત્તિ ધારણ કરી હતી અને તે રીતે ઘણી સફળતા પ્રાપ્ત કરી હતી. આપણને જોઇતું હતું તે બધું આપણને કદાચ મળ્યું ન હોય તો પણ આપણને ઘણું ઘણું મળ્યું છે. ધારાસભામાં અને સરકારી નોકરીઓમાં આપણને ચોક્કસ ગોઠવો મળી છે અને આપણી ઘણીખરી માંગણીઓ સ્વીકારવામાં આવી છે. અલાયદા મતદાર મંડળની આપણી માંગણી સ્વીકારવામાં આવી નથી. પણ આ બાબતમાં આપણે શરમાવાની કે નાચું જોવાની જરા પણ જરૂર નથી કારણકે બીજી લઘુમતીઓને પણ આ બાબતમાં નિષ્ફળતા સાંપડી છે. કૉંગ્રેસ સાથે અથડામણમાં આવવા માટે હજુ આજે સમય નથી અને સમાધાની અને સહકારથી મેળવી શકાય તેટલું આપણે મેળવી લેવું જોઇએ. હું મધ્યસ્થ સરકારમાં જોડાયો છું, પણ કૉંગ્રેસનો સભ્ય થયો નથી અને તેવો કોઇ ઇરાદો હું ધરાવતો નથી. મધ્યસ્થ સરકારમાં જોડાવાનું કૉંગ્રેસે મને નોતરું આપ્યું હતું અને હું બિનશરતી રીતે જ જોડાયો છું. હું કૉંગ્રેસમાં કદાચ જોડાઉં તોપણ તેથી કશું નુકસાન થવાનું નથી કારણ કે હું પથ્થર જેવો છું અને મારા ઉપર પાણીની કશી અસર થવાની નથી જ્યારે તમો સર્વ માટી જેવા છો અને તમો તો પાણીમાં પીગળી જ જવાના છો. જ્યારે પણ ત્યાં રહેવું નિરૂપયોગી છે એમ મને લાગશે ત્યારે હું બહાર નીકળી જઇ શકું તેમ છું.'

ડો. આંબેડકરનો આ વાણીપ્રલાપ ભારે વિચિત્ર, આશ્ચર્યજનક તેમ જ તેની હિંદી યુનિયન વિષેની વફાદારી વિષે શંકા ઉપજાવે તેવો છે. હિંદી સંસ્થાનનો કોઇ જવાબદાર પ્રધાન આવું કદિ ન બોલે. જો ખરેખર ડો. આંબેડકરે આવા ઉદ્‌ગાર કાઢયા હોય તો હિંદી પ્રધાનમંડળમાં આજે તેઓ જે મહત્ત્વનું સ્થાન ધરાવે છે તે સ્થાનથી તેમને સત્વર છૂટા કરવા જોઇએ. ખરી રીતે તો કોઇ પણ દેશના જાહેર જીવનમાં આવા ઉત્તરોત્તર વેશપલટાને જરા પણ સ્થાન હોવું ન જ જોઇએ.

પુરવણી : આ નોંધ આગળના અંક માટે લખાયેલી જગ્યાના અભાવે પ્રગટ થઇ શકી નહોતી. ત્યારબાદ ડો. આંબેડકરે ઉપર જણાવેલ પોતાના ભાષણ ઉપર ખુલાસો બહાર પાડયો છે પણ ઉપરની આલોચનામાં કશું પણ ફેરવવું પડે એવું એ ખુલાસામાં કશું નથી. એ ખુલાસો હોવા છતાં ડો. આંબેડકરે મધ્યસ્થ સરકારમાં ચાલુ રહેવાની લાયકાત ગુમાવી જ છે.

મહાગુજરાત રાજસ્થાન પ્રજાસંમેલન

ગયા એપ્રીલ માસની ૧૭મી તથા ૧૮મી તારીખો દરમિયાન મુંબઇમાં વસતા કચ્છ કાઠિયાવાડ તથા ગુજરાતનું રાજસ્થાની પ્રજાસંમેલન ભરાઇ ગયું. સ્વાગત સમિતિના પ્રમુખસ્થાને શ્રી. ભવાનજી અરજણ ખીમજી હતા; સંમેલનના પ્રમુખસ્થાને શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી હતા. ગયા અંકમાં શ્રી. મુનશીનું પ્રેરણાદાયી પ્રવચન અને સંમેલનમાં પસાર કરવામાં આવેલા અગત્યના ઠરાવો આપવામાં આવ્યાં હતાં. આજ સુધી કચ્છ જુદું, કાઠિયાવાડ જુદું; ગુજરાત જુદું—આવી કલ્પનાપૂર્વક જ આપણે ગુજરાતી ભાષા બોલતી પ્રજાનો વિચાર કરતા હતા. કચ્છ આખા એક હકુમતનું તંત્ર હતું; કાઠિયાવાડ અનેક હકુમતી તંત્રોમાં વહેંચાયલું હતું; ગુજરાત સરકારી પ્રદેશ અને કેટલાંક રાજસ્થાનોનું બનેલું હતું. ભાષાદ્વારા એકસૂત્રી ગણાય એવી આખી ગુજરાતી પ્રજાનો આજ સુધી આપણે ખંડ ખંડમાં જ વિચાર કરતા હતા. આ સંમેલને મહાગુજરાતની ભવ્ય કલ્પનાને જન્મ આપ્યો છે અને એ કલ્પના બહુ જલદીથી મુર્ત સ્વરૂપ ગ્રહણ કરશે. એવી આશા આજે બની રહેલી ક્રાન્તિકારી ઘટનાઓના પરિણામે આપણા દિલને ઉત્તેજિત કરી રહી છે. દેશી રાજ્યોનું વિસર્જન યા તો કોઇ વ્યાપક સમુહમાં થઇ રહેલા જોડાણના પરિણામે ગુજરાતી ભાષા બોલતા સર્વ સમુહો એક રાજ્યવર્તુલ નીચે આવવાની શક્યતા નજીકના ભવિષ્યમાં ઊભી થઇ રહી છે. આપણે આ નવા આંદોલનને બને તેટલો વેગ આપીએ અને એક અખંડ અવિભાજ્ય ગુજરાતને મૂર્તિમન્ત બનેલું સત્વર નિહાળીએ!

પરમાનંદ

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈન ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી અથવા તો મને કે વૈદ્યકીય રાહત સમિતિના સભ્યો જેમના નામ તા. ૧-૪-૪૮ ના પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ કરવામાં આવ્યા છે તેમનામાંથી કોઇને મળવું.

જયંતિલાલ લલ્લુભાઇ પરીખ
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

શ્રી ટેન્ડુલકરકમીટી સમક્ષ

શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆની જુબાની

(ધાર્મિક સખાવતો અને પરોપકારી ટ્રસ્ટોની તપાસ કરીને રીપોર્ટ કરવા માટે મુંબઇ સરકાર તરફથી નીમાયલી કમીટી સમક્ષ તા. ૨૦-૪-૪૮ના રોજ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ આપેલી જુબાનીનો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. આવી જ બીજી કેટલીક અગત્યની જુબાનીઓ હવે પછી પ્રગટ કરવા ધારણા છે. તંત્રી)

પ્રશ્ન : તમો મુંબઇ જૈન યુવક સંઘના ઉપ-પ્રમુખ છો?

ઉત્તર : હા.

પ્રશ્ન : સંઘને અસ્તિત્વમાં આવ્યાને કેટલો સમય થયો?

ઉત્તર : લગભગ ૨૦ વર્ષ

પ્રશ્ન : સંઘમાં કેટલા સભ્યો છે?

ઉત્તર : ૩૦૫. અમારો સંઘ જૈન સમાજના સર્વ વર્ગોનું પ્રતિનિધિત્વ ધરાવે છે. આપ જાણતા હશો કે અમારી કોમના મુખ્ય ત્રણ વિભાગો છે. અમે ત્રણે વિભાગમાંથી સભ્યો લઇએ છીએ.

પ્રશ્ન : તમે જાણો છો કે જૈનોમાં કેટલીક પેઢીઓ છે, જેના હાથમાં આવી સખાવતોનો કબજો છે.

ઉત્તર : હા. આપને ખબર આપવા પુરતું હું ઉમેરી શકું કે મારો સંબંધ શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગ સાથે છે.

પ્રશ્ન : આ પેઢીઓના વહીવટ સંબંધે તમારો શું અનુભવ છે? દાખલા તરીકે આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટ વિષે તમો શું ધારો છો?

ઉત્તર : એ પેઢીના વહીવટ વિષે મને ખાસ માહીતી નથી. તદુપરાન્ત હું કોઇ સંસ્થાનો ટ્રસ્ટી નથી. તેથી જૈન સંસ્થાઓના વહીવટો અને તેને લગતી વિગતો સંબંધમાં, દિલગીર છું કે, આપને હું બહુ પ્રકાશ પાડી નહિ શકું.

પ્રશ્ન : આણંદજી કલ્યાણજીની પેઢીના હિસાબો વખતસર પ્રગટ થાય છે કે નહિ એ વિષે તમો શું જાણો છો?

ઉત્તર : હું ધારું છું કે તે હિસાબો બીલકુલ પ્રગટ થતાં નથી. તે હિસાબ તે પેઢીની સામાન્ય સભા જ્યારે બોલાવવામાં આવે છે ત્યારે રજુ કરવામાં આવે છે અને પસાર કરવામાં આવે છે. મારી માહીતી આ મુજબની છે.

પ્રશ્ન : જૈનોમાં દેવદ્રવ્ય સંબંધી ચોક્કસ માન્યતા છે એ તમે જાણો છો? એ માન્યતાને તમો કેટલા અંશમાં સ્વીકારો છો? દેવદ્રવ્ય તરીકે લેખાતાં નાણાં એમને એમ પડી રહે અને કોઇ પણ કોમના હિતકારક હેતુઓ માટે એ નાણાંનો કશો ઉપયોગ થઇ ન શકે–તમો આ વિચારના પક્ષના છો?

ઉત્તર : દેવદ્રવ્યવિષે જૈનોમાં કેટલાય સમયથી એક સર્વ-સામાન્ય માન્યતા છે કે આવું દ્રવ્ય મંદિરને લગતી બાબતોમાં જ વાપરવું જોઇએ. આ માન્યતા કયારે શરૂ થઇ હશે તે વિષે ચોક્કસપણે કહી શકાય તેમ નથી. ધારો કે એક મંદિર આગળ પંદર લાખ રૂપીઆની મીલ્કત છે. એમાંથી નવું મંદિર બાંધી શકાય, અન્ય કોઇ મંદિરના જીર્ણોદ્ધારમાં એ નાણામાંથી ખરચી શકાય, પણ આ નાણું માત્ર મુર્તિના શોભાશણગાર તથા મંદિરને લગતી બાબતો માટે જ વાપરી શકાય–આવી અમારી માન્યતા છે.

પ્રશ્ન : તમોને એ માન્ય છે?

ઉત્તર : હું અંગત રીતે એ માન્યતા સ્વીકારતો નથી.

પ્રશ્ન : ધારો કે ટ્રસ્ટીઓના હાથમાં આ પ્રકારનું જે નાણું હોય તેમાંથી બીજા મંદિરોને ટેકો આપવા માટે તેમ જ મૂર્તિને શણગારવા માટે જેટલા દ્રવ્યની જરૂરિયાત હોય તેટલું દ્રવ્ય લઇ લેતાં પણ વધારો વધતો હોય, તો આવો જે કાંઇ વધારો રહે તેનો બીજા સામાજિક હેતુઓ પાછળ ઉપયોગ કરવાના વિચારને તમો સંમત કરો છો?

ઉત્તર: હા. આ મારો અંગત અભિપ્રાય છે, એટલું જ નહિ પણ છેલ્લાં વીશ વર્ષોથી અમો આ પ્રકારની હીલચાલ અને પ્રચાર કરી રહ્યા છીએ. દેવદ્રવ્યની વધારાની રકમનો આવો ઉપયોગ થવો જોઇએ એટલું જ નહિ પણ દેવદ્રવ્યની ચાલુ આવકનો ઉપયોગ પણ મંદિરની જરૂરિયાત ઉપરાંત અન્ય સામાજિક કાર્યોમાં થવો જોઇએ એવો અમારો અભિપ્રાય છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી અમો આ પ્રકારની લડત ચલાવી રહ્યા છીએ.

પ્રશ્ન: આ તમારા અભિપ્રાય તરફ તમો કેટલા લોકોને તમારી કોમમાંથી વાળી શકયા છો?

ઉત્તર: એ વિષે હું નિશ્ચિતપણે કાંઇ કહી શકું તેમ નથી.

પ્રશ્ન: તમારી કોમમાં આજે તમારું કેટલું બળ હોવાનું ધારો છો? તમારા જેવો અભિપ્રાય ધરાવનાર વર્ગ બહુ નાનો છે કે તે વર્ગ તમારી કોમમાં બહુમતી ધરાવે છે?

ઉત્તર : આ અભિપ્રાય ધરાવનાર વર્ગ બહુમતી ધરાવે છે એમ હું કહી નહિ શકું. આજે લોકોના અભિપ્રાય એટલી જલ્દિથી બદલાઇ રહ્યા છે કે જ્યાં સુધી કોઇ ચોક્કસ પ્રશ્ન ઉપર અમુક ધર્મ કે સમુદાયનો અભિપ્રાય ચકાસવાનો પ્રસંગ ઉભો ન થાય ત્યાં સુધી તે વર્ગ કે સમુદાયમાં અમુક અભિપ્રાય ધરાવનારાઓ બહુમતીમાં છે કે અલ્પમતીમાં એ કહેવું અશકય છે. સામાન્યતઃ અમારા આગેવાનોનું માનસ સ્થિતિચુસ્ત છે. આ મારે કબુલ કરવું જોઇએ. અમારામાં પ્રાગતિક વિચારો ધરાવનાર વર્ગ સારા પ્રમાણમાં છે પણ તેમાંના ઘણા ખરા આવી બાબત વિષે ઉદાસીન હોય છે. જો તેમને આ બાબતમાં પોતાનો અભિપ્રાય દર્શાવવાની તક આપવામાં આવે તો તેઓ જરૂર જણાવશે કે આવી રીતે એકઠું થતું નાણું મંદિર સિવાયના બીજા સાર્વજનિક કાર્યો પાછળ વપરાવું જોઇએ.

પ્રશ્ન : નવાં મંદિરો ઉભા કરવા વિષે તમે શું ધારો છો? જૈનોની વસ્તીના પ્રમાણનો વિચાર કરતાં આજે જેટલાં મંદિરો છે તેટલાં મંદિરો પુરતાં છે કે હજુ પણ તમને વધારે મંદિરોનો ખપ છે?

ઉત્તર : એવાં સ્થળો જરૂર છે જ્યાં જોઇએ તે કરતાં જરૂર વધારે મંદિરો છે. પણ સાથે સાથે એવાં પણ સ્થળો છે કે જ્યાં બીલકુલ મંદિરો નથી અને જ્યાં નવું મંદિર ઉભું કરવાની જરૂર હોવા સંભવ છે.

પ્રશ્ન : માત્ર જૈન મંદિરો સંબંધમાં જ નહિ પણ બધાં જ દેવમંદિરો સંબંધમાં અમારી કમીટી આગળ એક એવી સૂચના કરવામાં આવી છે કે જ્યાં મંદિરોની પુરતી સંખ્યા હોય ત્યાં નવાં મંદિરો ઉભા કરવાની મનાઇ કરવી જોઇએ. તમારો પણ આવો અભિપ્રાય છે?

ઉત્તર : હું તો એવો કાયદો કરવાની સૂચના કરું કે જેથી કોઇ પણ નવું મંદિર બંધાતાં પહેલાં સરકારની ફરજિયાત પરવાનગી લેવી જ પડે. અને સરકાર આ સત્તાનો, હું આશા રાખું છું કે, પુરી સમજણપૂર્વક ઉપયોગ કરશે. જ્યાં નવું મંદિર બાંધવાની માંગણી હોય અને તેની ખરેખર જરૂર હોય ત્યાં આવી માંગણીને મંજુરી મળવી જ જોઇએ.

પ્રશ્ન : તમે આ અભિપ્રાય જાહેર મંદિર સંબંધમાં જ જણાવો છો?

ઉત્તર : હા. ખાનગી મંદિર વિષે કશી મુશ્કેલી કે કહેવાપણું જ નથી. મારી રહેવાની જગ્યામાં આવા ગૃહમંદિર માટે એક ઓરડો હું અલાયદો રાખી શકું છું અને ત્યાં પૈસાનું ઉધરાણું, દ્રવ્યસંગ્રહ અને તેના ઉપયોગ વગેરેનો કોઇ પ્રશ્ન જ ઉભો થતો નથી.

પ્રશ્ન : પૈસાના ઉઘરાણાનો તમે હમણાં ઉલ્લેખ કર્યો તો તેના અનુસંધાનમાં આ કમીટી સમક્ષ એક એવી સુચના કરવામાં આવી છે કે નિયત કરેલા સરકારી અધિકારી પાસેથી લાઇસેન્સ મેળવ્યા

સિવાય ધાર્મિક કે પરોપકારને લગતા કોઇ પણ કાર્ય માટે કોઇ પણ માણસ ફંડફાળો ઉઘરાવી શકે નહિ એવો કાયદો થવો જોઇએ. આ વિષે તમે શું ધારો છો?

ઉત્તર : એવી કોઇ જરૂરિયાત મને ભારી નથી.

પ્રશ્ન : તમને આવા લોકોએ કદિ કંટાળો આપ્યો નથી?

ઉત્તર : ના.

પ્રશ્ન : તમે ખરેખર એક અપવાદરૂપ નસીબદાર માણસ છો?

ઉત્તર : આવા કોઇ કાયદાની મને કદિ જરૂરિયાત લાગી નથી. તમોએ રજુ કરેલો પ્રશ્ન એ સ્વરૂપે મારી સામે કદિ ઉપસ્થિત જ થયો નથી અને તેથી તે વિષે મેં કદિ વિચાર કર્યો નથી.

ઉપર પૂછવામાં આવેલ દેવદ્રવ્યના પ્રશ્નના અનુસંધાનમાં મારે એક વિશેષ બાબત કહેવાની છે. આ પ્રશ્ન વિષે જો કાંઇ કાયદો કરવામાં આવનાર હોય તો હું એ પ્રકારનો કાયદો કરવાનું સૂચવું. એક દેવદ્રવ્યના સામાજીક ઉપયોગની રજા આપતો; બીજો આ સંબંધમાં ફરજ પાડતો. ધારો કે હું કોઇ મંદિરનો ટ્રસ્ટી છું. આજે તો હું આ દ્રવ્યનો કોઇ પણ સામાજિક–જનસેવાના–કાર્ય માટે ઉપયોગ કરવા ઇચ્છું તો પણ આજના કાયદા નીચે તેવો ઉપયોગ હું કરી શકતો નથી. તેથી હું એમ સૂચના કરું છું કે જો ટ્રસ્ટીઓ ઇચ્છે તો એકઠા થયેલ કે વધારાના દેવદ્રવ્યમાંથી સાર્વજનિક ઉપયોગ માટે જરૂરી દ્રવ્ય તેઓ વાપરી શકે એવી છુટ આપતો કાયદો થવો જોઇએ. આ સંબંધમાં વિશેષ સ્પષ્ટતા કરું કે મંદિરોને લાગે વળગે છે ત્યાં સુધી ટ્રસ્ટીઓ જવલ્લે જ સ્વતંત્ર હોય છે. ઘણાં ખરાં મંદિરો પરત્વે ટ્રસ્ટીઓ અમુક સંઘને, કોમને અથવા તો લોકોના ચોક્કસ વર્ગને જવાબદાર હોય છે. તેથી આ છૂટ આપતો કાયદો જે સંઘને ટ્રસ્ટીઓ જવાબદાર હોય તેને લાગુ પડવો જોઇએ અને પોતાની કોમ માટે અથવા તો વધારે વ્યાપક કાર્ય માટે આ નાણાંનો ઉપયોગ કરવાની છૂટ તે સંઘને મળવી જોઇએ. પણ ધારો કે લાખો રૂપીયા વધારાના પડયા હોય તો પણ ટ્રસ્ટીઓ અથવા તો સંઘ ચાલુ પધ્ધતિમાં જરા પણ ફેરફાર કરવા માગતા નથી, એવા સંજોગોમાં લોકોપયોગી કાર્ય માટે આ નાણાંનો ઉપયોગ કરવાની તેમને ફરજ પાડતો કાયદો થવો જોઇએ એમ સુચવવાની હું રજા લઉં છું. પણ જ્યારે આમ કાયદાદ્વારા તેમને ફરજ પાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે મારો એવો અભિપ્રાય છે કે જે કોમના ઉપયોગ માટે અમુક મંદિર બાંધવામાં આવ્યું હોય તે મંદિરનાં નાણાંની માલીકી તે કોમની લેખાવી જોઇએ. તેથી જ્યારે ચેરીટી–કમીશનર અથવા તો આને લગતો અધિકાર ધરાવતો કોઇ પણ અધિકારી ટ્રસ્ટીઓને લોકોપયોગી કાર્યો માટે મંદીરના વધારાના નાણાનો ઉપયોગ કરવાની ફરજ પાડે ત્યારે તે નાણાંનો ઉપયોગ તે ચોક્કસ કોમ પૂરતો જ મર્યાદિત રહેવો જોઇએ. જો હું કોઇ મંદિરનો ટ્રસ્ટી હોઉં અને તમારી તરફના કોઇ પણ દબાણ સિવાય મારા હસ્તકના નાણાનો લોકોપયોગી કાર્ય માટે હું સ્વેચ્છાએ ઉપયોગ કરવા માંગતો હોઉં તો બધી કોમો માટે હોસ્પીટલ અથવા તો કોલેજ જેવા કોઇ પણ વધારે વ્યાપક કાર્ય માટે તે નાણાંનો ઉપયોગ કરવાનો વિકલ્પ મને સુલભ હોવો જોઇએ. પણ તમારી તરફથી મને ફરજ પાડવામાં આવતી હોય તો મારી કોમથી વધારે વ્યાપક પ્રદેશ માટે તે નાણા વાપરવાની મને ફરજ પાડવી જોઇએ નહિ.

પ્રશ્ન : તમે કહો છો તેના અનુસંધાનમાં એમ દલીલ કરવામાં આવે છે કે જો હિંદુ ટ્રસ્ટોના વધારાના નાણાંનો જૈનોને લાભ મળતો હોય તો જૈન ટ્રસ્ટોનાં વધારાનાં નાણાંનો હિંદુઓને લાભ શા માટે ન મળવો જોઇએ? હિંદુ ચેરીટીઓના વધારાના ફંડના લાભથી જૈનોને વંચિત રાખવા જોઇએ એમ તમે કહેવા માગો છો?

ઉત્તર : હું હિંદુઓ અને જૈન વચ્ચે કશો ભેદ ગણુતો નથી.

પ્રશ્ન : તમે આવો કોઇ ભેદ ગણુતા નથી એ જાણીને હું આનંદ પામું છું, પણ કમનસીબે અમારી પ્રજ્ઞામાળાના અમુક શબ્દો સામે વાંધો ઉઠાવતા અમને એક બે પત્રો મળ્યા છે. જૈનો હિંદુઓ જ છે એમ હું માનતો હતો અને તેથી આવા રોષયુક્ત પત્રો વાંચીને મને આશ્ચર્ય થયું હતું.

ઉત્તર : હું જે કહેવા માગું છું તે આ પ્રમાણે છે. ધારો કે સ્વામીનારાણના મંદિરમાં નાણાંનો વધારો છે. હવે આપ જો આ નાણાનો સામાજીક ઉપયોગ કરવાની ફરજ પાડવા માંગતા હો તો હું એમ કહેવા માંગુ છું કે આનો લાભ માત્ર સ્વામીનારાયણ સંપ્રદાયને જ મળવો જોઇએ. જ્યારે પણ કોઇ એક મોટી કોમના અમુક વિભાગ સાથે જ અમુક ચેરીટીનો સંબંધ હોય ત્યારે, સિવાય કે તે વિભાગના લોકો વ્યાપક કાર્ય માટે તે નાણાનો ઉપયોગ કરવાના પક્ષમાં હોય તે સંજોગ બાદ કરતાં વધારાના નાણાનો લાભ તે કોમને જ મળવો જોઇએ.

પ્રશ્ન : જૈનો સંબંધમાં સંઘ નામની એક સંસ્થા છે. બીજી જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓમાં આવા કોઈ સંઘની વ્યવસ્થા જોવામાં આવતી નથી. આવા સંજોગોમાં વધારાનાં નાણાંનો જનહિતના વ્યાપક કાર્યમાં ઉપયોગ કરવા માટે કોની મંજુરી મેળવવી?

ઉત્તર : દરેક ઠેકાણે કોઇને કોઇ સંસ્થા હોય છે. દા. ત. કપોળ કોમ. આવો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે આખી કોમનો અભિપ્રાય મેળવવો જોઇએ.

પ્રશ્ન : આખી કોમના માણસોના મત મેળવવાની ગોઠવણ કર્યા સિવાય આ તમે કઇ રીતે કરી શકશો?

ઉત્તર : કપોળ કોમનું ખાસ બંધારણ છે. તેમના પ્રમુખ છે તથા મંત્રી છે, તેમનીદ્વારા કોમનો મત મેળવી શકાય.

પ્રશ્ન : મુંબઇમાં એવાં મંદિરો છે જેનો વહીવટ હિંદુ કોમનો એક નાનો વર્ગ કરે છે, અને એમ છતાં એ મંદિરો એ નાના વર્ગની માલેકિના છે જ નહિ. આ મંદિરોનાં વધારાનાં નાણાંનો લાભ કોને મળવો જોઇએ? આખી હિંદુ કોમને વ્યાપક રીતે કે જે નાનો વર્ગ આ મંદિરોનો વહીવટ કરે છે તેને? આપણે એક ચોક્કસ દાખલો વિચારીએ. ભુલેશ્વરનાં મંદિરનો કંઇ કાળથી ગૌડ સારસ્વત કોમ વહીવટ કરે છે. એ લોકો દર વર્ષે સભા ભરે છે અને ટ્રસ્ટીઓને ચુંટે છે. એ મંદિર પાસે અમુક લાખ રૂપીઆની મુંડી છે. એનો લાભ કોને મળવો જોઇએ? સારસ્વતોને કે આખી હિંદુ કોમને?

ઉત્તર : જે કોઇ ચેરીટીને લગતો પ્રશ્ન આ રીતે ઉભો થાય તે ચેરીટીની વિગતો અને વિશેષતાઓ આપણે બરોબર તપાસવી જોઇએ. પ્રસ્તુત બાબતમાં આપણે સહેલાઇથી એવો નિર્ણય જાહેર કરી શકીએ તેમ છે કે આ મંદિરને લગતાં નાણાંઓ આખી હિંદુ કોમ પાસેથી મળેલાં છે.

પ્રશ્ન : આમ છતાં પણ જે કોમ આ મંદિરનો વહીવટ કરે છે તે કોમ આ નાણાં ઉપર પોતાની માલેકીનો દાવો કરે છે. તેઓ એમ કહે છે કે મૂળ સખાવત તેમની કોમ તરફથી કરવામાં આવી હતી. આ મંદિર સંબંધે કોર્ટમાં ખટલો પણ થયો હતો.

ઉત્તર : જે જનસમુદાય તરફથી આવકનો પ્રવાહ વહેતો હોય તે જનસમુદાયને પણ લક્ષ્યમાં લેવો જોઇએ. જે સમાજનો મંદિરની આવકમાં મોટો ફાળો હોય તેને વધારાનાં નાણાંનો લાભ મળવો જોઇએ.

પ્રશ્ન : એ તમે કઇ રીતે નક્કી કરો?

ઉત્તર : મારું એમ કહેવું છે કે આખી હિંદુ કોમને આનો લાભ મળવો જોઇએ. દરેક કીસ્સાનો નિર્ણય તેને લાગતી વળગતી વિગતો ધ્યાનમાં લઇને કરવો જોઇએ.

પ્રશ્ન : હું તમારી દલીલ સમજી શકું છું. જ્યારે અમુક ચેરીટીનો લાભ ઉઠાવનાર ચોક્કસ વર્ગ હોય છે ત્યારે તો તે ચોક્કસ વર્ગને તેના વધારાનાં નાણાંનો લાભ મળવો જોઇએ

એ તમારી વાત બરોબર સમજી શકાય છે. હું તમારી સામે એક એવો દાખલો રજુ કરું છું કે જ્યાં લાભ ઉઠાવનાર એવો એક ચોક્કસ વર્ગ આપણી નજર સામે દેખાતો નથી, વળી એકકું થયેલું નાણું દેવદ્રવ્યની કક્ષાનું છે અને મંદિર હિંદુમંદિર છે. આ દેવદ્રવ્યને હજુ સુધી કોઇ અડકયું નથી. સારસ્વત કોમે તેને હાથ લગાડયો નથી, અને તે ત્યાં એકકું થયેલું પડયું છે. ધારો કે ત્યાં સ્થગિત થઇ રહેલા ત્રણ ચાર લાખ રૂપીઆ વપરાવા જોઇએ એમ આપણે કહીએ છીએ. તે કોના ઉપયોગ માટે વપરાવા જોઇએ?

ઉત્તર: એનો અર્થ એ થયો કે ટ્રસ્ટીઓ હિંદુ કોમના કોઇ ચોક્કસ વર્ગને જવાબદાર નથી. જો એમ હોય તો તે ટ્રસ્ટીઓને જનહિતના વ્યાપક કાર્ય માટે આ નાણાનો ઉપયોગ કરવા માટે ફરજ પાડવી જોઇએ.

પ્રશ્ન: જો તેઓ એમ કરવા જાય તો બીજા વર્ષની ચુંટણીમાં એ કોમ તે ટ્રસ્ટીઓને કાઢી જ મૂકે!

ઉત્તર: જો આ ટ્રસ્ટીઓ હાંકી કાઢી શકે એવો કોઇ વર્ગ હોય તો એનો અર્થ એમ થયો કે એક એવો ચોક્કસ વર્ગ છે કે જેને આ ટ્રસ્ટીઓ મંદિરના વહીવટ માટે આખરે જવાબદાર છે. તો પછી આ વર્ગના હિત માટે આ નાણાનો ઉપયોગ થવો જોઇએ. સાથે સાથે જે જનસમુદાય તરફથી આ જ ખાતામાં પ્રવાહબદ્ધ આવક ચાલી આવતી હોય તેને પણ લક્ષ્યમાં લેવી જ જોઇએ. ભુલેશ્વર અને બાબુલનાથના મંદિરોની બાબતમાં આખી હિંદુ કોમ આ મંદિરને સમૃદ્ધ કરી રહેલ છે. આમ હોવાથી આખી હિંદુ કોમને આવક માટે જવાબદાર લેખવી જોઇએ અને આખી હિંદુ કોમને વધારાના નાણાંનો લાભ મળવો જોઇએ. આપણે આ રીતે જ આ બાબતનો નિર્ણય કરી શકીએ.

પ્રશ્ન: આ વિચાર અથવા તો યોજનાનો વ્યવહારૂ અમલ કરવામાં જ મુશ્કેલી આવે છે. ધારો કે આ નાણાંનો આખી હિંદુ કોમના ભલા માટે ઉપયોગ કરવાની ટ્રસ્ટીઓને છુટ આપવામાં આવી છે. આ છુટનો લાભ લેવા માટે ટ્રસ્ટીઓએ કોની મંજુરી મેળવવી? જેઓ ટ્રસ્ટીઓને ચુંટતા હોય તેમની, મંદિરના ઉપાસકોની કે આખી હિંદુ કોમની?

ઉત્તર: આ સંબંધમાં વ્યાજબી પદ્ધતિ શોધી કઢવાનું કામ તમો કાયદાશાસ્ત્રીઓનું છે.

આ સંબંધી બીજી એક બાબત તરફ આપનું હું ધ્યાન ખેંચવા માંગુ છું. અમારા સંઘ તરફથી આપની પ્રશ્નાવલિમાં મોકલેલા જવાબોમાં અમોએ ટ્રસ્ટીઓના કામચલાઉ બે ભેદ પાડયા છે. જવાબદાર અને બીનજવાબદાર ટ્રસ્ટીઓ. સાધારણ રીતે આવા કોઇ ભેદનો અર્થ નથી. મારો કહેવાનો આશય એ છે કે જે ટ્રસ્ટોના વહીવટ પાછળ કોઇ ચોક્કસ સંસ્થા હોય તે ટ્રસ્ટોને ચર્ચાની સગવડ ખાતર હું જવાબદાર ટ્રસ્ટો તરીકે વર્ણવું છું અને જેની પાછળ આવી કોઇ સંસ્થા ન હોય તેને બીનજવાબદાર ટ્રસ્ટો તરીકે હું વર્ણવું છું.

પ્રશ્ન: કોઇ પણ ટ્રસ્ટની પાછળ કોઇ સંસ્થા છે કે નહિ તે તમે કઇ રીતે શોધી કાઢશો? આ બહુ મુશ્કેલ કામ છે. કોઇ પણ ટ્રસ્ટ આવી એક સંસ્થા ઉભી કરી શકે છે. એ ટ્રસ્ટીઓ પોતામાંથી જ ૧૧ માણસોની એક રજીસ્ટર્ડ સોસાયટી ઉભી કરી શકે છે અને આ ૧૧ માણસો પોતાના સગાવહાલાં કે મિત્રો હોઇ શકે છે કે જેઓ તમો કહો તે મુજબ સંમતિ આપવાને હંમેશા તૈયાર જ હોય. એ લોકો વર્ષે વર્ષે સભાઓ ભરશે અને મનમાનીતી ચુંટણીઓ કરાવી શકશે. આને તમે જવાબદાર સંસ્થા કહો છો?

ઉત્તર: ના. ધારો કે એક વિદ્યાલય છે અને તેના ૩૦૦ સભ્યો છે. આ વિદ્યાલય સાથે જોડાયલું એક ટ્રસ્ટીમંડળ છે. આને હું જવાબદાર ટ્રસ્ટ કહું છું. બીજી બાજુએ ધારો કે મેં ચોક્કસ હેતુ માટે બે લાખ રૂપીઆની સખાવત જાહેર કરી છે અને તેનું હું એક ટ્રસ્ટ બનાવું છું અને એ ટ્રસ્ટમાં મારા મિત્રોની ટ્રસ્ટીઓ તરીકે નિમણુંક કરું છું. આ ટ્રસ્ટનો વહીવટ જરૂર યથાર્થ રીતે ચાલતો હશે. એમ છતાં પણ આને હું બીન જવાબદાર ટ્રસ્ટ લેખું છું. આવું ટ્રસ્ટ દાતાના પોતાના વર્તુલ સિવાય કોઇ પણ વધારે વ્યાપક સંસ્થાને જવાબદાર નથી.

પ્રશ્ન: આવાં ટ્રસ્ટો બરાબર ચાલતા નથી એમ તમે કેમ કહી શકો છો?

ઉત્તર: હું એમ કહેતો જ નથી. હું એટલું જ સુચવવા માંગુ છું કે આવા ટ્રસ્ટો ઉપર વધારે દેખરેખ રાખવી જોઇએ.

પ્રશ્ન: એ તો બનવાનું જ છે. ગમે તેવો કાયદો કરવામાં આવે, જે ટ્રસ્ટોનો વહીવટ ખરાબ રીતે કરવામાં આવતો હશે તે ટ્રસ્ટોમાં સરકારી દખલગીરીને જેટલો અવકાશ હશે તેવી કોઇ દખલગીરીને સુવ્યસ્થિત ટ્રસ્ટોમાં અવકાશ નહિ જ હોય. આખરે જે ક્ષણે એમ માલુમ પડશે કે અમુક ટ્રસ્ટનો વહીવટ બહુ સારી રીતે ચાલી રહ્યો છે તે ક્ષણથી તે ટ્રસ્ટના વહીવટમાં કશી પણ દખલગીરી કરવામાં નહિ આવે. પણ જો સરકારી અધિકારીને કોઇ પણ ટ્રસ્ટનો વહીવટ ગેરવ્યવસ્થાથી ભરેલો માલુમ પડશે તો કાયદાની બધી કલમો તેને લાગુ પાડવામાં આવશે અને તેની સાથે સખ્તાઇથી કામ લેવામાં આવશે.

વારૂ, હવે આપણે આગળ ચાલીએ. કેટલાએક જૈન ટ્રસ્ટોએ પોતાના નાણાં સોના ચાંદીમાં રોકેલા છે એમ માલુમ પડયું છે. સદ્‌ભાગ્યે સોના ચાંદીના ભાવોમાં ઉછાળો આવ્યો છે અને ઉત્તરોત્તર વધતા જ રહ્યા છે પણ આ ભાવ કયારે નીચા ઉતરશે એ તો ઇશ્વર જ જાણે છે. સોનાનો ભાવ હિંદુસ્તાન કરતાં ઇગ્લાંડમાં ઘણો નીચો છે. આવું નાણાનું રોકાણ કાયદાએ મંજુર રાખવું જોઇએ એવો તમારે અભિપ્રાય છે? મને એમ માલુમ પડયું છે કે મુંબઇ એકલામાં જ જૈન ચેરીટીઓનો ૧૧ લાખથી વધારે રકમ સોના ચાંદીની પાટોમાં રોકાયેલી છે. અમદાવાદમાં ૧૦ લાખ અને સુરતમાં એક લાખનું રોકાણ પણ આ પ્રકારનું છે.

ઉત્તર: કોઇ પણ પ્રકારના રોકાણના ભાવ વધવા ઘટવાની એટલી જ શકયતા છે.

પ્રશ્ન: એ બરોબર છે. પણ જો તમારી પાસે ગવર્મેન્ટ પેપર હોય તો દર વર્ષે તમને અમુક આવક તો થવાની જ.

ઉત્તર: આ બાબત વિષે હું કોઇ ચોક્કસ અભિપ્રાય આપી શકતો નથી. ટ્રસ્ટોનો વહીવટ વૈશ્ય વ્યાપારીઓના હાથે ચાલી રહ્યો હોય છે અને તેઓ નાણાના રોકાણ સંબંધમાં ભારે કુશળ હોય છે અને તેમને સોના ચાંદીમાં કરવામાં આવતું રોકાણ પુરેપુરૂં લાભદાયી અને સંગીન લાગ્યું ન હોત તો તેઓ કદિ એવું રોકાણ કરત નહિ. અલબત્ત આમાં અમુક જોખમ તો છે જ.

પ્રશ્ન: પણ ટ્રસ્ટીઓ પોતાની વ્યાપારી કુશળતા ઉપર મદાર બાંધીને મંદિરની મીલ્કતમાંથી સારો નફો તારવવાના હેતુથી આમ સટ્ટો ખેલે એ બાબતને તમે સંમત કરશો?

ઉત્તર: નહિ.

પ્રશ્ન: આનું પરિણામ તો આવું જ આવે છે. મંદિરનાં નાણાં ઉપર તેઓ પોતાની વ્યાપારી કુશળતાનો એક પ્રકારનો પ્રયોગ અજમાવી રહ્યા છે.

ઉત્તર: આમ તેમણે ન જ કરવું જોઇએ. આ બાબતમાં હું આપને સંમત થાઉં છું.

પ્રશ્ન: હવે મંદિરની મોટી મોટી રકમો ખાનગી પેઢીઓમાં જમે રાખવામાં આવે છે. આ વિષે તમારૂં શું કહેવું છે?

ઉત્તર: આવી રીતે ખાનગી પેઢીઓમાં આવાં નાણાં જમે ન જ થવા જોઇએ. પણ ઘણા ખરા મંદિરોનો વહીવટ ટ્રસ્ટીઓકટના ધોરણ ઉપર જ ચાલે છે અને ટ્રસ્ટના નાણાંનાં રોકાણ સંબંધે

ટ્રસ્ટઓફટમાં ચોકકસ નિયમો છે. એ નિયમો મુજબ જ દેવદ્રવ્યનું ઘણું ખરું રોકાણ થાય છે.

પ્રશ્ન : દેવદ્રવ્યના સામાજિક ઉપયોગની મના કરતા ધર્મશાસ્ત્રોના કોઇ ઉલ્લેખો તમારા ધ્યાનમાં છે?

ઉત્તર : એવા ઉલ્લેખો હોવા જોઇએ. એ સંબંધમાં મારી પાસે કોઇ ચોકકસ માહીતી નથી. આમ છતાં પણ આ સુધારો આપણે દાખલ કરવો જ જોઇએ એમ હું અંગત રીતે માનુ છું. ધર્મશાસ્ત્રોના ઉલ્લેખોના કારણે આપણે કાળની સાથે કુચ કરતાં થંભી જવું જોઇએ એમ હું માનતો નથી. જો કે ધર્મશાસ્ત્રો હરિજનોના મંદિરપ્રવેશને સંમત કરતા નહોતા એમ છતાં પણ આપણા મંદિરોમાં તેમને પ્રવેશ કરવાની આપણે છુટ આપી છે. આ દિશાએ પણ આપણે આવું જ પગલું ભરવું જોઇએ.

પ્રમુખ : તમારો હું ઉપકાર માનું છું.

અનુવાદક : **પરમાનંદ**

અલગવાદનો ઉન્માદ

થોડા દિવસ પહેલાં ગોડીજીના ઉપાશ્રયમાં શત્રુંજય તીર્થનો કરવેરો નાબુદ કરવાની માંગણી કરવા માટે જૈનોની એક જાહેર સભા મળી હતી, જે વખતે આપણાં એક જાણીતા કાર્યકર્તાએ નીચેની મતલબના ઉદ્‌ગારો કાઢયા હતા: "આપણે જૈનોએ હવે બરોબર સંગઠ્ઠિત થવું જોઇએ અને મજબુત હાથે કામ લેવું જોઇએ. આજે આપણી ચોતરફ વિરોધી બળો કામ કરી રહ્યાં છે અને જો વખતસર આપણે ચેતીશું નહિ અને પરિપકકવ રીતે સંગઠ્ઠિત બનીને આપણા હકકોની રક્ષા કરીશું નહિ તો આપણું આ વિશાળ જનસમુદાયમાં કશું સ્થાન નહિ રહે અને આપણું સ્થાન, પ્રતિષ્ટા, મોભો, મરતબો જોતજોતામાં ગુમાવી બેસીશું. દાખલા તરીકે મુંબઇ સરકારનું હરિજન મંદિર પ્રવેશ બીલ વિચારો. એ વખતે આપણે બરોબર સંગઠ્ઠિત થયા નહિ, મકકમ હાથે કામ ન લીધું, મોટા પાયા ઉપર હીલચાલ ન કરી અને સુતા રહ્યા અને મુંબઇ સરકારે આપણને જૈનોને હિંદુ સમાજમાં અન્તર્ગત લેખીને આખા જૈન સમાજ ઉપર એ કાયદો ઠોકી બેસાડયો. આવા જ સંયોગો વચ્ચે સી. પી. ના જૈનોએ આ બાબતમાં વ્યવસ્થિત રીતે પુરા જોરશોરપૂર્વક હીલચાલ ચલાવી, પાકું સંગઠ્ઠન કર્યું અને પરિણામે હરિજન મંદિર પ્રવેશ ધારાથી ત્યાંનો જૈન સમાજ મુકત રહી શકયો. આ ભાઇઓનો આપણે દાખલો લેવો જોઇએ, આપણું ઘર સરખું કરવું જોઇએ અને હિંદુઓ ઉપર લાગુ પડતો એક પણ કાયદો આપણને તેમાંના ગણીને આપણા ઉપર ઠોકી બેસાડવામાં ન આવે તેની પુરી તકેદારી રાખવી જોઇએ. આજે આપણામાંના કેટલાક ભાઇઓ આપણે હિંદુ છીએ અને હિંદુઓ અને જૈનો એક છે એવી બ્હાહિયાત વાતો ચલાવી રહ્યા છે અને ઉદારતા અને વિશાળતાની અર્થ વિનાની વાતો કરી રહ્યા છે. પણ આપણે એવી વાતોથી છેતરાવું ન જોઇએ. આપણે મુકતકંઠે જાહેર કરવું જોઇએ કે અમે હિંદુ નથી, અમે જૈન છીએ. હિંદુઓથી અમારો સમાજ, અમારો ધર્મ, અમારી સંસ્કૃતિ, અમારા રીતરીવાજ તદ્દન અલગ છે. અમને જે કોઇ કાયદો લાગુ પાડવાનો હોય તે અમને પુછીને અમારી સંમતિ મેળવીને જ થવો જોઇએ. એમ નહિ બને તો અમારે અમારા સમાજની, અમારા ધર્મની, આમારી સંસ્કૃતિની રક્ષા ખાતર ગમે તે સરકાર હશે તેની સામે લડતમાં ઉતરવું પડશે, સત્યાગ્રહ જાહેર કરવો પડશે. આવા કારણે કોઇ પણ જૈન બચ્ચો પોતાના સર્વસ્વનું બલિદાન આપવામાં પાછી પાની નહિ કરે."

આ વીરવાણીની અહિં લાંબી સમાલોચના કરવાનો કોઈ આશય નથી. અહિં તો સી. પી. ના જૈનોના સંગઠ્ઠન અને તેના પરિણામે હરિજન મંદિર પ્રવેશ ધારામાંથી તેમને મળેલી મુકિતરૂપી સફળતાના અવાન્તર પરિણામો શું આવ્યા છે અને આવવાની વકી છે એ તરફ અંગુલિનિર્દેશ કરવા પુરતો જ આ નોંધ લખવાનો આશય છે. ભરોંસાપાત્ર સ્થળેથી ખબર મળે છે કે સી. પી. ના જૈનોના અલગવાદનું એક પરિણામ એ આવ્યું છે કે સી. પી. નાં કેટલાક હિંદુમંદિરો ઉપર 'અહિં મુસલમાનો તથા જૈનોને દાખલ થવાનો પ્રતિબંધ છે' એ મતલબનાં પાટીયાં મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત ત્યાંની યુનીવર્સીટીમાં એ પ્રશ્ન ઉપસ્થિત થયો છે કે જો જૈનો પોતાને હિંદુઓથી અલગ લેખે છે તો હિંદુઓ માટે નિર્માણ કરવામાં આવેલી શિષ્યવૃત્તિઓનો જૈનોને જે લાભ આપવામાં આવે છે તે શા માટે બંધ કરવો ન જોઇએ? મુંબઇમાં પણ ટેન્ડુલકર કમીટી સામે અપાતી જુબાનીઓ દરમિયાન જ્યારે કોઇ પણ જૈન આગેવાન તરફથી પોતે અને પોતાની કોમ હિંદુઓથી અલગ છે એવો દાવો તેની સમક્ષ રજુ કરવામાં આવતો ત્યારે કમીટીના પ્રમુખ શ્રી ટેન્ડુલકર તુરત જ સામેથી એવો પ્રશ્ન પૂછતા કે જો તમો જૈનો પોતાને હિંદુઓથી અલગ ગણાવો છો તો કોઇ પણ હિંદુ ચેરીટીનો તમને શા માટે લાભ મળવો જોઇએ? શા માટે હિંદુ ધર્મશાળા કે હિંદુ દવાખાનાનો લાભ જૈનોને સુલભ હોવો જોઇએ? આવી ધુંચવણનો એવો જવાબ આપવામાં આવતો કે અમે સમાજ તરીકે હિંદુ સમાજમાંના છીએ, પણ ધર્મ તરીકે હિંદુઓથી અલગ છીએ. પણ આવા જવાબથી કમીટીના પ્રમુખને જરા પણ સંતોષ થતો નહોતો. આ તો લાભમાં ભાગીદારી અને જવાબદારીમાં જુદાપણું–આવી કાંઇક આપણી વિચારસરણી હોય તેમ તેમને ભાસતું.

આ રીતે હિંદુઓથી અલગ લેખાવામાં જૈન સમાજનું સાંપ્રદાયિક ધમંડ પોષાવા સામે બીજા કયા કયા નુકસાન અને જોખમો છે તે તરફ જૈન સમાજનું ખાસ ધ્યાન ખેંચવાનો આ નોંધનો હેતુ છે. વાસ્તવિક કે તાત્વિક રીતે જૈનો હિંદુઓથી જુદા હોય તો આ નુકસાન અને જોખમો જૈનોએ હસતા મોઢે સ્વીકારી લેવા જોઇએ, પણ એક બાજુએ આવી કોઇ વાસ્તવિક કે તાત્વિક જુદાઇ જૈનો અને હિંદુઓ વચ્ચે છે જ નહિ એ આપણે જૈનોએ બરોબર સમજી લેવું જરૂરી છે અને તેથી બીજી બાજુએ અમુક આપણને અણગમતો કાયદો હિંદુઓને લાગુ પડે તે જૈનોને ન પડવો જોઇએ એટલા હેતુ ખાતર જ જે અનર્થપૂર્ણ અલગવાદ આપણે આગળને આગળ ધારી રહ્યા છીએ તેથી આપણે અટકવું જોઇએ. જૈન સમાજ સાધારણ રીતે લાભાલાભની દ્રષ્ટિએ જ કોઇ પણ વાત, વિચાર કે વાણી સ્વીકારે છે કે છોડે છે એવો સામાન્યતઃ અનુભવ હોવાથી આજે ઉપદેશાતો પ્રચારાતો અલગવાદ જૈન સમાજના વર્તમાન તેમ જ ભાવીને કેટલો પ્રતિકુળ રીતે સ્પર્શી રહેલ છે તે બાબત જૈન સમાજ સમક્ષ યથાર્થ રીતે અને યોગ્ય આકારમાં રજુ કરવાનો અહિં પ્રયત્ન કર્યો છે. આશા રાખીએ કે શાણો જૈન સમાજ આજના અલગવાદના ઉન્માદથી જલ્દિથી મુકત થશે. અને હવે પછીથી હિંદુ સમાજ અને ધર્મના અન્તર્ગત અંગ અથવા તો અવયવ તરીકે પોતાને ઓળખશે અને ઓળખાવશે. એમ કરવામાં જ જૈન સમાજનો સાચો સ્વાર્થ છે અને સાચું શ્રેય રહેલું છે.

પરમાનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ. મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૩

મુંબઈ: ૧ જુન ૧૯૪૮ અંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

ટેન્ડુલકર કમીટી સમક્ષ

શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ આપેલી જુબાની

(તા. ૨૨–૪–૪૮ ના રોજ ટેન્ડુલકર કમીટી સમક્ષ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ જે જુબાની આપી હતી તેમાંના ઘણા ખરા અગત્યના ભાગનો અનુવાદ નીચે આપવામાં આવે છે. શેઠ કસ્તુરભાઇ જૈન સમાજની એક વિશિષ્ટ વ્યક્તિ છે. તેઓ વ્યાપારઉદ્યોગના ક્ષેત્રમાં અત્યન્ત માનવન્તુ સ્થાન ધરાવે છે. સરકારમાં પણ તેઓ સારી લાગવગ તેમજ પ્રતિષ્ઠા ધરાવે છે. તેમણે પોતાની જુબાનીમાં રજુ કરેલા વિચારોથી પ્રબુદ્ધ જૈન અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘનાં વિચારો અને વળણો ઘણાં જ જુદા પડે છે, એમ છતાં પણ જૈન સમાજની આવી એક મોભાદાર વ્યક્તિ પ્રસ્તુત ચર્ચાસ્પદ બાબતો પરત્વે કેવા વિચારો ધરાવે છે એ બાબતની જૈન તેમ જ જૈનેતર સમાજને પ્રમાણભૂત માહીતી મળે એ હેતુથી તેમની જુબાનીના અગત્યના ભાગો અહિં પ્રગટ કરવામાં આવે છે. અન્ય વિદ્વાનો અને વિચારકોએ આ કમીટી સમક્ષ રજુ કરેલા વિચારો હવે પછીના અંકમાં રજુ કરવા ધારણા છે. શેઠ કસ્તુરભાઇએ આપેલી જુબાનીની નકલ અમને પુરી પાડવા માટે શેઠ કસ્તુરભાઇનો આભાર માનવામાં આવે છે. **પરમાનંદ.**)

પ્રશ્નકાર : કમીટિના પ્રમુખ ટેન્ડુલકર

પ્ર. ટે.: આપ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મુખ્ય ટ્રસ્ટી છો.

ક. લા. : હા

પ્ર. ટે. : તમારા બંધારણ પરથી અમને માલુમ પડે છે કે જુદા જુદા સ્થળના સંઘો પ્રતિનિધિઓ ચુંટે છે, અને આ પ્રતિનિધિઓ મેનેજીંગ કમીટીની ચુંટણી કરે છે.

ક. લા. : પ્રવૃત્તિ એવી છે કે જુદા જુદા સ્થળના સંઘો પોતાના પ્રતિનિધિઓ ચુંટે છે. જેઓ જરૂર મુજબ વરસમાં એક કે બે વાર મળે છે. મેનેજીંગ ટ્રસ્ટીઓનું મંડળ અગવાહનું જ હોય છે અને જ્યારે તેમાંથી કોઇની જગ્યા ખાલી પડે છે ત્યારે ટ્રસ્ટીઓ પોતાની અંદરથી જ ખાલી પડેલી જગ્યાની પુરવણી કરે છે અને જુદા જુદા સ્થળોએથી ચુંટાયલા ૧૦૮ પ્રતિનિધિઓની તે સંબંધમાં અનુમતિ મેળવવામાં આવે છે.

પ્ર. ટે. : સંઘમાં કોનો કોનો સમાવેશ થાય છે?

ક. લા. : જૈનો જે રીતે સંઘ શબ્દનો અર્થ સમજે છે તે રીતે સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર વર્ગનો સમાવેશ થાય છે. પણ સાધારણ રીતે અમુક સ્થળે રહેતા જૈનો એટલે સંઘ એમ સમજવામાં આવે છે.

પ્ર. ટે. : આણંદજી કલ્યાણજીની પેઢી પાસે આજે કેટલી મુડી હશે?

ક. લા. : લગભગ ૬૦ લાખ રૂપીઆ.

પ્ર. ટે. : ધાર્મિક નિમિત્ત સિવાય આ નાણામાંથી કેળ સામાજીક હેતુ માટે કશી પણ રકમ વાપરવામાં આવે છે ખરી?

ક. લા. : ના.

પ્ર. ટે. : આ પેઢી તેમ જ અન્ય જૈન સંસ્થાઓ તરફથી મળેલા જવાબો ઉપરથી મને માલુમ પડે છે કે દેવદ્રવ્ય સામાજિક ઉપયોગ માટે વાપરી ન શકાય એવી જૈન ધર્મની આજ્ઞા છે.

ક. લા : હાજી, એમ જ છે.

પ્ર. ટે. : આવો શાસ્ત્રીય ઉલ્લેખ ક્યાં છે તે મને કહી શકશો? કોઇ આગમોમાં આવો ઉલ્લેખ છે ખરો?

ક. લા. : આવી બાબતમાં હું એક અલ્પજ્ઞ શ્રાવક છું, પણ આ બાબતમાં જે સાધુઓ પ્રમાણભૂત ગણાય છે અને દેવદ્રવ્યના ઉપયોગ સંબંધે શાસ્ત્રીય ઉલ્લેખો રજુ કરી શકે એમ છે એવા સાધુઓ પાસેથી આને લગતાં પ્રમાણો હું મેળવી આપી શકીશ.

પ્ર. ટે. : આપ આવા પ્રમાણો મેળવી આપી શકશો તો હું બહુ રાજી થઇશ. મને આવા પ્રમાણોની ખાસ અપેક્ષા છે. કારણ કે જૈનોના ધાર્મિક ખાતાનાં નાણાં સામાજિક કાર્યોમાં વાપરી ન જ શકાય એમ માનવાને કશું જ કારણ નથી એવી અમારી પાસે જુબાનીઓ આવી છે. દેવદ્રવ્યનો આવો ઉપયોગ વ્યાજબી છે કે નહિ એ બાબતમાં અમારે છેવટના નિર્ણય પર આવવું જોઇએ. આ સંબંધમાં નિર્ણય લેતાં અમારે પુરી સંભાળ લેવી જ રહી.

ક. લા. : સમાજના અમુક વર્ગના વિચારો સાંભળીને આપ દોરવાઇ નહિ જાઓ એ બાબતની મને ખાત્રી છે.

પ્ર. ટે. : દેવદ્રવ્યનો સામાજિક કાર્યો માટે લેશમાત્ર ઉપયોગ થઇ ન શકે એમ આપ કહેવા માંગો છો એમ હું સમજુ છું.

ક. લા. : બરોબર એમ જ.

પ્ર. ટે. : આણંદજી કલ્યાણજીની પેઢીનાં નાણાં ખાનગી પેઢીઓમાં રોકવામાં આવે છે?

ક. લા. : છેલ્લા પચાસ સાઠ વર્ષથી કોઇ પણ ખાનગી પેઢીમાં રોકવામાં આવ્યા નથી.

પ્ર. ટે. : બીજી જૈન ચેરીટીઓ સંબંધમાં આમ હોય એમ કમનસીબે માલુમ પડતું નથી.

ક. લા. : મને લાગે છે કે આપને મળેલી માહીતી મોટાં ટ્રસ્ટો પુરતી બરોબર નથી. તેઓ કાં તો સ્થાવર મિલ્કતોમાં અથવા તો વ્યાજ મળે એવા સરકારી કાગળીયાઓમાં નાણાં રોકે છે. ખાનગી પેઢીમાં પૈસા રોકતા હોય એવા કેટલાં ટ્રસ્ટો છે તેની મને ખબર નથી.

પ્ર. ટે. : કેટલીક જૈન ચેરીટીઓના વ્યવસ્થાપકો તરફથી મળેલા જવાબો આપના અભિપ્રાય સાથે મળતા થતા નથી. ઘણી પેઢીઓએ કબુલ કર્યું છે કે તેઓએ પોતાની હસ્તકનાં નાણાં ખાનગી પેઢીઓમાં રોકેલાં છે અને તેના બચાવમાં તેઓ જણાવે છે કે તેમને વ્યાજના આકારમાં તેવા રોકાણનો સારો બદલો મળે છે, જે ટ્રસ્ટના

ખરચોને પહોંચી વળવા માટે જરૂરનો હોય છે અને બાનગી પેઢીમાં આવી રીતે નાણાં રોકવાનું જોખમ બહુ થોડું હોય છે અને તે સામે જે બદલો મળે છે એ જોતાં એટલું જોખમ ખેડવું એ તેમને યોગ્ય લાગે છે. જો આપ કહો છો તેમ આ મુજબની ચાલુ રીતરસમ ન હોય તો તે સાંભળીને મને આનંદ થાય છે.

ક. લા. : હું નમ્રપણે રજુ કરું છું કે જૈન ચેરીટીઓની કુલ રકમ કેટલી છે અને બાનગી પેઢીઓમાં આમાંનો કેટલો ભાગ રોકવામાં આવે છે તેની આપ સરખામણી કરશો તો મને બાત્રી છે કે મારું કહેવું આપને બરોબર સાચું માલુમ પડશે.

પ્ર. ટે. : આપને એક દાખલો આપું. મુંબઇમાં શ્રી. વીર જૈન કાઠિયાવાડ પાઠશાળા નામની એક સંસ્થા છે. તેની રૂા. ૭૦૦૦૦ ની મુડીમાંથી રૂા. ૫૭૦૦૦ જેટલી મોટી રકમ બાનગી પેઢીમાં રોકવામાં આવેલ છે.

ક. લા. : મને લાગે છે કે આ સંબંધમાં યોગ્ય નિર્ણય ઉપર આવવા માટે આપે જૈન ચેરીટીઓની કુલ રકમ કેટલી થાય છે તે આપે નક્કી કરવું જોઇએ અને આમાંના કેટલા ટકા બાનગી પેઢીમાં રોકાયલા છે તેની તારવણી કરવી જોઇએ.

પ્ર. ટે. : આપની વાત બરોબર છે. અમે આને લગતી હકીકતો સરકારી દફ્તરમાંથી એકઠી કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ અને તે ઉપરથી સત્ય શું છે તે માલુમ પડશે. પણ બાનગી પેઢીમાં પૈસા રોકવા એ ઇચ્છવાયોગ્ય પધ્ધતિ નથી એમ તો આપ માનો છોને ?

ક. લા. : એ ચોક્કસ અનિચ્છનીય પદ્ધતિ છે.

પ્ર. ટે. : હવે એક બીજા પ્રકારના રોકાણનો વિચાર કરીએ કે જે માત્ર જૈન ચેરીટીઓમાં જ જોવામાં આવે છે. આ રોકાણ સોના ચાંદીને લગતું છે. આ પ્રકારનું નાણાનું રોકાણ આપને યોગ્ય લાગે છે ?

ક. લા. : હા. મને લાગે છે કે આવું રોકાણ ઇચ્છવા યોગ્ય છે. સંભવ છે કે બીજી કમીટી માફક તમારી કમીટી એમ સુચવે કે ટ્રસ્ટના ફંડો સરકારી કાગળીયામાં જ રોકવા જોઇએ. પહેલા વિશ્વવિગ્રહ દરમિયાન આપણે બધા જાણીએ છીએ તે રીતે સાડાત્રણ ટકાની સો રૂપીઆની લોનનો ભાવ ૪૭ ટકા ઉતરી ગયો હતો અને પ૭ ના ભાવમાં વેચાણી હતી. ગવર્મેન્ટ સીકયુરીટીમાં જે લાખોની સંખ્યામાં આવું નાણું રોકાયેલું હતું તેને કેટલી ખોટ આવી હશે તે આપ સહજ કલ્પી શકશો. બધું નાણું એક જ ઠેકાણે રોકવું એ ડહાપણભર્યું નથી. આ રીતે સરકારી કાગળીઆની ગમે તેટલી સધ્ધર સ્થિતિ હોય તો પણ તેમાં બધુ નાણું રોકવું તે ડહાપણભર્યું નથી. જર્મની અને ફ્રાંસમાં શું બન્યું એ પણ આપણે જાણીએ છીએ. તેથી ટ્રસ્ટફંડનો અમુક ભાગ સોના ચાંદીમાં રોકવામાં આવે એ જરૂર ડહાપણભર્યું છે. વિશેષમાં અમે જે કાંઇ સોનાચાંદીમાં રોકાણ કરીએ છીએ તે કોઇ સટ્ટાના હેતુથી કરતા નથી. અમોએ કરેલી સોના ચાંદીની ખરીદીનો મોટો ભાગ કાંઇ મોટી કીમત આપીને ખરીદાયો નથી. જ્યારે ચાંદીનો ભાવ ૪૦ થી ૫૦ ની આસપાસનો હતો અને સોનું ૨૫ થી ૩૦ ની આસપાસનું હતું ત્યારે જ આવી ખરીદી કરવામાં આવી હતી. તેથી જો ટ્રસ્ટીઓએ પોતાની હસ્તકનાં નાણાં સોનાચાંદીમાં રોકયા હોય તો તે સંબંધમાં તેમને કોઇ પણ પ્રકારનો દોષ દેવો યોગ્ય નથી એમ મને લાગે છે. તેણે બરોબર જ કર્યું છે એમ બારે કહેવું જોઇએ.

પ્ર. ટે. : મને એડવોકેટ જનરલે હજુ હમણાં જ જણાવ્યું હતું કે પંદર દિવસ પહેલાં તેમની સમક્ષ રજુ કરવામાં આવેલી એક યોજના (Scheme) માં આજના ભાવે સોનું ખરીદવાની માંગણી કરવામાં આવી હતી. જ્યારે સોના ચાંદીના ભાવ બહુ નીચા હતા ત્યારે આવા રોકાણ કરવામાં આવતા હતા એમ નથી. આજના ઉંચા ભાવોમાં પણ તેઓ આવા રોકાણ કરવા માંગે છે. એક બીજી બાબત એ છે કે સોનાચાંદીમાંથી કાંઇ નિષ્પન્ન તો થતું જ નથી.

ક. લા. : એ હું કબુલ કરું છું.

પ્ર. ટે. : તો પછી ટ્રસ્ટફંડોમાંથી વ્યાજની રીતે પણ કાંઇક દ્રવ્ય ઉત્પન્ન થવું જોઇએ એ જરૂરી નથી ?

ક. લા. : નાણાંમાંથી વ્યાજ ઉત્પન્ન થવું જોઇએ એ બરોબર છે, પણ એથી વધારે અગત્યની બાબત તો મુડીની સહીસલામતિને લગતી છે. નાનું સરખું વ્યાજ કમાવા જતાં પણ આપણી મુડીને ધસારો ન લાગે એ આપણે બાસ જોવું જોઇએ.

પ્ર. ટે. મુડીનો હેતુ શું છે ? જો એમાંથી કાંઇ પેદા ન થાય તો અમારી પાસે બાટલી મુડી છે એટલા સંતોષ બાતર જ આપણે મુડી ભેગી કરવી એમ ?

ક. લા. : અમારી પાસેના નાણાંની અમને કઇ રીતની જરૂરીઆત છે તે હું આપને સમજાવું. કોઇ પણ ચોક્કસ હેતુ માટે બાજુએ રાખી મુકેલાં નાણાં નકામા પડી રહ્યાં છે એમ આપને લાગતું હશે; પણ એ બરોબર નથી. આપને એક દાખલો આપું. આબુ પર્વત ઉપર અમારાં અમૂલ્ય મંદિરો છે. એ મંદિરો ૧૦૪૨ ની સાલમાં બંધાયાં હતાં અને અમારો એ ૯૦૦ વર્ષનો વારસો છે. એના સમારકામ પાછળ અમે આજ સુધીમાં બહુ નાણું ખરચ્યું નથી. પણ હવે એવો વખત આવ્યો છે કે તેના જીર્ણોદ્ધાર પાછળ અમારે એક બહુ મોટી રકમ ખરચવી જોઇએ. હમણાં જ મુંબઇથી અમે કેટલાક જાણીતા શિલ્પશાસ્ત્રીઓને ત્યાં લઇ ગયા હતા અને પ્રસ્તુત જીર્ણોદ્ધારનો બાવીશ લાખ રૂપીઆ બર્ચ આવશે એવો તેમણે અડસટ્ટો કાઢી આપ્યો હતો. આ કોઇ એવી નાની સુની રકમ નથી કે જે મુંબઇ, અમદાવાદ કે કોઇ પણ અન્ય સ્થળેથી એકાએક પેદા કરી શકાય. અમારી પાસેના ટ્રસ્ટ ફંડોમાંથી જ આની સગવડ ઉતારવી જોઇએ. અને દર વર્ષે આવા હેતુ માટે જો અમે અમુક રકમ અલગ કાઢી હોય તો એ ઉપરથી એમ કહી નહિ શકાય કે આ મુડી કેવળ નકામી પડી રહી છે. આબુનાં મંદિરો પુરતું હું એમ કહેવાને તૈયાર છું કે શિલ્પના વિષયમાં દુનિયામાં તેનો કોઇ જોટો નથી અને તેથી જ અમારાથી બને તે રીતે આ બન્નાને જાળવી રાખવો તે અમારો ધર્મ થઇ પડે છે. ૯૦૦ વર્ષ પહેલાં જે પત્થર વાપરવામાં આવ્યો હતો એ જ પત્થર અમારે વાપરવો રહ્યો અને જે રીતની કોતરણી કરવામાં આવી હતી એ જ રીતની કોતરણી આજે જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં નવી કરવાની રહી અને મૂળનો ઉઠાવ બાબેહુબ જળવાઇ રહે એ અમારે જોવું રહ્યું. એ દિવસોમાં દનૈયાના એક આના કે અરધા આનામાં કડીઓ મળતો હતો પણ આજે તે કરતાં વીશ કે ત્રીશ ગણાં દામ કડીઓને આપવા પડે છે. સુતાર સંબંધમાં પણ એ જ સ્થિતિ પ્રવર્તે છે. આ બધી હકીકતો ધ્યાનમાં લેતાં જૈન મંદિરનાં નાણાં નકામાં પડી રહે છે એમ કહેવું યોગ્ય નથી.

પ્ર. ટે : જીર્ણોદ્ધાર માટે જુદા કરવામાં આવેલા મંદિરના નાણાં તે હેતુ માટે વપરાય છે બરા કે ?

ક. લા : હાજી. હું એક નહિ પણ સેંકડો દેરાસરોના દાખલા ટાંકી શકું તેમ છું કે જેમણે પોતાના નાણાનો જીર્ણોદ્ધારના કાર્યોમાં ઉપયોગ કર્યો છે.

× × × ×

શ્રી કસ્તુરભાઇએ પોતાની જુબાની આપતાં હિંદુસ્તાનમાં સ્થળે સ્થળે કેવા જૈન મંદિરો છે અને શિલ્પ, સૌંદર્ય અને કારીગરીની દ્રષ્ટિએ તેનું કેટલું મહત્ત્વ છે તે સમજાવ્યું અને આબુ અને રાણકપુરના જૈન મંદિરોની મુલાકાત આપવા માટે કમીટીના સભ્યોને આગ્રહપૂર્વક વિનંતિ કરતાં જણાવ્યું કે " કમીટી જો જૈન મંદિરોની

વિશિષ્ટતા ધ્યાનમાં લેશે અને તેના ચાલુ સમારકામ માટે કેટલા વિપુલ દ્રવ્યની જરૂર છે તેનો કમીટી બરોબર ખ્યાલ કરશે તો કમીટીએ જૈન મંદિરોને આવા કોઇ પણ કાયદાઓથી મુકત રાખવા જોઇએ એવા વિચારપક્ષના સમર્થનમાં કશું પણ વિશેષ કહેવાની જરૂર નહિ રહે.

પ્ર. ટે. આપને એવો ભય રાખવા જરૂર નથી. જરૂરિયાત વિના જૈન મંદિરો સંબંધે અમે કશો પણ કાયદો કરવા માંગતા નથી. કોઇ પણ સંજોગોમાં મંદિરોની જરૂરિયાતો વણપૂરાયેલી રહે એમ અમો ઇચ્છતા નથી. મંદિરનાં નાણાં વ્યાજખી કામો માટે વપરાવા ન જોઇએ એવું પણ અમે સુચવવા માંગતા નથી. કમીટી સામે એક જ મુદ્દો છે, અને તે એ છે કે મંદિરોની બધી જરૂરિયાતોને પહોંચી વળવા બાદ જો કશું પણ વધારાનું નાણું રહે તો એ નાણાંનો ઉપયોગ સામાજીક કાર્યો માટે કરવો જોઇએ કે નહિ ?

ક. લા. : હું એ દૃષ્ટિબિન્દુ બરોબર સમજી શકું છું, પણ હું નમ્રભાવે રજુ કરું છું કે જ્યાં સુધી કમીટી એક યા બે મંદિરોની મુલાકાત નહિ લે ત્યાં સુધી જૈન મંદિરોની જરૂરિયાતો કેટલી છે તેનો કમીટીને પુરો ખ્યાલ આવી શકશે નહિ.

પ્ર. ટે. : જૈન મંદિરની સુરક્ષાને લગતી વ્યાજબી જરૂરિયાતોને પહોંચી વળવા બાદ જૈનમંદિરો પાસે વધારાનું નાણું રહે છે કે નહિ એ પ્રશ્ન સાથે જ અમારે સીધી નિસબત છે.

ક. લા. : હું આગળ વધીને કહું છું કે જૈન મંદિરોના જરૂરી સમારકામ માટે પણ અમારી પાસે પુરતા પૈસા નથી.

× × × ×

પ્ર. ટે. જૈન સમાજમાં સમાન હેતુ ધરાવતી ઘણી ચેરીટીઓ હોવી જોઇએ. એ બધી ચેરીટીઓ એકમેક સાથે મળીને પોતાનો વહીવટ ચલાવે એમ આપ ઇચ્છો ખરા કે નહિ ? દાખલા તરીકે અમદાવાદની શિક્ષણસંસ્થાઓ લ્યો. ઘણી જૈન સંસ્થાઓ પોતપોતાની રીતે કેળવણીનો પ્રચાર કરવા માટે જુદી જુદી રીતે કામ કરે છે. તે બધી પરસ્પર સહકાર સાધીને કામ કરે એ વિચાર આપને સંમત છે કે નહિ ?

ક. લા. : ચોક્કસ સિધ્ધાંતો નક્કી કરીને સર્વસામાન્ય કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવે એ હું જરૂર ઇચ્છું. પણ આ બધી સંસ્થાઓ સાથે મળીને કામ કરે તેની હું ચોક્કસપણે વિરૂદ્ધ છું.

પ્ર. ટે. : આપ શું કહેવા માંગો છો તે હું સમજી શકતો નથી.

ક. લા. : મારૂં કહેવું એમ છે કે પોતપોતાની સંસ્થાનો વહીવટ ચલાવવા માટે બધી સંસ્થાના કાર્યવાહકો એક સંમેલનના આકારમાં એકત્ર થાય અને ચોક્કસ સિદ્ધાંતો તારવી કાઢે તો તે હું જરૂર પસંદ કરું. પણ બધી સંસ્થાઓનો એકમાં સમાવેશ કરવામાં આવે એવું જો સુચવવામાં આવતું હોય તો હું તેની તદ્દન વિરૂદ્ધ છું.

પ્ર. ટે. : બધી સંસ્થાઓનો એકમાં સમાવેશ કરવામાં આવે એમ હું કહેવા માંગતો નથી. એટલા માટે તો મેં સહકાર શબ્દ વાપર્યો હતો.

ક. લા. : હાજી. એ તો ઘણું ઇચ્છવાયોગ્ય છે.

પ્ર. ટે. : દેવદ્રવ્ય સંબંધમાં મારે પુછવાનું છે કે તેનો ઉપયોગ ધાર્મિક શિક્ષણ આપવા પાછળ જો કરવામાં આવે તો તેથી પણ તમારી કોમ નાખુશ થશે ?

ક. લા. : બહુ જ.

પ્ર. ટે. : દેવદ્રવ્યનો એ વ્યાજબી ઉપયોગ ન ગણાય ?

ક. લા. : બીલકુલ નહિ. આ પ્રશ્નને લાગેવળગે છે ત્યાં સુધી જૈન ધર્મનું મંતવ્ય બીજા ધર્મો કરતાં બહુ જુદું છે. જૈન ધર્મના પાયામાં ચૈત્ય અને મૂર્તિ સૌથી પહેલાં આવે છે અને તે જ્ઞાનથી તદ્દન જુદા જ છે. જ્ઞાનખાતું પછી આવે છે અને ત્યાર પછી સાધુ-સાધ્વી અને શ્રાવક શ્રાવિકાનું ખાતું આવે છે. ચૈત્ય અને મૂર્તિ માટે નિર્માણ થયેલાં નાણાં જ્ઞાન પાછળ ખરચી શકાતા નથી અને જ્ઞાનનો અર્થ આજની સ્કુલ કે કોલેજમાં જે શિક્ષણ આપવામાં આવે છે તે નથી.

પ્ર. ટે. જ્ઞાન એટલે ધાર્મિક સાહિત્યનું શિક્ષણ એમ તમે કહેવા માગો છો ને ?

ક. લા. હાજી.

પ્ર. ટે. આ દેવદ્રવ્યનો ઉપયોગ કેળવણી અને એવી અન્ય સામાજિક પ્રવૃત્તિ પાછળ કરવાની હીલચાલ જૈનોમાં છેલ્લી પેઢી દરમિયાન ચાલી રહી છે ખરી ?

ક. લા. એવી કોઇ અગત્યની હીલચાલ ચાલી નથી. મારે એમ કહેવાનું છે કે પાંચ હજાર માણસો જો આ વિચારના હોય તો તેની વિરૂધ્ધમાં પચાસ હજાર માણસો મળી આવશે. આ બાબત ઉપર તમો કહો તે શરત કરવા હું તૈયાર છું.

પ્ર. ટે. આજે તો સાસરો સ્થિતિચુસ્ત હોય છે અને પુત્રવધૂ નવા જમાનાની હોઇ શકે છે.

ક. લા. : એ ઠીક છે. પુત્રવધૂને જે કરવું હોય તે ભલે કરે. તેને કોઇ અટકાવશે નહિ. પણ જો મારા પિતા ચોક્કસ હેતુને માટે અમુક રકમ મને આપી ગયા હોય તો મારી પત્ની કે પુત્રવધૂને ફાવે તેમ તે રકમનો ઉપયોગ કરવાની હું રજા આપી નહિ શકું. તે નવા જમાનાની છે અથવા તો પોતે બહુ મોટું કામ કરી રહેલ છે એમ તે માને છે એટલા ખાતર તે નાણાંનો તેને અન્ય માર્ગે ઉપયોગ કરવા નહિ દઉં. કોઇ પણ કાર્ય કરવા માટે કોઇ બીજાની મીલ્કત ઝુંટવી લેવી ન જોઇએ, પણ તેણે પોતે જ તે માટે જરૂરી દ્રવ્ય પેદા કરવું જોઇએ.

× × × ×

ચેરીટીકમીશનરની નીમણુંક જરૂરી છે કે નહિ તે પ્રશ્નનો જવાબ આપતાં શ્રી. કસ્તુરભાઇએ જણાવ્યું કે, "આવા ટ્રસ્ટોમાં સરકારની કોઇ મોટા પાયા ઉપરની દખલગીરીની હું ચોક્કસપણે વિરૂદ્ધ છું. અમુક સ્વાર્થી માણસો ટ્રસ્ટોનો પોતાના સ્વાર્થની ખાતર દુરૂપયોગ ન કરે એટલા પુરતી દખલગીરી આવકારવાને હું તૈયાર છું. પણ મદ્રાસની સરકારે કમીશનર નીમેલ છે અને બીજું પણ કેટલુંક કર્યું છે, તેથી મુંબઇની સરકારે પણ એ જ ધોરણે ચાલવું જોઇએ એ મારી દૃષ્ટિએ ખોટી રીત છે. એક બીજી પણ સુચના તમારી કમીટી સમક્ષ હું રજુ કરવા માગું છું અને તે એ છે કે અમને જૈનોને હિંદુઓથી તદ્દન અલગ રાખવા જોઇએ. કારણ કે અમારા સિદ્ધાંતો અને હેતુઓ હિંદુઓથી તદ્દન જુદા છે. દેશના વધારે વિશાળ હિતો લક્ષમાં લઇને જૈનોના અલગ પ્રતિનિધિત્વ અને બેઠકો માટે અમે હીલચાલ કરી નહિ એ કમનસીબીની વાત છે. તેથી જ આજે અમારા ઉપર જ્યાં ત્યાં હુમલા થઇ રહ્યા છે. જ્યારે પણ કાંઇ આવે છે ત્યારે અમને હિંદુઓ સાથે ભેળવી દેવામાં આવે છે. અમારો ધર્મ, અમારા આચાર, અમારા વિચાર હિંદુઓના રીતરિવાજથી તદ્દન વિરૂધ્ધ છે. હું એમ નથી કહેવા માગતો કે સામાજીક દૃષ્ટિએ અમારે અને હિંદુ વચ્ચે ભેદ છે, સિવાય કે કેટલાક હિંદુઓ માંસાહારી હોય છે; જ્યારે જૈનો બીલકુલ માંસાહારી હોતા નથી. પણ એ સિવાય ધાર્મિક રીતરીવાજ પુરતા હિંદુ અને જૈન ધર્મ તદ્દન અલગ છે. વળી તમોએ આજે બીજી ચેરીટીઓને બાજુએ રાખી છે. પારસી પંચાયતોને અને તેના ટ્રસ્ટોને તમોએ બક્ષાત રાખ્યા છે. કારણ કે એ લોકો બહુ માથાભારી છે અને લાગવગ ધરાવે છે અને સરકાર તેને અડવા માગતી નથી. જ્યારે જ્યારે કાંઇ પણ કાયદો કરવાનો હોય છે ત્યારે અમને હિંદુઓ સાથે ભેળવી દેવામાં આવે છે તે અમો જૈનોને ભારે અન્યાયકર્તા છે.

પ્ર. ટે. : આપ એમ કહેવા માગો છો કે જૈનો હિંદુઓથી એક અલગ કોમ છે ?

ક. લા. : લગભગ એમ જ.

પ્ર. ટે. : તેમની સાથે એ જ રીતે વર્તાવ કરવામાં આવે એમ તમે ઇચ્છો છો ?

ક. લા. : જ્યાં સુધી ધર્મને લાગેવળગે છે ત્યાં સુધી એ પ્રમાણે જ થવું જોઇએ. અલબત્ત અમોએ કોઇ સ્વતંત્ર પ્રતિનિધિત્વની માંગણી કરી નથી.

પ્ર. ટે. : ધર્મની વાત બાજુએ રાખીએ તો પણ ચેરીટીઓ વિષે શું ? જૈનોને હિંદુ ચેરીટીઓના લાભથી મુક્ત રાખવામાં આવે એમ આપ ઇચ્છો છો ?

ક. લા. : નહિ સાહેબ. જાહેર ચેરીટીઓ પુરતા તેમને બન્નેને એક ગણો તો મને વાંધો નથી. પણ જો એમ હોય તો પારસી અને મુસ્લીમ ચેરીટીઓને આપ અલગ કેમ રાખો છો તે હું સમજી શકતો નથી.

પ્ર. ટે. : હિંદુઓ અને પારસીઓ અથવા મુસલમાનો વચ્ચે જેટલો તફાવત છે તેટલો તફાવત હિંદુઓ અને જૈનો વચ્ચે છે એમ આપ ધારો છો ?

ક. લા. : એટલો બધો નહિ જ. એમ છતાં પણ જૈનો અને હિંદુઓ વચ્ચે ઘણો મોટો તફાવત છે.

પ્ર. ટે. : તો પછી જૈનોને હિંદુ ચેરીટીઓનો લાભ મળવો ન જોઇએ એમ આપ ઇચ્છો છે ?

ક. લા. : આપ શું કહેવા માંગો છો એ હું સમજી શકતો નથી.

પ્ર. ટે. : કમીટીની દરેક બેઠક દરમિયાન હું એમ માનીને ચાલતો હતો કે જૈનો હિંદુસમાજનો એક અંગભૂત વિભાગ છે. તેથી આપે હમણાં જે કહ્યું તેથી મને ભારે વિસ્મય થયું છે. જૈનો હિંદુ કોમનો અંગભૂત વિભાગ નથી એવો જૈનોનો દાવો છે એમ આપનું કહેવું હું સમજું છું.

ક. લા. : સામાન્યિક રીતરીવાજ પુરતા જૈનો હિંદુઓના અંગભૂતવિભાગ છે પણ માર્મિક ટ્રસ્ટો અને ચેરીટીઓને લાગેવળગે છે ત્યાં સુધી હું ભારપૂર્વક કરીને જણાવું છું કે જૈનો હિંદુઓથી તદ્દન અલગ છે.

પ્ર. ટે. : જૈન ધર્મ જુદો છે એ તો સ્વીકૃત છે.

ક. લા. : નહિ સાહેબ, એ સ્વીકારવામાં આવ્યું નથી. ધારો કે ધાર્મિક કમીશનરો હોવા જોઇએ એમ તમારી કમીટી નક્કી કરે તો હિંદુઓનાં અન્ય વિભાગો માફક જૈનોને તે બાબત લાગુ પાડવામાં આવશે. જૈનોના રીતરીવાજ શું છે તેનો ખરો ખ્યાલ અન્ય વિભાગોનો લોકોને હોવાનો જરા પણ સંભવ નથી આ મારો મુદ્દો છે.

પ્ર. ટે. : મેં તમને કહ્યું તેમ ધર્મના રીતરીવાજોને લગુ પડે એવું અમે કશું કરવા માંગતા નથી.

ક. લા. : મારે એટલું જ જોઇએ છીએ.

આના અનુસંધાનમાં પ્રમુખે જણાવ્યું કે, ધર્મના બધા રીતરીવાજોને પહોંચી વળવામાં આવે ત્યારબાદ જે કાંઇ વધારાનું નાણું રહે તેનો જ અમારે વિચાર કરવાનો છે. ધર્મ એ તદ્દન જુદો જ મુદ્દો છે. એ અમારા કમીટીના ક્ષેત્રની બહારની બાબત છે.

× × × ×

પ્રશ્નકાર : શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ

ચી. ચ. શાહ : આ તપાસનો હેતુ જુદા જુદા ટ્રસ્ટો અને ચેરીટીઓના વહીવટોની દેખરેખ અને નિયંત્રણના ઉપાયો સુચવવા એ છે. ધાર્મિક ટ્રસ્ટોનો આપણે પહેલો વિચાર કરીએ. આણંદજી કલ્યાણજીને બાદ કરતાં જૈનોની બીજી ધાર્મિક ચેરીટીઓનો પણ વહીવટ એટલો સારી રીતે ચાલે છે કે સરકારના કોઇ પણ નિયંત્રણની તેમને જરૂર નથી એમ આપ કહેવા માંગો છો ને ?

ક. લા. : આનો જવાબ મેં આગળ ઉપર આપી દીધો છે. તમે જણાવો તેવા દેખરેખ અને નિયંત્રણની જરૂર તો છે જ. એ ચેરીટીઓનો વહીવટ સારો ચાલતો હોય તો પણ એના ઉપર કંઇક અંકુશ તો જોઇએ જ.

ચી. ચ. શાહ : તો પછી જૈન ચેરીટીઓ ઉપર દેખરેખ રહી શકે એવા કાયદા સામે આપને વાંધો નથી. પ્રશ્ન તો આ નિમંત્રણ કેવું અને કેટલું હોવું જોઇએ તેનો છે. દાખલા તરીકે પુરવાર થયેલા ગેરવહીવટના કીસ્સાઓમાં કમીશનરને જુના ટ્રસ્ટીઓને કાઢી મુકવાની અને નવા ટ્રસ્ટીઓ નીમવાની સત્તા હોવી જોઇએ એ આપને સંમત છે ?

ક. લા. : જરૂર. પુરવાર થયેલા ગેરવહીવટમાં આમ કરવા સામે મને કોઇ વાંધો નથી.

ચી. ચ. શાહ : આણંદજી કલ્યાણજીની પેઢીનો દાખલો લઇએ. આપ તેનું વાર્ષિક બજેટ તૈયાર કરતા હશો. આ બજેટો ચેરીટી કમીશનર સમક્ષ રજુ થાય અને તેની મંજુરી મળ્યે જ તેનો અમલ થઇ શકે એવો પ્રબંધ આપ સંમત કરો કે ?

ક. લા. : ના સાહેબ. એ જાતની દખલગીરી હું પસંદ કરતો નથી. હું એમ કહેવા માંગુ છું કે જ્યાં સુધી જુદા જુદા ટ્રસ્ટો–જૈનના હોય કે હિંદુઓના હોય–સરખી રીતે ચાલતા હોય ત્યાં સુધી સરકાર તરફથી તેમાં કોઇ પણ જાતની દખલગીરી હોવી ન જોઇએ.

ચી. ચ. શાહ : ધારો કે અમુક ચોક્કસ હેતુ માટે આપ વીશ લાખ રૂપીઆ ખર્ચ કરવા માંગો છો. અને આ ખોટો ખર્ચ છે અને એવો ખર્ચ થવો ન જોઇએ એમ ચેરીટીકમીશનર માને છે તો એવા સંજોગોમાં ચેરીટીકમીશનરનું નિમંત્રણ હોવું જોઇએ એમ આપ પસંદ કરો કે ટ્રસ્ટીઓને જ આ બાબતમાં છેવટની સત્તા હોવી જોઇએ એમ આપ કહો છો ?

ક. લા. : જરૂર, આ બાબતમાં ટ્રસ્ટીઓને જ પુરી સત્તા હોવી જોઇએ. ટ્રસ્ટીઓના કામકાજમાં ઓછામાં ઓછી દખલગીરી હોવી જોઇએ. જ્યારે ગેરવહીવટ પુરવાર થાય ત્યારે જ સરકારે માથું મારવું જોઇએ. નહિ તો કોઇ પણ મંદિરના જીર્ણોદ્ધાર સાથે અથવા તો ધાર્મિક ક્રિયાકાંડ સાથે કયા પ્રકારની ધાર્મિક લાગણી જોડાયલી છે તેનો કમીશનરને ખરો ખ્યાલ હોવા સંભવ નથી અને તેથી તેના હાથે અન્યાય થવાનું જોખમ રહે છે.

ચી. ચ. શાહ : આણંદજી કલ્યાણજીની પેઢીનો દાખલો બાજુએ રાખીએ. ધારો કે મુંબઇના કોઇ પણ મંદિરના ટ્રસ્ટીઓ કોઇ નવું મંદિર બાંધવા માટે અથવા તો કોઇ જુના મંદિરનો જીર્ણોદ્ધાર કરવા માટે પાંચ લાખ રૂપીઆનો ખર્ચ કરવા માંગે છે. આ બાબતમાં તેમનો નિર્ણય છેવટનો ગણાવો જોઇએ કે કેમ ?

ક. લા. : જીર્ણોદ્ધારની બાબતમાં તેમનો નિર્ણય છેવટનો ગણાવો જોઇએ. નવું મંદિર બાંધવા સંબંધમાં તમો કાંઇ બંધન મુકો તો તેની સામે મને કોઇ પણ વાંધો નથી.

ચી. ચ. શાહ : આમ જીર્ણોદ્ધારનો આપ અપવાદ શા માટે કરો છો ?

ક. લા. : આ બહુ અગત્યનો મુદ્દો છે અને જે મંદિરોની સંભાળ લેવાની છે તે એટલાં મોટાં અને ભવ્ય હોય છે કે આપે સુચવેલ દખલગીરીથી કોઇ પણ અર્થ સરશે નહિ. પાંચસો રૂપીઆના પગારદાર કમીશનરને આ બાબતનો ખ્યાલ પણ શી રીતે આવવાનો છે ? હું કોઇ પણ જીર્ણોધ્ધારમાં પચ્ચીશ લાખ રૂપીઆ ખર્ચવા માંગું છું એમ જો તે સાંભળે તો આ સાંભળીને તેનું હૃદય ચાલતું બંધ થઇ જશે કે કેમ તેની મને ખબર નથી. તેથી આ બાબત ટ્રસ્ટીઓના અભિપ્રાય ઉપર સર્વાંશે છોડવી જોઇએ અને સરકારની કોઇ પણ પ્રકારની દખલગીરી હોવી ન જોઇએ.

ચી. ચ. શાહ : પાંચ લાખનો કરવા ધારેલો ખર્ચ કેવળ દુરવ્યય પણ હોઇ શકે છે.

ક. લા. : આપ એમ કેમ કહી શકો ?

ચી. ચ. શાહ : તો પછી આ સંબંધમાં કોઇ એક ચોક્કસ સરકારી વ્યવસ્થા હોય તે વધારે ઇચ્છવાયોગ્ય નથી ?

ક. લા. : કોમની ધાર્મિક પ્રવૃત્તિમાં આ તો સીધી દખલગીરી ગણાય, અને તેનો તો વિરોધ જ કરવો જોઇએ.

ચી. ચ. શાહ : ટ્રસ્ટીની નીમણુંક કે ફેરબદલી એ દખલગીરી કહેવાય નહિ ?

ક. લા. : કોઇ પણ નાલાયક ટ્રસ્ટીને દુર કરીને તમો જાહેર ટ્રસ્ટનું ધણુંખરૂં રક્ષણ કરવા માંગતા હો છો. એ રીતે સરકારનો જે અધિકાર છે એ જ કાર્ય તમો કરી રહ્યા છો. પણ હું અમુક રકમ જીર્ણોધ્ધાર માટે ખરચવા માંગુ છું તેની સરકાર પાસેથી મારે મંજુરી મેળવવી જોઇએ એમ તમો જ્યારે સૂચવો છો ત્યારે મારા ધર્મના આચારવ્યવહારમાં તમો ચોકકસપણે દખલગીરી કરી રહ્યા છો એમ જ મારે કહેવું રહ્યું.

ચી. ચ. શાહ : એક બીજો દાખલો લઇએ. દરેક મંદિરમાં કરવામાં આવતા ખર્ચો બે પ્રકારના હોય છે. નિત્ય અને નૈમિત્તિક. દરેક મોટા મંદિરના વહીવટકર્તાઓએ ચાલુ દૈનિક ખર્ચમાં તેમને કેટલી રકમ જોઇશે અને વાર્ષિક ઉત્સવો પાછળ કેટલી રકમો જોઇશે તેનું બજેટ કમીશનર પાસે રજુ કરવું જોઇએ કે કેમ એ સંબંધમાં આપ શું ધારો છો ?

ક. લા. : બીલકુલ નહિ.

ચી. ચ. શાહ : ધારો કે ટ્રસ્ટીઓ મોટી મોટી રકમો ખરચ્યે જાય છે અને તે કેવળ નાણાંનો દુર્વ્યય છે. આવા કીસ્સામાં સરકાર તરફથી કોઇ પણ પ્રકારના નિયંત્રણને આપ સંમત્ત ન કરો ?

ક. લા. : હું બીજા ધર્મ વિષે કશું પણ કહેવા ઇચ્છતો નથી. એમણે શું કરવું કે એમના વિષે તમારે શું કરવું તે તેમણે અને તમારે વિચારવાનું છે. હું તો અહિંઆ જૈનોનો જ પક્ષ રજુ કરવા આવ્યો છું અને જૈન ધર્મ કેમ ચાલે છે તે હું સમજુ છું.

ચી. ચ. શાહ : જૈન ટ્રસ્ટો બહુ સારી રીતે ચાલે છે એ હું જાણું છું.

ક. લા. : સાહેબ, એ હું જાણતો નથી, પણ હું આશા રાખું છું કે જૈન ટ્રસ્ટો સારી રીતે ચાલતા હશે !

ચી. ચ. શાહ : જો આખી કોમ માટે એક નિયમ કરવામાં આવે તો જૈનોને તેમાંથી બાકાત રાખવામાં આવે એમ આપ ઇચ્છો છો ?

ક. લા. : આ બાબત વિષે મેં ખૂબ ભાર દઇને કહ્યું છે. કારણ કે જૈનોના ખ્યાલો અને રીતરીવાજો કેવળ ભિન્ન પ્રકારના છે. ટ્રસ્ટોની જ્યાં ગેરવ્યવસ્થા થતી હોય ત્યાં તેના ઉપર જરૂર નિયંત્રણ મુકાવું જોઇએ. પણ ધાર્મિક રીતરીવાજના સંબંધમાં ટ્રસ્ટીઓ ઉપર કોઇ પણ પ્રકારનું નિર્યંત્રણ હોવું નજ જોઇએ.

ચી. ચ. શાહ : જો નકામી બાબતો ઉપર પૈસા ખરચવામાં આવતા હોય તો તે ગેરવ્યવસ્થા ન ગણાય ?

ક. લા. : નકામું શેને ગણવું તેને લગતો આપ મને એક દાખલો આપશો ? જેને નકામું કહો છો તે શું તે મને સમજાવશો ? કોઇ પણ બાબતને નકામી કે કામની માની લેવા માટે કાંઇક ધોરણ તો જોઇએ જ. આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટ તરફ નજર કરો. તે પેઢી કેટલાંયે મંદિરો સંભાળે છે અને તેનું વાર્ષિક બજેટ રૂપીઆ ત્રણ લાખ લગભગનું હોય છે. તે બજેટની વિગતમાંથી નકામી લેખી શકાય એવી એક પણ બાબત મને બતાવો.

ચી. ચ. શાહ : મારો આ પ્રશ્ન સામાન્યતઃ છે. આણંદજી કલ્યાણની પેઢીને ઉદ્દેશીને નથી.

ક. લા. : એ સંબંધમાં મેં જણાવી દીધું છે કે હું તો અહીંઆ જૈનો તરફથી રજુઆત કરવા આવ્યો છું.

પ્રશ્નકાર : પ્રીન્સીપાલ ધારપુરે

ધારપુરે : વિગતો નકકી કરવાનું કામ ટ્રસ્ટીઓ હસ્તક રહેવું જોઇએ, પણ વિગતો નકકી કર્યા બાદ તેના અમલમાં કંઇ ભુલ કે ભંગ થતો હોય તો સરકાર દખલગીરી કરે તેમાં આપને વાંધો નથી એ પ્રકારની મારી સમજણ બરોબર છે ?

ક. લા. : જો કોઇ પણ પ્રકારની ગેરવ્યવસ્થા ચાલતી હોય તો સરકાર ભલે દખલગીરી કરે.

ધારપુરે : ધારો કે રોશની પાછળ કેટલા મણ તેલ વાપરવું તે બાબત બજેટમાં નકકી કરવામાં આવી છે. આને લગતી વિગતો ટ્રસ્ટીઓએ નકકી કરી હોય. પણ એ વિગતના અમલમાં ગેરવ્યવસ્થા માલુમ પડે તો સરકાર વચ્ચે પડે કે નહિ ?

ક. લા. : નહિ સાહેબ. તેના અમલમાં એવી દખલગીરી થવી ન જોઇએ. જો કોઈ પણ પ્રકારની ઉચાપત થતી હોય અથવા તો કોઇ વ્યક્તિ તેમાંથી અંગત લાભ ઉઠાવતી હોય તો સરકાર જરૂર વચ્ચે પડે. પણ વિગતોના ચાલુ અમલમાં કોઇ પણ પ્રકારની દખલગીરી હોવી ન જોઇએ.

× × × ×

શેઠ કસ્તુરભાઇએ આ મુદ્દા ઉપર પોતાની જુબાની આપતા વિશેષમાં જણાવ્યું કે "નાણાંની ઉચાપત કે કેવળ દુરૂપયોગ થઇ રહ્યો હોય એવા સંજોગોમા જ હું સરકારી દખલગીરી સંમત કરૂં. દાખલા તરીકે જૈનોમાં ભિક્ષા આપવાનો કોઈ રીતરીવાજ નથી. હવે ધારો કે આણંદજી કલ્યાણજી રૂા. ૩૦૦૦૦ જેવી મોટી રકમ આવતી કાલથી ભિક્ષા આપવા પાછળ ખરચવા માંડે છે. એ સંજોગમાં સરકાર જરૂર વચ્ચે પડી શકે છે 'અને કહી શકે કે છે 'આ તમારી સત્તાની બહારની બાબત છે. એટલે આ અમે નહિ થવા દઇએ.' સંક્ષેપમાં સરકારી દખલગીરી ઓછામાં ઓછી હોવી જોઇએ.

× × × ×

પ્રશ્નકાર : ચીમનલાલ ચકુભાઇ શાહ

ચી. ચ. શાહ : એવી ફરીયાદ કરવામાં આવે છે કે હિંદુઓને લાગુ પડતા કાયદાઓ જૈનોને વિનાકારણ લાગુ પાડવામાં આવે છે. આ સંબંધમાં અને ખાસ કરીને દેવદ્રવ્ય સંબંધમાં જે કાંઇ શાસ્ત્રીય ઉલ્લેખો હોય તે અમને જણાવવા કૃપા કરશો ?

ક. લા. : હાજી, પ્રયત્ન કરીશ.

ચી. ચ. શાહ : ધારો કે એમ માની લઇએ કે દેવદ્રવ્યનો મંદિર અને મૂર્તિ સિવાયના કોઇ પણ કાર્યોમાં ઉપયોગ થવો ન જોઇએ એમ જૈન શાસ્ત્રો કહે છે એમ છતાં પણ એવા ધાર્મિક ઉલ્લેખો બાજુએ રાખીને કાયદાથી એવી ગોઠવણ કરવામાં આવે કે જે કાંઇ વધારાનાં નાણાં હોય તે સામાજીક કાર્યોમાં વપરાવા જોઇએ તો એ યોગ્ય નહિ ગણાય ? હરિજનો સંબંધમાં પણ ધાર્મિક પ્રતિબંધોની ઉપેક્ષા કરીને જ કાયદાથી તેમને મંદિરપ્રવેશનો હક્ક આપવામાં આવ્યો છે એ આપ જાણો છો.

ક. લા. : સાહેબ, મારા અંગત અભિપ્રાય તરીકે હું એમ રજુ કરવાની રજા લઉં છું કે દેશના સમગ્ર હિતની ખાતર હિંદુ અને જૈન સંસ્કૃતિ જેવી છે તે જ સ્વરૂપે આપણે તેને જાળવવી જોઇએ. અને એની સાથે આપણે કોઇ પણ જાતની રમત કરવી ન જોઇએ. તમે કહો છો તેનું પરિણામ તો જે ધાર્મિક ખ્યાલો અને માન્યતાઓ અમને છેલ્લા બે હજાર વર્ષથી વારસામાં મળ્યા છે તેની સાથે ખેલ ખેલવા જેવું આવે. અને એક વખત એ રીતનો વર્તાવ શરૂ કરવામાં આવે તો પછી એનો છેડો કયાં આવે તે કોઇ કહી શકે તેમ નથી. હું આ બાબતની મક્કમપણે વિરૂદ્ધ છું.

ચી. ચ. શાહ : દરેક સુધારા સામે શરૂઆતમાં તો વિરોધ જ હોય છે.

ક. લા. : આ બાબતને સુધારો કહેવો એ બરાબર નથી એમ મને લાગે છે. ટ્રસ્ટો ચોકસ હેતુ માટે ઉભા કરવામાં આવે છે અને તેની પાછળ ચોકસ ભાવના અને લાગણી હોય છે. એ ભાવના અને લાગણી ઉપર તમો એક વખત ફાવે તેમ પ્રહાર કરવા માંડશો તો પછી ચેરીટીઓ માટે ફંડ મેળવવાનું મુશ્કેલ બની જશે.

ચી. ચ. શાહ : મદ્રાસ બાજુ આવેલ તીરૂપતિના મંદિરનાં વધારાનાં નાણામાંથી પાંચ મોટી શિક્ષણ સંસ્થાઓ આજે ચાલી રહી છે અને તે સંસ્થાઓમાં હિંદુ ન હોય તેવાને પણ દાખલ કરવામાં આવે છે અને તેમ કરવાથી હિંદુ સંસ્કૃતિ કે ધર્મને કોઇ પણ પ્રકારનો ધક્કો લાગ્યો નથી. જૈનો આથી કોઇ અલગ પ્રકારના હોય એમ હું માનતો નથી.

ક. લા. : તીરૂપતિ મંદિર વિષે મને ઝાઝી ખબર નથી.

ચી. ચ. શાહ : ચેરીટેબલ ટ્રસ્ટમાં કેટલાક કેવળ ધાર્મિક હોય છે અને કેટલાક સામાજિક હોય છે. ધાર્મિક ટ્રસ્ટો સાથે ચોકસ પ્રકારની ભાવના અને લાગણી જોડાયલી હોય છે એ હું કબુલ કરું છું. પણ જેને આવી ભાવના કે લાગણી સાથે કશો સંબંધ નથી એવા શૈક્ષણિક, વૈદ્યકીય અથવા તો અન્ય પ્રકારની સંસ્થાઓને લગતા ટ્રસ્ટો સંબંધમાં ચેરીટી કમીશનરને વધારે સત્તા હોવી જોઇએ એમ આપ ઇચ્છો ખરા કે નહિં ? આવા ટ્રસ્ટો સંબંધમાં બજેટ રજુ કરવાની ફરજ પાડતી તેમ જ ચાલુ હીસાબ પર દેખરેખ રાખવાની સત્તા ચેરીટી કમીશનરને હોવી જોઇએ એ આપ સંમત કરો છો કે નહિં ?

ક. લા. : સરકાર અને સરકારી તંત્રની હું તો ઓછામાં ઓછી દખલગીરી પસંદ કરું. વધારે દખલગીરી દાખલ કરીને તમે લોકોને વધારે ને વધારે પાંગળા બનાવશો અને એ રીતે તમારા હાથે દેશની ચોકસ કુસેવા થવાની.

ચી ચ. શાહ : પણ લોકો અથવા તો ટ્રસ્ટીઓ પર જ કેવળ આધાર રાખીને ચાલવાનાં તો ભયંકર પરિણામો આવ્યાં છે.

ક. લા. : એ તો આંકડાઓ અને દાખલાઓથી પુરવાર થવું જોઇએ.

ત્યારબાદ કમીટીના પ્રમુખે આને લગતા કોર્ટમાં જે સંખ્યાબંધ કેસો થાય છે તે તરફ શેઠ કસ્તુરભાઇનું ધ્યાન ખેચ્યું હતું.

ચી. ચ. શાહ : ઘણા મોટા વેપારીઓના ચોપડાઓમાં "શુભ ખાતું" એ નામનું ખાતું હોય છે. આ ખાતામાં દર્શાવેલી રકમના વહીવટ ઉપર કોઇ પણ જાતનું નિયંત્રણ હોવું આપ ઇષ્ટ ગણો છો ખરા ?

ક. લા. : જેવા તમો બોગ કરવા લાગશો કે તુરત જ એ ખાતાંઓ અદ્રશ્ય થઇ જશે. આપે આછામાં ઓછી દખલગીરીના ધોરણે જ આ બધી બાબતોનો વિચાર કરવો જોઇએ.

ત્યારબાદ શેઠ કસ્તુરભાઇએ આખી કમીટીને આબુ પર્વત તેમ જ રાણકપુરની મુલાકાત લેવાની ફરીને વિનંતિ કરતાં જણાવ્યું કે "એ પ્રવાસ આપ ત્રણ દિવસમાં પુરો કરી શકશો. એમ કરવાથી આપ જાતે આ મંદિરોનો વહીવટ કેમ ચાલે છે તે જોઇ શકશો અને તેને સારી સ્થિતિમાં રાખવા માટે નાણાંની કેટલી જરૂર છે તેનો પણ આપ ખ્યાલ લઇ શકશો. કોઇ પણ જાતનો નિર્ણય લેવાયા પહેલાં કમીટીએ આ સ્થળો જોવા જોઇએ એમ હું ધારું છું. અને જો એમ કરવામાં આવશે તો જે વિચારો હું ધરાવું છું' એ જ વિચારો ઉપર આપની કમીટી ઢળશે એવી મને ખાત્રી છે.

કમીટીના પ્રમુખે આ નિમંત્રણ બદલ શેઠ કસ્તુરભાઇનો ઉપકાર માન્યો અને જુબાનીનું કામ પુરું થયું.

અનુવાદકઃ **પરમાનંદ.**

કેટલાક સમાચાર અને નોંધ

ટેન્ડુલકર કમીટી સમક્ષ ઉપસ્થિત થયેલા અનુ અપૂર્વ પ્રશ્ન

ગયા અંકમાં ટેન્ડુલકર કમીટી સમક્ષ મારી તરફથી આપવામાં આવેલી જુબાનીનો અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો હતો.

આ રીતે જુબાની આપવાનો મારા માટે પહેલવહેલો જ અનુભવ હતો. આવી જુબાની દરમિયાન કેટલાક અણકલ્પ્યા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. કેટલાક સાવ સીધા દેખાતા ઉકેલોમાં રહેલી ધુંચોનું પણ આવા પ્રસંગે જ સ્પષ્ટ ભાન થાય છે. ભુલેશ્વર મંદિરની ચેરીટીનો પ્રશ્ન આવો જ કાંઇક હતો. જ્યાં ઘણા ચેરીટીનો પાયાનો સ્થાપક અમુક એક નાનો વર્ગ હોય અને તેમાં પુરવણી કરનાર અને તેનો લાભ ઉઠાવનાર વિશાળ વર્ગ હોય તેવા કીસ્સામાં જ્યારે ટ્રસ્ટીઓ પોતાની હસ્તકના વધારાના નાણાંનો ઉપયોગ વધારે વ્યાપક રીતે સામાજિક હિતના કાર્યમાં કરવા માંગતા હોય ત્યારે આ ટ્રસ્ટીઓએ આવું મહત્વનું પગલું ભરવા માટે કોની સંમતિ યા અનુમતિ મેળવવી જોઇએ અને આવા ઉપયોગના લાભની મર્યાદા કયા વર્ગ સુધી લંબાવવી જોઇએ એવું આ પ્રશ્નનું સ્વરૂપ છે. આ બાબતનો વખારે ઝીણવટથી વિચાર કરતાં જે વ્યવહારૂ ઉકેલ સુઝે છે તે આ છે. સંમતિ યા અનુમતિ તો એ જ મંડળ યા વર્ગની આવશ્યક લાગે છે કે જે વર્ગ યા મંડળ પ્રસ્તુત ટ્રસ્ટીઓની ચુંટણી કરવાનો અધિકાર ધરાવતું હોય. જ્યાં આવો કોઇ વર્ગ કે મંડળ અસ્તિત્વ ધરાવતું ન હોય ત્યાં ટ્રસ્ટીઓને સ્વેચ્છાએ આ દિશાએ આગળ વધવાની છુટ હોવી જોઇએ. આવા વધારાના નાણાંના અન્ય પ્રકારના સામાજિક ઉપયોગનો લાભ એ વર્ગને મળવો જોઇએ કે જે વર્ગ પ્રસ્તુત ચેરીટીમાં પુરવણી કરતો આવ્યો હોય અને જે વર્ગ પ્રસ્તુત ચેરીટીનો અમુક રીતે આજ સુધી લાભ ઉઠાવતો આવ્યો, હોય. ભુલેશ્વર મંદિરના પ્રસ્તુત કીસ્સામાં ગૌડ સારસ્વત કોમની સંમતિ આવા કોઇ વ્યાપક ઉપયોગ માટે આવશ્યક બને છે, પણ તેનો લાભ તો આખા હિંદુ સમાજને મળવો જોઇએ. જો ગૌડ સારસ્વત કોમ પોતે નીમેલ ટ્રસ્ટીઓની હસ્તકનાં નાણાંનો બીજો કશો પણ ઉપયોગ કરવા ન માંગતી હોય તો તેમ કરવાની તે કોમના આગેવાનોને સરકારે યોગ્ય કાયદાકાનુનથી ફરજ પાડવી જોઇએ.

શેઠ કસ્તુરભાઇ લાલભાઇની જુબાની

આ અંકમાં અન્યત્ર ટેન્ડુલકર કમીટી સમક્ષ શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ આપેલી જુબાની વિગતવાર આપવામાં આવી છે. તેનું કારણ એ છે કે અમુક મુદ્દાઓ પુરતા આપણે શેઠ કસ્તુરભાઇથી ભલે જુદા પડતા હોઇએ, એમ છતાં પણ જૈન સમાજના શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં શેઠ કસ્તુરભાઇ અતિ મહત્વનું સ્થાન ધરાવે છે અને તે માત્ર તેમની શ્રીમન્તાઇને લીધે નહિ, અથવા તો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના માત્ર પ્રમુખ હોવાના કારણે નહિ, પણ વ્યાપાર, ઉદ્યોગ, રાજકારણ તેમ જ અર્થશાસ્ત્રને લગતા વિષયોમાં સિદ્ધ કરેલી કુશળતાના કારણે તેઓ જૈન તેમ જ જૈનતર સમાજમાં મોટી પ્રતિષ્ઠા ધરાવે છે. તેમણે રજુ કરેલાં મન્તવ્યો પાછળ રપષ્ટના છે, સચોટતા છે, બહોળા અનુભવ અને અવલોકનની છાપ છે, અને તેથી તેમનાં વિધાનો પાછળ અમુક પ્રકારના વજનનો આપણને અનુભવ થાય છે. તેમની બહોળી ખ્યાતિ તેમ જ વ્યાપક પ્રતિષ્ઠા હોવા છતાં સાંપ્રદાયિક લેખાતી બાબતોમાં તેમનું વલણ કમનસીબે હંમેશા એક કટ્ટર સ્થિતિચુસ્તનું રહ્યું છે અને તેથી જૈન સમાજની ઉગતી પ્રજાને તેમણે કોઇ પણ પ્રશ્ન પરત્વે કદિ કોઇ નવું માર્ગદર્શન કરાવ્યું નથી કે પ્રાગતિક દોરવણી આપી નથી. તીર્થોને લગતા ઝઘડાઓ લડવામાં

તેમણે આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ તરીકે જેટલી કુશળતા દાખવી છે તેટલી કુશળતાનો ઉપયોગ પરસ્પરના ઝગડા શમાવવા પાછળ તેમણે કદિ કર્યો નથી. તેમની હસ્તક ચાલતી આણંદજી કલ્યાણજીની પેઢીનો વહીવટ પણ એક મોગલશાહી માફક ચાલે છે. તે પેઢીનો પત્રવ્યવહાર પણ એવી જ ઢબનો જોવામાં આવે છે. જવાબો હંમેશાં અગત્યન્ત ટુંકા, કદિ કદિ તોછડા, ઘણુંખરૂં કશા પણ સ્પષ્ટ વિધાન વિનાના અને એક ચક્રવર્તી સત્તાશાહીની ખુમારીથી ભરેલા હોય છે. જુનવાણીની જળવણી અને નવા વિચારનો હંમેશા વિરોધ એ શેઠ કસ્તુરભાઇની આજ સુધીની સાંપ્રદાયિક દોરવણીનો સાર છે. આ જ સ્થિતિચુસ્તતા અને સાંપ્રદાયિક સંકીર્ણતા તેમની આખી જુબાનીમાં પ્રતિબિંબિત થતી દેખાય છે.

દાખલા તરીકે દેવદ્રવ્યના સામાજિક ઉપયોગનો સવાલ આવે છે ત્યારે આવો કોઇ ઉપયોગ સંભવી શકે જ નહિ એમ કહેવા સાથે અમારાં અગણિત મંદિરો, અને કળાકારીગીરીથી ભરેલાં તીર્થસ્થાનો–એને જાળવવા સમારવા વગેરેની જવાબદારીનો ખ્યાલ કરતાં અમારી પાસે દેવદ્રવ્યના નામે ઓળખાતું કોઇ વધારાનું નાણું તો છે જ નહિ–ઉલટું જરૂરિયાતના પ્રમાણમાં ઘણું ઓછું નાણું છે– આમ કહીને એક એવું ચિત્ર તેઓ રજુ કરે છે કે સામાન્ય બુધ્ધિને દેવદ્રવ્યના અન્યથા ઉપયોગની વાત કેવળ વાહિયાત જ લાગે. પણ વસ્તુસ્થિતિ કેવળ જુદી જ છે. આજ સુધી આપણાં આટલાં બધાં મંદિરો, તેને જાળવવાનાં અને સમારવાનાં–આ બધું કોઇને યાદ જ આવતું નહોતું. ઠેકઠેકાણે મંદિરોની સામાન્ય જરૂરિયાત કરતાં આવક વધારે હોઇને મંદિરના નામે ચાલતી પેઢીની મુડી વધતી જ જતી હતી અને આ મુડીને ભિન્ન ભિન્ન રોકાણો દ્વારા કેમ વધારવી એ જ ચિન્તા સેવાતી હતી. આ મુડીમાંથી અલબત્ત અહિં તહિં કોઇ મંદિર નવું બાંધવા માટે કે સમારવા માટે નાની મોટી રકમો આપવામાં આવતી હતી, પણ તે તો એક શ્રીમાન જેમ પોતાની શ્રીમન્તાઇ સુરક્ષિત રાખીને નાનાં મોટાં દાનો કરે છે તેમ. બાકી મંદિરની આવકમાંથી મૂર્તિનાં આંગી આભૂષણો ખરીદાતાં, અને મૂળ મુડીમાં બને તેટલો વધારો કરવાનું જ લક્ષ્ય સેવાતું. જો આમ ન હોત તો સ્થળ સ્થળનાં મંદિરો પાસે આજે છે તેવી મોટી મોટી મુડીઓ હોત જ નહિ. જો મંદિરના ખર્ચ જેટલી જ આવક હોત તો મંદિરના વધારાના નાણાંનો પ્રશ્ન જ ઉભો ન થાત. આજે જ્યારે ચોતરફ વધારાના નાણાંઓ દેખાય છે અને અનેક સામાજિક જરૂરિયાતો પરિતૃપ્તિ અર્થે આપણી સામે મોં ફાડીને ઉભી રહી છે, લોકોનાં આધિવ્યાધિ અને ઉપાધિઓ અસીમપણે વધ્યે જ જાય છે અને તેના શકય તેટલા નિવારણ માટે પુષ્કળ દ્રવ્ય અપેક્ષિત છે અને તેથી જ્યાં જ્યાં દ્રવ્ય સ્થગિત થયેલું જણાય છે ત્યાં સમાજનિરીક્ષકોની નજર જાય છે ત્યારે જૈન સમાજના આગેવાનો તાડુકી ઉઠે છે કે "કૃપા કરીને અમારા દેવદ્રવ્ય સામે કુદૃષ્ટિ ન કરશો. અમારા ૩૫૦૦૦ મંદિરો અને તેને જાળવવા સમેરાવવા અને જરૂર હોય ત્યાં નવાં નવાં મંદિરો ઉભાં કરવાં–આ અમારી જવાબદારી છે. અમારૂં દેવદ્રવ્ય એ માટે જ એકઠું કરવામાં આવ્યું છે અને એનો ઉપયોગ અન્યથા કદિ થઇ શકે જ નહિ." જ્યારે કોઇ ધનાઢય માનવી પાસે સામાજિક જરૂરિયાતો માટે તેની પાસેની ધનરાશિમાંથી થોડો ભાગ માંગવામાં આવે ત્યારે તેને જેમ સાત પેઢીના સગા યાદ આવે અને તે બધાંની સગવડ અગવડ સુખદુઃખની સંભાળ લેવાની પોતાની જવાબદારી છે અને એ માટે જ સઘળું દ્રવ્ય એકઠું કરવામાં આવ્યું છે અને તેથી પોતા પાસે વધારાનું કહી શકાય એવું કશું નાણું જ છે નહિ એમ તે જણાવે એવી જ શેઠ કસ્તુરભાઇની સંચિત દેવદ્રવ્યને લગતી કથા છે. અને આ બધો ભ્રમ દેવદ્રવ્યના ચોકકસ પ્રકારના સંકીર્ણ ખ્યાલમાંથી ઉભો થયો છે. દેવદ્રવ્ય એટલે મંદિરની સંસ્થાદ્વારા એકઠું થતું નાણું. આ નાણાનો મંદિર અને મૂર્તિપુરતો એકદેશીય ઉપયોગ કરવો કે વધારે વ્યાપક ઉપયોગ કરવો એ સંબંધે કાળે કાળે નિર્ણય કરવાનો અને એ નિર્ણય બદલવાનો એ મંદિરના સ્વામી શ્રી સંઘનો હંમેશાનો અધિકાર છે. આવા વ્યાપક ઉપયોગને એક જ મર્યાદા હોઇ શકે અને તે એ કે એ મંદિરની વ્યાજબી જરૂરિયાતોને પહોંચી વળવા માટે જરૂરી નાણું એ આવકમાંથી સૌથી પહેલું તારવવું જોઇએ. દેવદ્રવ્યનો મંદિર અને મૂર્તિ પુરતો જ ઉપયોગ થઇ શકે એ કોઇ અનાદિસિદ્ધ વ્યવસ્થા નથી. મંદિર અને મૂર્તિ એ પણ કાંઇ અનાદિ કાળથી ચાલી આવતી સંસ્થા નથી. ભગવાન મહાવીર અને બુદ્ધના અવસાન બાદ સ્તુપો આવ્યાં, ચૈત્યો સરજાયાં, ચૈત્યવાસી સાધુઓની પરિપાટી ચાલી, એ સાધુઓ ચૈત્યદ્રવ્યના સંસર્ગના પરિણામે ભ્રષ્ટ બન્યા, સાધુઓને ચૈત્યવાસની મના કરવામાં આવી, ચૈત્યો અને ઉપાશ્રયો એમ અલગ અલગ ધર્મસ્થાનકો યોજાયાં અને એ વખતે ચૈત્યની આવકનો અનેકવિધ દુરૂપયોગ થતો અટકાવવા માટે ચૈત્યની આવક જે દેવદ્રવ્યના નામે ઓળખાવા લાગી તેના ઉપયોગ સામે આજે જે પ્રચલિત છે તેવી સખ્ત મર્યાદાઓ મૂકવામાં આવી. આ સંક્ષિપ્ત ઇતિહાસનો સાર એ છે કે દેવદ્રવ્યનો વ્યાપક સામાજિક ઉપયોગ થઇ ન જ શકે એ માન્યતા જ મૂળમાંથી ભ્રમભરેલી છે. એ કાળે સામાજિક જરૂરિયાતો ન્યૂન હતી; દેવ અને મંદિરની પ્રતિષ્ઠા વધારવાની જરૂર હતી. મંદિરો જેમ વધે તેમ સારૂં એવો એક રૂઢ ખ્યાલ હતો. આજે એ ખ્યાલ બદલાયો છે, અને સમાજની પરિસ્થિતિ પણ બદલાણી છે. આ મુજબ દેવદ્રવ્ય કે જે આખરે એક પ્રકારનું સામાજિક દ્રવ્ય જ છે, તેના ઉપયોગને લગતી માન્યતામાં ફેરફાર કરવાનો વર્તમાન સમાજને સંપૂર્ણ હક્ક છે.

સંચિત થયેલા દેવદ્રવ્યનો જીર્ણોધ્ધારના કાર્ય પાછળ ઉપયોગ થાય તે સામે કોઇને વાંધો નથી. પણ આજે જેમ મૂર્તિમંદિર તેમ જ માનવમંદિર એટલું જ જીર્ણ થયેલું છે અને એ પણ એટલા જ સમારકામની અપેક્ષા રાખે છે અને દેવદ્રવ્ય માત્ર મૂર્તિ મંદિરને સંભાળશે અને માનવમંદિરની સામું નહિ જુએ એમ કહેવું એ એક પ્રકારની વિચારબધીરતા છે અને એમાંથી આજના સમાજે મુકત થવાની અત્યન્ત આવશ્યકતા છે.

'અમે હિંદુ નથી. જૈન છીએ, હિંદુઓથી અમો સર્વ પ્રકારે અલગ છીએ' આ વિચારનું શેઠ કસ્તુરભાઇએ બહુ જુસ્સાપૂર્વક પ્રતિપાદન કર્યું છે અને આમ હોવા છતાં અમોએ દેશના રાજકારણમાં અલગ પ્રતિનિધિત્વ માંગ્યું નથી એમ કહીને જાણે કે આખા દેશ ઉપર જૈન સમાજે બહુ મોટો ઉપકાર કર્યો હોય એવો ભાવ તેઓ રજુ કરે છે. આમ હોય તો હિંદુ ચેરીટીઓનો લાભ જૈનોને શા માટે મળવો જોઇએ એ પ્રશ્ન સાંભળતાં શેઠ કસ્તુરભાઇની વૈશ્યવૃત્તિ ચમકે છે અને 'સામાજિક રીતે અમો હિંદુઓથી અલગ નથી પણ ધર્મની બાબતમાં અમો તદ્દન અલગ છીએ' એવો કઢંગો તકાવત તેઓ રજુ કરે છે. આ મુદ્દાની, આગળના અંકમાં, સવિસ્તર ચર્ચા કરવામાં આવેલી હોઇને અહિં વિશેષ વિવેચનની જરૂર રહેતી નથી.

શ્રી. જવલબહેને પારણું કર્યું.

શ્રી. કેશરીઆજી તિર્થ નિમિત્તે તા. ૧૨-૪-૪૮ થી શરૂ કરેલા ઉપવાસનું તા. ૨૩-૫ ૪૮ ના રોજ શ્રી. જવલબહેને પારણું કર્યું છે એવા સુખદ સમાચારથી આવા અનિયત મુદતના નિર્જળા ઉપવાસને અંગે આખા જૈન સમાજમાં સેવાઇ રહેલી ચિન્તાનો અન્ત આવ્યો છે. આ સંબંધમાં ઉદેપુરની રાજસ્થાની સરકાર તરફથી એવી મતલબનું નિવેદન બહાર પાડવામાં આવ્યું

છે કે શ્રી. કેશરિયાજી તિર્થની સારી રીતે વ્યવસ્થા ચાલે તે માટે એક પંચ નીમવામાં આવ્યું છે અને તે અંગેનું કામ શ્રી તેજસિંહજી કોઠારીને સુપ્રત કરવામાં આવ્યું છે. આ જાહેરનામાથી સમાધાન પામીને શ્રી. જવલબહેને પારણું કર્યું છે. આ જાહેરાત હજુ બહુ અસ્પષ્ટ છે. આને લગતી બીજી કોઇ વધારે સ્પષ્ટતા જાણવા કે સાંભળવામાં હજુ આવી નથી. શ્રી. જવલબહેનની પ્રસ્તુત અનશનનો પ્રારંભ કરતી વખતની પ્રતિજ્ઞા તો એવી હતી કે "જ્યાંસુધી આ તીર્થની વ્યવસ્થા ૧૯૩૪ ની રાજ્યની જાહેરાત મુજબ જૈન સમાજના પ્રતિનિધિઓને યોગ્ય રીતે સોંપવામાં નહિ આવે ત્યાં સુધી આ અનશન ચાલુ રહેશે." આ પ્રતિજ્ઞામાં જે જાહેરાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે જાહેરાત વિ. સં. ૧૯૩૪ માગશર વદ ૬ એટલે કે ઇ. સ. ૧૮૭૭ ના નવેંબર માસની તા. ૨૬ મી ના રોજ કરવામાં આવેલી હતી. અને તે જાહેરાત મુજબ તે સમયમાં કેશરીયાજી તીર્થના વહીવટમાં ચાલી રહેલી ગેરવ્યવસ્થા અને અંધેર કારભાર દૂર કરવાં માટે રાજ્યે અમુક ચાર ઓશવાલ ગૃહસ્થોને તીર્થનો વહીવટ સોંપવાનો નિર્ણય જાહેર કર્યો હતો. આ ઓશવાલ ગૃહસ્થો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન હતા. હવે ઉદેપુર રાજ્ય તરફથી જે છેલ્લી જાહેરાત કરવામાં આવી છે અને જેના આધારે શ્રી. જવલબહેને પારણું કર્યું છે તે જાહેરાતમાં શ્રી જવલબહેનની માગણી કઇ રીતે પુરી થાય છે એ હજુ સ્પષ્ટપણે સમજી શકાતું નથી–સિવાય કે પંચ અંગેનું કામકાજ શ્રી તેજસિંહ કોઠારીને સોંપવામાં આવ્યું છે, જેઓ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન છે. આ સમાધાનનો આશય એવો હોય કે હવે પછીથી શ્રી. કેશરીઆજીનો વહીવટ માત્ર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો હસ્તક જ રહેશે તો એ સમાધાન કોઇ રીતે ઇચ્છવા યોગ્ય નથી અને તે એટલા માટે કે ઇ. સ. ૧૮૭૭ ની જાહેરાત ઉપર તો આજે ૭૧ વર્ષનાં પાણી વહી ગયાં છે અને તે દરમિયાન શ્વેતાંબર દિગંબરોના ખુબ ઝગડાઓ ચાલ્યા છે અને રાજ્ય તરફથી પણ સમયે સમયે અનેક જાહેરાતો કરવામાં આવી છે અને જે સમાધાન પાછળ દિગંબર તેમ જ શ્વેતાંબરોની એકમતી નહિ હોય તે સમાધાન કોઇ પણ કાળે સ્થાયી બનવાનું નથી. પણ આમ બને કે ન બને–આ પ્રશ્ન ઉપર આજના સંયોગોમાં શ્રી. જવલબહેનનું અનશન કોઈ પણ રીતે ઇચ્છવાયોગ્ય નહોતું અને તે અનશન ચાલુ રહે તેથી પણ કશોયે લાભ થવાને બદલે નુકસાન થવાનો જ સંભવ હતો. તેથી શ્રી. જવલબહેને ડહાપણપૂર્વક પોતાનું અનશન સંકેલી લીધેલ છે તે ખરેખર આનંદ અને સંતોષની વાત છે. આપણે આશા રાખીએ કે શ્રી. જવલબહેને પોતાના અનશનવડે ઉભા કરેલ આન્દોલનના પરિણામે દિગંબર અને શ્વેતાંબર સમાજના આગેવાનોના દિલમાં એકતાની બુધ્ધિ જાગૃત થાય અને બન્નેનું સમાધાન થાય એવી કોઇ યોજના ઘડી કાઢીને એ યોજનાનો સત્તાધિકારીઓ પાસે સ્વીકાર કરાવવા માટે અને એ રીતે કેશરીઆજી તીર્થના લાંબા કાળના અત્યન્ત ગુંચવણભરેલા પ્રશ્નનો હંમેશને માટે સુખદ નીકાલ લાવવા માટે તેઓ પોતાથી બનતું કરી છુટે.

શત્રુંજયતીર્થનો મુંડકાવેરો નાબુદ થયો.

શત્રુંજયતીર્થ સંબંધમાં પાલીતાણા રાજ્યને દર વર્ષે મુંડકાવેરા બદલ જૈન સમાજને દર વર્ષે રૂા. ૬૦૦૦૦ આપવા પડતા હતા તે રકમ સૌરાષ્ટ્રની નવી સરકારે હંમેશાને માટે માફ કરી છે. આ જાહેરાતથી માત્ર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજને જ નહિ પણ આખા જૈન સમાજને અત્યન્ત આનંદ થયો છે. આ મુંડકાવેરાનો લાંબો ઇતિહાસ છે. આ સંબંધમાં પાલીતાણા રાજ્ય સાથે જૈન સમાજને કેટલાય સમયથી ઘર્ષણ ચાલ્યા કરતું હતું. કોઇ પણ સમાજ ધર્મભાવનાથી અમુક સ્થળે મોટી સંખ્યામાં આવતો જતો હોય તે ધર્મભાવનામાંથી આર્થિક લાભ ઉઠાવવાની વૃત્તિ કોઇ પણ રાજ્ય રાખે તે યોગ્ય નથી, ન્યાય્ય નથી. પાલીતાણા રાજ્યની પરંપરા જ જૈન સમાજની ધર્મભાવના અને ભક્તિભાવમાંથી બને તેટલો લાભ ઉઠાવવાની રહેતી હતી. અને પરિણામે રાજ્ય અને જૈન સમાજ વચ્ચે નાની મોટી અથડામણો ચાલ્યા જ કરતી હતી. જૈન સમાજના દિલમાં આ કર અત્યન્ત ડંખતો હતો અને એમ છતાં અંગ્રેજ સરકારના અમલ દરમિયાન આ વસ્તુસ્થિતિમાં કશા પણ ફેરફારને અવકાશ નહોતો. કારણ કે આવી બાબતમાં અંગ્રેજ સરકારનું વળણ હંમેશા દેશી રાજ્યની પરંપરાગત આવકને ટેકો આપવાનું જ રહેતું. સદ્‌ભાગ્યે કાઠિયાવાડમાં રાજ્યક્રાન્તિ આવી, ભિન્ન ભિન્ન રાજા રજવાડાઓનો અસ્ત થયો અને એકસૂત્રી સૌરાષ્ટ્ર સરકારની સ્થાપના થઇ. સૌરાષ્ટ્ર સરકારના ધ્યાન ઉપર આ બાબત લાવવામાં આવતાં આવા કરલાગાનું અનૌચિત્ય અને અન્યાયીપણું તેમણે તુરત જ સ્વીકારી લીધું અને કંઇ વર્ષોથી જૈન સમાજમાં ભોંકાયલું શૂળ તેણે સત્વર દૂર કર્યું.

સામાન્યતઃ લાંબા વખતથી ચાલી રહેલા કોઇ પણ અન્યાયનું નિવારણ કરવા માટે કોઇ પણ સરકારને ધન્યવાદ આપવો એ કાંઇક વધારા પડતું લાગે, પણ એ અન્યાય સાથે ચાલુ ચિરસ્થાપિત મહત્વની આવકનો સંબંધ હોય અને પ્રસ્તુત અન્યાયનું નિવારણ કરવા સાથે પોતાને થતી સંગીન આર્થિક આવકનો એકાએક ત્યાગ કરવાની તે રાજ્ય તત્પરતા દાખવે તો તે પગલું ખરેખર સ્તુતિપાત્ર બને છે. આ રીતે દર વર્ષની રૂા. ૬૦૦૦૦ ની આવક હંમેશાને માટે જતી કરવા માટે સૌરાષ્ટ્ર સરકારને અનેકશઃ ધન્યવાદ ઘટે છે.

આ બાબતને લગતી જાહેરાત કરતાં સૌરાષ્ટ્ર સરકારના નાયબ વડાપ્રધાને એવી ઇચ્છા વ્યક્ત કરી હતી કે એક તો સૌરાષ્ટ્ર સરકારના આ પગલાની જૈન સમાજ યોગ્ય કદર કરશે અને પોતાની પરંપરાગત દાનવૃત્તિનો બહોળા જનસમાજને પુરો લાભ આપશે અને બીજું જૈન શત્રુંજયના મંદિરો હરિજનો માટે હંમેશાને માટે ખુલ્લાં મૂકશે. પહેલી બાબત તો બરોબર છે અને શત્રુંજય, ગીરનાર, આબુ–આ ત્રણે તીર્થને જે વિવિધ પ્રકારની મુક્તિ મળી છે તે ધ્યાનમાં લઇને સાર્વજનિક હિતોના કાર્યોમાં આર્થિક સાથ આપવામાં જૈનો પાછી પાની નહિ કરે એમ આપણે જૈન સમાજની વતી કહીએ તેમ છે. પણ બીજી બાબત સંબંધમાં પણ આપણે એવો જવાબ વાળવાની સ્થિતિમાં હોત કે "અમને હરિજન મંદિર પ્રવેશ માટે કહેવું પડે એ જ અમારું–અમારા જૈન ધર્મનું–અપમાન છે. અમારાં મંદિરો સૌ કોઇના માટે હંમેશા ખુલ્લાં હતાં, ખુલ્લાં છે અને ખુલ્લાં રહેશે. હરિજનોને અપનાવવા માટે અમો સર્વ પ્રકારે તૈયાર છીએ" તો કેવું સારું થાત? પણ કમનસીબે હિંદુ સમાજના અંગભૂત અવયવ તરીકે આપણને વારસામાં મળેલી અસ્પૃશ્યતા સાથે હજુ આપણે છુટાછેડા કર્યા નથી અને તેથી સૌરાષ્ટ્ર સરકારના નાયબ વડાપ્રધાનની આ બીજી માંગણીનો આપણે મોં ખોંખારીને હજી હકારમાં જવાબ આપવાની સ્થિતિમાં નથી. આ અસ્પૃશ્યતાવાદથી આપણે જેમ બને તેમ જલ્દીથી મુક્ત થઇએ અને એ રીતે જૈન ધર્મની અને તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની શોભા અને શાખમાં વૃદ્ધિ કરીએ એ જ પ્રાર્થના!

પરમાનંદ

સંઘદ્વારા વૈદ્યકીય રાહતનો પ્રબંધ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા કોઇ પણ જૈન ભાઇ કે બહેનને જરૂરી વૈદ્યકીય રાહત આપવાનો પ્રબંધ કેટલાય સમયથી કરવામાં આવ્યો છે. આ રાહતમાં દવા, ઇન્જેકશન, ડાકટરના બીલો, હોસ્પીટલનો ખર્ચ તેમ જ દર્દીની માંદગી દરમિયાન જરૂરી આર્થિક મદદ–આપી અનેક બાબતોનો સમાવેશ થાય છે. આ યોજનાનો લાભ લેવા વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા સૌ કોઇ જૈન બંધુઓ તેમ જ બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

જયંતિલાલ લલ્લુભાઇ પરીખ
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ.

મૃત્યુબિછાનાથી માંડીને–

(ગતાંકથી ચાલુ)

સ્મશાનમાં લઇ જવા માટે હિન્દુ ઠાઠડી ગરીબ પ્રજાને પાલવે એવી કરકસરભરી રીત છે. પણ દુર લઇ જવાનું હોય, ઉંચકનારા ન હોય, અથવા બીજુ કાંઇ કારણ હોય તો શબને વાહનમાં નાંખીને લઇ જવામાં કશો સંકોચ માનવા જેવું નથી. વાહનમાં લઇ જાઓ તો ઠાઠડી બાંધવાનીયે જરૂર નથી.

શબને ચંદન અને ફૂલો ચડાવવાં, સારા વસ્ત્રોથી શણગારવું, ચંદનના લાકડામાં ઘી સાથે બાળવું વગેરે બાબતો ધન અને મિથ્યાભિમાનની છે, સદ્‌ગતિ-દુર્ગતિની નથી. મારા જેવી સ્થિતિના માણસને એક ધોતિયાભેર, સાદી ચાદર ઓઢાડી, ખેર-બાવળની ચિતામાં, જરૂર પડયે ઘાસતેલની મદદથી બાળવામાં નાનપ માનવાની જરૂર નથી.

આગ કોણ મુકે અને પગ પર, મોઢા પર કે માથા પર મુકે વગેરે બાબતો મને જરાયે મહત્ત્વની લાગતી નથી. જેમ સાકર જ્યાંથી ચાખીએ ત્યાંથી ગળી લાગે, તેમ આગ જેનાથી તથા જ્યાંથી લાગે તેનાથી અને ત્યાંથી બાળે. માટે જેમાં પસંદગી નાપસંદગીનો પ્રશ્ન ન હોવો જોઇએ. કુટુંબીઓમાંથી જે વડીલ હોય તે જેમ સૂચના કરે તેમ વર્તવું, અને તે વિષે કાંઇ શંકા-કુશંકા કરવી નહીં એ ડહાપણ છે.

એવી જ રીતે શબ પગ આગળથી બહાર કાઢવું કે માથા આગળથી, વિસામાની જગ્યાએ શું કરવું વગેરે બાબતો પણ સમજુ માણસોએ ચર્ચાનો વિષય બનાવવા જેવી નથી. એની સાથે શુકન અપશુકન જોડવાં એ વહેમીપણાનું લક્ષણ છે.

પણ બાળવા-દાટવા માટે નજીકમાં નજીક આવેલા સ્મશાન-કબ્રસ્તાનનો જ ઉપયોગ કરવો ઘટે. કોઇ ખાસ જગ્યા શોધવાની જરૂર નથી, અને હું આજે છું તે કરતાં ઘણો વધારે મોટો માણસ થઇને મારું, તોયે તેમાં ફેરફાર કરવો યોગ્ય નથી. તે જગ્યા પર સમાધિ કે કબર બાંધવી, અને તે પર ફૂલ ચડાવતાં કે ત્યાં જઇ પ્રાર્થના નમાજ કરવાં વગેરે મને ભૂતપૂજનના પ્રકાર લાગે છે. પાળેલો પોપટ પાંજરામાંથી છટકી ગયા પછી તેના ખાલી પડેલા પાંજરાને બાળી કે દાટી દઇએ, અને પછી તેના ઉપર ચબુતરો બાંધી રોજ ફૂલ ચડાવીએ અને પોપટને નામે પ્રાર્થના કરીએ કે આંસુ સારીએ, તેના જેવો પ્રાણ ગયા પછી શબને બાળવા-દાટવાની જગ્યાનો મહિમા વધારવાનો મોહ છે. પણ મોહ એટલો ઊંડો છે કે મહાજ્ઞાનીઓને પણ તેનો સંસ્કાર છૂટી શકતો નથી. તે જગ્યા તીર્થનું સ્થાન બની જાય છે. કયારેક તે સમાધિ કે કબર રસ્તાની વચ્ચે આવી પડે અને ખસેડવાની જરૂર ઉભી થાય તો લોહીની નદી વહે એવી તેના પરથી લડાઇ ઉભી થાય છે. મૂઢપણે ભાવનાની ખીલવણીનાં અંતિમ પરિણામ કેવાં આવી શકે છે તે આ દેખાડે છે, મનુષ્ય સિવાય બીજા કોઇ પ્રાણીમાં આવું કરવા જેટલો બુદ્ધિનો ગહન વિકાસ થયો નથી! સાચે જ મનુષ્ય બીજા પ્રાણીઓ કરતાં શ્રેષ્ટ છે, કારણ કે તેને બુધ્ધિ મળેલી છે!

ખેર. હું મરી જાઉં ત્યાં કે મને બાળવા-દાટવામાં આવે ત્યાં કશું યે ચિહ્ન રાખવું નહીં. એ જગ્યા બીજા મરનાર માટે કે કોઈ ખેતરમાં બાળ્યો દાટયો હોય તો ખેતીને માટે ઉપયોગમાં લેવી. જે ઘર કે ઓરડામાં મર્યો હોઉં તેને પાછળથી બીજાઓએ અવશ્ય વપરાશમાં લેવો. ચિતાની જગ્યાએ કે ઘરના કોઇ ભાગમાં હું ભૂત થઇને રહેવાનો નથી, એટલે કોઇ સ્થાનને ભૂતઘર બનાવીને નિરૂપયોગી કરવાની જરૂર નથી. આપણા વંશપરંપરાગત મકાનમાં અનેક પૂર્વજો અને સગાં મરી ગયા હોય છે. તેમની વાપરેલી જગ્યાનો આપણે ઉપયોગ છોડી દેતા નથી, એ જ રીત બરાબર છે.

બાળવાની જગ્યા સાફ કરી નાખવાની દ્રષ્ટિએ ફૂલ વીણી લેવાની રીત સારી છે. પાણીથી ચિતા હોલવવાની અનુકૂળતા હોય તો તે જ વખતે તેમ કરી શકાય; નહીં તો ઠરી જાય ત્યારે તેમ કરવાનું રહે, એ સગવડનો સવાલ છે. જે રીતે નજીકમાં નજીક થઇ શકતો હોય તે રીતે ફૂલનો નિકાલ કરવો. કોઇ ઝાડમાં તેનો ખાતર તરીકે ઉપયોગ કરી શકાતો હોય તો કરવો, નહી તો નજીકમાં જે કોઇ વહેતી નદી હોય તેમાં નાંખવાં. પ્રયાગ, હરદ્વાર કે સમુદ્ર સુધી પહોંચાડવાની જરૂર નથી.

મારા કુટુંબમાં સાદડીનો, રોવા-કુટવાનો કે ગરૂડ પુરાણ બેસાડવાનો રિવાજ નથી. તેથી કુટુંબમાં તેવો પ્રશ્ન મારે માટે ઉઠવાનો સંભવ નથી. પણ જે સંસ્થાઓ સાથે મારો સંબંધ છે, ત્યાં તેની સુધરેલી આવૃત્તિ દાખલ થવાનો સંભવ ખરો, એટલે કે, દશમા, બારમા વગેરે દિવસોને કે મરણની તિથિ કે તારીખને મહત્ત્વ આપી તે દિવસે કાંતણ, ગીતાપાઠ વગેરે યોજવાની સૂચનાઓ કરવામાં આવે એમ બને. કાંતણ અને ગીતાપાઠને બહાને પણ તિથિઓને આવું કૃત્રિમ મહત્ત્વ આપવું અથવા તિથિઓને બહાને કાંતણ અને ગીતાપાઠનો પ્રચાર કરવો-એ બન્ને રીતો મને ઇષ્ટ લાગતી નથી. અને એક પછી એક મારા જેવા અનેક કાર્યકર્તાઓ મરશે. કેટલાકની તિથિઓ પળાશે? જે ને માટે આમ કર્યું તો બધા ને માટે કેમ નહીં એવી ઇર્ષ્યા પણ એમાંથી દરેકના ખાસ ચાહનારાઓના દિલમાં ઉત્પન્ન થાય. જ્યારે કોઇ રિવાજ આવું સ્વરૂપ પકડે ત્યારે તે કર્મકાંડ બન્યો કહેવાય. આથી, ભલે બીજાઓ માટે આમ કર્યું હોય અથવા ભવિષ્યમાં થાય, મારે નિમિત્તે આવું કશું ન યોજવાની હું ભલામણ કરું છું.

(૫) શ્રાદ્ધ-દાન વગેરે: તર્પણ, પિંડદાન વગેરે પિતૃપૂજા અને પ્રેતપૂજાના પ્રકારો છે, ગીતાએ તો તેને રાજસ-તામસ શ્રદ્ધા કહી છે, છતાં ગીતાભક્તો તેને છોડતા નથી. મરનારને એ બધું પહોંચે છે અથવા તે ન કરવાથી-મરનારની અશુભ ગતિ થાય છે એ ભોળી શ્રધ્ધા છે. મર્યા પછી વ્યકિતત્વ જળવાઇ રહેતું હોય તોયે ઘણામાં ઘણું એમ કહી શકાય કે જીવન દરમ્યાન જે જે અનુભવોમાંથી એ પસાર થયો, તેને પરિણામે તેની ગુણપ્રકૃતિમાં જે ફેરફાર નજરે પડયો હોય, તે પ્રકૃતિના સંસ્કારો એ સાથે લઇને જાય છે. અથવા માનો કે મરનાર જે વસ્તુનું ચિંતન કરતો મરે છે, તે સાથે તદ્રૂપ થઇ જાય છે; એટલે કે તે પોતાની એક સ્વપ્ન-સૃષ્ટિ રચીને સ્વપ્ન ક્ષીણ થાય ત્યાં સુધી તેમાં રહે છે. પરંતુ પોતાના જીવન દરમ્યાનની જાગૃત અવસ્થાની સૃષ્ટિનું સ્મરણ કરવાનું એનું સ્થૂળ સાધન મરણને લીધે નષ્ટ થયેલું હોવાથી, તે સૃષ્ટિની સાથે એ સંબંધ રાખી શકે નહીં.

પણ મરનાર પ્રત્યેના સ્નેહને લીધે કેટલાક કાળ સુધી તેની સ્મૃતિ જાળવવાની વૃત્તિ સગાંસ્નેહીઓમાં રહે એ સ્વાભાવિક છે. આથી પિંડ-તર્પણ વગેરેનાં શ્રાદ્ધ કરવામાં ન આવે, તોયે કોઇ ને કોઇ પ્રકારનાં શ્રાદ્ધ હંમેશ થયા કરવાનાં જ. મરનારને નામે દાન કરવું એ તેનો એક અને નાનામોટા દરેકના મરણ પાછળ થઇ શકે એવો પ્રકાર છે. દાન કેવે માર્ગે કરવું એ કોઇવાર દાન આપનારની રૂચિ ઉપર અને કોઇવાર મરનારની જણાયેલી રૂચિ ઉપર આધાર રાખે છે.

સ્મારકો ઉભાં કરવાની રીત આવા શ્રાદ્ધોનો જ એક પ્રકાર છે. આજકાલ એવાં શ્રાદ્ધ મરનારની સાર્વજનિક મહત્તાનો પ્રમાણમાં વિવિધ રૂપો લે છે. કેટલાકના "ખાસ અંકો" કઢાય છે, કેટલાકની વાહગીરીઓ લખાય છે, કેટલાકનાં જીવનચરિત્ર છપાય છે, કેટલાકના કાગળપત્રોની શોધખોળ થાય છે, કેટલાકનાં ચિત્રો કે પૂતળાંઓ ખુલ્લાં મુકાય છે, કોઇ સંસ્થા, મકાન, રસ્તા વગેરે સાથે કેટલાકનાં નામો જોડવામાં આવે છે, કેટલાકની પાછળ મોટાં ફંડો ઉભાં કરી કોઇ મોટી પ્રવૃત્તિ કે સંસ્થા રચવામાં આવે છે. આ બધાંમાં બહુ વિવેકની જરૂર છે. નહીં તો "મૂઆ ભેંસના મોટા ડોળા" જેવો ઘાટ થાય. સ્નેહી મરી જાય છે, ત્યારે થોડા દિવસ સુધી વિષાદ છતાં તેને માટે કાંઇક કરવું એવો સગાં-સ્નેહીઓને ઉત્સાહ આવે છે. આવા ઉત્સાહના જોશમાં કોઇ ભાઇ સૂચના કરે કે મરનારનું સ્મારક કરવું જોઇએ, તો તેનો વિરોધ કરવાની બીજાઓની સાધારણ રીતે હિંમત થતી નથી. પણ એવા સંકલ્પ સહેલાઇથી પાર પડતા નથી. દિવસો પસાર થાય છે તેમ તેમ મરનાર માણસ ભુલાતો જાય છે. તેના વિયોગથી જીવતું જગત ટેવાતું જાય છે, તેમ તેમ સ્મારકનો સંકલ્પ ઢીલો પડતો જાય છે, અને કયાં આ ઉપાધિ લઇને બેઠા એવું યે થાય છે. માટે બહુ ઉતાવળે આવા સંકલ્પો કરવા ન જોઇએ.

આજના જમાનાની ખાસિયત જોતાં મારી પાછળ કોઇ ઉત્સાહી મિત્ર આવી સુચના મૂકે તો તે નવાઇની વસ્તુ નહીં કહેવાય. તે સુચનાનો વિરોધ કરતાં બીજા સ્વજનોને સંકોચ લાગે એમ બને. માટે એ વિરોધ હું જ નોંધી રાખવા ઇચ્છું છું.

મારૂં "આધારભૂત-વિસ્તૃત જીવનચરિત્ર" લખાવવાની, તેની સામગ્રી ભેગી કરવાની, મારા કાગળો ભેગા કરવાની, મારા અધૂરા પડેલા લેખો બોળી કાઢવાની, મારે માટે "ખાસ અંક" કાઢી મને ઓળખનારા સ્વજનો પાસે લેખો લખાવવાની વગેરે વગેરે પુરાતત્ત્વ શોધનની જ જાળમાંથી હું મિત્રોને ઉગારી લેવા ઇચ્છું. એમાંથી કોઇને આર્થિક લાભ થવા સંભવ હોય, અને તે દૃષ્ટિએ કોઇ કરે તો તે તેનાં પોતાનાં હિતાહિતની બાબત છે. જેટલું મેં છપાવ્યું છે તેટલું બધું જ સહુને માટે ઉપયોગી છે એવું મને મિથ્યાભિમાન નથી. જે અધૂરૂં રહ્યું છે, તેનો વગર ચૂંથ્યે અગ્નિદાહ કરવામાં આવશે અને મારા ગુણો અને ખામીઓને જગજાહેર કરવાનું માંડી વાળવામાં આવશે તો ભાવિ પ્રજાની કાંઇ ભારે હાનિ થઇ જશે એવો કોઇને ડર હોય તો તે અસ્થાને છે. જેટલું છપાયું છે તેટલું જ માનવ પ્રજાને જેટલો કાળ ઉપયોગી લાગે તેટલો કાળ વાંચે, અને તેમાંથી જેટલું વિવેકથી બરાબર લાગે તેટલું જ લે તો બસ છે. મારા કરતાં ઘણા વધારે અધિકારી પુરૂષો ભૂતકાળમાં થયા છે, વર્તમાનમાં છે અને ભવિષ્યકાળમાં થશે. પોતાના જ કાળના અધિકારી પુરૂષની બુદ્ધિયુક્ત વાત માણસો સાંભળે અને અનુસરે, અને ભૂતકાળમાં લુપ્ત થયેલા ગ્રંથો તથા ઇતિહાસોના અભ્યાસમાં ન પડે તો સંભવ છે કે મનુષ્ય જાતિ વધારે સીધે રસ્તે જાય. મનુષ્યના ઘણા ઝઘડાનું નિમિત્ત ભૂતકાળની સ્મૃતિઓ અને વ્યકિતઓ થાય છે. ભૂતકાળની કલ્પનાથી રમ્ય કે ભવ્ય લાગતું ચિત્ર 'પાછા ભૂતકાળમાં ચાલો' એવો આદર્શ નિર્માણ કરે છે. પાછું કદી તેવા ને તેવા ભૂતકાળમાં જઇ તો શકાતું જ નથી, પણ ખોટો આદર્શ પ્રવૃત્તિની દિશાને ખોટી બનાવી દે છે.

વ્યાજખોરીને મેં અર્થશાસ્ત્રની નહિં પણ અનર્થશાસ્ત્રની પ્રથા માનેલી છે. દાન જેમ બને તેમ જલદી વપરાઇ જવા જોઇએ, પણ પોતાના પૈસાનો હમેશાં ઉપયોગ થતો રહે, છતાં વ્યાજખોરી ન થાય એવું જ દાન કરવાની ઇચ્છા હોય તો તે કૂવા બોદાવવાનું દાન છે, પણ તેનો અર્થ એ નથી કે કૂવા પર તકતી બેસાડવી યોગ્ય છે એમ હું માનું છું. એ તો બાળબુદ્ધિ છે.

આનો અર્થ એ પણ નથી કે કૂવા બોદાવવા સિવાયનાં બીજા દાનો અયોગ્ય છે, પણ દામની કરડ કરી તેના વ્યાજમાંથી પ્રવૃત્તિ ચલાવવાની પ્રથા મને અયોગ્ય લાગે છે. "તુરત દાન મહાપુણ્ય" એ કહેવત સારી છે.

આજ ન્યાયે આણસે પોતાના જીવતાં જ દાનધર્મ કરી નાંખવા એ સારામાં સારૂં છે. મર્યા પછી વીલ કરવું પડે એટલી સંપત્તિ જ મૂકી જવી ન જોઇએ. એ બાબત હજરત મહંમદ અને કેટલાક મુસલમાન સંતો સારા આદર્શ મૂકી ગયા છે. પણ એટલી હિંમત ન હોય, અને વીલથી દાન કરવું હોય તો ભલે. પણ તેમાં તુરત ખરચાઇ જાય એવી જાતના જ દાનો કરવા યોગ્ય છે. લાખ કરોડ રૂપીઆ કાઢવા હોય તો જુદી વાત છે; પણ નાનકડા દાનને માથે મોટાં ટ્રસ્ટની પાઘડી મૂકવાના મોહમાં પડવું ઠીક નથી. બીજું કશું ન સૂઝે તો પૈસા ખૂટે ત્યાં સુધી ગરીબને બોબો ભરી જુવાર બાપી દેવી એ વધારે સારૂં. એક ટંકનો તો એને સંતોષ થશે!

(૬) દિલાસા-શોકસભા વગેરે-છેલ્લી પચ્ચીસી દરમ્યાન દિલાસાના તારો, શોકસભા વગેરેની ધાંધલ ખૂબ જ વધી ગઇ છે. પહેલાં જેને માટે પત્ર લખાતું, તેને માટે હવે તારો છૂટે છે. ૧૯૭૧માં વિકટોરિયા રાણી કે દાદાભાઇ નવરોજજીની કોટિના નેતા માટે જેટલી શોકસભા થતી તેના કરતાં વધારે શોકસભા હવે બીજી, ત્રીજી, કે પાંચમી પંકિતના યે નેતાને માટે થાય છે. સભ્યતાની રૂઇએ સગાંવહાલાંઓએ પાછા એના વળતા આભારના જવાબ આપવાના હોય છે. બે ચાર દિવસ તો આપડા વ્યકિતગત જવાબ આપવા પ્રયત્ન કરે છે પણ પછી થાકીને છાપાં દ્વારા માફીપત્ર માગી લઇ મુકિત મેળવે છે.

એક વસ્તુ હૃદયથી થતી અટકી કેવળ એક રૂઢિનું અને શિષ્ટાચારનું રૂપ પકડી લે. તેનું જ નામ કર્મકાંડ આમ દિલાસા-શોકસભા વગેરે કાણે જવાની રૂઢિની જ નવી આવૃત્તિ છે. આ બધાથી જીવન ચડતું કે સરળ બનતું નથી પણ જટિલ, કૃત્રિમ અને ઢંભી બને છે.

ખરખરાના કાગળ લખવાનો મને ઘણીવાર પ્રસંગ આવે છે, "પ્રભુ મરનારના આત્માને શાંતિ આપો" એવું લખવાની હાલહવાલમાં સર્વસામાન્ય રૂઢિ પડી છે, મરનારની પાછળ તેનાં સગાંવહાલાંને ધીરજ અને શાંતિ મળે એવી ઇચ્છા તો હું દર્શાવી શકું છું, પણ મરનારના આત્માને શાંતિ મળે એ અર્થનું વાકય મારી કલમમાંથી ઉતરી શકતું નથી. આત્મા અને અશાંતિ એ બે વસ્તુઓ જ મને પરસ્પરવિરોધી લાગે છે. મારા આત્માની શાંતિની ચિંતા ન કરવી. મારાં સ્વજનો અને મિત્રોના ઉદ્વેગને શમાવવા પ્રયત્ન કરવાને હરકત ન હોય.

ઉપસંહાર

મરણવિધિ વિષે મારા વિચારો આવા છે, એ ઉપર કહેવાય કેટલાક એવી ટીકા કરશે કે કિ. ધ. મ. તો એક કેવળ બુદ્ધિપ્રધાન માણસ જ છે, ભાવનાને તો એના 'પ્રખર' (**प्रकृष्टेन खरः?** ઉત્કૃષ્ટ ગધેડા જેવા?) તત્ત્વચિંતનમાં સ્થાન જ હોય એમ લાગતું નથી. આ બાબતમાં શરૂઆતમાં જ મેં કહ્યું છે કે કર્મકાંડમાં મને ઝાઝી ગમ નથી, રસ નથી, આગ્રહ પણ નથી, છતાં મારા મિત્રની ઊંધ જ ઊડી ગઇ અને મારા જ વિચારો જાણવાનો આગ્રહ થયો, એટલે આ જણાવવા પ્રવૃત્ત થયો છું.

પણ તેથી વાચકે એ વિચારો સ્વીકારવા જ જોઇએ એવો મારો આગ્રહ નથી. એ વિચારોનો અમલ કેવળ મારા પૂરતો જ થાય તો યે બસ. અને તેટલો યે ન થાય અને મારૂં શરીર અને મારી સ્મૃતિ અને મારા કાગળ-પત્રોની મારી પાછળ રહેલો સમાજ કોઇ બીજી વ્યવસ્થા કરશે તો તેથી 'મારો આત્મા' દુભાશે એવોયે ડર રાખવાની જરૂર નથી. સેવાગ્રામ ૨૬ ઓગસ્ટ ૧૯૪૬.

સમાપ્ત. **કિશોરલાલ ઘ. મશરૂવાળા**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૧૫૧, કાલબાદેવી રોડ. મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૪

મુંબઈ : ૧૫ જુન ૧૯૪૮ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

ટેન્ડુલકર કમીટી સમક્ષ

શ્રી કાકાસાહેબ કાલેલકરે આપેલી જુબાની

(ગયા અંકના અનુસંધાનમાં અહિં શ્રી કાકાસાહેબ કાલેલકરે આપેલી જુબાનીનો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. આજની ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓ સાથે ગાઢ સંબંધ ધરાવતી અનેક અગત્યની બાબતો ટેન્ડુલકર કમીટી સમક્ષ અપાયલી જુબાનીઓમાં ચર્ચવામાં આવી છે અને જુદી જુદી વિશિષ્ટ વ્યક્તિઓ આ સંબંધમાં શું શું ધારે છે એની આ ચર્ચાઓ દ્વારા આપણને ઘણી ઉપયોગી માહીતી મળે છે અને તે કારણથી જ પ્રબુદ્ધ જૈનમાં આ જુબાનીઓ આટલી વિગતપૂર્વક પ્રસિદ્ધ કરવામાં આવે છે. પરમાનંદ)

પ્રશ્નકાર : પ્રમુખ ટેન્ડુલકર

પ્ર. ટે. : કાકા સાહેબ ! આપે અમારી પ્રશ્નાવલી જોઇ હશે. કેટલાંક ટ્રસ્ટોમાં આજે ગોટાળા અને ગેરવ્યવસ્થા ચાલે છે તે આપના જોવામાં પણ આવેલ હશે. આ ગેરવ્યવસ્થા દુર કરવા માટે આજે જે વ્યવસ્થા છે તે આપના અભિપ્રાય મુજબ બરોબર છે કે એ સંબંધમાં કાંઇ વધારે કરવાની જરૂર છે ખરી ?

કા. કા. : આજે શું વ્યવસ્થા છે તેની મને ખબર નથી.

પ્ર. ટે. : આજે શું વ્યવસ્થા છે તે હું આપને જણાવું. જાહેર ટ્રસ્ટો પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એક્ટ નીચે રજીસ્ટર કરાવવા પડે છે. આ ટ્રસ્ટો સંબંધમાં જો કાંઇ સ્કીમ કરવામાં આવી ન હોય તો ટ્રસ્ટીઓએ રજીસ્ટ્રારની આગળ હંમેશાં આવક જાવકનો હીસાબ રજુ કરવો પડે છે. હવે ધારો કે એમાં કાંઇ ગોટાળો કે ગેરવ્યવસ્થા ચાલી રહી છે, આ સંબંધે ઉપાય કરવો હોય તો તમારે કલેકટર અથવા તો એડવોકેટ જનરલ પાસે જવું પડે છે. પ્રસ્તુત ટ્રસ્ટમાં ચોક્કસપણે ગોટાળો કે ગેરવ્યવસ્થા ચાલી રહી છે તે બાબતની તેને તમારે પ્રતીતી કરાવવી પડે છે. અને તે સંબંધમાં જે કાંઇ દાવો કરવો પડે તેને લગતા ખર્ચની તમારે જોહેબરી આપવી પડે છે. અને જો એ સંબંધમાં તેને પુરો સંતોષ થાય તો તે દાવો માંડે છે. આજે આ પરિસ્થિતિ છે. જે લોકોને આ સંબંધમાં કોર્ટને દરવાજે ચડવું પડયું છે તેઓનું સામાન્યતઃ એમ કહેવું છે કે આ પ્રથા ઘણી ખર્ચાળ અને ગુંચવણ ભરેલી છે અને ટ્રસ્ટોની ગેરવ્યવસ્થા દુર કરવા માટે કોઇ વધારે સહેલો માર્ગ યોજવાની જરૂર છે.

કા. કા. : હું આપને એક પ્રશ્ન પૂછું. દક્ષિણ હિંદુસ્થાનના એક મંદિરમાં ગાયો દેવને ભેટ તરીકે ધરવામાં આવે છે. આ ગાયો કાં તો જાહેર જનતાને અથવા તો કસાઇઓને પણ વેચવામાં આવે છે. આ સામે કોઇ કાયદાનો ઉપાય છે ખરો ?

પ્ર. ટે.: હા. આનો ઉપાય છે તો ખરો, પણ એમાં એ પ્રકારની મુશ્કેલીઓ રહેલી છે કે જે આજે આપણે દુર કરવા ઇચ્છીએ છીએ. કોઇ ભાવનાશાળી વ્યક્તિએ આને લગતા મુકદ્દમાનો ખર્ચ આપવો પડે એટલું જ નહિ પણ પ્રસ્તુત પરિસ્થિતિ સુધારવા જતાં તેને પોતાનો વખત પણ મોટા પ્રમાણમાં બગાડવો પડે છે. આવી બાબત પાછળ લાગવા માટે જાહેર કાર્યકર્તાઓ પાસે સમય હોતો નથી એ જ મુશ્કેલી છે અને આપે પણ એ મુજબ જ અનુભવ્યું હશે. આ પ્રમાણે બધે જ બની રહ્યું છે. ટ્રસ્ટીઓ સામે કોઇને અંગત વૈર વિરોધ હોય એ સંયોગ બાદ કરતાં દરેક માણસ એમ જ કહે છે કે " આ બાબતની લપમાં હું કયાં પડું ? એમ કરવા જતાં મારે કેટલોય સમય અને શક્તિ ખરચવી પડે !" આ આજની સ્થિતિ છે. અમને લાગે છે કે આપણે ત્યાં ચેરીટી–કમીશનર જેવી કોઇ વ્યવસ્થા ઉભી કરવી જોઇએ. કોઇ પણ ચેરીટી સંબંધમાં કાંઇક ખોટું કે અયોગ્ય થઇ રહ્યું છે એવી ફરીયાદ કોઇ પણ માણસ ચેરીટી કમીશનર આગળ રજુ કરે કે તુરત જ આ બાબત તેણે અવશ્ય કાયદાની રીતે જ હાથ ધરવી પડશે, એ સંબંધમાં નિર્ણય લેવો પડશે અને જે કાંઇ જરૂરી હોય એ પગલાં પણ તેણે લેવાં પડશે. અમો જે કરવા માંગીએ છીએ તેનો આ ટુંક સાર છે. આ યોજના લાભદાયી નીવડશે કે કેમ એ વિષે આપ શું ધારો છો ?

કા. કા. : આથી વધારે સારી યોજના ન જડે ત્યાં સુધી આનો અમલ તુરત કરવો જોઇએ.

પ્ર. ટે. : આ તો ટ્રસ્ટોનો ગેરવહીવટ દુર કરવા માટે શું કરવું જરૂરી છે એ બાબત આપણે વિચારી. હવે અગત્યના મુદ્દાઓ ઉપર આપણે આવીએ. આપ જાણતા હશો કે મદ્રાસમાં એવો કાયદો કરવામાં આવ્યો છે કે ધાર્મિક ટ્રસ્ટોનાં વધારાનાં નાણાં સમાજને ઉપયોગી હોય એવી ઐહિક અથવા તો સામાજિક બાબતોમાં વપરાવા જોઇએ. મુંબઇમાં પણ એમ જ કરવું જોઇએ એવો આપનો અભિપ્રાય છે ?

કા. કા. : જરૂર, એ સરસ વસ્તુ છે, પણ સંભવ છે કે કેટલાં પણ વધારાનાં નાણાં ન રહેવા પામે એવી પરિસ્થિતિ મંદિરના વહીવટદારો ઉભી કરે.

પ્ર. ટે. : એ બરોબર છે. પણ આ બાબતમાં મદ્રાસના કાયદામાં જે જોગવણ કરવામાં આવી છે તેની રૂએ મંદિરના ટ્રસ્ટીઓએ પોતાનું બજેટ ચેરીટી કમીશનર આગળ રજુ કરવું પડે છે અને કોઇ પણ ખર્ચની રકમ ઘટાડવાનો કે રદ કરવાનો ચેરીટી–કમીશનરને હક રહે છે. તેથી 'સરપ્લસ'–વધારાનાં નાણાં–છે કે નહિ એ બાબત ટ્રસ્ટીઓ નક્કી કરી શકે એમ નથી. મંદિરની વ્યાજબી જરૂરિયાતો સંપૂર્ણપણે મંજુર કરવામાં આવે અને એથી વિશેષ કશું પણ આપવામાં ન આવે એવી જોગવણ કરવામાં આવી છે. ટ્રસ્ટીઓ એમ કહી નહિ જ શકે કે અમુક ચોક્કસ સમારંભમાં અમને ફાવશે તેટલો અમે ખર્ચ કરશું. ઉલટું તેમને એમ કહેવામાં આવશે કે અમુક ચોક્કસ બાબત માટે તમો પાંચ હજાર

સુધી જ ખર્ચી શકશો અને એથી વધારે એક પાઈ પણ તમને નહિ મળે.

કાકા : આ ઉપરથી તો એમ લાગે છે કે ટ્રસ્ટીઓના હકો ઘણા મોટા પ્રમાણમાં ટુંકાવવામાં આવ્યા છે.

પ્ર. ટે. : હા. એમ જ છે.

કા. કા. : અને આવું નિયંત્રણ મુકવાની સત્તા, હું આશા રાખું છું કે, સમાજનો વિશ્વાસ ધરાવતા માણસોના હાથમાં મૂકવામાં આવી હશે.

પ્ર. ટે. : હું માનું છું ત્યાં સુધી આ અધિકારીઓની નીમણુંક પ્રજાકીય સરકાર કરે છે. એ અર્થમાં આપ કહી શકો છો કે તેઓ લોકોનો વિશ્વાસ ધરાવે છે.

કા. કા. : હું એમ આગ્રહ કરું કે જે કોમનું મંદિર હોય એ કોમનો તેમણે વિશ્વાસ ધરાવવો જોઇએ.

પ્ર. ટે. : હા, હું સમજ્યો. જો હિંદુ મંદિર હોય તો હિંદુ કમીશનર હોવો જોઇએ એમ આપ કહેવા માંગો છો ને ?

કા. કા. : એમ ખાસ નહિ. નિયામક અધિકારી ગમે તે કોમનો હોય પણ જે કોમનું મંદિર હોય એ કોમનો, એ અધિકારી અથવા તો એ અધિકારીમંડળ, વિશ્વાસ ધરાવતા હોવા જોઇએ.

પ્ર. ટે. : તમારો મુદ્દો હું સમજી શકું છું. પણ એ સિવાય મંદિરના વધારાના નાણાં ઐહિક કાર્યો પાછળ ખર્ચાય એ સામે તમને કોઇ વાંધો તો નથી ને ?

કા. કા.: હા, એ તો બરાબર છે, પણ મારે મન ધાર્મિક અને સામાજિક કાર્યો વચ્ચે કોઇ તફાવત નથી. હું એવો કોઇ ભેદ સ્વીકારતો નથી.

પ્ર. ટે.: તે એક પગલું આગળ છે અને એક અર્થમાં તે બરોબર છે. પણ ધાર્મિક શબ્દ ખાસ કરીને એને માટે વાપરીએ છીએ કે જેનો લાભ આપણને પરલોકમાં મળવાનો હોય.

કા. કા.: કોઇ પણ માણસના મૃત્યુ બાદ આ લોક સિવાય બીજો કોઇ પરલોક રહેતો નથી.

પ્ર. ટે. : જ્યારે હું ઐહિક અથવા તો સામાજિક શબ્દ વાપરું છું ત્યારે હું કોઇક એવું મૂર્ત કાર્ય સુચવવા માંગું છું કે જેનું પરિણામ હું અને આપ નજરે જોઇ શકીએ. જ્યારે આપણે કોઇ કાર્યને ધાર્મિક તરીકે વર્ણવીએ છીએ ત્યારે તેનું પરિણામ હવે પછીની દુનિયામાં અનુભવવાનું હોય એવી આપણને કલ્પના હોય છે. સમાજને ચોક્કસપણે ફાયદાકારક હોય તેને આપણે સામાજિક અથવા તો ઐહિક તરીકે ઓળખીએ છીએ.

કા. કા : અપંગ કે નબળી ગાયોને બચાવવા માટે જે પૈસા ખર્ચવામાં આવે તે ધાર્મિક કહેવાય કે સામાજિક યા તો ઐહિક કહેવાય ?

પ્ર. ટે : ગાય એક પ્રાણી છે તે જોતાં તેને લગતું કાર્ય ધાર્મિક હોવા ઉપરાંત સામાજિક યા તો ઐહિક લેખી શકાય. હિંદુધર્મમાં ગાયને પવિત્ર માનવામાં આવી છે તેથી એ કાર્ય ધાર્મિક પણ ગણાય.

કા. કા. : તો પછી હિંદુધર્મના દ્રષ્ટિબિંદુથી આ કાર્યને આપણે ધાર્મિક લેખવું જોઇએ.

પ્ર. ટે. : હિંદુધર્મ મુજબ તો એમ જ ગણાશે.

કા. કા. : તેથી જ હું એમ કહું છું કે હિંદુઓના દ્રષ્ટિબિંદુથી કયું સામાજિક અથવા તો ઐહિક અને કયું ધાર્મિક, એટલે કે પારલૌકિક એ નક્કી કરવું સહેલું નથી. તેથી હું કહું છું કે વધારાના નાણાંનો ઉપયોગ કોઇ પણ પરોપકારી ઉપયોગી કાર્યમાં કરો અને તે ધાર્મિક જ છે.

પ્ર. ટે. : જે કાર્યને વનસ્પતિ કે પશુવર્ગના કલ્યાણ સાથે સંબંધ હોય તેને ધાર્મિક કહેવું કે ઐહિક કહેવું એ ઘણું મુશ્કેલ છે એ હું કબુલ કરું છું. આપણે તો મંદિરોને લગતાં ટ્રસ્ટોનો વિચાર કરવાનો છે, અને ઘણાં ટ્રસ્ટો આ નિમિત્તનાં જ હોય છે. આ સંબંધમાં આપણે એમ કરી શકીએ કે સ્થિતિચુસ્તોની માન્યતા મુજબ જેને ધાર્મિક લેખવામાં આવે છે તેથી ઇતર બાબતો જેવી કે વૈદ્યકીય રાહત, શિક્ષણપ્રચાર અને એવી બીજી બાબતો માટે મંદિરનાં વધારાનાં નાણાંનો ઉપયોગ થવો જોઇએ.

કા. કા.: હા, એ મને મંજુર છે.

પ્ર. ટે. : આના અનુસંધાનમાં હું ધારું છું કે આપે જૈન સાહિત્ય સારા પ્રમાણમાં વાંચ્યું છે.

કા. ક.: મેં બહુ વાંચ્યું છે એમ તો હું નહિ કહી શકું.

પ્ર. ટે.: દેવદ્રવ્ય સંબંધમાં જૈન માન્યતા શું છે તે આપ કહી શકશો ? દેવદ્રવ્યનો બીજા કોઇ કાર્યમાં ઉપયોગ થઇ ન શકે એવી જે માન્યતા જૈનોમાં પ્રચલિત છે તેની પાછળ કાંઇ સત્ય છે ખરું ?

કા. કા. : હું જૈન ધર્મને જે રીતે જાણું છું તે રીતે વિચારતા બૌદ્ધોની માફક જૈનો ઇશ્વરમાં માનતા નથી, પણ જૈનો આત્મામાં માને છે અને જૈનોના તીર્થંકરો કે જેમને તેઓ પૂજે છે તેઓ તેમની કલ્પના મુજબ પૂર્ણ આત્માઓ છે. આ તીર્થંકરો વીતરાગ અને સંપૂર્ણ ત્યાગી હતા એમ માનવામાં આવે છે. તેથી તેમની સાથે કોઇ પણ પ્રકારની દ્રવ્યની માલીકી જોડી શકાય નહિ. લાખો રૂપીઆ કે કીમતી દાગીનાના તેમને માલીક બનાવવા કે લેખવા તે યોગ્ય નથી. આ બાબત હું આ રીતે સમજું છું.

પ્ર. ટે. : અમારી સમક્ષ એક બે બહુ મહત્ત્વના પ્રશ્નો ઉપસ્થિત થયા છે, એ બાબતમાં આપનો અભિપ્રાય અમો જાણવા ઇચ્છીએ છીએ.

એક તો આ મુજબ છે. અમોને એમ સુચવવામાં આવ્યું છે કે હિંદુઓની અમુક જ્ઞાતિ કે પેટાજ્ઞાતિના ભલા માટે ઉભું કરવામાં આવેલ ટ્રસ્ટનો બધા હિંદુઓને લાભ મળવો જોઇએ. આપનો આ બાબતમાં શું અભિપ્રાય છે ?

કા. કા. : મારો પોતાનો અભિપ્રાય એમ છે કે કોઇ પણ ચેરીટી અથવા તો દાનનું મુખ્ય લક્ષણ એ હોવું જોઇએ કે જેમને કાયદાના ધોરણે રક્ષણનો હક્ક મળી શકે એમ ન હોય તેમના રક્ષણ અને લાભની દિશાએ એ ચેરીટી અથવા દાનનો પ્રવાહ વહેવો જોઇએ. દાખલા તરીકે, જો હું મારા ભાઇ કે ભાંડુને કાંઇ આપું તો એ ચેરીટી ન કહેવાય. એ જ રીતે પોતાની કોમના ભલા માટે કાઢવામાં આવેલી કોઇ પણ રકમને હું ચેરીટીનાં ખરા લક્ષણોથી વંચિત ગણું. તેથી કેટલાક શાસ્ત્રોના ઉલ્લેખ મુજબ ચેરીટીની આવકના ઓછામાં ઓછા વીશ ટકા સગાવાલાથી ઇતર લોકોનાં ભલા માટે ખર્ચાવા જોઇએ. હું તો ઘણું યે પુછું કે આપણે એવી રીતે જાહેરમત કેળવીએ કે જેથી ધાર્મિક કે સામાજિક કોઇ પણ ચેરીટીની આવકના ઓછામાં ઓછા વીશ ટકા પ્રસ્તુત સમાજથી અન્ય સમાજના ભલા માટે અથવા તો જે સમાજ આર્થિક શૈક્ષણિક, અથવા તો નૈતિક દરજ્જામાં વધારે કમનસીબ હોય એ કોમના ભલા માટે ખરચાય એવો કાયદો લોકો સ્વીકારે.

પ્ર. ટે.: આ આપે એક નવી જ વાત કરી. તે બાબતમાં તાજેતરમાં મુંબઇમાં એક નવો મુદ્દો ધ્યાન ખેંચી રહેલ છે. આપણે ત્યાં અમુક જ કોમ અથવા તો પેટા જ્ઞાતિના ઉપયોગ માટે મર્યાદિત હોય એવા ઇરપીતાલો છે. અમારી કમીટી સમક્ષ એવી સુચના રજુ કરવામાં આવી છે કે બીજી ચેરીટીઓ સંબંધમાં ગમે તેમ કરો પણ ઇરપીતાલોના મૂળ ટ્રસ્ટમાં ગમે તે મર્યાદા મુકવામાં

આવી હોય તો પણ ધરપીતાલો તો સૌ કોઇના માટે ખુલ્લાં મુકાવા જોઇએ.

કા. કા. : એ વિચાર સાથે હું સર્વથા સંમત છું. હું તો એટલે સુધી કહું કે વૈદ્યકીય રાહત અમુક એક કામ પુરતી મર્યાદિત રાખવામાં આવે તે એક ગુનાહિત કાર્ય ગણવું જોઇએ.

પ્ર. ટે. : આપ એટલે સુધી જાઓ છો?

કા. કા. : હા, જી.

પ્ર. ટે. : તો પછી ધર્મશાળાઓનો પ્રશ્ન આપણે વિચારવાનો છે એ પ્રમાણમાં વધારે હળવો છે.

ઘણુંખરૂં આ ધર્મશાળાઓ તીર્થસ્થાનોમાં હોય છે. આમાંની ઘણી ધર્મશાળાઓ અમુક જ્ઞાતિ કે પેટાજ્ઞાતિના ઉપયોગ માટે અંકિત હોય છે. ગયે વર્ષ જ્યારે હું રામેશ્વર ગયેલો ત્યારે કેટલીક ધર્મશાળાઓ બીજોબીજીય ભરેલી હતી, જ્યારે બીજી કેટલીકમાં પુષ્કળ ખાલી જગ્યા હતી, છતાં તેમાં કોઇને દાખલ થવા દેવામાં આવતાં નહોતા, કારણ કે તે ધર્મશાળાઓ ચોકકસ કોમો માટે અંકિત કરવામાં આવેલ હતી. આ ધર્મશાળાઓ બધાય હિંદુઓ માટે ખુલ્લી મુકાવી જોઇએ કે કેમ?

કા. કા. : આ કાર્ય કાયદાથી થવું જોઇએ એમ હું એકાએક નહિ, કહું પણ આ દિશાએ જાહેર મત કેળવાવો જોઇએ. અને હું એમ પણ કહેવા માગું છું કે બધી કોમો માટે ધર્મશાળાઓ ખુલ્લી મૂકીએ તે પહેલાં ખાનપાનને લગતા લોકોના પુર્વગ્રહો પુરેપુરા ધ્યાનમાં લેવાવા જોઇએ.

પ્ર. ટે. : એ બાબતમાં તો નિયમ થઈ શકે છે. આપણે એમ પણ નિયમ કરી શકીએ છીએ કે જે કોઇ માણસ જે ધર્મશાળામાં જમ એણે તે જ ધર્મશાળાના નિયમો પાળવા જોઇશે. તે નિરામિષાહારી માટે હોય તો ત્યાં તેણે માંસાહાર કરવો ન જોઇએ, આવો નિયમ થઇ શકે છે.

કા. કા. : આ સિવાય બીજો કોઇ ભેદભાવ હોવો ન જોઇએ. અને જો બીજો કોઇ ભેદભાવ હોય તો આપણે તે કાયદાથી દૂર કરવો જોઇએ. અને ધર્મશાળાઓ સૌ કોઇને માટે ખુલ્લી કરવી જોઇએ. એ ધર્મશાળાઓનો લાભ લેતા લોકો, આસપાસ રહેતા લોકોને પ્રતિકુળ કે વાંધાપડતી રીતે ન વર્તે એટલી આ બાબતમાં સંભાળ લેવી જોઇએ. ધરપીતાલ કે ધર્મશાળાઓનો આ વધારે વ્યાપક ઉપયોગ હિંદુઓ પુરતો જ રહેશે એવી આપની દરખાસ્ત છે એમ હું સમજું છું.

પ્ર. ટે. : હા, જી. હાલ તુરત તો એમ જ છે. અગારી પાસે એક બે એવા સાક્ષીઓ પણ આવી ગયા છે કે જેઓ મુસલમાન, પારસી સૌ કોઇને આ લાભ મળે એમ ઇચ્છે છે. આ કદાચ અંતિમ ધ્યેય હોઇ શકે, પણ સમગ્ર હિંદુ જાતિ માટે પણ જો આ સંસ્થાઓ ખુલ્લી જાહેર કરી શકાય તો આપણે એક આગળવતું આગળ પડતું પગલું ભર્યું કહેવાશે.

કા. કા. : હા, જી. મારો પોતાનો અભિપ્રાય આ મુજબ છે. ધર્મશાળાઓ સૌ કોઇને માટે ખુલ્લી મુકાવી જોઇએ. પણ આ બાબત લોકો ઉપર બળજબરીથી ઠોકી બેસાડવી ન જોઇએ. હિંદુઓ માટે ખુલ્લી મુકાય ત્યાં સુધી હું રાહ જોવાને તૈયાર છું. જો કોઇ ધર્મશાળા હરિજનોનો બહિષ્કાર કરે તો તે બંધ કરવી જોઇએ.

પ્ર. ટે. : એ બાબતમાં હું આપની સાથે સહમત છું. જો કોઇ પણ ઠેકાણે હરિજનનો બહિષ્કાર કરવામાં આવશે તો હમણાં જ મુંબઇમાં પસાર કરવામાં આવેલ ધારા મુજબ તે ધર્મશાળાના સંચાલકને શિક્ષા કરવામાં આવશે.

કા. કા. : પણ, ઉંચાવર્ણના હિંદુઓ માટેની ધર્મશાળાઓમાં આજે પણ હરિજનોને દાખલ થતા અટકાવી શકાય છે.

પ્ર. ટે. : એ કાયદો આપની સુચના મુજબ સુધારી શકાય એમ છે કે નહિ તે આપણે વિચારીશું.

* * *

પ. ટે. : હવે એક બીજી બાબત વિચારીએ, હિંદુસ્તાનમાં કેટલાક લોકો પોતાના વીલમાં 'ધર્માદા' 'પુણ્યદાન', 'સારા કામ માટે' એ શબ્દોથી નાની મોટી ચેરીટીઓ જાહેર કરે છે. કમનસીબે બન્યું છે એમ કે કાયદાની અદાલતોએ આવી ચેરીટીઓને અર્થ વિનાની જાહેર કરેલ છે, કારણ કે ચેરીટીના લક્ષણમાં આવા દાનનો સમાવેશ થતો નથી. આપણે જેને ચેરીટી માનીએ છીએ એમાં બધાં દાનોનો સમાવેશ થાય એ પ્રમાણે ચેરીટીનું લક્ષણ બદલાવું જોઇએ એવો કેટલાકનો અભિપ્રાય છે. આપ આ સંબંધમાં શું ધારો છો?

કા. કા. : ચેરીટીને લગતા આપણા ખ્યાલોમાં અંગ્રેજી કાયદાઓએ માથું મારવાના પરિણામે આવી વિચિત્ર પરિસ્થિતિ ઉભી થઇ છે એમ મને લાગે છે.

પ્ર. ટે. : હા, જી.

કા. કા. : અંગ્રેજી રાજ્યના અમલના અંત સાથે એ લોકોએ આપણી ઉપર લાદેલા ચેરીટીના ખ્યાલોનો પણ અંત આવવો જોઇએ.

પ્ર. ટે. : અને આપણે ચેરીટીના અર્થને આપણી ઇચ્છા મુજબ વ્યાપક બનાવવો જોઇએ એમ આપ કહો છો ને?

કા. કા. : હા, જી. એ એક કમનસીબ વિષમતા છે કે કેટલાક અંગ્રેજી ખ્યાલોએ આપણા ખ્યાલો ઉપર વર્ચસ્વ જમાવ્યું છે.

પ્ર. ટે. : આપ કહો છો તે બરાબર છે. એ જ દાવા હેઠળ આજે કેટલીયે ચેરીટીઓનો અમલ જ થઇ શકયો નથી.

કા. કા. : મને લાગે છે કે ધર્મ શું કહેવાય તે વિષે આપણે આપણા દેશમાં વધારે સારી સમજુતી ધરાવીએ છીએ. ધર્મ નિમિત્તનું દાન તે ચેરીટી જ છે એમ દરેક હિંદુ કહેશે.

* * *

પ્ર. ટે. : મુંબઇમાં સારસ્વત કોમ લગભગ અરધો ડઝન મંદિરોનો વંશપરંપરાથી વહીવટ ચલાવે છે અને એમાં ભુલેશ્વરનું મંદિર પણ આવી જાય છે. આ બાબત તમો જાણો છો કે નહિ તેની મને ખબર નથી. આ દેવસ્થાનના ટ્રસ્ટીઓએ લાખો રૂપીયા એકઠા કર્યા છે અને ટ્રસ્ટ સીકયોરીટીઓમાં રોકયા છે. આને તેઓ દેવદ્રવ્યની માફક જ સમજે છે અને બીજા કોઇ હેતુ માટે તેનો ઉપયોગ થઇ ન શકે એમ તેઓ માને છે. પરિણામ એ આવ્યું છે કે આ નાણાંઓ કશાં પણ કામમાં આવતાં નથી.

કા. કા. : સિવાય કે એ મંદિરોમાં ઢગલાબંધ નાણું તથા કીંમતી આભુષણો છે એમ કોઇ લૂંટારાઓની ટોળીને ખબર પડે અને તેઓ લૂંટ ચલાવે અને મંદિરો એટલા લક્ષ્મીભારથી હળવાં કરે. ગોવામાં આવા લૂંટારાઓ એક મંદિરમાંની મૂર્તિનું જ અપહરણ કરી ગયા હતા, કારણ કે તે સોનાની બનાવેલી હતી.

પ્ર. ટે. : આ માલમત્તા લૂંટી લેવા માટે લૂંટારાની ટોળી સરકાર ઉભી કરે એવી તો આપ સલાહ નથી આપતા ને?

કા. કા. : તેથી જ આ પૈમાનો સમાજને માટે ઉપયોગ થાય એ વધારે ઇચ્છવા યોગ્ય છે.

પ્ર. ટે. : આ દરદાગીના અને માલગિલકતનાં રોકડાં નાણાં કરવામાં આવે અને સમાજના લાભ માટે વપરાય એમ આપ ઇચ્છો છો ને?

કા. કા. : હા, જી.

* * *

પ્રશ્નકાર: શ્રી શાંતિલાલ હ. શાહ

શાંતિલાલ: કેટલાક માણસોઓએ એવો અભિપ્રાય રજુ કર્યો છે કે ધાર્મિક તથા સામાજિક ટ્રસ્ટોના વહીવટમાં સરકારે માથું મારવું ન જોઇએ. આ સંબંધમાં મારો ખ્યાલ એવો છે કે જુના હિંદુ કાયદા કે શાસ્ત્રોએ આવી બાબતો સંબંધમાં વ્યવસ્થા

જાળવવાની અને જરૂર પડે તો દખલગીરી કરવાની રાજાઓને સત્તા આપી હતી.

કા. કા. : આ બાબતમાં હાલ તુરત હું ચોક્કસ શાસ્ત્ર કે સ્મૃતિનો ઉલ્લેખ રજુ કરી શકતો નથી. પણ મને પણ એવું ચોક્કસ યાદ છે કે લોકોના ધાર્મિક આચારોનું નિયમન કરવાનો રાજા સંપૂર્ણ હક્ક ધરાવે છે એવાં હિંદુ ધર્મશાસ્ત્રોમાં અનેક સ્થળે વિધાનો કરવામાં આવેલ છે.

શાંતિલાલ : ધાર્મિક આચારો જ માત્ર નહિ પણ ધાર્મિક તેમ જ સામાજિક ટ્રસ્ટોના વહીવટનું નિયમન પણ રાજાના અધિકારની મર્યાદામાં આવે છે.

કા. કા. : હા, જી. એ બન્ને કરી શકે છે એ વિષે મને જરા પણ શક નથી.

શાંતિલાલ : જો આપને સમય હોય તો આ અભિપ્રાયનું સમર્થન કરતા શાસ્ત્રીય ઉલ્લેખો અમોને પુરા પાડવા વિનંતિ છે.

કા. કા. : હું પ્રયત્ન કરીશ.

* * *

પ્રશ્નકાર: શ્રી નયન. એચ. પંડ્યા

નયન. : આપે હિંદુસ્તાનમાં ખૂબ મુસાફરી કરી છે અને હિંદુસ્તાનમાં કેવળ ઓળસુ જીવન ગાળતા સાધુઓની સંખ્યા ઘણી મોટી છે તે આપ જાણો છો. આ લોકોને સામાજિક કાર્યમાં જોડી શકાય એવી કાયદાની કે બીજા કોઇ પ્રકારની વ્યવસ્થા આપ સુચવશો ?

કા. કા. : આ બાબતમાં કાયદો આપણને મદદરૂપ થઇ શકે કે કેમ એ વિષે મને ખાત્રી નથી. કાયદાની તાકાત વિષે હું ખૂબ અશ્રદ્ધા ધરાવું છું. જ્યાં સુધી સમાજ અમુક બાબતમાં તદ્દન અસહાય છે એવી મને પ્રતીતિ ન થાય ત્યાં સુધી હું કાયદાનો આશ્રય લેવા મન ન કરું. હું કાયદાની મદદ સિવાય આજે ચાલતી પરિસ્થિતિને બને ત્યાં સુધી સુધારવા ઇચ્છું.

નયન : આવા સાધુઓને વિના કારણ પોષવામાં અને બગવવામાં આવે છે એમ આપને નથી લાગતું ?

કા. કા. : જો લોકોને આપણે કેળવીશું તો લોકો તેમને બીલકુલ બાવા નહિ આપે,

* * *

પ્રશ્નકાર : શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ

ચી. ચ. : આપે એમ સુચવ્યું છે કે કોઇ પણ અમુક કોમના ધાર્મિક તેમ જ સમાજોપયોગી ટ્રસ્ટોની આવકનો વીશ ટકા ભાગ અલગ કરવો જોઇએ અને બીજી પછાત કોમોના લાભ માટે એનો ઉપયોગ થવો જોઇએ. હવે આપણે કયોળ કામ માટેની કોઇ એક બોર્ડિંગનો દાખલો લઇએ. આપનું એમ કહેવું છે કે આ સંસ્થાની આવકનો વીશ ટકા ભાગ ચેરીટીકમીશનરે ફરજ પાડીને લઇ લેવો જોઇએ અને બીજી કોમના ભલા માટે તેનો ઉપયોગ કરવો જોઇએ ?

કા. કા. : હા જી, સિવાય કે બીજી કોમના વીશ ટકા પ્રમાણમાં વિદ્યાર્થીઓને એ સંસ્થામાં દાખલ કરવામાં આવે અને તેમની સાથે સમાનતાના ધોરણે વર્તાવ કરવામાં આવે.

ચી. ચ. : તો પછી આપનું એમ કહેવું છે ને કે જો કોઇ બોર્ડની સ્કુલ હોય તો તે સંસ્થાના સંચાલકોએ એ સંસ્થામાં જેટલા વિદ્યાર્થી દાખલ થઇ શકે તેના વીશ ટકા પ્રમાણ જેટલાં બીજી કોમના વિદ્યાર્થીઓને તે સ્કુલમાં દાખલ કરવા જોઇએ ?

કા. કા. : હિંદુસ્તાનની આજની પરિસ્થિતિનો વિચાર કરતાં હિંદુસ્તાનમાં વસતી સર્વ કોમોને હું બે ભાગમાં વહેંચુ છું. (૧) મિત્રભાવ-ઉપલક્ષિત અને (૨) મિત્રભાવ-અનુપલક્ષિત. જે કોમોમાં અન્ય લોકોને કોઇ પણ પ્રકારે ધર્માંતર કરાવવાનું તીવ્ર ઝનુન હોય અને આપણાં પરત્વે જે કોમનાં દિલમાં એવી દુર્બુદ્ધિ હોય તેવી કોમોને મિત્રભાવ-અનુપલક્ષિત કોમો તરીકે હું ઓળખાવવા માંગું છું. આવી કોમો અને તેમની સંસ્થાઓ પાસેથી બીજી કોમોના ભલા માટે તેમની આવકમાંથી વીશ ટકા જેટલી રકમ હું ફરજિયાત લઇ લેવા ઇચ્છું. જે કોમોમાં આવી દુર્બુધ્ધિ ન હોય તેમને હું મિત્રભાવ-ઉપલક્ષિત કોમો લેખું છું. અને તેમની સાથે હું એટલો કડક ન થઉં. બોર્ડ સ્કુલમાં વીશ ટકા વિદ્યાર્થીઓ દાખલ કરવાનું કામ બહુ મુસ્કેલ છે. કારણ કે તેમનું ધર્માંતર કરવામાં ન આવે એ બાબતની મારે સતત ચોકી રાખવી પડે. આવા કીસ્સાઓમાં એ લોકો પોતાની આવકમાંથી વીશ ટકા આપે તે વધારે ઇચ્છવાયોગ્ય છે.

ચી. ચ. : હવે, ઇસ્પીતાલોનો વિચાર કરીએ. મુંબઇમાં એક ભાટીયા ઇસ્પીતાલ છે. ધારો કે એ કોમનો કોઇ એક માણસ આગળ આવે અને પોતાની કોમનાં જ લાભ માટે ખરચવાને રૂપીઆ દસ લાખની રકમ આગળ ધરે. આપ તેનો અસ્વિકાર કરશો ?

કા. કા. : હું તેનો અસ્વિકાર કરવાની હદ સુધી નહિ જઉં. જો હું સરમુખત્યાર હોઉં તો તેમના ઉપર બહુ ભારે કર નાખું. જે સંસ્થાઓ અમુક કોમના લાભ માટે મર્યાદિત રાખવામાં આવશે તેમણે પોતાની આવકમાંથી પચાસ ટકા કર લેખે આપવા પડશે એમ હું જાહેર કરું. આ કરથી જો તેમને મુકત રહેવું હોય તો એ લોકોએ પોતાના ઇસ્પીતાલો સૌ કોઇને માટે ખુલ્લાં જાહેર કરવા જોઇએ.

ચી. ચ. : આમ કરવાથી કોમી ઇસ્પીતાલોની પ્રવૃત્તિને ધક્કો લાગશે અને પોતાની કોમનું ભલુ કરતાં લોકો અટકી જાય એવું પ્રતિકુળ પરિણામ આવશે એમ આપને નથી લાગતું. ?

કા. કા. : પહેલા તો હું આવી કોઇ દહેશત ધરાવતો જ નથી. ઉદ્ધારતાનો પ્રવાહ કદાપિ અટકવાનો જ નથી. અને ધારો કે અટકી જાય તો પણ એ અટકાવીને પણ સમાજનું નિશ્ચિત પ્રકારનું હું ભલું જ કરું છું. અમુક રાહત મળે છે એ જ માત્ર મહત્વનું નથી, પણ એ રાહતનું સ્વરૂપ કેવું છે એ પણ ધ્યાનમાં લેવાની જરૂર છે. બીજી વધારે પછાત કોમોના લાભ માટે જે લોકો વીશ ટકા જેટલી આવક આપવાને તૈયાર ન હોય એમના પૈસા એમની પાસે ભલે રહ્યા ! કોમી અલગતા એક એવું દરદ છે કે જે કોમી ઇસ્પીતાલો ઉભા થતાં અટકાવવાથી જ અમુક અંશે નાબુદ થઇ શકશે.

* * *

ચી. ચ. : આપ જાણો છો કે આપણે ત્યાં કેટલાયે સદાવ્રતો છે જેનો યોગ્ય રીતે લાભ લેવાતો નથી. એ સદાવ્રતો બંધ કરવામાં આવે અને તેનાં નાણાંનો કોઇ સારા કામ માટે ઉપયોગ કરવામાં આવે એ સંબંધમાં આપ શું ધારો છો ?

કા. કા. : એ સદાવ્રતો વિષે મારા દિલમાં કુણો ભાવ છે. એક સાધુ તરીકે મેં ઘણો પ્રવાસ કર્યો છે. અને એ સદાવ્રતોના અન્નદ્વારા હું નભ્યો છું. એ સદાવ્રતોની નાની મોટી બધી બાબતો હું જાણું છું અને એનો જે દુરૂપયોગ થઇ રહ્યો છે એ જોઇને મારૂં દિલ ઉકળી ઉઠે છે. પણ સમગ્રપણે વિચારતાં મને એમ લાગે છે કે આ સદાવ્રતોએ ઘણા લાંબા વખત સુધી અમુક રીતે ચોકકસ ઉપયોગી સેવા બજાવી છે અને તેથી તેનો ઉચ્છેદ કરવાને બદલે તેમાં હું સુધારણા કરવા ઇચ્છું.

ચી. ચ. : આ સદાવ્રતોનો ઉપયોગ ગરીબ વિદ્યાર્થીઓને અન્ન તેમ જ શિષ્યવૃત્તિઓ આપવામાં થાય એમ આપ ઇચ્છો છો ?

કા. કા. : ગરીબ વિદ્યાર્થીઓને આ દ્વારા અન્નભોજન આપવાની વ્યવસ્થા થાય એ મને સમંત છે. પણ સાથે સાથે એ પણ સુચવું કે આ વિદ્યાર્થીઓને પુરતું પોષણ મળે એટલો ખોરાક અપાવો જોઇએ. એક વખત આ સદાવ્રતો વટેમાર્ગુઓ અને પ્રવાસીઓને

આશીર્વાદરૂપ હતા. કોલંબિયા યુનિવર્સીટીના અધ્યાપક 'બટ' સાથે આ બાબત ચર્ચવાને મને સુયોગ સાંપડ્યો હતો. મેં તેમને જણાવ્યું હતું કે હિંદુસ્તાનમાં કોઇ પણ માણસ અધ્યયન અને જ્ઞાનોપાર્જન માટે રોકફેલર કે એવી અન્ય કોઇ સંસ્થાને મદદ માટે અરજી કર્યા સિવાય એક ખુણેથી બીજે ખુણે ખાવાપીવાની કશી પણ અગવડ ભોગવ્યા સિવાય ફરી શકે છે. આપ્યા દેશમાં જ્યાં ત્યાં સદાવ્રતો ચાલતા હોય છે. જ્યાં જાઓ ત્યાં તમને ખાવાનું મળી રહે છે. અલબત્ત, તે પાછળ રહેલો શુભ હેતુ આજે નષ્ટ થયો છે અને એનો ખૂબ દુરૂપયોગ થઇ રહ્યો છે પણ આ માટે આપણે જ જવાબદાર છીએ. આપણે આપણી જવાબદારી બરોબર સમજતા જ નથી. હિંદુસ્તાન અતિથિધર્મ માટે એક વખત પંકાયલો દેશ હતો. આજે છે એના એ જ આકારમાં નહિ પણ તેમાં જરૂરી સુધારા કરીને આ સંસ્થાઓ જીવંત રાખવી જોઇએ. ભૂતકાળમાં કાશીમાં તેમ જ અન્ય સ્થળોએ વિદ્યાર્થીઓને જોઇતો ખોરાક મફત મળી રહેતો અને નિશ્ચિંતપણે તેઓ અભ્યાસ કરી શકતા, જેમાંથી આજે કેટલાયે વિદ્વાનો પાકયા છે, અને સમાજનાં મોટા ધડવૈયાઓ નિર્માણ થયા છે. આ સંસ્થાનો આવો ઉજ્જવળ ભૂતકાળ ધ્યાનમાં લઇને એને મૂળમાંથી નાબૂદ કરવાનું સુચવવા માટે હું તૈયાર નથી. અલબત્ત, તેમાં સુધારાની અત્યંત આવશ્યકતા છે. હું આ સંસ્થાને બંધ કરવાને બદલે સુધારવાનું વધારે પસંદ કરું છું.

પ્રશ્નકાર. શ્રી. દફ્તરી

દફ્તરી : આપે એમ સુચવ્યું કે કોઇ પણ સંસ્થાનું બજેટ એને લગતી કોમની આગળ રજુ કરવું જોઇએ. હું એમ સુચવું છું કે આ બજેટ ચેરીટી કમીશનરની આગળ જ રજુ થવું જોઇએ અને તેણે તેને લગતા નિર્ણયો કરવા પહેલાં એ ચોકકસ કોમની કમીટીની સલાહ લેવી જોઇએ. આ એક ઉચિત મધ્યમમાર્ગ મને લાગે છે.

કા. કા. : ચેરીટીકમીશનર તો એક સત્તાધિકારી જ હશે. તેને લોકોની સલાહ લેવાની જરૂર છુટ હશે, પણ એ સલાહ લેશે કે કેમ એ જ સવાલ છે. અધિકારીઓ સંબંધમાં હું ચોકકસ પ્રકારનો અવિશ્વાસ ધરાવું છું. આમ હોવાથી આ બાબત હું કોમની હસ્તક જ રહે એમ હું ઇચ્છું છું. ચેરીટી કમીશનરના સ્થાને જુદી જુદી કોમોનું પ્રતિનિધિત્વ ધરાવતું જો કોઇ ચુંટાયલું મંડળ હોય તો તે સામે મને વાંધો નથી.

દફ્તરી. : સરકાર પોતે જ એક ચુંટાયલી સંસ્થા નથી?

કા. કા. : હા, એમ છે એટલે જ અમે એની અનેક વિચિત્રતાઓ સહન કરીએ છીએ. રાજસત્તા એક અનિવાર્ય અનિષ્ટ છે અને તેથીજ તેને નિભાવી લેવી પડે છે. સરકાર, લોકોનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા હોઇને સરકારની સત્તાનો જરૂર જણાય ત્યાં ઉપયોગ કરવાનું હું જરૂર પસંદ કરું. પણ, જ્યાં જ્યાં મને ચાલી શકે ત્યાં ત્યાં સરકારને હું કોઇ પણ નવી સત્તા સહેલાઇથી ન આપું. આ મારો મધ્યમાર્ગી વિચાર છે. ઉપર જણાવેલ હેતુ માટે સરકારને જો આપ ચુંટાયલું મંડળ નીમવાની ભલામણ કરશો તો એ મંડળ જાહેર જનતા માટે વધારે અનુકુળ થઇ પડશે અને જાહેર જનતાનો અભિપ્રાય પણ તે ઘણી સહેલાઇથી સમજી શકશે.

અનુવાદક પરમાનંદ

સર પુરૂષોત્તમદાસ ઠાકોરદાસે આપેલી જુબાની

પ્રશ્નકાર : પ્રમુખ ટેન્હુલકર

પ્ર. ટે. : અમારી પ્રશ્નાવલિના ઉત્તરમાં આપ સૌથી પહેલી બાબત એ જણાવો છો કે ટ્રસ્ટોના વહીવટમાં ગોટાળો કરનારાઓને ઠેકાણે લાવવામાં બહુ ભારે ખર્ચ કરવો પડે છે, અને અમારી સમક્ષ પણ આવી જ ફરીઆદ સામાન્ય રીતે કરવામાં આવી છે.

પુ. ઠા. : હા જી, આપની કમીટીમાંના ચીમનભાઇ પણ આ બાબતની સાક્ષી પુરશે.

પ્ર. ટે.: ઇંગ્લાંડમાં, આપ જાણતા હશો કે, ચેરીટી કમીશનરો નીમવામાં આવે છે. આ ચેરીટી કમીશનર સમક્ષ જે કાંઇ ફરીઆદો રજુ કરવામાં આવે છે તેની વિનાવિલંબે તપાસ કરવાની તેમને સત્તા હોય છે. તેઓ પોતે જ તપાસ ચલાવે છે અને તેમની સમક્ષ રજુ કરવામાં આવેલી ફરીયાદો વજુદવાળી છે કે નહિ તે બાબતમાં તેઓ નિર્ણય કરે છે. આમાં ખર્ચનો કશો સવાલ આડે આવતો નથી. આવું જ કાર્ય કરવા માટે હિંદુસ્તાનમાં અને ખાસ કરીને આપણા પ્રાન્તમાં આવી કોઇ સંસ્થા ઉભી કરવાની અમારી સમક્ષ દરખાસ્તો આવી છે. આપ આ વિચારના પક્ષમાં છો?

પુ. ઠા. : આ યોજનાની બધી વિગતો હું જાણતો નથી. પણ હું જે કાંઇ જાણું છું તે ઉપરથી મને લાગે છે કે આ બહુ જ ઇચ્છવા યોગ્ય છે. હું આશા રાખું છું કે આવી સંસ્થા સરકાર પુરી તટસ્થ વૃત્તિથી ઉભી કરશે અને એ સંસ્થાના સભ્યો કાયદા અને ન્યાયના ધોરણે વ્યાજબી નિર્ણયો લઇ શકે એવી તાકાતવાળા–ડીસ્ટ્રીકટ જજના મોભાવાળા–હશે.

પ્ર. ટે. : બીજી એક ફરિયાદ સામાન્યપણે કરવામાં આવે છે કે ટ્રસ્ટીઓ પોતાની હસ્તકનાં નાણાંનો દુરૂપયોગ કરે છે. લેવડદેવડ થઇ શકે એવી સીકયોરીટીઓમાં અથવા તો ગવર્મેન્ટ પ્રોમીસરી નોટોમાં ટ્રસ્ટના ફંડો રોકાયલા હોય છે. આ રોકાણ ટ્રસ્ટીઓના નામ પર હોય છે અને ટ્રસ્ટીઓ આ રોકાણોની પોતાને ઠીક પડે તેમ વર્ષો સુધી હેરફેર કર્યા કરે છે, અને સરવાળે ટ્રસ્ટને કોઇ પણ પ્રકારનો ફાયદો થતો નથી. આ દુરૂપયોગ અટકાવવા માટે અમારી સમક્ષ એક એવી સૂચના કરવામાં આવી છે કે રીઝર્વ બેંકને અથવા તો અમો સુચવીએ છીએ એવા ચેરીટી કમીશનરોને આ બધી સીકયોરીટીઓ રજીસ્ટર કરવાની સત્તા હોવી જોઇએ અને ચેરીટી કમીશનરની પરવનાગી સિવાય આ સીકયોરીટીઓ વેચી શકાય નહી આવો પ્રબંધ થવો જોઇએ.

પુ. ઠા. : આ તમારી સુચના મને કબુલ છે, પણ મને ભય રહે છે કે રજીસ્ટર લગાડવો અને લઇ લેવો આ બધું કદાચ બહુ ખર્ચાળ બનશે. જો આમ કરવામાં નામનો જ ખર્ચ થવાનો હોય તો તમારી સૂચના સ્વિકારવામાં મને કશો વાંધો નથી.

પ્ર. ટે. : હું ધારું છું કે આપ રીઝર્વ બેંકના ડીરેકટર છો. રીઝર્વ બેંક આવું કામ હાથ ધરે કે નહિ એ એક પ્રશ્ન છે.

પુ. ઠા. : રીઝર્વ બેંકનું ભાવી શું છે એની મને ખબર નથી, પણ મને લાગે છે કે તમારી સુચના વિચારવા જેવી છે. એમ કરવામાં રીઝર્વ બેંકને કશો ખર્ચ નહિ થાય અને આજે ચાલી રહેલા ઘણા ગોટાળા એમ કરવાથી અટકી જશે.

પ્ર. ટે.: આ જ રીતે અમો મિલ્કતનો દુરૂપયોગ અટકાવવા માટે એવો કાયદો કરવા ઇચ્છીએ છીએ કે ધાર્મિક તથા લોકોપયોગી કાર્યો માટે ટ્રસ્ટીઓએ ખરીદેલી મિલ્કતની રજીસ્ટ્રેશન એકટ નીચે રાખવામાં આવતા રજીસ્ટરમાં નોંધ હોવી જોઇએ. આમ કરવાથી ટ્રસ્ટીઓને અંધારામાં રાખીને ટ્રસ્ટની મિલ્કતના કરવામાં આવતાં વેચાણો અટકાવી શકાશે.

પુ. ઠા. : આમ કરવામાં પણ નામનો જ ખર્ચ લાગવો જોઇએ એ શરતે આપની સૂચના હું સ્વિકારું છું. ધાર્મિક કે લોકોપયોગી ટ્રસ્ટો ઉપર નાનો સરખો પણ કરભાર લાગુ પાડવો ન જોઇએ એવો મારો અભિપ્રાય છે.

પ્ર. ટે. : આપ જાણો છો કે બોમ્બે પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ નીચે બધા ટ્રસ્ટો પાસેથી બહુ જ થોડો કર લેવામાં આવે છે. દરેક ટ્રસ્ટને પોતાની આવકમાંથી અમુક રકમ આપવાની હોય છે.

પુ. ઠા. : એ એકટમાં પાછળથી સુધારો કરવામાં આવ્યો છે તે મુજબ આ કર બરોબર નામનો જ છે. જો એ કર જરા પણ વધારે હોત તો ડાકોરના મંદિરને, હું માનું છું કે, ઘણી મોટી રકમ આપવી પડતે.

પ્ર. ટે. : ઇંગ્લાન્ડમાં ચેરીટી કમીશનરના ખર્ચનો બોજો ચેરીટીઓ માથે નહિ પણ રાજ્યના માથે નાંખવામાં આવેલ છે. અહીં પણ એ જ નિયમ સ્વિકારવો એવો આપનો અભિપ્રાય છે ?

પુ. ઠા. ચેરીટી કમીશનરનો ખર્ચ રાજ્યની તિજોરીએ જ વહન કરવો જોઇએ. જાહેર જનતાના હિતની ખાતર તેની નિમણુંક કરવામાં આવે છે તેથી જાહેર જનતાએ જ તેનો ભાર ઉપાડવો જોઇએ. ચેરીટીઓનો વહીવટ બરોબર ચાલે છે એ જોવાની ચેરીટી કમીશનરને માથે જવાબદારી હોય છે. તેથી તેમને લગતો ખર્ચ રાજ્યની તિજોરીમાંથી અપાવો જોઇએ. વળી કેટલીક ચેરીટીઓ કેળવણીપ્રચારનું અને વૈદકીય રાહત પહોંચાડવાનું કામ કરે છે. અને આ કામ તો રાજ્યનું જ છે. અને આ હકીકત ધ્યાનમાં લઇને રાજ્યે તેમને આવકવેરાથી મુકત રાખેલ છે અને કેટલેક ઠેકાણે ચેરીટીઓ સ્થાનિક મ્યુનિસિપલ કરોથી પણ મુકત હોય છે.

પ્ર. ટે. : આપના ઉત્તરો જોતાં મને માલુમ પડે છે કે 'વિઝીટરો'ની ગોઠવણની આપ વિરુદ્ધ છો કારણ કે આપ વિઝીટરો મદદરૂપ થવાને બદલે ઉલટા નડતરરૂપ બનશે એમ ધારો છો.

પુ. ઠા. : તમો ચેરીટી કમીશનરો તો ઉભા કરો જ છો. આ દિશાએ તમો ધીમે ધીમે આગળ પગલા ભરો ! માણસજાતના સ્વભાવમાં જ સત્તા દાખવવાની વૃત્તિ રહેલી છે અને જેને આ સત્તાદબાણના ભોગ થવું પડે છે તેમને આનો અત્યન્ત અણગમો હોય છે. આજે એવા ઘણા માણસો છે કે જેઓ ચેરીટીનાં કામોમાં ઉંડો રસ ધરાવે છે અને જેઓ ઉપયોગી સેવા આપી રહ્યા છે. એક વખત જેવું એમને માલુમ પડે કે કોઇ બહારનું માણસ, સંભવ છે કે અંગત વૈરવિરોધને લીધે, તેમના કાર્યમાં દખલગીરી કરી રહેલ છે અને તેને દબડાવી રહેલ છે કે તુરત જ તેઓ માથે ઉપાડેલું કામ છોડી દેશે, આ હું જાતઅનુભવથી કહું છું, કારણ કે હું આવા દાખલા જાણું છું.

પ્ર. ટે. : હું માનું છું કે આપ ડાકોરના મંદિરના વહીવટ સાથે જોડાયેલા છો અને તેની પાસે ઘણી મોટી રકમો પડેલી છે.

પુ. ઠા. : હા જી.

પ્ર. ટે. : મદ્રાસમાં દેવસ્થાન વિષે શું વસ્તુસ્થિતિ છે એ હું આપને ટુંકમાં જણાવું. દર વર્ષે તૈયાર કરવામાં આવતા બજેટમાં મંદિરની મૂર્તિઓના પૂજાપાઠ અને ધાર્મિક ક્રિયાકાંડ માટે જરૂરી રકમ મંજુર કરવામાં આવે છે. આ બાબત ત્રણ કે પાંચ વર્ષ માટે ચેરીટી કમીશનરની સંમતિ મેળવીને નકકી કરવામાં આવે છે. કોઇ પણ ધારી અણધારી પરિસ્થિતિને પહોંચી વળવા માટે રીઝર્વ ફંડ અને મકાનો માટે ધસારાફંડ પણ બાજુએ રાખવામાં આવે છે. આ બધું બાદ કરતાં આવકમાં જો કાંઇ વધારો રહે તો તે વધારો જાહેર લોકોપયોગી કાર્ય માટે સુલભ બને છે. આવી યોજના આપ પસંદ કરો છો. ?

પુ. ઠા. : આ વધારાનો ઉપયોગ મૂળ ટ્રસ્ટના હેતુઓની મર્યાદામાં આવી જાય એવા લોકોપયોગી કાર્ય માટે કરવામાં આવે છે કે કોઇ પણ લોકપયોગી કાર્ય માટે ?

પ્ર. ટે. : સમાજને જે દ્વારા સૌથી વધારે લાભ મળી શકે એવા જાહેર લોકોપયોગી કાર્ય માટે આ વધારાનાં નાણાંનો ઉપયોગ કરવામાં આવે છે. ધારો કે ડાકોરના મંદિર પાસે વધારાનાં નાણાં છે, અને ચેરીટી કમીશનરને લાગે કે ડાકોરને એક સારા હોસ્પીટલની સૌથી વધારે જરૂર છે, તો એવું હોસ્પીટલ ઉભું કરવા પાછળ તે રકમ ખરચવામાં આવશે. આને બદલે જો તેને એમ લાગે કે ત્યાંની કોમને વેદપાઠશાળા વધારે લાભદાયી નીવડે તેમ છે તો તેવી પાઠશાળાની સ્થાપના કરવાની ચેરીટી કમીશનર ભળામણ કરે. તત્કાલીન સંયોગો ધ્યાનમાં લઇને કયું કાર્ય ત્યાંનાં સમાજને વધારે લાભદાયી નીવડશે એ બાબતનો પુરો વિચાર કરીને જ નિર્ણય કરવાનો રહેશે. આવાં કાર્યો કમીશનર ટ્રસ્ટીઓ સાથે સલાહ કરીને જ નકકી કરશે. આમ કોઇ પણ મંદિરનાં વધારાનાં નાણાં જેને ઐહિક અથવા તો સમાજોપયોગી કહેવામાં આવે છે એવા હેતુઓ પાછળ ખરચાય એ બાબત આપ મંજુર કરો છો ?

પુ. ઠા. : ડાકોરમંદિરના પ્રમુખ તરીકે નહિ પણ વ્યકિતગત રીતે આ કમીટી સમક્ષ હું જુબાની આપું છું એમ સમજીને જણાવું છું કે આવી રીતે પ્રાપ્ત થતાં વધારાનાં નાણાંનો ટ્રસ્ટીઓની સંમતિ મેળવીને અન્ય લોકોપયોગી કાર્યોમાં ઉપયોગ કરવાના વિચારને મારો પુરો ટેકો છે. ટ્રસ્ટીઓની સંમતિની જરૂર એટલા માટે છે કે તેઓ આવી બાબતમાં મારી સાથે હોય એમ હું ઇચ્છું.

પ્ર. ટે. : વધારાનાં નાણાં કયા હેતુ પાછળ ખરચવા એ બાબતનો છેવટનો નિર્ણય કરવાની સત્તા ટ્રસ્ટીઓને રહેવી જોઇએ એ બાબત સ્વિકારીએ તો પણ વધારાનાં નાણાં ખરચવાના જુદા જુદા માર્ગો કાયદાથી નકકી કરવામાં આવે અને ટ્રસ્ટીઓ એમાંથી પોતાને ઠીક પડે તે માર્ગ સ્વિકારે એવી ગોઠવણ આપને પસંદ છે ?

પુ. ઠા. : હા જી, એ પ્રમાણે આપ કરી શકો છો.

પ્ર. ટે. : એ જ પ્રમાણે ચેરીટી કમિશનર ટ્રસ્ટીઓ સમક્ષ ત્રણ ચાર જુદી જુદી યોજનાઓ મૂકે અને તેમાંથી કોઇ પણ એક પસંદ કરવા તેમને જણાવે.

પુ. ઠા. : વારૂ, એ સામે મને કશો વાંધો નથી. હું તમને રસ પડે એવો એક નાનો સરખો અનુભવ જણાવું. ડાકોર મંદીર પાસે પાંચસો છસો ઢોર છે. તેમાંથી કોઇ પણ જાનવર વેચવામાં કે કતલ કરવામાં આવતું નથી. અમે એ ઢોરની સારી સંભાળ લેવા માંડી, જેના પરિણામે આજે વધી વધીને ૬૦ મણ દુધ પેદા થવા માંડયું છે. ચાલુ નિયમો પ્રમાણે બધા ભેગો ધરતાં ૮ થી ૧૦ મણ દુધનો ઉપયોગ થતો હતો, અને દુધનો ખુબ વધારો પડી રહેતો હતો. સ્વાભાવિક રીતે આ વધારાના દુધનું શું કરવું એ પ્રશ્ન ઉપસ્થિત થયો. મેં કમીટીને સૂચવ્યું કે આ દુધ નિશાળોમાં અને પાઠશાળામાં ભણતા ગરીબ વિદ્યાર્થીઓને વહેંચી દેવું, કારણે કે એ વિદ્યાર્થીઓને દુધ મળતું નથી. મેં એમ જણાવ્યું કે એ બધું દુધ દેવમૂર્તિ સમક્ષ ધરવું અને પછી છોકરાઓને વહેંચી દેવું. મંદિરના ઉપયોગ માટે જરૂરી દુધ સિવાયના બાકીના વધારાના દુધની કીંમત કોણ આપે એ પ્રશ્ન ઉભો થયો. મેં કહ્યું કે એ દુધની કીંમત આપવાને હું તૈયાર છું. આથી વધારે વ્યાજબી બીજુ શું હોઇ શકે ? મેં ઉપર જણાવેલી દરખાસ્ત એટલા માટે કરી કે તેથી બે ત્રણ શુભ હેતુઓ એક સાથે સિદ્ધ થાય તેમ હતું. એક તો તાજું અને સારૂં દુધ અને તે પણ દેવમૂર્તિ સમક્ષ ધરવામાં આવતું દુધ કે જેની ચોકકસ વિશેષતા છે એવું છોકરાઓને મળે. આપને જાણીને આશ્ચર્ય થશે કે 'એમ નહિ બની શકે' એવો મને જવાબ મળ્યો. ૬૦ મણ દુધનું તેઓ કરવાના શું હતા ? મેં તેની કીંમત આપવાની તૈયારી બતાવી. તો પણ તેઓ કબુલ ન થયા. પછી મેં એમ સૂચવ્યું કે આ વધારાના દુધનું દહીં કરીએ અને ખાસ કરીને ઉનાળાના મહીનાઓમાં મંદિરના પાછળના દરવાજે જે કોઇ આવે તેને આપણે મફત છાસ આપીએ. 'નહિ સાહેબ' એવો જ ફરીથી જવાબ મળ્યો. મેં મારા સાથીઓને જણાવ્યું કે હવે તો ડીસ્ટ્રીકટ કોર્ટ આગળ જવા સિવાય મારી પાસે બીજો કોઇ માર્ગ રહેતો નથી. હાલ આ મંદિરને લગતા બહુ મોટા ખટલામાં અમો પડેલા છીએ એનો નિકાલ ન આવે ત્યાં સુધી આ બાબત મુલતવી રાખવા તેમણે માંગણી

કરી. આજે આ બાબત આટલે સુધી આવીને ઉભી છે. આ પ્રકરનો સુધારો થવાની હવે ખુબ જ જરૂર છે. પ્રજાનો આવી બાબતમાં તમને પુરો સાથ મળે એ ખાસ મહત્વનું છે.

પ્ર. ટે. : હું સમજું છું કે આ બાબતમાં પરસ્પરવિરોધી મતો અને હિતો સંડોવાયલા છે.

પુ. ઠા. : ડાકોરમાં આજે જે પરસ્પર હિતો સંડોવાયલા છે તેમાં કાયદાકાનુન કશું કરી શકે કે કેમ એ વિષે મને શક છે. તેઓ પ્રીવી કાઉન્સીલ સુધી લડી ચુકયા છે.

પ્ર. ટે : અમારી મુશ્કેલીઓ ઉપર આપનું નિવેદનન વો પ્રકાશ પાડે છે. અનેક હિતોની તેમાં પરસ્પર અથડામણ થવા સંભવ છે.

પુ. ઠા. : મદ્રાસ અને અહિં વચ્ચે એક તફાવત છે. મદ્રાસમાં મઠાધિપતિઓના હિતોને ઠેકાણે લાવવા માટે એવો કાયદો કરવામાં આવ્યો છે એવો મારો ખ્યાલ છે.

પ્ર. ટે. : અમોએ આજે જ મદ્રાસ એન્ડાઉમેન્ટ બોર્ડના પ્રેસીડેન્ટની જુબાની લીધી. તેઓ અમારી સાથે બે કલાક હતા. તેમણે અમને જણાવ્યું કે તેઓ હજુ મઠોને તો અડકયા જ નથી. તેમને અડતા હજુ તેઓ બીએ છે. હજુ હમણાં ૧૯૪૭માં જ તેમણે આગળના કાયદામાં મઠો વિષે એક પ્રકરણ ઉમેર્યું છે. મઠો પોતાના હિસાબો જ મોકલે છે અને બીજું કશું કરતા નથી. આમ છતાં પણ તીરૂપતી મંદિરના વધારાના નાણાંમાંથી તેઓ પંચ શિક્ષણસંસ્થાઓ ચલાવે છે.

પુ. ઠા. : તિરૂપતિમાં તેઓ મઠાધિપતિને પદભ્રષ્ટ કરી શકયા નથી ? હું ધારતો હતો કે મઠાધિપતિને હાંકી કાઢવામાં આવ્યા છે.

પ્ર. ટે. : ના સાહેબ, મંદિરની સંભાળ લેવા માટે તેમણે એક આસીસ્ટન્ટ કમીશનરની નીમણુંક કરેલ છે. મઠાધિપતિની ધાર્મિક પ્રતિષ્ઠા હજુ ચાલુ જ છે. મંદિરનો જમીન જાગીર વગેરેનો વહીવટ આ આસીસ્ટન્ટ કમીશનર ચલાવે છે અને તે મંદિરના વધારાનાં નાણાંનો કબજો લે છે અને તેમાંથી શિક્ષણસંસ્થાઓ ચલાવે છે.

અહિં ચર્ચવાનો બીજો એક મુદ્દો આ છે. કમીટી આગળ એક એવી સુચના રજુ કરવામાં આવી છે કે આજકાલ અનેક લોકો ભાતભાતના ઉધરાણાં કરે છે અને તેમાં કઇ બાબત સારી છે અને કઇ બાબત ખોટી છે એ કોઇ જાણતું હોતું નથી. પહોંચની ચોપડીઓ છપાવવામાં આવે છે અને કોઇ પણ માણસ આવી ચોપડી લઇને નીકળી પડે છે અને નાણાં ભેગાં કર્યે જાય છે. એમ સુચવવામાં આવ્યું છે કે જ્યારે આપણે ચેરીટી કમીશનર નીમવાના છીએ ત્યારે ચેરીટી કમીશનરની પરવાનગી સિવાય કોઇ પણ માણસ પૈસા એકઠા કરી ન શકે એવો પ્રબંધ કરવો. પરવાના સિવાય કોઇ પણ ચેરીટી માટે ભંડોળ એકઠું કરનાર શિક્ષાપાત્ર લેખાવો જોઇએ. આ બાબતમાં આપનો શું અભિપ્રાય છે ?

પુ. ઠા. : એ તો ઠીક, પણ આ કાયદાનો અમલ શી રીતે કરવામાં આવશે તેનો મને ખ્યાલ આવી શકતો નથી. એનો અર્થ એ થાય ને કે કોઇ પણ બ્રાહ્મણ કોઇ પણ કાર્ય માટે નાણાંની યાચના કરી નહિ શકે ?

પ્ર. ટે. : આ દરખાસ્તના ગર્ભમાં એ રહેલું જ છે કે બ્રાહ્મણ આજની માફક યાચના કરી નહિ શકે. જો કોઇ પણ સભાજોપયોગી કાર્ય માટે તમને નાણાં જોઇતા હોય તો તે કામ વ્યવસ્થિત રીતે થવું જોઇએ. દાખલા તરીકે ગૌશાળાઓનો વિચાર કરીએ. કહેવાતી ગૌશાળાઓમાં આજે ખરેખર કેટલી અસ્તિત્વ ધરાવે છે તેની જ આપણામાંના ઘણાને ખબર નથી. તેમાંની કેટલીક તો ૫૦૦ માઇલ જેટલે દૂર દૂર હોય છે. એમ છતાં એ માટે નાણાં ઉધરાવવાનું ચાલ્યા જ કરે છે અને એ નાણાનું શું થાય છે તેની કોઇને ખબર પડતી નથી.

પુ. ઠા. : હું એમ જણાવું છું કે આવી નાની નાની બાબતોને અડકો નહિ. મોટી બાબતો જ હાથ ધરો. કારણ કે આવી બાબત લોકોને કેવી લાગશે તે હું કહી શકતો નથી. દરેક બાબત રાજ્ય સંભાળી શકે તેમ નથી. હું વિશાળ ધોરણે વિચાર કરું છું. જો કોઇ એક માણસ આફતમાં હોય અને પૈસા માંગવા નીકળે તો–

પ્ર. ટે. : આવી વ્યક્તિગત યાચનાઓને આ કાયદો આપણે લાગુ નહિ પાડીએ.

પુ. ઠા. : આ બાબતનો તો સૌથી મોટો દુરૂપયોગ મુંબઇમાં વ્યાપારી બજારોમાં થઇ રહેલો જોવામાં આવે છે. દેશના કોઇ પણ ખુણે નાનું સરખું સંકટ આવ્યું કે કેટલાયે લોકો મુંબઇ દોડી આવે છે અને તમારી પાસે ભાતભાતની માંગણીઓ કરે છે. આ બાબતમાં મારો વિચાર આ મુજબ છે. એકદમ પરવાનાનો કાયદો લાવવાની હું ભલામણ નહિ કરું. બે, ત્રણ, ચાર વર્ષ બાદ આવો કાયદો કરજો. આપણે ઇચ્છીએ છીએ અને અપેક્ષા રાખીએ છીએ એ મુજબ લોકોને વિચાર કરતા થવા દો. દરેકના દિલમાં એવો આગ્રહ પેદા થવા દો કે ચેરીટીના નામે તેઓ જે કાંઇ આપે છે તેનું કોઇ પણ આકારમાં ચોક્કસ ઉપયોગી પરિણામ આવવું જ જોઇએ.

* * *

પ્ર. ટે. : એક જ અથવા તો એકસરખા હેતુવાળા ટ્રસ્ટોના જોડાણ સંબંધમાં આપનું એમ કહેવું છે કે આવી બાબતમાં ટ્રસ્ટીઓની લાગણીઓનો પુરો ખ્યાલ રાખવો જરૂરી છે. આપ આ રીતે શું કહેવા માંગો છો તે જરા વધારે સ્પષ્ટતાથી સમજાવશો ?

પુ. ઠા. : ધારો કે કોઇએ એવી જાહેરાત કરી હોય કે મારા જ્ઞાતિભાઇઓને ભોજન આપવા માટે હું રૂા. ૫૦૦૦ બાજુએ મુકું છું. આને અમો 'ઉજાણી' શબ્દથી ઓળખીએ છીએ. આજે આવી ઉજાણી શકય જ નથી, કારણ કે આજે રેશનીંગ ચાલે છે. પણ આમ ન હોય તો પણ આ નાણાંનો ઉપયોગ યોગ્યતા ધરાવતા અને જરૂરિયાતવાળાઓને ખવરાવવા પાછળ કરવામાં આવે તેમાં કંઇ ખોટું નથી. આ નાણાંનો બીજા જ કોઇ કાર્ય પાછળ ઉપયોગ ન કરો પણ મૂળ વિધાન હોય તેને મળતા કાર્ય માટે, જેટલું બને તેટલા નજીકના હેતુ માટે, ઉપયોગ કરો. જો અમુક જ્ઞાતિના લોકો માટે તેનો ઉપયોગ સુચવવામાં આવ્યો હોય તો તે લોકો માટે જ તેનો ઉપયોગ કરો. દરેક વર્ગ અને વર્તુલમાં પુરતી હાડમારીઓ, આફત અને મુંઝવણો રહેલી છે. એ લોકોના લાભ પુરતો જ એ નાણાંનો ઉપયોગ મર્યાદિત રાખો. કાઠિયાવાડ માટે અંકિત થયેલી રકમ નાસીકમાં ન વાપરો !

પ્ર. ટે. : ચેરીટીનો લાભ લેનાર વર્ગ સંબંધે તેમ જ તે પ્રદેશ સંબંધે જે મર્યાદા સૂચવવામાં આવી હોય તે જાળવવી જોઇએ એવો આપનો અભિપ્રાય છે ?

પુ. ઠા. : મૂળ દાતાની ઇચ્છાઓની બને તેટલા સમીપ રહીને પ્રસ્તુત ચેરીટીનો અમલ થવો જોઇએ.

પ્ર. ટે. : આને અંગ્રેજી કાયદાની પરિભાષામાં અમે 'સાઇ-પ્રે' ના સિધ્ધાન્તના નામથી ઓળખીએ છીએ. હવે આપણે બીજો એક પ્રશ્ન વિચારીએ. હિંદભરમાં સ્થળે સ્થળે અન્નક્ષેત્રો અને સદાવ્રતો ચાલે છે. પ્રીન્સીપાલ કુલકર્ણીએ અમને જણાવ્યું છે કે જે આવે તેને ભોજન આપવાને બદલે કોલેજમાં ભણતા ગરીબ વિદ્યાર્થીઓને જ ખવરાવવામાં આવે એવી વ્યવસ્થા સ્વીકારવા તેઓ કેટલાક ટ્રસ્ટીઓને સમજાવી શકયા હતા અને બે ઠેકાણે તેઓ આ પ્રયત્નમાં પુરા સફળ નીવડયા હતા. જે જગ્યાએ ઘણા સદાવ્રતો હોય ત્યાં કાયદાથી તે સદાવ્રતોનો ગરીબ વિદ્યાર્થીઓને જ લાભ આપવાની ફરજ પાડવાનું આપ સંમત કરો ખરા ?

પુ. ઠા. : અંગત રીતે આ હું સંમત કરું છું, પણ તે સંમતિ આ મર્યાદાને આધીન રહીને કે આવો કોઇ પણ ફેરફાર

મૂળ હેતુની બને તેટલો સમીપ હોવો જોઇએ. અલગસ્ત શરીર-વાળાને ખવરાવવા કરતાં જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને ખવરાવવું એ જરૂર વધારે ઇચ્છવા યોગ્ય છે.

પ્ર. ટે. : હવે ખાસ કરીને તીર્થસ્થળોમાં આવેલી ધર્મશાળાઓનો વિચાર કરીએ. આ બાબતમાં એમ માલુમ પડે છે કે કેટલીક ધર્મશાળાઓ અમુક જ્ઞાતિ કે પેટાજ્ઞાતિઓ માટે અને કેટલીક ધર્મશાળાઓ અમુક સ્થળમાં વસતા લોકો માટે અંકિત કરવામાં આવેલી હોય છે. આ ધર્મશાળાઓ ઘણી વખત ખાલી હોય છે, જ્યારે બીજી ધર્મશાળાઓ બીચોબીચ ભરેલી હોય છે. ઉપર જણાવ્યા મુજબ ચોકકસ જ્ઞાતિ કે પ્રદેશવાસી લોકો માટે નિયત કરવામાં આવેલી ધર્મશાળાઓ ખાલી હોય ત્યારે તે બીજા હિંદુઓ માટે ખુલ્લી હોવી જોઇએ–આ સંબંધમાં આપ શું ધારો છો?

પુ. ઠા. : આ બરોબર છે, પણ આ સંબંધમાં એક બાબત ખાસ ખ્યાલમાં રાખવાની રહે છે. આવાં તીર્થસ્થળોએ જતા યાત્રાળુઓ નિરામિષ આહાર વિષે ખુબ આગ્રહ ધરાવતા હોય છે, માંસાહારીઓ આવી ધર્મશાળામાં આવે તે તેઓ બીલકુલ પસંદ નહિ કરે.

પ્ર. ટે. : એ બરોબર છે. પણ એ સંબંધમાં આપણે નિયમ કરી શકીએ છીએ કે નિરામિષાહારીઓ માટે નિર્માણ થયેલી ધર્મશાળામાં કોઇ માંસ પકાવી નહિ શકે.

પુ. ઠા. : જો તમો એવો નિયમ સ્વીકારો તો પછી તમારી દરખાસ્ત સામે કશો પણ વાંધો ઉઠાવવા જેવું જણાતું નથી. જો ધર્મશાળાઓ ખાલી પડી રહેતી હોય તો શા માટે તેનો ઉપયોગ ન કરવો?

પ્ર. ટે. : કીડીઓને ખાંડ આપતી, કુતરાને રોટલા આપતી, પારેવાને ચણ આપતી–એવી કેટલીયે ચેરીટીઓ હોય છે. આપ આવી ચેરીટી બંધ કરવાના પક્ષમાં છો?

પુ. ઠા. : એ બંધ કરવી યા અટકાવવી એ હું કહી શકતો નથી. એવી બાબતોને હું ઉત્તેજન ન આપું. પણ અહિં પણ લાગણીનો પ્રશ્ન આવીને ઉભો રહે છે. હું જાણું છું કે કેટલાક લોકો આવી બાબતોને બહુ અગત્ય આપે છે.

પ્ર. ટે. : સમાજનો સામાન્ય અભિપ્રાય ધ્યાનમાં લાઇને આપ આવી ચેરીટીઓ ફરજિયાત બંધ કરવા ઇચ્છો કે સમજના આગળ વધવા સાથે આવી બાબતો સ્વાભાવિક રીતે લુપ્ત થઇ જશે એમ સમજી આ સંબંધમાં કશું ન કરવું એમ આપ ઇચ્છો?

પુ. ઠા. : અત્યારે કોઇએ ૯૦ વર્ષ પહેલાં પારેવાને ચણ નાખવા માટે અંકિત કરેલા પાંચ હજાર રૂપીઆ મારી પાસે પડેલા છે. હું તેનો કશો ઉપયોગ કરતો નથી. મારૂં એમ કહેવું છે કે જ્યારે આપણે માણસોની જરૂરિયાતોને પહોંચી વળતા નથી ત્યારે પારેવાને પોષવા એ યોગ્ય નથી. મેં આ બાબતમાં મારા વકીલની સલાહ લીધી છે અને કોઇ પણ બીજા બીજા કાર્ય પાછળ ખરચવાની પરવાનગી મેળવવા માટે અમે કોર્ટ આગળ જવાનો નિર્ણય કર્યો છે. તેથી મારૂં એમ કહેવું છે કે આવી ચેરીટીઓના કાર્યપ્રદેશમાં કોર્ટની પરવાનગી મેળવીને ફેરફાર કરવો જોઇએ.

પ્ર. ટે. : જો આપણે ત્યાં ચેરીટી કમીશનર હોય તો આ બાબત બે મીનીટમાં પતાવી શકાય.

* * *

પ્ર. ટે. : કોઇ પણ આચાર્ય કે મઠાધિપતિ નાલાયક માલુમ પડે અને એ છતાં વારસા હકકના કારણે જ એ પોતાના સ્થાન ઉપર ચોંટકી બેઠેલો હોય–આવા આચાર્ય કે મઠાધિપતિના સંબંધમાં કંઇ કરવાની જરૂર ખરી કે નહિ? એવી પરિસ્થિતિમાં આપ દખલગીરી કરવા ઇચ્છો કે નહિ?

પુ. ઠા. : હું જરૂર કરૂં અને તેને ત્યાંથી હાંકી કાઢું. જો ઢીકરામાં યોગ્યતા ન હોય તો આવો હકક બાપ પાસેથી દીકરાને મળે એનો કોઇ અર્થ જ નથી. આપ દામોદરલાલજીનો દાખલો વિચારો ને? એને એ સ્થાન ઉપર બેસાડી રાખવાનો કશો અર્થ જ નથી.

પ્ર. ટે. : ગોસાંઇઓ સાથે કામ લેવાનો કોઇ માર્ગ આપ સુચવશો? તેમની પાસે ઢગલાબંધ માલમીલકત હોય છે અને તેને તેઓ પોતાની માલેકીની જ લેખાવે છે.

પુ. ઠા. : આ કાયદાનો સવાલ છે અને તે બેથી બાબત વિષે મારો અભિપ્રાય જણાવી નહિ શકું. વળી એ પ્રશ્નના ઉંડાણમાં હું ઉતર્યો નથી. મારો સામાન્ય ખ્યાલ એવો છે કે એમાંના બહુ જ થોડા હવે સધ્ધર સ્થિતિ ધરાવે છે.

* * *

પ્ર. ટે. : જૈન મંદિરો સોના અને ચાંદીમાં રોકાણ કરે છે. આપ એ વિષે શું ધારો છો?

પુ. ઠા. : આ રોકાણ બહુ સહીસલામત અને સંગીન પુરવાર થયું છે. બન્નેની કીંમત ખુબ વધી ગઇ છે.

પ્ર. ટે. : એટલા જ પ્રમાણમાં એ કીંમત ઘટી પણ જાય અને પરિણામે એ રોકાણો ભારે નુકશાનકર્તા નીવડે.

પુ. ઠા. : આવતા દશ વર્ષ કે એ લગભગમાં તો એમ બનવા સંભવ નથી. આવું રોકાણ હું સંમત કરતો નથી, પણ મને લાગે છે તે આ છે કે આજે જે રીતે દુનિયા ગતિ કરી રહી છે, અને જે રીતે અર્થરચના નિર્માણ થઇ રહી છે, તે જોતાં સોનાનાં અને ચાંદીના રોકાણોને લીધે ઘણી મોટી રકમની બચત થવા પામી છે.

પ્ર. ટે. : આજે તો આવી પરિસ્થિતિ છે.

પુ. ઠા. : હું સોના–ચાંદીના રોકાણનો પક્ષ કરતો નથી પણ આપ જાણો છો તેમ જેમણે સોના–ચાંદીમાં રોકાણ કરેલ છે. તેઓ કુશળ વ્યાપારી તરીકે પુરવાર થયેલા છે.

પ્ર. ટે. : કેટલાક ટ્રસ્ટીઓ બાનગી પેઢીઓમાં ટ્રસ્ટનાં નાણાંનું રોકાણ કરે છે અને એમ કરવાથી તેમને વધારે વ્યાજ મળે છે એવું કારણ તેઓ આગળ ધરે છે. આ પ્રકારના રોકાણ વિષે આપ શું ધારો છો?

પુ. ઠા. : અંગત રીતે આવા રોકાણો હું પસંદ કરતો નથી.

અનુવાદક : પરમાનંદ

'દેવદ્રવ્ય' નો ઉગમ કેમ થયો?

[મુનિશ્રી જિનવિજયજીએ દેવકુલકર કમીટી સમક્ષ દેવદ્રવ્યના પ્રશ્ન ઉપર આપેલી જુબાનીનો તેમણે જ લખી આપેલો સંક્ષિપ્ત સાર નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

જેને અત્યારે જૈન સમાજ કે જૈન સંઘના નામે સંબોધવામાં આવે છે તે બરી રીતે ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. તેમાંનો એક ભાગ છે તે સર્વથા મૂર્તિપૂજા–વિરોધી છે અને તે સ્થાનકવાસી જૈનના નામે ઓળખાય છે. એ સંપ્રદાયને માનનારા જૈનો મૂર્તિપૂજામાં માનતા નથી તેમ જ જૈન મન્દિરો બાંધવા કે તે નિમિત્તે પૈસા ખર્ચવામાં મોટું પાપ માને છે. આ સંપ્રદાયની જનસંખ્યા લગભગ આખા જૈન સંઘના એક તૃતીયાંશ જેટલી હશે.

બીજો સંપ્રદાય છે તે દિગંબર જૈનના નામે ઓળખાય છે અને તેને માનનારા પણ લગભગ એટલી જ સંખ્યામાં છે. તેમની મૂર્તિપૂજા વિષેની વિધિઓ અને દેવદ્રવ્ય માટેની વ્યાખ્યાઓ શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયથી તદ્દન જૂદા પ્રકારની છે. આ કમીટી આગળ જે વિચારો અત્યારે રજુ કરવામાં આવ્યા છે તે શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના પણ અમુક ભાગની જ માન્યતાઓ છે, નહિ કે સર્વની.

જૈન મૂર્તિપૂજાનો ઇતિહાસ જોતાં તો એમ જણાય છે કે પ્રારંભમાં તો જૈન ધર્મમાં મૂર્તિપૂજા જ ન હતી. બીજા બીજા

ધર્મો અને સંપ્રદાયોના પ્રભાવ અને પ્રચારને લીધે તેમ જ કેટલાક ઐતિહાસિક બનાવોના લીધે જૈન સંઘના પણ અમુક વર્ગમાં મૂર્તિપૂજનો પ્રવેશ થયો. શ્વેતાંબર સાધુ સંપ્રદાયમાં પણ જૂના કાળમાં એવો વિભાગ હતો કે જે મૂર્તિપૂજા કે જૈન મન્દિરની સ્થાપનાના કાર્યને સ્વીકારતો ન હતો. બીજા કેટલાક જૈન શ્વેતાંબર સાધુઓ એવા હતા કે જેઓ ચૈત્યવાસીના નામે ઓળખાતા હતા અને તેઓ સદા જૈન મન્દિરોમાં જ રહેતા, અને જૈન મંદિરોની સંપત્તિ સંભાળતા તથા તેની સર્વ વ્યવસ્થા કરતા.

એ સાધુઓ રાજાઓ અને ધનિકો પાસેથી આ મંદિરો માટે વર્ષાસનોના રૂપમાં દાનો મેળવતા અને તેની આવકમાંથી મંદિરોનો તથા પોતાનો પણ નિર્વાહ કરતા. વખત જતાં એ સાધુવર્ગના શિષ્ય-પ્રશિષ્યોમાં એ વર્ષાસનોના અધિકાર અને ઉપભોગ આદિ માટે ઝઘડાઓ ઉભા થતા. તેના પરિણામે કેટલોક વર્ગ એવા અભિપ્રાય ઉપર આવ્યો કે સાધુઓએ જૈન મન્દિરોમાં રહેવું કે તેની સંપત્તિનો ઉપભોગ કરવો એ મહા પાપરૂપ છે. એ રીતે એ સાધુવર્ગના બે વિભાગો થયા.

૧. જેઓ જૈન મંદિરોમાં વસવાનું અને તેની સર્વ વ્યવસ્થા કરવાનું કર્તવ્ય માનતા તેઓ **ચૈત્યવાસી** કહેવાતા; અને

૨. જેઓ તેના વિરોધ કરતા તેઓ **વસતિવાસી** કે એવા બીજા નામે ઓળખાતા. આ ઝઘડાઓ સૈકાઓ સુધી ચાલતા રહ્યા હતા. અને પરિણામે એમાં એક વર્ગ એવો પણ ઉભો થયો કે જે એ ચૈત્યવાસી સાધુઓના અધિકાર નીચે રહેલા મન્દિરો અને તેમાંની મૂર્તિઓને પણ અપૂજ્ય અને અદર્શનીય કહેવા લાગ્યો અને પોતે પોતાના પક્ષના નવા મન્દિરો ઉભા કરાવવા લાગ્યો.

આ ઝઘડાઓ અને વિખવાદોના પરિણામે દેવદ્રવ્ય અને તેનો ઉપયોગ એ વિષેના અનેક પ્રકારના વિચારો અને પ્રતિવિચારોનો પ્રવાહ શરૂ થયો. જેઓ ચૈત્યવાસની વિરૂધ્ધ હતા તેમણે એવા વિચારોનો પ્રચાર કરવા માંડયો કે જે સાધુઓ જૈન મન્દિરોમાં રહે છે તેઓ દેવદ્રવ્યના ભક્ષક છે અને દેવદ્રવ્યના ભક્ષણથી મહાપાપના ભાગી થવાય છે. એના પ્રતિ ઉત્તરમાં જેઓ મન્દિરોમાં નિવાસ કરતા તેઓ કહેતા કે મન્દિરોમાં નિવાસ કરવાથી મન્દિરોનું બરાબર સંરક્ષણ અને સંવર્ધન કરી શકાય છે અને એ રીતે ધર્મની રક્ષા થાય છે વિગેરે.

આ મન્દિરોની પૂજાવિધિઓ વિગેરે અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર હતી. કેટલાક મન્દિરોમાં તો રોજ કે ઉત્સવાદિ પ્રસંગે વેશ્યાનૃત્યો પણ થતા અને નાટક અને રાસાદિ પણ ભજવાતા એવી વિધિઓને, એક પક્ષ પાપકારણ માની, વિરોધ કરતો. બીજો પક્ષ તેમાં ધર્મની થતી પ્રભાવના જણાવી તેનું સમર્થન કરતો. આવી જાતના મતભેદોને લઇને વળી આ નવા પક્ષમાં પણ પાછા પેટાપક્ષો ઉભા થયા હતા.

શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુઓમાં એક એ પણ વિવાદનો વિષય બનેલો હતો કે શ્રાવકની જેમ શ્રાવિકાએ જૈન મૂર્તિની પૂજા-અર્ચા કરવી કે નહિ. વળી રાત્રિના સમયે મન્દિરોમા દર્શનાદિ કરવા જવું કે નહિ. વળી, જિન મૂર્તિને વસ્ત્ર આભૂષણાદિથી અલંકૃત કરવી કે નહિ. મન્દિરમાં એક જ પ્રતિમા રાખવી કે અનેક. મન્દિરોની પ્રતિષ્ઠા ગૃહસ્થના હાથે થાય કે સાધુના હાથે થાય. આવી આવી જાતના અનેક વિચારોના સ્થાપકો અને ઉત્થાપકોના અનેક પક્ષ-વિપક્ષ જૈન સમાજમાં ઉભા થયેલા છે.

શેઠ શ્રી કસ્તુરભાઇએ જે વિચારો આપની કમીટી આગળ આજે રજુ કર્યા છે તે મેં સાંભળ્યા છે તેમ જ તે પછી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી શ્રીયુત મોતીચંદભાઇએ તથા શ્રીયુત મોહનલાલ ઝવેરીએ જે વિચારો રજુ કર્યા છે તે પણ મેં સાંભળ્યા છે. દેવદ્રવ્ય અને તેની વ્યાખ્યા તથા ઉપયોગ વિષે તેમના તરફથી જે પ્રમાણો ઉપસ્થિત કરવામાં આવ્યા છે તે ૧૨ મા ૧૩ મા સૈકાની આસપાસના વાતાવરણના સૂચક છે. અને તે લગભગ અમુક એક પક્ષના સાધુવર્ગના જ પોષક અને પ્રેરક છે. એ સમયમાં જૈન શ્વેતાંબર સાધુવર્ગના મુખ્ય એવા દશેક ગચ્છો હયાતીમાં હતા તેમાંના એક ગચ્છ એટલે કે તપાગચ્છના પક્ષના યતિઓએ પોતા ભાગે એ ગ્રંથોની રચના કરેલી છે.

દેવદ્રવ્યના ઉપયોગ વિષે એ ગ્રંથોમાં જે વિચારો અને વ્યાખ્યાઓ આપેલી છે તેનો સાર લગભગ એવો જ છે જેવો આપની આગળ આ સદ્‌ગૃહસ્થોએ રજુ કરેલો છે. અને તે એ કે દેવદ્રવ્યનો ઉપયોગ બીજી કોઇ સાધારણ બાબતોમાં ન કરી શકાય.

એ જૂના સમયમાં મંદિરોની સંપત્તિ તરીકે મોટા ભાગે જમીન એટલે કે મકાન, હાટ, ખેતર વિગેરે જેવી સ્થાવર મિલ્કત હતી. રોકડ નાણા કે ચાંદી સોનાના રૂપમાં કે જેને જંગમ મિલ્કત કહી શકાય એવી ભાગ્યે જ ભેગી થતી હતી.

જૈનસાહિત્યમાં આગમો એ સૌથી વધારે પ્રમાણભૂત અને પ્રાચીન ગણાય છે. એ આગમોમાં તો કયાંય પણ દેવદ્રવ્ય કે તેના ઉપયોગ વિષેનો કશો ઉલ્લેખ જોવામાં આવતો નથી. સારાવલી પઇન્ના નામના જે ગ્રંથનો ઉલ્લેખ કોન્ફરન્સના પ્રતિનિધિઓ તરફથી કરવામાં આવ્યો છે તે તો એક અર્વાચીન કૃતિ છે. અને તેની ગણના મૌલિક આગમોમાં બિલકુલ થતી નથી. વિશેષાવશ્યકભાષ્યનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં એ વિષેનો કોઇ ઉલ્લેખ હોય એ હું સર્વથા જાણતો નથી. એ વિષેના પ્રમાણ તરીકે જે બીજા કેટલાક ગ્રંથોનાં નામો આપવામાં આવ્યા છે તેમનો આગમ સાથે કશો સંબંધ નથી.

પુરવણી :—ખરી રીતે દેવદ્રવ્યની આખી ભાવના અને વિચારસરણી હિંદુ ધર્મની દેવપૂજનની પદ્ધતિ અને ભાવના સાથે સંબંધ રાખે છે. દેવ અને તેનું દ્રવ્ય એ વિચાર જ જૈન દર્શનના સિદ્ધાંત સાથે સંગત થતો નથી. દેવદ્રવ્ય એ શબ્દ હિંદુ ધર્મના નિયમોને લગતા સાહિત્યમાંથી સર્જાએલો છે. મનુસ્મૃતિ અને કૌટિલ્ય અર્થશાસ્ત્ર જેવા હિંદુ-વિધિ-વિધાનના ગ્રંથોમાં એનું મૂળ રહેલું છે. હિંદુઓના એ વિષેના વિચારોને જ પાછળના જૈન ગ્રંથકારોએ અપનાવ્યા છે અને તેમને પોતાના સંપ્રદાયને બંધબેસતા આવે એવી રીતની વ્યાખ્યામાં ગોઠવ્યા છે. જૈન મન્દિરોના વિકાસક્રમનો જો અતિહાસિક દૃષ્ટિએ અભ્યાસ કરવામાં આવે તો તેનાથી સ્પષ્ટ જણાઇ આવશે કે દેવદ્રવ્ય વિષેની વ્યાધુનિક માન્યતા એ અમુક કાળ અને અમુક સંયોગોના આધારે રચાએલી છે. દેશ-કાળના સંયોગો બદલાતાં તે માન્યતા પણ બદલાવી જોઇએ. જૈનધર્મનો મૂળભૂત સિધ્ધાંત દ્રવ્ય-ક્ષેત્ર-કાલ ભાવને અનુલક્ષીને આચાર-વ્યવહારને અનુસરવાનો છે, એનાથી વિપરીત વર્તનાર ધર્મના આરાધક નથી પરંતુ ધર્મનો વિરાધક થાય છે. રૂઢિચુસ્તોની દેવદ્રવ્ય વિષેની માન્યતા અને ભાવના દેશ-કાલની પ્રતિગામી છે અને તેથી તે ધર્મની સાધક નથી પરંતુ ધર્મની હ્રાસ કરનારી છે. **જ્ઞાનાવજ્ય**

દેવદ્રવ્યને લગતી પ્રણાલિકા બદલી શકાય છે.

પ્રબુદ્ધ જૈનમાં ટેન્ડુલકર કમિટી આગળ શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ આપેલી જુબાની વાંચી શ્રી. કસ્તુરભાઇ અદ્યતન કેળવણી પામેલા, દેશ પરદેશમાં ફરી બહોળો અનુભવ અને વિશાળ દૃષ્ટિ પ્રાપ્ત કરેલા સમર્થ નેતા ગણાય છે. વિવિધ ક્ષેત્રોમાં એમણે જે મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે એથી રૂઢિચુસ્તો અને સુધારકો એમને પોતાના માની શકે એવી એમની છાપ હતી, પણ કાપડ કમિશન અને ટેન્ડુલકર કમિટી સમક્ષ તેમણે આપેલી જુબાની જોતાં તેમનું માનસ કેટલું પ્રત્યાઘાતી અને જુનવાણી છે તેને ખરો ખ્યાલ આવ્યો છે. ઘણાને આથી દુઃખ અને આશ્ચર્ય થયું છે

ગમે તેવો સમર્થ નેતા હોવા છતાં એના અભિપ્રાય ઉપર સત્ય કદી અવલંબતું નથી. સત્યને કેવળ પોતાનો જ આધાર હોય

છે. મહાન વ્યક્તિઓ પક્ષમાં હોય કે વિરુદ્ધમાં, સત્યનો પક્ષ એ જ મહત્વની વસ્તુ છે.

જો કે કસ્તુરભાઈ શેઠ વિચારની કેટલીક વસ્તુઓ પુરી પાડે છે, છતાં એકંદરે એ જૈન ધર્મની મુળ પ્રણાલિકાથી તદ્દન વિસંગત વસ્તુ જ કહે છે. એટલું ખરું કે છેલ્લા ૧૦૦૦ વર્ષથી જે પ્રણાલિકા ચાલી આવી છે એનું એમણે સમર્થન કર્યું છે, પણ એ પ્રણાલિકા એટલું જ સિધ્ધ કરે છે કે બદલાયેલા સંયોગોમાંથી ઉપજી આવેલી એક પ્રકારની એ કેવળ ઘટના જ હતી. તત્કાલીન સમાજે જો નવપ્રણાલિકા ઉભી કરી હતી તો આજનો સંઘ બદલાયેલા સંયોગો પ્રમાણે એમાં ફેર ફેરફાર ન કરી શકે?

જો આપણે ચલાયમાન પ્રણાલિકાને બદલે કેવળ સનાતન ધર્મની દૃષ્ટિએ વિચાર કરીએ તો પણ શું આગમ ગ્રંથોમાં આ પ્રણાલિકાને આધાર મળે તેમ છે? આગમ ગ્રંથોમાં તો દેવદ્રવ્યનો કોઇ ઉલ્લેખ શોધ્યો જડતો નથી. ભગવાનના સમયમાં આવાં મંદિરો કે મૂર્તિઓ હતી એનો કશો જ પુરાવો હજુ આજના ઇતિહાસકારોને સાંપડયો નથી. ભગવાનના નિર્વાણ બાદ સ્તુપો, ચૈત્યો અને બહુ બહુ તો પાદુકાઓ જ પૂજાતી. મૂર્તિઓ પાછળથી આવી હોય તેમ જણાય છે.

ઐતિહાસિક કે ધાર્મિક ક્રિયાકાંડોની વાત બાજુએ મુકી ભગવાનના ઉપદેશોને જ આધાર બનાવી વીતરાગધર્મના મૂળ હાર્દને જો પકડીએ તો દીવા જેવું સ્પષ્ટ જણાશે કે જે વીતરાગદેવ દિગંબર હતા, લંગોટી જેટલોય જેમને પરિગ્રહ નહોતો અને જેમને યત્કિંચિત પણ કામના નહોતી એ પુરૂષના નામે દેવદ્રવ્ય, આંગી મુગટના ઠઠારા અને વૈભવ રાગની વૃત્તિઓનું પ્રદર્શન એ જૈન ધર્મની મૂળ પ્રણાલિકાથી જ વિરુદ્ધ જાય છે. એથી આ બધો કુટારો કેવીરીતે બંધબેસતો થઇ શકે એ જ બુદ્ધિમાં ઉતરી શકે એમ નથી.

પણ ભકતો કહેશે કે અમે એ બધું ભકિતમાટે, આત્મોલ્લાસ માટે, આધ્યાત્મિક વિકાસ માટે કરીએ છીએ. શું આ ભકિત છે? એ ભકિત નથી. ભકિતના નામે વૈભવ રાગની વૃત્તિઓનું પ્રદર્શન માત્ર જ છે. વૈદિકકાળની ભકિતમાં બનતી યજ્ઞહિંસાનો વિરોધ કરનાર આપણે કઇ રીતે આવી વિવકવિહીન ભકિતનો બચાવ કરી શકીએ? એ કદાચ કોઇને ધાર્મિકતાનો પાયો બની શકતી હશે, બહુધા એ અંધ ભકિતમાં જ ખપે. કારણ એ આવા શોભા શણગાર વીતરાગને રાગી-વૈભવી બનાવે છે, વીતરાગની ઠેકડી ઉડાડે છે.

કોઇ ભક્ત રસ્તે જતા સાધુને ભકિતના આવેગમાં-ભકિતના નામે-લાલ પાઘડી પહેરાવી પ્રભુનું મૂકે ને બબે બેસ વીંટાળે તો એથી એને શું ભકિતનો ઉભરો ચડતો હશે ખરો! આવી ભકિત વિવેકહીન હોઇ જૈન ધર્મની મૂળ પ્રણાલિકાથી જ જ્યાં વિરુદ્ધ જાય છે ત્યાં દેવદ્રવ્યને કયો ધાર્મિક આધાર હોઇ શકે?

ગાંધીજીનો દાખલો લઇએ. કોઇ ગાંધીભકતને આત્મોલ્લાસ માટે ગાંધીજીને મુગુટ પહેરાવવાનો-વાઘા સજાવવાનો-વિચાર આવે ખરો? કોઇ એમ કરવા બેસે તો બુદ્ધ ગાંધીજી જ એનો પ્રબળ વિરોધ કરી સત્યાગ્રહ આદરે. મહાવીરના નિર્વાણ બાદ મહાવીરની મૂર્તિ સાથે આવા ચેડા કરવા એ મહાવીરની જ ગરકરી નથી તો શું છે? ભકિત, સંતના ઉપદેશ પ્રમાણે ચાલવામાં છે. એથી પોતાની પાછળ મંદિરો કે મૂર્તિઓ બનાવવાનો ગાંધીજીએ સખ્ત વિરોધ કર્યો હતો. ભગવાન મહાવીરે પણ એમ જ કર્યું છે.

ભગવતી જેવા આગમગ્રંથમાં ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે કે હે ભગવાન એક તમારી ભકિત કરે છે, બીજો જનતાની સેવા કરે છે, એમાં ઉત્તમ કોણ? ભગવાન કહે છે કે હે ગાતમ! જે દીનદુઃખીયાઓની સેવા કરે છે એ જ મારે મન ગારો ખરો ભક્ત છે.

મંદિરો અને મૂર્તિઓ માટે જમા થયેલું દેવદ્રવ્ય ખુદ ભગવાને કહેલી સેવા રૂપી ઉત્તમ ભકિત કાજે વાપરવામાં કયો અધર્મ થતો હશે એ જ બુધ્ધિમાં ઉતરી શકે એમ નથી. આપુ દેલવાડાના મંદિરો પાછળ વાપરવા માટે આટલું દ્રવ્ય પણ કમ છે કહી દેવદ્રવ્યનો બીજો ઉપયોગ કરવાનો વિરોધ કરવો એ વસ્તુ સમજી શકાય એમ છે, પણ દેવદ્રવ્ય વધી જાય તો તેના સાચા મોતી લાઇ, ભરડાવી સમુદ્રમાં નાખી દેવા, પણ એ દ્રવ્ય બીજે વાપરવું નહિ એવી જે મનોવૃત્તિ દેવદ્રવ્યની પાછળ પડેલી છે એ જ કઠે છે.

દેવદ્રવ્યની જેટલી ચિંતા આપણે રાખી છે એના શતાંશ ભાગ જેટલી પણ માનવદ્રવ્ય પાછળ રાખી હોત તો આજે કરોડોની સંખ્યામાંથી ઘટી આપણે નાનકડી અતિ અલ્પ સંખ્યામાં આવી ન ઉભા હોત. આજે આપણે ૩૬૦૦૦ મંદિરો ધરાવીએ છીએ. મૂર્તિઓ તો કદાચ ભકતોથીયે મોટી સંખ્યામાં હોય, મારવાડ-મહૈસુર વિ. પ્રાંતોમાં જૈનમંદિરો વસતીસ્થાનો બન્યાના અથવા તો કાગડા-સમડીના વાસ બન્યાના અનેક દાખલા આપણે સાંભળીએ છીએ. આ માનવમૂર્તિઓ તરફ બેદરકારી બતાવ્યાનું પરિણામ છે અને એ ગાંડપણ આજ પણ એ જ રૂપમાં ચાલી રહ્યું છે એ એક દુઃખદ બીના છે.

ધર્મ જેવી કોઇ સ્વતંત્ર વસ્તુ જ નથી. એ તો માનવ હૃદયમાં સેવાની એક પ્રકારની ભાવના છે. જો માનવહૃદયો સંતપ્ત બની સુકાઇ જશે તો ધર્મનું સ્થાન જ કયાં રહેશે?

આજના સંયોગોમાં ધર્મ કરતાં ધર્મીજનોની અગત્ય ઓછી નથી. પૂજારી વિનાના મંદિરોની મહત્તા શી હોઇ શકે?

છેલ્લે એક વાત નવી વિચારણા માગે છે કે આંગી-મુગટ વિ. બધું કોને માટે? પ્રભુ માટે? કે આપણી પોતાની ભકિતના પોષણ માટે? એનો લાભ ભગવાનને મળવાનો છે કે આપણને? જો એ આંગી મુગટનો લાભ આપણો ઉઠાવી જવાના હોઇએ તો પછી એ દેવદ્રવ્યનો ઉપયોગ આપણાં જ હિતમાં થઇ રહ્યો છે એની કોઇથી ના પાડી શકાય એમ નથી. આમ દેવદ્રવ્યનો ઉપયોગ તો આપણે જ કરીએ છીએ. એથી સ્પષ્ટ થાય છે કે એ 'સમાજદ્રવ્ય જ છે. અને એનો લાભ સમાજ જ ઉઠાવે છે. ભગવાનને શી મતલબ?

આ બધી વ્યવસ્થા એક કાળે સમાજે જ કરી હતી. એથી આજે સમાજ સમયાનુસાર એ વ્યવસ્થામાં ફેરફાર કરવાનો સંપૂર્ણ હક ધરાવે છે. એક ભવ્યસ્થાન છે. જો દેવદ્રવ્યનો ઉપયોગ સમાજસેવા પાછળ કરવામાં આવે તો કદાચ મંદિરના નામે આપવા ટેવાયેલા ભકતો સમાજસેવા પાછળ એવું દ્રવ્ય આપતા અચકાશે. પણ એથી ડરવાની જરૂર નથી. તેમ એવા ભકતોને અંધારામાં રાખી એનો લાભ ઉઠાવવાની વૃત્તિ રાખવાની પણ જરૂર નથી. સમાજ પોતાની ફરજ સમજતો થશે જ. સમય સમયનું કામ કર્યે જ જાય છે. પ્રથમ પ્રથમ પ્રચારની પણ જરૂર પડે એ સ્વભાવિક છે.

ભગવાનની મૂર્તિ પૂજવા કરતાં ભગવાનના ઉપદેશોનો પ્રચાર કરવામાં અહિંસાધર્મનો ફેલાવો કરવામાં અને જનતાનું નૈતિક ધોરણ ઉચું ચડાવી સંસ્કારી બનાવવામાં જ ખરો ધર્મ છે. છતાં મૂર્તિ પાછળનો પૈસો બીજા ઉપરોકત કાર્યમાં ન વાપરવાના આગ્રહમાં કેવળ જડતા અને અજ્ઞાનતા સિવાય કશું જ નથી એમ વિચાર કરતાં જણાય છે. ક્રિયાકાંડો હૃદય શુધ્ધ ધર્મને ઓળખવામાં ઘણી વાર આડખીલ્લ રૂપ બને છે એનું આ ઉદાહરણ છે. ભાવી પ્રજા આ જડતામાંથી વહેલી છુટે એવી પ્રાર્થના!

રતિલાલ મફાભાઇ શાહ

પંડિત લાલન સન્માન સમારંભ

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૧૯-૬-૪૮ શનિવારના રોજ સાંજના ૬ વાગે વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલા આનંદ ભુવનમાં મુંબઇના જૈન સમાજ તરફથી સાધુચરિત વયોવૃદ્ધ પંડિત લાલનનું જાહેર સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે ધર્મપુરૂષ શ્રી. નાથજી પ્રમુખસ્થાન લેશે. સર્વે ભાઇ બહેનોને વખતસર પધારવા વિનંતિ છે.

મણિલાલ મોકમચંદ શાહ
દીપચંદ ત્રીભોવનદાસ શાહ
વેણીબહેન વિનયચંદ કાપડીઆ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

માનવતાના વિકાસમાં જૈન ધર્મના ફાળા વિષે વિનોબા*

આજે આપણે મહાવીર સ્વામીની જયંતી ઊજવવાને એકઠા મળ્યા છીએ. આજથી અઢી હજાર વર્ષ પૂર્વે એમણે આ ભૂમિમાં અવતાર લીધો હતો. એમણે માણસોને જે વિચારની ભેટ આપી તે નવો નહોતો. મહાવીર સ્વામી જૈનોના છેલ્લા ચોવીસમા તીર્થંકર મનાય છે. એમની પહેલાં હજારો વરસ પર જૈન ધર્મનો જન્મ થયો હતો. ઋગ્વેદમાં ભગવાનના પ્રાર્થના-સ્તોત્રમાં એક ઠેકાણે કહ્યું છે કે अर्हन् इदं दयसे विश्वं अभवम् । હે અર્હન્, તમે આ તુચ્છ દુનિયા પર દયા કરવાવાળા છો. આમાંના 'અર્હન્' અને 'દયા' બન્ને જૈનોના પ્રિય શબ્દો છે. હું માનું છું કે હિંદુ વેદ ધર્મ જેટલો પ્રાચીન છે જેટલો જ જૈન ધર્મ પણ પ્રાચીન છે. પરંતુ કોઇ એક ધર્મ પ્રાચીન હોય એ એની મોટાઇનું ખાસ કારણ નં હોય-કોઇ ધર્મ અર્વાચીન હોવા છતાં તેમાં સત્ય હોય તો તે કીંમતી લેખાય. કોઇ ધર્મ અતિપ્રાચીન હોય પરંતુ તેમાં સાચની વાત ન હોય તો તેની કશી કિંમત ન લેખાય. એટલે મૂળ કિંમત સાચા વિચારની છે અને સત્ય વિચાર જૈનોએ ઘણા આપ્યા છે.

જૈનોનો એક વિચાર ઘણો જાણીતો છે: પ્રાણીઓ પર દયા રાખવી. એમનો બીજો એક વિચાર એટલો પ્રસિદ્ધ નથી પણ એના જેટલો જ મહત્વનો છે: દરેક વાતમાં મધ્યસ્થ વૃત્તિ રાખવી-એટલે કે કોઇ પણ વાતનો આગ્રહ ન રાખવો. એવી જાતની મમતા રાખવાથી આપણે એકાંગી બની જઇએ છીએ. જૈન ધર્મ આપણને સર્વાંગી દૃષ્ટિ રાખવાને કહે છે. એને એ લોકોએ **સમ્યક્ત્વ** એવું નામ આપ્યું છે. જૈન વિચારની એ એક વિશેષતા છે. હિંદુ ધર્મમાં જન્મ લઇ આગ્રહ રાખ્યા વિના પોતાના વિચારનો જૈનોએ પ્રચાર કર્યો. તેનું પરિણામ એવું આવ્યું કે આજે જૈન લોકોની વસ્તી ઝાઝી નથી. લોકો પૂછે કે જૈનોની સંખ્યા આટલી ઓછી કેમ? મારો જવાબ એ છે કે એમની સંખ્યા વધારે હોત તો એમના કામમાં હું એમને નિષ્ફળ ગયેલા માનત. એમની સંખ્યા ઓછી છે એ જ એમની સફળતા છે. હિંદુ ધર્મથી અલગ એવો બીજો ધર્મ જૈનોને સ્થાપવો નહોતો. એમને હિંદુ ધર્મમાં જ સુધારો કરવો હતો. હિંદુ ધર્મની શુદ્ધિ કરવામાં જ એમને ખપી જવું હતું. હિંદુસ્તાનના ત્રીસ કરોડ લોકોમાં દયાભાવ કાયમ થયો અને મધ્યસ્થ વૃત્તિ સ્થિર થઇ તો સમજવું કે જૈનોનો વિજય જ છે. 'જૈન' શબ્દનો અર્થ જ છે જીતવું તે. જે પોતાની જાતને જીતનારો છે, જેણે આત્મજય મેળવ્યો છે તે જ સાચો જીતનારો છે. જે દુનિયાને જીતે છે તે વીર કહેવાય છે. અને મહાવીર તે કહેવાય, જે પોતાની જાત પર જીત મેળવી દુધમાં સાકર ભળી જાય તેમ દુનિયાના હૃદયમાં છુપાઇ જાય છે.

ભારતના મધ્યયુગીન ઇતિહાસમાં આપણે જોઇએ છીએ કે શિક્ષણ આપનારા ગુરૂ જૈન હતા અને શિક્ષણ લેનારા વિદ્યાર્થી હિંદુ હતા. બચપણમાં મારું ભણવાનું શરૂ થયું તે વખતની મને યાદ છે કે અ, આ, ક, ખ, વગેરે અક્ષરો શીખવતા પહેલાં વિદ્યાર્થીને श्री गणेशाय नमः, ॐ नमः सिद्धम् એવું શીખવવામાં આવતું. આ હું મહારાષ્ટ્રમાં ચાલતા રિવાજની વાત કરૂં છું. અહીં કેવી રીતે ભણતરની શરૂઆત કરવામાં આવે છે તેની મને ખબર નથી. श्री गणेशाय नमः એ વિદ્યાર્થીઓના ધર્મને ધ્યાનમાં રાખી રાખવામાં આવેલું છે કેમકે હિંદુ ધર્મમાં ગણેશને હંમેશા પહેલું નમન કરવામાં આવે છે. ॐ नमः सिद्धम् એ જૈન ધર્મને ખ્યાલમાં રાખી રાખવામાં આવેલું છે. સિદ્ધ એ નામ જૈન ગુરૂઓનો સિક્કો છે. પરંતુ જૈન ગુરૂઓ એવા નમ્ર હતા કે એમણે ॐ नमः सिद्धम्ને श्री गणेशाय नमः ની પછી સ્થાન આપ્યું. જૈનોએ પોતાને માટે જુદા સ્વતંત્ર અધિકાર પણ માગ્યા નથી. એ લોકો પોતાને કેવળ સુધારક માનતા. એ જ એમની વિશેષતા હતી. સુધારાનું ઘણું કામ એમણે પાર પાડ્યું છે. એને જ હવે તેમણે આગળ વધારવું જોઇએ. એને માટે હવે તેમણે ગુરૂ બનવાનુંયે રહેતું નથી. એમણે કેવળ સેવક બનવાની જરૂર છે. એઓ સેવક બનશે તો એમના વિચારોનો સહેજે પ્રચાર થશે.

જૈનોએ અહિંસાની વાત કરી છે અને ગાંધીજીએ પણ કરી છે. પણ આપણે જોયું કે ગાંધીજીની અહિંસાથી જે શક્તિ પ્રગટ થઇ તે જૈનોની સાંપ્રદાયિક અહિંસામાંથી પ્રગટ નથી થઇ. કેમ કે એમણે અહિંસાનો અર્થ સાંકડો કરી નાખ્યો. અહિંસાનો અર્થ એટલી હદ સુધી સંકુચિત કરી નાખવામાં આવ્યો કે અહિંસાની દૃષ્ટિથી ખેતીનો ધંધો પણ ગૌણ લેખાયો. તેનું કારણ એ કે ખેતીમાં જીવોની હિંસા થાય છે. અહિંસાધર્મ પાળનારને માટે વેપાર કરવાની મનાઇ નથી અને ખેતીથી પેદા થયેલા માલનો વેપાર કરવાની તેને છુટ છે. આચાર્યોએ કૃત, કારિત અને અનુમોદિત એવી ત્રણ પ્રકારની હિંસા બતાવી છે. ખેતીમાં હિંસા હોય તો તેમાંથી પેદા થયેલા માલનો વેપાર કરવામાં હિંસાને અનુમોદન મળે જ છે. કેટલાયે જૈનો કીડીઓના દર પર તેમને ખાવાને ખાંડ ભભરાવે છે. અમારે ત્યાં વર્ધામાં મેં એક એવા દયાળુ પુરૂષ જોયા છે, જે ગામની બાહાર દૂર લગી ફરવા જતા અને આમ તેમ કીડીને સારૂ ખાંડ વેરી દેતા. એક વાર ખાંડ વેરીને એ તો ગયા. તેમની વેરેલી ખાંડ પર પાર વગરની કીડીઓ એકઠી થઇ. અને પછી મેં જોયું કે થોડી વાર રહીને એક બળદ આવ્યો તેના પગ નીચે સેંકડો કીડી કચડાઇ મરી. પેલા ભલા ભાઇ ખાંડ ન વેરત તો એ બધી હિંસા ન થાત. જીવજંતુઓનું પોષણ કરવામાં આપણે અહિંસા સમજીએ છીએ પરંતુ એ વિચારમાં ભૂલ છે. જે પાલનપોષણ કરવાની જવાબદારી ઉઠાવે તેણે જન્મ આપવાની અને સંહારની જવાબદારી પણ માથે લેવી જોઇએ. માણસનું એ બધી જવાબદારી ઉઠાવવાનું ગજું નથી. એ ઇશ્વરનું જ કામ છે. આ રીતે જે દયા કરવા જાય છે તે વધારે હિંસા કરી બેસે છે.

તેથી ગાંધીજીએ શીખવ્યું કે માણસ માણસ વચ્ચેનો વેરભાવ નાબૂદ કરવામાં આપણે અહિંસાની શક્તિ વાપરીએ; મત્સર, ક્રોધ વગેરે ભૂંડા ભાવોને ચિત્તમાંથી દૂર કરી આપણી ચિત્તવૃત્તિ શુદ્ધ કરીએ. માણસ માણસ પ્રતિ સામે મત્સર રાખે છે, બળદની સામે નથી રાખતો. આમ માણસ માણસના વહેવારોમાં જ આપણી અહિંસાની કસોટી છે.

અહિંસા-ની સાથે સત્ય હંમેશ જોડાયેલું હોય છે. અહિંસાના જેવો જ સત્યનો મહિમા જૈન આગમોએ ગાયો છે. પરંતુ એવા કેટલાયે જૈનો છે જે વેપારમાં બેધડક જૂઠાણાનો ઉપયોગ કરે છે અને મનને મનાવે છે કે આપણે ખેતી નથી કરતા ને વેપાર કરીએ છીએ એટલે હિંસા કરવામાંથી ઊગરી ગયા છીએ. હિંસાનાં પાપમાંથી ઊગરવાનો એ રસ્તો નથી. સત્ય નથી સચવાતું તો અહિંસાની રક્ષા પણ નથી થતી.

એથી મારી તમને સૌને આગ્રહભરી વિનંતિ છે કે મહાવીર જયંતીના આ શુભ પ્રસંગ પર સત્યનું વ્રત લો અને દુઃખી માણસોની સેવાનો નિશ્ચય કરો. તમારી ચારે બાજુ નજર કરો. તમારાં કેટલાયે ભાઇબહેનો દુઃખમાં રિબાય છે. આ દિલ્હીના શરણાર્થીઓની જ વાત કરો. સરકાર એમનું દુઃખ દૂર કરવાની કોશિશ કરે છે. પણ એટલાથી આપણી ફરજ પૂરી થતી નથી. આપણે આપણા દિલમાં દયાભાવ કાયમ કરવો જોઇએ. અને એ લોકોને માટે જે થઇ શકે તે કરી છૂટવું જોઇએ. જૈનો એટલું કરશે તો પોતાના ધર્મની મોટી સેવા કરી શકશે.

* શ્રી મહાવીર જયંતીના મહોત્સવ પ્રસંગે દિલ્હીના ગાંધી ગ્રાઉન્ડ પરથી શ્રી વિનોબા ભાવેએ કરેલું પ્રવચન.

મેં માન્યું કે અત્યાર સુધીમાં મેં જે કંઈ કહ્યું તે આજના પ્રસંગને માટે પૂરતું છે. છતાં માંસાહારની બાબતમાં મારે ચાર શબ્દો કહેવા એવી કેટલાક ભાઇઓએ વિનંતિ કરી છે.

આને અંગે પહેલી વાત એ છે કે જૈન લોકો જીવદયાની લાગણીનો વિચાર કરે છે ત્યારે માંસાહાર છોડાવવાની વાત તેમના મનમાં સૌથી પહેલી આવીને ઊભી રહે છે. માંસાહારનો ત્યાગ કરવો જોઇએ એ વિષે વિવેકી પુરુષોમાં બે મત ન હોઇ શકે. પણ વિચારવા જેવો સવાલ એ રહે છે કે એનો સાર્વત્રિક અમલ શી રીતે થાય. પ્રાચીન કાળમાં સૌ લોકો માંસાહાર કરતા. ઋષિમુનિ પણ માંસાહાર કરતા. પછી વિચાર કરતાં કરતાં ઋષિઓને સૂઝયું કે પશુહત્યા કરીને આપણે જીવીએ એ આપણી માનવતાને છાજે એવું નથી. તે પછી એમાંથી છૂટવાને એમણે શોધ કરવા માંડી. એટલે ખેતીની શોધ થઇ. તેમના ધ્યાનમાં આવ્યું કે ખેતીથી અનાજ પેદા કરી માણસ માંસાહાર ઘટાડી શકે છે. ત્યારથી આ ક્ષેત્રમાં અહિંસાનો આરંભ થયો. તેની સાથે જ ગાયના દૂધનો આહારને માટે ઉપયોગ કરવાનું સૂઝયું એટલે માંસાહારમાંથી છૂટવાની યુક્તિ હાથ લાગી ગઇ. વેદમાં ગાયને વિષે વચન છે કે गोभिः तरेम अमितिं दुरेवाम् એટલે કે અમને ગોસેવા મળી તેની સાથે માંસાહારરૂપી દુર્બુદ્ધિમાંથી છૂટવાનો રસ્તો જડયો. કેમ કે ગાય પાસેથી માણસને બળદ મળે છે, જે ખેતીનું કામ આપે છે અને દુધ મળે છે તેથી માંસાહારમાંથી ઉગરી જવાયું છે. સામુદાયિક માંસાહાર–નિવૃત્તિનું શ્રેય સૌથી પહેલાં ઘણુંખરું જૈનોને ફાળે જાય છે. તેમની પછી વૈષ્ણવ, બ્રાહ્મણ વગેરે લોકોએ એનો અંગીકાર કર્યો. આજે લગભગ ત્રણ કરોડની વસ્તી એવી છે જે બિલકુલ માંસાહાર કરતી નથી. વળી બીજા જે માંસાહાર કરે છે તે એ કંઇક સારું કામ છે એવું માનીને નથી કરતા. આ જૈનોના વિચારની જીત છે.

આપણે ઇચ્છતા હોઇએ કે આખી પ્રજા માંસાહાર છોડી દે તો માત્ર માંસાહારના ત્યાગનો વિચાર તેમની આગળ રજુ કરવાથી એ બને એવું નથી. એને માટે દુધ, ફળ અને શાકભાજી પૂરતા જથ્થામાં સુલભમાં પેદા કરવાં જોઇશે. ગરીબોને આ બધી ચીજો પૂરતા પ્રમાણમાં મળતી થશે તો જ માંસાહાર અટકશે. અમારા પવનારના આશ્રમની સામે થઇને જ નદી વહે છે. ત્યાં રોજ માછીમારો આવે છે. આખો દહાડો મહેનત કરી એ લોકો સાંજ પડયા પછી થોડી મચ્છી ભેગી કરે છે અને તે વેચી જેમ તેમ પોતાનો ગુજારો ચલાવે છે. મારી નજર આગળ આ બધો વહેવાર ચાલે છે પણ હું એમને રોકતો નથી. એનું કારણ છે. હું જાણું છું કે ગરીબોને માંસની અવેજીમાં બીજી કોઇ ચીજ આપી શકીશું તો જ એમનો માંસાહાર છોડાવી શકાશે. આજે તો અનાજની પણ ટાંચ છે. માછલી વગેરે ચીજો ખાઇ માણસો આવા તંગીના વખતમાં જેમ તેમ પોતાનો નિર્વાહ કરે છે. એમાંથી આપણે બચવું હોય તો ઉપનિષદોમાં આજ્ઞા કરી છે તે મુજબ આપણે વધારે પ્રમાણમાં અન્ન પેદા કરવાનું વ્રત લેવું જોઇશે— अन्नं बहु कुर्वीत तद् व्रतम्। દુકાળમાં ગરીબ લોકોને ચોખા સિવાય બીજું કોઇ અનાજ મળતું નથી. એ ચોખા સાથે મચ્છી ખાઇ એ લોકો પોષણ મેળવે છે. એમને આપણે મચ્છીનો ખોરાક છોડવાને કહીએ તો તેની અવેજીમાં બીજો કયો ખોરાક આપીશું?

આપણુમાંથી જે લોકો આજે માંસાહાર કરતા નથી તેમણે જરાયે અભિમાન કરવા જેવું નથી. માંસાહાર આપણા પૂર્વજોએ છોડયો હતો, એ છોડવામાં તેમને ત્યાગ કરવો પડેલો, તપસ્યા કરવી પડેલી. આપણને તો એ રિવાજ અથવા ટેવ વારસામાં મળી છે. આપણે માંસ ખાઇ નથી શકતા. આપણને એની સૂગ છે અને તેથી આપણે માંસાહાર નથી કરતા, એનું શ્રેય આપણને નથી, આપણા પૂર્વજોને છે. આપણે માંસ નથી ખાતા પણ તેને બદલે એવી ચીજો ખાઇએ છીએ જે ગરીબોને નથી મળતી. વળી માંદગીમાં ડાકતરો ઇંજેકશન આપે છે ત્યારે આપણા શરીરમાં શું નાંખે છે એ વિષે આપણે વિચાર કરતા નથી. મોઢેથી માંસ ખાવાથી એમાંનું થોડું આપણા શરીરમાં પચે છે ને બાકીનું બહાર નીકળી જાય છે. પરંતુ ઇંજેકશનથી માંસમાંથી બનેલી ચીજ લઇએ છીએ ત્યારે તે પૂરેપૂરી આપણા લોહીમાં સમરસ થઇ જાય છે. માંસ ખાવાનો એનાથી વધારે અસરકારક રસ્તો બીજો નહીં હોય. આવું બધું ચાલવા દઇએ ને માત્ર મોઢેથી માંસ ન ખાઇએ તો એ કંઇ મોટી વાત નથી. એથી મારું કહેવું છે કે આખાયે સમુદાયને માંસાહાર છોડાવવાની મોટી વાત કરતાં પહેલાં માણસ માણસ વચ્ચે જે ટંટાતકરાર ચાલે છે, તેમનામાં જે સ્વાર્થબુદ્ધિ છે, જુઠ્ઠાણું છે તે બધામાંથી મુકત થવાનો ને કરવાની કોશિશ આપણે કરીએ. સાથે સાથે દૂધ, ફળ અને શાકભાજી પૂરતા પ્રમાણમાં પેદા કરીએ. એ પછી જ સમાજ પાસે માંસાહાર છોડાવવાની કોશિશ કરવાની હોય.

બીજી એક વાત. ઉંચનીચભાવને આપણે આપણા દિલમાંથી નાબૂદ કરીએ. જે માંસ નથી ખાતો તે ઉંચો છે ને ખાય છે તે નીચો છે એવી ભાવના રાખવાથી આપણે અધ્વનતિને રસ્તે જઇએ છીએ. જે ટેવને કારણે અથવા લાચારીથી ગોસ ખાય છે છતાં નમ્ર છે, દયાભાવ કેળવવાની કોશિશ કરે છે અને માંસાહાર છોડી નથી શકાતો તેમાં પોતાનો દોષ જુએ છે તે માણસને હું પસંદ કરું. જે માંસ નથી ખાતો પણ જૂઠું બોલે છે, ઐશઆરામથી રહે છે, પોતાને ઉંચો ગણે છે અને બીજાના હાથનું પાણી કે ખોરાક લેવામાં હલકાપણું માને છે તે માણસની સરખામણીમાં પહેલો સારો છે. આ બીજામાં તો અહંકાર છે. અને જ્યાં અહંકાર છે ત્યાં આધ્યાત્મિક વિકાસ કેવો?

હમણાં જ મારા પર બીજી એક ચિઠ્ઠી આવી છે. તેમાં પૂછવામાં આવ્યું છે કે કંદ, મૂળ, બિયાં વગેરે ખવાય કે નહીં? ફળનાં બી ખાઇ જવાથી ફળ નિર્વંશ જાય છે માટે ફળનો રસ ખાવો ને બિયાંને બચાવવાં એવી એવી સૂક્ષ્મ વાતોની શાસ્ત્રોમાં ચર્ચા કરવામાં આવે છે. હરેક બાબતનું બને તેટલું બારીકમાં બારીક પૃથક્કરણ કરવું એ જ શાસ્ત્રોનું કામ છે. પરંતુ આપણે આપણી ગુંજાશ જાણી લેવી જોઇએ. આવી બધી વાતોને એક દ્રષ્ટિથી હું બહુ ગૌણ લેખું છું. જીવનની મુખ્ય બાબતો છોડી આપણે આવી બાબતોમાં ફસાઇ જઇ જીવનના અસલ સ્વરૂપને ગુમાવી બેસીએ છીએ. બીજી દ્રષ્ટિથી આ વાત બહુ આગળની છે. કહો કે આપણે હજી પ્રાથમિક શાળા સુધીયે પહોંચ્યા નથી તે પહેલાં જ કૉલેજમાં શીખવાને લાયકની એ વાતો લઇ બેઠા છીએ. શું ખાવું ને શું ન ખાવું એના કરતાં કેટલું ખાવું એ આધ્યાત્મિક દૃષ્ટિથી વધારે મહત્ત્વનો સવાલ છે. એક માણસ રાજસ અન્ન ગણાય એવી સામાન્ય દાળરોટલી વગેરે ખાય છે પણ બરાબર પ્રમાણસર ખાય છે, જીભ પર કાબૂ રાખે છે, સ્વાદ કરવાની વૃત્તિ નથી રાખતો તો તે જે માણસ સાત્ત્વિક આહાર કરે છે છતાં સરવાળે વધારે ખાય છે અને સ્વાદ કરવાને ખાતર ખાય છે તેના કરતાં ચડિયાતો છે.

શું ખાવું ને શું ન ખાવું એનો વિચાર જૈનોમાં વધારે થાય છે એ હું જાણું છું. પરંતુ મારી નજરે અસ્વાદ વૃત્તિ ને પરિમિત આહાર એ જ વધારે મહત્ત્વનાં છે.

નવી દિલ્હી, ૨૪–૪–'૪૮ ક૦ દા૦

'હરિજનબંધુ'માંથી સાભાર ઉધ્ધૃત.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૫

મુંબઈ: ૧ જુલાઈ ૧૯૪૮ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

ટેન્ડુલકર કમીટી સમક્ષ

શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ આપેલી જુબાની

પ્રશ્નકાર: પ્રમુખ ટેન્ડુલકર

મુનશી: આપની પ્રશ્નમાળાનો જવાબ હું મોકલી શકયો નથી એ માટે દિલગીર છું. પ્રશ્નમાળા જોતાં જ મને લાગ્યું કે આપ ઘણી બાબતોની જવાબના અપેક્ષા રાખો છો.

પ્ર. ટે: આપ જવાબ મોકલી ન શકયા તો કાંઈ નહિ. અમુક બહુ થોડી બાબતો વિષે કમીટી આપના અભિપ્રાયો જાણવા માંગે છે. પહેલો પ્રશ્ન તો એ છે કે ધર્મિક સખાવતોના વધારાનાં નાણાં સમાજોપયોગી ઐહિક (Secular) બાબતો પાછળ ખરચી શકાય કે નહિ? આ બાબતમાં આપનો શું અભિપ્રાય છે?

મુનશી: મારા પ્રવૃત્તિમય જીવન દરમિયાન એક અભિપ્રાય હું હંમેશા ધરાવતો આવ્યો છું કે એડવોકેટ જનરલ અને હાઈકોર્ટ ધાર્મિક અને લોકકલ્યાણસાધક (religious and charitable) હેતુઓ માટે નિર્માણ કરવામાં આવેલ નાણાંઓનો ખરેખર ન કરવો જોઇએ એ રીતનો ઉપયોગ કરતા આવ્યા છે. મારી અંગત બાબત તો જુદી જ છે. હું તો અહિં જે કાંઇ ધારૂં છું તેની સામાન્ય રૂપરેખા રજુ કરૂં છું. ધાર્મિક હેતુ માટે નિયત કરવામાં આવેલાં નાણાં લોકકલ્યાણ-સાધક કાર્યો માટે ખરચવા એ તદ્દન અયોગ્ય છે અને આ વિધાન હું બે દૃષ્ટિબિન્દુથી કરૂં છું.

એક તો એમ કરવાથી લેકોની લાગણી દુખાય છે અને દુખાશે, કારણ કે ધાર્મિક સખાવતો દયા અને અનુકંપાની લાગણીથી પ્રેરાઈને કરવામાં આવતી નથી, પણ આવી સખાવત કરવાથી સ્વર્ગપ્રાપ્તિ થશે એવી કલ્પના લેકો ધરાવે છે. આમ હોવાથી જો તેમને એમ માલુમ પડે કે દાખલા તરીકે વૈષ્ણવ મંદિર માટે અલાયદા રખાયલાં નાણાં પોતાની કોમના સાર્વજનિક ઉપયોગ માટે વાપરવામાં આવે છે તો જે લોકોએ એ ખાતામાં નાણાં આપ્યા હશે તેમની લાગણી જરૂર દુભાવાની. અને મને લાગે છે કે જ્યાં સુધી આપણા મૂળભૂત હકકમાં ધાર્મિક સખાવતો સ્વીકારવાનો અને તેનો અમલ કરવાના હકકનો સમાવેશ થાય છે ત્યાં સુધી આવાં નાણાંનો અવો આડકતરી રીતે કરવામાં આવતો અન્યથા ઉપયોગ બીલકુલ બરોબર નથી. વળી આમ કરવું તે પ્રમાણીક પણ નથી. આ અભિપ્રાય કેટલાએ ન્યાયાધીશો અને એડવોકેટ જનરલ જેમાંના ઘણાખરા હિંદુ નહોતા તેમની પાસે રજુ કરવાનું કમનસીબ મને પ્રાપ્ત થયું છે અને તેમણે મારો અભિપ્રાય સ્વીકાર્યો નથી.

બીજું તમો જો કાયદો કરીને આવા નાણાંનો અન્યથા ઉપયોગ કરવાનું શરૂ કરશો તો વધારે નાણાં આવતાં અટકી જશે. આમ હું એટલા માટે કહું છું કે ધારો કે કોઇ એક માણસ બાબુસુવ્રતનાથના મંદિરમાં પાંચસો રૂપીઆ આપે છે તો તે નાણાં હોસ્પીટલમાં વપરાય એમ તે બીલકુલ ઇચ્છતો હોતો નથી. આ મંદિરમાં આજે પહેલાં જેટલી આવક થતી નથી તેનું મુખ્ય કારણ એ છે કે જેઓ સમજે છે તેઓ પૈસા આપવા માંગતા નથી, કારણ કે એમનાં નાણાંનો ઉપયોગ સમાજોપયોગી ઐહિક બાબતોમાં થવાનો છે એમ તેઓ જાણતા હોય છે.

આ સંબંધમાં ત્રીજો એક મુદ્દો જે મારો અંગત છે તે આ મુજબ છે. સમાજને લાભ થાય એવા, હિંદુ ધર્મ તેમ જ શાસ્ત્ર મુજબના બીજા પુરતા ધાર્મિક હેતુઓ છે કે જેની પાછળ આ વધારાનાં નાણાંનો ઉપયોગ થઇ શકે તેમ છે. દાખલા તરીકે આજના જમાનાનો કોઇ પણ માણસ સાયન્સ કોલેજ કે હોસ્પીટલ ઉભું કરવા ઇચ્છશે, કારણ કે આજની આ ચાલુ બાબતો છે. દરેક પેઢી પોતપોતાની જરૂરિયાતો નકકી કરે છે અને તેને પહોંચી વળવા પ્રયત્ન કરે છે. ધાર્મિક હેતુ માટે અપાયલાં નાણાં પાછળ સંસ્કૃતિની રક્ષા કરવાનો આશય રહેતો હોય છે અને તે વાપરવા માટેના માર્ગો બહુ જાણીતા છે. પ્રીન્સીપાલ ધારપુરે આ માર્ગો બરોબર જાણે છે એવી મારી ખાત્રી છે. દાખલા તરીકે ગૌશાળા ઇષ્ટદાનનો એક બહુ જાણીતો માર્ગ છે. જો આ નાણાંનો ગાયો અને બળદના ઉછેર માટે જરૂરી ગોસંવર્ધનસંસ્થાઓ પાછળ કરવામાં આવે, તો કોઇ પણ માણસ આ સામે વાંધો નહિ લે, અને જેની તમને બહુ જરૂર છે તે વસ્તુ તમને સહેલાઈથી પ્રાપ્ત થશે. આણંદમાં ગોસંવર્ધનના હું પ્રયોગો કરી રહ્યો છું. અને તેની કેટલી માંગ છે તે જોઇને હું બારે આશ્ચર્ય અનુભવી રહ્યો છું. જો મંદિરોમાં એકઠું થયેલું બહુ નાણું ગૌશાળા જેવા એક બે ઇષ્ટ કાર્ય પાછળ ખરચવામાં આવે તો બહુ સારી વાત બને. સંસ્કૃત ભાષાના શિક્ષણનો પ્રચાર કરવો એ એવી જ એક બીજી પ્રવૃત્તિ છે. જો આને લગતી જુની શિક્ષણપદ્ધતિ તમને ન ગમતી હોય તો 'દક્ષિણા ફેલોશીપ' જેવી કોઇ યોજના તમે કરી શકો છો. કોઇ પણ રીતે સંસ્કૃત ભાષા અને સાહિત્યના અભ્યાસને ઉત્તેજન મળે એ રીતે આ નાણાં તમે ખરચી શકો છો. વળી પોતે આપેલાં નાણાંનો કોઇ બીજી જ રીતે ઉપયોગ થઇ રહ્યો છે એમ લોકોને નહિ લાગે. પણ જો ધાર્મિક નાણાંનો કેવળ ઐહિક-સામાજિક બાબતો પાછળ જ તમો ઉપયોગ કરશો તો ધાર્મિક વૃત્તિવાળા લોકોને ધાર્મિક હેતુ માટે દ્રવ્ય આપતાં અટકાવવાની તમો ફરજ પાડશો. મંદિરોમાં આવક આવતી બંધ થઇ જશે. આવી મારી માન્યતા છે અને આ આશંકા હકીકતોના ખ્યાલ ઉપર બંધાયલી છે. તમો જાણો છો કે મે જયપુર રાજ્યનું બંધારણ તૈયાર કર્યું હતું. ત્યાં એક બહુ જ મોટું ધાર્મિક ટ્રસ્ટ છે. એ ટ્રસ્ટ નીચે છ કરોડ લગભગની કીંમતનું એક જૈન મંદિર છે. એ વખતે એ મંદિર પાસે કશાં પણ વધારાનાં નાણાં નહોતાં.

પણ જો એમાં જ્યારે પણ વધારો થાય ત્યારે તે વધારો આર્ય સંસ્કૃતિના વિકાસ અર્થે અને સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે ઉભી કરવામાં આવનાર વિદ્યાપીઠને આપવામાં આવે એવો એ બંધારણમાં પ્રબંધ કરવામાં આવ્યો હતો. આમ બનતાં મંદિરના દ્રવ્યનો બીજી ત્રીજી બાબતોમાં ઉપયોગ કરવામાં આવે છે એવો હિંદુસ્થાનના એક ખુણેથી બીજા ખુણા સુધી પોકાર ઉઠાવવામાં આવ્યો અને ત્યાંના જૈનોએ જાહેર કર્યું હતું કે અમો યુનીવર્સીટીમાં એક પાઇ સરખી નહિ આપીએ. જૈનોમાં આ એક ભારે વિચિત્ર માન્યતા છે કે દેવદ્રવ્ય એક પવિત્ર દ્રવ્ય છે અને તેનો બીજા કોઇ કામમાં ઉપયોગ થઇ જ ન શકે. તેઓ કહેવા લાગ્યા હતા કે " જો તમો દેવદ્રવ્યનો એવો ઉપયોગ કરશો તો તમને પાઇ સરખી નહિ મળે." આમ હોવાથી તમો જો કાયદાથી આવા દ્રવ્યનો અન્ય અન્ય કાર્યોમાં ઉપયોગ કરવાની ફરજ પાડશો તો તેનું શું પરિણામ આવશે તે હું કહી શકતો નથી, પણ આમ કરવાથી લોકોમાં અસંતોષ તો બહુ જ પેદા થશે એ ચોક્કસ વાત છે.

પ્ર. ટે. : બીજો પ્રશ્ન આ છે. હિંદુ કોમના કોઇ પણ એક ભાગ કે વિભાગ માટે કરવામાં આવેલી ચેરીટી આખી દુનિયા માટે નહિ તો આખી હિંદુ કોમના લાભ માટે કાયદાથી ખુલ્લી મુકાવી જોઇએ. આ બાબતમાં આપનો શું અભિપ્રાય છે ?

મુનશી: મારો અભિપ્રાય આ છે કે આવી ચેરીટી હિંદુ તેમ જ હિંદુ-ઇતર કોમો માટે ખુલ્લી મૂકવી તે કયખતનું કાર્ય લેખાશે. તેનું પરિણામ ઉપર જણાવ્યા મુજબ ખરાબ અથવા તો તેથી પણ વધારે ખરાબ આવશે. જે નાણાં હિંદુ કોમના શ્રેય માટે મેળવવામાં આવ્યા હોય તે નાણાંનો ઉપયોગ હિંદુ ન હોય એવા વર્ગો માટે કરવામાં આવશે તો તેથી લોકલાગણી ખુબ દુભાશે. આજની ધારાસભા એક શિસ્તબધ્ધ સંસ્થા હોઇને તમો જો આવું બીલ લાવશો તો તે જરૂર પસાર કરાવી શકશો, પણ કોઇ પણ એક સભ્યના દિલનો તમને આ બાબતમાં ટેકો નહિ હોય. જો કે તે તમને ધારાસભામાં આવા કાયદાની તરફેણમાં મત આપશે, એમ છતાં તેના અન્તરતા ઉંડાણમાં તે આવા ધરના પક્ષમાં નહિ હોય.

આપે પુછેલા બીજા પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે હિંદુ કોમના અમુક એક વિભાગ માટેની ચેરીટી નાતજાતના ભેદભાવ સિવાય આખી હિંદુ કોમ માટે ખુલ્લી જાહેર કરવાનો સમય હવે આવી પહોંચ્યો છે. આના અનુસંધાનમાં હું એ બાબત પણ જણાવું કે ભૂતકાળમાં ઘણાએ ફીસ્સાઓમાં સમસ્ત હિંદુ કોમ માટે જાહેર કરવામાં આવેલાં દાનો મારી જાણ મુજબ હિંદુ કોમના આગેવાનોના વિરોધની સામે થઇને પણ એડવોકેટ જનરલે અમુક જાતિના લાભમાં વાપરવાની સંમતિ આપી છે અને આને માટે હાઇકોર્ટ જવાબદાર છે. બીલ કરનારે કહ્યું હોય કે 'આ રકમ હિંદુ કોમ માટે વાપરવાની છે', પણ પછી એમ બને છે કે એક સોલીસીટર એડવોકેટ જનરલ સાથે ખટપટ ચલાવે છે અને એડવોકેટ જનરલ જાહેર કરે છે કે "બહુ સારૂ, એમાં કાંઇ વાંધો નથી. આ દાનનો ઉપયોગ બ્રાહ્મણો માટે કે અન્ય કોઇ વર્ગ માટે કરજો." મારા મત પ્રમાણે આ ખરેખર વિશ્વાસદ્રોહ છે. સમગ્રપણે વિચારતાં હિંદુ કોમના ભિન્ન ભિન્ન વિભાગો વચ્ચે દીવાલો ઉભી કરવાને કે ચાલુ રાખવાને હવે જરા પણ કારણ નથી એમ મને લાગે છે.

પ્ર. ટે. : આપ જાણો છો કે, ચેરીટીને લગતા આપણા ખ્યાલો આપણે અંગ્રેજી કાયદા ઉપરથી જ નકકી કરેલા છે અને તેનું પરિણામ એ આવ્યું છે કે ધર્માદા, પુન્યદાન, સારાં કામ, આવા શબ્દોથી વર્ણવવામાં આવેલી સખાવતોને આપણી કોર્ટ અર્થશુન્ય લેખી છે. 'ચેરીટી' શબ્દના લક્ષણમાં ઉપર જણાવેલ શબ્દોનો સમાવેશ થવો જોઇએ એ આપને સ્વીકાર્ય છે ?

મુનશી : ૧૯૩૮માં મદ્રાસની હાઇકોર્ટે આ બાબત નિર્ણય કર્યો છે. એ જ હેતુથી એ જ વર્ષમાં હું પણ એક બીલ મુંબઇની ધારાસભામાં રજુ કરવાનો હતો પણ રાજકારણી ઘટનાઓને અંગે અમોએ રાજીનામાં આપ્યાં. હું કબુલ કરું છું કે એ પ્રમાણે જ થવું જોઇએ એટલું જ નહિ પણ આ જ કારણે ભૂતકાળમાં કરવામાં આવેલી જે જે સખાવતોને રદ ગણવામાં આવી હોય તેને પણ કાયદાપૂરઃસરની લેખવી જોઇએ, અને તે નાણાંનો એ જ રીતે ઉપયોગ થવો જોઇએ. આવી જ રીતે 'ધર્મ' શબ્દનો પુરો ખ્યાલ આપે એવો અંગ્રેજી ભાષામાં બીજો કોઇ શબ્દ નથી.

પ્ર. ટે. : આ સંબંધમાં જે અસ્પષ્ટતા છે તે અસ્પષ્ટતા દુર કરવાનો અને આ બાબતને પુરી સ્પષ્ટ કરવાનો અધિકાર કોર્ટને આપવો જોઇએ કે ચેરીટી કમીશનરને આપવો જોઇએ ?

મુનશી : કોર્ટ એ કામ હમેશાં કરતી જ આવેલ છે. એક વખત આવી બાબતોને ચેરીટી ગણવી એવો નિર્ણય કરવામાં આવે પછી કોઇ પણ પ્રકારની મુશ્કેલી નહિ રહે.

પ્ર. ટે.: આપણે 'સાઇ-પ્રે'નાં સિધ્ધાંતનો હવે વિચાર કરવાનો છે. સિધ્ધાંતમાં તો એમ છે જ કે દ્રવ્ય વાપરવાનો નવો માર્ગ મૂળમાં સૂચવાયલા માર્ગની બને તેટલો નજીકનો હોવો જોઇએ. આ 'સાઇ-પ્રે'ના સિદ્ધાંતના ચાલુ અમલમાં નવો માર્ગ મૂળ માર્ગની સમીપ હોવો જોઇએ એને બદલે આ નવો માર્ગ સમાજને વધારે લાભદાયી હોવો જોઇએ એવો આપણે નિયમ સ્વીકારીએ તો કેમ ?

મુનશી : આ બાબતનો નિર્ણય કરવા માટે જ્યાં સુધી કોઇ ચોક્કસ યોજના ઘડવામાં ન આવે ત્યાં સુધી તમે જે કાંઇ કરશો તેમાં તમને મુશ્કેલીઓ આડે આવવાની છે. આજે પણ આ સંબંધમાં પુરતી મુશ્કેલી છે. ૧૯૩૮ માં આ જ ધોરણે એક બીલ ઘડાઇ રહ્યું હતું. ઇંગ્લાંડમાં છે એવા સ્વતંત્ર ચેરીટેબલ કમીશનરના પક્ષમાં હું નહોતો, પણ એડવોકેટ જનરલની નીચે આખો વખત કામ કરે એવા એક અથવા બે કમીશનરો નીમાવા જોઇએ અને તેઓ દરેક મુદ્દાની બધી વિગતો તપાસે અને એડવોકેટ જનરલ પાસે અથવા તો કોર્ટ સમક્ષ સ્વતંત્ર રીતે પોતાને લાગે તે રીતે આખો મુદ્દો રજુ કરે. આજે તો દાતાનો કોઇ સગો કે સોલીસીટર કે વકીલ કોઇ પણ યોજના રજુ કરે છે. એની કોઇ બીજી બાજુ રજુ કરવામાં આવતી નથી. આમ હોવાથી જે રીતે આવી બાબતોનો નિર્ણય થવો જોઇએ તે રીતે નિર્ણય થઇ શકતો નથી. તેથી આવા જ કામ માટે આખો સમય રોકાયલા એક અથવા બે વકીલો હોવા જોઇએ જે દરેક કેસનો પુરો અભ્યાસ કરે અને પોતાનો અભિપ્રાય આપે—આ રીતે હું પ્રસ્તુત બાબત વિષે વિચારૂ છું. જો આવી બાબત કેવળ ધારાસભા ઉપર છોડવામાં આવે તો આજે શું જરૂરનું છે તે સંબંધે આજની ધારાસભા પોતાને ઠીક પડશે તેવા નિર્ણયો કરશે અને એ નિર્ણયો નિષ્પક્ષ વૃત્તિના હશે એમ માની લેવાને કશું જ કારણ નથી.

પ્ર. ટે. : તો પછી આપનો એવો અભિપ્રાય છે કે હિંદુસ્થાનમાં ચેરીટી કમીશનરની નીમણુંક કરવા માટે હજુ વખત પાકયો નથી ?

મુનશી: આજના વખતમાં તો નહિ જ. આપણું રાજકારણી જીવનમાં અંગત રીતે મને એવો ભય રહે છે કે હાઇકોર્ટની સાથે જોડાયલા સ્વતંત્ર અધિકારીઓ જેટલા ઉપયોગી થશે એટલા ગવરમેન્ટે નીમેલા ચેરીટી કમીશનરો ઉપયોગી નીવડશે નહિ.

પ્ર. ટે. : પણ ચેરીટી કમીશનરના ચુકાદા ઉપર હાઇકોર્ટમાં અપીલ થઇ શકે એવો આપણે પ્રબંધ કરીએ તો કેમ ? ચેરીટી કમીશનરને વહીવટી સત્તા તેમ જ ન્યાય ચુકવવાની સત્તા એ બન્ને પ્રકારની સત્તાઓ આપવામાં આવશે.

મુનશી : જો એમ થઇ શકે તો પછી મને તે સામે વાંધો નથી. ચેરીટીઓ ઉપર નિયંત્રણ ધરાવતું હોય એવું હીંદી સરકારનું કોઇ પણ ખાતું ઉભું કરવામાં આવે એ સામે જ મારે વાંધો છે.

પ્ર. ટે. મદ્રાસમાં આવું એક સરકારી ખાતું કામ કરી રહ્યું છે

મુનશી : અને તે મદ્રાસના કાયદાનો અમલ કેમ થઈ રહ્યો છે તે હું જાણું છું. પણ આજે જ્યારે આપણા દેશમાં અનેક રજારણી વિચારોની પરસ્પર અથડામણો ચાલી રહી છે ત્યારે આવું કોઈ સરકારી ખાતું ઉભું કરવામાં આવે એમ હું ઇચ્છતો નથી. આપ સમજી શકો તેમ છો કે જ્યારે કોઈ સુધારવત કરવામાં આવે છે ત્યારે તેના મૂળમાં રહેલા હેતુઓની ચોક્કસ પરંપરા ચાલતી રહેવી જોઇએ એવી સમજુતી તે પાછળ રહેલી હોય છે. આજે સામ્યવાદી વલણવાળો પ્રધાન હોય, આવતી કાલે સમાજવાદી વલણવાળો બીજો કોઇ પ્રધાન આવે અને જે આવે તે પોતાના મત મુજબ આ દિશાએ કાયદાઓ કરતો રહે. એનો અર્થ તો એ જ થાય કે આપણે ચેરીટીઓ સાથે રમત કરી રહ્યા છીએ. ચેરીટીનાં નાણાં સમાજની સંસ્કૃતિ જાળવવા માટે અને તેનો ધીમે ધીમે વિકાસ કરવા માટે આપણને વિશ્વાસપૂર્વક સોંપાયલાં નાણાં છે એવો મારો ખ્યાલ છે. અને જો આ નાણાંનો ઉપયોગ રાજકારણી મનસ્વીતાને આધીન કરવામાં આવે તો તે પાછળ રહેલો સમગ્ર હેતુ માર્યો જશે.

પ્ર. ટે.: અમારે બીજા એક પ્રશ્નનો પણ નિર્ણય કરવાનો છે કે જે હેતુઓ માટે દાન કરવામાં આવ્યું હોય તે હેતુઓ જો આજે વખતના વહેવા સાથે સામાજિક દ્રષ્ટિએ ઉપયોગી રહ્યા ન હોય તો કાયદાથી તેવા હેતુઓ પાછળ થતો નાણાંનો વ્યય અટકાવવો જોઇએ કે કેમ ? દાખલા તરીકે કીડીઓને ખાંડ નાંખવી, કૂતરાને રોટલા નાંખવા, જેમ મથુરામાં બને છે તેમ કાચબાને લોટ નાંખવો.

મુનશીઃ ત્યાં પણ આવી કોઇ અટકાયતની ઉપયોગીતા હું સ્વીકારું છું, પણ જો આ બાબત કાયદામાતુનથી સિધ્ધ કરવા જશો તો મેં આગળ સૂચવ્યું તેમ તમને મુશ્કેલીઓ આવશે.

પ્ર. ટે.: ધારો કે એ બાબત આપણે ચેરીટી કમીશનર ઉપર છોડીએ અને તેના નિર્ણય ઉપર અપીલ કરવાનો પણ આપણે હક્ક આપીએ તો કેમ ?

મુનશીઃ તો એ બરોબર છે, કારણ કે સમાજનો સામાન્ય ખ્યાલ શું છે તે કોર્ટને જરૂર માલુમ પડશે. જ્યારે તમે ધારાસભા પાસે જાઓ છો ત્યારે તત્કાળ શેની જરૂર છે અને તત્કાળ કેવા વિચારો વાયુમંડળમાં પ્રસરી રહ્યા છે તે ધોરણે જ બધા વિચારો અને નિર્ણય કરવામાં આવે છે. આમ તો કોર્ટને આવી સત્તા છે જ. આમ છતાં પણ જો જરૂર જણાય તો આવા નાણાંનો બીજા કોઇ કાર્યમાં ઉપયોગ ફરમાવવાની તમો કાયદાથી કોર્ટને સત્તા આપી શકો છો. પણ જ્યાં સુધી આપણાં રાષ્ટ્રીય વિચારો અને વળણે માં આપણે ચોક્કસ પ્રકારની સ્થિરતા પ્રાપ્ત ન કરીએ ત્યાં સુધી કોને 'ધર્મ' ગણવું અને કોને 'પૂર્ત' ગણવું એને લગતાં આપણાં પરંપરાથી ચાલી આવતા ખ્યાલોમાં ધારાસભાના જાતજાતનાં કાયદાકાનુનોથી ચુંથામણ થવા માંડે એમ હું ઇચ્છતું નહિ.

પ્ર. ટે. આ કમીટી પુરતું હું કહી શકું છું કે ધારાસભાને અમો આવું કોઇ કાર્ય સોંપવા માગતાં નથી.

મુનશી : પણ એક વખત પણ જો તમે આવી જ કોઇ નાની સરખી બાબત માટે ધારાસભા પાસે ગયા તો જે ચોક્કસ મર્યાદાપૂર્વક તમો અમુક વાત રજુ કરો તેને ધારાસભા વળગી રહે એમ હું માનતો નથી.

પ્ર. ટે. : દાનના અમુક ભાગો હવે કશી પણ જાહેર ઉપયોગીતા ધરાવતા નથી એમ કાયદાથી નક્કી કરવું તે એક વસ્તુ છે અને અમુક બાબત હવે જાહેર ઉપયોગીતાની રહી નથી અને એ માટે નિયત કરાયેલાં નાણાં બીજા કોઇ હેતુ માટે વપરાવા જોઇએ એવો કોઇ રાજ્યાધિકારી લેખિત હુકમ કરે અને તે હુકમ સામે અપીલ કરવાનો પણ હક્ક હોય એ બીજી જ વસ્તુ છે.

મુનશી : સામાન્ય ચેરીટીઓ પુરતું તો આ બાબતમાં કશી મુશ્કેલી આવવા સંભવ નથી, પણ ધાર્મિક ચેરીટીના સંબંધમાં પ્રશ્ન ઉભો થવાનો. માછલીઓને લોટ નાંખવો બીલકુલ ઉપયોગી નથી એમ અમુક માણસ ન પણ માને. પણ આવા કીસ્સાઓમાં કોર્ટ એને લગતાં નાણાંનો બીજા કોઇ સમાજોપયોગી કાર્યમાં ઉપયોગ કરવાની સંમતિ આપતી જ આવી છે. આ સંબંધમાં આપ જે ખ્યાલ ધરાવો છો એ સાથે હું સંમત છું. આવી અર્થ વિનાની ચેરીટીઓ અટકવી જોઇએ એ બાબતમાં પણ હું તમારાથી જુદો પડતો નથી, પણ આવી અટકાયત કરવા જતાં બીજી ઘણી બાબતો વિચારવાની રહેશે. મૂળભૂત હકીકતો સંબંધમાં મારે ઘણું કામ કરવું પડયું છે અને ત્યાં અમારે કેટલુંક તુમુલ યુદ્ધ કરવું પડેલું તે પણ હું જાણું છું. આપણે એમ માનીએ છીએ કે અમુક કાયદાઓ કરીને, લોકોના દિલમાં જે ખ્યાલો સદીઓથી રૂઢ થયેલાં છે તે ખ્યાલોથી લોકોને મુક્ત કરી શકીશું. પણ કાયદાકાનુન આ બાબતમાં ફળીભૂત થશે એમ હું માનતો નથી. સંભવ છે કે પ્રજા એવા કાયદાકાનુનને પણ ગળી જાય.

પ્ર. ટે. : તો આ બાબત આપ જાહેર અભિપ્રાય ઉપર જ ખરેખર છોડવા માગો છો ?

મુનશી : હું એ બાબતનો કોર્ટને જ હવાલો આપું.

પ્ર. ટે. : અમને એવી સુચના કરવામાં આવી છે કે આપણે ચેરીટી કમીશનર ઉભા કરીએ કે ન કરીએ પણ અધિકારી કે બીનઅધિકારી નિરીક્ષકો (વીઝીટર્સ) નીમવા કે જેઓ ચોતરફ ફર્યા કરે, ચેરીટીઓના વહીવટો તપાસે અને કોઇ પણ ઠેકાણે કશી પણ ગેરવ્યવસ્થા માલુમ પડે તો તેને લગતા અધિકારીને રીપોર્ટ કરે. આપ આ સૂચનાના પક્ષમાં છે. ?

મુનશી : હું તેની વિરૂદ્ધ છું. હું એટલું જ પસંદ કરું કે એક અથવા બે ચેરીટી કમીશનરો હાઈકોર્ટ સાથે જોડાયેલા હોવા જોઇએ. એમ કરવાથી એક સ્વતંત્ર ખાતું જ ઉભું થશે. જ્યારે પણ કોઇ ચેરીટી વિષે ફરીયાદ આવે ત્યારે તેઓ ટ્રસ્ટીઓને બોલાવે અને તે ફરીયાદ દૂર કરવા માટે તેમને સમજાવે. જો કોઇ ચેરીટી વિષે કોઇ ફરીયાદ કરે તો કમીશનરે ત્યાં જવું, ટ્રસ્ટીઓની બાજુએ બેસવું, ચાલી રહેલો વહીવટ તપાસવો અને તેમને કહેવું કે 'જુઓ આમ આમ બની રહ્યું છે, આ હવે તમે સુધારશો ?" મને લાગે છે કે આમ કરવું વધારે ઉપયોગી નીવડશે. એવા બે વકીલો રોકવામાં આવે જે આ બાબતનો ખાસ અભ્યાસ કરે, કરવામાં આવતી ફરીયાદોમાં ઉંડા ઉતરે અને તેમણે શું કરવું જોઇએ તે મિત્રભાવે જણાવે. એમ કરવાથી આજે ટ્રસ્ટોનો વહીવટ જે રીતે ચાલે છે તેનાથી વધારે સારી રીતે ચાલશે

પ્ર. ટે. આપણે ફરી મંદિરોનો વિચાર કરીએ; આ વિષે અમારી સમક્ષ એમ રજુ કરવામાં આવ્યું છે કે ઘણા મંદિરો પાસે ઢગલાબંધ સોનું, ચાંદી તથા આભૂષણો હોય છે, જેનો ઉપયોગ મૂર્તિ માટે ભાગ્યે જ કરવામાં આવે છે. તો સોનુ, ચાંદી તેમ જ ઝવેરાતના ઘરેણાંનો કોઇ પણ સાર્વજનિક હેતુ માટે ઉપયોગ કાં ન કરવો ?

મુનશીઃ વારૂ, પણ ઝવેરાતના દાગીના તો મૂર્તિના શણગાર સાથે જોડાયલાં હોય છે. અલબત્ત, સોના અને ચાંદીનાં રોકાણો પણ હોવા સંભવ છે. પાલખુતીના મંદિરમાં ટ્રસ્ટીઓ સોના ને ચાંદીમાં નાણાં રોકયે જ જતા હતા અને અમારે તેમને અટકાવવા પડયા હતા.

પ્ર. ટે.: ટ્રસ્ટીઓ વ્યાજણી પ્રમાણમાં સોના ચાંદીમાં નાણાં રોકી શકે એમ આપનું સુચન છે ?

મુનશીઃ ઘણીવાર એમ બને છે કે કોઇ પણ ધનાઢય માણસ આગળ આવે છે અને જણાવે છે કે 'મૂર્તિના મુગટ માટે હું પચાસ હજાર રૂપીઆ આપવા ઇચ્છું છું.' આમ કરવાથી પોતે પુન્યોપાર્જન કરે છે એમ સમજીને તે આવું દાન કરવા આગળ આવે છે. હવે તમો એમ કહો છો કે તમે આવડી મોટી સખાવત કરી તે બરોબર છે, પણ મુગટ એ કેવળ બીનજરૂરી ઉપભોગની વસ્તુ છે એમ અમો ડાહ્યા માણસો ધારીએ છીએ અને તેથી અમો તે વેચી નાંખીશું અને તેમાંથી મળતાં નાણાં કોઇપણ સારા જાહેર કાર્યમાં વાપરીશું. આવું કાંઇક તમો કહો તેને લોકો સંમત કરશે કે કેમ તે વિષે મને શંકા છે.

પ્ર. ટે. અગને એમ જણાવવામાં આવ્યું છે કે મહાલક્ષ્મીના મંદિરમાં એવો રવૈયો છે કે દેવમૂર્તિને જે કાંઇ કીમતી વસ્ત્રાભૂષણો તેમ જ વસ્તુઓ ધરવામાં આવે છે તે મંદિરના ટ્રસ્ટીઓ વેચી નાંખે છે અને તેમ કરવાથી તેમને ઘણી સારી કીંમત મળે છે. બજારમાં તેની જે કાંઇ કીંમત ઉપજે તે કરતાં પણ આવી ચીજોની જ્યારે હરરાજી કરવામાં આવે છે ત્યારે તેમને વધારે સારી કીંમત ઉપજે છે. કારણ કે આ ચીજનો ખરીદનાર આ વસ્તુ પ્રત્યે ચોક્કસ પ્રકારની લાગણી અને ભાવના ધરાવતો હોય છે. જે લોકોએ આવી ભેટો ધરી હોય છે તેમાંથી કોઇએ પણ એવી ફરીયાદ કરી નથી કે અમે જે ધરીએ છીએ તે નફા માટે વેચી નાંખવામાં આવે છે અને મંદિરની આવકને આથી કશી પણ અડચણ પહોંચી નથી. મંદિરના અધિકારીઓ હરેક સામાજિક હેતુઓ માટે આ નાણાંનો ઉપયોગ કરે છે.

મુનશી : મંદિરે મંદિરે રીતરિવાજ અને રૂઢિમાં ફેરફાર હોય છે, પણ જો આવી વસ્તુઓ વેચી નાંખવાનો જે તમે કાયદો કરો તો મંદિરની આવક ઉપર ઘણી પ્રતિકુળ અસર થાય એમ હું માનું છું. ડાકોરના મંદિરમાં, તેમની પાસે એક મુગટ, મોતીની માળાઓ અને બીજા કેટલાંક આભૂષણો છે, જેને ભોગ તરીકે ઓળખવામાં આવે છે અને તે બીલકુલ વેચી શકાતા નથી.

પ્ર. ટે. : દેવમૂર્તિને હીરાની આંખો ચડાવવામાં આવી હોય તો તે તમે જાળવી રાખશો?

મુનશી : હા. જી. જો તમે તે કુબેરીને વેચી નાંખો તો અમુક માણસોની ધાર્મિક લાગણી તો અવશ્ય દુભાવાની. લોકોની ધાર્મિક લાગણી ન દુભાય એ ધોરણે કઇ ચીજો કાઢી નાંખવી અને કઇ ન કાઢવી એ સંબંધમાં તમારે પુરી સંભાળ લેવી જોઇએ.

પ્રશ્નકાર શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ

ચી. ચ. શા.: મંદિરોમાં કરવામાં આવેલી સખાવતોનાં જે વધારાનાં નાણાંની મંદિરના કોઇ પણ કામકાજ માટે બીલકુલ જરૂર ન હોય તે નાણાં સમાજોપયોગી કાર્યો પાછળ ખર્ચવા જોઇએ, એ વિચાર આપને સંમત છે? સમાજોપયોગી (ચેરીટેબલ) અને ધાર્મિક હેતુઓ વચ્ચે આપ કોઇ તફાવત સ્વીકારો છો?

મુનશીઃ હા જી.

ચી. ચ. શાહઃ હું માનું છું કે હિંદુ કાયદો આવો ભેદભાવ સ્વીકારતો નથી. એ બધું જ 'ધર્મ' ની કક્ષામાં આવી જાય છે. કાકા કાલેલકર જેમણે ગઇ કાલે જ આ કમીટી સમક્ષ જુબાની આપી હતી તેમણે પણ આ બે વચ્ચે કોઇ પણ ભેદભાવ નથી એમ જણાવ્યું હતું.

મુનશીઃ મને લાગે છે કે શાસ્ત્રો આ બે વચ્ચે તફાવત કલ્પે છે. હું બ્રાહ્મણ કુળમાં જન્મેલો અને ઉછરેલો હોઇને મારા બાળપણથી હું એમ સમજતો આવ્યો છું કે મંદિરની અંદર આપણે જે કાંઇ દેવને ધરીએ છીએ અને મંદિર બહાર આપણે જે કાંઇ ગરીબોને આપીએ છીએ એ બે વચ્ચે આપણે તફાવત કરીએ છીએ. 'ધર્મ' એટલે ધાર્મિક અને 'પૂર્ત' એટલે દયાપ્રેરિત સામાજિક એવો અર્થ આપણે કરીએ છીએ અને મારા મત મુજબ એ બન્ને બાબતો અલગ અલગ છે.

ચી. ચ. શા. : ધાર્મિક સખાવતોના વધારાનાં નાણાં ગૌશાળા સ્થાપવા પાછળ કે ચલાવવા પાછળ વાપરવામાં આવે એ આપને કબુલ છે, પણ આર્ટ્સ કે સાયન્સ કોલેજ સ્થાપવા કે ચલાવવા પાછળ એ નાણાંનો ઉપયોગ કરવામાં આવે એ આપ કબુલ નહિ કરો!

મુનશી : ધાર્મિક સખાવતો પાછળ ચોક્કસ હેતુ રહેલો છે એમ હું માનું છું. તિરૂપતિ કે ડાકોરના મંદિરની મીલ્કત કેટલીયે સદીઓ થયાં એકઠી થતી આવી છે. આ મિલ્કત ચોક્કસ પ્રકારની સંસ્કૃતિના રક્ષણ માટે એકઠી થયેલી હોય છે. અલબત્ત, પેઢી દર પેઢી માણસોના વિચારો બદલાતા જતા હોય છે. પણ ચોક્કસ હેતુઓ માટે એકઠા થયેલાં નાણાંનો કેવળ જ જુદા કાર્યમાં ઉપયોગ કરવો તે યોગ્ય નથી. જો તપે નવા વિચારો દાખલ કરશો અને તે મુજબ એકઠાં થયેલાં નાણાંનો ઉપયોગ કરશો તો લોકોને તે નહિ ગમે અને લોકોની લાગણી દુભાશે.

પ્ર. ટે. : પણ તિરૂપતિ મંદિરના નાણાંનો આર્ટ્સ કોલેજ, સાયન્સ કોલેજ અને બીજી કેટલીયે સંસ્થાઓ ચલાવવા પાછળ ઉપયોગ કરવામાં આવે છે.

મુનશી : પણ તે સામે લોકોનો કેટલો વિરોધ છે તેનો તમોને ખ્યાલ નથી. તિરૂપતિ મંદિરને બહુ થોડા સમયમાં ભારે નુકસાન થવા સંભવ છે. જો કોઇને કોલેજ ચલાવવા માટે સખાવત કરવી હોય તો તે મુજબ તે કરી શકે છે. પણ મંદિરના નાણાંનો એવા હેતુ માટે શા માટે ઉપયોગ કરવો જોઇએ? બહુ બહુ તો તાદૃશ હેતુઓ માટે એ નાણાંનો ઉપયોગ તમો કરી શકો છો. પાઠશાળામાં સંસ્કૃત ભણતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપી શકો છો. ગીતાના જ્ઞાનનો પ્રચાર કરી શકો છો. આ હદ સુધીનો અન્યથા ઉપયોગ લોકલાગણી નીભાવી શકશે.

ચી. ચ. શાહ : એમાંથી હોસ્પીટલો ચલાવવામાં આવે તો તે સામે આપને વાંધો છે?

મુનશી : જરૂર એમ કરવું ન જોઇએ. જો તમે એ રીતે નાણાંનો ઉપયોગ કરવા માંડશો તો લોકો જરૂર દુભાશે. એમના દીલમાં જેને સ્થાન નથી એવા કોઇ એક હેતુ તરફ તમે ઢળી રહ્યા છો—એમ તેમને ખબર પડશે તો લોકો નાણાં આપતાં જ બંધ થઇ જશે.

ચી. ચ. શાહ : આપ જાણો છો કે જૈનો દેવદ્રવ્યને પવિત્ર દ્રવ્ય તરીકે લેખે છે અને બીજા કોઇ પણ હેતુ પાછળ તેનો ઉપયોગ થઇ ન શકે એમ તેઓ માને છે. આ સંબંધમાં આપનો શું અભિપ્રાય છે.

મુનશી. આ પ્રશ્ન ઉપર મેં કેટલોક વિચાર કર્યો છે અને મને લાગે છે કે જૈનોમાં આ લાગણીની જડ ઘણી ઉંડી છે. આવો વિચાર કેટલીએ સદીઓ થયા સેવાતો આવ્યો છે. તેઓ એમ માને છે કે દેવદ્રવ્ય મૂર્તિ માટે જ નિયત કરાયેલું દ્રવ્ય છે. એ રૂઢિએ ઘણીયે ઉપયોગી સેવા પણ બજાવી છે. એ રૂઢિના પરિણામે આપણને કેટલીએ સદીઓનો પુરો ઇતિહાસ મળી શકે છે. આ નાણાંમાંથી કેટલાક લહીઆઓને નિભાવવાની પરંપરા તેમનામાં ચલતી આવી છે. સમય સમયનો ઇતિહાસ નોંધતા રહેવું એ આ લહીઆઓનું મુખ્ય કામ હતું. બીજું દરેક મંદિર સાથે એક ભંડાર હોય છે. આ બન્ને સાધનો ભૂતકાળનો ઇતિહાસ પુરો પાડવામાં બહુ ઉપયોગી નીવડયા છે. તે દ્વારા જ જૈન ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કરવામાં અને જુના કાળની નોંધ જાળવવામાં દેવદ્રવ્યે અગત્યનો ભાગ ભજવ્યો છે. જૈનોના ભંડારો જ્ઞાનની મોટી

વખાર સમાન નીવડયા છે અને આ ભંડારો જેમ દેવદ્રવ્યમાંથી નીભાવવામાં આવતા હતા તેજ રીતે આજના વિચાર મુજબ એ નાણાંનો ઉપયોગ જ્ઞાન અને શિક્ષણના પ્રચાર પાછળ આપણે કરી શકીએ છીએ.

ચી. ચ. શાહ : બીજા કોઇ કાર્ય પાછળ આનો ઉપયોગ થાય એ આપ સંમત નહિ કરો ?

મુનશી : નહિ જ. જો કાયદા દ્વારા ફરજિયાત રીતે આ નાણાંનો બીજા કોઇ કાર્ય પાછળ ઉપયોગ કરશો તો તે સામે જાહેરમાં બહુ વિરોધ અને રોષ પ્રગટશે.

ચી. ચ. શાહ: જે કોઇ સંસ્થાઓ અમુક કોમ અથવા વર્ગને માટે હોય તે બધા હિંદુઓ માટે ખુલ્લી મુકાવી જોઇએ કે નહિ ? ધારો કે કપોળ માટે એક સસ્તા ભાડાની ચાલ છે અથવા તો જૈનો માટે એક વિદ્યાર્થીગૃહ છે. આ સંસ્થાનો લાભ બધા હિંદુઓને મળે એમ આપ ઇચ્છો કે નહિ ? અને જો એમ કરવામાં આવે તો એવી સંસ્થામાં વહેતો દાનનો પ્રવાહ બંધ પડી જાય કે નહિ ?

મુનશી : મારા અંગત અનુભવ ઉપરથી મારે કબુલ કરવું જોઇએ કે આવી સંસ્થાઓ બધા હિંદુઓ માટે ખુલ્લી થતાં તેમાં થતી આવકને ધક્કો તો જરૂર લાગે, પણ આવા ભેદભાવને હવે આપણે લાંબો વખત ચાલવા દેવા ન જોઇએ. અને આજે બનતા બનાવો પણ એમ બતાવે છે કે આ પ્રશ્ન લાંબો વખત રહેવાનો નથી. આજે આન્તર્જાતીય લગ્નો જ્યાં ત્યાં થઇ રહ્યા છે તે આપણે સૌ જાણીએ છીએ. એક જૈન છોકરી હિંદુ છોકરાને પરણે છે અને હિંદુ છોકરી જૈન છોકરાને પરણે છે. અને આ બન્ને કીસ્સાઓમાં કોઇનો જ્ઞાતિબહિષ્કાર કરવામાં આવતો નથી. હવે પ્રશ્ન તો એ ઉભો થવાનો કે આ યુગલોનાં સંતાનોની કઇ જ્ઞાતિ ગણવી ? જો કોઇ જૈન શિષ્યવૃતિ હોય તો તેનો લાભ આ બંને પ્રકારના યુગલોના સંતાનોને શું નહિ મળે ? આપણે એ પણ જાણીએ છીએ કે સમયાંતરે મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટક એમ અલગ અલગ પ્રાંતો ઉભા થવાના છે. અને દરેક પ્રાંતમાં તે તે પ્રાંતની વસ્તી જ મોટે ભાગે વસતી હશે. ગુજરાતમાં બહુ થોડા દક્ષિણીઓ હશે અને મહારાષ્ટ્રમાં બહુ થોડા ગુજરાતીઓ હશે. એમ બનતાં ગુજરાતી સંસ્થાઓ દક્ષિણીઓ માટે અને દક્ષિણી સંસ્થાઓ ગુજરાતીઓ માટે ખુલ્લી મુકવાનો પ્રશ્ન જ નહિ રહે. અલબત્ત મુંબઇનું શું થશે એ આજે કોઇ કહી શકે એમ નથી. તે એક એવું સ્વતંત્ર શહેર બનવા સંભવ છે કે જ્યાં અનેક જાતના લોકો રહેતા હશે. અને મને લાગે છે કે નાતજાતના આ સર્વ ભેદો કળાંતરે જરૂર ભુંસાઇ જશે. તેથી જે નવી રચનાની સંભાવના આપણે આજે કલ્પી રહ્યા છીએ તે જોતાં આ પ્રશ્ન જીવતો રહેશે નહિ અને તેથી આવી બધી ચેરીટીઓ સમગ્ર હિંદુ કોમ માટે ખુલ્લી મુકાય એમ હું ઇચ્છું. આમ થવાથી દાનનો પ્રવાહ વહેતો બંધ થાય એવો ભય રાખવાનો કોઇ ખાસ કારણ નથી.

ચી. ચ. શાહ : મહાવીર જૈન વિદ્યાલયનો દાખલો આપણે લઇએ. આ સંસ્થા બધા હિંદુઓને માટે ખુલ્લી મુકશો ?

મુનશી : હાજી. એ સંસ્થામાં દાખલ થવા માટે કોઇ પણ હિંદુની અટકાયત કરવી ન જોઇએ.

ચી. ચ. શાહ: એ બાબતનો અમલ કઇ રીતે થશે ?

મુનશી: એમાં કશી અડચણ નહિ આવે. ટ્રસ્ટીઓ જૈન હોવાના બીજા કોમના બે કે ત્રણ વિદ્યાર્થીઓ જ તેમાં પ્રવેશ પામી શકશે.

ચી. ચ. શાહ : જૈનોને પ્રથમ પસંદગી આપવી એમ આપ કહો છો ?

મુનશી : ના.

ચી. ચ. શાહ : જો તે બધા હિંદુઓ માટે ખુલ્લું મૂકવામાં આવે અને જૈનોને કોઇ પણ જાતની પ્રથમ પસંદગી આપવામાં ન આવે તો તેમાં જૈન વિદ્યાર્થીઓ શી રીતે દાખલ થઇ શકશે ? અમે વિદ્યાર્થીઓને તેમની પરીક્ષાના પરિણામ મુજબ દાખલ કરીએ છીએ. હવે તે સંસ્થામાં દાખલ થવા માંગતા હિંદુ વિદ્યાર્થીના જો ૭૦ ટકા માર્ક હોય અને જૈન વિદ્યાર્થીના જો ૬૦ ટકા માર્ક હોય તો જૈન વિદ્યાર્થીને બાજુએ રાખીને અમારે હિંદુ વિદ્યાર્થીને જ દાખલ પડવો પડશે. આ રીતે જૈન સિવાય બીજી કોમના વિદ્યાર્થીઓને તેમાં ઘણો વધારે અવકાશ મળશે અને જૈન વિદ્યાર્થીઓ લાગ્યે જ પ્રવેશ પામી શકશે.

મુનશી : તમોએ જણાવ્યું તેમ જે વિદ્યાર્થીમાંથી ટ્રસ્ટીઓ જેઓ જૈનો જ હોવાના તેઓ જૈન વિદ્યાર્થીને એમ કહીને પસંદગી આપશે કે જો વિદ્યાર્થી ગરીબ છે અને તેથી જેણે ૭૦ ટકા માર્ક મેળવ્યા છે તે કરતાં આ જૈન વિદ્યાર્થીને પ્રથમ પસંદગી આપવી જોઇએ. મનુષ્યસ્વભાવ જેવો છે તેવો હોઇને અને ટ્રસ્ટીઓ જૈન હોઇને તેઓ જૈનોના પક્ષમાં જ પોતાને મળેલ પસંદગીના અધિકારનો ઉપયોગ કરશે.

ચી. ચ. શાહ : એ સંસ્થાનો વહીવટ જૈનોના હાથમાં જ રહેવા દેશો ?

મુનશી : એ તો એમ જ બને. હિંદુ વિદ્યાર્થીગૃહોમાં જૈન વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે તે મુજબ આ સંસ્થામાં હિંદુ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં તેઓ શી રીતે વાંધો લે તે હું સમજી શકતો નથી. આવી જ રીતે હિંદુ કોમ માટે નિર્માણ થયેલા કેટલાય હોસ્પીટલોનો કપોળ બાઇઓ લાભ લે છે. જો એક કોમ ધનવાન હોય તો તે પોતાની કોમની જરૂરિયાતો તો પુરી પાડે એટલું જ નહિ પણ એ ઉપરાંત બીજી કોમો દ્વારા ઉભી કરવામાં આવેલી સગવડોનો પણ લાભ લે એ યોગ્ય નથી. સિધ્ધાંતની દ્રષ્ટિએ આ તદ્દન ખોટું છે. પારસીઓની બાબત તદ્દન જુદી છે. તેઓ કોઇ હિંદુ ચેરીટીનો લાભ લેતા નથી. પણ આમ બીજી કોમો વિષે કહી શકાશે નહિ. આમ હોવાથી મને લાગે છે કે હિંદુ ચેરીટીઓનાં તો કશો પણ ભેદભાવ હોવો ન જોઇએ.

ચી. ચ. શાહ : આવા ભેદભાવ ઉપર કાયદાથી પ્રતિબંધ મૂકવામાં આવે તો તેથી લોકલાગણી ઉશ્કેરાશે નહિ?

મુનશી : અમુક થોડા અપવાદો બાદ કરતાં એવો કોઇ મોટો વિરોધ નહિ થાય. જે કોમો આગળ મોટા ફંડો છે તેઓ કદાચ રોષે ભરાય.

ચી. ચ. શાહ : એમ કરવાથી આપણી સંસ્થાઓને પહેલાં ગ્રાહક જ દાનો મળ્યા કરશે એમ આપ ધારો છો ?

મુનશી : હાજી. ભારતીય વિદ્યાભૂવન જે જૈનોનાં જ નાણાંમાંથી ઉભું કરવામાં આવ્યું છે તેનો પારસી તેમજ મુસલમાનોને પણ લાભ આપવામાં આવે છે.

ચી. ચ. શાહ: આગળના એક સાક્ષીએ અમને એમ જણાવ્યું છે કે સર હરકીસનદાસ હોસ્પીટલને જો બધા હિંદુઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હોય તો એની પાસે આજે જે નાણાં એકઠાં થયા છે તે થયા ન હોત. ગુજરાતીઓએ તેને એટલો ટેકો આપ્યો ન હોત.

મુનશી: હું એ હોસ્પીટલનો પ્રમુખ છું. અલબત્ત, કોઇ પણ સંસ્થા અમુક કોમ માટે જ ઉભી કરવામાં આવી હોય છે તો તેવી સંસ્થા વિષે લોકોમાં વધારે પક્ષપાત થાય છે અને આવી સંસ્થામાં નાણાંનો પ્રવાહ પણ વધારે છૂટથી વહેતો રહે છે. પણ બીજી બાજુએ આપણે મારવાડી હોસ્પીટલનો દાખલો લઇએ. બીરલાજીએ આ યોજના રજુ કરી અને પૈસા પણ એકઠા થયાં.

હવે આ હૉસ્પીટલ સૌ કોઇને માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. એ ચોકખું હિંદુ હૉસ્પીટલ છે અને અમુક બીજાનઓ મારવાડીઓ માટે અલાયદા રાખવામાં આવ્યા છે એટલી જ મર્યાદા આ હૉસ્પીટલમાં સ્વીકારવામાં આવી છે. કોઇ પણ કોમના નાણાંમાંથી ચલાવવામાં આવતા બીજા કોઇ પણ હૉસ્પીટલમાં પણ આ પ્રમાણે ગોઠવણ કરી શકાય. હૉસ્પીટલ સામાન્યતઃ સૌ કોઇ હિંદુ માટે ખુલ્લું મુકાવું જોઇએ. મને જોઇને આનંદ થાય છે કે આપણામાં નાત જાતના ભેદો ધીમે ધીમે લય પામતા જાય છે. આપણે કાયદાથી હરિજનોને આપણાં પવિત્ર સ્થાનો દેવમંદિરોમાં પ્રવેશ કરવાની છુટ આપી છે. અને એવો પણ વખત આવશે કે જ્યારે આપણાં રસોડા સુધી હરિજનને આવતો અટકાવવાનું અશકય બનશે. આ ભેદો જવા જોઇએ એમ હું અંતરથી ઇચ્છું છું. આમ હોવાથી અમુક હૉસ્પીટલમાં ગુજરાતીઓએ નાણાં ભર્યા છે એટલા માટે તે બીજા કોઇને માટે ખુલ્લું નહિ મુકી શકાય આમ કહેવું તે શું ગેરવ્યાજબી નથી ? આ અત્યંત સાંકડી મનોદશા છે.

પ્ર. ટે. : મને લાગે છે કે કોમી અલગપણું જાળવી રાખવાનો પ્રયત્ન કરીને ન્યાયમૂર્તિ દેસાઇ ગુજરાતી કોમને અન્યાય કરી રહેલ છે.

મુનશી : હું તો અનેક કાર્યો માટે નાણાં એકઠાં કરવાના હેતુથી દેશના એક ખુણેથી બીજા ખુણા સુધી ભટકયો છું અને મારો તો અનુભવ છે કે કોઇ પણ સારું કામ હોય તો લોકો પૈસા આપે જ છે. આ નાણાંનો કોના માટે ઉપયોગ કરવાના છો એની તેઓ કદી પુછપરછ પણ કરતાં નથી.

ધારપુરે : કોઇ પણ ધાર્મિક સંસ્થાના વધારાના નાણાં હોય તો સંસ્કૃત ભાષા કે જેમાં આપણાં ધર્મશાસ્ત્રો લખાયા છે તેના અભ્યાસ પાછળ એ નાણાં વપરાવા જોઇએ એવો આપનો અભિપ્રાય હું સમજ્યો છું એ બરોબર છે ?

મુનશી : અમો લોકપ્રતિનિધિસભામાં આ બાબત લડી રહ્યા છીએ કે સંસ્કૃતની રક્ષા માટે સંસ્કૃતનો અભ્યાસ બહુ જરૂરી છે. હીંદી આપણી રાષ્ટ્રભાષા થાય તો પણ સંસ્કૃત ભાષાના પાયા ઉપર રચાય અને દેવનાગરી લીપીમાં લખાય એવો અમારો આગ્રહ છે. અગને સંસ્કૃતમય હિંદી જોઇએ છીએ.

ચી. ચી. શાહ : આ વધારાનાં નાણાંમાંથી આયુર્વેદિક સંસ્થાઓ ચલાવવાનું તમે પસંદ કરો ?

મુનશી : હાજી. જેનાથી સંસ્કૃતના અભ્યાસને વેગ મળે તે બધી બાબતોને ઉત્તેજન અપાવું જોઇએ.

* * *

પંડયા : સંગીત જેવી લલિતકળાના અભ્યાસ પાછળ આ વધારાના નાણાં ખર્ચાય એને આપ યોગ્ય ગણો ?

મુનશીઃ એવા શિક્ષણની પાછળ આ નાણાં ખર્ચાય એમાં મારી સંમતિ છે, પણ આ વધારાનાં નાણાંમાંથી સંગીતના જલસાઓ–કોન્સર્ટો–થાય એ હું પસંદ નહિ કરું.

પંડયાઃ બ્રાહ્મણને ભોજન આપવા માટે કરવામાં આવેલી સખાવતો બીજા કોઇ શુભ કાર્યમાં વાપરવી જોઇએ એ આપને સંમત છે ?

મુનશીઃ એમ કરી શકાય એમ હું નથી ધારતો. બ્રહ્મભોજન અટકાવવું તે લોકો ઉપર એક નવો ધર્મ લાદવા બરોબર છે. અને આ લોકો પસંદ નહિ કરે. બ્રહ્મભોજન એ ધર્મનો જ એક અંગભૂત વિભાગ છે.

× × ×

અનુવાદકઃ **પરમાનંદ**

જૈન શાસ્ત્રો અને દેવદ્રવ્યો

[ધાર્મિકફંડો અને દાનફંડોના ઉપયોગ વિશે તપાસ કરવા નામદાર સરકારે એક સમિતિ નિમી છે. તેના પ્રમુખ શ્રીમાન ટેંડુલકર અને બીજા સભ્યો સમક્ષ ઉક્ત ફંડોના ઉપયોગ વિષે મને પણ જુબાની આપવા બોલાવેલો. મેં જે જુબાની આપી તેનો સારભાગ આ નીચે આપું છું:]

જૈન ધર્મનું પ્રધાન સાહિત્ય સૂત્રસાહિત્ય છે. તેમાં પણ અંગગ્રંથો વિશેષ મહત્તા ધરાવે છે. એ અંગગ્રંથોમાં વિશેષે કરીને ચૈત્યોનો ઉલ્લેખ આવે છે. 'ચિતા' શબ્દમાં એ 'ચૈત્ય' શબ્દનું મૂળ છે. જે સ્થળે ધર્મવીર પુરૂષોની ચિતા ખડકાતી અને તેમને અગ્નિસંસ્કાર થતો તે સ્થળે તેમનું જે સ્મારક ઉભું કરવામાં આવતું તેનું નામ 'ચૈત્ય.' 'ચૈત્ય' શબ્દનો આ ઐતિહાસિક અને વ્યુત્પત્યર્થ છે. છત્રીઓ, પગલાંઓ, વૃક્ષો કે નાની દેવડીઓ તથા નાની થાંભલીઓ વા થાંભીઓ વગેરે સ્મારકરૂપે યોજવામાં આવતાં. કેવળ ધર્મવીરોની સ્મૃતિ સચવાય એ માટે એ સ્મારકો ઉભાં કરવામાં આવતાં. એની પાછળ પૂજ્યપૂજકની કલ્પનાનો ખાસ ભાવ નહતો. ભગવા। મહાવીરના નિવૃત્તિપરાયણ નિગ્રંથો લોકોનો સંસર્ગ સેવતા જ નહીં. પણ જ્યારે તીર્થપ્રચાર વા ધર્મપ્રચારની વૃત્તિ એ નિગ્રંથોમાં જાગૃત થઈ ત્યારે લોકસંસર્ગ કરવો જ રહ્યો. આ વખતે એટલે મહાવીર સ્વામીના નિર્વાણ પછી આશરે આઠસેં નવસેં વર્ષે એ અસંગ નિગ્રંથો ચૈત્યોમાં કે ચૈત્યોનાં પરિસરમાં રહેવા લાગ્યા અને એક નવી પરંપરા નામે 'ચૈત્યવાસી પરંપરા'નો આવીર્ભાવ થયો. આ પહેલાં નિગ્રંથો પ્રાયઃ આરણ્યક હતા, વનવાસી હતા. નિગ્રંથોના ચૈત્યવાસને લીધે હવે લોકો ચૈત્યો પાસે વિશેષપણે આવવા લાગ્યા અને ત્યાં ધર્મશ્રવણનો લાભ મેળવવા લાગ્યાં. આથી ચૈત્યોની મહત્તા વધી અને ખાસ કરીને અસંગ નિગ્રંથોના રહેઠાણ થવાથી તે ચૈત્યોનો મહિમા વિશેષ પ્રસરતો થયો આમ થવાથી ચૈત્યોની રક્ષા અને ત્યાં વસનારા મુનિઓની સુરક્ષા વગેરેને અંગે દાની લોકોએ ચૈત્યો માટે દાન આપવાં શરૂ કર્યાં. વિશેષ કરીને લોકો જમીનો આપતા. એ અપાયેલી જમીનોમાંથી થતી આવકદ્વારા ચૈત્યોની વ્યવસ્થા થવા લાગી. વખત જતાં ચૈત્યોની પૂજા વધવા લાગી. તેમ તેને અંગે જમીનો ઉપરાંત રોકડ નાણું પણ લોકો ચૈત્યોના નિર્વાહ માટે આપવા લાગ્યા અને ત્યાં પ્રકાશ વગેરેની વ્યવસ્થા માટે ઘી વગેરેની પણ વ્યવસ્થા કરવા લાગ્યા. (વર્તમાનમાં જે ઘી બોલવાનો રિવાજ છે તે એ બાબતના ઘી માટે હતો, પણ પાછળથી એનો ઉપયોગ રોકડ નાણાં સારૂ થઇ ગયો.) વખત જતાં પેલા અસંગ નિગ્રંથો સસંગ અને સગ્રંથ થવા લાગ્યા અને ચૈત્યો માટે અપાતાં દાનનાં તેઓ પોતાને સ્વામી માનવા લાગ્યા. આમ એ વખતે એ ચૈત્ય દ્રવ્યનો એ સસંગ ભિક્ષુઓએ ભારે દુરૂપયોગ કરવો શરૂ કરેલો. આની સામે સુવિહિત અને સદનુષ્ઠાની આચાર્ય હરિભદ્રે ભારે વિરોધ જગાડયો અને કહ્યું કે એ 'ચૈત્ય દ્રવ્ય'ને કોઇ શ્રમણ પોતાની અંગત સગવડ માટે ન જ વાપરી શકે. એ દ્રવ્ય તો * પ્રવચનની વૃદ્ધિ કરનારૂં અને જ્ઞાન તથા દર્શન ગુણનું પ્રભાવક છે માટે તે, પ્રવચનની વૃદ્ધિ માટે તથા જ્ઞાનગુણ અને દર્શનગુણની વૃદ્ધિ માટે જ વપરાવું જોઇએ. (પ્રવચનનો અર્થ સંઘ, તીર્થ અને શાસન છે. જ્ઞાનનો અર્થ પ્રસિદ્ધ છે અને દર્શનનો અર્થ સમકિત છે.)

શ્રી હરિભદ્રના કહેવા ઉપરથી માલુમ પડે છે કે એ ચૈત્યદ્રવ્ય સંઘની વૃદ્ધિ માટે, વિદ્યાની વૃદ્ધિ માટે અને સમકિતની વૃધ્ધિ માટે વાપરી શકાય અર્થાત્ જૈન સંઘની સર્વાંગીણ ઉન્નતિ માટે એ દ્રવ્યનો ઉપયોગ કરવામાં કોઇ પ્રકારનો વાંધો નથી. હરિભદ્રસૂરિ

* जिणपवयणवुड्ढिकरं पभावगं नाण-दंसणगुणाणं ।
वड्ढंतो जिणदव्वं तित्थयरत्तं लहइ जीवो जावो ॥ संबोध प्रकरण पानुं ४

વધારામાં એમ પણ કહે છે કે એ દ્રવ્યનું નામ માત્ર જિનદ્રવ્ય કે ચૈત્યદ્રવ્ય જ નથી, પણ મંગળદ્રવ્ય, નિધિદ્રવ્ય અને શાશ્વતદ્રવ્ય પણ એના પર્યાય શબ્દો છે. (સંબોધ પ્રકરણ ગા. ૯૬) વળી, આચાર્ય હરિભદ્ર કહે છે કે એ જિનદ્રવ્ય પ્રવર ગુણોનું જનક છે અને હર્ષને પેદા કરનારૂં છે અને પ્રધાન પુરૂષોએ તેનો એ રીતે ઉપયોગ કરેલો છે. (સંબોધ પ્ર ગા. ૯૫) આમ જૈન સંઘના શ્રેય માટે તે ચૈત્યદ્રવ્ય કે જિનદ્રવ્યનો ઉપયોગ થાય તેમાં કોઇ પ્રકારનો વાંધો નથી. વળી, મેં એવું તો કયાંય વાંચ્યું જ નથી કે 'ચૈત્યદ્રવ્યનો ઉપયોગ સંઘના આધ્યત્મિક શ્રેય માટે કે વિદ્યાના પ્રચાર માટે ન થઇ શકે અને એમ ઉપયોગ કોઇએ કર્યો હોય તો તે દોષભાગી થાય.' દેવદ્રવ્ય કે જિનદ્રવ્યનો ઉપયોગ કરનારને જે દોષભાગી કહેલ છે તે તો તેને ખાઇ જનારને એટલે કે અનીતિદ્વારા તેને ખઇ જનારને દોષભાગી બતાવેલો છે અને એ છે પણ બરાબર. જો વ્યવહારમાં અનીતિ એ એક મોટો દોષ ગણાય છે તો પરમાર્થમાં તો એ વિશેષ મોટો દોષ ગણાવો જ જોઇએ. પણ જૂની પરંપરાને પૂજનારા અને ચાલતું આવ્યું છે તેમજ ચલવનારા મારા જૈન-ભાઇઓ આ હકીકતને સમજી શકતા નથી. મારૂં માનવું છે કે હરિભદ્રસૂરિના સમયમાં જ આ શબ્દે એટલે કે ચૈત્યદ્રવ્ય કે જિનદ્રવ્ય શબ્દે સમાજમાં ભારે કોલાહલ કરી મુકેલો. અને આગમોના અભ્યાસને પરિણામે મારી એ મજબુત માન્યતા છે કે મૂળ આગમગ્રંથોમાં તો એ શબ્દને મેં કયાંય વાંચેલો નથી એટલે એ શબ્દ આગમકાળ પછી જ આવેલો છે. ખુદ આચાર્ય હરિભદ્ર પણ એ 'ચૈત્યદ્રવ્ય' શબ્દને * કલ્પેલો શબ્દ કહે છે. તેઓ કહે છે કે "સંગવિમુકત દેવોને વળી દ્રવ્ય કેવું? અર્થાત્ વીતરાગ દેવો સાથે કોઇ રીતે દ્રવ્યનો સંબંધ જ ઘટતો નથી. પરંતુ એ દેવના પોતાના સેવકોની બુધ્ધિએ તેને 'દેવદ્રવ્ય' રૂપે કલ્પેલું છે" ચૈત્યવાસીઓના સમયમાં જે ચૈત્યપૂજા ચલતી તેનું વિશેષ સ્થૂલ-રૂપ તે વર્તમાન 'મૂર્તિપૂજા' છે. આમ છે માટે જ આગમગ્રંથોમાં મૂર્તિપૂજા વિશે ખાસ કોઇ વિશેષ ઉલ્લેખો મળતા નથી. એટલે એને લગતા વિધિવિધાનના વા બીજા પ્રકારના ઉલ્લેખો મારા જોવામાં આવ્યા નથી. જે થોડા ઘણા ઉલ્લેખો મળે છે તેમાંનો મોટો ભાગ સ્વર્ગીય દેવોની સાથે વા સ્વર્ગની સાથે સંબંધ ધરાવે છે. દ્રૌપદીની કથામાં મૂર્તિપૂજાને લગતો એક કથાત્મક ઉલ્લેખ મળે છે અને તે જ ઉલ્લેખ માનવ-લોકને અંગેનો છે. આ સિવાય જયાં જયાં શ્રાવકોના અધિકારો આવેલા છે ત્યાં મેં કયાંય મૂર્તિપૂજાના ઉલ્લેખો જોયા નથી. આ હકીકત હું શાસ્ત્રના ઉલ્લેખની અપેક્ષાએ જણાવું છું અને એમાં એ પણ ઉમેરવા ઇચ્છું છું કે જે ઉલ્લેખો મળે છે તે પણ માત્ર કથારૂપ છે. કથારૂપ ઉલ્લેખો મારી સમજ પ્રમાણે કેવળ કથા જ બનાવે છે, પણ કોઇ પ્રકારનો વિધિનિષેધ કરી શકતા નથી. આ કહેવાનો મારો આશય એવો નથી કે મૂર્તિપૂજાની પદ્ધતિ સર્વથા નિષ્ફળ છે વા સર્વથા અહિતકર છે. પરંતુ તે પદ્ધતિ ધીરે ધીરે સ્થૂલ રૂપમાં આવીને આવી રીતે ચાલે છે. વર્તમાન કાળમાં તે બહુ સ્થૂલરૂપને પામી છે. મારી ધારણા શાસ્ત્રોના અભ્યાસને પરિણામે એવી બંધાયેલી છે કે મૂર્તિપૂજાની પદ્ધતિ દરેક માનવ ઉપર લાદવા કરતાં તે માટે તેને સ્વતંત્ર રહેવા દેવો જોઇએ. એટલે એ વિધિ ફરજીયાત બનાવવા કરતાં ઐચ્છિક રહેવા દેવી જોઇએ, જેથી એને લીધે સંપ્રદાયો ન બંધાય અને સંપ્રદાયો વચ્ચે સંઘર્ષ પણ ન થાય. અનુબંધને લીધે મારે દેવદ્રવ્યની વાત કરતાં મૂર્તિપૂજા વિશે પણ થોડું કહેવું પડયું છે, પણ મારો મૂળ મુદ્દો દેવદ્રવ્ય જૈન સમસ્ત સંઘના શ્રેય માટે વાપરી શકાય એ છે અને એમાં પ્રાચીન શાસ્ત્રોમાંનું કોઇ આડે આવતું નથી. ઉલ્લટું હરિભદ્ર જેવા સમર્થ આગમવિવેચક એ વાતને ટેકો આપે છે. જે લોકો કેવળ શાસ્ત્રોચારી છે તેમને માટે મેં આ હકીકત કહેલી છે. પણ જેઓ પોતાના અનુભવ, તર્કબળ અને સંયોગબળોનો આ ચર્ચા માટે ઉપયોગ કરશે તેમને દેવદ્રવ્યનો સમસ્ત જૈન સંઘના હિત માટેનો ઉપયોગ સ્પષ્ટપણે જણાશે, જણાશે અને જણાશે જ.

* न हु देवाण वि दव्वं संगविमुक्काण जुज्जए किमवि।
नियसेवगबुद्धिए कप्पियं देवदव्वं तं॥ संबोध प्र. गा. ९०

ધેચરદાસ જીવરાજ દોશી

પંડિત લાલન સન્માન સમારંભ

પંડિત લાલનનો આછો પરિચય

તા. ૧૯-૬-૪૮ શનિવારના રોજ વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદભુવનમાં શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે મુંબઇના જૈન સમાજ તરફથી સુપ્રસિદ્ધ વકતા પંડિત કેતેડચંદ કપુરચંદ લાલનનું જાહેર સન્માન કરવા નિમિત્તે એક સભા યોજવામાં આવી હતી. આ સભામાં ભિન્ન ભિન્ન વિચાર પક્ષના જૈન આગેવાનોએ પંડિત લાલન પ્રત્યે પોતાનો આદરભાવ વ્યકત કરવા માટે સારી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રાર્થનાગીત પછી સભાના કામકાજનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે શ્રી. નાથજીને સભાનું પ્રમુખસ્થાન લેવાની વિનંતિ કરતાં પંડિત લાલને જૈન સમાજની કરેલી કેટલીક સેવાઓનો તેમ જ પંડિતજીના જીવનની કેટલીએક વિશેષતાઓનો ખ્યાલ આપ્યો હતો અને આવા પુરૂષનું સન્માન કરવા માટે યોજાયેલી સભાનું પ્રમુખસ્થાન શોભાવવા માટે પૂજ્ય નાથજી જેવા પુણ્ય-પુરૂષ આપણને પ્રાપ્ત થાય એ આપણું મોટું સદ્ભાગ્ય ગણાય એમ જણાવીને આજની સભાનું કામકાજ શરૂ કરવા તેમણે નાથ-જીને વિનંતિ કરી હતી. આવા સંમેલનમાં આ રીતે ભાગ લેવાની તક આપવા બદલ સભાજનોનો ઉપકાર માનીને પ્રમુખ સાહેબે શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆને પંડિત લાલન સંબંધમાં પોતાનું વકતવ્ય રજુ કરવા આજ્ઞા કરી હતી. શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆએ શરૂઆતમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું નિમંત્રણને માન આપીને ભૂતકાળના સર્વ મતભેદો ભુલી જઇને આ સભામાં હાજર રહેવા બદલ તેમજ પંડિત લાલન જેવી જૈન સમાજની એક વિશિષ્ટ વયોવૃધ્ધ વ્યકિતના સન્માનકાર્યમાં સહકાર આપવા બદલ અહિં હાજર રહેવા જૈન સમાજના જાણીતા આગેવાનોનો ઉપકાર માન્યો હતો. ત્યાર બાદ પંડિત લાલનનો પરિચય આપતાં તેમણે જણાવ્યું કે "આજે તેમને ૯૧ વર્ષ થયાં એ હિસાબે તેમનો જન્મ ઇ. સ. ૧૮૫૭ માં ગણાય. અઢારેક વર્ષની ઉમ્મરે તેઓ મેટ્રીક સુધી પહોંચ્યા. ત્યાર બાદ અંગત સંજોગોને લીધે તેમને અભ્યાસ છોડવો પડયો અને રૂા. ૧૦ ના પગારે તેમણે શિક્ષકનો વ્યવસાય શરૂ કર્યો. એક શિક્ષક તરીકેની વિશિષ્ટ યોગ્યતા નહિ કરતી તેમણે અમુક પરીક્ષા આપી, જે ના પરિણામે તેમનો રૂા. ૧૦ નો પગાર વધીને રૂા. ૧૨॥ થયો. એ દરમિયાન સ્કોટલેન્ડના 'સેકસ્પીયર' નામના અંગ્રેજી ગ્રંથ ઉપરથી લોકમાન્ય તિલકે લખેલ 'રહસ્ય' નામ ના એક ચોપડી પંડિત લાલનના વાંચવામાં આવી, જેના પરિણામે પોતાના જીવનમાં પુરૂષાર્થ કરીને તેમણે આગળ વધવાનો નિશ્ચય કર્યો. તેમની નોકરીમાંથી મળતી આઠેય કલીયારની અને આખા રવિવારની એમ દોઢ દિવસની છુટ્ટીનો પોતાના અભ્યાસ પાછળ પુરી નિષ્ઠા અને ખંતપૂર્વક અને કશા અપવાદ સિવાય તેમણે ઉપયોગ કરવો શરૂ કર્યો. અને પોતાના અંગ્રેજી ભાષાના જ્ઞાનમાં તેમણે ખુબ વધારો કર્યો, સંસ્કૃત ભાષાનું સાહિત્ય પણ સારા પ્રમાણમાં વાંચ્યું, બંગાળી, હિંદી તેમ જ મરાઠી પણ તેઓ શિખ્યા. પરિણામે તેમને સારાં સારાં 'ટયુશનો' મળવા લાગ્યાં અને તેમાંથી તેમને માસિક રૂ ૩૦૦ ની આવક થવા લાગી. મૂળથી જ તેમનું વળણ મોટા ભાગે ધાર્મિક તેમ જ તાત્વિક વિષયોના અધ્યયન પાછળ હતું. જૈન ધર્મના ગ્રંથ સાહિ-

ત્યનો તેમનો અભ્યાસ પણ વધતો જતો હતો. ૧૯૬૫ ની સાલમાં મળનાર અમેરિકાની સર્વ ધર્મ પરિષદમાં જૈન સમાજના પ્રતિનિધિ તરીકે મુનિશ્રી આત્મારામજી મહારાજની નીમણુક કરવામાં આવેલી. જૈન મુનિ માટે આવો પરદેશપ્રવાસ શકય નહિ હોવાથી તેમણે પોતાના પ્રતિનિધિ તરીકે સદ્‌ગત શ્રી. વીરચંદ રાઘવજી ગાંધીને મોકલવાનું નકકી કર્યું. પંડિત લાલનને શ્રી. વીરચંદ રાઘવજી ગાંધી સાથે બહુ ગઢ સબંધ હતો. શ્રી. વીરચંદ ગાંધીને જૈન સમાજ તરફથી બહુમાનપૂર્વક વિદાય આપવામાં આવેલી. શ્રી વીરચંદ ગાંધી અમેરિકા જાય અને પંડિત લાલન અહિં એકલા કેમ રહી શકે? તેમનું દિલ અમેરિકા જવા માટે અને વીરચંદભાઇના કાર્યમાં પુરવણી કરવા માટે અત્યન્ત આતુરતા અનુભવવા લાગ્યું, પણ ત્યાં જવા માટે તો બે પાંચ હજાર રૂપીઆ જોઇએ! તેમના અડગ સંકલ્પના પરિણામે જોઇતી રકમ પંડિત લાલનને મળી ગઈ, પ્રવાસની બધી વ્યવસ્થા થઇ ગઇ અને શ્રી વીરચંદ ગાંધી પાછળ બીજે જ અઠવાડીએ પંડિત લાલન અમેરિકા જવા ઉપડયા. બન્ને મિત્રો ઈંગ્લાંડમાં ભેગા થયા અને સાથે અમેરિકા પહોંચ્યા. ત્યાં તેઓ ૪ા વર્ષ જૈન ધર્મ વિષે, જૈન ધર્મના સિદ્ધાન્તો અને આચારવિચાર વિષે પંડિતજીએ કેટલાયે લેખો લખ્યા, સંખ્યાબંધ ભાષણો કર્યા અને જૈન ધર્મથી કેવળ અજાણ અમેરિકન પ્રજામાં જૈન ધર્મ વિષે ખુબ માહીતી ફેલાવી.

"૧૯૦૨ ના જાન્યુઆરી માસમાં તેઓ હિંદ પ્રતે પાછા ફર્યા. અહિં આવીને તેમણે લખાણો લખવા માંડયાં, ભાષણો કરવા માંડયા. નવી દુનિયા પંડિતજી જોઇ આવેલા, વિચારસ્વાતંત્ર્યની નવી ભાવનાથી પંડિતજી રંગાયેલા. આની છાપ તેમના લેખો અને ભાષણો ઉપર પડયા વિના કેમ રહે? એ વખતનો આપણો જૈન સમાજ વિચારના પ્રદેશમાં કેવળ સુષુપ્ત દશા અનુભવતો હતો, નવા વિચાર અને નવી કેળવણીનો બહુ જ અલ્પ ભાગને કાંઇક નહિ જેવો સ્પર્શ થયો હતો. પરંપરા વિરૂધ્ધ, ચાલુ રૂઢ માન્યતા વિરૂધ્ધ, કાંઇ પણ બોલાય કે લખાય–એ એ વખતનો જૈન સમાજ સહન કરી શકે તેમ નહોતું. મૂળ સિધ્ધાન્તોનું મૂળ માન્યતાઓનું ઉદાર ભાષ્ય-liberal interpretaion–કરવામાં આવે તો તે પણ એ વખતની સ્થિતિચુસ્ત મનોદશાને માટે અસહ્ય હતું. આ કારણે પંડિતજીના વિચારોએ જૈન સમાજમાં ક્ષોભ ઉભો કરવા માંડયો. એ વખતે એક માણેકજી નામના પારસી ગૃહસ્થે પંડિત લાલનના પરિચયના પરિણામે જૈન ધર્મ અંગીકાર કર્યો. પારસી જૈન થઇ શકે જ કેમ? તેને જૈન તરીકે સ્વીકારી જ કેમ શકાય? માણેકજી શત્રુંજય આવ્યા, આદીશ્વર ભગવાનની તેમણે પૂજા કરી. આ બધું સાંભળીને તેમના વિષે અને તેમને પંડિત લાલનનો ટેકો છે એમ સમજીને પંડિત લાલન ઉપર જૈન સમાજ ખુબ ખળભળવા લાગ્યો. જૈનોમાં પાંચ પ્રતિક્રમણની પરંપરાગત માન્યતા છે. આ પાંચ પ્રતિક્રમણ તે દિવસનું, રાત્રીનું, પાક્ષિક, ચૌમાસિક અને સાંવત્સરિક. આ અનુક્રમને લંબાવીને પંડિત લાલને એમ પ્રતિપાદન કર્યું કે આ ઉપરાંત એક આ ભવનું અને બીજું ભવોભવનું એમ બે પ્રકારના પ્રતિક્રમણો ઉમેરવા જોઇએ. જૈન સમાજના આગેવાનો અને સાધુ ઓને લાગ્યું કે આ તો કેવળ મિથ્યાત્વ, નાસ્તિકતા છે. મંદિરોમાં નર્કનાં ચિત્રો જ્યાં ત્યાં આલેખવામાં આવતા હતાં. પંડિત લાલને સૂચવ્યું કે આ સુજ્ઞ સ્વર્ગનાં ચિત્રો પણ આલેખવા જોઇએ કે જેથી સત્કર્મોનાં શુભ ફળોનો પણ લોકોને ખ્યાલ આવે અને પરિણામે શુભ કર્મ કરવાને લોકો પ્રેરાય. આ તે વળી કેવી વાત? આજ સુધી કોઇને ન સુઝયું અને પંડિત લાલન એવા તે કેણ કે આવી વાતો કરે? એવામાં પંડિતજીએ જાણીતા દિગંબર આચાર્ય શ્રી યોગીન્દ્રદેવના રચેલા મૂળ સંસ્કૃત 'સ્વાનુભવ દર્પણ' નામના ગ્રંથનો અનુવાદ તથા વિવેચન લખ્યાં. આ આચાર્યે તત્કાલીન સમાજમાં કાંઇ કાળથી રૂઢ થયેલી જડ મૂર્તિપૂજાનું પોતાના ગ્રંથમાં ખંડન કર્યું હતું અને વાસ્તવિક પ્રભુપૂજા કેવી હોય એ બાબત આગળ ધરી હતી. આ સંબંધમાં પોતે યોગીન્દ્રદેવઆચાર્યથી કેવી રીતે જુદા પડે છે અને પ્રચલિત મૂર્તિપૂજાદ્વારા પોતે પ્રભુપૂજાને કેવી રીતે ઘટાવે છે એ વિષે પંડિતજીએ એક સ્વતંત્ર નોંધ એ પુસ્તકમાં પ્રગટ કરી હતી. પણ આ કોણ જુએ, વાંચે કે વિચારે? એ સ્વાનુભવદર્પણ પ્રગટ થયું અને પંડિત લાલન મૂર્તિપૂજાના કટ્ટર વિરોધી છે એવો કોલાહલ આખા જૈન સમાજમાં વ્યાપી વળ્યો. એવામાં વળી શત્રુંજય ઉપર પંડિત લાલને પોતાની પૂજા કરાવી એવી કેવળ પાયા વિનાની વાત ચાલી અને આવા માણસને સંઘબહાર કરવો જોઇએ એવી હીલચાલ શરૂ થઇ. આજથી લગભગ ૩૫ થી ૪૦ વર્ષ ઉપર ઓટાદ મુકામે શ્રી. વિજયનેમિસૂરિની આગેવાની નીચે પંડિત લાલનનો અને સાથે સાથે તેમના સાથી શિવજી દેવશીનો સંઘબહિષ્કાર કરવામાં આવ્યો. આમ એ વખતના સમાજનો પુષ્કળ વિરોધ ચાલુ રહેવા છતાં તેમણે પોતાનું કાર્ય ચાલુ રાખ્યું. તેમનું એક બાજુ વિદ્યાર્થીજીવન ચાલુ હતું જે ખરી રીતે આજ સુધી ચાલુ જ છે. બીજી બાજુએ તેમનું અધ્યાપન કાર્ય પણ ચાલુ જ હતું. તેમની પાસે અનેક જિજ્ઞાસુઓ આવતા અને પોતાનાં ચિત્તનું સમાધાન શોધતા. તેમના પુસ્તકો તો પ્રગટ થયે જ જતાં હતાં. ઉપરોકત યોગીન્દ્રદેવ આચાર્યના સમાધિશતક તેમ જ પરમાત્મપ્રકાશ પણ પોતાના વિવેચન સાથે તેમણે પ્રગટ કર્યા. આજ સુધીમાં તેમની મારફત ૨૪ ગુજરાતી ગ્રંથો અને ૨ અંગ્રેજી ગ્રંથો પ્રગટ થયા છે. તેમના સમાધિશતકનું તેમની જ દ્વારા જૈન ધર્મની દીક્ષા પામેલા શ્રી. હરબર્ટ વોરને ૧૯૧૪ માં અંગ્રેજી ભાષાન્તર કર્યું છે.

"આ ઉપરાંત તેઓ યોગના અભ્યાસમાં પણ આગળને આગળ પ્રગતિ કરી રહ્યા હતા. પતંજલ યોગદર્શન તો તેમને કંઠસ્થ છે. પતંજલ યોગ અને જૈન યોગનો સમન્વય એ તેમના અભ્યાસ, ચિન્તન અને મનનો વિશિષ્ટ વિષય છે. તેઓ યોગના કેવળ અભ્યાસી જ છે એમ નથી, પણ યોગ સાધનાની દિશાએ તેમણે ઘણી પ્રગતિ સાધી છે અને અનેક સાધકોને તેમણે યોગમાર્ગમાં પ્રવેશ કરાવ્યો છે.

"વકતૃત્વના પ્રદેશમાં તેમણે પ્રાપ્ત કરેલી કુશળતા એ તેમના જીવનની એક ખાસ નોંધપાત્ર સાધના છે. વકતૃત્વની દિશાએ તેમને સુરેંદ્રનાથ બેનરજીએ પ્રેરણા આપેલી. સુરેંદ્રનાથ બેનરજી જેવો પ્રખર વકતા હજુ સુધી આપણા દેશમાં બીજો કોઇ પાકયો નથી. એક તો પંડિત લાલનમાં વકતૃત્વની કુદરતી બક્ષીસ તો હતી જ અને આ બક્ષીસને તેમણે પ્રયત્ન અને પુરૂષાર્થપૂર્વક કેળવેલી. પરિણામે એમના જમાનામાં એ વખતના લોકોને પંડિતજીને બોલતા સાંભળવાનું બારે કૌતુક રહેતું હતું. તેમની પાછળ યુવાન પ્રજા ગાંડી હતી. તેમના વખતમાં આજની જેવા ધનિતર્ધક કોઇ સાધનો નહોતા. દશ દશ હજાર માણસોની સભા સમક્ષ તેઓ સહેલાઇથી ભાષણ આપી શકતા અને તેમને સૌ કોઇ બરોબર સાંભળી શકે તેવો તેમનો અવાજમાં રણકાર હતો. એ યુગ પણ વકતૃત્વનો જ હતો. કોઇ પણ વિદ્વાન માણસને, કાર્યકર્તાને, સાંભળવો એ બાબતનો એ વખતના લોકોને બારે મોહ હતો. પંડિત લાલનનું વકતૃત્વ માત્ર વાણીનું જ નહોતું. તેને જ અનુરૂપ તેમનામાં અદ્‌ભુત અભિનય કળા હતી. કોઇ પણ વાત યા વિચારને લાક્ષણિક રીતે જાણે કે કોઇ નવા જ આકારમાં મૂકવાની તેમનામાં કળા હતી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સનું એવું ભાગ્યે જ કોઇ અધિવેશન હોય કે જેમાં તેમની હાજરી ન હોય. એમની હાજરી વિનાનું અધિવેશન સૌ ને નિરસ જ લાગે. આ કોન્ફરન્સના અધિવેશનમાં તેમને આવવા દેવા કે નહિ, બોલવા દેવા કે નહિ–એ સમસ્યા દર

અધિવેશન વખતે ઉભી થાય, તેનો આખરે કાંઇક નિકાલ આવે, પંડિત લાલન હાજર થાય અને તેમને સાંભળીને સૌ કોઇને કૃતકૃત્ય થયા જેવું લાગે.

"આ તેમનું વકતૃત્વ આટલું બધું આકર્ષક તેમ જ અસરકારક હતું તેનું ખરૂં કારણ તો આખરે તેમનું ચારિત્ર્ય, જનસેવાની લાગણી અને વિશાળ જ્ઞાનાનુભવ હતા. ઉમ્મરે તેઓ વૃદ્ધ થવા લાગ્યા, તેમનું જાહેરજીવન કમી થવા લાગ્યું, તેમની શારીરિક તાકાત પણ ઘટવા લાગી. એમ છતાં પણ અધ્યયન અને અધ્યાપન એ તો તેમની આજની ૯૧ વર્ષની ઉમ્મરે પણ છુટયા નથી. પાછળના સમયમાં તો જે સાધુઓએ અને આચાર્યોએ તેમનો સખ્તમાં સખ્ત વિરોધ કરેલો તેમની સાથે પણ તેમનો સંબંધ પુરો સદ્‌ભાવભરેલો બન્યો છે અને સૌ કોઇ તેમને આદરભાવથી જોતા થયા છે. આનું કારણ એ છે કે પંડિત લાલનના અમુક અમુક બાબતમાં વિચારો ગમે તે હોય, પણ તેમનામાં ઉંડી ધાર્મિકતાએ વાસ કર્યો છે અને જૈન ધર્મમાં તેમની શ્રદ્ધા અને નિષ્ઠા એટલી જ ઉંડી છે એવી તેમના એક વખતના વિરોધી લેખાતા જૈન આચાર્યો અને આગેવાનોને પ્રતીતિ થઇ છે. છેલ્લાં છેલ્લાં ૧૯૩૬ માં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિના પ્રતિનિધિ તરીકે સર્વધર્મપરિષદમાં ભાગ લેવા તેઓ ઇંગ્લાંડ ગયેલા અને ત્યાં સાતેક માસ રહ્યા હતા. આવી જેની ઉજ્જવળ જીવનકલા ફોરીદાર છે તેમનું આપણે આજે સન્માન કરવા એકત્ર થયા છીએ. તેમનું જીવન લગભગ પ્રારંભથી જ જૈન સમાજની એક યા અન્ય પ્રકારની સેવામાં જ ગયું છે. જૈન સમાજમાં નવા અને જુના વિચારની આજે જે છેલ્લા પચ્ચાસ વર્ષથી લડત ચાલે છે તે લડતના વિચારસ્વાતંત્ર્યની હીમાયતના પક્ષે તેઓ પ્રથમ સૈનિક છે, સેનાની છે અને એ રીતે આજની યુવાન પ્રજા અને ઉગતી પ્રજા તેમની ભારે ઋણી છે. તેમના સમગ્ર જીવન દરમિયાન તેમણે આ સેવા કરી કે તે સેવા કરી એવી તારવણી કરવી શકય જ નથી. દ્રવ્યોપાર્જન અને કુટુંબની ઉપાસના એ જ જેના જીવનનાં પ્રધાન લક્ષ્યો હોય અને તે સાથે જેણે બીજું અનેક કાર્યો સાધ્યા હોય તેમના જીવનમાંથી આવી તારવણી કરવાની જરૂર લેખાય પણ જેનું જીવન કોઇ એક નદી માફક તેના સંસર્ગમાં આવતા સૌ કોઇનું શ્રેય સાધવામાં જ વ્યતીત થયું હોય તેવા સાધુપુરૂષના જીવનનું મૂલ્ય મોલવવાનું શકય જ નથી. પંડિત લાલન આવા એક સાધુ સન્તપુરૂષ છે. આપણુ તેમને અન્તરનાં અનેક અભિવન્દન હો! તેમની આપણા ઉપર હંમેશા શુભાશિષો ઉતરતી રહો!"

આ વિવેચનના સમર્થનમાં મુનિ જિનવિજયજીએ, શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ, શ્રી. જીવરાજ ઓધવજી દોશીએ, શ્રી. હુકમીચંદ જસાણીએ તથા શ્રી. તારાબહેન માણેકલાલ પ્રેમચંદે પંડિત લાલન સાથેના પોતપોતાના અંગત અનુભવની અનેક બાબતો જણાવી હતી. ત્યાર બાદ પૂજય નાથજીએ પંડિત લાલનને પુષ્પહાર પહેરાવીને તેમનું બહુમાન કર્યું હતું. આ વખતે પંડિતજી નાથજીના પગે પડયા હતા અને બે સમાનધર્મી આત્માઓ એક મેકને ભેટી પડયા હતા. આ સન્માનવિધિ પુરી થવા બાદ પંડિત-લાલને નીચે મુજબ ઉત્તર આપ્યો હતો.

"આપ સર્વે ભાઇઓએ મારા માટે આવો પ્રસંગ યોજ્યો તેને માટે આપ સર્વનો હું અન્તઃકરણપૂર્વક ઉપકાર માનું છું. ખાસ કરીને આ પ્રસંગે નાથજી જેવા રાજયોગી-શિરોમણીને તમે લઇ આવ્યા તેથી મને જે આનંદ થયો છે તે હું શબ્દોમાં વર્ણવી શકતો નથી. યોગની બાબતમાં તો તેમને હું મારા ગુરૂના ગુરૂ સમાન લેખું છું. કારણ કે રમણીકલાલ સારાભાઇ મોદી મારે મન આ દિશાએ ગુરૂ સમાન છે, અને નાથજી રમણીકભાઇના ગુરૂ છે એ કદાચ આપમાંના કેટલાક ભાઇઓ જાણતા હશો.

"જૈન સિદ્ધાંત લાલનની દ્રષ્ટિએ રાજયોગનો માર્ગ છે. દર્શનોમાં પતંજલિનો યોગ રૂઢી રીતે આવતો નથી, છતાં સર્વ દર્શનો માફક જૈન દર્શને પણ પતંજલિના રાજયોગને અનેક રીતે અપનાવ્યો છે, એટલું જ નહિ પણ તે રાજયોગના કર્તાને જૈન ધર્મના માર્ગાનુસારી પણ ગણેલ છે. જુઓ જ્ઞાનાર્ણવ, શ્રી હેમચંદ્રનું યોગશાસ્ત્ર તથા ભગવાન હરિભદ્રસૂરિનું યોગદૃષ્ટિ સમુચ્ચયય તેમ જ રાજયોગ પર શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે કરેલી જૈન ધર્મને અનુસરતી ટીકા. તેમાં તેમણે એમ કહ્યું છે કે આખું ને આખું યોગશાસ્ત્ર લગભગ ૯૫ ટકા જૈન સિદ્ધાંતને સાનુકુળ છે. પતંજલિના ૨૬ સુત્રો ઉપર યશોવિજયજીએ ટીકા લખી છે. તેમાં જો કે ૨૦ સુત્રોમાં તેમણે શબ્દાંતરે ભેદ બતાવ્યો છે છતાં અર્થાંતરે ઉભયમાં રહેલી એકવાકયતાનું તેમણે પ્રરૂપણ કર્યું છે. ઇશ્વરનું સ્વરૂપ બીજા પાદના ૨૪ માં સુત્રમાં જે રીતે વર્ણવામાં આવ્યું છે તે જૈનોને સ્વીકૃત છે એમ યશોવિજયજીએ સમીત કરી આપ્યું છે. યશોવિજયજી એક જ ભેદ રજુ કરે છે અને તે ૨૭ માં સુત્રમાં છે. આ ભેદ એ છે કે જ્યારે સાંખ્ય અને યોગ આત્માને કૂટસ્થ માને છે ત્યારે જૈન દર્શન આત્માને પરિણામી પણ જણાવે છે. એટલે કે આત્મા સ્વભાવે નિત્ય છે અને ગુણોનો પિંડ છે તેમ જ છદ્મસ્થ અવસ્થામાંથી સિદ્ધપણું પણ તે પર્યાયે પામી શકે છે, અર્થાત્ તે કેવળી પર્યાયને પણ સિદ્ધ કરી શકે છે.

"આગળના સર્વે વિવેચનોમાં તમો બધાએ મારા પ્રત્યે સદ્‌ભાવથી પ્રેરાઇને મારા ગુણોને જ આગળ ધર્યા છે. આ તમારા સદ્‌ભાવ માટે તમારો હું ઉપકાર માનું છું. પણ સાથે સાથે તમારે મારા દોષો પણ જણાવવા જોઇએ. મારામાં એવા દોષો હું ઘણા જોઉં છું અને અનેકવાર મારૂં પતન થયું છે એ પણ હું જાણું છું. અહિં આ પ્રસંગે એમ કહેવામાં હું જરા પણ અતિશયોકિત કરતો નથી કે આ દોષો અને પતનોમાંથી મને કોઇએ બચાવ્યો હોય તો તે જિન ધર્મે જ બચાવ્યો છે. મારે મન જિન ધર્મ એ નિજ ધર્મ અર્થાત્ આત્મધર્મ છે. આ ધર્મે મને વારંવાર ઉઠાડયો છે, જગાડયો છે અને સ્થિર કર્યો છે. આ આત્મધર્મને-જિન ધર્મને-હું મારા હૃદયની વારંવાર વંદનાવલિ અર્પું છું.

"હું પણ આ મુંબઇ જૈન યુવક સંઘનો સભાસદ હોઉં એમ મને લાગે છે. કોઇ મને વૃદ્ધ કહે તો મને તે ગાળ દેતા હોય એવું મને લાગે છે. ૯૧ વર્ષનું મારૂં દૈહિક જીવન મને ૨૯ વર્ષ જેવું લાગે છે. અને હજુ પણ સ્વપરની સેવા બીજાં ૩૪ વર્ષ કરૂં એવી મારી સતત ભાવના છે.

"પ્રબુદ્ધ જૈન" આ સંઘનું મુખપત્ર છે. જ્યારથી એ પત્રનો જન્મ થયો છે ત્યારથી હું જોતો આવ્યો છું કે સુતેલો જૈન સમાજ ઉંઘતો પણ જાગતો થયો છે. હવે એ જાગૃત સમાજના મુખપત્રે જૈન સમાજને જોડો કરવો જોઇએ, ઉભો કરવો જોઇએ, ચાલતો કરવો જોઇએ, અને ધર્મ વ્યવહાર માર્ગે દોડતો, ઉડતો કરવો જોઇએ. સ્વર્ગને નીચે લાવવું જોઇએ અને મોક્ષને હૃદયમાં વસાવવું જોઇએ.

"મરણ વિનાનું કદિ જીવન સંભવે છે ખરૂં? રોગ વિનાનું કદિ આરોગ્ય સંભવે છે ખરૂં? વૃદ્ધત્વ વિનાની કદિ યુવાની સંભવે છે ખરી? સંસારનું આ સામાન્ય સ્વરૂપ છે. ઇષ્ટનો આપણે સંયોગ ઇચ્છીએ અને વિયોગ થાય છે અને અનિષ્ટનો આપણે વિયોગ ઇચ્છીએ અને સંયોગ થાય છે. આ સર્વ વચ્ચે સમભાવપૂર્વક બનીને જીવન ગાળવું એ જ સાચો ધર્મ છે. આનું જ નામ જૈન ધર્મ. આ ધર્મ સ્વાવલંબી છે, આ ધર્મનો જનતામાં આપણે અને તેટલો ફેલાવો કરવો જોઇએ.

"શ્રી. યશોવિજયજી મહારાજ તો કહે છે કે.

"નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશે જી, ભવસમુદ્રનો પાર."

આ જ નિશ્ચયદૃષ્ટિથી હજુ પણ લોકો ભડકે છે, પણ આમ થવું ન જોઇએ. નિશ્ચયપૂર્વક વ્યવહાર એ જ સાચો વ્યવહાર છે.

"અક્ષરોમાં બે વિભાગ પડે છે. સ્વર અને વ્યંજન. આધ્યાત્મિક પરિભાષામાં સ્વર એ આત્મા છે અને વ્યંજન એ શરીર છે. તેનો સુમેળ મનુષ્યને શાશ્વતપણું દેખાડે છે. સ્વરને વ્યંજન સાથે જોડાયલો આપણે કલ્પી શકીયે છીએ તેમ જ તેથી છુટો પણ આપણે કલ્પી શકીએ છીએ તેવો જ આત્મા અને શરીરનો સંબંધ સમજવો. અને શાશ્વત સ્વરની માફક આપણો આત્મા અગર છે એ હકીકત આપણા અંતરમાં ઉતારવી."

જ્યારે આપણી કોઇ નિંદા કરે છે ત્યારે આપણે અકળાઇએ છીએ અને તેવી નિંદા કરનાર ઉપર આપણને રોષ આવે છે. પણ તાત્વિક રીતે વિચારતાં એ નિંદા કરનાર આપણા દોષોને મોટા દેખાડીને ખરી રીતે આપણને જાગૃત કરે છે અને એ રીતે તે આપણા ઉપર ઉપકાર કરે છે. માટે મારી નિંદા કરનારને હું એમ કહું કે જે કંઇ તમારે કહેવું હોય તે મારી સગક્ષ કહો અને હિંમત ન હોય તો મારી પાછળ કહો. એ બન્ને પ્રકારના લોકો અત્યાર સુધી મારા ઉપર અનુગ્રહ કરતાં જ આવ્યા છે.

'જ્યારે મેં સુપ્રસિધ્ધ વકતા શ્રી સુરેન્દ્રનાથ બેનરજીને કોન્ગ્રેસમાં ભાષણ કરતાં સાંભળ્યા ત્યારે મને વકતા થવાની પ્રેરણા ઉત્પન્ન થઇ, અને એ દિશાએ મારી શકિત કેળવવાનો મેં પ્રયત્ન કરવા માંડયો. દશ વર્ષ બાદ આજે જેને આઝાદ મેદાન તરીકે ઓળખવામાં આવે છે તે મેદાનમાં જૈન શ્વે. કોન્ફરન્સનું અધિવેશન મળેલું, અને ત્યાં મને વ્યાખ્યાન કરવાની તક આપવામાં આવી હતી. મને સાંભળીને આપણી જૈન કોમના જાણીતા આગેવાન સદ્‌ગત શેઠ કુંવરજી આણંદજીએ મને ખૂબ શાબાશી આપી હતી. ત્યાર પછી કેટલાક સમય બાદ પંડિત સુખલાલજીનો કાશીમાં પ્રથમ સમાગમ થયો ત્યારથી જૈનધર્મની નિશ્ચય અને વ્યવહાર ઉપર રચાયલી ઇમારતનો મેં યથાશકિત અભ્યાસ કરવા માંડયો. આ રીતે મને ઘણું જાણવા સમજવાનું મળ્યું. આમ છતાં પણ આજે લાલન જે કાંઇ જાણે છે તે સમુદ્રના એક બિંદુ જેવું છે એનું લાલનને સ્પષ્ટ ભાન છે અને એ જ્ઞાનના ભીંડા મહાસાગરના કયારે સંપૂર્ણ દર્શન થાય એ ભાવનાથી નહિ જાણેલું જાણવાની આજે પણ લાલન એટલી જ ઉત્સુકતા અનુભવી રહેલ છે.

'અંતમાં આજે આ પ્રસંગે એક સુચના કરવાનું મને સુજે છે. આપણા સમાજમાં ઘણા શ્રીમાનો છે. માબાપ વિનાના બાળકો માટે બાળાશ્રમો થયાં છે અને થાય છે. પણ બાળકો વિનાના વૃદ્ધ માબાપો માટે વૃદ્ધાશ્રમો કાં નથી થતાં ? પશુઓને માટે પાંજરાપોળો છે, પણ અશકત અને વૃદ્ધ માનવીઓ માટે આશ્રમો કાં નથી ? યુરોપ તેમ જ અમેરિકામાં મેં "ડોગ્ઝ હોમ" જોયા છે તેમ જ "એજેડ હોમ" વૃદ્ધાશ્રમો પણ જોયા છે. આમાંના એક વૃદ્ધાશ્રમમાં નેપોલીયનના યુધ્ધમાં જેણે ભાગ લીધો હતો તેવા એક ૧૩૦ વર્ષની ઉમ્મરના ડોસાને મેં જોયો હતો. આપણે ત્યાં આવી સંસ્થાઓ ઉભી થવાની ખાસ જરૂર છે.

'અંતમાં મારા પ્રત્યે આટલો બધો સદ્‌ભાવ અને લાગણી બતાવવા માટે આપ સર્વનો હું ફરી ફરીને અંતઃકરણપૂર્વક ઉપકાર અને આભાર માનું છું."

ત્યાર બાદ શ્રી નાથજીએ સમગ્ર પ્રસંગનો ઉપસંહાર કરતાં જણાવ્યું કે "આજે આપણે સઘળા લોકો એકત્ર થઇને પંડિતજીનું ગૌરવ કરી રહ્યા છીએ તે કેવળ એમની ઉમરના અંગે નથી. આપણા સમાજમાં પંડિતજી કરતાં પણ વધારે ઉમરવાળા પુરુષ નહિ મળે એમ આપણે નહિ કહી શકીએ, પણ પંડિતજી જેટલા વયોવૃધ્ધ છે તેટલા જ્ઞાનવૃધ્ધ પણ છે અને પોતાના જીવનનો ઘણો મોટો ભાગ તેમણે આધ્યાત્મિક વિચાર અને સાધનાની પાછળ ગાળ્યો છે. આ જ તેમની વિશેષતા છે અને એ કારણે જ આપણે એમનું માન અને ગૌરવ કરીએ છીએ. એમની વકૃત્વશકિતનો પરિચય મને આજે જ થયો. એ ઉપરથી પણ હું કલ્પના કરી શકું છું કે આજે એમની ૯૧ વર્ષની ઉપરમ પણ જ્યારે તેઓ આવું એકધડું અને ભાવપૂર્ણ વકૃત્વ કરી શકે છે તો તેમની જુવાનીમાં આ શકિતનો પ્રવાહ કેટલો બધો જોરદાર હશે ?

પંડિતજી સાથે મારો પહેલો પરિચય લગભગ ૨૬ વર્ષ પહેલા સાબરમતી આશ્રમમાં થયો હતો. એ વખતે એમની ઉમર ૬૯ વર્ષની હતી. એ વખતે એમની સાથે મારો જે વાર્તાલાપ થયો એ ઉપરથી મને માલુમ પડયું કે એમને આધ્યાત્મિક જ્ઞાનની ખૂબ તૃષ્ણા છે. તે વખતે એમનું પૂર્વજીવન હું બીલકુલ જાણતો નહોતો. ધીમે ધીમે એમના પૂર્વજીવનની વિગતો પણ મારા જાણવામાં આવી અને મારા દિલમાં એમના વિષે આદર ઉત્પન્ન થયો. ત્યારબાદ એમને મળવાનું કદિ અમદાવાદમાં થતું તો કદિ મુંબઇમાં થતું. એક વખત તેઓ માંદા હતા અને હું તેમની પાસે ગયો હતો. તેમની તબીયત બીલકુલ સારી નહોતી અને તેઓ તદ્દન અશકત બની ગયા હતા. એમ છતાં પણ મારી સાથે પતંજલ યોગદર્શન ઉપરથી યોગાભ્યાસ સંબંધી એમણે વાતો કરવા માંડી. જ્યારે જ્યારે પણ એમને મળવાનું બનતું હતું ત્યારે ત્યારે દરેક વખતે તેઓ મને આધ્યાત્મિક પ્રશ્નો જ પૂછતા રહ્યા છે. અને એ બાબતોની જ તેમણે મારી સાથે ચર્ચા કરી છે. આ સિવાય બીજો કોઇ વિષય તેમણે મારી સામે ઉપસ્થિત કર્યો નથી. આ બધી બાબતો ઉપરથી મને વિશ્વાસ થયો કે પંડિતજીને આધ્યાત્મિક વિષય અત્યન્ત પ્રિય છે અને એ વિષય પાછળ લાગેલા એક શ્રેયાર્થી છે.

પંડિતજી જ્યારે ધાર્મિક ક્ષેત્રમાં કામ કરતા હતા ત્યારે તેઓ સુપ્રસિદ્ધ પુરુષ હતા. અમેરિકા, ઇંગ્લાંડ વિગેરે દૂર દેશોમાં વસતા લોકો પણ તેમને જાણતા હતા. મારા સાંભળવામાં આવ્યું છે કે કદિ કદિ તેમને પ્રચલિત ધર્મકલ્પનાની વિરુદ્ધ બોલવું પડતું હતું. આના પરિણામે તેમને સાધારણસમાજ તરફથી કેટલું સહન કરવું પડયું હશે તેની આપણે કલ્પના કરી શકીએ તેમ છે. પણ આશ્ચર્ય તેમ જ આનંદની વાત તો એ છે કે સમાજનો ગમે તેટલો વિરોધ સહન કરવા છતાં પણ પંડિતજીએ પોતાનું સત્ય-પ્રતિપાદનનું કાર્ય એકસરખું ચાલુ રાખ્યું હતું. એમના જીવન ઉપરથી આપણે સત્યપરાયણતા અને નિર્ભયતા, આ ગુણોનું મહત્ત્વ સમજવું જોઇએ અને તે ગુણો આપણા જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવો જોઇએ. ધર્મની ખાતર સહન કરવા સિવાય મનુષ્યની કસોટી થઇ શકતી નથી. જે એ કસોટીમાંથી પાર ઉતરે છે તેનું તેજ વધે છે. પંડિતજીની ઉંમર આટલી મોટી હોવા છતાં અને વૃદ્ધાવસ્થાનું તેમના ઉપર અટલું બધું આક્રમણ હોવા છતાં એમનામાં રહેલી સ્વાભાવિક તેજસ્વીતા બીલકુલ ઓછી થઇ નથી. એ તેજ ધર્મનું તેજ છે. વૃદ્ધાવસ્થામાં સર્વ કોઇનું તેજ ઘટતું જાય છે, પણ જે ધર્મશીલ હોય છે તેનામાં વિરલા હોય છે. જે સાચો જ્ઞાની હોય છે તેનું તેજ વૃદ્ધાવસ્થામાં પણ ઘટી શકતું નથી. શરીર ભલે ક્ષીણ થાય, જર્જરિત થાય, પરંતુ તેના તેજમાં જરા પણ કમીપણું આવતું નથી. આ પ્રભાવ ધર્મનો છે, વીરત્વનો છે, જ્ઞાનનો છે. પંડિતજીના જીવનમાંથી આપણે આટલી વાતો સમજીને એમના ગુણ આપણામાં ઉતારવાનો પ્રયત્ન કરીએ તો આપણું જીવન પણ એમની માફક સાર્થક થશે. એમનું ગૌરવ કરવાનો આ જ સાચો રસ્તો છે. જેના પ્રત્યે આપણે માન દાખવતા હોઇએ તેનો દરેક ગુણ પોતાનામાં લાવવાનો પ્રયત્ન કરવો એ આપણ સર્વનું કર્તવ્ય છે.

પંડિતજીનું માન અને ગૌરવ કરવાનું ભાગ્ય આજે આપણ સર્વને જે રીતે પ્રાપ્ત થયું છે, તે રીતે પરમાત્માની કૃપાથી એમનું ગૌરવ કરવાનો પ્રસંગ હજુ કંઇક વર્ષો સુધી આપણને મળતો રહે અને એમના જ્ઞાનનો તથા એમના સદ્‌ગુણોનો આપણને હંમેશા લાભ મળતો રહે એ ઇચ્છા પ્રગટ કરવા સાથે એમનું અવશિષ્ટ આયુષ્ય સ્વાસ્થ્ય અને આરોગ્યપૂર્ણ રહે એવી મારી પરમાત્મને પ્રાર્થના છે.'

ત્યાર બાદ શ્રી વેણીબહેન કાપડીઆએ પ્રમુખશ્રીનો, પંડિત લાલનનો તેમ જ સર્વ સભાજનોનો ઉચિત્ત શબ્દોમાં ઉપકાર માન્યો હતો અને વંદેમાતરમ્‌ના સમુહગાન સાથે સભા વિસર્જિત થઇ હતી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૬

મુંબઈ: ૧૫ જુલાઈ ૧૯૪૮ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

દેવદ્રવ્યનો ઉપયોગ

દેવદ્રવ્યનો પ્રશ્ન આજે જ્યારે ચોતરફ ઠીક ઠીક પ્રમાણમાં ચર્ચાઈ રહ્યો છે ત્યારે આ સંબંધમાં મારા અંગત વિચારો વ્યવસ્થિત આકારમાં રજુ કરવાની આવશ્યકતા ભાસે છે. આમ તો આ પ્રશ્ન સંબંધમાં છુટુંછવાયું ઘણું લખાયું છે પણ મંદિરનાં વધારાનાં નાણાંનો શું ઉપયોગ કરવો એ પ્રશ્ન જ્યારે ટેન્ડુલકર કમીટીએ સમસ્ત હિંદુ સમાજ સમક્ષ ઉભો કર્યો છે ત્યારે આ સંબંધમાં વ્યવસ્થિત વિચારણા જરૂરી છે એમ સમજીને આ લેખ લખવા હું પ્રવૃત્ત થયો છું.

દેવદ્રવ્ય એટલે દેવોનું દ્રવ્ય એમ જો અર્થ કરીએ તો તે તો 'ફકીરની મુડી' 'સંન્યાસીની મીલ્કત' માફક વદતો વ્યાઘાત જેવું થાય છે. જો પાસે મુડી હોય તો તે ફકીર કેમ કહેવાય? જો પાસે મીલ્કત હોય તો તે સંન્યાસી કેમ કહેવાય? એમ જ જો અમુક દ્રવ્યસંગ્રહ ઉપર માલેકી હક્ક હોય તો તેવા હકકનો દાવો કરનારને, જૈન દૃષ્ટિએ જેને 'દેવ' કહેવામાં આવે છે તે 'દેવ' કેમ કહેવાય? પણ આ સંબંધની શાબ્દિક ચર્ચા ન કરતાં જિનમૂર્તિ સમક્ષ ધરાયલું કે જિન મંદિરને અર્પણ કરાયલું દ્રવ્ય એ 'દેવ-દ્રવ્ય' કહેવાય એવો લોકગૃહિત અર્થ આપણે સ્વીકારીને આગળ ચાલીએ.

અમુક મૂર્તિ અને મંદિર જે સ્થાનમાં આવેલાં હોય અને જે સંપ્રદાયના હોય તે સ્થાનના સંપ્રદાયની માલેકીના તે મૂર્તિ અને મંદિર ગણાય અને એ કારણે એકઠા થયેલા અને એકઠા થતા દ્રવ્યનો ઉપયોગ શું કરવો એ બાબતનો છેવટનો અધિકાર તે તે સંપ્રદાયના સંઘનો ગણાય. કેટલાંય વર્ષોથી તે આજ સુધી આ દ્રવ્યનો ઉપયોગ જિનમૂર્તિ અને જિનમંદિર નિમિત્તે જ થવો જોઇએ એવી પરંપરા જૈનોના મૂર્તિપૂજક સંપ્રદાયમાં ચાલી આવે છે. આ દ્રવ્યનો ઉપયોગ મૂર્તિનાં આભૂષણો, મંદિરનું સંચાલન, સમારકામ, સુશોભન, તેમ જ સંવર્ધન પાછળ સાધારણ-રીતે કરવામાં આવે છે. પણ આજે ઘણાં મંદિરો એવાં છે કે જ્યાં મંદિરની આ બધી જરૂરીયાતોને પહોંચી વળતાં પણ ખુબ ફાજલ નાણું પડી રહે છે. આ વધારાનાં નાણાંમાંથી કંઈ કંઈ દૂર નજીક આવેલાં અન્ય જીર્ણ મંદિરોના સમારકામને લગતા ફાળાઓમાં તેમ જ જ્યાં ન હોય ત્યાં નવું મંદિર ઉભું કરવાની ટીપમાં નાની મોટી રકમો આપવામાં આવે છે. પણ મોટા ભાગે બાકીની વધઘટ, વ્યાજ અથવા તો ભંડોળ દ્વારા આ નાણાંમાં વૃદ્ધિ થાય એ હેતુથી સોનું, રૂપું, સીક્યોરીટી, શેર, ખાનગી પેઢીઓ તેમ જ સ્થાવર-મીલ્કત પાછળ આ દેવદ્રવ્ય તરીકે લેખતું નાણું રોકવામાં આવે છે.

આ સંબંધમાં જેને સુધારકોના મત તરીકે ઓળખવામાં આવે છે તે આ મુજબ છે. જિનમૂર્તિ શ્વેતાંબરની હો કે દિગંબરની જિનમૂર્તિને જે આભૂષણો તેમ જ શોભા શણગાર કરવામાં આવે છે અને સોના ચાંદી ઝવેરાતની આંગીઓ અને મુગટો ચઢાવવામાં આવે છે તે પ્રથા મૂર્તિના મૂળ સ્વરૂપ સાથે કોઇપણ રીતે બંધબેસતી નથી, એટલું જ નહિ પણ વિરોધી છે-ત્યાગમૂર્તિને આંગી આભુ-ષણ શાં?-આમ સમજીને એ પ્રથા બંધ કરવી જોઇએ; મંદિરોમાં બને તેટલી સાદાઇ દાખલ કરવી જોઇએ અને આ રીતે મૂર્તિ અને મંદિરનો વહીવટ ચલાવતાં દર વર્ષે જે નાણું વધે તેમ જ આજ સુધીમાં જે નાણું એકઠું થયું હોય તેનો ધર્મ પરિપોષક, સંસ્કૃતિ-સંવર્ધક તેમજ સમાજસ્વાસ્થ્યની રક્ષા તેમજ વૃદ્ધિ કરનાર કોઇ પણ પ્રવૃત્તિ પાછળ ઉપયોગ કરવો જોઇએ. દેવદ્રવ્યનો આવો વ્યાપક ઉપયોગ કરવાનો દરેક સંઘને સંપૂર્ણ અધિકાર છે એવો સુધારકોનો મત છે. આજ સુધી એકઠું થયેલું દ્રવ્ય મૂર્તિ મંદિરના હેતુથી જ અપા-યલું છે, તેથી તેનો કદિ કોઇ પણ અન્ય પ્રકારનો ઉપયોગ થઇ ન શકે એમ કેટલાકનું કહેવું છે, પણ આ અભિપ્રાય બરોબર નથી. જ્યારે કોઇ પણ શ્રાવક કોઇ મંદિરમાં કાંઇ પણ દ્રવ્ય આપે છે ત્યારે આ દ્રવ્યનો અમુક જ ઉપયોગ થવો જોઇએ અને અન્યથા કોઇ પણ ઉપયોગ થવો ન જ જોઇએ એવી કોઇ ચોકકસ એકાન્ત અને નિશ્ચયપૂર્વકની સમજુતીથી તે તે દ્રવ્ય આપે છે એમ નથી હોતું. એ તો ભોળાભાવે અમુક દ્રવ્ય મૂર્તિને સમર્પણ કરે છે એટલે કે એ મૂર્તિના અધિષ્ઠાતા સંઘને અર્પણ કરે છે અને એ સંઘ તેનો ચાલુ પરંપરા મુજબ ઉપયોગ કરે છે અને આ પરં-પરામાં દેશકાળ મુજબ કોઇ પણ ફેરફાર કરવાનો તે સંઘને સંપૂર્ણ અધિકાર છે. અલબત્ત, મૂર્તિ અને મંદિરનો નિભાવ એ મુખ્ય વસ્તુ છે અને આ જરૂરિયાતને ઉપર જણાવ્યા મુજબ વહીવટ કરતાં પણ પહોંચી ન શકાતું હોય ત્યાં તો આવો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી. પણ વસ્તીવાળા પ્રદેશમાં અને સ્થળોમાં આવેલાં મંદિરોની આવક હંમેશાં ખર્ચ કરતાં ઘણી વધારે હોય છે અને તેથી જ આ બાબત પ્રશ્ન રૂપે ઉભી થાય છે.

દેવદ્રવ્યને લગતી આ પ્રથા અનાદિકાળથી ચાલતી આવે છે અને તેથી આ શાશ્વત પ્રથામાં કોઇ પણ પ્રકારનો આજે ફેરફાર કરવો ઉચિત નથી એમ કેટલાકનું કહેવું છે. વળી આ પ્રથાને કેટલાયે શાસ્ત્રઉલ્લેખોનું સમર્થન છે. માટે પણ આ સંબંધે અન્યથા વિચાર કરવો ઉચિત નથી એમ પણ તેમનું કહેવું છે.

કોઇ પણ પ્રથા શાશ્વતકાળથી એટલે કે અતિ પુરાણા કાળથી ચાલી આવે છે એટલા માટે ફેરફાર કરવા લાયક નથી એ દલીલ સયુકિતક નથી. આજના સંયોગો તેમ જ સામાજિક જરૂરિયાતો વિચારતાં જે પ્રથામાં ફેરફારની આવશ્યકતા લાગે તે પ્રથામાં તે મુજબ ફેરફાર કરવો જ જોઇશે. પ્રથાનું ગમે તેટલું પુરાણાપણું પ્રથાને એવું કોઇ મહત્ત્વ આપતું નથી કે જેથી એ પ્રથામાં કોઇ પણ કાળે કશો પણ ફેરફાર થઇ ન જ શકે એવું એકાન્તવાદી વિધાન વ્યાજબી ગણાય. સમાજ બદલાતો આવ્યો છે તેમ જ તેની પ્રથાઓ પણ બદલાતી

આવી છે. પણ આ બાબત તો આપણે દેવદ્રવ્યની પ્રથાનું અત્યન્ત પુરાણાપણું સ્વીકારીને વિચારી અને ચર્ચી. પણ જેઓ દેવદ્રવ્યની પ્રથાના પુરાણાપણામાં માને છે તેમને મુનિ જિનવિજયજીના તેમજ પંડિત બેચરદાસના, 'પ્રબુદ્ધ જૈન' ના આગળના અંકોમાં, પ્રગટ થયેલા વિચારો ફરીથી જોઇ જવા તેમજ વિચારી જવા વિનંતિ છે. શાન્તિથી તેમ જ તટસ્થતાપૂર્વક તેમના જૈનશાસ્ત્રના અભ્યાસ અને અવલોકનનો સાર વિચારતાં દેવદ્રવ્યની પ્રથાની અતિ પ્રાચીનતાનો દાવો કેટલો પાયાવિનાનો છે એનો તેમને ખ્યાલ આવશે. મારે મન આવી સામાજિક કે ધાર્મિક બાબતોમાં પ્રાચીનતા કે અર્વાચીનનાં એ ગૌણ બાબત છે. ગમે તેટલું પ્રાચીન જો આજે પણ સમાજશ્રેયની દૃષ્ટિએ આદરણીય હોય તો તે સામે મને જરાયે વાંધો નથી. કોઇ પણ બાબત અર્વાચીન છે એટલા ખાતર જ સ્વીકાર્ય છે એવો પણ મને કોઇ મોહ કે આગ્રહ નથી.

બીજો પ્રશ્ન દેવદ્રવ્યની વર્તમાન પ્રથાના સમર્થક શાસ્ત્રઉલ્લેખોનો છે. શાસ્ત્રના સર્વ ઉલ્લેખો આજની પ્રથાના સર્વથા સમર્થક છે એમ હું માનતે નથી. બીજું ધર્મશાસ્ત્રોમાં આવાં જે વિધાનો હોય છે તેનો ઉદ્દેશ ઘણુંખરૂં પ્રચલિત રૂઢિને સમાજ દૃઢતાપૂર્વક વળગી રહે તે હેતુથી તે રૂઢિને વિધ્યાત્મક અથવા તો નિષેધાત્મક સ્વરૂપ આપવાનો હોય છે. આજે જ્યારે મૂળ રૂઢિના ઉત્પાદક સામાજિક સંયોગો ધરમૂળથી બદલાઇ રહ્યા છે ત્યારે તે રૂઢિ પણ ફેરફાર માંગી રહી છે એમ આપણે સ્વીકારવું રહ્યું. જો આમ છે તો પણ તે રૂઢિના સમર્થક શાસ્ત્રઉલ્લેખોનું આપણા માટે કશું પણ બંધનકર્તાપણું રહેતું નથી. આ સર્વ ચર્ચાનો સાર એ છે કે કોઇ પણ રૂઢિ કે પ્રથાને ગમે તેટલા કાળબળનો કે શાસ્ત્રસમર્થનનો ટેકો હોય–આજે પણ તે રૂઢિએ પોતાના ટકાવ માટે આજના ઘોરણે જ પોતાની ઉપયોગીતા પુરવાર કરવી રહી. એ ઉપયોગીતા વિષે જ્યારે શિષ્ટ વ્યક્તિઓ તરફથી શંકા ઉઠાવવામાં આવે ત્યારે સમજવું કે આ રૂઢિનો પાયો હવે હલવા માંડયો છે. દેવદ્રવ્યને લગતી પ્રથાનો પાયો આજે આ રીતે ચલાયમાન થઇ રહ્યો છે.

દેવદ્રવ્યની પ્રથા તો જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત કે બાબત છે માટે એમાં કશો ફેરફાર થઇ ન જ શકે આમ કેટલાક દલીલ કરે છે. આ દલીલ જેટલી હાસ્યાસ્પદ દલીલ અન્ય કોઇ હોઇ ન શકે. પહેલાં તો મૌલિક સિદ્ધાન્તની કઇ કઇ બાબતો લેખાય અને એમાં પણ ફેરફાર કદિ થઇ ન જ શકે–એ બન્ને વિચારાસ્પદ બાબતો છે, પરંતુ પ્રસ્તુત ચર્ચાના અનુસંધાનમાં આપણે આત્માનું અસ્તિત્વ, કર્મની અટળતા, પુનર્જન્મની નિશ્ચિતતા અને મોક્ષની શકયતા આટલી તાત્ત્વિક બાબતો અને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ–આટલા આચારનિયમો પાયાના છે એમ માની લઇએ તો પણ આત્મસાધનાનું એક સાધન વ્યક્તિ, ભક્તિનું એક સાધન મંદિર અને મૂર્તિ, મંદિર અને મૂર્તિને ટકાવવા માટેનું સાધન જરૂરી દ્રવ્ય–હવે આ આર્થિક જરૂરિયાતને પહોંચી વળતાં વધી પડતાં નાણાંનો શું ઉપયોગ કરવો અને શું ન કરવો–આ પ્રશ્નને મૌલિક સિદ્ધાન્તનો લેખાવવો તે ચોપદારને શહેનશાહ બનાવવા બરોબર છે. પણ જે બાબતમાં કશો પણ ફેરફાર સ્વીકાર્ય ન હોય તે બાબત ગમે તેવી નજીવી, મામુલી હોય તો પણ તેને મૂળ સિદ્ધાન્તના સિંહાસને બેસાડી દેવી એ સ્થિતિચુસ્ત સમાજનો સહજ સ્વભાવ છે.

પણ અહિં પ્રશ્ન તો એ ઉભો થાય છે કે જે રૂઢિ કેટલાક કાળથી ચાલી આવે છે અને જે રૂઢિને અમુક અંશે શાસ્ત્રીય સમર્થન છે તે રૂઢિ ચાલે છે તેમ ચાલવા કાં ન દેવી? તેમાં ફેરફાર કરવાની શી જરૂર છે? જો કોઇ ફેરફારનો માંગણી કરતો હોય તેણે આ પ્રશ્નને સંતોષવો રહ્યો.

મૂળ તો દેવદ્રવ્યની વર્તમાન પ્રથાની જ્યારે શરૂઆત થઇ ત્યારના સમાજધુરંધરોને તે વખતનો સમાજ, અને તે વખતના મંદિરોનો વહીવટ વિચારતાં આવી પ્રથા સ્વીકારવાની જરૂરિયાત ભારી હશે. તે વખતે ધર્મપ્રચાર માટે મંદિર તેમ જ મૂર્તિ ઉપર અત્યન્ત ભાર મુકવાની જરૂર પણ જણાઇ હશે. આજે આવી પ્રથાનું પરિણામ લાખોની રકમને સ્થગિત કરવામાં આવ્યું છે, મંદિરો જાણે કે વ્યાપારની પેઢીઓ હોય એવું એ સંસ્થાનું અધઃપતન થયું છે, આજે સમજ મંદિર તેમ જ મૂર્તિ ઉપરાંત બીજી અનેક બાબતોને ખુબ મહત્વ આપી રહેલ છે, સામાજીક જરૂરિયાતો ચોતરફથી વધતી જ ચાલી છે, અને આમ છતાં સમાજનો ધનનો પ્રવાહ મંદિર તરફ જ હજુ બહુ મોટા પ્રમાણમાં વહી રહ્યો છે. આ પ્રવાહનો સદુપયોગ કરવો અને તે પણ મૂળ સંસ્થાને બાધ ન આવે તે રીતે–એ આ સુધારણાનો હેતુ છે. વિશાળ દુનિયાના આપણે પરિચયમાં આવ્યા છીએ. જે જે દેવસ્થાનોએ પોતાની આવકને સમાજોપયોગી કાર્યો માટે ખુલ્લી મુકી છે તે તે દેવસ્થાનો દ્વારા અનેક સત્કાર્યો થઇ રહ્યાં છે. કેટલીયે મરજીદોની આવકમાંથી મદ્રેસાઓ ચાલે છે. કેટલાયે ચર્ચોની આવકમાંથી મીશન સ્કુલો અને ઇસ્પીતાલો ચાલે છે. જૈનો માફક અન્ય હિંદુઓનું માનસ પણ જો કે હજુ આ બાબતમાં એટલું જ સ્થિતિચુસ્ત છે તથા મંદિરની આવકનો અન્ય કોઇ કાર્યમાં ઉપયોગ થઇ ન શકે એવું જ વળણ તેઓ સ્વાભાવિક રીતે ધરાવે છે, એમ છતાં પણ કેટલાક મંદિરના સંચાલકોએ આ બાબતમાં પોતાનું વળણ બદલવા માંડયું છે અને કેટલાક ઠેકાણે કાયદો તેમને ફરજ પાડી રહ્યો છે. પરિણામે નિરર્થક પડી રહેલી હુન્નરોની રકમ છુટી થવા માંડી છે અને તેમાંથી સારી સારી શિક્ષણસંસ્થાઓનો જન્મ થવા માંડયો છે. દેવદ્રવ્યની વર્તમાન પ્રથાને માત્ર આજ સુધી ચાલી આવતી રૂઢિ સિવાય બીજું કોઇ પણ બૌદ્ધિક સમર્થન છે જ નહિ. મંદિરનો વધારાનો પૈસો બીજા કોઇ સામાજિક કાર્યમાં કેમ ન વપરાય એમ પૂછીએ તો જવાબ મળે છે કે આ કંઇ કાળથી ચાલતી આવતી રૂઢિ છે અથવા તો અમારા ધર્મનું આ ફરમાન છે. આ જવાબ બુદ્ધિપૂર્વક વિચારનાર કોઇ પણ માનવીને સંતોષ આપી શકે તેમ છે જ નહિ.

કેટલોક આપણો શ્રદ્ધાળુ વર્ગ એમ કહે છે કે મંદિર એ કેવળ ધાર્મિક સંસ્થા છે અને અને તેમાં એકઠા થયેલા દ્રવ્યનો તેમ જ આવકનો સમાજ માટે રૂદિ પણ ઉપયોગ થઇ ન શકે. પણ વાસ્તવિકપણે વિચારતાં મંદિર એ જેટલી ધાર્મિક તેટલી જ શુદ્ધ સામાજિક સંસ્થા છે. મંદિર એ સર્વ સમાજનું મીલનસ્થાન છે. જે શાન્તિ અને પવિત્ર વાતાવરણ ઘરમાં મળતું નથી એ શોધવા અને પામવા માટે માનવી મંદિરમાં જાય છે. મંદિર ગરીબ અને પૈસાદારને ભેદભાવ વિના આવકારે છે, અને સૌ કોઇના દિલમાં રહેલા ભક્તિભાવને તૃપ્ત કરે છે. આ રીતે મંદિર એક મહત્વની સામાજિક ઉપયોગીતા જ પુરી પાડે છે અને સમાજ તેનો પુરો લાભ ઉઠાવે છે. આ મંદિરને ચલાવવા પાછળ તેમાં થતી આવકનો ઉપયોગ થાય છે. આ ઉપરથી માલુમ પડશે કે મંદિરમાં થતી આવકનો ઉપયોગ સમાજ માટે ન થવો જોઇએ એમ કહેવાનો કોઇ અર્થ જ નથી, કારણ કે એ આવકનો ઉપર વર્ણવ્યા મુજબ સામાજિક ઉપયોગ જ થઇ રહ્યો છે. માત્ર આ ઉપયોગ ઉપર જે મર્યાદા મૂકવામાં આવી છે–પરિણામે એ દ્રવ્ય પડયું રહે કે વધે પણ બીજા કોઇ પણ સામાજિક અગત્યના કામમાં તે વાપરી ન જ શકાય–આ મર્યાદાથી સમજે મુકત થવાની જરૂર છે.

પણ પ્રશ્ન કરવામાં આવે છે કે આ મંદિરોના વધારાનાં નાણાંનો જીર્ણોદ્ધાર વિગેરે કાર્યમાં કાં ઉપયોગ ન કરવો? જેથી રૂઢિની આમાન્યા જળવાય અને એકઠાં થયેલાં નાણાંની વપરાશ શરૂ થાય. આજે જ્યારે ધાર્મિક સંસ્થાઓમાં સ્થગિત થયેલાં નાણાંનો લોકોપયોગી કાર્યમાં કોઇને કોઇ રીતે ઉપયોગ થતો જોઇએ એવી મુંબઇ સરકાર તરફથી હીલચાલ શરૂ થઇ છે ત્યારે મંદિરની મુડી વધારવા

તરફ જ જેમનું આજ સુધી મુખ્ય લક્ષ્ય હતું તેવા સત્તાધારીઓ અને તેમના અનુગામીઓ આ પ્રમાણે રજુઆત કરી રહ્યા છે અને તે બાબતનો પ્રચાર કરી રહ્યા છે અને આ બાબતમાં કોઇ પણ પ્રકારનો કાયદો થાય તે પહેલાં તેઓ પોતપોતાની સત્તાના પરિઘમાં જાતજાતના ઠરાવો કરી રહ્યા છે. કોઇ હાલ મંદિર છે તેને મોટું બનાવવાનો, કોઇ બીજાં નવાં મંદિરો ઉભા કરવાનો, કોઇ અમુક જીર્ણ મંદિરોનો ઉદ્ધાર કરવાનો–એમ એક યા બીજી બાબત પાછળ હજારોની રકમો ખરચવાના ઠરાવો કરી રહેલ છે. જૈનોનાં હિંદુસ્થાનમાં સંખ્યાબંધ મંદિરો છે અને તેની રક્ષા કરવી તે તેમનો ધર્મ છે એ બાબતમાં બે મત છે જ નહિ. અને તેથી મંદિરની મિલ્કતનો કોઇ પણ અંશ આવા કાર્ય પાછળ ખરચાય એ પણ આવકારદાયક લેખાવું જોઇએ. પણ જે સ્થળે જે મંદિર હોય તે મંદિરની મુડી તેમ જ આવક ઉપર તે સ્થળના સમાજનો સૌથી પહેલો હક્ક લાગે છે એ આપણે સમજવું તથા સ્વીકારવું રહ્યું. અને તે સમાજની તાત્કાલિક જરૂરિયાતો તેમ જ આખા સમુદાયની અન્ય પ્રકારની વ્યાપક જરૂરિયાતોની તદ્દન ઉપેક્ષા અથવા તો અવગણના કરીને માત્ર જીર્ણોદ્ધાર પાછળ જ આ દ્રવ્યનો ઉપયોગ થઇ શકે–એમ કહેવું એ એક પ્રકારની વિચાર–જડતા જ છે અથવા તો પોતાની માન્યતા મુજબ આવેલી આફતને ટાળવાનો એક બુદ્ધિપ્રયોગ છે. વળી 'જૈનોનાં હિંદભરમાં ૩૫૦૦૦ જેટલાં મંદિરો છે અને તેના ટકાવ અને જીર્ણોદ્ધાર માટે પુષ્કળ દ્રવ્યની અપેક્ષા છે અને તે અપેક્ષા વિચારતાં આજે જૈન મંદિરો પાસે જે કાંઇ દ્રવ્ય એકઠું થયેલું છે તે કાંઇ હીસાબમાં નથી '– આ બધી ગણતરી અને જાણપણ આમ એકાએક ક્યાંથી ફુટી નીકળ્યું? ગઇ કાલ સુધી તો કોઇ ગામડાના ગાણસો આવા કોઇ કાર્ય માટે ટીપ લઇને આવતા તો રૂા. ૫૦૦) ભરી આપતાં તો લાખો ની મીલ્કત વાળા ટ્રસ્ટીઓ જાણે કે અનહદ ઉપકાર કરતા હોય એવું ઘમંડ દાખવતા હતા અને આજે આવી ઉદારતા અને જીર્ણોદ્ધારની લગની ક્યાંથી પ્રગટી નીકળી? આ બધોય ટેંડુલકર કમીટીના કારણે ઉભો થયેલો સ્મશાનવૈરાગ્ય છે અને ફરજિયાત કરવો પડતો ત્યાગ છે. અને આ રીતે દેવદ્રવ્ય સામે ઉભું થયેલું જોખમ એક યા બીજી રીતે શમી ગયેલું જેવું માલુમ પડશે કે તુરત જ આ જીર્ણોદ્ધારની વાતો, ચિચારણા અને શરૂ થઇ ચુકેલો અમલ–આ બધુંય અલોપ થઇ જવાનું છે અને દેવદ્રવ્યને જરા પણ આંચ ન આવે એ રીતે કેમ જાળવવું અને વધારવું એ પુરાણી દૃષ્ટિ મુજબ જ જૈન મંદિરોનો વહીવટ ચાલવાનો છે.

બીજું જ્યારે જીર્ણ થતાં મંદિરો પ્રતિ આટલી બધી લાગણી દાખવવામાં આવે છે ત્યારે જીર્ણ થઇ રહેલાં, ભાંગીને ભુકકો થઇ જતા માનવી સમુદાય પ્રતિ કોઇનાં દિલમાં કેમ કશો સળવળાટ થતો નથી? જૈન સમાજનો જ વિચાર કરીએ તો તેની વિટંબણાઓ અને હાડમારીઓ પણ કયાં ઓછી છે? આખો જૈન સમાજ મધ્યમ વર્ગનો બનેલો છે અને આજે ચઢેલી આફતની આંધી સૌથી વધારે આ વર્ગ ઉપર ઉતરી રહી છે. વ્યાપાર ભાંગતા જાય છે, નોકરીમાં પુરું થતું નથી, રહેવાને ઘર મળતાં નથી, ભણવાને સાધન નથી, માંદગી આવે છે કે કુટુંબીજનો ગુંગળાવા લાગે છે. આ જર્જરિત થતા જતા સમાજને આ વિપુલ દ્રવ્યસંચયમાંથી ટેકો આપવાનો આપણે કશો પણ વિચાર કરી ન શકીએ? સસ્તા ભાડાંના મકાનો, દુખતા કુટુંબોને ટકાવી રાખવા માટે લોનો, ભણતર માટે શિષ્યવૃત્તિઓ, મફત ઔષધાલયો–આવી કેટલીયે રાહતો આ દ્રવ્યભંડારોમાંથી ઉભી કરી શકાય તેમ છે. આમ કરવાથી મંદિરોયે ટકશે અને માનવીજીવનમાં નવા પ્રાણ પુરાશે. પણ નહિ, એમ ન જ બની શકે! મંદિરનો પૈસો ઇંટ ચુના અને પથ્થર પાછળ ખરચશે, માનવીઓના સ્વાસ્થ્ય અને કલ્યાણ માટે એક પાઇ પણ તેમાંથી આપી નહિ શકાય. કારણ કે અમારા ધર્મનું આવું ફરમાન છે. જેનો પાયો ભૂતદયા ઉપર છે, જગદ્વ્યાપી કરૂણા–ઉપર છે, અને જેની વિચારસરણી શુધ્ધબુદ્ધિ વ્યાપાર ઉપર નિર્ભર છે એવા જૈન ધર્મનું આવું એકાન્ત ફરમાન કદિ કોઇ કાળે હોઇ ન જ શકે.

એક આગેવાન કેળવાયેલ બંધુ એમ કહે છે કે આમાંથી જૈનોએ રહેવા માટે મકાનો જરૂર બંધાવી શકાય; પણ એ મકાનનું ભાડું ચાલુ દરો મુજબ મળવું જ જોઇએ; આમાંથી જૈનોને ઉછીનાં નાણાં પણ આપી શકાય પણ તે ચાલુ વ્યાજ સાથે અને સધ્ધર જામીનગીરી ઉપર. કેટલે પણ સુખસગવડ આપનાં દેવદ્રવ્યની એક પણ પાઇ જોખમાવી ન જોઇએ એટલું જ નહિ પણ, તેમાં કાંઇને કાંઇ વધારો થવો જ જોઇએ, આ શુધ્ધ મુડીવાદી મનોદશા છે અને દેવદ્રવ્યનો ઉપયોગ, મંદિરોનો વહીવટ આજ સુધી કેવળ મુડીવાદી મનોદશાને આધીન રહીને જ થતો આવ્યો છે.

હવે પ્રશ્ન કાયદાનો આવે છે. કેટલાકનું એમ કહેવું છે કે આ બધું તો ઠીક પણ આ સંબંધમાં શું કરવું, શું ન કરવું એ બાબતનો નિર્ણય લેવાનો અધિકાર સ્થળ સ્થળના સંઘોનો છે. આવી ધાર્મિક બાબતોમાં સરકારે કોઇ પણ પ્રકારની દખલગીરી કરવી ન જોઇએ. સામાન્યતઃ આ દૃષ્ટિબિન્દુ અને ધોરણ બરોબર છે. સરકારની કશી પણ દખલગીરી સિવાય સ્થળ સ્થળના સંઘના આગેવાનો ફરતા જતા વિચાર, વાતાવરણ અને સમાજની જરૂરિયાતોનો પુરો ખ્યાલ કરીને પોતપોતાની રચના, વ્યવસ્થા અને પરંપરાગત રીતરીવાજોમાં ફેરફાર કરતા રહે એ આદર્શ સ્થિતિ છે. પણ આજના આગેવાનો સામાન્યતઃ સ્થિતિચુસ્ત મનોદશાવાળા, પ્રત્યાઘાતી વળણવાળા અને કોઇ પણ નવી વાત, વિચાર કે આન્દોલનનો શરૂઆતમાં સખ્ત વિરોધ કરનારા અને પાછળથી અસહાય બનીને તે વાત, વિચાર કે આન્દોલનને સ્વીકારનારા હોય છે. તેમને અનુસરતો સામાન્ય જનસમુદાય નવી વાત સાંભળે છે, નવો વિચાર ઝીલે છે, અને એ મુજબ વ્યક્તિગત રીતે અંદરથી પલટતો ચાલે છે. પણ આ વિચાર કે વળણના પલટાને વ્યક્ત કરવાની તેને સુજ હોતી નથી, હીંમત હોતી નથી અને તેથી બાહ્યતઃ તે પોતાના આગેવાનોની પાછળ જ જાણે કે ચાલતો હોય એમ માલુમ પડે છે. અંગ્રેજ સરકારે ધાર્મિક તટસ્થતાના નામે પ્રજાના આચારવિચારની પ્રગતિને હંમેશાં રૂંધવાનું જ કાર્ય કર્યું છે. અને એ ધાર્મિક તટસ્થતાનું ભૂત આજે આપણા આગેવાનોને ઝેડની માફક વળગ્યું છે. રાજકીય ક્રાન્તિ પાછળ સામાજિક ક્રાન્તિ પુરવેગે ન આવે તો ધોળી ચામડીના ઠેકાણે શામળી ચામડીનો કારભાર સ્થપાય અને પ્રજાજીવનમાં કશો પણ પલટો ન આવે. આજે આખા દેશે ખરેખર આગળ વધવું હોય તો ધર્મ અને સમાજના નામે જે કેટલીક અનર્થપૂર્ણ અનિષ્ટ રૂઢિઓ ચાલી રહી છે તેનો ઉચ્છેદ થવો જ જોઇએ, ધર્મના નામે સ્થગિત ધનભંડારો વહેતા થવા જોઇએ અને નવા ચીલાઓની શરૂઆત થવી જોઇએ, અને આ દિશાએ ખાસ જરૂરી એવા કાયદાકાનુનનાં પણ મંડાણ માંડવા જોઇએ. અસ્પૃશ્યતાનો પ્રશ્ન કેવળ ધાર્મિક પ્રશ્ન જ હતો. અંગ્રેજ સરકારના અમલ દરમિયાન આ બદી આપણે કોઇ રીતે દૂર કરી ન શકયા. આપણા હાથમાં સત્તા આવી કે આ બાબત તુરત જ હાથ ધરવામાં આવી. જ્ઞાતિ, ધર્મ અને સમાજના આગેવાનોએ આ બાબતમાં ઠીક ઠીક બડબડાટ કર્યો, વિરોધ દાખવ્યો. સામાન્ય જનસમુદાયની અર્ધમુઢ, અર્ધમુંગી અર્ધજાગૃત, અર્ધમુખર–પરિણામે તેના મોટા ભાગનું શું વળણ છે તે સહેજે કળી ન શકાય તેવી સ્થિતિ વર્તતી હતી. આમ છતાં પણ અસ્પૃશ્યતાનાં અનેક આનુષંગિક ધ્યાનમાં લેતાં તેમ જ સમાજની નવરચનાનો વિચાર કરતાં એ બદી ટાળવી જ રહી એમ જેના હાથમાં નવાં સત્તાસૂત્રો આવ્યાં તેમને લાગ્યું અને એ પ્રમાણે તેમણે કાયદા કર્યા. આ રીતે ચાલતાં બહુ થોડા સમયમાં આપણા દેશમાંથી અસ્પૃશ્યતાની રૂઢિ નામશેષ જેવી થઇ જશે

એમ માનવાને આજે પુરતાં કારણો છે. આવી જ રીતે લગ્નસંસ્થા, છુટા છેડા અને એવી બીજી અનેક સામાજિક તેમ જ ધાર્મિક બાબતો આજની પ્રાન્તિક સરકારો હાથ ધરી રહી છે. આ જ પ્રમાણે ધાર્મિક સંસ્થાઓના વહીવટો, તેનાં વધારાનાં નાણાંનો ઉપયોગ, બીનજરૂરી ચેરીટીઓને લોકોપયોગી સ્વરૂપ આપવાનો પ્રશ્ન, કોમી સંસ્થાઓને વધારે લોકોપયોગી બનાવવાનો પ્રશ્ન આવા પ્રશ્નો આજની સરકારો સામે આવી પડયા છે અને આ બાબતમાં શું કરવું તેને લગતો વિચાર આ સરકારો ચલાવી રહી છે. આવી બાબતમાં સરકાર જો બીલકુલ વચ્ચે પડતી નથી અને અંગ્રેજ સરકાર માફક અલગ ને અલગ જ રહ્યા કરે છે તો ચાલુ પરિસ્થિતિમાં કંઈ વર્ષો સુધી કશો જ ફેરફાર થવાનો સંભવ દેખાતો નથી. પરિણામે સંસ્થાઓના ગેરવહીવટો એમના એમ ચાલ્યા જ કરવાના, અને ધર્મના નામે ધનના ઢગલા ને ઢગલા ખડકાયે જ જવાનાં, અને કોમી ભાવનાનું ઝેર ફેલાતું જવાનું. સમાજ ફેરફારો માંગે છે, પણ એ બાબતમાં સ્વતઃ આગળ ચાલવાનું તેમનામાં કૌવત નથી, સ્થાપિત હિતો ધરાવતા અંગેનાં સામે થવાની હીંમત નથી, ધર્મના નામનો હાઉ પણ તેને ભડકાવે છે. આવા સંયોગોમાં જરૂરી કાયદાકાનુન સરકારે કરવાં જ રહ્યા. આ વિના સમાજની કાયાપલટ શકય નથી. અલબત્ત આ સંબંધમાં જે કોઈ કાયદાકાનુન સરકાર તરફથી રજુ થવાના તે બધા ખરેખર જરૂરી અને વાજબી જ હોવાના એમ માની લેવાને કશું જ કારણ નથી. એ તો રજુ થતા કાયદાકાનુનનું સ્વરૂપ અને વિગતો વિચારીને આપણે નિર્ણય બાંધવાનો રહ્યો. કેટલાક કાયદાઓ ખરેખર હિતાવહ હોય તો કેટલાક વધારે ઉતાવળીઆ હોય અને સંભવ છે કે કોઈ કાયદો જે હેતુ માટે કરવામાં આવતો હોય તે હેતુનો જ કદાચ વિઘાતક નિવડે. આ સંબંધમાં દરેકને પોતાનો અભિપ્રાય રજુ કરવાની તક મળે છે અને પસાર થયેલો કાયદો અનર્થપરિણામી માલુમ પડતાં એની એ જ ધારાસભા તેને ફેરવી પણ શકે છે. પણ અગારી કોઈ પણ ધાર્મિક બાબતોમાં કે ધાર્મિક સંસ્થાઓ સંબંધમાં આપણી સરકારે કશો જ કાયદો ન કરવો અને કોઈ કાયદો કરવામાં આવશે તો તેનો અમો પુરી તાકાતથી સામનો કરીશું–આમ બોલવું અને વર્તવું તે આવેલી આઝાદીના ગર્ભમાં રહેલી સામાજિક ઉત્ક્રાન્તિની કસુવાવડ નોતરવા બરોબર છે. આ દૃષ્ટિબિન્દુથી આ આખા પ્રશ્નને વિચારવા, સમજવા અને તે મુજબ પોતાનું વલણ નક્કી કરવા જૈન સમાજનાં ભાઈ બહેનોને મારી નમ્રભાવે વિજ્ઞપ્તિ છે. **પરમાનંદ**

કેટલાક સમાચાર અને નોંધ

ટેન્ડુલકર કમીટી સમક્ષની જુબાનીઓ

ટેન્ડુલકર કમીટી સમક્ષ આપવામાં આવેલી જુબાનીઓમાંથી જેટલી અગત્યની અને પ્રસ્તુત પ્રશ્નો પરત્વે મહત્વની લાગી તે જુબાનીઓના અનુવાદ અથવા તો સંક્ષિપ્ત સાર પ્રબુદ્ધ જૈનના કેટલા ચાર અંકો દરમિયાન પ્રગટ કરવામાં આવેલ છે. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ તરફથી શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરીએ તથા શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ જુબાની આપી હતી. આ જુબાનીની કેટલીક વિગતો પણ આ સાથે સામેલ કરવા ધારણા હતી. પણ પ્રબુદ્ધ જૈનમાં આ વિષે પુરતી વિચારસામગ્રી આજ સુધીમાં પ્રગટ થઇ ચુકી છે અને એ જુબાનીમાં આગળની જુબાનીઓમાં રજુ થયેલ ન હોય એવો કોઈ ખાસ મુદ્દો છે નહિ. તેથી એ જુબાની વિગતવાર પ્રગટ કરવાનો વિચાર પડતો મુકવામાં આવે છે. એ જુબાની સંબંધમાં એટલું જણાવવું બસ થશે કે દેવદ્રવ્યનો મંદિર અને મૂર્તિ સિવાય અન્ય કોઈ પણ હેતુ માટે ઉપયોગ થઇ ન જ શકે એ માન્યતાનું સમર્થન કરતા ધર્મગ્રંથોમાંથી અનેક ઉલ્લેખો તેમણે રજુ કર્યા હતા અને તમારી વાસ્તવિક અને કાલ્પનિક બધી જરૂરિયાતોને પહોંચી વળતાં પણ દેવદ્રવ્યની મીલ્કતમાં વધારો બાકી પડે તો પછી તે વધારાની મીલ્કત કે નાણાંનો અન્ય કોઇ સમાજહિતના કે મંદિર મૂર્તિ સિવાય અન્ય પ્રકારના ધાર્મિક હિતના કાર્યમાં ઉપયોગ થઇ શકે કે કેમ, એ બાબતમાં ફેરવી ફેરવીને અને ફરી ફરીને પુછાતાં પણ સાક્ષીઓએ એક જ જવાબ આપ્યો હતો કે એવો કોઇ પણ ઉપયોગ અમારી ધાર્મિક માન્યતા મુજબ થઇ ન જ શકે અને એ જવાબની પરિપૂર્તિમાં તેમણે એમ ઉમેર્યું હતું કે ધારો કે આ નાણાંની આજે જરૂર ન હોય તો પણ ભવિષ્યકાળમાં નવા જૈનો થાય અને તેમના માટે મંદિરો બંધાવવાની જરૂર પડે એ માટે પણ આ દ્રવ્ય એકઠું કરી રાખવું જ જોઇએ. આ સિવાય તેમના વિચારો અને દૃષ્ટિબિન્દુઓનું ધોરણ શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ આપેલી જુબાનીને ઘણું અંશે મળતું હતું.

આ ઉપરાંત શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે તેમ જ શ્રી. ઇન્દુમતીબહેન ચીમનલાલે પણ ટેન્ડુલકર કમીટી સમક્ષ જુબાનીઓ આપી હતી. દેવદ્રવ્યના ઉપયોગ સંબંધમાં તે બન્નેનું દૃષ્ટિબિન્દુ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના દૃષ્ટિબિન્દુને લગભગ મળતું હતું. આ ઉપરાંત કેવળ કોમી ચેરીટીઓના સંચાલકોને પોતપોતાને હસ્તકની ચેરીટીઓનો વ્યાપક જનસમુદાયને લાભ આપવાની ફરજ પાડવી જોઇએ અથવા તો તેમને સરકાર તરફથી આવકવેરાની માફી વગેરે બીજી જે કોઇ રાહતો મળતી હોય તે બંધ કરવી જોઇએ એવું મન્તવ્ય શ્રી ઇન્દુમતીબહેને રજુ કર્યું હતું.

જુદા જુદા સંપ્રદાય તેમ જ સામાજિક વર્ગોની શુદ્ધ ધાર્મિક, ધાર્મિક-સામાજિક તેમજ શુધ્ધ સામાજિક આમંત્રણ પ્રકારની સંસ્થાઓનો વહીવટ, તેનાં વધારાનાં નાણાંનો ઉપયોગ, આજે બીનજરૂરી લાગતી સગવડોનો ઉપયોગ, આ સંસ્થાઓ ઉપર સરકારી નિયમનની આવશ્યકતા કે અનાવશ્યકતા–આ બધા પ્રશ્નો ધર્મ અથવા તો સંપ્રદાયની અને સમાજની દૃષ્ટિએ અત્યન્ત મહત્વના છે. આજે આ બધું ચાલે છે તેમ ચાલવા દેવું તે બરોબર છે કે જીવનના અન્ય ક્ષેત્રોની માફક આ વિષયમાં પણ કોઈ ફેરફારની જરૂર છે–આ પ્રશ્ન પણ એટલી જ ગંભીર વિચારણા માગે છે. આ બધી બાબતો પરત્વે જરૂરી માર્ગદર્શન મળે એ હેતુથી પ્રબુધ્ધ જૈનની સ્વીકૃત વિચારનીતિ સાથે આ જુબાનીઓમાં દર્શાવવામાં આવેલા વિચારો મળતા આવે છે કે નહિ એ વિચાર બાજુએ રાખીને પ્રસ્તુત જુબાનીઓ આટલા વિસ્તારથી પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે. આપણા સમાજના સૂત્રધારો તેમ જ વિચાર–ઘડવૈયાઓના મગજમાં કેવા કેવા વિચારતરંગો રમી રહ્યા છે એનો પણ આ જુબાનીઓ વાંચતાં આપણને સ્પષ્ટ ખ્યાલ આવે તેમ છે. એક જ ક્ષેત્રમાં અસાધારણ પ્રતિષ્ઠા ભોગવતા શેઠ કસ્તુરભાઇ લાલભાઇ અને સર પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ બન્નેની વિચારસરણિ આ પ્રશ્નો પરત્વે કેટલી બધી જુદી પડે છે ? જ્યાં આપણે પ્રગતિશીલ વળણોની અપેક્ષા રાખી હોય ત્યાં આપણને કેવળ સાંપ્રદાયિક સંકીર્ણતા અને ધાર્મિક ઝનુનનો અનુભવ થાય છે. જ્યાં આપણે સાધારણ રીતે સ્થિતિચુસ્ત મનોદશાની સંભાવના કરી હોય ત્યાં બે ડગલાં આગળ ભરવાની તત્પરતા અને કાળબળને પરખીને નવી વાત–નવા વિચારને આવકારવાની આતુરતાનો અનુભવ થાય છે. આવી જ રીતે કાકા–સાહેબ કાલેલકર અને શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી આજના આપણા પ્રમુખ વિચારધડવૈયા કહેવાય. તેમની વિચારણામાં કેટલાક સામ્ય સાથે કેટલું બધું વૈષમ્ય રહેલું છે એ પણ આ જુબાનીઓ વાંચતાં માલુમ પડે છે. શ્રી મુનશીની જુબાનીમાં જયપુર રાજ્યના બંધારણનો ઉલ્લેખ છે તેમાં કંઇક ભુલ લાગે છે. તે જયપુર નહિ પણ ઉદેપુર હોવું જોઇએ. ધાર્મિક ચેરીટીનાં નાણાં કેવળ ધાર્મિક બાબતોમાં જ વપરાવા જોઇએ અને સમાજોપયોગી કે લોકકલ્યાણસાધક કાર્યોમાં તેનો વ્યય કરવો ન જોઇએ એવી ચોક્કસ રજુઆત કર્યા બાદ આવી

કઇ કઇ બાબતો ગણાય તેની વિગતમાં ઉતરતાં ગૌશાળા, સંસ્કૃત પાઠશાળા, આયુર્વેદ શિક્ષણશાળા, સંગીત વિદ્યાલય—આ બધા માર્ગોએ આ નાણાંનો ઉપયોગ થઈ શકે છે એમ જ્યારે શ્રી મુનશી જણાવે છે ત્યારે શા માટે આર્ટ્સ કૉલેજ નહિ કે એક મોટું હોસ્પીટલ નહિ—આ પ્રશ્નનું કોઇ સમાધાન આપણને મળતું નથી. વળી તેઓ આવાં ધાર્મિક નાણાંનો સંગીતવિદ્યાલય અલાવવામાં ઉપયોગ થાય તેમાં બાંધે જોતા નથી, પણ બ્રહ્મભોજન માટે નિર્માણ કરવામાં આવેલી રકમનો ઉપયોગ અત્યન્ત જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ કે અન્ય કોઇને ભોજન આપવા પાછળ થઇ શકે કે કેમ એમ જ્યારે તેમને પૂછવામાં આવે છે ત્યારે શ્રી મુનશી જણાવે છે કે "એમ કરી શકાય એમ હું નથી ધારતો. બ્રહ્મભોજન અટકાવવું એ લોકો ઉપર એક નવો ધર્મ લાદવા બરોબર છે, અને આ લોકો પસંદ નહિ કરે. બ્રહ્મભોજન એ ધર્મનો જ એક અંગભૂત વિભાગ છે!' આ જવાબ ભારે વિસ્મય પેદા કરે છે. વળી દેવદ્રવ્યના નાણાંમાંથી લહીઆઓ નીમાવાતા, ચંપો લખાવાતા અને ગ્રંથભંડારો ઉભા કરવામાં આવતા હતા એ તેમનું વિધાન તદ્દન ખોટું છે. તદુપરાન્ત દેવદ્રવ્યના ઐકાન્તિક ઉપયોગની તેઓ સ્તુતિ કરે છે, છતાં જ્ઞાન અને શિક્ષણના પ્રચાર પાછળ તેનો ઉપયોગ કરવાની તેઓ ભલામણ કરે છે. આ પણ પરસ્પરવિરોધી છે. આ રીતે શ્રી મુનશીની જુબાની સ્થિતિચુસ્તો તેમ જ પ્રાગતિક વિચારકો ઉભયને રાજી રાખવાનો પ્રયત્ન સેવતી હોય એવાં વિચિત્રવિચિત્ર વિધાનોથી ભરપુર હોઇને આપણને અમુક અંશે નિરાશ કરે છે.

દેવદ્રવ્યની સંસ્થા અને તેના ઉપયોગ વિષેની પરંપરાગત માન્યતા આજે ચલે છે તેમ જાણે કે અનાદિકાળથી ચાલી આવે છે એવી સામાન્ય જૈન સમાજની માન્યતા કેટલી પાયા વિનાની છે અને કાળે કરીને કોઇ પણ સામાજિક કે ધાર્મિક રૂઢિનો ઉચ્છેદ થાય છે અને તેનું સ્થાન નવી રૂઢિ લે છે—આ ઐતિહાસિક તથ્ય મુનિ જિનવિજયજીની અને પંડિત બેચરદાસની જુબાની ઘણો નવો અને મૌલિક પ્રકાશ પાડે છે. આ સામે આજનો સ્થિતિચુસ્ત સમાજ ધુંવા પુંવા થઇ રહ્યો છે અને ગમે તેવી ભાષામાં પોતાનો રોષ ઠાલવી રહ્યો છે, પણ એ સમાજે આખરે આ ઐતિહાસિક સત્ય સ્વીકાર્યે જ છુટકો છે અને કાળબળ અને સામાજિક પરિવર્તનો આજે આપણી સંસ્થાઓના સ્વરૂપ તેમ જ સંચાલનમાં જે ફેરફારો માંગી રહેલ છે તે સ્વેચ્છાએ કે ફરજિયાત રીતે સ્વીકાર્યે જ છુટકો છે.

ટેન્ડુલકર કમીટી સામે જૈનોની વિરોધસભા

તા. ૨૭-૬-૪૮ રવિવારના રોજ લાલબાગના ઉપાશ્રયમાં શેઠ અમૃતલાલ કાળીદાસના પ્રમુખપણા નીચે જૈનોના મૂર્તિપૂજક વિભાગની એક જાહેર સભા મળી હતી. આ સભામાં જૈન કોમનાં સ્ત્રી પુરૂષો સારી સંખ્યામાં હાજર થયાં હતાં. ટેન્ડુલકર કમીટી સામે જૈન સમાજનો વિરોધ રજુ કરવા માટે કેટલાક આગેવાન જૈનોની સહીથી આ સભા બોલાવવામાં આવી હતી. ટેન્ડુલકર કમીટીએ જુબાનીઓ લેવાનું કાર્ય પુરું કર્યું છે અને સાંભળવા મુજબ તે કમીટીએ પોતાનો રીપોર્ટ ઘડીને મુંબઇ સરકાર ઉપર મોકલી આપ્યો છે. આ રીપોર્ટ હજુ અપ્રગટ છે. જ્યાં સુધી આ રીપોર્ટ પ્રગટ ન થાય અને એમાંની વિગતો જાણવા ન મળે ત્યાં સુધી ટેન્ડુલકર કમીટી વિષે સભા ભરવી અને ઠરાવ કરવો એ કોઇ પણ રીતે યોગ્ય ન જ ગણાય. અલબત્ત ટેન્ડુલકર કમીટીએ જે કાંઇ પ્રશ્નો પુછ્યા હોય અને સાક્ષીઓ સાથે ચર્ચા કરી હોય તે ઉપરથી તેના મનનું શું વળણ છે એ વિષે કેટલુંક અનુમાન જરૂર થઇ શકે, પણ માત્ર અનુમાન ઉપરથી આવી વિરોધસભા બોલાવવી એ જાહેર જીવનની સભ્યતા તેમ જ ઔચિત્યના ધોરણ સાથે સંગત ન ગણાય. આમ છતાં પણ જ્યારથી ટેન્ડુલકર કમીટીના કાર્યપ્રદેશ અને તેની સમક્ષ પડેલી જુબાનીઓની વિગતો બહાર આવવા લાગી છે ત્યારથી જૈન સમાજમાં તો એક જ પ્રકારનું વાતાવરણ કેળવાવા લાગ્યું છે કે આવી કમીટી દ્વારા રીપોર્ટ મેળવીને મુંબઇ સરકાર પોતાને ફાવે તેવો કાયદો કરવા માંગે છે અને જૈનોના ગાંદિરોની મીલ્કત ઝુંટવી લેવા માંગે છે (જો અનુમાનને કશો જ પાયો નથી) અને આ વાતાવરણ નીચે જે ઉકળાટ પેદા થઇ રહ્યો હતો તેનું જ આ સભા સ્વાભાવિક પરિણામ હતું.

આ સભામાં ત્રણ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. પહેલો ઠરાવ નીચે મુજબ હતો :—

'હિંદુ તેમ જ જૈન ધાર્મિક અને સામાજિક સંસ્થાવતી ફંડોના વહીવટ અંગે તપાસ કરવા અને યોગ્ય ભલામણો કરવા માનનીય ન્યાયમૂર્તિ શ્રી ટેંડુલકરના અધ્યક્ષપદે મુંબઇ સરકારે જે કમીટી નીમી છે તે કમીટી મજકુર તપાસના પરિણામે પોતાની ભલામણોમાં જે નિમિત્તે સંસ્થાવતો કરવામાં આવી હોય તેની મર્યાદામાં ફેરફાર કરવા અને તે બીજી રીતે ખર્ચવા એવી કોઇ પણ ભલામણ કરે તો તે તરફ મુંબઇના જૈનોની આ જાહેર સભા પોતાનો સખ્ત અણગમો અને વિરોધ જાહેર કરે છે.'

જ્યારે આવેશ અને અધીરાઇ શાણપણ અને ધીરજનું સ્થાન લે છે ત્યારે જ આવો 'જો...તો' વાળો ઠરાવ કરવાનું બને છે. આવા ઠરાવથી અને ધાકધમકીથી આવી સમર્થ કમીટી ડરી જશે અને પોતે કરેલા નિર્ણયો ફેરવી નાંખશે એવી કલ્પના આ સભાજનોમાંથી કોઇએ પણ સેવી હોય તો તે ખરેખર વધારો પડતી ગણાય. આ સભાનો બીજો ઠરાવ શ્રી. કસ્તુભાઇ લાલભાઇએ પોતાની જુબાનીમાં જે વિચાર તેમ જ વલણ દર્શાવેલ છે તેનું અનુમોદન કરનારો હતો અને તે માટે તેમને અભિનન્દન આપનારો હતો. ત્રીજો ઠરાવ ઉપરના ઠરાવોને અંગે ઘડતી કાર્યવાહી કરવા સોળ સંભવિત ગૃહસ્થોની એક સમિતિ નીમવાને લગતો હતો.

આ સભામાં મુંબઇ સરકારની નીતિ અને કાર્યપદ્ધતિ વિષે સખ્ત આક્ષેપો કરવામાં આવ્યા હતા અને શ્રી. શિવલાલ નરપતલાલ મણિયારે તો એટલે સુધી જણાવ્યું હતું કે "મોગલોની જેમ ધાર્મિક અને ઝનુની તરીકે કોંગ્રેસ સરકાર પણ ગણાશે. મોગલો બળથી દબાવતા હતા અને આજે કોંગ્રેસ સરકાર કાયદાના નામે બળ વાપરીને આપણને દબાવે છે. જૈનોના પૈસા પર તરાપ મરાય છે, પણ પૈસાવાળાઓ પાસેથી પૈસા કેમ પડાવતા નથી? દેવદ્રવ્ય પર કેમ નજર પડી છે?' (મુંબઇ સમાચારના રીપોર્ટ મુજબ) આ ઉદ્ગારોમાં નથી વિવેક, નથી પ્રમાણબુધ્ધિ. કેવળ ઉકળાટ અને ઝનુનનું જ પ્રદર્શન છે.

પણ આને પણ ટપી જાય એવું તો સભાના પ્રમુખ શ્રી અમૃતલાલ કાળીદાસનું વક્તવ્ય હતું. તેમણે (મુંબઇ સમાચારમાં પ્રગટ કરવામાં આવ્યું છે તે મુજબ) જણાવ્યું હતું કે 'ધર્મના મૂળ ઉપર ઘા કરવા અંગેનો આજે પ્રશ્ન ઉભો થયો છે અને આવી વિષમ પરિસ્થિતિ અંગે આપણી કોમમાં મતભેદ જેવું કશું જ રહ્યું નથી. જો આપણે સંગઠિત થઇશું તો ટેન્ડુલકર કમીટી તો શું પણ કોઇ પણ સત્તાની મગદલ નથી કે તે આપણી વચ્ચે આવે. મુઠ્ઠીભર સુધારકો જેઓ એક ટકા જેટલા પણ નથી તેઓ જૈન ધર્મ ઉપર કુઠારાઘાત મારવા છેલ્લા ૨૫ વર્ષોથી વ્યર્થ પ્રયાસ કરી રહ્યા છે. તેઓમાંના કેટલાકો અવળી જુબાનીઓ આપી આવ્યા છે. પરમાનંદ કુંવરજી કાપડીઆની જુબાની વાંચીને મારું લોહી ઉકળી આવ્યું છે. દીવો કરવાની, આંગી કરવાની શી જરૂર છે એમ કહેવાનો પરમાનંદ કાપડીઆને શું અધિકાર છે? તેઓના પિતાશ્રી જો હાલમાં હોત તો તેમણે કમીટી સમક્ષ બીલકુલ જુદી જ જુબાની આપી હોત. તમારે એવા મુઠ્ઠીભર સુધારકોને ફેંકી દેવા જોઇએ અને આજથી પ્રતિજ્ઞા કરવી જોઇએ કે

યુવક સંઘની કોઇ પણ પ્રવૃત્તિને ટેકો આપવો તેમ જ નાણાંકીય મદદ આપવી નહિ. તેઓ જ્યારે કશું બનતું નથી ત્યારે રાજ્ય-સત્તાનો આશરો લે છે. (શેઇમ-શેઇમ-શરમ-શરમ ના પોકારો અને એવાઓને સંઘ બહાર મૂકવાનો સભાજનોનો અવાજ).

"દેવદ્રવ્યમાં રોકાયલું નાણું અતિ ઘણું છે એમ ટેન્ડુલકર કમીટી માને છે એ ભ્રમ છે. જીર્ણોદ્ધાર પ્રવૃત્તિ જો આદરીએ તો સહેજે લાખો નહિ પણ કરોડો રૂપીઆની હજી જરૂર રહે છે. દિગંબર શ્વેતંબર સ્થાનકવાસી જૈનોમાં જો મત લેવાય તો સુધારક પક્ષમાં એક ટકો પણ ભાગ્યે જ નીકળશે. આપણી સરકારને આપણે ટેકો આપવો જોઇએ. પણ જો ધર્મમાં વિક્ષેપ નાંખે તો શું કરવું? અન્તમાં આપણી સરકારને હું નમ્ર પણ મક્કમપણે જણાવું છું કે ધર્મમાં વિક્ષેપ કરવો એ આગ સાથે ખેલવા બરોબર છે અને તેવો વખત આવ્યે ક્ષત્રીય બનીને પણ જૈનો સામનો કરશે.'

આ પ્રવચન સ્વતઃ જ પોતાનું પોત પ્રગટ કરે છે તેથી તેની વિશેષ સમાલોચનાની જરૂર છે જ નહિ. માત્ર બે ત્રણ બાબતોનો આપણે વિચાર કરીએ. એક તો તેમણે મારા વિષે જે અંગત ઉલ્લેખ કર્યો છે તેના જવાબમાં જણાવવાનું કે શ્રી અમૃત-લાલ કાળીદાસને જેમને અમો બધા અમુભાઇના નામથી ઓળખીએ છીએ તેમને મારા એક મુરબ્બી સમાન હું લેખું છું અને તેમનો મારી ઉપર સારો સદ્ભાવ છે એવો મારો ખ્યાલ છે. તેથી મારી જુબાની વાંચીને તેમનું લોહી ઉકળી આવ્યું તે જાણીને મને ખરેખર દુઃખ તેમ જ ચિન્તા થાય છે. મારી જુબાનીની ભાષા ફરી ફરીને વાંચતાં વિચારતાં કેટલું પણ દિલ દુઃખાય એવું એક પણ વાક્ય મારી નજરે પડતું નથી. પણ તેમનો વાંધો મારી ભાષા સામે નહિ હોય! મારા વિચારો સામે હશે! પણ આ બાબતમાં હું કેવળ નિરૂપાય હતો. મને જ્યારે નજુક પ્રશ્નો પૂછવામાં આવે ત્યારે મને જે સત્ય અને વ્યાજબી લાગે તે જ મારે કહેવાનું રહ્યું. શ્રી. અમુભાઇ ઉપર મારા કથનનું આટલું બધું અનિષ્ટ પરિણામ આવશે એવી મને કલ્પના નહોતી અને તે માટે હું ખરેખર દિલગીર થાઉં છું અને તેમની વર્તમાન નાજુક તબીયત જોતાં આવી બાબતો બહુ મન પર ન લેવા હું વિનંતિ કરું છું. આવી બાબતોમાં અભિપ્રાય આપવાનો મને શું અધિકાર છે એવો શ્રી અમુભાઇનો પ્રશ્ન છે. શ્રી અમુભાઇ જેટલી ઉંડી ધર્મશ્રદ્ધા, સંપ્રદાયનિષ્ઠા, કે ધાર્મિક ઝનુન હોવાનો તેમ જ ધર્મશાસ્ત્રોનું બહું ઉંડું જ્ઞાન હોવાનો જરૂર મારો કોઇ દાવો નથી. પણ જૈન સંસ્કારમાં હું ઉછર્યો છું, જૈન સમાજ સાથે મારો ગાઢ સંબંધ છે, જૈન સમાજના સાચા ઉત્કર્ષ અને શ્રેય પ્રત્યે મારા દિલની સહાનુભૂતિ છે, સત્યનિષ્ઠા તથા શ્રેયનિષ્ઠા એ મારા જાહેરજીવનનાં પ્રેરક બળો છે અને આ ઉપરથી જૈન સમાજને લગતી અનેક બાબતો વિષે મને બોલવાનો અધિકાર છે એમ હું નમ્રપણે માનું છું. બાકીનું શ્રી અમુભાઇને મન પુરતું ન હોય એમ બનવા જોગ છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ઉપર તેઓ ખુબ રોષે ભરાયા લાગે છે. આવા મુઠ્ઠીભર સુધારકોને ફેંકી દેવાનું તેઓ સમાજનોને આહ્વાહન કરે છે. મુંબઇ જૈન યુવક સંઘ અને તે સંઘના સુધારક સભ્યો સંબંધમાં તેમને આટલી કડક નોંધ લેવી પડે છે—એ મુંબઇ જૈન યુવક સંઘની ચરિતાર્થતા પુરવાર કરે છે. મુંબઇ જૈન યુવક સંઘ જ્યાં સુધી પોતે નક્કી કરેલા આદર્શ ઉપર ઉભો છે ત્યાં સુધી તેને જરા પણ આંચ આવવાનો સંભવ છે જ નહિ. સહકાર મુંબઇ જૈન યુવક સંઘ સૌ કોઇનો વાંછે છે. એમ છતાં પણ તે ઉભો છે પોતાના પગ ઉપર, પોતાની સત્યનિષ્ઠા ઉપર. આ સામુદાયિક ઉકળાટમાં મુંબઇ જૈન યુવક સંઘ પોતાના હેતુ અને કાર્યની સફળતા જોઇ રહેલ છે. સામાન્ય માન્યતા એવી છે કે સંઘબહિષ્કારનો જમાનો હવે ગયો છે, પણ સંભવ છે કે આજનો ઉકળાટ જોતાં એ માન્યતા ખોટી પડે. તો તે સંબંધમાં જણાવવાનું કે આવા મુદ્દા ઉપર સંઘબહિષ્કારને મુંબઇ જૈન યુવક સંઘ સદા આવકારે છે. શરમ શરમ અને સંઘબહિષ્કાર કોઇ પણ સુધારકના માર્ગમાં રહેલી સ્વાભાવિક આપત્તિઓ છે.

આ પ્રશ્ન સંબંધમાં શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાય તેમ જ દિગંબર સંપ્રદાયના અનુયાયીઓ સૌ કોઇ પોતાની સાથે છે એવી કલ્પનામાં રાચવાની શ્રી અમુભાઇને સંપૂર્ણ છુટ છે. પણ સ્થાનકવાસી સમાજ પોતાની સાથે છે એવી તેમની માન્યતા કેવળ પાયાવિનાની ભ્રમણા છે. ઉલટું સ્થાનકવાસી બંધુઓ દેવદ્રવ્યનો ઉપયોગ સામાજિક કલ્યાણના કાર્યમાં થતો જોવાને અમો સુધારકો કરતાં પણ વધારે આતુર હોય એવો વધારે સંભવ છે.

છેવટે આ બાબતમાં પોતાનું ધાર્યું નહિ થાય અને સરકાર પોતાને પ્રતિકુળ એવો કોઈ કાયદો કરી બેસશે તો ક્ષત્રીય બનીને પણ જૈન સમાજ એનો સામનો કરશે એમ જ્યારે શ્રી. અમુભાઇ મુંબઇ સરકારને ધમકી આપે છે—ચેલેંજ આપે છે ત્યારે મારી તો મુંબઇ સરકારને વિનંતિ છે કે તેણે હીંમત પૂર્વક આ બાબતમાં જરૂર કાયદો કરવો જ. આમ થવાથી એક સાથે બે લાભ થશે. એક તો સ્થગિત થઇ બેઠેલું માત્ર જૈન મંદિરોનું જ નહિ પણ સર્વે હિંદુ મંદિરોનું લાખોની સંખ્યામાં મપાતું નાણું સમાજ-કલ્યાણના માર્ગે વહેતું થશે અને બીજું જૈન સમાજને ખરેખર અમુક અંશમાં જે ક્ષત્રીયવટની જરૂર છે તે આપોઆપ પેદા થશે. આ તો સહજ જ વિનોદઉક્તિ છે, પણ અહિં એ તો સ્પષ્ટ કહેવું જ જોઇએ કે જૈન જેવી શાણી અને સમજુ પ્રજાને આવી ધાકધમકીના પાણીપ્રયોગો શોભતા નથી. બરફ આ સરકારે એક પણ ઉતાવળીયું પગલું ભરવું ન જોઇએ, ચલુ સામાજિક કે ધાર્મિક જીવનમાં બીનજરૂરી દખલગીરી કરવી ન જોઇએ, સર્વતોમુખી સમાજશ્રેયને લક્ષમાં રાખીને જ તેમ જ સીધાં તથા આડકતરાં સર્વ પરિણામોની પુરી ગણતરી ગણીને સમાજને જેમાં અનેક રીતે લાભ થવાની ખાત્રી હોય એવા જ કાયદાકાનુન આપણી સરકારે હાથ ધરવા જોઇએ. આમ છતાં પણ આવી ધાકધમકી અને ડરામણીથી જે સરકાર બી જાય અને પોતાનાં માર્ગે મક્કમ-પણે ચાલવાની તાકાત દાખવી ન શકે એ સરકાર એક ઘડિભર પણ આ દેશ ઉપર રાજ્ય ચલાવવાની યોગ્યતા ધરાવતી નથી એમ વિચારવામાં બે મત હોઇ ન જ શકે. આપણી સરકાર એવી ડરપોક કે બીરૂ નથી. સુધારકો માટે આપણા સ્થિતિચુસ્ત ભાઇઓ કાવે તેવી ભાષા વાપરે, અને ડરામણી બતાવે તેનો હિસાબ અંદર અંદર સમજી લેવાશે, પણ સરકાર સાથેના વ્યવ-હારમાં આવી રીતની બોલીચાલી અખરે આપણને જ-આખા જૈન સમાજને જ-બખડનાક નીવડવાની છે એ સૌ કોઇએ સમજી લેવું ઘટે છે. આ રીતે આ સભાએ જે દેખાવ અને જૈન સમા-જના ચેકસ વિભાગના માનસનું જે સરૂપ રજુ કર્યું છે તે જૈનોને માટે બીલકુલ શોભાસ્પદ નથી.

ટેન્ડુલકર કમીટી વિષે અમદાવાદ જૈન યુવક સંઘના ઠરાવો

તા. ૬-૭-૪૮ ગુરૂવારના રોજ અમદાવાદના સકળ જૈન સંઘના નામે નગરશેઠના વંડે જૈનોની એક સભાએ જાહેર ટ્રસ્ટ-ફંડોની તપાસ અંગે નીમાયેલી ટેન્ડુલકર કમિટી સામે વિરોધ વ્યકત કર્યો હતો. આ સંબંધી વિચારણા કરવા શ્રી અમદાવાદ જૈન યુવકનો કાર્યવાહક સમિતિ ની એક સભા તા. ૨-૭-૪૮ ને શુક્રવારના રોજ મળી હતી, જે વખતે નીચેના ઠરાવો પસાર કરે-વામાં આવ્યા હતા.

(૧) હિન્દુ તેમ જ જૈન ધાર્મિક ટ્રસ્ટો અને ફંડોના વહિવટ અંગે તપાસ કરવા અને યોગ્ય ભલામણો કરવા જસ્ટીસ શ્રી ટેન્ડુલકરના અધ્યક્ષપદે સરકારે જે કમિટી નીમી છે તેની સાથે અમદાવાદના સકળ જૈન સંઘને નામે બેએક દિવસ પર જે ઠરાવ પસાર કરવામાં આવ્યા છે તે એકતરફી છે. સકલ સંઘની આ

મીટીંગની અગાઉથી જાહેરાત થઇ નથી. જે દિવસ સવારમાં મીટીંગ થવાની હતી તે જ દિવસે સવારમાં સ્થાનિક પત્રોમાં તેના સમાચાર પ્રકટ થયા હતા, જેથી કેઇ આ સભામાં ભાગ લઇ શકે જ નહિ. આવી સભા માટે અઠવાડીઆ પહેલાં જાહેરાત થવી જોઇએ તે પણ થઇ નથી. માત્ર રૂઢીચુસ્ત પક્ષના કેટલક સભ્યોએ "સકળ જૈન સંઘ" ના નામે આ ઠરાવ કરેલ છે. તે તરફ શ્રી ટેન્ડુલકર કમિટીનું અમદાવાદ જૈન યુવક સંઘ ધ્યાન ખેંચે છે અને તેનાથી દોરવાઇ નહિ જવા વિનંતિ કરે છે.

(૨) શ્રી ટેન્ડુલકર કમિટી સમક્ષ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ શેઠે આપેલી જુબાની માત્ર રૂઢીચુસ્ત વર્ગનો પક્ષ જ કરે છે. તેમની જુબાની જોઇ જતાં હરકોઇને લાગશે કે શાસ્ત્રને આધારે તેમણે એકે દલીલ કરી નથી. જૈનો અને હિંદુઓને કેટલીક બાબતોમાં અલગ ગણવાની તેમની માંગણીથી આ યુવક સંઘને દુઃખ થયું છે. અમદાવાદ જૈન યુવક સંઘ જૈન સમાજને હિન્દુ સમાજનો જ એક ભાગ માને છે અને એ માન્યતાને બાધપૂર્વક કમિટી સમક્ષ રજુ કરે છે. શ્રી ટેન્ડુલકર કમિટી સમક્ષ પંડિત શ્રી બેચરદાસ, મુનીશ્રી જિનવિજયજી, શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ, શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે તથા શ્રી ઇન્દુમતી બહેને આપેલી જુબાનીને આ યુવક સંઘ અનુમોદન આપે છે. અને કમિટીને વિનંતિ કરે છે કે આ વીસમી સદીમાં જીવવા છતાં બારમી સદીના મંધ્યયુગી વિચાર ધરાવતા કેટલક વૃધ્ધોના એક સરખા અને એક જ ઢબના વિરોધને લક્ષમાં ન લેતાં સંઘ અને સમાજને ઉપયોગી થાય એવી ભલામણો મુંબઇ સરકારને જરા પણ વિલંબ વિના કરવા ટેન્ડુલકર કમીટીને વિનંતિ કરે છે, અને મુંબઇ સરકારને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે કે આ ભલામણો પરથી ટ્રસ્ટો અને ફંડોને વ્યવસ્થિત કરવા માટે તાત્કાલીક પગલાં ભરે.

નવાં મંદિરો બાંધવા માટે સરકારી પરવાનગી

તા. ૧૩-૬-૪૮ ના 'જૈન' પત્રમાં "શ્રી પરમાનંદભાઇએ ફરીથી વિચારી જોવા જેવી સૂચના" એ મથાળાથી એ પત્રના તંત્રીમહાશયે અગ્રલેખ લખ્યો છે. ટેન્ડુલકર કમીટી સમક્ષ મેં આપેલી જુબાની દરમિયાન અમુક એક પ્રશ્નના ઉત્તરમાં મેં જે કાંઇ જણાવેલું તે મુદ્દાના આ લેખમાં ચર્ચા કરવામાં આવી છે. આ પ્રશ્ન-ઉત્તર નીચે મુજબ છે.

પ્રશ્ન : માત્ર જૈન મંદિરો સંબંધમાં જ નહિ પણ બધાં જ દેવમંદિરો સંબંધમાં અમારી કમીટી આગળ એક એવી સૂચના કરવામાં આવી છે કે જ્યાં મંદિરોની પૂરતી સંખ્યા હોય ત્યાં નવાં મંદિરો ઉભા કરવાની મનાઇ કરવી જોઇએ. તમારો પણ આવો અભિપ્રાય છે ?

ઉત્તર : હું તો એવો કાયદો કરવાની સૂચના કરું કે જેથી કોઇ પણ નવું મંદિર બંધાતાં પહેલાં સરકારની ફરજિયાત પરવાનગી લેવી ન પડે અને સરકાર આ સત્તાનો, હું આશા રાખું છું કે; પુરી સમજણપૂર્વક ઉપયોગ કરશે જ્યાં નવું મંદિર બાંધવાની માંગણી હોય અને તેની ખરેખર જરૂર હોય ત્યાં આવી માંગણીને મંજુરી મળવી જોઇએ."

આ મારી સૂચના વિષે તેઓ જણાવે છે કે "નવા મંદિરો બાંધવા માટે ફરજિયાત રીતે સરકારી પરવાનગી લેવાની આ સૂચના પ્રત્યે રૂઢિચુસ્ત મહાનુભાવોનો તો વિરોધ છે જ, પણ સુધારકો પણ એવી સૂચના પ્રત્યે પોતાનો અણગમો દર્શાવે તો ના નહિ. અમારી દૃષ્ટિએ તો આ સૂચના જૂના કેળવણીના માનસની દ્યોતક છે જ નહિ, એ તો સૌ કોઇના માટે સમાન રીતે વિરોધ કરવા લાયક સૂચના છે. આવી સૂચનાનો અમલ કરવામાં આવે તો અધોગતિના માર્ગે ધસતી આપણી પ્રજાની અધોગતિનો આંક આવી જાય અને તેથી આવી કેઇ પણ સૂચના અંગે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવવાની અમારી સૌ કોઇની ફરજ છે એમ અમને લાગે છે." આમ જણાવીને આજે જે તે બાબતમાં કાયદો કરવાની તેમજ કરાવવાની રાજ્યકર્તાઓને અને પ્રજાજનોને લત લાગી છે અને પરિણામે કાયદો અને કાયદાભંગનું આપણે ત્યાં જે વિષમય ચક્ર ફેલાતું જાય છે તેનાં માઠાં પરિણામો વિષે તેમણે કેટલુંક વિવેચન કર્યું છે અને છેવટે તંત્રીમહાશય બહુ વિનીતભાવે જણાવે છે કે "આશા છે કે શ્રી પરમાનંદભાઇ આ સંબંધી ફરીથી વિચાર કરી જોશે અને તેમણે કરેલ સુચનમાં જો કંઇ વિચારદોષ કે ફેરફાર કરવા જેવું લાગે તો તેનો સ્વીકાર કરીને એ અંગે સત્વર ઘટતું કરશે.'

આ લેખ પાછળ મારા વિષે ઓછો અધો સદ્‌ભાવ અને વિશ્વાસ રહેલો અનુભવું છું કે એ બાબતને લગતો મારા મતનો આગ્રહ છોડી દઉં અને તેમની અપેક્ષા મુજબ આવી સરકારી પરવાનગીને મેં આપેલો ટેકો પાછો ખેંચી લઉં એમ બે ઘડી મન થઇ આવે છે, અને આવો અભિપ્રાય દર્શાવવામાં મેં જરા પણ ઉતાવળ કરી છે એમ જો મને લાગત તો જરૂર હું એ મુજબ જ વર્તત. પણ આ બાબત વિષે ફરી ફરીને વિચાર કરતાં પણ મને મારા અભિપ્રાયમાં જરા પણ ફેરફાર કરવાની જરૂર નથી લાગતી એક બાજુએ આજે અપણાં સંખ્યાબંધ મંદિરો સંભાળના અભાવે, દ્રવ્યના અભાવે, પૂજા કરનારાઓના અભાવે જીર્ણ થતાં અને નાશ પામતા ચાલ્યા છે એમ આપણે પોકાર કરીએ છીએ, એવાં કેટલાંયે સ્થળો આપણી આંખ સામે છે કે જ્યાં એક અથવા બે મંદિરની જરૂર હોય ત્યાં નજીક નજીકમાં પાંચ પાંચ મંદિરો ઉભાં કરવામાં આવેલાં હોય છે. આવી પરિસ્થિતિમાં બીજી બાજુએ જ્યાં જેને જેટલાં મંદિરો ઉભા કરવા હોય ત્યાં તેને તેને તેટલાં મંદિરો ઉભા કરવાની છુટ હોવી જોઇએ એમ કહેવું એનો અર્થ તો એ થયો કે આ બાબતમાં આપણે આપણી વિવેકબુદ્ધિ કશો જ ઉપયોગ કરવા માંગતા નથી. આવી બાબતમાં જૈન સંઘ પણ કશું જ નિયંત્રણ કરવાની સત્તા ધરાવતો નથી. બાજુએ શત્રુંજયતીર્થના ઢગલાબંધ આલીશાન મંદિરો હોવા છતાં શ્રી વિજયનેમિસૂરિએ કદંબગિરિ ઉપર મંદિરો બંધાવવા પાછળ લાખો રૂપીઆનો ખર્ચ કરાવ્યો છે. જૈન સમાજની સંપત્તિનો આવો દુર્વ્યય કરાવવાનો તેમને શું હક હતો એમ તેમને કોઇ પૂછી શકે તેમ છે ? એ જ સૂરિસમ્રાટે તળાજાની નાની ટેકરી ઉપર એક સુંદર વિશાળ મંદિર હતું અને ટોચ ઉપર પણ એક નવું નમણું મંદિર હતું તેથી સંતોષ ન માનતાં બીજું એક મોટું મંદિર ઉભું કરાવ્યું છે. આની શું જરૂર હતી એમ શું કોઇ તેમને પુછી શકે તેમ છે ? કેઇ પણ મંદિર ઉભું થાય એ તે સમાજની એક વધારાની જવાબદારી વધે છે. મુંબઇમાં દિગંબરોની ઘણી જ ઓછી વસતી છે અને તેમના માટે પાયધુની ઉપર, લાલબાગ પાસે તેમ જ અન્યત્ર પુરતાં મંદિરો છે. આમ હોવા છતાં કેઇ એક મારવાડીભાઇ ગેતીના ધંધામાં લાખો રૂપીઆ કમાયા કે એક નવું મંદિર બંધાવવાનો તેમને વિચાર આવ્યો અને કાલબાદેવી રોડ ઉપરના બીચ લત્તામાં છેલ્લા આઠ વર્ષોથી લાખોના ખર્ચે એક નવું મંદિર ચણાઇ રહ્યું છે. જ્યારે પ્રવર્તમાન સમાજ કે સંઘ આ બાબતમાં વિવેક વાપરી શકતો ન હોય તેમ જ નિયંત્રણ દાખવી શકતો ન હોય ત્યારે આવી રીતે વેડફાતાં નાણાં અને જ્યાં ત્યાં ઉભા થતાં બીનજરૂરી મંદિરો ઉપર અંકુશ મૂકાવો જ જોઇએ. જે તે બાબતમાં કાયદો કરવા કે કરાવવાનો હું કશો મોહ ધરાવતો નથી. એમ છતાં જરૂરી બાબતમાં કાયદાને નોતરતાં હું જરા પણ અચકાતો નથી. મંદિર બાંધવામાં વિવેક વાપરવાની જરૂરિયાત આજે તો સૌ કોઇ સ્વીકારે છે. આ સ્વીકારને કાયદાનું સત્તાવાહી સ્વરૂપ મળે એમાં કોઇને કશું નુકસાન થવાનું નથી, એટલું જ નહિ પણ પ્રજાની ઉન્નતિમાં આવો કાયદો મદદરૂપ જ થવાનો છે એવું મારું માનવું છે.

આમ છતાં મંદિરો બાંધવા સંબંધમાં કોઇ પણ સરકારી સત્તાની આડખીલ હોવી ન જોઇએ અને દરેક ધર્મ, સંપ્રદાય યા વર્ગને આ બાબતમાં પુરી છુટ હોવી જોઇએ એવો પણ એક અભિપ્રાય હોઇ શકે છે એ હું સમજી શકું છું. હું જે નથી સમજી શકતો તે તે આ છે. તેઓ જણાવે છે કે, "મારી સૂચનાનો અમલ કરવામાં આવે તો અધોગતિના માર્ગે ધસતી આપણી પ્રજાની અધોગતિનો આંક આવી જાય." પહેલાં તો આપણી સમાજ ખરેખર અધોગતિના માર્ગે ધસી રહી છે એ સ્વીકારવાને હું તૈયાર નથી. બીજું મારી સૂચનાના પરિણામે ઘરો કે પાંચ પચાસ મંદિરો ઓછા બંધાયાં તો તેમ થવાથી 'આપણી સમાજની અધોગતિનો આંક આવી જાય'—આની સંભાવના માટે મને કોઇ પણ શોધ્યો આધાર જડતો નથી. ધાર્મિક બાબતો વિષેના મતભેદો કોઇ એવા વિચિત્ર છે કે તેનો વિચાર અને ચર્ચા કરતાં આપણે આપણી તુલનાબુદ્ધિ જાળવી શકતા નથી અને પોતાને અનુકુળ વિચાર પ્રમાણે અમલ થતાં સમાજ ઉત્કર્ષની ઉત્કૃષ્ટતમ કોટિએ પહોંચી જશે અને પોતાને પ્રતિકુળ વિચાર મુજબ અમલ થતાં સર્વનાશ આવીને ઉભો રહેશે આમ વિચારવાની અને જે તે બાબતમાં આવી અંતિમ કોટિની પ્રરૂપણા કરવાની આપણને ટેવ પડી ગયેલી માલુમ પડે છે. ઉપરની અભ્યુક્તિમાં પણ મને આવા જ કોઇ માનસિક વળણનું દર્શન થાય છે એમ કહું તો જૈન પત્રના તંત્રીમહાશય મને માફ કરશે.

સૌરાષ્ટ્ર સરકાર પ્રત્યે જૈન સમાજ શી રીતે કૃતજ્ઞતા દાખવશે ?

સોરાષ્ટ્ર સરકારે શત્રુંજયનો કરવેરો હંમેશાને માટે માફ કર્યો તે માટે ચારે બાજુએથી જૈન સમાજે અભિનન્દન અને ધન્યવાદના તારો કર્યા અને આટલી શીઘ્રતાથી આ કાર્ય કરવામાં આવ્યું તે કારણે જૈન સમાજના આનંદનો પાર ન રહ્યો. સૌરાષ્ટ્ર સરકારના આ પગલાની વિશેષતા તો એમાં છે કે આવું સ્તુત્ય પગલું ભરવા માટે સૌરાષ્ટ્ર સરકારે નથી કોઇ વાટાઘાટોની આંટીઘુંટી ઉભી કરી કે આના બદલામાં જૈન સમાજ હિંદુસ્તાનની પ્રજાને શું લાભ આપશે એવી નથી કોઇ અપેક્ષા દાખવી કે સેદાની રીત અખત્યાર કરી. હવે જ્યારે સૌરાષ્ટ્ર સરકારે સરળપણે અને સીધી રીતે ઉદ્ધાર દિલથી જૈન સમાજને અત્યન્ત ડંખતા એવા આ મુંડકાવેરામાંથી મુક્તિનું દાન કર્યું છે ત્યારે તેના બદલામાં જૈન સમાજે કાંઇક પણ સંગીન કાર્ય કરી બતાવવું જોઇએ અને એ રીતે પોતાની કૃતજ્ઞતા પુરવાર કરવી જોઇએ. આ હેતુથી નમ્રભાવે નીચેની સૂચના કરવાની રજા લઉં છું.

આજથી કેટલાંક વર્ષો ઉપર જૈન સમાજ ઉપર જ્યારે મુંડકાવેરાના બદલામાં વાર્ષિક રૂ. ૬૦૦૦૦ નું ભરણું લાદવામાં આવ્યું હતું ત્યારે તે ભરણાને પહોંચી વળવા માટે શેઠ આણંદજી કલ્યાણજી તરફથી એક ફંડ ખોલવામાં આવ્યું હતું અને તેમાં આશરે બાર લાખ રૂપીઆ એકઠા થયા હતા, જેના રોકાણમાંથી પ્રસ્તુત રૂ. ૬૦૦૦૦ ભરવામાં આવતા હતા. હવે આ રૂ. ૬૦૦૦૦ ની જવાબદારીમાંથી શેઠ આણંદજી કલ્યાણજી મુક્ત થયેલ છે. અને એ બાર લાખ રૂપીઆ આજે પણ એમના એમ અનામત પડેલા હોવા જોઇએ. પાલીતાણા રાજ્ય હવે વિસર્જન થયું છે; પાલીતાણા ઠકોર સાથેના આપણા ચોકકસ પ્રકારના સંબંધનો અન્ત આવ્યો છે. હવે આપણે કોઇ પણ યાત્રાળુકર શત્રુંજય તીર્થના સંબંધમાં ઉભા થવા સંભવ નથી. તો પછી આ બાર લાખની રકમનો શો ઉપયોગ? આજે જુનાગઢ નવાબની નવાબીમાંથી અને પાલીતાણા ઠકોરની હકુમતમાંથી આપણાં બને તીર્થો મુક્ત થયેલ છે અને આપણે સૌ મુક્ત મને જાણે કે પોતાની જ હકુમતના પ્રદેશમાં વિચરતા હોઇએ એ રીતે ગીરનાર તેમ શત્રુંજયના તીર્થોમાં ફરી શકીએ છીએ, વિચરી શકીએ છીએ. જૈન સમાજના ઇતિહાસમાં આ એક અપૂર્વ પ્રસંગ છે. આવી મહાન લાભપ્રાપ્તિ બદલ દિલની કદરદાની અને કૃતજ્ઞતા દાખવવાનો એક જ માર્ગ છે કે જૈન સમાજે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સૌરાષ્ટ્રના સમગ્ર પ્રજાજનોના લાભાર્થે કોઇ પણ યોજના નકકી કરીને ઉપર જણાવેલ બાર લાખની રકમ સૌરાષ્ટ્ર સરકારને ચરણે ધરવા આદેશ આપવો જોઇએ. આ યોજના શિક્ષણ વિષયક હોય, વૈદ્યકીય રાહતને લગતી હોય, હરિજન ઉદ્ધારની હોય, કોઇ પુરાતત્વ સંશોધન મંદિર ઉભું કરવાને લગતી હોય. ઉભય પક્ષને અનુકુળ પડે તેવી કોઇ પણ લોકકલ્યાણસાધક યોજના સાથે આ બાર લાખની રકમ સાંકળી દેવી જોઇએ. આવી જ્યારે હું સૂચના કરૂ છું ત્યારે એવો સુર ઉઠતો હું કલ્પી શકું છું કે આ નાણાં જૈનોનાં છે અને માત્ર જૈનોના માટે જ આ નાણાં ખરચાવાં જોઇએ. આ પ્રશ્ન પરત્વે આમ બોલવું કે વિચારવું જૈન સમાજને શોભતું નથી. આવડી મોટી આવરદાનું સાધન અને તે વર્ષોની પરંપરાથી સ્થિરમૂળ બનેલું—છોડી દેવામાં સૌરાષ્ટ્ર સરકારે કેવળ બેવકુફી બતાવી છે. એવી જ બેવકુફી જૈન સમાજે અને આણંદજી કલ્યાણજીની પેઢીએ દાખવવી ઘટે છે. આમ કરવાથી સૌરાષ્ટ્રની પ્રજા જૈન સમાજ વિષે એટલી જ અહોભાવની બની રહેશે. 'शुभस्य शिघ्रम्' એ ન્યાયે આ સૂચનાને બને તેટલો વેગ આપવા જૈન સમાજને અને શેઠ આણંદજી કલ્યાણજીના પ્રમુખ શ્રી. કસ્તુરભાઇ લાલભાઇને ધ્યાનમાં લેવા સાદર વિનંતિ છે.

ગોડીજીના મંદિરના પુનરૂદ્ધાર માટે રૂપીઆ તેર લાખનું બજેટ !

મુંબઇ બાદે પાયધુની ઉપર શ્વેતાંબર સંપ્રદાયના પાંચ જ મંદિરો છે. આ દરેક મંદિરની પેઢી બહુ સારી મુડી ધરાવે છે અને તેમાં દર વર્ષે આવક પણ બહુ સારી થાય છે. આ મંદિરોમાંના એક શ્રી ગોડી પાર્શ્વનાથના મંદિરની સર્વતોમુખી નવરચના કરવા માટે એ મંદિરના ટ્રસ્ટીઓએ રૂા. ૧૩૦૦૦૦૦ નું બજેટ નકકી કર્યું છે એમ જાણવા મળ્યું છે. આવી જ રીતે નજીકમાં આવેલ શ્રી શાન્તિનાથજીના મંદિરનો પણ પુનરૂદ્ધાર કરવાની વાત ચાલે છે. એમ પણ જાણવા મળે છે કે ગોડીજીનું મંદિર પાયામાંથી સમારકામ માંગે છે અને અત્યારે આમ ચલાવવામાં જાનમાલનું જોખમ રહેલું છે. આવા પાયાના સમારકામ માટે બહુ બહુ તો બે લાખ, ત્રણ લાખ, ચાર લાખ રૂપીઆના ખર્ચની જરૂર ગણાય. પણ તેર લાખ રૂપીઆનું બજેટ શાને માટે? વાત તો એમ છે કે પાસે ઢગલાબંધ નાણું પડયું છે, મંદિરના ટ્રસ્ટીઓને ટેન્ડુલકર કમીટી નડવાની રહી છે, આ નાણામાંથી કશા પણ લોકોપયોગી કાર્યનો વિચાર તો સર્વથા બહિષ્કૃત છે, દૂર નજીકનાં અનેક મંદિરો મરામત માંગી રહ્યા છે, પણ જેમ ગરીબોની જરૂરિયાત નજર આગળ આંખો ફાડતી હોવા છતાં જેને કોઇ ધનાઢય શ્રીમાન પોતાના સાધારણ નિવાસસ્થાનને એક ભવ્ય રાજમહેલમાં પલટાવતાં જરા પણ અચકાતો નથી એવી જ રીતે આપણા મંદિરમાં કેટલુંક નવેસરનું કામ કરવાનું છે તો સાથે સાથે આપણા પોતાના મંદિરને વધારે ભવ્ય, રોણકદાર કાં ન કરવું—આ જ ભાવના પ્રસ્તુત મંદિરના ટ્રસ્ટીઓને નવા પ્રકારની વિચારણા તરફ આકર્ષી રહી છે. મંદિરનાં વધારાનાં નાણાંનો આજના વખતે કે જ્યારે સમાજનો મોટો ભાગ કેમ ટકવું અને કેમ જીવવું એની વીમાસણમાં જ રાત્રી અને દિવસ પસાર કરી રહ્યો છે ત્યારે આ શું બાબતથી સદુપયોગ લેખાશે? જો વધારાનાં નાણાં આમ જ વેડફાઇ શકાતા હોય અને તેનો બીજો કોઇ પણ ઉપયોગ વિચારવા સામે તાળુ લગાવવામાં આવ્યું હોય તો તો પછી આ દેવદ્રવ્યને આઝાદી અપાવવા માટે અને લોકોપયોગી કાર્ય તરફ તેને વાળવા માટે સરકારે દરમિયાનગીરી કરવી જ રહી. હજુ પણ મંદિરના ટ્રસ્ટીઓ ચેતે, વખતને ઓળખે, અને લોકોની ભીડને પહોંચી વળવાના કોઇ માર્ગને વિચારતા થાય તો સારૂં!

પરમાનંદ.

સંઘ સમાચાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના બંધારણમાં કરવામાં આવેલા કેટલાક ફેરફારો

તા. ૧૧-૭-૪૮ રવિવારના રોજ કાલબાદેવી રોડ ઉપર આવેલ દહેણુકર બીલ્ડીંગમાં બોર્ડે સીલ્ક મરચન્ટ્સ એસોસીએશનના હોલમાં શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ તરફથી ભલામણ કરવામાં આવેલ સંઘના બંધારણને લગતા કેટલાક સુધારાઓ વિષે વિચાર કરી નિર્ણય કરવા માટે સંઘની અસાધારણ સામાન્ય સભા મળી હતી અને તે સભાએ સર્વાનુમતે પસાર કરેલા સુધારાઓ નીચે મુજબ હતા :—

(૧) બંધારણની કલમ ૩ નો શરૂઆતનો ભાગ નીચે મુજબ હતો.

"આ યુવક સંઘમાં ત્રણે વિભાગના જૈન યુવકોને જોડાવાનો અને કાર્ય કરવાનો સમાન અને સંપૂર્ણ અવકાશ આપવામાં આવે છે અને ત્રણેય વિભાગના વ્યક્તિગત તેમજ સર્વસામાન્ય પ્રશ્નોને–ઉપર જણાવેલ ધ્યેય અને નિર્દિષ્ટ કાર્યપ્રદેશ અનુસાર–હાથ ધરવાનો આ યુવક સંઘ મનોરથ સેવે છે. આ કાર્ય માટે જૈન સમાજના ત્રણ વિભાગો વચ્ચે રહેલા મુખ્ય માન્યતાભેદો સંબંધમાં આ યુવક સંઘ નીચે મુજબના અભિપ્રાયોને અનુસરીને પોતાની સર્વ પ્રવૃત્તિઓ ચલાવશે."

આ કલમ નીચે મુજબ સુધારવામાં આવી છે.

"આ યુવક સંઘમાં જૈન સમાજના સર્વ વિભાગના યુવકોને જોડાવાનો અને કાર્ય કરવાનો સમાન અને સંપૂર્ણ અવકાશ આપવામાં આવે છે અને દરેક વિભાગના વ્યક્તિગત તેમ જ સર્વસામાન્ય પ્રશ્નોને–ઉપર જણાવેલ ધ્યેય અને નિર્દિષ્ટ કાર્યપ્રદેશ અનુસાર–હાથ ધરવાનો આ યુવક સંઘ મનોરથ સેવે છે. આ કાર્ય માટે જૈન સમાજના ભિન્ન ભિન્ન વિભાગો વચ્ચે રહેલા માન્યતાભેદો સંબંધમાં આ યુવક સંઘ નીચે મુજબના અભિપ્રાયોને અનુસરીને પોતાની સર્વ પ્રવૃત્તિઓ ચલાવશે."

(૨) બંધારણની કલમ ૪ (૧) નીચે મુજબ હતી.

"દરેક સભ્ય રાષ્ટ્રિય મહાસભાનો સભ્ય હોવો જ જોઇએ. (અપવાદ:—જે સભ્ય ઉંમરના વાંધને લીધે રાષ્ટ્રિય મહાસભાનો સભ્ય થઇ શકે તેમ ન હોય તેને આ નિયમ લાગુ પડશે નહિ.)

આ કલમ ૪ (૧) રદ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૩) બંધારણની કલમ ૪ (૭) નીચે મુજબ હતી.

"દેવદ્રવ્યના નામે થતી આવકનો જનકલ્યાણના કાર્યમાં ઉપયોગ થવાનો પ્રબંધ થયો ન હોય એવા મંદિરોની આવકમાં ધી બોલીને તથા તેના ફંડફાળામાં પૈસા ભરીને આ સંઘનો સભ્ય વધારો કરશે નહિ."

આ કલમમાં નીચે મુજબ ઉમેરવાનું ઠરાવવામાં આવ્યું છે.

અપવાદ :—દર્શન કરવા જતાં અને કૌટુંબિક મરણ જેવા પ્રસંગે કંઈ ને કંઈ નાણું મંદિરમાં ધરવાની વ્યાપક આદત આપણા સમાજમાં છે. તેવા પ્રસંગો પુરતો ઉપરનો નિયમ સંઘના સભ્યોને બંધનકર્તા ગણાશે નહિ.

(૪) બંધારણની કલમ ૬ (ધ) માં નીચેનો શરૂઆતનો ભાગ રાખવાનું અને ત્યાર પછીનો બાકી રહેતો ભાગ રદ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

"નવા વર્ષ માટે નીચે મુજબ સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના સભ્યોની ચુંટણી કરવામાં આવશે.

(૧) પ્રમુખ, (૨) ઉપપ્રમુખ, (૩) બે મંત્રીઓ, (૪) કોષાધ્યક્ષ, (૫) કાર્યવાહક સમિતિ માટે પંદર સભ્યો."

આ સુધારાના પરિણામે સંઘના પ્રમુખ એક વિભાગના અને ઉપપ્રમુખ અન્ય વિભાગના તથા બે મંત્રીઓ અન્ય અન્ય વિભાગના હોવા જોઇએ અને કાર્યવાહક સમિતિના ૬૫ સભ્યોમાં ઓછામાં ઓછા ચાર સભ્યો શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના, ચાર સભ્યો સ્થાનકવાસી વિભાગના, એક સભ્ય દિગંબર વિભાગનો અને ઓછામાં ઓછી ચાર બહેનો ચુંટાવી જોઇએ આવો પ્રતિબંધ દૂર કરવામાં આવ્યો છે અને કાર્યવાહક સમિતિમાં તેમ જ સંઘના અધિકારસ્થાન ઉપર કોને નિયુક્ત કરવા એ બાબત સંઘના સભ્યોની સ્વતંત્ર મરજી ઉપર છોડવામાં આવ્યું છે.

(૫) બંધારણની કલમ ૧૬ મુજબ નવી ચુંટાયલી કાર્યવાહક સમિતિને જરૂર મુજબ પોતામાં વધારેમાં વધારે ત્રણ સભ્યો ઉમેરવાની સત્તા હતી ત્યાં ત્રણને બદલે પાંચ સભ્યો સુધી ઉમેરવાની સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું છે.

આ બંધારણીય સુધારાઓ વિષે થોડોક ખુલાસો કરવાની જરૂર છે. પહેલો સુધારો મોટા ભાગે શાબ્દિક છે. સંઘનું બંધારણ જૈન સમાજના ત્રણ વિભાગનો જ્યારે ઉલ્લેખ કરે છે ત્યારે જાણે કે એ ઉપરાંતના તેરાપંથી તેમ જ અન્ય વિભાગોની બંધારણ ઉપેક્ષા કરે છે અને બંધારણ મુજબ કલ્પાયલી જૈન સમાજની એકતા જાણે કે માત્ર ત્રણ વિભાગ પુરતી જ છે એવી ભ્રાન્તિ કોઇ ન સેવે એ હેતુથી આ સુધારો કરવામાં આવ્યો છે.

બીજો સુધારો સંઘના દરેક સભ્યે કોંગ્રેસના સભ્ય થવું જ જોઇએ એ શિસ્તનિયમને રદ કરે છે. જ્યાં સુધી દેશને આઝાદી પ્રાપ્ત થઇ નહોતી ત્યાં સુધી દેશની આઝાદીના પ્રશ્નને સૌથી પ્રથમ સ્થાન આપવાના હેતુથી આ નિયમ કરવામાં આવ્યો હતો, કારણ કે આ દેશમાં કોંગ્રેસમાં જ આઝાદીની આખી લડત પહેલેથી છેલ્લે સુધી કેન્દ્રીભૂત થઇ હતી અને જે કોઇ આઝાદીનો ઉપાસક હોય તેને માટે એ ઉપાસનાના બાહ્ય ચિહ્ન તરીકે ઓછા માં ઓછું કોંગ્રેસના સભ્ય બનવાનું અતિ આવશ્યક હતું. હવે આઝાદી પ્રાપ્ત થઇ છે. તેથી આવો નિયમ દરેક સભ્ય માટે ફરજિયાત હોવાની જરૂર નહિ લાગવાથી રદ કરવાનું યોગ્ય વિચારાયું છે. આમ છતાં પણ મુંબઇ જૈન યુવક સંઘની નીતિ કોંગ્રેસને જ સર્વ પ્રકારે સમર્થક રહેશે. આ વસ્તુસ્થિતિ બંધારણમાં રહેલા નિયમ (૩) પરથી સ્પષ્ટ થાય છે. આ નિયમ નીચે મુજબ છે.

'રાજકીય બાબતો પરત્વે સંપૂર્ણ સ્વાતંત્ર્યના ધ્યેયને આ યુવક સંઘ સ્વીકારતો હોઇને તે દિશાએ કાર્ય કરતી અને અહિંસા અને સત્યના માર્ગે પ્રજાજીવનનું નિયમન કરતી રાષ્ટ્રીય મહાસભાના વિવિધ કાર્યક્રમને આ યુવક સંઘ અને તેટલો સક્રિય ટેકો આપશે."

ત્રીજો સુધારો દ્રવ્યને લગતા શિસ્ત નિયમમાં એક અપવાદ દાખલ કરવાને લગતો છે. કોઇ પણ દેરામંદિરમાં દાખલ થતાં મૂર્તિ સનમુખ પૈસો એ પૈસા–આનો એ આના ધરવાની પ્રથા આપણે ત્યાં કંઇ કાળથી ચાલી આવે છે. આમ કરીને એ મંદિરની આવકમાં વધારો કરવો એવો કોઇ ખાસ આશય આપણા મનમાં નથી હોતો, પણ આ એક પ્રકારની સભ્યતા છે એવા ખ્યાલથી આવી આદત આપણામાં કંઇ કાળથી કેળવાયલી હોય છે. આ ઉપરાંત કુટુંબમાં મૃત્યુ પ્રસંગે દેવપૂજનની અમુક પૂજનસામગ્રી ધરવાની અથવા તો તે નિમિત્તે કુટુંબ તરફથી કંઇક નાણું ધરવાની પણ પ્રથા આપણામાં કંઇ કાળથી સુપ્રતિષ્ઠિત છે. કોઇ પણ વ્યક્તિનો આ બાબતમાં અંગત વિરોધ હોવા છતાં આ પ્રસંગે અખા કુટુંબનો હોઇને ઉપર પ્રમાણે બને છે. અને એક બાબત અત્યન્ત નજીવી અને બીજી બાબત અત્યંત નાજુક લેખીને આ બન્ને બાબતમાં દેવદ્રવ્યને લગતાં

નિયમમાં અપવાદ કરવાની સંઘને આવશ્યકતા લાગી છે. આ સુધારણાનો હેતુ દ્રવ્યના નિયમને જરા પણ ઢીલો કરવાનો નથી પણ જરૂરી અપવાદ સ્વીકારીને બાકી રહેલી બધી બાબતોમાં તે નિયમના અનુપાલનને પુરેપુરો સખ્ત બનાવવાનો છે.

ચોથો સુધારો મંજુર કરીને શ્રી મુંબઇ જૈન યુવક સંઘ એક અતિ મહત્વનું પગલું ભરે છે. મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો પ્રારંભના વર્ષોમાં એક બે અપવાદ સિવાય શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિભાગના જ હતી. મુંબઇ જૈન યુવક સંઘના બંધારણનું આજથી દશેક વર્ષ પહેલાં નવું સંસ્કરણ થયું અને જૈન સમાજના ત્રણે વિભાગના ભાઇ બહેનો માટે સંઘના દ્વાર ખુલ્લાં મુકાયાં અને પરિણામે અન્ય વિભાગના બંધુઓ સંઘમાં દાખલ થવા લાગ્યા. બહેનો પણ સંઘમાં જોડાવા લાગી. પણ એ સંખ્યા શરૂઆતમાં નાની હતી. આમ છતાં પણ સંઘની કાર્યવાહક સમિતિમાં દરેક વિભાગના સભ્યોનું તેમ જ બહેનોનું જરૂરી પ્રમાણ આવવું જ જોઇએ એ હેતુથી ચુંટણી સંબંધે કેટલીક મર્યાદાઓ મૂકવામાં આવી હતી. આજે હવે બહેનો તેમજ સ્થાનકવાસી ભાઇઓ સંઘમાં ઠીક ઠીક સંખ્યામાં જોડાયા છે અને સભ્યોના દિલમાંથી આ ભેદભાવ લગભગ નષ્ટપ્રાય થયો છે. આ પરિસ્થિતિ ધ્યાનમાં લઇને અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના સભ્યોની ચુંટણીને સર્વ પ્રકારના બંધનોમાંથી મુક્ત કરવામાં આવી છે.

આમ છતાં પણ કાર્યવાહક સમિતિની ચુંટણીમાં ભિન્ન ભિન્ન વિભાગનું જરૂરી પ્રમાણ કદાચ ન આવે તો તે જરૂરી પ્રમાણ સાધવામાં અનુકુળતા રહે એ હેતુથી કાર્યવાહક સમિતિને વાર્ષિક ચુંટણી બાદ પોતામાં જરૂર મુજબ ત્રણ સભ્યો ઉમેરવાની સત્તા હતી તે વધારીને પાંચ સભ્યોની કરવામાં આવી છે.

દ્રવ્યના ઉપયોગ વિષે ઠરાવ

ટેન્ડુલકર કમીટીએ ઉપસ્થિત કરેલા મંદિરના વધારાનાં નાણાંના ઉપયોગના પ્રશ્ન વિષે જૈન સમાજમાં જે ક્ષુબ્ધ વાતાવરણ પેદા થયું છે તેના અનુસંધાનમાં દ્રવ્યના ઉપયોગ પરત્વે તા. ૧૩–૭–૪૮ મંગળવારના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ પોતાની નીતિ અને અભિપ્રાય સ્પષ્ટ કરતા નીચે મુજબના ત્રણ ઠરાવો પસાર કર્યા છે.

(૧) દ્રવ્યદ્રવ્ય સંબંધે મુંબઇ જૈન યુવક સંઘની નીતિનું આ સભા ફરીથી સંપૂર્ણ સમર્થન કરે છે.

(શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની આ સંબંધે શું નીતિ છે તે સંબંધે સંઘના સભ્યો તેમ જ પ્રબુદ્ધ જૈનના વાંચકોને સ્પષ્ટ ખ્યાલ આવે તે હેતુથી સંઘના બંધારણમાંની પ્રસ્તુત કલમો અહિં અવતરિત કરવામાં આવે છે:—

(ક) આજે ચાલી રહેલી મૂર્તિપૂજા પાછળના વહેમો અને ખોટી માન્યતાઓ દૂર થાવી જોઇએ.

(ખ) મૂર્તિને શણગારવાની અને આંગીઆભૂષણ ચઢાવવાની પ્રથા જૈન મૂર્તિપૂજાની કલ્પના અને આદર્શ સાથે બંધબેસતી નહિ હોવાથી તે પ્રથાનો સર્વત્ર નિષેધ થવો જોઇએ.

(ગ) બીનજરૂરી નવાં મંદિરો બંધાવવા પાછળ તેમ જ ચાલુ મંદિરોમાં બીનજરૂરી શોભા શણગાર પાછળ થતો દ્રવ્યનો પુષ્કળ વ્યય બંધ થવો જોઇએ.

(ઘ) મંદિરોને સાદી રીતે નિભાવતાં બચતી આવકનો તેમ જ એકત્ર થયેલી મુડીનો જનકલ્યાણનાં કાર્યોમાં ચાલુ ઉપયોગ થવો જોઇએ.

(ઙ) દ્રવ્યદ્રવ્યના નામે થતી આવકનો જનકલ્યાણના કાર્યમાં ઉપયોગ કરવાનો પ્રબંધ થયો ન હોય એવાં મંદિરોની આવકમાં ઘી ઐલીને કે તેના ફંડફાળામાં પૈસા ભરી આ સંઘનો સભ્ય બધારો કરશે નહિ.

(ચ) જ્યારે કોઇ પણ ધાર્મિક અથવા સામાજિક રૂઢિ કે પ્રણાલિકા દેશ અથવા સમાજના સ્વાસ્થ્ય કે ઉત્કર્ષને બાધક જણાશે ત્યારે તે રૂઢિ કે પ્રણાલિકાના સમર્થનમાં રજુ થતા શાસ્ત્રના ઉલ્લેખોને જરા પણ બંધનકર્તા ગણવામાં આવશે નહિ. આવી બાબતોમાં જરૂર જણાયે સરકારી કાયદાઓ કરાવવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં પણ આ યુવક સંઘ પાછી પાની કરશે નહિ.)

(૨) અમુક માન્યતાઓના કારણે દ્રવ્યદ્રવ્યનો ઉપરની નીતિ મુજબ ઉપયોગ કરવામાં કાયદાની કોઇ આડખીલી હોય તો એવી આડખીલી દૂર થયી જાયએ એમ અમો માનીએ છીએ.

(૩) ઉપર મુજબનો ઉપયોગ કરવાની પુરી અનુકુળતા હોય ત્યાં પણ ટ્રસ્ટીઓ એવો ઉપયોગ ન કરે તો જનકલ્યાણના કાર્યોમાં એવો ઉપયોગ કરવાની કાયદાથી તેમને ફરજ પાડી શકાય એવી અમારી માન્યતા છે.

આ ઠરાવો તેમ જ દ્રવ્યદ્રવ્યના અંગે મુંબઇ જૈન યુવક સંઘની નીતિ–બંનેને યથાર્થપણે સમજી લેવા, તેને મક્કમપણે વળગી રહેવા અને જ્યારે અનેક બાજુઓથી મુંબઇ જૈન યુવક સંઘ ઉપર જૈન સમાજના કેટલાક વર્ગના આક્રમણની શરૂઆત થઇ રહી છે, ત્યારે સંઘની નીતિ તેમ જ ઉપર જણાવેલા ઠરાવોને પુરેપુરા વફાદાર રહીને સંઘના ધ્યેય તેમ જ પ્રવૃત્તિને બને તેટલો વેગ આપવા સંઘના સર્વ સભ્યોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે. કોઇ પણ સભ્ય આથી અન્યથા વર્તન કરીને સંઘની પ્રતિષ્ઠાને ધક્કો નહિ પહોંચાડે એવી દરેક સભ્ય તરફથી આશા રાખવામાં આવે છે.

સ્વ. ડૉ. વ્રજલાલ મેઘાણી સ્મારક વિષે ઠરાવ

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સ્વ. ડૉ. વ્રજલાલ મેઘાણીના સ્મારક નિમિતે ફંડો એકઠો કરવામાં આવ્યો હતો તેમાં આશરે રૂા. ૨૪૦૦) એકઠા થયા હતા તેમાંથી સંઘના કાર્યાલયમાં મૂકવા માટે એક તૈલચિત્ર તૈયાર કરવામાં આવ્યું હતું જે પાછળ રૂ. ૨૦૦ નો ખર્ચ થયો હતો. આ રીતે બાકી રહેતા રૂ. ૨૨૦૦ માં ડૉ. મેઘાણીની વાર્તાઓ પ્રગટ કરવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી રૂ. ૧૦૦૦ આપવામાં આવ્યા હતા અને તેમાંથી 'આળા હૈયાં' નામનો એક વાર્તાસંગ્રહ સંઘ તરફથી પ્રગટ કરવામાં આવ્યો હતો તે મૂળ રકમ અને પુસ્તક વેચાણનકા ખાતે જે રકમ સંઘમાં જમે પડેલી છે તેમાંથી રૂ. ૩૦૦ ઉમેરતાં કુલ રકમ રૂ. ૨૫૦૦ ડૉ. મેઘાણી જે પ્રકારની માનવતાસ્પર્શી વાર્તાઓ લખતા હતા તેવી વાર્તાઓ લખાવવી અથવા તો આપણા ધર્મ-સાહિત્ય કે પશ્ચિમના સાહિત્યમાંથી તેવી વાર્તાઓ તારવવી અને તેનો અનુવાદ કરાવવો અને એ પ્રકારના લખાણ યા અનુવાદ માટે લેખકોને આ રકમમાંથી પુરસ્કાર આપવો અને આ રીતે ઓછામાં ઓછા પાંચેક દળદાર પુસ્તકો પ્રગટ કરવા એવી સમજુતીપૂર્વક 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ને આપવાનો ઉપર જણાવેલ તા. ૧૩–૭–૪૮ મંગળવારના રોજ મળેલી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ ઠરાવ કર્યો છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

સાધુ–વિવેક

કુસાધુ

વસ્ત્ર રંગાતે મન રંગાતે, કપટ જાલ નિત રચને હૈં,
'હાથ સુમરની, પેટ કતરની', પર – ધન – વનિતા તકતે હૈં;
આપા – પરકી ખબર નહીં, પરમાર્થિક બાતેં કરતે હૈ,
ઐસે ઠગિયા સાધુ જગતકી, ગલી ગલીમેં ફિરતે હૈ.

સાધુ

રાગદ્વેષ જિનકે નહિ મનમેં, પ્રાયઃ વિપિન વિચરતે હૈં,
ક્રોધ માન માયાદિ તજ કર, પંચ મહાવ્રત ધરતે હૈં;
જ્ઞાન ધ્યાનમેં લીન–ચિત્ત, વિષયોમેં નહીં ભટકતે હૈ,
વે હૈ સંત સાધુ, પુનીત દિતૈષી, તારક જો ખુદ તરતે હૈ.

પંડિત દિલીપસિંહ કાગજી.

શાસ્ત્રાધાર મિમાંસા

(શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળાના કેટલાક લેખોનો એક સંગ્રહ 'સંસાર અને ધર્મ' એ નામથી નવજીવન પ્રકાશન મંદિર તરફથી પ્રગટ થયેલ છે. આ સંગ્રહ અત્યન્ત મનનીય વિચારોથી ભરેલો છે અને દરેક જિજ્ઞાસુ ભાઇબહેનોએ ધ્યાન અને મનનપૂર્વક વાંચી જવા યોગ્ય છે. દેવદ્રવ્યની આજે ચાલતી ચર્ચામાં શાસ્ત્રાધારને કેવું અને કેટલું વજન આપવું જોઇએ–એ બાબતમાં માર્ગદર્શક નીવડશે એમ સમજીને એ સંગ્રહમાંથી નીચેના બે લેખને 'શાસ્ત્રદૃષ્ટિની મર્યાદા' અને 'શાસ્ત્રવિવેક' સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. **પરમાનંદ**)

શાસ્ત્રદૃષ્ટિની મર્યાદા

મેં 'વ્યવહારૂ અહિંસા' શીર્ષક મારી લેખમાળામાં એમ લખ્યું હતું કે "દુનિયાના બધા દેશો અને ધર્મોમાં 'ભદ્ર' અને 'સંત' એવી બે બુનિયાદી સંસ્કૃતિઓ પ્રાચીનકાળથી ચલી આવેલી છે. આપણો દેશ પણ એ બાબતમાં અપવાદરૂપ નથી." ભદ્ર શબ્દ કોઇ ભાષામાં અનાદરસૂચક નથી એવો મને ખ્યાલ છે. જે સંસ્કૃતિનો ભદ્ર નામથી મેં પરિચય કરાવ્યો છે એને માટે મારા મનમાં અનાદર નથી, અને એ પ્રગટ કરવા માટે જ મેં એને ભદ્ર કહેલી છે. ભદ્ર સંસ્કૃતિએ પણ માનવસમાજમાં ઘણાં મોટાં મોટાં કામો કરેલાં છે એ વાતો મેં મારી લેખમાળામાં કબુલ કરેલી છે. છતાં ભદ્ર સંસ્કૃતિની એક મર્યાદા છે, જેનાથી ઉપર તે જઇ શકતી નથી. જો તે એ મર્યાદાથી ઉપર જાય તો સંત સંસ્કૃતિમાં પરિણામ પામે. ભદ્ર સંસ્કૃતિથી જે ઉપર જાય છે તે સંત છે.

મારા આ કથન પર 'સિદ્ધાન્ત' સાપ્તદ્વિકના (૧૦ જુન, ૧૯૪૧ ના અંકમાં) વિદ્વાન સંપાદકે મુકેલી બતવી છે. તેઓ લખે છે કે "જેને બે બુનિયાદી સંસ્કૃતિઓ બતાવવામાં આવી છે તે ખરેખર પરસ્પરવિરોધી નથી. એ બેનું મૂળ, એ બેનો આધાર, એક જ છે અને એ છે ધર્મશાસ્ત્ર."

દુનિયાના બધા ધર્મોના શાસ્ત્રીઓના અભિપ્રાય પ્રમાણે દરેકને પોતાનું ધર્મશાસ્ત્ર જ પરમ અને અંતિમ પ્રમાણ હોય છે. **'नामूलं लिख्यते किञ्चित्'** એ તેમની પ્રતિજ્ઞા હોય છે. એટલે એમનો એ આગ્રહ હોય છે કે કોઇ પણ વસ્તુને ઉચિત કે અનુચિત ઠરાવવા માટે પોતાના ધર્મશાસ્ત્રમાંથી કોઇ ને કોઇ પ્રમાણ શોધી કાઢવું જોઇએ. જો એવો આધાર ન મળે તો એ વસ્તુ માન્ય ન થઇ શકે, પછી ભલે તે ગમે તેટલી બુદ્ધિ અને હૃદયથી ગ્રાહ્ય હોય.

પરંતુ એવી પરિસ્થિતિમાં બુદ્ધિ પોતાની હાર ક્યારે ય કબુલ રાખતી નથી; તે કોઇ ને કોઇ રસ્તો કાઢવાની ફિકરમાં રહે છે. શાસ્ત્રથી જકડાયેલી બુદ્ધિ એનું બંધન તોડીને આગળ વધવાની હિંમત કરતી નથી, પરંતુ શાસ્ત્રવચનોનાં નવાં નવાં ભાષ્ય લખવાની હિંમત તે કરી લે છે. તે કોઇ ને કોઇ રીતે જૂનાં વાક્યોમાંથી પોતાને અનુકૂળ નવા અર્થ કાઢી લે છે અને પછી એમ પ્રતિપાદન કરે છે કે તે વસ્તુ શાસ્ત્રસંમત જ છે.

આ પ્રમાણે તે જ શ્રુતિવચનો અને સ્મૃતિવચનો નિરીશ્વરવાદી સાંખ્યો તથા અદ્વૈત, દ્વૈત અને વિશિષ્ટાદ્વૈત વેદાંતીઓ અને મીમાંસકો માટે આધારભૂત બને છે. અસ્પૃશ્યતા-સ્વીકાર અને નિવારણ બંને મતોના વિદ્વાન શાસ્ત્રીઓ માટે એ જ શ્રુતિ-સ્મૃતિઓ પ્રમાણભૂત થાય છે. યાવજ્જીવન વૈધવ્ય અને વિધવાવિવાહ, કયમ-વિવાહ અને છૂટાછેડા, માંસાહાર અને માંસનિષેધ, પશુયજ્ઞ અને ઔષધિયજ્ઞ વગેરે પરસ્પર વિરોધી વિચાર ધરાવનાર શાસ્ત્રીઓ ધર્મશાસ્ત્રના આધારે જ પોતપોતાના મતોનું સમર્થન કરે છે.

આ વાત કેવળ આપણા જ દેશમાં થઇ કે ફક્ત હિંદુધર્મનાં જ બને છે એમ કોઇ ન સમજે. કુરાન અથવા બાયબલમાં માનનારા શાસ્ત્રીઓની પણ આ જ રીત છે. બાઇબલનો હવાલો આપીને ગુલામીની પ્રથાનું સમર્થન અને વિરોધ કરનારા મોટા મોટા પાદરીઓ હતા. કોઇ મૌલવી કુરાનની ઉપરચટ થઇને વિચાર દર્શાવવાની હિંમત કેમ કરી શકે? એવી સ્થિતિમાં જો કોઇ વાતનું સમર્થન અથવા ખંડન કરવું હોય તો કુરાન વગેરે ધર્મશાસ્ત્રોનાં વચનોની પોતાને અનુકૂળ વ્યાખ્યા કરીને જ કરી શકાય.

આ વિચારધારાને માનનારા ધર્મશાસ્ત્રીની દૃષ્ટિમાં કોઇ વ્યક્તિને ફક્ત એટલા માટે સંત માનવામાં નથી આવતો કે તેણે તેને પોતાના અનુભવથી ઘણો જ ભલો જાણ્યો છે; પરંતુ એટલા માટે કે એવા પુરૂષને સંત માનવા માટે ધર્મશાસ્ત્રમાં પ્રમાણ મોજુદ છે. પરિણામ એ આવે છે કે વૈદિક ધર્મના શાસ્ત્રીઓમાં એક જૈન મહાત્મા સંત નથી થઇ શકતો, કેમ કે તે નાસ્તિક છે. એ પ્રમાણે વેદધર્મમાં ઉછરેલી એક વ્યક્તિ ગમે તેવા સાધુસ્વભાવની હોય, જૈન દૃષ્ટિમાં તે સંત નથી બની શકતી, કેમ કે તે મિથ્યા-દૃષ્ટિમાં ઉછરેલી છે. અને કોઇ હિંદુ મહાત્મા ઇસ્લામ યા ઇસાઇ ધર્મની દૃષ્ટિમાં સત્પુરૂષ નથી થઇ શકતો, કેમ કે તે તેમના પેગંબરોનો અનુયાયી નથી.

જ્યારે શાસ્ત્રોના આશ્રય કરવાની દૃષ્ટિ આટલી હદે પહોંચી જાય છે ત્યારે મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે તેને શાસ્ત્રોમાંથી દૃષ્ટિ મળવાને બદલે ગ્રંથત્વ પ્રાપ્ત થાય છે, જેમ પ્રખર સૂર્યનાં કિરણોની તરફ તાકતા રહેવાથી પ્રાપ્ત થાય છે તેમ. કેટલાય શાસ્ત્રગ્રંથો અવશ્ય ઘણા આદરણીય છે, પણ તે એટલા માટે આદરણીય નથી કે શાસ્ત્રના નામથી તે પ્રસિદ્ધ છે; પરંતુ એટલા માટે કે તે કોઇ ને કોઇ સત્પુરૂષ દ્વારા લખેલા મનાય છે.

આદિ સત્પુરૂષનું નિર્માણ કોઇ શાસ્ત્ર દ્વારા નહોતું થયું, પરંતુ આદિ સત્પુરૂષે જ કોઇ ને કોઇ શાસ્ત્રનું નિર્માણ કરેલું છે. અને દુનિયાના બધા શાસ્ત્રગ્રંથ નાશ પામતા જાય તોયે દુનિયાના સત્પુરૂષો થતા જ રહેશે અને નવાં નવાં શાસ્ત્રોનું નિર્માણ થતું રહેશે. જો કોઇ શાસ્ત્રે કોઇ સત્પુરૂષનું બહુમાન કર્યું હોય અથવા એના વ્યવહારોને માન્ય કર્યા હોય તો એણે તેમ કરીને તે સત્પુરૂષ પર મહેરબાની નથી કરી, પણ પોતાની જ કિંમત વધારી છે.

કોઇ શાસ્ત્રને માનવાવાળી વ્યક્તિ, તે શાસ્ત્રથી મોટી પણ થઇ શકે છે અને નાની પણ. સર જગદીશચંદ્ર બસુ અથવા ચંદ્રશેખર વ્યંકટરામન જેવા કોઇ પ્રથમ શ્રેણીના વૈજ્ઞાનિક, જ્યારે કોઇ બીજા વૈજ્ઞાનિકનો આદર કરે અથવા તેનો હવાલો આપે ત્યારે તે એવી બુદ્ધિથી હવાલો નથી આપતા કે તેઓ એ ગ્રંથમાં લખેલી વાતને એટલા માટે સાચી માને છે કે તે તે ગ્રંથમાં મળે છે, પણ એવી બુદ્ધિથી કે બીજા વૈજ્ઞાનિકોના અનુભવ પણ તેમના પોતાના અનુભવનું સમર્થન કરે છે. પરંતુ જેમને પોતાનો કોઇ અનુભવ નથી એવા વિજ્ઞાનના સામાન્ય પંડિતો કેવળ ગ્રંથના આધારે જ તે વાતને સ્વીકારે છે, અને તેથી તેનું પ્રમાણ આપે છે. આ ધર્મશાસ્ત્રોને યે લાગુ પડે છે. શ્રી જ્ઞાનેશ્વરે અમૃતાનુભવમાં એક જગાએ પોતાનો મત બતાવીને આગળ લખ્યું છે. "અને આ જ શિવગીતા અને ભગવદ્ગીતાનો પણ મત છે; પણ એમ ન માનવું કે શિવ અથવા કૃષ્ણનાં વચનોના આધાર પર જ મેં મારો મત બાંધ્યો છે. તેમનાં એવાં વચન ન હોત તો પણ હું આ જ કહેત."

તુલસીદાસ અને રામદાસ, નામદેવ અને તુકારામ, નાનક અને કબીર એ બધા અસલમાં વૈદિક પરંપરામાં ઉછરેલા સંતો હતા. પરંતુ તુલસીદાસ અને રામદાસે શાસ્ત્રોનું જેટલું બંધન માન્યું તેટલું નામદેવ અને તુકારામે માન્યું નહીં, અને નાનક અને કબીર તો તેને પાર જ કરી ગયા. સંતોની પહેલી જોડી ભદ્ર સંસ્કૃતિમાં ઉછરેલી હતી અને છેવટ સુધી કોઇ ને કોઇ રૂપમાં એની સાથે સંલગ્ન રહી. તો પણ તુલસીદાસના રામ અને વાલ્મીકિના રામમાં કેટલું અંતર છે? તુલસીદાસ પોતાના રામદ્વારા શંબુકનો વધ ન કરાવી શકયા, અને અસ્પૃશ્યતા તથા પંક્તિભેદના નિયમોનું પાલન તેમની દ્વારા ન કરાવી શકયા. રામદાસ એ ઉંચાઇ સુધી ન પહોંચી શકયા. નામદેવ, તુકારામ તો બહેતર જ હતા. નાનક અને કબીરે

સાંપ્રદાયિક શાસ્ત્રોની મદદ જ છોડી દીધી અને તેનાં સારને જ પોતાનો કર્યો.

અને શાસ્ત્રોને અંતિમ પ્રમાણ માનવા છતાં મનુષ્ય પોતાની વિવેકબુદ્ધિ ચલાવવામાંથી કયાં મુકત થાય છે? એક જ શાસ્ત્રના ત્રણ ભાષ્યકાર ત્રણ અર્થ કાઢે, તે જો પરસ્પરવિરોધી હોય તો દરેક માણસને પોતાની યા કોઇ ગુરૂની વિવેકબુદ્ધિથી કામ લઇને એકનો સ્વીકાર અને બીજાનો ત્યાગ કરવો જ પડે છે. માંસાહાર અને મૂર્તિપૂજાને પણ શાસ્ત્રપ્રમાણ મળી જાય છે. તથા માંસવર્જન અને મૂર્તિનિષેધને માટે પણ પ્રમાણ મોજુદ છે. દરેક પોતાની રૂચિ, સંસ્કાર અને વિવેકબુદ્ધિ પ્રમાણે પોતાને માટે એક ચીજને ગ્રાહ્ય અને બીજીને અગ્રાહ્ય ઠરાવે છે. મતલબ એ કે આપણી પોતાની અથવા આપણે માનેલા કોઇ ગુરૂ યા સત્પુરૂષની વિવેકબુદ્ધિ જ અમુક શાસ્ત્રનો સ્વીકાર અને અમુકનો અસ્વીકાર યા ઓછો સ્વીકાર કરે છે.

સારાંશ, વિદ્વાન યા સંત શાસ્ત્રના નિર્માતા હોય છે, શાસ્ત્ર વિદ્વાન યા સંતને નિર્માણ કરતાં નથી. વિદ્વાન પોતાની બુદ્ધિની કુશળતાના બળ પર વિદ્વાન છે, અને સંત પોતાના હૃદયની ઉન્નત અવસ્થાને લીધે સંત છે. સંતને જોયા પછી જ કોઇ શાસ્ત્રકારે સંતનાં લક્ષણો બતાવ્યાં છે. મૂળ આધાર પુરૂષ છે, નહીં કે ગ્રંથ. શાસ્ત્રોની આ મર્યાદાને સમજીને જો આપણે તેનું અધ્યયન કરીએ તો તે આપણા જીવનમાં સહાયક થઇ શકે છે; નહીં તો, તે જીવન પર ભારરૂપ થઇ જાય છે અને પછી કેવળ કબીર જેવાઓને નહીં પણ જ્ઞાનેશ્વર જેવાઓને પણ તેની અલ્પતા બતાવવી પડે છે.

(હિંદી 'સર્વોદય,' સપ્ટેમ્બર, ૧૯૪૧ માંથી)

શાસ્ત્રવિવેક

[મારા 'શાસ્ત્રદૃષ્ટિની મર્યાદા' વાળા લેખ પર 'સિદ્ધાન્ત' સાપ્તાહિકે કેટલીક ચર્ચા કરી છે અને 'वादे वादे जायते तत्त्वबोधः।' એ ન્યાયે ચર્ચા ચલુ રાખવાની મારી પાસે અપેક્ષા પણ રાખી છે. મારી ઇચ્છા આ રીતે ચર્ચા ચલુ રાખવાની નહોતી; છતાં મારા વિચારો સ્પષ્ટ કરવા એ જરૂરી હતું તેથી મેં 'સિદ્ધાન્ત'માં એક લેખ આપ્યો હતો તેનો આવશ્યક ભાગ અહીં આપવામાં આવે છે.]

'वादे वादे जायते तत्त्वबोधः'। આ સુભાષિતમાં અર્ધસત્ય છે. શ્રી સમર્થ રામદાસે એનું બીજું અર્ધ આ શબ્દોમાં કહ્યું છે: **तूटे वाद, संवाद तेथें करावा.**' એટલે જ્યાં વિવાદ મટી સંવાદ ઉત્પન્ન થાય ત્યાં ચર્ચા કરવી જોઇએ. મતલબ એ કે વાદ કયા પ્રકારનો, કોની વચ્ચે, કઇ વૃત્તિથી અને કયે વખતે થાય છે તે પર પણ તેમાંથી તત્ત્વબોધનું ઉત્પન્ન થવું ન થવું અવલંબેલું છે. બુદ્ધિ ગમે તેટલી કુશાગ્ર હોય પણ કેટલાક સિદ્ધાંતોનો બોધ, અને ચર્ચાઓનો નિર્ણય વાદથી નથી થતો, અનુભવથી જ થાય છે, અને અનુભવ થયા પછી જ વાદ સમજાય છે; એટલું જ નહીં, પણ કેટલીક વાર અનુભવ એ વખતે નથી થઇ શકતો, કાલાન્તરે થાય છે. જેમ કે, જો કોઇ માણસ ફાગણના પ્રારંભમાં કાચી કેરીને ચાખીને કહે કે આટલું ખાટું ફળ શું કામનું મીઠું થઇ શકે! તો તેનું આ કહેવું બુદ્ધિની વિરૂદ્ધ છે; પરંતુ એની સાથે ચર્ચા કરવાથી ફાયદો થતો નથી. તે ચર્ચાને વૈશાખ યા જેઠ સુધી મુલતવી રાખવી જોઇએ. એ પ્રમાણે જેનો પ્રારંભમાં વિરોધ થયેલો જોવાય છે એવા કેટલાયે સિદ્ધાન્ત અને મતો કેટલાંક વર્ષો પછી સ્વયંસિદ્ધ સત્યોની પેઠે સર્વસ્વીકૃત થઇ જાય છે અને તેમને વિષે ભૂતકાલમાં કેમ ચર્ચા થઇ હશે તેનું આશ્ચર્ય પ્રગટ કરવામાં આવે છે. ખેર.

તેથી શાસ્ત્ર, આપ્તવાકય અને અનુમાનપ્રમાણો વિષે હું જે કાંઇ સાચો-ખોટો અભિપ્રાય ધરાવું છું તેને વાચકો સામે રાખીને જ હું સંતોષ માનીશ. જે નીર-ક્ષીર ન્યાયને હું માનું છું તે નીર-ક્ષીર ન્યાયથી વાચક તેમાંથી જે યોગ્ય માલૂમ પડે તેટલું માન્ય કરે અને બીજું છોડી દે.

(૧) અનુભવ એ અંતિમ પ્રમાણ છે. 'પ્રત્યક્ષ' શબ્દના વાસ્તવિક અર્થને જો સારી રીતે સમજી લેવામાં આવે તો અનુભવને પ્રત્યક્ષ પ્રમાણ કહેવામાં આપત્તિ નથી. 'પ્રત્યક્ષ'થી ફકત 'ઇન્દ્રિય-પ્રત્યક્ષ' ન સમજવું જોઇએ. અન્તઃકરણ-પ્રત્યક્ષનો પણ તેમાં સમાવેશ થાય છે, અને તે ઇન્દ્રિય-અંતઃકરણ, યોગ્ય તાલીમ પામેલ, અવિકલ અને અક્લિષ્ટ હોવું જોઇએ, તથા વિપર્યય, વિકલ્પ અને અન્યગૃતિ (અમનસ્કતા) ની વૃત્તિઓથી રહિત હોવું જોઇએ.

(૨) અનુભવની મદદ માટે શાસ્ત્ર, આપ્તવાકય અને અનુમાન સ્થાન છે. તે કાં તો સાક્ષીનું અથવા માર્ગદર્શકનું કામ કરે છે, એટલે તે દ્વારા કાં તો આપણા અનુભવના વિષયમાં નિઃસંશયતા પેદા થાય છે અથવા અનુભવની દિશામાં આપણે પ્રયાણ કરી શકીએ છીએ.

(૩) જ્યાં સુધી આપણને અનુભવ થયો નથી અથવા સ્વયંઅનુભવ લક્ષને સિધ્ધ કરવાની કોઇ પણ કારણને લીધે આપણી તૈયારી હોતી નથી ત્યાં સુધી કોઇ શાસ્ત્ર, આપ્તવાકય અને 'કેટલેક અંશે' અનુમાન-પ્રમાણ માનીને ચાલવામાં સલામતી માલૂમ પડે છે.

(૪) એથી સત્ય બોધમાં શાસ્ત્ર, આપ્તવાકય અને અનુમાનનો મહત્ત્વનો હિસ્સો છે અને તેથી તે આદરયોગ્ય છે.

(૫) છતાં, આ ત્રણેયે ભૂલભરેલાં હોઇ શકે છે. ભૂલ બે પ્રકારની હોઇ શકે છે: (૧) જેને આપણે અનુમાન માન્યું હોય તે કોરી કલ્પનાઓ પણ હોય અને તેનો આધાર જે શાસ્ત્ર અને આપ્તવાકય હોય તે કોઇનેયે અનુભવ નહીં પણ કેવળ કલ્પના જ હોય; (૨) અથવા અનુભવ તો ખરો હોય પણ તેને ભાષા દ્વારા પ્રકટ કરવામાં કે તેની ઉપપત્તિ લગાડવામાં દોષ હોય.

(૬) એવો સંભવ છે કે કોઇ કોઇ વાર એક જ પ્રકારના અનુભવને સમજાવવા માટે જુદી જુદી ઉપપત્તિઓ આપવામાં આવે. સાંખ્ય, વેદાંત, જૈન ઇત્યાદિ દર્શનભેદ, દ્વૈત અદ્વૈત આદિ સ્માર્ત વૈષ્ણવ ઇસ્લામ આદિ સંપ્રદાયભેદના નિર્માણનું ભૂલો સિવાય આ પણ એક કારણ છે. 'શાસ્ત્રના અર્થ અને ધર્મમાં ભેદનું કારણ ઉચ્છૃંખલ બુધ્ધિ જ છે' એમ કહેવું ભૂલ છે.

(૭) કોઇ શાસ્ત્ર યા આપ્તવાકય એવું નથી કે જેમાં નીર-ક્ષીર ન્યાય કરવાની જરૂર નથી.

(૮) તેથી દરેક પ્રમાણ અને દરેક ઉપપત્તિની તપાસ પોતાની વિવેકબુદ્ધિથી કરવી એ સત્યશોધકનું કર્તવ્ય છે. 'અમુક મંતવ્યને હું વિવેકબુધ્ધિના ક્ષેત્રથી દૂર જ રાખીશ,' એવી પ્રતિજ્ઞા કરનારની શ્રદ્ધા સદ્ભાગ્યે સત્ય પર જ હોય તો પણ તે અમૂઢ નથી હોઇ શકતો. તેની બુદ્ધિ એક હદ સુધી પહોંચીને કુંઠિત થઇ જાય છે. તે ભ્રમયુકત અને સાંપ્રદાયિક સંકીર્ણતાથી પર નથી થઇ શકતો. 'ઇસા મસીહ અથવા મહમદ પેગંબર'ને સ્વીકાર્યા વગર અથવા 'અમુક ઇષ્ટદેવ, ગુરૂ યા ગ્રંથને શરણે ગયા વગર મોક્ષ નથી' વગેરે માન્યતાઓ અને અભિમાન આ પ્રમાણે બુધ્ધિને કુંઠિત કરવાનું જ પરિણામ છે. એથી ઉપર ઊઠયા સિવાય કોઇ પુરૂષ સત્યને સિધ્ધ કરી શકતો નથી.

(૯) વિવેકબુદ્ધિ તીક્ષ્ણ-કુશાગ્ર કરવા માટે તર્કશાસ્ત્રના જ્ઞાન કરતાં ચિત્તશુદ્ધિની વિશેષ જરૂર છે. આ અનિવાર્ય છે-" **नैषा तर्केण मतिरापनेया।**"

સારાંશ એ કે, અનુભવ જ કોઇ સિદ્ધાંત કે મતનું અંતિમ પ્રમાણ છે. વિશુદ્ધ કરેલી વિવેકબુદ્ધિ એ તેનું અનિવાર્ય શસ્ત્ર છે. શાસ્ત્ર, આપ્તવાકય, અનુમાન આદિ તેના સહાયક ઉપકરણ થઇ શકે છે. (હિંદી 'સર્વોદય,' ડીસેમ્બર, ૧૯૪૧ માંથી)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૭

મુંબઈ: ૧ ઑગસ્ટ ૧૯૪૮ રવિવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

દેવદ્રવ્યનો પ્રશ્ન—કાળબળની એંધાણી

ભગવાન મહાવીરના સમયમાં અને ત્યાર બાદ લાંબા સમય સુધી દેવદ્રવ્ય જેવો કોઈ પ્રશ્ન જ ઉભો થયો નહોતો, તેથી જ આગમાદિ મૂળભૂત પ્રાચીન ગ્રંથોમાં એનો ઉલ્લેખ સરખો મળતો નથી. પણ ત્યાર બાદ સમય જતાં ભક્તિમાર્ગી સંપ્રદાયોની અસરને લીધે મૂર્તિ-મંદિરને વિશેષ મહત્વ મળ્યું હોય એ બનવા જોગ છે. આંગી, મુગટ, વરઘોડાદિ વૈષ્ણવ પ્રક્રિયાઓએ તો શૃંગાર-પ્રધાન ભક્તિમાર્ગની જ અર્વાચીન અસર છે એ તો આપણે કબુલ્યા સિવાય છૂટકો જ નથી. બહુધા આ કાળમાં જ દેવદ્રવ્ય જેવી વ્યવસ્થા સમાજે નિર્માણ કરી હતી અને તે કાળમાં એ યોગ્ય પણ હતી. બાકી દેવદ્રવ્યના વાપર સંબંધી જે કડક વિધિવિધાનો પાછળથી ઉભા કરવામાં આવેલ છે એ આપણા પક્ષે આપણી જ બંધ ઉઘાડી કરવા જેવી શરમકથા પણ હોય. દેવદ્રવ્ય ખાતાની એકાદ ઈંટ પણ જો ભૂલથી આપણા ઘરમાં વપરાઈ જાય તો અનંત પાપના ભાગીદાર બનવાનું દુર્ભાગ્ય પ્રાપ્ત થાય એવું જે કડક વિધાન કરવામાં આવ્યું છે તે એટલું જ સિદ્ધ કરે છે કે એ કાળમાં પણ આપણે સખણા નહી રહ્યા હોઈએ. વણિક સ્વભાવની નાડ પારખીને જ એ પૂર્વપુરૂષોએ આવી કડક આજ્ઞા મૂકી હશે એવો સીધો સાદો અર્થ તારવવાને બદલે આજે આપણે એ સ્થુલ અર્થને બરાબર વળગી રહી જે કદગ્રહ-રૂઢી અને કૂપમંડુકતાનું પ્રદર્શન કરીએ છીએ એ આપણામાં સમયજ્ઞતા અને દીર્ઘદૃષ્ટિની કેટલી ખામી છે એનું માપ બતાવે છે.

એક વાત તો ચોકકસ છે જ કે દેવદ્રવ્ય એ શાશ્વતધર્મ નથી, એ વ્યવહારધર્મ છે. શાશ્વત ધર્મ બદલી શકાતો નથી, પણ વ્યવહારધર્મ તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ મુજબ બદલી શકાય છે. આપણો ધર્મઇતિહાસ પણ એવા અનેક ભવ્ય દૃષ્ટાંતોથી ભર્યો પડયો છે. પણ મુશ્કેલી એ છે કે જ્યારે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને બધા જ કબુલ રાખે છે અને પોતાનું દૃષ્ટિબિંદુ પણ એના આધારે જ છે એમ કહે છે, ત્યારે કોનું દૃષ્ટિબિંદુ વધારે યોગ્ય છે અને બીજાને ગળે એ કેમ ઉતારી શકાય એ મહત્વનો સવાલ થઇ પડે છે. કારણ કે ધર્મશાસ્ત્રો એ તો સાગરરૂપ છે. જેને જે જાતનાં પ્રમાણો જોઇએ તેને એનો આધાર તેમાંથી મળી રહે છે અથવા તો એ પોતાનામાં ગમતી વૃત્તિઓ પ્રમાણે શાસ્ત્રપ્રમાણોનો અર્થ ઘટાવી લે છે. રાગદ્વેષ જેટલા પ્રમાણમાં કમ અને જેટલા પ્રમાણમાં સમાજસેવાની સાફદિલ-વૃત્તિ વધારે તેટલા પ્રમાણમાં એના ઘટાવેલા અર્થો ધર્મસમીપ હોવાનો સંભવ ગણાય. છતાં એનું સાચું અંતરમાપ કોણ કાઢી શકે? અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની યોગ્યતા પણ કેવી રીતે પુરવાર કરી શકાય? એથી આપણી પાસે એક જ માર્ગ રહે છે કે આપણે અન્ય શાસ્ત્રો તરફ વળી બીજાઓના મન્તવ્યો તથા અભિપ્રાયોને સાક્ષી બનાવવા જોઇએ તેમ જ ધર્મની મૂળભૂત આધાર ભૂમિકા કઇ એ પણ લક્ષમાં લેવું જોઇએ.

પ્રથમ આપણે ધર્મનું મૂળ રહસ્ય ઉકેલવાની ચાવી જે શાસ્ત્રોમાં સચવાઇ રહી છે તે વિચારીએ તો જણાશે કે અતિ પ્રાચીન કાળમાં યુગલિકો હતા, ત્યારે નહોતી તેમનામાં અસમાનતા, નહોતો વર્ણભેદ, ન ઉચ્ચનીચતા, ન ધર્મ કે ન સમાજ. લોકો પુરા સુખી હતા. સમયાન્તરે જ્યારે એમનામાં વિષમતા આવી ત્યારે દંડ-ગુન્હાના કાયદા આવ્યા, રાજાઓ આવ્યા, નેતાઓ પણ આવ્યા. આ વિષમતા જ્યારે ઉગ્ર સ્વરૂપે ફૂટી નીકળી ત્યારે ધર્મનું પ્રાગટય થયું હતું. આમ સમાજના સુખસંવર્ધન માટે જ ધર્મનું આગમન હતું. ત્યાંસુધી એટલે કે ૪૨ કોટાનકોટી સાગરોપમ જેટલા કાળમાં ૪૧ સાગરોપમ જેટલા સમય સુધી નહોતો ધર્મ, નહોતા મુનિઓ કે નહોતા તીર્થંકરો. આ કથાનક એટલું જ સિદ્ધ કરે છે કે ધર્મનું પ્રાગટય સમાજવિષમતા મટાડવા માટે હતું. એથી સમાજવિષમતા મટાડવી એ જ ધર્મ છે. ભગવાન મહાવીરે પણ એને સમાજ-સેવાના નામે તપશ્ચર્યા કહી ઉત્તમોત્તમ ભક્તિ કહી છે (ભગવતી સૂત્ર)

ધર્મનું આ સારભૂત રહસ્ય આપણને વિચારતી નવી દૃષ્ટિ આપે છે. જો આ વિચારણા યથાયોગ્ય હોય તો જે રીતે સમાજની વિષમતા દૂર થાય અને સમાજ સુખસંવર્ધનના માર્ગે આગળ ધપે એવા માર્ગને જ ધર્મ કહી શકાય. બાકી જ્યાં એથી વિપરીત પરિસ્થિતિ વધતી જણાય ત્યાં ધર્મ 'ધર્મ' નથી રહેતો. એ કોઇ વાર અધર્મનું રૂપ પકડે છે તો કોઇ વાર એ ધર્મની વિકૃતિરૂપે પરિણમે છે.

હિન્દુધર્મશાસ્ત્રે પણ આ જ વિચારસરણીને વજન આપ્યું છે.

> નાહં કામયે રાજ્યં, નાહં ચાપિ પુનર્ભવમ્ ।
> કામયે દુખતપ્તાનાં પ્રાણીનામાર્તિનાશનમ્ ॥

'મારે રાજ્યની ઇચ્છા નથી, પુનર્જન્મની પણ ઇચ્છા નથી. દુખતપ્ત પ્રાણીઓનું દુઃખશમન થાય એ જ મારી કેવળ કામના છે.' આ મુજબ કલ્યાણભાવનાને જ ધર્મ કહેવામાં આવ્યો છે.

બૌદ્ધશાસ્ત્રો જોઇએ તો :—

ભગવાન બુદ્ધ એકવાર વેણુવનમાં રહેતા હતા ત્યારે એક શિકારી જંગલમાં ખુબ રખડી ભગવાન પાસે આવી ચડયો અને હાશ કરી હેઠો બેઠો. મધ્યાન્હ સમય હતો, પરિશ્રમથી થાકેલો હતો અને ભુખ્યો પણ થયો હતો.

ભગવાને આનંદને કહ્યું 'હે આનંદ! કંઇ વધ્યું ઘટયું છે?

આનંદ હા, ભગવન!

બુદ્ધ—તો એને જમાડ.

જમ્યા બાદ ભગવાને એને બોધ આપ્યો તે એ ભિક્ષુસંઘમાં જોડાઇ ઉત્તમ ભિક્ષુ બન્યો.

આ કથાનકદ્વારા ભગવાન બુદ્ધે એક નવો પાઠ શીખવ્યો છે

કે ભૂખ્યાંને પ્રથમ જમાડો અને પછી એને બોધ કરો. ભૂખ્યા પેટે ધર્મ ગળે ઉતરે નહીં. કોઇવાર તો એ અત્યંત અણગમાનું પણ કારણ બને. ભર્યા પેટે જ ધર્મ સમજાય છે અને હૃદયગત બને છે. ચિત્તસ્થિરતાનો આધાર સંતોષી સુખીજીવન છે; અને ચિત્તસ્થિરતા સિવાય ધર્મ ક્યાંથી ઉગે? એ સ્થિતિ જ ધર્મની આધારભૂમિકા છે.

આમ બધાં આર્યદેશોનો જીવનની મધ્યમ સ્થિતિને ધર્મની ભૂમિકા માને છે એમાં ન હોય વૈભવની છોળ કે ન હોય પરિમિત જરૂરિયાતની તંગી. વૈભવની છોળ પાપ છે તેમ તંગી પાપનો પિતા છે. એક વિલાસ, અભિમાન, સત્તાશોખ અને ઘમંડને પોષે છે. બીજામાં ચોરી, જૂઠ, કૃપણતા અને ઇર્ષ્યાને અવકાશ છે. ઐચ્છિક ત્યાગવૃત્તિની તેમ જ કોઇ સંસ્કારી સિદ્ધ આત્માની વાત જુદી છે. બાકી જરૂરિયાત જેટલું પ્રાપ્ત થવું યા વધારે સાચી રીતે કહીએ તો જરૂરિયાતનું પ્રમાણ ઘટાડતા જઇ સંતોષી જીવન જીવવા જેવી પરિસ્થિતિ નિર્માણ કરવી એ જ ધર્મની સાચી આધારભૂમિકા શકે તેમ છે. સંતોષી સાદું જીવન જ ધર્મ પામી શકે છે. આક્રાંતીયને કે ભૂખ્યાને તો અજંપો જ હોય. એને ન હોય શાંતિ, ન હોય ધર્મ કે ન હોય સ્થિરતા. અસ્થિર ચિત્તને ધર્મ ન હોય અને ભૂખ્યાંને ચિત્તસ્થિરતા ન હોય.

આજનો જૈન સમાજ એકબાજુ ધનિકતામાં રાચે છે તો બીજી બાજુ દરિદ્રતામાં સબડે છે. કાં તો એ આ બાજુ કે કાં તો એ બીજી બાજુ એમ બન્ને તરફ પાપદૈત્યની દૃષ્ટિમાં જ પીસાતો હોય છે. આવી પરિસ્થિતિમાં કયા પાયા ઉપર ધર્મની ભવ્ય ઇમારત ઉભી થઇ શકે? મુડીદાર વર્ગને દુઃખની કલ્પના ન હોઇ શકે, કદાચ હોય તો પણ તે ઉપરછલ્લી. ઓટલે જ એને જે થવી જોઇએ તેવી લાગણી પ્રગટતી નથી. જૈન સમાજનો આજનો મોટો ભાગ ભીષણ દાવાનળમાં સળગી રહ્યો છે. એની દર્દવેદના એવાઓને સમજવી મુસ્કેલ થઇ પડે છે, કારણ કે એમને એને અનુભવ નથી અનેક જૈન કુટુંબો આજે અર્ધભૂખ્યાં સુવે છે, પેટનો ખાડો પુરવા અનેકને કુટુંબથી યે દૂર રહેવું પડે છે. શહેરોમાં પડી રહેવા એમને મકાન નથી. બાળકોને ભણાવવા પૈસા નથી. શાળા છાત્રાલયોમાં જગ્યા નથી. દીનહીન ચહેરે દોડધામ કરતા પોતાના આ પુત્રોની દશા જોઇ ખુદ મહાપિતા પણ રડી ઉઠે એવી ઘણાની કરૂણ દશા હોય છે. આવી સ્થિતિમાં બાળક ટળવળતું હોય અને પિતાને માથે લાખોના મુગટ શોભતા હોય એ લજ્જાજનક પિતાનું ગૌરવ ગણાતું હશે કે પુત્રનું એ જ સમજાતું નથી.

કુવામાં હોય તો જ અવાડામાં આવે. પુત્રો સુખી હોય તોજ પિતાના ભંડારો અકબરે ભરાશે. એમ ન બને ત્યાં સુધી તો તણું માગશે પણ ટણું નહીં ગણે'ના અભાવે શૂળની જેમ ડંખ્યા જ કરે અને ઇર્ષ્યા ભાવ પણ ઉત્પન્ન કરે એ સ્વાભાવિક છે. યુગ બદલાયો છે, પરિસ્થિતિ બદલાતી જાય છે એટલે સમાજે પણ પ્રણાલિકા ફેરવવી જોઇએ. મંદિરો-મૂર્તિઓ-દેવદ્રવ્ય વિગેરે બધું સમાજની કેડ ઉપર નભે છે, પણ જો સમાજની કેડ જ તૂટી પડી તો પછી એ નહિ તૂટી પડે એની શી ખાત્રી? મકાનની મરામત પાછળ એની શોભા પાછળ ધ્યાન આપીએ તો એના પાયા ઉપર તો ધ્યાન રાખવાની ખાસ જરૂર ગણાય, જો મકાનને તૂટી પડવું જ્યાવવું હોય તો. મનુષ્યને જ્યારે ધક્કો લાગે છે, વિપત્તિનાં વાદળ ઘેરાય છે, માર્ગ સુજતો નથી અને અકળામણ વધી જાય છે ત્યારે જ તે ક્રાંતિ કરવા લલચાય છે. જગતની અદ્‌ભૂત ક્રાંતિઓનો ઇતિહાસ વિરોધ અને અકળામણના ટાણે જ ઘડાયો છે. જો કે આજની ગરીબ જૈન જનતા દેવદ્રવ્યના વાપર સામે વિરોધ કરી શકે એવી જાગરૂકતા, હિંમત કે તેજસ્વિતા બતાવી શકે એવી સ્થિતિમાં એ નથી, પણ એથી એમના દિલમાં અળભળાટ નથી એમ માનવાને કશું જ કારણ નથી.

જનતાના પીઠબળ સિવાય, એમના દિલમાં ઘોળાતા પ્રશ્ન ની વાસ્તવિકતા સમજ્યા વિના કોઇને પણ ક્રાંતિનો વિચાર ઉદ્‌ભવતો જ નથી. મુસ્કેલી જણાય છે ત્યારે જ એમાંથી માર્ગ કાઢવાની વૃત્તિ જન્મે છે. એથી આજના સુધારકો કાંઇ પોતાના દિલમાં ઉઠેલા એકાદ તુક્કાને ઉડાવી રહ્યા છે એમ નથી, પણ એની પાછળ સમાજની સમસ્યા ઉકેલવાની સુબુદ્ધિ રહેલી છે, બાકી આજના સુધારકો કોઇ ધર્મદુશ્મનો નથી. જેટલો ધર્મપ્રેમ રૂઢિચુસ્તોને હોય છે એથી જરાયે ઓછો પ્રેમ એમને નથી. બલકે એમનો શાસનપ્રેમ સમયજ્ઞતાને કારણે વિશેષ શોભી ઉઠે છે. જગપ્રવાહનું પણ એને પીઠબળ મળતું રહે છે એ પણ એક કારણ છે. જો કે સુધારકોનો આજનો પ્રયત્ન કેળ અરણ્યરૂદનસમ નીવડે તોય તેથી કશું આશ્ચર્ય પામવાપણું નથી. નિરાશા કે ગભરાટને તો સ્થાન જ નથી. ભાવિ-ભવ્યમાં સમાજ જે માર્ગે વળવાનો છે તેના પગરણરૂપે એ કાળ-બળની એધાંણી તો નોંધાવે જ છે. વર્ષો પહેલાં જેનો કટ્ટી ઠોકીને પ્રશ્ન જ ઉઠતો નહોતો એ હજારોનો ઠોકારો થઇ ગયો છે. કાલે લાખોનો એ અગત્યનો પ્રશ્ન બનશે અને સમયબળ પારખી સમાજ એ માર્ગે જરૂર જ એવી શ્રધ્ધા સાથે માનવું પડે છે કે ગયા વિના એનો છુટકો જ નથી. એ ભાવીનું એંધાણ આપણે કેશરીયાજીના રૂપ લાખતા પ્રશ્ન વખતે જોઇ લીધું છે. ત્યારે અનેક જૈન વર્તમાનપત્રોએ તથા ડાહ્યા પુરૂષોએ છેવટે એ રૂપ લાખ્ય જૈન સમાજમાં કેળવણી પાછળ વપરાય એવું મન્તવ્ય પોકારાયું હતું આજે એ પ્રશ્ન ઉકેલાઇ જવાથી એ ફરી મુગ બની બેઠા છે, પણ એમણે એ રીતે પોતાનું આંતરમાનસ તો વ્યક્ત કરી નાખ્યું હતું. જોથી સમય આવ્યે એ બળતો પોકારતાં નહિ અચકાય.

હજુ આપણી લાગણી પરિપક્વ થઇ નથી. જે ધક્કો લાગવો જોઇએ તે હજુ લાગ્યો નથી. લાગશે ત્યારે સહેજમાં જ એ બળવો પોકારી ઉઠશે અને ત્યારે એના મોખને રોકનાર કોઇ જ નહિ હોય. છેલ્લાં પાંચ વર્ષના જગપ્રવાહમાં તણાઇ-ઇચ્છાએ કે અનિચ્છાએ-આપણે અનેક સુધારણાઓ જીવનમાં તણી લીધી છે એનો કોણ ઇન્કાર કરી શકે તેમ છે?

સરકારી ડખલગીરીની વાત કરીએ તો એ આપણને ગમતી નથી. ગમે પણ નહિ પણ એ આપણી જ ભુલોનું કારણ છે. કાં તો એ ભોગવવું રહ્યું. કાં તો સમાજે તાબડતોબ એને સુધારી નાખી પરિસ્થિતિ નિર્મોણ કરવી રહી.

જો દેવદ્રવ્ય વધી જશે તો મહાપિતાના નામે જમા થયેલો એ દેવદ્રવ્યનો સંગ્રહ એ મહાપિતાના પુત્રો માટે કેળવણી ની સંસ્થાઓ, યુનીવર્સીટીઓ-દવાખાનાંઓ-સસ્તા ભાડાની ચાલીઓ કે એવી જ બીજી પ્રવૃત્તિઓ ઉભી કરવા પાછળ વાપરી નાખવો પડશે અથવા તો એ મહાપિતાને મૂજનારા સરાક જાતિ જેવા નવા-સંતાનો ઉભા કરવા પાછળ વેડફી નાખવો પડશે એ સિવાય જ્યાં જરૂર ન હોય છતાં તગડાં નવાં કામો ઉભા કરી તગડતોજ કંઠીયા, સુથાર, રંગારા કે સલાટો પાછળ વેડફી નાખવાની વૃત્તિ એ આભડછેટની બીકે હરિજનોને ખ્રીસ્તી ધર્મમાં ભોકલવાની મુર્ખતા સાથેજ સરખાવી શકાય. પણ જ્યાં કેવળ જડતા, અંધશ્રધ્ધા, વહેમ અને નૈતિક હિંમતનો અભાવ હોય ત્યાં શું થાય?

શાસનદેવ સંઘને સદ્‌બુદ્ધિ અર્પે એવી પ્રાર્થના!

રતિલાલ મફાભાઇ શાહ.

સંઘદ્વારા વૈદ્યકીય રાહતનો પ્રબંધ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા કોઈ પણ જૈન ભાઇ કે બહેનને જરૂરી વૈદ્યકીય રાહત આપવાનો પ્રબંધ ફેબ્રુઆરી સમયથી કરવામાં આવ્યો છે. આ રાહતમાં દવા, ઇ જેકશન, ડાકટરના બીલો, હોસ્પીટલનો ખર્ચ તેમ જ દર્દીને માંદગી દરમિયાન જરૂરી આંશિક મદદ-આવી અનેક બાબતોનો સમાવેશ થાય છે. આ યોજનાનો લાભ લેવા વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા મુંબઇ તેમજ પરાંઓમાં વસતા સૌ કોઈ જૈન બંધુઓ તેમ જ બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

જયંતિલાલ લલ્લુભાઈ પરીખ
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ.

સંઘ સમાચાર

તા. ૨૮-૭-૪૮ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની એક સભા મળી હતી. આ સભામાં દ્રવ્યના પ્રશ્નને અંગે સંઘે અખત્યાર કરેલી નીતિ પરત્વે મતભેદના કારણે આવેલું શ્રી. વેણીબહેન કાપડીઆનું સંઘના મંત્રી તેમ જ સભ્ય તરીકેનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું હતું અને તેમણે આજસુધી કરેલી સંઘની અનેકવિધ સેવાઓની આભારપૂર્વક ખાસ નોંધ લેવામાં આવી હતી. ત્યાર બાદ સંઘના ઉપપ્રમુખ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆને વર્તમાન સંયોગો અને પરિસ્થિતિ ધ્યાનમાં લઇને સંઘનું મંત્રીપદ સ્વીકારવાની વિનંતિ થતા તેમણે તે વિનંતિનો સ્વીકાર કર્યો હતો. પરિણામે તેમને સંઘના ઉપપ્રમુખ પદની જવાબદારીથી મુક્ત કરવામાં આવ્યા હતા અને શ્રી વેણુબ્હેનની જગ્યાએ મંત્રી તરીકે તેમની નિમણુંક કરવામાં આવી હતી. તદુપરાન્ત, કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે શ્રી વેણીબહેનની ખાલી પડેલી જગ્યાએ શ્રી શાન્તિલાલ હરજીવન શાહને નીમવામાં આવ્યા હતા અને કાર્યવાહક સમિતિમાં એક સભ્ય વધારી શકાય તેમ હતું તે ધ્યાનમાં લઇને શ્રી મેનાબહેન નરોત્તમદાસને સંઘની કાર્યવાહક સમિતિમાં લેવામાં આવ્યા હતા.

મંત્રીઓઃ મુંબઈ જૈન યુવક સંઘ.

કેટલાક સમાચાર અને નોંધ

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ મકાનફંડ

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહનું જે મકાનફંડ આજે કેટલાક સમયથી શરૂ કરવામાં આવ્યું હતું તે ફંડ આજે રૂા. ૧૬૩૦૦૦ સુધી પહોંચ્યું છે. આ કાર્ય માટે એછામાં ઓછા બે લાખ રૂપીઆ તો એકઠા કરવા જ જોઇએ એવા જે સીમાચિહ્નનો નિરધાર કરીને આ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી તે સીમાચિહ્નને પહોંચી વળવા માટે હજુ રૂા. ૩૭૦૦૦ હજાર ખુટે છે, સીમાચિહ્ન જેમ જેમ સમીપ આવતું જાય છે તેમ તેમ તેને પહોંચી વળવાનું કાર્ય વધારે ને વધારે વિકટ બનતું જાય છે. સામાન્યતઃ આ ફંડમાં કોઇની પાસેથી રૂ. ૧૦૦૦ થી વધારે રકમની માંગણી કરવી નહિ-સિવાય કે કોઈ પણ વ્યકિત સ્વેચ્છાએ વધારે રકમ આપવાની મરજી દર્શાવે-આ નીતિને વળગીને આ ફંડ ભરાવવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે અને કેટલાયે સજ્જનોએ માત્ર માંગણી રજુ કરતાંની સાથે હજાર હજારની રકમ ભરી આપી છે. આ ફંડ એકઠું કરવાનો યશ મોટા ભાગે શ્રી મણિલાલ મે કમચંદ શાહને ઘટે છે. પોતાની લથડેલી તબિયતની પરવા કર્યા સિવાય, માનઅપમાનની દરકાર રાખ્યા સિવાય, એકનિષ્ઠા અને ધુનથી આ કાર્ય તેઓ કરી રહ્યા છે, તેમણે જૈન સમાજ સમે નાંખેલી ટેકને પુરી કરવી એ જૈન સમાજના સુસ્થિત વર્ગની ફરજ છે. ઘણું ખરા પરિચિત મિત્રો અને સંબંધીઓ આ ફંડમાં પોતપોતાનો ફાળો ભરાવી ચુકયા છે, પણ સીધી રીતે અપરિચિત એવી અનેક વ્યકિતઓ છે કે જેમણે આ કાર્યનું મહત્ત્વ સમજીને પોતપોતાનો ફાળો સત્વર મોકલી આપવો જોઇએ, છતાં હજુ સુધી મોકલી આપ્યો નથી.

આજે આવા વિદ્યાર્થીગૃહોની કેટલી બધી જરૂર છે એ જૈન સમાજને કહેવા સમજાવવાની જરૂર છે ખરી? આજે અસ્તિત્વ ધરાવતા ભિન્ન ભિન્ન વિદ્યાર્થીગૃહોના સંચાલકોને મળતાં કોઇને પણ સહજ માલુમ પડશે કે જગ્યા અને સગવડના અભાવે તેમને કેટલા બધા વિદ્યાર્થીઓને નિરાશ કરવા પડે છે. અમુક સંખ્યાના વિદ્યાર્થીને સગવડ આપી શકાઇ તેના આનંદ કરતાં કેટલા બધાને નિરાશ કરી પાછા ઠેલવા પડયા એ બાબતનું તેમનું દુઃખ વધી જાય છે. જૈન વિદ્યાર્થી આલમની આ મુંઝવણ દૂર કરવાનો આવાં વિદ્યાર્થીગૃહો બને તેટલાં ઉભાં કરવાં એ એક જ માર્ગ છે.

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની યોજના અને કલ્પના પાછળ માત્ર આ એક જ હેતુ નથી. તેની પાછળ તો જૈન સમાજના ભિન્ન ભિન્ન વિભાગોને એકત્ર કરવાની અને મુંબઇ જેવા અગ્રગણ્ય શહેરમાં જૈન સંસ્કૃતિનું એક મહત્ત્વનું કેન્દ્ર ઉભું કરવાની ઉદાત્ત ભાવના રહેલી છે. સાંપ્રદાયિક ભેદભાવ વિના સર્વ કોઇ જૈન વિદ્યાર્થીઓને આવકારે એવી મુંબઇમાં અન્ય કોઇ શિક્ષણસંસ્થા અસ્તિત્વ ધરાવતી નથી. આ સંસ્થા કેટલાંય વર્ષોથી કામ કરી રહી છે અને વિદ્યાર્થીઓની બહુ નાની સંખ્યાને થોડી ઘણી સગવડ આપી રહી છે. આ સંસ્થાનો વહીવટ અમુક એક ટ્રસ્ટીમંડળ ચલાવે છે. આજે ચાલી રહેલો પ્રયાસ આ સંસ્થાના વર્તમાન સ્વરૂપના આમૂળ સંસ્કરણને લગતો છે. આ ફંડના પરિણામે સંસ્થાને ૧૦૦ વિદ્યાર્થીઓને રખી શકાય તેવું પોતાનું મકાન પ્રાપ્ત થશે. વળી જૈન સમાજનું પ્રતિનિધિત્વ વ્યકત થઇ શકે એવું-તેના બંધારણનું-પુનઃ નિર્માણ પણ થવાનું જ છે. આ રીતે મુંબઇમાં વસતા આખા જૈન સમાજનું એક મીલનકેન્દ્ર ઉપસ્થિત થવાની આ સંસ્થાના ભાવી વિકાસમાં અનેક શકયતાઓ રહેલી છે.

આ સંસ્થાના મકાન માટે દાદર સ્ટેશનથી પાંચ સાત મીનીટના રસ્તે ૧૭૬૩ વારનો એક જમીનનો ટુકડો રૂા. ૬૪,૭૦૦ લગભગ આપીને ખરીદવામાં આવ્યો છે અને આસો માસમાં તે જગ્યાએ નવા મકાનનું ખાતમૂહૂર્ત કરવાની સંચાલકોની ધારણા છે.

સંસ્થામાંથી પસાર થયેલા અને આજે ભણતા વિદ્યાર્થીઓએ સંસ્થાના મકાન ફંડ માટે રૂા. ૧૦,૦૦૦ અંદર અંદરથી એકઠા કરવાનો નિરધાર કર્યો છે અને તે માટે તેઓએ એક સમિતિ નીમી છે અને નાણાં ભેગા કરવાનો પ્રયત્ન શરૂ કર્યો છે. આ માટે તેમને ધન્યવાદ ઘટે છે. તે સમિતિને બધા વિદ્યાર્થીઓ પુરો આર્થિક સરકાર આપે અને તેમણે ધારેલા રૂ. ૧૦૦૦૭ જલ્દિથી પુરા ભરાઇ જાય એમ આપણે જરૂર ઇચ્છીએ.

અન્તમાં જેઓ જૈન સમાજની એકતાને ઝંખે છે, અને વિદ્યાર્થીઓને કશા પણ ભેદભાવ સિવાય રાહત આપવી, ટેકો આપવો અને આગળ વધારવા-એમાં જ જૈન સમાજનો સાચો ઉત્કર્ષ અને ઇષ્ટ એકતાની સિદ્ધિ રહેલી છે એમ જેઓ માને છે તે સર્વને આ શુભ કાર્યમાં અને તેટલો સહકાર આપવા અભ્યર્થના છે.

માંડલ જૈન સંઘનો ઠરાવ અને જૈન યુવકોને હાકલ

માંડલ જૈન સંઘે તા. ૧૯-૭-૪૮ ના રોજ કરેલો ઠરાવ અન્યત્ર આપવામાં આવેલ છે. આવો પ્રગતિશીલ ઠરાવ કરવા માટે માંડલના જૈન સંઘને ધન્યવાદ ઘટે છે. અહિં એ યાદ આપવાની જરૂર નથી કે આપણી જાણમાં આ એક જ સંઘ એવો છે કે જેણે પોતાની હસ્તકનાં મંદિરોની આવક જેને દ્રવ્યદ્રવ્ય તરીકે ઓળખવામાં આવે છે તેનો કોઇ પણ સાર્વજનિક હિતના કાર્યમાં ઉપયોગ થઇ શકશે એવો નિયમ સ્વીકાર્યો છે. જેવા ઠરાવો માંડળ જૈન સંઘે કર્યા છે તે ધોરણના ઠરાવો જ્યાં જ્યાં શકય હોય ત્યાં ત્યાં પોતપોતાના સંઘ પાસે કરાવવા સ્થળ સ્થળના યુવાનોએ પ્રવૃત્તિ હાથ ધરવી જોઇએ અને જ્યાં જ્યાં એ શકય ન હોય ત્યાં ત્યાં પણ, જ્યારે દ્રવ્યદ્રવ્યના ઉપયોગ સંબંધમાં પ્રચલિત રૂઢિનું સમર્થન કરતા અને શેઠ કસ્તુરભાઇ લાલભાઇના વિચારોનું અનુમોદન કરતા ઠરાવો અનેક સ્થળોના સંઘો કરી રહ્યા છે ત્યારે, પોતપોતાની ઉદાસીનતા અને મૌનનો ત્યાગ કરીને આ પ્રશ્ન ઉપર મંડળના આકારમાં વ્યવસ્થિત બનીને પોતપોતાના વિચારો અને પ્રસ્તુત પ્રશ્ન અંગેના પ્રત્યાઘાતો પ્રગટ કરવા પ્રામાણિક વિચારો ધરાવતા જૈન યુવકોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે. દેવદ્રવ્યના આખા પ્રશ્ન પાછળ બે મુદ્દાઓ રહેલા છે. (૧) ધાર્મિક રૂઢિ અને શાસ્ત્રવાકયોની આંધળી ગુલામી અને (૨) દેવદ્રવ્યનું બંધીયારપણું અને કેવળ એકદેશીય ઉપયોગીતા. જૈન સમાજની પ્રગતિની દ્રષ્ટિએ અને સર્વોદય સમાજના નિર્માણના વિચારકોણથી આ બંને અનર્થો નિર્મૂળ કરવા જોઇએ અને આ બંને બંધનોમાંથી ક્રાન્તિપ્રિય યુવકોએ મુકત થવું જોઇએ. આજની ઉગતી પેઢીના માનસમાં આવા અનૈસર્ગિક

બંધનોને જરા પણ અવકાશ હોઈ ન જ શકે. આ દિશાએ સમાજનો જે અજાગૃત વર્ગ છે, જેને આ સાચું કે તે સાચું તે વિષેનો વિભ્રમ મુંઝવ્યા કરે છે તેને સ્પષ્ટ માર્ગદર્શન મળે તે હેતુથી જેનામાં સ્વતંત્ર વિચારણાની જ્યોત પ્રગટેલી છે તેવા શિક્ષિત જૈન બંધુઓને તેમ જ બહેનોને આગળ આવવા અને પોતપોતાનાં મન્તવ્યો પ્રગટ કરવા અને તદર્થે જ્યાં ન હોય ત્યાં નવા યુવક સંઘો ઉભા કરવા અને એ રીતે સ્થિતિચુસ્તતાને શાસનભ્રષ્ટ કરવા સાદર વિનંતિ છે.

શ્રી ભારત જૈન મહામંડળના ૨૮ માં અધિવેશનમાં પસાર થયેલા બે અગત્યના ઠરાવો

જન્મભૂમિ અને નૂતન ગુજરાતના તંત્રી શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠના પ્રમુખપણા નીચે તા. ૨૭-૨૮ માર્ચના રોજ મળેલા શ્રી ભારત જૈન મહામંડળના ૨૮ મા અધિવેશનમાં નીચે જણાવેલ બે મહત્વપૂર્ણ ઠરાવો પસાર થયા હતા.

(૧) શ્રી ભારત જૈન મંડળનું ૨૮ મું અધિવેશન સાંપ્રદાયિક મનોમાલિન્ય દૂર કરવા માટે એવો ઠરાવ કરે છે કે આપણો કોઇ પણ સંપ્રદાય કે કોઇ પણ સંસ્થા કોઈ પણ પ્રકારની દુર્ભાવના પૂર્ણ કટુ આલોચના ન કરે તેમ જ પોતાના કોઇ પણ પત્ર કે પત્રિકાઓમાં કે બીજા કોઇ આકારમાં એવા વિષયોને સ્થાન ન આપે અને એ સાથે એ પણ આવશ્યક છે કે કોઈ પણ સંપ્રદાયાશ્રિત દિક્ષીત વર્ગની સાથે કોઇ પણ પ્રકારનો અશિષ્ટ વ્યવહાર ન કરે.

(૨) દેશની રાજકીય તેમ જ આન્તર્દેશીય પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં જૈન સમાજના સમસ્ત સંપ્રદાયોના સંમીલિત હિતનું પ્રતિનિધિત્વ ધરાવતી એક માત્ર સંસ્થાના અધિકારથી આ ભારત જૈન મહામંડળ પોતાના ૨૮ માં અધિવેશનમાં એવો નિર્ણય કરવાનું અનિવાર્ય સમજે છે કે નવી દુનિયા નિર્માણ કરવાનો જે પ્રશ્ન આજે સૌ કોઇની સામે ઉભેલો છે તેમાં અહિંસક શ્રધ્ધાના આધાર ઉપર પોતાનો પુરો સાથ આપી શકે એ હેતુથી જૈન સમાજ એક સંઘના રૂપમાં સંગ્રિત થવો જોઇએ. અધિવેશનને માલુમ પડે છે કે સમાજના લોકમાનસમાં આવી એકતાની માંગણી જાગૃત પડેલી છે અને ભિન્ન ભિન્ન સંપ્રદાયોની પ્રમુખ સંસ્થાઓએ તેમ જ પુરુષોએ આ આશય દાખવતા પ્રસ્તાવ તેમ ઉદ્‌ગાર પ્રગટ કર્યા છે. આમ હોવાથી આ મહામંડળ પોતાની કાર્યકારિણી સમિતિને આદેશ આપે છે કે તે જૈનોના ભિન્ન વર્ગો તેમ જ સંપ્રદાયના પ્રતિનિધિઓને આમંત્રણ આપીને એક એવા કન્વેન્શનની યોજના કરે કે જે કન્વેન્શન પોતપોતાની વિશિષ્ટ માન્યતાઓને બાજુએ રાખીને સંવત્સરિ તેમ જ પર્યુષણ સપ્તાહનું એકીકરણ, તીર્થોનું કલેશવિસર્જન તેમ જ સન્માન, તથા આખા જૈન સમાજની એકતા સંબંધમાં નિર્ણય કરે, જેના પરિણામે જૈન સમાજ રાષ્ટ્રની નવી રચનામાં એક અવાજથી સંપૂર્ણ સહકાર આપી શકે, તેમ જ આ કન્વેન્શન આ હેતુઓ સિદ્ધ કરવાના હેતુથી આખા જૈન સમાજનું એક ગડાસંમેલન ભરવાની શક્યતા ઉપર વિચાર કરે.''

આ ભારત જૈન મહામંડળ તરફથી જૈન સંસ્થાઓ તથા કાર્યકર્તાઓને ઉદ્દેશીને એક પ્રશ્નાવલિ કાઢવામાં આવી છે અને જૈન સમાજના જવાબદાર કાર્યકર્તાઓ 'સહાયક મંત્રી, ભારત જૈન મહામંડળ વર્ધા, સી. પી. એ સરનામાથી અસાંપ્રદાયિક દૃષ્ટિએ એટલે કે સમસ્ત જૈનોની દૃષ્ટિએ ઉત્તર આપે એવી માંગણી કરવામાં આવી છે.

પ્રશ્ન ૧: આપના નગરમાં જૈનોની જનસંખ્યા કેટલી છે? ગૃહસંખ્યા કેટલી છે?

પ્રશ્ન ૨ : આપને ત્યાં મંદિર, સ્થાનક તથા અન્ય ધાર્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક સંસ્થાઓ કેટલી છે તથા કઇ કઇ છે તેનાં નામ લખશો. તેના મુખ્ય સંચાલકોનાં નામ લખશો.

પ્રશ્ન ૩ : આપને ત્યાં હિંદી, સંસ્કૃત તથા અંગ્રેજી ભાષાના ઉપાધિધારી વિદ્વાન, રાષ્ટ્રીય તેમ જ સામાજિક કાર્યકર્તાઓ કોણ કોણ છે? તેમનાં નામ તથા સરનામાં લખશો.

પ્રશ્ન ૪ : આપને ત્યાંથી કયા કયા જૈન સમાચાર-પત્ર નીકળે છે? તેના સરનામાં સહિત યાદી મોકલશો.

પ્રશ્ન ૫ : આપણે ત્યાં કયા કયા જૈન સમાચાર-પત્ર આવે છે?

પ્રશ્ન ૬ : આપની સંસ્થા અથવા તો આપ પોતે આજકાલ જૈન સમાજ સંગઠનની કઇ દિશામાં પ્રવૃત્તિશીલ છો?

શ્રી મારવાડ જૈન યુવક સંઘનું ત્રીજું અધિવેશન

મારવાડમાં સોજત ખાતે શ્રી મારવાડ જૈન યુવક સંઘનું ત્રીજું અધિવેશન ગયા જુન માસની તા. ૨૬, ૨૭ તથા ૨૮ ના રોજ મળ્યું હતું. શ્રી મોતીલાલજી રાંકા સ્વાગતાધ્યક્ષ હતા અને શ્રી ગણપત ચંદરજી ભંડારી અધિવેશનના પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. આ અધિવેશનના અનુસંધાનમાં આન્તર્જાતીય પરીષદ, મહિલા પરિષદ તેમ જ વિદ્યાર્થી પરિષદ પણ ભરવામાં આવી હતી.

પરમાનંદ

સ્ટર્લીંગનું સમાધાન

લડાઇ દરમ્યાન હિંદી પ્રજાનું હીર ચુસાયું અને મિત્રરાજ્યોના લશ્કરને ધરવ્યું; જમીનના રસકસ ખેંચીને, પશુધનને કસાઇખાને મોકલીને, માનવધનને લડાઇમાં મોકલીને, અને કારખાનાના યંત્રોને સાવ ઘસાવી નાખીને દેશનું ઉત્પાદન મિત્રરાજ્યોની લશ્કરી જરૂરિયાત પુરી પાડવામાં વપરાયું.

હિંદમાં કાગળનું નાણું છાપીને તે સામે નાણાં ચુકવાયા. તેના બદલામાં મિત્રરાજ્યોએ હિંદને જે નાણાં આપ્યા તે બધાના સ્ટર્લીંગ ઇંગ્લેન્ડની સરકારી બેંકમાં હિંદ ખાતે જમા થયા. આમાં ઇંગ્લેન્ડને બે લાભ થયેલા. (૧) બ્રિટિશ સામ્રાજ્યનું રક્ષણ કરવા માટે હિંદમાં મિત્રરાજ્યો તરફથી જે કાંઇ ખર્ચ થયું તેના રૂપીઆ હિંદુસ્થાને આપ્યા (૨) તેના બદલામાં અમેરિકા અને કેનેડા તરફથી ડોલર મળ્યા તે ઇંગ્લેન્ડને કામ આવ્યા. અને તે બધાની બદલીમાં હિંદને શું મળ્યું? ઇંગ્લેન્ડની સરકારી બેન્કમાં હિંદ ખાતે જમા કરવામાં આવેલી સ્ટર્લીંગ પુરાંત, જેના માટે લડાઇ પુરી થતાની સાથે જ ચર્ચીલે બખાળા કઢવા માંડયા કે આ રકમ તો હિંદના રક્ષણ માટેના પરોપકારી (?) કાર્ય માટે ઇંગ્લેન્ડે ખર્ચી છે. માટે તે માંડી વાળવી જોઇએ. આ સ્ટર્લીંગ પુરાંત જ્યારે ત્યારે ભુંસાઇ જશે તેવી હિંદમાં નિરાશા ઉભી થઇ.

નબળા દેણદાર પાસે લેણદાર લાચાર બને છે અને જે મળ્યું તે ગનીમત સમજે છે. લેણદાર હિંદ આવી સ્થીતિમાં મુકાયું અને હુકમથી જે કાંઇ મળતું ગયું તે હિંદને આજની પુગાવાની સ્થિતિમાં ભારે રાહત રૂપ લાગવા માંડયું.

સૌથી પહેલાં તા. ૩૧-૧૨-૪૭ ને દિવસે પુરા થતા ચાર મહિના માટે આ સ્ટર્લીંગ પુરાંતમાંથી સત્યશી કરોડ રૂપીયા હિંદને આપવાનું બ્રિટીશ સરકારે કબુલ કર્યું. ફરી તા. ૧-૧-૪૮ થી ઓગસ્ટની આખર સુધીમાં વાપરવા માટે બીજા ચોવીશ કરોડ રૂપીયા આપવાના કરાર થયા. આ રીતે બે કામચલાઉ કરારોથી હિંદ જરૂરીઆત મુજબ સ્ટર્લીંગ પુરાંતમાંથી બાર મહિનામાં વધુમાં વધુ ૧૧૬ કરોડ રૂપીયા વાપરી શકે તેવી જોગવાઇ થઇ હતી. પણ કમનશીબે કહો કે આર્થિક વહીવટ પ્રત્યેની ઉદાસીનતાને કારણે કહો પણ હિંદી સરકારે આગાંથી માત્ર પાંચ કરોડ રૂપીયા વાપર્યા અને ૧૦૬ કરોડ વગર વપરાયલા રહ્યા.

તે સ્થિતિમાં નવા ત્રીવર્ષીય કરાર થયા. તેમાં નીચેની શરતો નક્કી થઈ.

૧-આપણી આશરે ચૌદ અબજ રૂપીયા જેટલી ગંજાવર સ્ટર્લીંગ પુરાંતમાંથી આવતાં ત્રણ વર્ષમાં આપણને ૨૧૩ કરોડ

રૂપીયા વાપરવાની છુટ મળી છે. તેમાં ૧૦૬ કરોડ અગાઉના વપરાયા વિનાના પડી રહેલા તે જ અને નવા માત્ર ૧૦૭ કરોડ રૂપીયા મળ્યા.

૨–આ રૂપીયાઓમાંથી આવતા એક વર્ષમાં વીશ કરોડ રૂપીયા સ્ટર્લીંગમાંથી ડોલરમાં ફેરવી આપવામાં આવશે. પછીના બે વર્ષમાં કેટલા રૂપીયા ડોલરમાં ફેરવી આપવામાં આવશે તેનો નિર્ણય એ વખતે થશે.

૩–બ્રિટીશ સરકારે હિંદમાં જે લશ્કરી સરંજામ હિંદી સરકારને સોંપી દીધો છે, અને જેની ચોપડાની કીંમત પાંચ અબજ રૂપીયા બતાવવામાં આવી હતી તેનું કાયમી નિરાકરણ ૧૩૩ કરોડ રૂપીયે કરવામાં આવ્યું છે અને તે રકમ સ્ટર્લીંગ પુરાંતમાંથી બ્રિટીશ સરકારને ચુકવાઇ જશે.

૪–હિંદી સરકાર અને પ્રાન્તિય સરકારો વતી ઇંગ્લેન્ડમાં રહેલા પેનશનરોને જે રકમ દર વર્ષે કેટલ યે વર્ષો સુધી ચુકવવી પડે તેમ છે તે બધું બ્રિટીશ સરકાર હિંદ વતી ચુકવશે અને તેનાં બદલામાં બ્રિટીશ સરકારને સ્ટર્લીંગ પુરાંતમાંથી ૨૨૪ કરોડ રૂપીયા આપી દેવાયા છે.

૫–સ્ટર્લીંગ પુરાંતનું વ્યાજ નામ રૂપ પોણો ટકો નકકી કરવામાં આવ્યું છે.

સ્ટર્લીંગ પુરાંતમાંથી આ ત્રીવર્ષીય કરાર મુજબની બધી રકમ ઉપડી ગયા પછી હિંદ ખાતે ૧૦૬૫ કરોડની પુરાંત બાકી રહેશે. તેમાંથી ૨૬૫ કરોડ રૂપીયા ચલણી નાણા સામે અનામત રહેશે. હિંદ વાપરી શકે તેવી સ્ટર્લીંગ પુરાંત ત્રણ વર્ષની આખરે આઠ અબજ રૂપીયા રહેશે.

હિંદી સરકારના નાણાપ્રધાનનો મોટામાં મોટો સંતોષ એ છે કે આ સ્ટર્લીંગ પુરાંત ઘટાડવાની કે માંડી વાળવાની કોઇ વાત જ બ્રિટીશ સરકારે રજુ કરી નથી. એટલે હવે તે આપણું લેણું સાચું ઠર્યું. હવે તેમાં ફાંદા કરવાની વાત ટકશે નહિ. જો કે આ ત્રીવર્ષીય કરારના લખાણમાં આવી કોઇ વાતનો નિર્દેશ નથી તે સ્પષ્ટ વાત છે.

હિંદના પાયાના ઉદ્યોગો માટે, ખેતી વિકાસ માટે, ઉદ્યોગોના ઘસાયેલા યંત્રોને બદલવા માટે અને દુકાળો અટકાવવા માટે પરદેશોમાંથી હિંદને મોટા પ્રમાણમાં વસ્તુઓ આયાત કરવી પડશે. તેના પ્રમાણમાં તેમ જ આગલા કાગચલાઉ બે કરારોની સરખામણીમાં ત્રણ વર્ષ માટે માત્ર ૧૦૭ કરોડ રૂપીયા છુટા કરવામાં આવે તે ઘણા ઓછા છે.

પણ તેમાં હિંદી સરકારનો તેટલો જ દોષ છે. આગલા બે કામચલાઉ કરારોમાં ૧૧૦ કરોડ રૂપીયા વાપરવાની છુટ મળી તે બીલકુલ વાપર્યા નહિ. તેથી બે રીતે આપણો ફાયદો નબળો પડે છે. (૧) આગલા અનુભવ ઉપરથી આપણી વપરાશ ઓછી અંકાય (૨) નવા કરારમાં એક સામટી મોટી રકમ છુટી થાય નહિ. એટલે જુની બચત અને નવી રકમ ભેગી ગણાય.

તે જ રીતે ડોલરમાં ફેરવી આપવાને લગતી કલમ પણ બહુ સંતોષકારક નથી; પરંતુ ધીરે ધીરે ઘણા દેશો સ્ટર્લીંગના ચલણ ઉપર આવતા જાય છે તે મોટી રાહત છે.

લશ્કરી સરંજામની અને ધીરાણ પટ્ટા નીચે આપેલી કેટલીયે વસ્તુઓની આખી રકમ અમેરિકાએ ઇંગ્લેન્ડ પાસેથી બીલકુલ લીધી નહોતી તેમ જ આવી વસ્તુઓ વેચવા જતા સાધારણ રીતે જે કિંમત ઉપજે છે તે જોતા પાંચ અબજની કિંમતનો સરંજામ આપણને ૧૩૦ કરોડ રૂપીયામાં મળ્યો તેમાં કોઇ ભારે લાભ જેવું નથી. ઠીક છે કે સ્ટર્લીંગ પુરાંતમાંથી બારોબાર પતયું તેટલી નીરાંત.

તેવું જ લગભગ પેનશનોનું છે. પણ તેમાં બ્રિટીશ સરકારની મોટામાં મોટી ફાવટ એ છે કે આ બહાને તેમણે પોતાની પ્રજાની હિંદ પાસેથી લેવાના પેનશનો આજથી મેળવી લીધા.

સ્ટર્લીંગ પુરાંતોનો ખરો નિકાલ ત્યારે થાય કે જ્યારે બ્રિટીશ પ્રજાની હિંદમાં રહેલી મોટી મિલ્કતો હિંદને વેચી દેવામાં આવે અને બાકીની રકમના રીતસર હપ્તા કરી કાયમી કરાર કરી નાખવામાં આવે.

નહિતર આવા કામચલાઉ કરારથી ગમે તેટલા સ્ટર્લીંગ છુટા કરવામાં આવે પણ જ્યાં માલ ખરીદવાની જગતમાં પડાપડી છે ત્યાં લેણા પેટે આપણને માલ આપવાની તેઓને શી ઉતાવળ હોય? છુટેલા સ્ટર્લીંગ વગર વપરાયેલા રહેવાનું એક કારણ કદાચ આ પણ હોય; પરંતુ હવે ઘણા દેશોમાં સ્ટર્લીંગનું હુંડીઆમણ ચાલુ થયું છે એટલે માલ ખરીદવાની અગાઉ જેવી મુશ્કેલી નહિ રહે.

છતાં રાજકિય ક્ષેત્રમાં કામ કરવાને ટેવાયેલા આપણા પ્રથમ પંકિતના કાર્યકર્તાઓએ આ શુષ્ક આર્થિક ક્ષેત્રમાં માથું મારવું પડશે. આર્થિક પ્રશ્નો પ્રજા માટે જીવનમરણના પ્રશ્નો છે. રાજકારણ એકબીજા ઉપર આલંબીને પ્રજાની પ્રગતિના સાધન રૂપ બને છે.

આપાલાલ કેશવલાલ દોશી.

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગ અને સંવત્સરિપર્વનો ઝગડો.

આજ કાલ કેટલાક સમયથી જૈન સમાજના શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગને તિથિનું ભૂત વળગ્યું છે. આ ભૂતની પકડના પરિણામે આચાર્યો આચાર્યો અને પ્રત્યેકના અનુયાયી શ્રાવકો શ્રાવકો વચ્ચે ઝઘડા ચાલ્યા જ કરે છે અને તેનો હજુ કોઇ અન્ત જ આવતો નથી. જે બાબત સામાન્ય દૃષ્ટિએ બહુ જ નજીવી અને સહેલાઇથી નિરાકરણ થવા યોગ્ય લાગે તે બાબત જૈન સમાજમાં એક ચાલુ ઝગડાનું મૂળ બની રહેલ છે. આજ કાલ આવો મતભેદ અને પક્ષભેદ આગામી પર્યુષણના અન્તે આવતું સંવત્સરિપર્વ કયારે ઉજવવું તે પ્રશ્ન પરત્વે શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં ઉભો થયેલ છે. સાધારણતઃ ભાદરવા શુદ ૪ ને સંવત્સરિના દિવસ તરીકે કંઈ કાળથી મુકરર કરવામાં આવેલ છે. આ ચોથને સપ્ટેમ્બર માસની છઠ્ઠી તારીખે ગોઠવવી કે સાતમી તારીખે ગોઠવવી એ બાબત જૈન સમાજના આગેવાન આચાર્યો વિષે મતભેદનો વિષય બની રહેલ છે. છઠ્ઠી તારીખે સોમવાર આવે છે;' સાતમી તારીખે મંગળવાર આવે છે. કેટલાક જાણીતા આચાર્યોએ સાતમી મંગળવારના પક્ષમાં પોતાનો નિર્ણય જાહેર કર્યો છે. 'આગમોધ્ધારક' શ્રી. સાગરાનંદસૂરિએ છઠ્ઠી તારીખ અને સોમવારને સંવત્સરિના શુભ દિવસ તરીકે સ્વીકારેલ છે. સાગરાનંદસૂરિના અનુયાયીઓ તેમણે સંમત કરેલ દિવસે અને અન્ય આચાર્યોના અનુયાયીઓ તેમણે જાહેર કરેલ દિવસે સંવત્સરિ ઉજવશે અને જ્યાં એક રથળે અને એક જ ઉપાશ્રયે બન્ને પક્ષના અનુયાયીઓ એકઠા થવાના હશે ત્યાં જો કોઇ સમજુતી ઉપર આવાયું નહિ હોય તો સંવત્સરિના દિવસે સંવત્સરિના જ કારણે બન્ને પક્ષો પરસ્પર ઝગડશે અને એકમેક પ્રત્યેના દોષોની ક્ષમાપના કરવાને બદલે કલેશ કંકાસ અને વેરઝેરની વૃદ્ધિ કરશે.

આમ સંવત્સરિનો દિવસ કયો બીજો એ બાબત વિષે મતભેદ કેમ ઉભો થયો છે તે જેમને આ બાબતની કશી માહીતી નથી તેમને સમજાવવાની જરૂર છે. હિંદુ કે જેમાં જૈનોનો સમાવેશ થતો જ આવ્યો છે તે હિંદુ પંચાંગનું વર્ષ ચંદ્રની ગતિના આધારે નિર્માણ કરવામાં આવ્યું છે, જ્યારે અંગ્રેજી પંચાંગનું વર્ષ સૂર્યની ગતિ ઉપર નિર્માણ કરવામાં

આવ્યું છે. સૂર્યને પૃથ્વી આસપાસની અથવા તો આજના ખગોળશાસ્ત્ર પ્રમાણે પૃથ્વીને સૂર્ય આસપાસની પ્રદક્ષિણા પૂરી કરતાં ૩૬૫ દિવસ લાગે છે, અને આ ૩૬૫ ને બાર ભાગમાં વહેંચી દઇને અંગ્રેજી બાર મહીના નક્કી કરવામાં આવ્યા છે. હિંદુ મહીનો શુદ્ધ ૧ થી વદ અમાસ સુધીનો હોય છે અને આ મહીનો કદી ૨૯, કદી ૩૦ અને કદી ૩૧ દિવસનો હોય છે અને આખું વર્ષ લગભગ ૩૫૨ દિવસનું હોય છે અને સૌર વર્ષ સાથે તેનો મેળ મેળવવા માટે દર ત્રણ વર્ષે હિંદુ વર્ષમાં એક અધિક માસ આવે છે. હવે ચંદ્રની અનિયમિત ગતિને લીધે શુદ્ધ એકમથી પુનમની મુદ્દત અથવા તો વદ એકમથી અમાસની મુદ્દત પુરા પંદર દિવસની હોતી નથી. કોઇ પખવાડીયું ૧૪ દિવસનું તો કોઇ પખવાડીયું ૧૬ દિવસનું હોય છે. આ કારણે પખવાડીઆની તિથિઓમાં કદિ વૃદ્ધિ અથવા તો કદિ ક્ષય આવે છે.

તિથિઓ આમ તો બધી જ સરખી છે. એમ છતાં પણ સામાન્ય માનવીઓથી બધા દિવસ કંઇક સંયમ પાળી ન શકાય કે વ્રત નિયમ ઉપવાસાદિ જેવી વિશિષ્ટ ધર્મકરણી થઇ ન શકે એ ધ્યાનમાં લઇને તેમ જ જે કાંઇ થાય તે સમુહમાં સમુદાયમાં અને એકસરખી રીતે થવું જોઇએ એ ધોરણ સ્વીકારીને લગભગ બબ્બે દિવસના ગાળે આવતી એક એક તિથિને જૈન સંપ્રદાય તરફથી વિશિષ્ટતા આપવામાં આવી છે અને એને પર્વતિથિ તરીકે ઓળખવામાં આવે છે. હવે શુદ્ધ પંચાંગના ધોરણે તો કોઇ પણ તિથિની વૃદ્ધિ પણ આવે અને ક્ષય પણ આવે. આમ થાય તો વ્રતનિયમોને લગતું નક્કી કરવામાં આવેલું સમુહધોરણ શી રીતે જળવાય ? આ સગવડતાનો નીકાલ જૈન સંપ્રદાયે એવી રીતે કર્યો છે કે જ્યારે કોઇ પણ પર્વતિથિનો ક્ષય આવે ત્યારે પર્વતિથિની આગળની તિથિનો ક્ષય ગણવો અને જ્યારે કોઇ પર્વતિથિની વૃદ્ધિ આવે ત્યારે તે પછીની તિથિની વૃદ્ધિ ગણવી અને પર્વતિથિને એમને એમ કાયમ રાખવી. દાખલા તરીકે પર્વતિથિ આઠમ હોય અને તેનો શુધ્ધ પંચાંગના ધોરણે ક્ષય આવતો હોય તો સાતમનો ક્ષય કરવો અને વૃદ્ધિ આવતી હોય તો નોમની વૃધ્ધિ કરવી અને આઠમને કાયમ રાખવી. આનો સાદો અને સીધો અર્થ એ થયો કે જૈન સંપ્રદાયે તિથિની પંચાગગત શુધ્ધિને ધર્મકરણીની સામુદાયિક નિયમિતતાની અપેક્ષાએ ગૌણ લેખી છે અને આ પર્વતિથિઓ તો બધા એકસરખી રીતે સ્વીકારે અને ઉજવે એવું ધોરણ સ્વીકારવામાં આવ્યું છે.

હવે આગામી સંવત્સરિના અંગે પ્રસ્તુત પ્રશ્ન એ રીતે ઉપસ્થિત થાય છે કે ભાદરવા શુદ્ધ પ નો શુધ્ધ પંચાગની ગણતરીએ ક્ષય આવે છે. પણ પાંચમ તો જૈન સંપ્રદાયના ધોરણે એક પર્વતિથિ ગણાય છે તેથી પાંચમનો ક્ષય તો થઇ ન જ શકે. તો પછી ચાલુ પરંપરા મુજબ આગળની ચોથનો ક્ષય કરવો જોઇએ. આમ તો ચોથ પર્વતિથિ નથી ગણાતી, પણ તે જ દિવસે સંવત્સરિપર્વ આવતું હોવાથી તેને તો એક મહાન પર્વતિથિ સમાન લેખવી જોઇએ અને તો પછી તે ચોથનો પણ ક્ષય કેમ કરાય ? આમ હોવાથી ચોથની આગળની ત્રીજનો ક્ષય કરવો ઘટે છે એમ છે મત શ્રી. સાગરાનંદસૂરિનો. અન્ય આચાર્યો આમ પાંચમની આગળ બે દિવસ સુધી જવાને બદલે એક અપવાદ તરીકે પાંચમ પછી આવતી છઠનો ક્ષય કરવાનું સૂચવે છે.

સંવત્સરિને લગતા મતભેદનું મૂળ સ્વરૂપ આ પ્રકારનું છે. અલબત્ત દરેક પક્ષકાર આચાર્ય પોતપોતાના મતના સમર્થનમાં બીજી અનેક શાસ્ત્રીય અને પંચાગી દલીલો ઉભેરી હશે. પણ મૂળ પ્રશ્ન આખરે પાંચમના ક્ષયને કયાં ગોઠવવો એટલો જ છે. અલબત્ત આવી નાની બાબતમાં પણ દરેક આચાર્યને પોતપોતાના શાસ્ત્રીય જ્ઞાન અને માહીતી અનુસાર પોતાનો સ્વતંત્ર અભિપ્રાય રજુ કરવાનો સંપૂર્ણ અધિકાર છે પણ જ્યારે સંવત્સરિ જેવા મહત્વના દિવસને ચોકકસ કરવાનો સવાલ હોય અને એ પણ આખો સમુદાય એક સાથે ઉજવે એ અનેક દ્રષ્ટિએ ઇષ્ટ અને આવશ્યક હોય ત્યારે જવાબદાર આચાર્યોએ આવા મતભેદમાંથી સમાજના ભાગલા ન પડે અને પરસ્પર કડવાશ પેદા ન થાય એ હેતુથી જેમ બને તેમ જલ્દિથી એકમત ઉપર આવવાનું જરૂરી લેખાય અને આવા સંયોગોમાં કોઇ પણ જાણે માનવી કાં તો સમાધાન કરી લે અથવા તો પોતાનો આગ્રહ છોડી દે, પણ આવી નાની બાબતમાં વીખવાદ તો કદિ પણ ઉભો થવા ન દે. પણ આ શાણપણ, દીર્ઘદૃષ્ટિ, લોકસંગ્રહની વૃત્તિ, એકતા અને સંગઠ્ઠનની બુદ્ધિ આપણા આચાર્યોએ કંઇ કાળથી ગુમાવી દીધી છે અને પરિણામે ભાગલા, કલેશ અને કંકાસ આપણા સમાજજીવનમાં અનિવાર્ય બન્યા છે. આવા તાત્વિક, વૈજ્ઞાનિક, કે ખગોળની ગણતરી સંબંધમાં જ્યારે બે મત ઉભા થાય છે ત્યારે કોણ સાચું કે કોણ ખોટું એનો એકાન્ત નિર્ણય અશકય હોય છે. પ્રત્યેકની માન્યતા સત્યાંશ ઉપર નિર્ભર હોય છે અને સાપેક્ષભાવે સત્ય હોય છે. પણ જ્ઞાન અને સંશોધનના ક્ષેત્રમાં મતભેદ અને માન્યતાભેદ એક વસ્તુ છે અને સમાજબંધારણ અને સમાજધારણના ક્ષેત્રમાં મતભેદ કે માન્યતાભેદને અમુક હદથી આગળ લંબાવવામાં આવે તો તેમાંથી અનર્થની પરંપરા નીપજે છે. અહિં જ વિવેક, સમન્વય, બાંધછોડ અપેક્ષિત રહે છે. કમનસીબે આ વિવેક, સમન્વય યા બાંધછોડ આપણા જૈન સમાજે કંઇ કાળથી ગુમાવ્યા છે અને પરિણામે ભગવાન મહાવીરના નિર્વાણ પછીનો ઇતિહાસ સંપ્રદાય અને પેટાસંપ્રદાયની ઉદ્ભવપરંપરાથી ભરેલો જોવામાં આવે છે. આમ છતાં પણ સામુદાયિક ધાર્મિક જીવન બને ત્યાં સુધી સુગ્રથિત એકધારું રહે એ હેતુથી દીર્ઘદૃષ્ટિ ધરાવતા પૂર્વપુરૂષોએ પર્વતિથિની ક્ષયવૃદ્ધિને આમતેમ ગોઠવીને પર્વ તિથિની એકરૂપતા જાળવી રાખી છે. આજે તિથિશુદ્ધિના ચિત્રવિચિત્ર ખ્યાલો જૈનાચાર્યોની સમન્વય બુદ્ધિને ગુંચવી રહેલ છે, ગુંગળાવી રહેલ છે અને પરિણામે જૈન સમાજના સામુદાયિક જીવનની રહી સહી એકરૂપતા ઉત્તરોત્તર નષ્ટપ્રાય થઇ રહી છે. પ્રસ્તુત પ્રશ્નમાં ત્રીજનો ક્ષય થાય કે છઠનો ક્ષય થાય કે આખરે પાંચમનો ક્ષય સ્વીકારી લેવામાં આવે—આ બાબત ગૌણ છે. સંવત્સરિપર્વનું ઉદ્યાપન સૌ કોઇ એક સાથે કરે એ અતિ આવશ્યક અને મહત્વની બાબત છે. ભારત જૈન મહામંડળનું થોડા સમય પહેલાં એક અધિવેશન મળ્યું હતું. તેમાં આખા જૈન સમાજમાં કવેતાંબર મૂર્તિપૂજક, દિગંબર અને સ્થાનકવાસી કે તેરાપંથી સર્વ વિભાગમાં પર્યુષણ અને સંવત્સરિનું એકીકરણ કરવાની હીલચાલ હાથ ધરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. જ્યાં એક જ સંપ્રદાયના જૈનો જેઓ સાધારણ રીતે એક જ દિવસે સંવત્સરિપર્વની આરાધના કરતા આવ્યા છે તેઓ આજે જુદા જુદા દિવસે સંવત્સરિ કરવા ઉદ્યુકત થયા છે, ત્યાં આખા જૈન સમાજમાં પર્યુષણ અને સંવત્સરિના એકીકરણની ભાવના કેવળ દિવાસ્વપ્ન જેવી લાગે છે.

જે સમાજમાં મનભેદમાંથી મતભેદ અને તેમાંથી પંથભેદોના અને પેટાપંથભેદોની પરંપરા સહેજે ઉદ્ભવ પામ્યા જ કરતી હોય અને કોઇ પણ કાળે પરસ્પરના ભેદો લય પામવાની અને એકીકરણ ઉભું થવાની આશા અને અવકાશ જ ન દેખાતો હોય એ સમાજનું ભાવી અત્યન્ત ચિન્તાજનક અને શોચનીય છે એમ કહેવામાં લેશ માત્ર અત્યુકિત થતી નથી. એવા સમાજે ઉત્તરોત્તર ઘસાવાનું અને ક્ષીણપ્રાણ બનવાનું જ રહ્યું !

હજુ પણ આપણે ઇચ્છીએ કે આ બાબતમાં સર્વ જવાબદાર આચાર્યો એકમત થાય અને સંવત્સરી પર્વ બધા એક સાથે મળીને ઉજવવાના નિર્ણય ઉપર આવે.

પરમાનંદ.

મારે શું ?

આપણા એક રાષ્ટ્રવ્યાપી દૂષણની કહાણી

એક નાનકડી મંડળી સમક્ષ પૂ. રવિશંકર મહારાજે એક કિસ્સો વર્ણવેલો તેનો સાર નીચે આપું છું:

ગાંધી નદીને કાંઠે આવેલું એક ગામડું. નદીમાં પૂર આવેલું ને ગામલોકો પૂર જોવા કાંઠે જમા થયેલાં. મોટે ભાગે એમાં ઝુલાનિયા હતા. નદીકાંઠાનું ગામ, એટલે જોવાને તરતાં આવડતું હોય એવાની સંખ્યા પણ નાની નહિ. મહારાજને સામે કાંઠે જવાનું હોવાથી એ નદીમાં મડયા (મહારાજ એક અચ્છા તારા છે એ લોગાલોગું અહીં કહી દઉં.) પાણી હજુ ચડતું હતું. એક બાઈએ પણ સામે કાંઠે પહોંચવાની ઉતાવળ, એટલે માથે પોટલું લઈને એ પણ પાણીમાં ઉતરી. મધ્ય પ્રવાહે તાણ વધારે હતું ને એમાં બાઈનું પોટલું પાણીમાં પડી ગયું. બાઈએ તો સંભાળી તો લીધું, પણ પલળવાથી એનું વજન વધી ગયેલું. બાઈનો જીવ હતો પોટલામાં; તે પોટલું છોડાય ને ન પગ ઊંચકાય. એટલે બાઈ પોટલા સાથે તણાતા લાંબી. એ મહારાજે જોયું ને બાઈની દિશામાં તરીને એને પકડી પાડી મહારાજને બાઈને બચાવવી, ને બાઈને પોટલાને બચાવ્યું. કહ્યા છતાં એ પોટલું છોડે નહિ ને તાણ સામે મહારાજનો કંઈ ઇલાજ ચાલે નહિ. કાંઠે ઉભેલા ઝુલાનિયાઓને તો તમાશો જોવાનો મળ્યો, એટલે આ ગમ્મત જોઇને એ તો હસવા લાગ્યા! સંભવ છે, આખી પરિસ્થિતિમાં રહેલા જોખમનો એમને પૂરો ખ્યાલ નહિ. હોય. મહારાજની તરવાની અને બાઇને બચાવવાની શક્તિમાં એમને શ્રદ્ધા પણ હોય. તે છતાં પરિસ્થિતિ ચિંતા તો હતી જ અને પ્રતિક્ષણે વધુ થતી જતી હતી. એમને તોયે કોઈમે એમણે ખ્યાલ ન આવ્યો કે બાઇની વહારે જઇએ. આખરે મહારાજે એમને હાકોટયા ત્યારે એ લોકો નદીમાં મડયા ને બાઇને સામે કાંઠે પહોંચાડી આવ્યા.

આ તો ગમ્મતનો દૃશ્યલેખ છે, જ્યાં હજુયે આપણી આંખમાં કંઈક અમી અને શરમ છે. બીજો દાખલો શહેરનો લઇશું,– અમદાવાદનો જ. બસોક વર્ષની એક છોકરીને બેવડાક દિવસો પર એક સાંજે બીબી કરડયો, બીબી સામાન્ય કરતાં વધારે ઝેરી હોવો જોઇએ, કેમકે છોકરી બેભાન બની ગયેલી, છતાં બીબી ઉતર્યો તો ખરો. પણ બીજે દિવસે સવારે છોકરીને તાવ આવ્યો. તાવ આવતો આવ્યો હશે માનીને શરૂઆતમાં કોઇએ એને ઝાઝો ગણકાર્યો નહિ અને દવાખાને દવા લેવા પણ છોકરીને જ મોકલી. ત્યાં ડાક્ટરે એને દવા આપી અને ઇન્જેકશન પણ આપ્યું. પણ છોકરી પાછી વળતી હતી ત્યાં અચાનક જ એ ફસકાઇ પડી અને ત્યાંને ત્યાં જ મરણ પામી!! કરમાયેલાની તજજ્ઞમાં જ આ બનાવ બન્યો. આંસુ તખતે થાય છે તેમ, લોકો છોકરીની આસપાસ જમા થઇ ગયા, પણ કેટલાયે એ પ્રસંગે પોતાને માથે કંઈક કર્તવ્ય હોઇ શકે એનો ખ્યાલ આવ્યો નહિ. ઘોંઘાટ મચાવતા, કે તાવ આવેલા શું છે, શું છે' કરતા ઉભા જ રહ્યા. દવાખાનાના તરફથી છોકરીના બાપને તેડવા મોકલવા. બાપ આવ્યો, અને બાકી શરમજનક વાત તો હવે આવે છે. બાપના દિલમાં કેટલી વ્યથા હોય તેની તો કલ્પના જ કરવી રહી અને તોય છોકરીનું શબ ત્યાંથી ઊસેડયા વિના ચાલે એમ નહોતું. ઘર સામે હતું. બાપે મરેલી છોકરીને ઊંચકવા માંડી. આંખમાં આંસુ, બળામાં ડુસકાં, શરીરમાં કંપ અને દુઃખના આઘાતથી આવેલી મૂર્છા–એ સ્થિતિમાં એ બાપડો એકલો શબને કેવી રીતે ઉઠાવી શકે? પણ આંગંતુકસરતનો તમાશો જોતા હોય એમ એકઠા થયેલા સૌ ઉભા જ રહ્યા–કોઇ ઉપાડતા લાગલા આગળ આવ્યું નહિ!!

માણસ બણેગણે, વાંચેવિચારે અને પોતાના અધિકારો વિષે સજાગ બને ત્યારે અલબત્ત સામડિયાનેમુકાબલે પોતાના સામાજિક ધર્મનો પણ એને ઉંચો ખ્યાલ હોય એવી સહેજે અપેક્ષા રહે. પણ વાસ્તવિક સ્થિતિનું ચિત્ર ઉપરના પ્રસંગમાં આંકયું છે તેવું જ છે. અપવાદ હશે, પણ નિયમ તરીકે જે અનુભવ થાય છે તો ઉપરની કેટિનો છે.

કારણ ગમે તે હો, પરસ્પર સહાયની વૃત્તિ આપણામાં લગભગ નથી એમ કહીએ તો પણ એમાં અતિશયોક્તિ નથી. બીજા પ્રત્યે પોતાને કંઇક કર્તવ્ય છે એવું સમજનારાની સંખ્યા આપણે ત્યાં કેટલી બધી એછી છે! એથી આપણાં બધાં કામો બગડે છે. એકલશૂરા થઇને આપણે પંડનું હિત વિચારીએ છીએ તેથી અન્યાય અને દુઃખ પણ આપણે એકલાં જ ભોગવી લેવાં પડે છે. અનેક પ્રકારની હાડમારીઓ વેઠતાં આપણે ચીસો પાડીએ છીએ, પણ એકલાજ સેવાતા નથી એનું શું કારણ? પોતાનો હેતુ સધાયો એટલે પછી કંઇ કરવાનું રહેતું જ નથી એમ માનીને જે હોય તે વર્તે છે. એટલે પોતાનો કચરો બીજાના આંગણામાં ઠલવાય છે, પારકાની જીંદગી અકારણ જોખમાય છે. જાહેર સ્થાનોમાં એમુસાર ગંદકી થાય છે. બસ કે ગાડી પકડવા, માપબંધીનું અતાજ કે કાપડ મેળવવા ધક્કામુક્કી ને ઝાંટાઝાંટી થાય છે. આ તો દાખલા જ છે. આ પણે વગર વિચાર્યે કે આળસ કે જડતાને લીધે પારકાનું અહિત કરીએ છીએ ને પારકા પણ એમ જ કરતા હોવાથી પરિણામે આપણું પણ અહિત થતું હોય છે. અણીવાર અજ્ઞાત કે જડતાને લીધે અહિત કયાં થાય છે એનું પણ આપણને ભાન રહેતું નથી. રાતદિવસ આપણે સ્થૂળ સ્વાર્થમાં જ સ્વપ્ના પન્યા રહીએ છીએ તો આમણે હોંશયાર છીએ, કોઇ બાબતમાં સલવાઇ પડતા નથી એ બાબતે ભલકાઇએ છીએ!!

પૂજ્ય મહારાજે વર્ણવેલો એક બીજો પ્રસંગ કહું. કાપડની જ્યારે ભારે ખેંચાખેંચી થતી હતી એ દિવસોમાં મહારાજને આબુ રોડ્ડના ત્રીજા વર્ગમાં એમવું. ગાડીના ઉપડવા અગાઉ એ પોતાના કલાકે સ્ટેશને ગયેલા; પણ કાપડના ત્રીસ રતલી પોટકાંથી આખે આખુસોથી ગઠ્ઠી ચિકાર ભરાઇ ગએલી. કમાંય બેસવા ની જગા નહોતી. પણ એક ડેકાણે ચાર સિંધીઓ પોટલીઓ પાથરીને સૂતા હતા. કોઇને એ પેસવા દેતા નહોતા. મહારાજ એ ડબ્બામાં ચડવા ગયા, ત્યાં પેલા સિંધીઓએ એમને પડકાર્યા. પણ એ તો ચડયા જ, 'અમારા બીજા માણસો બેસવાના છે; એ બહાર ગયા છે; હમણા આવશે, અહીં બીલકુલ જગા નથી; બીજે જાઓ;' એમ જે કહેવાતું આવ્યું છે તે તો કહ્યું જ, ને ઉપરથી ધમકી પણ આપી. મહારાજ કહે કે માણસોએ આગળથી જગા રોકી હશે તો હું ઉભો રહીશ, પણ અંદરથી જગાનો નથી. એમ કહીને એ તો બારણે એક પાટલી ઉપર બેઠા. પણ આટલું બધું થવા છતાં આજુબાજુની પાટલીઓ ઉપરથી કોઇને એમની સીફારસ કરવાનું સૂઝયું નહોતું. એમને પોતાને જગા મળી ગઇ હતી, પછી બીજાને મળે ન મળે તેમાં પોતાને શું? એ તો ફીક, પણ આ ચાર સિંધીઓની જોહુકમી સામે એ ચાલીશ પચાસ માણસો મણ કંઇ જ બોલતા નહોતા. એનું કારણ એ હતું કે પ્રત્યેક માણસ પોતાને એકલો સમજતો હતો. પોતે ચાલીસ કે પચાસ છે એવું એને ભાન થતું નહોતું. થોડી વારે પેલા લોકોના માણસો તો આવ્યા નહિ, પણ ઉપરાઉપરી કાપડની ગાંસડીઓ ડબ્બામાં આવવા લાગી! એટલામાં એક પોલીસ આવ્યો ને કાપડ કોનું છે એવી પૂછપરછ કરી. પણ ચારમાંથી એકકે એ પોતાનું છે એમ ન કહે. એટલે પેલો પોલીસ મહારાજને પૂછયું 'કાપડ તમારું છે?' મહારાજે સ્પષ્ટ જણાવ્યું કે પોતાનું તો નથી પણ કોનું છે એ આ ભાઇઓ નકકી જાણે છે. એટલે એમાંનો એક ઉઠયો ને નીચે ઉતરી પોલીસને દૂર લઇ ગયો. ગાડી ઉપડવાની તૈયારીમાં હતી તે વખતે એ માણસ પાછો આવ્યો. પોલીસ તો પાછો આવ્યો જ નહિ એ પણ સ્વરાજયનું હિત

સાચવનાર ઓછા જ હતા! એની પણ દૃષ્ટિ સ્વહિતની જ હતી. પછી તો પુષ્કળ બીજું કાપડ આવ્યું; એટલું બધું કે જાજરૂમાં પણ તાપડું પાથરીને પેલા માણસોએ એનાં પોટકાં ખડકવા માંડયાં. મહારાજે પૂછ્યું કે માણસો પેસાળપાણી કરવા કયાં જશે? ત્યારે કહે કે 'તમે તમારે જુઓને, ગાડી ઉપડયા પછી બધું બરાબર કરી દઇશું.' જાજરૂ ભરાઇ ગયું, એટલે બહાર થપ્પી થવા માંડી. છતાં મહારાજને જ બધી પડી હોય એમ મહારાજ એકલા જ વિરોધ કરતા રહ્યા. બીજા ઉતારૂઓને આની સામે કશી જ ફરિયાદ કરવાની નહોતી! એમને એમાં શો સ્વાર્થ હતો?

સ્વકર્તવ્ય વિષેની સંપૂર્ણ બેદરકારીનો એક બીજો પણ ભયંકર દાખલો ટાંકું. પંદરેક હજારની વસતિવાળા એક ગામમાં ભરવસતિમાં આવેલા ને પુષ્કળ ઉંડા કૂવામાં એક બાઇ પાણી ભરતાં પડી ગઇ ગઇ. કૂવો ૭૦–૮૦ હાથ ઉંડો હશે. ભારે હોહા મચીને ખૂબ લોક એકઠું થઇ ગયું. પણ કેઇની અંદર ઉતરીને બાઇને બચાવવાની હામ ન ચાલે. એટલામાં એક જુવાન એ રસ્તેથી પસાર થતો હશે તેણે વાત સાંભળીને હામ ભીડી. કછોટો લગાવીને દોરડે દોરડે એ કૂવામાં ઉતર્યો. પાછળ મજબુત દોરડાં નંખાયાં. એણે બાઇને પાણીમાંથી કાઢીને કમરે દોરડું બાંધ્યું, એટલે ઉપરવાળાઓએ એને આરતે આરતે ખેંચી લીધી. બાઇ ઉપર પહોંચી એટલે સ્વાભાવિક રીતે જ બાઇની સારવાર ચાલી. પણ બાઇને બચાવનાર હજી અંદર રહ્યો છે એવી કેઇને સરત ન રહી! ગરબડ કરતું લોક વિખરાયું ને પેલો જુવાન અંદર જ બરાડતો રહ્યો! અર્ધા કલાકે એક બાઇ ત્યાં પાણી ભરવા આવી તેને આ વાતની જાણ થઇ ત્યાર પછી એનાથી બહાર નીકળી શકાયું. આ દાખલો આમ તો સરતચૂકનો છે, પણ સરતચૂક કેમ થઇ એનું પૃથક્કરણ કરીશું તો તરત સમજાશે કે બીજાઓ પ્રત્યેનાં કર્તવ્ય વિષેની આપણી ઉદાસીનતા જ એની જનેતા છે. પેલા જુવાને તે દિવસે પાણી મેલ્યું કે હવે પછી કોઇને માટે આમ જાન જોખમમાં ના મૂકવો. પણ આવી મૂક પ્રતિજ્ઞા લઇને આપણે આખો સમાજ બેસી ગયો છે તેનું શું? ઉપકાર, કૃતજ્ઞતા, પરસ્પરસહાયના અનુભવની ઉત્તેજના જ આપણા જીવનમાં પરખાતી નથી.

શું હશે આ બધાનું કારણ? આપણી નાતજાતોએ અલગપણાની લાગણી દૃઢ કરી તે સમાજશરીરમાં સર્વત્ર વ્યાપી ગઇ છે? કે લાંબા સમયની ગુલામીનાં દુઃખદૈન્યે આપણને આવા હલકાને એકલશૂરા બનાવ્યા છે? કે આપણી પ્રાચીન સંસ્કૃતિ જીર્ણ–અતિજીર્ણ થવાથી એની શિરાઓમાં નવું ચેતન વહી શકતું નથી? રશિયન વાર્તાકાર ચેખોવે એની એક વાર્તામાં લખ્યું છે કે 'દુઃખી માણસો સ્વાર્થી, ઘાતકી ને અન્યાયી હોય છે. એ ગમારો પણ પરસ્પરના મનોભાવો જેટલા સમજી શકે તેટલા બે દુઃખિયારા સમજી શકતા નથી. દુઃખ મનુષ્યોને સાંધી શકતું નથી; એ મનુષ્યોને વિખૂટા પાડે છે. આપણે એમ માનીએ કે એકસરખા દુઃખને કારણે દુખિયારાની સમાજમાં એકતા પ્રસરતી હશે; પણ ઉલટું સુખિયાના સમાજ કરતાં અન્યાય અને નિષ્ઠુરતનું પ્રમાણ એમાં ઘણું વધી જાય છે.' તો શું એક કંગાલ દુઃખી પ્રજા તરીકે આપણે જીવ્યા છીએ તેથી આપણો આવો સ્વભાવ ઘડાયો હશે? પણ સ્વભાવ ગમે તે તત્ત્વોએ ઘડયો હોય, છતાં સંકલ્પથી આ સ્વભાવ આપણે જીતવો પડશે. જે છે તેને ઠેકાણે પરસ્પર સહાયની વૃત્તિ અને પાડોશીધર્મ–માનવધર્મને સ્વભાવમાં દૃઢ કરવા પડશે. તો જ આપણે એક પ્રજા છીએ એવો અનુભવ કરી શકીશું ને એનાં બળ અને મહિમા ભોગવી શકીશું. કોઇ મનુષ્ય એકલો જીવી શકતો નથી. એટલે જ એણે બીજા મનુષ્યોનો લાભ લેવાનો છે ને બીજાઓને પોતાનો લાભ આપવાનો છે. 'મારે શું?'ની મનોદશા પૂરેપૂરી વિઘાતક છે કેમકે એ અસામાજિક છે. અત્યારે તો આપણે મહાભારતે વર્ણવેલા કળિયુગનાં લક્ષણો પ્રગટ કરી રહ્યા છીએ. આપણી જવાબદારીઓને મુકામલે આપણો વ્યવહાર ઘણો જ હીણો ને તુચ્છ બન્યો છે, તેના સાક્ષીપુરાવા શોધવા પડે તેમ નથી. સ્વરાજ્ય ભોગવની પ્રજાની લાયકાત આપણામાં નથી. પણ આપણે તે કેળવીશું નહિ તો સ્વરાજ્ય ટકશે પણ નહિ. 'મારે શું?'ને અને સ્વરાજ્યને અસલથી આડવેર છે, એના દાખલા હિંદુસ્થાનના ઇતિહાસમાંથી જોઇએ તેટલા જડશે. **શ્રુતબંધુ.**

(જુલાઇ, ૧૯૪૮ 'કુમાર'ના અંકમાંથી સાભાર ઉધ્ધૃત.)

માંડલ જૈન સંઘનો ઠરાવ

તા. ૧૫–૭–૪૮ ના રોજ માંડલ મુકામે શ્રી. દેવચંદ નગીનદાસના શાહના પ્રમુખપદે માંડલના જૈન સંઘની સભા મળી હતી તેમાં નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો:–

"વિદ્વાન આચાર્યો અને મુડીદાર ધનિકોના મંતવ્યથી જુદા પડવાની નૈતિક હીંમતના અભાવે તેમજ શાસ્ત્રોનાં નામે ચાલી આવેલી પરંપરાગત રૂઢિને વળગી રહેવા જેટલી ધાર્મિક વહેમી માન્યતાના કારણે ગેરહાજર રહેલા કેટલાક જુનવાણી વૃદ્ધોને નવું મંતવ્ય કદાચ પસંદ ન હોય તેનો સ્વીકાર કરીને આજની માંડલના જૈન સંઘની આ સભા સર્વાનુમતે ઠરાવે છે કે:—

(૧) આજના બદલાયેલા સંયોગોમાં જ્યારે જૈન કોમ જે મુખ્યત્વે મધ્યમવર્ગની બનેલી છે તે ભાંગીને ભુકકા થઇ રહી છે ત્યારે વધી રહેલા દેવદ્રવ્યનો ઉપયોગ એ તૂટતા સમાજને બચાવવા અર્થે થાય તેમાં આ સભા પોતાની પૂર્ણ સંમતિ જાહેર કરે છે.

(૨) વીતરાગ દેવને નામે જમાં થયેલું દ્રવ્ય એ દેવનું દ્રવ્ય નથી, પણ સમાજે એક સમયે ઉભી કરેલી વ્યવસ્થનું પરિણામ હોઇ તે સમાજદ્રવ્ય જ છે. મંદિરો અને મૂર્તિઓ જે દેવદ્રવ્યમાંથી બનેલાં કહેવાય છે તેનો ઉપભોગ સમાજ કરી શકે છે તો પછી જૈન સંસ્કૃતિ, ધર્મ અને જ્ઞાન પ્રચાર પાછળ તે જ દેવદ્રવ્યનો વપરાશ ન સ્વીકારવામાં કોઇ પણ પ્રકારનું ડહાપણ, દીર્ઘદૃષ્ટિ કે, વિવેક બુદ્ધિ નથી એમ અગાઉ દૃઢ મંતવ્ય છે.

(૩) શાસ્ત્રને નામે પરંપરાગત રૂઢિને વળગી રહેવા જેટલી વહેમી માન્યતાને વહેલામાં વહેલી તકે ફગાવી દેવા શ્રી અમો હિંદભરના સમસ્ત જૈન સંઘોને અનુરોધ કરીએ છીએ અને આજની ભવ્ય ધર્મઇમારત જે સમાજના પાયા ઉપર નિર્ભર છે તે પાયાને પ્રથમ સુરક્ષિત બનાવવાની એમને અમો વિજ્ઞપ્તિ કરીએ છીએ.

(૪) ટેન્ડુલકર કમિટીનો અભિપ્રાય જાણ્યા વિના, દેવદ્રવ્યનો ઉપયોગ તૂટતા સમાજને બચાવવા અર્થે કદાચ થાય એવા ડરથી ગઇ કાલ સુધી જ્યાં જરૂર નહોતી દેખાતી ત્યાં રાતોરાત લાખો રૂપિયા કંડીયા, સુતાર, સલાટ કે રંગારા પાછળ વેડફી નાખવાની ઉતાવળ એ આજકાલની બીક હરિજનોને ખ્રીસ્તી ધર્મમાં ધકેલી દેવા જેવી મુર્ખતા છે એમ અમો માનીએ છીએ અને તેથી સકલ જૈન સંઘોને અમો એ મુર્ખતાના આરોપમાંથી બચવા ભારપૂર્વક હાકલ કરીએ છીએ.

(૫) જૈન કોમ એ હિંદુ કોમથી અલગ છે એવા કરવામાં આવેલા વિધાન તરફ આ સંઘ પોતાનો તિરસ્કાર વ્યકત કરે છે, કારણ કે અમો માનીએ છીએ કે તેમ કરવાથી નાનકડી જૈન કોમને વિનાશના પંથે ધકેલી દેવાનો માર્ગ ખુલ્લો થાય છે. જૈન સંઘો વગદાર વ્યકિતની પ્રભા તળે અંજાઇ જઇ જો આ બાબતમાં પોતાનો વિરોધ વ્યકત નહી કરે તો ભાવિ જૈન સમાજની દશા કફોડી બનાવવાની છે એની ઓંધાણીરૂપ મધ્યપ્રાંતમાં હિંદુ મંદિર ઉપર લટકાવેલાં પાટિયાં સાક્ષી પુરે છે. આ ભાવિ ભય તરફ ખ્યાલ રાખી દરેક જૈન પોતાનો વિરોધ વ્યકત કરવા પોતાના અંતર્નાદને રોકશે નહિ એવી આ સંઘ આશા રાખે છે."

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૮

મુંબઈ: ૧૫ ઑગસ્ટ ૧૯૪૮ રવિવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

આઝાદીનો વાદળઘેરો અરૂણોદય

ગયા વર્ષે ૧૫ મી ઑગસ્ટના રોજ, દેશના ભાગલા પડેલા હોવા છતાં, આપણી સ્વાતંત્ર્યસિદ્ધ નજરે નિહાળી આપણે આનંદમગ્ન બન્યા હતા. આઝાદીના સૂર્ય તરફ આપણે આપણી દૃષ્ટિ સ્થિર કરી હતી અને સ્વાતંત્ર્યના શુભ પરિણામોને આપણે ચિન્તવવા લાગ્યા હતા. પણ જો કે સૂર્યનો ઉદય તો થઈ ચુકયો હતો એમ છતાં પણ કાળાં વાદળાંઓથી તે ઢંકાયેલો હતો અને આપણે અરૂણોદયનો આછો પ્રકાશ અનુભવી રહ્યા હતા. એ અરૂણોદય જેવી જ આજે પણ આપણી સ્થિતિ હજુ ચાલુ રહી છે અને ચઢેલા દિવસના ઉજ્જવળ પ્રકાશનો સુખદ અનુભવ હજુ આપણને સાંપડયો નથી. કારણ કે કોઈ ચોક્કસ રાજકારણી નિર્ણય લેવામાં આવે કે નવું બંધારણ ઘડવામાં આવે અથવા તો તેથી પણ જેને આપણે વધારે અગત્યની બાબત લેખીએ તેવી કોઈ આર્થિક નીતિ સ્વીકારવામાં આવે એનું નામ કાંઇ ખરી આઝાદી નથી. ખરી આઝાદી તો મનનો અને હ�ૃદયનો વિષય છે અને જો આપણા મનનું સાંકડાપણું ચાલુ રહે અને આપણું ચિત કશી સ્પષ્ટતા કે વિશાળતા ન અનુભવે અને આપણું હૃદય દ્વેષ અને મત્સરથી ભરેલું જ રહે તો ત્યાં સુધી સાચી આઝાદીનો અભાવ છે એમ જ આપણે સમજી લેવું જોઈએ.

આજે પાછી એ જ ઑગસ્ટની ૧૫મી તારીખ આવી છે અને અનેક અઘટિત ઘટનાઓ બની ગયેલી હોવા છતાં આપણા માટે આજનો દિવસ અત્યન્ત મહત્વનો છે. આ વર્ષ દરમિયાન આપણે ઘણું કાર્યો સાધ્યા છે અને જે લાંબો પ્રવાસ આપણે કરવાનો છે તે પ્રવાસના માર્ગે કેટલુંક અન્તર કાપ્યું છે. પણ ગયું આખું વર્ષ અનેક યાતનાઓથી અને આપણા માટે અનેક શરમજનક ઘટનાઓથી ભરેલું પસાર થયું છે અને હિંદની વિશેષતા દાખવતા જે આદર્શને આપણે આજ સુધી વળગી રહ્યા હતા તે આદર્શને આપણે દગો દીધો છે. ગત વર્ષ દરમિયાન રાષ્ટ્રપિતાની પ્રાણહત્યાદ્વારા સૈતાનનો આપણે મહાન દિગ્વિજય નિહાળ્યો છે. આપણા માટે આથી વધારે શરમાવનારૂં અને દુઃખ આપનારૂં બીજું કયું હીચકારૂં કૃત્ય હોઈ શકે ?

આપણે જેવી રીતે ઉજવવો જોઈએ એ રીતે આજના મહાન પર્વને આપણે ઉજવી રહ્યા છીએ, પણ આપણા પરાક્રમની મોટી બડાઇઓ હાંકી ને કે ધર્મ અને સિદ્ધાન્તની મોટી મોટી વાતો કરીને આ દિવસ ઉજવવો યોગ્ય નથી. આજે આપણે વધારે ઉંડાણથી આન્તરનિરીક્ષણ કરવું જોઇએ અને આપણા મહાન ધ્યેય પ્રત્યે આપણી જાતનું પુનઃ સમર્પણ કરવું જોઇએ. આપણે કેટલું કામ પાર ઉતાર્યું છે એનો બહુ વિચાર ન કરીએ. પણ કેટલું કામ હજુ અધુરૂં રહ્યું છે અને કેટલું કામ આપણે ખોટી રીતે ઉકેલ્યું છે તેના ઉપર આપણું બધું લક્ષ્ય કેન્દ્રિત કરીએ. લાખો નિર્વાસિતો કે જેમણે પોતાનું સર્વસ્વ ગુમાવ્યું છે અને જેઓ આજે પણ ઘરબાર વિનાનાં જ્યાં ત્યાં ભટકી રહ્યા છે તેમને આજની ક્ષણે આપણે સંભારીએ. હિંદના લાખો માનવીઓ જેઓ આજે અનેક પ્રકારની હેરાનગતી અને હાડમારીઓ ભોગવી રહ્યા છે અને જેઓ આપણી સામે આશાની મીટ માંડીને બેસી રહ્યા છે અને પોતાના દુર્દૈવમાં સુધારણા થવાની ધીરજપૂર્વક રાહ જોઇ બેઠા છે તેમનો આપણે વિચાર કરીએ. હિંદની અમાપ સાધનસામગ્રી કે જેનું પુરૂં સંશોધન તેમ જ સંયોજન કરવામાં આવે અને જેનો લોકોના ભલા માટે વ્યવસ્થિત રીતે પુરો ઉપયોગ કરવામાં આવે તો હિંદની સુરત બદલાઇ જાય, હિંદ આબાદ બને અને અપૂર્વ ભવ્યતાને પ્રાપ્ત કરે–એ હિંદની છુપી અઢળક સાધનસામગ્રીનો પણ આપણે વિચાર કરવાનું ન ભુલીએ.

આ મહાન ધ્યેયને સિદ્ધ કરવા માટે આપણે આપણી સર્વ તાકાતનો એકત્રિત કરીએ. પણ સૌથી વધારે અગત્યનું તો એ છે કે મહાત્મા ગાંધીએ આપણને જે જીવનસત્યો શિખવ્યા છે અને જે મહાન આદર્શો આપણી સામે રજુ કર્યા છે તે જીવનસત્યો અને મહાન આદર્શોનું આપણે પુનઃ પુનઃ સ્મરણ કરીએ. જો આપણે તેમણે આપેલા બોધને અને પોષેલી ભાવનાઓને ભુલી જઇશું તો આપણા ધ્યેયને તેમ જ આપણા દેશને આપણે બેવફાદાર લેખાઇશું. તો પછી આપણી આઝાદીના આ સંવત્સરિદિને હિંદની અને તેની પ્રજાની સેવા અર્થે આપણી જાતનું ફરીથી આપણે સમર્પણ કરીએ અને હિંદમાતાના સંતાન તરીકે આપણી યોગ્યતા સર્વ પ્રકારે પુરવાર કરીએ ! જય હિંદ !!

મૂળ અંગ્રેજી: પંડિત જવાહરલાલ નેહરૂ
અનુવાદક : પરમાનંદ

આજનો સ્વાતંત્ર્યદિન

આજથી બરાબર બાર મહીના પહેલાં આપણો દેશ અંગ્રેજ પ્રજાની ગુલામીમાંથી મુક્ત થયો અને આપણને સંપૂર્ણ આઝાદી પ્રાપ્ત થઈ. આપણો દેશ એક અને અખંડ રહે અને આઝાદ બને એ માટે વર્ષો થયાં આપણે અંગ્રેજ સત્તા સામે લડત ચલાવી રહ્યા હતા, સ્વાતંત્ર્ય દિનનો સૂર્ય ઉગ્યો તે પહેલાં આપણે ત્રણ ત્રણ વાર અંગ્રેજ સત્તા સામે દેશવ્યાપી જેહાદ ચલાવી હતી. આખરે આપણને આઝાદી તો મળી પણ આપણા દેશના ભાગલા પડયા. આઝાદી મેળવવા જતાં દેશનું એક અખંડ અવિભાજ્ય સ્વરૂપ ખંડિત થયું. કંઈ કાળથી આખા દેશની આઝાદીના સ્વપ્નાં સેવનાર અને તે ખાતર અનેક યાતનાઓ સહન કરનાર રાષ્ટ્રવાદી પ્રજાજનોને આ કડવો ઘુંટડો મળતાં વારંવાર વેદના અનુભવવી પડી. પણ કાં તો ખંડિત એકતા સાથે સંપૂર્ણ આઝાદી અને નહિ તો અંગ્રેજી હકુમતનું વળી કંઈ કાળ સુધી સાતત્ય–આ સિવાય જાણે કે ત્રીજો કોઈ વિકલ્પ આપણી સામે હવે છે જ નહિ–એમ આપણા દેશના રાજકારણી સૂત્રધારોને પુરી પ્રતીતિ થઈ અને દેશની એકતાના ભોગે પણ અંગ્રેજી હકુમતને દેશમાંથી સદાને માટે રૂખસદ આપવાનું તેમણે પસંદ કર્યું અને તે એવી આશાએ કે મુસલમાનોને અથવા તો મોસ્લેમ લીગને જોઈતું પાકીસ્તાન મળી જાય છે તો હવે આપણ સર્વ પોતપોતાની હકુમતના પ્રદેશોમાં સુલેહશાન્તિથી રહીશું અને જો સદ્‌ભાગ્ય હશે તો જુદા પડેલા આપણ સર્વ વળી પાછા સમયાન્તરે સંધાઇશું. આ રીતે ઉંડા દર્દ પૂર્વક આપણે બાર માસ પહેલાં ઓગસ્ટની ૧૫ મી તારીખે આઝાદીને આવકારી હતી અને અપૂર્વ પ્રકારે ઉજવી હતી.

એ ઉદ્યાપનને આજ બાર માસ થયા. એ દરમિયાન આપણા દેશમાં જે એક પછી એક દુર્દૈવભરી ઘટનાઓ બનતી આવી છે તેના મર્મદારક પ્રહારોએ આપણને બેહોશ બનાવી દીધા છે અને તેથી આજના મંગળ પ્રભાતે–દેશના ઇતિહાસમાં અજોડ એવા સ્વાતંત્ર્યપર્વના આ શુભ અવસરે–આપણે ન સમજી શકાય તેવી શૂન્યમનસ્કતા અનુભવીએ છીએ. આપણાં ગઇ કાલના સુખસ્વપ્નો ક્યાં અને આજના આ દુઃખદારૂણ વાસ્તવિકતા ક્યાં ? હજુ આઝાદી સમારંભના મંગળ પ્રદીપો ઓલવાયા નહોતા એવામાં તો પંજાબનો અમાનુષી હત્યાકાંડ શરૂ થયો અને લાખોની સંખ્યામાં જનતાને સ્થાનાન્તર કરવાની ફરજ પડી. ત્યારબાદ જોતજોતામાં કાશ્મીરનો વિગ્રહ શરૂ થયો. આજથી છ મહીના પહેલાં આપણા રાષ્ટ્રપિતાને આપણે ગુમાવ્યા. તાંજોરતરમાં નીઝામનો પ્રશ્ન નવી ગુંગળામણ ઉભી કરી રહેલ છે અને સવાઈ જીણા જેવા કાસીમ રઝવીની આગેવાની નીચે રઝાકારોના નામથી ઓળખાતું રાક્ષસી દળ નિઝામના રાજ્યમાં અને સરહદ ઉપર વસતા હિંદુઓ ઉપર અનેકવિધ અત્યાચારોનો વરસાદ વરસાવી રહેલ છે. પાકીસ્તાન નફટપણે કાશ્મીરમાં હિંદી સંસ્થાનનો સામનો કરી રહેલ છે અને ઉભયની પાયમાલી નોતરી રહેલ છે.

આઝાદી મળ્યે વધારે સુખ મળશે, સગવડ મળશે, સ્વાસ્થ્ય વધશે, ચીજો સોંઘી થશે, પ્રજામાં આબાદી આવશે–આવી કાંઇ કાંઇ આશાઓ અપેક્ષાઓ સામાન્ય પ્રજાજનોને આવતી આઝાદી વિષે ઉત્તેજિત કરી રહી હતી. આઝાદી મળ્યા બાદ સુખસગવડને બદલે દુઃખ, પારાવિનાની હાડમારીઓ અને અગવડો વધી છે. મોંઘવારીએ માજા મુકી છે. સ્વસ્થતા કે શાન્તિએ જાણે કે લાંબા કાળ માટે વિદાય લીધી છે.

આમ બનવાનું કારણ શું ? છેલ્લા વિશ્વવિગ્રહે આખા જગતનું અને ખાસ કરીને આપણાં દેશનું જે અર્થકારણ ચુંથી નાંખ્યું છે તે હજુ સુધી સમતુલાને પ્રાપ્ત થઇ શકયું નથી. એ જ પ્રમાણે એ વિગ્રહે એક બાજુએ અધિકારીઓમાં રૂશ્વતખોરીનો અને બીજી બાજુએ પ્રજાજનોમાં કાળા બજારનો જે સડો દાખલ કર્યો છે અને જે સર્વવ્યાપી નૈતિક અધોગતિ પેદા કરી છે તે સડો અને અધોગતિ આજે એટલા જ પ્રમાણમાં ચાલુ છે અને પ્રજાપ્રાણને ચુસી રહેલ છે, ડુબાવાને પોષી રહેલ છે અને મોંઘવારી વધારી રહેલ છે. અંગ્રેજ સત્તા તો ગઇ, પણ તે હકુમતની અનેક માઠી અસરો આપણી પ્રગતિને આજે અનેક રીતે રૂંધી રહેલ છે. તેમણે આપણને વારસામાં આપેલ અત્યન્ત સડેલું રાજ્યતંત્ર અને સીંચેલું કોમી ઝેરવેર આપણા વિકાસ અને ઉન્નતિ આડે પારવિનાનાં અન્તરાયો ઉભા કર્યા જ જાય છે. જનાબ ઝીણા અને મોસ્લેમ લીગે જે પાશવી જ માત્ર નહિ પણ જે પીશાચી બળો આપણા પ્રજાજીવનમાં વહેતા કર્યા છે તેનાં પરિણામો પણ કાંઇ ઓછા ભયંકર નથી. આવાં કારણોએ આપણાં સુખસ્વપ્નો ભાંગી નાંખ્યા છે, આપણી આશા અપેક્ષાઓને જર્જરિત કરી નાંખેલ છે, આપણાં સુખ, શાન્તિ અને સ્વાસ્થ્યને તત્કાળ હરી લીધાં છે,

આમ છતાં પણ આપણને મળેલી આઝાદીનું મૂલ્ય લેશ માત્ર ઓછું આંકવાની જરૂર છે જ નહિ. આકૃતો વિનાની કોઇ પણ રાજ્યક્રાન્તિ કલ્પી શકતી નથી. તેમાં પણ આપણે ત્યાં હિંદુ મુસલમાનની કૂટ સમસ્યાએ અને મોસ્લેમ લીગના ઝેરી પ્રચારે લોકોનાં દિલને કેવળ હિંસાપ્રચુર અને માનવતાવિહોણાં બનાવી દીધાં હતાં. આવી પરિસ્થિતિમાં એકાએક આવી ઉભેલી આઝાદીને આન્તર્ગત કલહોથી છિન્નભિન્ન બનેલું પ્રજાશરીર સમભાવ અને શાન્તિથી પચાવી ન શકે એ તદ્દન સ્વાભાવિક છે. આવી આઝાદી તત્કાળ પ્રજાજીવનમાં અનેક ઉલ્કાપાતો જન્માવ્યા વિના રહે જ નહિ. આમ છતાં પણ આઝાદી પ્રાપ્ત થયા પહેલાંની અને ત્યાર પછીની આપણી પરિસ્થિતિમાં તેમ જ મનોદશામાં કેવું મોટું અન્તર આપણે દિન પર દિન નિહાળી રહ્યા છીએ ? પ્રજાજીવનમાં નવી જ કર્તૃત્વશકિત પેદા થઇ રહી છે. આપણા સમગ્ર ભાવીનું આપણા હાથે જ નિર્માણ થઇ રહ્યું છે. હવે આન્તર રાષ્ટ્રીય પરિષદોમાં આપણી વતી કોઇ બોલતું નથી કે આપણને કોઇના વાજિંત્ર બનવું પડતું નથી. એશીઆના સમગ્ર રાજકારણમાં હિંદી સંસ્થાને પ્રમુખ આગેવાની પ્રાપ્ત કરી છે. દેશના સામાજિક તેમ જ આર્થિક જીવનમાં ધરમુળથી ફેરફારો થવા માંડે તેવા કાયદાઓ થવા લાગ્યા છે અને યોજનાઓ વિચારાવા લાગી છે હિંદુસ્થાન એટલે અનેક આપખુદ દેશી રાજ્યોનું સંગ્રહસ્થાન હતું. એક બાજુએ હિંદુસ્થાનના વાયવ્ય તેમજ પૂર્વ વિભાગના અમુક પ્રદેશો હિંદુસ્થાનથી અલગ થયા છે એ ખરૂં છે, પણ બીજી બાજુએ આપણા હિંદી સંસ્થાનમાં આવેલાં આપખુદીના સર્વ કેન્દ્રસ્થનો એકાએક લય પામી રહ્યા છે. કેટલાક રાજ્યો હિંદી સંસ્થાનમાં સામેલ થઇ ગયા છે; કેટલાક રાજ્યોનાં સમવાયતંત્રો ઉભાં થયાં છે અને ત્યાંના પ્રજાનાયકો સત્તાસ્થાન ઉપર આવ્યા છે. બહુ મોટા ગણ્યા ગાંઠ્યા રાજ્યોમાં સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર દાખલ થઇ ચુક્યું છે. વચન આપી ફરી બેસનાર મહારાજા ગાયકવાડનું ભાવી ત્રાજવે તોળાઇ રહ્યું છે અને સર પ્રતાપસિંહ પદભ્રષ્ટ થવાની અણી ઉપર છે. આપણી વચ્ચે પાકીસ્તાનની જ એક નાની આવૃત્તિરૂપ નીઝામને પણ કાળ બોલાવી રહેલ છે. આ રીતે બીજી બાજુએ આખું હિંદી સંસ્થાન એકરૂપતા ધારણ કરી રહેલ છે, સંગઠિત બની રહેલ છે. ગઇ કાલ સુધી જેઓ રાજકારણી લડતના આગેવાનો હતા તેમના માથે આજે રાજ્યવહીવટનો અસહ્ય ભાર આવી પડયો છે. અનુભવ ન હોવાના કારણે, દેશના વિરાટ પ્રશ્નોની આંટીઘુંટી વિષે ઉંડી સમજ ન હોવાના કારણે તથા પ્રજાનો પુરો સહકાર ન હોવાના કારણે ભુલો થાય છે, અનર્થો નીપજે છે. એમ છતાં પણ દેશની આજે અનેક શકિતઓ ક્રિયમાણ બની રહી છે, ઉપયોગમાં આવી રહી છે અને અનેક જટિલ સમસ્યાઓનો સ્વયંસ્ફુર્તિથી ઉકેલ શોધી રહી છે. લશ્કર, નૌકાબળ, વિમાની દળ–સર્વ સ્થાનો ઉપર ગોરાઓના સ્થાને હિંદી

અધિકારીઓ ગોઠવાઇ રહ્યા છે અને સર્વત્ર હીંદીકરણ વાયુવેગે પ્રસરી રહ્યું છે. રાષ્ટ્રની શિક્ષણપદ્ધતિ તેમ જ અભ્યાસક્રમમાં પાયાના ફેરફારો નિર્માણ થઇ રહ્યા છે. ઉદ્યોગના ક્ષેત્રમાં પણ ગંજાવર યોજનાઓ અમલમાં આવી રહી છે. અસ્પૃશ્યતા ઝડપભેર નાબુદ થઇ રહી છે. મજુરો ઉત્તરોત્તર વધારે ને વધારે મહત્વનું સ્થાન તેમજ અધિકારો પામી રહેલ છે. પદદલિત સર્વ વર્ગો ઉંચે આવી રહ્યા છે. સામાજિક કાયદાઓ પણ આજની સામાજિક રચનામાં નાના મોટા વિપ્લવો પેદા કરી રહેલ છે. ચોતરફ નવી ચેતના પ્રગટી રહી છે, નવી જાગૃતિનો જુવાળ પ્રજાના સુષુપ્ત જીવનમાં નૂતન પ્રાણનો સંચાર કરી રહેલ છે.

આજે દુઃખો છે, હાડમારીઓ છે, યાતનાઓ પારવિનાની ભરી પડી છે, આપણા પ્રથમપ્રદર્શક ગાંધીજી જતાં આપણો માર્ગ ગાઢ તિમિર અને અંધકારથી ભરેલો છે. આમ છતાં પણ આપણે હવે આઝાદ છીએ, ધૈર્યપૂર્વક આગળ વધી રહ્યા છીએ, આવતા સંકટોનો બહાદુરીપૂર્વક સામનો કરી રહ્યા છીએ. આપણે જો ઉચિત પુરૂષાર્થ અને શૌર્ય દાખવીશું, પ્રત્યેકના ભાગે જે કર્તવ્ય આવી પડે તે પુરી નિષ્ઠા અને ટેકપૂર્વક બજાવીશું, નાના મોટા પ્રશ્નો ઉપર ગમે તેવા મતભેદો હોય તો પણ હરતગત આઝાદીની એકચિત્ત બનીને કોઇ પણ ભોગે જો રક્ષા કરીશું તો આજે આઝાદીના સૂર્યને આવરી રહેલાં વાદળાઓ જરૂર થોડા સમયમાં વિખેરાઇ જશે, તોફાનો અને ઝંઝાવાતો શમી જશે, આફતો અને અગવડો ઓગળી જશે અને આજ સુધી આપણે નહિ અનુભવેલા કે કલ્પેલા એવા કોઇ અવનવા સુખસ્વર્ગને આપણી ધરતી ઉપર આપણે ઉતારી શકીશું અને સર્વોદય સાધતા ધર્મરાજ્યની આપણા દેશ ઉપર પ્રતિષ્ઠા કરીશું. વર્તમાન અકળામણોથી અકળાયા વિના, અને હાડમારીઓ હોવા છતાં હતોત્સાહ બન્યા વિના આપણે શ્રધ્ધાપૂર્વક આગળ વધીએ, નાતજાતના ભેદભાવ અને કોમી વેરઝેરને તિલાંજલિ આપીએ, પ્રમાદ ત્યાગી પુરૂષાર્થપરાયણ બનીએ, ધર્મસંપ્રદાયની વાડાબંધી વિસારીને રાષ્ટ્રના સમગ્ર પ્રજાજનો સાથે સાચું તાદાત્મ્ય કેળવીએ, આદર્શ ખાતર જીવીએ અને આદર્શ ઉપર ફના થવાને સદા તૈયાર રહીએ. ગઇ કાલ આપણી નહોતી; આજ હજુ આપણી પુરી નથી; આવતી કાલના આપણે જ સ્વામી છીએ અને આ હિંસાવિકલ જગતને આપણે જ સાચી દોરવણી આપવાના છીએ. આજના સ્વાતંત્ર્યદિને આવી આપણે શ્રધ્ધા કેળવીએ અને આ જ ભાવનાથી આપણા સર્વ મનોવ્યાપારોને રંગીએ !

પરમાનંદ

સંઘ સમાચાર

સંઘના ઉપપ્રમુખપદે શ્રી. શાન્તિલાલ હરજીવન શાહ

તા. ૨-૮-૪૮ સોમવારના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ સંઘના ઉપપ્રમુખની ખાલી પડેલી જગ્યાએ શ્રી શાન્તિલાલ હરજીવન શાહની નીમણુક કરી છે.

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષ માફક આ વર્ષે પણ તા. ૩૧-૮-૪૮ મંગળવારથી તા. ૭-૯-૪૮ મંગળવાર સુધી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. વ્યાખ્યાન તેમ જ વ્યાખ્યાતાઓના બધાં નામો હજુ નક્કી થયા નથી. એ યાદી હવે પછી સમયસર પ્રબુદ્ધ જૈનમાં તેમજ અન્ય સાપ્તાહિકોમાં પ્રગટ કરવામાં આવશે. ઉપર જણાવેલ દિવસો દરમિયાન શરૂઆતના સાત દિવસ હંમેશા સવારના ૮॥ વાગે વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદભુવનમાં વ્યાખ્યાનસભા શરૂ થશે અને બપ્પો વ્યાખ્યાનો આપવામાં આવશે. છેલ્લા દિવસે એટલે કે તા. ૭-૯-૪૮ મંગળવારના રોજ લેમીંગ્ટન રોડ ઉપર આવેલ રોકસી સીનેમામાં સવારના ૯ વાગે વ્યાખ્યાનસભા મળશે. આ વખતનાં વ્યાખ્યાનો પણ એટલા જ રસપ્રદ અને બોધક હશે. આ વ્યાખ્યાનમાળાનો પુરતો લાભ લેવા જૈન જૈનેતર સર્વ બંધુઓને તથા બહેનોને વિનંતિ કરવામાં આવે છે.

સંઘના સભ્યોને તેમ જ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને વિનંતિ

સંઘના જે જે સભ્યોએ હજુ સુધી પોતપોતાનાં વાર્ષિક લવાજમો ભર્યા ન હોય તે સર્વ સભ્યોને તેમ જ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન પોતપોતાનાં ચઢેલાં કે નવાં લવાજમો વસુલ આપવા આગ્રહપૂર્વક વિનંતિ છે. પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોની સંખ્યા દિનપ્રતિદિન ઘટી થતી જાય છે. જે ભાઇઓ તથા બહેનો પ્રબુદ્ધ જૈન વિષે આદર ધરાવતા હોય તથા પ્રબુદ્ધ જૈન દેશની તેમ જ જૈન સમાજની સેવા કરે છે એમ ખરેખર માનતા હોય તેમને પ્રબુદ્ધ જૈનનાં ગ્રાહક થવા, પોતે ગ્રાહક હોય તો અન્ય મિત્રોને ગ્રાહક બનાવવા તેમ જ પ્રબુદ્ધ જૈનને ખમવી પડતી ખોટને પહોંચી વળવામાં એક કે અન્ય રીતે મદદરૂપ થવા વિનંતિ છે. આ મહીનામાં તેમ જ આવતા મહીનામાં અનેક ગ્રાહકોનાં લવાજમો પુરા થાય છે. આ બાબતની તેમને ખબર આપવામાં આવે છે. તેમને સર્વને વિનંતિ કે તેઓ ક્યાં તો વખતસર મનીઓર્ડરથી પોતપોતાના લવાજમ મોકલી આપે અથવા તો વી. પી. આવે તો વિના વિલંબે સ્વીકારે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ,
પ્રબુદ્ધ જૈન

સાભાર સ્વીકાર :—પ્રબુદ્ધ જૈનમાં અવલોકનાર્થે નીચેનાં પુસ્તકો મળ્યા છે માટે પ્રકાશકોનો ઉપકાર માનવામાં આવે છે.

જૈન દ્રષ્ટિએ ગીતાદર્શન :—લેખક, સંતબાલ, પ્રકાશકઃ મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર. હઠીભાઇની વાડી, અમદાવાદ કિં. રૂા. ૩-૦-૦

શ્રી મોક્ષમાળા :—લેખક શ્રીમદ્ રાજચંદ્ર, પ્રકાશકઃ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય ભદ્ર પાસે, અમદાવાદ. કિં. રૂા. ૧-૪-૦

કર્મવાદ :—લેખક શ્રી. મણિલાલ ન્યાલચંદ શાહ. પ્રકાશકઃ સંસ્કૃતિ રક્ષક સસ્તું સાહિત્ય કાર્યાલય, મહાજન ગલી, રાવપુરા વડોદરા, કિં. રૂા. ૩-૦-૦

તંત્રી, પ્રબુદ્ધ જૈન

કેટલાક સમાચાર અને નોંધ

વડોદરાની ધારાસભાનો ઐતિહાસિક ઠરાવ:
વડોદરનરેશની વિનાશકાળે વિપરીત બુદ્ધિ

કાશ્મીર અને નીઝામનાં પ્રકરણો તો ચાલે જ છે. એવામાં હમણાં હમણાં વડોદરા રાજ્યનું પ્રકરણ અણધારી ઉગ્રતા ધારણ કરી રહ્યું છે. શરૂઆતમાં જ્યારે અન્ય દેશી રાજ્યો સાર્વભૌમ સત્તાનાં સ્વપ્નાં સેવી રહ્યાં હતાં અને નવા ઉગમ પામેલા હિંદી સંસ્થાનથી અલગ રહેવાની જાતજાતની ખટપટો કરી રહ્યા હતા અને કાવતરાંઓ રચી રહ્યા હતા ત્યારે વડોદરાના મહારાજાએ તે વખતના મુખ્ય દિવાન મી૦ મીનરની સલાહને અનુસરીને હિંદી સંસ્થાનમાં જોડાવાની મોખી પ્રથમ તત્પરતા દેખાડી હતી અને એ રીતે અન્ય દેશી રાજ્યોના શેખસલ્લીના કોલ્લાઓ જમીનદોસ્ત કર્યા હતા. પણ ત્યાર બાદ તે દીવાન ગયા અને વડોદરામાં રાજા અને પ્રજા વચ્ચેના ઘર્ષણની શરૂઆત થઇ. પ્રજાની જવાબદાર રાજ્યતંત્રની માંગણી વધારે ને વધારે ઉગ્ર બનતી ગઇ. આખરે તે માંગણી વડોદરા નરેશને સ્વીકારવી પડી. પછી મુખ્ય પ્રધાન કોણ થાય તે બાબતનો વાંધો પડયો. તેમાં પણ મહારાજાને નમતું આપવું પડયું અને ડો. જીવરાજ મહેતા મુખ્ય પ્રધાનપદ ઉપર આવ્યા. પછી ઉભો થયો પ્રધાનમંડળનો પ્રશ્ન. વડોદરાનરેશ તો યુરોપ ચાલી ગયા અને ત્યાંથી અમેરિકા જઇ બેઠા. ડો. જીવરાજે મહારાજા સમક્ષ પ્રધાનમંડળનાં નામો રજુ કર્યાં. ભોગવિલાસમાં ડુબેલા મહારાજાએ આ બાબતનો કેટલાયે દિવસ સુધી જવાબ જ ન આપ્યો. આખરે જવાબ આપ્યો, પણ તેમાં ડો. જીવરાજે સૂચવેલાં નામોનો ઇનકાર

કરવામાં આવ્યો. પરિણામે વડોદરાનું રાજકીય વાતાવરણ વધારે ને વધારે ક્ષુબ્ધ બનતું ચાલ્યું. થોડા દિવસ પહેલાં મુખ્ય પ્રધાન ડો. જીવરાજ મહેતાએ વડોદરા મહારાજાની વિલાસપ્રિયતા, ઉડાઉગીરી, અને જવાબદાર રાજ્યતંત્રના માર્ગમાં જાતજાતની આડખીલો ઉભી કરવાની અખત્યાર કરવામાં આવેલી રાજ્યનીતિ સંબંધમાં એક વિગતવાર નિવેદન અથવા તો મહારાજા સામે એક ગંભીર તહોમતનામું વડોદરાની ધારાસભામાં રજુ કર્યું. આ નિવેદન ઉપર લાંબી વિચારણા કરી વડોદરાની ધારાસભાએ તા. ૯-૮-૪૮ ના રોજ જે ઠરાવો કર્યા, આ ઠરાવની વિગતો દૈનિક પત્રોમાં નીચે મુજબ પ્રગટ થઇ છે :—

"૧૯૪૮ ના એપ્રીલની ૨૫ મી તારીખે પ્રજામંડળના પ્રતિનિધિઓ સાથે મહારાજાએ જે કરાર કર્યો હતો ને કરારને શબ્દાર્થ અને ભાવાર્થમાં અમલમાં મુકવાની પ્રજાની વારંવારની વિનંતીઓનો ઇન્કાર કરીને મહારાજાએ પ્રજાનો જે વિશ્વાસભંગ કર્યો છે અને ૧૯૪૮ ના એપ્રીલની ૧૯ મી તારીખથી ૧૯૪૮ ના મે માસની ૨૯ મી તારીખ સુધીના દોઢ માસના સમયમાં મહારાજાએ રૂા. સવા ત્રણ કરોડ ઉપરાંત જેટલા જાહેર નાણાનો જે દુરૂપયોગ અને ગેરવ્યવસ્થા કરી છે તે બધાના નાં. દીવાને આપેલો ઇતિહાસ અમે ધારાસભાનો સભ્યોએ ઉંડી નિરાશા અને ખેદ સાથે સાંભળ્યો છે."

આગળ ચલતાં ઠરાવ જણાવે છે; "એક રજવી તરીકે પોતાની ફરજોની બેદરકારીમાં પરિણમતી મહારાજાની રાજ્યમથી વારંવારની અને લંબાણ ગેરહાજરી તથા તેમના કહેવાતા બીજી વારના લગ્ન પછીના મહારાજાના વર્તન અને તેમની પ્રવૃત્તિઓએ તેમની (મહારાજાની) રાજ્ય કરવાની યોગ્યતા વિષે પ્રજાના માનસને ગંભીર શંકાઓથી ભરી દીધાં છે; આમ છતાં પ્રજા આ બધું સહન કરતી આવી છે, એ આશાએ કે એક વખત રાજ્યમાં જવાબદાર રાજ્યતંત્ર દાખલ થતાં મહારાજાની અંગત તેમજ જાહેર વર્તણુંક બંનેમાં સુધારો કરવાનું શકય બનશે."

વધુમાં ઠરાવ જણાવે છે; "હવે એ સ્પષ્ટ છે કે જ્યાંસુધી મહારાજા ગાદી ઉપર છે ત્યાંસુધી તેમના સગીર વયના સંતાનોના અને પ્રજાના હિતો મહારાજાના હાથમાં સલામત નથી. આથી આ બધા હિતોના રખેવાળ તરીકે અમે ધારાસભાના સભ્યો માનીએ છીએ કે જો આ બધા હિતોને યોગ્ય રીતે સલામત રાખવા હોય, અને રાજ્યને થતી ભારે આર્થિક તથા શાંતિ અને સલામતી પરના જોખમને અટકાવવું હોય તો શીઘ્ર પગલાંની આવશ્યકતા છે."

ઠરાવના અંતમાં જણાવવામાં આવ્યું છે: "આવી પરિસ્થિતિની ગંભીરતાથી હિંદ સરકારને વાકેફગાર કરવાનું પગલું શ્રી. દીવાને લીધું છે તે પગલાને અમે અમારૂં અનુમોદન આપીએ છીએ અને પ્રતિપાદન કરીએ છીએ કે મહારાજાએ પ્રજાનો વિશ્વાસ ગુમાવ્યો છે; અમે મહારાજાને તેમના યુવરાજની તરફેણમાં ગાદી ત્યાગ કરવાનું કહીએ છીએ અને નવા રાજાની સગીર વયમાં રાજાના કર્તવ્યો અને કાર્યો બજાવવા માટે એક રીજન્સી કાઉન્સીલ નીમવાની અને રાજ્યના હિતોની સલામતી માટે જે કાંઇ પગલું આવશ્યક હોય તે પગલું લેવાની હીંદ સરકારને વીનંતી કરીએ છીએ."

એક બીજા ઠરાવ દ્વારા ધારાસભાએ મહારાજાએ કરેલા ગંજાવર ખર્ચા અંગે તપાસ કરવા અર્થે અને એ અંગે જો કોઇ માણસો જવાબદાર હોય તો તેમને શોધી કઢવા માટે એક કમિશન રચવાની હિંદસંઘની સરકારને વીનંતી કરવામાં આવી હતી.

૧૯૪૮ ના એપ્રીલની ૧૯ મી તારીખથી ૨૯ મી મે સુધીના દોઢ માસમાં મહારાજાએ ના. દિવાનને જાહેર કર્યું તે પ્રમાણે રૂપીયા સવાત્રણ કરોડ ઉપરાંત જેટલા જાહેર નાણાનો કરેલો દુરૂપયોગ અને ગેરવ્યવસ્થા અંગે તપાસસમિતિ નીમવાની હિંદ સરકારને વિનંતી કરતા આ બીજા ઠરાવમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે રાજ્યની સ્થાવર અગર જંગમ મિલકતોના સંબંધમાં જો કોઇ દુરૂપયોગ અને ગેરવ્યવસ્થા થઇ હોય તો તેની પણ તપાસ થવી જોઇએ. આવા કાર્ય માટે જવાબદાર હોય તેવા માણસો સામે શું પગલા લેવા તે પણ ઠરાવમાં સુચવવામાં આવ્યું છે.

વધુમાં ખોટી રીતે જે નાણાં મહારાજાએ રાજ્યની તીજોરીમાંથી લીધા હોય તે તમામ નાણાં ભરપાઇ કરવાની ઠરાવમાં મહારાજાને વિનંતી કરવામાં આવી હતી."

ડો. જીવરાજ મહેતાએ નીડરતાભર્યું નિવેદન કરીને વડોદરાની ધારાસભાને સ્પષ્ટ દોરવણી આપી અને વડોદરાની ધારાસભાએ એટલીજ નીડરતાથી મહારાજા પાસે ગાદીત્યાગની માંગણી કરતો ઠરાવ કર્યો. આ બન્ને માટે ડો. જીવરાજ મહેતાને અને વડોદરાની ધારાસભાને અનેક ધન્યવાદ ઘટે છે. ઉભયે પોતપોતાનો ધર્મ યશસ્વી રીતે બજાવ્યો છે અને હીણકર્મી મહારાજાને એક રાજવી તરીકેની અત્યન્ત નાલાયકીનું સ્પષ્ટ ભાન કરાવ્યું છે. મહારાજાને આજે ભાવી ભુલાવી રહ્યું છે અને તેનામાં વિનાશકાળે વિપરીત બુદ્ધિનો ઉદય થઇ રહ્યો છે. સંભવ છે કે મહારાજાને પદભ્રષ્ટ કરવામાં પ્રજાના આગેવાનોને તેમ જ સામાન્ય પ્રજાજનોને પણ થોડું ઘણું સહેવું પડે, કારણ કે આજે વડોદરા મહારાજાની આસપાસ અનેક પ્રત્યાઘાતી બળો કામ કરી રહ્યાં છે અને નાલાયક મહારાજાને વધારે નાલાયકીના માર્ગે ધસડી રહ્યાં છે. આનું પરિણામ મહારાજાના આત્મવિનાશ સિવાય બીજું કોઇ આવી ન જ શકે.

હિંદભરમાં અને ખાસ કરીને કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાં જે ફેરફારો આજે કેટલાએક સમયથી થઇ રહ્યા છે તેના પરિણામે ત્રણ પ્રદેશોને પોતામાં સમાવે એવા મહાગુજરાતની કલ્પના આપણુ સર્વ ગુજરાતી પ્રજાના દિલમાં વિકાસ પામી રહી છે. પણ આ મહાગુજરાતની કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપવામાં વડોદરા રાજ્યનો પ્રશ્ન એક મોટામાં મોટી આડખીલ સમાન મુંઝવી રહ્યો હતો. વડોદરા મહારાજા જો પોતાની પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર ઉપર સર્વ પ્રકારે સુસ્થિર કરે તો વડોદરા રાજ્યનું વિસર્જનકાર્ય અશકય નહિ તો અત્યન્ત મુશ્કેલ બની જાય તેમ હતું. અને વડોદરા રાજ્ય અન્તર્ગત થયા સિવાયનું મહાગુજરાત પાંગળું જ બનવાનું હતું. પણ મહાગુજરાતના સુભાગ્યે વડોદરા મહારાજા પોતે જ પોતાની રાજ્યસત્તાનો છેદ ઉડાડી રહેલ છે અને એ રીતે વિચારતાં આજે વડોદરામાં બની રહેલી ઘટના અને આવી રહેલી રાજ્યક્રાન્તિ અત્યન્ત આવકારદાયક લાગે છે. વડોદરાના રજકીય એકમના વિસર્જન સાથે મહાગુજરાતનું મૂર્ત સ્વરૂપ આપણી તદ્દન સમીપ આવીને ઉભું રહેશે. આવી ઇષ્ટ ઘટના નીપજાવવામાં જે બળો કામ કરી રહ્યા છે તે બળોને આપણુ સર્વ બને તેટલો સાથ અને સહકાર આપીએ.

ભાવનગર મહારાજા મદ્રાસના ગવર્નરપદે

મદ્રાસના આજના ગવર્નર સર આર્કીબાલ્ડ ન્યે આવતા મહીના દરમિયાન નિવૃત્ત થાય છે અને તે સ્થાન ઉપર હિંદના ગવર્નર-જનરલે ભાવનગરના મહારાજા શ્રી. કૃષ્ણકુમારસિંહજી જેઓ આજે સૌરાષ્ટ્રના યુનીયનના ઉપરાજપ્રમુખ છે તેમની નીમણુંક કરી છે. સૌરાષ્ટ્ર યુનીયન ઉભું કરવામાં ભાવનગર મહારાજાએ જે અતિ મહત્વનો ફાળો આપ્યો છે તે ધ્યાનમાં લેતાં તેમની મદ્રાસ પ્રાન્તના ગવર્નર તરીકેની નીમણુંક કરવામાં આવે તે સર્વ પ્રકારે યોગ્ય છે. આજે દેશમાં બનાવો એટલી ત્વરાથી બનતા જાય છે કે ગઇ કાલે બનેલી બીના પણ આજે જાણે કે ભુલાઇ જવાતી હોય એમ આપણને લાગે છે. સૌરાષ્ટ્ર કે જ્યાં હજુ છ મહીના પહેલાં બસે કે અઢીસો રજવાડાના સીમાડાઓ અસ્તિત્વ ધરાવતા હતા તે આખા સારાષ્ટ્રને આવરી લેતું એક સમવાયતંત્ર આજે ઉભું થઇ શકયું છે તે બે પરસ્પરવિરોધી બુધ્ધિનું સીધું પરિણામ છે. ઓગસ્ટ ૧૫ મી તારીખની આઝાદી બજવા બાદ જુનાગઢના કમબખ્ત નવાબ સાહેબને પાકીસ્તાન સાથે જોડાવાની દુર્બુધ્ધિ સુઝી. પરિણામે જુનાગઢની નવાબી સામે આરઝી હકુમત ઉભી થઇ, નવાબસાહેબ કરાંચી ભાગી ગયા, અને જુનાગઢ રાજ્ય ઉપ-

રની તેગની નવાબી જોનજોનામાં ખલાસ થઇ ગઇ. આજ અરસામાં કાળબળની જેને સાચી પરખ થઇ ચુકી હતી તેવા ભાવનગર મહારાજાને પોતાની પ્રજાને સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર આપવાની એટલું જ નહિ પણ જો સૌરાષ્ટ્રયુનીયન ઉભું કરવાનું શકય હોય તો તેમાં સૌથી પ્રથમ પોતે જોડાવાની માત્ર ઇચ્છા જ નહિ પણ પુરી તત્પરતા પ્રગટ કરી. એમના સાલીયાણાનો પ્રશ્ન ઉભો થયો ત્યારે 'મારે આટલું તો જોઇએ જ' એવું લૌકિક વળણ દાખવવાને બદલે ગાંધીજી જે કોઇ રકમનું નામ પાડે તે રકમથી પુરો સંતોષ માનવાની ઇચ્છા પોતે પ્રગટ કરી. સૌરાષ્ટ્ર યુનીયનમાં દાખલ થતાં થતાં અનેક રાજવીઓએ જાતજાતના ગોટાળા કર્યાની, કંઇ કંઇ મીલ્કતો પોતાના નામ ઉપર ચઢાવી દીધાની તેમ જ ઝવેરાતની ગંજાવર ખરીદી કર્યાની, કેટલીયે વિગતો બહાર આવી છે અને સૌ કોઇ તેમાંનું ઘણું ખરૂં જાણે છે. માત્ર ભાવનગરના મહારાજા એક જ એવા માલુમ પડયા કે જેમણે, સૌરાષ્ટ્રની નવી સરકાર જે મીલ્કત–રથાવર કે જંગમ–મહારાજાની પોતાની અંગત જ ગણાય એમ સ્વીકારે એ સિવાય બીજું કશું પણ ન ખપે એવી ટેક અને સત્યનિષ્ઠા પોતાના આચરણ વડે પુરવાર કરી આપી. આવા સત્યનિષ્ઠ અને રાષ્ટ્રનિષ્ઠ મહારાજાએ મહારાજપદ શોભાવ્યું છે અને કાઠિયાવાડના–સૌરાષ્ટ્રના–ગૌરવમાં ખુબ વધારો કર્યો છે. જેમણે આત્મવિસર્જનમાં આનંદ માન્યો છે એવા ભાવનગર મહારાજાની આવી કદર કરવા માટે હિંદી સંઘના મુખ્ય નિયામકને ધન્યવાદ ઘટે છે અને ભાવનગર મહારાજાને પણ આવી પદવી પ્રાપ્ત થવા માટે સૌરાષ્ટ્રના સર્વ પ્રજાજનોના અનેક અભિનન્દન ઘટે છે.

ઉપાશ્રયમાં શાન્તિ !

મુંબઇના જૈન સ્થાનકવાસી સમાજના આગેવાન બંધુ શ્રી. ટી. જી. શાહ તથા તેમનાં પત્ની શ્રી. ચંચળબહેન તરફથી એક પત્રિકા બહાર પાડવામાં આવેલ છે. તેમાં તેઓ જણાવે છે કે "ઉપાશ્રયમાં વ્યાખ્યાન ચાલુ હોય ત્યારે સંપૂર્ણ શાન્તિ જળવાવી જોઇએ. એને માટે પ્રયત્નો પાટીયાં ટાંગીને, ભાષણો આપીને, લેખો લખીને આજ સુધી કર્યા. પણ કોણ જાણે કેમ એ પ્રયત્ન સફળ થયો હોય તેમ લાગતું નથી. તેથી શાન્તિ જળવાવાની શિસ્ત કેળવવાના આશયથી નીચે મુજબ અમો પ્રતિજ્ઞા કરીએ છીએ.

"અત્રતા શ્રાવણ શુદ ૧૫ સુધીમાં વ્યાખ્યાન હોલમાં શાન્તિ જળવાવાની પ્રતિજ્ઞાવાળા ૫૦૦૦ પત્રો નહિ મળે તો શ્રાવણ વદ ૧ થી તેટલાં પત્રો મળતાં સુધી ઉપવાસ કરવાનો નિર્ણય અમો આથી જાહેર કરીએ છીએ. આ પ્રયત્ન આજથી રોજ ચાલુ રહે તે આશયથી આખા હિન્દભરમાંથી રોજ ઓછામાં ઓછા પચાસ પત્રો નહિ મળે તો બીજે દિવસે ઉપવાસ કરવાની આથી પ્રતિજ્ઞા લઇએ છીએ." આમ જણાવીને "હું નીચે સહી કરનાર વ્યાખ્યાન ચાલુ રહે ત્યાં સુધી મૌનવ્રત સેવવાની આજ્ઞાથી પાંચ વર્ષને માટે પ્રતિજ્ઞા લઉં છું" એવું પ્રતિજ્ઞાપત્ર પોતાના પુરાં નામ ઠામ ઠેકાણા સાથે શ્રી ટી. જી. શાહ, ઠે. ટી. જી. શાહ બીલ્ડીંગ, પાયધુની મુંબઇ એ ઠેકાણે મોકલી આપવા તેઓ વિનંતિ કરે છે.

આપણા સામુદાયિક જીવનમાં શિસ્ત અને શાન્તિનો ભારે અભાવ વર્તે છે અને જ્યાં સુધી આ બન્ને તત્વોની આપણા ચલુ જીવનમાં સંગીન પુરવણી નહિ થાય ત્યાં સુધી આપણું સામુદાયિક જીવન વ્યવસ્થિત બનશે નહિ અને કોઇ પણ કાર્ય પ્રસંગે એકત્ર થવા પાછળ રહેલો હેતુ ઘણા અંશે અસિદ્ધ રહેશે. આપણા જીવનના અનેક અંગોમાં જે બેસુનાપણાનો અનુભવ થયા કરે છે તેનું કારણ પણ આ જ છે. પશ્ચિમની પ્રજા આ બાબતમાં આપણાથી ઘણી આગળ વધેલી છે. તેમનાં મંદિરો, ધાર્મિક સ્થાનો, સભાગૃહો–સર્વત્ર શિસ્ત અને શાન્તિનો આગ્રહ આપણી નજર ઉપર સહેજે તરી આવે છે. આથી ઉલટું આપણે ત્યાં ખાસ કરીને પર્યુષણ પર્વ દરમિયાન ધાર્મિક ઉપાશ્રયોમાં ચાલતા વ્યાખ્યાનોમાં નથી કોઇ પ્રકારનો શિસ્ત જોવામાં આવતો કે નથી કોઇ પ્રકારની શાન્તિ અનુભવવામાં આવતી. પાછળથી આવેલા આગળ જઇને બેસવા પ્રયત્ન કરે, બાળબચ્ચાં લઇને સૌ કોઇ આવે, અને નજીક બેઠેલાં સાથે વાતો કરવા માંડે–આ આપણો હંમેશાનો અનુભવ છે. નથી આપણે કાંઇ સાંભળવા માંગતા, નથી બાજુનાને સાંભળવા દેવાની આપણે દરકાર ધરાવતા. અલબત્ત વ્યાખ્યાનો સંભળાય નહિ અથવા તેમાં રસ ન પડે–એ પણ શાન્તિભંગનું એક બળવાન નિમિત્ત હોય છે અને આ બાબત પુરા પ્રમાણમાં ન સુધરે ત્યાં સુધી વ્યાખ્યાનો દરમિયાન શાન્તિ જળવાવી મુશ્કેલ છે. પણ આવે વખતે શ્રોતાઓએ બેમાંથી કોઇ પણ એક વિકલ્પને અનુસરવું ઘટે છે. કાં તો સંભળાય નહિ અથવા તો રસ ન પડે–આ બન્ને બાબતો સહન કરીને પણ શ્રોતાઓએ શાન્તિ જાળવી બેસી રહેવું અથવા તો જેઓ તેમ ન કરી શકે તેમણે વ્યાખ્યાન છોડી ચાલતા થવું. પણ વ્યાખ્યાનમાં બેસી રહેવું અને પાસેના માણસો સાથે વાતો ચલાવ્યે રાખવી કે ઘોંઘાટ ચાલુ રાખવો એ કોઇ પણ રીતે યોગ્ય ન કહેવાય. આ બાબતમાં ખ્રીસ્તીઓ તેમ જ મુસલમાનો આપણા માટે આદર્શ દૃષ્ટાન્તો પુરાં પાડે છે.

પણ દુઃખની વાત તો એ છે કે આપણે જો કે 'ॐ शान्तिः शान्तिः' નો સતત પાઠ કર્યા કરીએ છીએ, એમ છતાં પણ આપણા ઉછેરમાં આ બન્ને બાબતોને બહુ જ ઓછું મહત્ત્વ આપવામાં આવે છે. તાણીને બોલવું, ઘોંઘાટ કરવો, પાછળથી આવીને આગળ ઘુસવાનો પ્રયત્ન કરવો, જાહેરમાર્ગો ઉપર રાડો પાડવી, બે જણને સંભળાવવાનું હોય ત્યાં બાવીશ જણા સાંભળે એટલા અવાજથી બોલવું, સમુહમાં બેઠા હોઇએ ત્યાં જેની તેની સાથે વાતો કરવી, જે તે પ્રકારના અવાજો કરવા–આ બધું જાણે કે આપણે ગળથુથીમાં જ પીને આવ્યા હોઇએ એવું આપણું બાનગી તેમ જ જાહેર વર્તન હોય છે. આ બધી બાબતો કેવળ આચારની સભ્યતાને લગતી છે અને આચારની સભ્યતામાં પ્રજા તરીકે આપણે ખરેખર બહુ જ પછાત છીએ. આપણો ગંદવાડ–જ્યાં ત્યાં થુંકવું, જ્યાં ત્યાં કચરો નાંખવો, જે તે ખાવું, પાનની પીચકારીઓથી ઘરની ખુચ્ચાઓ રંગવા અને જાહેર રસ્તાઓને રંગબેરંગી બનાવવા–આ બધું ય આપણને ખુબ શરમાવનારૂં છે. એક શહેરી કે પ્રજાજન તરીકેના આપણા કોઇ પણ ધર્મનું આપણને ભાન નથી. મંદિરોમાં પણ આપણે ભાતભાતના રાગડા કાઢીને મંદિરના સમગ્ર વાતાવરણને અત્યન્ત કલુષિત કરીએ છીએ. જયણા–યતન–ઉપર આપણા ધર્મમાં ખુબ ભાર મૂકવામાં આવ્યો છે એમ છતાં આપણું જ જીવન સૌથી વધારે યતનાવિહોણું ભાસે છે. આ તો આપણે પ્રસ્તુત વિષયની જરા બહાર જઇને થોડુંક પરિભ્રમણ કર્યું, પણ આ સમાલોચનાનો સાર એ છે કે ઉપાશ્રયમાં જે અશિસ્ત અને અશાન્તિ જોવામાં આવે છે તે કેવળ આકસ્મિક કે કેવળ ઉપાશ્રય પુરતી નથી, પણ આપણી સમગ્ર રહેણી કરણીનું અને આપણા ખોટા ઉછેરનું સ્વાભાવિક પરિણામ છે. અને જ્યાં સુધી આપણા સમગ્ર આચારવ્યવહારમાં ધરમુળનો ફેરફાર કરવામાં નહિ આવે ત્યાં સુધી આપણા ધાર્મિક સામુદાયિક જીવનમાં સાચી શાન્તિની સ્થાપના આપણે કરી શકીશું નહિ. આમ હોવા છતાં અન્ય પક્ષે એમ પણ જરૂર કહી શકાય કે આપણા જીવનની બીજી બાજુઓ પુરી વ્યવસ્થિત હો, કે ન હો, પણ ઉપાશ્રય જેવા વિશિષ્ટ સ્થળે અને જ્યારે કોઇ પણ સાધુ કે સાધ્વી ધર્મ પ્રવચન કરતા હોય ત્યારે શાન્તિ જાળવવાનો આપણા સૌના દિલમાં મક્કમ આગ્રહ હોવો જોઇએ. આ વિચાર બરોબર છે. પણ એ આગ્રહનો અમલ થવામાં બીજા પણ જે પ્રત્યવાયી કારણો છે તે વિચારવા ઘટે છે અને તે દૂર ન થાય ત્યાં સુધી સામુદાયિક શાન્તિની અપેક્ષા રાખવી તે વધારા પડતું છે. આ કારણોમાં સૌથી મોટું કારણ તો એ છે કે વ્યાખ્યાતાને બહુ મોટો જનસમુદાય સાંભળી જ શકતો હોતો નથી. અને એમ બનતાં પાસે બેઠેલા સાથે વાતચિત કરવાનું પ્રલોભન ખાળી શકાવું સાધારણ માણસો

માટે મુશ્કેલ બને છે. વળી આવા પર્વના દિવસે સ્ત્રી-પુરુષો બાળબચ્ચાંને લઈને ઉપાશ્રયે આવે છે, અને આ કારણે પણ અનેક પ્રકારની અશાન્તિનો ઉપદ્રવ ચાલુ રહે છે. આ બન્ને કારણોનું વાત વરણ આજે ચોતરફ પ્રચલિત બનેલા ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગ વડે બહુ સહેલાઈથી થઈ શકે તેમ છે. મોટા ઉપાશ્રયો કે જેની વ્યાખ્યાનશાળા બબ્બે ચાર ચાર હજાર માણસો બેસી શકે તેટલી મોટી હોય છે ત્યાં વીજળીના પંખા પણ જરૂરી છે. તેથી અમુક રાહત મળે છે, અકળામણ ઓછી બને છે, માણસને શાન્તિ જાળવવામાં અનુકુળતા થાય છે. પણ આમ કરવામાં આજે જ્યાં ત્યાં સ્થિતિચુસ્તતા આડે આવે છે. ઉપર જણાવેલ સગવડો કરવામાં આવે તો પણ વ્યાખ્યાતાનું વ્યાખ્યાન રસપ્રદ ન હોય તો શાન્તિ જાળવવી મુશ્કેલ બને છે. પ્રસ્તુત શાન્તિના પ્રચારકે આ બધી બાબતો પુરા ધ્યાનમાં લેવી જોઇતી હતી અને ઉપવાસના પ્રયોગ ઉપર જવા પહેલાં આ બાબતો સિદ્ધ કરવી જોઇતી હતી અને એ સિદ્ધ ન થાય ત્યાં સુધી રાહ જોવી જોઇતી હતી. આજે જે તે બાબતમાં લોકોને ઉપવાસ ઉપર જતાં આપણે સાંભળીએ છીએ. આ રીતે ઉપવાસ આજે હાંસીપાત્ર અને ઘૃણાપાત્ર બની રહેલ છે. આ ઉપવાસ કરીને લોકોને સુધારવાની વૃત્તિ કેટલા અંશે આવકારદાયક છે એ પણ એક મોટો પ્રશ્ન છે. પ્રસ્તુત બાબતમાં જૈન સમાજ શ્રી ટી. જી. શાહ જેવી વ્યકિતને ઉપવાસ ઉપર જવા દે એવો બહુ ઓછો સંભવ છે. તેમણે કબુલેલી મુદ્દતમાં પાંચ હજારથી વધારે સહીઓ તેમને મળી જશે એવી આશા રહે છે. એમ છતાં પણ જ્યાં સુધી ઉપર જણાવ્યા મુજબના બીજા ફેરફારો નહિ કરવામાં આવે ત્યાં સુધી પર્યુષણનાં-ઉપાશ્રયમાં થતાં-વ્યાખ્યાનો જેવાં થાય છે તેમાં બહુ ફેરફાર થવાનો સંભવ છે જ નહિ. આજે શ્રી ટી. જી. શાહે એવા આકારમાં પ્રતિજ્ઞા બહાર પાડી છે કે તેમને તેથી પાછા હઠવાનું કહી શકાય તેમ રહ્યું નથી. તેથી તેમને પાંચ હજાર સંગીન સહીઓ એકઠી કરી આપવામાં મદદરૂપ થવા સૌ ભાઇબહેનોને વિનંતિ છે. આમ છતાં પણ તેઓ પોતાની ધારણા મુજબ ઉપાશ્રયના વ્યાખ્યાનોમાં શાન્તિનો સાક્ષાત્કાર ન કરે તો તેથી તેઓ નિરાશ ન થાય, વધારે કડક ઉપવાસો આદરવા તરફ મનને ન દોડાવે, પણ ધૈર્યપૂર્વક જનતામાં શાન્તિની ભાવના કેળવવાનો અને તે શાન્તિને અનુકુળ સામાજિક વ્યવસ્થા ઉભી કરવાનો પ્રયાસ ચાલુ રાખે એટલી તેમને વિનંતિ છે. છેવટે આ રીતે પણ સામુદાયિક શાન્તિના અતિ મહત્વના પ્રશ્નને જૈન સમાજના સીધા ધ્યાન ઉપર લાવવા પુરતો યશ શ્રી ટી. જી. શાહ તેમ જ તેમનાં પત્ની શ્રી ચંચળબહેનને અવશ્ય ઘટે છે.

પરમાનંદ.

એનું મૂલ્યાંકન શી રીતે કરીશું ?

ઉચ્ચ કેળવણીદ્વારા સંસ્કારનું સિંચન થાય છે, વ્યકિત પર સારો ઓપ ચડે છે, વ્યકિત વધારે ખીલી શકે છે એ સાચી વાત, પરંતુ કેટલીકવાર આપણે આજન્મ સંસ્કારમાંય માનવું પડે છે. ઓછું ભણતર અથવા નહિ જ જેવું ભણતર હોવા છતાં કેટલીક વ્યકિતઓનું માનસ જોઇ જાણી આપણે મુગ્ધ થઇએ છીએ; અને જે ગુણ કેળવણી પણ કવચિત આપે છે, તે ગુણ કહેવાતી કેળવણીથી વંચિત એવી વ્યકિતઓમાં આપણે અનુભવી આનંદ પામીએ છીએ.

થોડાક દિવસો ઉપરની આ વાત છે. કાલબાદેવી રસ્તા ઉપર હુંડીમેં લગતું કામકાજ કરતી એક પેઢીના નોકરને, શેઠે દસ દસ હજારની નોટોનાં બે થોકડા બેંકમાં ભરવા માટે આપ્યા. આ નોકરના હાથમાંથી એક થોકડો-દસ હજારની રકમ-રસ્તામાં કયાંય સરકી ગઇ, શોધતો શોધતો તે દુકાને પાછો આવ્યો. દુકાનમાં તપાસ કરી પણ કયાંય થોકડો નહોતો. શેઠે ધાર્યું કે, નોકરની દાનત બગડી છે, ને તેણે જ કયાંક સંતાડયું છે. આથી તરત પોલીસને આની જાણ કરવામાં આવી, અને નોકરની ધરપકડ થઇ. નોકરનું નામ વર્તમાનપત્રને પાને ચડયું.

સદ્‌ભાગ્યે બન્યું એવું કે, આ નોટોનું બંડલ, શેર બજારમાં કામ કરતા શ્રી લાલશંકર કાનજીભાઇના હાથમાં આવ્યું. તે જ સાંજે વર્તમાનપત્રોમાં 'દસ હજારની રકમ ઉચાપત' સંબંધમાં સમાચાર વાંચ્યા, અને તેણે ઉપરોકત પેઢીમાં જઇ, તેના માલિકને દશ હજારની નોટો સોંપી દીધી. પકડાયેલા નોકરનો છુટકારો થયો.

હકીકત તદ્દન સાદી છે. પરંતુ આપણા ચિત્ત પર કેટલી અસર કરી જાય છે? દશ હજારની નોટો હાથમાં આવી; શ્રી લાલશંકરે ધાર્યું હોત તો તે ઉચાપત કરી શકત; પાંચ પાંચ વરસ શેઠને ત્યાં ધસડઓળો કરવા છતાં જે રકમ તે ન બચાવી શકત, તેનો તે એક જ દિવસમાં માલિક થઇ શકત. કોઇ તેને પૂછનાર નહોતું; પકડનાર નહોતું. પરંતુ, ના, એના સંસ્કારી આત્માએ વગર પરસેવની રકમ સંઘરવાની ના પાડી. તેના બાહ્ય મને તો ઘણોય લલચાવ્યો હશે, પણ આંતર મને બાહ્ય મન પર વિજય મેળવ્યો. ભૌતિક લાલસાને મજબૂત મને દબાવી દીધી. શ્રી. લાલશંકરે સાચો વિજય મેળવ્યો. ચિંતનો રાગ તેને ચળાવી ન શકયો.

અને બીજે પક્ષે? મૂળ માલિકે રકમ પરત કરનારને શું ઇનામ આપ્યું તેની આપણને ખબર નથી; પરંતુ વર્તમાનપત્રોએ માત્ર સમાચાર છાપવા સિવાય કંઇ કર્યું નથી. જીવના જોખમે, ઊંચી વળી પર ચડી રાષ્ટ્રધ્વજ ફરકાવનારની વર્તમાનપત્રો મોટી છબીઓ છાપશે; નાનકડો ઉત્સવ ઊજવી નાના કામ વડે મોટી નામના મેળવશે; પરંતુ કોઇ વર્તમાનપત્રે મુંબઇ શહેરને સંસ્કારધનની વાનગી પિરસનાર શ્રી લાલશંકરની છબી સરખીય છાપી હોય તેનો ખ્યાલ નથી. અભ્યાસાર્થે પરદેશ જવા નીકળનારની જેટલી પ્રશંસા વર્તમાનપત્રો કરે છે. તેટલી પ્રશંસાના અધિકારી આ ભાઇ છે જ. પોતાના આ એક જ પ્રસંગથી હજારો નહિ બલકે લાખોના હૃદયને તેમણે સચોટ અસર ઉપજાવી છે.

આવા પ્રસંગો વિરલ બને છે, પરંતુ બને છે તે આનંદ પામવા જેવું છે. આજે મુંબઇમાં ખિસાકાતરૂઓની સંખ્યા ઓછી નહિ હોય. દરરોજ એકની એક ઘૂમ સંભળાય છે કે ટ્રામમાં અને ટ્રેનમાં મુસાફરી કરો, ત્યારે ખિસું સંભાળી ચલજો; બહાર જોખમ ન રાખતા, ઇન્ડિપેન્ડો અને રેલવેપાસ તો કેટલાયના ચોરાતા હશે. એક તરફ આ પરેશાની છે, તો બીજે પક્ષે આવા તપ્ત રણમાં મીઠી વીરડી હોવાનો પણ સંભવ છે. અમારી જ ઓફિસના એક ભાઇનો રેલવેનો પાસ કાલબાદેવી રોડ પર, ખિસામાંથી કાંઇક કાઢવા જતાં પડી ગયો. પાસ સાથે ધોબીનાં કપડાંની રસીદ હતી; ઓફિસનું સરનામું પણ હતું. આ પાસ રસ્તો સાફ કરનાર હરિજન કામદારના હાથમાં આવ્યો. ત્રીજે દિવસે તે ભાઇ, ઓફિસ શોધતો શોધતો આવ્યો, અને પાસ તથા કપડાંની રસીદ સુપ્રત કરી ગયો, જો તેણે ધાર્યું હોત તો વીસ પચીસનાં કપડાં મેળવી શકત અને પાંચેક રૂપિયા પાસના ઉપજાવી શકત; પરંતુ તેને મન પૈસા નજીવી વાત હતી; સંસ્કાર મુખ્ય હતો. જ્યારે તેણે ઉપરની વસ્તુઓ પાછી આપી ત્યારે તેના મોં પર કંઇક કરી છૂટવાનો આનંદ હતો. આ આનંદ પાસ રાખ્યાથી કે કપડાં મેળવ્યાથી તેને ન મળત. તેનો આત્મા સંસ્કારી હતો; પારકી વસ્તુ રાખવામાં; પારકી વસ્તુનો પરિગ્રહ કરવામાં તે પાપ સમજતો હતો. અદત્તાદાનનો તે સાચો જાણકાર હતો. એક અર્થમાં કહીએ તો જૈનના તેનામાં સંસ્કાર હતા.

શ્રી લાલશંકર કે પેલા હરિજનબંધુનાં દ્રષ્ટાંતો જોયાં તો અનેક દ્રષ્ટાંતો, ઉઘાડી આંખે આપણે જોઇએ તો જોવા મળશે, સાંભળવા મળશે. કેળવણીદ્વારા ભલે તેમને ઓપ-બાહ્ય ઓપ-નહિ ચડયો હોય, પરંતુ કુદરતી ચળકાટ તેમની પાસે છે જ. એ કદી કટાતો નથી, કદી રંગાતો નથી. તેમની પાસે ભલે ધન નહિ હોય; તેઓ એવાં ધનના માલિક છે, એ કે જે બાલેકીનું મૂલ્યાંકન હજાર દસહજારથી નહિ પણ સંત પુરુષોથી જ થઇ શકે તેમ છે.

ધીરજલાલ ધનજીભાઇ શાહ

દેવદ્રવ્યની રૂઢિ

જેમ માણસો નસિબવાળા હોય છે અને કમનસિબ પણ હોય છે તેમ શબ્દો પણ કેટલાક નસિબવાન હોય છે અને કેટલાક કમનસિબ હોય છે. જે શબ્દની અને જેના અર્થની સિદ્ધિ માટે કોઇ શાસ્ત્રાધારની જરૂર ન પડે તેમ બીજા પણ કોઇ આધારની જરૂર ન પડે તે શબ્દો નસિબવાળા છે. જેમ કે; કાળું બજાર, લાંચ, અસત્ય અને અનીતિ વગેરે. આ શબ્દો કયાંથી આવ્યા ? એમને માટે શાસ્ત્રમાં કોઇ આધાર છે કે કેમ ? એવી કોઇ તકરાર ઉભી જ થતી નથી. ઉલટું એ શબ્દો અને તેમના અર્થો કોઇ પણ શાસ્ત્રના કે બીજા પ્રમાણના આધાર વિના જ તરત લોકોના આચારમાં ફેલાયેલા છે. માટે જ એ શબ્દો ભારે નસિબવાળા કહેવાય છે, ત્યારે હરિજન, મૂર્તિ, તિથિ અને દેવદ્રવ્ય વગેરે શબ્દો બિચારા તદ્દન કમનસિબ છે. ધર્માત્મા લોકો (?) એ 'હરિજન' વગેરે શબ્દો સાંભળતાં જ એવું પૂછવા મંડી જાય છે કે 'હરિજન' શબ્દ કયા શાસ્ત્રમાં છે ? શું એ શબ્દ વેદમાં છે ? મહાભારતમાં કે ઉપનિષદોમાં છે ? હોય તો ત્યાં તેનો અર્થ કેવા પ્રકારનો છે ? એ જ રીતે મૂર્તિ, મૂર્તિપૂજા કયા શાસ્ત્રને આધારે છે ? શાસ્ત્રમાં એનો કોઇ ઉલ્લેખ છે ખરો ? તિથિ ઉગતી માનવી કે આથમતી માનવી ? એ વિશે ખુદ ભગવાન મહાવીરે શું કહ્યું છે ? કેવું કહ્યું છે ? એ ધર્માત્મા મહાત્મા લોકો કહે છે કે અમે તો ખુદ મહાવીર ભગવાનનું જ વચન માનવાના છીએ. બીજા કોઇનું હરગિજ નહીં–બીજા કોઇનું વચન માનીને અમે વિરાધક થવા નથી ઇચ્છતા. એ જ પ્રમાણે 'દેવદ્રવ્ય' શબ્દ માટે પણ વિવાદ શરૂ થયેલ છે. એ શબ્દ કયા શાસ્ત્રમાં છે ? શું મૂળશાસ્ત્રમાં છે ? બીજા શાસ્ત્રોમાં છે ? ખરી રીતે તો ડાહી માના ડાહ્યા દીકરા વાણિયા આ વિવાદને છેડવો મૂકી દે અને વ્યવહારૂ રીતે તેનો ઉકેલ આવી જાય એવો પ્રયાસ કરે એ જ એમના પક્ષમાં વિશેષ હિતકર છે. નહીં તો 'કોઠી ધોયે કાદવ નીકળે' એવી વાત થવાની છે. 'દેવદ્રવ્ય' ગમે તે રીતે ઉભું થયું હોય વા મૂળશાસ્ત્રમાં કે બીજે પણ તેનો કશો ઉલ્લેખ હોય કે ન હોય તો પણ જે રૂઢ પરંપરાથી એ ચાલતું આવે છે તે રૂઢપરંપરાને વિશેષ વિશાળ બનાવી દેવદ્રવ્યનો ઉપયોગ જૈનોનાં તમામ ક્ષેત્રોમાં જૈનોને હિતકર થાય એ રીતે કરવામાં આવે તો આ વિવાદ એક પળમાં જ શમી જાય અને જૈન સમાજને એ દેવદ્રવ્ય હિતકર નિવડે. પ્રસ્તુત વિવાદનો આ વ્યવહારૂ ઉકેલ છે. પણ એ હાલ તુરત તો કોઇને ગળે એકદમ ઉતરે એવી આશા ઉગતી નથી અને શાસ્ત્રજડ લોકો તો જાણે શાસ્ત્રના અક્ષરેઅક્ષરને વળગીને પોતાની પ્રવૃત્તિ ન કરતા હોય એ રીતે 'દેવદ્રવ્ય'ની ચાલુ રૂઢિને જ ટકાવવા ધમપછાડા કરી રહેલ છે. એ લોકોને દેવદ્રવ્યના સદુપયોગથી થતા લાભની અને રૂઢ પરંપરા પ્રમાણે થતા ઉપયોગથી થતી હાનિની જરા પણ પરવા નથી. એઓ તો કહે છે કે અમે તો શાસ્ત્ર પ્રમાણે જ ચાલવાના છીએ. આમ કહીને એ લોકો તટસ્થ રીતે શાસ્ત્રોનું અવલોકન કરતા નથી. ખરી રીતે તો તે લોકો મોટા ભાગે શાસ્ત્રના અવલોકનની શકિત જ ધરાવતા નથી. પરંતુ તે લોકો શાસ્ત્રનું નામ લઇને ભોળી જનતામાં મોટો વિક્ષેપ ઉભો કરે છે, કુસંપનાં બી વાવે છે, જેને પરિણામે વર્તમાનમાં આપણો દેશ કેવળ શાસ્ત્રને જ નામે છિન્નભિન્ન થઇ રહેલ છે અને ભાઇભાઇમાં પણ પરસ્પર દ્વેષની જાળો ફેલાઇ રહી છે. શાસ્ત્રો બિચારાં મૂગાં છે એટલે તેનાં વચનોને જેમ ફાવે તેમ મરડી શકાય છે. વળી શાસ્ત્રજડ લોકોને મન કોઇ પણ સંસ્કૃતની લીંટી કે માગધી ભાષાની ગાથા, તે ગમે તેણે રચી હોય તે પણ શાસ્ત્રની વ્યાખ્યામાં આવી જાય છે. આ પરિસ્થિતિ તટસ્થ અને ઇતિહાસદૃષ્ટિપ્રધાન વિચારક માટે ભારે જોખમરૂપ છે. એ વિચારક તો શાસ્ત્રની વ્યાખ્યા તથા મર્યાદા સમજે છે એટલે તે ગમે તે સંસ્કૃત વચનને વા માંગધી ભાષાની ગાથાને શાસ્ત્ર માનીને નહીં જ ચાલે. એથી શાસ્ત્રજડ લોકોમાં તેના ઉપર શાસ્ત્રને નહીં માનવાનો આક્ષેપ ઉભો થવાનો. તેમ છતાં જ્યારે વિચાર જ કરવો છે ત્યારે એ અને એવા બીજા આક્ષેપોને પણ વહોરીને વિચારકે વિચાર જ કરવાનો રહ્યો. વિચારક પુરૂષો તો શાસ્ત્ર કરતાં પણ અનુભવ અને વર્તમાન દેશકાળ તથા બદલાયેલી પરિસ્થિતિને જ સવિશેષ મુદ્દાની ગણે છે અને તે બધાંને અનુલક્ષીને જ કોઇ પણ વિવાદનો ઉકેલ આણવાની ભલામણ કરે છે. એ ભલામણ પ્રમાણે વિવાદનો ઉકેલ લાવવામાં આવે તો જે દેવદ્રવ્યનો વિવાદ સમાજમાં વિક્ષેપક બન્યો છે તે તેમ ન થાત અને સંચિત થએલું દેવદ્રવ્ય જે આજલગી આમને આમ પડી રહેલ છે વા તેનો સંકુચિત ઉપયોગ થતો આવેલ છે તે મટી એ સઘળું દ્રવ્ય સમાજના સાતે ક્ષેત્રોના પ્રભાવ માટે વિશેષ નિમિત્ત બનત. પણ ભારતવર્ષની પ્રજાનાં અને તેમાં ય જૈનપ્રજાનાં એવાં ભાગ્યનો ઉદય થવાની હાલ તુરત આશા રાખવા જેવું વાતાવરણ જ નથી. માટે જ આ નીચે દેવદ્રવ્યની રૂઢિનો ઇતિહાસ અને તેના ઉપયોગ વિશે થોડીક શાસ્ત્રીય હકીકત આપવામાં આવે છે.

જૈનપરંપરામાં એવી કેટલીયે રૂઢિયો ચાલી આવે છે કે જેમને કેવળ તે ચાલી આવે છે માટે જ પ્રમાણરૂપ માનવામાં આવે છે. એમને માટે શાસ્ત્રાધાર હોય કે ન હોય કેવળ સામાજિક શ્રેય માટે જ તે અશાસ્ત્રાધાર રૂઢિઓને પણ ચાલતી રાખવામાં આવે છે. એવી રૂઢિઓમાં દેવદ્રવ્યની રૂઢિનો સમાવેશ થઇ શકે તેમ છે. પ્રસ્તુત લેખમાં બીજી બીજી રૂઢિ વિશે પ્રધાનતઃ લખવાનું નથી, પરંતુ દેવદ્રવ્યની રૂઢિ વિશે જ પ્રધાનપણે ચર્ચા કરવાની છે અને તેને અંગે અનુષંગે જે કાંઇ મૂર્તિપૂજાની રૂઢિ વિશે લખવું પડે તે લખાવાનું છે.

'દેવદ્રવ્ય' શબ્દ અખંડ નથી, પણ 'દેવ' અને 'દ્રવ્ય' એમ બે શબ્દનો એ શબ્દ તત્પુરૂષ સમાસદ્વારા બનેલો છે. **देवस्य द्रव्यम् देवद्रव्यम्** એમ એ શબ્દનો સમાસ છે અને તે ષષ્ઠીતત્પુરૂષસમાસ છે. જૈનપરંપરામાં જે દેવો પૂજનીય છે તેમનું લક્ષણ આ પ્રમાણે છે. રાગદ્વેષ વગરના, આસકિત વગરના જે તીર્થંકરો છે તેમને જૈન પરંપરા પ્રધાનતઃ પૂજનીય દેવરૂપે માનતી આવી છે. આ જોતાં એવા દેવોને કોઇ પ્રકારનું દ્રવ્ય હોવાનો સંભવ જ નથી. તો પછી પ્રસ્તુત 'દેવદ્રવ્ય' શબ્દ કેમ ઉભો થયો? આ પ્રશ્નના સમાધાન માટે અહીં જરા સવિશેષ ઉંડા ઉતરીને વિચારવું રહ્યું.

મહાવીરસ્વામીનું ધર્મચક્ર અહિંસાના પાયા ઉપર છે અને એ અહિંસાનો આધાર સંયમ અને તપ ઉપર છે. સંયમ અને તપ વિના એ તેજસ્વી અહિંસાનો સંભવ જ નથી. ભગવાન મહાવીરે જે સાધના કરેલ છે તેમાં એ તેજસ્વી અહિંસાનો જ સવિશેષ પ્રભાવ છે. જ્યાં જ્યાં ધન ધાન્ય પશુ કે માનવ વગેરેનો પરિગ્રહ દેખાતો હોય ત્યાં ત્યાં સંયમ અને તપનો ઓછો સંભવ છે. માટે જ ખુદ ભગવાન મહાવીર પણ અચેલક થઇને સાધનાને પંથે વળ્યા અને તેમના યથાર્થ અનુયાયીઓએ પણ એ જ રસ્તો પકડયો. શ્રી મહાવીરસ્વામીની સાધનાનાં અંગસૂત્રમાં આવેલાં પ્રકરણો વાંચતાં તેમની અસંગ વૃત્તિ, અપરિગ્રહવૃત્તિ અને જે કઠોર મનોનિગ્રહ, શરીરદમન વગેરે દેખાય છે તે ઉપરથી તો એમ સ્પષ્ટ કળી શકાય છે કે તેમના અંગેનું કોઇ પ્રકારનું દ્રવ્ય કલ્પી જ કેમ શકાય ? તેમ તેઓ ખુદ તેવા દ્રવ્યનો ઉપદેશ કરે એ પણ કેમ કલ્પાય ? હા, એમણે સ્થાપેલ છે માટે એમનું શાસન કહેવાય, એમનો સંઘ કહેવાય. જેમાં એમની વાણીનો અર્થરૂપે કે શબ્દરૂપે સંગ્રહ છે તે શાસ્ત્રો એમનાં કહેવાય. પણ જે ધન, આભૂષણ, ખેતર કે વાડી વગેરે પરિગ્રહનો સંબંધ એમની સાથે કોઇ રીતે

જોડી શકાતો નથી તે બધું તેમનું દ્રવ્ય છે એમ કઇ જીભ બોલી શકે? વા તેમના જે ઘોરતપસ્વી અનુગામી શ્રમણો થયેલા છે તેઓએ તેમને માટે દ્રવ્યની વાત કરેલી છે એમ પણ કેમ કહી શકાય? એ અનુગામી શ્રમણો એટલા બધા અસંગ, અમમત્વી અને અપરિગ્રહી હતા કે તેઓ આ દેવદ્રવ્યની રૂઢિ વિશે કશું પણ સાક્ષાત્ વા આડકતરી રીતે કાંઇ કહી ગયા છે એમ પણ કલ્પી શકાય એમ નથી. આમ છતાં 'દેવદ્રવ્ય છે' 'દેવમંદિર છે' એ વ્યવહારનો અપલાપ પણ થઇ શકે તેમ નથી, એટલા માટે જ આચાર્યશ્રી હરિભદ્રસૂરિ પોતાના સંબોધપ્રકરણમાં એ વિશે સ્પષ્ટ ખુલાસો આપતાં આ પ્રમાણે જણાવે છે,

न हु देवाण वि दव्वं संगविमुक्काण जुज्जए किमवि ।
निवसेवगबुद्धीए कप्पियं देवदेव्वं तं ॥

સંબોધપ્રકરણ* ગાથા ૯૦ પૃષ્ઠ ૪

અર્થાત્ જે દેવો સંગ વગરના છે–આસક્તિ વગરના છે તેમની સાથે કોઇપણ રીતે 'દ્રવ્ય' નો સંબંધ જોડી શકાતો નથી, પરંતુ તે દેવના સેવકે—તે દેવના ઉપાસકે—તે 'દેવદ્રવ્ય' કલ્પી કાઢેલું છે અર્થાત્ આચાર્યશ્રી હરિભદ્ર કે જેઓ મહાગીતાર્થ છે, સૂત્રોના ટીકાકાર છે અને જેમના પ્રામાણ્ય વિશે કોઇ શંકા કરી શકે તેમ નથી એવા આપ્તપુરૂષ છે તેઓ સ્પષ્ટપણે એમ જણાવે છે કે 'દેવદ્રવ્ય' શબ્દ કલ્પિત છે અને તે કલ્પના દેવના સેવકોએ કરેલી છે.× આ સ્થળે આ કલ્પનાનો ઇતિહાસ પણ જોવો પડશે કે દેવના અસંગ અને અપરિગ્રહી સેવકોને પણ એવા કયા સંયોગોમાં આવી કલ્પના કરવી પડી. આ વિષે ઘણું સવિસ્તર લખી શકાય એમ છે,* પરંતુ એવા વિસ્તારનું આ સ્થાન નથી માટે એ ઇતિહાસ અહીં સંક્ષેપમાં જ રજુ કરું છું.

જૈન શાસનનો વિશુદ્ધ આચાર પાળવો કેટલો બધો કઠણ છે એ આપણે તથા બીજા તીર્થના અનુયાયો લોકો પૂરેપૂરું સમજે છે. એ વિશુદ્ધ આચારને પાળવા સાધકે અસંગ, અપરિગ્રહી અને પૃથગ્જનોના સહવાસથી સર્વથા અલિપ્ત રહેવું પડે છે તથા એકાંતવાસ સ્વીકારી આકરું દેહદમન કરવું પડે છે. આ જાતની સાધના જનસમૂહને માટે સુકર છે એમ ન કહી શકાય. જનસમૂહને પણ ધર્મમાર્ગમાં યોજવો રહ્યો. એ દૃષ્ટિએ જ અનુભવી જ્ઞાની-પુરૂષોએ સર્વવિરતિ (સંન્યાસ) અને દેશવિરતિ (ગૃહસ્થધર્મ) એવા ધર્મકાંડના બે ભેદ પાડ્યા. કેવળ ભેદ પાડવાથી જ કાંઇ જનસમૂહ જૈનધર્મ પ્રત્યે ખેંચાય તેમ ન હતો. તે માટે તો વારંવાર ઉપદેશની જરૂર હતી. શ્રમણો કેવળ અસંગ રહી એકાંતમાં જ પોતાની જીવનયાત્રા વીતાવે તો આ ઉપદેશની શક્યતા જ ન હતી. માટે લોકોપકારી શ્રમણોએ પોતાની એ અસંગતાને માટે અમુક મર્યાદા મૂકી અને એ મર્યાદામાં એ શ્રમણો ઉપદેશદ્વારા લોકોના સંસર્ગમાં આવવા લાગ્યા, પણ તેમણે રહેવું કયાં? ઉપદેશ કયાં દેવો? ઉપદેશ સાંભળનારા કયાં ભેગા થાય? વગેરે આને અંગે આવા અનેક પ્રશ્નો ઊભા થયા. આ તમામ પ્રશ્નોનું તે કાળનાં ચૈત્યોએ એકસામટું સામાધાન કરી નાખ્યું. વાંચનારને થશે કે આ વળી 'ચૈત્યો' શું છે? તો તે વિશે પણ થોડું વીગતથી લખવું પડે એમ છે. 'ચૈત્ય'† શબ્દની વ્યુત્પત્તિ 'चिता' ઉપરથી થાય છે. 'ચિતા'નો અર્થ આમ જનતા જાણે છે. જે સ્થળે ધર્મવીર કે કર્મવીર શૂરા લોકોની 'ચે' ખડકાતી અને અગ્નિદાહ થતો તે સ્થળે એ ચૈત્યોને નિર્માણ કરવાની રીત હતી. એ ચૈત્યો સ્મારકરૂપે જ બનતાં. ચૈત્યો છત્રીના રૂપમાં, ઓટલાના રૂપમાં કે વૃક્ષ વા જળાશયના રૂપમાં એમ અનેક આકારમાં રચવામાં આવતાં. છત્રીના રૂપમાં ચણેલાં ચૈત્યો રહેવા લાયક બનતાં એટલે અસંગ શ્રમણોએ કેવળ લોકોપકારને સારૂ ધર્મોપદેશની પ્રવૃત્તિને સારૂ એ ચૈત્યોનો આશ્રય સ્વીકાર્યો એટલે હવે એ શ્રમણોએ ચૈત્યોમાં રહેવાની પ્રવૃત્તિ શરૂ કરી. આ પ્રવૃત્તિનું નામ 'ચૈત્યવાસ' કહેવાય છે. પટ્ટાવલીઓમાં જણાવવામાં આવેલ છે કે શ્રી વીરનિર્વાણ પછી ૬૦૯ વર્ષે દિગંબર શાખા ઉત્પન્ન થઇ અને વિરનિર્વાણાત્ ૮૮૨ વર્ષે ચૈત્યવાસી શાખાનો આવિર્ભાવ થયો. ૮૮૨ વર્ષે એટલે વિક્રમ સંવત ૪૧૨ –વિક્રમનો પાંચમો સૈકો. શરૂઆતમાં એ ચૈત્યવાસી શ્રમણોની પરંપરાએ પોતાની અસંગતા અને અપરિગ્રહવૃત્તિ તરફ પૂરેપૂરું લક્ષ્ય આપ્યું જ હશે, પણ પાછળથી એ સંસ્થા ઘણી મંદ પડી ગઇ, પરિગ્રહી બની ગઇ અને એમાંથી જ 'ચૈત્યદ્રવ્ય'ની પેદાશ થઇ. આગળ કહ્યા પ્રમાણે એ ચૈત્યો કેવળ સ્મારકરૂપે હતાં તે હવે એટલે એમાં શ્રમણો ઉપદેશ માટે વસવા આવ્યા તેથી પૂજનીય પણ ગણાવા લાગ્યાં અને એ ચૈત્યોની વ્યવસ્થા તથા રક્ષા માટે દાની લોકોએ દાન પણ દેવાં શરૂ કર્યાં.–(આ દાનમાં પ્રધાનપણે જમીનો હતી, પણ પાછળથી રોકડ રકમો પણ ભેગી થવા માંડી. ચૈત્યોમાં દીવાબત્તી માટે લોકો ઘી તથા કોપરેલની બોલી બોલવા લાગ્યા અને એ રીતે દીવા માટે ઘી અને કોપરેલ વગેરે આવવા લાગ્યું. વર્તમાનમાં ઘી બોલવાની જે પ્રથા છે તેનું મૂળ એ ચૈત્યોમાં બાળવાના ઘીની વ્યવસ્થામાં છે, પણ પાછળથી આ ઘીની બોલીને રોકડ નાણાના સંચય માટે ઉપયોગમાં લેવામાં આવી.) આચાર્યશ્રી હરિભદ્રનો સમય વિક્રમનો આઠમો નવમો સૈકો સ્થિર થયેલો છે અને તેઓ તેમના સમયનાં ચૈત્યવાસીઓની દશા આ પ્રમાણે પોતાના સંબોધપ્રકરણમાં પૃ. ૧૩ થી ૧૮ સુધીમાં વર્ણવે છે: "ચૈત્યવાસી સાધુઓ ચૈત્યમાં અરે મહમાં રહે છે, પૂજા કરવા રૂપ આરંભની એટલે હિંસાની પ્રવૃત્તિ કરે છે, પોતાની જાત માટે દેવદ્રવ્યનો ઉપયોગ કરે છે, જિનમંદિર અને શાળા એટલે સંભવ છે કે પૌષધશાળા ચણાવે છે, મુહૂર્તો કઢી દે છે, નિમિત્તો બતાવે છે અને ભભૂતિ પણ નાંખે છે, તે સાધુઓ વિવિધરંગનાં સુગંધિત અને ધૂપિત કપડાં પહેરે છે, સ્ત્રીઓની સામે ગાય છે, સાધ્વીઓએ લાવેલી વસ્તુઓ વાપરે છે, તીર્થના પંડ્યાની જેમ અધર્મવડે ધનનો સંચય કરે છે, ક્ષેત્રણવાર બાંધે છે, તંબોલ વગેરે વાપરે છે. ઘી, દૂધ વગેરે ગળચે છે, કૂવો, કૂવો અને સચિત પાણીનો પણ ઉપયોગ કરે છે, જમણવારને પ્રસંગે મિષ્ટાન્ન મેળવે છે, ભોજનને મેળવવા સારૂ ખુશામત કરે છે, પૂછતાં છતાં પણ સત્ય ધર્મને બતાવતા નથી, સવારે સૂપ ઊગતાં જ ખાય છે, વારંવાર

* આ પુસ્તક અમદાવાદવાળા શેઠ મનસુખભાઇ ભગુભાઇ દ્વારા પ્રકાશિત થયેલ છે એમ મને યાદ છે.

× જે ભાઇબહેનો આ વિશે સવિસ્તર જાણવા ઇચ્છતા હોય તેઓ 'જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ' એ પુસ્તક સાદ્યન્ત જરૂર વાંચે.

* વૈદિકપરંપરામાં મૂર્તિપૂજાની પદ્ધતિ ઘણા સમયથી પ્રચલિત છે, આ મૂર્તિપૂજાના નિભાવ માટે, મંદિરોની વ્યવસ્થા અને રક્ષા માટે તે પરંપરાના વિદ્વાન બ્રાહ્મણોએ એક 'देवस्व' શબ્દ યોજેલો છે. 'દેવસ્વ' એટલે દેવનું ધન. આ ધનમાં જમીન–જાગીર, પશુ, રોકડ તથા માનવ વિગેરેનો સમાવેશ થયેલ છે. દેવદાસી પણ 'દેવસ્વ'માં સમાવેશ પામે છે, આ શબ્દનાં વ્યવહારને જોઇને જૈન ઉપાસકોને 'દેવદ્રવ્ય' શબ્દ કલ્પવાની સ્ફુરણા થઇ હોય તે બંધબેસતું છે. 'દેવસ્વ' નો ઉલ્લેખ મારી યાદી પ્રમાણે દ્વૈતિલીય અર્થશાસ્ત્રમાં આવે છે.

† આચાર્ય હરિભદ્રે અને આચાર્ય મલયગિરિએ **चित्तम् आह्लादयति इति चैत्यम्** એવી પણ 'ચૈત્ય' શબ્દની નિરૂક્તિ બનાવેલી છે અર્થાત્ ચિત્તને આહ્લાદ આપે તે ચૈત્ય. મને લાગે છે કે આ કેવળ નિરૂક્તિ છે. વ્યુત્પત્તિ તો 'ચિતા' કે 'ચિતિ' શબ્દ સાથે સંબંધ રાખે છે. આ માટે વધારે જોવાના ઇચ્છુકોએ 'જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ' પુસ્તક પૃ. ૯૬ થી ૧૨૫ સુધી જોઇ જવું.

ખાય છે, ઘી, દૂધ વગેરે વિગઇઓને વારંવાર ખાય છે, લોચ કરતા નથી, શરીર ઉપરનો મેલ ઉતારે છે, જોડા–પગરખાં–પહેરે છે, કારણ વગર કેડ ઉપર કપડું વીંટે છે, પોતે ભ્રષ્ટ હોવા છતાં બીજાઓને આલોચના–પ્રાયશ્ચિત્ત–આપે છે, થોડી ઉપાધિનું પણ પડિલેહણ કરતા નથી, વસ્ત્રો, શય્યા–પથારી, જોડા, વાહન, આયુધ અને તાંબા વગેરેનાં પાત્રો રાખે છે, નહાય છે, તેલ ચોળાવે છે, શણગાર સજે છે, અત્તર ફુલેલ ઘાલે છે, 'અમુક ગામ મારૂં' 'અમુક કુલ મારૂં,' એમ મમતા રાખે છે, સ્ત્રીઓનો પ્રસંગ રાખે છે, શ્રાવકોને કહે છે કે મર્યા પછવાડે કારજ કરતી વેળાએ જિનપૂજા કરો અને મરેલ માણસનું ધન જીનચૈત્યમાં આપો, અંગસૂત્રોને વાંચી સંભળાવવા બદલ નાણાં લે છે, પૌષધશાળામાં કે ગૃહસ્થના ઘરમાં ખાજાં વગેરેનો પાક કરાવે છે, નાંણુ મંડાવે છે, શ્રાવકોને સુક્ષ્મ વાતો કહેવાની ના પાડે છે, સાધુઓની પ્રતિમા (વિષેષ પ્રકારના અભિગ્રહવાળું તપ) કરતા નથી, પોતાના ભ્રષ્ટ–હીનાચારી–ગુરૂઓનાં દાહસ્થળો ઉપર પીઠો ચણાવે છે, બલિદાનો દે છે, કેવળ સ્ત્રીઓની સામે પણ વખાણ વાંચે છે, ભિક્ષા લેવા ફરતા નથી, સૌની સાથે મંડળીમાં બેસીને ભોજન કરતા નથી, આખી રાત ઘેરે છે, ગુણવંત તરફ દ્વેષ કરે છે, લેવડદેવડ કરે છે, પ્રવચન કરવાનું બાનુ બતાવીને વિકથાઓ કરે છે, પૈસા આપીને નાના બાળકોને ચેલા બનાવવા સારૂ વેચાતા લે છે, ભેળા લોકોને ઠગે છે, જિનમૂર્તિઓને વેચે છે અને ખરીદે છે, મારણ મોહન વશીકરણ અને ઉચ્ચાટન કરે છે, વૈદું કરે છે, જંતરમંતર અને દોરાધાગા કરે છે, ધર્મની પ્રભાવનાનું બાનું બતાવીને લડાલડી કરે છે, સુવિહિત સાધુઓ પાસે શ્રાવકોને જવાની મનાઇ કરે છે. શાપ વગેરેનો ભય દેખાડે છે, વ્યાજવટું અને ધીરધાર કરે છે, શાસ્ત્રમાં નહીં જણાવેલા તપની પ્રરૂપણા કરી તેનાં ઉજમણાં કરાવે છે, પોતાને માટે વસ્ત્ર, પાત્ર, બીજાં ઉપકરણો અને ધન પોતાના માનીતા ગૃહસ્થને ત્યાં ભેગું કરાવે છે, જ્ઞાનકોશની વૃદ્ધિને બહાને ધનને ભેગું કરે છે અને કરાવે છે, તે બધામાં કોઇનો સમુદાય પરસ્પર મળતો નથી, પરસ્પર એ બધા વચ્ચે વિખવાદ કરે છે, તેઓ પોતપોતાની બડાઇ કરે છે, શુદ્ધ સામાચારીનો વિરોધ કરે છે, સૌ સ્વચ્છંદે ચાલે છે, ધમાધમ કરે છે, પોતાના ભકતના સરસવ જેટલા ગુણને પણ મેરૂ જેવડો કહી ગાઇ બતાવે છે, બહાનાંઓ બતાવીને વધારે ઉપકરણો રાખે છે, બધાય ચન્દ્રમિંદ્ર જેવા છે, પોતાની ગરજ પડયે તેઓ મૃદુ થાય છે અને ગરજ સરી જતાં મત્સર કરે છે, ગૃહસ્થોનું બહુમાન કરે છે, ચંદરવા પુંઠીયાંને વધારતા જાય છે, તેઓ પોતે ગૃહસ્થોની પાસે તો સ્વાધ્યાય કરે છે અને એકબીજા મહિમાંહે લડે છે. "

છેવટે જાણે ઉપલું વર્ણન કરતાં થાકી ગયા ન હોય તેમ શ્રી હરિભદ્રસુરિજી કહે છે કે "આ લોકો સાધુઓ નથી પણ પેટભરાઓનું પેડું છે."

જેઓ એમ કહે છે કે 'આ લોકો ગમે તેવા છે પણ શ્રીતીર્થંકરનો વેશ તો પહેરે છે અને વેશ પહેરે છે માટે વંદનીય છે' તેમને શ્રીહરિભદ્રસુરિજી જણાવે છે કે "તેમની એ કેવળ વેશ પહેરવાની વાત ધિક્કારને પાત્ર છે, આ માથાના શૂળની વાતોનો કોની પાસે પોકાર કરીએ. ?"

આ રીતે આચાર્ય હરિભદ્રે પોતાના સમસમયી ચૈત્યવાસીઓની દશા બતાવેલી છે અને તેમને 'નિર્લજ્જ' 'મર્યાદા વગરના' અને 'ક્રૂર' એવાં વિશેષણો આપીને ખરા રૂપમાં ખુલ્લા પાડયા છે.

ભગવાન પાર્શ્વનાથ પછી માત્ર અઢીસો વર્ષ બાદ જ એમની શ્રમણપરંપરા આચારમાં મંદ પડી ગઇ અને તે એવી શિથિલતમ થઇ ગઇ કે એમને સાચો માર્ગ બતાવવા તથા એ સમયનું અપવિત્ર વાતાવરણ દૂર કરવા ભગવાન મહાવીરને સિદ્ધાંત રૂપ ચાર યમોને બદલે પાંચ યમોનું વિધાન કરવું પડયું અને બીજા પણ કેટલાક ફેરફારો કરવા પડયા. તે જ રીતે ભગવાન મહાવીરના નિર્વાણ પછી લગભગ નવમાં સૈકામાં જે સાધુસંસ્થા કેવળ લોકોપકારને નિમિતે જ ચૈત્યોમાં વસવા આવી તે વખત જતાં ભગવાનના નિર્વાણ પછી આશરે અગ્યારસો બારસો વર્ષ જતાં અર્થાત્ વિક્રમના આઠમાં નવમાં સૈકામાં શ્રી હરિભદ્રસુરિએ વર્ણવી તેવી લગભગ પાખંડી બની ગઇ, પરિગ્રહી બની ગઇ અને ઠેકાણાં કહેવું હોય તો હવેલીના મહારાજો જેવી થઇ ગઇ.

જે બાબત પ્રસ્તુત લખાણ ચાલે છે તે દેવદ્રવ્યનું મૂળ આ સંસ્થાની પેદાશમાં છે, આ સંસ્થાની પેદાશ પહેલાં દેવદ્રવ્યની હયાતી જૈનપરંપરામાં ક્યાંય મળતી નથી એ નક્કર હકીકત છે અને ઇતિહાસસિધ્ધ યથાર્થ છે.

અપૂર્ણ

પંડિત બેચરદાસ જીવરાજ દોશી

સંકલ્પનું પરિબળ

(શ્રી. રતિલાલ મફાભાઇ શાહની પ્રબુદ્ધ જૈનના વાંચકોને ઓળખ આપવાની જરૂર છે જ નહિ. તેમનો નીચે આપેલ લેખ તા. ૧૯–૧–૪૮ ના રોજ લખાયલો છે. તે એ સમય કે જ્યારે ગાંધીજીના હિંદુ મુસલમાન તથા શિખો વચ્ચે ઐકય સ્થાપવાના હેતુથી છેલ્લા ઉપવાસ ચાલતા હતા. કાળની એ ભૂમિકા ધ્યાનમાં રાખીને આ ચિન્તનપ્રેરક લેખ મનનપૂર્વક વાંચવા વિનંતિ છે. **પરમાનંદ.**)

માનવેતર પ્રાણીજગતનું આંતરાવલોકન કરીએ છીએ તો પક્ષીઓ પોતાનાં ઉડ્યન, સંવનન, પ્રસવ, ઉછેર, આહાર તથા પ્રયાણ કયારે કરવા તે જાણે છે અને દિગ્કાળ પણ સમજતા હોય તેમ લાગે છે. પશુઓ પણ એ બધું જાણે છે. આપણી સાથે હળીમળી ગયેલા પશુઓ તો પોતાના ધણીને પણ ઓળખે છે, એની સુચનાઓ પણ સમજે છે. કીટ પતંગ જાતિમાં કીડી–ઉધાઇની વ્યવસ્થાશક્તિ–સમુહશક્તિ તથા નિયમપાલન મનુષ્યજાતને પણ શરમાવે એવા વ્યવસ્થિત ચોકકસ અને નિયમબધ્ધ જણાયા છે. આમ છતાં પણ જો કે ભૌગોલિક અસર, હવામાન, વાતાવરણ તથા આપેલી કેળવણી એના પર થોડી છાપ પાડે છે ખરાં, છતાં એનામાં તર્ક, બુધ્ધિ, વિચાર, સમજશક્તિ કે ભાષાજ્ઞાન હોય એવું માલુમ પડયું નથી; જે માલુમ પડે છે તે પણ અવિકસિત અને અચોકકસ સ્થિતિમાં જ. છતાં એમનું જીવન જે સુસજ્જ એકધારૂં પ્રવાહિત રહ્યું છે તેનું કારણ એની આંતર પ્રેરણા છે. એ આંતર પ્રેરણાને વશ વર્તીને જ એ ચાલે છે. મનુષ્યે આપેલી થોડી ઘણી કેળવણી કે એના પર કરેલા પ્રયોગોથી એની આંતર પ્રેરણાને જો કે સહેજ ધકકો મળ્યો હશે, પણ એકંદર રીતે તો તેઓ પ્રેરણાને જ આધીન છે.

મનુષ્યમાં પણ આ જ પ્રેરણા પડેલી છે. પણ તે ઉપરાંત એનામાં એવી પણ શક્તિ છે કે જે વડે એ પ્રેરણાને સંયમમાંય રાખી શકે છે અને ધારે ત્યારે એને બીજી બાજુ એ વાળી પણ શકે છે. એ છે એની વિચારશક્તિ. એ વિચારશક્તિના કારણે તે અન્ય જીવયોનીઓથી જુદો તરી આવે છે. વિવેક, બુધ્ધિ, તર્ક, સમજણ એ બધા એ શક્તિનાં જ પરિણામો છે. પ્રાણીજગત પર મેળવેલી સિધ્ધિ પણ એને જ આભારી છે.

મનુષ્ય જ્યારે પ્રાથમિક દશામાં હતો ત્યારે એ પણ એવું જ પશુજીવન જીવતો. આંતર પ્રેરણાને વશ વર્તીને ચાલતો અને કેવળ શિકાર ઉપર જ નભતો. એનું સ્વતંત્ર શક્તિબીજ ત્યારે અચેતન દશામાં હતું, પણ હજારો વર્ષના આઘાતપ્રત્યાઘાતથી કેળવાઇ એ આજે વિચારશક્તિ રૂપે ખીલી ઉઠયું છે.

સૂર્ય ચંદ્રના અસ્તોદય, વિદ્યુતના ચમકારા અને મેઘના ગડગડાટ જેવા સૃષ્ટિચમત્કારોથી કયારેક એને 'આ શું હશે ?' એવો જે ભાવ સહુ પ્રથમ ઉઠયો હશે એ જ એની વિચારશક્તિનું પ્રથમ ફુટેલું વિચાર કિરણ કહી શકાય. વિચારશક્તિ કેળવતાં એની પાછળ આવેલા સમજણ, બુધ્ધિ અને તર્કનો ઉપયોગ કરતાં જ્યારે એ શીખ્યો હશે ત્યારે એને 'કંઇક કરવું જોઇએ' એવી લાગણી ઉદ્ભવી હશે. એ એની ઇચ્છાશક્તિ હતી. અને પછી વિવેક, આત્મશ્રદ્ધા અને પોતાનામાં રહેલી શક્તિનું જ્યારે એને ભાન થયું હશે ત્યારે એ ઇચ્છામાંથી 'મરી ફીટું' પણ 'કરી છૂટું' એવી

બળવત્તર લાગણી ઉઠી હશે. એ લાગણીને આપણે સંકલ્પશક્તિ કહીએ છીએ. વિચારશક્તિ એ એક એવી વિદ્યુતશક્તિ છે કે જે માનવજીવનના વહેણને ઘડીકમાં પલટી શકે છે. બીજી બાજુ વિચારને આપણે શેખચલ્લીના વિચારો કહી હસી પણ નાખ્યા છે. પણ તેનું કારણ એ છે કે વિચારતરંગો એ શક્તિ નથી, હવાઇ કલ્પના છે. પણ જ્યારે એની સાથે ઇચ્છાશક્તિ અને સંકલ્પનું બળ પુરાય છે ત્યારે જ એ જીવનમાં અદ્‌ભુત ક્રાંતિ કરી શકે છે. મનુષ્યે મેળવેલી અદ્‌ભુત સિદ્ધિ એ એની સંકલ્પશક્તિને જ આભારી છે.

આંતર પ્રેરણા હંમેશા જગતપ્રવાહ સાથે જ દોડે છે. પણ સંકલ્પશક્તિ તો એના પર સ્વારી કરી એ પ્રવાહને બીજી બાજુ વાળવા જેટલું સામર્થ્ય પણ ધરાવે છે. આથી આંતર પ્રેરણા જગતની દાસી બની છે. સંકલ્પ શક્તિ એની જનેતા બની છે. આજની દુનીયાના ઘડતરમાં સંકલ્પશક્તિનો જ મોટો ફાળો છે. અને એ શક્તિના સામર્થ્યથી જ માનવે વિશ્વના રહસ્યો ઉપર પણ અદ્‌ભુત કાબુ મેળવી લીધો છે.

સંકલ્પશક્તિના વિરલ સામર્થ્યથી અને કુદરતી બળો પર મેળવી લીધેલા અજબ કાબુથી એ નિરીશ્વરવાદ તરફ ઢળ્યો છે; જ્યારે ભાવુક સાધક કુદરતી બળોનો પણ કોઇ સાશક છે એમ માની ઇશ્વરવાદી રહ્યો છે. એ બન્ને વિચારસરણી સાથે સાથે દોડતી આવી છે અને બન્ને સાથે જ વિકસી છે. બન્નેનો પક્ષ સમર્થ'માં સમર્થ' એવા પુરૂષો પણ આજસુધી કરતા આવ્યા છે, છતાં કોઇ કોઇનો પરાભવ હજુ કરી શકયા નથી.

બહુ ઉંડો વિચાર કરતાં એમ સમજાય છે કે આ વિશ્વ ઇશ્વરી નિયમ મુજબ ચાલે છે. એને જગત સ્વભાવ પણ કહેવાય. એમાં ઇશ્વર જેવી કોઇ વ્યકિત હોય તો તે પણ આ નિયમને જ આધીન રહી વર્તે છે. એ નિયમને એ પણ પછી ફેરવી શકતો નથી; ફેરવવા સમર્થ પણ નથી; જેમ વેગે ચડાવેલો ચાક પછી રોકી શકાતો નથી તેમ. એનો ચાલક તો કેવળ દ્રષ્ટા જ બની રહે છે. બીજી બાજુ માનવે કુદરતી બળો પર કાબુ જમાવ્યો છે, પણ જે નિયમને આધીન રહી એ બળો કામ કરે છે એ નિયમ વશ કરી શકાયો નથી. અગ્નિ, જળ, વાયુ અને વીજળી ઉપર માનવે કાબુ જમાવી એને પોતાને આધીન કર્યા છે. પણ એના આંતરસ્વભાવ ઉપર એ વિજય મેળવી શકયો નથી. એણે વિજય મેળવ્યો છે તત્ત્વ ઉપર, નહિ કે તત્ત્વના સ્વભાવ ઉપર. સ્વભાવ સ્વતંત્ર છે અને એ જ ઇશ્વર છે.

તત્ત્વ પરાધીન છે એ દૃષ્ટિએ માનવનો વિજય છે. આમ ઇશ્વર સ્વતંત્ર પણ છે અને પરાધીન પણ છે. માનવ પણ વિજયી હોવા છતાં ય બીજી રીતે પરાજીત છે.

આમાંની એકપક્ષી વિચારસરણીમાંથી જ ઇશ્વરવાદ-નિરીશ્વરવાદ બન્ને સાથે જ ફુલ્યાંફાલ્યાં હશે એમ સમજી શકાય છે. આના અનુસંધાનમાં એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર એ છે કે માનવીનો સંકલ્પ ગમે તેટલો જોરદાર અને ભવ્ય હોવા છતાંય એ સ્વભાવ ઉપર કાબુ જમાવી શકતો નથી. એની મર્યાદા તત્ત્વ ઉપર કાબુ જમાવવા પુરતી જ છે. એથી આગળ નહિ. અને એ દૃષ્ટિએ જ આપણે અહિં સંકલ્પનો વિચાર કરવાનો છે એ ન ભુલીએ.

આપેલા વેગથી જેમ લટકતા દોરડાને કે કોઇ બીજી ચીજને એક બાજુ વળ ચડતો હોય છે ત્યારે તેને સહેજ થંભાવી દેવાથી ચડતો વળ બંધ પડે છે ને વેગનો પ્રત્યાઘાત બીજી બાજુ વળ ચડાવવા મંડે છે, તેમ એકધારા વહેતા જીવનને ભાન થતાં જો પલટાવવાની ઇચ્છા થાય છે તો એ વિચારની વિદ્યુતશક્તિ વહેતા જીવનને થંભાવી ઉલટી જ દિશામાં એને ધકકેલે છે. આવા એક જ વિચારથી માનવજીવનનાં વહેણ બદલાઇ ગયાના અનેક દૃષ્ટાંતો આપણી સમક્ષ મોજુદ છે. રોહીણેય, અર્જુનમાલી, દ્રઢપ્રહારી તથા જંબુશિષ્ય પ્રભવાદિ એનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. એક જ વિચારના ધકકાથી એ દાનવમાંથી દેવ બની ગયા હતા. એમનું વિચારભાન એ કેવળ તરંગ નહોતો પણ એની પાછળ અખૂટ ઇચ્છાશક્તિનું સામર્થ્ય હતું, અમર્યાદ સંકલ્પનું બળ હતું અને વિવેકની ભરપુર માત્રા હતી.

જેમ વ્યકિત પોતાના જીવનને પલટી શકે છે તેમ એ સમષ્ટિને પણ ઘડી શકે છે. જેટલી ઇચ્છાશક્તિ અને સંકલ્પનું સામર્થ્ય હોય તેટલા જ પ્રમાણમાં એ જગત ઉપર કાબુ જમાવી શકે છે અને લાખો કરોડોને પ્રભાવિત કરી પોતાની પાછળ ખેંચી શકે છે.

'ડોસીના રેંટીયા પાછળ પાગલ બનનાર ડોસાની ડાગળી ચસકી ગઇ લાગે છે' એમ કહેનારા આજે એ જ પાગલ પાછળ પાગલ બન્યા છે.

દક્ષિણ હિંદના એક ગામમાં એકધારો એક જ જગ્યાએ પોતાનો નિષ્ફળ ધર્મોપદેશ સંભળાવતો એક પાદરી ૩૩ વર્ષે એક વ્યકિતને પોતાની કરી શકયો હતો. આજે અડધા ઉપરની વસ્તી એના ચરણ ચૂમે છે.

કાશ્મીરથી કન્યાકુમારી સુધીના વિશાળ ભારતવર્ષમાં વૈદિક સંસ્કૃતિએ ઉભી કરેલી યજ્ઞહિંસા સામે માથું ઉંચકનારા અરણ્યવાસી બે ક્ષત્રિયકુમારો કેવળ એકલા જ હતા. છતાં એના પાયા હ્રદયમંથી મુકી એની જડ ઉખેડી નાખવામાં એ સફળ થયા હતા. આવા અનેક દૃષ્ટાંતો દરેક દેશ-કોમમાંથી મળી શકે એમ છે. એ બધા સંકલ્પ શક્તિના જ મહાકાવ્યો છે. **आत्मा सत्यकामः सत्यसकल्पः** કહી વેદના ઋષિઓએ પણ એની મહત્તાને પ્રમાણી છે.

જેમ વ્યકિત પોતાને કે સમાજને સંકલ્પના જોરે ઘડી શકે છે તેમ સમાજ પણ એ જ શક્તિના જોરે એવી વ્યકિત જન્માવી પણ શકે છે, અને પોતાની ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. ભિન્ન ભિન્ન વ્યકિતઓના કે સમાજના સંકલ્પોની અથડામણ એક બીજા પ્રત્યે કેવી કેવી અસરો ઉત્પન્ન કરે છે અને કેવા કેવા આઘાત પ્રત્યાઘાતો જન્માવે છે એનો કોઇ સર્વસામાન્ય નિયમ આપણે જાણતા નથી, પણ એટલું તો કહી શકીએ કે જેના સંકલ્પો વિશુધ્ધ અને પરિબળ ધરાવતા હોય છે એ જ છેવટે વીજયી બને છે. બીજાના કાં તો તરત જ ઉગીને આથમી જાય છે યા તો બીજા સાથે વણાઇ નવી ભાત પાડતા જાય છે. ભિન્નભિન્ન વ્યકિતઓ કે સમાજના જુદી જુદી દિશામાંથી ઉદ્‌ભવેલા સંકલ્પપ્રવાહો અવિરત વહ્યા જ કરે છે અને એવી રીતે ભૂતકાલીન જગત નિત્ય નવનવાં સ્વરૂપે દેખા દેતું જણાય છે. આમ વિશ્વનું આ અખંડ નૃત્ય વણથોભ્યું સતત ચાલ્યા જ કરે છે.

આખા સમાજને ઘડનારી મહાન વ્યકિતને સમાજ ઓળખી શકે છે, એની લોકોત્તર શક્તિનેય સમજી શકે છે અને એને મહાન વિભૂતિ માની એની ચરણપૂજા સ્વીકારી લે છે. કારણ કે એની સંકલ્પશક્તિ પ્રગટ થઇ હોય છે. અને એના જોરે એ જગતના વહેણને ખાળી બીજી બાજુ વળાંક આપી રહ્યો હોય છે.

પણ બીજી બાજુ જોઇએ તો એ પ્રશ્ન ઉદ્‌ભ છે કે એવી લોકોત્તર વ્યકિતને ઘડનાર કોણ હશે? એનું વિભૂતિતત્ત્વ કયા તત્ત્વને આભારી હશે? માનવવંશશાસ્ત્ર કે વંશપરંપરાગત સંસ્કારોમાંથી પણ આવું વિલક્ષણ સર્જન પુરવાર થઇ તકે એમ નથી તો પછી એ કઇ માટીમાંથી ઘડાયો હશે? આવી આવી અનેક પ્રશ્નપરંપરા ઉઠી છે જેના સમાધાન માટે દરેક ધર્મોએ ઇશ્વરી અવતાર-પયગમ્બર-તીર્થંકર કે બુદ્ધ યુગે યુગે જગતકલ્યાણ માટે જન્મે છે એવું વચન અડગ રૂપે ધર્યું છે.

અપૂર્ણ

રતિલાલ મફાભાઇ શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ ઓકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૯

મુંબઈ: ૧ સપ્ટેમ્બર ૧૯૪૮ બુધવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

સંકલ્પનું પરિબળ

(ગતાંકથી ચાલુ)

આવી લોકોત્તર વ્યક્તિઓના ગુણ દોષ કે મહત્તા એ કેવળ એમની જ મહત્તા નથી, પણ જેમના સંકલ્પનુ ફળ છે, એ ભૂતકાલીન સમાજના ગુણદોષ અને શક્તિઓનું એને બળ હોઇ એ સમાજની પણ મહત્તા છે. એવી કોઇ પણ બે મહાન વ્યક્તિઓની તુલના કરવી એ તત્કાલીન સમાજના જ ગુણદોષની તુલના કરવા બરોબર છે.

કોઇ પણ વિભૂતિ કે પ્રભાવશાળી વ્યક્તિ એ પાછલા સમાજના આંતર મનઃપ્રદેશનો જીવતો જાગતો ઇતિહાસ છે અને આજનો પણ એજ રીતે પોતાનો મૂર્તિમંત ભાવિ ઇતિહાસ તૈયાર કરતો હોય છે. સાથે સાથે એમ પણ માલુમ પડે છે કે સુખી નહી પણ દુખી સમાજની સંકલ્પશક્તિ તીવ્ર હોઇ એમાં જ ઉત્તમ ફાલ ઉતરે છે.

આ વિચારસરણી જો બરાબર હોય તો ભાવિ હિંદ કેવી કેવી વ્યક્તિઓ જન્માવશે એનું ભવિષ્ય દર્શન આજના આપણા વિચાર અને કૃત્યોથી થઇ શકે એમ છે. પ્રથમ આપણે ભૂતકાળની વ્યક્તિઓ કેવા સમયમાં આવી હતી તે થોડા ઉદાહરણો લઇ વિચારીએ.

જ્યારે દક્ષિણપથ કેવળ અનાર્યો અને રાક્ષસોથી ભરાઇ ગયો હતો, ત્યારે આર્યોને ત્યાં સ્થાન નહોતું. જે આર્યો હતા તેઓ પણ તેમનાથી ત્રસ્ત હતા. એમના ધાડાના ધાડા વારે ઘડીયે ઉતરાપથમાં આવી ત્રાસ વર્તાવી મુકતાં યજ્ઞાદિ ધર્મક્રિયાઓ પણ નિર્વિઘ્ને પસાર થતી નહી. આર્યોની અકળામણ વધી પડી હતી; પણ ઋષિઓ પાસેથીયે કર વસુલ કરનાર મદોન્મત્ત રાવણની ભીંસ આગળ સહુ કોઇ નરમ થૈશ હતું. મુખેથી તો કોઇ બોલી શકતું નહિ, પણ દરેક આર્યનો અંતરાત્મા એ વેદનાથી ખળભળી રહ્યો હતો. એ સર્વની એક જ મૂક પ્રાર્થના હતી કે 'રાવણનો નાશ થાઓ'. સતત પોષાતો આ એક જ વિચાર જ્યારે સમાજસંકલ્પરૂપે વાતાવરણમાં ગુંજી રહ્યો ત્યારે એ વાતાવરણમાંથી 'રામ'નો જન્મ થયો. અને એ પ્રત્યક્ષ ધર્મસ્થાપન નહોતા કરી શકયા, છતાંય 'ઇશ્વરાવતાર' મનાયા. કારણ કે એમનું આવવું સમાજ સંકલ્પની સિધ્ધિ અર્થે જ હતું.

શ્રી કૃષ્ણ પણ તત્કાલીન સમાજની સંકલ્પ શક્તિનું જ પરિણામ છે. કંસના ભયંકર અત્યાચાર અને જુલ્મનો પ્રતિકાર કરવા જ સમાજે એમને જન્માવ્યા હતા.

મહાવીર બુધ્ધના જન્મ સમયપૂર્વે ભારતની દશા અતિકરૂણ હતી. ત્યારે રાવણકંસનો ત્રાસ કે જુલ્મ નહોતાં, પણ સમાજ ધર્મના જ નામે દારૂણ યાતના ભોગવી રહ્યો હતો. ત્યારે સ્ત્રીસમાજ પરાધીન દશામાં હતો. એને માટે પતિ અને કુટુંબની ગુલામી એ જ ધર્મ હતો. શુદ્રો ભારે કચડાયેલા હતાં અને પશુથીયે અધમ જીવન ગાળતા. પશુહિંસાની ઘાતકતા તો એવી પરાકાષ્ટાએ પહોંચી હતી કે કઠોરા માનવ પણ એથી કકળી ઉઠતો. સ્ત્રીવર્ગ કોઇ-વાર માથું ઉચું કરવા મથતો, પણ એનામાં બુધ્ધિભેદ ઉભો કરી બ્રાહ્મણવર્ગે એના પર નિરંકુશ સત્તા જમાવી હતી. ઇશ્વરના નામે તો લૂંટ, પાખંડ, અનીતિ અને વ્યભિચાર પોષાતા હતા. સદાચાર અને નીતિની કક્ષા છેક જ નીચી ઉતરી ગઇ હતી. ધર્મના નામે અનેક પાખંડો અને ધતીંગો સમાજને નીચોવી રહ્યા હતા. આવી વિષમ દશાથી કંટાળેલા સમાજનો કકળતો આત્મા નવી ભાવના નિર્માણ કરી રહ્યો હતો. એમાંથી જ બુદ્ધ મહાવીરનો પ્રાદુર્ભાવ થયો હતો.

એમણે જનતાને અહિંસામંત્ર શીખવ્યો, ત્યાગ, તપ, સદાચાર અને સંયમને મહત્વ આપ્યું તથા નીતિ અને સદાચારને પુનઃ પ્રતિષ્ટા આપી, પડેલા ભારતનો ઉદ્ધાર કર્યો, અને નવી સંસ્કૃતિનું નિર્માણ કરી દુનિયાને અજવાળી.

પણ એકધારા ૫૦૦ વર્ષ સુધી કઠોરતમ જીવન જીવી જનતા મુંઝાઇ ગઇ ત્યારે ફરી શૃંગાર અને વિલાસિતાનો પવન ફરી વળ્યો. લોકો સામાન્ય ક્રિયાકાંડમાં જ ધર્મ માની એમાં ડુબી ગયા ત્યારે ફરી શંકરાચાર્યે જ્ઞાનમાર્ગ શીખવ્યો.

સમય જતાં જનતા શુષ્ક જ્ઞાની બની બરાઇ ગઇ ત્યારે પ્રેમભીનું હ�ૃદય ઝંખતી જનતાએ વૈષ્ણવ સંતો પેદા કરેલા.

મહાત્મા ગાંધીજીનું માનસ પણ આ જ રીતે ઉકેલી શકાય. એ માટે આપણે ૧૮૫૭ના બળવાના સમયમાં પહોંચી જવું જોઇએ.

ત્યારે મુસ્લીમ મરાઠાઓનો યુગ આથમી ગયો હતો. બ્રિટિશ સત્તાએ આખા ભારતવર્ષને પાદાક્રાંત કર્યું હતું. પણ એના આગમનથી જનતામાં સ્વદેશપ્રેમની હવા ફેલાઇ ગઇ હતી. આથી બ્રિટિશોના ઠંડા જુલ્મોથી કંટાળેલી જનતાએ ગુલામીની શૃંખલા તોડવા બળવો પોકાર્યો, પણ કમભાગ્યે આપણે તે વખતે નાસીપાસ થયા અને બ્રીટીશ ઓડી નીચે ફરી દબાયા.

નિરાશામાં પણ સમાધાન મેળવી લેવાની આપણી મનોવૃત્તિને ધાર્મિક સંસ્કાર વાળી આપણી પ્રજ્ઞાએ બનાવી લીધી, અને કર્મના કાયદાથી સમાધાન મેળવી લીધું. એથી આપણામાં રહેલાં ડંખ અને નિરાશા ઓગળી ગયા. તેમજ સેંકડો વર્ષોથી સદા પરાજિત અને ગુલામ રહેવાના કારણે આપણે વૈરવૃત્તિ અને યુદ્ધથી નહી પણ દીલ જીતીને જ કંઇક મેળવી શકીશું એવી ભાવના પોષાણી.

આમ રાજ્યદ્વારી પરાજયને આપણે ધાર્મિક રંગ આપ્યો અને વિદ્વેષને સ્થાને આપણે માણસાઇનો સબંધ સાંધ્યો. લડાઇનો તો શોખ હતો જ નહિ, એટલે સહેજે જ એના પ્રત્યે અભાવ થયો. યુરોપના નવા પ્રવાહથી, અત્યાર સુધી અખંડિત રહેલા જીવનના અન્ય ક્ષેત્રોમાં પણ સડો પેઠો હતો. સમગ્ર જીવન રૂંધાયેલું બનતું હતું. આ હતી ૧૮૫૭ ની પરિસ્થિતિ. આવા સમાજની વ્યક્ત અવ્યક્ત ઇચ્છાનું મૂર્તિમંત સ્વરૂપ એક આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી છે. એમની ખાદીનું મુખ ઢાકાની મલમલમાં શોધી શકાય છે. એમનો સ્વભાવ તત્કાલીન પરિસ્થિતિનું જ ઘડતર છે.

એથી બીજી બાજુ જનાબ ઝીણા એ મુસ્લીમ સ્વભાવનું પ્રતીક છે. મુસ્લીમોએ તાજુંજ રાજ્ય ગુમાવ્યું હતું. એથી એમનામાં આગ વધારે હતી. એમનો સ્વભાવ એ આગ બુઝવી શકે એમ નહોતો. અનેક યુરોપીયન ઇતિહાસકારોએ બળવાનો જે ઇતિહાસ આપ્યો છે તેમાં મુસ્લીમ માનસનું આબેહુબ વર્ણન આપ્યું છે. હિંદુઓ સંસ્કારી હોઇ એ આગને બુઝવી શકયા હતા, પણ મુસ્લીમો સ્વભાવથી ઉગ્ર અને કઠોર હોઇ એ આગ ન બુઝવી શકયા, ન બીજી બાજુ એને વાળી શકયા. એથી એમનો રોષ નભાલા ગણાતા તેમજ આવું પરિણામ લાવવાના નિમિત્તરૂપ એવા હિંદુઓ પ્રત્યે વળ્યો. એમનામાં સ્વાભિમાન ઉગ્ર હતું, એથી એમનામાં વિકૃતિ આવી અને એ દુરાગ્રહ અને તુંડમીજાજ રૂપે નવરૂપ પામ્યું. એ હવાની પેદાશ ઝીણા સાહેબ છે. એવી રીતે બીજી પણ નાની મોટી દરેક શકિતઓ સમગ્ર યા ભિન્ન ભિન્ન વર્ગ, પંથ કે સમાજના જ સંકલ્પોની પ્રતિકૃતિઓ હોય છે.

પણ કેવા આત્માઓ એ સમાજસંકલ્પને ઝીલી કાર્ય કરવા આવે છે? એમની પોતાની યોગ્યતા કેવી હોય છે? એમનું સ્વતંત્ર વ્યકિતત્વ કેટલું અને કેવું હોય છે? અને એ કેટલા પ્રમાણમાં સમાજ સંકલ્પથી જુદો એવો પોતાનો પ્રભાવ પાથરે છે? એ વિચારીએ તો એમ સમજાય છે કે એ આત્માઓ સંકલ્પશકિતને ગ્રહણ કરવા અને તદ્નુરૂપ કાર્ય કરવા જેટલા શકિતશાળી છતાં સ્વતંત્ર અને સાફ હશે. વિકસિત સ્વભાવના તો હશે જ, પણ સમાજ સંકલ્પ પૂર્ણ થયે પોતાની જીવનલીલા સમેટી લેવામાં પણ નિરપૂહી હશે. જે હો તો. વિશ્વની એ અકળલીલાનો વિષય હોઇ જ્યાં સુધી માનવ એના રહસ્યો ઉકેલી શકવા જેટલો શકિતશાળી ન બને ત્યાં સુધી તો આપણે કેટલીકવાર કલ્પનાથી પણ ચાલવું પડે છે.

સંકલ્પ શકિતનાં પરિણામો જોઇ શકાય છે, પણ અંતરમાં વેદાતી એ ભાવના ઘણું ખરૂં અવ્યકત રૂપમાં હોય છે તેથી સમજાતી નથી, પણ જો આપણે આપણું અંતર તપાસીએ તો આપણે શું ઇચ્છી રહ્યા છીએ અને તેની ભાવી જગતને કેવા રૂપમાં લાભ હાનિ મળવાની છે એ જાણી શકાય છે.

ભાવિ હિંદનો આધાર આજના આપણા વિચારો પર જ અવલંબે છે. એથી દરેક વ્યકિત બીજી રીતે ન બની શકે તો વિચાર સંકલ્પથી પણ દેશના હિતમાં પોતાનો હિસ્સો આપી શકે છે. એવી જ રીતે કોમ-ધર્મ અને વર્ગના હિતમાં પણ એ ફાળો ભરી શકે છે.

પાકીસ્તાનના પ્રત્યાઘાત રૂપે સામાન્ય 'હિંદુમાત્રના દિલમાં પાકિસ્તાન જ નહી પણ મુસ્લીમ માત્ર પ્રત્યે જે ડંખ સેવાઇ રહ્યો છે એમાંથી કોઇ ભાવિ સંહારક જન્મશે તો તે દેશને યુદ્ધની પરંપરામાં ધસડી જઇ વિનાશના પંથે લઇ જશે એવી ધારણાથી વર્તમાન ઉપરાંત ભાવિ હિંદને પણ બચાવવા અને એ રીતે ધુંધવાતી આગને બુઝવવા જે પુરૂષે આત્મસમર્પણની તૈયારીનો સંકલ્પ કર્યો છે એ પુરૂષનો સંકલ્પ આપણા શુભ સંકલ્પોનો ગુણાકાર બની સિદ્ધ થાઓ અને એ પુરૂષ આપણી સેવા કરવા દીર્ઘાયુષી બનો એવી આશા!

માંડળ તા. ૧૯-૧-૪૮ **રતિલાલ મફાભાઇ શાહ**

તા. ક. આ નિબંધ લખાયા બાદ તરત જ મહાત્માજીનો સંકલ્પ સિદ્ધ થયો અને એમણે ઉપવાસ છોડયા જાણી દેશને અનહદ આનંદ થયેલો. પણ કોને ખબર કે થોડા જ દિવસો બાદ એક હિંદુ હત્યારાના એ ભોગ થઇ જશે? યુદ્ધની પરંપરામાં ધસડી જઇ દેશને વિનાશને પંથે લઇ જનાર ભાવિ સંહારકને જન્મ આપનાર વર્તમાન કલુષિત વાતાવરણને એમણે પોતાના ભવ્ય બલિદાનથી શુદ્ધ કરી દેશને પડતો બચાવી લીધો છે. મહાન સિદ્ધિ અર્થે એમને ભારે કિંમત ચૂકવવી પડી છે. ઉપવાસથી એ સિદ્ધ થઇ શકે એમ નહી હોય એટલે જ એમણે એ આગરૂપી-આઘાતને પોતાની જ છાતી પર ઝીલી દેશને ઉગારી લેવા લોહી આપ્યું હશે. કેટલી એમની અપાર કરૂણા! પોતાનો ભવ્ય સંકલ્પ સિદ્ધ કરવા એ હળાહળને પણ પી ગયા! મહાન પુરૂષોનો સંકલ્પ જગતમાત્રના કલ્યાણ અર્થેજ હોય છે. જે ભુમિમાં આવું નરરત્ન પાકયું એ ભુમિમાં આળોટવું એ પણ કેટલું ઉદાત્ત મંગલ કાર્ય છે? હે પ્રભો એવા સંતને ફરી ભારતમાં પ્રગટ કરી અમને ઉજાળ! ભારતનો એ સંકલ્પ ફળો એ જ પ્રાર્થના!

માંડળ, તા. ૯-૨-૪૮. **રતિલાલ મફાભાઇ શાહ.**

દેવદ્રવ્યની રૂઢિ

(ગતાંકથી ચાલુ)

આગળ જણાવ્યું છે તે પ્રમાણે જ દાનો ચૈત્યો માટે આવ્યાં અને આવવાં શકય થયાં તે બધાની માલિકી જ્યારે ચૈત્યવાસી સાધુઓ કરવા લાગ્યા અને એ દ્રવ્યનો ઉપયોગ પોતાની અંગત મોજમજા માટે કરવા લાગ્યા અને તે એટલે સુધી કે જ્યારે તેમની એટલે ચૈત્યવાસીઓની પ્રવૃત્તિ સંઘને માટે ભયરૂપ થવા લાગી, તીર્થને માટે હાનિકાર જણાવા લાગી અને શ્રી મહાવીરનો સાચો અનુયાયી એ દુષ્પ્રવૃત્તિને સાંખી ન શકે એટલી હદ સુધી એમની દશા પહોંચી ત્યારે જ આચાર્ય શ્રી હરિભદ્રે એ ચૈત્યવાસીઓની સામે પોતાનું માથું અંગત જોખમ ખેડીને પણ ઉંચકયું અને એમને એમણે તેઓ જેવા હતા તેવા રૂપમાં સ્પષ્ટપણે ઉઘાડા પાડયા અને તેમણે સાથે સાથે એમ પણ સ્પષ્ટ જણાવ્યું કે ચૈત્યોની વ્યવસ્થા માટે જે દ્રવ્ય આવે છે તે ભલે જમીન જાગીર હોય વા રોકડ નાણું હોય તે બધું જિનદ્રવ્ય છે, દેવદ્રવ્ય છે, એનો ઉપયોગ સાધુઓ પોતાના અંગત અંગ સુખવિલાસ માટે ન જ કરી શકે. એ દ્રવ્ય તો પ્રવચનની વૃદ્ધિ માટે વપરાવું જોઇએ, જ્ઞાન અને દર્શન ગુણની પ્રભાવના માટે ખરચાવું જોઇએ, એ દ્રવ્ય ઉત્તમ ગુણોનું જનક છે અને એ રીતે એ પ્રમોદજનક છે. શાસ્વતદ્રવ્ય, મંગલદ્રવ્ય અને નિધિદ્રવ્ય એ પણ એ જિનદ્રવ્યના પર્યાય શબ્દો છે. 'પ્રવચન' શબ્દનો પર્યાય અર્થ બતાવતાં એ જ આચાર્યશ્રી પોતાના પંચાશક ગ્રંથમાં જણાવે છે કે પ્રવચન એટલે ગુણનો સમુદાયવાળો સંઘ અથવા તીર્થ અથવા ગુણનો સમુદાય એટલે આત્મિક ગુણો. આ માટેનું તેમનું મૂળ વચન આ પ્રમાણે છે. **'गुणसमुदाओ संघो पवयण तित्थं ति होन्ति एगट्ठा"**-(પચ્ચાશક ૮ મું, ગાથા ૩૯)

'પ્રવચન' નો સંઘ અર્થ બતાવનાર શ્રી હરિભદ્રસૂરિ 'જિનદ્રવ્ય' નો ઉપયોગ કયાં કરવો એ વિશે સ્પષ્ટ કરતા પોતાના સંબોધ પ્રકરણમાં જણાવે છે કે"

जिणपवयणवुड्ढिकरं पभावगं नाण-दंसणगुणाणं ।
वुड्ढंतो जिणदव्वं तित्थयहत्तं लहइ जीवो ॥ (પૃ. ૪)
पवरगुणहरिसजणयं पहाणपुरिसेहिं जं तथाइण्णं ।
एगाणेगेहि कयं धीरा तं बिंति जिणदव्वं ॥ ગા૦ ૬૫
मंगलदव्वं निहिदव्वं सासयदव्वं च सव्वमेगट्ठा ।
आसायणपरिहारा जयणाए तं खु ठायव्वं ॥ ગા૦ ૬૬

અર્થાત 'જિનદ્રવ્ય વા દેવદ્રવ્ય પ્રવચનની વૃદ્ધિ કરનારૂં છે, જ્ઞાનગુણની પ્રભાવના કરનારૂં છે અને દર્શનગુણની ઉન્નતિ કરનારૂં છે. એવા જિનદ્રવ્ય કે દેવદ્રવ્યને વધારનારો જીવ તીર્થંકરદશાને પામે છે" (પૃ. ૪)

('દેવદ્રવ્ય' કે 'જિનદ્રવ્ય' શબ્દનો ભાવ થોડો ઘણો સંકુચિત લાગતો હોય કે જે દેવદ્રવ્યના વર્તમાન સંકુચિત ઉપયોગમાં નિમિત્તરૂપ બન્યો હોય એવી સમજને દૂર કરવા કેમ જાણે આચાર્ય કહેતા ન હોય એમ તેઓ 'દેવદ્રવ્ય'ના બીજા પર્યાયશબ્દો ૬૬મી ગાથામાં જણાવે છે.)

(અનુસંધાન પૃષ્ટ ૩૪૧ જુઓ)

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૩૧-૮-૪૮ મંગળવારથી તા. ૭-૯-૪૮ મંગળવાર સુધીની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. શરૂઆતના સાત દિવસ હમેશાં વિઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલા આનંદભુવનમાં સવારના ૮-૩૦ વાગ્યે વ્યાખ્યાનસભા શરૂ થશે અને જુદા જુદા વિષયો ઉપર હમેશાં બબ્બે વ્યાખ્યાનો આપવામાં આવશે. આઠમા દિવસની વ્યાખ્યાનસભા લેમીંગ્ટન રોડ ઉપર આવેલ રોકસી થીએટરમાં સવારના ૯ વાગે શરૂ કરવામાં આવશે.

આ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યો છે.

તારીખ.	વ્યાખ્યાતા	વ્યાખ્યાનોવિષય
તા. ૩૧ મંગળવાર	શ્રી ગોપાળરાવ કુલકર્ણી	સંયમ, નિયમ અને નિગ્રહ
,, ,, ,,	,, ઇન્દુમતીબહેન મહેતા	માનવધર્મ
તા. ૧ બુધવાર	,, અબીદઅલી જાફરભાઇ	ધર્મોનું હૃદય
,, ,, ,,	,, શાંતિલાલ હરજીવન શાહ	સમાજસ્વાસ્થ્ય અને હડતાલનીતિ
તા. ૨ ગુરૂવાર	,, જટુભાઇ મહેતા	આઝાદી આદ નવનિર્માણ
,, ,, ,,	,, પદ્મનાભ જૈન	થેરીગાથા
તા. ૩ શુક્રવાર	પંડિત સુખલાલજી	દર્શન અને ધર્મ
,, ,, ,,	શ્રી કેદારનાથજી	ઇશ્વરતત્ત્વ વિષે કલ્પનાવિવેક
તા. ૪ શનિવાર	,, કાકુભાઇ	ગાંધીજીનો વ્યાપક ધર્મ
,, ,, ,,	,, ચીમનલાલ ચકુભાઇ શાહ	મનુષ્યસ્વભાવની ગહનતા
તા. ૫ રવિવાર	,, રામનારાયણ વિદ્યનાથ પાઠક,	સત્યં, શિવં, સુન્દરમ્
,, ,, ,,	ડો. હરિપ્રસાદ દેસાઇ	નવયુગનો ધર્મ
તા. ૬ સોમવાર	શ્રી ઉમાશંકર જોષી	માનવીજીવનનું અને કવિતા
,, ,, ,,	અધ્યાપક એન એ. નદવી	આપણા સંતો અને સમાજ
તા. ૭ મંગળવાર	શ્રી કાકાસાહેબ કાલેલકર	મહાત્મા ગાંધીજી
,, ,, ,,	યતીશ્રી હેમચંદ્રજી	ભગવાન મહાવીર

આ ઉપરાંત તા. ૫ રવિવારના રોજ બપોરના ૩ વાગે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં મહાસતી ઉજ્જવળકુમારીજી 'ધર્મ અને વિજ્ઞાન' એ વિષય ઉપર વ્યાખ્યાન આપશે.

આ વ્યાખ્યાનસભાઓ ઉપર જણાવેલ સ્થળે અને સમયે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીના અધ્યક્ષપણા નીચે નિયમિત રીતે શરૂ થશે. જૈન જૈનેતર સર્વે ભાઇ બહેનોને વખતસર હાજર રહેવા અને વ્યાખ્યાનો ચાલતા હોય તે દરમિયાન યોગ્ય શિસ્ત અને પુરી શાન્તિ જાળવવા વિનંતિ કરવામાં આવે છે.

તા. ક.—આ વ્યાખ્યાનક્રમમાં કારણવશાત્ ફેરફારો થવાનો પુરો સંભવ છે, જે બાબતની જાહેરાત વ્યાખ્યાનસભાઓ દરમિયાન વખતો વખત કરવામાં આવશે.

મણિલાલ મોકમચંદ શાહ
પરમાનંદ કુંવરજી કાપડીઆ
દીપચંદ ત્રીભોવનદાસ શાહ
મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

કેટલાક સમાચાર અને નોંધ

પરિગ્રહવિરમણના માર્ગે: એક સ્મરણનોંધ

આજથી લગભગ બે માસ પહેલાં એક લગ્ન પ્રસંગ ઉપર જવાનું બન્યું અને ત્યાં આપણા પ્રાન્તના મુખ્ય પ્રધાન શ્રી બાળા સાહેબ ખેર પણ આવેલા. તેઓ અકસ્માતે મારી બાજુએ જ બેઠેલા. એક વખતના તેઓ મારા જેલસાથી હોઇને અમો એકમેકથી ઠીક ઠીક પરિચિત તો હતા જ. રત્નાગિરિથી તેમને વારસામાં મળેલી અમુક જમીન તેમ જ તે ઉપર મકાનો હતાં તે સર્વ તેમણે સાર્વજનિક કાર્ય માટે અર્પણ કર્યાના સમાચાર તાજેતરમાં છાપામાં પ્રગટ થયેલા હતા, તે સંબંધમાં વાતચીત નીકળતાં મેં ખેરસાહેબને આ માટે ધન્યવાદ આપ્યા. તેના જવાબમાં ખેરસાહેબે જણાવેલું કે "આમાં ધન્યવાદ આપવા જેવું કે અભિનંદન કરવા જેવું કશું જ નથી. એ જમીન મારા બાપદાદા તરફથી મને વારસામાં મળેલી અને મારે આ જમીનના પરિગ્રહને શું કામ વળગી રહેવું—તેનો કોઇ સાર્વજનિક કાર્યમાં ઉપયોગ થાય તો સારૂં મારા એ વિચાર અને ઇચ્છા કંઇ કાળથી—મનમાં રહ્યા કરતી હતી, પણ કેટલાંક કારણોને લીધે આ બાબતનો કશો અમલ થઇ શકતો નહોતો. થોડા સમય પહેલાં એ કારણો દૂર થયાં અને આ જમીન જેની પહેલાં તો બહુ કીંમત નહોતી, પણ આજે જરૂર બહુ સારી કીંમત ગણાય તેનો સાર્વજનિક હિતાર્થે ત્યાગ કરવાનું શકય બન્યું. આ બાબતને આમ તો કશી જાહેરાત ન જ મળત. પણ તે જમીનના દસ્તાવેજ ઉપર સહી કરવા માટે ત્યાં જવા સિવાય છુટકો જ નહોતો, અને પછી તો તમે આપણા છાપાવાળાઓને તો જાણો જ છો ને?

"હું તો બ્રાહ્મણ સંસ્કારમાં ઉછરેલો છું અને તેથી કોઇ પણ પ્રકારની પરિગ્રહવૃદ્ધિ માટે મને ભારે અણગમો છે અને જે કાંઇ હું મારૂં પોતાનું ગણું છું તેથી પણ કેમ અને કયારે છુટા થવું એવું જ કાંઇક મારા મનનું વળણ રહે છે. આ રીતે મેં તમને જણાવ્યું તેમ રત્નાગિરિની મીલ્કત સંબંધમાં મારી લાંબા વખતની ઇચ્છા આમ પાર પડવાને લીધે હું ખુબ શાન્તિ અનુભવું છું અને મારા પરિગ્રહનો ભાર ઠીક ઠીક હળવો થઇ ગયો હોય એમ મને લાગે છે. આમાં મને કશું જ અસાધારણપણું લાગતું જ નથી. અસંગ્રહ એ બ્રાહ્મણસ્વભાવમાં જ રહેલી વસ્તુ છે, અને એ સ્વભાવને અનુરૂપ જ હું વર્તી રહ્યો છું એમ મને લાગે છે. આમાં ધન્યવાદ શા અને અભિનન્દન શાં?"

જૈન સમાજમાં અને સંપ્રદાયમાં અપરિગ્રહની ભાવના ઉપર ખુબ ભાર મૂકવામાં આવ્યો છે. સંપૂર્ણ અપરિગ્રહ અથવા

તો જૈન પરિભાષામાં કહીએ તો સંપૂર્ણ પરિગ્રહ વિરમણવ્રત જેણે ગૃહસ્થજીવનનો અથવા તો સંસારનો ત્યાગ કર્યો છે અને સંન્યાસનો સ્વીકાર કર્યો છે તેના માટે જ શક્ય છે, પણ ગૃહસ્થજીવનમાં પણ પરિગ્રહવિસ્તારની ચોક્કસ મર્યાદા બાંધવાની પ્રથા જૈન સમાજમાં પ્રચલિત છે. પોતાને અમુક રકમથી વધારે રકમ નહિ ખપે એવી પોતા માટે મર્યાદા બાંધી હોય અને એ રકમથી વધારે જેટલું દ્રવ્યોપાર્જન થાય તે બધું શુભ કાર્યમાં ખરચી નાંખતા હોય એવા શ્રદ્ધાળુ અને ધર્મપરાયણ જૈનો આજે પણ જોવા જાણવા મળે છે. પણ આવા નિયમધારીઓમાં ઘણી વખત એમ પણ જોવામાં આવે છે કે જ્યારે પોતા પાસે દશ હજારનું પણ ઠેકાણું ન હોય ત્યારે લાખ રૂપીઆની મર્યાદાનો નિયમ લેવામાં આવે છે અને લાખની મીલ્કત ધરાવતો ગૃહસ્થ દશ લાખની મર્યાદાનો નિયમ લે છે અને સુકર્મયોગે ધાર્યા મુજબની મર્યાદાથી કમાણી વધી જતાં દ્રવ્યનો લોભ તેને છુટતો નથી અને લીધેલા નિયમનો પણ મન ઉપર ભાર રહે છે. પરિણામે વધારાની મીલ્કત પત્ની, પુત્ર કે સગાવહાલાંના નામે ચઢાવીને પરિગ્રહપરિમાણનો નિયમ પળાયાનો સંતોષ ચિન્તવવામાં આવે છે. આમાં કેવળ સ્વપરની વંચના જ રહેલી હોય છે, આવો પરિગ્રહપરિમાણનો નિયમ ઘણું ખરૂં અપરિગ્રહની સાચી ભાવનાનો નહિ પણ સીમિત મહત્વાકાંક્ષાનો જ દ્યોતક હોય છે. અને તેમાંથી કોઇ કાળે ત્યાગ કે વૈરાગ્યની ભાવના સ્ફુરવાની સંભાવના થઇ શકતી નથી. પોતાના સુખભોગને જાળવવા અને સાથે સાથે અપરિગ્રહની દિશાએ પોતે કાંઇક કર્યું છે એમ મનને મનાવવું એથી વિશેષ કોઇ તત્ત્વ આવા નિયમો પાછળ હોતું નથી. આને આપણે વૈશ્યોચિત અપરિગ્રહ તરીકે ઓળખીએ તો તેમાં આપણે વૈશ્યોને કે અપરિગ્રહની ભાવના-જેમાંથી કોઇને લેશમાત્ર અન્યાય નથી કરતા.

શ્રી. બાળાસાહેબ ખેર સાથેનો ઉપર જણાવેલ પ્રસંગ બીજી કોટિનો છે. જેના ચિત્તમાં અપરિગ્રહની ભાવનાનો ખરો ઉદય થયો હોય છે તે 'મને આગામી કાળમાં આટલી સંપત્તિ કે વૈભવ મળશે તો વધારેની કામના નહિ કરૂં' એમ વિચારતો કે ચિન્તવતો નથી, પણ ઉલટું પોતાની પાસે જે કાંઇ હોય છે, પોતાની માલમીલ્કત જેને તે ગણતો હોય છે, તેનો જ તેને ભાર લાગવા માંડે છે. તેને ગૃહસ્થજીવનની જવાબદારીનું પુરૂં ભાન હોય છે અને તેથી તે પોતાના સર્વસ્વનો ત્યાગ કરી શકતો નથી, પણ પોતાના પરિગ્રહવિસ્તારને અને તેટલો સંકેલવા તે હંમેશા આતુર હોય છે અને જ્યારે જ્યારે તે જેટલો ત્યાગ કરી શકે છે ત્યારે ત્યારે તે તેટલું હળવાપણું અનુભવે છે અને તેના ચિત્તનો આનંદ અને ઉલ્લાસ વધતો જાય છે. અપરિગ્રહ અથવા તો પરિગ્રહવિરમણની ભાવનાનું સાચું સ્વરૂપ આ છે આવો આત્મા 'મને આટલા પરિગ્રહનો અને પરિણામે આવા આવા ભોગવૈભવનો અધિકાર છે' એમ કદિ પોતાના મનને મનાવતો નથી, પણ ઉલટું ઐહિક ભોગવૈભવની લાલસાથી સર્વ પ્રકારે છૂટવા માંગે છે અને સર્વ પરિગ્રહ આખરે એક પ્રકારની સામાજિક ચોરી છે એમ વિચારીને, જેમ ચોર ચોરીનો માલ તેના માલીકને સોંપીને મનથી હળવો બને છે તેમ જ, આવી વ્યકિત પોતાના નામે ચઢેલી સમાજની મીલ્કત સમાજને સોંપીને સાચી પ્રફુલ્લતા અનુભવે છે. જો ઉપર જણાવેલ અપરિગ્રહને લગતા નિયમને આપણે વૈશ્યોચિત અપરિગ્રહના નામથી ઓળખાવ્યો તો આ પ્રકારના અપરિગ્રહને આપણે બ્રાહ્મણોચિત અપરિગ્રહ તરીકે ઓળખાવી શકીએ છીએ અને એ વિચારસરણી સ્વીકારતાં આપણે એમ પણ કહી શકીએ છીએ કે આજના કહેવાતા જૈનને સાચા જૈન બનવા માટે વૈશ્ય મટીને આખરે સાચા બ્રાહ્મણ જ બનવું પડશે.

શ્રી. ખુશાલદાસ કુરજી પારેખનો આગામી હીરક મહોત્સવ

જાણીતા સમાજસેવક શ્રી. ખુશાલદાસ કુરજી પારેખની પષ્ટીપૂર્તિને એક સભારંભના આકારમાં ઉજવવી અને તે પ્રસંગે તેમણે આજ સુધી ગુજરાત કાઠિયાવાડની જનતાની કરેલ અનેકવિધ સેવાઓની કદર રૂપે તેમને એક થેલી અર્પણ કરવી એ હેતુથી તા. ૨૭-૩-૪૮ ના રોજ માન્યવર શેઠ શ્રી પ્રાણલાલ દેવકરણ નાનજીના પ્રમુખપણા નીચે મુંબઇ શહેરના કેટલાક સંભાવિત ગૃહસ્થોની એક સમિતિ નીમવામાં આવી હતી. તે સમિતિએ શ્રી. ગોરધનદાસ ભગવાનદાસની આગેવાની નીચે ઉપર જણાવેલ થેલી માટે નાણાં એકઠાં કરવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. આ પ્રયાસના પરિણામે, જણાવતાં આનંદ થાય છે કે આ થેલીમાં, આજ સુધીમાં રૂા. ૩૩,૦૦૦ લગભગ ભરાયા છે અને આ કાર્યના સંચાલકો બાકી લાખ રૂપીઆ સુધી બહુ જલ્દિથી પહોંચી વળવાની આશા સેવે છે.

આપણા સમાજના એક લોકસેવકની થેલીમાં આટલી મોટી રકમ ભરાય તે તે લોકસેવકની સાચી સેવાનિષ્ઠાની અને લોકપ્રિયતાની સંપૂર્ણપણે દ્યોતક છે. અલબત્ત શ્રી. ખુશાલદાસભાઇ કપોળ જ્ઞાતિના છે અને કપોળ જ્ઞાતિ આજે એક બહુ ધનાઢય કોમ તરીકે જાણીતી છે અને આ થેલીનાંનો ઘણો મોટો ફાળો કપોળબંધુઓ તરફથી મળેલો છે. આમ છતાં પણ શ્રી. ખુશાલદાસ ભાઇની જનકલ્યાણસાધક પ્રવૃત્તિઓ માત્ર કપોળ કોમ પુરતી જ મર્યાદિત છે એમ નથી તેમ જ જેમણે જેમણે આ ફંડમાં નાણાં ભર્યાં છે તેમણે કાંઇ શ્રી. ખુશાલદાસભાઇના કોઇ ઐહિક ઉપકાર નીચે હોઇને આ નાંણા ભર્યાં છે એમ પણ નથી. શ્રી. ખુશાલદાસભાઇની નિઃસ્વાર્થ સેવા તથા લોકકલ્યાણસાધનાની ઉંડી ધગશથી જ પ્રેરાઇને આ થેલીમાં સૌ કોઇએ નાણાં ભર્યાં છે અને કપોળ નહિ એવા પણ કેટલાયે ગૃહસ્થોએ વતનમાગ્યે માત્ર સ્વેચ્છાથી પ્રેરાઇને પોતાનો નાનો મોટો ફાળો મોકલી આપ્યો છે. આ નોંધ એ થેલીમાં નાણાં ભરવાની અપીલ કરવાના હેતુથી લખવામાં નથી આવી, પણ આ થેલી બંધ કરવામાં આવે તે પહેલાં શ્રી. ખુશાલદાસ પ્રત્યેની પોતાની કૃતજ્ઞતાના પ્રતીકરૂપે તેમને જાણનાર કોઇ પણ બંધુ કે બહેન ફુલ નહિ તો ફુલની પાંખડી મોકલવાનું ન ચુકે એ બાબતની યાદ આપવા પુરતો જ આ નોંધ લખવાનો આશય છે.

તિથિ અને સંવત્સરિને લગતા મતભેદ વિષે શ્રીમદ્ રાજચંદ્ર

થોડા સમય પહેલાં પુંજાભાઇ ગ્રંથમાળા તરફથી પ્રગટ થયેલ અને શ્રી. ગોપાળદાસ જીવાભાઇએ સંપાદિત કરેલ શ્રી. રાજચંદ્ર એ નામનું પુસ્તક જોવામાં આવ્યું. તેમાંથી ઉપરના પ્રશ્ન ઉપર શ્રીમદ્ રાજચંદ્રે પ્રગટ કરેલા કેટલાક મનનીય વિચારો ઉપયોગી લાગવાથી અહિં અવતરિત કરવામાં આવે છે. તેઓ જણાવે છે કે:-

"આ બાબતમાં હિતકારી શું છે તે સમજવું જોઇએ. આઠમની તકરાર તિથિ અર્થે કરવી નહિ; પણ લીલોતરીના રક્ષણ અર્થે તિથિ પાળવી. લીલોતરીના રક્ષણ અર્થે આઠમાદિ તિથિ કહી છે. કાંઇ તિથિને અર્થે આઠમાદિ કહી નથી. માટે આઠમાદિ તિથિનો કદાગ્રહ મટાડવો. જે કાંઇ કહ્યું છે, તે કદાગ્રહ કરવાને કહ્યું નથી. આત્માની શુદ્ધિથી જેટલું કરશો તેટલું હિતકારી છે. અશુદ્ધિથી કરશો તેટલું અહિતકારી છે. માટે શુદ્ધતાપૂર્વક સદ્વ્રત સેવવાં.

"સંવત્સરીના દિવસ સંબંધી એક પક્ષ ચોથની તિથિનો આગ્રહ કરે છે, અને બીજો પક્ષ પાંચમની તિથિનો આગ્રહ કરે છે. આગ્રહ કરનાર બન્ને મિથ્યાત્વી છે. જ્ઞાની પુરૂષોએ તિથિની મર્યાદા આત્માર્થે કરી છે. જો ચોક્કસ દિવસ નિશ્ચિત કર્યો ન હોત તો આવશ્યક વિધિઓના નિયમ રહેત નહિ. આત્માર્થે તિથિની મર્યાદાનો લાભ લેવો. બાકી તિથિભિન્નિના ભેદ મૂકી દેવો. એવી કલ્પના કરવી નહિ; એની ભંગજાળમાં પડવું નહિ.

"કદાગ્રહ મુકાવવા અર્થે તિથિઓ કરી છે; તેને બદલે તે જ દિવસો કદાગ્રહ વધારે છે. તિથિઓનો વાંધો કાઢી તકરાર કરવી એ મોક્ષે જવાનો રસ્તો નથી. કવચિત્ પાંચમનો દિવસ ન પળાયો અને છઠ પાળે અને આત્મામાં કોમળતા હોય તો તે ફળવાન થાય. જેથી ખરેખર પાપ લાગે તે રોકવાનું પોતાના હાથમાં છે;

પોતાથી બને તેવું છે તે તે રોકતો નથી; અને બીજી તિથિ આદિની ભળતી ફીકર કર્યે જાય છે. અનાદિથી શબ્દ, રૂપ, રસ, ગંધને સ્પર્શનો મોહ રહ્યો છે તે મોહ અટકાવવાનો છે. મોટું પાપ અજ્ઞાનનું છે."

આજના સમાજ ઉપર પ્રતિષ્ઠા ધરાવતા આચાર્યો આટલું સાદું સીધું તથ્ય સમજે, સ્વીકારે અને તિથિ અને સંવત્સરિના પ્રશ્નોનું એકત્ર થઈને સાદી બુદ્ધિથી નિરાકરણ કરે અને ભાંગતા સમાજને વધારે ભાંગતો અટકાવે એ જ પ્રાર્થના! એ જ અભ્યર્થના!!

'સંવત્સરિના મતભેદનું બહુમતીથી નિરાકરણ કરો'!

આ પ્રશ્ન સંબંધે શ્રી. ચતુરદાસ રાયચંદ શાહ એક પત્રમાં જણાવે છે કે :—

"મારા મત મુજબ તો હાલમાં સંવત્સરી કયા દિવસે ઉજવવી તેની જે ભાંજગડ ચાલી રહી છે તે બાબતમાં સૌથી સારો રસ્તો એ છે કે મુંબઇમાં ગોડીજી દહેરાસરની પેઢી અગર અમદાવાદ ખાતે આણંદજી કલ્યાણજીની પેઢી હીંદભરના દરેક આચાર્યોને લેખિત પુછાવી તેમનો અભિપ્રાય મંગાવી લે અને પછી તેમાં વધુ મતે જે દીવસે સંવત્સરી કરવા માટે અભિપ્રાય આવે એ દીવસ જાહેર કરવો અને તે દીવસ બધાએ માન્ય રાખવો જોઇએ. બધા આચાર્યોએ એ કબુલ રાખવું જોઇએ કે જે દિવસ વધુ મતે સંવત્સરી કરવા માટે નકી થશે તે પ્રમાણે અમો તથા અમારા અનુયાયીઓ, એ દિવસ જરૂર માન્ય રાખીશું. મને લાગે છે કે ઉપર પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવશે તો સંઘમાં શાંતિ રહેશે. બધા એક સાથે હળીમળી આનંદપૂર્વક સંવત્સરી પર્વ ઉજવી શકશે અને જે ઉદ્દેશથી આપણે સંવત્સરી પર્વ ઉજવવાના છીએ તે સાર્થક થશે નહીંતર વિના કારણ વિખવાદ ઉભો રહેશે અને ઘરઘરમાં કજીયા થશે અને સંવત્સરી પર્વ ઉજવવામાં લાભ કરતાં નુકસાન આપણે વધું સહન કરવું પડશે. માટે મારી જૈન આગેવાનોને વિનંતિ છે કે બધા આચાર્યોના મત મેળવવા અને વધુ મતે એક દિવસ સંવત્સરી ઉજવવા માટે પ્રબંધ કરવો. જ્યારે જ્યારે આ પ્રમાણે ક્ષય કે વૃદ્ધિ તિથિ આવે ત્યારે ત્યારે ઉપર મુજબ નિર્ણય કરવાથી કાયમી શાન્તિ થઇ જશે."

આ પત્રમાં શ્રી. ચતુરદાસે વ્યકત કરેલી શુભ ભાવના પ્રશંસનીય છે, પણ તેમણે આ મતભેદ દૂર કરવાને દર્શાવેલો ઉપાય આજના જૈન આચાર્યોના કદાગ્રહી માનસનું અત્યન્ત અજ્ઞાન સૂચવે છે. તેમના ખ્યાલમાં હશે કે શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજનો પર્વ તિથિઓને લગતો ધાર્મિક વ્યવહાર કંઇ કાળથી એકસરખો ચાલ્યો આવતો હતો અને સૌ કોઇ સાથે મળીને એક સરખા દિવસોએ ધાર્મિક વ્રતનિયમો આચરતા હતા. આ એકરૂપતામાં શ્રી વિજયરામચંદ્ર સૂરિએ સૌથી પહેલું તિથિશુદ્ધિનું તુત ઉભું કર્યું અને ચાલુ પરંપરાથી જુદા માર્ગે ચાલવાની શરૂઆત કરી, તેમની સામે મોરચા માંડયા શ્રી સાગરાનંદ સૂરિએ. અને જૈન સમાજમાં તિથિકલહ વધારે ને વધારે ઉગ્ર સ્વરૂપ પકડતો ગયો. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઇ લાલભાઇ આ ઝગડો મીટાવવાના કેવળ શુભ હેતુથી વચ્ચે પડયા અને આ બન્ને ધુરંધર આચાર્યોએ તેમની લવાદી સ્વીકારી. તેમણે પૂનાવાળા અધ્યાપક શ્રી. વૈદ્યની મદદ વડે અત્યન્ત વિદ્વત્તાપૂર્ણ ચુકાદો તૈયાર કર્યો અને જાહેર જનતા સમક્ષ રજુ કર્યો. આ ચુકાદો જેમને અનુકુળ હતો તેમણે વધાવી લીધો. જેમને પ્રતિકુળ હતો તેમણે લવાદીમાંથી પીછેહઠ કરી અને ચુકાદો ઘડનાર વિદ્વાન અધ્યાપક સામે કંઇ કંઇ પ્રકારના આક્ષેપો કર્યા. આનો સાર એ નીકળે છે કે આજના આચાર્યોને પોતાતા મન્તવ્યો વિષે પાર વિનાનું મમત્વ છે અને એ કારણે જૈન સમુદાયમાં ભાગલા પડે અને આખો સમાજ છિન્નભિન્ન થઇ જાય તેની તેમને કશી જ પડી નથી. તેઓ આ કે અન્ય બાબતોમાં કોઇની લવાદીને કે બહુમતિ નિર્ણયને સ્વીકારવાને બીલકુલ તૈયાર જ નથી. પ્રસ્તુત સંવત્સરિના પ્રશ્નમાં પણ શરૂઆતમાં એક પક્ષે જાતીના પાંચ છ આચાર્યો હતા; બીજી બાજુએ શરૂઆતમાં શ્રી. સાગરાનંદ સૂરિ એકલા જ હતા. એમ છતાં પણ આવી બાબતમાં સામુદાયિક આચારભેદ ન જ થવો જોઇએ—આટલી કોઇ પણ સામાન્ય બુદ્ધિને સહજ સુઝે તેવી બાબતનો સ્વીકાર કરીને પોતાના મતનો આગ્રહ છોડવાનું તેમને સુઝયું જ નહિ. અને એમ સુઝે અને બધા સાથે એકરૂપ બને તો તે સાગરાનંદ સૂરિ જ નહિ.

આ આખા ઝગડાનો ત્યારે જ નીકાલ આવે કે જ્યારે આવી ધાર્મિક આચારવ્યવહારને લગતી બાબતોમાં પર્વતિથિની શુદ્ધિ અને અશુદ્ધિના ખ્યાલને ગૌણ કરવામાં આવે અને એક યા બીજે દિવસે પણ ધાર્મિક આચાર નિયમોનું અનુપાલન સમગ્ર સમુદાયે સાથે મળીને જ કરવું જોઇએ એ મુદ્દાના મહત્વને પ્રાધાન્ય આપવામાં આવે. કારણ કે તિથિશુધ્ધિના શાસ્ત્રાર્થનો બન્ને પક્ષને માન્ય થાય એવો કોઇ કોઇ કાળે છેડો આવવાનો જ નથી. પણ આવી સંઘબુધ્ધિ આજના શબ્દપંડિત જૈન આચાર્યોમાં ઉદ્ભવવાની આશા બહુ જ ઓછી છે. પરસ્પર અથડામણો વડે ક્ષીણપ્રાણ બનવું એ જ જૈન સમાજનું ભાવી દેખાય છે!

નવા જૈન જે. પી. અને ઓનરરી મેજીસ્ટ્રેટોને અભિનન્દન

તાજેતારમાં મુંબઇ પ્રાન્તની સરકાર તરફથી એક યાદી બહાર પડી છે જેના પરિણામે જુના સર્વ જે. પી.ઓને તેમ જ ઓનરરી મેજીસ્ટ્રેટોને એ પદ અને તેને લગતા અધિકારોથી મુક્ત કરવામાં આવ્યા છે અને મુંબઇ અને બૃહદ્ મુંબઇ પુરતી નવા જે. પી. અને ઓનરરી મેજીસ્ટ્રેટોની એક લાંબી યાદી બહાર પાડવામાં આવી છે. આ યાદીમાં ૩૧ જૈનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાંથી બે બંધુઓ **શ્રી. શાન્તિલાલ હરજીવન શાહ** અને **શ્રી. રતિલાલ ચીમનલાલ કેકારી** મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય છે અને **શ્રી. મણિભ્હેન ચંદુલાલ નાણાવટી, શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલ, શ્રી. શાન્તિલાલ હીરાલાલ શાહ શ્રી ચીમનલાલ મોતીલાલ પરીખ** અને **શ્રી. લખમશી ઘેલાભાઇ** મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો છે. આ કારણે તે સાતે સભ્યોને મુંબઇ જૈન યુવક સંઘના હાર્દિક અભિનન્દન છે. આ ઉપરાંત **શ્રી. તારાબ્હેન માણેકલાલ પ્રેમચંદ, શ્રી. સુલોચના બ્હેન મોદી** તથા **શ્રી. લીલાવતી બ્હેન બેંકર** એમ ત્રણ જૈન બ્હેનોને પણ આ નવા પદવીપ્રદાનથી નવાજવામાં આવેલ છે. આ ઉપરાંત બીજા જૈન જે. પી. તથા ઓનરરી મેજીસ્ટ્રેટોની યાદી નીચે મુજબ છે.

સર મણિલાલ બાલાભાઇ નાણાવટી
,, ચુનીલાલ ભાઇચંદ મહેતા
શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહ
,, ચંદુલાલ ટી. શાહ
,, વાડીલાલ ચત્રભુજ ગાંધી
,, મોહનલાલ તારાચંદ શાહ
,, માધવલાલ હીરાલાલ શાહ
,, શામજી કરમસી
,, મનમોહન પી. ગાંધી
,, દામજી રતનશી ખોના
,, ખીમજી માંડણ ભૂજપુરીઆ
,, પ્રસન્નમુખ સુરચંદ બદામી
,, ધીરજલાલ નેમચંદ શ્રોફ
,, નવનીતલાલ બી. ઝવેરી
,, સોમેશચંદ્ર મણિલાલ નાણાવટી
,, રતિલાલ છોટાલાલ મોદી
,, મુલજી દુર્લભદાસ
,, વેલજી લખમશી નપ્પુ
,, ગંભીરચંદ ઉમેદચંદ
,, ભવાનજી અરજણ ખીમજી
,, બી. એન. મહેશ્વરી
,, ઠાકરશી જીવરાજ ખીમજી

આ સર્વે ભાઇઓ તથા બહેનો પોતાને મળેલા વિશિષ્ટ અધિકારો વડે નાત જાત કે ધર્મ સંપ્રદાયના ભેદભાવ સિવાય સમગ્ર જનસમાજની સેવા કરવા સદા તત્પર રહેશે અને એ રીતે જૈન સમાજનું ગૌરવ વધારશે એ આશા સાથે તેમનું અભિનન્દન કરવામાં આવે છે.

ધર્માનંદ સ્મારક ટ્રસ્ટનું વિજ્ઞાપન

શ્રી. ધર્માનંદ સ્મારક સમિતિના મંત્રી શ્રી વસન્ત પાંડુરંગ ખોરકર તરફથી નીચે મુજબનું વિજ્ઞાપન પત્ર મળેલ છે.

"પાલી ભાષા અને બૌદ્ધ ધર્મના ત્રિખંડ પંડિત શ્રી. ધર્માનંદ કોસંબીનું અવસાન મહાત્માજીનાં સેવાગ્રામ આશ્રમમાં તા. ૪ જુન ૧૯૪૭ માં થયું. મરણ પહેલાં થોડા દિવસ એમણે, પાલી ભાષા શીખવામાં પોતાને જે અગવડો વેઠવી પડેલી તે યાદ કરીને મહાત્મા ગાંધીજીને પ્રસંગવશાત વિનંતી કરી હતી કે સિંહલદ્વિપ લંકામાં હજીયે જાગ્રત રહેલી પાલી ભાષાના તેમજ બૌદ્ધ ધર્મના અધ્યયનની પરંપરા હિંદુસ્તાનમાં ફરી દાખલ કરાવવી ઘણું જરૂરનું છે.

શ્રી ધર્માનંદ કોસંબીનાં નિધનના સમાચાર સાંભળતાંવેંત મહાત્માજીએ તા. ૫ મીના પ્રાર્થના પછીના ભાષણમાં ધર્માનંદજીની ઇચ્છાનો ઉલ્લેખ કરી જાહેર કર્યું કે પાલી ભાષાની વિદ્વત્તા મેળવવા માટે વિદ્યાર્થીઓને સિંહલદ્વિપ મોકલવાની જોગવાઇ હું કરવાનો છું. અને તરતજ તા. ૧૧ મી જુન ૧૯૪૭ ને દિવસે મહાત્માજીએ આચાર્ય કાકાસાહેબ કાલેલકરને નીચે પ્રમાણે કાગળ લખ્યો :-

"ચિ. કાકા,

કોસંબીજી તો ગયા. પાલી ભાષા શીખનારા અને બૌદ્ધ ધર્મનું પાલન કરનારા હિંદિઓને જેટલી અને તેટલી ત્વરાથી સીલોન મોકલવા જોઇએ. તમારી દૃષ્ટિમાં એવા વિદ્યાર્થી છે? એવા વિદ્યાર્થીઓની પસંદગી કરવાને વિષે નિયમો કેવા હોવા જોઇએ વગેરેનો વિચાર કરજો અને મને સૂચના કરજો-એક એકનું ખર્ચ કેટલું આવે, વગેરે. **બાપુના આશીર્વાદ**"

આના પછી મુંબઇમાં તા. ૫ જુલાઇ ૧૯૪૭ ને દિવસે અનેક સંસ્થાના પ્રતિનિધિઓની એક સ્મારક સભા શ્રી. બાળાસાહેબ ખેરની અધ્યક્ષતા નીચે ભેગી થઇ હતી. એ સભામાં નીચે પ્રમાણેનો ઠરાવ પાસ થયો હતો :—

"સાધુચરિત મહાપંડિત આચાર્ય ધર્માનંદ કોસંબીજીકે દેહાવસાન પર યહ સભા શોક પ્રગટ કરતી હૈ. ઔર બૌદ્ધ ધર્મકે અનુશીલનમેં ઔર પાલી સાહિત્યકે અધ્યયન અધ્યાપનમેં બતાઇ હુઇ ઉનકી નિષ્ઠાકે લિયે, સ્વાતંત્ર્ય સંગ્રામમેં કિયે હુએ ઉનકે ત્યાગકે લિયે ઔર બહુજનકે ઉદ્ધારમેં કી હુઇ ઉનકી સેવાકે લિયે આપની કૃતજ્ઞતાયુક્ત શ્રદ્ધાંજલિ અર્પણ કરતી હૈ.

"બૌદ્ધ ધર્મ ઔર પાલી સાહિત્યકે અધ્યયનકે લિયે સુયોગ્ય હિંદી વિદ્યાર્થીઓંકો સિંહલદ્વિપ ભેજનેકી કોસંબીજીકી જો ખ્વાહિશ થી ઇસકો અબ ઉનકે સ્મારકકે રૂપમેં પરિવર્તિત કરનેકી જો કોશિશ હો રહી હૈ, ઉસે યહ સભા તહે દિલસે પસંદ કરતી હૈ. ઔર અપીલ કરતી હૈ કિ સંસ્કૃતિ સમન્વયકે કાર્યમેં દિલચસ્પી રખનેવાલે સબ લોગ ઉસે મદદ કરેં."

આ ઠરાવને અનુસરીને અને મહાત્માજીના આદેશ પ્રમાણે આ કાર્ય પાર પાડવા માટે નીચેના સદ્‌ગ્રહસ્થોની સમિતિ નીમવામાં આવી છે :—

શ્રી. બાળાસાહેબ ખેર	અધ્યક્ષ
આચાર્ય કાકાસાહેબ કાલેલકર	કાર્યાધ્યક્ષ
શ્રી. કમલનયન બજાજ શ્રી. મણિલાલ મોહનલાલ ઝવેરી	સંયુક્ત કોષાધ્યક્ષ
સૌ. માણેકબહેન પ્રસાદ	
શ્રી. પુરુષોત્તમ મંગેશ લાડ	
શ્રી. વસંત પાંડુરંગ ખોરકર	મંત્રી.

આ સમિતિએ સ્મારક યોજનાનો એક કાચો મસુદ્દો તૈયાર કર્યો. એમાં ત્રણ પ્રધાન અંગો આવી જાય છે :—

૧. ઓછામાં ઓછા દસ વરસ સુધી સિંહલદ્વિપમાં દર વર્ષે પાલી ભાષાનું અધ્યયન કરનારા અને બુદ્ધ ભગવાનના ઉપદેશનું પાલન કરનારા એક એક વિદ્યાર્થીને મોકલવા.

૨. પાલી અને બૌદ્ધ ગ્રંથોની પાઠશુદ્ધ સંહિતા તૈયાર કરી દેવનાગરી લિપીમાં પ્રકાશિત કરવી અને ભારતીય ભાષાઓમાં ખાસ કરીને હિંદી, ગુજરાતી અને મરાઠીમાં એના અનુવાદો પ્રસિદ્ધ કરવા.

૩. શ્રી. ધર્માનંદ કોસંબીના પ્રકાશિત અપ્રકાશિત તમામ લખાણો આ ત્રણે ભાષામાં પ્રકાશિત કરવા.

આ યોજનાનો કાચો મસુદ્દો મહાત્માજીને સંમતિ માટે મોકલવામાં આવતાં એના ઉપર એમણે નીચે પ્રમાણે પોતાનો અભિપ્રાય લખ્યો છે :—

"મેરા દૃઢ મત હૈ કિ ધર્માનંદ કોસંબીજીકા સ્મરણ કાયમ કરનેકા યહ માર્ગ સબસે અચ્છા હૈ." **મો. ક. ગાંધી**

સમિતિનો અભિપ્રાય છે કે ઉપર બતાવેલી યોજનાઓનો પહેલો ભાગ અમલમાં મૂકવા માટે લગભગ ૨૫,૦૦૦ રૂપીયા (પચીસ હજાર) જોઇશે. બાકીના બે ભાગોની સફળતા હાથમાં આવનારા નાણાં ઉપર આધાર રાખે છે. પશ્ચિમ તરફ પાલી ભાષા અને સાહિત્યના પ્રચારને અર્થે પાલી ટેકસ્ટ સોસાયટીએ કેટલી મેહનત કરી છે તે બધા જાણે છે. તેના કરતાં પણ વધારે અસરકારક ફેલાવો, ભગવાન બુદ્ધની આ માતૃભૂમિમાં થવો જોઇએ. સમિતિમાંના પહેલા ૭ જણાએ ટ્રસ્ટી તરીકે કામ કરવાનું કબુલ્યું છે, એટલે અત્યાર સુધી ભેગા થયેલા નાણાનું ટ્રસ્ટ કરવામાં આવ્યું છે. એટલે હવે ટ્રસ્ટીઓની વિનંતિ છે કે ભારતીય સંસ્કૃતિનું ઉજ્જ્વલ સ્વરૂપ પ્રગટ કરનારી બૌદ્ધ પરંપરાના ફેલાવા માટે અને હિંદુસ્થાન તેમજ સિંહલદ્વિપ વચ્ચે સ્નેહભાવ વધારવા માટે જેઓ ઇચ્છતા હોય એવા બધા લોકો આ કાર્યમાં મુક્ત હસ્તે મદદ કરે. નાણાં ટ્રસ્ટના ખજાનચી શ્રી. કમલનયન બજાજ અથવા શ્રી. મણિલાલ ઝવેરીને નામે ધર્માનંદ સ્મારક ટ્રસ્ટ, ૫૧ મહાત્મા ગાંધી રોડ, ફોર્ટ, મુંબઇ એ ઠેકાણે મોકલવા."

આ પ્રવૃત્તિને શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું સંપૂર્ણ અનુમોદન છે.

શાહ દંપતિને મળી ચુકેલાં ૫૦૦૦ પ્રતિજ્ઞાપત્રો

ઉપાશ્રયોમાં જ્યારે ધાર્મિક વ્યાખ્યાનો ચાલતાં હોય ત્યારે પુરી શાન્તિ જાળવવી એવી પ્રતિજ્ઞા લેનારા ૫૦૦૦ ભાઇ બહેનો તા. ૧૯-૮-૪૮ સુધીમાં નીકળી ન આવે તો એ સંખ્યા પુરી થાય ત્યાં સુધી ઉપવાસ ઉપર જવાની શ્રી. ટી. જી. શાહ તેમ જ તેમનાં પત્નીએ જાહેરાત કરી હતી. તા. ૧૯-૮-૪૮ સુધીમાં તેમને ૪૦૨૪ પ્રતિજ્ઞાપત્રો મળ્યાં હતાં ત્યાર પછી તેમણે અઠ્ઠમ એટલે ત્રણ દિવસનો ઉપવાસનો નિયમ લીધો હતો. એ ત્રણ દિવસ પુરા થાય તે પહેલાં તેમને જોઇએ તે કરતાં વધારે પ્રતિજ્ઞાપત્રો મળી ચુકયા હતા. અને એ રીતે તેમણે નાંખેલી ટહેલ જૈન સમાજે પુરી કરી હતી.

શ્રી. ટી. જી. શાહને તેમ જ તેમના પત્નીને જૈન સમાજના ધાર્મિક વ્યાખ્યાનોમાં શાન્તિની પ્રતિષ્ઠા કરવાના પ્રયાસમાં જે પ્રાથમિક સફળતા મળી છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. આ પ્રશ્ન સર્વે ભાઇઓ તથા બહેનો પુરી ગંભીરતાથી ઉપાડી લે, અને શાન્તિ જાળવવા માટે જે જે પ્રબંધની આવશ્યકતા છે તે સર્વ પ્રબંધનો સત્વર અમલ કરવામાં આવે અને જ્યાં આજે કેવળ ધોંધાટ અને અવ્યવસ્થા જોવામાં આવે છે ત્યાં પુરી શાન્તિ અને વ્યવસ્થા પથરાય એ શુભ પરિસ્થિતિ આપણે સત્વર નિહાળવા ભાગ્યશાળી થઇએ એવી શુભેચ્છા અને અન્તરની પ્રાર્થના છે.

પરમાનંદ.

॥ जयन्तु वीतरागाः ॥

શ્રમણવીર વર્ધમાનસ્વામીનો આદેશ

"उवसमसारं खु सामण्णं"

'શ્રમણવીર વર્ધમાન પરમાત્માના અનુયાયી' તરીકેનું ગૌરવ લેનાર અથવા એ વિષે દાવો કરનાર આપણે સૌ દર વર્ષે પર્યુષણ-પર્વ ઉજવીએ છીએ અને આ વર્ષે અને ભવિષ્યનાં આપણી જિંદગી દરમિયાનનાં વર્ષોમાં પણ એ જ પ્રમાણે કરીને આપણે પર્યુષણપર્વની આરાધના કર્યાનો આત્મસંતોષ ધારીશું. પરંતુ એ વિષેની કર્તવ્યનિષ્ઠાવાળા આપણે છીએ કે નહિ એનો વિચાર આપણે ભાગ્યે જ કરીએ છીએ–કરીશું. એ જ કારણ છે કે પરમ-પાવન ધર્માનુષ્ઠાનો–ધર્મક્રિયાઓ આરાધવા છતાં આપણા જીવનમાં આંતરિક ગુણોની વૃદ્ધિનું દર્શન થતું નથી અથવા નહિ જેવું જ થાય છે. આજની આપણી ધાર્મિક અને સામાજિક મંદ દશાનું કારણ આમાં જ સમાયેલું છે, અને એ જ કારણને લીધે આજની પરિસ્થિતિમાં આપણા ધાર્મિક તેમ જ સામાજિક જીવનને લગતા અવશ્ય વિચા-રણીય અનેક મહત્ત્વના પ્રશ્નો આપણી નજર સામે આવવાને બદલે તિથિચર્ચા જેવા અતિસામાન્ય પ્રશ્નોની ચર્ચા અને વિવાદ–વિતંડા-વાદ પાછળ આપણી બધીયે જીવનશક્તિઓ વેડફાઇ રહી છે; એટલું જ નહિ પણ એ નિર્માલ્ય પ્રશ્નો પાછળ પરમાત્મા શ્રી. વીરવર્ધમાન પ્રભુની—

"उवसमसारं खु सामण्णं" અર્થાત્ "મારૂં શ્રામણ્ય એટલે મારા ધર્મનો સ્વીકાર,–પછી એ પંચમહાવ્રતરૂપ હો, બાર-વ્રતરૂપ હો કે માત્ર મારી આજ્ઞાપ્રત્યે શ્રદ્ધારૂપ હો,–ઉપશમપ્રધાન છે, ક્ષમાભાવ–સમભાવ ઉપર અવલંબેલો છે."

આ મૂળભૂત આજ્ઞાને પણ આપણે વીસરી ગયા છીએ, અને પરિણામે આજ સુધીના આપણા નિર્ધારિત પ્રશ્નોનો ઉકેલ આણવાને બદલે આપણે–આપણામાંનો લગભગ ઘણો મોટો ભાગ–આક્ષેપપ્રતિક્ષેપ અને બીજાના દોષો જોવા–શોધવામાં અટ-વાઇ પડ્યા છીએ.

આજે આપણી સમજમાં ન આવે તેવી વાત છે કે મહા-યોગી મહર્ષિ શ્રી આનંદઘનજીની જૈનદર્શનના પરમરહસ્યભૂત અનેકાન્ત સિદ્ધાંતને રજુ કરતી "ષડ્ દર્શન જિનઅંગ ભણીજે" એ પંક્તિને ગાનારા અને ગાઇને પ્રસન્ન થનારા આપણે જ્યારે એમ માનવા જરાએ તૈયાર નથી કે "સર્વ તિથિ જિનઅંગ ભણીજે" ત્યારે તો આપણને આપણા વિવેકની અવધિ જ લાગે છે. જો આપણો વિવેક માત્ર "ષડ્ દર્શન જિનઅંગ ભણીજે" એ પંક્તિને ગાવા સુધી જ આવીને અટકી જતો હોય અને એ લઘુ દેખાતા મહા-વાક્યમાં સમાયેલી જૈનદર્શનની પરમગંભીર સૈદ્ધાંતિક દૃષ્ટિને જોઇ–વિચારી ન શકતો હોય તો આ પંક્તિ ગાવાનો કે ગાઇને પ્રસન્ન થવાનો કશો જ અર્થ નથી. વિચારવા જેવી બાબત છે કે જો પરસ્પર વિરુદ્ધ અને મેળ વિનાની સર્વ દર્શનકારોની વિવિધ માન્ય-તાઓને બંધબેસતી કરવા માટે અને તેનો મેળ મેળવવા માટે જૈનદર્શન તૈયાર હોય તો તિથિ વિષેની કે તેવી બીજી બાહ્ય અને સ્થૂલસ્વરૂપ ભિન્ન ભિન્ન માન્યતાઓ અંગેનો મેળ જૈનદર્શન કેમ ન મેળવી શકે કે જેથી આજની ઉગ્ર બનેલી સ્થિતિ શાંત રૂપ ધારણ કરે?

આપણા સામે ઉપસ્થિત થતા પ્રશ્નોને એમાં રહેલી સૈદ્ધાંતિક દૃષ્ટિએ વિચારવામાં આવે તો ઘણા ખરા પ્રશ્નો સહેજમાં જ ઉકે-લાઇ જાય. પણ જો એ સૈદ્ધાંતિક દૃષ્ટિને દૂર રાખવામાં આવે તો આજની આપણી કઢંગી દશાનો ઉકેલ બીજો એકેય નથી. ગયા સૈકાનો ઇતિહાસ આપણને કહી જ રહ્યો છે કે આ સૈદ્ધાંતિક દૃષ્ટિ ન હોવાને કારણે જૈન શ્રીસંઘ સામે જેટલા પ્રશ્નો કે પ્રસંગો આવ્યા તે પૈકીના એકેકયને જૈન શ્રીસંઘ કે જેમાં વિદ્વાન આચાર્યો વગેરેનું મુખ્ય સ્થાન છે તે ઉકેલી શક્યો નથી. દરેકે દરેક પ્રશ્નો એની મેળે મરી ગયા છે અને એમાંના ઘણાય આજે આપણે કોઠે પણ પડી ગયા છે. આજે આપણને વિચાર કરતાં સ્પષ્ટ રીતે જણાય છે કે આ જાતની સૈદ્ધાંતિક દૃષ્ટિ આપણામાં ન હોવાને લીધે સેંકડો વર્ષોમાં, જેમને આપણે આપણા વિરોધી કે પ્રતિસ્પર્ધી ગણીએ તેમણે જેટલી હાનિ જૈન ધર્મને નહિ પહોંચાડી હોય, તે કરતાં અનેકગણી ઝાંખપ આપણે પોતે થઇને માત્ર ગત એક જ સૈકામાં જૈનધર્મને લગાડી છે.

જૈનધર્માનુયાયી તરીકે પોતાની જાતને ઓળખાવનાર દરેક વ્યક્તિની એ ફરજ છે કે એણે પોતાના જીવનમાં આ જાતની સૈદ્ધાંતિક દૃષ્ટિ કેળવવી જ જોઇએ. આમ છતાં જૈનધર્મના અગ્રગણ્ય ગણાતા અથવા ગણાવા ઇચ્છનાર આચાર્યાદિ સાધુવર્ગમાં અને જ્ઞાણા તેમ જ વિજ્ઞ ગૃહસ્થવર્ગમાં તો આ જાતની સૈદ્ધાન્તિક દૃષ્ટિ આવવી જ જોઇએ. જો જીવનમાં સૈદ્ધાન્તિક દૃષ્ટિનો મેળ નહિ હોય તો શ્રમણ ભગવાન્ શ્રીવીર પરમાત્માની **उवसमसारं खु सामण्णं** એ આજ્ઞા જીવંતરૂપે કદિએ ફાગ કરનાર નથી. અને જો તેમ નથી તો આપણી પર્યુષણપર્વની આરાધના જરાય સફળ નથી. આજે તો આપણને એ અનુભવ પ્રત્યક્ષ થાય છે કે જેમ જેમ આપણે વધારે ને વધારે પર્યુષણપર્વની આરાધના કરીએ છીએ તેમ તેમ એ મહાપર્વને નામે જ આપણે ઉપશમ એટલે સમ-ભાવથી દૂર ને દૂર પડતા જઇએ છીએ અને મૈત્ર્યાદિ ભાવનાઓ આપણામાંથી અદૃશ્ય થઇ જાય છે.

ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્યે વીતરાગ સ્તોત્રના ત્રીજા પ્રકાશના અંતે—

मैत्रीपवित्रपात्राय, मुदितामोदशालिने ।
कृपोपेक्षाप्रतीचयाय, तुभ्यं योगात्मने नमः ॥

આ શ્લોક દ્વારા વીતરાગદેવની સ્તુતિ કરી છે. તેનો સાર એ છે કે પ્રાણી માત્રના જીવનવિકાસની શરૂઆત મૈત્રી આદિ ચાર ભાવનાઓના બીજરૂપથી થાય છે અને એ ચાર ભાવનાની સંપૂર્ણતા એ જ પરિપૂર્ણ યોગદશાનું અથવા સંપૂર્ણ જીવન-વિકાસનું સ્વરૂપ છે. એવી પરિપૂર્ણ અવસ્થાએ પહોંચેલ વીતરાગ-દેવને આ શ્લોકમાં નમસ્કાર કરવામાં આવ્યો છે.

પર્યુષણપર્વનો આરાધના કરનાર આપણે સાવધાનપણે આત્મ–દર્શન કરી જાણી લેવું જોઇયે કે આજના કલુષિત વાતાવરણ, કલુષિત ઉપદેશ અને કલુષિત વર્તમાનપત્રોએ આપણા જીવનપ્રવાહને એવો અવળો વેગ આપ્યો છે કે જેથી આપણા જીવનમાં આપણી જીવન સાધનાની મુખ્ય ભૂમિકારૂપ મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ પૈકી મૈત્રીભાવનાનું સ્થાન વૈરભાવનાએ, પ્રમોદભાવનાનું સ્થાન અસહિષ્ણુતાએ, કૃપાભાવનાનું સ્થાન હિંસાવૃત્તિએ અને ઉપેક્ષાભાવનાનું સ્થાન નિંદાએ લીધું છે. આપણા એકધારા સર્વતોમુખી પતનનું કારણ જો કાંઇ પણ હોય તો આ જ છે.

પર્યુષણપર્વની વિશુદ્ધ રીતે આરાધના કરવા ઇચ્છનાર આપણે વિવેકભર્યું જીવન જીવવા પ્રયત્ન કરવો, મૈત્ર્યાદિક ભાવનાઓ કેળ-વવી અને જીવનમાં સૈદ્ધાંતિક દૃષ્ટિ મેળવવી એ જ સાચી પર્યુષણ-પર્વની આરાધના છે. અને એ જ સ્વ–પર કલ્યાણનું મુખ્ય અંગ છે એમ માનીને જ આપણે ચાલવું જોઇએ.

વડોદરા
શ્રાવણ વદિ ૭ } મુનિ પુણ્યવિજયજી

કાઠિયાવાડમાં તેરાપંથનો પ્રચાર અને સ્થાનકવાસી સમાજ

(વિશ્વવાત્સલ્યમાં 'ધાર્મિક સંપ્રદાયોને' એ મથાળાથી પ્રગટ થયેલો લેખ તેમાં ચર્ચાયેલ વિષયનું રસીલું સૂચન કરે એટલો મથાળા પૂરતો ફેરફાર કરીને નીચે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી.)

તેરાપંથી સંપ્રદાય એ સ્થાનકવાસી સંપ્રદાયનો એક ફાંટો છે અને સ્થાનકવાસી સંપ્રદાય એ જૈન તરીકે ઓળખાતા સમાજના ત્રણ ફીરકાઓમાંનો એક ફીરકો છે. જૈનોનું જ નહિ પણ ધર્મોના સંપ્રદાયમાત્રનું એકમ થવું જોઇએ એ વાત લોકો વિચારતા થયા છે અને થવા જ જોઇએ. જ્યારે એક તરફથી આ વિચારો ગતિમાન છે, ત્યારે બીજી બાજુ સૌરાષ્ટ્રમાં તેરાપંથી અને સ્થા. સંપ્રદાય વચ્ચે એક સંઘર્ષ ઊભો થયો છે. સ્થા. સમાજ 'તેરાપંથી સાધુઓ પાસે ન જવું, તેમને ન સાંભળવા અને ભિક્ષા પણ ન આપવી.' ત્યાં લગીનાં પગલાં ભરવા તૈયાર થયો છે આ પરથી એ સંઘર્ષ કેટલી હદે ગયો છે એનો ખ્યાલ આવશે. સ્થા. સંપ્રદાયના લોકો એ દલીલ કરી શકે કે તેરાપંથી સંપ્રદાય 'દાન અને દયા'નો વિરોધી છે. માનવતાવિરોધી ગુણોના પ્રચાર કરનાર સાથે ભિક્ષાચરી નિમિત્તે પણ ભોળા એનો સંપર્કમાં ન આવે તેટલા ખાતર અમારે આટલી હદ સુધી જવું પડે છે. તેરાપંથી સંપ્રદાયને પૂછવામાં આવે તો તે એમ કહી શકે કે અમે તો લોકોને તારવા માટે આવ્યા છીએ. જે કષ્ટ પડશે તે સહન કરીને અમારા સાચા ધર્મનો પ્રચાર કરીશું. (જો કે તેરાપંથી કહેવાતા લોકો ગમે ત્યાં પણ પોતાના એ સાધુ-મુનિરાજોને ખોરાક, મકાન કે વસ્ત્ર સંબંધમાં કષ્ટ પડવા દેતા નથી.) આ વિષે મારા વિચારો સીધેસીધા બન્ને આગળ નમ્રભાવે રજૂ કરું:—

સ્થા. સમાજ માટે થોડા જ વખતમાં સૌરાષ્ટ્રની ધરતી પર બે લાલબત્તીઓ આવી: (૧) સોનગઢી સિધ્ધાંતની અને (૨) તેરાપંથી સંપ્રદાયની. કોઇ પણ સંપ્રદાય જ્યારે યુગને ઓળખ્યા વિના ચાલીને પોતાની પ્રગતિને થંભાવી દે છે, ત્યારે કાં તો એ સંપ્રદાય ધસાઇ જાય છે અને કાં તો સાંકડો વાડો બને છે. સાંકડો વાડો બને ત્યારે તેવા સંપ્રદાયે ટકવું હોય, તો પોતાની સંખ્યામાં ઘટાડો ન થાય તેની તકેદારી રાખવી જ રહી. હું માનું છું કે સ્થા. સંપ્રદાયને સંખ્યા સામે જોવું નહિ પાલવે. જો એણે ધર્મપ્રાણ લોકાશાહને અનુસરવું હોય તો. ધર્મક્રાન્તિની જ્યોત ચાલુ રાખવી જ પડશે, માની લીધેલા ક્રિયાકાંડની કેદમાંથી બહાર નીકળી સૂક્ષ્મજ્ઞાનના ચોગાનમાં આવવું જ પડશે. જો પોતાનો સંપ્રદાય ધસડાઇ જાય એને બહેતર ગણવું હોય તો વળી જુદી વાત છે. ધર્મક્રાન્તિની દૃષ્ટિએ હું તો એમ કહું કે જેમને સોનગઢ, તેરાપંથી કે ઇતર જે સ્થળે જવું હોય તેમને અટકાવવાની કોશિશ એણે ન કરવી; પરંતુ પોતાની ખામીઓ પૂરવાના રચનાત્મક કાર્યમાં લાગી જવું. સંખ્યા કરતાં સિધ્ધાંત મોટી વસ્તુ છે. કયા સંપ્રદાયમાં કેટલાં માણસો છે, તેના કરતાં એ માણસો કેવાં છે, એ ઉપર જગતની નજર ફરવાની છે. જગતના ક્રાન્તિકારક ફેરફારોમાં સ્થાન મેળવવા માટે આજે સમન્વયવાદ-સર્વધર્મો મારા છે એ વાદ-ની સૌથી વધુ જરૂર છે. તે કાર્યમાં સૌએ લાગી જવું જોઇએ.

બીજી બાજુ મારે તેરાપંથી સંપ્રદાયના સમજુ લોકોને એ કહેવાનું છે કે આપની વટાળવૃત્તિની પ્રવૃત્તિઓ સંકેલી લો. પૈસાની લાલચથી કે માની લીધેલા ક્રિયાકાંડનાં ખોખાંથી અંજાયેલાં માણસો સંપ્રદાયનેય નહિ શોભાવી શકે. દયા અને દાનનો તો હું પણ વિરોધ કરું; પણ તે ક્યાં એ જ સવાલ છે. જ્યાં સત્ય અને દયાનો વિરોધ પડે, ત્યાં હું દયાને જતી કરું. દા. ત. અન્યાયનો વિરોધ કરતાં કોઇ દુભાય, તો હું મારો એ વિરોધ નમ્રપણે પણ ચાલુ રાખું; પરન્તુ આ ભૂખ્યો બિલાડો અસંયતિ (પાંચમાં છઠ્ઠા ગુણ સ્થાનકની દૃષ્ટિએ) છે એને દૂધ પાશો અને એ ઉંદર મારશે તો પાપ દૂધ પાનારને લાગશે, આ માણસને ખવડાવશો બચાવશો તો જીવ્યા પછી તે જે કંઇ પાપ કરશે તે તમોને લાગશે એવી વાહિયાત વાતો કદી જ ન કરું. તે જ રીતે કોઇ પ્રથમ સમાજને લૂંટે અને પછી પોતાની લૂંટની અપકીર્તિ ઢાંકવા માટે થોડા ટુકડા ફેંકે તો તેવા દાનને દાન તરીકે ગણવા સારૂ હું ના પાડું. પણ તમો દાન કરશો તો બહુબહુ તો સ્વર્ગ મળશે, એના કરતાં સામાયિક કે માની લીધેલા પ્રભુની પૂજા કરો એટલે સંયમ થશે એમ પણ ન કહું. કારણ કે નીતિમય રીતીથી મેળવેલાનું દાન આપનારના ભાવ શુદ્ધ હોય તો તે મોક્ષ લગી પહોંચી શકે છે. અને સામાયિક કરનાર અશુદ્ધભાવી હોય તો તે નરકે પણ જઇ શકે છે. જૈનસૂત્રોમાંનું શાણીભદ્ર અને પ્રસન્નચંદ્ર રાજર્ષિનું ચિત્ર આનાં સબળ પ્રમાણો છે. દાન અને દયા કરનારો બંધાય છે એમ માનનાર ઢાલની એક જ બાજુ રજૂ કરે છે. પરંતુ દાન જેને કરો અને દયાથી જેને બચાવો એ બધાનું પાપ તમોને નિમિત્ત બનનારને વળગે છે માટે સંયમીને જ આપો અને સંયમીમાં પણ અમુક જ જમાતને આપો એમ માનીએ તો એમાં જનત્વનું જ નહિ માનવતાનું સુધ્ધાં અપમાન થાય છે.

ટુંકમાં સ્થા. સમાજે સાચી ધર્મક્રાન્તિનું કામ કરવાની જરૂર છે અને તેરાપંથી સમાજે પોતાની માન્યતામાં સુધારો કરવાની જરૂર છે. બન્ને સંપ્રદાયો એકબીજાના સડા સામે જોતાં પહેલાં પોતાનું જ જુએ અને સંશોધે. આપણે શક્તિ, સમય અને સંપત્તિ રચનાત્મક માર્ગે ભલે ન વાળી શકીએ, પણ એને ખંડનાત્મક માર્ગે તો ન જ જવા દઇએ. નહિ તો જગતની હાંસી અને ભાવિ પ્રજાનો શાપ વહોરી બેસીશું અને આજે વિશ્વશાન્તિયજ્ઞમાં હિસ્સો આપવાનો અમૂલ્ય અવસર આવ્યો છે એને ખોઇ બેસીશું.

સંતબાલ

સર્વધર્મસમભાવ

જગતના પ્રચલિત પ્રખ્યાત ધર્મો સત્યને વ્યકત કરનાર છે, પણ તે બધા અપૂર્ણ મનુષ્ય દ્વારા વ્યક્ત થયેલ હોઇ બધામાં અપૂર્ણતા અથવા સત્યનું મિશ્રણ હોય છે. તેથી જેવું આપણને આપણા ધર્મ વિષે માન હોય તેટલું જ માન આપણે બીજાના ધર્મ પ્રત્યે રાખવું ઘટે. આવી વૃત્તિ હોય ત્યાં એકબીજાના ધર્મનો વિરોધ નથી સંભવતો, નથી પરધર્મીને પોતાના ધર્મમાં લાવવાનો પ્રયત્ન સંભવતો, પણ બધા ધર્મમાં રહેલા દોષો દૂર થાય એવી જ પ્રાર્થના...નિત્ય કરવી ઘટે છે.

* * *

આપણે અપૂર્ણ તો આપણે કલ્પેલો ધર્મ પણ અપૂર્ણ...બધા ધર્મ અપૂર્ણ માનીએ તો પછી કોઇને ઉંચનીચ માનવાપણું રહેતું નથી. બધા સાચા છે, પણ બધા અપૂર્ણ છે તેથી દોષને પાત્ર છે. સમભાવ છતાં આપણે તેમાં દોષ જોઇ શકતા હોઇએ. પોતાનામાં પણ દોષ જોઇએ. એ દોષને લીધે તેનો ત્યાગ ન કરીએ પણ દોષ ટાળીએ. સમભાવ રાખીએ એટલે બીજા ધર્મોમાં જે કાંઇ ગ્રાહ્ય લાગે તેને પોતાના ધર્મમાં સ્થાન આપતાં સંકોચ ન થાય. **ગાંધીજી**

નમ્રતા

નમ્રતા એટલે હું પણાનો આત્યંતિક ક્ષય.....કંઇ નથી થઇ જઇએ તો બધું થઇ જઇએ. કંઇ થવું એટલે ઇશ્વરથી.....વિખૂટા થવું. કંઇ ટળી જવું એટલે પરમાત્મામાં ભળી જવું. સમુદ્રમાં રહેલું બિંદુ સમુદ્રની મહત્તા ભોગવે છે; સમુદ્રથી વેગળું થયું ને પોતાપણાનો દાવો કરવા બેઠું એટલે તે તે જ ક્ષણે સુકાયું.

ગાંધીજી.

દેવદ્રવ્યની રૂઢિ... ... ... (પૃષ્ટ ૩૩૪ થી ચાલુ)

દેવદ્રવ્ય અને જિનદ્રવ્ય એમ બે જ શબ્દો નથી પણ મંગળદ્રવ્ય, નિધિદ્રવ્ય અને શાસ્વતદ્રવ્ય એ શબ્દો પણ જિનદ્રવ્ય કે ચૈત્યદ્રવ્યના પર્યાયવાચી છે.

આ ગાથાનું વિવેચન કરવું હોય તો આ પ્રમાણે કરી શકાયઃ દેવદ્રવ્ય અને જિનદ્રવ્ય એ બે શબ્દો ઉપરાંત વિશેષ વ્યાપક અર્થવાળા મંગલદ્રવ્ય, શાસ્વતદ્રવ્ય અને નિધિદ્રવ્ય એ ત્રણ શબ્દો પણ આચાર્ય શ્રી હરિભદ્રના કહેવા પ્રમાણે ચૈત્યદ્રવ્યના પર્યાયરૂપ છે. એ એવા વિશાળ અર્થના શબ્દો છે કે જેમાં કાયદાની કોઇ બારી દેવદ્રવ્યનો જનહિત માટે ઉપયોગ કરવાને અડી આવી શકે તેમ નથી. કલ્પના કરું છું કે શાસ્ત્રજડ અને સ્થૂલ બુદ્ધિના લોકો દેવદ્રવ્ય, ચૈત્યદ્રવ્ય અને જિનદ્રવ્યનો સંબંધ કેવળ દેવની સાથે જ બતાવી તેનો ઉપયોગ ઘણા સંકુચિત ક્ષેત્રે ન કરે એવી સંભાવનથી આચાર્યે કેમ જાણે તેના આ બીજા પર્યાય શબ્દો ન બતાવ્યા હોય ? હું તો એમ પણ કલ્પું છું કે 'દેવદ્રવ્ય'નો ઘણો સંકુચિત અર્થ કલ્પવામાં આવેલ છે, પરંતુ તેના બીજા પર્યાયશબ્દો જોતાં એવા સંકુચિત અર્થને લેશ પણ સ્થાન નથી એ ધ્યાનમાં રાખવું જરૂરી છે. ૯૫મી તથા ૯૬મી ગાથામાં આચાર્યશ્રી જણાવે છે કે "જિનદ્રવ્ય પ્રવરગુણોનું અને પ્રમોદનું જનક છે અથવા ગુણવંત પુરૂષોને હર્ષ પેદા કરનારૂં છે અને પ્રધાન પુરૂષોએ તે જિનદ્રવ્યને ૯૪ મી ગાથામાં જણાવેલી રીત પ્રમાણે વર્તેલું છે. એ રીતે વર્તાવેલ તથા એક જણ વા અનેક જણ દ્વારા આવેલ તે ધનને ધીરપુરૂષો ' જિનદ્રવ્ય ' કહે છે. આવા પવિત્ર દ્રવ્યને અાશાતનાનો પરિહાર કરીને અથવા આશાતનના પરિહારના હેતુથી બરાબર ઠાવકાઇથી યતનાથી સાચવવું જોઇએ." આચાર્ય હરિભદ્રે આગળ જણાવ્યા પ્રમાણે 'પ્રવચન' શબ્દનો જે અર્થ બતાવેલ છે તે જોતાં આ મંગલ દ્રવ્યનો ઉપયોગ સંઘના એટલે સમસ્ત સંઘના હિત માટે કરવામાં કોઇ પ્રકારનો વાંધો જ નથી તેમ જ્ઞાનના પ્રભાવ માટે એટલે જે જમાનામાં જે વિદ્યા હિતકર છે તે વિદ્યાના પ્રચાર માટે પણ એનો ઉપયોગ કરવાનું તેમણે જણાવેલું છે. એટલું જ નહીં પણ એ જાતનો ઉપયોગ પ્રધાન પુરૂષોએ કરેલો છે એમ પણ સાથે ૯૫ મી ગાથામાં જણાવેલું છે. જે લોકો શાસ્ત્રાધારવાદી છે તેમને સારૂં દેવદ્રવ્યના ઉપયોગ વિષે આચાર્ય હરિભદ્રનાં આટલાં વચનો પૂરતાં છે.

દેવદ્રવ્યના ઉપયોગ વિશે જણાવતા આચાર્યશ્રીએ સૌથી પ્રથમ પ્રવચન એટલે સંઘનું ક્ષેત્ર જણાવેલ છે, પછી જ્ઞાન–વિદ્યા અને ત્યાર બાદ સૌથી છેલ્લું દર્શન ગુણનું નિરૂપણ કરેલ છે તેમ છતાં દેવદ્રવ્યનો ઉપયોગ કરનારી સંસ્થાઓએ કે લોકોએ સંઘને અને વિદ્યાને તદ્દન વીસારી દીધાં છે અને કેવળ એક દર્શનગુણ માટે જ તેનો ઉપયોગ ચાલુ રાખેલ છે એ શું બરાબર છે ? શરીરનો વિકાસ કરવો હોય તો તેનાં તમામે તમામ અંગોના વિકાસ માટે લક્ષ્ય અપાવું જોઇએ. કેવળ પગનો જ વિકાસ કે કેવળ માથાનો જ પ્રકર્ષ શરીરના વિકાસને હાનિરૂપ છે એમ સૌ કોઇ સમજે છે તેમ જ આ જૈનશાસનરૂપ શરીરનો વિકાસ કરવો હોય તો તેનાં તમામે તમામ અંગોના વિકાસ માટે દેવદ્રવ્યનો ઉપયોગ થવો જ જોઇએ. કેવળ પગની જેવા દર્શનગુણના પ્રકર્ષ માટે જ દેવદ્રવ્ય વપરાય અને હૃદયસમાન સંઘના અભ્યુદય માટે કે માથા જેવા જ્ઞાનગુણની ઉન્નતિ માટે એ ન જ વપરાય એ કયાંનો ન્યાય ? આ બાબત આચાર્ય હરિભદ્ર પહેલાં કોઇ પણ આચાર્યે ચર્ચી હોય એવું મારા ખ્યાલમાં નથી. એની સૌથી પ્રથમ ચર્ચા શ્રી હરિભદ્રે જ કરેલી છે. એથી શાસ્ત્રાધારી સજ્જનો શ્રી હરિભદ્રના વચનોને માન્ય કરી તદનુસાર દેવદ્રવ્યનો વિશાળ રીતે ઉપયોગ કરવામાં કે થવા દેવામાં કશો વાંધો નહીં ઉભો કરે એ આશા હવે એકવીશમાં સૈકામાં અસ્થાને ન લેખાય.

અહીં સાથે એ પણ જણાવી દેવું જોઇએ કે જેવી રૂઢિ દેવદ્રવ્યની ચાલતી આવેલ છે તેવી જ મૂર્તિપૂજાની રૂઢિ પણ ચાલતી આવેલ છે. એ રૂઢિ માટે શાસ્ત્રોમાં એટલે મૂળ આગમોમાં કોઇ પ્રકારનાં વિધાયક વચનો નથી જ મળતાં એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિને કે અસત્યને સ્થાન નથી. આગમોમાં એને અંગે કેવળ બેચાર કથાઓ મળે છે. તેમાંય માનવલોકને સ્પર્શ કરતી વાતો ઓછી છે. સ્વર્ગમાં જિનમૂર્તિઓ છે, દેવો તેમની પૂજા કરે છે એવી વાતો આગમોમાં કેટલેક સ્થળે આવે છે. પરંતું જ્યાં શ્રાવકોના અધિકારો આવેલા છે ત્યાં કયાંય એ વિશે કશો વિધાયક ઉલ્લેખ મને તો જડયો નથી. અને કેવળ આવી બેચાર કથાઓ કે 'આણંદ વગેરે અમુક શ્રાવકોએ જિનમંદિર સિવાય બીજે કયાંય ન નમવું તે પણ અમુક અપવાદો સિવાય' આવાં સાધારણ ઉલ્લેખો દ્વારા માનવ માત્ર માટે મૂર્તિપૂજાને લાદી દેવી વા તેનો એક જુદો સંપ્રદાય ખડો કરવો એ બધું વિશેષ વિચારણા માગે એવું છે. મૂર્તિપૂજાની પદ્ધતિ આપણા દેશમાં વૈદિક પરંપરામાં ઘણી જુની છે અને તેની જ અસરને લીધે પુરૂષાર્થવાદી મહાવીરના અનુયાયી જૈન લોકોમાં પણ તે આવી પહોંચી. આવી પહોંચી તો ભલે, પણ તે એક તદ્દન સાધારણ નિમિત્તરૂપ છે તે આપણા ખ્યાલમાં બરાબર રહેવું જોઇએ. ભણતી વખતે છોકરાને જેટલો ઉપયોગ પાટીનો છે, વાંચતી વખતે વિદ્યાર્થીને જેટલો ઉપયોગ ચોપડીનો છે, અરે ! ઘર સાફ કરતી વખતે જેટલો ઉપયોગ સાવરણીનો છે અને ઉપર ચડવા માટે જેટલો ઉપયોગ નીસરણીનો છે તેટલો જ ઉપયોગ ધ્યાન કે ભાવના કેળવતી વખતે આપણા માટે મૂર્તિનો છે. પણ આ સાદી વાત જ આપણે ચૂકી ગયા છીએ અને ઠોઠ છોકરો જેમ એક પણ અક્ષર જ ઘૂંટતા કેળવ પાટીને જ શણગાર્યા કરે, ચોપડી ઉપર નવાંનવાં સુંદર પૂંઠા ચડાવ્યા જ કરે, યા ચોપડીને રેશમથી કે ચાંદીથી શણગારે પણ એક તેમાંનું વાકય પણ ન વાંચે, સાવરણીથી વાળનાર કેવળ સાવરણીને જ સુશોભિત કર્યા કરે અને ઘરમાંથી લેશ પણ કચરો ન કાઢે અને ઉપર ચડનાર નીસરણીને જ રંગરોગાન કર્યા કરે પણ પોતાનો એક પણ પગ ન ઉઠાવતાં નીસરણીને જ ઉપર લઇ જવાનું કહ્યા કરે તેના હાલ તમામ મૂર્તિપૂજકોના થયા છે. એનું કારણ એ જ છે કે જે તદ્દન સાધારણ નિમિત્ત હતું તેને એકદમ અસાધારણ નિમિત્ત અને સાધ્ય જ માની લેવામાં આવ્યું તે છે અને આ જાતની રૂઢિમાં પણ તે ચૈત્યવાસીઓ જ નિમિત્તરૂપ છે. મૂર્તિપૂજા એ ચૈત્યપૂજાનું જ સુશોભિત રૂપાંતર છે એ બરાબર સમજી રાખવાનું છે. તરવાર રાખનારને તરવારનો ઉપયોગ કરતાં ન આવડે તો તેના કેવા હાલ થાય ? એવા જ હાલ મૂર્તિનો ઉપયોગ કરતાં જ ન આવડતો હોવાથી આપણા પણ થયા છે એ ભૂલવું ન જોઇએ. હું તો એમ કહું છું કે મૂર્તિપૂજકોમાંથી મૂર્તિપૂજાની રૂઢિ હવે કાંઇ કાઢી શકાય તેમ નથી. તે આવી તો ભલે આવી, પણ તેનો સદુપયોગ કરતાં શીખવું જોઇએ.

મૂર્તિપૂજાની પદ્ધતિ માટે ભલે વિધાયક શાસ્ત્રાધાર ન હોય, ભલે ને એ ચૈત્યવાસીઓ દ્વારા કેમ ન આવી હોય, પણ હવે તેને આપણે તેનું ઉચિત સ્થાન જ આપવું જોઇએ, તેની મર્યાદાઓ જાણી લેવી જોઇએ અને તે તદ્દન સાધારણ નિમિત્ત છે–પાટી કરતાં તેનો ઉપયોગ કશો વિશેષ નથી એમ સમજી તેનો સદુપયોગ કરતાં શીખી લેવું જોઇએ અને દેવદ્રવ્યનો એ સમજણ માટે અર્થાત્ વિદ્યાવૃદ્ધિ માટે તથા સંઘના શ્રેય માટે પણ ઉપયોગ કરતાં જરા પણ ન અચકાવું જોઇએ. જેવી રૂઢિ આ મૂર્તિપૂજાની છે તેવી જ રૂઢિ આ દેવદ્રવ્યની છે તો તેનો પણ સદુપયોગ કરવા સારૂ આપણી સંસ્થાઓએ અને આપણા આગેવાનોએ હવે વિનાવિલંબે આગળ આવવું જોઇએ. દેવદ્રવ્યની રૂઢિ વર્તમાનમાં કેવળ દેવમૂર્તિ અને તેના શણગારોમાં જ દેવદ્રવ્ય વપરાવે છે. મને લાગે છે કે જ્યારે હરિભદ્રસૂરિએ ચૈત્યવાસીઓ તેનો પોતાની મોજમજામાં ઉપયોગ કરતા હતા તે સામે વિરોધ ઉઠાવ્યો ત્યારે દેવદ્રવ્યની રૂઢિ આ પ્રકારની નહીં હોય અને એમ હતું જ માટે શ્રી હરિભદ્રસૂરિએ દેવદ્રવ્યને સંઘના હિત માટે, જ્ઞાનના પ્રચાર માટે અને દર્શનના પ્રભાવ માટે

વાપરવા લાયક કહીને વખાણેલું છે. જો દેવદ્રવ્ય કેવળ દર્શનના જ પ્રભાવ માટે વાપરવા લાયક હોત અને એવી જ રૂઢિ હોત તો શ્રી હરિભદ્ર જેવા સુવિહિત પુરુષ ઉપર પ્રમાણે શા માટે કહેત?

દેવદ્રવ્યને હાલ જે કેવળ એક જ ક્ષેત્રમાં વાપરવાની રૂઢિ પડી ગઇ છે તેનું કારણ કેવળ અજ્ઞાન છે અથવા દેવદ્રવ્યના વ્યાપક અર્થ તરફ લોકોએ લક્ષ્ય જ કરેલું નથી અને દેવદ્રવ્યના બીજા વ્યાપક અર્થવાળા પર્યાય શબ્દોની તો ઉપદેશકોને ભાગ્યે જ માહિતી રહી છે. **"भक्खणे देवदव्वस्स....सत्तमं निरयं जंति सत्तवारा ही गोयम!"** અર્થાત્: કોઇ ગ્રંથકારે આ વાક્ય શ્રી મહાવીર ભગવાનના મુખમાં મુકેલું છે અર્થાત તે દ્વારા કહેવરાવેલ છે કે દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી હે ગૌતમ! તે ભક્ષણ કરનારા એક વાર નહીં, બે વાર નહીં, સાતવાર સામાન્ય નરકમાં નહીં પણ સાતમી નારકીમાં જાય છે. આનો તદ્દન સ્પષ્ટ અર્થ છે અને તે એ છે કે જે લોકો દેવદ્રવ્યને ખાઇ જાય છે–હોળમાં કરી જાય છે–પોતાના અંગત સુખભોગોમાં અને મોજમઝાહમાં ઉડાવે છે તેવા લોકોને ઉદ્દેશીને એ અર્થવાદવાક્ય કહેવરાવવામાં આવેલ છે, પણ તેનો એવો અર્થ તો હરગીજ નથી કે જે લોકો સંઘના હિત માટે જ્ઞાન–વિદ્યા–ના પ્રચાર માટે દેવદ્રવ્ય વાપરનારા છે તેઓ સાતમી નરકે જાય છે. જે સંઘનું હિત કરનારા અને જ્ઞાનનો પ્રચાર કરનારા લોકો નરકે જવાના હોય તો પછી સદ્ગતિએ કોણ જશે? ઉલટું સંઘપદની આરાધના કરનારા અને જ્ઞાનપદની સેવા કરનારા તીર્થંકરગોત્ર બાંધે છે એમ સ્પષ્ટ કહેલું છે. માટે જ આચાર્ય હરિભદ્ર કહે છે કે પ્રવચનની, જ્ઞાનની અને દર્શનની વૃદ્ધિ અર્થે દેવદ્રવ્યને વાપરનારો જીવ તીર્થંકરપદને પામે છે એટલે ઉપલું ભયવાક્ય દેવદ્રવ્યને અનીતિથી અપ્રામાણિકપણે અને સ્વચ્છંદે ખાઇ જનારા માટે ભયદર્શક છે એમ સ્પષ્ટ છે. માટે ભોળી જનતાને એ વાત સ્પષ્ટ જણાવવી જોઇએ અને ઉપલા વાક્યનો જે સ્પષ્ટ ભાવ છે તેને સ્પષ્ટ શબ્દોમાં જાહેરમાં સમજાવવો જોઇએ. મૂર્તિપૂજાની પેઠે દેવદ્રવ્યની આ રૂઢિ પણ હવે ચાલુ રહે તેમાં કશો વાંધો નથી. માત્ર તે રૂઢિને હવે આપણે વ્યાપકરૂપમાં સમજી તેનો સદુપયોગ કરવા તૈયાર થવું જોઇએ. કોઇ ત્રીજી સત્તા વચ્ચે આવે અને આપણે તેનો સદુપયોગ કરવા લાગીએ તે પહેલાં શાસ્ત્રાધાર અને અનુભવ બન્ને સાથે રાખીને આપણે તે દ્રવ્યનો વ્યાપક ઉપયોગ કરીએ તે ઘણું ઉચિત છે અને હવે તે સમય પાકી ગયો છે. હજુ નહીં ચેતીએ વા નહીં સમજીએ તો પછી ઘણું મોડું થશે અને પછી લોકો આપણી હાંસી કરશે એ યાદ રાખવાનું છે. મેં કોઇ સ્થળે એવું વાંચ્યું નથી કે દેવદ્રવ્યનો ઉપયોગ સંઘના ક્ષેત્રમાં કે વિદ્યાના ક્ષેત્રમાં થાય તો તે મહાઅનર્થરૂપ છે વા પાપરૂપ છે. જો કયાંય આવો ઉલ્લેખ હોય તો પણ આ કાળે એ ઉલ્લેખને પડતો મૂકી દેશકાળ પરિસ્થિતિ વિચારી આપણે આ રૂઢિને વ્યાપક કરી નાખવી જ જોઇએ. આપણે એવી ઘણી રૂઢિઓને સાંખી લઇએ છીએ કે જે આચારથી વિરુદ્ધ હોય અને આપણા અનુભવથી પણ વિરુદ્ધ હોય–જેમ કે સાધુઓની વસતિ એવી જગ્યાએ હોય કે જ્યાં બ્રહ્મચર્યની નવ વાડો સચવાય, આ સામાન્ય નિયમ છે અને સદાચાર માટે ખાસ આવશ્યક છે ત્યારે આપણે વર્તમાન કાળની નગરોમાં તૈયાર થયેલી સાધુઓની વસતિઓ જોઇશું તો માલુમ પડશે કે ત્યાં બ્રહ્મચર્યની એ વાડો ભાગ્યે જ સચવાતી હશે. બીજું, સાધુઓ પોતાની ભિક્ષા બેતાલીશ દોષ રહિત લે એ તેના સંયમ માટે આવશ્યક અંગ છે ત્યારે વર્તમાનમાં એ બેંતાલીશ દોષ રહિત ભિક્ષા કોઇ લઇ શકે છે ખરૂં? અત્યારે તો ન્યાયોપર્જિત ધનથી પેદા થયેલ અન્નની ભિક્ષા પણ દુર્લભ છે, ત્યાં બેંતાલીશ દોષને વર્જવાની વાત કયાં કરવી? સાધુઓની પેઠે આપણા શ્રાવકના પણ ઘણા આચારોની રૂઢિ બદલાઇ ગઇ છે. માર્ગાનુસારીનો પ્રથમ ગુણ ન્યાયસંપન્ન વિભવ એ અત્યારે જે વખારે ટકા દેખાવો જોઇએ તે દેખાય છે ખરો? જ્યાં આ પ્રથમ ગુણ નથી ત્યાં જૈનધર્મ વા શ્રાવકધર્મ સંભવે ખરો? આમ આપણે અનેક રૂઢિઓને બદલી કાઢીને વર્તીએ છીએ તો પછી જેને નહીં બદલવાથી આપણી પોતાની હાનિ થાય છે અને દેવદ્રવ્યનો સદુપયોગ થવામાં બાધા આવે છે તેવી દેવદ્રવ્યની રૂઢિને આપણે શા માટે ન બદલીએ? આ રૂઢિને બદલવા માટે શાસ્ત્રનાં પણ વચનો મેં આગળ ટાંકી બતાવેલ છે એટલે એને બદલવા માટે શાસ્ત્રનો તો બાધ જ નથી તેમ અનુભવ પણ બદલવાની જ તરફેણમાં છે. વળી શ્રાદ્ધવિધિ વગેરે ગ્રંથો પણ દેવદ્રવ્યની ચાલુ રૂઢિને બદલવાની તરફેણમાં છે. છતાં મને ખબર નથી પડતી કે આપણા આગેવાનો જેઓ કુશળ વ્યાપારી છે, દેશવિદેશને ખેડનારા છે તેઓ સમાજનાં દરેક અંગોનો વિકાસ થાય તેવું ઇચ્છનારા છે તો પણ દેવદ્રવ્યની રૂઢિને બદલવા તરફ વા તેને વ્યાપક બનાવવા તરફ કેમ ધ્યાન નહીં આપતા હોય?

આનું ખરૂં કારણ તેઓ શાસ્ત્રવચનથી બીતા હોય એમ જણાય છે. તેઓનો અનુભવ આ હકીકતને સ્પષ્ટપણે જણાવે છે. છતાં કેવળ શાસ્ત્રવચન જ તેમને ભારે ભયરૂપ હોય એમ મારી કલ્પના છે. પણ મેં આ વિશે ઉપર સ્પષ્ટ શબ્દમાં જણાવેલ છે કે શાસ્ત્ર તો ત્યાં ભય બતાવે છે જ્યાં અનીતિથી દેવદ્રવ્યને ચાવી જવાતું હોય, પણ જ્યાં દેવદ્રવ્યનો સંબદ્ધિત કે વિદ્યાપ્રચાર જેવા તીર્થંકર થવાનાં નિમિત્તરૂપ કાર્યોમાં ઉપયોગ થતો હોય ત્યાં તો કશો ભય જ નથી. ઉલટું શાસ્ત્ર તો એવાં કામોને કરવા કરાવવા વિશેષ પ્રોત્સાહન આપે છે. પણ વાત એમ છે કે એ સદ્ગૃહસ્થો શાસ્ત્રની ભાષા ખુદ પોતે ઘણી ઓછી જાણે છે, જેઓ થોડી ઘણી જાણતા હોય તેઓ તેના મર્મને પામી શકતા નથી, જેઓ મર્મને પામી શકવા જેટલા નિપુણ છે તેમને એ સમજાવનો અવકાશ પણ કયાં છે અને ઉપદેશકો કેવળ સંકુચિત માનસ ધરાવતા હોવાથી શાસ્ત્રના મર્મને સ્પષ્ટ કરવા તૈયાર નથી. માટે જ હું નમ્રપણે સૂચવું છું કે સંઘમાં વિદ્યાનો પ્રચાર કરો, સંઘની એક એક વ્યક્તિને શાસ્ત્રને સમજી શકે એવી રીતે તૈયાર કરો અને સંઘના તમામ અંગોનો વિકાસ થાય એ અર્થે ભેગા થયેલા દેવદ્રવ્યનો ઉપયોગ કરવાનું શરૂ કરી દો!

છેવટ એક વાત સમજી લેવાની જરૂર છે કે આપણે જ્યાં ત્યાં શાસ્ત્રનું નામ લઇને પ્રતિબંધો લગાવીએ તે કરતાં એ પ્રતિબંધન કયાં કેટલું ઉચિત છે તે ખાસ વિચારવું જોઇએ. શાસ્ત્ર કરતાંય દેશકાળ, પરિસ્થિતિ અને અનુભવ વિશેષ બળવાન છે એ હવે ભૂલવા જેવું નથી. શાસ્ત્ર શાસ્ત્ર કરતાં આપણે એક રીતે શાસ્ત્રની વિરાધના કરતાં પણ ચૂકતા નથી અને અક્ષરના દાસ બની જઇએ છીએ. માટે આપણા સંઘના નાયકોને મારી વિનંતિ છે કે તેઓ આ દેવદ્રવ્યની રૂઢિનો વ્યાપક ઉપયોગ કરવા જેટલા ઉદાર થાય. શાસનદેવ સૌને સન્મતિ આપે!

સમાપ્ત **પંડિત બેચરદાસ જીવરાજ દોશી**

નવા જે. પી.ઓને અભિનંદન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભામાં કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી શાંતિલાલ હરજીવન શાહ તથા શ્રી રતીલાલ ચીમનલાલ કોઠારી તથા સંઘના સભ્યો શ્રી મણિબહેન ચંદુલાલ નાણાવટી, શ્રી કમલભાઇ ભુદરભાઇ વકીલ, શ્રી લખમશી ખેલાભાઇ તથા શ્રી શાંતિલાલ હીરાલાલ શાહને તાજેતરમાં બહાર પડેલી સરકારી યાદી મુજબ જે. પી. તથા ઓનરરી મેજીસ્ટ્રેટ થવા બદલ અભિનંદન આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૧૦

મુંબઈ: ૧૫ સપ્ટેમ્બર ૧૯૪૮ બુધવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

વિશ્વવિદ્યાલય સમિતિ સમક્ષના મુખ્ય પ્રશ્નો

(તા. ૨૧-૪-૧૯૪૭ના રોજ એક ઠરાવ પ્રસિદ્ધ કરીને મુંબઇ પ્રાન્તની સરકારે ગુજરાત યુનીવર્સીટીની સ્થાપના સંબંધમાં એક રીપોર્ટ તૈયાર કરવા માટે એક સમિતિની નિમણુક કરી છે. આ ઠરાવનો સાર એ છે કે મુંબઈ પ્રાન્તમાં પ્રાદેશિક વિશ્વવિદ્યાલયો (Ragional Universities) ની સ્થાપનાના મુદ્દાનો મુંબઈ સરકારે સ્વીકાર કર્યો છે. મહારાષ્ટ્ર યુનીવર્સીટી કમીટીની ભલામણો મુજબ પૂનામાં એ યુનીવર્સીટીનું કામકાજ આગળ વધી રહ્યું છે. અને એ મુજબ મુંબઇની સરકાર ગુજરાતમાં એક વિશ્વવિદ્યાલય ઉભું કરવાના પ્રશ્ન સંબંધે રીપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમે છે.

માન્યવર શ્રી ગણેશ વાસુદેવ માવલંકર	**પ્રમુખ**
શ્રી કે. એમ. મુનશી	શ્રી. જે. એ. તારાપોરવાળા
,, ઇન્દુમતી ચીમનલાલ શેઠ	ડો. કે. જી. નાયક
,, કાકાસાહેબ કાલેલકર	,, એન. એલ. અઢમદ
,, એન. એમ. શાહ	શ્રી. ભગનભાઇ પ્રભુદાસ દેસાઈ
ડો. એમ. ડી. પટેલ	,, બી. કે. મઝુમદાર **મંત્રી**

આ સમિતિએ નીચેના મુદ્દાઓ ઉપર પોતાનો અભિપ્રાય રજુ કરવાનો છે.

(૧) ગુજરાત માટે વિશ્વવિદ્યાલયોમાનું ક્ષેત્ર, સ્વરૂપ બંધારણ અને અધિકારમર્યાદા વિષે ભલામણો કરવી અને સાથે સાથે મુંબઇ પ્રાન્તની બહારની શિક્ષણસંસ્થાઓને માન્યતા આપવાના પ્રશ્ન વિષે પણ પોતાની ભલામણો રજુ કરવી.

(૨) આવા વિશ્વવિદ્યાલયની સ્થાપના તેમ જ નિભાવ સંબંધે રીપોર્ટ કરવો તથા આ માટે જરૂરી નાણાં કેમ મેળવવા તે વિષે માર્ગદર્શન આપવું.

(૩) આ વિષય સાથે સીધો સંબંધ ધરાવતી બીજી બાબતો વિષે પણ જરૂરી લાગે તેવી ભલામણો કરવી.

આ સમિતિ તરફથી એક લાંબી પ્રશ્નાવલિ બહાર પાડવામાં આવી છે અને ભિન્ન ભિન્ન સ્થળોએ સ્વતઃ જઇને કેળવણીના કાર્ય સાથે સંબંધ ધરાવતા યા તો તેમાં રસ લેતા અનેક મહાશયોની આ પ્રશ્નાવલિને અનુલક્ષીને જુબાનીઓ આ સમિતિ એકઠી કરી રહી છે. જુબાનીનું કામ હવે લગભગ પુરું થયું છે, અને આ નોંધ લખાય છે ત્યારે આ સમિતિની મુંબઇમાં બેઠક મળી રહી છે અને રીપોર્ટના ઘડતરની વિગતો ચર્ચી રહી છે. આ રીતે આપણે ગુજરાત વિશ્વ-વિદ્યાલયના ભાવી નિર્માણ તરફ ઝડપભેર ગતિ કરી રહ્યા છીએ અને તેને આપણા સમગ્ર જીવનના ભાવી ઘડતર સાથે અતિ મહત્વનો સંબંધ છે. આ વિશ્વવિદ્યાલયની રચના અને સ્વરૂપનિર્માણ પાછળ કયા કયા મુદ્દાઓ રહેલા છે તેનો પ્રબુદ્ધ જૈનના વાંચકોને કાંઇક ખ્યાલ આવે તે હેતુથી તા. ૨૦-૮-૪૮ના રોજ અમદાવાદ ખાતે ભોળાભાઇ જેસંગલાલ વિદ્યાભવનના અધ્યાપકો સાથે પ્રસ્તુત સમિતિના પ્રમુખ શ્રી. માવલંકરનો વાર્તાલાપ ગોઠવાયો હતો તેમાંનો મુખ્ય ભાગ તા. ૧૨-૯-૪૮ના પ્રજાબંધુમાં પ્રગટ થયો છે જે અહિં સાભાર ઉધૃત કરવામાં આવ છે. **પરમાનંદ**)

મહારાષ્ટ્ર અને ગુજરાત : વિ. વિદ્યાલયની ભૂમિકામાં ભેદ

મુંબઇ યુનિવર્સિટીની જવાબદારીઓ ખૂબ વધી પડી, એ દૂરદૂરના ભાગોને પહોંચી વળી શકે તેમ નથી અને જ્ઞાનનો વિકાસ કરવા માટે બીજા પણ વિશ્વવિદ્યાલયો પ્રાંતમાં હોવાં જોઇએ, કૉલેજોને માત્ર માન્યતા આપ્યાથી ન ચાલે, એમના ઉપર વિશેષ દેખરેખ રાખવી જોઇએ, માર્ગદર્શન કરવું જોઇએ એ વિચારે જોર પકડ્યું. એ માટે મુંબઇ યુનિવર્સિટીનું વિકેન્દ્રીકરણ કરી તેના પાયા પર પ્રાદેશિક વિશ્વવિદ્યાલયોની સ્થાપના કરવી એવો મૂળ વિચાર હતો.

પણ એમાંય પરિસ્થિતિને લીધે વિચારોની ભૂમિકા બદલાઇ. છેલ્લાં ત્રણ વર્ષમાં તો એ અત્યંત ઝડપથી બદલાઇ ગઇ છે. દા. ત. વિકેન્દ્રીકરણ માટે પ્રાદેશિક વિશ્વવિદ્યાલયોનો વિચાર અત્યારે અસ્તિત્વમાં જ નથી એમ કહીએ તો ચાલશે. મહારાષ્ટ્ર યુનિવર્સિટીના નિર્માણ માટે જે સંજોગો હતા ને તેને અનુલક્ષીને જે કાયદો થયો તેમાંથી આપણા ખપમાં થોડુંક જ આવે. આપણે જે કરવા માગીએ છીએ ને મહારાષ્ટ્રે જે કર્યું છે તેની ભૂમિકામાં જ ભેદ છે.

૧૯૪૩ માં વડોદરા અધિવેશનમાં ગુજરાતી સાહિત્ય પરિષદે વિશ્વવિદ્યાલય સંબંધી જે ઠરાવ કર્યો તેમાં પ્રેરણા મહારાષ્ટ્રના દૃષ્ટાન્તની હતી. એની પાછળ સ્પષ્ટ કલ્પના શી હતી તે હું ના કહી શકું. એ પછી ગુજરાત વિધાસભાએ ૧૯૪૪ના માર્ચમાં ગુજરાત વિશ્વવિદ્યાલય મંડળ રચ્યું ને એમાં ગુજરાતના કેળવણીકારોને તેમ જ અગ્રેસર વ્યક્તિઓને સ્થાન આપ્યું, અને મંડળનું કામ ચાલ્યું. હવે ગુજરાત માટે વિશ્વવિદ્યાલય એટલે શું, એમાં શેનો શેનો સમાવેશ હોય, બોધભાષાનું શું, બીજી ભાષાઓનું શું, એ બધા પ્રશ્નો ઉભા જ હતા ને તેમાં એકમત્ય હતું એમ ન કહેવાય. એટલે મૂળભૂત સિધ્ધાન્તોનું એક નિવેદન તૈયાર કરવાની પ્રવૃત્તિ ઉપાડવામાં આવી. અને પછી એ દિશામાં પ્રયત્ન કરવાનું ઠરાવ્યું, એટલે એક ખરડો તૈયાર કરીને એને પ્રસિદ્ધ કર્યો. વિચારની ભૂમિકા ન રચીએ, છૂટા છૂટા વિચારોને સંકલિત ન કરીએ ત્યાં સુધી પ્રજામતનો એ વિચારોને ટેકો પણ શી રીતે મળે?

આ પ્રવૃત્તિ ચાલતી હતી ત્યાં ૧૯૪૬ માં પ્રજાકીય સરકાર સત્તા પર આવી ને તરત જ એણે મહારાષ્ટ્ર યુનિવર્સિટી બિલ ધારાસભામાં આણ્યું. દરમ્યાન આપણે જે ખરડો ઘડેલો તેને અંગે એક પ્રશ્નાવલિ કાઢીને જુદા જુદા કેળવણીકારોને તે મોકલી આપી જવાબો મંગાવ્યા. મંડળની ૫૦ થી ૬૦ બેઠકો થઇ, અહેવાલ તૈયાર કર્યો, એ પ્રસિદ્ધ પણ થયો, ગુજરાત વિશ્વવિદ્યાલય મંડળની ઓફીસ કઢી, એને અંગે એક પુસ્તકાલય વસાવ્યું ને એ રીતે એક કેન્દ્રની રચના કરી. નવી સરકાર સ્થપાઇ ત્યારે લાગ્યું કે આપણે જોરથી પ્રયત્ન કરવો જોઇએ, અને આપણે શું માગીએ છીએ તે સ્પષ્ટપણે કહેવું જોઇએ. નહીં તો મહારાષ્ટ્ર મુજબ જ અહીં પણ કાયદો થશે, ને એકવાર એ કાયદો થયો એટલે પછી એને બદલવામાં મુશ્કેલી પડશે. અત્યારે પણ આપણે કહીશું એમ

જ સરકાર કરશે એમ નહીપણે ન કહેવાય; છતાં આપણે જે માગતા હોઇએ તેની જાણ કરવાથી આપણા વિચારોને બંધબેસતું કામ થવાનો વધુ સંભવ ખરો.

કમિશન નીમાયું ત્યાર પછી બદલાયેલી પરિસ્થિતિ

૧૯૪૬ પછી જે રાજદ્વારી પરિસ્થિતિ આપણને જોવા મળી તેથી આપણે સમજી શકયા કે ટૂંક સમયમાં આપણો દેશ સ્વતંત્ર થવાનો છે. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ પછી તો પરિસ્થિતિ અત્યંત સ્પષ્ટ બની ગઇ. તેની સાથે જ એ પણ સ્પષ્ટ થયું કે હવે ભાષાવાર જે પ્રાન્તરચના થશે તે કેવળ ભાષાની દૃષ્ટિએ જ નહીં પણ વહીવટની દૃષ્ટિએ પણ થશે. એટલું સ્પષ્ટ થતાંની સાથે જ તે તે પ્રદેશોની વિશેષતાઓનું પોષણ કરનારી સંસ્થા–વિશ્વવિદ્યાલય–કલ્પી શકાઇ, અને મુંબઇ યુનિવર્સિટીના વિકેન્દ્રીકરણનો વિચાર ખૂબ પાછળ નંખાઇ ગયો. આ આપણી દૃષ્ટિમાં થયેલો મોટામાં મોટો ફેરફાર; ૧૯૪૭ ના એપ્રિલમાં ગુજરાત યુનિવર્સિટી માટેનું કમિશન નિમાયા પછી આ ફેરફાર આવ્યો.

કમિશન નીમતી વખતે એક ચિન્તા એ હતી કે દેશી રાજ્યોનું શું કરીશું? વડોદરા અને કાઠિયાવાડનો સમાવેશ આ યોજનામાં થઈ શકશે કે નહીં? પણ આ નવા લોકશાહીના જમાનામાં એ ચિન્તા પણ ટળી ગઇ છે. સૌરાષ્ટ્રના નવા પ્રાંતનું નિર્માણ થયું છે. વડોદરામાં પણ એકહથ્થુ તંત્ર નીકળી જઇને પ્રજાકીય તંત્ર રચાયું છે. આ સ્વતંત્ર તંત્રો પણ લાંબો વખત નહીં રહે એવી મારી ધારણા છે. વડોદરા તો ભૌગોલિક દૃષ્ટિએ પણ એની રીતે ગોઠવાયું છે કે એ હિંદી સંઘ (Indian Union) ના પ્રાંતમાં આવશે જ.

આવી છે બદલાયેલી પરિસ્થિતિ. ગુજરાતી ભાષા બોલતી તમામ પ્રજાનો સમાવેશ કરવાની ૧૯૪૪ માં સ્થપાયેલ વિશ્વવિદ્યાલય મંડળની કલ્પના હતી. પણ આજે તો એ પ્રત્યક્ષ વસ્તુ છે.

સમિતિ સમક્ષ રજુ થયેલા વિચારો

સરકારે નીમેલી સમિતિમાં બાર સભ્યો છે. ગુજરાત પ્રાંત માટેનું વિશ્વવિદ્યાલય કેવું કરવું એ એની તપાસના ક્ષેત્રમાં આવે છે પણ પ્રાદેશિક વિશ્વવિદ્યાલય કરવું કે ન કરવું એ સવાલ એના ક્ષેત્રની બહારનો છે. સમિતિની બેઠકો જુદે જુદે સ્થળે મેળવાઇ છે અને દોઢસો જેટલા કેળવણીકારોના ઉત્તરો મેળવ્યા છે. ઘણાઓ સાથે સવાલજવાબ થયા છે. આ પૂછતપાસ પૂરી થયા પછી કેવા નિર્ણયો લેવાશે તે અત્યારે કહી શકાય નહિ. એટલે હું જે કહું તે સમિતિના નિર્ણયોરૂપે કહેતો નથી. માત્ર કેવા કેવા વિચારો સમિતિ આગળ રજૂ થયા છે તે જ જણાવું છું.

પહેલો સવાલ તો એ જ છે કે વિશ્વવિદ્યાલયનું સ્વરૂપ કેવું હોય? મોટા ભાગનો મત આ સંબંધી એવો છે કે વસતિગૃહયુક્ત એકસ્થાનીય એનું સ્વરૂપ હોય, તો પણ બહારની સંસ્થાઓને માન્યતા આપવાની સત્તા એને હોવી જોઇએ. હાલના વિશિષ્ટ સંજોગોમાં માત્ર એકસ્થાનીય વિશ્વવિદ્યાલય પૂરેપૂરું ઉપયોગી નહીં નીવડે. આખા પ્રાન્તની કેળવણીનું આયોજન કરવા જુદાં જુદાં સ્થળે આવેલા મહાવિદ્યાલયોને માન્યતા આપવાની છૂટ એને રહેવી જોઇએ, જો કે કેળવણીની દૃષ્ટિએ વસતિગૃહવાળું એકસ્થાનીય વિશ્વવિદ્યાલય જ ઉત્તમ.

બીજો સવાલ એ છે કે મહાવિદ્યાલયોનું જોડાણ મરજિયાત હોય કે ફરજિયાત? ઘણાનો મત એવો છે કે આ બાબત કેળવણીની હોવાથી જોડાવા ન જોડાવા સંબંધી કોઇને ફરજ ના પાડવી.

ફરજિયાત જોડાણના પણ પાછા બે પ્રકારો છે:

(૧) વિશ્વવિદ્યાલય સાથે જોડાણ કર્યા સિવાય અને એણે ઘડેલા અભ્યાસક્રમને અનુસર્યા સિવાય કોઇ પણ વિદ્યાલયનો છૂટકો જ ન થાય.

(૨) કોઇપણ વિદ્યાલયે વિશ્વવિદ્યાલયની માન્યતા મેળવવી જ જોઇએ એમ ન કહેતાં, જોડાણ તેની મરજી ઉપર છોડવું. પણ પ્રાંત બહારની કોઈ વિદ્યાપીઠ સાથે તે જોડાઇ ન શકે. આને આડકતરી ફરજ પાડવાનો પ્રકાર ગણી શકાય.

ત્રીજો માર્ગ એ છે કે આપણે જ એવું સરસ વિશ્વવિદ્યાલય રચીએ કે કોઇને બહાર રહેવાનું ગમે જ નહીં.

ગુજરાતનું અવિચ્છિન્ન એકમ રચવા સંબંધે

આ પ્રશ્નને અંગે વધુ વિચારવાનું એ છે કે ગુજરાત પ્રાંતમાં આવેલી હોવા છતાં ગુજરાત વિશ્વવિદ્યાલયે શિક્ષણની જે આયોજના કરી હોય તેની વિરૂદ્ધ, કાં પ્રયોગ કે કાં બીજા કોઈ કારણો ખાતર, કોઇ સંસ્થા બીજે જોડાવા માગતી હોય તો તેને તેમ કરવા દેવું કે કેમ? દા. ત. ગુજરાત વિશ્વવિદ્યાલયે એમ નક્કી કર્યું કે તમામ શિક્ષણ ગુજરાતીદ્વારા અપાય, પણ કોઇ સંસ્થા એમ કહે કે અમે તો અંગ્રેજીદ્વારા શિક્ષણ આપવા માગીએ છીએ, તો એ ચાલવા દેવું? અથવા કોઇ સંસ્થા એમ કહે કે અમારે તો લંડન યુનિ. સાથે જોડાવું છે તો એવું કરવા દેવું? ઘણાનો મત આની વિરૂદ્ધમાં છે. ઘણા તો, આવું ન કરવા દેવું એને દબાણ પણ નથી ગણતા.

એ લોકોનું કહેવું છે કે કેટલીક બાબતનો આગ્રહ તો રાખવો જ પડે. પ્રાન્તના ઉત્કર્ષ અને વિકાસની જે બાબતો હોય તેનો તો ખાસ. દાખલા તરીકે જે પ્રાન્તભાષા હોય તે જ બોધભાષા બને, એવો આગ્રહ રાખવો જ પડે. એથી વિરૂદ્ધનો મત કેળવણીમાં અરાજકતા ફેલાવે તેવો છે. વિદ્યાની ઉપાસના સાથે લોકોને સંબંધ તો ખરો જ ને? તો પછી મોટા ભાગના લોકોને અધરી પડે એવી ભાષામાં શિક્ષણ આપવાનું કેમ વિચારી પણ શકાય? લોકના ઉત્કર્ષની કલ્પનામાં એથી કરીને વિક્ષેપ પડે છે. લંડન યુનિ. સાથે જોડાણનો તો મેં ઉપર દાખલો આપ્યો. પણ કોઇનો વિચાર મુંબઈ યુનિ. સાથેનું જોડાણ ચાલુ રાખવાનો હોય. આની સામે ઘણાને વાંધો છે. ભાષાવાર પ્રાન્તમાં ચાલ્યું જવાનું તો એની સાથેના જોડાણથી ગુજરાતની વિશેષતાઓવાળું અવિચ્છિન્ન એકમ આપણે શી રીતે રચી શકવાના? વિરોધનું બિન્દુ આ છે.

જેઓ સીધી કે આડકતરી રીતે ફરજ પાડવાની વિરૂદ્ધમાં છે તેઓ કહે છે કે કેળવણીમાં કશું ફરજિયાત ન હોય. દરેકને પ્રયોગ કરવાની અને પોતાની રીતે વિકસવાની છૂટ હોવી જોઇએ. સામે સવાલ એ રહે છે કે એવી પ્રાયોગિક છૂટ માટે પ્રાન્ત બહારની સંસ્થાઓની જે પ્રતિષ્ઠા હોય તેનો લાભ મેળવવા દેવો કે કેમ?

પણ આ સવાલ દેખાય છે તેવો સહેલો નથી. એ ઠીક ઠીક અટપટો છે. ભાષાવાર પ્રાન્તરચના અને ભાષાવાર વહીવટીતંત્ર એની વચ્ચે પણ ભેદ કરવો જરૂરી છે એમ કેટલાક માને છે. ગાંધીજીએ કહેલું કે જ્યાં સુધી ભાષાવાર વહીવટીતંત્ર થાય નહીં ત્યાં સુધી ભાષાવાર યુનિવર્સિટી કરશો નહીં. મારે એને અંગે એમની સાથે સવાલજવાબ થયા હતા. એની વીગતોમાં અત્યારે નથી ઉતરતો. પણ મુખ્ય પ્રશ્ન આ છે. ભાષાવાર પ્રાન્તરચના થતાં પાંચ દસ વર્ષ નીકળી જાય ત્યાં સુધી શું કરવું? અંગ્રેજી મારફત બધું ચલાવવું? કે પ્રાન્તનો એક એકમ રચી અખિલ ભારતની એકતાને ધોરણે કામ ચલાવવું?

ગાંધીજી એમ પૂછતા કે સાથે બેસી જઇને આ બધા પ્રશ્નો પતાવી ન શકાય? મેં કહ્યું કે એ માટેની મનોદશા અત્યારે આપણામાં નથી. એને આવતાં પાંચ દસ વર્ષ નીકળી જશે. પણ જો આપણે પ્રથમ ભાષાવાર વિદ્યાપીઠો કરીએ, તો દરેક પ્રાન્તભાષાનો પાયો મૂળ સંસ્કૃતમાં હોવાથી સંસ્કૃતિનો પાયો એક જ રહેશે. રાજકારણને લીધે એમાં પ્રાન્તીયતા આવશે, પણ ભાષાના કારણે આવશે એ ભય મને નહોતો. પણ એ દરેકની નિરનિરાળી સમજનો સવાલ છે. બીજા કેટલાકોને મારી માન્યતા સામે વાંધો જ એ છે કે એમ થવાથી પ્રાન્તીયતા વધશે.

ત્રીજો વિચાર એ છે કે કેળવણીની દૃષ્ટિએ જો એકસ્થાનીય વિશ્વવિદ્યાલય એ જ સર્વોત્તમ હોય તો વસતિગૃહવાળી શિક્ષણ-સંસ્થાઓ જેટલી વધે એટલી વધારવી. જો અનેક વિદ્યાકેન્દ્રો ઉભાં થાય તો આપોઆપ એ વિકસીને વિશ્વવિદ્યારૂપે પરિણત થાય. એટલે આણંદ, વડોદરા, સૂરત વગેરેમાં વિદ્યાસંસ્થાઓનું જે જૂથ છે તે કાળે કરીને વિશ્વવિદ્યાલયમાં ફેરવાઈ જાય એવી જોગવાઈ બંધારણમાં રાખવી. અત્યારે તો સર્વસામાન્ય યોજનામાં જ એમનો સમાવેશ થાય, પણ એ યોજનાનું રૂપ સમવાયી હોય તો ભવિષ્યમાં એ સ્વતંત્ર વિદ્યાપીઠો થઈ શકે.

બોધભાષા વિષે એકમતી

બોધભાષા તો સ્વભાષા જ હોવી જોઈએ એ વિષે કેટલાક અપવાદ સિવાય લગભગ બધા જ સંમત દેખાય છે. એટલે એ સવાલ પર બહુ લાંબો વિચાર કરવાનો રહેતો નથી. પણ રાષ્ટ્ર-ભાષાનો પ્રશ્ન વિચારવા જેવો છે. પ્રાન્ત પ્રાન્ત વચ્ચેના સંપર્ક માટે અને સમસ્ત દેશના ઐક્ય માટે હિન્દુસ્તાની ફરજિયાત ભાષા તરીકે શીખવવી જોઈએ એમાં તો બે મત છે નહીં. પણ કયા તબક્કે (Stage) થી એને ફરજિયાત ગણવી, એ પ્રશ્ન છે. કેટલાક કહે છે કે પહેલેથી જ એ ફરજિયાત કરવી, અને કેટલાક કહે છે કે ચોથા કે પાંચમાં ધોરણથી કરવી. એવું કહેનારા પ્રાંતીય ભાષા મરી જશે એવા ડરથી નથી કહેતા. પ્રાન્તીય ભાષા એમ સહેલાઈથી મરે એવી હોય તો એને મરવા દો એવું કહેનારા પણ પડયા છે. એમનું કહેવું એમ છે કે એક વાર અમને દેશના આ પ્રાન્તીય ભાગલામાંથી નીકળવા દો. ત્યારે બીજો પક્ષ એમ કહે છે કે ગુજરાતી ભાષામાં વ્યવહાર કરતાં કરતાં પુખ્ત વયે પહોંચનારા માણસો પૈકી ૮૦ ટકા જેટલા તો ગુજરાતમાં જ રહેવાના છે. બહુ બહુ તો ૨૦ ટકા ગુજરાતની બહાર નીકળશે. એ ૨૦ ટકાને સારૂ ૮૦ ટકાને શું કામ પદોડવા જોઈએ?

ઉચ્ચ શિક્ષણની બોધભાષા

મહાવિદ્યાલયની એટલે કે ઉચ્ચ શિક્ષણની ભૂમિકાએ બોધ-ભાષા કઈ રાખવી એ પણ એક પ્રશ્ન છે. કેટલાક હિન્દુસ્તાની માધ્યમ હોય એવી માગણી કરે છે કેટલાક એથી વિરુદ્ધ એમ કહે છે કે હિન્દુસ્તાનીને ફરજિયાત ભાષા ગણવી એટલું પૂરતું છે. કેટલાક વિકલ્પ આપવાનું સમાધન સ્વીકારે છે.

આ પછી એ પ્રશ્ન આવે છે કે અંગ્રેજીનું આમાં સ્થાન શું હોઈ શકે? બધા જ કહે છે કે અંગ્રેજીને સ્થાન તો રહેવું જ જોઈએ. પછી તો પ્રશ્ન એ છે કે કેટલે દરજ્જે રહેવું જોઈએ? કેટલાક કહે છે કે મેટ્રિક થતાં સુધીમાં જેટલું સંસ્કૃતનું જ્ઞાન મળે છે તેટલું અંગ્રેજીનું જ્ઞાન સર્વને આપવું. કેટલાક કહે છે કે અંગ્રેજીનો આગ્રહ ન રાખતાં પશ્ચિમની કોઈ પણ એક ભાષાનું એટલું જ્ઞાન આપવાનું રાખવું. આમ કરશું તો પણ સેંકડે નવ્વાણું ટકા અંગ્રેજી જ લેવાના એટલે હરકત નહીં આવે. પણ આમ કરવું એ ખરૂં જોતાં તો અંગ્રેજી પ્રત્યે રાજકારણને લીધે પેદા થયેલી સૂગ ઢાંકવાનો એક તુક્કો જ છે, જો અંગ્રેજીને સ્થાન આપવાનો આપણે નિર્ણય કરીએ તો એ ભાષાના સમાર્થ્ય કે ઉપયોગનો ખ્યાલ કરીને કરવો જોઈએ. આ સંબંધી એક અનુભવ ટાંકીશ. વડોદરામાં હમણાં સમિતિની બેઠક થઈ તેમાં એક સાક્ષી તરીકે વડોદરા કૉલેજના અંગ્રેજ પ્રિન્સિપાલ શ્રી. રોબાન્સને બોલાવેલા. મારા મનમાં કે "ગુજરાત માટેની યુનિ-વર્સિટી વિશે એક અંગ્રેજને વળી શું કહેવાનું હશે?" પણ એમની જુબાનીએ મારા મન ઉપર ઉત્તમ છાપ પાડી. એમણે ભારપૂર્વક કહ્યું કે માતૃભાષા જ આવશ્ય બોધભાષા હોવી જોઈએ અને અંગ્રેજી વિશ્વભાષા છે માટે એ શીખવવી જોઈએ. પણ એક બીજી દૃષ્ટિથી પણ અંગ્રેજીનું મહત્ત્વ એમણે આગળ ધર્યું. જુદા જુદા વિષયોના ઉત્તમોત્તમ ગ્રંથો કેટલાક જર્મનમાં મળશે, કેટલાક ફ્રેન્ચમાં મળશે, પણ તમામ વિદ્યાશાખાઓના ગ્રંથો એકલા અંગ્રેજીમાં જ મળે એમ છે. એટલે જ્ઞાનનો ફલક વિસ્તારવા માટે અંગ્રેજી જેટલી ખપમાં આવે એટલી બીજી એકે ભાષા નહીં આવી શકે. એ મુદ્દો મને ખૂબ વિચારણીય લાગ્યો.

અધિકારક્ષેત્ર

આટલી શિક્ષણ પૂરતી વાત થઈ. હવે વિશ્વવિદ્યાલયના અધિકાર-ક્ષેત્રનો પ્રશ્ન વિચારીએ. એક સવાલ એવો છે કે ગુજરાત બહારની કોઈ વિદ્યાસંસ્થા ગુજરાત વિશ્વવિદ્યાલયે ઠરાવેલા નિયમો અને અભ્યાસક્રમનો અનુસરવાની શરત વિ. વિ. સાથે જોડાણ માગે તે આપવું કે નહીં? આ સવાલ રાજકારણની સાથે વણાઈ ગયેલો છે ને એમાં મતભેદને પુષ્કળ અવકાશ રહ્યો છે. કેટલાક ગુજરાત બહાર ન જ જવું એમ સ્પષ્ટપણે આગ્રહપૂર્વક માને છે. કેટલાકને જવામાં વાંધો નથી છતાં એમને પણ પ્રાન્તીયતા કેળવાય એ કંઈ રૂચતું નથી. એટલે તેઓ એવો ઉપાય સૂચવે છે કે પ્રાન્તીયતા વધે નહીં અને જે સ્થાનમાં એ સંસ્થા આવી હોય ત્યાંથી પણ વિરોધ ઊઠે નહીં માટે આપણે જ એવી શરત મૂકવી કે ત્યાંની સ્થાનિક ભાષાને અભ્યાસક્રમમાં ફરજિયાત સ્થાન આપવાનું રહેશે. જેઓનો મત સ્પષ્ટપણે વિરુદ્ધ છે તેઓ આવા કુંડાળાં (pockets) રચવાની વિરુદ્ધ છે. જેમને આ વિશ્વવિદ્યાલયનો લાભ જોઈતો હોય તેમણે અહીં આવીને ભણવું એમ એમનું કહેવું છે. અધિકારપ્રદેશ વિસ્તારવાથી પ્રાન્તીયતા આવે એવા પ્રસંગો પણ બન્યા છે. છતાં એથી રાષ્ટ્ર કમજોર બન્યું છે એમ કહેવાના એકે સબળ પુરાવો બતાવી શકાશે નહિ.

કાયદે-આઝમ ઝીણાની આખરી વિદાય

દુશ્મનદેશમાં પણ આવો આદમી ન પાકજો!

કાયદે આઝમ ઝીણાનું તા. ૧૧-૯-૪૮ શનિવારની રાત્રી ૧ કરાંચી ખાતે અવસાન થયું. આ અવસાનને અંગે હિંદી સરકારે કાયદે આઝમના માનમાં પોતાનો રાષ્ટ્રધ્વજ નીચો ઉતાર્યો હતો અને હિંદના ગવર્નર જનરલે તેમ જ મુખ્ય પ્રધાને તથા ભિન્ન ભિન્ન દેશના રાજકારણી આગેવાનોએ શોકસંદેશાઓ મોકલ્યા હતા જે દૈનિક પત્રોમાં પ્રગટ થયેલા સૌ કોઈએ જોયા હશે. આમાંના કેટલાક કેવળ ઔપચારિક તો કોઈ કોઈ હાર્દિક હોય એવો સંભવ છે. છાપાવાળાઓ પણ આ બનાવની પોતપોતાની રીતે નોંધ લે છે. ગમે તેવા માણસનું મૃત્યુ આખરે દાક્ષિણ્યનું અધિકારી છે અને ગમે તેવા દુષ્ટ આદમીની દુષ્ટતાનો આખરે તેના મૃત્યુ સાથે અન્ત આવે છે અને તેથી જે આદમીએ આ લોકમાંથી વિદાય લીધી તેની દુષ્ટતાને-તેના અવગુણોને-આપણે ભુલીએ અને તેની શક્તિ-મત્તા અને વિવિધ સદ્‌ગુણોનું ચિન્તવન કરી તેના આત્માને આપણે પરમ શાન્તિ ઇચ્છીએ આવી એક પ્રકારની સભ્યતા આપણને વરેલી છે.

પણ કાયદે-આઝમ ઝીણાનો વિચાર કરતાં આ સભ્યતાનો ખ્યાલ મારી જેવા સામાન્ય માણસના દિલમાં ટકી શકતો નથી અને આવા પ્રસંગે જે પ્રકારનો સમભાવ અથવા તો ઉપેક્ષાભાવ અપેક્ષિત છે તેવો ભાવ અનુભવી શકતો નથી. કારણ કે કાયદે-આઝમ ઝીણાએ આપણા દેશમાં જે અનર્થપરંપરા જન્માવી છે તેનો તેના અવ-સાન સાથે છેડો આવતો નથી, પણ ઉલટું એવો સંભવ છે કે તે અનર્થ પરંપરા ઉત્તરોત્તર વધતી જ જાય અને જો ઝીણાના માર્ગે ઇસ્લામના અનુયાયીઓ આગળ ને આગળ ગતિ કરે અને તેના પ્રત્યાઘાતો આપણા ચિત્તની વિષમયતામાં પણ વધારો જ કર્યા કરે તો તેનું પરિણામ હિંદુસ્તાન તેમ જ પાકીસ્તાન માટે આખરે સર્વતોમુખી વિનાશમાં જ આવે. ઝીણા સાહેબ હંમેશાં કહેતા કે

મારી પાકીસ્તાનની વાત સ્વીકારો; પછી તો આપણે સગાભાઈ જેવી મહોબ્બતથી પાડોશી મિત્રો તરીકે રહીશું અને એકમેકના ઉત્કર્ષને સાથે મળી સાધીશું. આમ છતાં પણ પાકીસ્તાન મળ્યા બાદ તેની દુર્બુદ્ધિએ હિંદી સંસ્થાનને સુખે સુવા દીધું નથી. જેના હિંદ અને પાકીસ્તાન આંઝાદ બન્યા કે પંજાબનો ભીષણ હત્યાકાંડ અને દુનિયાએ કદિ નહિ જોયેલ કે જાણેલ એવો સામુદાયિક સ્થળાન્તર શરૂ થયો. આ ઝંઝાવાત કાંઈક શમ્યો ન શમ્યો તે દરમિયાન કાશ્મીર ઉપરના આક્રમણની યોજના પાકીસ્તાનની સરકારે કાયદે આઝમની પ્રેરણા અને દોરવણી નીચે અમલમાં મુકી અને બીજા હત્યાકાંડની શરૂઆત કરી. અને આમ હોવા છતાં કાશ્મીરમાં જે કાંઈ થઇ રહ્યું છે તે ત્યાંની મુસલમાન પ્રજાનો અને આસપાસ વસતા સરહદવાસીઓનો બળવો છે અને પાકીસ્તાનને તે સાથે કશી લેવા દેવા નથી એવો દંભી દેખાવ આજ સુધી તેમણે ધારણ કર્યો છે. આજે હૈદરાબાદ રાજ્યે જે માથાભારી વળણ અખત્યાર કર્યું છે અને જેના પરિણામે આખા હિંદની શાન્તિ ભારે જોખમમાં મુકાઈ છે તેની પાછળ પણ પ્રેરણા અને ચેતના તો પાકીસ્તાની સરકાર અને તેના વડાની જ છે એ બાબતમાં લેશમાત્ર શંકાને સ્થાન છે જ નહિ. આમ જેણે એક અને અખંડ હિંદુસ્તાનના ભાગલા કરાવ્યા, એક જ માતાના સંતાનો–હિંદુ અને મુસલમાનો–બન્ને ભિન્ન ભિન્ન પ્રજા છે એવો સત્યવિરોધી, વાસ્તવિકતા–વિરોધી તેમ જ ઉભયના શ્રેય અને પ્રેયનો વિરોધી સિદ્ધાન્ત ઉભો કરીને બન્ને વચ્ચે અભેદ્ય એવી દીવાલ ઉભી કરી અને બન્નેને રકતપાતના પિશાચી માર્ગે ધસડયા, અને મહાત્મા ગાંધી જેવી ઉભયને પરમ ઉપકારક અને ઐકયપોષક શકિતને પરાસ્ત કરી–નિર્વીર્ય બનાવી–જેણે દેશના બે ભાગલા કરાવીને હંમેશાને માટે વૈરવિરોધની વૃત્તિને ચિરાયુષી બનાવી અને એ જ વૃત્તિને જ બને તેટલો વેગ આપવામાં જ જીવનની કૃતિકર્તવ્યતા માની–એ આદમીના અવસાનથી લેશ માત્ર શોકનો અનુભવ થવાને બદલે હિંદવાસી પ્રજાજનોએ છુટકારાની–રાહતની–નિરાંતની–લાગણી અનુભવી છે. એમ કહેવું વધારે યથાર્થ છે. જેણે હિંદના ઉપવનને ખેદાનમેદાન કર્યું છે, જેણે સ્વર્ગ પેદા કરવાને બદલે પોતાના જ વતનમાં દોજખ પેદા કર્યું છે એવી વ્યક્તિ માટે આંખમાં આંસુ શાને? વાણીમાં શોક શાને? દિલામાં દુઃખ શાને?

છેલ્લા વીશ પચ્ચીશ વર્ષનો દુનિયાનો કૃતિહાસ તપાસીએ છીએ તો આ યુગ જ જાણે કે રાવણોનો–દશ માથાવાળા માનવીઓનો–અહંકારના અવતારોનો–જ ચાલી રહ્યો હોય એમ માલુમ પડે છે. આપણી આંખ સામે આ જ કોટિના માનવીઓ એક પછી એક પસાર થઈ રહ્યા છે. મુસોલીની ગયો, હીટલર ગયો. આજે રશીઆમાં સ્ટેલીનની પણ એજ ભાત છે. સર્વસત્તાધીશ, ધારે ત્યારે ગમે ત્યાં પ્રલય પેદા કરી શકે, માનવીની શેત્રંજના પ્યાદાં કરતાં લેશ માત્ર વધારે કીંમત નહિ, સત્તાનું પરિધ કોઇ પણ રીતે વધારતા જવાની જ–કોઇ કાળે પણ તૃપ્ત ન થાય તેવી–ભુખ, સત્તા નીચે આવતા પ્રદેશોની પ્રજાને કેમ કચડવી અને અવાકૂ બનાવવી એ જ જેની નીતિ. કાયદે આઝામ ઝીણા પણ એ જ કોટિના એક લોકોત્તર પુરુષ હતા. લોકોત્તર એટલા માટે તેની શકિતમત્તા અસાધારણ કોટિની હતી. સત્‌ની બાજુએ તેમ જ અસત્‌ની બાજુએ આવા લોકોત્તર પુરુષો પેદા થતા આવ્યા છે અને પોતપોતાના સ્વભાવ મુજબ તેમણે દુનિયા ઉપર શાન્તિ, સુખ તેમ જ ધર્મનું અથવા તો અશાન્તિ, અસુખ તેમ જ અધર્મનું રાજ્ય ફેલાવ્યું છે. ઝીણામાં અપૂર્વ બુદ્ધિશકિત તેમ જ યોજના શકિત તો હતી જ. અમુક પ્રકારનું ભાવનાપ્રાબલ્ય તેમ જ નિડરતા પણ તેમને વરેલી હતી. પણ તેમની પ્રકૃતિ ઉપર સૌથી વધારે પ્રભુત્વ ધરાવતી બાસિયત તો તેમની અજોડ મહત્વાકાંક્ષા હતી. આ મહત્વકાંક્ષા સંપૂર્ણ જ્યાં સુધી વિરોધ ન આવ્યો ત્યાં સુધી હોમ રૂલ લીગ, તેમજ રાષ્ટ્રીય મહાસભાની તેમણે સેવા કરી અને એક મહાન નિડર દેશભકત તરીકે તેમણે ભારે નામના મેળવી. પણ જ્યારે રાષ્ટ્રીય મહાસભા ઉપર ગાંધીજીનું વર્ચસ્વ સ્થપાયું, અને સમગ્ર રાજકારણની ધુરા તેમના હાથમાં આવી, જ્યારે રાષ્ટ્રસેવા એટલે આત્મભોગ, જીવનપરિવર્તન, જેલવાસ–આવો પરિસ્થિતિવિપર્યય ઉભો થયો અને આ નવા સંયોગોમાં પોતાનું હવે કશું સ્થાન રહ્યું નથી એમ જ્યારે ઝીણા સાહેબને માલુમ પડયું ત્યારે રાષ્ટ્રસેવાનો, આઝાદીની ઉપાસનાનો, હિંદુ–મુસલમાનની એકતાનો રસ તેમનામાંથી ઓસરી ગયો અને કેવળ કોમીવાદી બનતી જતી મોસ્લેમ લીગ ઉપર પોતાનું ચિત્ત અને સર્વ શકિતઓ તેમણે કેન્દ્રિત કરી. આ દેશમાં હિંદુઓ અને મુસલમાનો તાણાવાણા માફક એકમેકને વીંટળાયલા પથરાયલા પડયા છે. આમ છતાં પણ હિંદુઓથી તારવતાં મુસલમાન કોમની અમુક બાસિયતો ધ્યાનમાં લેવી ઘટે છે. એક તો આખી મુસલમાન પ્રજા પ્રમાણમાં ઘણી વધારે નિરક્ષર છે. બીજું તેમનામાં ધર્માંધતાની માત્રા પણ અત્યન્ત વિપુલ પ્રમાણમાં રહેલી છે. ત્રીજું હિંદુઓ તેમ જ અન્ય વર્ગો હિંદુસ્થાન માત્ર માતૃભૂમિ હોવાના કારણે જ નહિ પણ પોતાની ધર્મભૂમિ, સંસ્કારભૂમિ હોવાના કારણે પણ હિંદુસ્તાન પ્રત્યે અજોડ મમત્વ ધરાવે છે. માતૃભૂમિ તો મુસલમાનોની પણ હિંદુસ્તાન જ છે. પણ ધર્મ તેમ જ સંસ્કારગત ખ્યાલોએ તેમને હંમેશાં હિંદ બહાર નજર ટેકાવતા બનાવ્યા છે. પરિણામે હિંદ વિષે જે તાદાત્મ્ય હિંદુઓ તેમજ અન્યવર્ગો અનુભવે છે તેવું તાદાત્મ્ય તેટલા પ્રમાણમાં–જ્યાં સુધી મુસલમાનોનો દૃષ્ટિકોણ બદલાય નહિ ત્યાં સુધી–મુસલમાનો અનુભવતા નથી, અનુભવે તેમ નથી. મુસલમાન કોમની આ ત્રણ ત્રુટિઓનો–નબળાઇઓનો–ઝીણાએ પુરો લાભ ઉઠાવવો શરૂ કર્યો, ઇસ્લામ જોખમમાં છે, એવી બુમરાણ શરૂ કરી મુકી, મુસલમાન અને હિંદુઓ ભિન્ન પ્રજાઓ છે એવા સિદ્ધાન્તની પ્રરૂપણા કરી, પાકીસ્તાનની સિદ્ધિ એ જ તેમના સમગ્ર મોક્ષનો ઉપાય છે અને એ પ્રાપ્ત ન થાય તો હિંદુ બહુમતીના હાથે મુસલમાનોનો કેવળ નાશ જ નિર્માયેલો છે. આવા અન્તિમ કોટિના વિધાનો ઉપર ઝીણાએ ભયંકર અને અસત્યપ્રચુર વાણીતાંડવ આરંભ્યું. રાષ્ટ્રવાદી પક્ષનું ધ્યાન અંગ્રેજોની હકુમતનો ઉચ્છેદ કરવા ઉપર કેન્દ્રિત હતું અને એ હેતુ સિદ્ધ કરવા માટે મુસલમાનોને સાથે રાખવાની અને તેમને સાથે રાખવા હોય તો તેમને બને તેટલા સંતોષવાની જરૂર હતી. મુસલમાનોની એટલે કે મોસ્લેમ લીગની એટલે કે કાયદે આઝમ ઝીણાની માંગણીઓ વધતી જ જાય અને કોઇ રીતે સંતોષાય જ નહિ, અને બન્ને સંમત ન થાય ત્યાં સુધી અંગ્રેજી હકુમત ટળે નહિ–આવી પરિસ્થિતિ ઉભી થઇ. આનું આખરી પરિણામ હિંદના ભાગલા સ્વીકારવવામાં આવ્યું અને મહમદઅલી ઝીણાની મહત્વાકાંક્ષા પણ પાકીસ્તાનનાં સરનશીન બનવા સાથે ઠીક ઠીક સંતોષાણી. ૧૯૩૫–૩૬ થી પાકીસ્તાનની લડત શરૂ થઇ અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કોંગ્રેસ આખી કારગૃહવાસી હોઇને પોતાનો વિચારપક્ષ આગળ વધારવાની ઝીણાને ભારે તક મળી, યુદ્ધવિરામ બાદ આ કોમી લડત અત્યન્ત વિકરાળ સ્વરૂપ ધારણ કરતી ચાલી. કારણ કે ઝીણાને કે પાકીસ્તાનના પ્રચારકોને માટે પોતાનું ધ્યેય સિદ્ધ કરવા અર્થે કોઇ પણ કાર્ય હીણું નહોતું, કોઇ પણ જુઠાણું ન બોલી શકાય તેવું નહોતું, કોઇપણ પગલું ભરવામાં–ભલે તે સભ્યતાવિરોધી હોય, માનવતાવિરોધી હોય–તેમને કશો સંકોચ નહોતો. પોતાની કોમમાં રહેલી પિશાચી વૃત્તિને સદા ઉત્તેજવી અને અન્ય કોમને રંજાડવી, લુંટવી, તેની સ્ત્રીઓનાં અપહરણ કરવા, અત્યાચાર કરવા અને કેવળ પશુબળના જોરે તેની પાસે હાય પોકારાવવી અને પોતાનું ધાર્યું કબુલ કરાવવું–આ નીતિ ઉપર જ ઝીણાની મોસ્લેમ લીગનો આખો કાર્યક્રમ રચાયો હતો અને પછી તો જેવા મુસલમાનો તેવા જ હિંદુઓ–પરિણામે આપણો દેશ સભ્યતાને નામે માથું ઉંચું કરી ન શકે એવી ભયાનક, વિકરાળ, નિષ્ઠુર અનેક ઘટનાઓ દેશભરમાં

બની ગઇ. આ દુઃખદારૂણ ઘટનાઓ દરમિયાન એક સન્તપુરૂષનો આત્મા સદા બળતો રહ્યો; બીજાનો આત્મા ધ્યેયસિદ્ધિ સમીપ આવતી જોઇને ગલકાતો રહ્યો. સભ્ય દુનિયાની સમક્ષ કાંઇક તો માથું ઉંચું રાખવું જોઇએ એટલા માટે અથવા તો વાઇસરોય વગેરેના દબાણને સ્વીકારીને આવાં અપકૃત્યોથી અટકવાની ઝીણા સાહેબે એક બે વાર અપીલો કરેલી ખરી. પણ તે બધું કેવળ ઔપચારિક હતું. તેની પાછળ તેનું હૃદય હતું જ નહિ. પોતાના અનુયાયીઓને આવા દારૂણ કૃત્યોથી વારવા તેણે કદિ ગંભીર પ્રયત્ન કર્યો જ નથી. એકે નૌઆખલીમાં જઇને હિંદુઓનાં આંસુ લુંછયા; કલકત્તામાં જઇને મુસલમાન કોમને બચાવી. અન્યે હિંદુઓને સતત ભાંડયા જ કર્યા, મુસલમાનોના અત્યાચારોની કાં તો ઉપેક્ષા કરી અથવા બચાવ કર્યો અથવા તો જ્યારે સાધ્યસિદ્ધિ પુરતી જરૂર લાગી ત્યારે ઉત્તેજના આપી. પોતે સ્વીકારેલા ધ્યેયમાં કેવળ તદ્રૂપ, માનવતા સ થે જેણે સદાને માટે છુટાછેડા લીધા હોય છે, સાધ્ય સિદ્ધ કરવા માટે જેને મન ગમે તેવા સાધનો આદરણીય હોય છે, હિંસા અને અસત્યના પાયા ઉપર જેનો આખો રાજકારણી કાર્યક્રમ રચાયલો હોય છે એવા આપણી આંખ સામેથી પસાર થઇ રહેલા સરમુખત્યારોની પરંપરામાં ઝીણાની એ વિશેષતા છે કે અન્ય સરમુખત્યારોએ પોતાના દેશને એક અને અખંડ રાખવા સદા પ્રયત્ન સેવ્યો છે, ઝીણાએ જે દેશમાં પોતે જન્મ્યા, અને જે દેશની આઝાદી માટે અમુક સમય સુધી જે ઝુઝયા પણ ખરા એ જ દેશના આખરે તેણે ભાગલા કરાવ્યા. આવો દેશદ્રોહ, રાષ્ટ્રદ્રોહ માત્ર ઝીણાના જ નામ ઉપર જ લખાયલો લાગે છે.

આજે પણ એવા કેટલાય મુસલમાનો હશે અને ખાસ કરીને પાકીસ્તાનમાં કે જેઓ ઝીણાને પોતાની કોમના એક મહાન ઉદ્ધારક તરીકે લેખતા હશે, પણ સમગ્ર રીતે વિચારતાં ઝીણાએ હિંદુઓનું તેમજ અન્ય વર્ગોનું જ નહિ પણ મુસલમાનોનું પણ અત્યન્ત અહિત કર્યું છે. વેરઝેરની વિષપરંપરાને જીવતું રાખતું પાકીસ્તાન પેદા કરીને ઝીણાએ ત્યાં વસતા મુસલમાનોનું કલ્યાણ સાધ્યું છે એમ માનવાને આપણી બુદ્ધિ ના પાડે છે. અને હિંદમાં વસતા ચાર કરોડ મુસલમાનો તો કેવળ પીઠબળ વિનાના બની ગયા છે, રાજકારણી વર્ચસ્વથી વાંચિત બન્યા છે, પોતાની જ ભોમમાં નહિ મિત્ર નહિ દુશ્મન એવી કોઇ વિચિત્ર અને સદા શંકાસ્પદ દુર્દશાનો ભોગ બન્યા છે. આ કેવળ ઝીણાની પાકીસ્તાનની પેદાશને જ આભારી છે.

આજે આપણા દેશમાં છેલ્લા ત્રણ ચાર વર્ષથી જે અનર્થપરંપરાઓ જન્મી રહી છે, જે ભીષણ કાંડો સરજાઇ રહ્યા છે એ સર્વ ઝીણાને જ આભારી છે એમ કહેવું એ ઝીણાની તાકાતનો બહુ મોટો ગુણાકાર કરવા બરોબર લેખાય. પણ કોઇ પણ વ્યક્તિના સારા નરસાપણાનો નિર્ણય એક જ ધોરણથી થઇ શકે અને તે એ કે પોતાને જે શક્તિ મળી અને પોતાને જે તકો મળી તે સર્વનો ઉપયોગ તેણે કઇ બાજુએ કર્યો? લે કોનું–જનતાનું–શ્રેય તેમ જ શાન્તિ, સુખ તેમ જ સ્વાસ્થ્ય વધારવા પાછળ કર્યો કે તેથી તદ્દન ઉલટા માર્ગે? ઝીણાના સમગ્ર વ્યક્તિતત્વનો અને તેના સર્વ કાર્યનો સરવાળો કઇ બાજુએ નમે છે એ કહેવાની જરૂર છે ખરી?

મારા એક મિત્ર અને માર્ગદર્શક કહે છે કે ઝીણાના પક્ષે આપણે એમ જરૂર કહી શકીએ કે તે ધારત તો આથી પણ વધારે દુષ્ટ થઇ શકત. હું જવાબ આપું છું કે છેલ્લાં દશેક વર્ષનું હિંદનું રાજકારણ તપાસતાં મને તો એમ લાગે છે કે તેણે દુષ્ટતા દાખવવાનો કોઇ પણ તક જવા દીધી નથી. આપણને આઝાદી મળ્યા બાદ તો તેમની વાણી ઉપર સ્વાભાવિક ચોકકુ આવી બેઠું હતું, પણ તે પહેલા એવું ભાગ્યે જ બઠવાડીયું ગયું હશે કે જ્યારે વાણી યા વર્તન વડે ઝીણાએ આપણા અન્તરાત્માને, દેશદાઝને કે સભ્યતાના ખ્યાલોને એક યા બીજી રીતે દુભાવેલ ન હોય. મારા મિત્ર મને પ્રત્યુતર આપે છે કે તમારી દુષ્ટતાની કલ્પના બહુ ઠીંગણી લાગે છે. આ તેમનો આક્ષેપ હું નતમસ્તકે સ્વીકારૂં છું.

આજે આપણે તેમ જ પાકીસ્તાનને આજના વૈમનસ્યમાંથી છુટવું હોય અને પરસ્પરના શ્રેયના માર્ગે પ્રગતિ સાધવી હોય તો ઝીણા જે વિચારસંસ્કારનો વારસો મુકી ગયેલ છે તેથી મુક્ત બન્યે જ આપણો છુટકો છે. ઝીણા એટલે પાકીસ્તાન, ઝીણા એટલે કોમી વેર ઝેર, ઝીણા એટલે માનવતાનો અભાવ–એ મરવા છતાં પણ આપણી વચ્ચે ચિરંજીવ છે. તેને ભુલીશું ત્યારે જ આપણામાં સન્મતિનો–સમભાવનો–ઉદય થશે. કર્મની પરિભાષામાં બોલીએ અને સારા તેમ જ ખરાબ કર્મનો ફળદાતા ઇશ્વર છે એ કલ્પના સ્વીકારીએ તો આપણા દિલમાંથી એક જ ઉદ્ગાર નીકળે છે કે અમારા કોઇ મહાન પાપકર્મનું ફળ ભોગવવાનું હશે, પ્રાયશ્ચિત કરવાનું હશે એટલે, હે ભગવાન, તેં અમારી વચ્ચે ઝીણાને મોકલ્યો. જો હવે અમારૂં પ્રાયશ્ચિત પુરૂં થયું હોય, તો કૃપા કરીને અમારે ત્યાં એવા કોઇ બીજા ઝીણાને ના મોકલતો એટલું જ નહિ પણ કોઇ દુશ્મનદેશમાં પણ આવો આદમી ન પાકજે!

પરમાનંદ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ ખાતે યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ જેની વિગત ગયા અંકમાં પ્રગટ કરવામાં આવી હતી તે બહુ નજીવા ફેરફાર સાથે સફળતાપૂર્વક પાર પડયો હતો. પહેલા સાત દિવસની સભાઓ સવારના સાડા આઠથી સાડા દશ સુધી વિઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદભુવનમાં ભરવામાં આવી હતી; વચગાળે રવિવારના રોજ બપોરના ભાગમાં એક સભા મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં ભરવામાં આવી હતી, જ્યારે મહાસતી ઉજ્જવલકુમારીએ વિજ્ઞાન અને ધર્મ ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. છેલ્લા દિવસની સભા રોકસી થીએટરમાં રાખવામાં આવી હતી. આજ સુધીની વ્યાખ્યાનમાળામાઓ કરતાં આ વખતની વ્યાખ્યાનમાળા તરફ ઘણી વધારે ભાઇબહેનો આકર્ષાયાં હતાં. શરૂઆતથી જ આનંદભુવનની વ્યાખ્યાનશાળા ભરાયલી જ રહેતી હતી. જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ ભાઇ બહેનોને સમાવવાનું કાર્ય અશક્ય બની ગયું હતું. છેલ્લા દિવસની સભા કેટલાંક વર્ષોથી ભાંગવાડી થીએટરમાં ભરવામાં આવતી હતી. આ વર્ષે સદ્‌ભાગ્યે રોકસી થીએટર મળ્યું હતું. અદ્વિ દોઢી સંખ્યામાં તો જરૂર વધારે ભાઇ બહેનો સમાઇ શકે. પણ તે દિવસે આ સભામાં શ્રોતાજનોની જે ભીડ જોવામાં આવી છે તેવી ભીડ કોઇ કાળે અનુભવી નથી. કેટલાયને જગ્યાના અભાવે પાછા જવું પડેલું. આ વખતના અનુભવોએ પર્યુષણ વ્યાખ્યાનમાળાના અમો સંચાલકો માટે એક નવી મુંઝવણ પેદા કરી છે. શરૂઆતના સાત દિવસો માટે આનંદભુવન નાનું પડે અને છેલ્લા દિવસ માટે રોકસી થીએટર પણ જો નાનું પડે તો આ વ્યાખ્યાનસભા હવે પછીના વર્ષ માટે ગોઠવવી કયાં? મુંઝવણનો માર્ગ નીકળી આવશે એવી આશા રાખીએ, પણ આજે તો આ પ્રશ્ન મુંઝવણ રૂપે જ ઉભો છે. વર્ષ પ્રતિવર્ષના અને ખાસ કરીને આ વખતના અનુભવ ઉપરથી એમ માલુમ પડયું છે કે આ વ્યાખ્યાનમાળા જૈન સમાજ માટે એક મહત્વભર્યા આકર્ષણનું નિમિત્ત બની રહેલ છે એટલું જ નહિ, પણ સાંભળવા આવનાર જૈનેતર ભાઇ બહેનોની સંખ્યા પણ વધતી જાય છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા માત્ર એક ધાર્મિક પર્વ નહિ પણ એક જ્ઞાનપર્વ હોય–એક સંસ્કાર પર્વ હોય–એવી રીતે આવકારાઇ રહી છે. આ ઉપરથી પર્યુષણ વ્યાખ્યાન-

માળાને કેમ વિકસાવવી તે સંબંધમાં પણ અનેક કલ્પનાઓ મનમાં ઉઠી રહી છે, અને એવો સમય બહુ નજીકના ભવિષ્યમાં કલ્પાઈ રહ્યો છે કે જ્યારે પર્યુષણ વ્યાખ્યાનમાળા એ મુંબઇના વિશાળ જનસમાજને મુંબઇ જૈન યુવક સંઘની જાણે કે એક ભેટ હોય એમ ધર્મસંપ્રદાયના ભેદભાવ વિના અનેક વિપુલ જનસમુદાય–હિંદુ તેમ જ મુસલમાન–આ વ્યાખ્યાનમાળાનો લાભ લેતો હશે અને મુંબઇની જનતા આ પર્વની દર વર્ષે આતુરતાથી રાહ જોતી હશે. વળી આ વ્યાખ્યાનમાળાદ રમિયાન દેશભરમાં જ્ઞાનની અખંડ ઉપાસના કરતા, સમાજની અખંડ સેવા કરતા, તેમ જ રાષ્ટ્રના નવનિર્માણમાં એક યા અન્ય પ્રકારે મહત્વનો ફાળો આપતા વિદ્વાનો, સમાજસેવકો, મહાપુરૂષો, અગ્રગણ્ય નેતાઓ, સન્તો અને સજ્જનોને જાતે નીહાળવાની અને તેમની અનુભવવાણી સાંભળવાની મુંબઇની જનતાને પુરી તક મળે એવા મનોરથપૂર્વક આજની પર્યુષણ વ્યાખ્યાનમાળાને વિકસાવવાનું અમને બળ મળે, સામર્થ્ય મળે અને સમાજ તરફથી સર્વ પ્રકારનો સાથ મળે એવી મહત્વાકાંક્ષા અમો અનુભવી રહ્યા છીએ.

પ્રબુદ્ધ જૈનમાં જે કાર્યક્રમ પ્રગટ કરવામાં આવેલો તેમાં કરવામાં આવેલો થોડો સરણો ફેરફાર નીચે મુજબ હતો. પંડિત સુખલાલજી 'દર્શન અને ધર્મ' ઉપર બોલવાના હતા તેના બદલે 'મુંઝવણ અને છુટકારો' એ વિષય ઉપર તેમણે વ્યાખ્યાન આપ્યું હતું. તદ્દુપરાન્ત સાતમાં દિવસે અધ્યાપક નદવીનું વ્યાખ્યાન રાખવામાં આવેલ પણ તેઓ આવી શકે તેમ નહિ હોવાથી તેમના બદલે પંડિત સુખલાલજીએ 'ગાંધીજીની જૈન સમાજને ભેટ' એ વિષય ઉપર બીજું વ્યાખ્યાન આપ્યું હતું. પંડિત સુખલાલજી ત્રીજા દિવસથી છેલ્લા દિવસ સુધી અખંડપણે હાજર રહ્યા હતા અને તેમના અધિષ્ઠાન નીચે સર્વ કાર્યવાહી ચલાવવામાં આવી હતી. આ વખતે નવા વ્યાખ્યાતા ઓમાં શ્રી. અબીદઅલી જાફરભાઇ, શ્રી જડુભાઇ મહેતા, શ્રી પદ્મનાભ જૈન, શ્રી. ઉમાશંકર જોષી તથા યતિશ્રી હેમચંદ્રજીનો સમાવેશ થાય છે. શ્રી. ગોપાલરાવ કુલકર્ણી, શ્રી. ઇન્દુમતી મહેતા તથા શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક લાંબા ગાળે ઉપસ્થિત થયા હતા. કાકાસાહેબ કાલેલકરની તો અમારી ઉપર સદા કૃપા વરસતી રહી છે. દરેક વ્યાખ્યાતાએ પોતાના વિષયને પુરો ન્યાય આપ્યો હતો. અને દરેક વ્યાખ્યાન સૌ કોઇ માટે એક સરખું રસપ્રદ તેમ જ બોધપ્રદ નીવડયું હતું. આ વ્યાખ્યાનમાળાને સંગીતની છાંટ વડે થોડી ઘણી મનોરંજક બનાવવાનો અમારો પ્રયત્ન રહે છે. આ અમારા પ્રયત્નને શ્રી દેવકાબહેન તેમ જ અમારા સાથી શ્રી. જડુભાઇની પુત્રી ચિ. બહેન મંજુલાએ પોતાના મધુર કંઠથી સુન્દર પદ્ધતિવડે ફલિતાર્થ કર્યો હતો.

આ સગાલોચનાના અન્તમાં સૌથી પ્રથમ તો વ્યાખ્યાતાઓનો ઉપકાર માનવો ઘટે છે. આ વખતે કેટલાક વકતાઓ મુંબઇ બહારના હતા તો શ્રી ઇન્દુમતી મહેતા, પદ્મનાભ જૈન, ડો. હરિપ્રસાદ દેસાઇ, શ્રી ઉમાશંકર જોષી તથા કાકાસાહેબ કાલેલકર સંઘના નિમંત્રણને માન આપીને ખાસ મુંબઇ આવ્યા હતા. પંડિત સુખલાલજીનું મુંબઇમાં આગમન પણ આજ કારણે થયું હતું. આ ઉપરાંત સભાની વ્યવસ્થા જાળવવા માટે શરૂઆતમાં ચાર દિવસ ઝાલાવાડી સ્વયંસેવક મંડળના સ્વયંસેવક ભાઇઓએ તેમ જ પાછળના ચાર દિવસ સ્થાનકવાસી યુવક મંડળના સ્વયંસેવક ભાઇઓએ સભામાં શાન્તિ અને વ્યવસ્થા જાળવવામાં ખુબ મદદ કરી હતી–તેમનો અહિં ખાસ આભાર માનવો ઘટે છે. અન્તમાં શ્રી કપુરચંદભાઇ, શ્રી ઝવેરભાઈ તથા શ્રી કેવળચંદભાઇએ છેલ્લા દિવસની સભા માટે પોતાની આવક જતી કરીને રોકસી થીએટરનો પુરી છુટથી ઉપયોગ કરવા દીધો તેમ જ સર્વ પ્રકારની સગવડો આપી તે માટે તે ત્રણે જૈન બંધુઓ વિષે કૃતજ્ઞતા જાહેર કરવાની રહે છે. આવી વિશાળ અને સુન્દર જગ્યામાં ભરાયલી સભાનું દૃષ્ય ખરેખર ભવ્ય અને રોમાંચક હતું. તે સભાની સફળતામાં તે ભાઇઓ તરફથી મળેલ આવા સાધનસંપન્ન સ્થળનો ઘણો–મોટો ફાળો હતો. આ માટે તેમનો આભાર માનીને અનેક મીઠાં સ્મરણો મુકી જતી અને ભાવી માટે ઉત્સાહ પ્રેરતી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની સમાલોચના અહિં સમાપ્ત કરીએ.

પરમાનંદ.

જૈન સમાજમાં એક નાનીસરખી ક્રાન્તિકારી ઘટના

તા. ૫–૯–૪૮ રવિવારના રોજની બપોરની સભા વખતે મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળા ખીચોખીચ ભરાઇ ગઇ હતી. જેટલા ભાઇઓ હાજર હતા તેથી વધારે સંખ્યામાં બહેનો ઉપસ્થિત થઇ હતી. મહાસતી ઉજ્જવળકુમારીજીએ 'વિજ્ઞાન અને ધર્મ' એ વિષય ઉપર બોલતાં પુનઃ પુનઃ એ વિચારનું સમર્થન કર્યું હતું કે વિજ્ઞાન અને ધર્મ એકમેકના વિરોધી નથી પણ એકમેકના પૂરક છે. વિજ્ઞાનને ધર્મના સંસ્કારની જરૂર છે; ધર્મને વૈજ્ઞાનિક નિરૂપણની જરૂર છે. ધર્મ વિજ્ઞાન વિના પાંગળો છે; વિજ્ઞાન ધર્મ વિના આંધળું છે. વિજ્ઞાન શક્તિ છે; ધર્મ તેનો નિયામક છે ઇત્યાદિ, મહાસતીજીનું વ્યાખ્યાન ધ્વનિવર્ધક યંત્રની સગવડના કારણે સૌ કોઇ એક સરખી સ્પષ્ટતાથી સાંભળી શકયા હતા. મુંબઇ ખાતે આવા ધાર્મિક વ્યાખ્યાનમાં ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ સૌથી પહેલીવાર જ કરવામાં આવ્યો હતો. આથી નાફેરવાદી માનસ ધરાવતા કેટલાક ભાઇ બહેનોને જરાક આંચકો લાગ્યો હશે, પણ આખરે સૌ કોઇ પ્રસન્ન ભાવે છુટા પડયા હતા. જેઓ ધાર્મિક વ્યાખ્યાનોમાં પૂર્ણ શાન્તિની અપેક્ષા રાખતા હોય તેમણે આવા વ્યાખ્યાનોને શ્રવણસુલભ બનાવતી આ સગવડને આવકારવી ઘટે છે. જે સાધુઓ વ્યાખ્યાનદ્વારા બને તેટલી મોટી જનસંખ્યાને ધર્મનો ઉપદેશ પહોંચે એ ઇષ્ટ ગણતા હોય તેમણે પણ આ સગવડને સ્વીકારી લેવી જ રહી. આ બાબતની પ્રતીતિ ઉપર જણાવેલ સભામાં હાજર રહેલ સૌ કોઇ ભાઇ બહેનોને પુરતા પ્રમાણમાં થઇ હોવી જોઇએ. અલબત્ત આમ કરવામાં યંત્રનો ઉપયોગ અનિવાર્ય બને છે. પણ સમાજ સાથે સંસર્ગ અને સંપર્ક રાખતા અને સમાજ કલ્યાણની સાધનામાં પોતપોતાની શક્તિનો ફાળો આપવાની ઇચ્છા ધરાવતા સાધુ–સાધ્વીઓ તાર, ટપાલ, પુસ્તકપ્રકાશન વગેરે પ્રવૃત્તિઓ દ્વારા આવી છુટછાટ જેમ લઇ રહ્યા છે તેમજ આ છુટછાટ પણ તેમણે લેવી જ રહી. આ સભામાં પ્રમુખસ્થાને પંડિત સુખલાલજી હતા. તેમણે પ્રમુખ તરીકેના પોતાના વકતવ્યમાં પુરી નમ્રતાપૂર્વક મહાસતીજીને અને તેમની મારફત આખા સાધુસમાજને બહાર આવવા, બીનજરૂરી બંધનોથી મુકત થવા અને સમાજશ્રેયની કોઇ ને કોઇ પ્રવૃત્તિ સાથે સંલગ્ન થવા અને ઉપદેશ આદેશ વચ્ચે કહેવાતા ભેદની ભ્રામકતાથી છુટા થવા બહુ ભારપૂર્વક અનુરોધ કર્યો હતો અને તેજસ્વી બહેનોનો આપણે જ્યારે વિચાર કરીએ ત્યારે માત્ર મૃદુલાબહેન અને સુશીલા નાયર જેવી બહેનોને જ યાદ કરીને સંતોષ માની લેવા જેવી આપણી સ્થિતિ ન રહેવી જોઇએ એવું તેમણે ઉદબોધન કર્યું હતું. શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે આજે ગોઠવવામાં આવેલ ધ્વનિવર્ધક યંત્રની વિશેષ હિમાયત કરી હતી અને પંડિત સુખલાલજીએ કેવળ ઉપદેશના માર્ગને વળગી નહિ રહેતા પ્રવૃત્તિના ક્ષેત્રમાં પ્રવેશ કરવાનો જે મુદ્દો મહાસતીજી આગળ રજુ કર્યો હતો તે મુદ્દા ઉપર નિર્ણય લેવાનો સમય હવે આવી પહોંચ્યો છે એમ તેમણે જણાવ્યું હતું અને એ મુદ્દો સ્વીકારતાં સાધુ સાધ્વીના આચારધર્મના કેટલાક બ્યાસોમાં આપણે મૂલભૂત ફેરફાર સ્વીકારવાનો રહેશે એ બાબત તરફ ઉપસ્થિત શ્રોતા સમુદાયનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. આ રીતે આ સભા જૈન સમાજ માટે એક નાની સરખી ક્રાન્તિકારી ઘટના જેવી બની ગઇ હતી.

પરમાનંદ.

આવરણો દૂર કરીને જોતાં શીખો !

મનુષ્યને જ્યારે સમાજમાં રહેલી વિષમતાનું દૃષ્ટ કારણ ન જડયું ત્યારે અદૃષ્ટની કલ્પના કરવા તે પ્રવૃત્ત થયો. આ અદૃષ્ટની કલ્પના સાથે જ આપણી તત્ત્વ, ધર્મ અને કર્મની માન્યતાઓ સંકળાયેલી છે. એ માન્યતાઓનો આધાર કેવલ નિરપેક્ષ તથ્ય જ હોય છે એમ નથી પરંતુ જ્યારે એ માન્યતાઓ ઘડાય છે ત્યારે આસપાસ પ્રવર્તતી દેશ-કાલની પરિસ્થિતિ પણ તેમાં પ્રતિબિમ્બિત થાય છે. કોઇ પણ માન્યતાને તેના શુદ્ધરૂપમાં પકડવી એ પ્રતિબિમ્બને કારણે કઠિન થઇ પડે છે. પણ જો એ પ્રતિબિમ્બને દૂર કરીને માન્યતાની પરીક્ષા કરવામાં આવે તો નિર્ભેળ સત્ય સુધી પહોંચી શકાય ખરૂં. પરંતુ પ્રતિબિમ્બના અંશને પકડવાનું કાર્ય અતીવ કઠણ છે. તેથી જ ધાર્મિકોમાં અને દાર્શનિકોમાં વિવાદ વધી પડયા છે. કારણ કે કોઇ પોતાના ધર્મ યા દર્શનને નિર્ભેળ સત્ય સિવાય બીજું કાંઇ કહેવા તૈયાર નથી. પરંતુ તત્ત્વગવેષકને તેમાં રહેલો ઓપ પારખતા વાર લાગતી નથી.

આ લેખમાં આવી કેટલીક માન્યતાઓનું પરીક્ષણ કરવાનો ઇરાદો છે-એ જોવું છે કે તે તે માન્યતાઓમાં તત્ત્વાંશ કેટલો છે અને બાહ્ય પરિસ્થિતિનો અંશ કેટલો છે.

સૌથી પ્રથમ આપણે પુણ્યનો વિચાર કરીએ. કર્મવાદી બધા ધર્મો અને મતોમાં પુણ્યનો વિચાર લગભગ સરખો જ છે. સૌ કોઇએ માન્યું છે કે સારાં કાર્યો કરવાથી પુણ્ય થાય છે અને તેનું ફળ આ જન્મમાં કે પરજન્મમાં સારૂં મળે છે. હવે આ સારાં કર્મ અને સારા ફળનો વિચાર કરીશું તો આપણને સ્પષ્ટ થઇ જશે કે તાત્વિક અને સપ્રતિબિમ્બ માન્યતામાં કેટલો અને કેવી રીતે ભેદ પડી જાય છે.

આ લોકમાં અઢળક ધન, ગરાસ અને કુટુંબસુખ અને પરલોકમાં સ્વર્ગ એ સારૂં ફળ છે એમ લગભગ બધાએ માન્યું છે. પરંતુ આ સારાં ફળની જ પરીક્ષાનો પ્રારંભ કરીએ તો જણાશે કે આ કાંઇ તાત્વિક માન્યતા નથી. તેમાં પણ દેશ-કાળની પરિસ્થિતિનું પ્રતિબિમ્બ છે. અને એ પ્રતિબિમ્બને દૂર કરીએ તો સારૂં શું રહે છે તે પારખી શકાય તેમ છે.

મનુષ્યમાનસના વિકાસના ઇતિહાસ ઉપર ઉડતી નજર દોડાવીશું તો સ્પષ્ટ થશે કે ધનદોલત, ગરાસ કે કુટુંબ સુખને 'સારૂં' કહેવાની વૃત્તિ એ આધ્યાત્મિક તત્ત્વોની મીમાંસા જ્યારથી માનવ કરતો થયો છે તે પહેલાની તેની ભૌતિકવાદની ભૂમિકાના અવશેષરૂપ છે. તેનું લક્ષણ એ છે કે સુખમાત્રનો મૂળ આધાર પોતાનું મન કે આત્મા નહિ પણ બાહ્ય સામગ્રી છે. જ્યારથી ભૌતિકવાદથી ઉપર ઉઠીને માનવ મન આધ્યાત્મિકતા તરફ ઢળ્યું ત્યારથી એ તત્ત્વ શોધાયું કે સુખ જ મૂળ કારણ બાહ્ય સંપત્તિ નહિ પણ પોતાનો અન્તરાત્મા જ છે. અન્યથા એક જ વસ્તુ એકને સુખકારી અને બીજાને દુઃખદાયી કેમ નીવડે? પરંતુ એ આધ્યાત્મિકતા આવ્યા છતાં મનુષ્યસમુદાય પોતાની કમજોરી-ભૌતિકવાદના પ્રાબલ્યને લઇને છોડી શક્યો નહિ અને પરિણામે આધ્યાત્મિક ધર્મોને પણ પુણ્યનું ફળબાહ્ય સંપત્તિ માન્યા સિવાય ચાલ્યું નહિ.

બધા ધર્મોએ એક તરફ પરમ આધ્યાત્મિક સુખની પ્રશંસા કરી અને સાથે જ સારા કર્મોનું ફળ બાહ્યસંપત્તિ માન્યું. અને તેમાં પણ સુખની કલ્પના કરવા સાંડી. લોકોને આધ્યાત્મિકવાદ સાંભળવો તો ગમે છે પણ આચરવો કઠણ પડે છે, એટલે છેવટે આધ્યાત્મિકવાદ ઉપર ભૌતિકવાદનો જ વિજય થયો છે. શ્રેય અને પ્રેય એવા બે સુખની કલ્પના છતાં શ્રેય ઉપર પ્રેય જ વિજયવંત નિવડયું છે એ માન્યા સિવાય ચાલતું નથી. જો એમ ન હોય તો આજના ધાર્મિક કહેવાતા મનુષ્યોના સમાજમાં ધનવાનની આટલી બધી મહત્તા જોવામાં ન આવત.

એક બીજી વાત પણ સ્પષ્ટ કરવી આવશ્યક છે. પ્રાચીન ભૌતિકવાદ અને આજના ભૌતિકવાદમાં એક પ્રકારનું વિલક્ષણ સામ્ય છતાં મધ્યકાલીન આધ્યાત્મિક ભૌતિકવાદમાં અને આધુનિક ભૌતિકવાદમાં વિલક્ષણ વૈષમ્ય છે. પ્રાચીન સમયમાં સંપત્તિનો માલિક એક વ્યક્તિ નહિ પણ અજંક સમુદાય મનાતો અને આજે પણ ભૌતિકવાદીઓ સંપત્તિનો માલિક સમાજ હોવો જોઇએ એમ માને છે. આ એક વાતે બન્નેમાં સમાનતા છે પણ વચગાળે જે આધ્યાત્મિક ધર્મોનું મોજું આવ્યું તેમાં કાર્યવાદના પરિણામ સ્વરૂપે એમ મનાયું કે મનુષ્ય પોતાના પરાક્રમે જે કાંઇ મેળવે છે તે તેનું છે અને તેનો અધિકારી તે એકલો જ છે. ધર્મે તેને ઉપદેશ આપ્યો કે પોતાનું તે જે બીજાને દાનમાં આપે તો તે પુણ્ય કમાય છે. અને તેનું ફળ તેને આ લોકમાં વધુ સંપત્તિ અને પરલોકમાં સ્વર્ગ મળે છે. એ સ્વર્ગમાં પણ અહિં કરતાં વધુ સંપત્તિ-કલ્પનામાં પણ ન આવે તેટલી સંપત્તિ હોય છે. આમ પ્રેયનું સંપાદન તથા વિતરણ બન્ને શ્રેયની વૃદ્ધિનું કારણ બને છે

પ્રેય તરફ પ્રવૃત્તિ સ્વાભાવિક રીતે મનુષ્યની થાય જ છે તેમાં વળી ધર્મે તેને ટેકો આપ્યો તેથી શ્રેય છોડીને લોકો પ્રેય તરફ ઢળે તેમાં શી નવાઇ? સમાજમાં એક ગરીબ હોય તેને કહેવામાં આવે કે તે તેના પૂર્વજન્મના પાપના પરિણામે ગરીબ છે તો સારાં કર્મો તે કરે તો તેની ગરીબીનો નિસ્તાર થાય. ધનવાનને કહેવામાં આવે, તું તારા પુણ્યને લઇને સંપત્તિશાળી થયો છે તો તેને તું દાન કરીને ભવિષ્યનું ભાથું બાંધી લે. આમ સમાજમાં દાનની ભાવનાને આધ્યાત્મિક ભૌતિકવાદની અસર તળે વેગ મળ્યો અને દાન એ પુણ્યકર્મ મનાયું. તેનું ફળ પાછું સ્વર્ગની સંપત્તિ જ છે. આમ આ ચક્ર જ્યારે પૂરૂં થાય ત્યારે જ તે શ્રેયસાધનને અવકાશ મળે. એ ચક્ર પૂરૂં થતું નથી એને શ્રેયઃસાધના થતી નથી. પરિણામે આજના બધા ધર્મો કેવળ આધ્યાત્મિક રહ્યા નથી; ભૌતિક, આધ્યાત્મિક પણ રહ્યા નથી પણ આધ્યાત્મિક ભૌતિક રહ્યા છે. ખૂબ કમાઓ! પૈસો મળે એ તો પુણ્યના કારણે જ અને પછી પુણ્ય કરવા ખાતર મોટા મોટા મંદિરમસજિદ બંધાવી ધાર્મિક હોવાનો આત્મસંતોષ અનુભવો!

પણ એવું કોઇ ધર્મ નથી શીખવતો કે ભાઇ પૈસો રાખવો એ પાપ છે. તું તે બીજાને આપે છે તે દાન નથી પણ તેં જે બીજાને લૂંટીને ગરીબ બનાવ્યા છે તેના પ્રાયશ્ચિત્તરૂપે છે. એ માત્ર શિક્ષા ભોગવવારૂપ છે. તેનું ફળ સ્વર્ગ નથી, સંપત્તિ નથી, પણ માત્ર તારૂં પાપ ધોવાયું એટલું જ છે. તેટલું કર્યા પછી તું કાંઇક આધ્યાત્મિક સાધના કરીશ તો વળી તારી નિસ્તાર છે. એ સાધના તે વળી પાછા પૈસા કમાવા માંડવું અને બીજાને લૂંટવા તે નહિ પણ દુઃખી જનોની શારીરિક સેવા અને સમાજમાંથી વિષમતા ટાળવાનો પ્રયત્ન-અને પોતામાંથી રાગદ્વેષ દૂર કરવાનો પ્રયત્ન-આવું કાંઇક કરીશ તો તો નિસ્તાર છે. પણ માત્ર પૈસા કમાવા-અને દાન કરવું અને સ્વર્ગ મેળવવું એ ચક્રમાં પડીશ તો કદી નિસ્તાર નથી.

પ્રાચીન કાળમાં સંપત્તિ હોવી એ સારૂં મનાતું. ધર્મે તેને શ્રેયનું સાધન માની, સારી માની પણ આજે સંપત્તિ વિષેનું આખું દૃષ્ટિબિન્દુ ફરી ગયું છે. આજે ધનિકોને સમાજના શત્રુ લેખવામાં આવે છે. રશિયા જેવા દેશમાં તેવા સમાજશત્રુઓને તેમની સંપત્તિ લઇ લઇને ગોળીએ ઉડાવી દીધા અને સ્વર્ગમાં મોકલી દીધા. આમ લોકમાનસ અત્યારે જ્યારે ધનિકોને તિરસ્કારની દૃષ્ટિએ જુએ છે ત્યારે પણ શું ધનિકોને ભાગ્યશાળી કે પુણ્યવાન માની શકાય? સ્પષ્ટ છે કે ધન-દોલતને 'સારૂં' કહેવાની વૃત્તિ બદલાઇ ગઇ છે. પણ તેનો પણ અર્થ એ નથી કે લોકોને ધન-દોલત સર્વથા ન જોઇએ. ફેર એ થયો છે કે જે ધન-દોલત પોતે મેળવી રાખતો હતો તેમાં હવે પરિવર્તન થવા લાગ્યું છે. તે હવે એમ ચાહે છે કે ધન-દોલત મને નહિ પણ મારા રાજ્ય અગર સમાજને મળે તો તે મને જ મળી છે. પહેલા આપણે સમજતા, આપણને પોતાને મળે તો સારૂં કહેવાય. હવે સમજણ છે કે આપણા દેશ અગર સમાજને મળે તે સારૂં કહેવાય. આપણને મળે તે તો અનીતિ કરીએ તો જ મળે. આમ ફળમાં સારૂં શું એની કલ્પના પહેલાં કરતાં અત્યારે સાવ બદલાઇ ગઇ છે, પણ તેના પણ મૂળમાં તાત્ત્વિક માન્યતામાં ફેર નથી પડયો એ પણ એટલું જ સાચું છે. કારણ પહેલા આપણે એમ માનતા કે પૈસો મને પોતાને મળે તો જ સુખી થઇ શકાય.

હવે આપણે એમ માનતા થયા છીએ કે પૈસો દેશ અગર સમાજને મળે તો જ વ્યક્તિ સુખી થઇ શકે છે. બન્ને અવસ્થામાં આપણને મૂળે સુખ જોઇએ છે એ એટલું જ સાચું છે અને એ જ ત્રૈકાલિક તથ્ય છે. સુખ મળવું જોઇએ કારણ એ આપણને ગમે છે. પહેલા વ્યક્તિગત સંપત્તિમાં તે સંભવિત હતું, તેથી તેમાં સુખ માનતા. હવેની નવી વિચારધારા પ્રમાણે સામાજિક સંપત્તિમાં જ સાચા સુખનો સંભવ જણાય છે. એટલે લોકમાનસ તે તરફ ઢળે છે. બન્નેમાં છેવટે તો સુખ જોઇએ એ તથ્ય છે. આમ 'સારૂ' એ સુખ છે એ નિર્ભેળ તથ્ય છે પણ તે શાથી મળે છે તે સમયે સમયે, દેશે દેશે બદલાતી પરિસ્થિતિ પ્રમાણે બદલાય છે.

તે જ પ્રમાણે 'સારા' સાધનનો વિચાર કરીએ તો જણાશે કે તેમાં પણ તાત્ત્વિક 'સારૂ' તો એક જ છે પણ દેશ-કાળના પ્રતિબિમ્બને કારણે એ ઢંકાઇ ગયુ છે.

પુણ્યોત્પાદક કારણોની કલ્પનાઓનો વિચાર જ્યારે કરીએ છીએ ત્યારે એ દીવા જેવું સ્પષ્ટ થઇ જાય છે કે એ કારણોમાં દેશ-સમાજ-કાળ વગેરેનો એટલો બધો પ્રભાવ પડયો છે કે આપણામાં સાવ સામાન્ય બુદ્ધિ હોય તો પણ એના ઉપર ચડેલાં આવરણો આપણે પારખી શકીએ છીએ.

જૂના વૈદિકો માનતા કે નિરપરાધી પશુઓને મારવાથી-યજ્ઞ કરવાથી-આ લોકમાં સંપત્તિ અને પરલોકમાં સ્વર્ગસુખ મળે છે. શ્રમણોએ એ માન્યતાને વિરોધ કર્યો અને પરિણામ એ આવ્યું કે ધાન્યના યજ્ઞો થવા લાગ્યા. પણ બીજી તરફ શ્રમણોએ મંદિર અને વિહારોના નિર્માણમાં પુણ્યસાધના માની-મનાવી. બ્રાહ્મણોના દેવોના મંદિરો હતા નહિ, પણ પછી તો તે પણ થવા લાગ્યા અને તેમને પણ પુણ્ય કમાવાને એક નવો માર્ગ જડી ગયો. આમ આખાયે ભારતવર્ષમાં મંદિરોનું નિર્માણ મોટા પાયા ઉપર થવા લાગ્યું. અને તેમાં સંપત્તિ પણ એકઠી થવા લાગી. જૈનોને એ સંપત્તિમાંથી માત્ર મંદિરનું નિર્માણ અને સંવર્ધન જ પુણ્યનું કારણ સંમત થયું ત્યારે બીજા હિન્દુ મંદિરમાં એ સંપત્તિનો અતિથિસત્કારમાં થતો ઉપયોગ પણ પુણ્યોત્પાદક જણાયો. દેવદ્રવ્યના તેવા ઉપયોગમાં જૈનો તો પાપ માનવા લાગી પડયા. તે જ રીતે જે મંદિર એકને તેના નિર્માણદ્વારા પુણ્યાવહ જણાયું એ જ મંદિરમાં જો બીજા ધર્મનો અનુયાયી પૂજાર્થે જાય તો તેને અધર્મ થઇ જાય છે. આમ આવી વાતો તો ઘણી કરી શકાય. સાર એ જ છે કે પુણ્યસાધન કોને કહેવું તેમાં ઉપરઉપરથી જોતા ઐકમત્ય જણાતું નથી. પરંતુ એ બધા આવરણોથી પર જઇને પુણ્યસાધનનો વિચાર કરવામાં આવે તો એટલું જ ફલિત થાય છે કે પોતાને પ્રિય એવી વસ્તુના ઉત્સર્ગમાં પુણ્યસાધનતા છે. આ તથ્યને પકડી રાખીએ અને ઉપરના આવરણોને દૂર કરીએ તો આપણા સમાજમાં અત્યારે જે અનેક ઝગડા જોવામાં આવે છે તે આપોઆપ મટી જાય.

દેવદ્રવ્યને લઇને આ વર્ષમાં સમાજમાં પર્યાપ્ત માત્રામાં ક્ષોભ પ્રવર્તિત છે. મૂળ પ્રશ્ન એટલો જ છે કે ઉત્સર્ગ જેણે કર્યો છે તેની પ્રબળ ભાવના તો એટલી જ હોઇ શકે કે તેના ઉત્સર્ગ વડે બીજાને કાંઇક લાભ થાય. દેવદ્રવ્ય જો ભેગું જ ન થતુ હોત અને બીજા ક્ષેત્રોમાં ઉણપ ન હોત તો તો દેવદ્રવ્ય વાપરવાનો પ્રશ્ન ચર્ચાત જ નહિ. પણ આપણે પામર પરિગ્રહી છીએ. તેથી ધનમંગ્રહ પોતાને નામે નહિ તો દેવને નામે પણ સંધરવા તત્પર છીએ. એટલે ખરી રીતે દેવદ્રવ્યની ચર્ચા એ પરિગ્રહ વધારવો કે ન વધારવો એની જ છે. જો જૈનધર્મ પરિગ્રહવૃદ્ધિમાં માનતો હોય તો તે વધારવો જોઇએ. અને જો જૈનધર્મ અપરિગ્રહના પ્રતીકરૂપે હોય તો પછી તે જેમ બને તેમ પરિગ્રહને ઓછો કરે-પછી તે વ્યક્તિગત હોય કે દેવનો હોય-પરિગ્રહ એ પરિગ્રહ જ છે. તેમાં મનુષ્ય અને દેવનો ભેદ ન હોઇ શકે. જે કાંઇ ભેદ છે તે વીતરાગે નથી બતાવ્યો પણ આપણે અગર આપણા જેવા અવીતરાગ આચાર્યોએ કર્યો છે. આગમમાં એવો ભેદ છે એમ કહેનારા વીતરાગને દૂષિત કરે છે. એટલું જ નહિ પણ પોતાની અજ્ઞાનતાને જ જાહેર કરે છે.

આ જ રીતે તિથિચર્ચાનો પ્રશ્ન છે. મૂળે તો યથાશક્તિ ત્યાગ-તપસ્યા કરવા એમાં ધર્મ છે. કયારે કરવા એ તો આપણી સગવડનો પ્રશ્ન છે, તિથિમાં કાંઇ ધર્મ દેવાની શક્તિ નથી. મનુષ્ય એક સામાજિક પ્રાણી છે, તેથી તિથિ નિયત હોય તો સૌ એક સાથે મળી એકબીજાની દેખાદેખી કરીને ઉન્નતિની સાધનામાં આગળ વધી શકે. આથી વધારે મહત્વ ધર્મસાધનામાં તિથિનું હોય એમ લાગતું નથી. છતાં તેને લઇને સમાજમાં જે પક્ષાપક્ષી ચાલે છે અને તેને જે પોષણ આપવામાં આવે છે તેમાં અસત્યાચરણ સિવાય બીજી કોઇ વસ્તુની વૃદ્ધિ થતી હોય એમ મને લાગતું નથી. તિથિના સમર્થનમાં પંડિતોને રૂપિયા આપી હસ્તાક્ષર લેવા સુધીની પ્રવૃત્તિમાં અસત્યાચરણ સિવાય મને તો બીજું કાંઇ દેખાતું નથી. આવા અસત્યાચરણ કરતાં તો સમાજ ગમે ત્યારે ધર્માચરણ કરે એ જ વધારે ઇષ્ટ છે.

સંવત્સરી પ્રસંગે આપણે એકધ્યાન થઇને પોતાની ધાર્મિક માન્યતાઓના મૂળ સુધી જવાની કોશિશ કરીશું તો ધર્મને નામે આપણે જે કેટલું અધર્માચરણ કરી રહ્યા છીએ તેથી મુક્ત થઇશું એવો મારો વિશ્વાસ છે. —**દલસુખભાઇ માલવણીયા**

અન્ય સ્થળોએ યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ.

કલકત્તાના તરૂણ જૈન સંઘ તરફથી છ વર્ષના ગાળે આ વખતે પર્યુષણ વ્યાખ્યાનમાળાની યોજના કરવામાં આવી હતી. ૧૯૪૨ ના ઓગસ્ટ માસની લડતે તરૂણ જૈન સંઘના આગેવાન કાર્યકર્તાઓને જેલવાસી બનાવ્યા હતા. ત્યારબાદ કોમી કંકાસ આવ્યો. મુક્તમને કંઇ પણ થઇ શકે એવી પરિસ્થિતિ કલકત્તામાં આ વર્ષથી જ પુનઃ પરિસ્થાપિત થઇ. ત્યાં યોજાયલી વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો :—

વક્તા	વિષય
શ્રી જૈનેંદ્રકુમાર	સંસ્કૃતિની વાત
પંડિત હજારીપ્રસાદ દ્વિવેદી	ધર્મ અને સંસ્કૃતિ
શ્રી રતનમણી ચેટરજી	સમાજનું નવનિર્માણ
શ્રી. રતિભાઇ દેસાઇ	સાધુસંસ્થાનો અતીત અને વર્તમાન
ડૉ. સતકોડી મુકરજી	જાતિ અને સંપ્રદાય
શ્રી. જૈનેન્દ્રકુમાર	જીવનનું નવું મૂલ્ય
અધ્યાપક દલસુખ માલવણિયા—ગાંધી અને મહાવીર	
ડૉ. કાલીદાસ નાણુ	વર્તમાન વિશ્વસંકટ અને અહિંસા
શ્રી. રતિભાઇ દેસાઇ	ધર્મ અને સમાજ
,, સજનીકાન્ત દાસ	ભારતીય ઐકય
,, ભેંવરમલ સિંધી	બુદ્ધિ અને શ્રદ્ધા
,, અધ્યાપક દલસુખ માલવણિયા—સાંવત્સરિક પ્રતિક્રમણ	

અમદાવાદના જૈન યુવક સંઘ તરફથી યોજાયલી વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો.

વક્તા	વિષય
શ્રી ભાઇલાલ શાહ	ભજનો
પંડિતશ્રી સુખલાલજી	ગાંધીજીની જૈન સમાજને ભેટ
ડૉ. હરિપ્રસાદ દેસાઇ	યુગધર્મ
પંડિતશ્રી સુખલાલજી	મૂંઝવણ અને છુટકારે
ડૉ. હરિપ્રસાદ દેસાઇ	ભાવિ માનવનું ઘડતર
શ્રી રવિશંકર મહારાજ	વાર્તાલાપ
શ્રી ભોગીલાલ ગાંડેસરા	જૈન કથા સાહિત્ય અને 'વસુદેવ હિંડી'
શ્રી મગનભાઇ દેસાઇ	સ્વતંત્રતાનો નાગરિક
શ્રી મધુસૂદન મોદી	
અધ્યાપક એચ. આર. ભટ્ટ	સામાજિક અહિંસા
શ્રી કેશવરાય કા. શાસ્ત્રી	આપણી ભાવી કેળવણી
આચાર્ય એમ. વી. દેસાઇ	આજના આર્થિક પ્રશ્નો
શ્રી રતિલાલ મો. ત્રિવેદી	નીતિ અને અમૃતજળ
પ્રોફે. એચ. આર. ભટ્ટ	આદર્શોનાં ભયસ્થાનો
શ્રી ઇન્દુમતીબહેન મહેતા	માનવધર્મ

આ બન્ને વ્યાખ્યાનમાળાનો બહુ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવ્યો હતો અને વર્તમાનપત્રોએ પણ બહુ સારી પ્રસિદ્ધિ આપી હતી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ ઓકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૧૧

મુંબઈ: ૧ ઓકટોબર ૧૯૪૮ શુકવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

જગદ્‌વંદ્ય મહાત્મા ગાંધીજી

[પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંવત્સરી પર્વની સવારની વ્યાખ્યાનસભામાં માન્યવર કાકાસાહેબ કાલેલકરે 'મહાત્મા ગાંધીજી' ઉપર એક સુન્દર વિચારપ્રેરક પ્રવચન કર્યું હતું. તેની નોંધને કાકાસાહેબે સંસ્કારી આપી જેના પરિણામરૂપ નીચેનો લેખ આજે જ્યારે દેશભરમાં વિશ્વવન્દ્ય ગાંધીજીની જન્મજયન્તી ચોતરફ ઉજવાઇ રહી છે ત્યારે 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકો સમક્ષ રજુ કરતાં અમને આનંદ થાય છે.

તંત્રી]

ગાંધીજી જીવતા હતા ત્યારે એમના એક અંતેવાસી તરીકે એમને વિષે કાંઇ પણ બોલતાં ઘણો સંકોચ થતો. આજે તેઓ આપણી વચ્ચે નથી એવે વખતે એમને વિષે બોલવા જતાં રખે ને એમની વિભૂતિને અન્યાય કરી બેસીશ એ જાતનો સંકોચ મનમાં રહે છે. અને આ વર્ષ દરમિયાન ગાંધીજીની મહાનતા વિષે કેવળ હિંદુસ્તાનનાં જ નહિ પણ આખી દુનિયાના નાના મોટા અસંખ્ય લોકોએ, અનેક બાજુએથી, એટલું બધું કહ્યું છે કે હવે ગાંધીજી વિષે કાંઇ પણ નવું ભાગ્યે જ બોલી શકાય.

ગાંધીજી હિંદુસ્તાનના અનન્ય સેવક હતા. એમણે હિંદુસ્તાનને સ્વરાજ મેળવવાનો એક અદ્વિતીય રસ્તો બતાવ્યો અને હિંદુસ્તાનની આખી સંસ્કૃતિને નવો વેગ આપ્યો; એટલું જ નહિ પણ એક નવી દિશા બતાવી. આ રીતે એમનું આખું જીવનકાર્ય હિંદુસ્તાનમાં જ એકાગ્ર નિષ્ઠાથી કેન્દ્રિત હતું; છતાં એમણે હિંદુસ્તાન મારફતે આખી દુનિયાની એટલી બધી ઉજ્જવળ સેવા કરી છે કે ગાંધીજીને આપણે માત્ર હિંદ-ઉદ્ધારક નહિ ગણતાં જગદ્‌-ઉદ્ધારક તરીકે જ ઓળખીએ છીએ. કેવળ આપણે જ નહિ પણ તમામ દુનિયાના લોકો એમની સેવા સ્વીકારે છે.

એનું મુખ્ય કારણ એ હતું કે એમણે આપણા દુઃખનું મૂળ શોધી કાઢતા આખી દુનિયાના દર્દની જડ જોઇ લીધી અને માણસજાતને ઉંચે ચડીને જ એ દર્દ દૂર કરવાના રસ્તા બતાવ્યા; અને તેથી જ દુનિયાભરના વિચારવીરો, કર્મવીરો અને સેવાવીરો એમના પ્રત્યે આકર્ષાયા. ગાંધીજીનો ઘણો ખરો વખત આપણા દેશના નાનામોટા લોકોને સલાહ આપવામાં અને દોરવામાં જતો; અને છતાં એમની પાસે આવનારા પરદેશીઓની સંખ્યા ઓછી ન હતી. હિંદુસ્તાનની સેવા કરવા આવેલા પરદેશીઓ તો એમની પાસે આવતા જ, પણ જેમને હિંદુસ્તાનના નહિ પણ પોતપોતાના દેશના કટોકટીના સવાલોની જ પડી હતી, એવા લોકો પણ ગાંધીજી પાસે આવી પોતાના કાર્ય માટે નવી પ્રેરણા મેળવીને પાછા જતા. છેલ્લેછેલ્લે એવું એક પણ અઠવાડિયું નહિ ગયું હોય કે જ્યારે પરદેશના લોકો આવી રીતે એમની પાસેથી પ્રેરણા લેવા નહિ આવ્યા હોય.

હું એવા પણ દાખલા જાણું છું કે યુરોપ કે અમેરિકાનો કોઇ માણસ ત્યાંથી કેબલ કરીને ગાંધીજી પાસેથી અરધા કલાકની મુલાકાતની રજા માગી લે; હજારો રૂપિયા ખર્ચીને અહીં આવી જાય; પોતાને પૂછવાના સવાલો મનમાં ગોઠવીને અરધા કલાકમાં જેટલું મેળવાય તેટલું મેળવી લે અને પોતાની બધી મહેનત લેખે લાગી એવી ધન્યતા અનુભવતો પાછો જાય.

એશિયામાં ફેલાયેલા ભૂખમરાની વિકરાળતા જાણી અમેરિકાના કેટલાક બહુ મોટા લોકો 'આપણે કઇ રીતે મદદ કરી શકીએ' એ જાતે જોવા અહીં આવ્યા હતા. એમનું એ શિષ્ટમંડળ ગાંધીજીને દિલ્હી ખાતે બિરલાભવન પાસેના ભંગીવાસમાં મળ્યું. ઘણા સવાલજવાબ થયા. એક જણે ગાંધીજીને સીધો સવાલ પૂછ્યો, કે 'હિંદુસ્તાનની ભીડ ભારે છે, જાપાનની પણ છે, બન્નેને મદદ ન પહોંચાડી શકીએ તો અમારે કોને મદદ કરવી?' હિંદુસ્તાનમાં ભૂખમરાથી લાખ્ખો લોકો ટળવળતા હતા. ગાંધીજીની પ્રથમ જવાબદારી પોતાના દેશ પ્રત્યે જ હતી; એટલે એમને કોઇએ બીજો કોઇ પણ માણસ હોત, તો હિંદુસ્તાનનું જ નામ લેત અને એમાં એમનો કોઇ વાંક ન કાઢત, પણ ધર્મમૂર્તિ ગાંધીજીને અમેરિકાના પ્રતિનિધિએ 'અમારો ધર્મ શો' એ સવાલ પૂછ્યો હતો. ગાંધીજી એક ક્ષણ થોભ્યા અને ગંભીર સ્વરે એમણે જવાબ વાળ્યો: 'મારા મનમાં લવલેશ શંકા નથી કે તમારે જાપાનને જ મદદ કરવી' અને તરત કારણ પણ કહી દીધું: 'હિંદુસ્તાનને મદદ કરશો તો તે સેવાભાવથી પ્રેરાઇને, ઉપકાર વૃત્તિથી અથવા આંતરિક માનવતાના સંતોષને કારણે, પણ તમારે જાપાનની સેવા કરવાની છે પ્રાયશ્ચિત્ત તરીકે. તમે લોકોએ માણસાઇનું ખૂન કરી જાપાનનો નાશ કર્યો છે, એક બાહોશ અને માની વીરરાષ્ટ્રના આત્માને હણ્યો છે. એ પાપ ધોઇ કાઢવું એ તમારી પ્રથમ ફરજ છે. એ દિશામાં યત્કિંચિત્ પણ કરી શકશો, તો તમારી માણસાઇ બચવા પામશે.' સાંભળનારા તો સડક જ થઇ ગયા અને એ સંવાદ સાંભળવા હું ત્યાં હાજર હતો એની મેં તે ક્ષણે ધન્યતા અનુભવી,

એવી જ રીતે આરબો વચ્ચે અને યહૂદીઓ વચ્ચે ઝગડો ફાટ્યો, ત્યારે એ આખા પ્રશ્ન ઉપરનું સાહિત્ય વાંચી, બન્ને બાજુની દલીલો સાંભળી, યહૂદીઓને દુરંદેશીની સલાહ આપતા બાપુજીને મેં સાંભળ્યા છે. તે વખતે પણ મને થયેલું કે વિશ્વશાંતિ સ્થાપવા માટે અથવા આખી દુનિયાનાં તમામ રાષ્ટ્રોમાં કૌટુમ્બિક ભાવ ઉત્પન્ન કરવા માટે યૂનો જેવી દરબારી સંસ્થા ઉભી કરવા કરતાં જો દુનિયાએ એકલા ગાંધીજીને સરપંચ નીમ્યા હોત, તો માણસના લોહીની જે નદીઓ વહે છે, તે અટકી ગઇ હોત અને સંસ્કૃતિનો નાશ થતો બચી ગયો હોત. પણ સાંકડા મનની દુનિયા ગાંધીજીનું માહાત્મ્ય પૂર્ણપણે ઓળખી ન શકી; અને બધું એમના હાથમાં સોંપવાની કોઇએ હિંમત ન કરી.

તે વખતે આપણા દેશમાં ગાંધીજીએ કોંગ્રેસ જેવી નાનકડી પણ સ્વરાજને વરેલી એકમાત્ર સંસ્થા હાથમાં લીધી અને એને દુનિયામાં સૌથી મોટી નૈતિક મૂડીવાળી જનશક્તિની સંસ્થા બનાવી;

તેમ જ આખા દેશમાં અનેકવાર ફરીને નાના મોટા અસંખ્ય નેતાઓ એમણે ઘડી કાઢયા–ખરેખર અક્ષરશઃ ઘડી કાઢયા. એ સંસ્થાએ અને એ નેતાઓએ ગાંધીજીનું કાર્ય તો કરી આપ્યું પણ એમણે બતાવેલી સાધના સાધી નહિ, એની ઉપેક્ષા જ કરી. કેટલાકોએ તો એની ઠેકડી પણ કરી. પરિણામે આપણા દેશની સ્થિતિ શીશમહાલ જેવી થઇ છે. મધ્યકાલીન રાજમહેલોમાં એકાદ ઓરડીમાં જમીન, દિવાલ અને છત બધે અરીસાના નાનાનાના કટકાઓ બેસાડેલા હોય છે. એક ચંદ્રજ્યોતિ એ ખંડમાં સળગાવો એટલે અસંખ્ય અરીસામાંથી તેટલા જ પ્રતિબિંબો ઝળકી ઊઠે છે અને રંગીન પ્રકાશની દીવાળી થઇ જાય છે. આપણને લાગે છે કે લાખેક દીવાઓ ઝળહળી ઊઠયા છે! પણ એ બધાં બિંબો થોડાં જ હોય છે? એક બિંબનાં અસંખ્ય પ્રતિબિંબો! બિંબનો પ્રકાશ ઝાંખો પડી હોલવાઇ ગયો કે આખો ખંડ સનાતન અંધારામાં ડૂબી જવાનો!

ગાંધીજીની અસર એવી જ હતી એમ નહિ કહું. એમણે જવાહરલાલજી જેવા કેટલાક આર્યભૂષણ પુરુષોમાં જ્યોતિ જગાવી અને આજે તે જ આપણને કંઇક આશાનાં કિરણ બતાવી શકે છે. આપણે જે બધા એમને રસ્તે ચલ્યા, એમનું કામ કરતા થયા, તે બધાએ જો એમણે બતાવેલી સાધના અંગીકારી હોત તો હિંદુસ્તાનમાં શીશમહાલ બનવાને બદલે સ્વયંભૂ તેજ ફેલાવનારા નવલખ તારાનું આકાશ બન્યું હોત.

સત્યાગ્રહ દ્વારા અહિંસક પ્રતિકાર કરીને વિજય મેળવવાનો નવો માર્ગ ગાંધીજીએ દુનિયા આગળ રજૂ કર્યો. એ સત્યાગ્રહથી જ આપણને સ્વરાજ મળ્યું એમ ન કહેવાય, પણ સત્યાગ્રહ મારફતે દેશમાં એક નવી શકિત પેદા ન થઇ હોત અને કોંગ્રેસ મારફતે એનું સંગઠન ન થયું હોત, તો કોઇકાળે આપણા હાથમાં સ્વરાજ ન આવ્યું હોત. સત્યાગ્રહ અથવા અહિંસક પ્રતિકાર એ ગાંધીજીની આખી દુનિયાના દબાયેલા અને રંજાડાયેલા લોકો માટે અદ્‌ભૂત ભેટ છે. જેના હાથમાં સત્યાગ્રહ છે, તેને કોઇ કાળે પરાણે અપમાનજનક સ્થિતિમાં રહેવું નથી પડતું. ગમે તે પરિસ્થિતિમાં સત્યાગ્રહી માણસ આત્મગૌરવ સાચવી જ શકે છે.

રાજદ્વારી હિલચાલ અને સ્વરાજ્યપ્રાપ્તિ એટલું જ ગાંધીજીનું જીવનકાર્ય ન હતું. એમણે જીવનને સ્પર્શતાં અસંખ્ય ક્ષેત્રો ખેડયાં. એમની અહિંસા રાજદ્વારી લડત પૂરતી જ ન હતી. પશુપક્ષી, સર્પવીંછી અને ઝાડપાન સુધી અહિંસક રહેવા તેઓ મથતા હતા. પણ એમણે જોયું કે આજનો જમાનો, આજની માણસજાત, આટલી અહિંસા ઝીલી ન શકે. એ અધિકાર માણસે મેળવ્યો નથી. તેથી એમણે માણસમાણસ વચ્ચેના વ્યવહારમાં ચાલતી હિંસા દૂર કરવાનું કામ પોતાના હાથમાં લીધું. અમે જેલમાં હતા ત્યારે દાતણને અર્થે લીમડાની જરૂર કરતાં મોટી ડાળ તોડું અથવા પીંજણને ઘસવા માટે લીમડાનાં વધારે પડતાં પાંદડા તોડું તોય એમને ગમતું ન હતું. 'જરૂરી પાંદડાં ક્ષમા માગીને જ તોડાય' એમ તેઓ કહેતા. ભગવાન મહાવીરનું સ્મરણ કરવાના આજના દિવસે ગાંધીજીની આ બાજુ મારે આપની આગળ વિશેષ રીતે રજૂ કરવી જોઇએ. વૃત્તિએ આટલા અહિંસક હોવા છતાં એમણે ફકત માણસમાણસ વચ્ચેની હિંસા ટાળવાનો જ સવાલ હાથમાં લીધો હતો. એની સાથે જેની મહેનત વગર અને જેનાં દૂધ વગર આપણે જીવી જ શકતા નથી, તે ગાય–બળદની રક્ષા અને સેવાનું કાર્ય એમણે પોતાનું કર્યું હતું અને એનો કાર્યક્રમ નવી ઢબે દેશ આગળ મૂકયો હતો.

ગાંધીજીએ હરિજનો, સ્ત્રીજનો અને ભૂમિજનોની હજારો વર્ષની કફોડી સ્થિતિ દૂર કરવા માટે મારે જહેમત ઉઠાવી. અસ્પૃશ્યતાનિવારણની બાબતમાં આખા રાષ્ટ્રનું હૃદયપરિવર્તન તેઓ સફળતાપૂર્વક કરી શકયા છે. છૂઆછૂત રાખવી જોઇએ એવો બચાવ હવે કોઇ કરતું નથી. આચરણમાં હજી ઘણી શિથિલતા છે, પણ કાયદો થયો છે એટલે અસ્પૃશ્યતા તો હવે ગઇ જ સમજવી.

સ્ત્રીજનો માટે ગાંધીજીએ જે કર્યું છે, તેનો દસમો ભાગ પણ દુનિયા જાણતી નથી. સ્ત્રીજાતિ પુરૂષથી દબાયેલી રહે, માથું ઉંચું કરી ન શકે, એ વસ્તુ એમને માટે અસહ્ય હતી. જવાબદારીનાં બધાં ક્ષેત્રો પુરૂષો જેટલાં જ સ્ત્રીઓને મળે એ માટે તેઓ હમેશાં જાગૃત રહેતા. આજે તો સ્ત્રીજાતિની સ્થિતિ મૂક જાનવરની પેઠે અસહાય છે. એમનું રક્ષણ કરવું જોઇએ, એ તરફ એમનું વિશેષ ધ્યાન રહેતું. એક વખતે સાબરમતીમાં એક તૂટતું વેવિશાળ સાંધી આપ્યા પછી એમને થયું કે આમાં તો કન્યાને અન્યાય થાય છે. એટલે કન્યાના પિતને સમજાવી એમણે સાંધેલું વેવિશાળ તોડી નંખાવ્યું. તે વખતે હું હાજર હતો. મને તેઓ કહે, 'કાકા, મેં આજે ગૌરક્ષાનું કામ કર્યું.' એમને મન મૂક બાળાઓ ચતુષ્પાદ ગાયો જેટલી જ અસહાય અને પવિત્ર હતી.

ભૂમિજન એટલે કે આદિવાસીઓનું કામ પણ એમને મન ઘણું જ મહત્વનું હતું. શ્રી. ઠક્કરબાપા મારફતે એમણે આદિવાસીઓની ઘણી સેવા કરી છે. એ કામનો આપણે હાથે હજી પૂરો પ્રારંભ પણ થયો નથી એમ તેઓ હમેશાં કહેતા.

પણ આખી દુનિયાની રાજનૈતિક સ્થિતિ તપાસી એમણે જે નવો રસ્તો બતાવ્યો છે તેની વાત મારે કરવી છે. જેમ વિવાહ એ એક હજી સફળ ન થયેલી સંસ્થા છે, તેમ વ્યકિત અને સમાજ વચ્ચેના રાજનૈતિક અને સામાજિક સંબંધો પણ બરાબર ગોઠવાયા નથી. વ્યકિત શ્રેષ્ઠ કે સમાજ શ્રેષ્ઠ એ પ્રશ્ન હજી અણુઉકલ્યો જ રહ્યો છે. બે વચ્ચે શુદ્ધ સમન્વય સધાતો જ નથી. એક પક્ષ કહે છે કે વ્યકિત એ જ મુખ્ય છે. એ ઇશ્વરની કૃતિ છે. સમાજ કેવળ સંખ્યા છે. ચૈતન્ય તત્વ વ્યકિતમાં જ હોય છે. એને ભોગે સમાજનું સંગઠન ન જ કરાય. વ્યકિત–સ્વાતંત્ર્યનો ભોગ ન જ અપાય. આ ભૂમિકા લીધા પછી રાજનીતિના ક્ષેત્રમાં કાં તો જંગલનો ન્યાય સ્વીકારવો પડે છે અને જેમ જંગલનાં બધાં જ પશુઓ સ્વતંત્ર છે, ગમે તે બીજાને મારી શકે છે, કોઇ કોઇનું રક્ષણ કરવાને બંધાયેલાં નથી તેવી સ્થિતિ આવીને ઊભી રહે છે; અથવા દાર્શનિક અરાજકવાદ સ્વીકારવો પડે છે, જેમાં વ્યકિત પોતે જ પોતાના ઉપર અંકુશ રાખે છે અને વ્યકિતને કશું કહેવાનો અધિકાર સમાજના હાથમાં હોતો નથી.

બીજો પક્ષ કહે છે કે વ્યકિત આજે છે અને કાલે નથી. વ્યકિતના પ્રમાણમાં સમાજ ચિરંજીવી છે: સંસ્કૃતિની મૂડી સમાજના જ હાથમાં સુરક્ષિત રહે છે. સમાજ એ જ ખરી આધ્યાત્મિક હસ્તી છે. રાજનૈતિક, સામાજિક, આર્થિક, ધંધાવિષયક અને વૈવાહિક–બધાં જ ક્ષેત્રોમાં વ્યકિતએ સમાજના અંકુશ તળે રહેવું જોઇએ. સમાજ માટે વ્યકિત છે. એ લોકો આપણો જૂનો શ્લોક પણ ટાંકે છે:–

त्यजेत् एकम् कुलस्यार्थे, ग्रामस्यार्थे कुलं त्यजेत् ।

ग्रामं जनपदस्यार्थे–(ચોથી લીટી આપણે છોડી દઇએ.) આ પક્ષ આપણને સર્વસત્તાવાદી–Totalitarian–સમાજવાદ કે સામ્યવાદ તરફ લઇ જાય છે; અને જેને આજે ડેમોક્રસી કહે છે તે આ બે છેડા વચ્ચે જેમતેમ માંડવાળ કરીને ચાલવા માટે ફાંફાં મારે છે.

ગાંધીજીએ જોયું કે જો કે આ બહુજનસમાજની આજની સ્થિતિમાં કામચલાઉ વ્યવસ્થા તરીકે ડેમોક્રેસી ઠીક છે, તો પણ જ્યાં સુધી વ્યકિત અને સમાજ બન્ને આત્મશુદ્ધિ ન કરે ત્યાં સુધી એ બે છેડા વચ્ચે વિરોધ, ઝઘડો કે સંઘર્ષ રહેવાનો જ. જો વ્યકિત અને સમાજ બન્ને શુદ્ધ થઇ જાય તો બન્ને એકબીજાને પૂર્ણપણે પોષક છે.

વ્યકિતમાં સ્વાર્થ હોય છે, આપ–પર ભાવ હોય છે, ભોગ

અને ઐશ્વર્યની લાલસામાં વ્યક્તિ તણાઇ જાય છે, વાસનાની દાસ બને છે અથવા અહંકારથી તોછડાઇ ફેલવે છે. પરિણામે વ્યક્તિમાં અસામાન્જિકતા આવી જાય છે. બીજે છેડે સમાજમાં સંકુચિતતા, ઉચ્ચનીચ ભાવ અને બીજા ઉપર રાજ્ય ચલાવવાની મેલી અભિલાષા દેખા દે છે; અને તેથી સમાજ વ્યક્તિને અને બીજા સમાજને નીચોવવા માગે છે, યુદ્ધ ચલાવે છે અને આત્મહત્યાને રસ્તે જાય છે. વ્યક્તિ અને સમાજ બન્ને આત્મશુદ્ધિ દ્વારા નિર્વિકારી થઇ જાય એટલે એની મેળે સર્વોદય સમાજ સ્થપાવાનો. આને માટે આખી દૃષ્ટિ ફેરવવાનું કામ ગાંધીજીએ આખો જન્મારો કર્યું છે, પણ વ્યક્તિ અને સમાજ–બન્નેએ દુર્દૈવે એ તરફ દુર્લક્ષ જ કર્યું છે.

મારે બીજી મહત્ત્વની વાત કહેવાની છે તે ગાંધીજીએ પોતાની જાતને કેળવવા માટે જે સાધના ખીલવી તેની છે. અત્યાર સુધીના ધર્માચાર્યોએ કે ધર્મસંસ્થાપકોએ જે જે સાધના બતાવી છે, તેનો ગાંધીજીએ ઓછો વધતો અભ્યાસ કર્યો જ હતો, એના પ્રત્યે એમને આદર પણ હતો, પણ એમણે પોતાની આખી સાધના પોતાની મેળે જ વિકસાવી હતી. જેમ કેળવણીમાં નવી દિશા સૂચવતાં એમણે કહ્યું કે કેળવણી જીવન માટે તો હોવી જ જોઇએ પણ એ જીવન વાટે પણ હોવી જોઇએ. એવી જ રીતે એમણે પોતાની આધ્યાત્મિક સાધના પણ જીવન મારફતે જ સાધી; એટલે કે જીવનને જ સાધનામય બનાવી દીધું. એમનો યોગ પણ જીવનયોગ હતો; જ્યારે હું માનું છું કે એમણે એ સાધના, માણસની શક્તિ પ્રમાણે, પૂર્ણત્વ સુધી પહોંચાડી હતી.

એમની સાધનાની મુખ્ય ખૂબી એ હતી, કે એમણે એ બધી સાધના પોતાની આસપાસના સમાજને સાક્ષી રાખીને, અમુક હદ સુધી તેનો સહકાર મેળવીને અને હંમેશાં એનો આશીર્વાદ યાચીને સાધી હતી. એમની પાસે ખાનગી એવું કશું ન હતું. બીજાને અગવડ જેવું જણાય એટલું જ તેઓ ખાનગી રાખતા. આખું જીવન પ્રગટ રાખીને એમણે અસાધારણ શુદ્ધિ મેળવી હતી. સત્ય, અહિંસા, પારમાર્થિકતા અને પ્રગટતા એ એમની સાધનાની લોકોત્તર વિશેષતા હતી.

એમની એ સાધનાનું ખાસ અધ્યયન થવું જોઇએ; કેમ કે એ વાટે જ દુનિયાને ઉદ્ધારનો રસ્તો મળવાનો છે. અત્યારે તો એનો કેવળ અંગુલિનિર્દેશ જ કર્યો છે. સાધનવીરોએ એમના આખા જીવનનું અને એના પ્રેરક તત્ત્વોનું ઊંડું અધ્યયન કરી અને એમના સાથીઓએ એમની જીવનદૃષ્ટિનું અને કાર્યપદ્ધતિનું પૃથક્કરણ કરી સાધકો આગળ ગાંધીજીની અભિનવ સાધના રજૂ કરવી જોઇએ.

ગાંધીજીની આ સાધનામાં એક બાજુએ સત્યનિષ્ઠા, સંયમ, ઇંદ્રિયજય, એને અંગે ઉપવાસ, આત્મપરીક્ષણ અને પ્રાર્થના આવે છે; તો બીજી બાજુ આવે છે દોષોનો અને ભૂલોનો જાહેર એકરાર, સેવામય જીવન, સેવાર્થે સ્વાર્થત્યાગ, આત્મૌપમ્ય અને અંતે આત્મૈક્ય. સનાતની, બૌદ્ધ અને જૈન યોગસૂત્રોમાંથી એમણે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ એ પાંચ યમો લીધા. અને એમાં નિર્ભયતા, અસ્પૃશ્યતાનિવારણ, સ્વદેશી, સર્વધર્મસમભાવ, શરીરશ્રમ–એ છ નવા યમો ઉમેર્યા; અને એમાં નમ્રતાના વાતાવરણની આવશ્યકતા બતાવી સાધના પૂરી કરી દીધી.

ગાંધીજીની સાધનામાં આત્મૌપમ્ય અને આત્મૈક્યને અસાધારણ સ્થાન છે. પણ આત્મૌપમ્ય એમને માટે પહેલેથી એટલું બધું સ્વાભાવિક હતું કે એને એમની સાધના કહેવાય કે નહિ એ એક પ્રશ્ન જ છે. એ આત્મૌપમ્યનો એક જ દાખલો આપું. સેવાગ્રામમાં ગાંધીજી રહેવા ગયા એટલે આસપાસના લોકો એમની પાસે બાંદગીનો ઇલાજ કરાવવા માટે આવવા લાગ્યા. સેવા કરવાની તક મળે એટલે ગાંધીજી તો રાચે. એકવાર એક ગરીબ માણસ આવ્યો. એને આખા શરીરે ખરજવું થયું હતું. ગાંધીજીએ એને ઉપવાસ કરાવ્યા. એનિમા–બસ્તિ આપી; અને સાથેસાથે કહ્યું કે એકાંતમાં નગ્નસ્નાન કરી અમુક રીતે ઘસીને આખું શરીર સાફ કરવું. એટલામાં એમને વિચાર આવ્યો કે આ ગરીબ માણસ પાસે એકાંત કયાંથી અને નાહવાની સગવડ પણ એ કયાંથી ઊભી કરી શકે? તરત એમણે કહ્યું કે 'આ પાસેની ઓરડીમાં આરી નાહવાની સગવડ તૈયાર છે. એ ટબમાં જ નહાજે. ફેલા પરના સુકાયેલા પોપડા વગેરે બધા દૂર કરજે એટલે તને હું દવા લગાડીશ.' આટલું કરાવ્યા પછી એક આશ્રમવાસીને એમણે કહ્યું: 'એ નાહી રહે એટલે દવા નાખીને ટબ સાફ કરજે અને એમાં મારે નાહવા માટે પાણી ફરી ભરી રાખજે.'

પરચુરે શાસ્ત્રીને કુષ્ટ રોગ થયો હતો; અને શરીરમાંથી પરુ નિકળતું ત્યારે પણ ગાંધીજી જાતે એમની સેવા કરતા તે વસ્તુ તો બધા જાણે જ છે. પણ બહારના લોકો નથી જાણતા તે એ, કે ગાંધીજીને આવી રીતે કુષ્ટ રોગોની સેવા કરતા જોયા પછી આશ્રમના બીજા લોકો પણ નિર્ભયતાથી અને પ્રેમથી પરચુરે શાસ્ત્રીને માલિશ વગેરે કરતા થયા.

ગાંધીજી સેવાગ્રામ રહેવા ગયા ત્યારે આસપાસ સર્પો ઘણા હતા અને ખેડૂતો સર્પોને મારતા પણ હતા. ગાંધીજીએ વિચાર્યું કે જે સર્પો ઝેરી નથી તેટલાને તો આપણે બચાવીએ. તરત એમણે હિંદુસ્તાનના સર્પો વિષેની ચોપડી મંગાવી, આસપાસના સર્પો પકડી પકડીને પાંજરામાં પૂર્યા. એમાં ઝેરી કયા ને નિર્વિષ કયા એ ચોપડી પરથી શોધી કાઢયું અને ખેડૂતોને સમજાવવા લાગ્યા કે આવા આવા સર્પોને તો ન જ મારવા. આપણાં શાસ્ત્રોમાં પણ સર્પોને ક્ષેત્રપાળ કહ્યા છે તે અમસ્તું નથી. ઘણાખરા સર્પો ખેતરના ઉંદરોને ખાઇ જઇ ખેતીનું રક્ષણ કરે છે અને તેથી તેઓ ખેડૂતોના મદદગાર ગણાય છે.

સત્યાગ્રહ રાજદ્વારી શાસ્ત્ર હોવા ઉપરાંત એ એમની જીવનસાધના પણ હતી. સામા માણસના હૃદય સુધી પહોંચી ત્યાં દરેક જાતની ભલાઇ જાગૃત કરવી એ સત્યાગ્રહનો મુખ્ય ઉદ્દેશ હોય છે. સામા માણસમાં હૃદય છે, તે જાગૃત થઇ શકે છે; અને તે જાગૃતિ આણવા માટે જે કાંઇ ભોગ આપવો પડે તે ભોગ આપવાની આપણામાં શક્તિ છે અને તેની સારી અસર યથાકાળે થવાની જ. એ સત્યાગ્રહના મૂળમાં રહેલી ખાસ શ્રદ્ધા છે. એ જ સાચી આસ્તિકતા છે. એ આસ્તિકતામાંથી ગાંધીજીએ સત્યાગ્રહના અનેક પ્રકારો પ્રગટ કર્યા છે. સ્વ. મોતીલાલ નહેરુ, ચિત્તરંજન દાસ વગેરે સાથે મતભેદ થતાં ગાંધીજીએ જે નિરાગ્રહી વૃત્તિ ધારણ કરી અને પોતાનો અધિકાર છોડી દીધો તે પણ સત્યાગ્રહનો જ એક પ્રકાર હતો. રાજકોટમાં પોતાની તરફેણમાં મળેલો ચુકાદો ઝેરી રૂપ પકડવાનો છે એ જોતાવેંત તે ચુકાદો જતો કર્યો એ પણ સત્યાગ્રહનો જ એક પ્રકાર હતો. પણ સત્યાગ્રહનો છેલ્લો આવિષ્કાર ગાંધીજીએ બતાવ્યો તે નોઆખલીમાં. બિહાર, કલકત્તા, દિલ્હી અને નોઆખલીમાં હિંદુઓ દબાઇ ગયા હતા. મુસલમાનોની આંખમાં કેવળ મારજ દેખાતો હતો. એવે વખતે ગાંધીજીએ ત્યાં જઇને મુસલમાનોમાં માણુસાઇ આણવાનું અને હિંદુઓમાં નિર્ભયતા આણવાનું અદ્‌ભુત કામ શરૂ કર્યું. એ વખતે હું એમને મળવા ગયો હતો. એમણે કહ્યું 'અહીં નોઆખલીમાં મારા સત્યાગ્રહનું નવું સ્વરૂપ પ્રગટ થાય છે અને એ મને મારા નૈસર્ગિક ઉપચારમાંથી જડયું છે. નૈસર્ગિક ઉપચારમાં બહારથી દવા લેવાની નથી હોતી પણ અંદરથી જ લોહી શુદ્ધ કરીને રોગ હટાવવાનો હોય છે. એમાં જ મને રામનામનો અદ્‌ભુત કીમિયો પણ જડયો છે. રામનામ એ આત્મિક શક્તિ છે. માનસિક જ નહિ પણ શારીરિક રોગોનું પણ એ ઓસડ છે.'

બરોબર નોઆખલી, બિહાર, કલકત્તા અને દિલ્હીમાં ગાંધીજીએ જે સત્યાગ્રહ પ્રગટાવ્યો તે એમનું બ્રહ્માસ્ત્ર હતું. આપણા પુરાણકારોએ બ્રહ્માસ્ત્ર જેવો સુંદર શબ્દ આપણને આપ્યો છે, પણ એ બ્રહ્માસ્ત્રનું સ્વરૂપ કેવું હોય તે એમનાં ધ્યાનમાં ન આવ્યું. પુરાણકારો વર્ણવે છે કે બ્રહ્માસ્ત્ર છૂટ્યું અને ત્રિલોકને બાળીને ભસ્મ કરવા લાગ્યું ! બ્રહ્માસ્ત્ર આવું હોય નહિ.

બ્રહ્માસ્ત્ર શું આસુરી શક્તિ છે કે બધે આગ ફેલાવે ? બ્રહ્માસ્ત્ર દૈવી શક્તિ છે. એ તો બધે શાંતિ, પ્રેમ અને શીતળતા જ ફેલાવી મૂકે. એનું કાર્ય ધૂપના કાર્ય જેવું પણ અનંતગણું મોટું હોય છે. ધૂપ જેમ પોતે બળીને આસપાસ સુવાસ અને આરોગ્ય ફેલાવે છે તેવી જ રીતે બ્રહ્માસ્ત્ર ચલાવનાર મહાત્મા પોતાની જાતને બાળીને પોતાની આસપાસનું ઝેર ઉતારવા મથે છે. નોઆખલી પછી ગાંધીજીએ એ જ કાર્ય કર્યું પણ એમની એ અદ્‌ભુત શક્તિ કેટલાક લોક જીરવી ન શકયા અને એમણે ગાંધીજીનો ભોગ લીધો. ભોગ લઈને એમને કશું મળ્યું નહિ. ફકત પાપ અને જનતાના શાપ જ એમણે મેળવ્યા; કેમકે શરીર મારફતે જેટલું કાર્ય કરી શકાય એમ હતું તેટલું ગાંધીજી કરી ચૂકયા હતા. જીવન વાટે પૂરેપૂરી સેવા આપ્યા પછી મરણ વાટે પણ અદ્‌ભુત સેવા કરવાની તક, સોક્રેટિસ અને ખ્રિસ્તની પેઠે, એમને મળી. આજનો સમય એટલો વિષમ છે, કે ગાંધીજીના એ અંતિમ બલિદાનની અસર મણ મુસલમાનો ઉપર તેમ જ હિંદુઓ ઉપર થતાં વાર લાગવાની છે. પણ એ અસર થવાની છે એ વિષે શંકા નથી. અત્યારે જે ભૂત ભરાયું છે એ ઊતરી જશે ત્યાર પછી જ ગાંધીજીના બલિદાનનો પૂરો અર્થ એ બન્ને કોમો સમજશે, અને પછી જ એ બન્નેમાં ઝપાટાભેર જીવનપલટો થશે. અહિંસાધર્મનો એ વિશાળ પાયા પરનો વિજય હશે અને એમાંથી જ દુનિયાને વિશ્વશાંતિનો રસ્તો જડશે.

કાકા કાલેલકર

સંઘ સમાચાર

જે. પી. સભ્યોનું સન્માનસંમેલન

બૃહદ્ મુંબઈ માટે નવા જે. પી. તથા ઓનરરી મેજીસ્ટ્રેટની જે યાદી બહાર પડી છે તે બરોબર તપાસતાં માલુમ પડે છે કે આ યાદી મુજબ શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના નીચે મુજબ નવ સભ્યોને આ અધિકાર પ્રાપ્ત થયા છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે.

શ્રી શાન્તિલાલ હરજીવન શાહ.	શ્રી ચીમનલાલ મોતીલાલ પરીખ.
,, કકલભાઇ ભુદરદાસ વકીલ.	
,, રતિલાલ ચીમનલાલ કોઠારી.	,, લખમશી ધેરાભાઇ.
,, ચંદુલાલ ટી. શાહ.	,, માધવલાલ હીરાલાલ શાહ.
,, મણિબહેન ચંદુલાલ નાણાવટી.	,, શાન્તિલાલ હીરાલાલ શાહ.

આ સભ્યોનું સન્માન તેમ જ અભિનંદન કરવા માટે તા. ૧૬-૯-૪૮ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ તરફથી એક નાનું સરખું સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. સંઘના પ્રમુખની ગેરહાજરીમાં સંઘ તરફથી શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ જે. પી. તથા ઓનરરી મેજીસ્ટ્રેટના અધિકારને પામેલા સંઘના સભ્યોને આવકાર આપ્યો હતો અને આ અધિકાર તેમને આપવામાં આવ્યો છે તે તેઓના જૈન હોવાના કારણે નહિ પણ મુંબઈ શહેરના વિશ્વાસપાત્ર શહેરીઓ તરીકે આપવામાં આવ્યો છે એ હકીકત બરોબર ખ્યાલમાં રાખીને નાતજાત કે ધર્મના કશા પણ ભેદભાવ સિવાય તેઓ અન્ય નાગરિકો પ્રત્યેની ફરજ પુરી નિષ્ઠાથી બજાવે અને જ્યારે જ્યારે તેમની સેવાની જરૂર પડે ત્યારે ઉભા પગે સર્વ પ્રકારના જોખમ ખેડીને બને તેટલી સેવા આપે અને એ રીતે તેમને મળેલા નવા અધિકારને સાર્થક કરે એવી આશા વ્યકત કરી હતી. આ સન્માનનો ઉત્તર આપતાં શ્રી. કકલભાઇ ભુદરદાસ વકીલે સંઘની કાર્યવાહક સમિતિનો ઉપકાર માન્યો હતો અને સંઘની આજસુધીની કારકીર્દી અને આજની કાર્યવાહી પરત્વે પોતાનાં કેટલાંક મન્તવ્યો રજુ કર્યા હતાં. ત્યારબાદ શ્રી. માધવલાલ હીરાલાલ શાહ, શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારી તેમ જ શ્રી. ચંદુલાલ ટી. શાહે તથા શ્રી. મણિલાલ મોકમચંદ શાહ અને શ્રી. ટી. જી. શાહે પ્રસંગોચિત વિવેચન કર્યાં હતાં અને અલ્પાહાર બાદ સ્નેહસંમેલન વિસર્જન થયું હતું.

સદ્‌ગત વ્રજલાલ ધ. મેઘાણી સ્મારક

થોડા સમય પહેલાં પ્રબુધ્ધ જૈન માં જાહેરાત કરવામાં આવી હતી તે મુજબ શ્રી. સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના પ્રમુખ શ્રી. મનુ સુબેદાર ઉપર તા૦ ૬-૮-૪૮ ના રોજ સંઘના મંત્રી તરફથી નીચે મુજબ પત્ર લખવામાં આવ્યો હતો :—

તા. ૬-૮-૪૮

સુજ્ઞ મહાશય

સવિનય વિજ્ઞપ્તિ કે સદ્‌ગત ડોકટર વ્રજલાલ ધરમચંદ મેઘાણીના સ્મારક નિમિત્તે અમારી પાસે આશરે રૂા. ૨૫૦૦) ની રકમ પડેલી છે. આ રકમનો શી રીતે સારામાં સારો ઉપયોગ થઇ શકે તે સંબંધે આપના પ્રમુખ શ્રી. મનુ સુબેદાર સાથે કેટલાક સમય પહેલાં મારે ચર્ચા થઇ હતી. અને સદ્‌ગત વ્રજલાલ મેઘાણી જેવી માનવતાસ્પર્શી વાર્તાઓ લખતા હતા તેવું વાર્તા સાહિત્ય પ્રગટ કરવા પાછળ આ રકમ ખરચવાની કોઇ યોજના થઇ શકે તો તે તેમનું સારામાં સારું સ્મારક કર્યું લેખાય એવા અભિપ્રાય ઉપર અમે આવ્યા હતા. આ અભિપ્રાયના અનુસંધાનમાં તેમની સાથે બીજી કેટલીક વિશેષ ચર્ચા થઇ અને તેની વિગતો અમારા સંઘની કાર્યવાહક સમિતિમાં રજુ કરવામાં આવી. જેના પરિણામે અમારી કાર્યવાહક સમિતિએ નીચેની સમજુતી ઉપર આપના ટ્રસ્ટને ઉપર જણાવેલ રૂા. ૨૫૦૦)ની રકમ સુપ્રત કરવાનો ઠરાવ કર્યો છે.

(૧) જે પ્રકારની માનવતાસ્પર્શી વાર્તાઓ સદ્‌ગત વ્રજલાલ ધરમચંદ મેઘાણી લખતા હતા અને જે પ્રકારની વાર્તાઓ તેમના "આળાં હૈયાં" માં પ્રગટ કરવામાં આવી છે તેવું આજના સાહિત્યલેખકો પાસે આપે વાર્તાસાહિત્ય તૈયાર કરાવવું અથવા તો જુના ધર્મસાહિત્યમાંથી તેમ જ અર્વાચીન અંગ્રેજી સાહિત્યમાંથી તે પ્રકારની વાર્તાઓ ચૂંટીને અનુવાદ કરાવવો અને એ વાર્તાઓ લખાવવા બદલ અથવા તો ઉપર જણાવ્યા મુજબની વાર્તાઓની ચુંટણી તેમ જ અનુવાદ કરાવવા બદલ લેખકોને કે અનુવાદકોને જે પુરસ્કાર આપવો પડે તે ઉપર જણાવેલ રૂા. ૨૫૦૦) માંથી આપવો.

(૨) આ રીતે ઉપલબ્ધ લખાણોમાંથી આપની સગવડ તેમ જ પસંદગી મુજબ આપે વાર્તાસંગ્રહો પ્રગટ કરવા અને આ રીતે પ્રગટ થતા દરેક વાર્તાસંગ્રહમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સદ્‌ગત વ્રજલાલ ધરમચંદ મેઘાણી સ્મારક નિમિત્તે આપને મળેલા રૂા. ૨૫૦૦) સંબંધે આપે યોગ્ય ઉલ્લેખ કરવો.

(૩) આપના તરફથી આ રીતે ઓછામાં ઓછા પાંચ વાર્તાસંગ્રહો બહાર પડશે એવી અમારી અપેક્ષા છે.

(૪) ઉપરની રકમમાંથી પુરસ્કાર અપાયને આપના ટ્રસ્ટ તરફથી જે જે વાર્તાસંગ્રહ પ્રગટ કરવામાં આવે તે દરેકની પાંચ પાંચ નકલ આપે અમારા શ્રી મુંબઇ જૈન યુવક સંઘને ભેટ આપવી.

આપનો આ સંબંધમાં સંમતિપત્ર આવ્યે આપને અમો રૂા. ૨૫૦૦) ના ચેક મોકલી આપીશું. લી.

પરમાનંદ કુંવરજી કાપડીયા.
મંત્રી, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

એ પત્રનો નીચે મુજબ ઉત્તર આવ્યો હતો.

Bombay 6th August 1948

Messrs. Bombay Jain Yuvak Sangh, Bombay

Dear Sirs,

I acknowledge your letter of the 6th instant and on behalf of the Trustees, accept the offer made.

We assure you that we shall do our best in the circumstances in this matter

The terms set out by you are acceptable to us.

Yours faithfully
Manu Subedar
President, Sastu Sahitya Mudranalaya Trust (Ahmedabad)

(અનુવાદ)

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ જોગ, મુંબઈ,

સુજ્ઞ મહાશય

આપનો તા. ૬ ઠી નો પત્ર મળ્યો અને આપે જે માંગ-માંગણીઓ રજુ કરી છે તે માંગણીઓનો ટ્રસ્ટીઓની વતી હું સ્વીકાર કરું છું.

આ બાબતમાં સંયોગોને આધીન રહીને આપે સોંપેલું કાર્ય અમો અમારાથી બનતું સારામાં સારી રીતે બજાવીશું એવી અમો આપને ખાત્રી આપીએ છીએ.

આપે રજુ કરેલી સરતો અમને સ્વીકાર્ય છે.

આપનો **મનુ સુબેદાર**

પ્રમુખ, સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ (અમદાવાદ).

આ ઉત્તર મળ્યા બાદ તા૦ ૨૩ સપ્ટેમ્બરના રોજ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી રૂ. ૨૫૦૦ નો ચેક મોકલવામાં આવ્યો છે જેની પહોંચ આવી ગઇ છે. આ રીતે સદ્‌ગત મેઘાણીનો આત્મા પ્રસન્ન થાય એવી આ યોજના તેમના સ્મારક રૂપે અમલમાં મુકાશે એ જાણીને તેમના મિત્રો અને પ્રશંસકોને સંતોષ થશે એવી અમો આશા રાખીએ છીએ.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શા માટે ખ્રિસ્તી ન થાય ?

પેલા આવેલા માણસોને ઓળખ્યા નહી એટલે મારે તેમને પૂછવું પડ્યું ;

'ક્યાંથી આવો છો.'

'... ગામથી આવીએ છીએ.'

'શું કામ હતું' ?

'કામનું તો પૂછવું જ શું ? ઓછું કાંઇ તમારાથી અજાણ્યું હશે ?'

'તમે શું કહેવા માગો છો તે હું કાંઇ જાણતો નથી.

'બાપુજી ! શું વાત કરીએ ?' ત્રણેમાં જે સૌથી મોટો હતો તે કહેવા લાગ્યો; 'અમને જે વીતી છે તે કોઇનેય ન વીતજો. દોડયા દોડયા તમારા શરણે આવ્યા છીએ.'

'મને સાફ સાફ બતાવો કે તમે શું કહેવા માંગો છો ?'

'વાત એમ છે કે ગામમાં પાંચેક દીવસથી ઢોરોમાં રોગચાળો નીકળ્યો છે. અત્યાર સુધીમાં દશથી પંદર નાનાં મોટાં ઢોર મરી ગયાં હશે. રોગચાળો શાથી શરૂ થયો તે તો અમને શી ખબર પડે ? પણ ગામલોકો કહે છે કે તમે ઢેડાએ કંઇક જંતર મંતર કર્યા છે એટલે રોગ લાગુ પડયો છે. બોલો બાપલા ! આમાં અમારો શો વાંક ગનો ?' બોલનાર હાથ જોડીને કરગરતો હોય તેમ બોલતો હતો.

'તો તમે લોકોને કંઇ ન કહ્યું ?'

'કેમ નહિ કહ્યું હોય ? અમે ગામના આગેવાનો આગળ પાઘડી ઉતારી બે હાથ જોડી કરગર્યા કે બાપાપ આમાં અમારો વાંકગનો નથી, અમે કંઇ કર્યું નથી. બે હાથનો આદમી શું કરવાવાળો છે ? ભગવાનની આગળ કોઇ ડાહ્યું નથી. અમારા જેવા પર શક રાખવો નકામો છે. આવી તો ઘણી વિનવણી કરી. પણ કુણ માને ? લોકો તો ઉલટા અમારા પર ઉશ્કેરાઈ ગયા અને વાસ પર ચઢી આવ્યા. ઈંટાળા અને રોડાંનો વરસાદ વરસાવ્યો. કેટલાંક છોકરાંને વાગ્યાં. બૈરાનાં માથાં ફુટી ગયાં. એક ડોહા તો પધારીવશ થઇ ગયા છે. અમારાથી ગામમાં નીકળાતું નથી. ગામે છાશપાણી બંધ કરી દીધાં છે. અમારાં છોકરાં ભૂખે મરે છે. બાપજી અમને જીવાડો. કરપા કરી તમે લોકોને સમજાવો; નહિ તો અમે મરી જઇશું. લોકો વિફરશે તો અમારો ઢેડવાસ ને ભંગીવાસ બાળીને ખાક કરી દેશે. સેવકરામ ! તમે તો અમારા બેલી છો, તમે સાથ નહિ કરો તો કુણ કરશે ?'

જો પ્રસંગ ગંભીર ન હોત તો તે લોકો અને જે રીતે રક્ષણહાર બનાવતા હતા તે સાંભળીને હું હસી પડત, પણ તેમણે જે બયાન કર્યું તે સાંભળીને તો મારું હૃદય રડી ઉઠયું. ચાર ચાર દીવસથી લોકો ઘરની બહાર નીકળી શકતાં નથી. હવાડાનું ગંદુ પાણી છાનેછપને લાવીને પીએ છે. ગામ વચ્ચે તો નીકળવાની કોઇનીય હીંમત થતી નથી. મજુરી પણ મળતી નથી. ભીખ પણ મળતી નથી. છાશ પણ બંધ થઇ ગઇ. શું ખાય ? શું કરે ? તે લોકોની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. તેમના માથે મોત મરકતું હોય તેવી તેમની દશા થઇ ગઇ હતી.

માણસે માણસની દશા કેવી કરી છે. ? સમાજના ઉપલા વર્ગે નીચલા થરને અછુત ગણ્યો. તેને અડકે તોય અભડાઇ જવાય. ઢોરને અડકાય, કુતરાને અને ગધેડાને અડકાય, પણ હરીજનને ન અડકાય ! આ કેવો ન્યાય ! ભવિષ્યની પ્રજા જ્યારે જાણશે કે સ્વરાજ્ય આવ્યા પછી આભડછેડ હયાત હતું ત્યારે આપણા પર કેવો ફીટકાર વરસાવશે ? અંગ્રેજો કહેતા હતા કે તમે સ્વરાજ્યને લાયક નથી. ત્યારે આપણે અંગ્રેજોને સંભળાવી દેતા કે તમારે સ્વરાજ આપવું નથી માટે બહાના બતાવો છો; પણ હવે સ્વરાજ્ય આવ્યા પછીય આપણે લાયક ન બન્યા. આફ્રિકામાં કાળાધોળાના રંગભેદને માટે સત્યાગ્રહ થાય છે. દુનિયા આગળ હિંદ રંગભેદ દૂર કરવાની માગણી કરે છે પણ ઘરમાં આભડછેટ ભર્યું છે તેનું શું ? હરિજનોને અછૂત કહી દૂર રાખીએ છીએ તેનું શું ? જ્યાં સુધી હરિજનોને આપણી પડખે ન બેસાડીએ ત્યાં સુધી કયા મોંએ આપણે રંગભેદની વાત કરી શકીએ ?

ગામડામાં આભડછેટ કેવી ઉગ્રતાથી પળાય છે તેની કલ્પના શહેરવાળાને તો કયાંથી આવી શકે ? ઢેડ ભંગીઓ ગામ વચ્ચે મૂગા મૂગા નથી ચાલી શકતા. તેમને વારેઘડીએ 'આઘા રહેજો મા....બાપ....' એમ બૂમ મારવી પડે, અને ભીંતને લપાતા લપાતા ગંડવાડમાં થઇને ચાલવું પડે. ઢેડનો પડછાયો પણ પડી ગયો હોય તો અભડાઇ જવાય અને તેને ન્હાવું જ પડે. ઢેડને ચંડાળ ગણે છે અને તે સામે મળે તો અપશુકન થયા કહેવાય. ઢેડ વૃધ્ધ થાય તોય ગામનું છોકરું ય તુંકારથી જ બોલાવે. ઢેડને તો નાનાથી માંડી મોટા સુધી સૌને 'આ...બાપ' જ કહેવાં પડે. ગાળ તો ઢેડ માટે સામાન્ય વસ્તુ બની ગઇ છે. તે મજુરી કરે, કાળી રાતે કામ કરે, તોય તેને તો ખાસડાં જ મળવાનાં અને ગામમાં કંઇ પણ અનિષ્ટ બને તે બધું ઢેડના માથે પડવાનું. હડધૂત દશામાં હરિજનો જીવી શકે છે એ જ નવાઇ છે. અને આવા રોગચાળાના પ્રસંગે તો લોકો કૂટી નાંખે તોય તેઓ કંઇ કરી શકતા નથી. આવા કમકમતા હરિજનોને મારી સામે બેઠેલા જોઇ મારી આંખો પણ ભીની થઇ.

હું એ ને એ વખતે તેમની સાથે નીકળ્યો. ગામ પાંચેક ગાઉ દૂર હતું. માથે સૂર્ય તપી રહ્યો હતો. ખરા બપોર હતા. પણ મને તાપ જોતો લાગતો તેમ સૂર્યનો તાપ પણ જોતો લાગતો. મારા પગમાં તો ચંપલ હતા. પણ મારી સાથે ચાલતા હતા તેમાંના એકના પગ તો ઉઘાડા હતા. તેમણે જે સામાજિક તાપ ઝીલ્યો હતો તેની સામે આ તાપ શી વિસાતમાં ?

રસ્તામાં મેં હરિજનવાસની માહિતી મેળવી લીધી. ગામમાં ત્રીસેક ઘર ઢેડનાં હતાં અને બારેક ઘર ભંગીઓના હતાં. ગામના ખૂણે તેમનો વાસ આવેલો હતો. પહેલાં એ લોકો વણવાનો ધંધો કરતા, પણ મિલો આવતાં તેમનો એ ધંધો પડી ભાંગ્યો હતો. તેથી તેઓ મજૂરી કરતા હતા. કેટલાક ચમારનું કામ કરતા હતા. બેએક જણા મિલમાંથી સુતર લાવી ગજિયું વણતા હતા. બધાએ મથીને પેટનું પૂરું કરતા હતા. ઢોર મરતાં હતાં તેની વાત નીકળતાં મેં ખાતરી કરવા પૂછ્યું.

'તમારામાં માતાને માનનારા તો હશે જ તો ?'

'હા બાપુજી, છે તો ખરાં.'

'આ તેમનું તો કંઈ કામ નથી ?'

'એ શું બોલ્યા ? માતા તે વળી ઢોરને મારતી હશે ? અમે બધા ભેગા થઈને માતાને કરગરીએ છીએ કે મા ! અમારી ખાતર ઢોરને જીવાડ. જો ઢોર મરશે તો અમે મરી જઈશું.'

'તો તમારી માતા કેમ પરચો દેખાડતી નથી.'

'બાપજી એની કરપા મેળવવી કંઈ સહેલી છે ? એ તો માતા કહેવાય. રીઝે ત્યારે ખરી.'

મારે જાણવું જ હતું એટલે પૂછ્યું;

'તમે લોકો મૂઆ ઢોરની માટી ખાઓ ખરા કે ?'

'એ શું બોલ્યા બાપજી ! વાસમાં કોઈ હાથ ન અડાડે. બધું હરામ છે. હા, પહેલા એવી ટેવ હતી, પણ ગાંધી મા'તમાના માણસોએ આવી અમને ગાંધી બાપુની કંઠી બંધાવી છે એ દિવસથી બધું હરામ છે. છાંટોપાણી કરતા હતા તેય હરામ છે. શહેરમાં જઈ કોઈ પી આવતું હશે, પણ વાસમાં તો કોઈ ન પીએ. ખબર પડે તો ઉઘડો જ લઈ નાંખીએ. ગાંધીજીનાં પરતાપે તો અમે માણસ થયા છીએ. તેમના નામની કંઠી બાંધી દેહ વટલાવાય કે ?'

હું એ લોકોની વાત સાંભળી જ રહ્યો. ગાંધી મહાત્માની વાત ઢેડ-ભંગીઓએ માથે ચઢાવી, પણ બીજાઓએ જ ન માની ? હરિજનોને અપનાવવાની વાત ગાંધીજીએ મર્યા ત્યાં સુધી કરી. તેમના ગયા પછીય લોકોને શું કહેવું ? તેમની આ અજ્ઞાનતા કયી રીતે દૂર થાય ! ગામ લોકોએ હરિજનો પર જે કાળો કેર વર્તાવ્યો હતો તેથી મારા જેવા શાંત પ્રકૃતિના માણસને પણ ક્રોધ ચઢી ગયો. આવો માર, અપમાન સહ્યા છતાં એ લોકો હિંદુ ધર્મમાં રહ્યા છે એ જ નવાઈ ! હિંદુઓ તેમના જ જનતભાઈઓને આ રીતે હડધૂત કરે તો આંખેડકરો ન પાકે એ જ નવાઈ !

હું સીધો ગામમાં જ ગયો. પેલા હરિજનો તો તેમના વાસમાં ચાલ્યા ગયા. આ ગામમાં તો હું પહેલી જ વાર આવતો હતો. પણ મને ઓળખનારા ઘણા હતા. 'આવો.....આવો સેવકરામ' કરતા કેટલાક મને ઘેરી વળ્યા.

'અત્યારે તાપમાં કયાંથી ભૂલા પડ્યા ?'

ભુલો નથી પડ્યો. તમારા તાપથી અકળાઈને આ તાપમાં આવ્યો છું.'

મારા કહેવાનો અર્થ કોઈ બે જણ સમજી ગયા. તેઓ ચુપ બની ગયા.

'મારે મુખીને મળવું છે, તેમનું ઘર દેખાડશો ?' મેં ઉભા થઈને કહ્યું.

'હા ચાલોને આ માઢમાં રહે છે'

અને એક જણ મને મુખીનું ઘર દેખાડી ગયો. મુખી ઘરના આગલા ઓડા ઉપર ઉંઘતા હતા. મારા આવવાના સમાચાર જાણી બેઠા થયા. મને ઉપર બોલાવ્યો અને આદરથી બેસાડ્યો.

હું 'સેવક' છું અને સાચી વાત સરકારને જણાવી દેવાવાળો છું એવી મારા વિશેની છાપ અમલદારોમાં જાણીતી છે. એથી મુખીઓ અને અમલદારો મને દાદ આપે છે. તેમને એવી બીક રહે છે કે અત્યારે કોંગ્રેસ સરકારનું રાજ્ય ચાલે છે અને સેવકરામ તો કોંગ્રેસના જૂના 'સેવક' પછી પૂછવું જ શું ? આ મુખીઓ લડતના દિવસોમાં મને ગાળો બોલતા હતા. પકડાવી દેવાની ધમકીઓ આપતા હતા. એ જ અમલદારો લાઠીમાર કરતાં અચકાતાં નહી અને પકડાયા પછી મારવામાં બાકી રાખેલું નહી. એ બધા હાથ જોડીને નમસ્કાર કરતા હતા. એ બધા પ્રતાપ તો ગાંધીજીના છે. તેમણે જ ગ્રામ-સેવકોનો મોભો વધાર્યો. તેમણે સેવાને પ્રતિષ્ઠા આપી. તેમણે જ રચનાત્મક કાર્યને જરૂરી કાર્ય ગણ્યું. આથી મારા જેવા અદના માણસને પણ કયારેક માન મળી જતું.

મુખીને મેં રોગચાળાની વાત પુછી. તેમણે હરીજનો પર અત્યાચારો કર્યો છે એવો આરોપ મૂક્યો. મને ક્રોધ વ્યાપી ગયો હતો એટલે મેં મુખીને સંભળાવી દીધું.

'તમે તો ગામના જવાબદાર માણસ છો. હરીજનોને મારઝૂડ કરવી તમને શોભે છે ? ગામ લોકો ઉસ્કેરાય તોય તમારે તો શાંત પાડવા જોઈએ. હું આ બાબતનો રીપોર્ટ મોરારજી દેસાઈ ઉપર મોકલી આપું છું. તમને આટલા માટે ગામના મુખી બનાવ્યા છે ?'

મુખી ઢીલા થઈ ગયા. તેમાં તેમનો હાથ નથી તેવી વાત કરવા લાગ્યા. મેં એ ને એ વખતે ગામ ભેગું કરાવ્યું. ગામના મહાદેવમાં લોકો ભેગા થયા. તેમની સમક્ષ મેં વિગતથી વાત કરી. હરિજનોને મારવામાં તેમણે કેવી ભયંકર ભૂલ કરી છે તેનો ખ્યાલ આપ્યો. કાયદાની નજરમાં તે બધા કેવા ગુન્હેગાર બન્યા છે તેનું ભાન કરાવ્યું અને કહ્યું કે રોગચાળા માટે હરિજનો જવાબદાર છે એનો કોઈ પુરાવો છે ? એ રોગનું કારણ શું છે તે શોધવા કોઈએ પ્રયત્ન કર્યો છે ? હરિજનો ફરિયાદ કરશે તો ગામમાં પોલીસ આવશે, પોલીસ કેટલાકને પકડી જશે. અને તેમાં નિર્દોષ પણ હેરાન થશે.

મને દેખાયું કે લોકો ભાષણથી સમજ્યા નહિ. હરિજનોને અપનાવવાની વાત કરી તેનાથી પણ તે પલળ્યા નહિ. પણ જ્યાં કાયદાની બીક બતાવી ત્યાં કેટલાક ગભરાવા લાગ્યા.
કોઈ ચું કે ચાં કરતું ન હતું એટલે મેં કહ્યું:

'તમે એમ માનતા હો કે ચાલતું આવ્યું છે તેમ ચાલ્યું જશે તો થાપ ખાશો. હવે જમાનો બદલાયો છે. હરિજનો માટે મંદિરો ખુલ્લાં મુકાય છે. કાયદાથી હરિજનો હોટેલમાં પણ જઈ શકશે. હવે મને કોઈ રોકી શકે તેમ નથી, જો તમે સમજીને તેમને અપનાવશો તો તમારી શોભા વધશે.

'ઢોર મરે તેમાં હરિજનોને શું ફાયદો ? એ કંઈ તેમના હાથની વાત છે ? ઢોરના ખાવામાં કંઈ આવ્યું હોય, ખરાબ પાણી પીવામાં આવ્યું હોય, તાપને લીધે કોલેરા જેવો રોગ લાગુ નથી પડતો એવો કોઈ રોગ લાગુ પડયો હોય ? તેને માટે હરિજનો કઈ રીતે જવાબદાર છે ? જો તેમની પાસે રોગચાળો ફેલાવવાની તાકાત હોત તો તે તમારાથી શા માટે ડરતા રહેત ? ઢોરને બદલે તમને જ ન મારી નાંખત ! માટે જંતર મંતરની ભ્રમણા કાઢી નાંખો. મારવું જીવાડવું તે ઈશ્વરાધીન છે. તેને માટે પામર મનુષ્ય જવાબદાર નથી. હરિજનો પર ગુસ્સો કર્યે રોગ કાબૂમાં નહિ આવે. રોગનો ઇલાજ કર્યે રોગ કાબૂમાં આવે. ગામડાના ડાહ્યા માણસોનું આ કામ હતું. તેને બદલે તમે હરિજન

વાસમાં જઇને લોકોનાં માથાં ફોડી આવ્યા! તેમના છાશપાણી બંધ કર્યા? આમાં ઇશ્વર રાજી રહે? બીજા કોઇનો નહિ તો ભગવાનનો તો ડર રાખો?'

ગાંધીજીના નામે અપીલ કરી આભડછેટ જેવું કંઇ નથી, માણસને અડવાથી માણસ અભડાતો નથી એ સમજાવ્યું. અને અંતમાં કહ્યું.

'બોલો! આનું શું કરવું છે?'

'તમે કહો તેમ કરીએ...' કોઇક બોલ્યું.

'તમે ભૂલ કરી છે એમ માનો છો?'

કોઇ ન બોલ્યું.

'તમને કોઇને એમ નથી લાગતું કે હરિજનોને મારવામાં તમે ભૂલ કરી છે? કાયદાનો ભંગ કર્યો છે એની તો તમે ના નહિ પાડો ને?'

'જે થઇ ગયું તેને શું કરવા ગા ગા કરો છો? શું કરવાનું છે એ કહોને?' એક વૃદ્ધ અકળાઇને બોલતા હોય એમ બોલ્યા.

'બીજું કંઇ કરવાનું નથી. હરિજનોને પહેલાંની પેઠે મજુરી આપો, છાશપાણી આપો અને ખાવાનું આપો. એમને ભૂખે મારે કંઇ નહિ વળે.'

અને થોડીવાર ભણભણાટ થયો. મુખીએ પણ કેટલાકને સમજાવ્યા અને બધાની વતીથી તેમણે ખાત્રી આપી કે હવે કોઇ હરિજનોને કનડગત નહિ કરે. મુખી અને બીજા બે આગેવાનો મારી સાથે હરીજનવાસમાં આવ્યા. તેમેણે હરીજનોને જે થઇ ગયું તે ભૂલી જવાનું કહ્યું. મને વિશ્વાસ પડયો કે હવે કંઇક સીધું ચાલશે.

હું મોડા સુધી વાસમાં રોકાયો, જેમને વાગ્યું હતું તેમને મળ્યો. જે ડોસાને માથા પર ઇંટ વાગી હતી તેમની સ્થિતિ હવે સુધારા પર હતી. તેમનો છોકરો અમદાવાદ મિલમાં નોકરી કરતો હતો તે ખબર કાઢવા આવ્યો હતો. શહેરમાં રહી ચબરાક થયો હતો. તેણે મને સંભળાવ્યું;

'સેવકરામ! તમે જ કહો કે હરિજનો શા માટે ખ્રિસ્તી ન બની જાય? આ દશામાં ગાળો ખાવાની, હડધૂત થવાનું અને ભૂખે મરવાનું. ખ્રિસ્તી થઇએ તો સૌની સાથે બેસવા ઉઠવાનું મળે, નોકરી ધંધો મળે અને નિરાંતનું જીવન મળે. હું તો આ લોકને કહી કહીને થાકયો કે ચાલો શહેરમાં. એકકી સાથે બધા યે ખ્રિસ્તી થઇ જઇએ.'

હું એને શું જવાબ આપું? હરિજનોનાં દુઃખ અને દારૂણ દશા જોઇ મનેય એમ થાય છે કે એ લોકો હજીય હિંદુ ધર્મમાં રહ્યા છે એ જ હદ કરી છે. હિન્દુધર્મ પોતાના મનને પૂછે:–તે હરિજનની સ્થિતિમાં મૂકાયો હોય તો આ ધર્મને વળગી રહે કે ધર્મપલટો કરે?

'પ્રતિમા' માંથી સાભાર ઉધ્ધૃત **સેવકરામ**

કેટલાક સમાચાર અને નોંધ

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટીઓ તરફથી તે સંસ્થાના મકાનફાળામાં મદદ કરનાર દાતાઓની એક સભા તા. ૨૫–૯–૪૮ ના રોજ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં બોલાવવામાં આવી હતી. સભાની વિનંતિને માન આપીને શ્રી ચંદુલાલ સારાભાઇ મોદીએ સભાનું પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું. ત્યાર બાદ આ સંસ્થાના એક ટ્રસ્ટી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે આજ સુધીમાં જે કાંઇ કાર્ય થયું છે તેની વિગતો રજુ કરતાં જણાવ્યું કે આ મકાનફાળામાં આજ સુધીમાં રૂા. ૧૭૦૦૦૦ ભરાયા છે જેમાંથી રૂા. ૧૨૭૦૦૦ વસુલ થયા છે અને બાકી રહેલી રકમ વસુલ થવામાં કશી પણ અડચણ આવે તેમ નથી. મકાનફાળામાં બે લાખનું જે સીમાચિહ્ન નકકી કર્યું છે તેમાં હજુ રૂા. ૩૦,૦૦૦ એકઠા કરવાના બાકી રહે છે જેમાં બને તેટલા મદદરૂપ થવા હાજર રહેલા ગૃહસ્થોને તેમણે ખાસ વીનંતી કરી. ત્યાર બાદ સંસ્થાના મકાન માટે દાદર (બી. બી. એન્ડ સી. આઇ.) સ્ટેશન પાસે લગભગ ૭૨૦૦૦ ની કીંમતે જે જમીન ખરીદવામાં આવી છે તેને લગતી વીગતો તેમણે રજૂ કરી અને હવે બે પ્રશ્નો વિચારવાના રહે છે એમ તેમણે જણાવ્યું. એક તો મકાન કેવું અને કેવા પ્રકારની સગવડ વાળું બાંધવું અને બીજું આ સંસ્થા વીશેષ સમાજમાન્ય બને અને સંસ્થાને મદદ કરનારાઓ પણ સંસ્થાના વહીવટમાં રસ લેતા થાય તે હેતુથી કેવું બંધારણ ઘડવું. આ સંબંધમાં તેમણે કેટલાક વીચારો રજુ કર્યા અને અને હાજર રહેલા ગૃહસ્થોને પોતાના વિચારો રજૂ કરવા તેમણે વિનંતિ કરી. ત્યાર બાદ શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે તથા બીજા ભાઇઓએ આ બધી બાબતો ઉપર કેટલુંક વિવેચન કર્યું, જેના પરીણામે સર્વાનુમતીથી નીચે મુજબના નિર્ણયો કરવામાં આવ્યા.

(૧) સંસ્થાના ટ્રસ્ટીઓ તરફથી મકાનફાળાને લગતી અને જમીન ખરીદીને લગતી જે વિગતો રજૂ કરવામાં આવી છે તેની આ સભા કૃતજ્ઞતાપૂર્વક નોંધ લે છે.

(૨) આ સંસ્થાના નવા મકાનનું ટ્રસ્ટીઓને યોગ્ય લાગે તેવા વિશિષ્ટ પુરૂષના હાથે આગામી વીજયાદશમીના રોજ મુહૂર્ત કરાવવાનું ઠરાવવામાં આવે છે.

(૩) આ સંસ્થાનું બંધારણ ઘડવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવામાં આવે છે:–

(૪) (૧) શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ (૨) શ્રી શાન્તિલાલ હરજીવન શાહ (૩) શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ (૪) શ્રી ચંદુલાલ સારાભાઇ મોદી (૫) શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ આ બંધારણ સમિતિએ આવતા ડીસેંબર માસની આખર સુધીમાં નીચે જણાવેલ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ મંડળ સમક્ષ સંસ્થાના બંધારણનો ખરડો રજુ કરવો એમ ઠરાવવામાં આવે છે.

(૪) આ સંસ્થાના નવા મકાનનો પ્લાન નકકી કરવા માટે ઉપર જણાવેલ બંધારણ સમિતિના પાંચે સભ્યો અને તે ઉપરાંત શ્રી. મણિલાલ મોકમચંદ શાહ અને શ્રી ટી. જી. શાહની બનેલી એક સમિતિની નીમણુક કરવામાં આવે છે.

(૫) ઉપર મુજબ તૈયાર કરવામાં આવનાર બંધારણનો ખરડો આજે જે દાતાઓ છે અને હવે પછી નવા બંધારણનો સ્વીકાર થતાં સુધીમાં જે નવા દાતાઓ ઉમેરાય તેની સમક્ષ રજુ કરવામાં આવે અને તેની મંજુરી મળ્યે સંસ્થાના ટ્રસ્ટીઓ આ સંબંધમાં હાઇકોર્ટનો જરૂરી ઓર્ડર મેળવે અને ત્યાર બાદ નકકી થયેલા અને હાઇકોર્ટે સ્વીકારેલા બંધારણ મુજબ સંસ્થાની નવી રચના કરવામાં આવે એમ ઠરાવવામાં આવે છે.

ત્યાર બાદ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં અમુક પ્રમાણમાં જૈનેતર વિદ્યાર્થીઓને દાખલ કરવાનો નવા બંધારણમાં અવકાશ રાખવો કે નહિ એ પ્રશ્નની ચર્ચા ઉપસ્થિત થતાં મેં જણાવ્યું કે "આજે જ્યારે આપણે કોમીવાદથી બને તેટલા મુકત બનવા પ્રયત્ન કરી રહ્યા છીએ અને આપણી આસપાસના ભાઇ બહેનોને કહી રહ્યા છીએ ત્યારે આ જૈન વિદ્યાર્થીઓ માટે કેટલાંય વર્ષોથી ઉભી કરવામાં આવેલી સંસ્થા ખાસ કરીને જ્યારે નવો આકાર ધારણ કરી રહી છે ત્યારે આ સંસ્થાનો થોડો સરખો પણ લાભ જૈનેતર વિદ્યાર્થીને આપવાની ઉદારતા જો આપણે બતાવી શકીએ તો બીનકોમીવાદની દિશાએ આપણે એક સુન્દર અને અન્યને અનુકરણ કરવા યોગ્ય રચનાત્મક પગલું ભર્યું કહેવાય એમ સમજીને આ મુદ્દો આપની સમક્ષ ઉપસ્થિત કરવામાં આવ્યો છે. અહિં એ જણાવવું જરૂરી છે કે આ સંસ્થા પુરતો આવો ઉદાર વિચાર અમારા સાથી અને મુરબ્બી શ્રી મણિભાઇને સૌથી પહેલાં આવ્યો અને તેમણે મને જણાવ્યો અને મેં બહુ હર્ષપૂર્વક એ વિચારને વધાવી લીધો. આ વિચાર શ્રી ચીમનભાઇને તેમજ શ્રી. શાન્તિભાઇને પણ એટલો જ આવકારદાયક લાગ્યો અને આમ હોવાથી જ આ મુદ્દો આપના નિર્ણય માટે આપની સમક્ષ રજુ કરવામાં આવ્યો છે." આ મુદ્દાની વિશેષ ચર્ચા થતાં સભાનો ઘણો મોટો ભાગ આ વિચાર સ્વીકારવાની

વિરૂદ્ધમાં છે એમ માલુમ પડયું અને તેથી તે બાબતને આગળ નહિ વધારતાં પડતી મૂકવામાં આવી. સભાના પ્રમુખસાહેબનો ઉપકાર માનીને સભા વિસર્જન કરવામાં આવી.

નિઝામની શરણાગતી

ગયા સપ્ટેમ્બર માસની ૧૩ મી તારીખે હિંદી સંઘે હૈદ્રાબાદના નિઝામ સામે પોલીસ–પગલાંનો પ્રારંભ કર્યો અને ૧૭ મીની સાંજે પાંચ દિવસના ગાળામાં નિઝામે હિંદી સંઘની શરણાગતી સ્વીકારી. હિંદમાં આઝાદીની સ્થાપના થયા બાદ આ એક એવી અદ્‌ભુત ઘટના બની છે કે જ્યારથી આપણે વિના સંશયે એમ કહી શકીએ કે હવે આપણા હિંદી સંઘના શુભ ભાગ્યની ખરેખર શરૂઆત થઇ ચુકી છે.

હિંદી સંઘના ઇતિહાસમાં આ ઘટનાનું રાજકારણી મહત્ત્વ સમજવા માટે આપણને જે સ્વરૂપે આઝાદી મળી તેનો જરા વિગતથી વિચાર કરવો ઘટે છે. આપણે ત્યાં આજથી ૧૩ માસ પહેલાં જે રાજકારણી ક્રાન્તિ થઇ તેનાં મુખ્ય તત્ત્વો આ મુજબ હતા. (૧) કાયદે આઝમ ઝીણાને ખંડિત પાકીસ્તાન મળ્યું (૨) બાકીનો બ્રીટીશ હિંદને નામે ઓળખાતો મુલક હિંદી સંઘને મળ્યો (૩) બધા દેશી રાજાઓ બ્રીટીશ સાર્વભૌમત્વથી મુકત બન્યા એટલે કે સ્વતંત્ર અને સ્વાધીન બન્યા. જે કાયદે આઝમ સિંધ, વાયવ્ય પ્રાન્ત, આખું પંજાબ અને આખું બંગાળા–આથી કશું પણ ઓછું કદી પણ સ્વીકારે તેમ લાગતું નહોતું તેમણે ખંડિત પંજાબ અને ખંડિત બંગાળા કેમ સ્વીકાર્યું ? કોંગ્રેસ કોઇ પણ રીતે હિન્દુસ્તાનના ભાગલા સ્વીકારે તેમ નહોતું લાગતું, તેણે હિંદના ભાગલા કેમ સ્વીકાર્યા અને દેશી રાજાઓ તદ્દન સ્વતંત્ર અને સ્વાધીન બની જાય એવી વસ્તુસ્થિતિ કેમ સંમત કરી ? કોંગ્રેસનું મુખ્ય લક્ષ્ય આ દેશમાંથી કોઇ પણ રીતે અંગ્રેજી હકુમત ટળે એ મુદ્દા ઉપર જ કેન્દ્રિત થયું હતુ અને તે પરિણામ હિંદુસ્થાનના ભાગલા અને દેશી રાજ્યોની સ્વાધીનતા સ્વીકાર્યા સિવાય શકય નહોતું. તેથી કોંગ્રેસે એ અનિષ્ટો પૂર્વકની આઝાદીને અંગીકારી. કાયદે આઝમ સમક્ષ ખંડિત પાકીસ્તાન સ્વીકારવાની વાત જેવી રજુ કરવામાં આવી કે તુરત જ તે વાતને તેઓ ચોંટી પડયા હતા. કારણ કે કોંગ્રેસ એક વખત પાકીસ્તાનનો મુદ્દો સ્વીકારે તો પછી પહેાળા કેમ થવું અને આગળ કેમ વધવું એ જોઇ લેવ શે અને તે ઉપરાંત લગભગ ૫૦૦ દેશી રજવાડાની સ્વાધીનતામાં પાકીસ્તાનથી શિલ્પાચાર્યે ઠેર ઠેર પાકીસ્તાનોનાં જ નિર્માણ કલ્પી લીધાં હતાં અને તેનો લાભ પોતે બહુ જ સારી રીતે ઉઠાવી શકશે એમ પોતે માની લીધું હતું. આ ઉપરાંત દક્ષિણમાં નિઝામી રાજ્ય અનેક પ્રત્યાઘાતી તત્વોનું કેન્દ્રસ્થાન હોઇને એક સાચે જ બીજું પાકીસ્તાન હતું અને હિંદી સંઘને સદા ભયગ્રસ્ત રાખવામાં તેની ઘણી ઉપયોગીતા હતી એ પણ તેમના પુરા ખ્યાલમાં હતું. આ બધી ગણતરી પૂર્વક કાયદે આઝમ ઝીણાએ ખંડિત પાકીસ્તાનનો એકાએક સ્વીકાર કર્યો હતો. અને કાયદે આઝમની આ ગણતરી શરૂઆતમાં સાચી પડતી લાગી હતી. જુનાગઢ પાકીસ્તાનમાં જોડાયું. ત્રાવણકોરમાં સર સી. પી. રામસ્વામી આંયરે ત્રાવણકોર સ્વતંત્ર હોવાની ઘોષણા કરી. બીજાં મોટાં રાજ્યો પણ માથું ઉંચકવા લાગ્યાં. નિઝામે પણ અણનમ વળણ અખત્યાર કર્યું. જો કે ત્રાવણકોર તો બહુ થોડીવારમાં હિંદી સંઘને નમી પડયું, તો પણ બીજી બાજુએ ઉત્તરમાં કાશ્મીર સર કરવાની કાયદે આઝમે એક ઘોડાવેગી યોજના કરી. નવા નકશામાં એક બીજાં પાછળ શૃંખલાબદ્ધ મુસલમાની રાજ્યોની હુંફ અનુભવતું પાકિસ્તાન તો હતું જ. પશ્ચિમ કિનારે જુનાગઢ પાકીસ્તાન સાથે જોડાયલું હતું. દક્ષિણમાં નિઝામ પાકીસ્તાનનું જ પુરું સાથીદાર હતું. પૂર્વ બંગાળ પાકીસ્તાનનો જ વિભાગ હતો. હવે ઉત્તરમાં કાશ્મીર સર થઇ જાય એટલે પછી તો હિંદી સંઘે પાકિસ્તાનથી એક યા બીજી રીતે ઘેરાયલી સ્થિતિમાં જ જીવવા જેવી સ્થિતિ સ્વીકારવી રહી. આવી કુશળ વ્યુહરચના માટે કાયદે આઝમ ઝીણાને જેટલા ધન્યવાદ આપવા હોય તેટલા આપી શકાય તેમ છે. પણ માણસ ધારે છે કાંઇક અને વિધિ ખેલ બીજો ખેલે છે કોઇ જુદા જ. હાથવેંતમાં આવેલું કાશ્મીર પાકીસ્તાનના પંજામાંથી સરકી ગયું અને હિંદી સંઘ સાથે જોડાઇ ગયું. જુનાગઢના નવાબ કરાંચીમાં હવા ખાતા થયા અને માત્ર જૂનાગઢ જ નહિ, પણ આખું કાઠિયાવાડ રાજાઓની આપખુદ સત્તાથી મુકત બન્યું. અન્ય દેશી રાજ્યો ટપોટપ હિંદી સંઘ સાથે જોડાવા લાગ્યા અને તેમાંથી અમુક ગણ્યાગાંઠ્યા મોટા રાજ્યો જે કે સ્વાયત્ત-શાસન રહ્યા છે તો પણ ત્યાં પ્રજાતંત્ર તો ગોઠવાઇ જ ગયાં છે. બીજાં કેટલાક દેશી રાજ્યોના સંઘો ઉભા થયા અને કેટલાક દેશી રાજ્યો હિંદી સંઘમાં સમાવિષ્ટ થઇ ગયા. છેલ્લા છેલ્લા વડોદરાના ગાયકવાડ સર પ્રતાપસિંહરાવ જરા આમ તેમ માથું ઉંચકી રહ્યા હતા, પણ તેમને પણ આખરે હિંદી સંઘને લળી લળીને નમવું પડયું અને પ્રજાતંત્ર સ્વીકારવું પડયું. આવા પાયાનાં પરિવર્તનો ચોતરફ નીપજી રહ્યા હોવા છતાં હૈદ્રાબાદના નિઝામની સ્વતંત્ર રહેવાની ઘેલછા વધતી જ જતી હતી અને ઇત્તેહાદ–ઉલ–મુસ્લમીનના પ્રમુખ અને રઝાકારોના સરમુખત્યાર કાસીમ રઝવીને તો દીલ્હીનો લાલ કીલ્લો સર કરવાના કોડ જાગ્યા હતા. પાંચ દિવસના સર્વાંગી હુમલાના પરિણામે નિઝામનો તાબુત હેઠો બેઠો અને હિંદી સંઘની તેણે શરણાગતી સ્વીકારી. પાકીસ્તાનના મનોરાજ્યને આ સૌથી મોટો ફટકો પડયો છે. કાશ્મીરને હિંદી સંઘ પ્રત્યે અનુકુળ રાખવામાં નિઝામનો પરાજય ઘણું મહત્વનો ભાગ ભજવશે એમ સહેજે આશા બંધાય છે. નિઝામની આડખીલી દૂર થવાથી હિંદી સંઘ ઘણી રીતે નિર્ભય બન્યું છે અને ચોતરફથી સુગ્રથિત થવામાં હિંદી સંઘે ઘણી મોટી અનુકુળતા પ્રાપ્ત કરી છે. આજે ભોપાળ સિવાય હિંદી સંઘના પેટાળમાં કોઇ એવી મહત્વની મુસલમાની રીયાસત રહી નથી કે જ્યાં ખટપટ અને કાવાદાવા કરીને પાકીસ્તાન હિંદી સંઘને જરા પણ પજવી શકે. અને ભોપાળને હવે ઠેકાણે લાવતાં શી વાર? આ દેશમાં ફ્રેંચ અને પોર્યુગીઝના થોડાંક થાણાં છે, પણ વચમાં નિઝામ હોવાના કારણે આ થાણાંઓ સામે કોઇ કડક વળણ હિંદી સંઘ અખત્યાર કરી શકતું નહોતું. હવે એ પ્રત્યવાય દૂર થયો છે અને હિંદની ભૂમિ ઉપરથી પરદેશીઓનાં થાણાંઓ ઉખેડી નાંખવાનું કાર્ય ઘણું સરળ થયું છે. આ સર્વે ઘણા એમ પણ માને છે કે પાકિસ્તાની પૂર્વ બંગાળ હિંદી સંઘના પશ્ચિમ બંગાળથી લાંબો વખત અલગ રહી શકશે જ નહિ. પછી કાયદે આઝમ પરલોકમાં જ્યાં હોય ત્યાંથી આ વિશાળ પૃથ્વી ઉપર પાકીસ્તાનનું નાનું સરખું ટપકું જોઇને ભલે રાચ્યા કરે અને હીંદી સંઘ ઉપર શ્રાપ વરસાવ્યા કરે! આમ દૂરનાં તેમ જ નજીકનાં અનેક સુપરિણામો જેના ગર્ભમાં રહ્યા છે એવા આ નિઝામી પરાજયથી એવો કોઇ પણ હિંદી નહિ હોય કે જેનું દિલ અતિ આનંદથી પુલકિત બન્યું નહિ હોય.

ઉપરની સમગ્ર સમાલોચના ઉપરથી માલુમ પડશે કે આઝાદીનો સૂર્યોદય ગાઢ અને ભયાનક વાદળોથી ઘેરાયલો હતો. આજે એ વાદળો વીખરાવા લાગ્યાં છે અને આઝાદીનો સુર્ય પૂર્વાકાશમાં ઉંચે ચઢતો ચઢતો પોતાનાં પ્રાણદાયી કિરણો, ભારતના પૃથ્વીતળ ઉપર ફેંકી રહ્યો છે અને ચોતરફ કલ્યાણપ્રકાશ ફેલાવી રહ્યો છે. આપણી કલ્પનામાં કદિ ન આવે એવી ભવ્ય ઘટનાઓ આજે જોતજોતામાં બની રહી છે. હૈદ્રાબાદ ઉપરનો વિજય આવી જ કોઇ અપૂર્વ ઘટના છે. આ માટે આપણે સૌ એકમેકનું અભિનંદન કરીએ અને આવી આશ્ચર્યકારક ઘટનાના નિર્માતાઓને અનેક ધન્યવાદથી નવાજીએ!

ગાંધી સ્મારક ફાળો

સપ્ટેંબરની પચ્ચીસમી તારીખથી પખવાડીઆ સુધી ગાંધીજીની જન્મ જયન્તી ઉજવવાનો કાર્યક્રમ નકકી કરવામાં આવ્યો છે

અને આ પખવાડીઆ દરમિયાન ગાંધી સ્મારક ફાળો પણ જોસભેર ઉઘરાવવાનો સ્થળ સ્થળના કૉંગ્રેસી કાર્યકર્તાઓએ નિર્ણય કર્યો છે. ગાંધીજીના અવસાનને આજે આઠ મહીના થવા આવ્યા છે. ગાંધીજીના સ્મારક ફાળા સંબંધમાં દેશ નેતાઓએ આજ સુધી જે મન્દતા દાખવી છે તે અત્યન્ત દુઃખદ છે. મુંબઇના કૉંગ્રેસી આગેવાનોએ આ દિશાએ દાખવેલી શિથિલતા અથવા તો ઉપેક્ષા આપણને ભારે શરમાવનારી છે. બાપુજીના અવસાન બાદ તુરતમાંજ જે કાર્ય જોસભેર ઉપાડી લેવું જોઇતું હતું તેને આજ સુધી ખરી રીતે ઉત્તરોત્તર ઠેલવામાં જ આવ્યું છે. મુંબઇમાં એપ્રીલ-માસમાં કૉંગ્રેસ માટે સારી એવી રકમ કમાઇ લેવાના હેતુપૂર્વક એ. આઇ. સી. સી.નો ગંજાવર જલસો યોજીને ગાંધી સ્મારક ઉપર ઠંડુ પાણી નાંખવામાં આવ્યું હતું. ગમે તેવા નિકટવર્તી સ્વજનનું મૃત્યુ થયું હોય–મૃત્યુ બાદ જે તીવ્ર દુઃખસંવેદન હોય છે તે દિનપ્રતિદિન હળવું બનતું જાય એ મનુષ્ય સ્વભાવ છે અને તીવ્ર સંવેદન દરમિયાન જે કાર્ય સાધી શકાય છે તે કાર્ય સમયના વહેવા સાથે વધારે ને વધારે મુશ્કેલ–અશક્ય–બનતું જાય છે. ગાંધી સ્મારક ફાળાની આપણે આ દશા કરી છે તે ખરેખર શોચનીય છે. આમ છતાં પણ જાગ્યા ત્યારથી સવાર એમ ગણીને જે કાંઇ થઇ શકે તે કરી છૂટવાનો આપણ સર્વનો ધર્મ છે.

ગાંધીસ્મારક ફાળા સંબંધે એમ માનીને ચાલવામાં આવ્યું છે કે ગાંધીજી વિષે તો કોઇને આપણે કહેવાનું હોય જ નહિ. દરેક હિંદી પોતપોતાનો યથાશક્તિ ફાળો સ્વેચ્છાએ અને વિના વિલંબે જ્યાં સુચવવામાં આવશે ત્યાં જરૂર ભરી આવશે જ–આવી શ્રદ્ધા ફાળાની આખી યોજના પાછળ રહેલી છે. પણ માનવસ્વભાવની નબળાઇને ધ્યાનમાં લેતા આ શ્રદ્ધા પણ વધારા પડતી અને સ્વપરવંચક લાગે છે. ગાંધીજી વિષે દરેકના દિલમાં ભાવ ભક્તિ છે તે વિષે જરા પણ શંકાને સ્થાન નથી, પણ એ ભાવભક્તિને ગાંધીસ્મારક ફાળામાં ઓછામાં ઓછી દશ દિવસની કમાણી આપીને કાંઇક મૂર્ત સ્વરૂપ આપવાનું જ્યારે સુચવવામાં આવે છે અને તે પણ જ્યારે દરેકની સ્વેચ્છા ઉપર છોડવામાં આવે છે ત્યારે માણસના દિલમાં ચોરી દાખલ થાય છે અને ગાંધીજી પ્રત્યે આટલું સરખું રૂણ અદા કરવાની જવાબદારીમાંથી છટકવાની બારી માનવીનું મન શોધે છે. આવડા મોટા ફંડમાં મેં ભર્યું તોય શું અને ન ભર્યું તોય શું? દસ દિવસની કમાણી કોઇને મન બહુ મોટી રકમ લાગે છે અને કોઇને મન બહુ નાની રકમ લાગે છે અને આવડી મોટી રકમ ભરાય કેમ અને નાની રકમમાં ભરવું તું શું–આમ વિચારીને ગાંધીસ્મારક ફાળાને ભુલી જવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આવી આપણા ભાઇ–બહેનોની આજે હીન મનોદશા જોવામાં આવે છે. આ વસ્તુસ્થિતિ ધ્યાનમાં લઇને ગાંધીસ્મારક ફાળાના સંચાલકોએ વધારે સચેત અને ક્રિયમાણ થવાની ખાસ જરૂર છે અને લોકોને પોતાના કર્તવ્યનું સચોટ ભાન કરાવવાની જરૂર છે. સાથે સાથે દેશભરના સર્વે ભાઇ બહેનોને ઉદ્દેશીને કહેવાનું પ્રાપ્ત થાય છે કે આજ સુધી આપણે આળસ કરી, પ્રમાદ સેવ્યો, દિલને છેતરતા આવ્યા, પણ ગાંધી સ્મારક સંબંધમાં આ વંચનાવ્યવસાયથી મુક્ત બનીએ, આપણા કર્તવ્યનું બરોબર પાલન કરીએ અને તે મહાપુરૂષનું કાયમી સ્મરણ રહે તે માટે યોજાયલા દ્રવ્યનિધિમાં આપણા ભાગે આવતો ફાળો વિના વિલંબે મોકલી આપીએ. આપણે અનેક બાબતમાં જુઠ્ઠાણાં સેવ્યાં છે અને છળ કર્યો છે, પણ જેણે આપણા જ માત્ર નહિ પણ સમસ્ત માનવજાતના ઉદ્ધાર અર્થે પોતાની કાયા ઘસી નાંખી અને પ્રાણનું અર્પણ કર્યું તે લોકોત્તર પુરૂષના સ્મારક ફાળામાં બને તેટલો મોટો ફાળો આપીને–છેવટ દશ દિવસની કમાણીની રકમ મોકલીને–અંશતઃ પણ આપણી કૃતજ્ઞતા–અહેશાનમંદી–દાખવીએ. આ બાબતમાં કોઇ કોઇની રાહ ન જુએ, કોઇના કહેવા આવવાની અપેક્ષા ન રાખે. એ સન્તપુરૂષના આત્માને આ રીતે પણ કાંઇક શાન્તિ આપીને આપણે કૃતકૃત્ય થઇએ!

શ્રી જૈન મહિલા સમાજ–ઔદ્યોગિક પ્રદર્શન

સપ્ટેંબર માસના અન્ત ભાગમાં, મુંબઇના સ્ત્રી સમાજની પોતાની મર્યાદિત શક્તિ મુજબ છેલ્લા ૩૮ વર્ષથી સેવા કરતી શ્રી જૈન મહિલા સમાજ તરફથી એક ઔદ્યોગિક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું અને તે પ્રદર્શનનું ઉદ્ઘાટન તા. ૨૬–૯–૪૮ રવિવારના રોજ મુંબઇ પ્રાન્તના ગૃહસચિવ માન્યવર મોરારજી દેસાઇએ કર્યું હતું. આ ઔદ્યોગિક પ્રદર્શનમાં સંસ્થા તરફથી ચાલતા હુન્નર ઉદ્યોગ વર્ગોમાં શિક્ષણ પામતી બહેનોના કામકાજના નમુનાઓ તેમ જ બાદ વિભાગમાં કામ કરતી બહેનોએ તૈયાર કરેલી જાત જાતની વાનીઓ રજુ કરવામાં આવી હતી. જૈન મહિલા સમાજ તરફથી આવું પ્રદર્શન સૌથી પહેલી વાર જ ભરવામાં આવ્યું હતું અને આ આખું પ્રદર્શન બહેન મેના બહેન નરોત્તમદાસ શેઠની દોરવણી નીચે યોજવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં રજુ કરવામાં આવેલા નમુનાઓ જોતાં તે દિશાએ જૈન મહિલા સમાજે સાધેલી વિશિષ્ટ પ્રગતિનો ખ્યાલ આવતો હતો.

આ આખી પ્રવૃત્તિનો ઉદ્દેશ મધ્યમ વર્ગની બહેનોને પોતપોતાના કુટુંબમાં કાંઇને કાંઇ દ્રવ્યની પુરવણી કરી શકે તેવા ઉદ્યોગો તરફ વાળવાનો છે અને તે હેતુ પ્રશસ્ય છે, તેમ જ આજના તીવ્રતર બનતા જતા સ્થિતિકલહમાં બહુ જ આવકારદાયક છે. ઉપર જણાવેલ ઉદ્ઘાટન સમારંભ પ્રસંગે શ્રી. વાડીલાલ ચત્રભુજ ગાંધી તરફથી સંસ્થાના ઉદ્યોગગૃહ સાથે તેમનાં પત્નીનું નામ જોડવાની સરતે રૂ. ૨૫૦૦૦ નું જૈન મહિલા સમાજને દાન કરવામાં આવ્યું હતું જે માટે ભાઇશ્રી વાડીલાલને ખરેખર ધન્યવાદ ઘટે છે.

જૈન મહિલા સમાજના નામ સાથે 'જૈન' શબ્દ જોડાયલો છે અને તેની વિવિધ પ્રવૃત્તિઓનો મોટા ભાગે જૈન બહેનો લાભ લે છે એમ છતાં પણ જૈન મહિલા સમાજની સર્વ પ્રવૃત્તિઓ કોઇ પણ જાતના કોમી કે સાંપ્રદાયિક ભેદભાવ સિવાય ચલાવવામાં આવે છે અને તેનો લાભ પણ અનેક જૈનેતર બહેનો તથા બાળકો લઇ રહ્યા છે. જૈન મહિલા સમાજમાં કશો પ્રીરકાભેદ પણ નથી તેમ જ એ સમાજમાં સભ્ય થનાર બહેન જૈન જ હોવી જોઇએ એવો કોઇ પ્રતિબંધને એ સમાજના બંધારણમાં સ્થાન નથી. મુંબઇના જૈન સમાજમાં આવા વિશાળ ધોરણે કાર્ય કરતી કોમી છતાં બીનકોમી ભાવે સેવા કરતી ગણી ગાંઠી સંસ્થાઓ છે અને તેમાં પણ પ્રવૃત્તિઓની વિપુલતાની દ્રષ્ટિએ જૈન મહિલા સમાજ મોખરે છે. આ સમાજ તરફથી હુન્નર ઉદ્યોગ શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ, બાધવસ્તુ શિક્ષણ, તેમ જ બાળ શિક્ષણની પ્રવૃત્તિઓ ચાલે છે. દાદરમાં આ સમાજની એક શાખા હુન્નર ઉદ્યોગ મંદિર તેમ જ બાળ મંદિર ચલાવી રહેલ છે. સંસ્થાનું મુખ્ય કેન્દ્ર કોટમાં છે અને બીજું કેન્દ્ર દાદરમાં છે અને આ બન્ને કેન્દ્રોમાં મળીને આશરે ૫૦૦ બાળક બાળિકાઓ શિક્ષણ મેળવી રહ્યા છે. સંસ્થાના પ્રમુખ શ્રી. તારાબહેન માણેકલાલ પ્રેમચંદ છે જેમની અનેકવિધ સેવાઓ સૌ કોઇને સુવિદિત છે. શ્રી. લીલાવતી બહેન દેવીદાસ, શ્રી. મેના બહેન નરોત્તમદાસ તથા શ્રી. જસુમતી મનુભાઇ સંસ્થાના મંત્રીઓ છે જેઓ જાણીતા કાર્યકરો છે.

આ સંસ્થાએ પોતાની પ્રવૃત્તિઓને વધારે વિસ્તૃત અને સ્થાયી પાયા ઉપર મૂકવાના હેતુથી મુંબઇ કોટ બજારગેટ સ્ટ્રીટમાં આવેલું એક મકાન રૂા. ૧૨૦૦૦૭ ની કીંમતમાં ખરીદ્યુ છે અને સંસ્થા પાસે પુરતા ફંડના અભાવે સંસ્થાને અરધા લાખ રૂપીઆની બેંક પાસેથી લોન લેવી પડી છે. આ રકમ એકઠી કરીને ભરપાઇ કરવાની ચિન્તા સંસ્થાની સંચાલક બહેનોને મુંઝવી રહી છે. ઉદાર જૈન સમાજ જે સંસ્થાની આટલી ઉજ્જવળ કારકીર્દી છે અને જે સંસ્થાને આવા સમર્થ, શક્તિશાળી અને સેવાભાવી બહેનો કાર્યકર તરીકે પ્રાપ્ત થયા છે તે સંસ્થાની આટલી નાની ભીડ ભાંગવા પોતાનો હાથ લંબાવે અને સંસ્થાને આ બાબતમાં ચિન્તામુક્ત કરે–આટલી શ્રીમાન ભાઇ બહેનોને સાદર વિજ્ઞપ્તિ છે.

આવા દેશનું ભાવી ઉજ્જવળ કેમ ન હોય?

જેમ એક બાજુએ સૌરાષ્ટ્રનું નવનિર્માણ, દેશના રાજવીઓની આપખુદ સત્તાનું વિસર્જન, નિઝામની શરણાગતી;–આવી ભવ્ય ઘટનાઓ આપણે ત્યાં બની રહી છે અને તે દ્વારા દેશના સરજાતા ઉજ્જવળ ભાવીનું આપણને કલ્પનારોચક દર્શન થઇ રહ્યું છે તેવી જ રીતે ઘર ખુણે બનતા નાના નાના બનાવો પણ દેશભરમાં કોઇ નવી

ચેતના પ્રગટાવી રહેલ છે અને સ્વાશ્રય તેમજ સમાજસેવાની કોઇ અવનવી ભાવનાનો આવીર્ભાવ થઇ રહ્યો છે એવી આપણને પ્રતીતિ કરાવે છે.

આ દિશાએ હું એક મારો જ અનુભવ જણાવું. ચાર પાંચ વર્ષ પહેલાં કોઇ મારે ત્યાં આવ્યું અને ઘરની ટોકરી વગાડી. મેં બારણું ઉઘાડયું અને એક બારેક વર્ષનો છોકરો મારી સામે ઉભેલો મેં જોયો. મને થયું કે આ બ્રાહ્મણ જેવો છોકરો લાગે છે અને એ કાંઇ મદદ માંગવા આવ્યો હશે. મેં પૂછ્યું "ભાઇ, શું કામ છે?" તેણે કહ્યું કે "શેઠ! હું બ્રાહ્મણ છું. મને નોકરી જોઇએ છીએ. મને રસોઇ કરતાં આવડે છે." અમને એ વખતે એવા એક નાના રસોઇઆની જરૂર હતી. અમને ભાર ન પડે અને મારી પત્નીને રસોઇ કામમાં મદદરૂપ થાય. એટલે મેં તેને કહ્યું કે "બહુ સારૂં! શું પગાર લઇશ? પણ એક વાત છે કે અમારે ત્યાં અડવા ન અડવાનો નિયમ પાળી શકાશે નહિ." તેણે જવાબ આપ્યો કે "એ તો મારાથી ન બને, કારણ કે એમ કરૂં તો અમારો ધર્મ લાજે અને મારા બાપા મને વઢે અને અહિં રહેવા જ ન દે. પણ બીજું મારે તો એવા ઠેકાણે નોકરી કરવી છે કે જે મને નિશાળે ભણવા જવા દે. પગાર તમને ઠીક પડે તે દેજો." હું તો આ સાંભળીને ભારે આશ્ચર્ય અનુભવી રહ્યો. છોકરો આમય તે સુરૂપ હતો અને તેને જોતાં જ આપણું દિલ તેના તરફ સહેજે ખેંચાય તેમ હતું. તેની આંખમાં, તેના ચહેરામાં ભણવાની ઉંડી ઝંખના હતી. પણ તેની બન્ને શરતો મારાથી સ્વીકારાય તેમ ન હોતું. મને એવો રસોઇઓ જોઇતો હતો કે જે આખો દિવસ ઘેર રહીને નાના મોટા કામમાં મદદરૂપ થઇ શકે. મારી બહેનને પણ આવા એક રસોઇઆની જરૂર હતી, કારણ કે ઘર પરિવાર મોટો હોઇને પોતાના કામને તે પહોંચી શકતી નહોતી. આ છોકરાને મેં ત્યાં મોકલ્યો અને તેની બન્ને શરતો સ્વીકારીને તેને તેણે રાખી લીધો. એક બાજુ ઘરમાં તે રસોઇનું કામ કરવા લાગ્યો અને બીજી બાજુએ કોટમાં આવેલી કોઇ અંગ્રેજી નિશાળમાં તે દાખલ થયો. રાત્રે કામથી પરવારીને બહેનના નાના છોકરાઓ સાથે પોતે પણ ભણવા બેસી જાય. સવારના મુખ્ય મુખ્ય રસોઇ વહેલી પતાવીને સાડાદશ કે અગિયાર વાગે નિશાળે પહોંચી જાય. શનિવારે તો સવારની નિશાળ હોય તો સવારના ચાર-વાગે ઉઠે, નાહી ધોઇને રસોઇ ચુલે ચઢાવીને નિશાળે પહોંચી જાય. મારી બહેનને ત્યાં તે એકાદ વર્ષ રહ્યો. પછી દોઢેક વર્ષે મોટો તેનો એક ભાઇ એ જ રીતે સાન્તાક્રુઝમાં કોઇને ત્યાં રસોઇ કરતો હતો અને પોદ્દાર સ્કુલમાં ભણતો હતો એટલે આ ભવાનીને (છોકરાનું આખું નામ ભવાનીશંકર હતું.) પણ થયું કે સાન્તાક્રુઝમાં આવી કોઇ નોકરી મળે તો પોતાના ભાઇ સાથે રહી શકે તેના સદ્‌ભાગ્યે પગાર થોડો વધારે, કુટુંબ બહુ જ નાનું અને તેના ભણવાની શરત મંજુર-આવી એક નોકરી તેને શાન્તાક્રુઝમાં મળી ગઇ અને પોદ્દાર સ્કુલમાં તે દાખલ થયો. અને આજે તે મેટ્રીક સુધી પહોંચી ગયો છે. આ કાંઇ અપવાદજનક અનુભવ નથી. મારે ત્યાં એક બાટીનો છોકરો છે. તે રાતનું કામ પતાવીને રાત્રીશાળામાં ભણવા જાય છે અને દિવસના પણ તેને જ્યારે જ્યારે નવરાશ મળે છે ત્યારે ત્યારે જ્યાં ત્યાં ભટકવાને બદલે તે દાદર પાસે બેઠો બેઠો વાંચતો જ હોય છે અને તેને જોઇને મને પ્રશ્ન થાય છે કે આ ભણતરની પ્રેરણા તેને કોણે આપી? મારે ત્યાં રસોઇઓ છે તે પણ ચબરાક છે. અવકાશ મળ્યે શીવણના સંચા ઉપર તે બેસી જોય છે. ભાંગી તુટી છત્રીઓ સમી કરવાનું તેનું જ કામ. તેનું મગજ એક મીકેનીકનું છે અને એવા જ કામ પાછળ તેનું મન દોડયા કરે છે. રસોઇના વ્યવસાયને તે વળગી રહી શકે તેમ છે જ નહિ. મારી પણ કલ્પના તેને કોઇ સારી ફેકટરીમાં ગોઠવી દેવાની છે.

દેશભરમાં આજે જે નવા પ્રાણનો સંચાર થઇ રહ્યો છે, જે નવી કાર્યશક્તિ જન્મી રહી છે તેનાં જ આ સૂચક દૃષ્ટાન્તો છે. મારા મિત્ર ભાઇ શાન્તિલાલ હરજીવન શાહ સાથે આવી જ કોઇ વિષય ઉપર વાતચિત નીકળતાં તેમણે પણ પોતાના બે અનુભવો જણાવ્યા.

ગયા ઓગસ્ટની પંદરમી તારીખે તેમને સ્વાતંત્ર્યદિન નિમિત્તે ઘાટકોપર જવાનું થયેલું. ઘાટકોપરમાં એક હિંદી શાળાનું મકાન તાજેતરમાં જ તૈયાર કરવામાં આવ્યું હતું. ત્યાં ભણતાં બાળકોએ એક ધ્વજવન્દન સમારંભ યોજ્યો હતો અને શાન્તિભાઇ એ માટે જ ત્યાં ગયા હતા. ત્યાં જતાં જ ત્યાંના કાર્યકર્તાઓએ ત્યાંના એક ભાઇ સાથે તેમનો પરિચય કરાવ્યો. તેમનું નામ પૂછતાં એમને બધા 'જયરામજી' ના નામથી જ ઓળખે છે એમ જણાવવામાં આવ્યું. તે ભાઇ ઘાટકોપરમાં આશરે ૨૦ વર્ષથી ટપાલ વહેંચવાનું કામ કરતા હતા. તેમને એક દિવસ ઘાટકોપરમાં હિંદી નિશાળ ઉભી કરવાનો વિચાર આવ્યો અને તે નિશાળ માટે મકાન જોઇએ. તેમણે નિશાળના મકાન માટે ચાર આના, આઠ આના, બે રૂપીઆ, પાંચ રૂપીઆ એમ ચોતરફ ભટકી ભટકીને અપાર ધગશ, ધીરજ તેમ જ ખંતપૂર્વક મકાનફાળો એકઠો કરવા માંડયો અને આઠથી દશ હજાર રૂપીઆ ભેગા કર્યા. આ મૂળ રકમમાં ઘાટકોપરના ધનિક બંધુઓએ પોતાનો ફાળો ઉમેરીને હિંદી સ્કુલનું મકાન બંધાવી આપ્યું અને કેટલાક સમય થયાં સેવાયલું 'જયરામજી'નું સ્વપ્ન આ રીતે ચિરંજીવ મૂર્ત સ્વરૂપને પામ્યું. એ ભાઇએ હવે તો ટપાલની નોકરી છોડી દીધી છે અને આ નિશાળ તેમ જ અન્ય સેવાના કાર્યમાં પોતાનું જીવન તેઓ વ્યતીત કરી રહ્યા છે.

એવો જ એક બીજો અનુભવ તેમણે એક મહારાષ્ટ્રીય યુગલનો કહ્યો. મહારાષ્ટ્રમાં રહ્યા રહ્યા પતિએ એમ. એ. ની પરીક્ષા પસાર કરી અને પી.એચ.ડી.ના અભ્યાસ માટે મુંબઇ આવવાનું આવશ્યક બન્યું. વળી તેમનાં પત્ની બી. એ. બી. ટી. થયેલાં તેમને ઘાટકોપરમાં એક નિશાળમાં શિક્ષિકાની નોકરી મળી. એટલે બન્ને જણાં મુંબઇ આવ્યા. પણ મુંબઇમાં રહેવું ક્યાં? પાધડીથી પણ જ્યાં જગ્યા મળવી મુશ્કેલ ત્યાં પાધડી આપવાની કલ્પના પણ કરી ન શકે એવા દંપતીને મુંબઇ કયાં સમાવે? મકાનની શોધમાં ભટકતાં તેઓ વીકરોલી જઇ ચઢયા. વીકરોલી સ્ટેશનથી ૧૨-૧૩ મીનીટના અન્તરે વીકરોળી ગામ વસેલું છે. ત્યાં સાલસેટના જુના ખ્રીસ્તીઓની વસ્તી છે. આ ગામ બહુ જુનું છે અને ગામની બાંધણી તદ્દન જુની પદ્ધતિની છે. ગામનાં બધાં ઘરો માટીનાં બનાવેલાં છે. આ ઘરમાં રસોડું, સંડાસ, નહાવાની ઓરડી એવી આધુનીક પધ્ધતિની કોઇ સગવડ નથી. ઉપર જણાવેલ શિક્ષિત દંપતીએ આવા કોઇ માટીના ઘરમાં જ રહેવાનો નિર્ણય કર્યો. આજે કેટલાક સમયથી તેઓ એ રીતે ત્યાં વસી રહ્યા છે અને નહાવા ધોવાનું જંગલ જવાનું ગામના બીજા લોકોની જેમ તેઓ નીભાવી લે છે, અને પુરસદના વખતમાં ગામમાં પ્રાથમિક શાળા ન હોવાથી ત્યાંનાં બાળકોને ભણાવે છે. તેમની આ પ્રવૃત્તિની વિશેષ જાણ થતાં ઘાટકોપરની કોંગ્રેસ કમીટીએ થોડા સમય પહેલાં કેટલાક ભાઇઓની મદદથી ત્યાં પ્રાથમિક શાળાની શરૂઆત કરી છે. આ દંપતીએ પોતાની હૈયા ઉકલતથી જે રીતે રહેઠાણના પ્રશ્નનો ઉકેલ આણ્યો અને જ્યાં રહ્યા ત્યાંના લોકોની તેમણે જે રીતે સેવા કરવા માંડી એ જોતાં જાણતાં શાન્તિભાઇ જણાવે છે તેમ તેઓ આશ્ચર્યમુગ્ધ થઇ ગયા અને તેમના આનંદનો પાર ન રહ્યો.

જે દેશમાં ઉપર જણાવેલ ભવાની રસોઇઓ, પેલા ટપાલીભાઇ જયરામજી અને આવું કાર્યકુશળ દંપતી દર્શન દઇ રહ્યાં છે તે દેશના ભાવીનું સ્વરૂપ કેટલું ઉજ્જવળ, ભવ્ય, અને પ્રતિભાસંપન્ન હશે એ કહેવા કે વર્ણવવાની જરૂર છે ખરી? **પરમાનંદ**

ભગવાન મહાવીરના મુખ્ય સિદ્ધાન્તો

(સંવત્સરિ પર્વ-તા. ૭-૯-૪૮ મંગળવાર-ના રોજ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે મુંબઇના ઓલ ઇન્ડીઆ રેડીઓના કેન્દ્ર ઉપરથી ઉપર જણાવેલ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું તે ઓલ ઇન્ડીઆ રેડીઓની અનુમતિથી અહિ પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

આજે સંવત્સરીનું મહાન પર્વ છે. હિન્દભરમાં લાખો જૈનો વ્રત કરશે, તપ કરશે, દાન કરશે, ધર્મ કરશે અને સંવત્સરી પ્રતિક્રમણ કરશે. પ્રતિક્રમણ કરતાં કહેશે કે,

खामेमि सव्वजीवा, सव्वे जीवा खमन्तु मे ।
मित्ति मे सव्व भूएषु, वेहं मझ्झं न केणई ॥

ચૌદ રાજ લોકમાં વસતા સર્વ જીવોને હું ખમાવું છું; વર્ષ દરમ્યાન તેમની કાંઇ આશાતના કરી હોય, લાગણી દુભાવી હોય, દુઃખ દીધું હોય તો અન્તઃકરણપૂર્વક ક્ષમા માગું છું! સર્વ જીવો મને ક્ષમા આપો. કારણ કે સર્વ ભૂત પ્રત્યે, પ્રાણીમાત્ર પ્રત્યે, મને મૈત્રી છે, પ્રેમ છે! કોઇ પ્રત્યે મને વૈર નથી. કેટલો મહાન સંદેશ! આ ગાથા બોલવાવાળા કેટલા અંતઃકરણપૂર્વક કહી શકે તેમ છે કે પોતે આ સંદેશને સ્વીકારે છે, અમલમાં મૂકવા પ્રયત્ન કરે છે? જે વિશ્વવંદ્ય પુરૂષે આ સંદેશ ૨૫૦૦ વર્ષ પૂર્વે આપ્યો તેમને આજે આપણે યાદ કરીએ, તેના ગુણગાન કરીએ, અને તેમનો સંદેશ જીવનમાં કાંઇક પણ ઉતારવા પ્રયત્ન કરીએ.

આવો જ સંદેશ લગભગ એ જ સમયે ભારતવર્ષમાં બીજા વિશ્વવંદ્ય પુરૂષે આપ્યો હતો. તે હતા ભગવાન બુધ્ધ. તેમણે કહ્યું,

न हि वेरेण वेराणि, समन्ति घ कदाचन ।
अवेरेण समन्ति घ, एसो धम्मो सनातनो ॥

વૈરથી વૈર કોઇ દિવસ શમતું નથી, અવૈરથી, પ્રેમથી જ વૈર શમે છે. આ જ સનાતન-ત્રિકાળાબાધિત ધર્મ છે.

આ જ સંદેશ ફરીથી એક વખત ૨૫૦૦ વર્ષ પછી હિંસા-ત્રસ્ત જગતને ભારતીય સંસ્કૃતિના વારસદાર, જગતની સર્વ સંત સંસ્કૃતિના પ્રતિનિધિ મહાત્મા ગાંધીએ આપ્યો. પણ જગતે એ સંદેશ ઝીલ્યો છે? અહિંસાના અમોઘ શસ્ત્રને એણે પોતાનું બનાવ્યું છે? કે હજી અણુ બોમ્બો અને તેનાથી પણ વધારે ભયંકર અને સંહારક શસ્ત્રો શોધવામાં જ જગત અને તેના વૈજ્ઞા-નિકો પડયા છે? માનવજાત આ સંદેશ સાંભળશે કે અચૂકપણે પોતાના વિનિપાત તરફ ધસી વિનાશ કરશે?

ભગવાન મહાવીર કે બુધ્ધનો સંદેશ ૨૫૦૦ વર્ષ પૂર્વે જેટલો જરૂરનો હતો તેના કરતાં આજે વધારે જરૂરનો છે. કારણ કે આજે જે હિંસા છે અને હિંસાના અને સંહારનાં સાધનો આપણી પાસે છે, તેના પ્રમાણમાં તે સમયે તો કાંઇ જ ન હતા. માનવીની હિંસા કરવાની શકિતને ત્યારે મર્યાદા હતી. આજે વિજ્ઞાને જે સાધનો ધર્મવિહીન મનુષ્યજાતિના હાથમાં મૂકયાં છે તેનો માણસ વિવેકહીન અને સ્વાર્થઅંધ બની ઉપયોગ કરશે તો વિનાશ જ થશે.

ભગવાન મહાવીરના સ્થુલ જીવનની હકીકતો સુવિદિત છે. એમાં ઉતરી તમારો સમય નહિ લઉં, પણ જૈન ધર્મના મુખ્ય લક્ષણો ટુંકામાં કહીશ.

જૈન ધર્મ એ વૈદિકધર્મથી જુદો છે, પણ ભારતિય સંસ્કૃતિના પાયારૂપ આર્યધર્મની એક શાખા છે, અને અંગ છે. ભારતીય સંસ્કૃતિના વિકાસમાં જૈન ધર્મે જેમ ફાળો આપ્યો છે તેમ વૈદિક અને બૌદ્ધ ધર્મની તેના ઉપર પણ મહત્વની અસર પડી છે.

જૈન ધર્મ મુખ્યત્વે આચારધર્મ છે. જૈન એક દર્શન છે. અન્ય દર્શનોની પેઠે જૈન આચાર્યોએ જૈન દર્શનને સારી રીતે વિકસાવ્યું પણ છે. અને એક રીતે તેની વિશેષતા પણ છે. છતાં ભગવાન મહાવીરે કોઇ દર્શન શાસ્ત્ર રચ્યું નથી. બુધ્ધિની કસરતમાં તેમણે કોઇ સમય ગુમાવ્યો નથી. તેમની પાસે તો, દરેક પયગમ્બરો અને ધર્મગુરૂઓ પાસે જે સવાલ હોય છે, તે જ હતો કે જીવવું કેવી રીતે? માણસે કેમ બોલવું, કેમ વિચારવું, કેમ વર્તવું કે જેથી પોતાને અને બીજાને સુખ થાય, કોઇને દુઃખ ન થાય. આ એક નિર્વિવાદ હકીકત ઉપર જ આખા ધર્મનું ચણતર છે. પ્રાણિમાત્રને સુખ જોઇએ છીએ, કોઇને દુઃખ જોઇતું નથી અને જે સુખ જોઇએ છીએ તે ક્ષણિક નહિ, અંતે દુઃખમાં પરિણમે એવું નહિ પણ શાશ્વત સુખ જોઇએ છીએ. પોતાના સુખને માટે બીજાને દુઃખ થાય તે સુખ ન કહેવાય, કારણ કે તો તો પ્રાણિ-માત્ર પોતાના સુખની શોધમાં પડી બીજાને દુઃખ જ આપે એટલે કોઇને સુખ ન મળે અને પ્રાણિમાત્રનું જીવન દુઃખમય બની જાય. માટે એવો માર્ગ શોધવો જોઇએ કે જેથી પોતાને ચિરંજીવી સુખ મળે અને બીજા સર્વેને પણ સુખ મળે. આ કલ્પનામાં મનુષ્ય અને મનુષ્યેત્તર પ્રાણિ સૃષ્ટિ વચ્ચે તેમણે કોઇ ભેદ પાડયો નથી. પણ ચૌદરાજલોકના સર્વભૂત-પ્રાણિમાત્ર. પ્રત્યે સમભાવ અને પ્રેમની દૃષ્ટિએ તેમણે જોયું છે

સર્વ જીવોના આ અનુભવ ઉપરથી જીવનમાર્ગ નકકી કરવો સહેલ થઇ પડે. પોતાને અને બીજાને સુખ થાય એવો માર્ગ તો અહિંસાનો, પ્રેમનો જ છે-બીજો કોઇ નથી. એટલે અહિંસાને જૈન ધર્મે પ્રથમસ્થાન આપ્યું. આ અહિંસા એટલે આજે જીવ-દયાને નામે જે વિકૃતિ આપણે સમાજમાં જોઇએ છીએ તે નહિ પણ જીવનના પ્રત્યેક અંગમાં અણુએઅણુમાં વ્યાપેલી અહિંસા. એ ધર્મનો પાયો છે. અહિંસામાંથી સત્ય આપોઆપ ફલિત થાય છે. અસત્ય અને દંભ હિંસાના જ પ્રકાર છે. વળી જેણે અહિંસા સ્વીકારી તેને અસત્ય કે દંભનો આવકાર જ રહેતો નથી. ગાંધી-જીએ અહિંસા અને સત્યને એક જચકરડીની બે બાજુઓ કહી છે. સત્યના પૂજારીને અહિંસા અનિવાર્ય થઈ પડે તેમ અહિંસાના ઉપાસકને સત્ય અનિવાર્ય થઇ પડે સત્યની શોધમાં નીકળેલ માનવીને અહિંસા સાંપડશે તેમ અહિંસા સ્વીકારનારને સત્ય સાંપડશે.

અહિંસામાંથી નિર્ભયતા આવે. જેને પ્રાણિમાત્ર પ્રત્યે પ્રેમ છે, મૈત્રી છે, જેને કોઇનું બુરૂં કરવું નથી, સ્વાર્થ ખાતર બીજાનું અહિત કરવું નથી. તેને કોઇનો ભય નથી અને તેનાથી કોઇને ભય નથી. જે પોતે નિર્ભય છે તે જ બીજાને અભય આપી શકે છે. પણ સંયમ વિના અહિંસા નીપજે નહિ અને ટકે પણ નહિ. અસંયમીને સાચી અહિંસા સાંપડે નહિ. સંયમ એટલે બહારના દબાણથી કરેલ ત્યાગ નહિ પણ અંતરથી સ્વેચ્છાએ સ્વીકારેલ સંયમ. મનુષ્યમાં જેમ શુભ ભાવનાઓ છે તેમ અશુભ વાસનાઓ પણ છે. પ્રેમ, મૈત્રી, કરૂણા, દયા છે; તેમ કામ ક્રોધ, મદ, મોહ અને લોભ પણ છે. આ ષડરિપુઓ ઉપર કાબુ મેળવવામાં મનુ-ષ્યની સાચી માનવતા રહેલી છે. આ કાબુ મેળવવો એટલે બ્રહ્મચર્ય, આસ્વાદ, અપરિગ્રહ સ્વીકારવો. ભૂમિતિમાં જેમ એકમાંથી બીજું અનિવાર્યપણે પરિણમે છે તેમ અહિંસાને જીવનમાર્ગ તરીકે સ્વીકારીએ એટલે સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આપોઆપ સ્વીકારવા જ રહ્યા; નહિ તો અહિંસા અધુરી રહે. તો મુખ્ય હકીકત-કે જીવ માત્રને સુખ જોઇએ છીએ, કોઇને દુઃખ ગમતું નથી એ નિર્વિવાદ હોય તો અહિંસા એકજ એનો માર્ગ છે. અને સાચી અહિંસા જાળવવા સંયમ એનો પાયો છે.

પણ માનવીમાં શુભ ભાવનાઓ છે તેમ સાથે સાથે વાસનાઓ અને કામનાઓ પણ છે. તેના ઉપર વિજય મેળવવા તપ સાધન છે. અહિંસા અને સંયમ જેટલો જ તપનો મહિમા

જૈન ધર્મે સ્વીકાર્યો છે. એક રીતે કહીએ તો જૈન ધર્મ તપ પ્રધાન છે. વાસનાઓને નિર્મળ બનાવવા તપના અગ્નિ સિવાય કોઇ માર્ગ નથી. આંતર તેમજ બાહ્ય તપના અનેક પ્રકારો જૈન ધર્મે સૂક્ષ્મતાથી વિકસાવ્યા છે. ભગવાન મહાવીરના જીવન-ચરિત્રમાં જે વર્ણનો આવે છે; તેમાં પણ દીર્ઘ-તપસ્વી ભગવાન મહાવીર એવું વિશેષણ ઘણી વખત જોવામાં આવે છે.

એટલે જૈન ધર્મના મુખ્ય લક્ષણો ટુંકામાં કહેવા હોય તો અહિંસા, સંયમ અને તપ એમ કહેવાય, દશવૈકાલિકસૂત્રની પ્રથમ ગાથામાં જ આ લક્ષણો આપ્યા છે. એ ગાથામાં કહ્યું છે કે ધર્મ એ સર્વોત્તમ મંગળ છે; અહિંસા, સંયમ અને તપ એ ધર્મનું સ્વરૂપ છે; આવા ધર્મમાં જેનું મન હમેશાં લીન રહે છે, તેવા પુરૂષને દેવો પણ નમસ્કાર કરે છે.

મેં ઉપર કહ્યું તેમ જૈન ધર્મ મુખ્યત્વે આચાર ધર્મ છે. તેણે જેમ વર્તનમાં અહિંસાને પ્રથમ સ્થાન આપ્યું તેમ વાણીમાં અને વિચારમાં પણ અહિંસાને જ પ્રથમ સ્થાન આપ્યું છે. કાંઇ પણ બોલવું તે યતનાપૂર્વક એટલે કે વિવેકથી બોલવું, વિચારીને બોલવું, કોઇને દુઃખ થાય એવો શબ્દ ન ઉચ્ચારવો એમ શાસ્ત્રોમાં કહ્યું છે. પણ માત્ર વાણીમાં જ અહિંસાથી અટકીએ તો સાચી અહિંસા ન આવે. વિચારમાં હિંસા ભરી હોય તો વાણી-માં ન આવે અને વર્તનમાં પણ ન આવે. વિચારમાં અહિંસા એટલે શું? માણસમાં સ્વભાવિક રીતે મમત્વ હોય છે, મતાગ્રહો હોય છે, પોતે વિચાર્યું તે જ સાચું છે એમ માનીલેવાની હઠ હોય છે. સામાના વિચારમાં સત્યનો અંશ રહેલો છે, તે જોવાની ઉદારતા બહુ થોડામાં હોય છે. જૈન ધર્મે આ વસ્તુ ઉપર ખૂબ ભાર મૂકયો છે. અને તેમાંથી પ્રખ્યાત સ્યાદ્વાદ રચાયો છે. વસ્તુના ઘણા સ્વરૂપો હોય છે અને તેનું કોઇ એક જ લક્ષણ આખી વસ્તુનું રહસ્ય આપી શકતું નથી તે સ્વીકારવાની તત્પરતા તેમાંજ વિચારની-બુધ્ધિની અહિંસા રહી છે. દરેક મનુષ્ય કેટલેક દરજ્જે અજ્ઞાન છે. તેથી પોતે કહે છે તે જ સાચું છે એવો આગ્રહ રાખી બીજાઓ પ્રત્યે ક્રોધ કરવો એમાં હિંસા છે, સત્ય દર્શન નથી. સ્યાદ્-વાદ એ જૈન દર્શનનું વિશિષ્ટ અંગ છે, પણ મૂળ તો અહિંસાનું જ બીજું સ્વરૂપ છે.

સાચો અહિંસા ધર્મ જેણે સ્વીકાર્યો તે આપોઆપ માનવ-સમાનતાનો ધર્મ સ્વીકારે છે. આવા ધર્મમાં નથી કોઇ ભેદ રહેતો જ્ઞાતિ કે જાતિનો કે સ્પર્શ્ય કે અસ્પર્શ્યનો અને જૈન ધર્મમાં આવો કોઇ ભેદ છે પણ નહિ; બલકે એ સમયમાં આવા ભેદો પ્રવર્તતા હતા તેની સામેના બળવા તરીકે જૈન અને બુદ્ધ ધર્મે માનવમાત્રને નહિ પણ પ્રાણિમાત્રને સમાન ગણવાની ઘોષણા કરી. આજે એ જ જૈનો જ્ઞાતિજાતિના, સ્પર્શ્ય-અસ્પર્શ્યના ભેદો સ્વીકા-રીને, જૈન ધર્મને અવગણી રહ્યા છે.

અહિંસા ધર્મ સ્વીકાર્યો તેને માટે બીનજરૂરી પરિગ્રહ એ પાપ છે. એટલે સાચા જૈન ધર્મમાં મૂડીવાદને કોઇ અવકાશ રહેતો નથી. જૈન ધર્મ સમાજવાદી છે એમ કહેવા કરતાં સાચા જૈન ધર્મમાં કોઇ વાદને સ્થાન રહેતું નથી એ કહેવું વધારે વાસ્તવિક થશે.

જૈનોએ યુગધર્મ ઓળખવો જોઇશે અને ભગવાન મહા-વીરના મુખ્ય સિદ્ધાંતો અહિંસા, સંયમ અને તપને વર્તમાન પરિસ્થિતિ પ્રમાણે અમલમાં મૂકવા જાગૃત થવું પડશે.

જૈન ધર્મ વિશ્વધર્મ છે. ભારતીય સંસ્કૃતિના સનાતન સિધ્ધાંતો અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, જૈન, બુધ્ધ અને વૈદિક ત્રણે સંસ્કૃતિના અવિભાજ્ય અંગો છે.

ભગવાન મહાવીરે જે જાણ્યું, જોયું અને અનુભવ્યું અને તેમાંથી જે સત્ય જગતને આપ્યું તે સનાતન સત્ય છે. પ્રાણીમાત્ર સુખ ઇચ્છે છે. સુખનો એક માત્ર માર્ગ અહિંસા અને પ્રેમ છે. જગત અને માનવ જેટલે દરજ્જે આ માર્ગ સ્વીકારશે તેટલે દરજ્જે સુખી થશે અને બીજાને સુખી કરશે. જય હિન્દ!

ચીમનલાલ ચકુભાઇ શાહ

સંઘની પ્રવૃત્તિઓને મળેલું આર્થિક સીંચન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચાલતિ વિવિધ પ્રવૃત્તિઓને પર્યુષણ દરમિયાન મળેલી આર્થિક મદદની યાદી નીચે આપવામાં આવે છે અને આ રીતે મદદ આપનાર ભાઇ-બહેનોનો આભાર માનવામાં આવે છે.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય તથા પ્રબુદ્ધ જૈનને સંયુકત ભેટ

૩૫૦) શ્રી ચીમનલાલ પ્રાણજીવનદાસ શાહ
૨૦૦) ,, નથુદાસ નેમીદાસ પારેખ
૧૦૦) ,, ચંદનબહેન ડાહ્યાભાઇ
૧૦૦) ,, પોપટલાલ ગીરધરલાલ
૧૦૦) ,, કાન્તીલાલ ભોગીલાલની કું.
૧૦૦) ,, ચીમનલાલ પી. શ્રોફ
૫૦) ,, નાનચંદભાઇ શામજી
૫૦) ,, વલ્લભદાસ પુલચંદ મહેતા
૫૦) ,, ડાહ્યાભાઇ ત્રીભોવનદાસ
૫૦) ,, સારાભાઇ જે. શાહ
૫૦) ,, લક્ષ્મીચંદ દેવચંદ ઝવેરી
૫૦) ,, લીલાવતીબહેન દેવીદાસ
૫૦) ,, સુમતિચંદ્ર શીવજીભાઇ
૫૦) ,, વિજયાબહેન દુલભજી પરીખ
૫૦) ,, ચંપાબહેન ચીમનલાલ શાહ
૨૫) ,, લખમસી ઘેલાભાઇ
૨૫) ,, મોહનલાલ. આર. પરીખ
૨૫) ,, પાસુભાઇ ખીયસી પુરીઆ
૨૫) ,, હરગોવનદાસ હરજીવનદાસ ભાભેરા
૨૫) ,, મોહનલાલ. એમ. મહેતા
૨૫) ,, ત્રીકમલાલ મગનલાલ
૨૫) ,, અંબાલાલ. એલ. પરીખ
૨૫) ,, હીંમતલાલ. કે. મણીયાર
૨૫) ,, કાંતાબહેન હીંમતલાલ શાહ
૨૫) ,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ
૨૫) શ્રી. મનુભાઇ ગુલાબચંદ કાપડીઆ
૨૫) ,, માણેકલાલ વાડીલાલ
૨૫) ,, જમનાદાસ અમરચંદ ગાંધી
૨૫) ,, માનબહેન રાયચંદ
૨૫) ,, પુષ્પાબહેન રાયચંદ શાહ
૨૫) ,, દેવકાબહેન ઝવેરચંદ
૨૫) ,, માનબહેન પદમશી
૨૫) ,, એક બહેન
૨૫) ,, જસુમતીબહેન મનુભાઇ કાપડીઆ
૨૫) ,, રમાબહેન શાહ
૨૫) ,,મણિબહેન શિવલાલ

૧૯૨૫)

વ્યાખ્યાનમાળા

૨૦૦) શ્રી. ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૧૦૩) ,, નથુભાઇ નેમીદાસ પારેખ
૧૦૦) ,, ભોળાભાઇ જેસિંગભાઇ
૫૧) ,, રમણલાલ લાલભાઇ
૫૧) ,, મંગળદાસ નાગરદાસ તલસાણીઆ
૨૫) ,, નાથીબાઇ હંસરાજ
૧૦) ,, સંપતબહેન દીપચંદ
૧૦) ,, ચત્રભુજ નાગરદાસ ડગલી
૫) ,, મુળચંદભાઇ હીરજી

૫૫૫)

વૈદ્યકીય રાહત

૫૧) શ્રી. મંગળદાસ નાગરદાસ તલસાણીઆ
૨૫) શ્રીમતી કાંતાબહેન ઝવેરી
૨૫) ,, રમાબહેન શાહ
૨૫) માતુશ્રી ચંદનબાઇના સ્મરણાર્થે
હા. રસિકલાલ ડાહ્યાભાઇ
૧૫) ,, એક બહેન તરફથી.
હ. રંભાબહેન ગાંધી
૫) ,, મુળચંદભાઇ હીરજી

૧૪૫)

સંઘને ભેટ

૧૦૦) શ્રી નરોતમદાસ અમરચંદ
૧૦) ,, મુળચંદભાઇ હીરજી
૫) ,, ભોગીલાલ મણિલાલ

૧૧૫)

પ્રબુદ્ધ જૈનને ભેટ

૫૦) એક બહેન તરફથી
હ. શ્રી. પરમાનંદભાઇ

૫૦)

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સુર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. ન. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૦
અંક : ૧૨

મુંબઈ: ૧૫ ઓકટોબર ૧૯૪૮ શુક્રવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

ગાંધીજીના ખૂનીને મારી નાંખવો જોઈએ ?

[આજે તો કોઇ પણ ખુનીને ફાંસીએ લટકાવવા એ કાયદાની પરંપરા સામે અનેક સમાજહિતચિન્તકો વિરોધ દર્શાવી રહ્યા છે. આમાં પણ ગાંધીજીના ખુનીને મારી નાંખવો જોઇએ કે કેમ ? એ પ્રશ્ન ગાંધીજીના અહિંસાવાદના ઘોરણે વિચારતાં એક વિશિષ્ટ સમસ્યા બની જાય છે. જાણીતાં વિદુષી લેખિકા મીસીસ પર્લ બક આ પ્રશ્નની 'યુનાટેડ નેશન્સ વર્લ્ડ' નામના સામયિકમાં એક વિચારપ્રેરક ચર્ચા કરી છે અને તેનો અનુવાદ સંસ્કૃતિનાં જુન માસના અંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે જે અહીં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. —તંત્રી]

ગાંધીજીનું અવસાન થયું છે. એમની રખ્યા હિંદના રથળે રથળે ને જળે જળે બિછાઇ ગઇ છે. એ અદમ્ય દેહયષ્ટિ, એ નિર્ભય આત્મા, એ લાંબા વરસો, એ ઉચ્ચ આશય, બધું જ આટલી બધી સહેલાઇથી ખતમ થયું. એક ક્ષણમાં એ ખલાસ થયું. પિસ્તોલનો ગોળીબાર અને માત્ર શાંતિ જ અવશેષ રહી. શાંતિ અને મુઠીભર રખ્યા—નવાઇની વાત છે કે અજ્ઞાન માણસો, મૂરખાઓ, અણુબોમ્બના શોધકો, સેનાપતિઓ, નાયકો, હવાલદારો, નાના સિપાઇઓ—એ સૌને હિંસા પ્રત્યે પ્રીતિ છે. જેની તેમને ભીતિ હોય, જેને તે ધિક્કારતા હોય, જેઓ તેમની સામે બળવો કરે, તે બધાને આટલી સહેલાઇથી ખતમ કરી શકાય. ઘોડી ઉપર કે બટન પર જરીક આંચકો, એક ચમકારો, ધડાકો અને પછી શેષ રહે છે શાંતિ અને રખ્યા. આજે લાખોને હજારની જેમ સહેલાઇથી મારી શકાય છે અને હજારને એકની જેટલી સહેલાઇથી.

ગાંધી માત્ર એક હતા. એમનો અવાજ એકાકી હતો. સદાયે મૃદુ, સદાયે સમજાવટભર્યો. આપણા ક્ષુબ્ધ જીવનમાં અંતરાત્માનો એ અવાજ હતો. એ સાચો હતો. તે જાણતા હતા કે પોતે સાચા હતા. જે માણસે એમની હત્યા કરી તે પણ જાણતો હતો કે એ સાચા હત. હિંસાખોર લોકોની મૂર્ખતાઓ ગમે તેટલી લાંબી ભલે ને ચાલે, એ એટલું જ પુરવાર કરે છે કે ગાંધી સાચા હતા. મનુષ્યો માટે અહિંસા એ જ એક સાદી સમજ છે. આપણે આટલી બધી સહેલાઇથી મરી જઇએ છીએ. આપણો દેહ સુકુમાર અને અરક્ષિત છે, મગજ, હૃદય, આત્મા જોખમભરી રીતે રાખવામાં આવેલા છે. શાંતિની યોજના થાય, દલીલો પતે, સ્વાર્થીઓની કજિયાખોરી શમે, એ બધાની આપણે વાટ જોઇ શકીએ નહીં, એ શાંતિ સ્થપાય તે પહેલાં તો જિંદગી પૂરી થાય છે. ગાંધી કહેતા કે ગમે તે ભોગે હિંસા વાપરવાની આપણે ના પાડવી જોઇએ. એ કહેતા, અંત સુધી સામનો આપો, પણ હિંસા સિવાય.

હિંસા અને સત્તાનો ગોટાળો કરતા જગતને આ શબ્દો એટલા બધા સરળ લાગે છે કે જાણે એ ભાગ્યે જ સાચા હોય. સત્ય હમેશાં સરળ હોય છે. માણસો ગોટાળા ને ગુંચવાડાના ગબારા ઉડાવે છે કેમકે સાદા સત્યથી. તેઓ ડરે છે. પણ સત્યમાં ફેર પડતો નથી. એ તો, તેમ છતાં, સાદું જ રહે છે. ખુદ અણુ કરતાં તે વધારે પાયાનું તત્ત્વ છે.

આજે કેદમાં પડેલા એ જુવાન હિંદુનો વિચાર કરો. ફરતી ભારે ચોકી છે; કેમ કે એણે ગાંધીની હત્યા કરી છે. એ માણસને મરવાનું છે કે જીવવાનું ? જો આપણે ગાંધીને અક્ષરશઃ માનીએ, અને મને લાગે છે કે પોતાને સૌ અક્ષરશઃ માને એમ જ એ સદા ઇચ્છતા. તો પેલો માણસ હિંસાથી મરવો જોઇએ નહિ, ગુનાની સજા લેખે પણ નહિ. જરી વિચિત્ર કલ્પના કરો કે એને મુકત કરવામાં આવે છે. ગાંધી ઘણી વાર કેદમાં પડયા હતા અને પોતાનો ખૂની કેદમાં રહે એ એમને કદાચ ન ગમે. જરી બેહુદી કલ્પના કરો કે કેદીને છોડી મૂકવામાં આવે છે. એની જિંદગી શી હશે ? એણે જે કર્યું છે તેનાથી એ છૂટી શકશે ? હું માનું છું, કદાપિ નહિ. જ્યારે જ્યારે એ પોતાના લોક વચ્ચે જશે ત્યારે એને કોઇ આવકારશે નહિ. એ છૂપાઈ શકશે નહિ, કેમ કે એની ઉપર ચોકી રહેશે ને એનાથી સૌ ડરશે. કોઇને એના હાથને અડવું ગમશે નહીં, એ હાથે ગાંધીની હત્યા કરી છે. સ્ત્રીઓ એનાથી બીશે ને બાળકોને એને હડધુત કરવાનું શિખવાશે કયાં એને વાસો મળશે કે મિત્રો ? પૃથ્વી ઉપર એને માટે કોઇ ઠામ નહિ હોય. એ સૌથી તજાશે. ખુદ ગાંધીના આત્માના એને ભણકારા વાગ્યાં કરશે. બીજા માણસોમાં રહેલો ગાંધીનો આત્મા—એની મુક્તિ અને સલામતી માટે મથતો આત્મા—કાં એનો સર્વનાશ લાવશે કાં તો નવાવતાર. કારણ કે આ માણસને અંતરાત્મા છે, નહિ તો એ ગાંધીની હત્યા ન કરત ગાંધીના આત્માની આત્યંતિક ભલાઇ મનુષ્યના અંતરાત્મા સાથે કામ પાડે છે. ત્યારે કાં તો તે માણસને નિરાશાથી વિનાશ તરફ ધકેલે છે, કાં તો નવા અવતાર તરફ પ્રેરે છે.

જગત ભલાઇ માટે તલસે છે. લોકો સત્યનિષ્ઠાની ખોજ કરી રહ્યાં છે. એક મહાન ભલા આત્માની શક્તિ જેવું બળવાન કોઇ શસ્ત્ર નથી, કોઇ બોમ્બ નથી. જે પ્રમાણમાં હિંદની પ્રજા, ગાંધીએ તેની સમક્ષ જીવી બતાવી છે તે આ અણુમૂલ શકિતનો—અહિંસાની શકિતનો—ઉપયોગ કરશે, તે પ્રમાણમાં જ એ આપણી દુનિયામાં જીવંત રહેશે અને મહાન બનશે, એવો વ્યકિતગત દાખલો પૂરો પાડવામાં જ ગાંધીની મહત્તા છે. બીજાને જે આચરવાનું એ કહેતા તે પોતે આચરતા જ્યારે લોકોએ જોયું કે ખરેખર આમ છે, ત્યારે તેમણે એમનામાં વિશ્વાસ મૂકયો. ગાંધીએ એમનો ભાગ ભજવ્યો છે. હવે હિંદની પ્રજાએ એમનું અહિંસા માટેનું જગતનેતૃત્વ ઉપાડી લેવાનું રહે છે.

ખરે જ હિંદની મહત્તા વિષે બીજાઓને જે આશા બંધાઇ છે તે પૂરી પાડવા માટે હિંદ પાસે આ જ એક માર્ગ છે. હિંસાથી જગત વાજ આવ્યું છે. ધિક્કાર અને કલેશથી આપણે ગળે આવ્યા છીએ અને ઠેબે ઠેબે થઇ ગયા છીએ. પ્રજાઓના હૃદય લશ્કરખોરો અને યુદ્ધખોરોના જુલમાટાથી દૂર ભાગે છે. કોઇ યુદ્ધશાંતિ લાવતું નથી, કેમ કે હિંસામાંથી વધુ હિંસા જ જન્મે છે. ઓ હિંદ, તારા ગાંધીને તું પાત્ર થવા હિંમત કર !

પર્લ બક

સંઘ સમાચાર

તા. ૧૩-૧૦-૪૮ બુધવારના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ સંઘના એક આદ્યસ્થાપક સભ્ય શ્રી કકલભાઈ ભુદરદાસ વકીલને સંઘના સભ્ય તરીકેની જવાબદારીઓથી તેમ જ અધિકારોથી મુક્ત કરવાનો ઠરાવ કર્યો છે.

આવો અગત્યનો નિર્ણય લેવાની સંઘની કાર્યવાહક સમિતિને જે સંયોગોને લીધે ફરજ પડી છે તેની વિગતો નીચે મુજબ છે.

તા. ૧૬-૯-૪૮ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ સંઘના જે નવ સભ્યો જે. પી. અને ઓનરરી મેજીસ્ટ્રેટ થયા હતા તેમના સન્માન અર્થે એક નાનું સરખું બાનગી સ્નેહસંમેલન યોજ્યું હતું. એ પ્રસંગે સંઘના પ્રમુખની ગેરહાજરીમાં સંઘના મંત્રીશ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ જે. પી. સભ્યોને યોગ્ય શબ્દોમાં આવકાર આપ્યો હતો અને સંઘ તરફથી હાર્દિક શુભેચ્છાઓ વ્યકત કરી હતી. પ્રસ્તુત સન્માન માટે સંઘનો આભાર માનતાં શ્રી. કકલભાઇ ભુદરદાસ વકીલે એક લેખિત નિવેદન વાંચી સંભળાવ્યું હતું. આ નિવેદનમાં કેટલાક વિવાદાસ્પદ મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા હતા અને સંઘની ચાલુ કાર્યવાહી ઉપર કેટલીક ટીકા કરવામાં આવી હતી. પ્રસ્તુત પ્રસંગ કેવળ આનંદ સન્માનનો હોઇને રંગમાં ભંગ ન પડે તે હેતુથી શ્રી કકલભાઇના નિવેદનમાં રહેલા તકરારી મુદ્દાઓ વિષે કશી ચર્ચા ન કરવા શ્રી પરમાનંદભાઇએ હાજર રહેલા સભ્યોને વિનંતિ કરી હતી અને એ સન્માન-સંમેલન એક કલાક પર્યન્તના આનંદવિનોદપૂર્વક પસાર થયું હતું. ત્યારબાદ તા૦ ૨૦-૯-૪૮ના મુંબઇ સમાચારમાં એ નિવેદનનો નીચે મુજબ સારભાગ પ્રગટ થયેલો જોવામાં આવ્યો:-

મુંબઇ સમાચારમાંથી ઉદ્ધૃત

"આપે અમારા સત્કારાર્થે આજની સભા બોલાવી અમોને જે અભિનંદન આપ્યા તે માટે આપ સર્વેનો હું અંતઃકરણથી આભાર માનું છું.

"અંગ્રેજ સરકારના રાજ્યમાં મોટા પૈસાવાળા વર્ગમાંથી જે. પી. બનાવવામાં આવતા હતા. આપણી સરકારે તેવું કાંઇ કર્યું નથી. સેવાનાં ક્ષેત્રોમાં જ્યાં જ્યાં કદર કરી શકાય તેમ હોય તેવાઓને જ જે. પી. બનાવવામાં આવ્યા છે અને તે માટે જે અભિનંદન આપ અમોને આપો છો તે અમોને નહિ પણ આપણી સરકારને ફાળે જાય છે એવું મારું માનવું છે.

"આજના પ્રસંગે યુવક સંઘની પ્રવૃત્તિના સંબંધમાં બે શબ્દો કહું તો અસ્થાને નહિ ગણાય. આપમાંના ઘણા ખરા જાણો છો તેમ આ યુવક સંઘની સ્થાપના મારી ઓફીસમાં અને મારા પ્રમુખપણા નીચે થઇ હતી. તેવા આદ્યસ્થાપકોમાં શ્રી. નગીનદાસ જે. શાહ હતા; જેઓ મહાવીર જૈન વિદ્યાલયના સુપ્રીન્ટેન્ડન્ટ હતા. યુવક સંઘનું સુકાન તુરત જ આપણા પરમમિત્ર શ્રીયુત પરમાનંદભાઇએ ઉપાડી લીધું. તેમના જેવા વિદ્વાન વિચારક નિસ્વાર્થ ભાવે સેવા અર્પનાર નિડર સુધારક જૈન કોમમાં અમૂલ્ય રત્ન સમાન યુવક સંઘને મળી આવ્યા તે પણ એક ભાગ્યની નિશાની સમજવી. આપણા આ બંધુ રાજદ્વારી ક્ષેત્રમાં પડયા હોત તો તેઓ ઢેબર સાહેબની જગ્યા મેળવી શકયા હોત.

"શરૂઆતમાં યુવક સંઘે નાના બાળકોને દીક્ષા અપાતી અટકાવવા દેશભરમાં ભારે આંદોલન ફેલાવ્યું. નાનાં બાળકોને તેમના માબાપોથી વિખુટા પાડી દીક્ષા આપી દેવાની પ્રવૃત્તિ તે પ્રસંગે ખુબ જોરમાં ચાલતી હતી અને તેથી જ પ્રધાન પ્રશ્ન અયોગ્ય દીક્ષાનો ગણી યુવક સંઘે પોતાનું બધું બળ જૈન ધર્મને હીણપત લગાડનારી આ અયોગ્ય પ્રથા તોડવામાં અજમાવ્યું. તેમાં તેને સફળતા મળી.

"મને લાગે છે કે યુવક સંઘે તેની પ્રવૃત્તિ આટલેથી અટકાવવી જોઇતી હતી, અને કેળવણીના ક્ષેત્રમાં પ્રચાર કરવાની અને તે દ્વારા સમાજની સેવા કરવાની શરૂઆત કરવી જોઇતી હતી. દેવદ્રવ્ય અને તેની જેવા બીજા વિકટ પ્રશ્નોમાં માથું મારવામાં કંઇક ઉતાવળ થાય છે એવું મારું માનવું છે. સમાજને એક એક પગથિયે ચઢાવવામાં આવે અને તે પચાવી શકે તેટલું જ પીરસવામાં આવે તો તેનું પરિણામ સારું આવે. ટેન્ડુલકર કમીશન સમક્ષ શ્રી. મુનશીની જુબાની સાંભળ્યા પછી દેવદ્રવ્યની વ્યવસ્થાની બાબતમાં સમાજ પચાવી શકે તેવો પ્રચાર કરવા યુવક સંઘને મારી નમ્ર વિનંતી છે. કોઇએ એમ નહીં માની લેવું કે હું દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનો હિમાયતી છું. મારા પોતાના નિવાસસ્થાનમાં એકવીશ વર્ષથી હું ગૃહમંદિર રાખું છું, છતાં કોઇ પણ દિવસે આરતી અથવા પુજાના વખતે ઘીની બોલી બોલવા દેવામાં આવી નથી. મારા આવા વિચારો છતાં મંદિરોમાં જે અઢળક ધન છે તેનો ઉપયોગ તમો તમારી મરજીમાં આવે એ રીતે કરી શકતા નથી. જે ભાઇઓએ પૈસા ભર્યા છે તે ભક્તિ ભાવે અને મંદિરોને નીભાવવામાં તે પૈસા વાપરવામાં આવશે તે હેતુથી ભર્યા છે. એટલે જે રીતે પૈસા આપ્યા હોય તે રીતે જ તેનો વહીવટ કરી શકાય; તેમાં આપણી બુધ્ધિનો ઉપયોગ થઇ શકે નહીં.

"આપણી સરકારેપણ ધર્મના ફંડોની બાબતમાં માથું મારવામાં કંઇક ઉતાવળ કરી છે. ટેન્ડુલકર કમીશનના પરિણામે કંઇ પણ ઉતાવળીયું પગલું સરકાર નહિ ભરે એવી મારી પુરી ખાત્રી છે.' નહિ તો સમાજમાં ખળભળાટ થશે અને પૈસા પગ કરી જશે.

"મંદિરોમાં અને મૂર્તિઓમાં જેઓ માનતા નથી તેઓને તો આવી બાબતોમાં માથું મારવાનો હક અધિકાર જ નથી. હું મંદિરોમાં અને મૂર્તિઓમાં માનનારો છું. અલબત, હાલના વૈભવશાળી મંદિરો અને ઝવેરાત-અલંકૃત મૂર્તિઓમાં નહી. જૈન મંદિરો અને મૂર્તિઓ વૈભવશાળી નહી પરંતુ વૈરાગ્ય અને ત્યાગના પ્રતીક હોવાં જોઇએ. એવો મારો દૃઢ મત છે.

"પાલીતાણાના રંગેપાના પૈસા ઢેબર સાહેબને ચરણે ધરવાની સુચના પણ તેટલી જ અર્થહીન છે. જે ફંડમાં તમારો જરી જેટલો પણ ફાળો નથી તેની વ્યવસ્થા તમારી મરજી મુજબ કરવાનું ફરમાવવું તે નાના મેઢે મોટા બોલ બોલવા જેવું છે. સૌરાષ્ટ્રની સરકારે જૈનોની વિનંતિથી મુંડકા વેરો કાઢી નાખ્યો તેમાં જુલ્મી અને એકહથ્થુ સત્તાધારી રાજ્યના હસ્તે જે અન્યાય થયો હતો તે દૂર કર્યો છે અને તે માટે આપણે સૌરાષ્ટ્ર સરકારના આભારી છીએ. પાલીતાણાના દરબારે જૈન જાત્રાળુ ઉપર જુલમરૂપે આ કર નાખ્યો હતો અને કોંગ્રેસ સરકારની ફરજ હતી કે પોતાના હાથમાં સત્તા આવતાં આ અન્યાય દૂર કરે. આ પૈસાનો ઉપયોગ તીર્થના નિભાવ અર્થે થવો જોઇએ એવું મારું માનવું છે.

"આપણા યુવક સંઘે સામાજિક બાબતોમાં જે દૃઢ થઇ ગઇ છે તેને તોડવામાં પોતાની શક્તિનો ઉપયોગ કરવો જોઇએ. અને તેમાંથી સમય અને સાધનો મળે તો કેળવણીના પ્રચારાર્થે આપણો પ્રયાસ હોવો જોઇએ. સમાજ ખુબ કેળવાશે તો આપ મેળે બધો સડો દૂર થઇ જશે."

આ વાંચીને સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઇ તરફથી શ્રી કકલભાઇ ઉપર નીચે મુજબ પત્ર લખવામાં આવ્યો :—

સંઘના મંત્રીનો પહેલો પત્ર

મુંબઇ, તા. ૨૨-૯-૪૮

પ્રિય કકલભાઈ

તમો તેમ જ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના જે અન્ય આઠ સભ્યો જે. પી. તેમ જ ઓનરરી મેજીસ્ટ્રેટ નિમાયા તે માટે તમો

સર્વનું સન્માન કરવા નિમિત્તે તેમ જ તે સંબંધમાં આનંદ પ્રદર્શિત કરવા માટે તા. ૧૬-૯-૪૮ના રોજ સંઘના કાર્યાલયમાં એક નાનું સરખું સંમેલન બોલાવવામાં આવ્યું હતું. પ્રારંભમાં સંઘના પ્રમુખશ્રીની ગેરહાજરીમાં મેં આપનું સ્વાગત-અભિનંદન કર્યું. તેના ઉત્તર રૂપે તમોએ એક લેખિત નિવેદન વાંચી સંભળાવ્યું હતું. આજ નિવેદનનો સારભાગ તા. ૨૦-૯-૪૮ના મુંબઈ સમાચારમાં પ્રગટ થયેલો જોઈને મને ભારે આશ્ચર્ય અને દુઃખ થયું છે. આ આપણું ખાનગી સંમેલન હતું અને તેમાં તમારા તરફથી કરવામાં આવેલ સંઘની પ્રતિષ્ઠાને અમુક રીતે હાનિ પહોંચાડતું નિવેદન સંઘના જવાબદાર કાર્યકર્તાઓ સાથે કશી પણ ચર્ચા કર્યા સિવાય તમોએ છાપામાં પ્રસિધ્ધિ માટે મોકલી આપ્યું તે યોગ્ય કર્યું નથી એમ મને લાગે છે. હવે જ્યારે એ નિવેદન છાપામાં પ્રગટ થયું છે ત્યારે આ સંબંધમાં શું કરવું તે બાબતની વિચારણા માટે સંઘની કાર્યવાહક સમિતિ સમક્ષ એ નિવેદન મૂકવા સિવાય અમને મંત્રીઓને બીજો કોઇ વિકલ્પ રહેતો નથી. એમ છતાં પણ આ સંબંધમાં કાંઇપણ ગેરસમજુતી હોય તો દૂર થાય એ હેતુથી નીચેની બાબતો તમારા ધ્યાન ઉપર લાવવાની જરૂર લાગે છે.

દેવદ્રવ્યના ઉપયોગ સંબંધમાં તમો જણાવો છો કે "મંદિરોમાં જે અઢળક ધન છે તેનો ઉપયોગ તમો તમારી મરજીમાં આવે એ રીતે કરી શકતા નથી. જે ભાઇઓએ પૈસા ભર્યા છે તે ભક્તિભાવે અને મંદિરોને નિભાવવામાં તે પૈસા વાપરવામાં આવશે એ હેતુથી ભર્યા છે એટલે જે રીતે પૈસા આવ્યા હોય તે રીતે જ તેનો વહીવટ કરી શકાય. તેમાં આપણી બુદ્ધિનો ઉપયોગ થઇ શકે નહિ." અને તો બાબત પર તો તમો નિવેદનના આગળના ભાગમાં જણાવો છો કે "દેવદ્રવ્ય અને તેના જેવા બીજા વિકટ પ્રશ્નોમાં માથું મારવામાં કંઇક ઉતાવળ થાય છે." આ ઉપરથી તમો એમ સૂચવતા લાગો છો કે દેવદ્રવ્યનો પ્રશ્ન મુંબઇ જૈન યુવક સંઘે તાજેતરમાં જ હાથ ધર્યો છે અને એમ કરવામાં મુંબઇ જૈનયુવક સંઘ ભારે ભૂલ કરી રહેલ છે. આ ઉપરથી તમોને યાદ દેવાની જરૂર લાગે છે કે દેવદ્રવ્યનો મુદ્દો સંઘે કોઇ તાજેતરમાં નવો ઊભો કરેલો પ્રશ્ન નથી, પણ આ મુદ્દો તો શ્રી મુંબઇ જૈન યુવક સંઘના મૂળ બંધારણમાં રહેલો છે. બંધારણની કલમ ૩ (ક) ૨ (૪) માં જણાવ્યા મુજબ "મંદિરોને સાદી રીતે નીભાવતાં બચતી આવકનો તેમ જ એકત્ર થયેલી મુડીનો જનકલ્યાણના કાર્યોમાં ચાલુ ઉપયોગ થવો જોઇએ" આ માન્યતા સંઘના દરેક સભ્યે સ્વીકારવાની રહે છે, અને "દેવદ્રવ્યના નામે થતી આવકનો જનકલ્યાણના કાર્યમાં ઉપયોગ કરવાનો પ્રબંધ થયો ન હોય એવા મંદિરોની આવકમાં ધી બોલીને કે તેના ફંડફાળામાં પૈસા ભરીને આ સંઘનો સભ્ય વધારો કરશે નહિ" એવો શિસ્તનિયમ પણ સંઘના દરેક સભ્યે અમલમાં મુકવાનો છે. યાદ આપવાની જરૂર નથી કે મુંબઇ જૈન યુવક સંઘના મૂળ બંધારણમાં મહત્ત્વના ફેરફારો કરીને જૈન સમાજના સર્વ વિભાગોને આવકારતું અને પોતામાં સમાવતું નવું બંધારણ આજથી બાર વર્ષ પહેલાં તમારા પ્રમુખપણા નીચે અથવા તો તમારી હાજરી દરમ્યાન ઘડવામાં અને પસાર કરવામાં આવેલ છે.

તમારા નિવેદનમાં તમો આગળ વધતાં જણાવો છો કે "મંદિરોમાં અને મૂર્તિઓમાં જેઓ માનતા નથી તેઓને આવી બાબતમાં માથું મારવાનો હક્ક-અધિકાર જ નથી." આ સંબંધમાં તમારી જ રાહબરી નીચે પસાર થયેલા બંધારણની કલમ ૩ (ક)-૨ બોલે છે કે "મૂર્તિપૂજા સંબંધમાં જૈન સમાજના ત્રણ વિભાગની માન્યતામાં મોટો મતભેદ કેટલાય કાળથી ચાલતો આવે છે. આ યુવક સંઘમાં પણ કેટલાક સભ્યો મૂર્તિપૂજાને ધર્મોપાસનાના એક અગત્યભર્યા સાધન તરીકે સ્વીકારે છે, જ્યારે કેટલાક સભ્યો તેવી અગત્ય સ્વીકારતા નથી એમ છતાં પણ આજના જૈન સમુદાયના મોટા ભાગનું ધાર્મિક જીવન મૂર્તિપૂજા સાથે ગાઢપણે સંકળાયલું છે અને રહેવાનું છે એ પરિસ્થિતિ આ યુવકસંઘ સ્વીકારે છે અને સાથે આજે ચાલી રહેલી મૂર્તિપૂજાની પદ્ધતિમાં જે અનેક વહેમો, દ્રવ્યનો અપવ્યય અને અતિશયતાઓ દાખલ થયા છે તે વહેલી તકે દૂર કરવાની જરૂર વિષે પણ આ યુવકસંઘના સર્વ સભ્યો એકમત ધરાવે છે અને તે સંબંધમાં નીચેના ધોરણે સુધારા કરવાની પ્રવૃત્તિ હાથ ધરવા માંગે છે." આમ જણાવીને દેવદ્રવ્યનો ઉપયોગ તેમ જ એવી બીજી ચાર બાબતો જણાવી છે તે સર્વ જૈનોનાં મંદિરો અને મૂર્તિપૂજાને અનુલક્ષીને જ છે. સંઘના બંધારણનો આ વિભાગ જોને સ્વીકાર્ય હોય તે "મંદિરોમાં અને મૂર્તિઓમાં જેઓ માનતા ન હોય તેઓને આવી બાબતોમાં માથું મારવાનો હક્ક અધિકાર નથી" એવું વિધાન કરી શકે કે કેમ એ ફરીથી વિચારવા તમને મારી વિનંતિ છે. સંઘના પ્રમુખ, એક મંત્રી તેમ જ અન્ય કેટલાક સભ્યો ઉપર આ વિધાનમાં જે આડકતરો આક્ષેપ રહેલો છે તે પણ ખેદજનક છે.

પાલીતાણાના રબોપાને લગતો તમારો ઉલ્લેખ સમજી શકાતો નથી. કારણ કે આ સંબંધમાં મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહીએ કોઇ પણ જાતનો ઠરાવ કર્યો નથી કે નિવેદન બહાર પાડયું નથી. આ બાબત પ્રબુદ્ધ જૈનમાં મેં મારી વ્યકિતગત જવાબદારીથી પોતા તરફથી જ ચર્ચી છે. આ સંબંધમાં જ્યાં સુધી સંઘ કશું સત્તાવાર રીતે પોતા તરફથી જણાવે નહિ ત્યાં સુધી સંઘને ઉદ્દેશીને આ સંબંધમાં તમો જેવા સહકાર્યકર્તા કહે કે બોલે તે યોગ્ય લાગતું નથી. આમ છતાં પણ એ નિવેદનમાં તમો જે જણાવો છો કે, "જે ફંડમાં તમારો જરી જેટલો પણ ફાળો નથી તેની વ્યવસ્થા તમારી મરજી મુજબ કરવાનું ફરમાવવું આ નાના મોઢે મોટા બોલ બોલવા જેવું છે." આ વિધાન અનેક દૃષ્ટિએ વાંધા પડતું છે અને સંઘની વિચારસરણી ધરાવનારના મોઢે બંધ બેસતું નથી એમ જો હું જણાવું તો તમો તેને અવિનય ન લેખશો.

તમોએ તમારા ગૃહમંદિરનો તમારા નિવેદનમાં ઉલ્લેખ કર્યો છે અને જણાવ્યું છે કે, "મારા પોતાના નિવાસસ્થાનમાં એકવીશ વર્ષથી હું ગૃહમંદિર રાખું છું છતાં કોઇ દિવસે આરતી અથવા પૂજાના વખતે ઘીની બોલી બોલવા દેવામાં આવતી નથી." ગૃહમંદિરમાં બોલી બોલવાનો રિવાજ કોઇ ઠેકાણે જાણવામાં આવ્યો નથી. એમ છતાં પણ સંઘની શિસ્તને વળગી રહેવાનો આ રીતે તમે જે આગ્રહ પ્રગટ કર્યો છે તે સંતોષજનક છે. પણ જ્યારે તમે આ બાબતનો ખાસ ઉલ્લેખ કર્યો છે ત્યારે સંઘના અનેક સભ્યોની પુછાવટને અમો સંતોષી શકીએ તે માટે નીચેની બાબતો સ્પષ્ટ કરવા કૃપા કરશો.

(૧) તમારા ગૃહમંદિરમાં તમો અથવા તો દર્શને આવતાં ભાઇબહેનો નાણું ધરે છે કે નહિ?

(૨) જો આ રીતે ચાલુ નાણું ધરવામાં આવતું હોય તો તે નાણાં શી રીતે વાપરવામાં આવે છે? આ પ્રશ્નને વધારે સ્પષ્ટ કરું તો એ નાણાંનો દેવદ્રવ્યના ઉપયોગને લગતી ચાલુ પ્રથા મુજબ ઉપયોગ થાય છે કે જે સ્વભાવિક રીતે અપેક્ષિત છે તેવા જનકલ્યાણના કાર્યમાં ઉપયોગ થાય છે ખરો?

તમારું નિવેદન સંઘની કાર્યવાહક સમિતિ સમક્ષ વિચારણા માટે રજુ થાય તે પહેલાં તમારા નિવેદનના અનુસંધાનમાં ઉપર જે જે બાબતો જણાવી છે તે વિષે તમારે જે કાંઇ ખુલાસાઓ કરવાના હોય તે સત્વર લખી મોકલવા વિનંતિ છે કે જેથી આ પ્રશ્ન પરત્વે સોમવાર લગભગમાં બોલાવવામાં આવનાર કાર્યવાહક સમિતિની સભામાં તમારા નિવેદન સાથે તમારો ખુલાસો પણ રજુ કરી શકાય.

એક વિશેષ વિનંતિ : મુંબઈ સમાચારમાં તમારા નિવેદન તરીકે જે પ્રગટ કરવામાં આવ્યું છે તે તમોએ સંઘના સન્માન સંમેલનમાં કરેલા નિવેદનનો સાર છે એમ જણાવવામાં આવ્યું છે. જો એ બરોબર હોય તો તમારા મૂળ નિવેદનની (જે મૂળ નિવેદન તમે સંઘની કાર્યવાહક સમિતિ સમક્ષ કરેલું છે તે અથવા તેની નકલ શબ્દશઃ સંઘના દફ્તરમાં હોવી જ જોઇએ, એટલું તમો જરૂર સ્વીકારશો.) એક નકલ મોકલી આપવા કૃપા કરશો. તમારી પાસે આ નકલની મારા સહમંત્રી શ્રી મણિભાઇએ માગણી કરેલી અને તમે મુંબઇ સમાચારના મંત્રી શ્રી. સોરાબજી કાપડીયા પાસેથી મંગાવી લેવા સૂચવેલું, પણ તમે જાણો છો કે અમારાથી એમ મંગાય નહિ અને એમ તેઓ આપે પણ નહિ. તો આ નકલ તમો જાતે મેળવીને મોકલી આપવા તસ્દી લેશો.

આ સાથે દ્રવ્યના પ્રશ્ન સંબંધે સંઘની નીતિ અને કાર્ય પદ્ધતિ સંબંધમાં તા. ૧૫-૭-૪૮ ના પ્રબુદ્ધ જૈનમાં સંઘના મંત્રીઓ તરફથી એક નિવેદન પ્રગટ કરવામાં આવ્યું છે તે તમારી જાણ તેમ જ વિચારણા માટે મોકલી આપવામાં આવેલ છે.

સત્વર ઉત્તર પાઠવવા પુનઃ વિનંતિ છે.

સ્નેહાંકિત

પરમાનંદ કુંવરજી કાપડીઆ

મંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ,

આ પત્રનો તા. ૨૦-૯ ૪૮ ના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભા સુધીમાં કશો પણ જવાબ આવ્યો નહિ. એ સભામાં શ્રી. કકલભાઇનું નિવેદન રજુ કરવામાં આવ્યું અને એ નિવેદન વિષે કશો પણ નિર્ણય લેતાં પહેલાં શ્રી. કકલભાઇને ખુલાસો કરવાની એક વધારે તક આપવી એમ ઠરાવવામાં આવ્યું. એ મુજબ સંઘના મંત્રી તરફથી તા. ૩૦-૯-૪૮ ના રોજ શ્રી. કકલભાઇ ઉપર નીચે મુજબ પત્ર લખવામાં આવ્યો.

સંઘના મંત્રીનો બીજો પત્ર

તા. ૩૦-૯-૪૮

પ્રિય કકલભાઇ,

સવિનય વિજ્ઞપ્તિ કે તા. ૨૯-૯-૪૮ ના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભામાં તા. ૨૦-૯-૪૮ના મુંબઇ સમાચારમાં પ્રગટ થયેલું આપનું નિવેદન અને તેના અનુસંધાનમાં સંઘના મંત્રી તરફથી આપને લખવામાં આવેલ પત્ર રજૂ કરવામાં આવ્યા હતા અને તે પત્રોનો આપના તરફથી હજુ કશો જવાબ આવ્યો નથી તે બાબતની સખેદ નોંધ લેવામાં આવી હતી.

આપ જાણો છો કે દ્રવ્યનો સાર્વજનિક ઉપયોગ થવો જોઇએ એ સંઘના બંધારણમાં રહેલો મુળભૂત મુદ્દો છે અને તેને લગતી પ્રસ્તુત કલમો આપને સંઘના મંત્રીના પત્રમાં વિગતવાર જણાવવામાં આવી છે. આપના નિવેદન ઉપરથી આપને સંઘના બંધારણમાંના દ્રવ્યના પ્રશ્નને લગતાં મંતવ્યો માન્ય નથી એમ સંઘની કાર્યવાહક સમિતિને લાગે છે. અને જો કાર્યવાહક સમિતિનો આ ખ્યાલ બરોબર હોય તો આજની પરિસ્થિતિમાં આપ સભ્ય તરીકે ચાલુ રહી શકો કે કેમ એ પ્રશ્ન કાર્યવાહક સમિતિ સમક્ષ ઉપસ્થિત થાય છે. આ બાબતમાં કાર્યવાહક સમિતિ કાંઇ પણ નિર્ણય લે તે પહેલાં આપને ખુલાસારૂપે જે કાંઇ જણાવવું હોય તે જણાવવાની આપને તક આપવા માટે કાર્યવાહક સમિતિની આજ્ઞાથી આ પત્ર આપને હું લખું છું. આપનો જે કાંઇ જવાબ આવશે તે આપના વિષે નિર્ણય કરવા માટે હવે પછી મળનાર સંઘની કાર્યવાહક સમિતિ સમક્ષ રજુ કરવામાં આવશે એ બાબતની નોંધ લેશો, અને સત્વર ઉત્તર પાઠવવા કૃપા કરશો.

સંઘના બંધારણની નકલ આ સાથે મોકલી છે.

પરમાનંદ કુંવરજી કાપડીઆ

મંત્રી, મુંબઇ જૈન યુવક સંઘ.

આ પત્રના ઉત્તરરૂપે શ્રી. કકલભાઇ તરફથી સંઘના મંત્રીઓને નીચે મુજબ પત્ર મળ્યો.

શ્રી. કકલભાઇનો જવાબ

મુંબઇ તા. ૧-૧૦-૪૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના માનનીય મંત્રી સાહેબ જોગ

આપના તા. ૨૨-૯-૪૮ના બન્ને પત્રો મળ્યા. પત્રવ્યવહાર દ્વારા નકામી ચર્ચામાં ઊતરી સમયનો દુરૂપયોગ ન કરવો પડે તે હેતુથી શ્રી પરમાનંદભાઇ તથા શ્રી મણિભાઇને મારે ત્યાં આમંત્રી ખૂલા દિલે ચર્ચા કરી, દ્રવ્યયોને અંગે મારૂં મંતવ્ય શું છે અને મૂર્તિ અને મંદિરમાં નહિ માનનારા ભાઇઓ ચર્ચામાં ભાગ લઇ શકે કે નહિ, તે બાબતમાં મારૂં દૃષ્ટિબિન્દુ મેં જણાવ્યું. મને લાગ્યું કે મારા આટલા ખુલાસાથી આપ ભાઇઓને સંતોષ થશે અને મને લેખિત ખુલાસો કરવાની ફરજ નહિ પાડવામાં આવે. મારા ઘરે અને ત્યારપછી શ્રીયુત મણિભાઇની ઓફિસે પણ મેં એકવાર ફરીથી આપ મંત્રી સાહેબોને વિનંતિ કરી કે મારી આ સૂચના શ્રી યુવક સંઘની કાર્યવાહક સમિતિ સમક્ષ રજુ કરી અને આપનું બંધારણ એક વખત ફરીથી વિચારણા માગે છે એ હકીકત યુવક સંઘની કાર્યવાહક સમિતિને મારી તરફથી જણાવો. કદાચ આપની સમિતિ આ બાબતમાં વિચારણા કરવાની પણ આનાકાની કરે તો યુવક સંઘની સામાન્ય સભા બોલાવી આપના હાલના બંધારણને સંપૂર્ણ સંમતિ છે અને હાલની કાર્યવાહક સમિતિમાં પૂર્ણ વિશ્વાસ છે, એમ જાહેર કરો. અને પછી મારે શું કરવું તેનો મારે વિચાર કરવાનો રહ્યો.

શ્રી. વેણીબેન જેવા વિદુષી બહેનને પણ આપના ધર્મ વિરોધી અને શાસ્ત્રનાં સિદ્ધાન્તો આડા આવતા હોય તો કાયદાથી તેનો અંત લાવવાની બંધારણની કલમથી અસંતોષ થવાથી રાજીનામું આપી નીકળી જવાની ફરજ પડી. મારા જેવા ઉદ્દામ વિચારવાળાને પણ આપનું બંધારણ ધર્મના મૂળ સિદ્ધાન્તો ઉપર ઘા કરતું લાગવાથી આપની સમિતિ સમક્ષ નાખુશ હૃદયે અપીલ કરવાની મને જરૂર જણાઇ. યુવક સંઘનાં અનેક સભ્યો આપના હાલના બંધારણથી અકળાયાં છે, અને શ્વેતામ્બર મૂર્તિપૂજક એકલાના જ ધર્મના મૂળ સિદ્ધાન્તોને સરકારી કાયદાથી તોડી નાંખવાની આપની મનોવૃત્તિ તેઓને બહુ જ સાલે છે. તેઓ કદાચ આગળ આવી મારી માફક તડ ને ફડ કહી શકતા ન હોય, તોપણ તેઓનાં દિલ તમારી હાલની પ્રવૃત્તિથી દુઃખાય છે. તમો જૈન સિદ્ધાન્તોમાં માનતા ન હો તો 'જૈન' શબ્દને તમારે તિલાંજલિ આપવી જોઇએ એવા ઘણા મોટા ભાગનો મત છે. આ શુભ હેતુથી જ વિનંતિરૂપે યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભામાં સભાના પ્રમુખની પરવાનગી મેળવીને મેં કેટલીક સૂચના કરેલી. મારો હેતુ યુવક સંઘની પ્રવૃત્તિને હીણપત લગાડવાનો હતો જ નહિ. અન્ય સ્થળે જો મેં મારૂં મંતવ્ય જાહેર કર્યું હોત તો અલબત્ત તે વિવેકની મર્યાદા બહાર ગણાત, પરંતુ આપની જ સભામાં આપના હાલના મંત્રીશ્રી જેઓ પ્રમુખસ્થાને બિરાજ્યા હતા તેઓશ્રીની સંમતિ મેળવીને મેં કાર્યવાહક સમિતિનું ધ્યાન ખેંચ્યું કે પ્રજા પચાવી શકે તેટલું જ પીરસો; વધારે પીરસવાથી અપચો થશે, ઓકવું પડશે અને તેનાં છાંટા તમને જ ઊડશે. શ્રીયુત મુનશી જેવા એક દેશનેતા અને પ્રખર ધારાશાસ્ત્રીની જુબાની સાંભળ્યા પછી તમારે દ્રવ્યના ઉપયોગને લગતી પ્રવૃત્તિમાં કંઇક ફેરફાર કરવો જોઇએ. લોકમત તમારા દૃષ્ટિબિંદુ તરફ કેળવતા શીખો અને પછી જ આગળ વધો. આપણા દેલાકાના વડા પ્રધાન નામદાર ખેરસાહેબે પણ લોકમત કેળવ્યા સિવાય કેવળ કાયદાથી કુરૂઢિઓ નાબુદ કરવાનું વ્યાજબી નથી એમ બાપોકાર જાહેર કર્યું છે. કોંગ્રેસ જેવી દેશની મહાન સંસ્થાના બંધારણમાં અનેક વખત ફેરફારો થયા છે.

દેશના ભાગલા પાડવાનું કેટલું કમનસીબ છતાં કોંગ્રેસે તેને સંમતિ આપી છે. આવા તો અનેક દાખલાઓ છે, જેમાં સમય પ્રમાણે અને લોકમત મુજબ બંધારણોમાં ફેરફાર થયા છે, બંધારણો સુધારાયાં છે અને નવીન રીતે અમલમાં આવ્યાં છે. આમાં લોકમતને માન આપવા સિવાય બીજું કશું જ નથી. યુવક સંઘના હાલના અવ્યવહારૂ બંધારણને લઈને અનેક ભાઇઓ અને બહેનો આપનાથી છૂટા પડયા છે તેટલી જ હકીકત જો આપ અને આપની સમિતિ મન ઉપર લે તો જરૂર તેનો વિચાર કરવાની અને બંધારણમાં ફેરફાર કરવાની ફરજ આપને સમજાશે. 'Greater good of greater number' એ સિદ્ધાંત આપે લક્ષમાં રાખીને આપની પ્રવૃત્તિ આગળ વધારવી જોઇએ.

આપ કહો છો કે આ બંધારણ ઘણા લાંબા વખત પહેલાં ઘડાયું છે. મારો આપને સીધો પ્રશ્ન છે કે આટલા લાંબા સમયમાં આપે કેટલો લોકમત કેળવ્યો? કેટલાં મંદિરોનો વહીવટ આપના હસ્તક સોંપવામાં આવ્યો? મંદિરોના ટ્રસ્ટી તરીકે યુવક સંઘના સભ્યોમાંથી કેટલા સભ્યો ચુંટાયા? જ્યાં સુધી આપ મંદિરોનો કબજો મેળવશો નહિ, જ્યાં સુધી આપના સભ્યોમાંથી તેના ટ્રસ્ટી તરીકે ચુંટાવાની યોગ્યતા અને લોકનો વિશ્વાસ સંપાદન કરશો નહિ, ત્યાં સુધી મંદિરોની મિલકતનો અમુક રીતે ઉપયોગ કરવાનું સુચવવું સામાન્ય કાનુનથી વિરૂદ્ધ છે.

મૂર્તિપૂજા શ્વેતામ્બર તેમજ દિગમ્બર બંન્નેને માન્ય છે. સ્થાનકવાસી ભાઇઓ સિવાય જૈનમાત્રને મૂર્તિપૂજામાં શ્રદ્ધા છે, મૂર્તિની પૂજા-દર્શન ભાવનાને જૈનો આત્મકલ્યાણનું અંગ માને છે. મૂર્તિપૂજાદ્વારા જૈનો પ્રભુએ બતાવેલા રસ્તે ચાલવાનો પ્રયત્ન કરે છે. શ્રદ્ધાળુ જૈનોને મૂર્તિમાં સાક્ષાત્ ભગવાનનાં દર્શન કર્યાનો સંતોષ થાય છે. દર્શન દ્વારા આત્માનાં કલ્યાણ અર્થે કંઇક ધર્મ કર્યાની ભાવના થાય છે. મંદિરમાં દાખલ થતાં જ ધર્મ યાદ આવે છે અને ધાર્મિક ભાવના જાગૃત થાય છે. આ રીતે જૈનોને મૂર્તિ ઉપર શ્રદ્ધા છે, ભાવ છે. જૈનોનો લગભગ બધો જ વર્ગ આવી માન્યતા ધરાવે છે. "પ્રબુદ્ધ જૈન" માં આવતાં લખાણો દ્વારા જણાવવામાં આવે છે કે શાસ્ત્રોમાં મૂર્તિપૂજા જ નથી તે કયા ઉદ્દેશથી લખવામાં આવે છે? શું યુવકસંઘના સંચાલકો આવા લેખોને સ્થાન આપી મૂર્તિપૂજાની વિરૂદ્ધ ચળવળ કરવા માંગે છે? આવાં લખાણોથી જૈનોની લાગણી કેટલી દુખાય છે તેનો વિચાર સંચાલકોએ કર્યો છે? શું યુવક સંઘના સંચાલકોએ જાણીબુજીને મૂર્તિપૂજા વિરૂદ્ધ પ્રચાર કરવાનું નકકી કર્યું છે? આ દેશના પ્રથમ હિન્દી ગવર્નર જનરલ નામદાર રાજગોપાલાચાર્ય પણ લક્ષ્મીનારાયણના મંદિરમાં જઇને જગતને કહે છે કે આ લક્ષ્મીનારાયણની મૂર્તિમાં પ્રભુનો વાસ છે. આમ છતાં પણ યુવકસંઘનો મૂર્તિ અને મૂર્તિપૂજા સામે આટલો બધો પ્રચાર શા માટે? આ હકીકત સ્પષ્ટ થવાની જરૂર છે.

દેવદ્રવ્યને અંગે અત્યાર સુધી એકત્ર થયેલ દ્રવ્ય 'Earmarked' છે, ભક્તિભાવે લોકોએ દેવને ચરણે ધરેલ છે, તે એવી શુભ ભાવનાથી કે દ્રવ્યનો ઉપયોગ મંદિરોના નિભાવ અર્થે થશે. મંદિરોમાં સાધારણ ખાતામાં પણ દ્રવ્ય લેવાય છે અને જે ભાઇ દેવદ્રવ્યમાં આપવા ન માગતો હોય તે સાધારણ ખાતામાં પૈસા આપી શકે છે, અને તેનો ઉપયોગ બધી રીતે થઇ શકે છે. દેવદ્રવ્યનો ઉપયોગ બીજી રીતે કરવાનું સુચવવું એ ભક્તિમાર્ગે વળેલા ભાઇઓની ધાર્મિક લાગણી દુઃખાવવા જેવું છે. તમો એ તો કબુલ કરશો કે જૈન ઇતિહાસ, જૈન કલ્પેર અઢી હજાર વર્ષ થયાં જાળવી રાખવામાં જૈન મંદિરોએ અને મૂર્તિઓએ અગ્રભાગ ભજવ્યો છે. જૈનોએ મંદિરો પાછળ પૈસા ખર્ચ્યા છે તેમ કેળવણી-સમાજ-રાષ્ટ્રઉદ્ધાર પાછળ પણ લાખોની રકમો કાઢી આપી છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને તેનાં જેવા બીજા અનેક છાત્રાલયો, કન્યા છાત્રાલયો, હોસ્પીટલો તેની પુરતી સાક્ષીરૂપે છે. દેવદ્રવ્યનો ઉપયોગ બીજી રીતે અથવા આપ માનો છો તેમ જનકલ્યાણ માટે કરવાની સૂચના કરવાનો અધિકાર જેઓ દેવદ્રવ્યમાં પૈસા આપે છે તેનો છે. શ્રી સંઘ મંદિરોના વહીવટ માટે ટ્રસ્ટીઓની ચુંટણી કરે છે તે જ માત્ર હવે પછી એકત્ર થતા દેવદ્રવ્યનો ઉપયોગ બીજી રીતે કરવાનું ટ્રસ્ટીઓને સૂચવી શકે; બીજા કોઇને તેમાં માથું મારવાનો અધિકાર નથી.

યુવક સંઘમાં જે ભાઇઓ મંદિરો અને મૂર્તિઓમાં માનતા નથી તેઓ સભ્ય તરીકે અને અધિકારપદે છે. તો પછી ન્યાય અને નીતિની રૂઇએ દેવદ્રવ્ય જેવા અમુક વિભાગને સ્પર્શે તેવા વિષયમાં તે ભાઇઓએ માથું મારવું શું ઉચિત છે? વ્યકિતગત કદાચ એકબીજા પક્ષની ટીકા કરી શકાતી હોય, પરંતુ એક મોભાદાર સંસ્થા તરીકે તો નહિ જ. આપ ત્રણે ફરકાઓને એકત્ર કરવાનો મનોરથ સેવો છો. આપનો હેતુ ઘણો જ પ્રશંસનીય છે. તો પછી એકલા મૂર્તિપૂજકોના શાસ્ત્રસિદ્ધાન્તોને સરકાર મારફતે કાયદાઓ કરાવી ઉથલાવી પાડવાનો મનોરથ સેવવો એ શું ઇષ્ટ છે? યુવક સંઘનાં આવાં પગલાંથી ત્રણે ફિરકા એકત્ર થવાને બદલે એકબીજા વચ્ચેનું અંતર તમારા આ એકપક્ષી વર્તનથી વધશે, અને નજીક આવવાને બદલે એક નાનકડા નવા મઠની નવા પક્ષની સ્થાપના થશે અને તેની બધી જવાબદારી યુવક સંઘને શિરે રહેશે.

યુવક સંઘે દેવદ્રવ્યના અંગે જે ત્રણ નિયમો જાહેર કર્યા છે તેમાંથી પહેલા નિયમમાંથી (ધ) (હ) અને (ચ) તથા બીજો અને ત્રીજો નિયમ સત્વર પાછા ખેંચી લેવા જોઇએ અને મંદિરો અને મૂર્તિઓની ચર્ચામાં જે ભાઇઓ તેમાં માનતા નથી તેઓએ ભાગ લેતા તથા અભિપ્રાય આપતાં અટકવું જોઇએ. યુવક સંઘનું હિત આપને હૈયે હોય તો આટલી મારી વિનંતિ જરૂર સ્વીકારશો. મારા આ વિચારોથી જનરલ સભાને જાણ કરશો અને Vote of Confidance આપનામાં છે કે નહિ તેની ખાતરી કરી જોશો.

આપનો બીજો પત્ર ધમકીરૂપે છે. યુવક સંઘની દેવદ્રવ્યની નીતિની હું વિરૂદ્ધ હોઉં તો યુવક સંઘના પત્રક ઉપર મારૂં નામ રહે કે નહિ તેનો વિચાર કરવાની આડકતરી રીતે આપે મને સૂચના કરી છે. હું આપને જણાવી શકું કે હું આપના જેટલો જ ઉદ્દામ વિચારવાળો-ક્રાન્તિવાદી યુવક છું. યુવક સંઘનો સભ્ય હોઉં કે ન હોઉં તો પણ સમાજની પ્રગતિમાં-ક્રાન્તિમાં માનવાવાળો છું. ક્રાન્તિનો અર્થ ધર્મના નાશમાં નહિ, પરંતુ ધર્મના સાચા ઉદ્ધારમાં છે એ પણ સાથે સાથે આપે સમજી લેવું જોઇએ. ધર્મના સિદ્ધાન્તોનો કાયદાથી ફેરફાર કરવાની અને તે માર્ગે ધર્મના નાશને નોતરતી પ્રવૃત્તિમાં કદાચ હું સાથ ન આપું અને તે કારણે કદાચ આપ મને આપનાથી છૂટો કરો તેમાં મને લગારે દુઃખ થવાનું નથી. મારા આત્માને સંતોષ થશે કે ધર્મના નાશને નોતરતી અને ખોટે માર્ગે દોરવણી આપતી યુવક સંઘની આ પ્રવૃત્તિમાં મારો હાથ નથી. પ્રભુ સૌને સન્મતિ આપો!

સેવક

કકલભાઇ ભુદરદાસ વકીલ

આ આખા પ્રકરણ ઉપર વિચાર કરવા માટે તા. ૧૩-૧૦-૪૮ના રોજ મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ ની સભા મળી હતી, જે પ્રસંગે શ્રી. કકલભાઇ ભુદરદાસ વકીલ સંબંધમાં નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

કાર્યવાહક સમિતિનો ઠરાવ

તા. ૨૦-૯-૪૮ના મુંબઇ સમાચારમાં મુંબઇ જૈન યુવક સંઘના એક આદ્યસ્થાપક સભ્ય શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલે પ્રગટ કરેલું નિવેદન, તેમ જ સંઘના મંત્રીના બે પત્રોના ઉત્તરરૂપે શ્રી કકલભાઇએ લખેલ તા. ૧-૧૦-૪૮નો પત્ર-બન્ને તા. ૧૩-૧૦-૪૮ના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની

સભા સમક્ષ રજુ કરવામાં આવ્યા અને તે ઉપર વિગતવાર ચર્ચા થઇ. આના પરિણામે કાર્યવાહક સમિતિ એવા અભિપ્રાય ઉપર આવે છે કે તા. ૨૨-૯-૪૮ ના રોજ સંઘના મંત્રી તરફથી શ્રી કકલભાઇને લખવામાં આવેલ પત્રમાં વિગતવાર જણાવવામાં આવ્યું છે તે પ્રમાણે સંઘના બંધારણમાં અન્તર્ગત કરવામાં આવેલ સંઘની નીતિ અને કાર્યપધ્ધતિમાં રહેલા અનેક મૂળભૂત મુદ્દાઓ શ્રી કકલભાઇને સ્વીકાર્ય નથી. આ ઉપરાંત તેમના તા. ૧-૧૦-૪૮ ના પત્રમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ઉપર તેમણે કેટલાક અણઘટતા અને પાયાવિનાના આક્ષેપો કર્યા છે. આ બન્ને હકીકત ધ્યાનમાં લેતાં તેમ જ સંઘના દરેક સભ્ય માટે સંઘનની નીતિ અને કાર્યપદ્ધતિનો સંપૂર્ણ સ્વીકાર અનિવાર્ય છે એ બંધારણીય પરિસ્થિતિ લક્ષમાં લેતાં કાર્યવાહક સમિતિને લાગે છે કે જે વિચારસરણિ શ્રી કકલભાઇએ પોતાના પ્રસિદ્ધ નિવેદનમાં તેમ જ સંઘ ઉપરના પત્રમાં રજુ કરી છે તેવી વિચારસરણિ ધરાવતી વ્યક્તિ સંઘના સભ્ય તરીકે ચાલું રહી શકે નહિ અને તેથી શ્રી કકલભાઇએ આજ સુધી સંઘની અનેકવિધ સેવાઓ કરી છે તેની સંઘની કાર્યવાહક સમિતિને પુરી કદર હોવા છતાં શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલને સંઘના સભ્ય તરીકેની સર્વ જવાબદારીઓથી તેમજ અધિકારોથી મુકત કરવાને સંઘની કાર્યવાહક સમિતિ બહુ દિલગીરી પૂર્વક ઠરાવ કરે છે અને આ સંબંધમાં શ્રી. કકલભાઇ સાથેનો પત્રવ્યવહાર તેમ જ જરૂરી ખુલાસો પ્રગટ કરવાની કાર્યવાહક સમિતિ મંત્રીઓને સત્તા આપે છે.

શ્રી. કકલભાઇના પત્રપરત્વે સવિશેષ નિવેદન

શ્રી. કકલભાઇનો તા. ૧-૧૦-૪૮ નો પત્ર જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે તેમાંની કેટલીક બિનતો શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહી વિષે ભારે ગેરસમજુતી ઉભી કરે તેવી છે. આ કારણે સંઘની કાર્યવાહક સમિતિવતી કેટલોક ખુલાસો કરવાની ખાસ જરૂર લાગે છે.

(૧) સૌથી પ્રથમ તો શ્રી. કકલભાઇ પોતાના પ્રસ્તુત નિવેદન સંબંધે આ પત્રમાં અમુક વિધાન કરે છે તે વિગતેથી તપાસીએ. તેઓ જણાવે છે કે "...શુભ હેતુથી જ પ્રેરાઇને વિનંતિ રૂપે યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાના પ્રમુખશ્રીની પરવાનગી મેળવીને મેં કેટલીક સૂચના કરેલી. મારો હેતુ યુવક સંઘની પ્રવૃત્તિને હિણપત લગાડવાનો હતો જ નહિ. અન્ય સ્થળે જો મેં મારૂં મન્તવ્ય જાહેર કર્યું હોત તો અલબત્ત તે વિવેકની મર્યાદાની બહાર ગણાત."

હકીકત એમ છે કે સંઘના જે સભ્યો જે.પી. થયા તેમનું સન્માન કરવા અર્થે બોલાવવામાં આવેલ સભામાં ઉપર જણાવેલું લેખિત નિવેદન શ્રી કકલભાઇએ કર્યું હતું એ બરાબર છે પણ તેટલેથી નહિ અટકતાં તે નિવેદન તેમણે મુંબઇ સમાચારની વિશાળ વાંચક દુનિયાની જાણ માટે પ્રસિધ્ધ કર્યું છે. તેમનું આ કાર્ય વિવેકની મર્યાદાની બહાર જવા જેવું લેખાય કે કેમ એ શ્રી કકલભાઇએ જ પુનઃ વિચારવું રહ્યું.

(૨) એ જ પત્રમાં તેઓ શ્વેતાંબર એકલાના જ ધર્મના મૂળ સિદ્ધાન્તોને સરકારી કાયદાથી તોડી નાંખવાની મનોવૃત્તિનો સંઘની કાર્યવાહી ઉપર આક્ષેપ કરે છે. જ્યારે શ્રી કકલભાઇ મૂળ સિદ્ધાંતોની વાત કરે છે ત્યારે તેઓ દેવદ્રવ્યની ઉપયોગનો અથવા તો મૂર્તિ અને મંદિરની સંસ્થાનો નિર્દેશ કરતા હોય એમ અનુમાન થાય છે. ધાર્મિક લેખાતી કઇ બાબતોને મૂળ સિદ્ધાન્તની લેખવી એ હંમેશા વિવાદાસ્પદ પ્રશ્ન રહેવાનો. એમ છતાં પણ આ બન્ને બાબતો જૈન ધર્મના મૂળ સિધ્ધાન્તની છે એમ માનવા યા કહેવામાં કાંઇક અતિશયતા થતી હોય એમ લાગે છે. ખાસ કરીને મંદિરની જરૂરિયાતથી વધારાનાં નાણાનો શું ઉપયોગ કરવો તેને તો કોઇ પણ વિચારક જૈન ધર્મના મૂળ સિધ્ધાન્તનું સ્થાન કદિ નહિ જ આપે. ઉપરની બન્ને બાબતો માત્ર શ્વેતામ્બર સમાજને લગુ નથી પડતી, પણ દિગંબર સમાજને પણ લાગુ પડે છે. મંદિર અને મૂર્તિને લગતા સિદ્ધાન્તને તોડી પાડવાની સંઘના કોઇ સભ્યે કદિ કલ્પના સરખી પણ કરી નથી કે દાખવી નથી. એટલે તે સંબંધે કાયદો કરાવવાનો કે કોઇ પણ કાયદાનું અનુમોદન કરવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી. દેવદ્રવ્યનો ઉપયોગ વધારે વ્યાપક બનાવવાનું કહેવું એમાં શ્વેતાંબરના કે દિગંબરના મૂળ સિદ્ધાન્તને તોડી પાડવા જેવું કશું છે જ નહિ. ઉપરનો આક્ષેપ સંઘની કાર્યવાહી વિષેની કોઇ વિકૃત કલ્પનામાંથી જ પેદા થયો લાગે છે. ટેન્ડુલકર કમીટી અને તેની સમક્ષ ઉપસ્થિત થયેલ દેવદ્રવ્યના પ્રશ્નને લગતા કેટલાક ખ્યાલો આ વિકૃત કલ્પનાની પાછળ રહ્યા હોય એમ લાગે છે. ટેન્ડુલકર કમીટી સંબંધમાં પણ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના અંગે જૈન સમાજમાં કેટલીક ભ્રમણાઓ ફેલાયલી માલુમ પડે છે. કેટલાએક લોકો એમ માનતા જણાય છે કે ટેન્ડુલકર કમીટીનો ઉદ્ભવ અને તે કમીટીમાં શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનો તથા શ્રી શાન્તિલાલ હરજીવન શાહનો સમાવેશ એ મુંબઇ જૈન યુવક સંઘની લાગવગનું જ પરિણામ છે અને એ કમીટીએ જૈનોનું દેવદ્રવ્ય સાર્વજનિક ઉપયોગ માટે પડાવી લેવાના હેતુથી જ દેવદ્રવ્યનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. આ બન્ને માન્યતાઓ કેવળ પાયાવિનાની ભ્રમણા છે. મુંબઇ જૈન યુવક સંઘ અટલી બધી લાગવગ ધરાવતો હોય તો એ હકીકત સંઘના માટે ખરેખર ગૌરવપ્રદ ગણાય, પણ સત્યની ખાતર એ જાહેર કરવું જરૂરી છે કે મુંબઇ જૈન યુવક સંઘ હજુ એવી કોઇ લાગવગ ધરાવતો નથી તેમજ ટેન્ડુલકર કમીટીના ઉદ્ભવને કે તેમાં શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહના તથા શ્રી. શાન્તિલાલ હરજીવન શાહના સમાવેશને શ્રી મુંબઇ જૈન યુવક સાથે કશો પણ સંબંધ નથી. સાથે સાથે એ પણ જણાવવાની જરૂર છે કે ટેન્ડુલકર કમિટી સમક્ષ જૈનોના દેવદ્રવ્યનો પ્રશ્ન સીધી રીતે ઉપસ્થિત થયો જ નથી, પણ હિંદુઓની અનેક ધાર્મિક સંસ્થાઓની તેમ જ દેવમંદિરોની અઢળક મીલકતના વહીવટ અને ઉપયોગના પ્રશ્નમાંથી મંદિરોના વધારાનાં નાણાં અને તેના અનુષંગમાં જૈન મંદિરોના દેવદ્રવ્યના ઉપયોગનો પ્રશ્ન ટેન્ડુલકર કમિટી સમક્ષ ઉપસ્થિત થયો છે. કેટલાંયે સ્વામીનારાયણનાં તેમ જ વૈષ્ણવ મંદિરો પાસે લાખો રૂપીઆની–કશા પણ ઉપયોગ વિનાની–મીલકત તેમ જ રોકડ પડેલી છે તેનો વિચાર જ ટેન્ડુલકર કમીટી સમક્ષ મુખ્યત્વે રહેલો છે. જૈન મંદિરોના દેવદ્રવ્યનો પ્રશ્ન તેનું એક આનુષંગિક પરિણામ છે. આ બધી હકીકત ધ્યાનમાં લેતાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ વિષે સેવાની કેટલીક ભ્રમણાઓ આપોઆપ લય પામી જશે એવી આશા છે.

શ્રી કકલભાઇનો એક મોટો આક્ષેપ એ છે કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ પોતાના મુખપત્ર પ્રબુદ્ધ જૈન દ્વારા મૂર્તિ અને મંદિર વિરૂધ્ધ પ્રચાર કરી રહેલ છે. આ વિધાન સત્યથી તદ્દન વેગળું છે. આવો કશો પ્રચાર કરવાનું મુંબઇ જૈન યુવક સંઘના કાર્યવાહકોએ સ્વપ્નમાં પણ ચિન્તવ્યું નથી. વધારાના દેવદ્રવ્યના સાર્વજનિક ઉપયોગના પ્રશ્નને અને મૂર્તિ અને મંદિરની સંસ્થાના અસ્તિત્વને કશો પણ સંબંધ નથી. શ્રી કકલભાઇ પોતાના પત્રમાં એક સ્થળે જણાવે છે કે " પ્રમુખ જૈનમાં આવતાં લખાણો દ્વારા જણાવવામાં આવે છે કે શાસ્ત્રોમાં મૂર્તિ પૂજા જ નથી." આમ જણાવીને તેઓ મુનિશ્રી જિનવિજયજીએ અને પંડિત બેચરદાસે ટેન્ડુલકર કમીટી સમક્ષ આપેલી જુબાનીનો સંક્ષિપ્ત સાર અને પંડિત બેચરદાસના એક યા બે લેખો પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થયેલ છે તેનો નિર્દેશ કરતા હોય એમ લાગે છે. એ બન્ને મહાશયો જૈન ધર્મશાસ્ત્રોના અને ઇતિહાસના સારા અને સુપ્રસિદ્ધ મર્મજ્ઞ વિદ્વાન છે. તેમણે એવી મતલબનું પોતાની જુબાનીમાં તેમ જ લેખોમાં વિધાન કરેલું છે કે જિન મૂર્તિ,

મંદિર કે દેવદ્રવ્ય વિષે મૂળ જૈન આગમોમાં કશો પણ સ્પષ્ટ ઉલ્લેખ કે વિધાયક પ્રતિપાદન શોધ્યું જડતું નથી. મૂળ આગમો એજ કેવળ જૈન શાસ્ત્રો નથી. પાછળના ધર્મગ્રંથોમાં તે સંબંધમાં અનેક ઉલ્લેખો છે એ હકીકત તેમણે લેશમાત્ર ઇનકારી નથી. વળી ઉપર જણાવેલ નિર્ણય પોતાના સંશોધનના પરિણામે તેમને પ્રાપ્ત થયેલો છે. એ તો સુવિદિત છે કે આજની અનેક ધાર્મિક માન્યતાઓને ઐતિહાસિક સંશોધન ઇનકારી રહેલ છે. આ ઉપરથી કોઇ એમ કહી નહિ શકે કે ચાલુ માન્યતાઓને બાધક એવા કોઇ પણ ઐતિહાસિક નિર્ણયો કદિ કોઇએ પ્રગટ કરવા જ નહિ. વસ્તુતઃ આજે રૂઢ થઇ રહેલી અનેક માન્યતાઓનું ઐતિહાસિક સંશોધન દ્વારા તેમ જ દેશકાળ અંગે પ્રાપ્ત થતા વિવેક વિચાર દ્વારા નવું સંસ્કરણ થવાની ખાસ જરૂર છે. મુંબઇ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓનો આ પણ એક મુખ્ય ઉદ્દેશ છે.

(૪) શ્રી કકલભાઇએ પોતાના લાંબા પત્રમાં તેમ જ નિવેદનમાં જેઓ મુર્તિ અને મંદિરમાં માનતા ન હોય તેમને મુર્તિ અને મંદિરની બાબતમાં કે દેવદ્રવ્યના ઉપયોગની બાબતમાં માથું મારવાનો હક્ક નથી આમ વારંવાર જણાવીને સંઘના સભ્યો વચ્ચે ભેદબુદ્ધિ ઉભી કરવાનો પ્રયત્ન કર્યો છે જે અત્યન્ત દુઃખદ છે. સંઘના બંધારણની કલમ ૩ (૬) ૧ માં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે "આ યુવક સંઘમાં જોડાનાર પોતે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન છે, દિગંબર મૂર્તિપૂજક જૈન છે કે સ્થાનકવાસી જૈન છે એવી વિશિષ્ટ રીતે પોતાની જાતને ઓળખાવવામાં કશું પણ મહત્વ સમજશે નહિ. પોતે જૈન છે એટલે ભગવાન મહાવીર પ્રરૂપિત જૈન ધર્મ અને સંસ્કૃતિનો વારસ છે એટલી જ ઓળખાણ આ યુવક સંઘમાં જોડાનાર સભ્ય પોતા માટે પુરતી ગણશે," આ મુજબ મુંબઇ જૈન યુવક સંઘ સંપ્રદાયભેદને લેશ પણ મહત્વ આપતો નથી અને જૈન સમાજના અંગ ઉપાંગના ગુણદોષ વિષે વિચાર કરવાનો તેમ જ દર્શાવવાનો સંઘના દરેક સભ્યને સંપૂર્ણ અધિકાર છે એમ માને છે. સંઘના પાયામાં રહેલો આવો ઉદારભેદનો અભાવ શ્રી. કકલભાઇ આજે કેમ ભુલી જાય છે એ સમજી શકાતું નથી.

આ ઉપરાંત શ્રી કકલભાઇ એવો પણ આક્ષેપ કરી રહ્યા છે કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ એકલા મૂર્તિપૂજકોના શાસ્ત્ર સિદ્ધાન્તોને ઉથલાવી પાડવાનો મનોરથ સેવે છે. આ આક્ષેપ કેવળ બીનપાયાદાર છે. સંઘના બંધારણમાંના નીતિ અને કાર્યપધ્ધતિ વિભાગમાં જૈન સમાજની મંદિરસંસ્થા, સાધુસંસ્થા તેમ જ તીર્થસંસ્થા તેમ જ આખા જૈન સમાજને લાગતી વળગતી બીજી અનેક બાબતો વિષે માર્ગદર્શક વિધાનો કરવામાં આવ્યા છે. આજે દેવદ્રવ્યના ઉપયોગનો પ્રશ્ન એરણ ઉપર છે તેથી તેને લગતી ચર્ચાઓ પ્રબુદ્ધ જૈનમાં કાંઇક વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. શ્રી કકલભાઇએ ઉપર જણાવેલી ભેદબુદ્ધિ આગળ ધરીને સંઘના મૂળમાં કુઠારપ્રહાર કરવાનો પ્રયત્ન સેવ્યો છે.

(૫) એ એક ભારે કમનસીબીભરેલી ઘટના છે કે જે વ્યક્તિ એક ઉદ્દામ વિચારવાળા અને ક્રાન્તિવાદી યુવક તરીકે પોતાની જાતને જાહેર કરવાનું અભિમાન લે છે તે જ વ્યક્તિ બાર વર્ષ પહેલાં તેમની જ આગેવાની નીચે સર્વાનુમતે મંજુર કરેલા બંધારણમાંની કેટલીક અગત્યની કલમો રદ કરવાની અને એ રીતે સહેજે કલ્પનામાં ન આવે એવી પીછેહઠ કરવાની સંઘ સમક્ષ માંગણી રજુ કરે છે. કાળ કરતાં પણ માણસના મનની ગતિ ખરેખર વધારે ગહન છે!

(૬) શ્રી કકલભાઇ કાર્યવાહક સમિતિએ દેવદ્રવ્યના પ્રશ્ન સંબંધે પોતાની નીતિ સ્પષ્ટ કરતા તા. ૧૩-૭-૪૮ ના રોજ સર્વાનુમતે પસાર કરેલા બે ઠરાવો પાછા ખેંચી લેવા, બંધારણમાં રહેલી દેવદ્રવ્યનાં ઉપયોગને લગતી કલમો તેમ જ સમાજના સ્વાસ્થ્ય કે ઉત્કર્ષને બાધક લાગે તેવી ધાર્મિક લેખાતી રૂઢી કે પ્રણાલિકા દુર કરવા માટે જરૂર જણાયે તેને લગતા કાયદાઓ કરાવવાની પ્રવૃત્તિને સંમતિ આપતી કલમ કઢાવી નાંખવા તેમ જ પોતાનામાં વિશ્વાસ હોવાનો સંઘના સભ્યોની સામાન્ય સભા પાસે ઠરાવ કરાવવા માંગણી કરે છે. આ સંબંધમાં જણાવવાનું કે હજી તા. ૧૧-૭-૪૮ ના રોજ મળેલી સંઘની અસાધારણ સભાએ દેવદ્રવ્યને લગતા શિસ્ત નિયમનું સર્વાનુમતે સમર્થન કર્યું છે. વળી સંઘનું વહીવટી વર્ષ આસો વદ અમાસના પુરું થતું હોવાથી બહું થોડા સમયમાં નવી ચુંટણી માટે વાર્ષિક સામાન્ય સભા બોલાવવામાં મળનાર છે, જે વખતે સંઘના સભ્યોને ગત વર્ષની સમગ્ર કાર્યવાહી સંબંધે પોતાના વિચારો પ્રગટ કરવાનો પુરો અવકાશ મળનાર છે. તેથી આ સંબંધમાં અત્યારે કાર્યવાહક સમિતિને વિશેષ કશું પણ કરવાની જરૂર લાગતી નથી.

સ્પષ્ટ મતભેદના કારણે સંઘને શ્રી વેણીબહેન કે શ્રી કકલભાઇ જેવા સભ્યોને ગુમાવવા પડે એ અત્યન્ત દુઃખ ઉપજાવનારી ઘટના છે, પણ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ જૈન સમાજ તેમ જ વિશાળ સમાજના અમુક પ્રશ્નો પરત્વે ચોક્કસ મન્તવ્યો ધરાવતા સભ્યોનો સંઘ છે અને શિસ્તનું અનુપાલન એ સંઘની શક્તિનો પાયો છે. સંઘના સભ્યો પોતે સ્વીકારેલા બંધારણ અને શિસ્તનિયમો ઉપર કેટલા મક્કમ છે એના ઉપર જ અને નહિ કે કેવળ સભ્યસંખ્યા ઉપર સંઘનું સાચું મહત્વ રહેલું છે. આજે દેવદ્રવ્યનો પ્રશ્ન સભ્યોની મક્કમતાની કસોટી કરી રહેલ છે. અવતી કાલે એક પછી એક બીજા પણ અનેક પ્રશ્નો ઉપસ્થિત થવાના છે; કારણ કે મુંબઇ જૈન યુવક સંઘ જૈન સમાજને સર્વદેશીય ક્રાન્તિના માર્ગે લઇ જવાના ઉદ્દેશ ઉપર રચાયલી અને કાર્ય કરતી એક અજોડ અને વિલક્ષણ પ્રકારની સંસ્થા છે, અને સમય આવ્યે લોકપ્રિયતાના ભોગે પણ તેણે પોતાનું કાર્ય આગળ ધપાવ્યે જવાનું છે. સાર્વજનિક કલ્યાણને લક્ષ્યમાં રાખીને સર્વોદયની ભાવનાપૂર્વક જૈન સમાજ તેમજ વિશાળ જનસમુદાયની યથાશક્તિ સેવા કરવાનો આ સંસ્થા મનોરથ સેવે છે. તે કોમી નામાભિધાન ધરાવતી હોવા છતાં શુદ્ધ રાષ્ટ્રવાદથી રંગાયલી છે અને બાહ્ય સ્વરૂપે સાંપ્રદાયિક દેખાતી છતાં સાંપ્રદાયિક સંકીર્ણતાથી સદા પર છે, અને તેથી જ જેઓ આ સંસ્થાને સાંપ્રદાયિક ત્રાજવે તોળે છે તેઓ આ સંસ્થાના અદ્યતન ઉદાત્ત સ્વરૂપને યથાર્થ રીતે ગ્રહણ કરવામાં અસમર્થ નીવડે છે, અને તેવી જ રીતે જેઓ આ સંસ્થાને પંદર સત્તર વર્ષ પહેલાંનાં માપે માપે છે તેઓ પણ આ સંસ્થાના ઉત્તરોત્તર સધાતા વિકાસને બીલકુલ સમજી શકતા નથી. વળી આ સંસ્થા કેવી ભિન્ન ભિન્ન વિચારો ધરાવનાર વ્યક્તિઓનો શંભુમેળો નથી, પણ ચોક્કસ ધ્યેય અને વિચારસરણિ અનુસાર કાર્ય કરવા માટે એકત્ર થયેલ વ્યક્તિઓનું એક નાનું સરખું જુથ છે. આમ હોવાથી સંસ્થાનું બંધારણ જેમને સંપૂર્ણતયા સ્વીકાર્ય હોય અને શિસ્તના નિયમે પાળવાની જેમની પુરી તત્પરતા હોય તેઓ સંઘને સુસ્તપણે વળગી રહી પુરો સાથ અને સહકાર આપે અને જેઓ આ રીતે ચાલી શકે તેમ ન હોય તેઓ સંઘથી છુટા થઇને પણ સંઘને બળવાન બનવે અને સંઘની તાકતમાં વૃદ્ધિ કરે એવી સંઘના સભ્યો પ્રત્યે કાર્યવાહક સમિતિની આગ્રહપૂર્વક અભ્યર્થના છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ગાંધી જયન્તી

તા. ૧૦-૧૦-૪૮ રવિવારના રોજ સવારના ભાગમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ગાંધી જયન્તીનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. પ્રારંભમાં શ્રી મેનાબહેને 'વૈષ્ણવ જન'નું ભજન સંભળાવ્યું હતું અને બહેન ગીતાંજલિએ એક ભજન ગાયું હતું. ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ સ્વામી આનંદને સભાનું

પ્રમુખસ્થાન લેવાની વિનંતિ કરતાં જણાવ્યું હતું કે "આજે ગાંધી જયન્તી અંગે પ્રવચન કરનાર મહાસતી ઉજ્જવળ કુમારી હોય અને ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૫ માં હિંદુસ્તાનમાં આવ્યા અને અમદાવાદ ખાતે સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી ત્યારથી તે ગાંધીજીના અવસાન સુધી જેમણે ગાંધીજીના અનુયાયી અને સાથી તરીકે કામ કર્યું છે એવા સ્વામી આનંદ પ્રમુખસ્થાને હોય–આના જેવો સુન્દર સુયોગ બીજો શું હોઇ શકે ?" સ્વામી આનંદે પ્રમુખસ્થાન લીધા બાદ મહાસતીજીના પ્રવચનની શ્રોતાઓના ચિત્ત ઉપર કાયમ અસર રહે એ હેતુથી પ્રસંગોચિત પોતાને જે કહેવાનું હતું તે શરૂઆતમાં જ કહ્યું (જેનો સાર હવે પછીના પ્રબુદ્ધ જનમાં પ્રગટ કરવામાં આવશે.) ત્યારબાદ મહાસતીજી ઉજ્જવળકુમારીએ પોણા કલાક સુધી ગાંધીજીના જીવનની મહત્તા વિષે શ્રોતાજનોને આનંદમુગ્ધ કરે તેવું સુન્દર પ્રવચન કર્યું (જેનો સાર પણ હવે પછીના અંકમાં પ્રગટ થશે). તત્પશ્ચાત્ અડધો એક કલાક પ્રશ્નોત્તરીમાં પસાર થયો. અન્તમાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે મહાસતીજીનો તથા સ્વામી આનંદનો આભાર માનતાં જેવી રીતે તાજેતરમાં પ્રગટ થયેલ મહાદેવભાઇની ડાયરી દ્વારા આપણને ગાંધીજી વિષે કેટકેટલું જાણવા સમજવાનું મળે છે તે રીતે વર્ષોનો જેમને ગાંધીજીનો સમાગમ હતો તેવા સ્વામી આનંદને ગાંધીજી વિષેનાં પોતાનાં સ્મરણો શબ્દબદ્ધ કરવા અને પ્રગટ કરવા આગ્રહપૂર્વક વિનંતિ કરી અને વંદેમાતરમ્‌ના મંગળ ગાન સાથે સભા વિસર્જિત થઇ.

'ગાંધી બાપુનો પવાડો' અને 'ગાંધી બાપુ'

ગુજરાતના કવિવર શ્રી. અરદેશર ફરામજી ખબરદારને આજે કોણ નથી ઓળખતું ? કેટલાંય વર્ષોથી બીછાને પડયા પડયા પણ તેઓ ગુજરાતી સાહિત્યની અખંડ સેવા કરી રહ્યા છે અને તેમનાં કાવ્યગ્રંથો એક પછી એક પ્રગટ થઇ રહ્યા છે, જેમાંના કેટલાક તો આજે મુંબઇની યુનીવર્સીટીએ પાઠ્યપુસ્તકો તરીકે મંજુર કર્યાં છે. ગાંધીજી હિંદુસ્થાનમાં આવ્યા ત્યારથી તેમને ગાંધીજી સાથે અખંડ સંબંધ હોવાનું તેઓ જણાવે છે. ગાંધીજીને ચિત્રોદ્વારા રજુ કરવાનો સૌથી વધારે યશ જો આપણે જાણીતા ચિત્રકાર શ્રી કનુ દેસાઇને આપીએ તો આજના ગુજરાતી કવિઓમાં ગાંધીજી વિષે સૌથી વધારે કાવ્યો શ્રી. ખબરદારના હાથે રચાયા છે એમ આપણે જરા પણ અતિશયતા વિના કહી શકીએ છીએ. ગાંધીજીની એવી જન્મજયન્તી બહુ ઓછી પસાર થઇ હશે કે જ્યારે શ્રી. ખબરદારે ગાંધીજીની સુંદર કાવ્યપ્રશસ્તિ રચી નહિ હોય. ગાંધીજીનું અવસાનથી તેમનો કવિ આત્મા શોકવિહ્વલ બન્યો, અંદરથી હલી ઉઠયો અને એ વેદનામાંથી એક પછી એક કાવ્યનો જન્મ થવા લાગ્યો. આ કાવ્યના તેમના તરફથી બે સંગ્રહો બહાર પડયા છે. એકનું નામ છે 'ગાંધી બાપુનો પવાડો' જે ત્રણ ભાગમાં વહેંચાયલો છે. પહેલા ભાગમાં સામાન્ય ગુણપ્રશસ્તિ છે; બીજા ભાગમાં ગાંધીજીના જન્મથી માંડીને તેઓ ૧૯૧૫ માં હિંદુસ્તાન ખાતે પાછા ફર્યા ત્યાંસુધીના જીવનની આછી રૂપરેખા આપવામાં આવી છે અને ત્રીજા ભાગમાં અવશેષ જીવન આલેખવામાં આવ્યું છે. આખું કાવ્ય 'રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં' એ ચાલુ લોકગીતની ઢબમાં રચવામાં આવ્યું છે અને લોકો સહેલાઇથી ગાઇ શકે, સમજી શકે એવી તેની સરળ પદ્યરચના છે. બીજા સંગ્રહનું નામ છે 'ગાંધી બાપુ.' આ પુસ્તકમાં ગાંધીજી વિષે કવિશ્રીનો ઉંડો ભક્તિભાવ અને જે કરૂણાજનક સંયોગોમાં ગાંધીજીનું અવસાન નીપજ્યું તે કારણે કવિએ અનુભવેલી તીવ્ર વેદના ઉભયનો તેમની દર્દભરી અને વિવિધ પ્રદેશમાં ઉડ્યન કરતી કવિતા દ્વારા આપણને રોમાંચપ્રેરક અનુભવ થાય છે. જેના દિલમાં ગાંધીજી વિષે ઉંડો આદર હોય, અને જેણે ગાંધીજીના અવસાન વિષે અત્યન્ત નિકટના સ્વજનના અવસાન સમો આઘાત અનુભવ્યો હોય તેમણે આ બન્ને કાવ્ય સંગ્રહો વસાવવાયોગ્ય છે. ગાંધી બાપુના પવાડાની કીંમત રૂ. ૧। છે; 'ગાંધી બાપુ'ની કીંમત રૂ. ૩ છે. 'જલા મેન્શન, પારસી કોલોની, દાદર જી. આઇ. પી. મુંબઇ ૧૪' એ સરનામે કવિશ્રી ઉપર લખવાથી એ બન્ને પુસ્તકો મળી શકશે. ગાંધીજીને આવી હૃદયંગમ અને સંવેદનપ્રેરક અંજલિ આપવા માટે કવિ શ્રી અરદેશર ફ. ખબરદારને ગુજરાતી પ્રજાના ધન્યવાદ ઘટે છે. **પરમાનંદ.**

સ્વ. છોટાલાલ શાહ

રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી અને કાર્યકર શ્રી. છોટાલાલ પોપટલાલ શાહનું ૩૬ વર્ષની ભરયુવાનીમાં અવસાન થયું છે.

રાજકોટના જાણીતા કેળવણીકાર સ્વ. પોપટલાલ કેળવચંદ શાહના તેઓ પુત્ર હતા. તેમની બુદ્ધિ નાનપણથી જ તેજસ્વી હતી અને નાની વયમાં એડવોકેટની પરીક્ષામાં સારા ગુણ લઇ પસાર કરી સ્વતંત્ર પ્રેકટીસ શરૂ કરી કેવળ પાંચ જ વર્ષમાં સૌરાષ્ટ્રના અગ્રગણ્ય ધારાશાસ્ત્રી તરીકેનું સ્થાન તેમણે પ્રાપ્ત કરી લીધું હતું.

જાહેર જીવનમાં પણ તેમણે નાની વયથી જ પ્રવેશ કર્યો હતો. શરૂઆતમાં જૈન યુવક સંઘ અને કાઠિયાવાડ જૈન યુવક પરિષદ મારફત સામાજિક પ્રવૃત્તિ તેમણે શરૂ કરી. રાજકોટ સત્યાગ્રહ વખતે બે વખત જેલવાસ સ્વીકાર્યો; અને પછી તો રાજકીય પ્રવૃત્તિમાં સીધો ભાગ લેવાનું તેમણે શરૂ કર્યું. વ્યાયામ પ્રવૃત્તિ, વિદ્યાર્થી પ્રવૃત્તિ, બાર એસોસીએશન, સમઢિયાળા ગ્રામ સુધારણા સમિતિ, લીગલ એઇડ સોસાયટી, સાહિત્ય સભા વિગેરે સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા હતા. છેલ્લા બારેક માસથી તો ધીકતી પ્રેકટીસને બાજુએ મૂકીને સૌરાષ્ટ્રના એકમ અંગે અનેકવિધ પ્રવૃત્તિઓમાં બધો વખત તેઓ આપવા લાગ્યા હતા. સૌરાષ્ટ્ર સરકાર વતી મોરબી રાજ્યનો વહીવટ તેમણે સંભાળી, મોરબીના પ્રજાના હૃદયમાં સારૂં સ્થાન મેળવી લીધું હતું. સૌરાષ્ટ્રની બંધારણસભા માટે કોંગ્રેસે તેમને રાજકોટના ગ્રામ્ય વિભાગના ઉમેદવાર તરીકે પસંદ કર્યા હતા.

સ્વ. છોટુભાઇ સાથે બૂબ નીકટના પરિચયમાં આવવાથી તેમના કેટલાક ખાસ ગુણોનો પણ મને પરિચય થયો હતો. તેઓ બૂબ મહેનતુ, અભ્યાસવૃત્તિ વાળા, અને વ્યવહારમાં મળતાવડા હતા. પોતાથી જૂદી વિચાર સરણી ધરાવનારાઓ સાથે પણ તેઓ ગાઢ મૈત્રી ટકાવી શકયા હતા. જો તેઓ થોડા જ વર્ષ વધુ જીવ્યા હોત, તો ધારાકીય પ્રવૃત્તિમાં તેઓ સૌરાષ્ટ્રમાં વધુ ઝળકતી કારકીર્દી સંપાદન કરી શકયા હોત, એ તેમની અભ્યાસવૃત્તિ અને વકતૃત્વકળા તથા દલીલશકિત પરથી કહી શકાય છે.

સ્વ. છોટુભાઇ સામાજીક વિષયોમાં ઠીક પ્રગતિશીલ વિચારો ધરાવતા હતા. રાજકોટના જૈન યુવક સંઘ તરફથી ઉપાડવામાં આવેલી મૃત્યુભોજન વિરોધક પ્રવૃત્તિઓમાં એમણે બૂબ જ રસ લીધેલો અને જ્ઞાતિભોજનો વખતે પીકેટીંગ, વિરોધ સભાઓ, નિવેદનો વગેરેમાં સક્રિય ભાગ લેતા.

રાજકારણી ચર્ચાઓ, અદાલતનું કામકાજ વગેરેમાં તેઓ કદી પણ ઉશ્કેરાયા વિના, પ્રતિસ્પર્ધીને ગરમ કરી શકવાની શકિત ધરાવતા હતા. તેમનું પડછંદ શરીર, મોટો અવાજ, હસતું મુખ દરેક પ્રસંગે તેમના વ્યકિતત્વને રજુ કરતું.

સ્વ. છોટુભાઇના જવાથી સૌરાષ્ટ્રની પ્રજાએ, કોંગ્રેસે, અને જૈન સમાજે એક અતિ મહત્વના આગેવાનને ગુમાવેલ છે. પ્રભુ તેમના આત્માને શાન્તિ અર્પે અને તેમનાં પત્ની તથા કુટુંબીજનોને તેમનો વિયોગ સહન કરવાનું બળ આપે એ જ પ્રાર્થના !

જટુભાઈ

* * *

વીર નરીમાન વિષેની અવસાન નોંધ જગ્યાના અભાવે આવતા અંક ઉપર મુલતવી રાખવી પડે છે. **તંત્રી**

સત્યં, શિવં, સુંદરમ્

[દિલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અધ્યાપક શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠકે આપેલા મનનીય વ્યાખ્યાનનો તેમણે અનુમત કરેલો સંક્ષિપ્ત સાર.]

આ વિષય ઘણો જ ઊંડો, ગહન ને વિશાળ છે, જીવન-વ્યાપી છે.

વિષયની ભૂમિકા તૈયાર કરવા માટે મારે કેટલુંક કહેવું જરૂરનું છે. પ્રથમ આપણે એ વિચારીએ કે જગતમાં પ્રાણીઓ કુતરા, બિલાડાં, ગાય-વગેરે જીવે છે, મનુષ્ય પણ જીવે છે. જૈન-ધર્મ તો એક ઇંદ્રિયવાળા જીવો, બે ઇંદ્રિયવાળા જીવો, ત્રણ ઇંદ્રિય-વાળા જીવો, ચાર ઇંદ્રિયવાળા જીવો, પાંચ ઇંદ્રિયવાળા જીવો, એમ જીવોની વ્યવસ્થા કરે છે. આમ પ્રાણો જીવે છે, મનુષ્ય પણ જીવે છે. પણ બંને વચ્ચે શો ફેર છે? માનવીમાં વિશેષ તત્ત્વ કયું છે?

બીજાં પ્રાણીઓ કરતાં માનવીમાં ત્રણ વ્યાપારો વિશેષ છે. (૧) એ વિચારી શકે છે, (૨) જનસમાજ માટે પોતાનું કાર્ય કલ્યાણકારી છે કે અકલ્યાણકારી તે એ સમજી શકે છે ને (૩) સુંદર ને અસુંદર વચ્ચેનો વિવેક કરી શકે છે.

આપણે વિચાર કરીએ : હું ઊંઘતો હોઉં ને મને વાગે એટલે હું પડખું ફેરવી લઉં એ માનવનો વિશિષ્ટ વ્યાપાર નથી. પ્રાણી પણ એમ જ કરે છે. માનવ જુદો પડે છે તે તેના મુખ્ય ત્રણ વ્યાપારોમાં, જેને લીધે આપણે સત્ય, શિવ અને સુંદરતાના નિર્ણયો કરીએ છીએ.

સત્ય શું છે? શેને આપણે સત્ય કે અસત્ય કહી શકીએ? તમને કોઇકને આશ્ચર્ય લાગશે પણ સત્ય ને અસત્ય એ વિચારના ધર્મો છે. હું એમ કહું કે મારી પાસે ટેબલ પડેલું છે, તો એ વિચાર અને એને વિશે કરેલું આ ભાષનું વિધાન એ સત્ય છે. પણ હું એમ કહું કે અત્યારે મારે ઘેર ઊંધું છું, તો એ વિચાર અને વિધાન અસત્ય છે. તેવી જ રીતે મંગળ અને અમંગળ, ધર્મ અને અધર્મનો વિચાર પણ માણસ જ કરી શકે છે. કોઇ પણ માનવેતર પ્રાણીને કંઇક દુઃખ થાય એટલે એ દુઃખથી સ્વાભાવિક રીતે નાસે છે. માણસમાં પણ પશુની એ વૃત્તિ છે જ, પણ માણસ જ એ વૃત્તિની સામે થઇને, એનો સંયમ કરીને ધર્મદૃષ્ટિથી દુઃખ સહન કરવું પડે તો તે પણ કરવાનો નિર્ણય કરી શકે છે. ફ્રેસીબીએન્કાની વાત તમે જાણો છો. વહાણના તૂતક ઉપર ઊભા રહેવાનુ એને કામ સોંપવામાં આવ્યું હતું. આગ લાગી તે સ્થાને બીજું કોઇ પ્રાણી હોત તો આગ લાગવાથી દુઃખ થાય માટે નાસી જાત. ફ્રેસીબીએન્કાને પણ દુઃખની લાગણી તો થઇ જ; છતાંય એને ફરજનું ભાન હતું. હેડ સુધી ઊભા રહી કામ કરવું એનો ધર્મ હતો; અને તેણે એમ કર્યું. એ જાતની વૃત્તિ માનવીમાં છે. બીજા પ્રાણીઓમાં આ વિવેક નથી. શ્રેયસ અને પ્રેયસનો આ પ્રકારનો વિવેક માત્ર માનવી જ કરી શકે છે.

ત્રીજું સુંદરમ્ સમજાવવું અઘરું છે. આ સંગીત સુંદર છે કે કાવ્ય સુંદર છે એમ આપણે કહીએ છીએ. કેટલાક કહે છે કે સુંદર ને અસુંદર એ બંનેમાં શરીરને જે સુખકર લાગે તે સુંદર છે ને અસુખકર લાગે તે અસુંદર છે; પણ આ વાત ખોટી છે. સુખ એક વસ્તુ છે, સુંદરતા બીજી વસ્તુ છે. વસ્તુ કેટલીકવાર દુઃખની હોય છતાં પણ એમાં સુંદરતા હોય છે. કરૂણ નાટક જોતાં આંસુ આવે, છતાં પણ એમાં આનંદ આવે છે.

વળી સુખની સામગ્રીનો એકલી વ્યકિત જ ઉપભોગ કરી શકે છે. સુખની વસ્તુ ભોગવ્યા પછી બીજા માટે એ અભોગ્ય બની જાય છે. સુખ વ્યકિતભોગ્ય છે, ત્યારે કળાનો આનંદ સર્વ-ભોગ્ય છે. બધા મળીને એ ભોગવે તેમ તેમ એ વધે છે. હું બહુ જ સુંવાળી પોચી શૈયામાં સૂતો હોઉં ને બીજો કોઇ સૂએ તો મને ન ગમે. સુખની વસ્તુનો કબજો કરવાની ઇચ્છા માનવીને થાય છે. સુખ કેવળ શરીરગત ને વ્યકિતગત છે અને અહંકાર-મમતાથી જ એનો ઉપભોગ થઇ શકે છે. આનંદમાં ભોકતા એની કુંપી અહંકારની ગ્રંથિથી જરા અલગ થઇને ભોગવે છે. રામવનવાસના નાટકમાં રામને દુઃખ પડે છે એટલે મને શું? એમ મને થતું નથી. બધાને પણ મારા જેવી જ વૃત્તિ થાય છે. સર્વભોગ્ય થવાથી એની સુંદરતા વધે છે. જર્મન ફિલસૂફ કેન્ટે કહ્યું છે, કે સુંદરતા એ ખાનગી કબજા-ભોગવટાથી પરની વસ્તુ છે. એક ચિત્ર હોય. એ સુંદરતાનો અદ્‌ભુત નમૂનો છે. પણ એ ચિત્રનો કબજો રાખવાની વૃત્તિ થાય છે, એ કલા-વ્યાપાર નથી, અહંકારમૂલક છે. મારા હાથમાં જો સત્તા હોય, તો હું સૌથી પ્રથમ રાષ્ટ્રીયકરણ સુંદર વસ્તુઓનું જ કરી દઉં.

હવે આ ત્રણે વિષયોમાં જરા ઊંડા ઊતરીએ.

સત્ય એટલે શું? સત્ય એ કેવળ જ્ઞાનનો વ્યાપાર છે. એની ત્રણ કોટિઓ રચી શકાય. દા.ત. ગુજરાત મેલ સાડા આઠ વાગે આવે છે એ કેવળ માહિતી છે. આનંદભુવન હોલ અમુક સ્થળે આવ્યો એ કેવળ હકીકત છે, એમાં ઊંડાણ નથી. એથી આગળનું તે શાસ્ત્રીય જ્ઞાન. વિજ્ઞાનમાં એક વ્યવસ્થા ઉપર બીજી વ્યવસ્થા ને બીજા પર જ્ઞાનની ત્રીજી વ્યવસ્થા હોય છે; અને આમ જ્ઞાનનો મોટો પિરામિડ બનાવવામાં આવે છે. વિજ્ઞાનમાં આપણે કહીએ છીએ કે પરમાણુથી જગત રચાયું છે. આ પર-માણુમાં ગતિ થાય છે ને પછી આ પરમાણુ શું છે, એનું પૃથ-કકરણ કરતાં કરતાં આપણે આગળ ને આગળ જઇએ છીએ. એક પર બીજો વધુ વ્યાપક સિદ્ધાંત બંધાતો જાય છે. ગુજરાત મેલની વાત કરતાં આ જ્ઞાનની વ્યવસ્થા ઊંચા પ્રકારની છે.

હવે એથી વધારે ઊંડા જઇએ.

ત્રીજી દૃષ્ટિ લઇએ. એને હું પ્રજ્ઞા કહું. એનાં જોયેલાં સત્યો માટે બીજો સહેલો શબ્દ ન મળતાં હું ડહાપણ (wisdom) કહું. લોહચુંબક લોઢાને આકર્ષે છે એ બહારની વસ્તુ છે. એને બદલે **सत्यं वद, धर्मं चर** કે **नहि वेरेण वेराणी समंती ध कदाचन** વેરથી વેર શમતું નથી. વેર ઉપર વેર બાંધતા જઇએ તો એનો કોઇ દિવસ આરો ન આવે. એ જુદી જાતનાં સત્યો છે. બીજાં સત્યો-વિજ્ઞાનનાં સત્યો બાહ્ય છે ત્યારે આ પ્રજ્ઞાનાં સત્યો તે આત્માનાં સત્યો છે. 'ચમત્કાર વગર નમસ્કાર નહિ,' એ સત્ય કરતાં **'नहि वेरेण वेराणी समंती ध कदाचन'**નું સત્ય ઊંચું છે.

આત્માનાં સત્યોમાં ઉચ્ચતાની વ્યવસ્થા છે. ત્યાં નીતિ ને આત્માનાં સત્યોનું જોડાણ થાય છે. કલ્યાણની દૃષ્ટિ અને સત્યની દૃષ્ટિ અહીં એક થઇ જાય છે. માણસ જ કલ્યાણ અને અકલ્યાણ વિચારી શકે છે.

आहारनिद्राभय मैथुनं च
सामान्यमेतत् पशुभिर्नराणाम् ।
धर्मो हि तेषामधिको विशेषः
धर्मेण हीनाः पशुभिः समानाः ॥

આમાં આહાર, નિદ્રા, ભય ને મૈથુન એ કેવળ શરીરના ભોગ છે. એના ઉપર વિજય મેળવવો તે એક જાતનો ચેતનાનો વિજય છે. આ ધર્મ છે ને આ અધર્મ છે એ સમજવામાં જ માણસાઇ રહેલી છે.

માનવી જ્યાંસુધી કેવળ પોતાનો જ વિચાર કરે છે ત્યાં સુધી તે રેશમના કીડાની માફક પોતાના અહંકારના તાણાવાણામાં ગૂંચવાયેલો રહે છે. માનવી, માત્ર પોતાનો જ વિચાર નથી કરતો. એ કુટુંબનો ને તેથી આગળ વધી પોતાની જાતિનો ને એથી આગળ વધી

પોતાની જનતાનો–દેશનો ને અંતે વિશ્વનો વિચાર પણ કરે છે. વિશ્વનો વિચાર કરવામાંથી એની સંપૂર્ણ ધર્મબુદ્ધિ ઉત્પન્ન થાય છે, એમ હું માનું છું. માત્ર વાણીથી નહીં, સમગ્ર વિશ્વની સાથે એણે તાદાત્મ્ય અનુભવેલું હોવું જોઇએ. પોતાના કુટુંબ માટે જેમ માનવીને ભાવ હોય છે, તેમ વિશ્વ માટે ભાવ ઊપજે અને એ ભાવ પ્રમાણે એ સમગ્ર જીવનની વ્યવસ્થા કરે તેને હું સાચો ધર્મ કહું છું. હું જેને પ્રજ્ઞા કહું છું તેમાં સત્યાસત્યની દૃષ્ટિ અને આ ધર્મદૃષ્ટિ એક, અભિન્ન, અનન્ય થઇ જાય છે.

વૈજ્ઞાનિક સત્ય એક હોય ને નૈતિક દૃષ્ટિનું સત્ય બીજું જ હોય, તો માનવી કામ જ ન કરી શકે. અનંત વસ્તુઓ આત્મામાં ભરેલી છે. પણ એ બધાની વ્યવસ્થા એક જ હોઇ શકે. આત્માની અખંડતામાં ને એ અખંડતા સિદ્ધ કરવી જોઇએ એ બે વાતમાં જેને શ્રદ્ધા હોય તે મારે મન આસ્તિક છે ને બીજા બધા નાસ્તિક છે. સત્યાસત્ય નેં ધર્માધર્મ દૃષ્ટિ અહીં એક થઇ જાય છે.

એક બીજી દૃષ્ટિએ વિચાર કરીએ.

એક બાજુ આત્મા છે; બીજી તરફ આ શરીર છે. બંનેનો વિરોધ તો જુઓ. આત્મા ગમે તેટલો ચેતનરૂપ હોય, તો પણ આ શરીરની સાથે જ એ જોડાયેલો છે. શરીર જડ છે. શરીરને ઉપરથી ધક્કો મારો તો એક જડ પથ્થરની માફક જ એ નીચે પડશે. દેહ જડ નિયમોને અધીન છે. એ નિયમો તે વૈજ્ઞાનિક કાર્યકારણ નિયમો છે. ત્યાં એ નિયમોની આવશ્યકતા છે. ભૂખ લાગે એટલે ખાવું જ જોઇએ. થાક લાગે એટલે મારે ઊંઘવું જોઇએ જ. આ જડ નિયમો છે.

પણ જગતની વ્યવસ્થામાં આ જડ આવશ્યકતાના નિયમો સાથે સ્વાદની યોજના મુકાયેલી છે. ભૂખ લાગે છે ત્યારે દુઃખ થાય છે. ભૂખ સંતોષતાં દુઃખ શમે છે. એટલાથી કોઇ ખાસ સુખ થતું નથી, પણ સ્વાદ માં ભાવાત્મક સુખ રહેલું છે. જે જે આવશ્યક વસ્તુ છે તેમાં તેમાં કયાંક સ્વાદની યોજના થયેલી છે. સ્વાદ ન હોત તો જીવન અકારું–અનિવાર્ય થઇ પડત.

તેવી જ રીતે ધાર્મિક આવશ્યકતામાં પણ એક જાતનો આનંદ રહેલો છે.

મને અમુક પૈસાનું દાન કરવાનો ધર્મ સમજાય. દાન કરવું એ ફરજ છે. પરાણે દાન કરવું પડે છે ત્યારે તેમાં રસ–આનંદ આવતો નથી–જો કે શાસ્ત્રમાં તો એટલે સુધી કહ્યું છે, કે દાન શ્રદ્ધાથી કરો ને જો તેમ ન બને તો શરમથી પણ દાન તો કરો જ. પૈસો એ સુખનું સાધન છે એટલે દાન કરવામાં હું સુખનો ત્યાગ કરું છું, પણ એમાં એક જાતનો ધર્મવૃત્તિનો આનંદ રહેલો છે, કે જેથી દાન કરવામાં પણ આનંદ થાય છે. એમ ન થયું હોત તો માનવજીવન બહારથી લાદેલી ફરજોને લીધે નીરસ, કષ્ટમય અને બંધનરૂપ લાગત.

કાવ્ય શાસ્ત્રકારો કહે છે–બીજું કોઇ સુંદર દૃષ્ટાંત નહિ મળવાથી હું પણ એ જ દૃષ્ટાંત આપું છું–કે કોઇ સ્ત્રીનું એકેએક અંગ બરાબર યથોચિત હોય, તો તેના આખા શરીરમાંથી લાવણ્ય પરિસ્ફુરે છે. કોઇ પણ એક અંગમાંથી નહીં, પણ આખા શરીરમાંથી લાવણ્ય ઉલ્લસે છે. તેવી જ રીતે સમગ્ર જીવન એક મહાન ઔચિત્યની દૃષ્ટિએ વ્યવસ્થિત થયું હોય, ત્યારે એ આખા જીવનમાંથી એક જાતનું સૌન્દર્ય પ્રગટ થાય છે. અને એ રીતે સત્ય, શિવ અને સૌન્દર્યનો એકસાથે અનુભવ થાય છે. હું સ્ટીરિયોસ્કોપનો દાખલો આપું. એમાં બે ચિત્રો હોય છે. પણ બંને આંખથી જોતાં જ્યારે એક ચિત્ર દેખાય ત્યારે બરાબર ઉઠવવાળું યથાર્થ દર્શન થાય છે. તેવી જ રીતે માનવીને અહીં ત્રણ આંખો છે. સત્યાસત્યની, ધર્માધર્મની ને સુંદરઅસુંદરની. આ ત્રણેય આંખો વડે એક જ દર્શન થાય ત્યારે એ દર્શન યથાયોગ્ય થયું કહેવાય.

આ રીતે જે સત્ય છે તે જ નીતિમય છે ને તે જ સુંદર છે એમ જે જુએ છે, તે જ ખરું જોઇ શકે છે–**यः पश्यति स पश्यति।**

પણ ઉપરની સ્થિતિ માનવીની પૂર્ણતાની સ્થિતિ છે, પણ આપણે તો બધા અપૂર્ણ છીએ.

માનવી તંદુરસ્ત હોય ને એને ભૂખ લાગે ત્યારે એને આહાર સ્વાદિષ્ટ લાગે છે. રોગીષ્ઠને આહારનો સ્વાદ લાગતો નથી. એવા માણસો હોય છે, જેમને રોગ થતા અપથ્યની અરુચિ થાય છે; પથ્યની જ રુચિ થાય છે. સામાન્ય તંદુરસ્તીવાળાને પથ્યની જ રુચિ થાય છે. પણ એવા પણ રોગીઓ હોય છે કે જેમને અપથ્યની જ રુચિ થયા કરે; અને એટલા માટે આપણે આહારની બધી વ્યવસ્થા કેવળ સ્વાદ ઉપર કરી શકતા નથી તેમ જ ધર્મનો પૂરેપૂરો સ્વાદ આવે એવી કોટીએ આપણે પહોંચ્યા નથી. આપણને હજી જે પ્રેય લાગે છે એ શ્રેય હોતું નથી; એટલા માટે આપણે સંયમ રાખવો જોઇએ. સંયમ વિના કોઇ પણ વસ્તુનું માપ નીકળી શકતું નથી. કાંટો હાલે ત્યાંસુધી તે સાચું તોલ બતાવી શકે નહીં. તે જ રીતે પવન વગરની દીવાની જ્યોત સ્થિર રહે ત્યારે જ પ્રકાશ બરાબર મળી શકે છે, ત્યારે જ કોઇ પણ વસ્તુનું દર્શન યોગ્ય રીતે થઇ શકે છે. તેવી રીતે સંયમથી બુદ્ધિ સ્થિર રાખવી જોઇએ. વિવેકબુદ્ધિ સ્થિર હોય તો જ સાચું દર્શન થઇ શકે, નહિતર વાસનાથી આકર્ષક દેખાતી વસ્તુ આપણને સુંદર પણ દેખાય. માનવીની અપૂર્ણતા તો એ છે, કે એ પોતાની જાતને ઠેઠ સુધી છેતર્યા કરે છે. આપણે આપણા વડે મોક્ષ મેળવી શકીએ છીએ તેમ આપણે જ આપણો હ્રાસ કરી શકીએ છીએ.

અપૂર્ણતા ઉપરનો વિજય એ જ સાચો વિજય છે. માનવજાતિનો આખો વિકાસ એ દિશામાં થયેલો છે. ખાવાની ક્રિયા કેટલી બધી ગંદી છે? પણ આપણે તેની ગંદી બાજુને ઢાંકીએ છીએ; અને ખાવાની ક્રિયાને એક સામાજિક સ્વરૂપ આપીએ છીએ. મિત્રો, કુટુંબીઓ ભેગાં થઇને આનંદથી વાતો કરતાં કરતાં જમે છે અને એ રીતે એ ક્રિયાનો ગંદા વ્યક્તિગત સ્વરૂપમાંથી ઉદ્ધાર થાય છે. એ જ રીતે આપણે સ્ત્રીપુરુષના સંબંધમાં પ્રેમની ભાવના ખડી કરી, એમાં અનંત રંગો પૂર્યા છે.

માનવની સર્વ પ્રગતિકારક પ્રવૃત્તિઓ નીચે અખંડ આત્માની પરિપૂર્ણતાની શકયતાની શ્રદ્ધા રહેલી છે. અંગત દૃષ્ટિભેદ છે, પણ મહાન સત્ય તો એક પરિપૂર્ણતાની શ્રદ્ધા છે. સત્યાસત્યની બાબતમાં આપણને એક મહાન શ્રદ્ધા છે કે જો હું સત્ય બરાબર સમજતો હોઇશ, અને એનું બરાબર નિરૂપણ કરી શકીશ તો એ સત્યને સામેનો માણસ અવશ્ય સ્વીકારવાનો છે.

જેમ બધાં માટે સત્ય એક છે તેમ જ નીતિ પણ એક જ છે, પણ ઘણીવાર એક માણસ બીજાને નીતિદર્શન કરાવી શકતો નથી, તેનું કારણ એ છે કે એમાં દર્શન અને નિરૂપણ ઉપરાંત સામા માણસ ઉપર પ્રેમ હોવાની પણ જરૂર છે. પ્રેમ વિના સામાને ધર્મદર્શન કરાવી શકાતું નથી. જગતના મહાન ધર્મ પ્રચારકો સર્વને માનવજાત માટે નિઃસીમ પ્રેમ હતો. અને એમ જ્યાં સત્ય અને ધર્મ એક થાય છે ત્યાં સૌન્દર્યનું દર્શન એની મેળે પ્રગટ થાય છે. એટલા માટે જ મહાન ધર્મોની ઉત્પત્તિ સાથે મહાન કળાઓનો પણ એકદમ વિકાસ થયેલો ઇતિહાસમાં નજરે પડે છે.

માણસે પોતાની ખાતર આ સત્ય, શિવ અને સુંદરને એક કરવા પ્રયત્ન કરવો જોઇએ. એમાં માત્ર શ્રદ્ધા હોય એટલું બસ નથી, એને માટે પ્રયત્ન પણ હોવો જોઇએ. અને એની સાધનામાં પણ આપણને ડગલેડગલે અને વિકાસને પગથિયેપગથિયે વધારે ને વધારે ઉચ્ચતર આનંદનો અનુભવ થયા વિના રહેતો નથી. આપણે સર્વ એ માર્ગે જવાનો પ્રયત્ન કરીએ.

રામનારાયણ વિશ્વનાથ પાઠક

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. ન. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૦
અંક : ૧૩

મુંબઈ: ૧ નવેમ્બર ૧૯૪૮ સોમવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

નૂતન વર્ષના મંગળ પ્રભાતે

આજે વિક્રમ સંવત્ ૨૦૦૪ નું વર્ષ પુરું થાય છે, અને વિક્રમ સંવત્ ૨૦૦૫ નું વર્ષ શરૂ થાય છે. વિદાય થતા અને આરંભાતા વર્ષના સંધિટાણે ભૂતકાળ તરફ દૃષ્ટિ દોડે છે અને ભવિષ્યને પણ વીંધવાનો ચિત્ત પ્રયત્ન કરે છે. ગતવર્ષનો વિચાર કરવા સાથે જ બાપુજી યાદ આવે છે. તેમને ગુમાવ્યા તેની વેદના અને કેવી રીતે ગુમાવ્યા તેની શરમ બન્નેનો સાથે અનુભવ થતાં ગમગીન બની જવાય છે. નાથુરામ ગોડસેને એ દુર્બુદ્ધિ સુઝી ન હોત તો બાપુજી આપણી વચ્ચે આજે હયાત હોત અને સંભવ છે કે આજે જ્યાં પંડિત જવાહરલાલ નહેરૂ આપણા પ્રતિનિધિ તરીકે ગયા છે ત્યાં બાપુજી ગયા હોત અને માથે ઝઝુમતા વિગ્રહ-દાવાનલમાંથી દુનિયાને બચાવવા તનતોડ મહેનત કરી રહ્યા હોત. ગત વર્ષની પણ આગળથી શરૂ થયેલું કાશ્મીર યુધ્ધ આજે પણ ચાલી રહ્યું છે, પણ હવે થોડા સમયમાં તેનો નીકાલ આવી જશે એવી આશા બંધાઇ રહી છે. ગત વર્ષ દરમિયાન થયેલ અનેક દેશી રાજ્યોનાં વિસર્જન અને તે કારણે થયેલી હિંદુસ્તાનની મેટી કાયાપલટ રાજકારણની દૃષ્ટિએ સર્વથી મહત્વની ઘટના બની છે અને તે માટે સરદાર વલ્લભભાઇ પટેલને હિંદી પ્રજાના અનેકાનેક ધન્યવાદ ઘટે છે. કાળનિર્માણનું એ એક ભારે વૈચિત્ર્ય છે કે કેટ-લાક નાના બનાવો બનતાં ઘણો સમય લાગે છે, જ્યારે થોડા સમયમાં કોઇ કોઇ વાર પવન વેગે એટલા બધા ઝડપી બનાવો બની જાય છે કે આપણી કલ્પના પલટાતી જતી પરિસ્થિતિના મર્મને ગ્રહણ કરવામાં અસમર્થ નીવડે છે. છેલ્લા દોઢ વર્ષનો હિંદનો ઇતિહાસ કાંઇક આવો જ છે. આજથી પંદર મહીના પહેલાં દેશના ભાગલા સાથે એકાએક આઝાદી આવી અને લગ-ભગ એક સૈકાથી સ્થિરપણે સ્થપાયલી બ્રીટીશ હકુમતનો અન્ત આવ્યો. પછી આવી પંજાબની કત્લેઆમ અને હજારો કુટુંબોની પારવિનાની પાયમાલી અને સ્થળાન્તર. પછી આવ્યું જુનાગઢની આરઝી હકુમતનું આક્રમણ અને પરિણામે નીપજેલી આખા કાઠિયાવાડની કાયાપલટ. આ થયું ન થયું ત્યાં આપણે બાપુજીને ગુમાવ્યા. આ અરસામાં હિંદભરના દેશી રાજ્યો ઉત્તરોત્તર પલટાતા ચાલ્યા. કેટલાક એકત્ર બનીને પોતાનાં સ્વ-તંત્ર મંડળો સ્થાપ્યાં; અમુક મોટા રાજ્યોએ પોતપોતાના પ્રદેશમાં પ્રજાતંત્રની સ્થાપના કરી; કેટલાંક રાજ્યો સમીપમાં આવેલા હિંદી સંઘના પ્રાન્તોમાં વિલીન થયાં. વડોદરાના ગાયકવાડે થોડુંક માથું ઉંચકયું અને આમ તેમ થોડો ફફડાટ નાચ કરી લીધો, પણ તેને પણ આખરે સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા પડયા. છેલ્લાં છેલ્લાં હૈદ્રાબાદના નિઝામે અવળી રમત શરૂ કરેલી. એક બાજુ સમાધાનીની વાટાઘાટો અને બીજી બાજુએ યુધ્ધની તૈયારીઓ. તેના પ્રદેશમાં કાસીમ રઝવી નામના એક ધૂમકેતુનો ઉદય થયો. તેને તો દીલ્હીનો લાલ કીલ્લો સર કરવા સિવાય બીજી કોઇ ફળવી વાત કરવી ગમતી જ નહોતી. તેના મોઢામાંથી આગ વરસી રહી હતી; આખા હિંદને તે ભારે ડરાવી રહ્યો હતો; પણ આ બધી ધાંધલધમાલનું આયુષ્ય હતું ચંદરોજ. હિંદી સૈન્યે નિઝામના રાજ્ય ઉપર સર્વાંગી આક્રમણ કર્યું અને જાણે કે આંખના પલકારામાં એ ભયાનક ભૂતાવ-ળનો નાશ કર્યો અને હિંદના મધ્યભાગમાં રહેલું એક મોટામાં મોટું ભયસ્થાન જોતજોતામાં નાબુદ થયું. એ જ અરસામાં કાયદે આઝમ ઝીણાનું અવસાન થયું અને પાકીસ્તાન અનાથ બન્યું. ગત વર્ષમાં આપણે આ રીતે બે મહામાનવોને ગુમાવ્યા. એક હતો પ્રેમમૂર્તિ; બીજો હતો મત્સરમૂર્તિ. એક હતો દૈવી સંપત્તિનો અધિષ્ઠાતા; બીજો હતો આસુરી સંપત્તિનો સમ્રાટ. એક હતો અહિંસા અને સત્યનો ઉપાસક; અન્યને મન અહિંસા અને સત્ય આદર્શવાદી બેવકુફોની ઘેલછા હતી. એકમાં વેદના હતી, નિરાશા હતી; બીજામાં આનંદ હતો, કૃતકૃત્યતા હતી, ધાર્યું સાધ્યાનો ગર્વ હતો. એકે ભગવાનની પ્રાર્થના કરવા જતાં પોતાના જ ધર્મબંધુના હાથે પ્રાણ ગુમાવ્યા; બીજો સ્વાભાવિક મૃત્યુના પરિણામે આ ફાની દુનિયા છોડી ચાલી નીકળ્યો. એકના અવસાનને આખી દુનિયા રડી; અન્યના પરલોકગમનને કોઇ રડયું હોય તો માત્ર પાકીસ્તાન જ રડયું. આમ અનેક પ્રવેશો દાખવતું અને નાના મોટા અંકોથી ભરેલું નાટક પુરું કરીને એક વર્ષ વિદાય લે છે અને બીજા વર્ષમાં આપણે અનેક ચિન્તાઓ, મુંઝવણો અને ભયાનક કલ્પના સાથે પ્રવેશ કરીએ છીએ.

ઘરઆંગણે નવી પ્રાન્તરચનામાં મુંબઇએ અલગ રહેવું કે નવા ઉદ્ભવ પામના મહારાષ્ટ્ર પ્રાન્તમાં સમાઇ જવું એ પ્રશ્ન ભયાનક સ્વરૂપ પકડી રહેલ છે. મુંબઇને મહારાષ્ટ્રમાં ભેળવવાના વિચારવાળા લોકો આજે જે વાણીતાંડવ આચરી રહ્યા છે અને મહારાષ્ટ્રના ક્ષેત્રફળને કલ્પનાના ઘોડાઓ દોડાવીને જે રીતે ઉત્તરોત્તર વિસ્તારી રહ્યા છે તે જોતાં જાણે કે આપણી વચ્ચે એક નવું પાકીસ્તાન જ ઉભું થઇ રહ્યું હોય એવી નીતિરીતિ અને ઘેલછાનું દર્શન થઇ રહ્યું છે અને તે કારણે આ નાની દેખાતી બાબત સૌ કોઇને મન એક ચિન્તાનો વિષય બની રહેલ છે. સમગ્ર દેશનો વિચાર કરતાં, આપણને આઝાદી મળી છે, સ્વરાજ્ય મળ્યું છે એમ છતાં પણ તે દ્વારા કલ્પાયલા સુખ કે સ્વારથ્યનો હજુ આપણને કશો અનુ-ભવ થતો નથી. આપણી હાડમારીઓ અને સંકટો વધતાં જ જાય છે. આમાંથી ઉગરવાનો કોઇને સાચો માર્ગ જડતો નથી. આન્તર-રાષ્ટ્રીય પ્રદેશમાં પણ જે કાંઇ બની રહ્યું છે તે વિશ્વશાન્તિ ગમે ત્યારે જોખમાવે અને આ અકળાયલી, મુંઝાયલી, ગુંગળાતી દુનિ-યાને ગમે ત્યારે ઘોર સંહારને નોતરતા ત્રીજા વિશ્વયુદ્ધમાં ધકેલી દે તેવો ભય પેદા કરી રહેલ છે. આમ આજે આ જગતમાંથી શાન્તિ કે સુખચેન અલોપ થયા છે અને તે કયારે પાછા આવશે એની હજુ કાંઇ સુઝ પડતી નથી.

આ મહાસાગરમાં બિન્દુ સમાન જૈન સમાજ અને તેના નાના મોટા પ્રશ્નોનો શું વિચાર કરવો? તેનું ભાવી પણ જગતના

શ્રી. ઝીણાના જીવનનો બોધ

[તા. ૧૫-૯-૪૮ ના ' પ્રબુદ્ધ જૈન 'માં કાયદેઆઝમ ઝીણા વિષે એક લાંબી નોંધ પ્રગટ કરવામાં આવી છે અને તેમાં એક વખતના ચુસ્ત રાષ્ટ્રવાદી ઝીણા કટ્ટર પાકીસ્તાનવાદી ઝીણામાં કેમ પલટાયા તે પ્રશ્નનો મારી બુદ્ધિને સુઝયો તેવો કાંઇક ઉકેલ રજુ કરવામાં આવ્યો છે. આજ પ્રશ્નને કેન્દ્રસ્થાને રાખીને લખાયલો એક લેખ તા. ૩-૧૦-૪૮ ના 'હરિજન બંધુ'માં પ્રગટ થયો છે. એ લેખના લેખક શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળા છે. પ્રસ્તુત લેખમાં તેમણે કરેલું નિરૂપણ ભારે મૌલિક અને વિચારપ્રેરક છે. તેમણે પ્રસ્તુત પ્રશ્ન જુદા જ દૃષ્ટિકોણથી ચર્ચ્યો છે જેના સાર રૂપે અન્તમાં તેઓ જણાવે છે કે " આમ વિચાર કરતાં મને ઘણીવાર લાગ્યું છે કે ઝીણા અને પાકીસ્તાન એ હિંદુ સમાજનું જ પાકેલું ફળ છે. " આ લેખના મુદ્દાઓ પ્રબુદ્ધ જૈનના વાંચકો પૂરા ધ્યાનપૂર્વક વાંચે, સમજે અને વિચારે અને છેવટે એ લેખના અન્તમાં " જો આપણે એક રાષ્ટ્રરૂપે આપણો વિકાસ સાધવો હોય તો આપણી સંકુચિત સમાજદૃષ્ટિનો નાશ કરવો ઘટે છે " એવો જે ઉપનય તારણ રૂપે શ્રી. કિશોરલાલભાઇએ રજુ કર્યો છે તે ઉપનય ' પ્રબુદ્ધ જૈન 'ના વાંચકો પોતાના દિલમાં સુદૃઢ કરે એ આશયપૂર્વક એ લેખ અહિં સાભાર અવતરિત કરવામાં આવે છે. પરમાનંદ]

શ્રી મહમદઅલી ઝીણાના જીવનની કારકિર્દી હિંદુઓ માટે, ખાસ કરીને કહેવાતા સવર્ણ હિંદુઓ માટે, વિચાર કરવા અને ઘડો લેવા જેવો વિષય છે.

જન્મે એ કાઠિયાવાડની ખોજા જાતિના હતા, એ જાણીતી વાત છે. ખોજા જાતિનો મોટો ભાગ એક ખાસ ધર્મ-સંપ્રદાય પાળે છે. તે સંપ્રદાયમાં હિંદુ ધર્મ અને ઇસ્લામના સિદ્ધાંતોનું એક વિશેષ પ્રકારનું મિશ્રણ છે. કદાચ મૂળ સ્થાપકનો હેતુ એ બે ધર્મોને પોતાની સમજ પ્રમાણે મેળવવાનોયે રહ્યો હોય. તેમની ધાર્મિક વિધિઓ અને સામાજિક રૂઢિઓ, વારસાના નિયમો વગેરે મોટે ભાગે હિંદુઓના જેવા જ હોય છે. એમાંના ઘણાખરાનાં નામ પણ હિંદુઓના જેવાં જ હોય છે: જેમ કે, ઝીણા, વાલજી, ભગવાનજી, ધરમશી, પુરૂષોત્તમ, લાલજી, મોતીલાલ, હરજી વગેરે. એમનું ગૃહજીવન, જીવન વિષે વિચાર કરવાની અને નિહાળવાની એમની દૃષ્ટિ વગેરે પણ સવર્ણ હિંદુઓના જેવાં જ હોય છે. એમ કહી શકાય કે બીજા સવર્ણ હિંદુઓ કરતાં જુદા ગુરૂનો સંપ્રદાય સ્વીકારવાથી એ એક જુદી પડી ગયેલી હિંદુ જાતિ છે. હિંદુ સમાજમાં આવી રીતે અનેક જાતિઓ ઉત્પન્ન થઇ છે એ જાણીતું છે.

વખત જતાં એ જુદી પડેલી જાતિને પોતાની સ્થિતિ અગવડભરી થઇ હશે જ. અઢારમી અને ઓગણીસમી સદીમાં એમાંના કેટલાક કુટુમ્બો પાછા હિંદુ ધર્મ પાળતાં થઇ ગયેલાના દાખલાઓ પણ છે. પણ હિંદુ જ્ઞાતિસંસ્થામાં એક વાર જેને જુદા કર્યા તેને પાછા લઇ લેવાનો રિવાજ જ ન હોવાથી આ બોજાઓને પાછા વૈષ્ણવ બનીનેય સામાજિક રીતે કશો લાભ થયો નહીં. કોઇ હિંદુ જ્ઞાતિએ તેવાઓને પોતામાં દાખલ કર્યા નહીં એટલે ધીરે ધીરે તેઓ હિન્દુઓથી વધારે ને વધારે દૂર થતા ગયા. પરિણામે પૂરેપૂરા ઇસ્લામ તરફ ઢળી જવાની અને જેટલું હિંદુપણું રહી ગયું હોય તેટલું કાઢી નાખવાની વૃત્તિ તેમનામાં પેદા થઇ. આમ કરવું તેમને માટે સહેલું તો નહોતું જ. કારણ કે હિંદુ જ્ઞાતિભાવના તથા એકત્ર કુટુંબની પ્રથાના તેમનાં સંસ્કારો ઘણા ઊંડા હતા અને હજુ છે. પણ હિંદુઓએ પોતાની ટેવ મુજબ તેમની અવગણના કરી જ એટલે ધીમી ગતિએ પણ ઇસ્લામ તરફ વધારે ને વધારે ઢળતા જવાની તેમની પ્રવૃત્તિ મજબુત થતી ગઇ.

શ્રી મહમદઅલી ઝીણાના જીવનનો લગભગ પોણોસો વર્ષનો કાળ આ પ્રવૃત્તિનું મૂર્તિમંત ચિત્ર ગણી શકાય. એમનું નામ મુસલમાન પધ્ધતિનું પાડવામાં આવ્યું એ બતાવે છે કે ઇસ્લામ તરફ વધારે ઢળવાની પ્રવૃત્તિનો આરંભ તેમના જન્મ પહેલાં જ થઇ ચુકયો હોવો જોઇએ. પણ તેમણે પોતાના જીવનનો અડધાથી વધુ ભાગ રાષ્ટ્રીય ભાવના અને કોમી એકતાના હિમાયતી તરીકે દેશકાર્ય કરવામાં ખરા દિલથી ગાળ્યો, તે બતાવે છે કે હિંદુમુસલમાનને એક કરવાની ભાવનાનો બોજાઓમાં રહેલો પરંપરાગત સંસ્કાર તેમનેયે વારસામાં મળેલો હતો.

પણ એકતા અને રાષ્ટ્રીયતાના ક્ષેત્રમાં જીવનનાં લગભગ પિસ્તાળીસ વર્ષ ગાળ્યા પછી ઝીણાસાહેબના જીવને પલટો ખાધો. તે રાષ્ટ્રવાદી મટી કોમવાદી બન્યા, એટલું જ નહીં, પકિસ્તાનવાદના, એટલે જે કક્ષામાં હિંદુપણાની ગંધ આવે તેવી દરેક બાબતનો વિરોધ અને ત્યાગ કરવાના આગ્રહના અગ્રેસર બન્યા. આવો ફેરફાર એમના મનમાં થઇ આવવાનું કારણ શું? આપણે કદી આનો ગંભીરતાથી વિચાર કર્યો હોય એમ મને લાગતું નથી. શ્રી ઝીણાના કટ્ટરમાં કટ્ટર વિરોધીએ પણ કદી એમના પર પૈસાની લાલચ કે સ્વાર્થથી વેચાઇ જનારા માણસ હોવાનો આરોપ મૂકયો નથી. ત્યારે આ કેમ થયું? હું એવા અનુમાન પર આવ્યો છું કે રાષ્ટ્રીયતા અને એકતાની વાતોમાં એમને કંઇક પોકળપણું, જણાયું, કંઇક ભ્રમ ભાંગ્યા જેવું થયું, અને તેથી તે નિરાશાવાદી બન્યા. એમણે ઘડીક વાર આપેલા પોતાના ઉત્તરોમાં આવું કાંઇક માલુમ પડી આવે છે. હિંદુ કોંગ્રેસવાદીની રાષ્ટ્રીયતા પરથી એમની શ્રદ્ધા ઉડી ગઇ હતી: " કોંગ્રેસવાદીને જરા ઉઝરડો આણો, એટલે એનું સવર્ણ હિંદુપણું ઉઘાડું પડી જશે, " એમ એમણે એક વાર કહેલું. આટલાં વર્ષ એ પોતે પણ કોંગ્રેસમાં હતા ને? એમ એમને કોઇકે કહ્યું, ત્યારે એમણે કહ્યું કે, " એક વાર હું ગાંધીજીની નિશાળમાંયે હતો! " આવો એમનો દૃષ્ટિનો પલટો થઇ ગયો.

કંઇ નિરાશા અને ભ્રમનિરાસનું આ પરિણામ હશે તે શોધવાનો મેં ઘણી વાર પ્રયત્ન કર્યો છે. શું આમ થવામાં એમના પોતાના જ મનનો કાંઇ કારણભૂત હશે, કે કોંગ્રેસના તેમ જ તેમજ રાષ્ટ્રના વિરાટ પ્રશ્નો સાથે સંકળાયલું છે. આજની તેની સંપત્તિ અને આર્થિક પ્રતિષ્ઠા પણ સામાજિક ક્રાન્તિના ત્રાજવે તોળાઇ રહી છે અને તેથી જો જૈન સમાજ કંઇ કાળથી વારસામાં મળેલ મુડીવાદી અને સાંપ્રદાયિક માનસથી પર બનીને વ્યાપક અને વિશાળ દૃષ્ટિથી જોતા નહિ શિખે અને નવનિર્માણ પામતી અને સમાજવાદ તરફ ઢળતી સમાજરચનાના સ્વરૂપ મુજબ પોતાની રીતભાત તેમ જ વળણ વિચારમાં ફેરફાર નહિ કરે તો તેનો ટકાવ ઉત્તરોત્તર વધારે મુશ્કેલ બનવાનો છે એ વિષે બે મત છે જ નહિ.

આકાશ હજુ ચિન્તા અને ભયને પ્રેરતાં વાદળોથી ભરેલું છે. એમ છતાં પણ ક્ષિતિજની કોર ઉપર નિર્મળ આકાશની નાની સરખી ભુરી પટ્ટી દૃષ્ટિગોચર થઇ રહી છે. તે સુચવે છે કે માથા ઉપર ઝઝુમતાં વાદળો અને વાવાઝોડાંઓ ધીમે ધીમે જરૂર ઓસરી જશે અને પ્રસન્નતાભર્યું આકાશ, પ્રાણદાયી ઉષ્મા આપતો સૂર્ય અને પ્રફુલ્લતા પ્રેરતી પવનલહરિઓ આપણા જીવનમાં નવા પ્રાણ પુરશે, આપણા ચિત્તને નવી ચેતના આપશે, અને કોઇ કાળે પણ આપણે નહોતી જોઇ કે અનુભવી એવી કાર્યશક્તિ આપણામાં પ્રગટશે અને સર્વત્ર સુખશાન્તિ અને વિપુલતાનું સામ્રાજ્ય સ્થપાશે. આ શુભ ભાવીને પરમ પુરૂષાર્થ વડે, તોડવા જેવું તોડીને અને માંડવા જેવું માંડીને, ગાંધીજીએ દાખવેલા ધર્મમાર્ગને શ્રદ્ધા તેમજ દૃઢતાપૂર્વક અનુસરીને બને તેટલું સમીપ લાવીએ અને આપણને મળેલા સ્વરાજ્યને સાર્થક કરીએ. પરમાનંદ

કોમવાદી હિંદુઓ પણ એ માટે કંઈક જવાબદાર હશે? હિંદુ જ્ઞાતિવ્યવસ્થા અને હિંદુ સંગઠનની હિલચાલના પડદા પર પાકિસ્તાનવાદને મૂકીને જોઈએ તો આપણને કેવું ચિત્ર દેખાય છે તે જોવું ઘટે છે: તો દેખાશે કે હિંદુ તેમ જ ઝીણાસાહેબની જન્મજ્ઞાતિ–ખોજા–બંનેમાં સમાનપણે રહેલા જ્ઞાતિપ્રથા અને એકત્ર કુટુંબની પ્રથાના સંસ્કારોનું સીધું પરિણામ પાકિસ્તાનવાદ થઈ શકે છે.

સાચે જ, એ રીતે જોઈએ તો એમ જ કહી શકાય કે જે રીતે હિંદુ માનસમાં જ્ઞાતિપ્રથા ધર્મ સાથે સંકળાએલી છે તે જ ધોરણે નીપજેલું પાકિસ્તાન હિંદુ જ્ઞાતિપ્રથાની મોટામાં મોટી સફળતા છે. હિંદુસ્તાનના મુસ્લિમો એમના આ મહાન નેતાની અસર તળે જ્ઞાતિપ્રથાનો નિષેધ કરનાર સમાજ મટીને મોટો જ્ઞાતિવાદી સમાજ બની ગયો. હિંદુ એકત્ર કુટુંબની પ્રથાનો જે નિયમ છે કે તેમાં કુટુંબનો કોઈ પણ પુરુષ ભોજન, પૂજન અને ધનના ભાગલા માગી શકે, તેનો એમણે સ્વીકાર કર્યો. વળી જેને પોતાથી નીચા કે બરોબરિયા ન માને તેમનાથી સાવ અળગા રહેવું, અને જેમને એ પોતાથી નીચા માને તેમના પ્રત્યે ગુમાન અને તોછડાઈથી વર્તવું એ હિંદુ જ્ઞાતિપ્રથાની ખાસિયત પણ એમણે પૂરેપૂરી સ્વીકારી લીધી.

હિંદુ ગ્રામ અને નગરરચનામાં જુદી જુદી જ્ઞાતો પોતપોતાનાં જુદા જુદા મહોલ્લા, શેરીઓ, ને પોળોમાં રહે છે. કેટલીક વાર તો ગામનાં ગામ જ્ઞાતવાર હોય છે. અળગા રહેવું, ભાગલા પાડવા, બીજી જ્ઞાતો સાથે રોટી–બેટી–પાણી અને ભીંતનો પડદો રાખવો એ હિંદુ સમાજજીવનનાં વિશેષ લક્ષણો છે. શ્રી ઝીણા એવા નિરાશાવાદી નિર્ણય પર આવ્યા કે ધર્મ–જ્ઞાતિ વગેરેના ભેદભાવ રહિત પ્રજાતંત્રવાદી રાષ્ટ્રીયતાના કોંગ્રેસ ગમે તેટલા ઠરાવો કરે, પણ હિંદુઓ સદાયે જ્ઞાતિપરાયણ લોકો જ રહેવાના; અને જ્ઞાતિની પાછળ ઊંચનીચપણાની ભાવના અને તેને લીધે એક બીજા સાથે ભળવાનો અણગમો રહેલાં હોવાથી વ્યવહારમાં હિંદુસ્તાનનું રાજ્ય લોકશાહી નહીં પણ જ્ઞાતિશાહી સિદ્ધાંતો પર જ ચાલશે. રાષ્ટ્રીયતા અને લોકશાહીના સિદ્ધાંતોનો કયારેયે હિંદુસ્તાનમાં વ્યવહારિક રીતે અમલ થશે નહીં. આ વિષેની એમની અશ્રદ્ધા એમણે વારંવાર કહી બતાવી હતી. પશ્ચિમની લોકશાહી હિંદ માટે નકામી છે એવો એમનો મત બંધાઈ ગયો હતો.

વળી, એમણે હિંદુસંગઠનની હિલચાલને, તેના પોકળપણાને અને તેના અંતિમ ધ્યેયને પારખી લીધાં. એનું પોકળપણું એ વાતમાં રહેલું હતું કે એણે કદીયે જ્ઞાતિપ્રથા અને અસ્પૃશ્યતા સામે જોરદાર મોરચો માંડ્યો નહોતો. આથી, તે બધા હિંદુઓનેયે અંદરથી એકત્ર કરી શકે એ શક્ય નહોતું અને એનું અંતિમ ધ્યેય ઇસ્લામવિરોધી હિંદુરાજ્ય સ્થાપવાનું હતું.

હિંદુઓની આ અસલ નબળાઈ, એના કેટલાક 'ગગનવિહારી" નેતાઓના ખોટા ભ્રમો તથા બીજા ચતુર નેતાઓની કુટિલતા અને દંભમાં જ પોતાની તક રહેલી છે, એમ એમની ઝીણી બુદ્ધિએ પારખી લીધું; પોતે પણ મુસલમાન કરતાં હિંદુ સંસ્કારો જ વધારે પામેલા હોવાથી હિંદના મુસલમાનોને સંગઠિત કરવામાં તેમણે હિંદુ મનોવૃત્તિનો જ ઉપયોગ કરી લીધો. ઇસ્લામના ગમે તે સિદ્ધાંત હોય, તે છતાં એમણે મુસ્લિમ માનસને હિંદુ બનાવી દીધું. આ કઠણ તો નહોતું. કેમ કે, હિંદના મુસલમાનોનો મોટો ભાગ ધર્મ સિવાય બીજી બધી બાબતોમાં તે સંસ્થાના હિંદુઓના જેવો જ છે. જ્ઞાતિવાર પ્રતિનિધિત્વ, હિંદુસ્તાનના સંપૂર્ણ ભાગલા, અને હિંદુ અને મુસલમાન વસ્તીઓનીયે સંપૂર્ણ વહેંચણી વગેરે માંગણીઓમાં હિંદુ મનોવૃત્તિનું જ પ્રતિબિંબ દેખાઈ આવે છે. એ હિંદુ મનોવૃત્તિ છે, એનો પુરાવો એ કે બ્રિટિશ પ્રધાનોની ત્રણ પ્રાંતીય જૂથો રચવાની યોજનાનો સ્વીકાર કરવામાં આવતાં જ પંજાબ તથા બંગાળના કોંગ્રેસવાદી તેમ જ બિનકોંગ્રેસવાદી હિંદુ તથા શીખ બન્ને આગેવાનોએ એ બે પ્રાંતનાયે ભાગલા પાડવાની જોરદાર ચળવળ ઊભી કરી.

જેમ હિંદુઓની બધી રૂઢિઓ ધર્મ અને સંસ્કૃતિ સાથે સંકળાયેલી હોય છે, તેમ જ શ્રી ઝીણાએ પણ મુસલમાનોનાં હૃદયને ફેરવી નાખવા માટે પાકિસ્તાનની માગણીને ધર્મ સાથે સાંકળી દીધી. મુસલમાનોમાં હિંદુઓના જેવા સખત જ્ઞાતજાતના વાડા ન હોવાથી, મુસલમાનોને સંગઠિત કરવામાં હિંદુઓ કરતાં એમને વધારે સફળતા મળી એમાં નવાઈ નથી.

હિંદુ આગેવાનો અને એમની વચ્ચે એક બીજી બાબતમાં યે સમાનતા હતી. બંને કુશળ વકીલોના વર્ગના રહ્યા. કુટિલતા અને વક્રતા સુધી પહોંચે એટલી વકીલી ચતુરાઈ બંનેમાં ફેલાવાયેલી. કાગળ પર બંનેને મંજુર હોય એવી ભાષામાં નિર્ણય ઘડવો, મનમાં તેના અર્થ વિષે મતભેદ કે ચોરી રાખવી, અને પછી અમલ કરતી વખતે પોતાને ન ગમતું પગલું લેવું પડશે એમ જણાય ત્યારે એકબીજા સાથે અર્થ બેસાડવાની લડવાડ શરૂ કરવી; પછી બંનેએ સામસામા આક્षેપો અને જવાબો વાળીને વાતાવરણ એવું કરી મૂકવું કે બંનેએ મંજૂર કરેલો મૂળ નિર્ણય જ પડતો મૂકવો પડે અને નવેસરથી વાટાઘાટ શરૂ કરવી પડે એવી સ્થિતિ પેદા થાય–એ આ વકીલબુદ્ધિનું અપલક્ષણ છે. શ્રી ઝીણા પણ એ વિદ્યામાં નિષ્ણાત હતા. હિંદુઓ પર 'તમારી લાકડી ને તમારો વાંસો' ની રીત અજમાવી, હિંદુઓનો જ દોષ સિદ્ધ કરવામાં હંમેશાં સફળ થયા ન હોય, તોયે તટસ્થ માણસના મનમાં હિંદુઓની સરળતા અને ન્યાયબુદ્ધિ વિષે શંકા ઉત્પન્ન થાય એવું દેખાડવામાં તો એમને ઘણી વાર સફળતા મળી.

આમ વિચાર કરતાં, મને ઘણીવાર લાગ્યું છે કે ઝીણા અને પાકિસ્તાન એ હિંદુ સમાજનું જ પાકેલું ફળ છે. પાકિસ્તાન આપણા મિત્ર તરીકે હિંદમાં પાછું ભળે એમ આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ, જે મનોવૃત્તિઓ, સંસ્કારો, રૂઢિઓ વગેરેએ પાકિસ્તાનને પેદા કર્યું તે દોષને આપણા જીવનમાંથી કાઢયે જ છૂટકો છે. એક પાકિસ્તાન થઈને જેટલું બગડવાનું હતું તેટલું બગડી ગયું એમ માનવાનું નથી. વખત જતાં ઝીણાસાહેબની આગાહી મુજબ દરેક ઘર, શેરી, મહોલ્લો, ગામ અને તાલુકાના ભાગલા પડાવવા સુધી એ દોષ આપણને ખેંચી જાય એ છેક અસંભવ નથી. અને તે ભાગલા માત્ર હિંદુ–મુસલમાનના નહીં રહે પણ જે જે કાંઈ સ્થાનિક કે સામાજિક જુદાં જુદાં જૂથો હોય તે સૌને એનો ચેપ વળગશે. જો આપણે એક રાષ્ટ્રરૂપે આપણો વિકાસ સાધવો હોય તો આપણી સંકુચિત સમાજદૃષ્ટિનો નાશ કરવો ઘટે છે. **કિશોરલાલ મશરૂવાળા**

કેટલાક સમાચાર અને નોંધ

કાયદે આઝમ વિષે શ્રી કિશોરલાલભાઈ

શ્રી. કિશોરલાલભાઈ જેવા પ્રતિભાસંપન્ન લેખકના કોઈ પણ લેખમાં જણાવેલા વિચારો પોતાને અસ્વીકાર્ય લાગતા હોય તો પણ તેવો વિરોધ પ્રગટ રીતે રજુ કરતાં કોઈ પણ વ્યક્તિ અત્યન્ત સંકોચ અનુભવે એ સ્વાભાવિક છે, કારણ કે તેમની સમગ્ર વિચારસરણિ પૂર્વગ્રહો કે અભિનિવેશથી લગભગ સર્વથી મુક્ત હોય છે જ્યારે આપણા જેવા માટે એ અત્યન્ત વિકટ કાર્ય છે. આમ છતાં પણ જ્યાં આપણું મન સંમતિ અનુભવતું ન હોય ત્યાં એ મુજબ જાહેર કર્યા સિવાય આપણા માટે બીજો વિકલ્પ રહેતો નથી. કિશોરલાલભાઈ ઝીણાનું વિકૃત સ્વરૂપ અને તેના પરિણામરૂપ પાકીસ્તાનનું નિર્માણ–ઉભયની બધી જવાબદારી હિંદુ સમાજની રીતભાત, રહેણીકરણી અને આચાર વિચાર તથા સમાજ રચનાના સ્વરૂપ ઉપર નાંખે છે. આ વિધાન સહેજે ગળે ઉતરતું નથી. અલબત્ત હિંદુ સમાજમાં નાતજાત, વાડાબંધી, અને ઊંચનીચની ભાવના કંઈ કાળથી ચાલી આવે છે અને તેણે આપણા સામાજિક જીવનમાં

બારવિનાનાં અનર્થો પેદા કર્યા છે. પણ પાકીસ્તાન પેદા કરે એવાં તત્વો ઇસ્લામમાં અથવા તો મુસલમાન સમાજમાં નહોતા અને હિંદુ ધર્મ અને હિંદુ સમાજમાં જ તેનાં મૂળ રહેલાં છે આ વિધાન સમુચિત લાગતું નથી. 'પાક' અને 'નાપાક' આ રીતે માનવજાતનો બે વિભાગમાં વિચાર કરવાનું શિક્ષણ દરેક મુસલમાનને કંઈ કાળથી ગળથુથીમાંથી મળતું આવ્યું છે. મૌલાના મહમદઅલીએ જ્યારે એક વખત આવા અર્થનું નિવેદન કરેલું કે ગમે તેવા લંપટ અને લબાડ મુસલમાનને તેઓ મહાત્મા ગાંધી કરતાં પણ વધારે ઉંચો ગણે છે ત્યારે તે પાછળ આ પાક-નાપાકની ભાવના જ તેમણે પોતાની રીતે રજુ કરી હતી. વળી હિંદુસ્તાન વિષે તાદાત્મ્ય ન અનુભવવું અને હિંદની બહાર જ પોતાના જાતભાઇઓ તરફ નજર કર્યા કરવી એ પણ હિંદના મુસલમાન સમાજમાં કંઈ કાળથી કેળવાતી આવેલી આસિયત છે. આવા વિકૃત ઉછેર અને કેળવણીના પરિણામે, જે કોટિના રાષ્ટ્રવાદી આગેવાનો હિંદુ સમાજમાં આપણે જોવા જાણવા પામ્યા છીએ અને તે પણ જે સંખ્યામાં તેવી કોટિના અને તેટલી સંખ્યામાં આપણને સાચા રાષ્ટ્રવાદી મુસલમાનો જોવા જાણવા મળ્યા નથી, એટલું જ નહિ પણ પરમ દિવસના કેટલાયે રાષ્ટ્રવાદી મુસ્લીમ આગેવાનો ગઈ કાલે પાકીસ્તાનવાદીમાં પલટાઇ જતા આપણે સાશ્ચર્ય નિહાળ્યા છે. વળી કેટલાક કટ્ટર હિંદુઓના દિલમાં કદાચ હિંદમાં કેવળ હિંદુ રાજ્ય સ્થાપવાની કલ્પના ઉભી થઇ હોઇ તો એ મુજબ "હજુ ગઇ કાલ સુધી અમે જ હિંદુસ્તાન ઉપર રાજ્ય ચલાવતા હતા અને અમે જ રાજ્ય કરવાને યોગ્ય છીએ" એવી કલ્પનાની જડ કેટલાયે મુસલમાનોના દિલમાં કાંઇ ઓછી ઉંડી બેઠેલી નહોતી. આ ચર્ચાનો સાર એ કે હિંદુ સમાજની ઉંચનીચના ભાવથી ભરેલી વિચાર-પરંપરાની ઝીણા ઉપર થયેલી અસરનો આપણે ઇનકાર ન કરીએ તો પણ ઝીણાનું પ્રાકૃતિક ઘડતર, પાક નાપાકની ઇસ્લામના મૂળમાં રહેલી ભેદક ભાવના, હિંદ સાથે તાદાત્મ્યનો અભાવ, કેવળ અસત્યના પાયા ઉપર ઉભો કરવામાં આવેલો ઝીણાનો અલગ પ્રજાવાદ અને 'હજુ ગઇ કાલ સુધી અમારૂં જ તમારી ઉપર રાજ્ય હતું' એવું નજદીકના ભૂતકાળનું જાગૃત ભાન—આ તત્વો ઝીણાને પલટાવવામાં અને પાકીસ્તાન પેદા કરવામાં નિઃશંકપણે ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે.

આ ઉપરાંત આ ચર્ચાના અનુસંધાનમાં એક બીજો પણ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. 'હરીજન બંધુ' પત્ર માત્ર હિંદુ સમાજને ઉદ્દેશીને નહિ પણ સમગ્ર હિંદી સમાજને અનુલક્ષીને ચલાવવામાં આવે છે તો ઝીણાની વિકૃતિ અને પાકીસ્તાનના પરિપાકમાં મુસલમાન સમાજની રચના તેમજ આચાર વિચાર અને વળણોનો કશો ફાળો હતો કે નહિ અને હતો તો શું હતો એ મુસલમાન સમાજને ઉદેશીને પણ શ્રી કાશેારલાલભાઇએ કાંઇક કહેવું જોઇતું હતું. એમ થયું હોત તો તેમના લેખમાં અમુક અંશે જે એક-દેશીયતાનો ભાસ થાય છે તે ન થાત.

પરલોકવાસી વીર નરીમાન

ગયા ઓકટોબર માસની ચોથી તારીખે શ્રી. ખુરશેદ ઓફ નરીમાનનું અવસાન સાંભળીને અને તે પણ એકાએક હૃદય બંધ પડવાથી દીલ્હી ખાતે નીપજેલા તેમના અવસાનના સમાચારથી આખા દેશે ઉંડી ગમગીની અનુભવી. કારણ કે પાછલા દશ કે અગિયાર વર્ષો બાદ કરતાં શ્રી નરીમાનની જીવન કારકીર્દી અત્યન્ત ઉજ્જવળ અને દેશના રાજકારણી ઇતિહાસને ગૌરવાન્વિત બનાવે તેવી હતી અને એજ કારણે તેમને હિંદની પ્રજા અને ખાસ કરીને મુંબઇની જનતા 'વીર નરીમાન'ના નામથી ઓળખતી હતી.

દેશમાં આગેવાનસ્થાન ધરાવતી કોઇ પણ વ્યકિતની અવસાનનોંધ લખતાં ઘણી વખત પત્રકારને અમુક પ્રકારની મુંઝવણ અનુભવવી પડે છે. સ્વજનો માટે તો વિદેહ વ્યકિતની ત્રુટિઓની ઉપેક્ષા અને તેના ગુણોનું સવિશેષ સ્મરણ અને ઉપાસના એક સ્વભાવિક ધર્મ બની રહે છે, પણ જે પત્રકાર સામાન્યતઃ દેશમાં બનતી સર્વ ઘટનાઓનું તુલનાત્મક વિવેચન કરતો હોય તેણે ઉપર જણાવેલા પ્રસંગે પોતાની તુલનાત્મક વૃત્તિને બાજુએ રાખીને કેવળ ગુણપૂજક અવાસાન નોંધો લખવી કે આવા પ્રસંગને પણ તેણે તુલનાત્મક દ્રષ્ટિથી જ તોળવો? અવસાનના પ્રસંગે વિદેહ વ્યકિત વિષે દાક્ષિણ્યભાવપૂર્વક લખાવું જોઇએ એ તો બરોબર છે, પણ આવી નોંધો કેવળ પ્રશસ્તિમય હોવી જોઇએ એમ તો સ્વીકારી ન જ શકાય. જો પત્રકાર એમ કરવા જાય તો તે પોતાના ખરા ધર્મને ચુકે. કારણ કે પત્રકારનો ધર્મ તો એકજ હોઇ શકે અને તે એ કે કોઇ પણ ઘટના-પછી તેને કોઇ વ્યકિતના ઉત્કર્ષ સાથે સંબંધ હોય કે, અપકર્ષ યા અવસાન સાથે સંબંધ હોય-દરેક ઘટનાનો તેણે વાંચકોને સાચો અને સપ્રમાણ ખ્યાલ આપવો જોઇએ.

વીર નરીમાનની સમગ્ર કારકીર્દીનો ખ્યાલ કરતાં મુખ્ય વિચાર એ આવે છે કે જીવનના અન્ત સુધી એક સરખો જવાબ આપે અને આપણા શરીરને તેમ જ આત્માને એક સરખા ટકાવી રાખે તેવું ખમીર આપણામાંથી કોઇ વિરલ મનુષ્યને જ પ્રાપ્ત થાય છે. જેવી રીતે ૪૫ કે ૫૦ વર્ષ થયા ન થયા અને રૂષ્ટપુષ્ટ દેખાતાં માનવીશરીરો આપણે એકાએક ભાંગી પડતા જોઇએ છીએ, કાં તો ડાયાબીટીસ, કાં તો હૃદયરોગ, કાં તો બ્લડપ્રેસર, કાં તો હરસ, હર્નીઆ કે હાઇડ્રોસીલ, કાં તો દમ અથવા ક્ષય-કોઇને કોઈ રોગ આવી ચઢે છે અને ગઇ કાલ સુધી તન્દુરસ્ત દેખાતા શરીરને વિકલ કરી નાંખે છે, તેવીજ રીતે એક સરખા સેવામાર્ગે ચાલ્યો જતો અને એ જ દિશાએ ઉંચી ને ઉંચી કક્ષા પ્રાપ્ત કરતો અને દેશને આગળ લઇ જતો માનવી એકાએક ભાંગી પડતો દેખાય છે. કોઇ ને કોઇ ત્રુટિ, નબળાઇ, વિકૃતિ તેની ઉપર ચઢી બેસે છે અને ગઇ કાલની ઇષ્ટમૂર્તિ-આદર્શમૂર્તિ-આજે એક સામાન્ય પામર માનવીની કોટિમાં પલટાઇ જતી માલુમ પડે છે. આવા અનુભવો આપણને એવા નિર્ણય ઉપર લઇ જાય છે કે આપણામાંથી બહુ જ ઓછા માનવીઓમાં જીવનભર ટકાવી રાખે એવું આધ્યાત્મિક ખમીર હોય છે. આમ બનવાનું એક મોટું કારણ એ પણ માલુમ પડે છે કે ઘણી વખત સેવાના માર્ગે આગળ ધપતા લોકસેવકમાં સેવાની ભાવના તૃપ્ત થવા સાથે મહત્વાકાંક્ષા પણ ઉત્તરોત્તર વધારે ને વધારે જાગૃત થતી જોવામાં આવે છે. સેવા કરતાં કરતાં સામાન્ય માનવી સુમાન્ય લોકસેવકનું પદ પામે છે. અમુક વિભાગ યા વર્ગ ઉપર તેનું પ્રભુત્વ સ્થપાય છે. તે તેમના નેતા તરીકે સ્વીકારાય છે. ઐહિક પ્રભુત્વ તેને વધારે મોટી સેવાઓ કરવાની તક આપે છે. તેવી તકોનો લાભ લેતાં તેની સામે નવાં સત્તાસ્થાનો આવીને ઉભાં રહે છે. આ સત્તાસ્થાનો પ્રાપ્ત થતાં તેની મહત્વાકાંક્ષા પણ આગળ ચાલે છે અને તેથી પણ વધારે ઉંચું સ્થાન પ્રાપ્ત કરવાની અપેક્ષા તેના દિલમાં ઉભી થાય છે. પણ વિધિની ઘટના જ કોઇ એવી વિચિત્ર છે કે દરેક વખતે માનવી પોતાનું ધાર્યું સિદ્ધ કરી શકતો નથી. એક જ સ્થાન યા પદના અનેક અધિકારીઓ ઉપસ્થિત થાય છે. આમ બનતાં ધાર્યું સ્થાન મેળવવામાં પ્રસ્તુત માનવી જેવો નિષ્ફળ નીવડે છે કે તુરત જ તેની મહત્વાકાંક્ષા ઘવાય છે. આમેય તે તેની આજસુધીની કારકીર્દી સંપૂર્ણ શુદ્ધ હોતી જ નથી. ઘવાયલી મહત્વાકાંક્ષાવાળા માનવીના દિલમાં પછી તો અનેક વિકૃતિઓનો જન્મ થવા લાગે છે અને પછી कामात् क्रोधोऽभिजायते તે મુજબ જે સંસ્થાની તે આજ સુધી અખંડ સેવા કરતો હોય છે અને જે સંસ્થાના આધારે તે આગળ અને આગળ વધ્યે જતો હોય છે તે સંસ્થાનો તે વિરોધી બની બેસે છે. આવી જ રીતે જે રાષ્ટ્રના મહાન સૂત્રધારના એકે નેત્ર અનુયાયી તરીકે તેની છત્રછાયા નીચે પેતે આજસુધી કામ કરતો

હોય છે તે જ સૂત્રધાર વિષે પણ તેનું વળાણ એકાએક પલટો લે છે અને તે સૂત્રધારની નેતાગીરીમાં જ્યાં ત્યાં તેને બેવકુફીનું દર્શન થાય છે અને તે સૂત્રધારના સિદ્ધાન્તો પણ તેને મન ઉપહાસ્યયોગ્ય બની જાય છે. આ રીતે વીર નરીમાનની કારકીર્દીનો સમગ્રપણે વિચાર કરતાં આવો આરોહ અવરોહ આપણે અનુભવીએ છીએ. એક દિવસ તેઓ મુંબઇની પ્રજાનાં દિલના રાજા હતા. હાવેં નરીમાન કેસમાં તેમણે દાખવેલી નિડરતા ઉપર મુંબઇની પ્રજા મુગ્ધ હતી. ૧૯૩૦–૩૨ ની લડતમાં તેમનું અગ્રસ્થાન હતું અને મુંબઇ નગરીના તેઓ અપ્રતિમ નેતા હતા. ૧૯૩૫–૩૬ ની સાલ આવી. પ્રાન્ત પ્રાન્તના પ્રધાનમંડળો રચાવા લાગ્યાં. મુંબઇ પ્રાન્તમાં કોણ મુખ્ય પ્રધાન થાય તે પ્રશ્ન ઉપસ્થિત થયો. આ સ્થાન ઉપર તો પોતાની જ વરણી થવી જોઇએ, આમાં બીજો સવાલ જ કેમ હોઇ શકે–આવા અભિનિવેશે શ્રી. નરીમાનના ચિત્તને ઘેરી લીધું. આગળ પાછળ બનેલી અનેક ઘટનાઓ, વળી કયા કયા વિભાગમાંથી કેટલા કેટલા સભ્યો ચુંટાઇને આવ્યા છે અને સર્વ સભ્યોને કોણ વધારે માન્ય થશે–એવા કેટલાક ખ્યાલોના પરિણામે કોંગ્રેસના પાર્લામેન્ટરી બોર્ડે વીર નરીમાનને બાજુએ રાખીને શ્રી બાળાસાહેબ ખેર ઉપર આ કળશ ઢોળ્યો. આમ બન્યું ત્યારથી વીર નરીમાન કોંગ્રેસના વિરોધી બન્યા, ગાંધીજીની અહિંસાના તેમ જ તેમની કાર્યનીતિના ઉપાહાસક બન્યા, અને કોંગ્રેસને તેમના સામે શિસ્તનાં પગલાં ભરવા પડે તેવી સ્થિતિ તેમણે ઉભી કરી. તેમણે આગેવાની ગુમાવી અને દેશના પ્રત્યાઘાતી તત્ત્વો સાથે તેમની મહોબ્બત શરૂ થઇ. આમ લગભગ દશેક વર્ષ પસાર થયા અને વીર નરીમાનને લોકો લગભગ ભુલી ગયા. એટલામાં આઝાદી આવી, સર્વત્ર આપણાં તંત્રો સ્થપાયાં, શક્તિશાળી માણસોની ખેંચ પડવા લાગી, ભૂતકાળને વિસારીને પણ અનેક વ્યક્તિઓને સત્તાસ્થાનો સોંપાવા લાગ્યા. શ્રી. નરીમાન માટે પણ બહાર આવવાની–આગળ આવવાની તક ઉભી થઇ. મુંબઇની કોરપોરેશનમાં કોંગ્રેસ તરફથી તેઓ ચુંટાયા અને કોરપોરેશનના કોંગ્રેસી સભ્યોનું આગેવાનસ્થાન શ્રી પાટીલે–ઉચ્ચતર સ્થાન પ્રાપ્ત કરવાની નિશ્ચિત આશામાં–શ્રી નરીમાનને સુપ્રત કર્યું. આમ કોંગ્રેસમાં તેમણે પુનઃ પ્રવેશ તો કર્યો પણ તેની પાછળ પાછલાં વર્ષોમાં તેમણે કરેલા કોંગ્રેસના દ્રોહનો તેમને કોઇ અન્તરતાપ હતો કે નહિ, ગાંધીજી પ્રત્યે દાખવેલી અવમાનના વિષે કોઇ પશ્ચાત્તાપ હતો કે નહિ એ વિષે આપણને કશું જાણવા મળ્યું નથી. તેઓ કોંગ્રેસની અંદર આવવા અને અગ્રસ્થાન મેળવવા આતુર હતા અને કોંગ્રેસને એમના ઉપયોગની એક યા બીજા કારણે જરૂર હતી એટલું જ આપણે જાણીએ છીએ. સંભવ છે કે તેમના દિલનું પરિવર્તન થયું હોય અને Return of the Prodigal Son જેવો તેમનો કોંગ્રેસમાં પુનઃ પ્રવેશ હોય. પણ આવા કોઇ પરિવર્તનનો કે કશા પણ પરિવર્તન સિવાયના તેમના પ્રત્યાવર્તનનો દેશને વિશેષ લાભ મળે તે પહેલાં નિષ્ઠુર વિધિએ તેમને એકાએક ઝડપી લીધા. ગમે તેમ હોય, તેમણે પોતના જીવનની અમુક કક્ષાએ કોંગ્રેસની, દેશની બહુ ભારે સેવા બજાવી છે, અને અદ્‌ભુત નિડરતાનો તેમ જ કાર્યકુશળતાનો નમુનો તેમણે પોતાનાં અનેક કાર્યો દ્વારા રજુ કર્યો છે એ વિષે બે મત હોઇ ન જ શકે. ભૂલાયલા નરીમાન અવસાનના કારણે 'વીર નરીમાન' તરીકે આપણા દિલમાં પુનઃ જીવતા થાય છે અને આપણું હૃદય તેમને આદર તેમજ સન્માનની અંજલિઓ આપતાં કૃતાર્થતા અનુભવે છે.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સન્માનસમારંભ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૨૩–૧૦–૪૮ શુક્રવારના રોજ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સૌરાષ્ટ્ર તરફથી હિંદી સંઘની લોકપ્રતિનિધિ સભાના સભ્ય તરીકે ચુંટાયા તે અંગે ઇલીયન એકસચેંજના હોલમાં એક સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. શરૂઆતમાં શ્રી ગણેશભાઇ પરમાર તરફથી પ્રાર્થનાગીત ગવાયા બાદ શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી સભાનું પ્રમુખસ્થાન સ્વીકારી કામકાજ શરૂ કરવા શ્રી દુર્લભજી ખેતાણીને વિનંતિ થતાં તેમણે સભાનું પ્રમુખસ્થાન સ્વીકાર્યું. ત્યાર બાદ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ, શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, શ્રી તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી, લીંબડીવાસી શ્રી લાભુભાઇ આચાર્ય શ્રી. વેણીબહેન કાપડીઆ, શ્રી. મોહનલાલ સોપાન તથા શ્રી. અમૃતલાલ દલપત્તભાઇ શેઠે પ્રસંગોચિત વિવેચન કર્યાં અને શ્રી. ચીમનભાઇને ભાવભરી અંજલિઓથી નવાજ્યા. સભામાં પ્રમાણમાં હાજરી ઓછી હતી, પણ તેનું ઇષ્ટ પરિણામ એ આવ્યું કે આ સન્માન સમારંભ અંગત મિત્રોના સ્નેહસમેલનમાં ફેરવાઇ ગયો અને તેથી આવા પ્રસંગે સામાન્યતઃ કેવળ ઔપચારિક વખાણોથી ભરેલાં ભાષણો થાય છે તેના બદલે દરેક વક્તાએ પોતાના દિલની વાતો કરી, અને ચીમનભાઇની યોગ્ય પ્રશંસા સાથે પોતપોતાને ઠીક લાગી તેવી ટકોરો પણ કરી અને એમ છતાં પણ એ પાછળ દરે કે પોતાના દિલમાં ચીમનભાઇ વિષે રહેલો ઉંડો સદ્‌ભાવ ગૌરવભરી ભાષામાં વ્યક્ત કર્યો. સભાનું વાતાવરણ પણ નિરસ બનવાને બદલે મીઠી મશ્કરીઓના કારણે વિનોદમય બની રહ્યું. આ સર્વનો જવાબ આપતાં શ્રી ચીમનભાઇએ પણ એક સુન્દર આત્મનિવેદન કર્યું અને અત્યુક્તિ કે અલ્પોક્તિ ઉભયથી પર રહીને–જાણે કે પોતા વિષે તટસ્થ બનીને બોલતા હોય–એમ પોતાના વિચારો, વળણો તેમ જ દૃષ્ટિબિન્દુઓનો તેમણે સભાજનોને મીઠો પરિચય કરાવ્યો અને સાથે સાથે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વિલક્ષણ વિશેષતાઓનો પણ સરસ ખ્યાલ આપ્યો. સભાના પ્રમુખ શ્રી દુર્લભજી ખેતાણીએ ઉપસંહાર કરતાં શ્રી. ચીમનભાઇની અપૂર્વ કાર્યજ્ઞક્તિ, યોજના શક્તિ, બુદ્ધિમત્તા તથા સહૃદયતાનો સચોટ ખ્યાલ આપતું સુન્દર વિવેચન કર્યું. શ્રી. ચુનીલાલ કામદારે શ્રી. ચીમનભાઇ, પ્રમુખસાહેબ તથા સભાજનોનો ઉપકાર માન્યો અને સભા વિસર્જન કરવામાં આવી.

* * *

તા. ૨૪–૧૦–૪૮ ના રોજ સુંદરબાઇ હોલમાં મુંબઇની આગેવાન સ્થાનકવાસી સંસ્થાઓ તરફથી મુંબઇની ધારાસભાના પ્રમુખ શ્રી. કુંદનમલજી ફીરોદીઆના અધ્યક્ષસ્થાને શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહને માનપત્ર આપવાનો સમારંભ યોજવામાં આવ્યો હતો. કન્યાશાળાની બહેનો તરફથી સ્વાગત ગીત ગવાયા બાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું અને શ્રી. વેલજી લખમશી નપ્પુએ માનપત્ર વાંચી સંભળાવ્યું હતું અને તે માનપત્ર પ્રમુખશ્રીના વરદ હસ્તે અર્પણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ માનપત્રના સમર્થનમાં ભિન્ન ભિન્ન વક્તાઓએ પોતપોતાના દૃષ્ટિબિન્દુથી શ્રી. ચીમનભાઇની પ્રસંસા કરી હતી. પ્રાસંગોપાત્ત શ્રી. ચંદુલાલ કસ્તુરચંદ પોતાના ભાષણમાં હરિજન મંદિર પ્રવેશ ધારો જૈનો ઉપર લાદવામાં આવ્યો છે એ સામે પોતાનો વિરોધ જાહેર કર્યો અને જ્યારે જૈનોને પણ, નહાઇ ધોઇને ચોકખાં કપડાં પહેરીને આવે તો જ, ભગવાનની પૂજા કરવા મળે છે ત્યારે હરિજનોને એમનેએમ પૂજા કરવા જૈન મંદિરમાં દાખલ થવા કેમ દેવાય? * હરિજનોને અને જૈન મંદિરને લાગેવળગે શું?–આવો પ્રશ્ન રજુ કર્યો હતો અને શ્રી ચીમનભાઇ લોકપ્રતિનિધિ સભામાં જાય છે તો ત્યાં ધર્મની રક્ષા કરવા તેમણે અનુરોધ કર્યો હતો. આના ઉત્તરરૂપે સભાપતિ શ્રી ફીરોદિયાજીએ જણાવ્યું હતું કે "જૈનોનો આવો વિરોધ ઉચિત નથી. જ્યાં અનેક જૈનેતરોને જૈન મંદિરમાં રાજીખુશી અને પ્રેમથી પ્રવેશ કરવા દેવામાં આવે છે ત્યાં હરિજનો જૈન મંદિરમાં આવતા હોય તો તેમને કેમ અટકાવી

* અહિં સ્પષ્ટ કરવાની જરૂર છે કે હરિજન મંદિર પ્રવેશધારો હરિજનોને મંદિરોમાં માત્ર પ્રવેશ કરવાનો જ હક્ક આપે છે, પૂજા કરવાનો નહિ.

શકાય? વળી એક બાજુ જૈન ધર્મ એક મહાન વિશ્વધર્મ થઈ શકે એમ છે એમ આપણે શેરબકોર પૂર્વક કહીએ છીએ અને બીજી બાજુએ હરિજનોને મંદિરમાં આવતા આપણે અટકાવીએ છીએ. આ બન્ને બાબત કેટલી પરસ્પર–વિરોધી છે? અને જો આપણે આપણા દલિત વર્ગ સાથે આવો વ્યવહાર રાખીશું તો જૈન ધર્મ વિશ્વધર્મ થઈ શકે તેમ છે તેવો દાવો આપણે શી રીતે આગળ ધરી શકીશું? હરિજનો વિષે આપણા દિલમાં હજુ પણ આવી ઘૃણા રહેલી છે તે આપણને ભારે શરમાવનારૂં છે." શ્રી. ચીમનભાઇએ પણ સૌ કોઇનો આભાર માનતાં હરિજન મંદિર પ્રવેશના અંગે જૈનોને અનુલક્ષીને ઉપસ્થિત થતા પ્રશ્નનો ઉલ્લેખ કર્યો હતો અને હરિજનો વિષેનું આવું વળણ છોડવાનો સભાજનોને અનુરોધ કર્યો હતો. તેમણે એ મુદ્દા ઉપર આગળ વધતા જણાવ્યું હતું કે " કોઇ એમ ન માને કે હું સ્થાનકવાસી છું એટલે મને આ બાબતમાં અભિપ્રાય આપવાનો અધિકાર નથી. હું સ્થાનકવાસી વિભાગ સાથે જરૂર જોડાયલો છું, પણ એથી વિશેષ હું જૈન છું, હિંદી છું અને તે કારણે અસ્પૃશ્યતાની વૃત્તિ આપણા જીવનના જે કોઇ ખુણામાં પણ ઘર કરી રહેલી હોય તે નામુદ કરવાનું કહેવું એ મારો ખાસ ધર્મ બને છે. અને અહિં પણ ભલે આપણે ઉપર ઉપરથી કહીએ કે હરિજનો જૈનો હોય તો ભલે જૈન મંદિરમાં આવે, પણ આમ કહેનારના દિલમાં નિતાંત છે કે હરિજનોમાંથી કોઇ જૈન નથી એટલે એ અધિકાર ઉપર કોઇ હરિજનને દાખલ કરવાનો પ્રસંગ ઉભો થવાનો જ નથી. બાકી આજ સુધી જે જૈન મંદિરમાં અનેક જૈનેતરો આવતા રહ્યા છે અને આજે પણ આવે છે તે મંદિરમાં હરિજનનો ટોળો કરવાની ધર્મના નામે વાત કરવી તે અસ્પૃશ્યતાની વૃત્તિને જ આગળ ધરવા બરોબર છે. અલબત્ત જે કોઇ હરિજન કે અન્ય કોઇ વ્યક્તિ જૈન મંદિર કે અન્ય કોઈ સંપ્રદાયના મંદિરમાં આવવા માંગતી હોય તેણે મંદિરમાં અવવાને લગતા જે કાંઇ સ્વચ્છતાને લગતા નિયમો પોતાના અનુયાયીઓ પાસે પળાવવામાં આવતા હોય અને જે સામાન્ય સભ્યતાનો આચાર અપેક્ષિત હોય તે સ્વચ્છતા અને આચારને મંદિરમાં આવવા માંગતી જૈનેતર વ્યક્તિએ પણ સ્વીકારવા જ રહ્યા. એમ ન વર્તે તેવા જૈનને પણ જૈન મંદિરમાં પ્રવેશ કરતો આપણે અટકાવી શકીએ છીએ અને દાખલ થયા બાદ અન્યથા વર્તે તો તેને બહાર નીકળવાની આપણે ફરજ પાડી શકીએ છીએ. બાકી અમારામાં નાત નથી, જાત નથી, ઉચ્ચ નીચનો ભેદ નથી, સૌ માનવીઓ એક સરખા છે એવો દાવો કરનાર કોઇ પણ જૈન નમ્ર ભાવે અને ઉચિત રીતે પ્રવેશ કરવા ઇચ્છતી અન્ય કોઇ વ્યક્તિને મંદિરમાંથી ટાળી શકતી નથી. સૌ કોઇના માટે આ સંસ્થાના દ્વાર હંમેશા ઉઘાડા હતા અને ઉઘાડા રહેવા જોઇએ. "

પ્રસ્તુત સમારંભમાં બનેલી આ તો એક આનુષંગિક ઘટનાનો ઉલ્લેખ કર્યો, પણ આ સંમેલન ખાસ કરીને સ્થાનકવાસી ભાઇઓબહેનોની શ્રી. ચીમનભાઇ પ્રત્યેની અથાગ મમતાનું દ્યોતક હતું અને એ મમતા શ્રી. ચીમનભાઇની અનેકવિધ સેવા અને જેની સાથે પોતે જોડાયલા હોય તે પ્રત્યેના ઉંડા અનુરાગનું પરિણામ હતું. આ પ્રસંગે તે શ્રી. રામનારાયણ પાઠક તથા શ્રી. નગીનદાસ માસ્તર જેવી બહારની વ્યક્તિઓએ પણ ચીમનભાઇ વિષેનો સદ્‌ભાવ અને આદર વ્યક્ત કર્યા હતા વન્દેમાતરમ્‌ના ગાન સાથે આ સન્માનસમારંભનું વિસર્જન થયું હતું.

"જૈનો સિવાય કોઇને અંદર આવવાની મનાઈ છે."

થોડા દિવસ પહેલાં વાલકેશ્વર રીજ રોડ ઉપર આવેલા જૈન મંદિરમાં હું ગયો અને મંદિરમાં પ્રવેશ કરતાં ઉપર મુજબના પાટીયાએ મારૂં એકાગ્રેક ધ્યાન ખેંચ્યું. પાસે ઉભેલા એક ભાઇ જેઓ મને ઓળખતા નહોતા તેમને મેં પૂછ્યું કે " આવું પાટીયું અહિં કયારથી લગાડવામાં આવ્યું? પહેલાં તો આવું કાંઇ અહિં નહોતું." તેણે જવાબ આપ્યો કે " સરકારે હરિજન મંદિરપ્રવેશનો કાયદો કર્યો ત્યારથી. એમ ન કરવામાં આવે તો તો ઢેડભંગીનાં ધાડાંનાં ધાડાં આપણા મંદિરમાં દોડી આવે અને મંદિરને અભડાવે." આ સાંભળીને મેં કહ્યું કે " તો તો અહિં હરિજનોની પ્રવેશબંધીનું પાટીયું મારવું હતું ને?" તે ભાઇએ સ્વાભાવિક રીતે જવાબ આપ્યો કે " એમ કેમ થાય? એમ કરીએ તો તો કાયદાનું ઉલ્લંઘન થાય અને સરકારના ગુન્હામાં આવીએ." આ મંદિરની અંદર તેમ જ બહાર ફરતાં જોકું છું તો મને માલુમ પડે છે કે બહાર ચોકીદારો, અંદર બહાર સાફસુફી કરનારા નોકરો, તેમ જ ભગવાનની મૂર્તિના પૂજારીઓ બધા જ જૈનેતરો છે, અને આ સ્થિતિ માત્ર આ જ મંદિરની છે એમ નથી, પણ બધાં જ જૈન મંદિરોની છે. અને એમ છતાં પણ હરિજનોને ટાળવા ખાતર આજે અનેક જૈન મંદિરો ઉપર આ પ્રકારના પાટીયાં ચોડેલાં જોવામાં આવે છે.

આમ કરવાથી કાયદાની આફત ટાળી શકાય છે કે કેમ અને હરિજનોમાંથી કોઇ જૈન મંદિરમાં આવવા માંગે તો અટકાવી શકાય તેમ છે કે કેમ એ ભારે શંકાસ્પદ પ્રશ્ન છે. મારા એક ધારાશાસ્ત્રી મિત્ર મને જણાવે છે કે "હરિજન મંદિર પ્રવેશ ધારો જેટલો જૈનેતર હિંદુઓને લાગુ પડે છે તેટલો જ જૈન હિંદુઓને લાગુ પડે છે અને આવા પાટીયાં ચોડવા તે જ કાયદાની વિરૂદ્ધ છે અને આવા પાટિયાના જોરે કોઇ પણ હરિજનને જૈન મંદિરમાં પ્રવેશ કરતો અટકાવી શકાતો નથી." કાયદાને અંગે સાચી પરિસ્થિતિ અને જવાબદારી શું છે તે કાયદાશાસ્ત્રીઓ અને આવા પાટીયાં ચોડાવનાર મંદિરના ટ્રસ્ટીઓ જાણે, પણ આ પાટીયા જોઇને બીજી રીતે બહુ દુઃખ થાય છે.

એક તો આ પાટીયાનો વાસ્તવિક અમલ શક્ય નથી એટલે કે જૈનો સિવાય અન્ય કોઇને દાખલ ન થવા દેવાનો પ્રતિબંધ અમલમાં મુકી શકાય તેમ નથી એ દરેક ટ્રસ્ટી બરોબર જાણે છે. કારણ કે ઉપર જણાવ્યું તેમ ચોકીદારો અને નોકરો જૈનેતર જ હોવાના. પણ એ ઉપરાન્ત મંદિરનો પૂજારી તો કદિ જૈન હોતો જ નથી. કારણ કે પૂજારીને દેવદ્રવ્યની આવકમાંથી પગાર આપવામાં આવે છે અને દેવદ્રવ્ય પોતાને ખપે નહિ એ ખ્યાલથી કે બીજા ખ્યાલથી કદિ કોઇ પણ જૈન બંધુ મંદિરની પૂજારીની નોકરી સ્વીકારતો નથી. સાધારણ રીતે આવા પુજારીઓ કાં તો બ્રાહ્મણ અથવા તો માળી કોમના લોકો હોય છે. આ ઉપરથી પ્રસ્તુત પ્રતિબંધનો સર્વાંશે અમલ શક્ય જ નથી એ બાબતનું સ્પષ્ટપણે ભાન હોવા છતાં આવું અર્થવિનાનું પાટીયું શા માટે મૂકવું?

પણ આવા પાટીયાને અર્થ વિનાનું કહેવામાં હું ભુલ કરૂં છું. તેવા પાટીયાનો મુખ્ય આશય તો હરિજનોને મંદિરમાં પ્રવેશતાં અટકાવવાનો છે. આ સંબંધમાં સરકારી કાયદો ગમે તે હો, પણ જૈન મંદિરની કલ્પના અને આદર્શ તેમ જ આજ સુધીની પરંપરાથી આ પાટિયું કેવળ પ્રતિકુળ માર્ગે જૈન સમાજને લઇ જનારૂં છે અને તે પાછળ જૈન સમાજના દિલમાં હરિજનો વિષેની ઉંડી જડ ઘાલી બેઠેલી ઘૃણા સિવાય બીજું કશું દેખાતું નથી. આ પ્રમાણે વિચારતાં કોઇ પણ સમજુ જૈનને દુઃખ થયા વિના નહિ જ રહે. 'સવી જીવ કરૂં શાસનરસી' એ સૂત્ર જૈન ધર્મની ઉદારતા અને કલ્યાણમયતા દાખવવા આપણે જ્યાં ત્યાં આગળ ધરી રહ્યા છીએ. જૈનેતરોના જૈન મંદિરમાં થતા પ્રવેશને આપણે જૈનોએ હંમેશા આવકાર્યું છે, અભિનંદ્યું છે, નાના મોટાં પ્રલોભનો વડે સદા ઉત્તેજ્યું છે. 'ભગવાનનાં દર્શન કરશે તો કોઇ વખત સાચો ધર્મ જાણવાની, સુદેવ, સુગુરૂ અને સુધર્મને ઓળખવાની ઇચ્છા દર્શન કરનારના મનમાં ઉભી થશે અને તે સમાકિતના માર્ગે વળશે' આવી ભાવના આ પરંપરા પાછળ રહેલી છે. જૈનોમાં ઉચ્ચનીચની ભાવનાને લેશમાત્ર સ્થાન

નથી એમ પણ આપણે પોકારી પોકારીને કહેતા આવ્યા છીએ, અને આમ હોવા છતાં પણ હરિજનો વિષે આપણા દિલમાં રહેલી ઉંડી ઘૃણા આવું બેહુંદુ વર્તન આપણી પાસે કરાવે છે અને આવાં પાટીયા વડે દેવમંદિરને–જિનમંદિરને–દુષિત કરવા પ્રેરે છે. જૈન સમાજનું આધ્યાત્મિક તેમ જ ધાર્મિક અધઃપતન કેટલું બધું થઇ ચુકયું છે તેની કાંઇક ઝાંખી આવા પાટીયાદ્વારા થઇ રહી છે. જૈન સમાજ હજુ પણ ચેતે અને જીવનશુદ્ધિના અને માનવી માત્ર વિષે અખંડ મૈત્રીના આદર્શને પીછાણે. કેવળ બાહ્ય સમૃદ્ધિ કે પરિગ્રહ પરિવાર ઉપર જૈન સમાજ લાંબો વખત ટકી નહિ શકે, કદિ પ્રાણવાન તો બની નહિ જ શકે.

પાલણપુરમાં જન મંદિરના દરવાજે હરિજનો

થોડા વખત પહેલાં પાલણપુરમાં જૈન મંદિરના પ્રવેશના કારણે જૈનો અને હરિજનો વચ્ચે અથડામણ થયાના સમાચાર છાપામાં વાંચવામાં આવ્યા. આ સંબંધમાં શું શું બન્યું છે તેની પ્રમાણભૂત વિગતો જાણવા હું આતુરતા સેવતો હતો એવામાં ગુજરાત હરિજન સેવકસંઘના આગેવાન કાર્યકર શ્રી. પરિક્ષિતલાલનો એક વિગતવાર પત્ર આવ્યો છે તે તેમની સંમતિ મેળવીને પ્રબુદ્ધ જૈનના વાંચકો માટે અહિં નીચે હું પ્રગટ કરું છું :–

૨૩. ભાઈશ્રી પરમાનંદભાઈ

ઉત્તર ગુજરાતમાં પાલણપુરના યુવાનોએ હરિજન સંઘ નામની એક સ્વતંત્ર સસ્થા ઉભી કરીને ભંગી ભાઇઓમાં થોડું કામ શરૂ કર્યું છે. આ યુવાનો પૈકી આગળ પડતા એક–બે મુખ્ય જૈન છે. થોડા દિવસ ઉપર તેઓએ હરિજનોના મંદિર પ્રવેશનો પ્રશ્ન ઉપાડયો અને સ્વાભાવિક રીતે હરિજનો હિંદુઓ હોવાથી ત્યાંના ત્રણ હિંદુ મંદિરો. (૧) પાતાળેશ્વર મહાદેવ, (૨) રામજી મંદિર, (૩) માતાજીના મંદિરમાં પ્રવેશ કરાવ્યો અને તેમાં કાંઇ મુશ્કેલી ન આવી. પણ આ પ્રવૃત્તિમાં મુખ્ય હાથ જૈનોનો છે એમ ગણીને જે હિંદુઓ મંદિર પ્રવેશને માટે ઉત્સાહી ન હતા, પણ વિરોધ નહોતા કરી શકતા, અને જેઓ પાલણપુરમાં હાલ સનાતનીઓ કહેવાય છે તેમણે પ્રચાર કરીને તે જ દિવસે હરિજનોને ભેગા કરીને જૈન મંદિરમાં તેમનો પ્રવેશ કરાવવાનો વિચાર કર્યો. સાધારણ રીતે હરિજનો જૈન ધર્મ પાળતા નથી. એટલે તેમને જૈન મંદિરમાં પેસાડવાનો ઉપયોગ નથી. એ વિચારથી પ્રેરાઇને પેલા જૈન યુવકોએ આ પ્રવૃત્તિ હાલ ઉપાડેલી નહિં. વળી કાયદામાં થોડી ક્ષતિ છે તે સુધરીને આખરી તબકકે પહોંચી નથી. એટલે પણ આ પગલું વ્યવહારીક પણ ન હતું. પણ જુના વખતના સનાતન (હિંદુ) વિરુદ્ધ જૈનનાં વિરોધનો ઉપયોગ કરીને કેટલાક સનાતનીઓએ હરિજનોને સડોવીને તેમને જૈન મંદિર આગળ લઇ જવા પ્રયત્ન કર્યો. બીજી બાજુએ જૈનો મંદિર પ્રવેશના આ કાર્યક્રમથી અકળાયા, અને મને મળેલી માહિતિ પ્રમાણે જૈન સ્ત્રીઓએ અને જૈન સાધુઓએ મારો વિરોધ કર્યો, અને જૈન મંદિર પાસે સામા સામા મોરચા મંડાયા. ૧૪૪ કલમનો અમલ હોવા છતાં આ સ્થળે પોલીસ તાત્કાલિક પગલું લેવામાં જરા પોચી પડી અને પરિણામે હરિજનો જૈન મંદિરમાં ન પેસી શકયા. પણ અરસપરસ ખેંચાખેંચીમાં બે હરિજનોના વાજાં ત્રોને નુકશાન થયું અને જૈનો સનાતનીઓ પૈકી કોઇને છેક નજીવો (જુજ) માર પડયો. આખરે પોલીસ વચ્ચે પડી.

આ બનાવ તા. ૮–૧૦–૪૮ ને રોજ બન્યો અને ગામમાં આ પ્રશ્નને અંગે કડવાશ થઇ હોવાથી મને પેલા જૈન યુવાનો ત્યાં લઇ ગયા. દરમ્યાન કોર્ટમાં સામા સામા ફોજદારી ગુન્હાઓ નોંધાયાં. ઉપરાંત જૈન મહાજનની ભલામણ અગર જાણથી બે જૈનોએ કોર્ટમાં યુવાન કાર્યકરો અને હરિજનો સામે injunction હુકમ માગ્યો અને હરિજનો જૈન નથી એટલે તેમને જૈન મંદિર પ્રવેશનો હકક નથી. અને સરકારે કરેલું મંદિર પ્રવેશ બીલ ગેરકાયદેસર છે (ultra wires) છે એમ દાદ માગી.

હું પરમ દિવસે જૈન આગેવાનોને મળ્યો અને તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે હાલનો મંદિર પ્રવેશનો કાયદો થોડો અધુરો છે પણ તે હાલ તાજેતરમાં સુધર્યો છે અને માત્ર ગવર્નર ઇ. ની મંજુરીની રાહ જોતો બેઠો છે. તે કાયદો પૂર્ણ છે, અને તેને આધારે સામાન્ય રીતે હરિજનો, તમામ બાનગી તેમ જ જાહેર હિંદુ મંદિરો, જેમાં હિંદુઓ તમામ અગર તેનો એક વર્ગ પણ જઇ શકે છે તેમાં જવાને હકકદાર છે. કાયદામાં હિંદુઓમાં જૈનોનો સમાવેશ કર્યો છે એમ પણ કહ્યું. ઉપરાંત હરિજનોને જ્યારે બીજાં હિંદુ મંદિરોમાં જવાની છુટ મળે છે તો જૈનો પણ ઉદારતા પૂર્વક તેમનો હકક સ્વીકારે તો તે શોભા ભરેલું છે એવી પણ મેં તમને વિનંતિ કરી, પણ આપણા જૈન સમાજ વતી જોખમદારી કોણ લે ? અને કોર્ટમાં કેસ આવીને પડયો છે. અમારી વાટાઘાટો ચાલતી હતી હતી અને મેં તો એવી ભલામણ બંને પક્ષોને કરી કે સામ સામા ફોજદારી કેસો પાછા ખેંચી લેવા. આ બાબત બંને પક્ષો સંમત થયા, પણ ગઇ કાલે તો injunction order આપવા કે કેમ તેની સુનાવણી અંગે મુદત માંગી અને ૨૭ મી તારીખની મુદત પડી છે. મેં સલાહ આપેલી કે જ્યારે બંને પક્ષો પોતપોતાના આરોપો ખેંચી લે છે ત્યારે હવે મૂળ કેસ (injunction ની માગણી) પણ ખેંચી લેવો જોઇએ. પણ આ બાબતમાં જૈન આગેવાનો સમત ન થઇ શકયા. વળી તેમના તરફથી માગણી કરવામાં આવી તેમાં અન્ય ભાઇઓ સંમત ન થયા. વળી આ દાદમાં હરિજનોમાં કામ કરતા જૈન યુવકો પોતે પણ મંદિરમાં ન જાય એવી પણ માંગણી કરવામાં આવી છે. એટલે પણ અમુક જૈનો બહુ અકળાય છે. પરિણામે કેસ ચાલશે એમ મને લાગે છે.

અંગત રીતે હું માનું છું કે જો કે હરિજનો જૈન નથી, અને તેઓ સામાન્યતઃ જૈન મંદિરમાં ન જાય એ દેખીતી વાત છે. છતાં અસ્પૃશ્યતા નિવારણની દૃષ્ટિએ જૈન ભાઇઓએ પણ પોતાનાં મંદિરો હરિજનો માટે ખુલ્લાં જાહેર કરવાં જ જોઇએ. જેમ જૈન મંદિરમાં બ્રાહ્મણ કે પટેલ મુલાકાતે જાય અગર વૈષ્ણવ કે શૈવ મંદિરમાં જૈન મુલાકાતે જાય, અને વિના રોકટોક પાછા આવે તેમ હરિજન કોઇ પણ હિંદુ (જૈન સહિત) મંદિરમાં વિના રોકટોક સરખા હકકથી જઇ શકવો જોઇએ

જે જૈન ભાઇઓ, વકીલો વિ. હું મળ્યો. તેમણે મારી જોડે ઘણી મીઠી રીતે વાતો કરી છે પણ સમાધન થઈ શકયું નથી.

તમે આ દિશામાં કંઇ ઉપયોગી મદદ અગર દરમ્યાનગિરી કરી શકો તો સારું; કારણ કે આ કેસ વિનાકારણ લંબાયા કરે અને હરિજનોમાં એવો પ્રચાર થાય અગર લાગણી ફેલાય કે જૈનો હરિજનોનાં મંદિર પ્રવેશના વિરોધી છે એ ઠીક નથી.

પરિક્ષિતલાલના વન્દે માતરમ્

આ પત્રમાં ઉલ્લેખાયલા કાયદાને આપણે પ્રથમ વિચાર કરીએ; કારણ કે આવો જ ઝગડો મુંબઇ નજીક આવેલા ભીવંડીમાં પણ ઉભો થયો છે. અને અન્યત્ર પણ આવા ઝગડા ઉભા થાય એ સંભવિત છે. પાલણપુર હવે સ્વતંત્ર દેશી રાજ્ય રહ્યું નથી અને તે મુંબઇ પ્રાન્તમાં જોડાયેલું હોવાથી મુંબઇ પ્રાન્તનો હરિજન મંદિર પ્રવેશધારો તેને લાગુ પડે છે. જૈનો અને હરિજનો વચ્ચે આવી અથડામણો કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી. હરિજનો વિનય પૂર્વક તેમજ સામાન્ય સ્વચ્છતા પૂર્વક જૈન મંદિરમાં દર્શન કરવા આવે અને જૈનો તેમને પ્રેમ પૂર્વક આવકારે અને કોઇ કેવળ કાયદા ઉપર કે બળજોરી ઉપર પોતાનો હકક સાબીત

કરવાની કે અન્યનો હક્ક ઇનકારવાની વૃત્તિ ન ધરાવે આમ આપણે જરૂર ઇચ્છીએ. પણ આજનું વાતાવરણ વિચિત્ર છે, હક્ક દાખવવાની વૃત્તિ વેગવાન છે અને તે કારણે અથડામણો પણ અનિવાર્ય છે. આવી પરિસ્થિતિમાં આજનો કાયદો શું છે તે બધાએ બરોબર સમજી લેવાની જરૂર છે. જ્યાં મુંબઇ સરકારનો હરિજન ધારો લાગુ પડતો હોય ત્યાંના જૈન મંદિરમાં હરિજનોને પ્રવેશ કરતાં અટકાવી શકાય તેમ છે જ નહિ, પણ આનો અર્થ એવો નથી કે ગમે તે સ્થિતિમાં અને ગમે તે રીતે હરિજનો જૈન મંદિરમાં દાખલ થઈ શકે છે. કોઇ પણ વ્યકિત કોઇ પણ સંપ્રદાયનાં મંદિરમાં દાખલ થવા માગતી હોય તો તેણે આટલું અવશ્ય સ્વીકારવું જ જોઇએ કે એ સંપ્રદાય પોતાના મંદિરમાં જે પ્રકારની સ્વચ્છતાની તેમજ સભ્યતાની પોતાના અનુયાયીઓ પાસે અપેક્ષા રાખતો હોય અને સમાન્યતઃ અનુપાલન કરાવતો હોય તેટલી સ્વચ્છતા આવી રીતે પ્રવેશ ઇચ્છતી વ્યકિતએ ધારણ કરવી જ જોઇએ અને તેટલી સભ્યતા આવી વ્યકિતએ દાખવવી જ જોઇએ. મંદિર કે મૂર્તિનું અપમાન થાય, અવજ્ઞા થાય, આશાતના થાય, મૂર્તિના ઉપાસકોનું દિલ દુખાય–એવી રીતે મંદિરમાં પ્રવેશ કરનાર બહારની કોઇ પણ વ્યકિત વર્તી ન જ શકે. આ આચાર નિયમને અધીન રહીને દાખલ થવા ઇચ્છનાર જૈનેતર હિંદુ કે હરિજનને જૈન મંદિરમાં દાખલ થતાં અટકાવી શકાય નહિ. તાજેતરમાં કરવામાં આવેલ હરિજન મંદિર પ્રવેશ ધારાનો મારી સમજ મુજબ આ સાર છે.

આમ હોવા છતાં એમ પણ કોઇ કહી શકે છે કે ઉપર જણાવેલ સ્વચ્છતા કે સભ્યતાના અનુપાલનની જવાબદારી જૈન મંદિરમાં પ્રવેશ કરવા ઇચ્છતા હરિજનો કે અન્ય જૈનેતરો માટે ફલિત થાય એવું કશું હરિજન મંદિર પ્રવેશ ધારામાં નથી. આ બાબત મારી સમજણ પ્રમાણે સર્વ સામાન્ય અને સર્વસ્વીકૃત જેવી હોઇને એક વિશિષ્ટ ઉદ્દેશથી ઘડનામાં આવેલા કાયદામાં તેને સ્થાન હોઇ શકે નહિ. એમ છતાં પણ મુંબઇ સરકાર તરફથી આવો ખુલાસો કરવામાં આવે અને આ સંબંધમાં સ્પષ્ટતા કરવામાં આવે તો આ જ કારણે અસ્વસ્થ રહેતા કેટલાક જૈન ભાઇઓનાં દિલ હળવાં થશે અને હરિજન મંદિર પ્રવેશ સરળ થશે. આમ હોવાથી મુંબઇ સરકારને આ પ્રશ્ન ઉપર સ્પષ્ટતા કરતું નિવેદન સત્વર બહાર પાડવા વિનંતિ છે.

બીજી બાજુએ હરિજનોની આક્રમક વૃત્તિથી અકળાવાને બદલે કે તેમના વિષે રોષ ચિન્તવવાને બદલે જૈન સમાજે આજની પરિસ્થિતિનો સમભાવથી તેમજ આગળ તેમજ પાછળ દીર્ઘદ્રષ્ટીનો ઉપયોગ કરીને વર્તવાની જરૂર છે. જૈનેતરો જૈન મંદિરમાં આવી શકતા નથી એ જૈનોનો દાવો કોઇ કાળે ટકી શકવાનો નથી; કારણકે આજ સુધીની પરંપરા તેમજ ધર્મભાવના એથી તદ્દન વિપરીત પ્રકારની છે. જો જૈનેતરોને અટકાવી શકાય તેમ ન હોય તો હરિજનોને કયા કારણે આપણે અટકાવી શકીએ? શું જૈન મંદિરનાં દ્વાર દલિતો, પતીતો, પીડિતો માટે બંધ રાખવામાં આવે છે? અને આજનો જૈન સમાજ જરૂર દલિત નથી, પણ પતીત નથી અથવા તો કર્મમાં હરિજનોથી વધારે ઉજળો છે એમ કોણ કહી શકે તેમ છે? અને કર્મમાં વધારે ઉજળો હોય તો પછી નીચેના વર્ગને હાથ આપીને ઉંચે લાવવો અને પોતાને જે પ્રકાશનો લાભ મળ્યો છે તે પ્રકાશનો તેમને પણ લાભ આપવો એ મૈત્રીની ભાવનાને, કરૂણાની ભાવનાને અસ્પૃશ્યોની આવી અવહેલના વડે જૈન સમાજ ઠોકરે મારે છે એમ નથી લાગતું? વળી આ તો એક પ્રકારની ખેંચપકડની રમત જેવું છે. જ્યારે એક વર્ગ અન્ય વર્ગના હક્કો ઇનકાર કરે છે ત્યારે અન્ય વર્ગને પોતાનો હક્ક સાબીત કરવાની બેચેની લાગે છે. એક બાજુએ જો ઇનકાર પાછો ખેંચી લેવામાં આવે તો બીજી બાજુએ આ હકકની કોને પડી છે? જેને જે મંદિરમાં નથી ભાવ કે ભકિત તે મંદિરના બારણે તે કેટલી વાર જવાનો છે? જૈન સમાજે આટલું શાણપણ આવા પ્રસંગે દાખવવું ઘટે છે. જે જૈન સમાજ હરિજનોના ઉદ્ધાર કાર્યમાં–અસ્પૃશ્યતાનિવારણના કાર્યમાં–મોખરે હોવો જોઇએ તેને આટલું સમજાવવું પડે–કાલાવાલા કરવા પડે–એ એટલું જ બતાવે છે કે જૈન ધર્મ સાથે સહન્તર વિસંવાદી એવી અસ્પૃષ્યતાની જડ જૈન સમાજમાં ઘણી ઉંડે ઘર કરી રહી છે. આજે કાળબળ પરખીને, ધર્મના સાચા સ્વરૂપને ગ્રહણ કરીને સ્વપરના કલ્યાણની દ્રષ્ટિએ જૈનોએ પોતાના અંગત જીવનમાંથી તેમજ ધાર્મિક સ્થાનોમાંથી અસ્પૃશ્યતાના વિચારને, વૃતિને, તેમ જ વર્તનને ઝડીઝપટીને સાફ કર્યે જ છુટકો છે. જૈનો આ વાસ્તવિકતા જલ્દીથી સમજે અને હરિજનોને સર્વ પ્રકારે અપનાવે એજ પ્રાર્થના!

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના મકાન માટે કેટલાક સમયથી જે ફાળો એકઠો થઇ રહ્યો છે તેમાં આજ સુધીમાં રૂા. ૧૮૨૦૦૦ ભરાયા છે અને તત્કાળ સીમાચિહ્ન તરીકે નક્કી કરેલ રૂા. ૨૦૦૦૦૦ પુરા થવામાં હવે રૂા. ૧૮૦૦૦ એકઠા કરવાના બાકી રહે છે. અહિં જણાવતાં આનંદ થાય છે કે ઉપર જણાવેલ રૂા. ૧૮૨૦૦૦ માં રૂ. ૪૦૦૦ તો સંયુકત જૈને વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓએ સંસ્થાના ભૂતપૂર્વ તેમજ વર્તમાન વિદ્યાર્થીઓ પાસેથી એકઠા કર્યા છે. સંસ્થાનું મકાન બાંધવા માટે દાદર સ્ટેશનની નજીકમાં ૧૮૦૦ વાર જમીનનો એક ટુકડો આશરે રૂા. ૭૨૦૦૦ આપીને ખરીદવામાં આવ્યો છે અને થોડા સમયમાં ખાત મુહૂર્ત કરીને મકાન બંધાવવાનું કાર્ય હાથ ધરવામાં આવનાર છે. આ સંસ્થાનો વહીવટ આજે પાંચ ટ્રસ્ટીઓ હસ્તક ચાલે છે. તે સંસ્થાની કાર્યવાહીમાં જૈન સમાજ પુરો રસ લેતો થાય તેમ જ પોતાના પ્રતિનિધિઓ દ્વારા ભાગ લઇ શકે એ હેતુથી થોડા દિવસ પહેલાં મળેલી દાતાઓની સભાએ પાંચ ગૃહસ્થોની એક બંધારણ સમિતિ નીમી છે. તદુ રન્ત વિદ્યાર્થીગૃહના મકાનના પ્લાન કરાવીને મકાનનું બાંધકામ હાથ ધરવા માટે પણ એક સમિતિ નીમવામાં આવી છે. આ રીતે સંસ્થાનું નવું બંધારણ ઘડાતાં આવશે, જેને દાતાઓની મંજુરી મળ્યે તે સંબંધમાં મુંબઇની હાઇકોર્ટની અનુમતિ મેળવવામાં આવશે અને તે મુજબ સંસ્થાનું નવું વહીવટી તંત્ર રચવામાં આવશે, અને સાથે સાથે મકાનનું બાંધકામ પણ હાથ ધરવામાં આવશે.

આવી સમસ્ત જૈન સમાજના વિદ્યાર્થીઓના લાભ માટે ઉભું કરવામાં આવેલ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના મકાનફાળા તરફ પોતાનો ઉદ્ધાર હાથ લંબાવવા ધન–સંપન્ન જૈનબંધુઓને આગ્રહપૂર્વક વિનંતિ છે. આજ સુધી એકઠું કરવામાં આવેલ ફંડ સાધારણ રીતે એક એક હજારની રકમો એકઠી કરતાં કરતાં આ આંકડા સુધી પહોંચ્યું છે. કેટલાએક ગૃહસ્થો પાસેથી પાંચસોની રકમ પણ સ્વીકારવામાં આવી છે. આજની મોંઘવારી ધ્યાનમાં લેતાં સંસ્થાને આગે એક સધનસંપન્ન વિદ્યાર્થીગૃહ ઉભું કરવા માટે તેમ જ તેને અમુક સમય સુધી પગભર રાખવા માટે બે લાખની રકમ જરૂર બહુ નાની ગણાય, પણ પાયો નબળો, મકાન ચણાય અને વિદ્યાર્થીઓ વસવા માંડે એટલે તો સંસ્થાનું કાર્ય તેમ જ ઉપયોગીતા અને તે પાછળ રહેલી ભાવના ધ્યાનમાં લઇને ધનવાનો પોતાનો ધનપ્રવાહ જરૂર આ તરફ વહેતો કરશે એવી શ્રધ્ધા છે. આમ હોવા છતાં પણ આજની ઘડિએ સંસ્થાના નવા ચણતર ઘડતર પાછળ ઠીકઠીક પ્રમાણમાં દ્રવ્યની અપેક્ષા રહેલી છે જ. જૈન સમાજ આ સંસ્થાને જરૂરી દ્રવ્યસીંચનવડે પુરો વેગ આપે અને જૈન સમાજની એકરૂપતા જેના હાર્દમાં છે તેવી આ સંસ્થાને સત્વર દૃઢકાય બનાવે એવી નમ્ર પ્રાર્થના છે. **પરમાનંદ**

મહાત્મા ગાંધીજી

(તા. ૧૦-૧૦-૪૮ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે યોજાયલી ગાંધી જયન્તીના પ્રસંગે મહાસતી ઉજ્જવળકુમારીએ આપેલ પ્રવચનની સંક્ષિપ્ત નોંધ)

છેલ્લા બે હજાર વર્ષમાં કોઇ પણ માણસ માટે નહિ કહેવાયું હોય, નહિ લખાયું હોય તેટલું પૂ. ગાંધીજી માટે કહેવાયું અને લખાયું છે. વિશ્વના અસંખ્ય માણસોએ એમના માટે લખ્યું છે. આજે મારે માટે કંઇ તેથી નવું કહેવાનું નથી. મારે જે કહેવાનું છે તે જૂનું છે. અનેક વખત કહેવાઇ ગયેલું છે. જૂનું છે છતાં એ આપણામાં પ્રાણ પૂરનારૂં છે, નવું જીવન અને નવું ચેતન આપનારૂં છે. સૂરજ રોજ ઊગે છે ને આથમે છે. એ ને એ સૂરજ બીજે દિવસે ઊગે છે. પણ એ જૂનો સૂરજ નવો પ્રાણ નવી ચેતના આપી જાય છે. એ જ પ્રમાણે મહાપુરુષનું સ્તુતિગાન નવું જીવન આપે છે.

ઘણા માણસો સમજે છે કે ગાંધીજી રાજદ્વારી પુરુષ હતા. અને મને પૂછે છે કે રાજદ્વારી પુરુષ માટે તમારા જેવા સાધુ સંતો બોલી શકે ખરાં? સ્થૂલ દ્રષ્ટિએ એ રાજદ્વારી હતા, પણ સૂક્ષ્મ દ્રષ્ટિએ એ ધર્મપુરુષ હતા. એમના પોતાના જ શબ્દોમાં કહું તો 'I wear the garb of a politician. but am at heart a religious man.' (હું રાજદ્વારીનો ઝભ્ભો પહેરું છું પણ હૃદયથી ધાર્મિક વૃત્તિવાળો છું.) એમનાં સર્વ કાર્યો ધર્મથી ભરપૂર હતાં. ધર્મમાં એમને અતૂટ શ્રદ્ધા હતી. હિંસાથી–અધર્મથી કરેલું કાર્ય કોઇ દિવસ સફળ નથી થતું એમ માનતા. વ્યક્તિગત ક્ષેત્ર હોય, સામુદાયિક ક્ષેત્ર હોય કે પારમાર્થિક ક્ષેત્ર હોય–કોઇ પણ ક્ષેત્રમાં અધર્મનો આશરો ન લેવાય. અન્યાયનો પ્રતિકાર કરવો જ જોઇએ. ગાંધીજીએ આપણને નવું જ બતાવ્યું કે પ્રતિકાર પણ ધર્મથી થઇ શકે છે. અધર્મ, અસત્ય, હિંસા કોઇમાં સાચું બળ નથી હોતું તેથી તેમના આશ્રયે કરેલું કામ ટકી ન શકે. સત્ય જ બળવાન છે અને એજ ટકી શકે છે. પ્રેમ ને મૈત્રી જ ટકી શકે. દા. ત. જ ખ ને ધિક્કારે અને ખ જ ને ધિક્કારે તો બન્ને વચ્ચે પરસ્પર વૈર વધે. પણ જો બેમાંથી એકમાં પ્રેમ કે મૈત્રીનો ભાવ હોય તો બીજાનો વૈરભાવ નબળો પડી જાય. એ જ રીતે વૈર રાખનારની સામે વૈર રાખી વૈરને બળવાન બનાવીએ છીએ એ આ ધર્મપુરુષે શીખવ્યું.

એ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા નથી. પંચમહાભૂતનો દેહ એ મહાત્માજી નહોતા. એમનું સૂક્ષ્મ શરીર એમના સ્થૂલ શરીર સાથે વિલીન નથી થયું. આકાશમાં તારામાંથી એક કિરણ નીકળે છે ને હજાર વર્ષે આપણને મળે છે. અસ્ત પામી ચૂકેલા તારાનું છેલ્લું કિરણ પણ અસ્ત બાદ કેટલાય સમયે જોવા મળે છે. તે જ પ્રમાણે આ ધર્મપુરુષના સૂક્ષ્મ શરીરમાંથી નીકળેલું અહિંસા અને સત્યરૂપી કિરણ હજારો વર્ષો સુધી ટકશે.

સમભાવ એ એમનું મસ્તક હતું. વર્ણ, જાતિ, સંપ્રદાય કે દેશ કોઇ તેમનાં કાર્યમાં વિઘ્નરૂપ થતાં નહિ. તેમને મન બ્રાહ્મણ ને હરિજન, તવંગર અને ગરીબ, કાળા ને ગોરા, ભણેલા ને અભણ બધા સરખા હતા. બાપુ તો સમભાવના પયગંબર હતા. આપણા મહાકવિ ટાગોરની કવિતામાં એ જ સમભાવ નીતરે છે. પ્રખર તત્ત્વચિંતક રાધાકૃષ્ણનના ચિંતનમાં પણ એ જ સમભાવ મોખરે આવે છે.

માનવતા એમનું હૃદય બની. એમના જીવનની દરેક દરેક પ્રવૃત્તિમાં માનવતા વણાયેલી છે. લોહી, આંસુ, ને પરસેવાની નદીઓમાં એમને હિંસા જ દેખાતી. અને એના તરફ આપણું લક્ષ ખેંચ્યું. જીવનનિર્વાહ માટે તનતોડ મહેનત કરી પરસેવો પાડતા શ્રમજીવીનું લોહી ને જુલ્મી માલિકો માટે રેડાતું લોહી અને એના સ્વજનોના આંસુ જોઇ બાપુનું હૃદય પીગળી ગયું ને એ બન્યા આજીવન સંન્યાસી. જેમ ગિરધરલાલની મૂર્તિ પર કોરડા વીંઝાતા અને શેરડા દેખાતા પ્રેમઘેલી મીરાની પીઠ ઉપર, તેવી રીતે દરિદ્રનારાયણ પર પડેલા કોરડાની વ્યથા બાપુના હૃદય પર અંકિત થતી. બાપુ શ્રેષ્ઠ માનવતાના પ્રતીક હતા. માનવતાના રંગરેજ હતા. તેની પાસે જનારને માનવતાના રંગે રંગી દેતા. એક વાર ઓરિસ્સાના પ્રવાસે દીનબંધુ એન્ડ્રુઝ સાથે બાપુ ગયા હતા. સ્ટેશન પર ગાડીની રાહ જોઇને બેઠા હતા ત્યાં એક વૃદ્ધ હરિજન આવ્યો. મોઢામાં તરણું લઇ બાપુના પગમાં પડયો. બાપુએ હસતાં હસતાં તેની પાસે ભેટ માગી. હરિજન પાસે બેક પૈસો હતો તે આપવા માંડયો. બાપુએ કહ્યું કે હું કંઇક વિશેષ ભેટ માગું છું. હરિજન ખૂબ ખુશ થયો. તેને થયું કે મારી પાસે પણ કંઇક વિશેષ છે. બાપુએ માગી લીધું કે મને ત્રણ વચન આપ. એક તો કોઇ દિવસ કોઇ પાસે મોઢામાં તરણું લેવું નહિ, કારણ કે નાના મોટા દરેક માણસને સ્વમાન હોય છે અને તે દરેક માણસે જાળવી રાખવું જોઇએ. બીજું, દારૂ ન પીવો અને ત્રીજું, પરમાટી ન ખાવી. હરિજને ખુશી થતાં બાપુજીની ત્રણે માંગણીઓ સ્વીકારી. બે ચાર મિનિટના સંસર્ગમાં જ તેની ઉપર માનવતાનો રંગ ચઢાવ્યો. આ એમનો ચમત્કાર હતો.

સત્ય અને અહિંસા તો એમના શ્વાસોચ્છ્વાસ હતા. અસત્ય અને હિંસાના વાતાવરણમાં તેઓ ગુંગળાઇ જતા. આઝાદી પહેલાં અને આઝાદી પછી જે હિંસાનું તાંડવ મચ્યું તેનાથી તેમના પ્રાણ રૂંધાયા. એ ભયંકર માનવતા વિહોણા તોફાનો વચ્ચે પણ એ અહિંસાની દીવાદાંડી બન્યા. પ્રેમનો પ્રકાશ ફેંકયો. તેમનો ધીમો પણ અચળ, સ્થિર અવાજ વેરની સામે પ્રેમ રાખવા ચાલુ જ રહ્યો. અહિંસામાંથી એમની તલભાર પણ શ્રદ્ધા ખૂટી નહિ.

સેવા અને સત્યાગ્રહ એમના બે ચરણ હતા. એમની સમગ્ર પ્રવૃત્તિ–સેવા જ હતી. આપણા પૂર્વજોએ–બુદ્ધ મહાવીરે–જે મંત્ર આપ્યો તેને આપણે ભૂલી ગયા હતા. બાપુએ ફરીથી યાદ દેવડાવ્યો. તેઓ કહેતા કે રોગીની-દુઃખીની જે સેવા કરે છે એ પ્રભુની સેવા કરે છે. ભગવાન મહાવીરને એકવાર પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે સેવા કરવાથી શું લાભ થાય? ભગવાને જવાબ આપ્યો હતો કે સેવા કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. તીર્થંકર જેવી યોગ્યતા મેળવાનો રાજમાર્ગ સેવા જ છે. બાપુના જીવનમાં આ સેવા અનેક સ્વરૂપે આપણે પરોવાયેલી જોઇએ છીએ. સેવાગ્રામમાં રોગીઓની સેવા પોતાને હાથે જ કરતા. એક વાર ખરજવાના રોગવાળો એક બેહુદ આવ્યો. પોતાના રોગ માટે ઉપાય પૂછયો. બાપુને થયું કે આ ગરીબ માણસ સાધન સામગ્રી કયાંથી લાવશે? તેથી પોતાની જ નહાવાની ઓરડીમાં પોતાને માટે તૈયાર કરેલા પાણીથી ભરેલું ટબ તેને નહાવા આપ્યું અને પછી પોતાને જ હાથે મલમ લગાવી આપ્યો. પછી એ જ ટબ સાફ કરાવી પોતે એમાં નહાયા. આ રીતે સેવા અને સત્યાગ્રહ એમના ચરણ બન્યા.

અભય અને સંયમ એમની ભૂજાઓ હતી. એક બાજુ આખી દુનિયાનો અભિપ્રાય હોય અને બીજી બાજુ પોતાને સૂઝેલું સત્ય હોય, તો આખી દુનિયાને અવગણીને પણ તેઓ પોતાના નિર્ણય મુજબ વર્તતા. અમેરિકામાં કવિવર ટાગોરને એક પત્રકારે મહાત્માજીના ખાસ ખાસ ગુણો કયા એવો પ્રશ્ન કર્યો હતો. ટાગોરે જવાબ આપ્યો હતો કે અભય, સત્ય અને હિસાબની ચોખવટ, એ ત્રણ ગાંધીજીમાં મુખ્ય ગુણો હતા. મારી સામે કોઇ છરો લઇને આવે તો હું નાસવા માંડું, પણ જો ગાંધીજી પાસે આવ તો એ જરાય પણ ગભરાયા વગર હસતા મોંએ તેનું સ્વાગત કરશે. કોઇ વ્યકિત, પ્રસંગ કે સત્તાથી તેઓ કદી ભય પામ્યા નથી, તેમ કોઇને ભય પમાડવાની તેમણે કદી ઇચ્છા કરી નથી. સાક્ષર કે અભણ, વૃદ્ધ કે બાળક કે સદાચારી કે દુરાચારી બધા જ તેમની પાસે નિર્ભયતાથી જઇ શકતા.

પવિત્રતા અને વિવેક તેમનાં નેત્રો હતા. કવિવર ટાગોર કહે છે ઈશ્વરને મનુષ્યરૂપ ધારણ કરવાનું મન થયું ને તે મહાત્માજી સ્વરૂપે અવતર્યો. શ્રી ગોખલે કહે છે કે મંદિર કે મસ્જિદમાં ઉભા હોઇએ અને જેવા પવિત્ર વિચારો આવે તેવા પવિત્ર વિચારો મહાત્માજીના સાન્નિધ્યમાં આવતા. મહાત્માજી પોતે જ પવિત્ર તીર્થ સ્વરૂપ હતા. પ્રજાકલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓ એ તેમની રોમાવલીઓ હતી. અસ્પૃશ્યતા નિવારણ અને સ્ત્રીનો ઉદ્ધાર એ એ તેમના મહાન સામાજિક કાર્યો હતાં. મનુષ્ય-હૃદયમાં રહેલા ખોટા વ્હેમો, ગંદા રીતરિવાજ વગેરેને જડમૂળથી કાઢવાના તેમણે પ્રયત્નો કર્યા. માણસ માણસની સાથે–માત્ર એ પોતાના કરતાં હલકી કોમમાં કે કુળમાં જન્મ્યો તેથી–જે પશુતાની જેમ વહેવાર ચલાવતો તેનું ભાન તેમણે માનવને કરાવ્યું અને અસ્પૃશ્યોને માટે અનેક મંદિરોનાં દ્વાર ઉઘડવા માંડયા. તેમણે કહ્યું કે માણસ પોતાના કર્મ અને વિચારોથી ઉચ્ચનીચ થઇ શકે છે જન્મથી નહિ. દયાનંદસરસ્વતીએ પણ આ જ માર્ગ ગ્રહણ કરેલો. ભગવાન મહાવીરે આજ સંદેશ સુણાવ્યો હતો અને આચરણમાં મૂકયો હતો. પોતાના શ્રમણસંઘની અંદર ઉચ્ચનીચના ભેદ વગર દરેક કોમના માણસોને તેમણે લીધા હતાં. ભગવાન બુદ્ધ આજ માર્ગને અનુસર્યા હતા. અંત્યજોને પણ પોતાના સાધુ બનાવ્યા હતા. આજે અઢી હજાર વર્ષ પછી ગાંધીજીએ પણ માનવને માનવ તરીકે જીવતાં શીખવ્યું છે. સ્ત્રીને બધા અબળા માનતા, પણ ગાંધીજીએ તેને નિર્ભય બનાવી છે અને એ શક્તિ છે એમ કહ્યું છે. પાશવીક બળ પુરુષમાં ભલે વધારે હોય, પણ નૈતિક બળમાં તો સ્ત્રી જ ચઢી જાય છે. સ્ત્રી-જાગૃતિનું બીજ આફ્રિકામાં રોપ્યું. જ્યારે ગાંધીજી આફ્રિકામાં હતા ત્યારે ગોખલેને સરકારે ફેટલાંય વચન આપ્યાં પણ એ વચનોનો તેણે ભંગ કર્યો. અહિંથી એક ભાઇ પત્નીને લઇ આફ્રિકા ગયા. ત્યાંની સરકારે વાંધો ઊઠાવ્યો કે તમને અહિંયા રહેવાનો અધિકાર છે, તમારી પત્નીને નહિ. કેસ કોર્ટમાં ગયો. કોર્ટે ચૂકાદો આપ્યો કે ખ્રિસ્તી ધર્મ અનુસાર જેનું લગ્ન કોર્ટમાં ન નોંધાયું હોય એવા લગ્નો ગેરકાયદેસર ગણાય છે. ગાંધીજીએ આ સાંભળ્યું ને વિચાર કર્યો કે જો આ રીતે લગ્ન ગેરકાયદેસર ગણાય તો બાળકો પણ ગેરકાયદેસર ગણાશે. અને હિંદીઓની બધી સંપત્તિ સરકારના હાથમાં જશે. આ રીતે પરણેલી સ્ત્રીને કોઇ અધિકાર ન હોય તો સ્ત્રીનું મોટામાં મોટું અપમાન થયું કહેવાય. શાક સમારતા બાપુએ રસોઇ કરતા બાને કહ્યું કે જનરલ સ્મટસ કહે છે કે તું તો મારી રખાત છે, હવે તું શું કરશે? બાને એ વખતે પોતામાં રહેલી શક્તિનું ભાન નહોતું તેથી કહ્યું કે અમે તો સ્ત્રી જાત. અમારાથી શું થાય? બાપુએ કહ્યું કે "જેલમાં જા." બા–"અમારાથી જવાય?" બાપુ–"શા સારૂ ન જવાય? રામ વનમાં ગયા તો સીતા તેમની સાથે ગયાં હતાં. હું જેલમાં જાઉ ને તારાથી શા માટે ન જવાય?" બા કહે, "ઠીક, પણ ત્યાં હું ખાઇશ શું?" બાપુ—"ફળ ખાજે. ન મળે તો ઉપવાસ કરજે અને છતાં જો તું જેલમાં મરી જઇશ તો હું તને જગદંબાની માફક પૂજીશ." સ્ત્રી જાગૃતિનાં બીજ આ શબ્દોની શરૂઆતથી રોપાયાં હતાં.

બાપુએ માણસને માનવતા, કાયરને કૌવત, અંત્યજોને આત્મા અને ગુલામોને ગૌરવ આપ્યું હતું. એકેક ક્ષેત્ર તેમના સ્પર્શ વગરનું રહ્યું નથી. કેળવણીની બાબતમાં પાયાની કેળવણીથી તેમણે વિચાર કર્યો છે. નવા નવા માર્ગો બનાવ્યા છે. ગુજરાત વિદ્યાપીઠની સ્થાપનામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. અંગ્રેજી એવું શુદ્ધ, સરળ છતાં જોમ-ભર્યું લખતા કે ખુદ અંગ્રેજો વાંચીને મુગ્ધ થતા. છતાં રાષ્ટ્રભાષા તો હિન્દુસ્તાની જ રહેવી જોઇએ તે માટે તેઓ દૃઢાગ્રહી હતા. એમનામાં એ અજબ શક્તિ હતી કે પોતાના સંકલ્પ બળે આખા વાતાવરણને પોતાના વિચારથી બદલાવી નાખતા. તેમણે ખાદીનો પ્રચાર શરૂ કર્યો અને હજારો સ્ત્રી-પુરૂષો ખાદી પહેરતાં થઇ ગયા. હંમેશા રેશમી ને જરીનાં જ વસ્ત્રોથી શરીરને શોભાવતી લલનાઓ ખાદી પહેરવામાં ગૌરવ માનવા લાગી. રેંટીઓ ઘરઘર ગુંજવા લાગ્યો, ને હાથમાં તકલી હોવી એ તો ફેશન થઇ પડી.

આ ઉપરાંત કુદરતી ઉપાયો યોજી આહારમાં અને આરોગ્ય-શાસ્ત્રમાં અનેક નવા ફેરફારો જણાવ્યા.

ભાષાને સરળ, સમૃદ્ધ અને સાક્ષર–અભણ બધા જ સમજી શકે તે માટે દૃઢ આગ્રહ રાખ્યો. ભૂલ વગર અને ચોખ્ખી ભાષા લખવા માટે શબ્દકોષ તૈયાર કરાવ્યો.

સંગીતના તો અજબ શોખીન હતા. પ્રભુભક્તિના ભજનો અને પદો સાંભળતાં તલ્લીન અને એકતાર થઇ જતા. આ રીતે મહાત્માજીના જીવનના અનેકવિધ પાસા જોવા મળે છે.

ગોડસેએ તો એમના સ્થૂલ દેહને જ વિંધ્યો. પણ જ્યારે જ્યારે આપણે અહિંસા, સત્ય, અભય, વિવેક, સેવા અને સત્યા-ગ્રહને હણીએ છીએ ત્યારે તેમના સૂક્ષ્મ દેહને હણનારા મહાપાપી બનીએ છીએ. સ્થૂલ દેહ તો નાશવંત છે. કોઇમાં એ સ્થૂલ દેહને ટકાવી રાખવાની શક્તિ નથી.

ગાંધીજીએ જીવનથી મૃત્યુ સુધીની આખી જીવનપદ્ધતિ વિશ્વ સામે રજુ કરી છે. જીવવું કેમ અને મૃત્યુ આવે તો તેને હસતા મોઢે ભેટવું કેમ એ આપણને શીખવ્યું છે. મૃત્યુ સુધી એમણે ક્ષણ ભર પણ સેવા છોડી નથી. તેઓ એક મહાન શહીદ બની ગયા છે. ઇશુ-ખ્રિસ્તને પોતાના જ માણસોએ વધસ્તંભે ચડાવ્યા. સોક્રેટીસ પાસે જ્યારે સત્ય ને જીવન બેમાંથી એકને જાળવવાનો પ્રશ્ન આવ્યો ત્યારે તેણે સત્યને બચાવવા ખાતર જીવન જતું કર્યું અને તેના સમકા-લીનોએ તેને ઝેર આપ્યું. શ્રીકૃષ્ણ પારધીના તીરથી મૃત્યુ પામ્યા.

દયાનંદ સરસ્વતી પોતાના જ રસોયાને હાથે ઝેરથી મર્યા. મરતી વખતે રસોયાએ જ્યારે તેમની પાસે પોતાનું પાપ પ્રગટ કર્યું ત્યારે પોતાની પાસે હતા તેટલા પૈસા આપી તેને બચવા માટે નાસી છૂટવાનું કહી અપાર દયા બતાવી. મૃત્યુંજય સાધ્યો. બુદ્ધને પણ તેમનો જ સાળો મારવા ઊભો થયો હતો. અને મહાવીરને એમના જ શિષ્ય ગોશાલકે તેજોવિધા ફેંકી બાળવા પ્રયાસ કર્યો હતો. દરેક મહાપુરૂષને મરણ આ રીતે આવે છે. ગાંધીજી પોતાના જ દેશભાઇને હાથે મૃત્યુ પામી આ મહાન શહીદોની હારમાળામાં આવી ઊભા રહ્યા.

બાપુએ માનવતાનું મહાવિમાન વિશ્વને ભેટ આપ્યું છે. માનવ જ્યારે પૃથ્વી પર ઊભો હોય છે ત્યારે નદી, સમુદ્ર, પહાડ વગેરે ઓળંગવા તેને માટે અઘરાં થઇ પડે છે. કારણ આ બધા પૃથ્વીને ભેટી તેના કટકે કટકા જુદા પાડે છે. પણ જ્યારે એ વિમાનમાં ઉડતો હોય છે ત્યારે સમુદ્ર, નદી કે પહાડના ભેદ તેને નડતા નથી. એ જ રીતે પ્રેમ અને માનવતાના મહાવિમાનમાં બેસનાર માનવયાત્રીને માટે રાષ્ટ્ર, પ્રજા, સંપ્રદાય, રંગ કે જાતિના ભેદ રહેતા નથી. બધાથી પર થઇ એ સહેલાઇથી જીવન ગાળી શકે છે. બાપુએ પોતાનો અમુલ્ય સંદેશ પોતાની વાણીથી જ માત્ર નહિ, પોતાના જીવનથી અને આચરણથી જીવી બતાવ્યો. બંગા-ળામાં કહેવત છે "આમાર જીવન ઇ આમાર બાની" એ બાપુને માટે સર્વથા સત્ય બન્યું.

એમની અંતિમ ઇચ્છા એ હતી કે હિન્દ આદર્શ દેશ બની વાસનાગ્રસ્ત અને દુઃખથી ત્રસ્ત બનેલા વિશ્વને માનવતા, મૈત્રી અને પ્રેમનો પાઠ ભણાવે. અને એ રીતે આપણે વર્તીએ એમાં જ ગાંધીજયંતીની સફળતા છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૦
અંક : ૧૪

મુંબઈ: ૧૫ નવેમ્બર ૧૯૪૮ સોમવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

સેવામૂર્તિ રાજકુમારી ઈલિઝાબેથ

[સેમ્યુઅલ હોરનું પુસ્તક 'ફ્રોથ્સીલ' એમના રશિયન અનુભવોનું છે. લડાઈ દરમ્યાન રશિયનનો અભ્યાસ એક વર્ષમાં કરીને એણે રશિયામાં દેશની સેવા ખાતર જવાની માગણી કરી અને ખાનગી ખર્ચ-ખાતાના વડા તરીકે ગયો અને મૂલ્યવાન સેવા બજાવી. આ પુસ્તકમાં તે વેળાની સ્થિતિનાં અને પાત્રોનાં રસમય વર્ણનો છે. એમાંનું એક પાત્ર સેવામૂર્તિ રાજકુમારી ઇલિઝાબેથનું છે. સ્વ. મહાદેવ દેસાઇએ પોતાની ડાયરીમાં તા. ૨૯-૩-૩૨ ને રોજ નોંધ્યું હતું; આ રાજકુમારીનું ચરિત્ર અનુકરણીય લાગવાથી અત્રે 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકો માટે રજુ કર્યું છે.

આવી સેવામૂર્તિઓનાં દૃષ્ટાંતો આર્યાવર્તના ઇતિહાસમાં ઓછાં નથી. કુ. મૃદુલાબહેને અપહૃત સ્ત્રીઓને પંજાબમાંથી જે રીતે મેળવીને તેમનાં કુટુંબોને પાછી સોંપી, તે એક તાજો નમૂનો છે.

ઇલિઝાબેથ પોતાના પતિના ખૂનીને જેલમાં મળવા જાય છે, એ ખૂનીનું વર્ણન કરતાં સેમ્યુઅલ હોર લખે છે: 'એક બાજુએ ઉંચા કૂળની સુંદર વિધવા પોતાના પતિના ખૂનીને પશ્ચાત્તાપ કરવા પ્રેરવા રહી છે...બીજી બાજુએ એક વિપ્લવવાદી ખ્વાબી જુવાનિયો છે. પોતે એક વિધિનિર્મિત કાર્ય પાર પાડયું છે એવો એનો દૃઢ વિશ્વાસ છે. પોતે જે લોહી વહેવડાવ્યું છે અને જે આહુતિ આપવા પોતે સજ્જ થઇને બેઠો છે તેને પરિણામે દુનિયાને વધુ સારી તે બનાવી જાય છે, એવી એને ખાતરી છે.' બરાબર આવો જ સૂર ગહાત્માજીના ખૂનનો એકરાર કરતા નાથુરામ ગોડસેના તાજેતરમાં અદાલતમાં તેણે કરેલા નિવેદનમાં રજુ થયો છે! જ.]

આ પછી રશિયાના ગ્રાન્ડ ડયુક સર્જની પત્ની અને હેસ ડાર્મસ્ટાટ (જર્મની) ની રાજકુંવરી ઇલિઝાબેથનું વર્ણન કરે છે, એ પૂર્ણ સુંદરતામય છે. એનો પિતા હેસ ડાર્મસ્ટાટનો ગ્રાંડ ડયુક ચોથો એ જર્મન અને માતા અંગ્રેજ-ઇંગ્લેંડની રાણી વિક્ટોરિયાની દીકરી રાજકુંવરી એલિસ. એનાં માતાપિતાનું જીવન સુંદર, સરળ અને નિર્મળ હતું. રજવાડાના કરતાં એક સુશીલ કુટુંબના સંસ્કાર એનામાં નાખવાનો પ્રયત્ન માબાપોએ કર્યો હતો. તેઓ કુલ ચાર બહેનો હતી. તેમાંથી ઇલિઝાબેથ સને ૧૮૮૪ માં રશિયાના ગ્રાંડ ડયુક સર્જને પરણી અને નાની બહેન ઝાર નિકોલસને પરણી. ગ્રાંડ ડયુક ઝારનો કાકો થાય. ઇલિઝાબેથને સેમ્યુઅલ હોર બે વાર મળેલો: એક વાર ગ્રાંડ ડયુક સર્જ મોસ્કોનો ગવર્નર હતો ત્યારે મોસ્કોની રાણી તરીકે અને બીજી વાર ભિક્ષુણી તરીકે, એક મઠની અધ્યક્ષા અથવા કુળમાતા તરીકે. "ગ્રાંડ ડચેસને મળીને બહાર આવતાં મને મનમાં થયું કે અમને કેવળ એક સંતના જ નહીં પણ ખ્રિસ્તી સમાજની ખરે સેવા કરનાર એક મહાવિભૂતિનાં દર્શન થયાં હતાં. ત્યાં હસ્પિતાલ, દવાખાનાં, અનાથાશ્રમો, શાળાઓ, ક્ષયના રોગીઓ માટેનાં આરોગ્યાલયો, નર્સોને તાલીમ આપવાનાં કેન્દ્રો, એવી અનેક સંસ્થાઓ આ ઉદાત્ત બાઇની પ્રેરણાથી અને તેની દેખરેખ નીચે ચાલતી.

"પણ શાથી એ રાજકુંવરી બની ભિક્ષુણી બની? એનું લગ્ન સુખી હતું. ગ્રાંડ ડયુક સર્જનો પિતા ઝાર અલેક્ઝાંડર બીજો, એણે કિસાન-ગુલામો (Serfs) ને મુક્તિ આપી હતી અને એનું ખૂન કોઇ અરાજ્યવાદીથી થયેલું. પછી નિકોલસ ઝાર થયો ત્યારે એ મોસ્કોનો ગવર્નર હતો. જાપાની લડાઇમાં હાર્યા પછી એણે નિકોલસને કહેલું કે પ્રજાથી હારીને કે પ્રજાના જોરને વશ થઇને નહીં પણ ઉદારતાના ચિહ્ન તરીકે પ્રજાને ધારાસભા આપો. રાજાએ એ સલાહ ન માની એટલે એણે રાજીનામું આપેલું. રાજીનામું આપીને એ મોસ્કો છોડવાની તૈયારીમાં હતો, સરસામાન બધો સ્ટેશને રવાના થઈ ગયો હતો. ત્યાં એક ત્રાસવાદીએ આવી સર્જનું ખૂન કર્યું. આ ખૂન થયું ત્યારે ઇલિઝાબેથ તો મંચૂરિયાના લશ્કર માટે મોસ્કોમાં ખોલવામાં આવેલા એક સેવાકેન્દ્ર પર જવાની તૈયારીમાં હતી. ત્યાં તો એણે ક્રેમલિનના રાજમહેલના એક ખંડની બારીઓ ધડાકા સાથે એક બોમ્બથી ઉડતી સાંભળી. પોતાના પતિને એણે મરેલો જોયો. ગાડીના ચૂરેચૂરા થઈ ગયા હતા અને ગાડીવાન ઘાયલ થયો હતો."

સર્જનું ખૂન કેમ થયું, એના ખૂનમાં કોનું કાવતરું હતું એ બાબતની હૃદયવેધક વિગતો હોર આપે છે. આગાંતો એક ખૂની આઇરિશ હતો. એ રાજ્ય સામે ગુના કરવાની ઉશ્કેરણી કરવાના કામ માટે પોલીસખાતા તરફથી જ રોકાયેલો માણસ હતો. એક યાદ રાખવા લાયક ફકરામાં હોર લખે છે: "ગુના કરવાની ઉશ્કેરણી કરનારા આવા નીચ બદમાશો હોતા હશે ખરા? આ જાતની પ્રવૃત્તિ એ જ શું ગુનાહિત અને ચમકેલાં મગજોની શોધ નથી? એમના કામ શેતાની કાવાદાવાવાળા હોય છે. હેબતાઇ જવા જેટલું એમને જોખમ ખેડવાનું હોય છે. બદલો મળવાનો કશો ભરોસો નથી હોતો. એટલે આવા લોકો હરતી ધરાવી શકે એમ માનવાનું જ મારું દિલ તો ના પાડે છે. પોલીસખાતાએ શા માટે આવા માણસો રાખી ત્રાસજનક અત્યાચારોની ઉશ્કેરણી કરવી જોઇએ? પોલીસ ખાતામાં પોતાની લાગવગ વધારવાની આકાંક્ષામાંથી આવા બેધારી તલવાર જેવા સમાજદ્રોહીઓ પાકે છે, એ ખુલાસો મને વાજબી નથી લાગતો. આવા લોકો વહેલામોડા ખુલ્લા પડી ગયા વિના ન જ રહે. અને ધારો કે તેઓ ફાંસીએ જતાં અથવા કતલ થતાં બચી જાય તો પણ તેમને એવો તે શો મોટો અને કાયમી બદલો મળી જવાનો હતો, જેને લીધે એક યા બીજા પક્ષના બોકડું જોખમ ખેડવા તેઓ તૈયાર થાય? આ સવાલોનો સંતોષકારક જવાબ મને કદી મળતો નથી. પરંતુ ભરોસાદાર પુરાવાથી મને એટલી ખાતરી તો થઇ છે કે આવા માણસો હરતી ધરાવે

છે અને તેના નામચીન આઇરિશ વકીલ હતો. જે હિંચકારાની ઉશ્કેરણીથી ગ્રાંડ ડ્યુકનું ખૂન થયું.

"આ ખૂનમાં બીજા બે સાગરીતો હતા. એકનું નામ હતું કાલીવ. ઉત્સાહી, તરંગી, કવિ, મોટી ગંભીર આંખો, એક બ્વાળી આદમીના મોં ઉપર હોય એવું રિમત-એવો એ જુવાનિયો આઇરિશ જેવાની ભયંકર સોબતમાં ક્યાંથી પડયો ? તેણે બોમ્બ નાખેલો. ગરીબ અને શાન્તિપ્રિય ખાનદાનનો એ નબીરો હતો. એનો બાપ વોર્સોમાં પોલીસ હતો. પોલીસખાતામાં લાંચ નહીં ખાનાસ બહુ થોડા હોય છે. તેમાંનો એ હતો. એની ભાઇઓ જાતમહેનત કરી પરસેવો પાડી ગુજરાન ચલાવનારા હતા. કાલીવ અને એનો ભાઇ યુનિવર્સિટીમાં દાખલ થયા. ત્યાંની યુનિવર્સિટીઓમાં અમુક ઘટનાઓની પરંપરા સામાન્ય રીતે ચાલતી. તેમાં એ ફસાયો. પહેલાં શક પરથી બરતરફી, પછી પોલીસની તકેદારી, પછી દેશનિકાલ, છેવટે ત્યાંથી છટકવું અને પશ્ચિમ યુરોપના છૂપા પ્રવાસો ખેડવા. આ ઘટનાપરંપરામાં એ પણ સપડાયો. અને એની યુનિવર્સિટીની કારકિર્દી બરબાદ થઇ. તેના હૃદયમાં વેરનું શલ્ય ભોંકાયું. ધીમે ધીમે એ ક્રાંતિવાદીઓ તરફ ખેંચાતો ગયો અને છેવટે એમની કારોબારી સમિતિનો સૌથી આગળ પડતો કાર્યકર્તા બન્યો. એ ધાર્મિક વૃત્તિનો હતો. પોતાના સાથીઓની નાસ્તિકતા પ્રત્યે તેની નાપસંદગી હતી. જો કે દુનિયાએ તેની સાથે કશી જ યારી નહોતી બતાવી, છતાં તેના દિલમાં કોઇ પણ પ્રત્યે અંગત રાગદ્વેષ નહોતો. એના સાથીઓ તો અતુર્ક પારહિન વિનાશના કાર્યક્રમમાં મચ્યા રહેતા, પરંતુ એને તો અરાજ્યવાદી એ નામનો પણ તિરસ્કાર હતો. એક વખત એના પતિની સાથે ગ્રાંડ ડચેસ ગાડીમાં બેઠેલી હતી તે વખતે એણે બોમ્બ ન ફેંકયો. સર્જને તે દ્વેષપાત્ર જાલિમ નહોતો ગણતો, પણ પોતાની 'સ્વપ્નસૃષ્ટિના માર્ગમાં તેને એક અંતરાયરૂપ માનતો હતો. એ પોતાના મિત્રોને કહેતો કે આપણે નવી ભાવિનાના સુભટ છીએ, નવરચનાને માટે આપણે લડીએ છીએ, આપણે ભવિષ્યના ઘડવૈયા છીએ. સર્જ ભૂતકાળનો પ્રતિનિધિ હતો એટલે તેનો નાશ કરવો જ જોઇએ."

પછી ગ્રાન્ડ ડચેસ ઇલિઝાબેથ આ માણસને કેદખાનામાં મળવા જાય છે. એ દૃશ્ય તો કોઇ અપૂર્વ નાટકનો દૃશ્યને પણ ઝાંખું પાડે એવું છે. ખૂન પછી ગ્રાંડ ડચેસ એને કેદખાનામાં મળવા ગઇ. એનો પતિ પુશ્કણી ધર્મરૂઢિઓને યુક્તપણે માનનારો હતો. એણે એને એવું શીખવ્યું હતું કે મરણ સમયે ઝેરવેરનો અંત લાવવો જોઇએ અને મરનારને ઇશ્વરનું ચિંતન કરવાની તક આપવામાં મદદ કરવી જોઇએ. એટલે ઇલિઝાબેથ પોતાના પતિનું ખૂન કરનારને જેલમાં મળવા ગઇ અને તેની સાથે એણે ભાવપૂર્ણ હૃદયે વાતો કરી! કોઇ વધુ હૃદયદ્રાવક "મુલાકાત બીજી હોઇ શકે ખરી ? એક બાજુએ ઉંચા કુળની એક સુંદર વિધવા પોતાના પતિના ખૂનીને પશ્ચાત્તાપ કરવા વીનવી રહી છે, તેના હાથમાં બાઇબલ મૂકે છે અને ખ્રિસ્તી ધર્મનો તેને ઉપદેશ કરે છે. બીજી બાજુએ એક વિપ્લવવાદી બ્વાળી જુવાનિયો છે. પોતે એક વિધિનિર્મિત કાર્ય પાર પાડયું છે એવો એનો દૃઢ વિશ્વાસ છે. પોતે જે લેહી વહેવડાવ્યું છે અને જે આહુતિ આપવા પોતે સજ્જ થઇને બેઠો છે તેને પરિણામે દુનિયામાં વધુ સારી તે બનાવી જાય છે, એવી એને ખાતરી છે.

કેદખાનામાંની કોટડીનું બારણું ઊઘડયું અને ગ્રાંડ ડચેસ અંદર એકલી દાખલ થઇ. આશ્ચર્ય પામેલે ચહેરે કાલીવે પોતાના મુલાકાતીને પૂછયું; "તમે કોણ છો ? અને શા માટે આવ્યાં છો ?"

ઇલિઝાબેથઃ "હું ગ્રાંડ ડ્યુકની વિધવા. ભલા, તારો એમણે શો અપરાધ કર્યો હતો ?"

કાલીવઃ "મારે તમારું ખૂન કરવું નહોતું. મારા હાથમાં બોમ્બ સાથે મેં ઘણીવાર તમને તમારા પતિ સાથે જોયેલાં, પણ તમે સાથે હો એટલે મેં બોમ્બ નાખેલો નહીં."

ઇલિઝાબેથઃ "પણ ભલા, તને એમ ન થયું કે એનું ખૂન કરતાં તું મને પણ મારી જ રહ્યો હતો ? એ નિર્દોષને મારતાં તારા હૃદયમાં જરાયે અરેરાટી ન છૂટી ? પણ થયું તે થયું. હવે તારું મરણ નજીક છે. તું પશ્ચાત્તાપ કર. પ્રભુની દયા યાચ, તારે માટે આ બાઇબલ લાવી છું."

ઇલિઝાબેથે એના હાથમાં બાઇબલ મૂક્યું ત્યારે તેના પતિનું ખૂન કરનારે ઇલિઝાબેથના હાથમાં પોતાની ડાયરી મૂકી અને કહ્યું, "હું બાઇબલ વાંચીશ. તમે મારી ડાયરી વાંચજો. એ ડાયરીમાં મારે ખૂન કેમ કરવું પડયું, અમારા ધ્યેયની આડે આવનારાઓનો નાશ કરવાની પ્રતિજ્ઞા મેં કેવી રીતે લીધી અને પાળી એ તમે જોશો."

બન્નેએ એક બીજની વિદાય લીધી. પેલો જુવાન અડગ હૈયે મોતને ભેટયો. બન્ને વચ્ચે—ખૂની અને તેના બલિની વચ્ચે—બાહ્ય દૃષ્ટિએ મોટો દરિયો પડેલો દેખાય. પણ કદાચ એ ખૂનીના અંતરમાં—કારણ એ નાસ્તિક નહતો—પેલી ખ્રિસ્તી બાઇ જે એને પશ્ચાત્તાપ કરવાનું કહેતી હતી તેની સાથે વધારે ગાઢ સમભાવ હતો.

એ યુવકે ન્યાયાધીશ આગળ કહ્યું: "મારે કશો બચાવ કરવાનો નથી. મેં ગ્રાંડ ડ્યુકની વિધવા આગળ મારું હૃદય ખોલીને વાત કરી છે. એ પોતે જ એની સાક્ષી પૂરશે."

"હવે એક ત્રીજા માસવાદીનું ચિત્ર જુઓ. જે માણસે આવાં ચિત્રો જોયાં છે તે બંગાળને નહીં સમજી શકતો હોય ?"

"આ ભેદી મીણુસ—બોરિસ સાવિનકોવ કરતાં વધારે ઉંડી છાપ મારા દિલ ઉપર બીજા કોઇએ પાડી નથી. એ પ્રખર વિચારક હતો. એની દલીલ આગળ રૂઢ રીતરિવાજો, પ્રચલિત વિચારપ્રણાલિકાઓ વંગેરેના ભાંગીને ભુક્કા થઇ જતા. એ હૃદયવેધક લેખક હતો. વાંચનારાના દિલમાં અલૌકિક ભાવોની ભૂતાવળ જગાવી શકતો. એ અદ્ભુત સાહસિક હતો. ગમે તેવાં ભયંકર કાવતરામાં એ આગેવાન હોય. એ તો આ એકલાંત ચોરકના જાદુની સામે બહુ થોડો ટકી શકતો. એનો ભાઇ સાવિનકોવ તથા એ સેન્ટ પિટર્સબર્ગની યુનિવર્સિટીમાં ભણતા. ત્યાંથી એ બન્નેને બીજા ઘણાંઓની સાથે કઝાન ચોકમાં રાજ્યવિરોધી દેખાવો કરવા માટે પોલીસે પકડયા. લંડનના વિદ્યાર્થીઓ સ્ટ્રેન્ડ આગળથી પોકારો કરતા ઘણીવાર જાય છે તેથી વિશેષ કશું આ જુવાનોએ કર્યું ન હતું. પણ સેન્ટ પિટર્સબર્ગમાં તો આવા હસવામાંથી ખસવું થઇ ગયું. એ યુવાનોનો બાપ ન્યાયાધીશ હતો. તેને 'નોકરીમાંથી બરતરફ' કરવામાં આવ્યો અને એ ગાંડો થઇને મરી ગયો. મોટાભાઇને સાઇબિરિયામાં દેશનિકાલ કરવામાં આવ્યો, જ્યાં એણે આપઘાત કર્યો. બોરિસ જેલખાનામાંથી નાસી છૂટીને ફ્રાંસીમાંથી બચવા પામ્યો. જરાક મોટું ટોળું ભેગું થયું, થોડો ધીંગાટ થયો અને બે યુનિવર્સિટી વિદ્યાર્થીઓએ ઉદ્દંડતા બતાવી, તેમાંથી એક સુખી કુટુંબ દયામાયાવિહીન ચક્કરમાં સપડાઇ ગયું. એક દીકરો બચ્યો તે દિલમાં ઝેર અને હાથમાં બોમ્બ સાથે રંસને ભટકતો થઇ ગયો. દસ વરસ સુધી કટકાયે ભયંકર કાવતરાંઓમાં એનું નામ સંડોવાયાં કર્યું. વર્ષો વીતતાં કાવતરામાંના પોતાના સાથીઓના રૂઢ થઇ ગયેલા પોપટિયા શબ્દોથી તેનું તેજ અને સૂક્ષ્મ લાગણીવાળું ચિત્ત અસ્વસ્થ થઇ ગયું. એણે પોતાની જાતને પૂછવા માંડયું કે આ ખૂનખરાબીથી શું વળે ? હિંસા હરવી એ વાજબી છે કે વાજબી નથી ? જો હિંસા વાજબી હોય તો યુદ્ધમાં સામા માણસને મારવો અને ખૂન કરવું એમાં કશો તફાવત છે ખરો ? જો હિંસા વાજબી ન હોય, તો પછી યુદ્ધો, સામાન્ય ખૂનો અને ગ્રાંડ

ડ્યુકોના જાન લેવા એ બધું સરખું જ ઘોર ગણાયને? પોતાની આ શંકાઓ અને પોતાના હૃદયમંથનો એણે પોતે જ પોતાનાં બે વિલક્ષણ પુસ્તકો 'ધ પેલ હોર્સ' (The Pale Horse) અને 'ધ ટેલ ઑફ વૉટ વૉઝ નોટ' (The Tale of What Was Not) એમાં બહુ આબેહૂબ વર્ણવ્યાં છે. ગ્રાંડ ડ્યુકના ખૂન વખતે એ માણસ આ મંથનમાંથી જ પસાર થઈ રહેલો હતો. ઘણા રશિયન વિપ્લવવાદીઓની માફક તે પણ વિનીત બનતો જતો હતો.....પછી તો તેણે પોતાનું તમામ બળ બોલ્શેવિક ચળવળની સામે વાપરવા માંડયું. આ માણસ હોરની ટ્રેનમાં એક વાર હતો. એ જ તરવરાટ, એ જ લાગણીની સૂક્ષ્મતા, એ જ બુદ્ધિનો ચમકાર અને એજ, એક વિષયમાંથી બીજા વિષયમાં પ્રવેશ કરવાનું લગભગ બિલાડીના જેવું ચાપલ્ય. પાછળથી કોઈ સ્ત્રીએ એને ભોળાવ્યો. રશિયા ગયો. ત્યાં કેસ ચાલ્યો. એણે પોતાના આગલા સાથીઓને ફસાવ્યા, અને પોતે સોવિયેટનો વિરોધી હોવા નાકબૂલ કર્યું. છેવટે કેદખાનાની બારીમાંથી પડતું મૂકી એણે આપઘાત કર્યો. આ વિચિત્ર કથા એને સારામાં સારી રીતે ઓળખનારાનાં પણ માન્યામાં આવતી નથી." આટલી વાત કરીને હોર પાછા ઇલિઝાબેથની વાત પર આવે છે. એણે પોતાનાં ઘરેણાંગાંઠાં–લગ્નના મંગળસૂત્ર રૂપ વીંટી સુદ્ધાં વેચી નાંખ્યાં. તેમાંથી ત્રીજો ભાગ રાજ્યને આપ્યો, ત્રીજો ભાગ સગાંવહાલાંને આપ્યો અને ત્રીજો ભાગ ધર્મકાર્યોને માટે– ઇસ્પિતાલ, દવાખાનાં, અનાથાશ્રમો, શાળાઓ, ક્ષયરોગીઓને માટે આરોગ્યધામ વગેરે માટે– આપ્યો. પોતે રાજમહેલ છોડયો. બ્રહ્મચારિણીઓનો એક સેવાશ્રમ સ્થાપ્યો અને તેમાં રહેવા ગઈ. એની સંસ્થા અસાધારણ બની. સામાન્ય રીતે આવા આશ્રમોમાં જોડાનારાં પાઠપૂજા, ધ્યાન, જપ, તપ, વ્રત, ઉપવાસ, એવામાં જ મશગૂલ રહે છે. ઇલિઝાબેથે પોતાના આશ્રમમાં આ વસ્તુઓના કડક પાલન ઉપર ભાર મૂકયો ખરો, પણ તેની સાથે સમાજ સેવાની પ્રવૃત્તિઓ ઉપર પણ ઓટલો જ ભાર મૂકયો. આશ્રમમાં સેંકડો બહેનો જોડાઈ. તેમાંથી વીસેક બહેનોએ તો આજીવન બ્રહ્મચર્યની દીક્ષા લીધી. બીજી આશ્રમભવાસ પર્યંતની દીક્ષાવાળી બની. આ આશ્રમવાસિનીઓમાં રાજકુંવરીઓ હતી, કેળવાયેલાં કુટુંબોની સ્ત્રીઓ હતી અને ખેડૂતવર્ગમાંથી પણ હતી. એક જુવાન ખેડૂત સ્ત્રી તો જપાની યુદ્ધમાં સિપાહીના વેશમાં લડી હતી અને તેને ચાંદ મળ્યો હતો. આ સેવાશ્રમનું કામ ખૂબ ચાલ્યું. એમનું કામ એવું તો ખીલી રહ્યું કે અનેક ઠેકાણેથી નર્સોને માટે આ આશ્રમમાંથી માગણી થતી. એમની ઇસ્પિતાલમાં કદરમાં કદરુ કેસો આવતા. ઇલિઝાબેથ શ્રેષ્ઠ નર્સ ગણાતી. એનો અનાથાશ્રમ વિભાગ આખા યુરોપમાં ઉત્કૃષ્ટ ગણાતો. એના નિભાવ માટે દાનની રેલ ચાલતી.

જ્યારે એ વાત જાહેર થઈ કે ક્ષયના અસાધ્ય ગણાતા છેક ગરીબ વર્ગના દરદીઓ માટે ઇલિઝાબેથે આશ્રમ સ્થાપ્યો છે અને મરવા પડેલા દરદીઓની તે રોજ મુલાકાત લે છે, ત્યારે તેના એ કામથી મોસ્કોના સમાજનો આત્મા પણ જાગ્રત થયો. એના છેક નજીકના મિત્રોએ મને કહેલું કે એનું સુંદર ચારિત્ર્ય, એના અહર્નિશ ચાલતા જપતપ અને ધ્યાનધારણા વગેરેથી વધુ તેજસ્વી બન્યું હતું. દિવસના અનેક વ્યવસાયોથી પરવારીને રાતનો મોટો ભાગ તે ધ્યાન અને ભજનમાં નિર્ગમન કરતી. ઘડી બે ઘડી નિદ્રા લેતી તે ગાદી વિનાનાં પાટિયાં ઉપર. આહારમાં માંસાદિ તો કેટલોય કાળ થયાં તેણે છોડયાં હતાં. તેના જીવનમાં તેણે ભક્તિયોગ અને કર્મયોગનો સુમેળ સાધ્યો હતો.

લડાઈ દરમ્યાન એણે આ સંસ્થાની પ્રવૃત્તિ પ્રસંગોચિત સેવા તરફ વાળી. ઘાયલો માટે મળતાં દાનમાંથી પૈસા ખવાઈ જાય છે એમ જાણવામાં આવતાં દરેક દાતાને રસીદ મોકલવાની રીત એણે આગ્રહપૂર્વક પાડી. એ તો જપાની લડાઈ વખતના એના અનુભવનો ઉપયોગ એણે ૧૯૧૪ માં પૂરેપૂરો કર્યો. પણ એની જિંદગીની આકરામાં આકરી કસોટી હજી હવે થવાની હતી. આપણે જોઈ ગયા છીએ કે એ જર્મન રજવાડાની કુંવરી હતી. એટલે ૧૯૧૫માં જર્મનવિરોધી બવાલીઓનું ધ્યાન એની સંસ્થા તરફ ગયું. ત્યાં રશિયાને માટે દરેક પ્રકારનું યુદ્ધ કાર્ય થતું હતું. છતાં એની સંસ્થાને દુશ્મન પ્રવૃત્તિનું કેન્દ્ર માનવામાં આવ્યું. એક વાર બવાલીઓનું એક ટોળું આશ્રમને બાળવા માટે ચઢી આવ્યું. મોસ્કોના મેયર ત્યાં જઈ પહોંચ્યા અને બવાલીઓને સંસ્થા બાળતા અટકાવ્યા. એની બહેન ઝારની રાણી હતી. તેને એ હંમેશાં સારી સલાહ આપતી. પણ એ રાસ્પ્યુટીનના પંજામાં ફસાઈ હતી. એના સલાહનો એણે જોઈએ તેવો લાભ ન લીધો. પછી તે બે બહેનોનો ઝાઝો મેળાપ ન થતો.

૧૯૧૭માં જ્યારે વિપ્લવ ફાટી નીકળ્યો ત્યારે મોસ્કોના બવાલીઓને ફરી પાછી ધૂમરી ચડી આવી. તોડેલાં કેદખાનાંમાંથી છૂટેલા કેદીઓ અને બીજા બવાલીઓ એને જર્મન જાસૂસ તરીકે પકડવા એની સંસ્થાને ઘેરી વળ્યા. એ ભલી બાઈ બહાર આવીને પેલાં ટોળાં સામે ઉભી રહી અને એમને કહેવા લાગી કે "તમારે શું જોઈએ છે? જે જોઈતું હોય તે અંદર આવીને લઈ જાઓ. અહીં કશાં હથિયાર, દારૂગોળો કે જાસૂસોને સંતાડેલા નથી. હોય તો શોધી કાઢો અને સુખેથી લઈ જાઓ. પણ બરદાર, પાંચ માણસથી વધારેએ અંદર પેસવાનું નથી."

ટોળાંએ સામા પોકાર કર્યા: "અમારે કશું સાંભળવું નથી. અમારે તો તમને પકડવાં છે. ચાલો અમારી સાથે."

ઇલિઝાબેથે સ્વસ્થ ચિત્તે ઉત્તર વાળ્યો: "હું આવવા તૈયાર છું. પણ આ સંસ્થાની હું કુળમાતા છું. એટલે મારે બધા કામકાજની રીતસર સુપરત કરી દેવી જોઈએ."

આમ કહીને બધી બહેનોને પ્રાર્થના મંદિરમાં ભેગા થવાનું કહ્યું. પેલા ટોળામાંથી પાંચ જણાને હથિયાર બહાર રાખીને અંદર આવવા દીધા. એમને ઈશુના ક્રૂસ પાસે લઈ ગઈ. તેઓ મંત્રમુગ્ધ જેવા એ જ્યાં લઈ ગઈ ત્યાં ગયા અને બાઈની સાથે ક્રૂસ આગળ પગે પડયા. પછી બાઈએ એમને કહ્યું "હવે જોઈએ તે શોધી લો અને લઈ જાઓ." પેલાઓએ આમતેમ ખોળાફેંદાફેંદા કર્યા અને પછી બહાર નીકળીને કહ્યું, "અરે, આ તો હાસ્પો એક આશ્રમ છે આશ્રમ. બીજું કશું જ અહીં નથી."

આ વાવાઝોડું તો આવ્યું અને ગયું. રશિયામાં ઝારના ભાગી ગયા પછી પ્રજાએ સત્તા હાથમાં લીધી હતી. પણ જે પક્ષના હાથમાં સત્તા હતી તેનાથી પ્રજામાંના બીજા ઉગ્ર પક્ષને સંતોષ નહોતો. એટલે પ્રથમ પક્ષવાળા જેમણે કામચલાઉ રાજ્યસત્તા સ્થાપી હતી તેઓ ઇલાઝાબેથને આવીને કહેવા લાગ્યા, "પ્રજા પાગલ બની છે અને તમારે જો બચવું હોય તો આશ્રમ છોડી ફેમલિનના રાજમહેલમાં ચાલો. ત્યાં તમો વધુ સુરક્ષિત રહેશો."

પરંતુ ઇલિઝાબેથે તો પાકા નિશ્ચય સાથે પોતાનું જીવન સેવામાં અર્પણ કર્યું હતું. એટલે તેણે આશ્રમમાંથી ચસવાની ના પાડી. તેણે કહ્યું, "મેં રાજમહેલ છોડયો છે તે આવા વિપ્લવવાદીઓની સામે એ મહેલનો પાછો આશ્રય લેવાને માટે નહીં. તમે મારા આશ્રમનું રક્ષણ ન કરી શકો તો એને ઈશ્વર ઉપર છોડો."

આમ દાવાનળ સળગ્યો હતો છતાં ધાયલ સિપાહીઓની સારવાર કરવાનું, મરવા પડેલી વૃદ્ધ બાઈઓને આશ્વાસન આપવાનું, ગરીબોને રાહત આપવાનું અને બાકીના વખતમાં ભજનકીર્તનનું કામ એણે ચાલુ જ રાખ્યું. બીજી બાજુ બોલ્શેવિકો પેલી કામ ચલાઉ સરકારને તોડી પાડવાની પેરવી કરી રહ્યા હતા. તે વેળા તેણે એક મિત્રને કાગળ લખ્યો તેમાં જણાવ્યું:

"આવે સમયે જ ઈશ્વરશ્રદ્ધાની સાચી કસોટી થાય છે. એવી કસોટીમાં પણ શાંત અને પ્રસન્ન રહેનાર જ કહી શકે છે

કે 'પ્રભુનું તારું ધાર્યું થાઓ.' આપણા વહાલા રશિયાની આસપાસ વિનાશ સિવાય બીજું કશું દેખાતું નથી. તેમ છતાં મારી શ્રદ્ધા અચળ છે કે આવી કસોટીએ કસનાર રૂદ્ર ઈશ્વર અને દયાળુ કૃપાનિધાન ઈશ્વર એ એક જ છે. મોટા તોફાનોની કલ્પના કરોની! તેમાં પણ ભયાનકની સાથે ભવ્ય અંશો હોય છે જ ને? કેટલાક રક્ષણ માટે નાસભાગ કરે છે, કેટલાક તેમાં ડરના માર્યા જ મરણ પામે છે, જ્યારે કેટલાક એ મહા તોફાનમાં પણ ઈશ્વરની મહત્તાનાં દર્શન કરે છે. આજે આપણી આસપાસ એવું જ તોફાન નથી ચાલી રહ્યું? અમે તો કામ, સેવા, અને પ્રાર્થનામાં રત છીએ. અમારી આશા અખંડ છે. રોજ ને રોજ બનતી આ સઘળી ઘટનાઓમાં અમે તો ભગવાનની દયાનું જ દર્શન કરી રહ્યાં છીએ. આવે કાળે પણ આશા રાખતાં જીવી રહ્યાં છીએ એ જ એક ચમત્કાર નથી?"

છેવટે બોલ્શેવિકોનો વિજય થયો એટલે થોડા દિવસ પછી લાલ લશ્કરની એના આશ્રમ ઉપર ચડાઈ આવી. લશ્કરના વડાએ હુકમ કર્યો કે શાહી કુટુંબ સાથે ઇકટેરિનબર્ગ ભેગાં થવાને ચાલો. એણે આશ્રમની બધી બહેનોને મળી લેવાની રજા માગી. પણ રજા ન મળી. એક બીજી બહેન સાથે એને ઉપાડીને ટ્રેનમાં મૂકવામાં આવી. રસ્તેથી એણે આશ્રમની બહેનો પર વિદાયનો કાગળ લખ્યો. ઇકટેરિનબર્ગમાં ઝાર અને ઝરીના સાથે એને થોડાક દિવસ કેદ રાખવામાં આવી. ત્યાંથી પાછી પેલી બહેન સાથે એને પણ લઈ જવામાં આવી. રાજકુટુંબનાં બીજાં બધાં માણસોનો એને ત્યાં મેળો થયો. સૌ કેદી હતાં. ખાવાપીવાના અને પહેરવા-ઓઢવાના સાંસા હતા. એ બાપડાં સઘળાં મરણની રાહ જોઈને જ બેઠાં હતાં. ૧૭મી જુલાઈએ ઇકટેરિનબર્ગમાં ઝારઝરીનાનું ખૂન થયું. ૧૮મી એ બોલ્શેવિક જલ્લાદો ડચેસ અને રાજકુંવરોની આસપાસ ફરી વળ્યા. સઘળાંની આંખે પાટા બાંધવામાં આવ્યા. અને નજદીકમાં લોઢાના કાટનો ઢગલો પડયો હતો તેમાં બધાંને નાખવામાં આવ્યાં. કોકે એમાં સુરંગ મૂકી અને ધડીકમાં ભડાકો થતાં સૌના ચૂરેચૂરા ઊડી ગયા. **પેલા ઢગલા ઉપર નંખાતી વખતે ઇલિઝાબેથે જે શબ્દો ઉચ્ચાર્યા તે દૂર ઉભેલા એક બેડુતના સાંભળવામાં આવ્યા. "ભગવાન એ લોકોને ક્ષમા કર. તેઓ શું કરી રહ્યા છે તેનું એમને ભાન નથી."** ['મહાદેવભાઈની ડાયરી'માંથી]

મહારાષ્ટ્રીઓ પાકીસ્તાનના પંથે

હિંદુસ્તાનના પ્રાન્તોની પુનર્રચના થાય તો મુંબઈનું શું, એ પ્રશ્ન આજે ચોતરફ ખુબ ચર્ચાસ્પદ થઈ પડયો છે એટલું જ નહિ પણ એમાંથી સામુદાયિક ધર્ષણ પણ નીપજે એવું ભોખમ પેદા થઈ રહ્યું છે. હિંદના પ્રાન્તોની આજની રચના આપણને અંગ્રેજી હકુમતના વારસા સાથે મળેલી છે. અંગ્રેજી અમલ દરમિયાન હથાતી ધરાવતી પ્રાન્તરચના કોઈ ચોક્કસ સિદ્ધાન્ત ઉપર કરવામાં આવી નહોતી પણ અનેક આકસ્માતોમાંથી જન્મ પામી હતી. દાખલા તરીકે એક કાળે મુંબઈ પ્રાન્તમાં સીંધનો સમાવેશ થતો હતો. સીંધનું પંજાબ સાથે જોડાણ અમુક રીતે વધારે સ્વાભાવિક હતું. પણ અંગ્રેજ સરકારે સીંધ પહેલાં સર કર્યું અને પાસેના મુંબઈ પ્રાન્ત સાથે જોડી દીધું અને પંજાબ પછી સર થયું. આવી અસ્વાભાવિક રચનામાં ફેરફાર થવો જોઈએ અને કોઈ સ્વાભાવિક ધોરણ ઉપર પ્રાન્તોની પુનર્રચના થવી જોઈએ અને આ ધોરણનો વિચાર કરતાં ભાષાના ધોરણે જો પ્રાન્તોની રચના કરવામાં આવે તો આખી પ્રજાનો પોતપોતાના પ્રાન્તના વહીવટમાં સંપર્ક વધે અને પ્રજાશિક્ષણનું કાર્ય પણ વધારે સરળ બને એમ સમજીને ભાષાના ધોરણે હિન્દના પ્રાન્તોની રચના થવી જોઈએ આવો અભિપ્રાય રાષ્ટ્રીય મહાસભાના સૂત્ર સંચાલકો અવારનવાર વ્યકત કરી રહ્યા હતા અમે કોંગ્રેસના અમુક ઠરાવમાં પણ આવા અભિપ્રાયનું સમર્થન કરવામાં આવ્યું હતું. આમ હોવા છતાં અંગ્રેજી અમલ દરમિયાન આ દિશાએ કશી પણ હીલચાલ થઈ નહોતી. ૧૯૪૬ના અન્તમાં કે ૧૯૪૭ના પ્રારંભમાં હિંદની લોક પ્રતિનિધિ સભા ઉપસ્થિત કરવામાં આવી અને આ સભાએ દેશ આખા માટે નવું બંધારણ ઘડવાનો પ્રયત્ન શરૂ કર્યો. આ કાર્યમાં મોસ્લેમ લીગનો સાથ નહિ હોવાથી બહુ પ્રગતિ સાધી શકાઈ નહિ. ૧૯૪૭ના ઓગસ્ટની ૧૫મી તારીખે દેશને આઝાદી મળી અને સાથે સાથે દેશનો અંગવિચ્છેદ થયો. હિંદની વાયવ્યમાં સિંધ, વાયવ્યપ્રાન્ત અને અરધાપંજાબનું અને પૂર્વ દિશાએ અરધા લગભગ બંગાળનું પાકીસ્તાન બન્યું. બાકીના સર્વ પ્રદેશનો હિંદુસ્તાનમાં સમાવેશ થયો ત્યારથી ઉપર જણાવેલ લોકપ્રતિનિધિ સભાનો કાર્યપ્રદેશ સ્પષ્ટ આકારને પામ્યો અને દેશનું નવું બંધારણ ઘડવાનું કાર્ય વેગપૂર્વક આગળ ચાલવા લાગ્યું. આ સંયોગોમાં જે પ્રાન્તરચના આપણને વારસામાં મળી હતી તે ચાલુ રાખવી કે પ્રાન્તોની વર્તમાન સીમાઓમાં ફેરફાર કરવો એ પ્રશ્ન બંધારણ સભા સમક્ષ સ્વાભાવિક રીતે ઉભો થયો. મદ્રાસ ઇલાકામાંથી આંધ્રનો અલગ પ્રાન્ત બનાવવો જોઈએ એ વિચારને તો કોંગ્રેસે વર્ષો પહેલાં અનુમોદન આપ્યું હતું. મહારાષ્ટ્રને મુંબઈ ઇલાકામાંથી અલગ કરવું આવી માગણી મહારાષ્ટ્રના રાજકારણી આગેવાનો છેલ્લા છ બાર મહીનાથી જોરશોર પૂર્વક આગળ ધરી રહ્યા હતા. સ્વતંત્ર મહારાષ્ટ્ર વિદ્યાપીઠની માગણી મુંબઈ પ્રાન્તની ધારાસભાએ કેટલાક સમય પહેલાં કરેલ છે અને તે માટે એક કરોડની રકમ પણ મંજુર કરેલ છે. આને લીધે મુંબઈ ઇલાકાથી અલગ થવાની મહારાષ્ટ્રવાસીઓની માગણીને વધારે જોર મળ્યું. અહિં એ ખાસ નોંધ લેવાની જરૂર છે કે બીજી બાજુએ ગુજરાતમાં મુંબઈ પ્રાન્તથી અલગ થવાની આવી કોઈ પણ હીલચાલ હજુ સુધી શરૂ થઈ નથી તેમ જ આવી કોઈ પ્રબળ વૃત્તિ ગુજરાતીઓના દિલમાં ઉભી થઈ રહી હોય એમ માનવાને કશું કારણ નથી. એટલું ખરું કે આજે ગુજરાતના કેટલાક દેશી રાજ્યો મુંબઈ પ્રાંતમાં સમાવેશ પામી રહ્યા છે અને કાઠિયાવાડના સંખ્યાબંધ દેશી રજવાડાઓ એકાએક વિસર્જન પામ્યા છે અને પ્રજાતંત્રનું એકમ સરજાઈ ચુકયું છે જે ગમે ત્યારે મુંબઈ પ્રાન્તમાં સહેલાઈથી સમાવિષ્ટ થઈ શકે તેમ છે. વળી વડોદરામાં પ્રજાતંત્રની સ્થાપના થઈ ચુકી છે અને કચ્છમાં પણ મહારાવની આપખુદીનો સદાને માટે અન્ત આવ્યો છે—આ સર્વ સુભગ ઘટનાઓના પરિણામે ગુજરાતી ભાષા બોલતી સમગ્ર પ્રજાના દિલમાં મહાગુજરાતની ભવ્ય કલ્પના આજે મૂર્તિમન્ત બની રહી છે અને ગુજરાતી માનસને બે ઘડિ ડોલાવી રહી છે. પણ એ સર્વની પાછળ હજુ સુધી કોઈ અલગપણાની ભાવનાને લેશ માત્ર સ્થાન મળ્યું નથી, જ્યારે મહારાષ્ટ્રના લોકો—ત્યાંના ઘણા ખરા આગેવાનો—સંયુકત મહારાષ્ટ્રની કોઈ ન સમજી શકાય તેવી ઘેલ-છાના ભોગ બની રહ્યા છે અને આજના ભૌગોલિક મહારાષ્ટ્રમાં ચોતરફના અનેક પ્રદેશો ઉમેરીને જાણે કે ભૂતકાળમાં વિસર્જિત થએલી પેશ્વાઈની હકુમતને સજીવ કરવા ન માંગતા હોય એવી માંગણીઓ કરી રહ્યા છે. મધ્ય પ્રાન્તમાં તેમને અમુક જીલ્લાઓ જોઈએ છે, નિઝામી મુલકમાંથી અમુક તાલુકાઓ જોઈએ છે, પશ્ચિમ બાજુ ગોવા વિગેરે પ્રદેશો જોઈએ છે. આવી રીતે ત્રણ સાડા ત્રણ કરોડની વસ્તીના બનેલા એવા સંયુકત મહારાષ્ટ્રને એક અલગ પ્રાન્ત તરીકે સ્વીકારાવવા તેઓ આજે આકાશ પાતાળ એક કરી રહ્યા છે. આ માંગણી સાથે મુંબઈનો પ્રશ્ન જોડાયેલો છે. મુંબઈ ઇલાકાથી તેમને જુદા પડવું છે અને સાથે સાથે મુંબઈને પોતામાં ધસડી જવું છે. આનો અર્થ તો સરવાળે એ થાય છે કે મુંબઈ પ્રાન્તથી પોતાને અલગ થવું છે એમ નથી

પણ મુંબઇ ઇલાકાથી ગુજરાતને ફરજિયાત જુદું પાડવું છે. આ રીતે વિચારતાં તેમની માંગણી ભારે બેહુંદી છે. એમ તટસ્થ પણે વિચારનાર કોઇને પણ લાગ્યા વિના નહિ રહે. કેવળ ભૌગોલિક ધોરણે વિચારીએ તો મુંબઇ ભૌગોલિક મહારાષ્ટ્રના ઉત્તર સીમાડા પાસે આવેલું હોઇને મહારાષ્ટ્રવાસીઓ મુંબઇને મહારાષ્ટ્રમાં ભેળવવાની માંગણી કરે તે સ્વાભાવિક છે. પણ જો ભાષાનું ધોરણ લાગુ પાડવામાં આવે તો મરાઠી નહિ બોલતી મુંબઇની પ્રજાની મુંબઇમાં ઘણી મોટી બહુમતી છે અને જો આ બાબતમાં મુંબઇની પ્રજાનો મત લેવામાં આવે તો સંયુકત મહારાષ્ટ્રવાદીઓને હાર જ કબુલ કરવાનો વખત આવે એમાં કોઇ શક છે જ નહિ. પણ આ તેમ જ મુંબઇને આવડું મહાન બનાવવામાં કઇ પ્રજાનો વધારે ફાળો છે એ ધોરણે કરવામાં આવતી ચર્ચા આખરે તો એક પ્રકારની દલીલબાજીમાં જ પરિણમે છે. મુંબઇ શહેર ઉપર કઇ પ્રજાનો વધારે હક્ક છે એ ધોરણે પણ આ પ્રશ્નની ચર્ચા કરવી યોગ્ય નથી; તેમાંથી પરસ્પર કડવાશ જ પેદા થવાની છે. આપણે મુંબઇ વિષે કેવળ બીજી દૃષ્ટિબિન્દુથી જ વિચાર કરવાની જરૂર છે. મુંબઇ, સૌ કોઇ જાણે છે કે એક ખરેખર પચરંગી શહેર છે. મુંબઇ જેટલું વૈવિધ્ય હિંદુસ્તાનનું એક પણ શહેર ધરાવતું નથી. દીલ્હી કે કલકત્તા પણ મુંબઇની તોલે આવે તેમ નથી. મુંબઇ એ હિન્દ આખાનું એક નાનું સરખું પ્રતિબિંબ છે; પૂર્વ પશ્ચિમનું અનેરું મિલનસ્થાન છે; નૂતન હિન્દનું–નવનિર્માણ પામતા હિંદનું–મૂર્ત સ્વરૂપ છે. હિંદની બિન્ન બિન્ન પ્રજાનું સંગમસ્થાન છે. વ્યાપાર તેમ જ ઉદ્યોગનું અદ્વિતીય કેન્દ્ર છે. અને સૌ કોઇના દિલમાં મુંબઇ વિષે અપ્રતિમ અનુરાગ છે. સૌ કોઇ મુંબઇને પોતાનું ગણે છે. હિંદનું મુંબઇ મસ્તક છે; હૃદય પણ છે. મુંબઇ હિંદનું નાક છે. મુંબઇની આવી અદ્વિતીય વિલક્ષણતાઓ સુરક્ષિત રાખવી હોય તો કોઇ પ્રાન્ત મુંબઇને પોતામાં ભેળવવાનો સ્વપ્ને પણ વિચાર ન કરે. મુંબઇ ઉપર જેટલો દાવો મહારાષ્ટ્રીઓ કરે છે તેટલોજ દાવો ગુજરાતીઓ કરી શકે તેમ છે. મુંબઇના ઘડતર ચણતરમાં ગુજરાતીઓનો–વધારે નહિ તો ઓછો તો નહિ જ–એટલો જ ફાળો છે. મુંબઇ ગુજરાત તેમ જ મહારાષ્ટ્ર ઉભયના સીમાડા ઉપર આવેલું હોઇને તેની માગણી જેટલા જોરથી મહારાષ્ટ્રવાસીઓ કરે છે તેટલા જ જોરથી ગુજરાતીઓ કરી શકે છે. ગુજરાતીઓનું મુંબઇ વિષેનું મહત્ત્વ પણ લેશમાત્ર ઓછું નથી. પણ વસ્તુસ્થિતિ એમ છે કે મુંબઇને–તે જેવું છે તેવા મુંબઇને–મહારાષ્ટ્ર પણ પચાવી શકે તેમ નથી. તેમ જ ગુજરાત પણ પચાવી શકે તેમ નથી. મુંબઇની રોનક મુંબઇ અલગ પ્રાન્ત બને તો જ જળવાઇ શકે તેમ છે. મહારાષ્ટ્રમાં મુંબઇ અન્તર્ગત કરવામાં આવશે તો મુંબઇ મહારાષ્ટ્રીય પ્રાન્તીયતાનું ભોગ બનશે. મુંબઇ વામણું બની જશે. જે નદીઓ મુંબઇમાં ઠલવાઇ છે તે નદીઓ મોઢાં બદલવા માંડશે. મુંબઇને મેળવીને મહારાષ્ટ્રીઓનું મકકા તો પુના જ રહેવાનું. પરિણામે મુંબઇના વહીવટને, મુંબઇની સર્વાંગિણી આકૃતિને મહારાષ્ટ્રની પ્રાન્તીયતાની અસર પહોંચ્યા વિના રહેવાની નહિ. મુંબઇ વિકૃત બનવાનું, વિકળ બનવાનું, ભાંગી પડવાનું. મહારાષ્ટ્રની દશા પણ શરીર કરતાં પુછડું મોટું એવી થવાની, અને મુંબઇનો વળગાડ મહારાષ્ટ્ર જે રીતે પોતાનો–પોતાની અલગ સંસ્કૃતિનો સ્વતંત્ર વિકાસ ઇચ્છે છે તેવો સ્વતંત્ર વિકાસ પણ નહિ થવા દે અને ન પચાવી શકાય, ન ઓકી શકાય એવી વિચિત્ર દશા મહારાષ્ટ્રની થવાની.

હિંદના પ્રાન્તની પુનર્રચના વિષે તપાસ કરી રીપોર્ટ કરવા માટે હિંદી સરકારે એક કમીટી નીમી છે અને તે કમીટી 'ધાર કમીટી'ના નામથી ઓળખાય છે તે આ સંબંધમાં સ્થળે સ્થળે ફરીને આગેવાન લોકનેતાઓ તેમ જ ભિન્ન ભિન્ન સંસ્થાઓના પ્રતિનિધિઓના અભિપ્રાય એકઠા કરી રહી છે. તે કમીટીને મુંબઇ વિષે પણ પોતાનો અભિપ્રાય પ્રગટ કરવાનો છે. આપણે આશા રાખીએ કે મુંબઇ સંબંધે ઉપર જણાવેલ દૃષ્ટિબિન્દુ આ કમીટી બરોબર ધ્યાનમાં લેશે અને મુંબઇના અલગપણાના મહત્વને સ્વીકારશે.

પણ આજે પ્રાન્તોનો આ ઝગડો કેવળ વાદવિવાદ, ચર્ચા, વિચારવિનિમય અને સમજણભર્યો માર્ગ કાઢવા પુરતો રહ્યો નથી. પ્રાન્તની નવી રચના કેવળ ભાષાના ધોરણે જ કરવાની નથી પણ વહીવટની તેમ જ રક્ષણની આંટીઘુંટીઓને પણ આ પ્રશ્નનો નિર્ણય કરવામાં પુરેપુરી લક્ષ્યમાં લેવાની છે. માત્ર ભાષાના ધોરણે પ્રાન્ત નક્કી કરવા જતાં ઘણું મોટું એકમ બની જાય તો તેના બે ભાગલા કરવા પડે, બહુ નાનું એકમ થાય તો બે નજીકના વિભાગોને બિન્ન બિન્ન ભાષા બોલતા હોય તો પણ જોડવા પડે. રક્ષણનો પ્રશ્ન તો વળી સ્વતંત્ર વિચારણા માંગે જ છે. આ દૃષ્ટિએ પણ મુંબઇનું અલગ એકમ સ્વતંત્ર વિચારણા માંગે છે. આ આખી રચના આખરે પરસ્પરના અવલંબનને તેમ જ મધ્યસ્થ રાજ્યતંત્રને પુષ્ટ કરે તેવી જ હોવી જોઇએ. પણ મહારાષ્ટ્રમાં આજે જે ચાલી રહ્યું છે તે કાંઇક બીજી જ બાજુનું દર્શન કરાવી રહ્યું છે. આ આખી બાબત આખરે પરસ્પરની સમજાવટ અને મહોબતભરી વાટાઘાટ દ્વારા નક્કી કરવા યોગ્ય ગણાવી જોઇએ. પણ મહારાષ્ટ્રનું માનસ આજે જે ભાષા, અને ચેષ્ટાઓ દ્વારા વ્યકત થઇ રહ્યું છે તેમાં કોઇ પણ સમજાવટ કે વાટાઘાટને જાણે કે સ્થાન જ ન હોય–અમારું માંગ્યું અમને આપો, નહિ તો અમો કોઇ પણ ભોગે અમારું ધાર્યું કરીશું, અમારું માંગ્યું મેળવીશું –આવી મનોદશા પ્રગટ કરી રહેલ છે. સંયુકત મહારાષ્ટ્રના પક્ષકારો મુંબઇ સંબંધે આજે એવી ભાષામાં બોલી રહ્યા છે કે જે ભાષા કાયદે આઝમ ઝીણા અને મોસ્લીમ લીગના આગેવાનો બોલતા હતા અને આપણા દિલમાં અકથ્ય વેદના ઉપજાવતા હતા. અને જયારે તેઓ એમ બોલતા સંભળાય છે કે "મુંબઇ અમને આપવું જ પડશે, નહિ તો મુંબઇની શેરી શેરીના અમે ભાગલા પાડીશું–મુંબઇનું 'બર્લીન' કરીશું, મુંબઇને સળગાવી દઇશું" ત્યારે આપણને એ ઘડિ ભ્રમ થાય છે કે આ તે પાછું હિંદુસ્તાનના પેટમાં વળી બીજું એક પાકીસ્તાન ઉભું થઇ રહ્યું છે કે શું ?

જે પ્રશ્ન આવો વૈર વિરોધ ઉભો કરી રહેલ છે તે પ્રશ્નનો નિર્ણય લાંબા સમય ગાળે ઠેલાય તો આજની ગરમી ઓછી થાય અને જયારે હજુ બીજા કેટલાક કટોકટીના પ્રશ્નોનો ઉકેલ માથા ઉપર ઝઝુમે છે ત્યારે આવા કારણસર દેશની શાન્તિ જોખમાતી અટકે એ હેતુથી પ્રાન્તોની પુનર્રરચનાનો પ્રશ્ન લાંબી મુદત સુધી મુલતવી રહે એવી માંગણી અનેક દિશાઓથી થઇ રહી છે અને સંભવ છે કે એ પ્રમાણે બને.

પણ મહારાષ્ટ્રના આગેવાનો જે પ્રકારની મનોદશાનો પરિચય કરાવી રહ્યા છે તેની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. આ રીતે આપણા દેશના અને પ્રાન્તના પ્રશ્નોનો જો વિચાર કરતા થઇશું તો પરિણામે પ્રાન્તની સર્વોપરિતા તરફ જ આપણે ઘસડાવાના. મધ્યસ્થ તંત્રને આપણા હાથે નબળું પાડવાના અને એક બાજુ એ એક સ્વતંત્ર અને સ્વાધીન પાકીસ્તાન તો છે જ અને બીજી બાજુએ કહેવાતા મધ્યસ્થ તંત્ર નીચે જેટલા પ્રાન્તો એટલાં પાકીસ્તાનો આપણે ઉભા કરવાના અને જે ઝીણા અને મોસ્લેમ લીગની આપણે એક દેશદ્રોહી વ્યકિત અને સંસ્થા તરીકે અવમાનના ચિન્તવી તે જ ઝીણાના અને મોસ્લેમ લીગના–પાકીસ્તાનવાદના–આપણે પોતે જ પુરસ્કર્તા બનવાના અને દેશના ટુકડે ટુકડા આપણા હાથે જ થવાના. હિંદીસંઘનું સૂત્રસંચાલન આજે જેમના હાથમાં છે તેઓ આ વણસતી જતી પરિસ્થિતિના હાર્દને બરોબર સમજે અને પ્રાન્તીયતાની આજે વૃદ્ધિ પામતી જતી વિકૃતિને મૂળમાંથી દાબી દેવા ઘટતા ઉપાયો જલ્દી હાથ ધરે એવી તેમને નમ્ર ભાવે પ્રાર્થના છે. પરમાનંદ

સમયના પ્રવાહમાં

જય જવાહર

પંડિત જવાહરલાલ નહેરુના ૬૯મા જન્મદિન પ્રસંગે એમને દીર્ઘાયુષ્ય ઇચ્છતાં કૃતકૃત્ય થવાય છે, અને તે અંગે 'પ્રબુદ્ધ જૈન' ના પાનાં પર નોંધ લખવાની તક પ્રાપ્ત થાય એ પણ મારા માટે આનંદની વાત છે.

પંડિતજી આજે હિન્દના પ્રથમ પુરુષ તો છે જ, કારણ કે મહાત્માજીએ એમને પોતાના વારસદાર ગણાવ્યા છે, અને તેઓ નવભારતના વડા પ્રધાનપદેથી એ વારસાને યોગ્ય રીતે દીપાવી પણ રહ્યા છે. દેશના ભાગલા પડયા ત્યારે જે કોમી હુલ્લડ ફાટી નીકળ્યું તેમ જ જે નિર્વાસિતોની મહાન હિજરત શરૂ થઇ, તે વખતે લેશ પણ મગજ ગુમાવ્યા સિવાય, હિંદુ અને મુસ્લીમ બન્ને વર્ગ માટે એક સરખો અને અદ્‌ભુત પ્રેમ દાખવીને એ દાવાનળમાંથી દેશનું જે રીતે રક્ષણ કર્યું, એ હરકોઇની પ્રશંસા માગી લ્યે એવું છે. ઉકળેલા મગજના હિંદુઓ દિલ્હીના ચાંદની ચોકમાં ભાષણ આપતા જવાહરલાલને વિરોધી સૂત્રોથી નવાજવા છતાં નથી તેમણે તેમના પ્રત્યે લાલ આંખ કરી, કે નથી તેમણે મુસ્લીમોના રક્ષણની પોતાની ફરજ પડતી મૂકી. જે કારણે ગાંધીજી જીવ્યા અને મર્યા, તે જ કારણને ચૂસ્તપણે વળગી રહીને તેમણે રાષ્ટ્રપિતાનો વારસો યોગ્ય રીતે જ દીપાવ્યો છે.

તાયફાવાળાઓ અને પાકીસ્તાની ગુંડાઓનાં ધાડાંઓ પાકીસ્તાન રાજ્યના પીઠબળ સાથે જ્યારે કાશ્મિર પર ધસી આવ્યાં ત્યારે છેક છેલ્લી ઘડીએ હિંદી સંઘનું શરણ માગનાર મહારાજા હરિસિંહને બિલકુલ તિરસ્કાર્યા વગર, કુનેહથી પ્રજાના હાથમાં સત્તા સુપ્રત કરાવી, તેમણે અતિઝડપી તૈયારી સાથે કાશ્મિરમાં લશ્કર મોકલી, કાશ્મિરની પ્રજાને ભયાનક હત્યાકાંડ અને પાકિસ્તાની શિરજોરીમાંથી બચાવી લીધી, એનો બધો યશ પંડિતજીને ફાળે જ જાય છે.

હૈદ્રાબાદની પ્રજા પરના રઝાકારોના જુલ્મો સાંભળતાં જ્યારે આપણાં હૈયાં ઉકળી જતાં હતાં, અને હિંદ હૈદરાબાદ સામે તત્કાળ યુદ્ધ જાહેર કરે એમ આપણે ઇચ્છી રહ્યા હતા, ત્યારે એમણે જણાવ્યું હતું કે 'હૈદરાબાદ સામે યુદ્ધનો કોઇ પ્રશ્ન જ નથી. તેની સામે તો કેવળ લશ્કરી પગલું જ ભરવાનું છે, અને યોગ્ય સમયે એ લેવાશે જ.' અને આપણે જોઇ શકયા કે એમણે યોગ્ય સમયે એ પગલું લીધું અને ઓછામાં ઓછી હિંસાથી વિજય મેળવ્યો.

આ બધા વિજયો અને સિદ્ધિઓ પર કળશ ચડાવે એવું પંડિતજીનું કાર્ય, એ 'યુનો'માં તેમણે તાજેતરમાં આપેલું ભવ્ય અને પ્રેરણાત્મક વ્યાખ્યાન છે. જગતના પીઢ મુત્સદ્દીઓ અને રાજપુરુષો સમક્ષ સર્વાંગસુંદર વ્યાખ્યાન આપીને એમણે હિંદની અને એના ભાગ્યવિધાતા મ. ગાંધીજીની પ્રતિષ્ઠાને અનેક ગણી વધારી અને દીપાવી છે. એ વ્યાખ્યાનમાં એમણે હિંદની પારાવાર મુશ્કેલી વિષે એક શબ્દ પણ ઉચાર્યો નથી, તેમ હિંદના દુશ્મનો માટે રોષનો એક અક્ષર પણ કહ્યો નથી. જાણે કોઇ મહાપવિત્ર ઋષિ ભાનભૂલેલાં બાળકોને ઉપદેશ આપતા હોય એમ તેમણે જગતની સત્તાઓને હિંસા, દ્વેષ અને યુદ્ધને માર્ગેથી અહિંસા, પ્રેમ અને શાન્તિને માર્ગે ચઢવા ધીર-ગંભીર વાણીમાં પ્રેરણા આપી. આ વ્યાખ્યાન વાંચતાં એમ લાગે છે કે જો ગાંધીજીને રાષ્ટ્રસંઘ સમક્ષ ભાષણ કરવાની તક મળી હોત, તો તેઓ જે કંઇ કહેત, તે જ પંડિતજીએ કહ્યું છે.

આવા એ જવાહરલાલ આ દેશના તો દીપક છે જ; પરંતુ સમગ્ર દુનિયાના પણ તેઓ દીપક છે; અને તેથી જગતને સન્માર્ગે દોરવાની તેમને તક મળે એ માટે તેઓ ઘણું ઘણું જીવે, એ જ ઇશ્વર પ્રત્યે પ્રાર્થના છે.

હિંદનું બંધારણ

ડો. આંબેડકરની સમિતિએ હિંદના રાજ્યબંધારણનો ખરડો બંધારણ સભા સમક્ષ પેશ કરી દીધો છે. એની જે વિગતો સાર રૂપે વર્તમાનપત્રોમાં રજુ થઇ છે, અને ડો. આંબેડકરે એ ઉપર પોતાનું જે મંતવ્ય રજુ કર્યું છે, તે જોતાં એમ કહી શકાય કે એ બંધારણ ઠીક વિચારપૂર્વક ઘડાયું છે; અને છતાં તેમાં કેટલીક ક્ષતિઓ પણ રહી ગઇ છે. એમાં મધ્યવર્તી સરકારને અપાએલી સત્તાઓ કેન્દ્રને મજબૂત બનાવે છે જ, અને એ જરૂરનું પણ છે. પરંતુ લોકશાહીની દૃષ્ટિએ પ્રાન્તોને તે પૂરી સ્વતંત્રતા ભોગવી શકે, એવી જે તક મળવી જોઇએ તે કેન્દ્રને મજબૂત કરવા જતાં નથી મળતી, એ એક ક્ષતિ છે. બંધારણને એટલું સ્થિતિસ્થાપક બનાવવામાં આવ્યું છે કે આંતરિક અવ્યવસ્થા કે યુદ્ધ પ્રસંગે કેન્દ્ર આખા દેશનું યોગ્ય રક્ષણ કરી શકે.

પ્રાન્તોના ગવર્નરોને પણ જે સત્તા આપવામાં આવી છે, તેથી પણ લોકશાહીનો સિદ્ધાંત પૂરેપૂરો જળવાતો નથી, કારણ કે તેમાં ગવર્નર સરમુખત્યાર બની શકે એવી જોગવાઇ રહેલી છે. પુખ્તમતાધિકારના ધોરણે પ્રજાએ જ ચૂંટેલો ગવર્નર હોવો જોઇએ અને પ્રધાનોની સલાહને એ અવગણી ન જ શકે, એવું બંધારણ હોવું જરૂરી છે.

દેશી રાજ્યોને કે રાજ્યસંઘોને અલગ અસ્તિત્વની હવે કોઇ જરૂર નથી અને રાજવી સમિતિઓ અને રાજપ્રમુખોની પણ હસ્તી કોઇ કામની નથી. એટલે આ રાજ્યોને પ્રાન્તોને ધોરણે મૂકી દેવાનું ડો. આંબેડકરનું સૂચન વ્યાજબી અને સમયસરનું છે. બ્રિટિશોના ગયા પછી હજુ ટકી રહેલા પીળા હિંદનું અસ્તિત્વ હવે બીનજરૂરી છે, અને તેથી હીંદી સંઘની એકતા જળવાઇ રહે તે માટે પ્રાન્તોના ધરજમા પર દેશી રાજ્યો અને રાજ્યસંઘોને મૂકી દેવા જોઇએ.

ડો. આંબેડકરે ગામડાની પ્રતિષ્ઠા પર જે પ્રહારો કર્યા છે, અને ગ્રામપંચાયતની રચના સામે જે વિરોધ દર્શાવ્યો છે, એમાં એમણે ભારે ભૂલ ખાધી છે એમ હરકોઇ હિંદીને લાગ્યા વિના નહિ રહે. પૂ. મહાત્માજીએ ગામડાના ઉદ્ધારમાં જ હિંદના ઉદ્ધારની કલ્પના કરી છે, અને સત્તાનું ઉદ્‌ભવસ્થાન ગામડું જ હોવું જોઇએ એમ માન્યું છે. હિંદની દુર્દશા માટે ગામડાને જવાબદાર ગણવામાં ડો. આંબેડકર ભીંત જ ભૂલ્યા હોય એમ લાગે છે. બ્રિટિશ અમલ દરમ્યાન ગામડાને ભૂલાયાં છે. ગ્રામ ઉદ્યોગો તૂટી ગયા છે. ગ્રામ પ્રજાને કેળવણીથી વંચિત રાખવામાં આવી છે અને એની સમૃદ્ધિ બ્રિટિશ અર્થતંત્ર નીચે લૂંટાઇ ગઇ છે એ ન ભૂલવું જોઇએ. ગ્રામપંચાયત વિનાના સ્વરાજની કલ્પના કરવી જ મુશ્કેલ છે. વળી ગામડાની મહેસુલ સરકારી તિજોરીમાં જમા થાય, અને પછી સરકારી ઉચ્ચ વહીવટ અને શહેરોના વિકાસના ખર્ચમાંથી બાકી રહેતી નાની રકમ ગામડાને મળે, તેમાં ગામડાનો ઉદ્ધાર થઇ શકે નહિ. ખરું જોતાં ગામડાની ઉપજમાંથી અમુક જરૂરી હિસ્સો ગામડામાં જ રાખીને વધારાની ઉપજ સરકારી તિજોરીમાં જવી જોઇએ; અને તેમાંથી જ સરકારે પોતાના વહીવટ અને શહેરી વિકાસ માટે કરકસરથી ખર્ચ કાઢવું જોઇએ. આમ કર્યા વિના ગ્રામવિકાસ થઇ શકવાનો નથી, અને તે વિના સાચું સ્વરાજ આવવાનું નથી. **જડુભાઇ મહેતા.**

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈન ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી અથવા તો મને કે વૈદ્યકીય રાહત સમિતિના સભ્યો જેમના નામ તા. ૧-૪-૪૮ ના પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ કરવામાં આવ્યા છે તેમનામાંથી કોઇને મળવું.

જયંતિલાલ લલ્લુભાઇ પરીખ
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

પ્રવેશ અને વિદાય

[હિંદ 'ગાંધી બાપુ' એ નામના કવિવર શ્રી અરદેશર ફ. ખબરદારના કાવ્ય સંગ્રહમાંથી નીચેનું એક કાવ્ય નમુના રૂપે અહિં સાભાર તેમ જ સાદર ઉધ્ધૃત કરવામાં આવે છે. અને તે આશા સાથે કે, આ કાવ્ય વાંચીને 'ગાંધી બાપુ' વસાવવા વાંચકો જરૂર પ્રેરાશે. તંત્રી.]

રજતનાવિસાગરે કનકના બેટશી
હિન્દની ભૂમિ સર્વત્ર શોભે,
જગતના રાજવી કંઇક ઉતરી પડી
લૂંટવા ઉર ચહે રિદ્ધિ લોભે;
માતનાં હાડ ને ચામ બાકી રહ્યાં,
નહીં રહ્યું નૂર ત્યાં કોઇ વાતે;
ગંજના ગંજ પરદેશ ઉમડી ગયા,
ને રહ્યાં બાળ જોગી જમાતે! ૧

ખેડુનાં અન્ન ખૂટી ખળામાં ગયાં,
બાય સૌ રંક એ એક ટંકે;
અંગ પૂરાં ન ઢાંકી શકે વસ્ત્રથી,
અર્ધનંગા થઇ રહેવું રંકે;
દેશદોલત જતી કાચી પરદેશમાં
નવરૂપે પામવા અધિક મૂલ્યે;
સર્વ સુખસાધનો સહ સ્વગાને ગયું,
રહી ગુલામી પશુપ્રાણી તુલ્યે. ૨

સ્નેહનો વિશ્વઆદર્શ ભૂલ્યા બધા,
દ્વેષ ને ક્રોધમાં લોક રાચ્યા;
ધર્મનામે થતા રોજ ઝગડા અને
દુષ્ટની બંસીએ સર્વ નાચ્યા;
રોજને રોજ આત્મા જતો ગબડતો
કાળના પૂર સાથે વહંતો;
પૃથ્વીના સ્વર્ગ જેવો હતો દેશ, તે
લાગતો ઘોર જેવો ધગંતો. ૩

રામમોહન, દયાનંદ સ્વામી ગયા,
ને ગયા સર્વના પૂજ્ય દાદા;
સિંહશા શૂર શ્રીરામજશાહે ગયા,
ને ગયા ગોખલે સૌમ્ય સાદા;
લાલ ને પાલ, ને પાલ ગરજી ગયા,
ગોઝ, બેઝંટ, સુરેન્દ્ર, વાચ્છા;
મેઘ સૂતો ગજાવી મૂકે વીજૂ, ત્યમ
સૌ ગયા જગવીને હિન્દલાંછા! ૪

તોય ના હિન્દની ઊંઘ પૂરી ઊડી,
તોય ના હિન્દનો આત્મ જાગ્યો;
તોય ધિક્કાર પરદેશીઓનો સુણી
અંતરે ડંખ એને ન લાગ્યો;
સેંકડો વર્ષની એ ગુલામી તણા
જાદુની છાય મન મિષ્ટ માથાં;
કેમ એ મોહ મટશે કદી મનવંકી?
જાંગલા બની ગયા હિન્દ જયા! ૫

સાહસિક કંઇક પુત્રો ગયા માતના
દૂર પરદેશમાં જીવન રળવા,
સિંધુથી ઉહતા વાહળાં વ્યોમમાં
સરકતા દિશાદિશે જય ભળવા;
માતની આબરૂ, માતનો ટેક ને
માતનું હીર જ્યાં ત્યાં હણાતાં:
હિન્દના પુત્રને હિન્દમાં હીનતા,
તો વિદેશે પડે તીર તાતાં! ૬

પણ હશે, હિન્દના ભાગ્યનું હાલવું,
તો ઉષા, જોઇ ઊગાતી દિગંતે,
હિન્દના કંઇક પુત્રો પ્રયત્નો કરી
બંધનો તોડતા તંત તંતે:
નહિ ગુલામી જતી હિન્દને છોડીને,
ક્રૂરતા ભોગ લેતી ન અટકે;
કાળ પાક્યો છતાં જળ નહિ તૂટતી
બોલી બોલી બધા શીશ પટકે. ૭

પણ અહો! હિન્દનાં ભાગ્ય કેવાં હશે
કે અહીં એક નરવીર પાક્યો,
સંયમી તે વિરલ પુત્ર ગુજરાતનો
સંત શો શુદ્ધ સર્વત્ર આંક્યો!
દેશના પુત્ર પરદેશ જઇ જે વસ્યા,
તે બધાને ગયો પ્રથમ રહાવા;
દુઃખ ને કષ્ટ સત્યાગ્રહે વેઠીને
સિદ્ધ કીધા મનુજ આત્મદાવા. ૮

કૈંક અપમાન નુકસાન લીધાં સહી;
માર ને કેદ પણ સહન કીધાં;
થઇ ડગેડગ પરેશાન પરદેશનાં
હિન્દને કાજ બ્રિષમાન પીધાં;
સત્યને કાજ એવી અચળ અડગતા
દેખતાં તુંદ ગોરા મુંઝાયા,
વીસ વર્ષો સુધી લડત એણે લડી
કીધ ઔરવભર્યા હિન્દ જાયા! ૯

દેશપરદેશમાં ખ્યાતિ પામી પછી
વીર એ સપુત નિજ દેશ આવ્યો,
કૈંક સત્યાગ્રહોની લડત જીતીને
હિંદનો કીર્તિ ડંકો બજાવ્યો;
વન ભલે હોય ભાયું સેંકડો પશુથી પણ
શેર એક જ કરે ફેર ભારે,
અગિતનુખો પડી ઘાસની ગંજીમાં
બાળી દે ઘાસ સઘળું ઝગારે. ૧૦

જોતજોતાં બધો દેશ ખભળી ઉઠ્યો,
ઉધ ખંખેરી નાખી સમૂણી,
નગર વન ગામમાં લોકજુવે રહ્યું
ગાંધી બાપુ તણું નામ ઝૂલી;
લાખ તારા ઝગે વ્યોમ વેરાઇને,
ચંદ્રની ચાંદની તે ન પૂરે;
હરિતના પાદમાં સર્વ પગલાં શમે,
સર્વ નેતા શમ્યા બાપુ નૂરે! ૧૧

વિશ્વયુધ્ધે બધું વિશ્વ ધૂણી ઉઠ્યું,
પ્રખર વંટોળિયો હિન્દ ફૂંક્યો;
આવી આખર પળો; 'હિન્દમાંથી ટળો'!
એ મહા મંત્ર જન પાસ મૂક્યો;
રાજકર્તા ઉરે ઝેર એનું ચઢ્યું
બાપુસહ કેદ કીધા હજારો:
દેશ આખો ફરી ખૂબ ધધણી ઉઠ્યો
રાજસત્તા જુએ કોણ ન આરો. ૧૨

પણ હશે હિન્દનાં ભાગ્ય બંધૂરાં હજી
કે બન્યો તીવ્ર ગૃહક્લેશ જ્વલતો,
હિન્દુ મુસ્લિમ તણી પાંખ બે હિન્દની,
દુષ્ટ ગજગ્રાહ તેનો ન ટળતોઃ
બાપુએ વિષ્ઠિ કંઇ કંઇ કીધી ફળથકી
પણ ન એ ગ્રાહ કો રીત છૂટ્યોઃ
આગમાં ઇન્ધનો જાય પરકર પડ્યાં,
ત્યાં ન ભડકાતણો ભેદ તૂટ્યો. ૧૩

ભાઇભાઇ હૃદયભાવ ભૂલી ગયા,
સાવ ભૂલી ગયા સ્નેહ સાચો;
ઝેરવેરે બની દુષ્ટ ડૂલી રહ્યા,
તોડતા એક પ્રભુતંત કાચો;
મસ્તકે ભૂત ચઢ્યો રાજસત્તા તણો,
ઊતર્યો ઊતરે તે ન ચતેઃ
માતનાં હાડ ધ્રૂજ્યા રુધિરરંગથી,
ને કપાઇ ગયાં અંગ અંતે. ૧૪

રાજદ્વારી પડા હિન્દુ મુસ્લિમ ભળ્યા,
ગાંધીજીએ ઘણી ગોહ કીધી;
એક આ ભૂમિમાતા તણા પુત્ર સૌ
સંપમાં રાખવા શીખ દીધી;
પણ ઉપર પાપ જૂનાં તરી આવતાં
ભાવિએ ભાગ ભજવ્યો ભમાવીઃ
માતના હૃદયના ભાંગલા ત્યાં થયા,
ને રહ્યા બાપુ નિજ શિર નમાવી! ૧૫

ઓગણીસેં ઉપર વર્ષ સુડતાલીશે
માસ આગસ્ટ દમપાંચ રોજે
હિન્દમાં આથમ્યું રાજ્ય આંગ્રેજનું,
ને થયા હિન્દી આઝાદ મોજે;
રાગને રંગમાં, અકથ આનંદમાં,
ઉજવ્યો દિવસ એ હિન્દ દેશેઃ
એક બાપુ રહ્યા પાક ઉપવાસમાં
પ્રાર્થતા પ્રભુ પરમ દીનવેશે. ૧૬

જે હતો સૂક્ષ્મ બંધુત્વ સંબંધ તે
દેશને ભાંગતાં સહ જ ભાંગ્યો;
રંગનો ભંગ ત્યાં જોતજોતાં થયો,
દ્વેષનો ભૂત સૂતેલ જાગ્યોઃ
બાળ-અબળા તણા જે હતા રક્ષકો
તે જ ભક્ષક બન્યા ક્રૂરતાથી;
થઇ ખરાબી અને કતલ લાખો તણી
વતન છોડી ગયા વતન સાથી. ૧૭

ભાઇ-ભાંડુતણી કતલ એ નિરખતાં
બાપુનું હૃદય ત્યાં કંપી ઉઠ્યું,
કૈંક નગરે અને ગામડે ઘૂમતા
જઇ બધે સ્નેહનું નામ ઘૂંટ્યું;
હિન્દુ મુસ્લિમ અન્યા ભિન્ન નિજ ભાવમાં,
ધર્મ ને કોમના ભેદ ભાળ્યા;
હૃદય ને નગરનાં ખંડિયેરો થયાં,
બાપુએ તોય સૌને ઉજાળ્યા. ૧૮

દ્વેષના સૂરમાં દ્વેષ ફરી પૂરતાં
વાધશે દ્વેષ લાખો ગણો તે;
નહિ જ પ્રભુજન સુજન કોઈ એવું કરે,
સુજન તો સ્નેહ સૂરો જ ગોતે;
ખાનદાની જનો ખાનદાની જ રહે,
શિષ્ટતા દુષ્ટતા ને નિવારે;
છો ધ્રુવડ જીવતું રજનિ અંધારમાં,
ગરૂડ રવિ પ્રતિ જ પાંખો પ્રસારે ! ૧૯

બાપુનો સ્નેહ તો આભ જેવો હતો,
બાપુના સ્નેહની કો ન સીમા;
હિન્દુ મુસ્લિમ ન શું સર્વ હિન્દી હતા–
હિન્દ ભૈયાની એ સૌ પ્રતિમા ?
જે કુયુધ હિન્દુઓએ આછુતો કીધા,
તે જ ફરી મુસ્લિમોને કનડતા;
દેશની દુર્દશા લાવવા હિન્દુઓ
શું ફરી કોમી ધિક્કાર ઘડતા ? ૨૦

દુષ્ટ આ જગતને પ્રભુપથે પાડવા
કૈંક પેગમ્બરે જન્મ લીધા,
જગતના દુઃખ શિર પર વહોરી લઈ
ઝેરના મૃત્યુ પ્યાલા ય પીધા;
હિન્દુઓને નવા પાપથી વારવા
બાપુએ હોડમાં જીવન કાઢ્યું;
મુસ્લીમોને અભયદાન દેવાડવા
શસ્ત્ર ઉપવાસનું ત્યાં ઉપાડ્યું ! ૨૧

દેશ આખો ઉકળતો થયો પલકમાં,
સિન્ધુ તોફાનમાં જેમ ઘૂમે;
હિન્દુ મુસ્લિમ તણા કૈંક નેતા ગળ્યા,
હૃદયને ખોજતા શિર ઝઝૂમે;
બાપુની માગણી સર્વ સ્વીકારીને
મુસ્લીમોને અભયદાન આપ્યું:
બાપુના એમ અપવાસ છોડાવીને
બાપુ ને દેશનું કષ્ટ કાપ્યું. ૨૨

પણ ફરી હિન્દનું ભાગ્ય હીણું હશે,
કે હશે ભાવિના લેખ એવા,
હિન્દુના એક વર્ગે વધ્યું વેર ને
ઠેરવ્યું બાપુના પ્રાણ લેવા:
નહિ બદી સ્નેહની શક્તિ સાંખી શકી,
નહિ હઠ્યો સ્નેહ પ્રભુકાર્ય ઠેલી:
કર્મ ને કૃત્ય નિજ ભાળ રહે ગૂથતાં,
ને રહ્યો કાળ વિધિ ખેલ ખેલી ! ૨૩

મૃત્યુના દૂત દુષ્ટોતણા વેશમાં
ઘૂમતા બાપુની આસપાસે:
કો મહારાષ્ટ્રી બ્રાહ્મણતણા દેહમાં
તે વસી દુષ્ટ નિજ તક તપાસે:
એક દિન પ્રાર્થનાસ્થાન પર આવતાં
બાપુની સ્નેહમૂર્તિ નમોલી
પલકમાં ગઇ વીંધાઇ અગનગોળીથી–
ને પડ્યા બાપુ ત્યાં 'રામ' બોલી ! ૨૪

ઓગણીસેં ઉપર વર્ષ અડતાલીસે
ફારમી ત્રીશમી જન્યુઆરી,
સાંજના પાંચ વાગ્યા પછી દસપળે
હિન્દ પર ઊતરી વિપત કારી:
પ્રાર્થના કાજ લોકો અધીરાં બની
વાટ જોતાં ઊભાં બાપુ કેરી;
બાપુએ વંદવા હાથ જ્યાં ઊંચકયા,
વાગી ત્યાં ઘોર શી કાળભેરી ! ૨૫

શું થયું પલકમાં કાંઇ સમજાય નહિ–
કાળ આ નીકળ્યો કયાંથી ફૂટી ?
બાપુના હૃદયથી રૂધિરધારા વહે,
ને રહે મેદની શીશ કૂટી:
સંતના પ્રાણને લઇ ફિરસ્તા ગયા,
ને રહ્યાં જીવવા અધમ પાપી:
બાપુજીને હણ્યા હિન્દના હિન્દુએ
ને રહ્યું જગત એ જોઇ કાંપી ! ૨૬

બાપુએ માગ્યું તે તો મળ્યું બાપુને–
વીરનું મૃત્યુ સામે મુખે આ !
જગતને કાજ નિજ પ્રાણને અર્પવા
તે શહીદી ય પામ્યા સુખે આ !
ઊર્મિ પાછી સમાઈ ગઇ સાગરે
મોતીની છોળ સર્વત્ર છાંટી:
કાળનું કાર્ય દુષ્ટે ઉકેલી દીધું
રે રહી હિન્દને ભાગ્ય આંટી ૨૭

ક્યાં ગયા ગગનશણગાર રે સૂર્યના ?
ક્યાં ગયા વાયુ પ્રભુગાન કરતા ?
ક્યાં ગઈ પૃથ્વીની સર્વ લીલા મરી ?
ક્યાં ગયાં સિન્ધુ શબ્દો ઉભરતા ?
ક્યાં ગયા જ્યોતિનાં ઝરણ રસ પૂરતાં ?
ક્યાં ગઇ મહેર પ્રભુની અનેરી ?
સંત પગલાં ગયાં રે સરી જગતથી
ને રહી દુષ્ટતા પાપ ઘેરી ? ૨૮

વર્ષ લાખો થયાં દેવવાતો કરે,
માનવે તોય પરાતા ન છોડી;
સત્ અસત્ની સમસ્યા ઉકેલે ઘણી,
તોય હિંસા શકે એ ન તોડી;
જ્ઞાન વિજ્ઞાનનું ગાન જીભે વસે,
નહિ વસે સ્નેહનું સત્ય પૂરું:
સંતનું રુધિર પી જાણ્યું એ માનવે,
ને રહ્યું સત્ય દર્શન અધુરું ? ૨૯

સર્વદા સંત પેગમ્બરો આવતા
માનવી હૃદય પ્રભુજ્યોતિ ભરવા,
સત્ય ને સ્નેહના પુણ્યભર પંથમાં
દ્વેષના કંટકો દૂર કરવા:
જ્યાં સુધી સ્નેહથી સ્વાર્થ નહિ દાઝતો,
ત્યાં સુધી જ સંતને પૂજશે શું ?
બાપુ શા સંતને એ જ સ્વાર્થે હણ્યા;
જગત અસતે જ નિત ઝૂઝશે શું ? ૩૦

સરસ્વતી માત ! વીણા ફરી લ્યો કરે !
સૂર છોડો કરુણ અંગુલિએ !
આજ પ્રભુને ફરી છેહ દીધો અરે
અજ્ઞ આ માનવી પંગુજીએ !
છો ન નાચે કલાકાર તમ મોરલો !
બાપુ વિણ છે કળા યે રહી શી ?
મેહુલા મોરલા મૂશળધારે રડે,
કરુણતાની કથા આ વહી શી ! ૩૧

સરસ્વતી માત ! વીણા બજાવો ફરી !
આજ નહિ વાયુ બંસી બજાવે;
આજ તો આભના હાથ હેઠે પડ્યા,
સૂર્યનો તંબૂરો કોણ લાવે ?
આજ ધ્વનિઓ અગમ અંતરે આથડે,
કંઠમાં છે પડ્યા તીવ્ર કાંટા:
માત ! વીણા બજાવો ફરી એવી કે
ઉર સહે કર્મના ક્રૂર કાંટા ! ૩૨

સરસ્વતી માત ! વીણા બજાવ્યે રહો !
તારતારે ભરી સુર જળતા !
રજનિના તારલા આંસુ ઝરતા સુણે
ગાન તમ કરુણ, અમ શોક ભળતાં:
જગતની કરુણતા કૈંક કરવા કમી
સંત અમ બાપુ આવ્યા—સિધાવ્યા:
માત ! વીણા બજાવો, સુણાવો ફરી
બાપુના સુર કો ત્યાં સમાવ્યા ! ૩૩

અરદેશર ફ. ખબરદાર.

પંડિત લાલન પરણેલા હતા કે નહિ?

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પંડિત લાલનનો તા. ૧૯-૬-૪૮ના રોજ સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે તેમના આજસુધીના જીવનની ટુંકી રૂપરેખા જણાવવી જોઇએ એ હેતુથી સન્માન સમારંભ પહેલાં હું તેમને મળેલો અને તેમને પ્રશ્નો પૂછી પૂછીને મેં જે વિગતો એકઠી કરેલી તે સારરૂપે સન્માન સમારંભ પ્રસંગના વક્તવ્યમાં મેં રજુ કરી હતી અને તે તા. ૧-૭-૪૮ના 'પ્રબુધ્ધ જૈન'માં પ્રગટ થઇ હતી. આ વાંચીને કોઇ એક મિત્રે મને પૂછ્યું કે "પંડિત લાલનના જીવનની જે રૂપરેખા તમે તે પ્રસંગે સંભળાવી હતી તે હું વાંચી ગયો અને મને ગમી, પણ એ વાંચતાં મને પ્રશ્ન થયો કે "પંડિત લાલન પરણ્યા હતા કે નહિ ?" આ પ્રશ્ન સાંભળીને મને મારા પોતાના વિષે જ ભારે આશ્ચર્ય થયું કે પંડિત લાલન ગૃહસ્થાશ્રમી હતા એ તો મને ખબર હતી જ, તો પણ આ વિષે ન તો પંડિતજીને પૂછવાનું મને યાદ આવ્યું કે ન તો તે સન્માન પ્રસંગે બોલતાં આવી મહત્ત્વની બાબતનો કોઇ પણ ઉલ્લેખ કરવાનું મને સુઝ્યું. આમ હોવાથી તેમના જીવનની વિગતોની પુરવણી રૂપે આટલું જણાવવાની જરૂર લાગે છે કે પંડિત લાલનનું લગ્ન તેમની ૧૪ વર્ષની ઉમ્મરે થયું હતું, જ્યારે તેમનાં પત્નીની ઉમ્મર ૧૩ વર્ષની હતી અને ૩૫ વર્ષની ઉમ્મરે તેમણે બ્રહ્મચર્યવ્રત (જેને જૈન પરિભાષામાં ચોથું વ્રત કહે છે) અંગીકાર કરેલું અને ૬૧ વર્ષની ઉમ્મરે તેમના પત્નીનો સ્વર્ગવાસ થયેલો. અને આજે પંડિતજીને ૯૧ મું વર્ષ ચાલે છે. તેમનું દંપતીજીવન સુખી, સંયમી અને સાદું હતું અને તેમની અખંડ જીવન સાધનાને અનેક રીતે પોષક અને પરિપૂરક હતું. આ હકીકત પંડિતજીના જીવનની ભવ્યતામાં ઓર વધારો કરે છે. આ જીવતી જાગતી ધર્મમૂર્તિને આજે આપણાં પુનઃ વન્દન હો !

પરમાનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૦
અંક : ૧૫

મુંબઈ : ૧ ડીસેમ્બર ૧૯૪૮ બુધવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

જૈન ધર્મની રક્ષા આ રીતે થઈ શકે ખરી ?

સૌરાષ્ટ્રમાં ફરી એકવાર જૈન ધર્મની રક્ષાનો પ્રશ્ન સ્થાનકવાસી સમાજમાં ઉપસ્થિત થયો છે. સૌરાષ્ટ્રના પ્રદેશમાં તેરાપંથી સાધુઓના થયેલા આગમનથી ચોંકી ઉઠીને કેટલાક સ્થાનકવાસી જૈન આગેવાનો ખૂબ જ વિહ્વળ બની ગયા છે, જૈન ધર્મ સામે મોટી આપત્તિ આવી પડવાનો ભય તેમના મનમાં ઉભો થયો છે, અને તેને નિવારવા માટે સંગઠન, જાગૃતિ, પ્રચાર વગેરે ઉપાયો શોધવા તેઓ બહાર પડયા છે. સ્થા. જૈન સાધુ-સાધ્વીઓ પણ કામે લાગી ગયા છે, સૌરાષ્ટ્રમાં સંમેલનો ભરાઈ રહ્યાં છે, પત્રિકાઓ જોસભેર નીકળી રહી છે, સ્વયંસેવક દળો રચાઈ રહ્યાં છે, અને મુંબઇની અખિલ હિન્દ શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સને પણ આ 'ધર્મયુદ્ધ' માં ઘસડવામાં આવી છે.

કુસંપનાં બીજ

આ પહેલાં પણ થોડા વર્ષ પૂર્વે સ્થા. સમાજના વિદ્વાન અને માનનીય ગણાતા શ્રી. કાનજી મુનિએ મુહપત્તીત્યાગ દ્વારા જ્યારે સ્થાનકવાસી સંપ્રદાયનો ત્યાગ કર્યો ત્યારે અને પછી જ્યારે તેમણે સાચા માનેલા દિગંબર જૈન સંપ્રદાયના સિદ્ધાંતોનો પ્રચાર શરૂ કર્યો ત્યારે પણ સૌરાષ્ટ્રનો સ્થાનકવાસી સમાજ ચોંકી ઉઠયો હતો. અને કેટલાક આગેવાનોએ શ્રી. કાનજી મુનિનાં વિચારો સામે અભેદ્ય દુર્ગ રચવાની મિથ્યા કોશીશ કરી હતી. પરિણામે ચૂસ્ત સ્થાનકવાસીઓ અને શ્રી. કાનજી મુનિના અનુયાયીઓ વચ્ચે સારો એવો જંગ મંડાયો હતો. કલેશ અને કુસંપનાં બીજ સ્થા. સમાજમાં રોપાયાં હતાં, કેટલાક ઝગડા અદાલતને દ્વારે પણ જઇ પહોંચ્યા હતા, અને સ્થા. જૈનોની અખિલ હિન્દ સંસ્થા કોન્ફરન્સ પણ સૌરાષ્ટ્રના સંકુચિત મનોદશામાંથી પ્રગટ થયેલા રાગ-દ્વેષના જંગમાં ઘસડાઇ આવી હતી. શ્રી. કાનજી મુનિ પોતાનો પ્રવાસ પૂરો કરી જ્યારે ફરી પોતાના નિવાસસ્થાન સોનગઢમાં પાછા ફર્યા ત્યારે જ આ જંગ શાન્ત પડયો હતો.

ઝાલાવાડને મોરચે

હવે ફરીને તેરાપંથી સાધુઓના સૌરાષ્ટ્રમાં આગમન સાથે રણદુંદુભી ગાજવાં શરૂ થઇ ચૂકયાં છે, અને કોન્ફરન્સે તેના એક આગેવાન શ્રી. ખીમચંદભાઇ વોરા મારફત આ 'ધર્મયુદ્ધ'માં ઝૂકાવ્યું છે. તેમના પ્રમુખપદે જંગના મુખ્ય મોરચા જેવા ઝાલાવાડમાં તેરાપંથ વિરોધી એક સંમેલન પણ ભરાઇ ગયું છે, અને અંદરના પ્રહારોથી સ્થાનકવાસી સંપ્રદાયને બચાવવા માટે એક 'સ્થા. જૈન ધર્મ રક્ષક સમિતિ'ની સ્થાપના પણ થઇ ચૂકી છે.

પહેલો જંગ

મને યાદ છે ત્યાં સુધી ઘણાં વર્ષ અગાઉ પણ એક વખત જ્યારે કેટલાક સ્થાનકવાસી જૈનોએ શ્રીમદ્ રાજચંદ્રના આધ્યાત્મિક પત્રોના ગ્રંથનું સમૂહવાચન શરૂ કરેલું ત્યારે પણ આવી જ કોઈ ચળવળ શરૂ થએલી, અને તેમાં સ્થાનકવાસી સાધુઓએ ઠીક ઠીક ભાગ લીધેલો. એક આચાર્યની પ્રેરણાથી અમુક સ્થળોએ આ ગ્રંથને બાળવામાં આવ્યાની વાત પણ બહાર આવેલી.

સંપ્રદાયચુસ્તોનો ભય

સૌરાષ્ટ્રના સ્થાનકવાસી જૈનો ઉપરનું આ રીતે આ ત્રીજું આક્રમણ છે; અને હવે પણ જો સ્થાનકવાસીઓ જાગૃત અને સંગઠિત બની આ તેરાપંથીઓના આક્રમણનો સામનો નહિ કરે, તો સ્થાનકવાસી 'ધર્મ'ના અનુયાયીઓની સંખ્યામાં ઘટાડો થઇ જશે, અને ભોળા અણસમજુ શ્રાવક-શ્રાવિકાઓનું ભારે પતન થઇ જશે, એવો ભય ત્યાંના કેટલાક ધર્મચૂસ્ત-સંપ્રદાયચૂસ્ત-આગેવાનોને લાગ્યો છે. એટલે તેમણે પોતાની બુદ્ધિ અનુસાર પ્રયાસો શરૂ કર્યા છે, અને હર વખતની પેઠે આ વખતે પણ અખિલ હિંદ સ્થા. જૈન કોન્ફરન્સની સહાય માગી છે. ઉપર કહ્યું તેમ કોન્ફરન્સના એક આગેવાન શ્રી. ખીમચંદભાઇએ આ પ્રવૃત્તિની આગેવાની પોતાના હાથમાં લઇને કોન્ફરન્સને પણ આ ઝગડામાં સંડોવી છે.

મારી ફરજ

આમ જ્યારે ફરીને એક વધુ વખત સૌરાષ્ટ્રમાં આંતરકલેશનાં ફિરણો ડોકિયાં કરી રહ્યાં છે, અને કોન્ફરન્સને પણ તેમાં હોમવાનો પ્રયાસ થઇ ચૂકયો છે, ત્યારે એક સૌરાષ્ટ્રવાસી તરીકે, સ્થાનકવાસી કોન્ફરન્સના સભ્ય તરીકે અને જૈન યુવક પ્રવૃત્તિના અંગભૂત તરીકે કેટલુંક સ્પષ્ટ વકતવ્ય કરવાની મારી ફરજ હું સમજું છું.

અને અધિકાર

મારૂં મન્તવ્ય રજુ કરતાં પહેલાં મારે એ સ્પષ્ટ કરવું જોઇએ કે હું ધર્મચૂસ્ત સ્થાનકવાસી જૈન પિતાનો પુત્ર છું, જૈન ધર્મનો અને સ્થાનકવાસી આચાર-વિચારોનો મેં શ્રદ્ધા અને પ્રેમપૂર્વક ઠીક ઠીક અભ્યાસ કરેલો છે, અને સમાજવાદી હોવા છતાં પણ સ્થાનકવાસી સમાજ સાથે મમતાપૂર્વક જોડાએલો છું. સ્થાનકવાસી સમાજમાં અને તે પણ મારા સૌરાષ્ટ્રમાં જ્યારે કલેશ-કંકાસનું વાતાવરણ ફરી ઉકળી ઊઠયું છે, ત્યારે મને અપાર દુઃખ થાય છે, અને તેની વેદનાથી આ કલમ ચાલી રહી છે. શ્રી. કાનજી મુનિ પ્રકરણ કે આ પહેલાંના તેરાપંથી પ્રકરણમાં હું કદી એક યા બીજા પક્ષે ઝુકયો કે ઝૂકયો નથી. બેમાંથી કોઇ પક્ષની તરફદારી કે વિરોધ કર્યો નથી, પરંતુ બન્ને પક્ષોની પ્રવૃત્તિઓનો નિર્લેપ સાક્ષી રહ્યો છું. એટલે આજે કંઇપણ તટસ્થભાવે કહેવાનો મને અધિકાર છે, એમ હું માનું છું.

ભૂલભરેલી કલ્પના

પ્રથમ તો એક વસ્તુનો આપણે સ્વીકાર કરવો જોઇએ કે સ્થાનકવાસી એ ધર્મ નથી, પણ સંપ્રદાય છે, મહાવીરપ્રણીત જૈન ધર્મની એક પ્રશાખા છે. એટલે સ્થાનકવાસી સંપ્રદાય એ જ એક પ્રભુ મહાવીરનો સાચો અનુયાયી વર્ગ છે અને બાકીના જૈન સંપ્રદાયો જૂઠા છે, એમ કલ્પવું એ યોગ્ય નથી. તે જ રીતે શ્વેતાં-

બર મૂર્તિપૂજક, દિગંબર કે તેરાપંથી એમ માને કે અમે જ મહાવીરના સાચા અનુયાયીઓ છીએ અને ઇતર જૈન સંપ્રદાયો જૂઠા છે, એમ માનવું પણ ભૂલભરેલું છે.

જૈન—અનેકાન્ત માર્ગી છે.

બીજી એક વસ્તુ આપણે કદી ન જ ભૂલવી જોઇએ કે જૈન સિદ્ધાંત કેવળ એકાન્તમાર્ગી નથી, પણ સ્યાદ્વાદ અનેકાન્ત માર્ગી છે. જૈન કોઇ વસ્તુને એક જ દિશાએથી જોઇ ન શકે. નય અને નિક્ષેપાનું સ્વરૂપ સમજીને જુદી જુદી દિશાએથી એ જોઇ શકે. દરેક દિશાએથી નિરીક્ષણ કર્યા વિના સત્યને સમજી શકાય નહિ.

નિશ્ચય અને વ્યવહાર

જૈન દ્રવ્યાનુયોગમાં હંમેશાં નિશ્ચય અને વ્યવહાર એ બે દૃષ્ટિએ દરેક તત્ત્વોને કહેવામાં આવ્યાં છે. તેમાંની એક જ દૃષ્ટિને પકડીને જે વાત કહેવામાં આવે તે જૈન દૃષ્ટિની હોઇ શકે નહિ. જૈન સિદ્ધાંતોનું આ અમૂલ્ય સ્વરૂપ વિચારીને જ દરેક મતભેદના પ્રશ્નને વિચારવો જોઇએ.

ક્રિયા અને કર્મ

સ્થાનકવાસી તેમ જ મૂર્તિપૂજક સંપ્રદાયમાં ક્રિયા અને ભક્તિનું મહત્વ વધુ આંકવામાં આવ્યું છે. દિગંબર તેમ જ કાનજી મુનિના સંપ્રદાયે જ્ઞાનનું મહત્વ વધુ આંકયું છે, જો કે શ્રી કાનજી મુનિ ક્રિયાને છોડીને માત્ર જ્ઞાનને વળગી રહ્યા નથી, પણ જ્ઞાન સાથે મેળ ન ખાય એટલી હદે ભક્તિની આરાધના તરફ ઘસડાઈ ગયા છે. શ્વેતાંબરો **જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ** કહે છે, પરંતુ મોક્ષ તો અક્રિય જ છે, અને સર્વ ક્રિયા અન્તે છોડતાં જે કેવળ જ્ઞાનસ્વરૂપ જ રહે તે જ આત્માની મોક્ષદશા છે. વળી સમજણ વિનાની ક્રિયા તો ફોગટ જ છે; એટલું જ નહિ પણ સમ્યક્ત્વ વિનાની ક્રિયા પણ કર્મબંધન છે, કર્મવિમોચન નથી, એ શ્વેતાંબર માન્યતાનાં સૂત્રો જણાવે છે. જો શ્રી. કાનજી મુનિ પણ એ જ જણાવે તો તેમાં ખોટું શું છે? આપણને સમ્યક્ત્વની ઝાંખી નથી થઇ એ સરળ વાત જો આપણે સ્વીકારીએ તો મિથ્યાત્વ સાથેની ક્રિયાને આપણે નિર્જરારૂપ કેમ ગણી શકીએ? ક્રિયામાં જે જાતના ભાવ હોય તે પ્રમાણે પુણ્ય કે પાપનો બંધ પડે. અને પુણ્ય કે પાપનો બંધ, તે કર્મબંધન છે, એમ કહે તેમાં ખોટું શું છે? અલબત્, વ્યવહાર દૃષ્ટિએ સક્રિયા ત્યજીને માણસ એશઆરામથી જીવે, પોતાની આંખ સામેના દુઃખી માનવ કે પ્રાણીની ઉપેક્ષા કરે, અને પોતે કંઇ ક્રિયા કરતો નથી, તેથી કર્મબંધન થતું નથી, એમ માને, તે તો મૂર્ખાના સ્વર્ગમાં રાચવા જેવું થાય.

કર્મનો બંધ અને નિર્જરા

એમ કહેવામાં આવે છે કે તેરાપંથીઓ દયા-દાનના વિરોધી છે, અને એમાં પાપ માને છે. એટલે તેરાપંથ અજૈન છે, અરાષ્ટ્રીય છે; અને તેથી એનો વિરોધ કરવો જોઇએ. ગયે વખતે થોડા તેરાપંથી સાધુઓ સૌરાષ્ટ્રમાં આવેલા, ત્યારે ચોટીલામાં હું તેમને મળ્યો હતો અને તેમની સાથે ઠીક ચર્ચા કરી હતી. તેમનું કહેવું એમ છે કે 'દયાથી પ્રેરાઇને આપણે તરસ્યાને પાણી પાઇએ તો તેમાં જે દયાની ભાવના થઇ તે કલ્યાણકારી છે; પરંતુ દયાથી પ્રેરાઇને પાણી પાવાનું જે કાર્ય કર્યું તેમાં પાણીના જીવની હિંસા થઇ, એ પાપ થયું, અને માનવીનું દુઃખ ટળ્યું એ પુન્ય થયું, પરંતુ પાપ અને પુન્ય બન્ને કર્મબંધન છે. એમાં નિર્જરા એટલે કર્મ-મુક્તિ નથી.' સિદ્ધાંતની દૃષ્ટિએ આ વાત ખોટી નથી. પરંતુ જ્યાં સુધી સમ્યક્ત્વ ન થાય ત્યાં સુધી નિર્જરા ન થાય. છતાં આપણે જીવીએ છીએ, વિચારીએ છીએ, બોલીએ છીએ અને કામ પણ કરીએ જ છીએ; એટલે કર્મબંધન તો થવાનું જ. માટે જો કર્મ બાંધવાના જ છીએ, તો સારાં કાર્ય કરી પૂણ્યોપાર્જન કેમ ન કરવું? તેમાંયે 'પુણ્યાનુબંધી પુણ્ય' થઇ શકે, તો તેના ઉદય સમયે એવી સગવડતાઓ પ્રાપ્ત થાય કે જેથી આત્મા બળપૂર્વક જ્ઞાનમાર્ગે મિથ્યાત્વને હડસેલી મૂકી, સમ્યક્ત્વ પ્રાપ્ત કરી, નિર્જરા માર્ગે આગળ વધી મોક્ષ પ્રાપ્ત કરે.

અનધિકારીને જ્ઞાન!

તેરાપંથી સાધુઓ દયા-દાનનું રહસ્ય જે તેઓ લોકોને સમજાવે છે, તે ખોટું નથી; પણ અનધિકારી કે અનભ્યાસીને નિશ્ચયની આ વાતનો સાચો સાર ન સમજાય, અને તેથી તેઓ દયા-દાનની પ્રવૃત્તિને અનિષ્ટ માની બેસી જાય, એમ બનવાનો સંભવ રહે છે.

માન્યતા વિ. પ્રવૃત્તિ

આ ઉપદેશથી તેરાપંથી અનુયાયીઓ કંઇ દયા-દાનની પ્રવૃત્તિથી અટકયા નથી, કારણ કે તેઓ વ્યવહારમાં દયા-દાનને માને છે. તે જ રીતે જેઓ દયા-દાનના હિમાયતીઓ તરીકે પોતાને ઓળખાવે છે, તેમણે ગરીબો માટે પોતાના ભંડારો હજુ ખુલ્લા મૂકી દીધા નથી. તેઓ પોતાના મામુલી-ક્ષુદ્ર સ્વાર્થ ખાતર કાળાંબજાર અને ગરીબોનું શોષણ કરી રાષ્ટ્રનો દ્રોહ પણ કરી રહ્યા છે. 'ઐરણની ચોરી અને સોયનું દાન' કરવાથી ધર્મ-પ્રેમી થવાતું નથી કે પૂણ્યનું ઉપાર્જન થતું નથી. પ્રથમ આપણા પગ નીચે બળતું આપણે જોવું જોઇએ.

જનતામાં વિશ્વાસ રાખો

આ બધા પછી એક વાત એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે, કે અસત્યની સામે જરૂર ધર્મયુદ્ધ હોઇ શકે; પરંતુ આપણું નહિ તે બધું અસત્ય એમ માનવું તે ભૂલભરેલું છે. શ્રી. કાનજી મુનિ કે તેરાપંથી સાધુઓ સામે કહેવાતાં જેહાદ, સંગઠન કે જાગૃતિ જરૂરનાં નથી. જેહાદને નામે કલેશ, સંગઠનને નામે યુદ્ધ અને જાગૃતિને નામે સંકુચિતતા આપણે ઊભી કરી રહ્યા છીએ. વર્ષોથી જે સંસ્કારો પ્રજા ઉપર પડયા છે, તે કોઇના થોડાં વ્યાખ્યાનોથી નષ્ટ થઇ જવાનાં નથી, અને 'બળતાને આગમાંથી બચાવવામાં પાપ છે' એમ કોઇ કહે, તો પ્રજા એમ માની લ્યે, અને કોઇ પ્રાણીને આગમાં બળતું નિર્લેપભાવે જોઇ રહે, એમ બનવાનું પણ નથી. આપણે પાંચ ડાહ્યા અને બુદ્ધિશાળી છીએ, અને જનતા તો મૂર્ખ અને અણસમજુ છે, એમ પણ માની લેવાની કોઇએ ભૂલ કરવી નહિ.

કિંમત સંખ્યામાં નથી.

સંભવ છે કે જેમ થોડા સ્થાનકવાસીઓ શ્રી. કાનજી મુનિના સંપ્રદાયમાં ભળી ગયા, તેમ બીજા થોડા તેરાપંથી થઇ પણ જાય. પરંતુ હું એમાં કોઇનું પતન થઇ ગયું એમ માનતો નથી; અને સ્થાનકવાસી રહ્યા, એ કોઇ ઉચ્ચ ભૂમિકાએ રહ્યા છે, એમ પણ માનતો નથી. વળી કોઇ ધર્મ કે સિદ્ધાંતની કિંમત એના સત્ત્વમાં છે, એના અનુયાયીઓની સંખ્યામાં નથી. જો એમ હોય તો ખ્રિસ્તી, મુસલમાન કે બૌદ્ધ ધર્મીઓની સંખ્યા પાસે આપણી સમગ્ર જૈનોની સંખ્યા કેટલી અલ્પ—નહિવત્—છે?

કાયરતા અને પામરતા

વળી જો આપણે વાણી અને વિચારના સ્વાતંત્ર્યમાં માનતા હોઇએ, તો શ્રી કાનજી મુનિ કે તેરાપંથી સાધુઓને તેમના વિચારોનો પ્રચાર કરવાનો પૂરતો અધિકાર છે. એમને કોઇએ સહકાર ન આપવો એટલે ઉતારો કે ભોજન ન આપવું એમ કહેવું એ કેવળ અસહિષ્ણુતા જ છે. એને હું તો દયા-દાન વિરોધી પગલું કહું. જો આપણે કોઇ ભિખારીને ઓટલો અને રોટલો આપી શકીએ તો સંસાર ત્યાગી નીકળેલા અને પંચ મહાવ્રત પાળનારા સાધુઓને ઓટલો કે રોટલો ન આપવો, તેઓ સગવડ વિના, ભોજનપાણી વિના, ભૂખ્યા, તરસ્યા, રખડી, થાકી, સૌરાષ્ટ્ર છોડી ચાલ્યા જાય તો ધર્મ ઉગરી જાય એમ માનવું, એમાં કેવળ કાયરતા અને પામરતા જ છે.

(અનુસંધાન પૃષ્ટ ૪૦૦ જુઓ.)

સમાજસ્વાસ્થ્ય અને હડતાળનીતિ

[છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રી. શાન્તિલાલ હરજીવન શાહે આપેલા વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ]

મુડીવાદી ને મજુર, શેઠ ને નોકર, યંત્ર ને યંત્રપર કામ કરનાર–બંને વચ્ચે કોઇ પણ પ્રકારનો વિખવાદ જાગે ત્યારે સામુદાયિક રીતે મજુરો નોકરો કે યંત્ર પર કામકરનારાઓ કામ કરવાની ના પાડે તેને આપણે હડતાળ કહીએ છીએ. પહેલાં પણ શુભ પ્રસંગોએ અણોજો ને પાખી પળાતાં. માનવી ત્યારે મનથી નિશ્ચય કરતો કે આજનો દિવસ હું ચિંતન, મનન ને ધ્યાનમાં ગાળીશ. આજે હું વ્યવહારમાં નહિ ડૂબું. આને હડતાળ કહેવાય નહીં. વળી બજારના બધા જ વેપારીઓ પોતાનું કામકાજ બંધ રાખે તેને આપણે એમ કહીએ કે વેપારીઓએ અણોજો પાળ્યો છે, પણ તેમણે હડતાલ પાડી છે એમ કહેવાશે નહીં. આમ પહેલાના જમાનામાં હડતાલને ધાર્મિક સંબંધ હતો.

આ ઉપરાંત હડતાળનો એક બીજોયે પ્રકાર જોઇ શકાય છે. એ છે ગામડાની હિજરત. સામાન્ય રીતે રાજ્ય સાથે પ્રજાને ખોટો સંબંધ થાય ને રાજ્યમાં જીવવું અશકય બને ત્યારે આવી પ્રજા કે પ્રજાનો મોટો ભાગ ગામ આખુંય ખાલી કરીને જાય તેવા પ્રસંગો ભૂતકાળમાં ઘણા બનતા. રાજા આસપાસના વાણીયા કે ભાટચારણને પૂછે. હીજરત કરનારાઓની બાધાનું રાજાને ભાન થાય ને સમાધાન થાય તો ઠીક. નહીં તો પ્રજા ગામ છોડે. આ પણ એક જાતની હડતાળ જ હતી. છેલ્લો આવો પ્રયોગ ગાંધીજીની સલાહથી લીંબડીમાં થયો હતો.

હડતાળ શબ્દની વ્યુત્પત્તિ મને જડી નહીં. એના પ્રયોગ માટે જુદી જુદી ભાષાઓમાં જુદા જુદા શબ્દો છે. અંગ્રેજીમાં એને સ્ટ્રાઇક (strike) કહે છે, મરાઠીમાં સંપ કહે છે, ત્યારે હિંદી અને ગુજરાતીમાં હડતાળ કહેવાય છે. strike શબ્દના મૂળમાં સામા ઉપર કોઇ જાતનો ઘા કરવો એવો કોઇ ધ્વનિ હશે. મરાઠી ભાષામાં સંપ શબ્દનો જેણે પ્રથમ પ્રયોગ કર્યો હશે તેણે 'બધા મજુરો એક છે' એમ બતાવવા માટે એ શબ્દ યોજ્યો હશે.

હડતાળનો ઇતિહાસ જુનો નથી. મુંબઇમાં અત્યારના જેવી નવી હડતાળ આજથી ૮૦ વર્ષ પહેલાં પડી હતી. એ પ્રસંગ જરા વિચિત્ર હતો. ભંગીઓએ ત્યારે માંગણી કરી કે ટોપલા, વાસણ, ઝાડુ તથા પહેરવાનાં કપડાં અમને મ્યુનિસિપાલિટીએ જ પુરાં પાડવાં જોઇએ. ત્યારની મ્યુનિસિપલ લિટી તો જે. પી. ઓની બનેલી ટાઉન કાઉન્સિલ હતી. ભંગીઓએ જે માગ આજથી ૮૦ વર્ષ પૂર્વે રજુ કરી હતી તે વસ્તુ હરિજન સેવક સંઘે મોડેથી રજુ કરી. આ દાખલો શ્રી મસાણીએ મ્યુનિસિપાલટીના ઇતિહાસમાં ટાંકેલો છે.

ઇ. સ. ૧૮૫૦–૬૦ માં બીજો એક પ્રસંગ બન્યો હતો. મજુર સંગઠન ત્યારે પહેલું શરૂ થયું હતું. સેક્રેટરી ઓફ સ્ટેટ–ઇંગ્લંડ તરફથી ફેકટરી કાયદો કરવાની સુચના આવી. લેખંડે કરી એક ગૃહસ્થે મુંબઇ મીલ કામદાર સંઘની સ્થાપના કરી હતી. દીન બંધુ નામે પત્ર પણ નીકળતું હતું. તે વખતે મજુરોના પગાર અંગે વાંધો પડયો એટલે હડતાળ પડી હતી.

હડતાળ કેમ પાડવી, શા માટે પાડવી, કેવી રીતે પાડવી, હડતાળને મજુરોના મોટા હથિયાર તરીકેનું રૂપ કાર્લ માર્કસે આપ્યું. મજુરો ને માલિકના સંબંધોનો એણે ઊંડો અભ્યાસ કર્યો હતો. એણે કહ્યું કે મજુરને માલિકના સંબંધો સુધારવા હોય, મજુરોનું શોષણ અટકાવવું હોય તો મજુરો પાસે આ એક જબરદસ્ત હથિયાર છે જે ઉગામતાં એમની માગણી સફળ થાય. ત્યારે તો હડતાળોનો અવારનવાર ઉપયોગ કરવામાં આવતો હતો. થાકી, કંટાળી ગુસ્સામાં મજુરો કામે ન જાય એવાયે પ્રસંગો ત્યારે બનતા. કાર્લ માર્કસે પ્રતિપાદન કર્યું કે મજુરોએ શોષણનો વિરોધ કરવો, મુડીવાદીના શોષણનો ભોગ થવાની ના પાડવી, માગણી કબુલ થાય નહીં ત્યાં સુધી કામ ન કરવું, માગણી સિદ્ધ કરવા માટે મજુરોએ હિંસાનો તોફાનોનો પણ માર્ગ અખત્યાર કરતાં અચકાવું નહીં. એ તાત્કાલિક પગલું છે. હંમેશનો નિયમ નથી. કાર્લ માર્કસનું અંતિમ ધ્યેય અરાજકતાવાદ (anarchism)નું હતું, જેમાં પોલિસ કે અધિકારીની જરૂર ન પડે અને સુવ્યવસ્થિત રીતે સમાજ એની મેળે ચાલે. પ્રજાના હાથમાં સત્તા આવશે અને પ્રજાનો મોટો ભાગ તો મજુરી કરનારાઓનો હોવાનો. એવી રીતે મજુરો રાજ્ય ચલાવશે કે ધીમે ધીમે કરતાં રાજ્યસત્તા સુકાઇને નાશ પામશે (the state shall wither away). રાજ્યતંત્રનું આજ ધ્યેય રસ્કીનનું હતું, ટોલ્સ્ટોયનું હતું ને ગાંધીજીનું પણ એ જ ધ્યેય છે. જેમાં રાજ્યે ઓછું કરવાપણું રહે ને પ્રજા સ્વયં જાગૃત હોય. રાજ્યને બીલકુલ ઓછી દખલગીરી કરેવી પડે, પ્રજા સ્વયંશાસિત હોય.

ગાંધીજી ને કાર્લ માર્કસના અંતિમ ધ્યેયમાં સામ્ય છે. ગાંધીજીના તો સાધન અને સાધ્ય બંને અહિંસા છે, ત્યારે કાર્લ માર્કસનું સાધન હિંસા છે. ગાંધીજીના સાધનને સાધ્ય વચ્ચે ભેદ નથી. હિંસાથી સત્તા પ્રાપ્ત કરનાર તરત જ પછી અહિંસક બની જાય એ સંભવિત નથી.

કાર્લ માર્કસે હડતાળનો આ સિધ્ધાંત જનસમાજ અને દુનિયા પાસે રજુ કર્યો ત્યારે શી પરિસ્થતિ પ્રવર્તતી હતી તેનો પણ આપણે વિચાર કરવો જોઇએ અને એ કાર્યક્રમમાં ઘટતાં ફેરફારો કરવા જોઇએ. એક વરસ પહેલાં હું માંદો પડયો હતો તે વખતે દાકતરની જે દવાથી મને આરામ થયેલો એ જ દવા આજે પણ મને કોઇ લેવાનું કહે તેના જેવી આ વાત છે. યુરોપમાં ત્યારે યંત્રયોગની શરૂઆત હતી; ખેતીપ્રધાન ને ઢોરઉછેરના દેશમાં યંત્રો દાખલ કરવામાં આવતા હતા. લોકોના હાથમાંથી કામ જતું રહ્યું. દશ માણસનું કામ યંત્ર પર બેઠેલો એક આદમી કરી શકતો થયો. વસ્તુની ખપત ત્યારે આટલી બધી ન હતી. સિનેમા ને અખબાર વાંચવાની ટેવ પહેલાં કરતાં આજે ઘણી વધી છે. ૨૦ વર્ષ પરના સ્ત્રી પુરૂષના પોષાક આજે ઘણા બદલાયા છે. સમાજની અભિરૂચિ બદલાતી જ રહે છે. યંત્રો આવવાથી ઉત્પાદન તો વધ્યું, પણ એની ખપત વધી નહીં. બેકારોને કામધંધો રહ્યો નહીં. એટલે જે લોકોને યંત્રોથી ખમવું પડયું તેમણે કારખાનાના યંત્રો તોડી ફોડી નાંખ્યા. બીજી બાજુ તે પછી કારખાનામાં કામ કરનારાઓને પગાર ઓછો મળવા માંડયો. ધનપતિઓની વૃત્તિ ધનલાલસામાં જ રચી પચી રહેતી. કારખાનામાં વહેલા પરોઢિયાથી મજુરોને બોલાવવામાં આવતા. કમાણી વધારવા માટે ૫–૭–૮ વર્ષનાં બાળકો કારખાનામાં જતા. અત્યારે નિશાળે લઇ જવા તેડાગર આવે છે તેવા તેડાગરો લાંબા લાંબા વાંસ રાખતા અને ઉંઘતા બાળકોને બારીમાંથી વાંસ ઘોંચી ઉઠાડી લઇ જતા. મજુરોને પુરું રક્ષણ નહોતું. પાર્લામેન્ટની સત્તા આજના જેટલી ત્યારે વિશાળ નહોતી. આમ વર્ગનું પાર્લામેન્ટમાં પ્રતિબિંબ નહોતું. દુઃખ સહન કરનારાઓ પાસે તે દુઃખ નિવારવા કોઇ જ સાધન નહોતું. આવા સંજોગોમાં કાર્લ માર્કસે વર્ગવિગ્રહનો સિધ્ધાંત રજુ કર્યો. ફરિયાદ સાંભળવા માટે રાજતંત્ર કે ન્યાયતંત્ર ઉપલબ્ધ ન હોય ત્યારે મજુરો કામ કરવાની ના પાડે. તે પછીના સો વર્ષમાં ઘણા ફેરફારો થયા. આજે માંગ પુષ્કળ વધી છે. પહેલાં થોડી વસ્તુથી ચાલતું. આજે એવું નથી રહ્યું. જેમ માણસ વધારે જરૂરિયાંત પુરી પડી શકે તેમ તે વધુ શ્રીમંત. પરિગ્રહ વધારવો, કપડાં બે ચાર જોડને બદલે પંદર વીસ રાખવા, મોટર, રેડિયો, ગ્રામોફોન વસાવવાં–આમ પહેલાં કરતાં લોકોની જરૂરત વધી છે. જરૂરતની વસ્તુઓની માગ વધારે છે ત્યારે પુરવઠો ઓછો છે.

આજે તો મજુરોને બીજા દેશોમાં ને આપણા રાજ્યતંત્રમાં ભાગ લેવાનો હક મળ્યો છે. સો વર્ષ પહેલાના કરતાં આજે

મજુર વધુને વધુ બળવાન થતો જાય છે. મતાધિકાર વધારે જન સંખ્યાને હોય છે. મજુર ને કારખનાના માલિકને સરખો જ અધિકાર છે. એક કારખાનામાં સો કે હજાર કામદારો હોય ને કારખાનાના પાંચ ભાગીદારો હોય તો મજુરોની સત્તા મતાધિકાર ને જોરે વધારે છે.

રાજ્યતંત્રપરનો કાબુ એક વખત બ્રાહ્મણો (વિદ્વાનો) પાસે હતો, તે પછી ક્ષત્રિયો પાસે આવ્યો, તે પછી વૈશ્યો પાસે આવ્યો. ભવિષ્યમાં એ કાબુ શુદ્રો—આ શબ્દ હું એના હીન અર્થમાં વાપરતો નથી પણ પ્રમાણિકપણે પોતાની જાતે મહેનત કરે તેવો વર્ગ મારે મન અભિપ્રેત છે—પાસે આવનાર છે.

સમાજનો મોટો ભાગ જાતમહેનત કરીને રળનારાઓનો છે. બુદ્ધિને જોરે કે દ્રવ્યને જોરે બીજાની મહેનતનો ઉપયોગ કરનારાઓ ભલે જુજ પણ રહેવાના જ. ધીમે ધીમે એમનું વતુંળ ઘટતું જવાનું. કાયદાથી પહેલાં દિવસમાં બાર કલાક સુધી મજુરને કામ કરવું પડતું, પછી દશ કલાક થયું, પછી થયું નવ કલાક, ને આજે આઠ કલાક પણ કેટલાકને તો વધારે લાગે છે.

કોઇ પણ દુઃખનું નિવારણ બે રીતે થઇ શકે. રાજ્ય પાસે કે સ્વતંત્ર ન્યાયબુદ્ધિવાળી કોઇ વ્યકિત પાસે પોતાની માગણીઓ રજુ કરી શકાય. પહેલાં તો એવો રિવાજ હતો કે એક જણનું સામા પક્ષે ખૂન કર્યું હોય તો સામા પક્ષમાંથી કોઇ પણ એકનું ખૂન કરવું. સરહદ પર આજે આમ જ ચાલે છે. પણ આપણે એમ કરતા નથી. એ માટે અદાલતમાં કેસ ચાલે છે. ગુનો કર્યો હોય તે સાબીત થયા પછી અદાલત તરફથી સજા થાય ને રાજ્ય એ સજાનો અમલ કરે. માનવી આજે અન્યાયનો ઉપાય પોતે પોતાના હાથમાં રાખતો નથી. ગુનો છે કે નહિ તેની ખાતરીનું કામ તે અદાલતને સોંપે છે. રાજ્ય તેનો જાહેર રીતે અમલ કરે છે. પોતાને સંબંધ હોય તેવા કાર્યમાં મનુષ્યની ન્યાયબુદ્ધિ સ્થિર રહેતી નથી. સામાન્ય માણસનું મન સ્વાર્થી હોય છે એટલે તટસ્થ વ્યકિતને ન્યાય માટે એ કાર્ય સોંપાય છે અને એની સજા સામુદાયિક રીતે થાય છે. ન્યાયનું તત્ત્વ વધારતાં જવું, હિંસાનું તત્ત્વ ઓછું કરતા જવું એ આપણું ધ્યેય છે. આપણે કોઇની પાસે એક હજાર કે બે હજાર રૂપિયા માગતા હોઇએ ને રસ્તામાં એ મળે તો આપણે એને લુંટી લેતા નથી, કે એની તિજોરીમાં છે એમ આપણને ખબર પડે તોયે ત્યાંથી લઇ આવતા નથી. એ માટે લવાદને એ કાર્ય સોંપીએ છીએ કે અદાલતમાં જઇએ છીએ.

આ વસ્તુ મજુરોને માલિકને લાગુ પાડી શકાય ખરી? ૧૯૨૦માં અમદાવાદમાં મજુર હડતાળ પડી તેનું નેતૃત્વ ગાંધીજીએ સંભાળ્યું હતું. એમણે કહ્યું કે બંનેને વિશ્વાસ હોય એવું કોઇ તટસ્થ પંચ નીમો કે જેથી બંને પક્ષો એ ચુકાદો માન્ય કરે. કોઇ પણ મતભેદનો નિકાલ હું વધારે બળવાન છું માટે મારો હિસ્સો મોટો—અંગ્રેજી કહેવત પ્રમાણે might is right એ રીતે ન થવો જોઇએ. તટસ્થ પંચ નીમો—પંચદ્વારા હું માગુ છું તેવો સોએ સો ટકા લાભ ન મળે કે પછી ૮૦ કે ૫૦ ચુકાદો તરફેણમાં આવે તો એટલાજ ટકા મારી વાત સાચી છે એમ મારે માનવું જોઇએ.

આમ કોર્લમાર્કસના વર્ગવિગ્રહના સિદ્ધાંતને બદલે ગાંધીજીએ વર્ગમેળનો ઉપયોગ કર્યો, પણ મજુરો ને માલિકો બંનેને લાગ્યું કે પોતાને અન્યાય થયો છે. ગાંધીજીએ માન્યું કે આ બધાયનું મૂળ હું છું એટલે એમણે ઉપવાસ કર્યા, જેમ્બમજદારી લીધી અંતે મીલમાલિકો ને મજૂરોએ પંચની પ્રથા સ્વીકારી. ત્યારથી—૨૦—૨૫ વર્ષથી—આપણે ત્યાં પંચની પ્રથા દાખલ થઇ છે.

સમાજનું સ્વાસ્થ્ય એક ને અવિભાજ્ય હોવું જોઇએ. એક વર્ગ દ્વેષિત હોય તો બીજે એની અસર પડે જ છે. કોલસાની ખાણમાં કામ કરનાર ખાણિયા જો કામ કરવાની ના પાડે તો તેથી ટ્રેનને અસર પહોંચે. કારખાના કોલસા વગર બંધ પડી જાય. રેલ્વે કામદાર કામ કરવાની ના પાડે તો કોલસો એકથી બીજે સ્થળે પહોંચે નહીં, કારખાના બંધ થાય. જનતાની અબર જવર અટકી જાય. આજે તો સામાજનું સ્વાસ્થ્ય જરા જરામાં બગડી જાય છે. માણસની તદુરસ્તી સારી હોય તો થોડું ઓછું કે વધારે ખાવાથી તેને અસર થતી નથી, પણ બિમારી હોય કે તબીયત નાજુક હોય તો હળવામાં હળવી ચીજ ખાવાથી પણ સ્વાસ્થ્ય બગડે.

આવી નાજુક પરિસ્થિતિ આજે છે. સમાજને નજર સમક્ષ રાખ્યા સિવાય કોઇ પણ કાર્ય કરીએ તો સમાજનું સ્વાસ્થ્ય બગડે. આજે મજુર ને માલિક વચ્ચે કંઇ ઝગડો ઉભો થાય તો એ પ્રશ્ન માત્ર એ બંનેનોજ પ્રશ્ન રહ્યો નથી. સર્વ સમાજ ઉપર તેની અસર પડે છે.

મજુરોને થતો અન્યાય દૂર કરવાની રાજ્ય ના પાડે, કે પંચનો ચુકાદો અધુરો ને અપૂર્ણ હોય, અથવા તો અદાલતનો ચૂકાદો અન્યાયી હોય તો જ હડતાલ પાડવી યોગ્ય છે. ન્યાય મેળવવા માટે મજુર સંઘના હોદ્દેદારો ઉપવાસ ઉપર ઉતરે તેને પણ હું તો ઉચિત જ માનું. આપણને દુઃખ છે માટે હડતાળ પાડો એવી જાતની હડતાળ નુકશાનકારક છે. સમાજનું ઉત્પન્ન ધટે તો મજુરોને જે ચીજ વસ્તુઓની જરૂર છે તે ગાંધી મળે, ઉત્પન્ન ઓછું થાય તો મોંઘારત વધે, અછત થાય ને આમ આ વિષચક્ર ચાલ્યા કરે.

આજની પરિસ્થિતિમાં સુધારો કરવો હોય તો ધનવાનોએ ને સત્તાના તંત્રોવાળાઓએ એ બોજ ઉપાડી લેવો જોઇએ. સમાજનું સ્વાસ્થ્ય ટકાવવું હોય, તે ન બગડે એમ જોવું હોય તો ધનિકોએ મજુરોને ન્યાય મેળવવાના માર્ગ બતાવવા જોઇએ, એમની સ્થિતિમાં ઉત્તરોત્તર વિકાસ થાય એમ કરવું જોઇએ, ધનિકોએ ને રાજ્યતંત્રે તો મજુરના હિત પર જ વધુ ને વધુ દૃષ્ટિ રાખવી જોઇએ. ધનિક વર્ગ માને છે કે મજુરો હદ કરતાં વધારે માગે છે. વાત બરાબર છે. મજુરોને પોતાની તાકાતનું ભાન હવે જાગ્યું છે. માનવી પાસે એકદમ પૈસા આવી પડે ને એ એકદમ જોર બતાવવાનો પ્રયત્ન કરે તેમ થતું હશે. પણ બહુજનસમાજ શ્રમજીવી વર્ગને યોગ્ય સ્થાને પહોંચાડવા માટે સમાજ ઉપાયો ન આદરે, મદદ ન કરે તો એ લોકો—મજુરો—શ્રમજીવી વર્ગ—અયોગ્ય માગે પણ જવાનો ભય છે. માનવીને ન્યાય ન મળે તો ગુસ્સાના આવેશમાં આવી જઇ જે હથિયાર આવે તેનો એ ઉપયોગ કરે. મજુરોની માગણીનો સહાનુભૂતિપૂર્વક વિચાર કરવો જોઇએ. વધારે જનસંખ્યામાં ધન વહેંચાય, નીચલા થરને પણ એ મળે એ પ્રમાણે આપણે પ્રયત્નશીલ રહેવું જોઇએ. આજે મજુરો તેમજ ધનિકો બંને પોતપોતાનાં સ્વાર્થ જુવે છે, સમાજમાં સ્વાર્થની પ્રબળતા વધી ગઇ છે. મજુરોએ વેઠેલાં દુઃખ ને અન્યાય જુના છે. સહનશીલતાથી એમણે અત્યાર સુધી વેઠ્યું છે. ધનિક વર્ગ તરફ જે રાજ્યધૂરા હતી તે આજે મજુરો તરફ ઢળતી જાય છે. તે દિવસોમાં ધનિકોએ મજુરો પ્રત્યે જે અન્યાય કર્યો છે તે આજે મજુરો ન કરે તે આપણે જોવું જોઇએ. એમ કરવામાં દરેક વર્ગ મદદ કરે. આપણે જો ફકત આપણું પોતાનુંજ હિત જોઇશું તો સમાજનું સ્વાસ્થ્ય બગડશે. હડતાળ ટાળી શકાય એવી વસ્તુ છે. મજુરોને સગવડ આપવાની ને એમના પ્રત્યે ન્યાયથી વર્તવાની આપણી તત્પરતા જેમ વધે તેમ સમાજનું સ્વાસ્થ્ય વધશે. હિંસાથી ક્રાંતિ revolution આવવાને બદલે અહિંસાથી ઉત્ક્રાંતિ (evolution) આવશે, નવેસરથી સમાજની સ્થાપના થશે, અને એ રીતે આપણે સ્વેચ્છાથી કાર્ય કરતા થઇશું તો મળેલી આઝાદીમાં આબાદી મેળવી શકીશું.

શાન્તિલાલ હરજીવન શાહ.

પંડિત જવાહરલાલની ભવ્ય ઉદ્‌ઘોષણા

[હિંદના મુખ્ય પ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ હિંદ પાછા ફર્યા તે પહેલાં તેમને પેરીસ ખાતે એક દિવસ અણધાર્યા વધારે રોકાવું પડયું તેનો લાભ લઇને સંયુક્ત રાજ્યોની પરિષદ સમક્ષ વ્યાખ્યાન આપવા માટે પંડિત જવાહરલાલને તા. ૩-૧૧-૪૮ ના રોજ ખાસ નિમંત્રણ આપવામાં આવેલું. તે વખતે તેમણે કરેલું પ્રવચન એ દિવસોના દૈનિક છાપાઓમાં આવેલું ઘણાએ વાંચ્યું હશે અને વિસરાઇ પણ ગયું હશે. દૈનિક છાપામાં આ રીતે અનેક બાબતો અગત્યની અને બીનઅગત્યની આજે પ્રગટ થાય છે, વંચાય છે અને આવતી કાલે ભુલી જવાય છે. પંડિત જવાહરલાલે આ પ્રસંગે કરેલું પ્રવચન અસાધારણ ગાંભીર્યથી ભરેલું છે અને કોઇ ઉત્કૃષ્ટ પ્રતિભાનું દર્શન કરાવે છે અને એ વાંચતાં તે પાછળ આપણ સર્વના રાષ્ટ્રપિતા ગાંધીજી જાણે કે બોલી રહ્યા હોય એવો આપણને ભાસ થાય છે. એ ભાષણમાં હિંદની આફતો કે અગવડોનો પંડિતજીએ લેશ માત્ર ઉલ્લેખ કર્યો નથી દુનિયાના કોઇ ઉતુંગ શિખર ઉપરથી કોઇ લોકોત્તર પુરૂષ દુનિયાના લોકોને સુખ, શાન્તિ અને શ્રેયનો સાચો માર્ગ દેખાડતો હોય એવી અખંડ અગાધ પ્રેમનીતરતી વાણી આપણને આ પ્રવચનમ સાંભળવા મળે છે. એ પ્રવચન પુરા ધ્યાન, અને મનનપૂર્વક ફરી વાંચવા વિચારવાની 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકોને તક મળે એ હેતુથી તેનો પ્રમાણભૂત અનુવાદ અહિં પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ**]

"આ પ્રસંગે હું જરા ક્ષોભ અને મુંઝવણ અનુભવું છું, કારણ કે આ પરિષદ આખી દુનિયાની પ્રજાઓનું પ્રતિનિધિત્વ ધરાવતી એક સંસ્થા છે અને અહિં ઉપસ્થિત થયેલા આપણે મોટા માણસો હોઇએ કે નાના પણ આપણ સર્વ એક મહાન ધ્યેયના પ્રતિનિધિ છીએ અને એ ધ્યેયની મહત્તા આપણને સવિશેષ ગૌરવાન્વિત બનાવે છે. આપણે અનેક જટિલ તેમ જ વિકટ સમસ્યાઓનો ઉકેલ શોધી રહ્યા છીએ. આપની સામે આજે જે સમસ્યાઓ પડેલી છે તે વિષે આ પ્રસંગે કશું પણ બોલવાનું હું સાહસ કરવા માંગતો નથી. આ દુનિયાની આફતો અને મુંઝવણોનો ભાર આપ વહન કરી રહ્યા છો, પણ આ પ્રશ્નોનો સામનો કરવા સંબંધે આપ સાધારણતઃ જે વળણ દાખવી રહ્યા છો તે યોગ્ય છે કે કેમ તે વિષે ઘણી વાર હું આશંકા અનુભવું છું. આપણું ધ્યેય સ્પષ્ટ છે અને એમ છતાં પણ એ ધ્યેયની ચર્ચા કરતાં આપણે ઘણી વાર નાની બાબતોમાં અટવાઇ જઇએ છીએ અને મૂળ ઉદ્દેશોને આપણે વિસરી જઇએ છીએ. કેટલીક વાર એમ લાગે છે કે આપણા મુખ્ય ઉદ્દેશ વિષે આપણને પુરી સ્પષ્ટતા હોતી નથી અને પ્રમાણમાં ગૌણ ઉદ્દેશો આપણી સામે મહત્વનું સ્થાન ધારણ કરી બેસે છે.

હું એક એવા દેશમાંથી આવું છું કે જે દેશે લાંબી લડત બાદ–જે કે તે લડત શાન્તિપૂર્ણ હતી–પોતાની સ્વતંત્રતા–આઝાદી–પ્રાપ્ત કરી છે. આ લાંબા કાળ સુધી ચાલેલી લડત દરમિયાન માત્ર સાધ્યને જ લક્ષમાં રાખવાનું જ માત્ર નહિ, પણ જે સાધનો અને કાર્યપદ્ધતિ દ્વારા તે સાધ્ય અમોએ સિદ્ધ કર્યું છે તે સાધનો તથા કાર્યપદ્ધતિ સંબંધમાં પણ કશી ઉપેક્ષા નહિ કરવાનું અમારા મહાન ગુરૂએ અમને શિક્ષણ આપ્યું હતું. તેઓ હંમેશા આ બાબત ઉપર ભાર મૂકતા હતા કે ધ્યેય શુદ્ધ હોય એ માત્ર પુરતું નથી, પણ એ ધ્યેયને સિદ્ધ કરતાં સાધનો પણ શુદ્ધ હોવાં જોઇએ એ એટલું જ અગત્યનું છે. આપણે આ યાદ રાખવું જરૂરી છે કે જો આપણી આંખો લોહીતરસી હશે અને આપણાં દિલ મત્સરગ્રસ્ત હશે તો ઉંચામાં ઉંચા હેતુઓ પણ સિદ્ધ થઇ શકવાનાં નથી. આમ હોવાથી, આપણે શું સિદ્ધ કરવા માંગીએ છીએ તે કરતાં પણ તે આપણે કેવી રીતે સિદ્ધ કરીએ છીએ તેનો વિચાર કરવો વધારે જરૂરી બને છે.

બે મહાન વિશ્વવિગ્રહ બાદ અને એ વિશ્વવિગ્રહોના જ પરિણામે આ સંસ્થા આજની કક્ષાએ પહોંચી છે. આ વિશ્વવિગ્રહોમાંથી આપણને શું બોધપાઠ મળ્યો છે? આ બોધપાઠ ખરેખર એ છે કે ધિક્કાર અને હિંસામાંથી આપણે શાન્તિની સ્થાપના કરી શકીશું નહિ. એ બન્ને પરસ્પરવિરોધી તત્વો છે. માનવજાતનો આજ સુધીનો ઇતિહાસ અને ખાસ કરીને જેણે માનવજાતિને વેરવિખેર અને પાયમાલ કરી નાંખી છે તેવા બે વિશ્વવિગ્રહો આપણને શિખવી રહ્યા છે કે ધિક્કાર અને હિંસામાંથી માત્ર ધિક્કાર અને હિંસા જ જન્મી શકે છે. આપણે ધિક્કાર અને અહિંસાના દુષિત ચક્રાવામાં ફસાયલા છીએ અને જ્યાં સુધી આમાંથી છુટવાના બીજા ઉપાયો અને માર્ગો શોધવામાં નહિ આવે ત્યાં સુધી ગમે તેવાં વિદ્વત્તાભર્યા અને સંવેદનપૂર્ણ ભાષણો અને વ્યાખ્યાનો આપણને તે ચક્રાવામાંથી કોઇ કાળે પણ મુક્ત કરી શકશે નહિ. જો આ ને આ જ ચક્રાવામાં આપણે ઘુમરી ખાધા કરીશું તો આખી દુનિયા એક ભયંકર વિનાશ તરફ ધકેલાશે, એટલું જ નહિ પણ કોઇ પણ એક રાષ્ટ્રસમુહ અન્ય રાષ્ટ્રસમુહની સામે પોતાનું ધાર્યું કદાપિ પણ સિદ્ધ કરી શકશે નહિ. તો પછી આપણે આગળ કેમ વધીશું? આ ધિક્કાર, પૂર્વગ્રહ અને ભયભીતપણું આપણા દિલમાંથી કાઢવાનું કદાચ મુશ્કેલ હશે, પણ જ્યાંસુધી આપણે તેમ કરીશું નહિ ત્યાં સુધી આપણે કદિ સફળ થઇ શકીશું નહિ."

પંડિત નહેરૂએ આગળ વધતાં જણાવ્યું કે "અમો યુરોપની સંસ્કૃતિ માટે પુરું માન ધરાવીએ છીએ અને યુરોપના પ્રશ્નોમાં પણ અમને એટલો જ રસ છે, પણ આપે એ ધ્યાનમાં લેવું ઘટે છે કે દુનિયા યુરોપથી વધારે મોટી છે. એશીયામાં એવા અનેક વિશાળ પ્રદેશો પડેલા છે જેમણે ભૂતકાળમાં દુનિયાનું ભાવી ઘડવામાં બહુ ભાગ ભજવ્યો નહિ હોય, પણ આજે તો તે પ્રદેશો જાગૃત થયા છે અને ત્યાંની પ્રજાઓ સચેત બની છે અને તેમની ઉપેક્ષા કે અવગણના થાય તે સહી લેવાને હવે તે પ્રજાઓ બીલકુલ તૈયાર નથી. આજે દુનિયાના વહીવટમાં એશીઆએ ચોક્કસ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને આવતી કાલે એ સ્થાન ઉત્તરોત્તર વધારે મહત્વ પ્રાપ્ત કરવાનું છે. એશીઆનો અમુક ભાગ હજુ પણ આઝાદ બન્યો નથી અને આટલું બધું બની ગયા પછી કોઇ પણ દેશ અન્ય દેશોમાં નંખાયલા પોતાના થાણાને હજુ પણ વળગી રહેવાનો આગ્રહ સેવ્યા કરે છે એ ભારે આશ્ચર્યજનક છે. આવી કોઇ પણ પ્રકારની પરાધીનતા કે પારકી સત્તાની હકુમત સામે વેગવાન વિરોધ ઉભો થવાનો છે. અમો જેઓ આજ સુધી શાહીવાદી હકુમતને સહન કરી રહ્યા હતા તેઓ અન્ય દરેક દેશને આઝાદી હાંસલ કરવામાં અને તેટલી મદદ કરવાની પ્રતિજ્ઞા લઇ ચુકયા છીએ. અમેરીકાના દેશોમાં ચાલી રહેલા આઝાદીયુદ્ધો અમો સહાનુભૂતીપૂર્વક નિહાળી રહ્યા છીએ અને જે કોઈ નાની કે મોટી સત્તા આ આઝાદીની આડે આવે છે તે દુનિયાની શાન્તિને જોખમાવી રહેલ છે એમ અમો માનીએ છીએ."

જાતિ જાતિ વચ્ચેની એકતા વિષે ઉલ્લેખ કરતાં પંડિત નહેરૂએ જણાવ્યું કે "એ ભારે આશ્ચર્યજનક છે કે આ સંસ્થાએ સંમત કરેલા જાહેરનામા વિષે આ જ પરિષદમાં અનેકવાર બોલાયું હોવા છતાં અને અનુમોદન અપાયલું હોવા છતાં એ જ જાહેર નામાના કેટલાક સિદ્ધાન્તોની હજુ કેટલાક પ્રદેશોમાં છડેચોક અવગણના કરવામાં આવે છે. દુનિયાના કોઇ પણ ભાગને આવી અસમાનતા ગમતી નથી તેમ જ કોઇ અમુક દેશ વધારે બળવાન સત્તાનો સામનો

કરી ન શકે તે જુદી વાત છે, પણ તે સિવાય આવી માણસ માણસ વચ્ચેની અસમાનતાને કોઇ પણ દેશ સહી લેવાને તૈયાર નથી. આવી જાતિગત અસમાનતા અને ભેદભાવની નીતિનો ત્યાગ કરવામાં નહિ આવે તો કલહનાં બીજો રોપાયે જશે. આ સંબંધમાં એશીઆ, આફ્રીકા અને દુનિયાના બીજા કેટલાક ભાગો યુરોપ કરતાં વધારે સંડોવાયલા છે. જો યુરોપના મહાન રાજ્યનીતિજ્ઞો આ ચિત્ર સામે પોતાની નજર નહિ ટેકવે તો તેમના પોતાના પ્રશ્નો તેઓ યથારવરૂપે ગ્રહણ કરી શકવાના નથી કે હલ કરી શકવાના નથી.

એ એક નવાઇ જેવી વાત છે કે જ્યારે દુનિયામાં અનાજની તંગી છે અને ઘણા ભાગના લોકો ભુખે મરે છે ત્યારે આપણું ધ્યાન માત્ર રાજકારણી બાબતો ઉપર જ કેન્દ્રિત થઈ રહ્યું છે. આ રાજકારણી પ્રશ્નો થોડો સમય મુલતવી રાખવામાં આવે અને દુનિયાના જે વિભાગો અનાજની તંગી ભોગવી રહ્યા છે તે વિભાગોને અનાજ પુરું પાડવા જેવા તત્કાળ અગત્યના આર્થિક પ્રશ્નો ઉકેલવા પાછળ આ પરિષદ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે તો કેવું સારું એમ કહેવાનું મન થઇ આવે છે.

આજે દુનિયા ભય અને આશંકાના ગુંચળાઓમાં ગુંચવાયેલી પડી છે. આમાંની કેટલીક આશંકાઓ બ્યાજબી છે. એ કબુલ કર્યા વિના ચાલે તેમ નથી. મોટા મોટા દેશોમાં આજે ભય અને આશંકાનું વાતાવરણ વ્યાપી રહ્યું છે. દરેક પ્રકારના આક્રમણનો સામનો કરવો જોઇએ અને આક્રમણનો જ્યાં સંભવ હોય ત્યાં આપણે બચાવની પણ તૈયારી રાખવી જ જોઇએ. પણ એમ કરવામાં આપણું વર્તન અને દાનત સાફ હોવાં જોઇએ. કોઇ પણ પ્રશ્નને તિરસ્કારવી–ઉતારી પાડવી–એ કામ બહુ સહેલું છે. પણ ખરું જોતાં અહિં યુરોપમાં તેમજ એશીયામાં અથવા તો અમેરિકામાં આપણે બધાય આજ સુધી ચાલી રહેલી અનેક લડાઇઓ માટે એક યા બીજી રીતે ગુનેહગાર છીએ. આપણે સ્ત્રી પુરૂષો સર્વ આને માટે જવાબદાર છીએ. જો આ ધોરણે આપણે વિચાર કરવા લાગીશું અને આન્તરનિરીક્ષણ કરીશું તો ભયનું માનસ સહેજે ઓછું બનશે. જો આપણે બરોબર સમજી લઇએ–અને મને તો ખાત્રી છે–કે અતિ નજદીકના ભવિષ્યમાં કોઇ લડાઇનો જરા પણ સંભવ છે જ નહિ તો પછી આ ભયવ્યાકુલતા હોવી જ શા માટે જોઇએ? જે કોઇ આક્રમણ ઉભું થાય તેને પહોંચી વળવા માટે આપણે બરોબર તૈયાર રહીએ કે જેથી કોઇ પણ બેવકુફ પ્રજા કે વર્ગ અન્યની સામે માથું ઉંચકવાની હીંમત જ ન કરી શકે. આ સંયુકત રાજ્યોની સંસ્થા આ માટે જ અસ્તિત્વમાં આવી છે.

આપણામાંના દરેકે પોતાની ભાષા કે વાણી હિંસક–આક્રમણ–ભાવથી મુકત કરવી જોઇએ, પણ મને ભય રહે છે કે આપણામાંના બહુ થોડા ચર્ચા કરતી વખતે આ દોષથી દૂર રહી શકીએ છીએ. ઉદ્દામ શબ્દો વડે ભાષણોને આકર્ષક બનાવવાનું હંમેશા આપણને પ્રલોભન રહે છે. પણ તેની માઠી અસર નીપજ્યા વિના રહેતી નથી અને પરિણામે વાતાવરણમાં કલુષિતતા વધ્યે જ જાય છે.

આ સંસ્થા આપણા પ્રશ્નોનો જરૂર નીકાલ લાવી શકશે એ વિષે મને જરા પણ શંકા નથી. જો કે લશ્કરી દૃષ્ટિબિન્દુએ હિંદ બહુ મહત્વનો દેશ નથી, એમ છતાં પણ દુનિયાની મહાન સત્તાઓથી અને તેમના લશ્કરો, દરીઆઇ કાફલા અને અણુબોંબો–એ સર્વેથી અમે જરા પણ બીતા નથી. શસ્ત્રબળ કરતાં બીજું પણ એક બળ છે. આ પાઠ અમારા ગુરૂએ અમને શિખવ્યો છે. એક બળવાન રાજસત્તા અને શક્તિશાળી શહેનશાહતની સામે અમે નિઃશસ્ત્ર ઉભા હતા. પ્રમાણમાં શાન્તિમય સાધનો વડે અમે અમારી આઝાદી પ્રાપ્ત કરી શકયા છીએ. કારણ કે આ લાંબા સમયના ગાળા દરમિયાન ગમે તે બને તો પણ કોઇ પણ અધર્મને–અન્યાયને જરા પણ નમતું ન આપવું અને તેનો ગમે તેવાં પરિણામો આવે તો પણ અડગપણે સામનો કરવો એવો અમે નિરધાર કર્યો હતો.

આ દુનિયાને તેના પોતાના પ્રશ્નો સંબંધમાં આ કાર્યપદ્ધતિ લાગુ પાડી શકાય તેમ છે કે નહિ તે હું કહી શકતો નથી, પણ તે પાછળ રહેલા સિદ્ધાન્તો જરૂર અમલમાં મુકી શકાય તેમ છે એમ હું માનું છું.

આજે હું તેત્રીશ કરોડ પ્રજાનાં પ્રતિનિધિ તરીકે આપની સમક્ષ ઉપસ્થિત થયો છું. હિંદ જોસભેર આગળ વધવા માંગે છે; બાંધકામ, ખેતીવાડી અને ઉદ્યોગોની વિરાટ યોજનાઓ અમલમાં મુકાઇ રહી છે. દુનિયાનું શ્રેય અને શાન્તિ સાધી શકે એવી મહાન સત્તા હિંદદ્વારા મૂર્તિમન્ત કરવાની અમને ભારે ઉમેદ છે. કોઇ પણ દિશાએથી કોઇ પણ પ્રકારનું આક્રમણ ઉભું થાય તે દરેક આક્રમણનો દરેક રીતે આપણે સામનો કરવા માગીએ છીએ, પણ માત્ર આક્રમણ અને હિંસાની પરિભાષામાં જ વિચાર કરવાથી આપણે દુનિયાના કે હિંદના પ્રશ્નોનો નિકાલ લાવી શકીશું એમ મને નથી લાગતું. હમણાં જ જે મેકસીકન ઠરાવ આપે પસાર કર્યો તેને મારું અનુમોદન છે. આ ઠરાવ દુનિયાની મહાન સત્તાઓને પોતાના મતભેદો સમજી લેવાનો અને સમજાવી દેવાનો અને સ્થાયી શાન્તિને વેગ આપવાનો આગ્રહ કરે છે. જો આ સંયુકત રાજ્યોની સંસ્થા આ પ્રમાણે કાર્ય કરશે તો શાન્તિના માર્ગે ઘણાં પગલાં આગળ ભરી શકશે અને તેની સામે પડેલા પ્રશ્નોનો નીકાલ લાવી શકશે.

આજે જરાક રાહત જેવું લાગે છે તેથી હવે આપણી સમસ્યાઓ સાવ ઠળવી બની ગઇ છે એમ માનવાની કોઇ ભૂલ ન કરે અને એ રીતે ખોટો આશાવાદ ન સેવે. પણ ક્રોધ, રાગદ્વેષ તેમ જ ભયથી મુકત બનીને જો કામ લેવામાં આવશે તો આજની સમસ્યાઓની જટિલતા ઓની મેળે ઓસરતી જશે અને સંભવ છે કે તેમાંથી કોઇ સુખદ સમાધાન હાથ લાગી જશે. અને એમ ન બને તો પણ ભયાક્રાન્તપણું તો ઉત્તરોત્તર જરૂર ઘટતું જશે જ અને દુનિયાના પ્રશ્નોનો નિકાલ લાવવામાં એ રીતે પણ આપણે ઘણી મજલ કાપી હશે જ.

અનુવાદક: પરમાનંદ

દેશનો વિમાની

સ્વતંત્ર ભારતવર્ષતણો હું બનીશ બાલ-વિમાની;
નાનકડા હૈયામાં મારા હોસ નથી કંઈ નાની;
ગરૂડસમાણું વિમાન મારું સરરર ઉંચે ચડશે,
વીજવિલસતાં વાદળ વીંધી આકાશે જઇ અડશે;
ચક્કર પર ચક્કર લેતું એ પાપ ધરાનું લેશે,
સાતે સાગર ઉપર થઇને ઘુમશે દેશે દેશે;
આકાશે ને નીચે એનું બિંબ અજબ કંઇ રહેશે,
ઉંચા પર્વત સ્તબ્ધ બનીને શોભા એની જોશે.
દશે દિશાએ ભરતખંડની ધજા ફરકતી જાશે,
ગરવા ગીતો 'જયભારત'નાં પૃથ્વી પર પડઘાશે.
વિમાન મારું જ્યાં જ્યાં જાશે ત્યાં જયહિંદ ગવાશે,
પ્રેમભરી પ્રભુતા ભારતની શુભ સર્વત્ર છવાશે.
સ્વતંત્ર ભારતવર્ષ તણો હું બનીશ બાલ-વિમાની
ભારતની સેવામાં મારી હો જીવન-કુર્બાની!

(શ્રી પૂજાલાલ. 'બાલમિત્ર' ઓગસ્ટ ૧૯૪૮)

બાળ શિક્ષણ નગર

બાળમેળા એટલે કે બાળકોની બજાર તો આપણે ત્યાં દર વર્ષે મોટા શહેરોમાં થયા જ કરે છે પણ બાળશિક્ષણ નગરની યોજના એ તદ્દન નવો જ પ્રયોગ ગણાય. બાળશિક્ષણ નગર કેવું હશે તેની પહેલાં તો કલ્પના જ આવતી ન હતી. અને એટલા જ માટે મુંબઇ જઇ પ્રત્યક્ષ જોવાની ઇચ્છા થઇ. તેમાં મુ. તારાબ્હેનનું આમંત્રણ મળ્યું અને તે પણ તેની ગોઠવણ વગેરેમાં ભાગ લેવાનું ત્યારે તો અત્યંત આનંદ થયો.

આજ સુધી બાળશિક્ષણના સિદ્ધાંતો અને સાધનોનો પરિચય બાલમંદિરોમાં જ થતો હતો. માબાપોને બાલમંદિરનો સંદેશો પહોંચાડવાના પણ ઘણી જાતના પ્રયત્નો થતા હતા. પરંતુ માબાપોનો બરાબર સંપર્ક સાધી શકાતો નહોતો તેવો લગભગ દરેક બાળશિક્ષણના કાર્યકર્તાનો અનુભવ હતો.

પણ મુંબઇમાં ભરાયેલા આ બાળશિક્ષણનગરની યોજનાથી બહુ જ સારી રીતે માબાપો અને શિક્ષણકર્તાઓ એકબીજાની ઘણા નજીક આવી શકયા છે એમ સમગ્ર અવલોકન ઉપરથી લાગે છે.

બાળશિક્ષણનગરની રચના બાળકો માટે તો ખૂબજ આકર્ષક હતી. બાળકોની બુદ્ધિ અને ક્રિયાશક્તિને વિકાસ મળે એવી આ ગોઠવણ હતી. આ શિક્ષણનગરમાં બેથી બાર વર્ષના કોઇ પણ બાળકને બૌદ્ધિક વિકાસ મળે તેવાં સાધનોની વિભાગવાર યોજના કરવામાં આવી હતી. અને તેમાં વ્યવહાર, ઘરમાં મળતી સાદી ક્રિયાઓથી માંડી વિજ્ઞાન, ભૂગોળ, વ્યાકરણ, ભૂમિતિ, ગણિતનાં મૂર્ત સાધનો એવી રીતે મૂકવામાં આવ્યાં હતાં કે બાળક એરડીમાં જઇને પોતાની મેળે જ એ સાધનોનો ઉપયોગ કરી વિજ્ઞાન, ગણિત, વગેરે બરાબર સમજી શકે. સ્વાધ્યાયનો આ એક અદ્‌ભુત પ્રયોગ હતો.

આ પ્રદર્શનમાં રોજ સેંકડો માબાપો અને બાળકો આવતા હતા. બાળકો માટે દિવસમાં બે સમય કામ કરવા માટે નકકી કરવામાં આવ્યા હતા. તે સમયે એકએક ઓરડામાં ત્રીસથી ચાલીસ બાળકો કામ કરવા લાગી જતાં હતાં. એટલું જ નહીં પણ બાળકોને જાતે કામ કરવાનું હતું એટલે જેને જ્યાં ગમે ત્યાં જઇને કામ કરતાં હતાં. શાળામાં બાળકો શું કરે છે તે જોવા કે જાણવા કદીય તસ્દી ન લેનારા માબાપો આશ્ચર્યવત્ બધું જોતા હતા. માતાની આંગળીઓથી કદી છુટું ન પડે એવું બાળક પણ કોઇને કોઇ ઓરડામાં બેસી રમવા મંડી જતું. આ બધું જોઇને ઘણી માતાઓ પ્રેરણા પામતી અને વાતો કરતી સંભળાતી કે "આવાં સાધનો આપણે ઘેર પણ કેમ ન લાવી શકીએ? આવી રમતો આપણે પણ કેમ ન આપી શકીએ? આ ઢળવાનું અને પાણીના પ્યાલા ભરવાનું આપણે પણ ઘરમાં દાખલ કરી શકીએ. બાળકને એકાદ નાના લાકડાના કટકા ઉપર ચાલવાનું બતાવી તેને બેલેન્સ મેળવવાનું આપણે કેમ ન બતાવીએ?"

ભાષાશિક્ષણના ઓરડામાં વ્યાકરણ જેવો અત્યાર સુધી અઘરો ને અટપટો ગણાતો વિષય બાળક રમતાં રમતાં બહુ રસપૂર્વક શીખી જાય; ગણિતના ઓરડામાં અપૂર્ણાંક જેવા દાખલા પ્રત્યક્ષ સાધનથી ચારપાંચ વર્ષનું બાળક શીખતું દેખાય; ભૂશિર, અખાત, સંયોગીભૂમિની રચના બાળક માટીથી પ્રત્યક્ષ બનાવતું નજરે પડે; વનસ્પતિ વિજ્ઞાન પણ પ્રત્યક્ષ સાધનોથી શીખતું દેખાય. એ માબાપો અને જોનારાને મન આશ્ચર્યવત્ લાગેજ. છતાં બાળક ખરેખર શીખે છે ને કામ કરે છે. નહિ કે આ બધી કલ્પનાની વાતો છે એ માબાપોને બરાબર સમજાય તે આ પ્રદર્શનની ઓછી સફળતા નથી.

આ બધાની સાથે મોન્ટેસોરી પદ્ધતિના સાધનો વગર જ્યાં બાળશિક્ષણ આપવું હોય ત્યાં ક્રિયાઓ દ્વારા પાયાની કેળવણી કેમ આપવી તે પણ એક ઓરડામાં બતાવ્યું હતું. આ ઓરડામાં વધારેમાં વધારે બાળકો કામ કરતાં હતાં. ખૂબ શાન્તિ અને વ્યવસ્થા જળવાતી હતી. કોઇ બાળક માટીના કોડીયા રંગતું, તો કોઇ કાતરથી કાગળની ડીઝાઇન બનાવતું, તો કોઇ શંખલા છીપલાથી ડીઝાઇન બનાવતું, કોઇ વળી સાદડી ગુંથતું, કોઇ કપાસમાંથી કપાસીયા છૂટા પાડી રૂ પીંજી પૂણી બનાવતું હતુ. તો કોઇ ગુણપાટના કકડામાં રંગરંગની સુતળીથી ભરતકામ કરતું હતું, ત્યારે એક ખુણામાં કાગળો ઉપર રંગ ચોપડી તેને ઘસી સુંવાળા બનાવતા હતા. આ કાગળો બજારમાં વેચાય તો તેની કિંમત ઉપજે. એ રીતે પૂ. બાપુજીની વર્ધાયોજના પ્રમાણે બાળક શીખતા શીખતા ઉત્પાદન કરી શકે તેની શકયતા બતાવી હતી.

આ સિવાય બાળકો માટે એક સ્યુઝીયમ ગોઠવવામાં આવ્યું હતું, જેમાં હિંદમાં જુદા જુદા પ્રાંતમાં બનતી વિવિધ વસ્તુઓ ગોઠવવામાં આવી હતી. તેમાં ખાસ કરીને જૂતાં રમકડાં અને ઔદ્યોગિક રમકડાં તરફ બાળકોનું વધારે ધ્યાન ખેંચાતું હતું.

માબાપો માટે પણ એક ઓરડો ગોઠવવામાં આવ્યો હતો, જેમાં બાળકોના ઉછેર સંબંધે ચિત્રો તેમ જ પુસ્તકો ગોઠવ્યા હતા.

આ બધી ગોઠવણ ઉપરાંત શિક્ષકો માટે એક સંસ્કાર વર્ગ અને માતાઓ માટે એક વર્ગ ખોલવામાં આવ્યો હતો.

સંસ્કાર વર્ગમાં આજ સુધી કામ કરતા શિક્ષકોને સિદ્ધાંતો અને સાધનો બાબતમાં શ્રી તારાબ્હેન મોડક તથા શ્રી નાગલે ખૂબ પ્રેરણાદાયક વ્યાખ્યાનો આપીને કામ કરવામાં ઉત્સાહ અને વેગ આપતા હતા. ઉપરાંત મેડમ મોન્ટેસોરી તથા મી. મેરીયાએ આવીને પણ પ્રશ્નોત્તરી દ્વારા મોન્ટેસોરી સિદ્ધાન્તો અને સાધનો ઉપર વધુ પ્રકાશ પાડયો હતો.

આ ઉપરાંત બાળકોને નાસ્તા માટે ઉપાહારગૃહ રાખવામાં આવેલું તેમાં નાના બાળકોને હાથેજ બધો નાસ્તો તૈયાર થતો હતો. તેમ જ મોટેરાઓ માટે ભગિની સમાજ તરફથી બ્હેનોએ રેસ્ટોરાં ખેલ્યું હતું.

શિક્ષણ વર્ગ પૂરો થયા પછી બાળકો માટે રોજ સાંજે બે કલાક રંજન કાર્યક્રમ રાખ્યો હતો. તેમાં જુદા જુદા બાળમંદિરોનાં બાળકોના કાર્યક્રમો તેમ જ જુદા જુદા વિષયની બાળકો માટેની ફીલ્મ્સ દેખાડવામાં આવતી હતી.

એકંદરે આ પંદર દિવસના કાર્યક્રમનો મુંબઇની જનતા અને બાળકોએ ખૂબ લાભ લીધો હતો, છતાં એક વાત હંમેશાં મને ખૂંચતી રહેતી તે કદાચ સંચાલકોના ધ્યાનમાં હશે. આવા બાળશિક્ષણ નગરની યોજના ઉપલા અથવા કંઇક અંશે મધ્યમવર્ગ માટે ગણાય. નીચલા વર્ગના ચાલીમાં વસતા ગરીબ બાળકો કે માતાઓ આમાં નજરે નહોતા પડતા. તેનું કારણ ભારે ફી અને પૈસાદાર લત્તાની સ્થળ તરીકેની પસંદગી પણ હોય. કદાચ સંચાલકોની દૃષ્ટિએ આ ફી ભારે નહિ લાગી હોય, પરંતુ સામાન્ય મધ્યમ વર્ગના કુટુંબ માટે તો આ પ્રદર્શનનો પૂરો લાભ લેવાનું લગભગ અશકય હતું.

તેમ છતાં આ આખો પ્રયોગ સુંદર અને સફળ ગણાય અને તેનો યશ મુંબઇના સ્થાનિક કાર્યકરો, શિક્ષકો અને શિક્ષિકાઓને ફાળે જાય છે. શ્રીમંત કુટુંબની કાર્યકર્તા બ્હેનો ખૂબજ શ્રમ ઉઠાવી રહી હતી અને શિક્ષકોની મહેનત પણ ઘણી હતી. બહારગામથી પણ સારી સંખ્યામાં શિક્ષક શિક્ષિકાઓ સંસ્કાર વર્ગમાં આવ્યા હતા. આ પ્રદર્શનની એક બીજી સિદ્ધિ તો એ હતી કે મહારાષ્ટ્રીય અને ગુજરાતી સાથે મળી પોતાનો ફાળો રસોઇથી આપી રહ્યા હતા. હું પણ કંઇક આવી જાતનું શિક્ષણ પ્રદર્શન ભાવનગરમાં કરવાની શકયતા છે કે નહિ તેના વિચાર સાથે સૌ સાથીઓથી છુટી પડી.

નર્મદાબ્હેન રાવળ

— સમયના પ્રવાહમાં —

જ્ઞાતિ–બહિષ્કાર પ્રતિબંધક ધારો

ઘણા લાંબા સમયથી હાલની જ્ઞાતિઓ રચાએલી છે, અને કાળાંતરે તેમાં પેટાજ્ઞાતિઓ પણ ઘણી મોટી સંખ્યામાં ઉત્પન્ન થઈ છે. પરંતુ જ્ઞાતિ સંસ્થાનો ઇતિહાસ ૧૫૦૦ સૈકાથી જૂનો હોય એમ લાગતું નથી. ચાર વર્ણો હિંદમાં આર્યોના આગમન પછી જ રચાયા હતા; અને એ જ રચના ઠીક અંશે વૈજ્ઞાનિક હતી. બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણો તે વખતના આર્યોના કર્તવ્યને અનુલક્ષીને રચાયા હતા. અને દરેક વર્ણ માટે ચોક્કસ ધર્મ–ફરજ–કર્તવ્ય એટલે વર્ણાશ્રમ ધર્મો પણ નક્કી થએલા હતા.

આ રચના સૌથી યોગ્ય તેમ જ વૈજ્ઞાનિક પણ હતી, અને તેમાં ધર્મ કર્તવ્યને યોગ્ય સમાજરચના કરવામાં આવી હતી. વળી આ ચારે વર્ણો વચ્ચે આંતરવર્ણીય લગ્નની વ્યવસ્થા પણ હતી. બ્રાહ્મણ–ક્ષત્રિયાદિ વર્ણને ઉચ્ચ ગણવામાં આવતા હતા, છતાં વૈશ્ય–શુદ્રાદિ પ્રત્યે કોઇ પ્રકારના તિરસ્કારનો ભાવ રહેતો નહિ. ઉપલા વર્ગનો પુરૂષ નીચલા વર્ગની સ્ત્રી સાથે લગ્ન કરે, તેને શાસ્ત્રસંમત ગણવામાં આવતું અને તે અનુલોમ લગ્ન ગણાતું. એથી ઉલટું 'પ્રતિલોમ' લગ્ન એટલે નીચલા વર્ગના પુરૂષનું ઉપલા વર્ગની સ્ત્રી સાથેનું લગ્ન અપવાદ રૂપે થતું અને તે શાસ્ત્ર સંમત ગણાતું નહિ.

આ વર્ણ વ્યવસ્થામાં એકકે વર્ણની અવગણના થતી નહોતી, પરંતુ દરેક વર્ણ એક બીજા વર્ણને પૂરક ગણાતા. આ રીતે પણ આ વર્ણ વ્યવસ્થા આદર્શ હતી. આ વર્ણો વચ્ચે વર્ણની દૃષ્ટિએ કદી ધર્ષણ થયાનું ઇતિહાસમાં દૃષ્ટિગોચર થયું નથી, સિવાય કે એક પરશુરામ બ્રાહ્મણવીરે ક્ષત્રીઓ સામે પરશુ ઉપાડી હતી.

ત્યારબાદ કાળાંતરે બ્રાહ્મણ, ક્ષત્રીય, અને વૈશ્યોમાં એક યા બીજા કારણે જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ ઊભી થઇ, જ્યારે શુદ્રોમાં જુદા જુદા ધંધાને કારણે અનેક જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ થતી ચાલી. આજે એ વિભાગીકરણ એ હદે પહોંચ્યું છે કે બ્રાહ્મણોમાં કેટલી પેટા જ્ઞાતિઓ છે તે ખુદ બ્રાહ્મણને અને વૈશ્યોમાં કેટલી પેટા જ્ઞાતિઓ છે તે ખુદ વૈશ્યને જ માલુમ નથી.

આ દરેક જ્ઞાતિનો અલગ અલગ 'રોટી વહેવાર'–ભોજન વ્યવહાર અને 'બેટી વહેવાર'–લગ્ન વ્યવહાર ચાલતો હતો, અને એક પેટા જ્ઞાતિનો માનવી બીજી પેટા જ્ઞાતિના માનવી સાથે ભોજન કે લગ્ન વ્યવહાર કરે તેને જ્ઞાતિના કાયદાનો ભંગ થયો ગણાતું. અને જ્ઞાતિ કે તેના મોવડીઓ એવા માનવીને દંડ કે જ્ઞાતિ બહિષ્કારની શિક્ષા પણ કરતા.

આ દેશમાં અંગ્રેજોના આગમન પછી કેટલાક જાહેર ઉપાહાર સમારંભોમાં એક બીજી જ્ઞાતિના માણસોએ 'જરૂર' તરીકે ગણીને સાથે ભોજન લેવાનું શરૂ કર્યું; એમ છતાં હિંદુઓ કે જૈનો મુસલમાનો, પારસીઓ કે ખ્રીસ્તીઓ સાથે રાંધેલું ભોજન જમતા નહિ. આ ભેદ તો છેક ગાંધીજીના આગમન પછી જ ટળ્યો. શરૂઆતમાં આંતર્જાતીય ભોજનની એક ફેશન થઇ પડી. કોઇએ એને સુધારો માન્યો, અને કોઇએ જરૂરીઆત માની. પરિણામે જ્ઞાતિના મોવડીઓએ આ જાતનાં આંતરભોજનને સામાજિક ગુન્હો ગણવાનું લગભગ છેડી દીધું ગાંધી યુગની શરૂઆતમાં હરિજનો સાથે ભોજન તો શું, પણ કેવળ સ્પર્શ કરવાને કારણે કેટલાક ચુસ્ત રાષ્ટ્રવાદીઓને જ્ઞાતિબહિષ્કારની સજાઓ ભોગવવી પડી હતી. આજે હવે આંતર્જાતીય ભોજન નવાઇની વાત રહી નથી; અને જ્ઞાતિઓના રૂઢીચુસ્ત આગેવાનોએ પણ હવે એ પ્રશ્ન પરથી પોતાનો હાથ ઉઠાવી લીધો છે.

પરદેશગમન, પુનર્લગ્ન વગેરે કારણે પણ જ્ઞાતિ બહિષ્કારની સજા થતી; એ પણ હવે લગભગ બંધ પડયું છે.

હવે જ્ઞાતિઓની મર્યાદા લગ્નો પુરતી જ રહી છે. ઘણા સુધારક મનાતા માણસો હજુએ પણ જ્ઞાતિમાં જ લગ્ન કરવાનું ધોરણ ચાલુ રાખી રહ્યા છે. અને આંતરજ્ઞાતીય લગ્ન બહુ થોડા અપવાદોમાં થાય છે, અને હજુ તે ઘણી ખરી જ્ઞાતિઓમાં ગુન્હો લેખાય છે, અને સજાને પાત્ર બને છે.

જ્ઞાતિઓનું બંધારણ થોડા અપવાદો સિવાય જૂના પંચાયતના ધોરણે ચાલી રહેલું છે. પાંચેક આગેવાન ગણાતાં કુટુંબોના વડાઓના હાથમાં કારભાર રહેતો; અને પછી તો રાજકુળની પેઠે જ્ઞાતિ પટેલની ગાદી પણ કુટુંબમાંથી ઉતરી આવતી; અને એ રીતે જ્ઞાતિઓનો કારભાર એકહથ્થુ થઇ ગયો.

ઘણી જ્ઞાતિઓમાં હજુ યે જ્ઞાતિપટેલોનું બળ અને જોહુકમી ઠીક જામેલાં છે; એટલું જ નહિ પણ આજનો પલટાયેલો યુગ પારખી ન શકનારા એ જ્ઞાતિપટેલો મનસ્વી રીતે જ્ઞાતિજનોને કહેવાતા વિવિધ ગુન્હાઓને કારણે દંડી નાખતા હોય છે અને જ્ઞાતિબહિષ્કારની છેવટની સજા પણ કરતા હોય છે. આમાં ઘણી વ્યક્તિઓને અન્યાય પણ થતો હોય છે, અને છતાં તેની કોઇ અપીલ તપાસ હોતી નથી; અને જ્ઞાતિજનને એવા અન્યાય મુંગે મોઢે સહન કરવાના હોય છે.

જ્ઞાતિ પટેલો મારફત થતા આ અન્યાય પ્રત્યે મુંબઇ સરકારનું લક્ષ ખેંચાયું છે, અને તેમણે એક 'જ્ઞાતિ બહિષ્કાર પ્રતિબંધક કાયદો' ધારાસભામાં લાવવા વિચાર્યું છે. આ કાયદો સામાજિક બાબતનો હોઇને લોકમાનસ જાણવાના હેતુથી એ વિષે જાહેર જનતાના અભિપ્રાયો તારવ્યા છે.

આ બાબતમાં દરેક શિક્ષિત એને સમજુ માણસ સરકારના આ પગલાંને વધાવી લેશે જ, એમાં શંકા નથી; પરંતુ જુનવાણી વિચારના માણસો અને સત્તા છોડવાનું ન રૂચે એવા જ્ઞાતિના આગેવાનો આ ધારાનો વિરોધ કરે, એ પણ સંભવિત છે.

પરંતુ આજ સુધી જ્ઞાતિઓએ જે રીતે માનવસમાજના વિકાસમાં બાધા કરી છે, કોમવાદને સજ્જડ કર્યો છે, સામાન્ય માણસને અન્યાય કર્યો છે અને રાષ્ટ્રભાવનાને નુકશાન કર્યું છે, તે રીતે જ્ઞાતિઓ હવે અદ્રશ્ય થવાને જ યોગ્ય છે. લગ્નાદિ વ્યવહાર સિવાય જ્ઞાતિઓની બીજી અગત્ય રહી છે પણ શું? લગ્ન તો સમાન આચાર–વિચારવાળા વર્ગના માનવીઓ વચ્ચે જ સંભવી શકે; અને હવે તો જ્ઞાતિઓ સમાન આચાર–વિચારનું કેન્દ્ર રહી નથી. પણ જ્ઞાતિની બહાર એવા સંબંધો દૃષ્ટિગોચર થાય છે, જ્યાં સમાન આચાર–વિચાર રચાએલા હોય છે. જુદી જુદી જ્ઞાતિના સુધારક વર્ગો કે રાષ્ટ્રવાદીઓ વચ્ચે આચારવિચારની જે સમાનતા હોય છે, તે એક જ જ્ઞાતિના રૂઢીચુસ્તો અને સુધારકો વચ્ચે અથવા રાષ્ટ્રવાદીઓ અને પ્રજ્ઞાધતીઓ વચ્ચે હોતી નથી, એટલે હવે જ્ઞાતિ એ લગ્ન માટેનું વર્તુળ રહી શકે એમ નથી.

છતાં સરકારે જ્ઞાતિઓના અસ્તિત્વને ગેરકાયદેસર ગણ્યું નથી. સામાજિક સંપર્ક કે સંઘ પૂરતી જ્ઞાતિઓ હવે રહી શકે છે, અને એક બીજી વ્યક્તિઓના વિકાસ અને પ્રગતિમાં સહાયભૂત થઇ શકે છે.

આજના સંજોગો અને યુગબળ જોતાં સરકારનું આ પગલું બૂમ જ વ્યાજબી અને સમયસરનું છે; અને સનાતનીઓના પ્રચારનો ભોગ થઇ પડેલા અશિક્ષિત માનવીઓના અણસમજુ વિરોધને લક્ષમાં ન લઇને, પ્રજાના પ્રતિનિધિ રૂપ વિદ્વાન ધારા સભ્યોની મોટી બહુમતી પ્રજાહિતનું આ કાર્ય અડગપણે સફળ રીતે ઉકેલશે એમ આશા રાખીએ.

રાષ્ટ્રભાષા અને લિપિ

હિન્દની બંધારણસભાએ રાષ્ટ્રભાષા અને તેની લિપિ પણ નક્કી કરવાની છે. તાજેતરમાં મુંબઇમાં મળેલ મુંબઇ પ્રાન્તિક હિન્દી સાહિત્ય સંમેલને રાષ્ટ્રભાષા તરીકે હિન્દી અને લિપિ તરીકે દેવનાગરી માટે માગણી કરતો ઠરાવ પસાર કર્યો છે. વળી હવે પાકિસ્તાન અપાયા પછી શુદ્ધ હિન્દી જ રાષ્ટ્રભાષા થવી જોઇએ એમ ઘણા ભારપૂર્વક કહી રહ્યા છે. પરંતુ પાકીસ્તાન પછી પણ હિન્દમાં મુસ્લીમો પ્રજાજન તરીકે રહેલા છે, એ ભૂલાવું ન જોઇએ. મારા અંગત મત પ્રમાણે ઉત્તર હિન્દમાં આમ જનતા જે ભાષા બોલે છે, તે હિન્દુસ્તાની જ રાષ્ટ્રભાષા બનવી જોઇએ. રાષ્ટ્રભાષાના પ્રશ્ન પરત્વે કોમીવાદી દૃષ્ટિએ જોવાને બદલે દેશની આમજનતાની દૃષ્ટિએ જોવું જરૂરી છે. એમાં ઊર્દુ કે સંસ્કૃત શબ્દોના પ્રભુત્વ માટે લડવાનું છોડી દઇને જેને જે સુગમ લાગે તે શબ્દો વાપરવાની છૂટ હોવી જોઇએ. આમ થવાથી ભવિષ્યમાં એક એવો સમય આવશે કે જ્યારે હિન્દુસ્તાનીમાં ઊર્દુ અને સંસ્કૃત બન્ને ભાષાના શબ્દોનો બહોળો ઉપયોગ થવા માંડશે. ઘણા કહે છે કે હિન્દુસ્તાની જેવી કોઇ ભાષા જ નથી એ અમુક અંશે સાચું છે, એમ માનીએ તો પણ હિંદી અને ઊર્દુના મિશ્રણવાળી એવી એક ભાષા રચાય અને પ્રચલિત બને તો એમાં કંઇ ખોટું નથી. આજની પ્રચલિત દરેક ભાષામાં પરભાષાના ઘણા શબ્દો એવા સેળભેળ થઇ ગયા છે કે શબ્દશાસ્ત્રીઓ સિવાય બીજા કોઇ માટે તે પારખવું પણ મુશ્કેલ છે. વળી હિંદી અને ઊર્દુનું વ્યાકરણ અને વાક્યરચના એક જ ઢબનાં હોઇને એના મિશ્રણ રૂપ હિંદુસ્તાની એ બન્ને વર્ગને માટે સરળ અને સુગમ બનવાની છે.

લિપિ માટેનો દેવનાગરીનો આગ્રહ ખોટો નથી. ઊર્દુ લિપિ એ અરબી અને ફારસી જેવી પરદેશી ભાષાનું રૂપ છે, જ્યારે દેવનાગરી એ સંસ્કૃત જેવી સંસ્કારી અને દેશી ભાષાનું રૂપ છે, એમાં કોઇ ના કહી શકે એમ નથી. વળી હાલ બંગાળ, બિહાર, ઓરિસ્સા, યુક્તપ્રાન્ત, રાજસ્થાન, મધ્યપ્રાન્ત, ગુજરાત અને મહારાષ્ટ્રમાં જે ભાષા બોલાય છે તેની લિપિ દેવનાગરી કે દેવનાગરીને મળતી જ છે; જ્યારે ઊર્દુને મળતી લિપિ તો કેવળ પંજાબ–દિલ્હીમાં જ છે. આ જોતાં દેવનાગરી લિપિ દેશની બહુમતિને અનુકૂળ થઇ પડશે.

હાલ થોડાં વર્ષ અંગ્રેજીને રાજ્યભાષા તરીકે ઉપયોગમાં ચાલુ રાખવાની માગણી પણ કંઇ છેક ખોટી તો નથી જ. તામીલ, તેલુગુ, મલયાલમ, કાનડી વગેરે ભાષા બોલનારા માટે રાષ્ટ્રભાષા તરીકે હિંદી કે હિંદુસ્તાનીને અપનાવવાનું મુશ્કેલ તો છે જ; અને એ માટે તેમને યોગ્ય સમય આપવામાં કંઇ નુકશાન નથી. આપણાં ટાઇપરાઇટરો, લઘુલિપિ, તારની પરિભાષા, વગેરે પણ અંગ્રેજીમાં જ અનુકૂળ છે, અને તેમાં ફેરફાર કરતાં જરૂર વખત લાગવાનો છે. એટલે જો નજીકના ભવિષ્યના ધ્યેય તરીકે રાષ્ટ્રભાષા તરીકે હિંદુસ્તાની લક્ષમાં રાખવામાં આવે અને બાળકોને આજથી જ એ ભાષા શિખડાવવામાં આવે અને કેટલાંક વર્ષો સુધી અંગ્રેજીનો વ્યવહાર ચાલવા દેવામાં આવે તેમાં કશું અનિષ્ટ હું જોતો નથી.

આમ છતાં એ વસ્તુ ન અવગણી શકાય એવી છે કે આપણામાંના ઘણાએ અંગ્રેજી ભાષા પર ઠીક પ્રભુત્વ મેળવ્યું છે. માતૃભાષામાં વાત કરતાં પણ ઘણાને વચ્ચે વચ્ચે અંગ્રેજી ભાષાનો આશ્રય લેવો પડે છે. અંગ્રેજી એ દુનિયાના પોણા ભાગની જન સંખ્યા સમજી શકે એવી ભાષા છે, અને ખાસ કરીને પરદેશ સાથેના વ્યાપારમાં એની પણ જરુર છે. અંગ્રેજી ભાષામાં મૌલિક તથા અનુવાદિત એવું ઘણું કિંમતી સાહિત્ય પણ છે જ. આ બધું જોતાં રાષ્ટ્રભાષા તરીકે હિંદુસ્તાનીને સ્વીકાર્યા પછી પણ જરૂરી પરભાષા તરીકે અંગ્રેજીનું સ્થાન રહેવાનું જ છે; અને તેથી શાળાઓમાં તેને બીજીભાષા તરીકે ચાલુ રાખવામાં આવે એ પણ જરૂરી છે.

પ્રકૃતિનું તાંડવ

ગયે અઠવાડિયે મુંબઇ અને પરાંના વિસ્તારમાં અને ખાસ કરીને સાગરતીરે પ્રકૃતિનું અભૂત પૂર્વ તાંડવ રચાઇ ગયું. રવિવારની રાત અને સોમવારનો દિવસ–એ ૨૪ કલાકમાં વાયુ દેવતાએ જળ અને સ્થળ ઉપર પોતાનો પરચો બતાવી, ખાસ કરીને વૃક્ષો અને વહાણોનો જબ્બર વિનાશ સર્જ્યો; અને વૃક્ષોની ચોટમાં તથા વહાણોના આશ્રયમાં સેંકડો માણુસોએ પણ વાયુદેવને પોતાના પ્રાણનું બલિદાન આપી દીધું. વીજળી બંધ થતાં પ્રકાશ, યંત્રો અને વહેવારના બધાં સાધનો અટકી પડ્યાં; અને મુંબઇ બાકીની દુનિયાથી સદંતર વિખુટું પડી ગયું.

આમ છતાં તોફાની ગણાતી આ મહાનગરીના માનવીઓએ આ સમયને યોગ્ય રીતે વધાવી લીધો. ન થયો કંઇ ગભરાટ, ન થઇ કોઇ અવ્યવસ્થા, ન થયું કોઇ તોફાન. જે શાન્તિ અને ધીરજથી મુંબઇની પ્રજાએ આ પ્રસંગને પસાર કર્યો, તે મુંબઇને શોભાવે એવું કૃત્ય હતું, અને તે માટે સમગ્ર પ્રજા અભિનંદનને પાત્ર છે.

વ્યવસ્થા જાળવવામાં અને અવ્યવસ્થા દૂર કરી, ટુંક સમયમાં અતિ ઝડપથી પૂર્વવત્ પરિસ્થિતિ ઊભી કરવા માટે પ્રજાકીય સરકારે, સુધરાઇએ, પ્રજાસેવકોએ, અમલદારોએ, પોલીસે અને લશ્કરે જે સુંદર જહેમત ઉઠાવી છે, તે પણ એટલા જ અભિનંદનને પાત્ર છે.

મુંબઇની પ્રજા મુંબઇની પૂરવહાની અવ્યવસ્થા, કાળાં બજારો, વાહનવ્યવહારની મુશ્કેલીઓ, મકાનતંગી, પાણીની પીડા વગેરે માટે અવારનવાર સરકારને જાહેરમાં કે ખાનગીમાં, છાપીને, છપાવીને કે બોલીને કટુ શબ્દો સૂણાવે છે; કારણ કે એ પ્રજા શિક્ષિત છે, આગળ વધેલી છે અને સરકારની ફરજો અને જવાબદારી શી છે એ જાણે છે. આ હોનારત પ્રસંગે એ જ પ્રજાએ તારીફલાયક ધીરજ ધરીને પ્રકૃતિના તાંડવે સર્જેલી અવ્યવસ્થાને તથા નુકશાનને હર્ષભેર વધાવી લીધી એટલું જ નહિ પણ સરકારે બજાવેલા કર્તવ્ય ઉપર એ જ રીતે જાહેર અને ખાનગીમાં અભિનંદનો વર્ષાવ્યા, એ મુંબઇની પ્રજાને અનુરૂપ જ હતું.

આ તાંડવે બતાવી આપ્યું કે પ્રકૃતિના બળ પાસે માનવ કેટલો લાચાર છે! વળી વૈજ્ઞાનિક શક્તિઓ પ્રકૃતિના તાંડવ પાસે કેટલી લાચાર છે! પૂ. ગાંધીજીએ વર્ષો સુધી સ્વાશ્રય અને જાતમહેનતનો જે બોધ કર્યો હતો, તેને નહિ ગણકારનારા માણસોએ પણ ધંટી અને કોડિયાંનો આશ્રય લીધો હતો!

અખંડ જ્યોત

હિંદી રાષ્ટ્રીય મહાસભાનું છેલ્લું અધિવેશન યુક્ત પ્રાન્તમાં મેરઠ (મીરત) મુકામે મળેલું, ત્યાંથી શિરસ્તા અનુસાર 'અખંડ જ્યોત' હવે જ્યાં ડિસેમ્બરમાં અધિવેશન મળવાનું છે ત્યાં જયપુર લઇ જવા માટે યુક્ત પ્રાંતની ધારાસભાના પ્રમુખ અને પ્રાન્તિક સમિતિના સરનશીન બાબુ પુરુષોત્તમદાસ ટંડને એ જ્યોતને પ્રગટાવતાં હિંદની સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાને શોભાવે એવી અભિલાષા વ્યકત કરતાં કહ્યું હતું કે "સત્ય, અહિંસા, કરૂણા અને લશ્કરી શૌર્યના સંયોગીકરણ સમી ભારતીય સંસ્કૃતિમાંથી પ્રાદુર્ભાવ પામેલી આ જ્યોત સમગ્ર ધરતી પર પોતાનો યશ અને પ્રકાશપુંજ પાથરતી પાથરતી જયપુર પર્યન્ત પ્રવાસ કરો અને સાંસારિક સુખ સગવડ પાછળ પાગલ શી શોધમાં, સુખનાં હવાતિયાં માટે વલખાં મારતા જગતનાં અજ્ઞાનતિમિર ભેદીને, સમગ્ર સંસાર પ્રવાસના માર્ગે ક્રમે ક્રમે પ્રસ્થાન કરવાની ઇશ્વર એ જ્યોતને શક્તિ અર્પો!"

ટંડન બાબુની આ ભાવના જાણે પંડિત જવાહરલાલ નહેરુના 'યુનો'ના ભાષણમાંથી જ પ્રેરણા પીને ઉદ્ભવી હોય એવી

સુરેખ, સુંદર અને મધુર દેખાય છે. પોતાની અનેક નાની મોટી યાતનાઓ વચ્ચે હિંદે હવે અગવડો અને દુઃખના ખ્યાલો છોડી દઇને આર્થિક ઉપરાંત સાંસ્કારિક અને આધ્યાત્મિક માર્ગે આગળ વધવાનું છે, અને જે મહાન રાષ્ટ્રપિતા પાસેથી એણે પ્રેરણા મેળવી છે, તેનું પાન કલેશત્રાસિત જગતને પણ કરાવવાનું છે. હિંદે એશિયા અને આફ્રિકાના પ્રભાત દેશોની આગેવાની તો લેવાની છે જ; પરંતુ સુધરેલા ગણાતા યુરપ-અમેરિકા પર પોતાની આધ્યાત્મિક સાધનાની સંજીવની છાંટીને એ દેશોને પણ શોષણ-મુક્ત, ભય-મુક્ત, કલેશમુક્ત કરવાના છે. પૂ. ગાંધીજીના સાચા વારસદાર પંડિત જવાહરલાલની આગેવાની નીચે હિંદ પોતાની સર્વદેશીય પ્રગતિ સાધશે, અને અખંડ જ્યોતનો સુખશાન્તિપ્રદ પ્રકાશ જગતને પણ અજવાળશે જ, એમાં કોઇ શક નથી.

વિદ્યાર્થીઓનો સ્તુત્ય પ્રયાસ

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ માટે એક સામાન્ય ફાળો તો ચાલે જ છે; પરંતુ સંસ્થાના વિદ્યાર્થીઓ પણ એક ફાળાસમિતિ રચીને પોતાનો પ્રયાસ કરી રહ્યા છે. આ સમિતિ રૂા. દશહજાર જેટલી રકમ એકઠી કરવાની આશા રાખે છે, જેમાં રૂા. ૪૫૦૦ ભરાઇ ચૂક્યા છે. ગૃહનાં એક ભૂતપૂર્વ વિદ્યાર્થી રૂા. ૫૦૧ નો ડ્રાફ્ટ મોકલતાં ફાળા-સમિતિના મંત્રી શ્રી. મુગટભાઇ પર પત્ર લખતાં જણાવે છે કે:-

'આપણા 'હોમ'ના પ્રાણસમા શ્રી. મણિભાઇનો પત્ર મને અમુક વખત પહેલાં મળેલો. જવાબ નથી આપી શક્યો, પણ મુંબઇ આવેલ ત્યારે ગોકળદાસ મોહનલાલ વાળા ગોકળદાસભાઇ મારફત કહેવરાવેલ કે મણિભાઇનો પત્ર મને મળ્યો છે અને હું મારો ફાળો રૂા. ૫૦૧-મોકલી આપીશ. મુંબઇમાં ઓછું રોકાણ હોઇ તમને કે મુ. મણિભાઇને ન મળી શક્યો, એ માટે દિલગીર છું.

'તાણાંવાણી સંસ્થામાં રસ લેનાર ઘણા મળી આવે, પણ આપણાં 'હોમ'માં આટલો રસ લઇ તનતોડ મહેનત કરનાર મણિભાઇ જેવા બહુ ઓછી સંસ્થાને મળશે. એટલે જ મણિભાઇને મેં પ્રાણસમા ગણાવ્યા છે. આ સંસ્થાનો પાયો સ્વ. વાડીભાઇએ નાખ્યો અને તેના પર ચણતર મણિભાઇ કરી રહ્યા છે. અને તે પણ આજના કપરા સમયમાં, તે ધન્યવાદને પાત્ર છે. નવા મકાનની તૈયારી થઇ રહી છે એ જાણી ખૂબ આનંદ થાય છે.

'આપનો પત્ર થોડા દિવસ પહેલાં મળેલો. આ સાથે રૂા. ૫૦૧ નો મુંબઇનો ડ્રાફ્ટ મોકલું છું તેની પહોંચ લખી આભારી કરશો. પૂ. મણિભાઇને મારા પ્રણામ કહેશો. આ રૂપિયા મારા અંગત નામે ગણશો.'

આજે વિદ્યાર્થીઓ પ્રત્યે મોટેરાઓના મનમાં ભાવ કરતાં અભાવ વિશેષ નજરે પડે છે, અને તેનું કારણ કેટલાક વિદ્યાર્થીઓની સ્વાર્થવૃત્તિ અને તકસાધુતા છે, આમ છતાં દરેક સંસ્થામાં ઉપરોક્ત પત્રલેખક જેવા કૃતજ્ઞો અને ભાવનાશાળી વિદ્યાર્થીઓ પણ હોય છે જ; અને સોમાંથી પાંચ જ વિદ્યાર્થી સંસ્થામાં કેળવણી લઇને પોતાનું જીવન સુધારે અને સેવાભાવી નીવડે, તો દાતાનું દાન યથાર્થ છે.

આ સંસ્થા માટે એકઠી કરવા ધારેલી રકમ ઠીક હદે પહોંચી ગઇ છે. વિદ્યાપ્રેમીઓ બાકીનો ભાગ વિનાવિલંબે પૂરો કરી શ્રી. મણિભાઇને ચિંતામુક્ત કરશે એવી આશા રાખીએ.

જટુભાઈ મહેતા

(અનુસંધાન પૃષ્ઠ ૩૯૨ થી ચાલુ.)

સહકારથી કામ લ્યો.

પરંતુ દ્વેષ અને ઉદ્વેગ વિના, તીખાં તમતમતાં ભાષણો અને લખાણો વિના, શાંત ચર્ચા અને સત્ય વસ્તુનો પ્રચાર તથા અસત્યનો વિરોધ જરૂર થઇ શકે છે. 'ત્યાં જશો મા, તેનું સાંભળશો મા, તેને સગવડ આપશો મા,' એમ કહીને જનતાને ગભરાવવાનો આ યુગ નથી અને એવી કોઇની આજ્ઞા આ યુગની પ્રજા માનવાની નથી. માટે યુદ્ધની વાતો છોડી, શાન્તિ અને સહકારથી કામ લેવું સારું છે.

દયા-દાનની હિમાયત

સૌરાષ્ટ્રના કેટલાક સ્થાનકવાસી આગેવાનોને આવા ઝગડાઓમાં ભારે રસ છે, તે હું જાણું છું. તેઓ શાન્ત પ્રજાને લડાવી મારવામાં ડહાપણ માનતા હોય છે. દયા-દાનને માનનારાનું કાર્ય તો ભેદભાવ વિના ગરીબોની સેવા કરવાનું છે. આજે સૌરાષ્ટ્રમાં દુષ્કાળ, તંગી અને મોંઘવારીના પરિસ્થિતિ છે. તેરાપંથીઓ સામે લડવા માટે ખર્ચવા ધારેલું ધન અને શક્તિ જો તેઓ ગરીબોના નિર્વાહ અને પશુઓના ઘાસ માટે વાપરશે, તો જ દયા-દાનનું મહત્વ સમજ્યા છે, એમ કહેવાશે. સૌરાષ્ટ્રમાં આજે દયા-દાનનું તો મોટું ક્ષેત્ર ખુલ્લું પડયું છે. તેઓ જો દયાદાનના હિમાયતીઓ છે, તો આ ક્ષેત્ર કેમ જતું કરે છે?

કોન્ફરન્સનું ગૌરવ

વળી કોન્ફરન્સ જેવી અખિલ હિન્દની સંસ્થાને કાઠિયાવાડી ખટપટ જેવી સંકુચિત પ્રવૃત્તિઓમાં અને કલેશના કારણોમાં સૌરાષ્ટ્રના આગેવાનો ખેંચી જાય છે, અને કોન્ફરન્સના સંકુચિત વિચારના આગેવાનો પોતાની આસપાસની સમિતિઓ અને જનતાની ઇચ્છા જાણ્યા વિના કોન્ફરન્સને આમાં ઘસડે છે, કે ઘસડવા દે છે, તે પણ યોગ્ય નથી કોન્ફરન્સ પાસે ઘણાં મહત્વનાં કાર્યો છે. એનું પાક્ષિક મુખપત્ર હજુ તો જનતાને સંતોષી શકે એવું બન્યું નથી, અને કદી કોઇ ઉપકારક વાનગી પ્રજા પાસે રજુ કરી શકયું નથી, તેને આ ઝગડા માટે હથિયાર બનાવવાની ઉમેદ શ્રી. ખીમચંદભાઇ વોરા સેવી રહ્યા છે, તેમાંથી ડાહ્યા આગેવાનોએ વારવું જોઇએ, અને કોન્ફરન્સના ગૌરવને જાળવવું જોઇએ.

ધર્મની રક્ષા કઇ રીતે?

'સ્થાનકવાસી જૈન ધર્મ રક્ષક સમિતિ'એ આ 'ધર્મયુદ્ધ' માટે ઊભું થએલું લશ્કર છે. 'સ્થાનકવાસી જૈન' એ કોઇ ધર્મ નથી, અને ધર્મરક્ષકનું નામ રાખવાથી એ સમિતિ ઊજળી બની જતી નથી. એમ તો મુસ્લીમ નેશનલ ગાર્ડોએ 'નેશન'-રાષ્ટ્રની રક્ષા કરી નથી, પણ ખૂનખરાબી જ કર્યો છે, અને રાષ્ટ્રીય સ્વયં-સેવક સંઘે પણ કોમી ઝેર ફેલાવી, રાષ્ટ્રપિતાની હત્યાની પ્રેરણા પાઇ છે. કેવળ નામ માત્રથી 'ધર્મ રક્ષક સમિતિ' ધર્મની રક્ષા કરી શકવાની પણ નથી. લડાઇનાં વર્ષો દરમિયાન સૌરાષ્ટ્રમાં લાંચ, રૂશ્વત, કાળાં બજાર, ગ્રામ્ય પ્રજાનું પીડન, મજુરોનું શોષણ, મધ્યમ વર્ગની પાયમાલી વગેરે સરજ્યું છે. ધર્મ કે નીતિ જેવી કોઇ ચીજ ક્યાંય દેખાતી નથી. આમાં જૈન વેપારીઓ અને અમલદારોનો હિસ્સો ઓછો નથી. સૌરાષ્ટ્રમાં ચૂંટણી વખતે કેટલા શહેરોના વેપારીઓ જેમાં જૈનો પણ ઠીક સંખ્યામાં હતા, તેમણે કોંગ્રેસ વિરૂદ્ધ રજવાડી તત્ત્વોને સહાય કરી છે, એ બધાં પાપનું નિવારણ થયા વિના ધર્મની રક્ષા થવાની નથી.

આશા રાખીએ કે-

આશા રાખીએ કે સ્થાનકવાસી જૈન આગેવાનો ધર્મ રક્ષાને નામે ધન અને શક્તિને ગેરરસ્તે વેડફી નાખવાનું માંડી વાળી, જૈન ધર્મની રક્ષા રૂપ ન્યાય, નીતિ, સદાચરણ અને સેવાને માર્ગે આગળ વધે, અને એ જ માર્ગે સૌરાષ્ટ્રની જનતાને દોરે. સ્થાનકવાસી કોન્ફરન્સ પણ દ્વેષ-કલેશના અગ્નિમાં ઘી ન હોમે પણ એને ઠારીને જનતાને પ્રેમ અને શાન્તિને માર્ગે દોરવાનો પુરૂષાર્થ કરે.

જટુભાઇ મહેતા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૦
અંક : ૧૬

મુંબઈ: ૧ ડીસેમ્બર ૧૯૪૮ બુધવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

હરિજન મંદિરપ્રવેશ

[હરિજન મંદિર પ્રવેશનો પ્રશ્ન જૈન સમાજમાં પણ આજે જ્યારે થોડો ઘણો ખળભળાટ પેદા કરી રહ્યો છે ત્યારે તા. ૧૪-૧૧-૪૮ ના હરિજનબંધુમાં પ્રગટ થયેલ 'હરિજન મંદિરપ્રવેશ' એ મથાળાનો શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળાનો અગ્રલેખ અને તેના અનુસંધાનમાં તા. ૨૮-૧૧-૪૮ ના હરિજનબંધુમાં પ્રગટ થયેલ પ્રશ્નોત્તરી આ પ્રશ્ન સંબંધે જેમના ચિત હજુ મુગ્ધ છે અને જેમની બુધ્ધિ હજુ યોગ્યાયોગ્યનો નિર્ણય કરી શકતી નથી તેમને સ્પષ્ટ માર્ગદર્શન આપશે એમ ધારીને અહિં સાભાર અવતરિત કરવામાં આવે છે. પરમાનંદ]

હિંદુમુસલમાનનાં ભયંકર રમખાણોમાંથી હજુ આપણે માંડમાંડ પરવારી રહ્યા છીએ. એનાં દુઃખદાયક પરિણામો તો ભોગવીએ જ છીએ. એ કોમી વેરઝેરને શમાવવાનો આગ્રહ ધરાવનાર સત્પુરૂષ, જેની જોડ દુનિયામાં નહોતી, તેમનેયે આપણે એ તોફાનની વેદી પર ખોયા. અને એ ઝઘડાને સળગતો રાખવામાં રસ લેનાર અગ્રણી પણ પોતાની આ લોકની યાત્રા પૂરી કરી પરવારી ગયા. ત્યાર પછી હવે થોડો નિરાંતનો શ્વાસ ખેંચવાનો વખત આવ્યો છે. પણ શેતાન કદી તોફાનથી ધરાતો નથી અને તેને નિર્માણ કરવાની એક પણ તક એળે જવા દે એમ નથી. એ વૃત્તિ હવે હરિજનોના પ્રશ્નને અંગે સળગી ઊઠવાનો સંભવ પેદા થયો છે.

મંદિરપ્રવેશનું બહાનું લઇ અનેક મેલી રાજકીય આકાંક્ષાઓને પોષવા આજે હિંદુસમાજમાં તોફાનો જગાડવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે એ જોઇ ખેદ થાય છે. આમાં એમાંથી એકે પક્ષે હું પૂરી સચ્ચાઇ ને પ્રામાણિકતા જોતો નથી. ગાયકવાડ રાજ્યમાં, કલોલમાં તથા રાજસ્થાનનાં અનેક રાજ્યોમાં હરિજનોની જે કનડગત થાય છે, કઠિયાવાડમાં થોડા વખત પૂર્વે જે થઇ ગઇ, એ સવર્ણોના દિલમાં કેટલાં મેલ અને પાપ રહેલાં છે તે દેખાડે છે. બિકાનેરમાં જે થયું તે એ મેલ કેટલો ખુલ્લો છે તેનું મોટું ઉદાહરણ છે. ત્યાં ગાંધીસપ્તાહ દરમ્યાન હરિજન મહોલ્લામાં સફાઇનો કાર્યક્રમ કેટલાક કોંગ્રેસ કાર્યકર્તાઓએ રાખ્યો હતો. તેમાં કેટલાક સવર્ણોએ ભાગ લીધો હતો. તેમાંથી માત્ર ચારેક સુધારક બ્રાહ્મણોએ હરિજનના હાથનું પાણી પણ પીવાની હિંમત દેખાડી. કહે છે કે આ બ્રાહ્મણોને ત્યાંના સાર્વજનિક મંદિરમાં રોજ દર્શન કરવાનો નિયમ હતો. મંદિરના આગેવાનોએ આ બ્રાહ્મણોને દર્શન કરવાની મનાઇ કરી. આમાં હરિજનોને મંદિરમાં જવાનો સવાલ પણ નહોતો. જેઓ મંદિરોમાં દર્શનાર્થે જતા હોય છે તેઓ કોના હાથનું ખાય છે ને કોના હાથનું પીએ છે એની કદી પૂછપરછ કરવામાં આવતી હોય એવું કયારેય સાંભળ્યું નથી. એક જમાનો એવો હતો ખરો કે જ્યારે પોતપોતાની ન્યાતની પંચાયતો આવા પ્રશ્નોમાં ઊતરતી અને કોના હાથનું ન ખપે તેના હાથનું ખાવાપીવા માટે ન્યાતબહાર મૂકતી કે પ્રાયશ્ચિત આપતી પણ આપણે સૌ જાણીએ છીએ કે, એ જમાનો તો કયારનોયે વહી ગયો. તે જમાનામાંયે કોઇ મંદિરના આગેવાનોએ આવા કારણસર દર્શનનો અધિકાર કાઢી લીધો હોય એવું ભાગ્યે બન્યું છે. છતાં બિકાનેરમાં આવું બન્યું. એમાં બિકાનેરના મહારાજાએ પણ મંદિરના આગેવાનોને તથા સનાતની હિંદુઓને સાથ આપ્યો એમ કહેવાય છે. એ મામલો શ્રી રાજાજી સુધી પહોંચ્યો. શ્રી રાજાજીએ મહારાજાને જમાનાને અનુરૂપ વર્તવા સલાહ આપી. એનું પરિણામ નહીં જેવું જ આવ્યું. પેલા મનાઇ કરાયેલા સુધારકો મંદિર સામે લાંઘણ કરવા બેઠા. શ્રી વિનોબાએ જઇને તેમને સમજાવીને શાંત પાડયા અને લાંઘણ તો છોડાવી. જે મંદિરમાં હરિજનોને પ્રવેશ મળી શકતો નથી તે મંદિરમાં દેવ પણ વાસ કરી શકતો નથી એવું આશ્વાસન મેળવી તેમણે હરિજનો સાથે પ્રાર્થના કરવાનું ઠરાવ્યું અને એ મંદિરનો આગ્રહ ઢીલો કર્યો.

દેખીતું છે કે આ કેવળ મેલી રાજકીય રમત છે. આમાં કોઇને ધર્મની પડી નથી. ધારાસભાની ચુંટણીઓમાં કોંગ્રેસની સામે ઉમેદવારી કરવા માટે, અજ્ઞાન લોકોને બહેકાવવાને કોંગ્રેસવિરોધી પક્ષને કાંઇક નિમિત્ત તો જોઇએ. તે એમાંથી તેઓએ ઉભું કર્યું. કોંગ્રેસના લોકો આવશે તો કેવો ધર્મબોળો કરી મૂકશે એ બતાવી મત મેળવવા એ સિવાય આમાં કોઇ બીજો ઉદાત્ત કે ધાર્મિક હેતુ નથી.

બીજી બાજુથી મારે કહેવું જોઇએ કે મંદીરપ્રવેશના અધિકારને નામે હરીજનોમાં જે તોફાની પ્રવૃત્તિ ચાલી રહી છે તેમાંયે સચ્ચાઇ નથી. તેમાંયે તોફાન કરવા ને જગાડવાની વૃત્તિ છે. સરકારે દેવમંદિરોમાં હરીજનોને જવા દેવાની કોઇથી મનાઈ કરી શકાય નહીં એવો કાયદો ઘડયો છે તે તો યોગ્ય જ છે. પણ છેવટે સૌએ સમજવું જોઇએ કે મંદીરમાં જવું શું કામ? ભરિન્દરમાં કોઇએ જવું હોય તો સામાન્યપણે મુસલમાનો કોઇને રોકતા નથી. ખ્રિસ્તી દેવળમાં કોઇ બિનખ્રિસ્તીને પ્રાર્થના કે પ્રવચન સાંભળવા જવું હોય તો રોકવામાં આવતા નથી. છતાં કોઇ વગર પ્રયોજને ત્યાં જતા નથી. કોંઇક શ્રદ્ધા કે જિજ્ઞાસા હોય તે જ જાય છે. દેવસ્થાન, મંદિર વગેરે સ્થાનો એ પ્રકારનાં છે. કેવળ મંદીરપ્રવેશનો અધિકાર દેખાડવાને માટે ત્યાં જવું એ કાંઇ પૂરી સચ્ચાઇ નથી. જનારને એ મંદિર પ્રત્યે, એના દેવ પ્રત્યે કાંઇક શ્રદ્ધા, આદર, જિજ્ઞાસા અથવા ઓછામાં ઓછું કાંઇક નવું જોવાની અભિલાષા તો હોવા જોઇએજ. એવાં માણસ માટે 'ગુણગુણહિવાળા' એવો એક પારિભાષિક શબ્દ છે. વળી જનારમાં એટલી સભ્યતા હોવી જોઇએ કે એ ત્યાં એવી રીતે જાય અને વર્તે કે જેથી મંદિરના ભકતોનાં મન દુખાય નહીં. કોઇ નાસ્તિક રૂઢ બ્રાહ્મણ હોય, પણ મંદિરના દેવની ઠેકડી કરવાની વૃત્તિ રાખતો હોય તો તેને એ મંદિરમાં જવાનો અધિકાર છે એમ ન કહેવાય. તેને કોઇ ત્યાંથી કાઢી મૂકે તો એ કાયદનરનો દોષ ન કાઢી શકાય.

મંદિરોના આગેવાનો મંદિરો કેવળ અનુયાયીઓ માટે જ છે એમ કહેવામાં અધું જુઠાણું કરે છે. મંદિરો અનુયાયીઓ માટે જ હોય એ વાત સાચી છે પણ અનુયાયીઓ ન હોય એવા માણસોને મંદિરમાં સદાયે છુટથી આવવા દેવામાં આવે જ છે. ઉલટું, મોટા માણસ હોય તો આમંત્રણ આપીને માનપત્ર પણ આપવામાં આવે છે. વળી બિનઅનુયાયીઓને આવવા દેવામાં આવે તો જ અનુયાયીઓ વધી શકે છે. એટલે સાચું તો એ છે કે મંદિરો અનુયાયીઓ માટે નહીં, પણ મંદિર પ્રત્યે 'ગુણબુદ્ધિવાળા' એટલે સદ્‌વૃત્તિ કે જિજ્ઞાસા ધરાવનાર સૌ કોઇ માટે હોય છે. એમાં મુસલમાનો, અંગ્રેજો, પારસીઓ વગેરે પણ આવી જાય છે. જો અમુક માટે એ નથી એમ કહેવું હોય તો એ મંદિરની નિંદા કે નાશ કરવા આતુર માટે નથી એમ કહી શકાય. આ સત્ય છે. એ કરતાં બીજી ભાષા વાપરવી એ સત્યનો ઢાંકપિછોડો છે. તેમાં શ્રેય નથી. એ 'ગુણબુદ્ધિવાળા' હરિજન હોય તોયે સત્યધર્મની વિરુદ્ધ રૂઢીને વશ થઇ અત્યાર સુધી તેમની અવગણના થઇ છે. એ રૂઢીને સ્વેચ્છાએ તોડવા કે તોડાવવાની પ્રજાની અશક્તિને લીધે કાયદાએ તે માર્ગ સરળ કરી આપ્યો છે.

કાયદો 'ગુણબુદ્ધિવાળા' અને બીજાનો ભેદ દર્શાવી ન શકે. કારણ કે એનું કોઇ બાહ્ય પારખું ન હોય. એ વિષે તો દરેકની સચ્ચાઇ પર જ વિશ્વાસ રાખવાનો હોય. પણ સચ્ચાઇનો કાયદો માગે છે કે એ લાભ જે 'ગુણબુદ્ધિવાળો' હોય તેણે જ ઉઠાવવો જોઇએ. કેવળ અધિકાર સાબિત કરવા કોઇ પણ મંદિરમાં કોઇ એ જવાનું ન હોય; તે મંદિર વિષે ગુણબુદ્ધિ ધરાવનારે જ તેમાં જવું ઘટે, બીજાને તેમાં જવા પ્રેરવા ન ઘટે.

મંદિરવાળાએ સર્વેને લાગુ પડતા સરખા નિયમો હોય તેનું જે પાલન કરે તે ગુણબુદ્ધિવાળો છે એમ માની લઇને ચાલવું જોઇએ. નહીં હોય તે બેચાર વાર આવીને થાકવાનો છે. એથી મંદિરનું કશું બગડવાનું નથી. મંદિરમાં જઇને કોઈ ઐલફૈલ કરે તો તેને જરૂર અટકાવી શકાય. આ વિચાર પ્રમાણે વર્તીએ તો હરિજન કે બિનહરિજન કોઇનો ભેદ કરવાપણું રહેતું નથી. હિંદુ ને બિનહિંદુ, જૈન ને જૈનેતરોયે ભેદ કરવાપણું રહેતું નથી. એ દરેક ધર્મનાં ધર્મસ્થાનો માટે સરખો જ લાગુ થાય છે. એમ કરવામાં સત્યનો જ અમલ થાય છે. એ સિવાય જે કરશું તેમાં દંભ અને અસત્ય રહ્યા જ કરશે અને તેનું છેવટનું પરિણામ મંદિરોનો નાશ અને પરસ્પર કતલ સુધી પહોંચશે.

મુંબઇ, ૩-૧૧-૪૮ કિશોરલાલ મશરૂવાળા

તા૦ ક૦–વલ્લભસંપ્રદાયના કેટલાક મંદિરવાળાઓએ પોતાનાં મંદિરોને તાળાં માર્યાં છે ને ઠાકોરજીનેયે તેઓ મૂળ ગાદી પર લઇ ગયા છે. છેવટે તો ધર્મની શુદ્ધિમાં જુદા જુદા સંપ્રદાયો અને મંદિરોને સંકેલાઇ જવું પડે એવો સંભવ છે. હરિજન પ્રશ્નને નિમિત્તથે વલ્લભકુળના વંશજો પોતાની પેઢીઓને રાજીખુશીથી સંકેલી લે એ કષ્ટાપત્તિ જ છે. કદાચ આવી જ કોઇ રીતે મંદિરોનું વિસર્જન થાય. મંદિરોનું વિસર્જન દુઃખરૂપ નથી, અને વૈષ્ણવ ધર્મના મુળભુત સિદ્ધાંતોથી ઉલટી જ રીતે છે એ ખેદકારક છે. ૪-૧૧-'૪૮ કિ૦ ધ૦ મ૦

પ્રશ્નોત્તરી

મંદિરપ્રવેશ વિષે શંકાઓ

નીચેના પ્રશ્નોના ઉત્તરો તા. ૧૪-૧૧-'૪૮ના **હરિજનબંધુ**ના **હરિજન મંદિરપ્રવેશ**વાળા લેખમાં આવી જાય છે. છતાં, દરેકના સ્પષ્ટ ઉત્તર આપવા અનુચિત નથી. સાથે સાથે એ પણ જણાવવું જોઇએ કે આ પ્રશ્નો પૂછવાની પાછળ રહેલો હેતુ મને ખેદકારક લાગે છે. સવર્ણો હરિજનોને દૂર રાખવા માટે કંઇક પણ બહાનું શોધે, એમને નજીક કરવામાં, પોતાના આપ્તજન બનાવવામાં દેશનું અને સમાજનું હિત રહેલું છે, પોતાનું યે શ્રેય છે એ ન સમજે, તે આપણા હૃદય અને બુદ્ધિ પર મેલનો થર કેટલો ચડેલો છે, તેની નિશાની છે.

પ્ર૦ ૧—કોઇ પણ વ્યક્તિ પોતાના સિવાયના બીજા ધર્મના સિદ્ધાંતોમાં માનતો ન હોય છતાં એ ધર્મનાં સ્થાનોમાં જવાનો આગ્રહ સેવે એ શું યોગ્ય છે? બીજાના ધર્મનાં સ્થાનોમાં જાય તો તે કેવા ભાવ સાથે જઇ શકે?

ઉ૦—એક ધર્મના માણસ બીજા ધર્મ વિષે 'ગુણબુદ્ધિ' રાખે, એટલે જાણવા, સમજવા, જોવાની ઇચ્છા રાખે, તેમાં કશું અયોગ્ય નથી. એવી ઇચ્છાને ઉત્તેજન આપવું એ તે ધર્મના લોકોનું કર્તવ્ય છે. તીવ્ર ઇચ્છાને આગ્રહ કહીએ તો તે આગ્રહમાં દોષ નથી. દેખીતું છે કે સત્યાગ્રહના સિદ્ધાંત મુજબ કોઇ સારા આગ્રહ માટેયે જબરદસ્તી, હિંસા, તોફાન વગેરે કરી શકાય નહીં.

પ્ર૦ ૨ — જે જે ધર્મનાં સ્થાનકોમાં જવાની આપણે વૃત્તિ રાખીએ તે તે ધર્મસ્થાનકોના પ્રચલિત નિયમો અને પ્રણાલિકાઓનું પાલન કરવું જોઇએ કે નહીં?

ઉ૦ — અનુયાયી ન હોય એવા બીજા મુલાકાતીઓ માટે જે સામાન્ય નિયમો હોય તેનું પાલન કરવું જોઇએ.

પ્ર૦ ૩—આવા મંદિરપ્રવેશ માટે સરધસો વગેરેનો આશરો લઇ શકાય કે કેમ? તેમ જ કાયદો છૂટ આપે છે એ હદ નીચે સ્વચ્છતા અને સભ્યતાના નિયમોનો ભંગ કરી શકાય ખરો કે?

ઉ૦ — પ્રથમ પ્રવેશ વખતે કે ખાસ પ્રસંગે વાજતે ગાજતે કે સરઘસ કાઢીને જવું એ હિંદુ સમાજમાં નવું નથી કે અયોગ્ય મનાયું નથી. તેમાં આદરભાવ હોય તો દોષ નથી તોફાનની વૃત્તિથી કાઢેલાં સરઘસ દોષરૂપ છે. બીજા ભાગનો ઉત્તર ઉપર આવી ગયો છે.

પ્ર૦ ૪—કોઇ પણ રાજ્ય કરતી સત્તા કોઇ પણ ધર્મ કે સમાજના બંધારણમાં દરમ્યાનગીરી કરે એ ઇષ્ટ છે કે કેમ?

ઉ૦— અઢાર વર્ષની ઉપરના સર્વે પ્રજાજનોને મતાધિકાર હોય તો પ્રજાકીય સરકારને જીવનનાં સર્વે ક્ષેત્રોમાં દરમ્યાનગીરી કરવાનો અધિકાર છે. તે વિવેકપૂર્વક પ્રજાનો પોતાનો કેટલો ટેકો મળશે, અથવા પોતાના પગલાનું શું પરિણામ આવશે તેનો વિચાર કરીને કરવા જેવું કરે. ખોટું કરશે, તો પ્રજા તેમને ફરીથી ચૂંટશે નહીં, અને નવી પ્રજાકીય સરકાર તેમનું કરેલું ઉથાપી નાખશે.

પ્ર૦ ૫ — સત્તાની દરમ્યાનગીરીના સિદ્ધાંત દલીલની ખાતર કામચલાઉ સ્વીકારી લઇએ તોપણ શું એ ઇષ્ટ નથી કે જે જે સમાજને કે ધર્મને એ વસ્તુ સ્પર્શતી હોય તેની સંમતિ મેળવ્યા પછી એ કાયદો કરવામાં આવે?

ઉ૦ — તે ધર્મ કે સમાજના પ્રતિનિધિઓ ધારાસભામાં હોય, અને તેમની સંમતિ મળે તો સામાન્ય રીતે પ્રજાની સંમતિ મનાય. પ્રજાની સંમતિ ન હોય તો તે પોતાના પ્રતિનિધિઓને પોતાનો અવાજ પહોંચાડી શકે અને તેમને રાજીનામું આપવા પણ કહી શકે.

પ્ર૦ ૬ — હિંદુ ધર્મ અને જૈન ધર્મ વચ્ચેનો ભેદ અમુક રીતે ઉત્તર-દક્ષિણ જેવો છે. (દાખલા તરીકે જૈનો ઇશ્વરને કર્તા તરીકે સ્વીકારતા નથી જ્યારે હિંદુઓ ઇશ્વરને કર્તા તરીકે સ્વીકારે છે એ મોટા સિદ્ધાંતનો ભેદ છે.) એટલે હિંદુ ધર્મ અને જૈન ધર્મ બંને માટે એકસરખો કાયદો સંભવી શકે ખરો?

ઉ૦ — હિંદુ ધર્મ અને જૈન ધર્મ વચ્ચેનો ભેદ ઉત્તર-દક્ષિણ જેવો છે, એ કહેવું બરાબર નથી. પણ આ પ્રશ્ન જ અસ્થાને છે. અસ્પૃશ્યતનિવારણ તથા હરિજનોને સમાન અધિકારોનો સવાલ કોઇ અમુક ધર્મ કે સમાજનો નથી. એ હિંદીમાત્રના અધિકારનો છે. હિંદી સંઘનો એ પાયારૂપ સિદ્ધાંત છે. હરિજનોના બહિષ્કાર પાછળ ધર્મ કે ઇશ્વરવાદના સિદ્ધાંતનો કોઇ પ્રશ્ન જ નથી, કેવળ માણસાઇ વિનાની રૂઢિ છે. સ્વતંત્ર હિંદમાં એ રૂઢિ નિભાવી શકાય નહીં. હું જૈન નથી અને ઇશ્વરવાદી છું, છતાં મને હડીસિંગના કે દેલવાડાનાં મંદિરોમાં જતાં કોઇ રોકતું નથી. ત્યાં રહેવાયે દેવામાં આવે છે. કેટલીયે વાર ગયો છું અને રહ્યો છું. તો કોઇ જૈનેતર હરિજનને પણ ન જ રોકી શકાય.

મુંબઇ, ૫-૧૧-'૪૮ કિશોરલાલ મશરૂવાળા

સમયના પ્રવાહમાં

કોંગ્રેસનું ધ્યેય

કોંગ્રેસના જયપુરમાં મળી રહેલા અધિવેશનમાં જે અગત્યના ઠરાવો રજુ કરવાને કોંગ્રેસની કારોબારી સમિતિએ નક્કી કર્યા છે, તેમાંનો પ્રથમ અને મુખ્ય કોંગ્રેસના નવા ધ્યેયને લગતો છે. અત્યાર સુધી કોંગ્રેસનું ધ્યેય શુદ્ધ અને શાન્તિમય માર્ગે સ્વરાજ મેળવવાનું હતું, જે હવે પાર પડી ગયું છે; અને તેથી જો હવે કોંગ્રેસનું અસ્તિત્વ રાખવું હોય તો તેણે પોતાનું નવું ધ્યેય જાહેર કરવું જરૂરી હતું. અત્યાર સુધી કોંગ્રેસ દેશની શાહીવાદ વિરોધી લડાયક સંસ્થા હતી, અને તેણે દેશમાંથી શાહીવાદને હાંકી કાઢીને પ્રજાતંત્રની સ્થાપના કરી છે. વળી અત્યાર સુધી તો દેશને મહાસમર્થ અને આદર્શવાદી નેતાની દોરવણી મળતી જ કરતી હતી; એટલે કોંગ્રેસ કે કોંગ્રેસજનો ખોટા ધ્યેય કે ખોટા માર્ગે જઈ શકતા નહોતા. હવે પૂ. ગાંધીજીની ગેરહાજરીમાં આપણે વધુ સાવધ બનવું જરૂરી છે; અને તેથી તેમના આદર્શો અને વિચારો મુજબ કોંગ્રેસનું ઘડતર કરવાનું જરૂરી બન્યું છે. હવે દેશ ઉપર રાજ્ય કરવાની સત્તા કોંગ્રેસના હાથમાં આવી છે, ત્યારે તે સત્તા કઇ રીતે વાપરવી એ પણ નક્કી થવું જોઇએ. સત્તા મારફત પ્રજાસેવા કરવાને બદલે કેટલેક સ્થળે કોંગ્રેસજનોમાં સત્તાની ભૂખ જાગી છે, અને સત્તા મારફત સ્વાર્થ સાધવાની હરિફાઇ લાગી પડી છે. આથી ગાંધીજીના પરમ અનુયાયી શ્રી. કિશોરલાલ મશરૂવાળાએ ગાંધીજીના ધ્યેય પ્રત્યે કોંગ્રેસજનોનું લક્ષ ખેંચવા માટે આપણને આકરા લાગે એવાં છતાં કેટલાંક સ્પષ્ટ મંતવ્યો "હરિજનબંધુ" માં રજુ કરવાનું ચાલુ રાખ્યું છે. વળી સરદારે પટેલે પણ તે સંબંધમાં લાલબત્તી ધરી છે. અને તેથી આપણા આદર્શને અનુરૂપ ધ્યેય અને માર્ગ નક્કી કરવાનું જરૂરી બન્યું છે.

આથી કોંગ્રેસ કારોબારીએ કોંગ્રેસના ધ્યેયને લગતો એક વિચારશીલ ઠરાવ ઘડી કાઢ્યો છે જેમાં કોંગ્રેસના નવા કર્તવ્યનો સ્પષ્ટ ખ્યાલ આપવામાં આવ્યો છે, તેમાં ખાસ કરીને હવે દેશની સામાજિક અને આર્થિક પુનર્ઘટના કરવા તરફ અને વર્ગવિહીન લોકશાહી; શોષણમુકત સમાજરચના માટે આગ્રહ રાખવામાં આવ્યો છે. કોંગ્રેસને સત્તાધારી પક્ષ બનાવવાને બદલે સેવાભાવી સંસ્થા તરીકે ચાલુ રાખવાનું દૃષ્ટિબિંદુ આ ઠરાવમાં રજુ થયું છે, તે ઘણું સુંદર છે. અને જો આ પ્રમાણે કોંગ્રેસનું નવઘડતર થાય તો કોંગ્રેસથી રિસાઇને છુટા પડેલા સમાજવાદીઓ પણ કોંગ્રેસ સાથે ફરી હાથ મિલાવી શકે, એવી ભૂમિકા તૈયાર થાય.

કારોબારીનો ઠરાવ તો વિસ્તૃત છે, પરંતુ તેનું હાર્દ રજુ કરતી તેમાંની બે કંડિકાઓ અહીં ઉતારું છું. જે ઉપરના કથનનું સમર્થન કરે છે.

"હિન્દની પ્રજાએ આઝાદી પ્રાપ્ત કરી છે, પરંતુ એનાં ફળ ભોગવવા માટે તેમણે પોતાની જવાબદારીઓ અને ફરજો અદા કરવી જોઇએ. કોંગ્રેસજનોએ યાદ રાખવું જોઇએ કે જનતાની સેવા કરવી એ તેમનો ઉચ્ચતમ અધિકાર રહ્યો છે અને હવે પણ રહેવો જોઇએ; એટલે આ જવાબદારીઓ અને ફરજો અદા કરવાનું કામ તેમનું છે. આ સ્થિતિમાં એ ફરજો ભૂલીને જેઓ સત્તાની લાલસામાં રાચે છે, તેઓ દેશની કુસેવા કરે છે."

"ગાંધીજીનો એ ખાસ ઉપદેશ હતો કે એ સેવાનો ઉદ્દેશ હિન્દના બધા લોકો વચ્ચે એકતા અને શુભેચ્છા વધારવાનો, વર્ગભેદો ભુંસીનાખવાનો, જન્મ, જાત કે ધર્મને કારણે ઉભા થતા ભેદો મીટાવી દેવાનો, અને શાન્તિભરી રીતે વર્ગહીન લોકશાહી સમાજ સર્જવાનો રહેવો જોઇએ."

કોંગ્રેસનું ઉપરનું ધ્યેય અત્યંત યોગ્ય અને સુંદર છે. હવે કોંગ્રેસજનો એને સમજીને અનુસરે એ જ ઇચ્છવું રહ્યું.

હિંદની પરદેશનીતિ

વડા પ્રધાન પંડિત જવાહરલાલ ઇંગ્લંડ અને ફ્રાન્સનો પ્રવાસ કરીને બ્રિટિશ રાજપુરૂષો સાથે રાષ્ટ્રસમૂહમાં હિન્દને સામેલ રાખવા અંગે તથા યુનોના સભ્યરાજ્યોના પ્રતિનિધિઓ સાથે જગતની શાન્તિ સંબંધમાં ચર્ચાઓ કરીને અહીં આવી ગયા પછી તેમણે હિંદની બંધારણસભા સમક્ષ પોતાનો હેવાલ પેશ કર્યો છે. એટલે બંધારણ સભા હવે હિંદની પરદેશનીતિ સંબંધમાં ચોક્કસ નિર્ણય કરવા ચર્ચા કરી રહેલ છે ત્યારે કોંગ્રેસનું અધિવેશન મળતું હોવાથી કોંગ્રેસ પોતાનું દૃષ્ટિબિંદુ પણ જાહેર કરે એ સમયસરનું છે. એટલે આ બાબત પણ કોંગ્રેસ કારોબારીએ બીજો મહત્વનો ઠરાવ પસાર કર્યો છે.

આ ઠરાવમાં સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા (યુનો)ના હકુમતામાં જાહેર કરાએલા સિદ્ધાંતો સાથે કોંગ્રેસ સહમત છે એમ જણાવ્યું છે. ઉપરાંત બધાં રાષ્ટ્રો સાથે મૈત્રીભર્યા સંબંધોની કાળજી, તથા લડાયક મનોવૃત્તિથી દૂર રહેવાની હિંદની ઇચ્છા જણાવવામાં આવી છે. રાષ્ટ્રસમૂહ સાથે હિન્દનું સ્વતંત્ર જોડાણ પણ આ ઠરાવમાં સ્વીકારવામાં આવ્યું છે.

આજસુધી હિંદ બ્રિટનના નેજા તળે હોઇને તેને પોતાની પરદેશનીતિ ઘડવાનો અધિકાર નહોતો. બ્રિટનની પરદેશનીતિ એ જ હિન્દની પરદેશનીતિ હતી. એમ છતાં હિંદના રાજપુરૂષો પંડિત જવાહરલાલ, સુભાષબાબુ, ડૉ. રામમનોહર લોહિયા વગેરે પરદેશો અંગે ચોકકસ વિચારો ધરાવતા હતા અને ચીન, સ્પેઇન, આફ્રિકા, અગ્નિએશિયા, બર્મા વગેરે પ્રજાની સાથે સહાનુભૂતિ ધરાવતા હતા.

આજે હિન્દ જગતથી તદ્દન અલિપ્ત તો રહી જ શકે નહિ. તેણે કયાંક તો મૈત્રીની ગાંઠ બાંધવી રહી. આજે જગતનાં મહાન ગણાતા રાષ્ટ્રો, બ્રિટન, અમેરિકા અને રશિયા એ ત્રણમાંથી કોઇની સાથે તો સંબંધ રાખવો જ રહ્યો.

આજ સુધી આપણે બ્રિટન સાથે એક પ્રકારના સંબંધથી જોડાએલા હતા, હવે બ્રિટને જ્યારે રાજખુશીથી આપણને મુક્ત થવા દીધા છે. ત્યારે સ્વતંત્ર હિન્દ તરીકે આપણે તેની સાથે બરોબરીનો સંબંધ બાંધી શકીએ. બ્રિટન હજુએ સમાજ અને વ્યવસ્થિત રાષ્ટ્ર છે. ત્યાં પ્રજાતંત્ર જ પ્રવર્તે છે, એટલું જ નહિ પણ સમાજવાદી સિધ્ધાંતોમાં માનવાવાળા મંજુરપક્ષનું તંત્ર ત્યાં ચાલે છે. અમેરિકામાં પ્રજાતંત્ર છે, પણ તે મૂડીવાદી છે, અને તેનો સત્તાલોભ હજુ ઓસર્યો નથી. એટલે અમેરિકા સાથેની મૈત્રી આપણને લાભદાયક થઇ પડે નહિ. ચીન સાથેની તેની મૈત્રી છતાં આજે ચીન સરકારના વડા ચાંગ-કાઇ-શેકને તેણે કશી મદદ કરી નથી. તેની પાની મેડમ ચ્યાંગને અમેરિકાની ભીખ માગવા જવું પડયું છે, અને છતાં સામ્યવાદી આક્રમણ ચીનની રાજધાનીથી વીસ જ માઇલ દુર સુધી આવી પહોંચ્યું છે, છતાં અમેરિકાએ તેને કંઇ સક્રિય મદદ કરી નથી, અને હવે છેક છેલ્લી ઘડીએ, વિનાશ સર્જાઇ રહ્યો છે ત્યારે સામ્યવાદીઓ સાથે સમાધાન કરી લઇ સંયુક્ત સરકાર રચવાની સલાહ તેણે ચાંગ-કાઇ શેકને આપી છે. આવા દગાખોર દેશ સાથે હિંદ કઇ રીતે મૈત્રીના ગાંઠ બાંધી શકે અમેરિકાનો રંગભેદ-હબસી પ્રજાજનો પ્રત્યેનો તિરસ્કાર-તો હિંદની અસ્પૃશ્યતા તેની સૌથી કટ્ટર ટોચે હતી તેના કરતાં યે અતિ વિશેષ છે. વળી કાશ્મિર પરના પાકીસ્તાની આક્રમણમાં પણ અમેરિકન લશ્કરી નિષ્ણાતોએ આપેલો સાથ હવે જગજાહેર છે. આવા શોષક, યુદ્ધખોર અને અનીતિમાન દેશ સાથે આપણો સંબંધ કોઇ રીતે ઇચ્છનીય નથી.

રશિયામાં સમાજવાદી પ્રજાતંત્ર છે; અને હિન્દ તેના જેવા આદર્શવાદી અને સબળ રાષ્ટ્ર સાથે મૈત્રીનો હાથ જરૂર લંબાવે. પરંતુ હિંદ તેની સરમુખત્યારશાહીનું કે બીનલોકશાહી શહેરીસ્વાતંત્ર્ય રહિત તંત્રનું અનુકરણ ઇચ્છતું નથી. વળી રશિયા જ્યાં સુધી

તેના હિંદી અનુયાયીઓ મારફત હિંદમાં તોફાનો, હિંસા અને અવ્યવસ્થા કરાવવાની નીતિ ન છોડે ત્યાં સુધી એની સાથે પણ મૈત્રીનો હાથ લંબાવી શકાય નહિ. આ સ્થિતિમાં બ્રિટન સાથેની સ્વતંત્ર મૈત્રી અને રાષ્ટ્રસમુહ સાથેનો સંબંધ હાલના તબક્કે બોટો નથી.

ધારપંચનો અહેવાલ

બંધારણસભાએ યોજેલ ભાષાવાર પ્રાન્તરચના અંગેના તપાસપંચનો હેવાલ પ્રગટ થઇ ચૂકયો છે. આ પંચે સર્વાનુમતે જાહેર કર્યું છે કે ભાષા પ્રમાણે પ્રાન્તોની રચના કરવાનો સિદ્ધાંત જ બોટો છે; અને હાલને તબક્કે તો કોઇ પણ રીતે પ્રાન્તરચનાનો પ્રશ્ન હાથ ધરવો યોગ્ય નથી. એમાંથી કેવળ કલેશ અને દ્વેષ જ જન્મે એવું છે. આજે જે મોટી જનસંખ્યા ધરાવતી રીયાસતો અને રીયાસતી સંઘો અસ્તિત્વ ધરાવે છે, તે બધાં જ્યારે હિંદમાં સમાઇ જઇને તેના પ્રાન્તો સાથે મળી જાય, ત્યારે જ નવા પ્રાન્તોની યોજના વિચારી શકાય; અને તે પણ વહીવટી દૃષ્ટિએ; નહિ કે ભાષાના ધોરણે.

વળી મુંબઇ અને ગદ્રાસ સંબંધમાં પણ તેણે યોગ્ય ઉચ્ચારણ કર્યું છે કે આ બન્ને શહેરો સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતાં હોઇને તેને કોઇ પણ પ્રાન્ત સાથે જોડી દેવાનું ઇષ્ટ નથી.

સૌરાષ્ટ્ર તરફ દૃષ્ટિ

સૌરાષ્ટ્ર બંધારણસભાની ચૂંટણી અણધારેલી રસાકસીભરી બનેલી હોઇને રહેજે જ આપણું લક્ષ તે તરફ દોરાયેલું હતું. સામાન્ય દૃષ્ટિએ ચાર સિવાયની બધી બેઠકો કોંગ્રેસને મળી ગઇ છે; છતાં તે મેળવતાં જે નાકે દમ આવવા જેવી સ્થિતિ ઉભી થઇ હતી, અને કેટલાક સ્વતંત્ર ઉમેદવારો પાસે ખોળો પાથરીને તેની જગ્યાનાં રાજીનામાંઓ લેવાં પડયાં હતાં, તે વસ્તુનાં કારણોનો યોગ્ય અભ્યાસ સૌરાષ્ટ્રના કોંગ્રેસી આગેવાનોએ કરી લેવો જોઇએ. બ્રિટનને યુદ્ધ જીતાવી આપનાર ચર્ચિલ પણ યુધ્ધ પુરૂં થતાં જ બાજુએ ફેંકાઇ ગયો હતો. એ દૃષ્ટાંત સૌરાષ્ટ્રના આગેવાનોએ ભૂલવું જોઇએ નહિ. વળી કોંગ્રેસ પ્રત્યેની લોકોની ભક્તિ ઓટલી બાકી નીચવી, તેમાં બીજા કોઇનો દોષ કાઢવા કરતાં પોતાની જ ખામીઓનો ખ્યાલ કરીને એ ખામીઓ દૂર કરવા કોંગ્રેસે પ્રયાસ કરવો જોઇએ. સૌરાષ્ટ્રની બંધારણ સભામાં કોંગ્રેસની મોટી બહુમતી આવી જવા છતાં ચુંટણી દરમિયાન જે અસત્ય આચરણ કોંગ્રેસને કરવું પડયું છે, અને શ્રી કિશોરલાલભાઇ જેવા કોંગ્રેસના હિતેચ્છુને પણ આકરાં વેણ કહેવા પડયાં છે, તે જોતાં નૈતિક રીતે તો કોંગ્રેસનો પરાજય જ થયે છે. એટલે કોંગ્રેસીઓએ 'જય જયકાર' કરીને ફુલાઇ જવાને બદલે, સત્તાશોખ દુર કરી, પ્રજાની સેવામાં લીન બની જઇને આ નૈતિક પરાજયને વિજયમાં ફેરવવાનું કામ બાકી રહે છે.

સૌરાષ્ટ્રના પ્રધાનમંડળની પુનર્રચનાનો પ્રશ્ન ઉભો કરવામાં આવે છે, અને શ્રી. નાનાભાઇ ભટ્ટ હવે રાજીનામું આપી છુટા થશે, અને જુનાગઢમાંથી શ્રી. સામળદાસ ગાંધી અને પુષ્પાબેન મહેતાને પ્રધાનમંડળમાં સામેલ કરવામાં આવશે એવી વાતો આવી રહી છે. આ સાથે એક એવી પણ વાત ચાલી રહી છે કે શ્રી ઢેબરભાઇ પ્રધાનમંડળમાંથી છુટા થઇને બહાર રહીને પ્રજાની સેવા કરશે. જ્યારે કોંગ્રેસ સત્તા પર હોય ત્યારે બહાર રહીને સેવા કરનાર કોઇ આગેવાનની જરૂર હોય છે જ; અને જો શ્રી. ઢેબરભાઇ જેવા માનનીય નેતા અને ભાવનાશાળી સજ્જન બહાર રહીને પ્રજાને દોરવણી આપે તો તેના જેવું પ્રજાનું બીજું સદ્‌ભાગ્ય નથી. પરંતુ સાથે એ પણ વિચારવાનું છે કે બાકી જે પ્રધાનો રહે છે, તેમાં શ્રી ઢેબરભાઇ જેવો સજ્જન, પ્રતિભાશાળી અને ચોકખા દિલનો, સૌને સાચી દોરવણી આપે એવો કોઇ પ્રધાન રહે છે કે કેમ ? અને એમ ન હોય તો શ્રી ઢેબરભાઇએ પ્રધાનમંડળમાં રહેવું એ સૌને માટે હિતકર છે. સૌરાષ્ટ્રના કેટલાક જવાબદાર કોંગ્રેસી આગેવાનો અને પ્રથમ કક્ષાના પ્રધાનો જેવા માણસો શ્રી. ઢેબરભાઇને વડા પ્રધાન પદેથી ખસેડવાને યુક્તિ–પ્રયુક્તિઓ કરી રહ્યા હોવાના વિશ્વાસપાત્ર સમાચારો અમને મળી રહ્યા છે. આ સમાચારો જો સાચા હોય તો તે માટે આપણે શરમાવું જોઇએ. શ્રી. ઢેબરભાઇ વિનાનું પ્રધાનમંડળ આજે તો સૌરાષ્ટ્રમાં ઘડીભર પણ ટકી શકે એમ નથી એ નિઃસંદેહ છે. એટલે જો કોઇ આગેવાનો આવો ખ્યાલ ધરાવતા હોય તો તેઓ પોતાની જ બોર ખોદી રહ્યા છે.

સૌરાષ્ટ્રની બંધારણસભા રચાઇ ગઇ છે, અને હવે સૌરાષ્ટ્રનું રાજ્યતંત્ર કઇ રીતે ચલાવવું તેનો નિર્ણય એણે કરવાનો છે. સૌરાષ્ટ્ર બંધારણસભામાં ચૂંટાઇ આવેલા સભ્યોની વ્યક્તિ તરફ દૃષ્ટિ કરતાં જણાય છે કે તેમાંના બહુ થોડાને બંધારણ શું કહેવાય તેનો યે ખ્યાલ હોય. અને બંધારણના અભ્યાસી તો તેમાં ભાગ્યે જ કોઇ હશે. પરંતુ સરદાર શ્રી વલ્લભભાઇ પટેલે તેટલા માટે દુરદેશી વાપરીને બધાં રિયાસતી સંઘોને માર્ગદર્શન માટે એક સામાન્ય બંધારણ ઘડી કાઢવા એક સમિતિ નીમી દીધી છે; એટલે બંધારણસભાએ તો ઉપરથી ઉતરી આવેલા બંધારણને હાથ ઉંચા કરીને પસાર કરવાનું રહેશે.

એમ સંભળાય છે કે વડોદરા રાજ્યની ધારાસભા પોતાનું બંધારણ ઘડવાને બદલે મુંબઇ પ્રાન્ત સાથે જોડાઇ જવાનો ઠરાવ કરશે. જો સૌરાષ્ટ્રની બંધારણસભા પણ એને પગલે ચલીને બંધારણ ઘડવાને બદલે મુંબઇ પ્રાન્ત સાથે જોડાઇ જવાનો ઠરાવ કરશે, તો તે વધુ યોગ્ય ગણાશે. કારણ કે આપણે મહાગુજરાતનું એક વહીવટી એકમ રચવાનો નિર્ધાર કર્યો છે, તે પાર પાડવો હોય તો આ પગલું આવશ્યક છે. વળી સૌરાષ્ટ્રમાં આજ સુધી ઘણી અવ્યવસ્થા રહી છે, તાલુકદારોનો ત્રાસ રહ્યો છે, હિંદુ સભા અને આર. એસ. એસ. નો કોમવાદ પાંગર્યે રહ્યો છે, બહારવટિયાના જુલ્મો વધતા રહ્યા છે, અને પ્રજામાં પારાવાર અસંતોષ જણી રહ્યો છે. આ સ્થિતિમાં સૌરાષ્ટ્રના તંત્રને અલગ હસ્તિમાં રાખવા કરતાં એને મુંબઇ પ્રાન્તમાં ભેળવી દઇને 'કાઠિયાવાડી ખટપટો' નો અન્ત લાવવાનું વધુ જરૂરી છે.

કેટલાંક રજવાડી તત્ત્વોએ ચુંટણી સમયે અલગ સૌરાષ્ટ્રનો ખૂબ પ્રચાર કર્યો છે, અને હજુ પણ સૌરાષ્ટ્રને મુંબઇ પ્રાન્ત સાથે ભેળવી દેવાશે તો તેનું સર્વસ્વ હરાઇ જશે એવો ભય દર્શાવે છે. કેટલાંક રાષ્ટ્રીય કહેવાતાં અખબારો પણ આવી અલગતાની વાતોનો પ્રચાર કરીને પ્રજાને અવળે માર્ગે દોરવાનો પ્રયત્ન કરે છે; અને કેટલક સત્તાશોખીનો સૌરાષ્ટ્રનું મુંબઇ પ્રાન્ત સાથે જોડાણ થતાં પોતાનો દમામદાર હરાઇ જશે એ ભયે સૌરાષ્ટ્રને અલગ રાખવા મથે છે. પરંતુ સૌરાષ્ટ્રની આર્થિક સ્થિતિ અને ઉત્પાદનની નબળાઇ જોતાં કોઇ રીતે સૌરાષ્ટ્ર અલગ રહીને પોતાની પ્રગતિ સાધી શકશે નહિ. એકાએક સૌરાષ્ટ્રમાં નદીઓ પાણીથી ઉભરાઇ જાય, ધરતીકંપ થાય એમ નહેરો બની જાય, અને ધન્યના ઢગલા થઇ જાય, એમ માનવાને કોઇ કારણ નથી. સૌરાષ્ટ્રની અઢળક કહેવાતી ખનીજ સંપત્તી જાહેર આવી જાય અને એકાએક ઔદ્યોગિક ઉન્નતિ થઇ જાય, એવો ચમત્કાર થવાનું પણ કોઇ કારણ નથી. અને જો સૌરાષ્ટ્રનો વહીવટ કુશળતાપૂર્વક અને પ્રમાણિકતાથી સંભાળી શકે એવા પાંચ-દસ સજ્જનો પણ શોધ્યા જડતા નથી; એ સ્થિતિમાં સૌરાષ્ટ્રનું મુંબઇ સાથેનું જોડાણ એ ઇષ્ટ છે, અને આવકારદાયક પણ છે.

સૌરાષ્ટ્રની કોંગ્રેસ સરકારને નીચું જોવું પડે એવાં બે પગલાં તેનાથી ભરાઇ ગયાં છે. પહેલું પગલું એ છે કે તેણે સરકારી તંત્રની ટીકા કરનારા બે અખબારોના તંત્રીઓની ૧૨૪ અ કલમ નીચે ધરપકડ કરી છે. પ્રથમ તો કોઇપણ પ્રજાતંત્રમાં અખબારી

સ્વાતંત્ર્ય એ તેની શોભારૂપ છે અને અખબારી સ્વાતંત્ર્ય વિનાનું પ્રજાતંત્ર એ પ્રજાતંત્ર નહિ પણ ફરસ છે. સરકારે પોતાના તંત્ર સામે ટીકાનાં દ્વાર સદા ખુલ્લાં જ રાખવાં જોઇએ; અને કોમી વૈમનસ્ય કે હિંસાની ઉશ્કેરણી કરનાર સિવાય પ્રમાણિક ટીકા કરતાં અખબારોને આવકારવાં જોઇએ. તેને બદલે અખબારોને મોઢે ડૂચો દેવાનું સરકારનું કાર્ય કોઇ રીતે યોગ્ય નથી.

આમ છતાં કોઇ સ્થાનિક અખબાર પાસે જમીનગીરી માગવાને અને તે જમીનગીરી જપ્ત કરવાને અખબારી કાયદામાં પૂરતો અવકાશ છે જ. અને તે રીતે બહારના અખબારને પોતાના પ્રદેશમાં પ્રવેશબંધી પણ કરી શકાય છે. વળી કોઇ લખાણ બદનક્ષી ભરેલું હોય તો તે સામે પગલાં ભરવાની પૂરતી જોગવાઇ ચાલુ કાયદાઓમાં છે જ. તેને બદલે જેની સામે પ્રૂ. ગાંધીજીએ ભારે રોષ પ્રદર્શિત કરતાં જેનો અમલ કરવાનું બ્રિટનની પરદેશી સરકારે પણ બંધ કર્યું હતું તે ગોઝારી ૧૨૪ અ કલમનો ઉપયોગ પ્રજાકીય સરકાર અખબારોનાં તંત્રીઓ સામે કરે, તે સરકારને કોંગ્રેસના નામ નીચે જીવવાનો કોઇ અધિકાર નથી.

એ જ રીતે સૌરાષ્ટ્ર સરકારનું બીજું પગલું ચૂંટણી પછી તરત જ ઝાલાવાડના અમુક વિસ્તારોમાં ચૂંટણી અંગે ટીકા કરતા કાર્યકરોને અટકાવવા ૧૪૪મી કલમનો અમલ કરી, શહેરી સ્વાતંત્ર્યને પડકારરૂપ સભાબંધી અને સરઘસબંધી લાદવાનું સરકારે ભર્યું છે. સરકારના હાલના તંત્રવાહકો સામે ચૂંટણીમાં ઉભા રહેલા અને તેને મદદ કરનારા પ્રતિપક્ષીઓની ટીકાને અટકાવવાનો આ માર્ગ નથી. કોઇ હુલ્લડ કે હિંસા ફાટી નીકળવાનો લેશ પણ ભય ન હોય ત્યાં આ ગોઝારી અને ખૂબ નીંદાએલી કલમનો ઉપયોગ કરી પ્રજાના શહેરી સ્વાતંત્ર્યના અધિકારને છીનવી લેવાનું પગલું કોંગ્રેસી શાસનને શરમાવે છે, અને સૌરાષ્ટ્રના પ્રજાજનોને 'હિટલરશાહી' ની યાદ આપે છે.

સમાચાર પ્રાપ્ત થાય છે કે વઢવાણમાં સ્ત્રીઓ અને બાળકો સુદ્ધાં આ કલમનો છડેચોક ભંગ કરી સભાસરઘસો કાઢી આ કાયદાની મશ્કરી ઉડાવી રહ્યા છે. ત્યાં જંગી સભાઓ ભરાય છે, છતાં સરકાર તે અટકાવી શકતી નથી. જે ચાલે ચાલીને બ્રિટનને હિંદ છોડવું પડ્યું, તે જ ચાલે સૌરાષ્ટ્રની સરકાર કેમ જઇ રહી છે તે જ સમજાતું નથી. વઢવાણમાં બહેનો ઉપવાસ ઉપર છે, અને તેમાં એકની સ્થિતિ ગંભીર છે, બજારોમાં અને શાળાઓમાં સખ્ત હડતાળ છે, છતાં પ્રજાકીય કહેવાતી સરકારના પેટનું પાણી પણ કાં હલતું નથી? એ જ આશ્ચર્ય છે.

તાલુકદારો અને રાજાઓને બંધારણસભામાં ચુંટાઇ આવવાની તક ન મળે તે માટે સૌરાષ્ટ્રના જે સમાજવાદી પક્ષે ચુંટણીમાં ઉભા રહેવાનું ત્યજી દઇને કોંગ્રેસને ઉદારતાપૂર્વક બીનશરતી ટેકો આપ્યો હતો, તે સમાજવાદી પક્ષે ૧૪૪ મી કલમ સામે મારો વિરોધ દર્શાવ્યો છે, અને તે કલમ તત્કાળ ખેંચી લેવા સરકારને ચેતવણી આપી છે. સૌરાષ્ટ્રના બે જવાબદાર ગૃહપ્રધાનને સમજાવીને સુપરત્યે દોરવાનું સુકાર્ય શ્રી. ઢેબરભાઇ તત્કાળ હાથ ધરશે અને આ ક્ષુબ્ધ વાતાવરણને શાન્ત કરશે એવી આશા રખીએ.

જયંતિભાઈ મહેતા.

સમાજબહિષ્કાર પ્રતિબંધક ધારો

આ ધારો મુંબઇની ધારાસભામાં ૧૮-૧૧-૪૮ના રોજ સૌથી પહેલવહેલો રજુ કરવામાં આવ્યો છે. આ ધારા સંબંધમાં જાહેર જનતા ૨૮-૨-૪૯ સુધીમાં પોતાના અભિપ્રાયો વિગતવાર રજુ કરી શકે એ હેતુથી મુંબઇ સરકાર તરફથી પ્રગટ કરવામાં આવ્યો છે. આ ધારાની કલમો વિષે આજ કાલ સામયિકોમાં અનેક ચર્ચાપત્રો પ્રગટ થાય છે આમ છતાં આ મૂળ ધારાનો પ્રમાણભૂત અનુવાદ ભાગ્યે જ જોવામાં આવે છે. આ ધારાને કાયદાનું સ્વરૂપ મળે તો આપણા પ્રાન્તના સમાજ તેમ જ સંપ્રદાય ઉપર ભવિષ્યમાં તેની બહુ ગંભીર અસર પડવાની છે અને તેથી આ ધારો સૌ કોઇ બરાબર સમજી લે એ અત્યન્ત અપેક્ષિત છે. પ્રસ્તુત ધારાનો અનુવાદ નીચે મુજબ છે:—

"સરકારના ધ્યાન ઉપર આવ્યું છે કે કેટલીએક કોમોમાં પોતાના સભ્યોનો બહિષ્કાર કરવાના રીવાજનો એવી રીતે અમલ કરવામાં આવે છે કે જેને લીધે તે સભ્યોના વ્યાજબી હકો અને અધિકારો અન્યાયી અને ગેરવ્યાજબી રીતે કુંઠવી લેવામાં આવે છે તેથી, અને આજના બદલાતા સમયના સ્વરૂપને અને જાહેર હિતને લક્ષ્યમાં લેતાં આ રીવાજ બંધ થવો જોઇએ એ જરૂરનું છે તેથી—

હવે પછીથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે:—

(૧) નામ અને ક્ષેત્રવિસ્તાર

(૧) આ કાયદાને ૧૯૪૮ નો મુંબઇનો બહિષ્કાર પ્રતિબંધક કાયદો' એ નામથી ઓળખવામાં આવશે.

(૨) આ કાયદો આખા મુંબઇ પ્રાન્તને લાગુ પડે છે.

(૨) શબ્દાર્થ

વિષય કે અનુસંધાનને પ્રતિકુળ ન હોય એ સર્વ ઠેકાણે આ કાયદામાં (ક) 'સમાજ' (Community) એટલે એકસરખા ધર્મ અથવા તો ધાર્મિક માન્યતાને અનુસરનારી વ્યક્તિઓનો સમુહ એમ સમજવું અને આની અંદર જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓનો સમાવેશ થાય છે.

(ખ) 'બહિષ્કાર' એટલે જે સમાજમાં જે કોઇ વ્યક્તિ સભ્ય હોય તે સમાજમાંથી તે વ્યક્તિનો એવો બહિષ્કાર કે જેના પરિણામે તે સમાજના સભ્ય તરીકે તે વ્યક્તિને જે હકકો અને અધિકારો ભોગવતી હોય અને કાયદાથી તે માટે તેને રક્ષણ મળી શકાયું હોય તે હકો અને અધિકારોથી તે વ્યક્તિને વંચિત કરવામાં આવે.

(૩) બહિષ્કાર બિલકુલ ગેરકાયદેસર

કોઇ પણ ચાલુ કાયદામાં રૂઢિમાં કે રીવાજમાં આને વિરોધી ગમે તે જણાવવામાં આવ્યું હોય તો પણ કોઇ પણ સમાજમાંથી કોઇ પણ વ્યક્તિનો બહિષ્કાર વ્યાજબી અને કાયદેસરનો ગણાશે નહિ અને એવા બહિષ્કારને અમલી બનાવી શકાશે નહિ.

(૪) શિક્ષા

કોઇ પણ કોમની કોઇ પણ વ્યક્તિનો બહિષ્કાર થાય એવું કાર્ય જે કોઇ વ્યક્તિ કરશે અથવા તો એ કાર્યને ટેકો મળે એ રીતે જે કોઇ વ્યક્તિ વર્તશે તેનો, તેની ઉપરનો આરોપ પુરવાર થયે, એક હજાર રૂપીઆથી વધારે નહિ એ હદ સુધીને દંડ કરવામાં આવશે.

સ્પષ્ટીકરણ:—જ્યારે આ કલમ નીચે ગુન્હો કરનાર વ્યક્તિ કોઇ સંસ્થા અથવા તો અમુક વ્યક્તિઓનું મંડળ હશે ત્યારે જો આવી સંસ્થા કે મંડળની સભામાં આવો ગુન્હો કરવામાં આવ્યો હશે તો—જે વ્યક્તિએ આવા બહિષ્કારના ઠરાવની તરફેણમાં મત આપ્યો હશે તેણે આ ગુન્હો કર્યો છે એમ ગણાશે.

(૫) આ કાયદા નીચે કયાં કામ ચાલી શકશે?

૧૮૯૮ના ક્રીમીનલ પ્રોસીજરના કોડમાં ગમે તે જણાવવામાં આવ્યું હોય તો પણ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા તો ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટથી નીચેની કક્ષાની કોર્ટમાં આ ધારાની ચોથી કલમ નીચે શિક્ષા થઇ શકે એવા ગુન્હાની તપાસને લગતું કામ ચાલી શકશે નહિ.

(૬) આ ગુન્હાની તપાસ કયારે થઇ શકશે?

(ક) પ્રસ્તુત ગુન્હો જે તારીખે કરવામાં આવ્યો હોય તે તારીખથી એક વર્ષની મુદત બદ અને (ખ) પ્રાન્તિક સરકારની પહેલાંથી મંજુરી મેળવ્યા સિવાય ચોથી કલમ નીચે શિક્ષા થઇ શકે એવા ગુન્હાને લગતો મુકદ્દમો કોઇ પણ કોર્ટ હાથ ધરી શકશે નહિ."

આ ધારાના હેતુઓ અને ઉદ્દેશોને સ્પષ્ટ કરતા મુંબઇ સરકાર જણાવે છે કે "કેટલીક કોમોમાં પોતાના સભ્યોનો સામાજિક બહિષ્કાર કરવાનો રીવાજ ચાલુ છે જે બહિષ્કારના પરિણામે જે હકકો અને અધિકારો તે કોમના સભ્ય તરીકે તે વ્યક્તિઓને કાયદાથી મળવા જોઇએ તે હકકો અને અધિકારોથી તે વ્યક્તિઓ વંચિત બને છે. જો કે આવા બહિષ્કારના કીસ્સાઓ બહુ વ્યાપક પ્રમા-

ણમાં બનતા નથી એમ છતાં પણ આ કુરૂઢિ જે આવી કોમોના બંધારણના પાયામાં રહેલ છે તેની સામે રક્ષણ આપવું એ આજના બદલાયલા સમય સંયોગો અને જાહેર હિતની દૃષ્ટિએ આવશ્યક છે. આ રીતે વ્યક્તિઓના વ્યાજબી હકકો ગેરવ્યાજબી રીતે ડુંટવી લેવામાં આવે છે તે સામે રક્ષણ આપવું તે આ ધારાનો હેતુ છે."

આ ધારાની વિશેષ ચર્ચા હવે પછી કરવામાં આવશે. અહિં આ ધારા સંબંધમાં એટલું ખાસ ધ્યાન ખેંચવાની જરૂર લાગે છે કે આ ધારો માત્ર જ્ઞાતિબહિષ્કારને જ ગેરકાયદેસર ઠરાવતો નથી પણ આપણે જેને 'સંઘ બહાર' કહીએ છીએ તેવા સાંપ્રદાયિક બહિષ્કારને પણ આ કાયદો ગેરકાયદેસર ઠરાવે છે. આજ સુધીના ચર્ચાપત્રોમાં આ મુદ્દા તરફ કોઇનું પણ લક્ષ્ય દોરાયું હોય એમ જોવામાં આવતું નથી. આ ધારાની વિશેષ ચર્ચા હવે પછી.

(અપૂર્ણ) **પરમાનંદ.**

પ્રબુદ્ધ જૈનના વાંચકોને

ગયા વર્ષનું સરવૈયું જોતાં પ્રબુદ્ધ જૈનનું સંચાલન ઘણી મોટી આર્થિક ખોટ રજુ કરે છે. આ ખોટ જો આમને આમ ચાલુ રહે તો પ્રબુદ્ધ જૈન જે વાચનસામગ્રી પુરી પાડે છે તેને કમી કરવા સિવાય બીજો કોઇ માર્ગ રહેતો નથી. પ્રબુદ્ધ જૈન શરૂ કર્યું ત્યારે મૂળ કલ્પના આઠ પાનાનું વાચન સાહિત્ય આપવું એવી હતી પરંતુ તેના બદલે સાધારણ રીતે દશ પાનાં અને કદિ કદિ બાર પાનાં પણ આપવામાં આવે છે. પ્રબુદ્ધ જૈન પાછળ તંત્રીકાર્યને લગતો કશો પણ ખર્ચ છે જ નહિ. પણ છાપણીના વધી ગયેલા દરો તેમ જ તે મુજબ બીજો કેટલોક વધી ગયેલો વહીવટી ખર્ચ પ્રબુદ્ધ જૈનની પડતરને બહુ મોંઘી બનાવી દે છે. પહેલાં તો સારા કાગળો વાપરતા હતા આજે ન્યુસપ્રીન્ટ વાપરીએ છીએ તે પણ બહુ જ મોંઘા પડે છે. આજે જેટલી વાચનસામગ્રી આપવામાં આવે છે તેમાંથી સંકોચ કરવામાં આવે અને પ્રબુદ્ધ જૈન આઠ પાનાનું કરવામાં આવે તો પણ ખોટ તો સારા પ્રમાણમાં આવવાની છે. કારણ કે ગ્રાહકોની સંખ્યા વધતી નથી. ઉલટી છે તેમાં પણ થોડો ઘણો ઘટાડો થાય છે. બીજી બાજુએ સિદ્ધાન્તની ખાતર, સત્યની ઉપાસનાના ધ્યેયની ખાતર પ્રબુદ્ધ જૈનમાં કશી પણ જાહેર ખબર લેવામાં આવતી નથી જેના પરિણામે પ્રબુદ્ધ જૈનને કોઇ આડકતરી આવકનું સાધન નથી.

તો પછી કરવું શું ? સારા સારા પ્રતિષ્ઠિત માણસો મળે છે અને પ્રબુદ્ધ જૈનના વખાણ કરે છે ત્યારે મન બે ઘડિ ફૂલાય છે અને કર્તવ્યકર્મ કર્યાનો સંતોષ અનુભવે છે. પણ આ કદરદાની પ્રબુદ્ધ જૈનને પગભર બનાવી નહિ શકે તો તેનો શું અર્થ ? પ્રબુદ્ધ જૈનના ઠીક ઠીક પ્રશંસકો ચોતરફ છે એમ અમારૂં માનવું છે. આ માન્યતા જો સાચી હોય, જો તેઓ પ્રબુદ્ધ જૈનના ઉત્તરોત્તર વિકાસને ખરેખર ચાહતા હોય, જો ધગશ અને સત્યની આરાધના પૂર્વક પ્રબુદ્ધ જૈનનું સંચાલન કરવામાં આવે છે તે તેમના દિલને પણ ખરેખર સ્પર્શતું હોય તો તેઓ શું પ્રબુદ્ધ જૈનને આર્થિક રીતે પગભર બનવામાં મદદરૂપ થઇ ન શકે ? આ બે રીતે બની શકે. આસપાસના મિત્રો અને સંબંધીઓને પ્રબુદ્ધ જૈનના ગ્રાહક બનવા માટે તેઓ આગ્રહપૂર્વક કહે. બીજું પ્રબુદ્ધ જૈનને ટેકો મળે એ રીતે નાની મોટી રકમો મોકલે યા મેળવી આપે. આજના જમાનામાં પોતાનું પત્ર ચલાવવા માટે અને ગ્રાહકો વધારવા માટે જે પ્રચારપદ્ધતિ અખત્યાર કરવામાં આવે છે તેની અમને આવડત નથી. પ્રબુદ્ધ જૈનની સત્યનિષ્ઠા અને શ્રેયનિષ્ઠા સમાજના સ્થિતિસંપન્ન ભાઇ-બહેનોને સ્પર્શી જ જોઇએ એવી શ્રદ્ધાપૂર્વક પ્રબુદ્ધ જૈનનું અમો આજ સુધી સંચાલન કરી રહ્યા છીએ. આ શ્રદ્ધાને જરૂરી અનુમોદન આપવા પ્રબુદ્ધ જૈનના પ્રશંસકોને અમારી નમ્ર વિનંતિ છે. **તંત્રી, પ્રબુદ્ધ જૈન**

પ્રલયકાળની ઝાંખી

(શ્રી. વીઠ્ઠલદાસ જેરાજાણી જેમનું નામ ખાદીપ્રવૃત્તિ સાથે ગાઢપણે સંકળાયલું છે તેઓ કેટલાંક વર્ષોથી મુંબઇથી સાઠેક માઇલ દૂર આવેલ વજ્રેશ્વરી જે ગરમ પાણીના ઝરાઓ માટે સુવિખ્યાત છે તે નજીકમાં આવેલી અકલોલી નામના એક ગામડામાં રહે છે, અને ત્યાંની ગ્રામ્ય જનતા સાથે એકરૂપ બની લોકોની શકય તેટલી સેવા કરે છે. તેમણે ગયા નવેંબર માસની ૨૨ મી તારીખના ભયંકર વાવાઝોડાનો અકલોલીમાં બેઠાં બેઠાં કેવો અનુભવ કર્યો તેનું એક રોમાંચક વર્ણન પોતાનાં સ્વજનોને લખી મોકલેલું તે વર્ણન સંશોધન કરીને અહિં પ્રગટ કરવામાં આવેલ છે. કાળનું જાણે કે કહેણ આવ્યું હોય તેવી આ ભયંકર આફતનાં પ્રસંગે, આ ૬૮ વર્ષની ઉમ્મરે પહોંચેલા આ વયોવૃદ્ધ લોકસેવકે પોતાની સાથે તથા આસપાસ રહેતા લોકોને કેવી રીતે સંભાળ્યા અને ટકાવ્યા તેનો અને એ રીતે અણીના વખતે ધૈર્ય-ધારણ એટલે શું, તેનો ખ્યાલ આપણને આ પત્ર વાંચતા સહજપણે મળે તેમ છે.

પરમાનંદ

ચિ. ભાઇ નવલ, ઇન્દુ અને વહાલાં બાળકો,

તા. ૨૨-૧૧-૪૮ સોમવારના રોજ એક રીતે કહું તો પ્રલયકાળની જ ઝાંખી થઇ. ઘણી વખત આપણે કાશ્મીર, બંગાળા કે બીહારનાં રેલસંકટનાં વર્ણનો વાંચીએ છીએ, પણ આ સંકટ કેવું ભયાનક હોય છે તેનો ખરો ખ્યાલ તો મને આ વખતે જ આવ્યો. આગલે દિવસે રવિવારની રાત્રે બાર વાગ્યાને સુમારે વરસાદ અને પવનની શરૂઆત થઇ હતી, પણ સોમવારે સવારે તો વંટોળીઆ સાથે મારમારનો ઝપાટો ચાલ્યો. નવેક વાગે છાપરાઓના નળીયાં ઉડવાં શરૂ થયાં, અને કાચા ઝુંપડાઓ પડવા માંડયાં. અગ્યાર વાગે તોફાન કાંઇક નરમ પડયું હોય એમ લાગ્યું. પણ અડધા પોણા કલાકમાં તો એનાએ જ તોફાને વધારે ભયાનક સ્વરૂપ પકડયું અને શિવના તાંડવ નૃત્યનું જાણે કે મને દર્શન થયું. પાસે વહેતી નદી એકાએક ઉભરાવા લાગી અને સાધારણ રીતે આ નદીના ઉભરાતા પાણી વજ્રેશ્વરી અને અકલોલી વચ્ચે થઇને ખેતરોમાં વહી જાય છે એને બદલે આપણા મકાનની આ બાજુએ ઉંચા ચડવા લાગ્યા. મોટાં મોટાં ઝાડો જોતજોતામાં જમીન ઉપર ઢળવાં લાગ્યાં. એક માઇલ દૂર આવેલ વજ્રેશ્વરી પહોંચી શકાશે એમ માનીને ચાર છોકરાઓએ પાણીમાં ચાલવા માંડયું. એમાંથી ત્રણ પહોંચ્યા અને એક તણાયો. પાગા ચમારનું છાપરૂં બેસી ગયું. ચિકાગો રેડીઓના નવા બંગલાની પ્લીન્થ સુધી પાણી આવ્યું અને ડાયસના બંગલામાં તો કમર સુધી પાણી ચડી ગયું. ત્યાં રહેતા પાંત્રીસ બાહુદી સ્ત્રી-પુરૂષો અને બાળકોની ગભરામણ કેવી હશે એનો તમે જ ખ્યાલ કરજો. કાળા કાકાની દુકાનનો બધો સામાન તણાઇ ગયો. છાપરૂં તુટયું અને કાળો કાકો તણાયો. પણ ઝાડની ડાળ હાથમાં આવતા તે પકડી શકવાથી ડુબતો બચી ગયો. કાકુભાઇ સેનિટેરીયમની ઓરડીઓમાં પણ પાણી ભરાવા લાગ્યું. કુંડ પાસે બસ ઉભી રહે છે ત્યાં પગથીઆ ઉપરથી પાણી વહેવા લાગ્યું અને કુંડ અને ઓરડીની વચ્ચે જે રસ્તો છે ત્યાં થઇને તળાવ તરફ પાણી ચાલ્યું. તળાવમાં પાણી ઉભરવા લાગ્યું અને પોપટલાલની દુકાનમાં આવ્યું અને ગેનુ ધુવાની દુકાન સુધી પહોંચ્યુ. બીજી બાજુથી નદીનું પાણી પણ ઉભરાતાં ઉભરાતાં અહીં સુધી આવી પહોંચ્યું એટલે નદી અને તળાવ લગભગ એક થયા. આપણી બાજુવાળા લક્ષ્મીદાસના ઘરમાં પાણી આવ્યું અને તેનું છાપરૂં તુટયું એટલે ત્યાં ઉભેલા લોકો બધા આપણી પાસે આવ્યા. આપણી પછવાડે પટેલની આખી જમીન ઉપર અને બાજુના રમણલાલ હાથીની અડધી હદમાં પાણી ફરી વળ્યાં, પછવાડેથી જમીન ઉપરથી

શિવજી ભાઇની જમીન ઉપર પાણી ફરી વળ્યાં અને ત્યાંથી આપણી હદ પાસે આવી પહોંચ્યાં. નાળા પાસેના બે ઝુંપડાં ખલાસ થઇ ગયાં. આ રીતે આપણાં કેન્દ્રની ચારે દિશાએથી કેન્દ્ર તરફ પાણી ધસી આવ્યું અને કેન્દ્ર એક બેટ જેવું થઇ ગયું. આ વખતે સાંજના સાડાચાર થયા હતા. હવે શું થશે એ પ્રશ્ન પળે પળે સામે આવીને ઉભો રહેતો હતો. આ ગતિએ જો પાણી ચડવા માંડે તો કેન્દ્રમાં પગ પાણી ભરાવા લાગે એમ દહેશત લાગી એટલે આપણા બધાં ખાટલા ઉતરના ગાદલા એક ખાટલા ઉપર ગોઠવ્યા અને બધાંના ખાલી કરેલા ખાટલા ઉભા કર્યા અને પાણી આવે તો ખાટલા ઉપર ચડી બેસવું અને તેથી વધે તો મકાનના છાપરાની નીચેના લાકડા ઉપર ચડવું એમ વિચારી રાખ્યું.

સવારના ભાગમાં ચોતરફના મકાનોનાં નળીયાં ઉડવા માંડયાં ત્યારથી પોતાની જાતને બચાવવા માટે આપણા કેન્દ્રના મકાનમાં લોકો આવવા લાગ્યા હતા. અત્યારે કેન્દ્રના મકાનમાં વીશ ગામોના સાથે પચાસ સ્ત્રી પુરૂષે એકઠા થયા હતા. સૌ કોઇની ગભરામણનો પાર નહોતો. આપણા મકાનના નળીયાં ઉડવા માંડયાં એટલે બધાની ગભરામણ વધવા માંડી અને રોકકળ કરી મૂકી. આ પહેલી તકે શાન્ત કર્યે છુટકો હતો. તે માટે આંખ કાઢીને હુકમ કરવા શિવાય બીજો રસ્તો નહોતો. હું પણ એક વખત વોલંટીયર કોરનો કેપ્ટન હતો. એ કેપ્ટનની ઢબ છબ મને યાદ આવી અને આ વખતે મને કામમાં લાગી. જોરથી ધમકી કાઢીને બધાને એકદમ શાન્ત રહેવાનો હુકમ કર્યો, અને પછી રઘુપતિ રાઘવ રાજા રામની ધૂન શરૂ કરી. એ ધૂન પૂરી થઇ એટલે બીજી ધૂન શરૂ કરી એમ કેટલોક સમય એક પછી એક ધૂનમાં પસાર કરાવ્યો. સામે એકતારો પડયો હતો તે ખોલ્યો અને મેં હાથમાં લીધો અને વિનોદ જેવડા છોકરા છોકરીઓને ઉભા કરીને નાચવનું શરૂ કર્યું અને તેની તત્કાળ બારે અસર થઇ. મારા ઓરડામાં નૃત્ય ચાલતો હતો એટલામાં આંગણામાં ઉભેલા આપણા વયોવૃદ્ધ આંબાએ સાષ્ટાંગ નમસ્કાર કર્યા. સદ્‌ભાગ્યે એ આંબો બીજી બાજુએ પડયો. જો અમારી બાજુએ પડયો હોત તો આપણું છાપરૂં માંગત અને ઓરડામાં ઉભેલા માણસોને ઠીક પ્રમાણમાં ઇજા પહોંચત. આ જોખમમાંથી ઇશ્વરે આમ અમને બચાવી લીધા.

ચોતરફ પાણી તો વધતું જતું હતું. અંદર એકઠા થયેલા માણસોને કેમ બચાવવા એ પ્રશ્ન મને ખુબ મૂંઝવી રહ્યો હતો. વાવંટોળ પૂરજોશમાં વાઇ રહ્યો હતો, વરસાદના છાંટા શરીર ઉપર તીર માફક વાગતા હતા. આમ છતાં પણ તરતમાં નિર્ણય લેવો રહ્યો એટલે શિવજી અને ખીમજીને સાથે લઇને પાણીનો ઘસારો જોવા હું બહાર નીકળ્યો અને બચાવનું સ્થાન શોધવા લાગ્યો. સામે દેખાતા પુરાણી બાંધણીના શિવમંદિર ઉપર નજર પડી. તે મજબુત તો છે જ અને ઉંચાઇ પણ સારી છે. એટલું જ નહીં પણ છેવટના ઉપાય તરીકે તેના ઘુમટ ઉપર પણ ચડી શકાશે. આમ વિચારીને કેન્દ્રમાં રહેલા માણસોને મંદીરમાં ખસેડયા.

બહેલો સવારથી જ કોઇને કાંઇ ખાવાનું મળ્યું નહોતું. બાળકો માંગ્યા કરે તેમને શું આપવું ? ઇન્દુએ આપેલ નાસ્તો કામમાં લાગ્યો. મોટાઓને પણ ખાવાનું આપી શકાય તો આપવું એમ વિચારીને ખીચડી અને કઢી બે મોટા ટોપમાં મૂકયા. ઠેઠ સાંજના આ પચાસ માણસોને ખાવાનું થોડું ઘણું આપી શકાયું.

થોડે દૂર ડાયપના ઝુંપડામાં પાંત્રીસ બાહુદી સ્ત્રી પુરૂષો ને બાળકો હતાં. એ ઝુંપડામાં પાણી ભરાવા લાગ્યું એટલે પ્રસે પડેલી મોટરબસમાં તેઓ દાખલ થયા. બસમાં પણ પાણી ભરાવા લાગ્યું એટલે તે લોકો બસના છાપરા ઉપર ચડીને બેઠા. તેમાનાં બે યુવાનો કમર નીચેના પાણીમાં ચાલી મારી પાસે આવ્યા અને આશ્રય માટે મારી પાસે માંગણી કરી. એકે મારા પગ પકડી લીધા. બીજો રડી પડયો. એમને અહીં વધારે સહીસલામતી લાગતી હોય તો ખુશીથી અહીં આવે એમ મેં તેમને જણાવ્યું એટલે તેઓ પાછા દોડયા. પણ એટલામાં તો પાણી કમ્મર ઉપર આવી પહોંચ્યું. એટલે તે બન્ને અહીં પહોંચી શકે એ સ્થિતિ રહી નહીં. આ કુદરતનો કોઇ અજબ ખેલ હતો અને અમારી ધીરજની પણ ભારે કસોટી થઇ રહી હતી. આખો દીવસ બાધ પીધા વિના ચિન્તામાં ભટકતા કેટલો થાકયો હશે એની તમે કલ્પના કરી લેશો. રાત્રે આઠ વાગે સુઇ ગયો. આજે મંગળવારે ઘણા લોકો મુંબઇ જવા તૈયાર બેઠા છે–પણ બસ કયાંથી મળે ? થાણાથી એક માણસ સાયકલ ઉપર આવ્યો એણે કહ્યું કે થાણા સુધી આ જ હાલત છે. કોઇની પાસે રેડીઓ હશે, તે મારફતે મુંબઇની પણ એ જ સ્થિતિ છે, એમ ખબર મળે છે. આ તોફાનના સત્તર કલાકમાં એટલી બધી વિગતો બની છે કે પત્રમાં એ બધી સમાવી શકાય એમ છે જ નહીં. કેન્દ્રમાં આજે મજુરો કામે લગ્યા છે. સૌ પહેલાં કેદર તપાસ્યો તો ત્યાં બધું સહીસલામત માલમ પડયું. માત્ર સાકર ઓગળી ગઇ છે. ગાદલા ઠીક પ્રમાણમાં ભીનાં થયાં છે જે તડકે નાંખ્યા છે. કેળા બધી પડી ગઇ છે; જે ઉપાડવામાં આવે છે. બધે સાફસુફી થઇ રહી છે. આપણા કપડા અને ચાદરો કબાટમાં હતાં એટલે કોરા રહ્યા હતા. તેમાંથી કેટલાક સ્ત્રી-પુરૂષો તથા બાળકો ભીના કપડવાળા હતાં તેમને આપી શકાય ત્યાં સુધી આપ્યા. આ રીતે આવી કટોકટીના વખતે આપણા સાધનોનો સારો ઉપયોગ થઇ શકયો છે. આજે વહેલી સવારે ત્રણ વગ્યે ઉઠયો હતો. ચાપાણી તથા પ્રાર્થના પતાવીને ફાનસ તથા લાકડી સાથે પોણાપાંચ વાગ્યે બહાર નીકળ્યો. ખીમજી સાથે હતો. સૌથી પહેલા કાળાકાકા મળ્યા. એમના ઘર પાસે એક મોટરનું ઢાઢીયું પડયું હતું તેમાં ભીંજાયલી ગાદી ઉપર નાની પોતડી પહેરી એક ફાનસ રાખી ખુલ્લા શરીરે એમણે આખી રાત કાઢી હતી. એ રીતે પાગાના ઘર સુધી ઘેર ઘેર જઇ અટકેલી ગામની અને સેનિટેરીયમમાં રહેતાં માણસોની ખબર કાઢી આવ્યો. અહીં બનેલી ઘટનાનો આ સાર છે.

લી. **કાકાના આશીર્વાદ**

અસ્પૃશ્યતા અને જૈન સાધુઓ

થોડા દિવસ પહેલાં ભાવનગરથી પાછા ફરતાં અમદાવાદ બે દિવસ રોકાવાનું બનેલું તે દરમ્યાન જાણીતા ખાદી પ્રચારક શ્રી. શંકરલાલ બેંકરને મળવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. શ્રી. શંકરલાલભાઇ એક દિવસ ખાદી પ્રચાર અર્થે દેશના એક ખુણેથી બીજા ખુણે પરિભ્રમણ કરતા હતા. શરીરનાદુરસ્તીના કારણે તેમણે પોતાનું પ્રવૃત્તિપ્રચુર જીવન સંકેલી લીધું છે અને હાલ તેઓ અમદાવાદના એક ખુણે નિવૃત્તિપરાયણ જીવન ગાળે છે. તેમની સાથે મને બહુ જુનો પરિચય નથી એમ છતાં પણ એ પરિચય શરૂ થયા બાદ તેમના વિષે હું એટલું આકર્ષણ અનુભવી રહ્યો છું કે જ્યારે જ્યારે અમદાવાદ જવાનું બને છે ત્યારે ત્યારે તેમને મળવાનું હું ઘણું ખરૂં ચુકતો નથી. તેમને આ વખતે મળવા ગયો ત્યારે સાંજના સમય હતો. શ્રી. અનસૂયા બહેન પણ સમીપમાં જ બેઠા હતા. ચર્ચા દરમિયાન અનેક વાતોમાં જૈનો અને હરિજન મંદિર પ્રવેશની વાત પણ નીકળી અને આ સંબંધમાં પાલણપુરમાં જે ઝગડો ફાટેં ગયો છે તે વિષે પણ કેટલીક ચર્ચા થઇ. આના અનુસંધાનમાં મેં જણાવ્યું કે "અમારો જૈન ધર્મ આટલો બધો વિશાળ, નાતજાતના ઉંચ નીચના કોઇ પણ ભેદને અમારા ધર્મમાં કશું સ્થાન નહિ; અમારાં મંદિરો અમંગ દ્વાર છે એમ અમે હંમેશાં કહેતા અને સાંભળતા. એમ છતાં પણ આજે જ્યારે જૈન મંદિરમાં હરિજનોના પ્રવેશનો પ્રશ્ન અમુક આકારમાં ઉપસ્થિત થઇ રહ્યો છે, અને તે

સામે જૈન સમાજના વિરોધી સુરો અનેક બાજુએથી સંભળાઈ રહ્યા છે ત્યારે અમારામાંથી એકે પણ જૈન આચાર્ય એમ મોકાં-રીને કહેવાને તૈયાર નથી કે "આ આપણને શોભતું નથી. જૈન મંદિર સૌ કોઈને માટે ખુલ્લું હોવું જોઇએ. તેમાં અમુક આવે કે અમુક ન આવે એમ આપણે કહી શકીએ જ નહિ." આ જોઇને મને ભારે દુઃખ તેમ જ આશ્ચર્ય થાય છે. સામાન્ય ગૃહસ્થ જીવન ગાળતા જૈનોનાં ચિત્ત તો રૂઢિગ્રસ્ત હોય એ આપણે સમજી શકીએ છીએ, પણ એવો એક જૈન સાધુ પણ ન મળે કે જે આ પ્રશ્નને રૂઢિથી પર થઇને જોઇ શકે અને સમાજનો વિરોધ વહોરીને પણ સત્ય વસ્તુનો ઉચ્ચાર કરી શકે! આ કેટલું દુઃખદ છે?" આ સાંભળીને શ્રી શંકરલાલભાઇએ કહ્યું કે તમારું કહેવું બરોબર છે, પણ ધારો કે કોઇ હરિજન જૈન હોય તો તો તેને જૈન મંદિરમાં દાખલ થવા દેવા સામે તો જૈનો વાંધો ન લે ને? આના જવાબમાં જણાવ્યું કે આમ તો કેટલાક જૈનો કહે છે કે 'કોઇપણ હરિજન જૈન હોય તો અમે તેને જરૂર જૈન મંદિરમાં આવકારીએ, અને તેઓ વાંધો એ રીતે ઉઠાવે છે કે આ તો જે હરિજનો કદિ જૈનો હતા નહિ અને છે નહિ તેમને અપાસરા મંદિરમાં કાયદાથી શાને લાદવામાં આવે છે? પણ આ બધી દેખાવની ઉદારતા છે અને આજે કોઇ હરિજન જૈન નથી એ બાબતની પુરી ખાત્રી હોઇને આવા ઉદાર ભાવ રજુ કરવામાં આવે છે. બાકી હિંદુ સમાજમાં અસ્પૃશ્યો સામે જે ઘૃણા છે તે જ ઘૃણા જૈનોના દિલમાં ઉંડે જડાયલી હું જોઇ રહ્યો છું. માત્ર આજનો કાયદો, બદલાયલું વાતાવરણ, નાત-જાતવિરોધી વિચારોનો ફેલાવો, 'અમે પણ એટલા જ આગળ પડતા વિચારના છીએ' એવું ધમંડ-આવાં કારણોને લીધે આ ઘૃણા આજના આગેવાન લેખાતા જૈનો પ્રગટપણે વ્યકત કરી શકતા નથી. બાકી આ ઘૃણા અમારામાં કેટલી ઉંડી છે તેનો દાખલો તમને કદંબગિરિમાંથી મળશે. શત્રુંજય પાસે કદંબગિરિ નામની એક ટેકરી છે. ત્યાં જૈનોના જાણીતા આચાર્ય શ્રી. વિજયનેમિસૂરિએ અનેક આલીશાન મંદિરો ઉભાં કરાવ્યાં છે અને જ્યાં કેવળ જંગલ હતું અને વેરાન હતું ત્યાં તેમણે મંગળમય સ્વર્ગ પેદા કર્યું છે. આ મંદિરોના પ્રવેશદ્વાર આગળ જ તેમણે આરસનો એક શિલાલેખ કોતરાવ્યો છે જેની મતલબ એવી છે કે આજે તો કોઇ અસ્પૃશ્ય જૈન નથી પણ કાળાન્તરે પણ કોઇ અસ્પૃશ્ય જૈન થાય તો પણ તેને આ મંદિરમાં પ્રવેશ કરવા દેવામાં આવશે નહિ. આ શિલા લેખ આજે પણ મોજુદ છે. પણ આ તો આપણે જરા આડે ઉતરી ગયા. વસ્તુતઃ આજે કોઇ હરિજન જૈન જ નથી અને તેથી એ પ્રશ્ન એ રીતે અમારે ત્યાં હજુ ઉપસ્થિત થયો નથી." શ્રી. શંકરલાલ-ભાઇએ કહ્યું કે "પણ અમારે ત્યાં એક કામ કરનારી હરિજન બાઇ છે જે જૈન છે અને જૈન ધર્મ પાળે છે." આ સાંભળીને મને ભારે આશ્ચર્ય થયું અને તે બાઇને જોવા જાણવાની મેં ઇચ્છા વ્યકત કરી. તે બાઇને તેમણે બોલાવી. મેં તેને પુછયું. "બહેન તમારું નામ શું?" તેણે જવાબ આપ્યો કે "મારું નામ જીવી" મેં પૂછ્યું કે "શંકરલાલભાઇ કહે છે કે તમે જૈન છો અને જૈન ધર્મ પાળો છો તે બરોબર છે?" તેણે ઉત્તર આપ્યો કે "હાજી, અમે બીજાપુરના છીએ અને અમારે ત્યાં એક મોટા બુદ્ધિસાગરજી મહારાજ થઇ ગયા તેમણે અમારા જેવા દશબાર કુટુંબોને જૈન બનાવ્યા હતા અને એ કુટુંબો આજે પણ જૈન ધર્મ પાળે છે. ત્યાં અમે દેરા અપાસરામાં જઇએ છીએ અને પજુસણમાં અને મોટા દિવસે વ્રત ઉપવાસ કરીએ છીએ અને દેરા અપાસરામાં જતાં અમને કોઇ રોકતું નથી. તેમના ચેલાઓ પણ ત્યાં આવે જાય છે અને ત્યાંના સંઘમાંથી અમને આવી કોઇ પણ રોકટોક ન કરે એની તકેદારી રાખે છે." આ સાંભળીને હું ખરેખર આશ્ચર્યમુગ્ધ બની ગયો. કોઇ હરિજન જૈન હોઇ શકે અને તે પણ આજના જ જૈન આચાર્યોની પરિપાટીમાંના એક આચાર્યની કૃપા અને પ્રેરણાના પરિણામે અને તે પણ ત્યારે કે જ્યારે આ દેશમાં ગાંધીજીના હાથે અસ્પૃશ્યતા નિવારણના તુમુલ આંદોલનથી શરૂઆત સરખી પણ થઇ નહોતી? સહજપણે એ આચાર્યની મહાનુભાવતા પ્રત્યે માથું દિલ નમી પડયું. મેં તે બહેનને પુછયું કે "અહિં તમે કોઇ વાર દેરા અપાસરામાં જાઓ છો ખરા?" તેણે જવાબ આપ્યો કે "અહિં પણ કોઇ સાથે જઇએ ખરા, કારણ કે અમને અહિં કોણ ઓળખે? પણ અમે હરિજન છીએ એમ જાહેર કરીએ તો અગાને કોઇ પેસવા ન દે."

જાણે કે નવી કમાણી કરી હોય એવા ઉછરંગથી બીજા દિવસે પંડિત સુખલાલજીને મળવાનું બન્યું ત્યારે આ હકીકત મેં તેમને જણાવી. ત્યાં બીજા મિત્રો બેઠા હતા તેમનામાંના એક શ્રી મણિલાલ મગનલાલ દલાલ. તેમણે ઉપરની વાત સાંભળીને બુધ્ધિસાગર મહારાજના દિલની વિશાળતાનું સમર્થન કરતાં તેમની સાથેનો પોતાનો એક અનુભવ જણાવ્યો. કેટલાંયે વર્ષો પહેલાં મહારાજશ્રી જ્યારે હયાત હતા ત્યારે પ્રાંતીજ મુકામે તેઓ પોતાના પત્ની સાથે મહારાજશ્રીને વાંદવા ગયા હતા. તેમણે જણાવ્યું કે અમે મહારાજશ્રી પાસે ગયા ત્યારે મહારાજશ્રીના દર્શન કરવા માટે શ્રાવકો ઉપરાંત બીજી કોમના કેટલાય માણસો-કોળી, ઠાકરડા, હરિજનો, મુસલમાનો, માછીમારો આવેલા બેઠા હતા. ત્યાંના ગરીબ માણસોમાં વહેંચવા માટે હું થોડા કપડા તેમ જ પુસ્તકો લઇ ગયો હતો. આ બધું મેં મહારાજશ્રી સામે ધર્યું અને કહ્યું કે આ બધું બધી કોમના છોકરાઓમાં આપની મારફત વહેંચી આપવા માટે લાવ્યો છું. આપને યોગ્ય લાગે તેમ કરો. એટલે તેમણે હરિજનોના મુખીને બોલાવ્યો અને હરિજનોના છોકરાઓને ઉપાશ્રયમાં એકઠા કર્યા અને પોતાના હાથે પેલા મુખીના કહેવા મુજબ ચોપડીઓ તેમજ કપડાં વહેંચી આપ્યાં. મહારાજ શ્રીની આવી ભવ્ય વિશાળતા જોઇને મારા આનંદ તેમજ આશ્ચર્યનો પાર ન રહ્યો અને મહારાજ શ્રીના ચરણોમાં હું નમી પડયો. આટલા વર્ષોના ગાળે માત્ર એક 'સંતબાલ' પાકે અને તે પણ સ્થાનકવાસી સમાજમાં અને શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુસમાજની આટલી લાંબી પરંપરામાં એક પણ બીજો બુદ્ધિસાગર ન પાકે અને જૈન સમાજને આગળ દોરવાની તાકાત દાખવવાને બદલે કેવળ ગતાનુગતિકા વૃત્તિને વરેલા અથવા તો શુષ્ક પ્રત્યાધતી વળગણોથી ભરેલા સાધુઓનાં જ આપણને પ્રાયશઃ દર્શન થયા કરે એ આપણા જૈન સમાજની કેવી કરૂણાજનક કમનસીબી છે? **પરમાનંદ**

સંઘદ્વારા વૈદ્યકીય રાહતનો પ્રબંધ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા કોઈ પણ જૈન ભાઇ કે બહેનને જરૂરી વૈદ્યકીય રાહત આપવાનો પ્રબંધ કેટલાય સમયથી કરવામાં આવ્યો છે. આ રાહ-તમાં દવા, ઇન્જેકશન, ડાકટરના બીલો, હોસ્પીટલનો ખર્ચ તેમ જ દર્દીને માંદગી દરમિયાન જરૂરી આર્થિક મદદ-આવી અનેક બાબ-તોનો સમાવેશ થાય છે. આ યોજનાનો લાભ લેવા વૈદ્યકીય રાહ-તની અપેક્ષા ધરાવતા મુંબઇ તેમ જ પરાંઓમાં વસતા સો કોઈ જૈન બંધુઓ તેમ જ બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

જયંતિલાલ લલ્લુભાઈ પરીખ
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨